પ.ભ.શાસ્ત્રી શ્રીલક્ષ્મીરામ દેરાસરી કૃત

લીલાચિંતામણિ






પ.ભ.શાસ્ત્રી શ્રીલક્ષ્મીરામ દેરાસરી કૃત

લીલાચિંતામણિ



ભગવાન શ્રીસ્વામિનારાયણ



સદ્. શ્રીગોપાળાનંદસ્વામી

પ.ભ.શાસ્ત્રી શ્રીલક્ષ્મીરામ દેરાસરી કૃત

લીલાચિંતામણિ

પ્રેરક : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી

સંશોધક : સંશોધન સમિતી

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

પ્રકાશન તિથિ : સંવત્ ૨૦૭૧, દીવાળી, તા.૧૧/૧૧/૨૦૧૫

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૩૦૦૦

કિંમત : ₹૧૨૫/-

ISBN : 978-93-83456-62-8



- **કુંડળ** : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧
- **વડોદરા** : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- **વડતાલ** : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮
  શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- **મુંબઈ** : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
  ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- **સુરત** : શ્રીસ્વામિનારાયણ મંદિર, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર
  સમાજની વાડીની સામે, વેડ રોડ. મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

સપ્રેમ ભેટ



સુજ્ઞ સ્નેહી શ્રી..

ગામ .... **તા.**............................. **જિ.** ....

સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનના પરમ સેવક શાસ્ત્રી શ્રીલક્ષ્મીરામ દેરાસરી કૃત આ **'લીલાચિંતામણિ'** ગ્રંથ વાંચવા, વિચારવાથી આપને તથા આપના સહુ સ્નેહી, મિત્રો અને પરિવારને શ્રીહરિનો નિશ્ચય અતિ પક્વ થાય, પ્રભુમાં પ્રેમ વધે તથા સુખ, સંપ અને શાંતિ વધે; એવા આશયથી આ ગ્રંથ આપને તથા આપના પરિવારને સપ્રેમ ભેટ...

આપનો સ્નેહી

તારીખ ....

સમર્પણ


પ્રેમજીદાદા-ખોપાળા


લાલજીભાઈ-દાડમા


આણંદદાદા-કુંડળ


ડાયાદાદા-સમઢીયાળા


જેરામદાદા-વલ્લભીપુર


તળશીદાદા-ખોપાળા


અંબુકાકા-વડોદરા


દલસુખભાઈ-નડિયાદ

આપ આઠેય અમારા સમર્પિત અક્ષરનિવાસી હરિભક્તોએ અમારા વચને તથા સંતોના સ્નેહથી વડોદરા-કારેલીબાગ સ્વામિનારાયણ મંદિરમાં તથા કુંડળ સ્વામિનારાયણ મંદિરમાં સમર્પિત થઈને મનમોડ અને તનતોડ ખૂબ સેવા કરી છે, ખૂબ ભજન કર્યું છે. આપ સર્વે શ્રીહરિની પ્રસન્નતા મેળવી અક્ષરધામમાં શ્રીહરિની સેવામાં રહ્યા છો. આપના રાત-દિવસના સેવાકીય દાખડાથી અમે અને તમામ હરિભક્તો ઘણા રાજી થયા છીએ, માટે અમે શાસ્ત્રી શ્રીલક્ષ્મીરામ દેરાસરી કૃત **'લીલાચિંતામણિ'** નામનો આ ગ્રંથ આપના કરકમળમાં સમર્પણ કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

લી. સ્વામી જ્ઞાનજીવનદાસ-કુંડળધામના
ભાવથી જય સ્વામિનારાયણ



પ્રસ્તાવના



ઉપજાતિવૃત્ત :

सर्वेश्वरः सन्नरदेहधारी भूत्वा सुलीलां सुखदामकार्षीत् ।
दिव्यां च यो मानुषकीमनेकां धर्मात्मजं तं सततं नमामि ॥

જેઓ મનુષ્ય, દેવો, ઈશ્વરો, મુક્તો વગેરે સર્વેના ઈશ્વર છે. અને એવા થકા જેમણે આ મૃત્યુલોકમાં મનુષ્યદેહ ધારણ કરીને સર્વને સુખ આપનારી દિવ્ય અને માનુષી અનેક સુંદર લીલાઓ કરી છે; તેવા ધર્મપુત્ર શ્રીહરિને હું સતત નમન કરું છું.

ભગવાનનાં ચરિત્રો એટલે આનંદ, સુખ અને શાંતિનો મહાસાગર! ભગવાને આ પૃથ્વી ઉપર અનેક અવતારો લઈ આવાં અનેક ચરિત્રો કરેલાં છે. એ ચરિત્રોનું વાંચન, શ્રવણ અને મનન કરી અનેક ભક્તો ભગવાનનાં આનંદમય ધામને પામી ગયા છે. એમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને કરેલાં ચરિત્રો તો અનોખાં જ છે. કેમ કે, તેઓ તો અનંત કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ અક્ષરધામાધિપતિ સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમનારાયણ છે. માટે તેમની લીલાનું થોડું જ ચિંતવન કરનાર પણ મોટી પદવીને પામે છે. તે લીલારસને માણનારા તેમના સુજ્ઞ સંતો તથા ભક્તોએ તે લીલાઓના અનેક નાના મોટા ગ્રંથો રચ્યા છે. તે બધા ગ્રંથો વાંચી-સાંભળીને માણવા જેવા છે. તેમાંથી અત્યાર સુધીમાં ઘણા ગ્રંથો પ્રકાશિત થયા છે. આ **'લીલાચિંતામણિ'** પણ તેવો જ એક માણવા જેવો ગ્રંથ છે.

આ ગ્રંથના બે પુષ્પ સંવત્ ૨૦૧૧ માં ગામ લુણાવાડાના રમણલાલ અંબાલાલ ભટ્ટે પ્રકાશિત કરેલ છે તથા સંવત્ ૨૦૧૭ માં શ્રીસ્વામિનારાયણ મંદિર અમદાવાદના સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ પ્રકાશિત કરેલ છે. પરંતુ તે બન્ને ગ્રંથ તેમની પ્રસ્તાવનામાં લખ્યા મુજબ સંપૂર્ણ હસ્તપ્રત મળેલ ન હોવાથી અધૂરા પ્રકાશિત થયેલ હોય તેમ જણાય છે. પરંતુ આ ગ્રંથની સંપૂર્ણ હસ્તપ્રત જેમ ચિંતામણિ ચીંથરે વીંટાયેલી પડી હોય, તેમ અત્યાર સુધી વડતાલ સાધુસમાજની લાઈબ્રેરીમાં પડી હતી. ત્યાંથી મેળવીને શ્રીહરિ અને સંતો-ભક્તોની કૃપાથી અમે પ્રકાશિત કરી રહ્યા છીએ.

શ્રીસ્વામિનારાયણ ભગવાન ગઢપુરમાં પોતાના એકાંતિક ભક્તરાજ દાદા ખાચરના દરબારમાં રહેતા હતા, ત્યારે ગઢપુરમાં એક ઔદીચ્ય બ્રાહ્મણ જ્ઞાતિના શાસ્ત્રી લક્ષ્મીરામ શંભુરામ રહેતા હતા. તેમણે શ્રીજીમહારાજની અનેક લીલાઓ પ્રત્યક્ષપણે જોઈ હતી અને ઘણી લીલાઓ શ્રીહરિની સાથે રહેનારા મોટા મોટા એકાંતિક સંતો-ભક્તો થકી સાંભળી હતી. તેમને શ્રીજીમહારાજમાં અપાર હેત હતું, આથી તેઓ શ્રીહરિની જે જે લીલા જોતા કે સાંભળતા, તે તે લીલાઓ પોતાના હૃદયમાં ચિતરાઈ જતી. પછી તેમણે તે લીલાઓ એક ગ્રંથમાં ગૂંથી ને તેનું નામ રાખ્યું - **'લીલાચિંતામણિ.'**

આ ગ્રંથમાં લેખકે શ્રીહરિની લીલાઓનું સુંદર વર્ણન તો કરેલ છે, પણ જે સમયે તે લીલા કરી તે સમયની શ્રીહરિની મૂર્તિનું તેમણે ધારેલાં વસ્ત્રાલંકારે સહિત ઝીણવટભર્યું, આબેહૂબ ને સુંદર વર્ણન કરેલ છે, જે વાંચતાં પ્રેમી ભક્તોને તો શ્રીહરિની તેવી મૂર્તિ અંતરમાં ઊપસી આવે. ઘણી લીલામાં શ્રીહરિ જેની ઉપર અસવાર થતાં તે ઘોડા કે ઘોડીનું પણ તેના શણગારે સહિત ઝીણવટભર્યું વર્ણન કરેલ છે. તે પરથી અનુમાન થઈ આવે છે કે, તેમને શ્રીહરિમાં કેવો ગાઢ

પ્રેમ હશે ! આ ગ્રંથમાં અન્ય ગ્રંથોમાં જોવા ન મળે એવા ઘણાં નવાં ચરિત્રો છે, જે ચરિત્ર સહુને બહુ આનંદ આપનારાં છે. ઘણાં ચરિત્રો એવાં છે કે, જે બીજા ગ્રંથોમાં છે, પણ આ ગ્રંથમાં થોડા વિસ્તારથી છે અથવા શ્રીહરિએ એ ચરિત્રોમાં કોઈ વિશેષ લીલા-ચેષ્ટા કરી હોય, નવા દૃષ્ટાંતો આપ્યા હોય તથા ઉપદેશ આપ્યો હોય એનાથી યુક્ત છે. જેથી વાંચનાર નાના-મોટા સૌ સંતો-ભક્તોને આ ગ્રંથ રસપ્રદ બની રહેશે અને તેમને ભગવાનમાં નિષ્ઠા અને પ્રેમ સુદૃઢ થશે.

લેખક પોતે વિદ્વાન હોવા છતાં જેમ ચરિત્રો યાદ આવ્યાં, તેમ પ્રેમભાવમાં જ પોતાની સાદી ગામઠી ભાષામાં લખ્યા છે. આ ગ્રંથમાં કિરણ ત્રણમાં અંતે તેમણે પોતે જ જણાવેલ છે કે, ચરિત્ર લખવામાં અનુક્રમનો મેળ નથી રહ્યો. જેમ સાંભર્યાં તેમ લખેલ છે, ને તેથી મોટા ભાગના ચરિત્રની શરૂઆત 'એક દિનને સમે...' એમ કરી છે. એક વાત તો તેઓ ડગલે ને પગલે લખે છે કે, હું આ લીલાચિંતામણિ સંતજન ને હરિજનની કૃપાથી લખું છું. આ ઉપરથી અહોભાવ થાય કે, તેમને શ્રીહરિની સાથે સાથે તેમના સંતો-ભક્તોનો પણ કેવો અલૌકિક મહિમા હશે !

પ્રેમભાવમાં ને મસ્તીમાં લખતાં તેમણે ભાષાકીય શુદ્ધિ રહે કે સુંદર વાક્ય રચના થાય, તે બાબતોમાં બહુ ધ્યાન નથી આપ્યું. આથી ઘણી જગ્યાએ કર્તા, કર્મ, વિશેષણ, વિશેષ્ય વગેરેનો ક્રમ નથી જળવાયો. ક્યાંક લાંબી વાત સળંગ એક-બે વાક્યમાં લખેલ છે. તેથી ઘણી જગ્યાએ સામાન્ય વાચકજનોને યથાર્થ ન સમજાય એવું જણાય છે. તે લખાણ વાંચનારાને સુગમ થાય, ને લેખકનો ભાવ-મધુરતા જળવાઈ રહે તે રીતે અમે સંશોધન કરી લખેલ છે. અને તે માટે સામાન્ય ક્રિયાપદ વગેરે ઉમેરીને લાંબી વાતોના થોડા નાના વાક્ય બનાવીને સુગમ્ય કરેલ છે.

કોઈક જ જગ્યાએ કોઈ વિશેષ શબ્દ કે વાક્ય સહેલાઈથી સમજાય તે માટે ઉમેરવા જેવું લાગ્યું, તે કૌંસમાં ઉમેરેલ છે. અને કોઈક વાક્ય કે શબ્દ અમને નથી સમજાયાં તે વાક્ય અને શબ્દની ટીપણી કે સંશોધન કરેલ નથી, જેમ છે તેમ જ યથાવત્ રાખેલ છે.

આ ગ્રંથમાં લેખકે પ્રથમ ત્રણ **કિરણ** પદ્યમાં લખેલ છે, જેમાં મંગલાચરણ, શ્રીહરિ ને સંતોની સ્તુતિ તથા શ્રીહરિનાં લીલાચરિત્રનો ને કથાવાર્તાનો મહિમા છે. ને પછી એકથી ચોર્યાશી **પ્રકરણ** ગદ્યમાં લખેલ છે, જેમાં શ્રીહરિનાં ચરિત્રો છે. તેમાં ૩૨ નંબરનાં બે પ્રકરણ, ૪૯ નંબરનાં બે પ્રકરણ, ૬૦ નંબરનાં ત્રણ પ્રકરણ, ૬૧ નંબરનાં બે પ્રકરણ, ૬૨ નંબરનાં બે પ્રકરણ, અને ૬૩ નંબરનાં બે પ્રકરણ લખ્યાં છે. જેથી અનુક્રમ પ્રમાણે સાત પ્રકરણ વધે, પરંતુ અમોએ ૪૯ નંબરનાં પ્રકરણ નાનાં હોવાથી ભેગાં કરેલ છે. વળી ૮૨ નંબરના પ્રકરણની સમાપ્તિમાં લેખકે ભૂલથી ૮૩ નંબર આપેલ છે અને ૮૪ નંબરનું પ્રકરણ એક જ પેરેગ્રાફનું હોવાથી આગળના પ્રકરણમાં ભેળું કરેલ છે. આમ કરવાથી ત્રણ નંબર અનુક્રમમાં ઓછા થયેલ છે, જેથી સરવાળે ચાર પ્રકરણનો અનુક્રમમાં વધારો થયેલ છે, જેથી આ ગ્રંથનાં કુલ ૮૮ પ્રકરણ થયેલ છે.

લેખકે પ્રકરણ નંબર ૧, ૧૭, ૭૫ અને ૮૪ ની સમાપ્તિ ચાલુ પ્રસંગમાં વચ્ચે કરેલ છે, તે પ્રસંગ સળંગ રહે તે માટે થોડી આગળ કે પાછળ કરેલ છે. પ્રકરણ નં. ૪૦ અને ૫૬ માં એક જગ્યાએ વાતનો ક્રમ જળવાતો ન હોવાથી નાનો પેરેગ્રાફ થોડો આગળ-પાછળ કરેલ છે. આ ગ્રંથનો મહિમા લેખકે મૂળ હસ્તપ્રતમાં પ્રકરણ નં. ૬૬ માં લખેલ છે, પરંતુ તે ગ્રંથની રીત પ્રમાણે અને સહુને સમજવું સહેલું પડે તે રીતે કરવા માટે અંતે લઈ ગયા છીએ. સહુ વાંચનારાને શ્રીહરિનું ચરિત્ર યથાર્થ સમજાય ને રસ જળવાઈ રહે તે માટે આ ગ્રંથનું આ

રીતે સંશોધન કરવું જરૂરી જણાતાં અમે કોઈ બીજો ફેરફાર કર્યા વિના સંશોધન કરેલ છે.

આ ગ્રંથમાં લેખકે જૂની ગામઠી તળપદી ભાષાના ઘણા શબ્દો વાપરેલ છે, તે વર્તમાન સમયના સમાજમાં ન સમજાય તેવા છે, તેના અર્થો અમે ભગવદ્‌ગોમંડળ આદિ શબ્દકોશના આધારે તથા અન્ય જૂના સંતો-હરિભક્તો પાસેથી જાણીને યથામતિ તેમની ટિપ્પણી કરેલ છે; છતાં તેમાં કાંઈક ખામી રહી ગઈ હોય તો ક્ષમ્ય ગણશો. શબ્દની નજીકમાં જ કૌંસમાં લખેલ વિગત જે તે **શબ્દનો અર્થ સૂચવે છે.** શબ્દ પછી એક સ્પેસ છોડી કૌંસમાં લખેલ વિગત આગળ કહેલ હેતુ મુજબ **ખૂટતું ઉમેરેલ સૂચવે છે.** શ્લોક, સાખી કે કોઈ શબ્દોના લાંબા અર્થ નીચે ટિપ્પણીમાં દર્શાવેલ છે.

લેખકે આ ગ્રંથમાં ઘણી જગ્યાએ 'પ્રતિદિન' શબ્દ 'બીજા દિવસ' નો અર્થ સૂચવવા માટે લખેલ છે અને અમુક જગ્યાએ કોઈકની ચાલુ ઉક્તિમાં આશ્ચર્ય, હર્ષ કે ખેદનો ભાવ બતાવતા 'અહો' ને 'બત' શબ્દ જે તે સ્થાને જે અર્થમાં હોય, તે અર્થ સહિત જ સંસ્કૃત ભાષાની રીતમાં લખેલ છે. દા.ત. ત્યારે શ્રીજીમહારાજે સર્વે સંત પ્રત્યે એમ કહ્યું જે, "અહો ઈતિ આશ્ચર્યે ને બત ઈતિ ખેદે જે વાસના અતિ ભૂંડું કરે છે." આવું વાંચનારા સામાન્ય જનોને અગમ્ય કે અઘટિત જણાય, પણ લેખક પોતે શાસ્ત્રી હોવાથી તેમનાથી સહજતાથી એમ લખાઈ ગયેલ છે, એમ સમજવું.

આ ગ્રંથનો મહિમા કહેતાં સ્વયં લેખક જ કહે છે કે,


લખી લીલાચિંતામણિ, એ દોયલી વેળાના દામ;
જે વાંચે ને સાંભળે, તે પામે હરિધામ.

આ ગ્રંથનાં અઠ્યાશી પ્રકરણ ચોરાશી લાખ યોનિના જન્મ-મરણના

ફેરા ટાળીને દિવ્ય આનંદમય અક્ષરધામને પમાડનારાં છે, માટે ભાવથી ને શ્રદ્ધાથી જે વાંચનારા ને સાંભળનારા હશે અને તે સામાન્ય જનો હશે, તોપણ તેને શ્રીહરિનો નિશ્ચય થશે અને તે પ્રેમીભક્ત બનશે અને શ્રીહરિના અક્ષરધામને પામશે.

કેમ જે, આ પ્રકરણો પ્રેમીભક્તોને શ્રીહરિમાં પ્રેમ વધારનારાં અને જ્ઞાનીભક્તોને ચરિત્રના માધ્યમથી શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાન કરાવનારાં છે, માટે આ ગ્રંથ વિદ્વાન, અવિદ્વાન નાના કે મોટા સૌ સંતો-ભક્તો અને બાઈ-ભાઈ આદિને સુખદાયી થશે. કારણ કે, આ ગ્રંથના લેખક સર્વોપરી પ્રગટ પુરુષોત્તમનારાયણની સાથે રહી, તેમનો દૃઢ નિશ્ચય રાખી, પ્રગટની સેવા-ભક્તિ કરી, આજ્ઞા પાળી પૂરા નિવડેલા ભક્ત હતા અને એમણે મોટા ભાગનું તો નજરે જોયેલું જ લખેલું છે. તેથી અમને આશા છે કે, આ ગ્રંથ પ્રકાશિત કરવાથી સર્વોપરિ શ્રીહરિ, ગ્રંથના લેખક દેરાસરી શ્રીલક્ષ્મીરામ શાસ્ત્રી તથા સૌ સંતો-ભક્તો અમારા ઉપર રાજી થશો. એ જ અભ્યર્થના સહ...

લિ. સ્વામી જ્ઞાનજીવનદાસ(કુંડળધામ)ના
અતિ ભાવથી જય સ્વામિનારાયણ



પ.ભ. શ્રીલક્ષ્મીરામ દેરાશ્રીનું સંક્ષિપ્ત જીવનચરિત્ર



સ્ત્રગ્ધરાવૃત્ત :

सर्वेशानस्य नित्यं च हरिजनसतां योऽतिमाहात्म्यबोधी
दासत्वेनातिप्रीत्या वृषतनुजनुषो नैकसेवां विधाय।
प्रासीदत्तं च तत्कृत्सुमधुरचरिते तस्य मूर्तौ च सक्तं
श्रीलक्ष्मीरामसंज्ञं बहुविमलमतिं श्रेष्ठभक्तं नमामि॥

સર્વના ઈશ્વર એવા શ્રીહરિ અને સંતો-ભક્તોના અતિશય મહિમાને સદા જાણનારા અને તેથી જ તે ધર્મપુત્ર શ્રીહરિની દાસભાવે ને અતિ પ્રેમથી અનેક પ્રકારની સેવા કરીને તેમને પ્રસન્ન કરનારા, તે શ્રીહરિએ કરેલ સુમધુર ચરિત્રોમાં અને તેમની મૂર્તિમાં ગાઢ પ્રીતિવાળા અને શ્રીહરિ તથા સંતો-ભક્તોને વિષે અતિ પવિત્ર-દિવ્ય મતિવાળા; એવા શ્રેષ્ઠ ભક્ત શાસ્ત્રી શ્રીલક્ષ્મીરામ દેરાસરીને તેમનું જીવનચરિત્ર લખતાં પહેલાં હું વંદન કરું છું.

આ ગ્રંથના લેખક લક્ષ્મીરામ શાસ્ત્રી મોરબી જીલ્લામાં આવેલ હળવદ ગામના હતા. તે ગામનો ઈતિહાસ નીચે મુજબ છે.

❁ હળવદ ગામની સ્થાપના અને તેમાં વિપ્રોનો વસવાટ...

મુળરાજ સોલંકીના વંશમાં પ્રસિદ્ધ રાજા સિદ્ધરાજ જયસિંહ થયા. તેમણે સિદ્ધપુરપાટણમાં ભવ્ય રૂદ્રમાળ(શિવમંદિર) બંધાવ્યો. જેમાં ૧૦૦૮ શિવનું સ્થાપન કર્યું હતું. આ રૂદ્રમાળના ઉદ્‌ઘાટન પ્રસંગે ત્રિદિનાત્મક યજ્ઞ કરવા માટે તેમણે ઉત્તર ભારત, કાશી વગેરેથી એક હજાર વિપ્રોને બોલાવ્યા હતા. ત્યારપછી પવિત્ર અને કર્મકાંડમાં નિષ્ણાંત આ બ્રાહ્મણોને ગુજરાતમાં રહેવા સિદ્ધરાજે વિનંતી કરી, પરંતુ બ્રાહ્મણોએ ના પાડી. પછી છ માસનો યજ્ઞ ફરી કરાવ્યો. તેમાં બ્રાહ્મણોને ખૂબ દાન-દક્ષિણા આપ્યાં અને ફરીથી ગુજરાતમાં રહેવા વિનંતી કરી. ત્યારે બ્રાહ્મણોએ રાજી થઈને હા પાડી.

આ બ્રાહ્મણોને મણિયારી, મોઢેરા, વારાહી, આણસ્ય, કનોડા, માંડલ, પસ્વાદળ, સિદ્ધપુર વગેરે ગામોમાં વાસ આપ્યો. તેમને પુષ્કળ જમીન, ધન વગેરે પણ આપ્યું. તેઓ દવે, મહેતા, જોષી, જાની, આચાર્ય, શુક્લ, રાવળ વગેરે અટકના હતા. તેમાં જે મહેતા અટકના બ્રાહ્મણો હતા, તેમને મણિયારી ગામ ભેટ આપ્યું. તેથી તેઓ મણિયારી મહેતા કહેવાયા. આ બધા જ બ્રાહ્મણોનું ગૌતમ ગોત્ર છે, યર્જુવેદ વેદ છે, માધ્યાંદિની શાખા છે, ક્ષેમપ્રદા કુળદેવી છે અને દુગ્ધેશ્વર મહાદેવ ઈષ્ટદેવ છે.

આ દુગ્ધેશ્વર મહાદેવનું મંદિર હાલ પણ મોઢેરા પાસે અડીયા નજીક આવેલું છે. ઉપરોક્ત બધી જ શાખાના બ્રાહ્મણો તે શિવજીને વિશેષપણે માને છે. આ હજાર બ્રાહ્મણોમાંથી પાંચસો બ્રાહ્મણોને તે સમયે શિહોરના ગોહિલ નરેશે પોતાના શહેરમાં રહેવા બોલાવ્યા. તેથી ત્યાં રહેવા માટે ગયા હતા. આ શિહોરના રાજવંશીઓમાં ભાવસિંહજી રાજા થયા. તેમણે પોતાની રાજધાની શિહોરથી બદલી ભાવનગર શહેર વસાવી ત્યાં સ્થાપી હતી.

ઈ.સ.૧૪૮૬ માં કંકાવટી ગામના રાજા ઝાલા વાઘાજીની સત્તાને ઊખેડી નાખવા જૂનાગઢના સૂબા ખલીલખાને મોટી સેના લઈ તેની

સાથે યુદ્ધ કર્યું. ઝાલાઓ અને મુસ્લિમો વચ્ચે ઘમસાણ યુદ્ધમાં ઝાલા વાઘાજી મરાયા. તેમનો પરાજય થયો. તેથી હિંદુ ધર્મ રાખવા તેમની તમામ રાણીઓએ જૌહર(સામુહિક આત્મહત્યા) કરીને કૂવામાં આત્મસમર્પણ કર્યું. તેથી આ યુદ્ધ 'કૂવાના કેર' તરીકે જાણીતું થયું. કંકાવટીમાં મુસ્લિમ થાણું બેઠું.

કુંવર રાજોધરજી યુદ્ધભૂમિમાંથી બીજે જતા રહ્યા. પછી થોડાક સમય બાદ એકવાર તેઓ જંગલમાં ફરવા નીકળ્યા હતા, ત્યારે એક સસલું તેમના ઘોડા સામું ઘણીવાર જોઈ રહ્યું. તેથી રાજોધરજીએ આ ઘટના વિશે જાણકાર જ્યોતિષીને પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે, "આ વીરપુરુષોની ભૂમિ છે, તેથી આ ભૂમિનો પ્રભાવ આ સસલા ઉપર પડે છે, ને તેથી તે સસલું તમારી સામું ઘણીવાર જોઈ રહ્યું. માટે જો તમે વીરપુરુષોની ભૂમિ એવા આ સ્થળે ગામ વસાવો અને ત્યાં દરબારગઢ બનાવી રહો તો આ ભૂમિના પ્રતાપે આપને ત્યાં મહાપરાક્રમી પુત્રો જન્મે." તે સાંભળી ઝાલા રાજોધરજીએ તે જગ્યાએ નિશાન કરાવ્યું.

પછી તેમણે ઈ.સ. ૧૪૮૮ સંવત્ ૧૫૪૪, મહા વદ - બીજ, સોમવારના રોજ તે સ્થળે **હળવદ** ગામની સ્થાપના કરી. લોકોક્તિ પ્રમાણે તે સમયે આ ગામનો આકાર હળના જેવો હોવાથી તેનું નામ હળવદ રાખવામાં આવ્યું હતું. પછી રાજા રાજોધરજીએ મણિયારી, સિદ્ધપુર વગેરે ગામમાંથી એક હજાર પવિત્ર ઔદીચ્ય બ્રાહ્મણોને બોલાવી હળવદમાં વસાવ્યા હતા. અને તેમને જમીન વગેરેનું પુષ્કળ દાન આપ્યું. તે સમયે હળવદ બ્રાહ્મણોની વસ્તીથી ધમધમતું હતું. આજે પણ હળવદમાં ૫૦% વસ્તી ઔદીચ્ય બ્રાહ્મણોની છે. ઝાલા રાજોધરજીએ પોતે હળવદમાં રાજધાની સ્થાપી, તેની યાદમાં આજે પણ અહીં તેમના નામની એક સુંદર હાઈસ્કૂલ છે.

રાજોધરજીથી માંડીને પૃથ્વીરાજજી સુધી ઝાલા વંશીઓની રાજધાની હળવદમાં રહી. પછી પૃથ્વીરાજના પુત્ર રાયસિંહજીએ પોતાની રાજધાની

સંવત્ ૧૭૬૫ માં બદલીને ધ્રાંગધ્રામાં ફેરવી હતી. પરંતુ તેમના વંશજ રણમલસિંહજીએ હળવદનો દરબારગઢ જીર્ણોદ્ધાર કરીને સાચવી રાખ્યો છે, જે હાલ પણ હળવદમાં મોજુદ છે.

આ હળવદ ગામમાં આવીને વસેલા બ્રાહ્મણોમાં સમય જતા મહેતા પરિવારના એક પુત્રના લગ્ન હળવદના વિપ્ર મસાલિયા રાવળની દીકરી સાથે થયા. તે સમયે દીકરીની આજીવિકા માટે તેમના પિતાએ કરિયાવરમાં બે દેરીઓ ભેટ આપી. ૧. **'મઢોરામામાની દેરી'** જે હાલ હળવદમાં નીલકંઠ મહાદેવના મંદિરની પાસે છે. ૨. **'નાગ્રેચીમાતાની દેરી'** જે હળવદના રાજમહેલમાં હતી. પછી આ મહેતા પરિવાર એ બે દેરીની સેવા કરવા લાગ્યો, તેથી તે પરિવારના વિપ્રને લોકો **દેરાશ્રી** કહેવા લાગ્યા. આ રીતે મહેતા અટકમાંથી તેઓની દેરાશ્રી નામે એક શાખા ચાલી. પાછળથી આ શબ્દ અપભ્રંશ થતા અમુક લોકો અત્યારે **દેરાસરી** પણ કહે છે. પરંતુ તેમની ખરેખર અટક દેરાશ્રી જ છે.

એક સમયે આ પરિવારના એક **ત્રિકમજી** નામે વિપ્ર કચ્છમાં **ચીરઈ** ગામે તેમના મામાને ત્યાં ગયા હતા. તે સમયે સિંધી લોકોએ તે ગામમાંથી ગાયોનું ધણ વાળ્યું. તેથી તેમના મામા ગાયોને બચાવવા તેની વહારે ચડ્યા. ગાયો માટે તેમણે પોતાના પ્રાણ કુરબાન કર્યા. અસ્વાર વગરની ઘોડી ઘેર આવી. આ વાતની જાણ થતાં ચૌદ વર્ષના તેમના ભાણેજ શૂરવીર વિપ્ર ત્રિકમજી હાથમાં તલવાર લઈ ઘોડીએ અસ્વાર થયા. ને તે સિંધી લોકો સાથે ત્રણ કિલોમીટર સુધી લડતાં લડતાં ગયા. આખરે ગાયોની રક્ષા માટે તેઓએ પણ પ્રાણ કુરબાન કર્યા.

જ્યાં તેઓ મરણ પામ્યા હતા, ત્યાં તે બંને મામા-ભાણિયાની દેરી કરવામાં આવી હતી. સમય જતાં ત્રિકમજી વિપ્રની દેરીને વિધિ સહિત તેમના મૂળ ગામ હળવદમાં લાવ્યા અને ત્યાં સ્મશાનની બાજુમાં તેમનું મંદિર કરી સ્થાપના કરી છે. આ ત્રિકમજી વિપ્રની દેરીને તેઓ સુરધનદાદાની દેરી કહે છે. હાલ પણ તે વિદ્યમાન છે.

❁ લક્ષ્મીરામ દેરાશ્રીનો જન્મ તથા કુટુંબ પરિચય...

ત્રિકમજીના ભાઈ સુરજીનો જન્મ સંવત્ ૧૭૦૦ માં મનાય છે. તેમના પુત્ર જયકૃષ્ણ દેરાશ્રી થયા હતા. તેઓ ખૂબ પવિત્ર હતા. તેમને બે પુત્રો હતા. એક ભવાનીશંકર અને બીજા કાનજીભાઈ. તેમાં ભવાનીશંકરને પાંચ પુત્રો હતા. (૧) ફૂલશંકર (૨) વિઠ્ઠલજી (૩) શંભુપ્રસાદ (૪) પ્રભુરામ અને (૫) તબીશભાઈ

તેમાં શંભુપ્રસાદને બે પુત્રો થયા હતા. (૧) મોટા બેચરરામ અને (૨) નાના લક્ષ્મીરામ. આ લક્ષ્મીરામ નાનપણથી પ્રતિભાસંપન્ન હતા. તેથી તેમના પિતાશ્રીએ તેમને કાશી ભણવા માટે મોકલ્યા હતા. તેઓ કાશીમાં ભણીને સારા વિદ્વાન થયા હતા. **જ્યારે તેઓ ભણીને પાછા હળવદમાં આવ્યા ત્યારે ગામના તમામ વિપ્રોએ તેમનું મોટું સન્માન કર્યું હતું અને તેમના સદ્ગુણો તથા સદ્વિદ્યા જોઈને તેમને વિપ્રસમાજના પ્રમુખપદે સ્થાપન કર્યા હતા. ત્યારથી તેઓ શાસ્ત્રી લક્ષ્મીરામ તરીકે પ્રખ્યાતિ પામ્યા હતા.**

ગામના વડીલ વિપ્રો સ્નેહભાવથી તેમને લખીરામ શાસ્ત્રી પણ કહેતા હતા. તેમને બે પુત્રો હતા. ૧. હરિશંકરભાઈ ૨. ત્રિભુવનભાઈ. તેમાં હરિશંકરભાઈને દુર્લભરાય નામે એક પુત્ર થયા હતા.

❁ હળવદના વિપ્રોમાં સત્સંગનો પ્રારંભ...

સં.૧૮૬૧ માં હળવદમાં શિવયાજ્ઞિક ઉર્ફે શિવઋષિ તથા નરસિંહ ઋષિ નામના બે બ્રાહ્મણોએ સાંભળ્યું કે, સ્વામિનારાયણ નામે ભગવાન અત્યારે પૃથ્વી પર પ્રગટ થયા છે અને તેઓ કચ્છ-ભુજમાં બિરાજે છે. તે સાંભળીને તેઓ પ્રગટ પ્રભુને મળવા માટે કચ્છ-ભુજ તરફ ચાલી નીકળ્યા. પરંતુ રણની વાટે ચાલતાં તેઓ રસ્તો ભૂલ્યા, ત્યારે તેમણે ભગવાનની મૂર્તિ સંભારી, તેથી મારગ દેખાણો.

પછી રણ ઉલ્લંઘી વિકટ વનમાં ચાલતાં એક નદી આવી. તે

નદીમાં સ્નાન કરી બાટીઓ બનાવીને ભગવાનને પ્રેમથી ધરાવી. તેમનો પ્રેમ જોઈ ભગવાન દિવ્યરૂપે ત્યાં પ્રગટ થયા અને તેમને ભેટ્યા. પ્રભુજીના દર્શન-સ્પર્શથી તન-મનના તાપ ટળ્યા ! ગાત્ર રોમાંચિત થયા! આંખે આંસુની ધાર ચાલી ! કામળી પાથરી ભગવાનને બેસાર્યા. પ્રભુ કહે, "મને ભૂખ લાગી છે, જમવાનું આપો." બંને વિપ્રોએ પ્રભુને બાટીઓ આપી. ભગવાને જમીને તેમને પ્રસાદી આપી. ભગવાને બે દિવસ સાથે રહીને તેમને ખૂબ સુખ આપ્યું.

ત્રીજે દિવસે રાત્રે સૂતા ત્યારે વચ્ચે ભગવાન અને બંને બાજુ તે બન્ને વિપ્રો સૂતા. છતાં અડધી રાત્રે તેમને સૂતા મૂકી ભગવાન અદૃશ્ય થઈ ગયા. સવારે જાગીને તેઓ ભગવાનને શોધવા લાગ્યા. ત્યારે કોઈક સત્સંગી સામે મળ્યા. તેમને પૂછ્યું, "હાલ સ્વામિનારાયણ ભગવાન ક્યાં છે ?" તેઓ કહે, "કાળાતળાવ છે." ત્યારે શિવયાજ્ઞિક નિજઅનુભવની વાત કરતાં કહે, "જે અમારી સાથે હતા અને તે કહેતા કે, 'અમે સ્વામિનારાયણ છીએ.' તેનું શું સમજવું ?" તે સાંભળી તે ભક્ત કહે, "એ તો દિવ્યરૂપે આવ્યા હશે ! કેમ જે, આઠ દિવસથી શ્રીહરિ તો કાળાતળાવ છે." પછી બંને કાળાતળાવ ગયા ને ત્યાં શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં. મહારાજ તેમને ભેટ્યા ને તેમના મનોરથ પૂરા કર્યા. પછી તે બંને વિપ્રોએ સભામાં પોતાના અનુભવની વાત કહી. *(સંદર્ભ : સ્વામિનારાયણ ચરિત્ર રત્નાકર - ૧૯૦)*

આ રીતે હળવદના શિવયાજ્ઞિક તથા નરસિંહ ઋષિને સત્સંગ થયો. તે બંને વિપ્રો થોડા દિવસ શ્રીહરિ સાથે રહ્યા. પછી હળવદ પરત આવ્યા અને ગામના વિપ્રોને સ્વામિનારાયણ ભગવાનના મહિમાની વાતો કરી. તે સાંભળીને ગામના શંભુપ્રસાદ વગેરે વિપ્રો કહે, "જેમ સ્વામિનારાયણ ભગવાનને તમારા મનોરથ પૂરા કર્યા, તેમ અમારા મનોરથ પૂરા કરે તો તે પ્રગટ પ્રભુ ખરા. અને અમે તેમનો ભગવાનપણે નિશ્ચય કરશું." થોડો સમય જતાં જ સં.૧૮૬૨ માં શ્રીહરિ મેથાણ પધાર્યા. આ વાતની હળવદમાં વિપ્રોને જાણ થઈ.

❁ લક્ષ્મીરામ શાસ્ત્રી વગેરે વિપ્રોને શ્રીહરિનો નિશ્ચય...

સ્વામિનારાયણ ભગવાન મેથાણમાં છે, એમ જાણીને હળવદમાં લક્ષ્મીરામ દેરાશ્રીના પિતા શંભુપ્રસાદ વગેરે ચૌદ વિપ્રોએ મળીને વિચાર કર્યો જે, 'આપણે નોખા નોખા સંકલ્પ ધારીને મેથાણમાં સ્વામિનારાયણ ભગવાન પાસે જઈએ. અને આપણે જે જે વેદની કાંડી બોલવા ધારી હોય તે બોલવાનું કહે, આપણા નામ લઈને પાસે બોલાવે અને આપણા સંકલ્પ સત્ય કરે; તો તે સ્વામિનારાયણને પ્રગટ ભગવાન જાણવા અને આપણા ગામ હળવદ તેડી લાવવા અને ઘેર ઘેર પધરામણી કરાવવી.'

એમ મનમાં ધારીને શંભુપ્રસાદ વગેરે વિપ્રો મેથાણ આવ્યા. તે સમયે ગામ મેથાણને પાદર તળાવને કાંઠે શ્રીજીમહારાજ સભા કરીને ઢોલિયા ઉપર બિરાજમાન હતા, ને પોતાના મુખારવિંદ આગળ સર્વે સંત-હરિજનની સભા ભરાઈને બેઠી હતી. ત્યાં તે બ્રાહ્મણો આવ્યા. ત્યારે શ્રીજીમહારાજે તેમને આવકાર દઈને જાજમ પથરાવીને તેના ઉપર બેસાર્યા. ત્યારે તે ચૌદેય જણા મહારાજની સન્મુખ બેઠા. પછી મનમાં સંકલ્પ કરવા લાગ્યા જે, હજી આપણાં નામ લીધાં નહીં.

ત્યારે મહારાજે તેમનો એ સંકલ્પ જાણી તેમના ચૌદેના નોખાં નોખાં નામ લઈને બોલાવ્યા. અને તેમણે મનમાં જે ધારી રાખી હતી, તે નોખી નોખી વેદની કાંડીઓ તેને તેને બોલવાનું કહ્યું. ત્યારે તેઓ બોલીને મનમાં બહુ આશ્ચર્ય પામ્યા અને બોલ્યા જે, **"આ સ્વામિનારાયણ ખરેખર પ્રગટ ભગવાન છે. કારણ કે, તેમણે બોલાવીને આપણાં નામ લીધાં અને વળી આપણે જે વેદની કાંડીઓ બોલવા ધારેલી હતી તે જ બોલાવી."**

પછી શંભુપ્રસાદ દેરાશ્રી વગેરે ચૌદેય જણાએ મળીને સ્તુતિ કરી જે, "હે કૃપાનાથ ! હે પ્રભુ ! તમે અમને વર્તમાન ધરાવી તમારા આશ્રિત કરો." ત્યારે શ્રીજીમહારાજે મૂળજી બ્રહ્મચારી પાસે પાણી મંગાવ્યું અને ચૌદેય જણાને વર્તમાન ધરાવ્યા ને સત્સંગી કર્યા. પછી

તે બ્રાહ્મણોએ શ્રીજીમહારાજને વિનંતિ કરીને કહ્યું જે, "હે મહારાજ ! કૃપા કરીને તમે હળવદ પધારો." ત્યારે શ્રીજીમહારાજ ગામ મેથાણથી હળવદ પધાર્યા ને ધર્મશાળામાં ઉતારા કર્યા.

શાસ્ત્રી લક્ષ્મીરામ દેરાશ્રી, શંભુરામ શુક્લ વગેરે વિપ્રો શ્રીજીમહારાજ માટે ઢોલિયો લાવ્યા. તે ઉપર ગાદલું તથા તકિયો મૂકીને તે ઉપર મહારાજને પધરાવ્યા. તે વખતે ગામના સહુ બ્રાહ્મણો આવીને શ્રીજીમહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે તેમની આગળ ઘણીક ઉપદેશની વાતો કરીને સહુને આનંદ પમાડ્યા તથા કેટલાકના મનના સંકલ્પ કહી દીધા. પછી બ્રાહ્મણોએ રસોઈ તૈયાર કરી શ્રીજીમહારાજને તથા સર્વ સાધુ-બ્રહ્મચારીને સ્નેહથી જમાડ્યા. તથા ઘરોઘર પધરામણી કરીને શ્રીજીમહારાજની આરતી ઉતારી.

(સંદર્ભ : હરિચરિત્ર ચિંતામણી - ભા.૩/૩૮૦)

આ રીતે હળવદના વિપ્રોને સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ નિશ્ચય થયો. તેમાં શાસ્ત્રી લક્ષ્મીરામ દેરાશ્રી સહુથી શિરમોડ હરિભક્ત બન્યા હતા. આ દેરાશ્રી પરિવારમાં હજી પણ ઘણા લોકો સ્વામિનારાયણ ભગવાનની દૃઢ નિષ્ઠા રાખી સેવા, ભજન ને સત્સંગ કરે છે. શ્રીહરિ પછી સિદ્ધપુર વગેરે સ્થળોએ વિચરણ કરી ગઢપુર આવ્યા. ત્યારે લક્ષ્મીરામ શાસ્ત્રી પણ ગઢપુર આવ્યા ને મોટે ભાગે ગઢપુરમાં જ રોકાયા.

હળવદથી ગઢપુર આવ્યા પછી લક્ષ્મીરામ શાસ્ત્રી સદા શ્રીજીમહારાજની સાથે રહેતા હતા. મહારાજ બીજા ગામે જાય તો તેમને સાથે લઈ જતા. તેમણે નાની-મોટી સેવા કરી મહારાજ અને સંતોનો રાજીપો મેળવ્યો હોય, તેવા ઘણા પ્રસંગો છે. તેમાંથી થોડાક પ્રસંગો જોઈએ.

❈ મહાભારતનું પુસ્તક લાવવામાં કરેલ દાખડો...

એક સમયે મહારાજને મહાભારતના પુસ્તકની જરૂર પડી. તે

પુસ્તક ભાવનગરમાં કાશીરામ ભટ્ટને ઘેરે હતું. તે પુસ્તક લેવા લક્ષ્મીરામને ત્યાં મોકલ્યા, પણ તેમને પુસ્તકમાં અક્ષરની શુદ્ધાશુદ્ધિ તથા સારાનરસાની ખબર ન પડી. તેથી તેઓ પુસ્તકના ત્રણસો રૂપિયાનું સાટુ કરીને ગઢડા પરત આવ્યા.

પછી મહારાજે પુસ્તક જોઈને લાવવા માટે બીજીવાર તેમની સાથે જગન્નાથ વિપ્રને મોકલ્યા. પછી તે બે જણા ભાવનગર તે વિપ્ર પાસે ગયા ત્યારે તેણે કહ્યું જે, “મારા ઉપર ત્રણસો રૂપિયાનું કરજ હતું, તે સારુ હું પુસ્તક વેચતો હતો, ને હવે એક પારાયણ કરી તે સાતસો રૂપિયા આવ્યા. માટે મારે પુસ્તક વેચવાની જરૂર નથી.” એટલે તે બે જણા ગઢપુર પરત આવી મહારાજને સર્વે સમાચાર કહ્યા.

પછી ત્રીજીવાર મહારાજે પ્રાગજી દવે, લક્ષ્મીરામ તથા જગન્નાથ વિપ્ર એ ત્રણેને મોકલ્યા. ત્યારે તે ગાડીમાં બેસીને ભાવનગર ગયા ને એક શ્રીમાળી સત્સંગી બ્રાહ્મણ ઝીણાભાઈને ઘેર ઊતર્યા. પછી પુસ્તકની ખબર કઢાવી ત્યારે તે વિપ્ર કહે, “મારે પુસ્તક આપવું નથી ને મારે વાંસે શા સારુ પડ્યા છો ? ને મારા પુસ્તકના કાંઈ તમે ધણી છો ?” એમ ના પાડી એટલે શ્રીમાળી બ્રાહ્મણને ઘેર જમીને તે ગઢડે આવ્યા. ને સર્વે સમાચાર મહારાજને કહ્યા.

પછી ચોથીવાર મહારાજે લક્ષ્મીરામને ખુશાલભાઈને સાથે લઈને જવા કહ્યું. ત્યારે લક્ષ્મીરામ કહે, “મહારાજ ! હું તો ત્રણવાર જઈ આવ્યો હવે મને આશા નથી જે, એ વિપ્ર પુસ્તક આપે. ને તમે કહેતા હો તો હું ચોથીવાર જઈ આવું. અને આ ખુશાલભાઈનું શું પ્રયોજન છે, તે એમને ઠાલો ફેરો પાડવો ?” પછી મહારાજે કહ્યું જે, “એ આવશે ત્યારે જ એ વિપ્ર પુસ્તક આપશે, ને એ તો બહુ મોટા છે.” ત્યારે ખુશાલભાઈ પાસે પહેરવા જોડાં નો’તા, તે મહારાજે પોતાની મોજડી પહેરવા આપી.

પછી બન્ને ચાલ્યા. થોડું ચાલી ખુશાલભાઈ બોલ્યા જે, “મારા પગમાં તો તલી(કપાસી જેવી કઠણ ચામડી) પડી છે, તે પગ પણ નથી બળતા ને કાંટા પણ નથી વાગતા. ને મહારાજની પ્રસાદીની આ મોજડીઓ છે, તે લૂગડે વીંટીને જાળામાં ખોસી મેલો, તે વળતાં આપણે લઈ લેશું.” પછી મોજડીઓ જાળામાં મેલીને ચાલ્યા ને માર્ગમાં એક ગામ આવ્યું. ત્યાં રાત્રિએ વાણિયાની દુકાનમાં રહ્યા ને લખીરામ ગામમાં ભિક્ષા માગવા ગયા, પણ અન્ન ન મળ્યું. પછી લખીરામ બોલ્યા જે, “ખુશાલભાઈ, કાલ એકાદશી છે, તે મારે તો ખાધા વિના નહિ ચાલે.”

પછી ખુશાલભાઈ એક વાણિયા શેઠ પાસે જઈને તેને સમાધિ કરાવી ને થોડીવાર પછી જગાડ્યા. સમાધિમાં આશ્ચર્ય જોઈને તે શેઠે ખુશાલભાઈને ચમત્કારી જાણ્યા. તેથી પગે લાગીને કહ્યું, “મહારાજ, કાંઈ જોઈએ છીએ ?” ત્યારે ખુશાલભાઈએ તેમની પાસેથી લક્ષ્મીરામને સીધું અપાવ્યું. પછી લક્ષ્મીરામ તેની રસોઈ બનાવી ઠાકોરજીને ધરાવીને પોતે જમ્યા. ને રાતે બન્ને સૂતા.

ને સવારે વહેલા ચાલ્યા, તે ભાવનગર સમીપે એક સરોવર આવ્યું ત્યાં ના'વા ઊતર્યા. બન્નેએ સ્નાન કર્યું. પછી લખીરામે ખુશાલભાઈને કહ્યું જે, “રાત્રિએ ઓલ્યા વાણિયાને કર્યું, એમ કાંઈક આ બ્રાહ્મણને ચમત્કાર બતાવો તો પુસ્તક આપે.” પછી તે ખુશાલભાઈ બોલ્યા જે, “લખીરામ, તું મારા સામું જો.” ત્યારે લખીરામે ખુશાલભાઈ સામું જોયું એટલે તેને અંધકારમાં ઊંડા ઉતારી દીધા. ને પછી તેને અંધારામાંથી બાર કાઢ્યા. પછી લખીરામ બોલ્યા જે, “આમ કાંઈક બીક દેખાડો તો તો આપે.”

પછી ત્યાંથી ભાવનગર આવ્યા ને શ્રીમાળી વિપ્રને ઘેર ઊતર્યા. વિપ્રે રસોઈ કરાવી બન્નેને જમાડ્યા. પછી પુસ્તકની ખબર કઢાવી ત્યારે તે બ્રાહ્મણે ના પાડી. એટલે બીજે દિવસ સવારમાં તે વિપ્રને ઘેર ગયા,

ત્યારે તે પૂજા કરતો હતો. તેની સામા બેઠા એટલે તે વિપ્રના ઠાકોરજી જે બાલમુકુંદજી તે કૂદીને ખુશાલભાઈ સામા બેઠા ! ત્યારે તે વિપ્રે ઠાકોરજીને પોતાના સન્મુખ પધરાવ્યા, પણ વળી ઠાકોરજી ખુશાલભાઈ સામા થઈ ગયા ! એમ વારેવારે વિપ્ર ઠાકોરજીને પોતા સામા પધરાવે, ને ઠાકોરજી ખુશાલભાઈ સામા થઈ જાય !

પછી ખુશાલભાઈ બોલ્યા જે, "અમે અતિથિ તમારે ઘેર આવ્યા ને તમે અમારું કાંઈ સન્માન ન કર્યું, તે ભગવાન તમારા ઉપર રિસાણા." તોપણ તેણે પુસ્તક ન આપ્યું. ત્યારે તે ઉતારે આવ્યા.

પછી રાત્રીમાં બે જમ આવીને તે બ્રાહ્મણને મારવા મંડ્યા, ને પછી 'કાલે પુસ્તક ન આપે તો તારી વાત છે' એમ કહીને તે યમદૂત ગયા. પછી સવારે તે બ્રાહ્મણ ખુશાલભાઈ પાસે આવ્યો ને પુસ્તક સાટે કાંઈક આપીને પુસ્તક લઈ જવા કહ્યું. ત્યારે ખુશાલભાઈએ શીખવાડેલ મુજબ તે શ્રીમાળી બ્રાહ્મણે પુસ્તકની કિંમત થાય એટલું ત્રણસો રૂપિયાનું ઘરેણું આપીને પુસ્તક લીધું. ને તેનો સારા નાત પટેલિયાને સાક્ષી રાખીને લેખ કરાવ્યો, ને પુસ્તક ખુશાલભાઈને આપ્યું. પછી પુસ્તકને પોઠિયા ઉપર ભરીને તે બન્ને દુર્ગપુર આવ્યા.

(સંદર્ભ : નિર્ગુણદાસજીસ્વામીની વાતો - ૨૨૪)

ભાવનગરથી મહાભારતના પુસ્તકનો પોઠિયો ભરીને ખુશાલભાઈ તથા લક્ષ્મીરામ શાસ્ત્રી ગઢપુર આવ્યા. ત્યારે શ્રીહરિ સંત-હરિભક્તોની સાથે ઉન્મત્તગંગામાં સ્નાન કરવા પધાર્યા હતા. શ્રીહરિએ બન્ને વિપ્રોને દૂરથી જોયા. તેથી તેમની સામે ચાલ્યા. ત્યારે બાળકો જેમ પિતાને પગે લાગે તેમ તે બન્ને હરખભેર શ્રીહરિ પાસે આવી પગે લાગ્યા.

શ્રીહરિએ અમૃત વરસાવતી દૃષ્ટિથી તેમને જોયા અને સુધા જેવી મધુર વાણીથી તેમનું સ્વાગત કરી રૂડા આશીર્વાદ આપ્યાં. પછી બન્નેએ જે રીતે મહાભારતનું પુસ્તક મેળવ્યું તે બધી વાત કરી. તે સાંભળી શ્રીહરિ અને સંતો-ભક્તો અત્યંત પ્રસન્ન થયા.

પછી શ્રીહરિ લક્ષ્મીરામ શાસ્ત્રીનો હાથ પકડી ગંગાના પ્રવાહમાં ઊતર્યા. તેમની સાથે સ્નેહથી સ્નાન કર્યું. પછી પાણીમાંથી બહાર નીકળ્યા. કોરાં વસ્ત્ર પહેરીને આસન ઉપર વિરાજ્યા અને સહુની આગળ બોલ્યા કે, "અક્ષરાધિપતિ એવા મને આ લક્ષ્મીરામ વિપ્રે ભાવનગર જઈ મહાભારતનું પુસ્તક લાવી આપવામાં ઘણી મદદ કરીને ઘણા રાજી કર્યા છે. **તેથી આ સ્થાન તેમના નામથી 'લક્ષ્મીરામ ઘાટ' તરીકે જગતમાં પ્રસિદ્ધ થશે.** અને તે મારા ચરણારવિંદની રજથી યુક્ત થવાથી પાપનાશક થશે. જે કોઈ ધર્મ-નિયમાદિકનું પાલન કરીને ભક્તિપરાયણ થઈ આ ઘાટમાં રહેલ 'હરિસંતોષ' તીર્થમાં સ્નાન, પૂજન, વ્રત, દાન વગેરે કરશે; તે આ લોકમાં ને પરલોકમાં આ લક્ષ્મીરામ જેવા મારા વિશે પ્રીતિવાળા ભક્ત થશે; એવું મારું વચન છે."

(સંદર્ભ : ઉન્મત્તગંગામાહાત્મ્ય અધ્યાય - ૧૩૪)

❁ જ્યોતિષશાસ્ત્ર લાવવામાં કરેલ દાખડો...

જે રીતે લક્ષ્મીરામ દેરાશ્રીએ શ્રીહરિ માટે મહાભારતનું પુસ્તક લાવવામાં દાખડો કર્યો, તે જ રીતે જ્યોતિષનું પુસ્તક લાવવામાં પણ ખૂબ દાખડો કર્યો. એકવાર શ્રીજીમહારાજે હળવદના શાસ્ત્રી લખીરામ દેરાશ્રી અને શિથા ગામના બેચર પંચોળીને ગામ શિથે જ્યોતિષનું પુસ્તક લેવા માટે મોકલ્યા. ત્યારે જે બ્રાહ્મણને ઘેર પુસ્તક હતું તે બોલ્યો કે, "એ પુસ્તક તો મારી પાસેથી હળવદના શિવ જાની લઈ ગયા છે."

પછી તે બન્ને જણા ત્યાંથી હળવદ ગયા ને તેને પૂછ્યું, ત્યારે તે શિવ જાની બોલ્યા જે, "મેં તો તેને ઘેર પુગાડ્યું તેને ઘણો સમય થયો." પછી તે બે જણા શિથે પાછા આવ્યા ને તેને તે વાત કહી. ત્યારે તે પુસ્તકનો ધણી વિપ્ર કહે, "હા મારી ભૂલ થઈ. શિવ જાની આપી ગયા પછી મેં તે પુસ્તક તો વાંકાનેર આપ્યું છે."

પછી બન્નેએ વાંકાનેર જઈને ખબર કઢાવી, ત્યારે તે પણ શિવ

જાનીની પેઠે બોલ્યો કે, 'મેં તો પુસ્તક પાછું પહોંચાડી દીધું છે.' પછી બન્ને પાછા શિથા ગામ આવ્યા. ને તે બ્રાહ્મણને કહ્યું જે, "તેણે તો આંહીં મોકલ્યું છે." ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો જે, "મોરબીમાં મકનજીને આપ્યું છે." પછી ત્યાં લેવા ગયા ત્યારે તેણે પણ એમ કહ્યું જે, "મેં તો એને ઘેર પુગાડ્યું છે."

પછી લખીરામ ને બેચર બે જણા શિથે આવ્યા. અને શાસ્ત્રી લખીરામે તેને એમ કહ્યું જે, "તારે આપવું હોય તો આપ, નહિ તો ના પાડ, પણ અમને ઠાલા ધક્કા શા સારુ ખવડાવે છો ?"

ત્યારે તે બ્રાહ્મણે લખીરામ શાસ્ત્રીને એક બાજુ બોલાવીને કહ્યું કે, "પુસ્તક તો મારા ઘરમાં જ છે, પણ આ અમારા વેવાઈ બેચર પંચોળી અને મારે વ્યાવહારિક વાંધો છે. તે નાતમાં આગળ પડતા માણસ છે, એટલે મને બહુ ગણતા નથી. હું એમને ઘેરે કોઈ દિ જતો નથી અને તે મારે ઘેર આવતા નથી; આમ અમારો વહેવાર બંધ છે. છતાં તે મારા વેવાઈ મને અત્યારે પાંચસો દંડવત કરે તો હું પુસ્તક આપું." **ત્યારે લક્ષ્મીરામ કહે, "અમારા ભગવાન સ્વામિનારાયણને આ પુસ્તક જોઈતું છે. માટે બેચરભાઈ તો શું હું પણ દંડવત કરું !!"**

પછી આ વાતની લખીરામે બેચર પંચોળીને જાણ કરી. ત્યારે બેચરભાઈ બોલ્યા કે, **"ભાઈ, તમે જો સ્વામિનારાયણ ભગવાન માટે પુસ્તક આપતા હો, તો હું તમને પાંચસોને પંદર દંડવત કરું."** એમ કહી પોતાના વેવાઈને દંડવત કરવા લાગ્યા. થોડા ઘણા દંડવત કર્યા, ત્યાં તો તેના વેવાઈનું હૃદય પીગળી ગયું અને તે બેચરભાઈ પંચોળીને ભેટી પડ્યા અને કહ્યું કે, "તમો શ્રીજીમહારાજનાં ખરા ભક્ત છો." એમ કહી ઘરમાંથી જ્યોતિષનું પુસ્તક કાઢી આપ્યું.

પછી કહે, "આજે તમો અને લખીરામભાઈ મારા ઘરના મહેમાન બનો, અને બંને અહીં જમો. પછી ખુશીથી ગઢપુર જાઓ." પછી બંને

ભક્તો જમ્યા અને પુસ્તક લઈ ગઢપુર આવ્યા. શ્રીજીમહારાજને પુસ્તક આપીને બનેલ બધી વાત કહી. તે સાંભળી સ્વામિનારાયણ ભગવાન તે બંનેના ઉપર ખૂબ જ રાજી થયા. કંઠમાંથી પુષ્પના હાર કાઢીને પહેરાવ્યા. બંનેને ભાવથી ભેટ્યા અને પ્રસાદી આપી. પછી એમ બોલ્યા જે, **"જેને ભગવાન અને સંતોનો મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેને ભગવાનને અને સંતને અર્થે શું શું ન થાય ? ને આ રીતે નિર્માનીપણે જે સેવા કરે તે અમને બહુ ગમે છે."**

(સંદર્ભ : નિર્ગુણદાસજીસ્વામીની વાતો - ૨૪૪)

❁ શ્રીહરિને રાજી કરવા શાસ્ત્રી જમ્યા ઉપર બે લાડુ જમ્યા...

એકવાર શ્રીજીમહારાજ વિસનગર પધાર્યા. મહારાજે બળદેવ વિપ્રને ઘેર ઉતારો કર્યો. મહારાજનો થાળ બળદેવ વિપ્રની માતા ઉદયકુંવરે કર્યો હતો. બ્રહ્મચારીએ મહારાજને ચોળીને નવરાવ્યા. નાહીને વસ્ત્ર પહેરી અને ચરણમાં ચાખડીઓ પહેરીને ઘરની મેડી ઉપર ચડ્યા.

મેડી ઉપર આથમણે બારે એક ગોખ હતો. ત્યાં મહારાજ વિવિધ વાનગીઓનો ભરેલો રૂપાનો થાળ જમ્યા. પછી સોપારી, એલચી આદિ મુખવાસ જમીને ઘણા રાજી થયા થકા પલંગ પર બેઠા. ત્યારે ધનાઢ્ય એવા બળદેવ વિપ્રે મહારાજને ભારે ભારે વસ્ત્રો તથા વિવિધ સુવર્ણના અલંકારો પહેરાવ્યાં. ઘણા રૂપિયાનો થાળ શ્રીજીમહારાજને અર્પણ કર્યો. પછી કેસર-ચંદનની અર્ચા કરીને મલ્લિકા તથા ગુલાબ આદિક પુષ્પના હાર, તોરા આદિક પહેરાવ્યાં. પછી હેમના થાળમાં કપૂરની આરતી ઉતારી. પછી તે ગોખ મધ્યે મહારાજ પૂર્વમુખે બેઠા.

ત્યારે પોતાના મોઢા આગે મુકુંદ બ્રહ્મચારી આદિક ઘણા બ્રહ્મચારી ને ભટ્ટ મયારામ આદિક ઘણા દ્વિજ હરિજન જમવા બેઠા હતા. ને વિપ્ર મોતૈયા લાડુને પીરસતા હતા. ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "હવે જે જમી રહ્યા છે, તે જમ્યા ઉપર એક મોદક જમે તેને હું એક રૂપિયો

આપું. ને હે બ્રહ્મચારીઓ ! તમે એક મોદક જમ્યા ઉપરે જમો, તો તમને આ મારી કોટ મધ્યે ભારે પુષ્પના હાર છે, તે આપું."

ત્યારે મહારાજે મુકુંદસ્વામીને એમ કહ્યું જે, "હે બ્રહ્મચારી ! તમે એક મોદક લ્યો." ત્યારે તેમને રસોયાએ પીરસ્યો, તે જમી ગયા. ત્યારે મહારાજે તેમને મોગરાનો એક ભારે હાર આપ્યો. પછી જેરામ બ્રહ્મચારીએ તે રસોયાને કહ્યું જે, "મને એકવારે બે મોદક મૂકો." ત્યારે તેણે મૂક્યા. તે જમીને કહ્યું જે, "હે મહારાજ ! મને બે હાર આપો." ત્યારે મહારાજે બે હાર હેઠે મૂક્યા. ત્યારે વિપ્ર બળદેવે તે હાર વર્ણી જેરામને પહેરાવ્યા.

તેમજ, શ્રીજીમહારાજે તે બ્રાહ્મણોને પડકારીને એમ કહ્યું, "અરે હે બ્રાહ્મણો ! તમે જમ્યા ઉપર જેટલા મોદક જમો તેટલા રૂપિયા હું તમને આપીશ." ત્યારે વિપ્ર શિવરામ, કૃષ્ણજી, પ્રભાશંકર તથા બેચરે એક એક મોદક જમીને એક એક રૂપિયો લીધો. વિપ્ર વજેરામ સંજાયાવાળા તથા વિપ્ર ભાણા વડથળવાળાએ બે બે મોદક જમીને બે બે રૂપિયા લીધા. ને શાસ્ત્રી લક્ષ્મીરામ પણ મોદક બે જમ્યો હતો ને શ્રીજીમહારાજે રૂપિયા બે બળદેવ દ્વારા આપ્યા. આ પ્રસંગ શાસ્ત્રી લક્ષ્મીરામ પોતે નિજકૃત આ ગ્રંથના પ્રકરણ ૧૭ માં લખ્યો છે.

❁ લક્ષ્મીરામ શાસ્ત્રીએ મુખથી ઘૂઘરા વગાડ્યાં...

હવે એક દિવસને સમે સંઘે સહિત શ્રીજીમહારાજ ગામ વડનગરને વિષે પધાર્યા. ત્યાંના હરિજનોએ સામૈયું કરી શ્રીજીમહારાજને શહેર મધ્યે પધરાવ્યા. પછી નિર્ગુણાનંદસ્વામી અને વૈષ્ણવાનંદજીએ મહારાજનો થાળ કર્યો હતો, તેને પોતે જમ્યા, જમી રહ્યા કેડે ત્યાંના હરિજને મહારાજની કેશર, ચંદન, પુષ્પના હાર તથા વસ્ત્રાલંકારોથી પૂજા કરી. પછી સંતો-ભક્તોની રસોઈ તૈયાર થતાં તેમને જમાડ્યા. પછી ગામની બહાર એક સરોવર હતું, ત્યાં સર્વે સંઘે સહિત ઉતારો કર્યો.

પછી ત્યાં એક મહાદેવનું મંદિર આથમણે બારે હતું. તે મધ્યે આસન નાંખ્યું હતું, તે ઉપર પોતે બિરાજમાન થયા. ત્યારે ઘણા કળાવંત ગાંધર્વ પોતપોતાનાં વાજાં લઈને ત્યાં આવ્યા, તેમાં એક સદારામ નામે ગાંધર્વ ગાન-તાનમાં ઘણો ડાહ્યો ને વળી હરિભક્ત હતો. તેમણે સર્વ ગાંધર્વોને કહ્યું જે, **"હે સર્વે ગાંધર્વો ! તમારાં મોટાં ભાગ્ય જે તમારે શ્રીજીમહારાજનાં દર્શન થયાં. ને તમે તમારી કળાએ કરીને મહારાજ આગળ ગાઈ દેખાડો, તેણે કરીને તમારો મોક્ષ થાશે; એવા આ મહારાજ ને સંત છે."**

ત્યારે તે સર્વે ગાંધર્વો મહારાજ અને સર્વે સંતને નમસ્કાર કરીને પાથરેલ જાજમ ઉપર બેઠા. પછી મહારાજે તેમને તેમની જેટલી ગાનવિદ્યા હોય તે ગાઈ દેખાડવા કહ્યું. ત્યારે તે સર્વે સિતાર તંબૂરા ને દોકડાદિક ઘણાં વાજાં વગાડીને ગાવા લાગ્યા. તેથી મહાદેવના મંદિરમાં ઘણો ઘોર થવા લાગ્યો. તે સમે શ્રીજીમહારાજે રાજી થઈને નેત્રની સાને કરીને સંકેત કરીને શાસ્ત્રી લક્ષ્મીરામને મુખથી ઘૂઘરા વગાડવા કહ્યું. ત્યારે તે મુખથી ઘૂઘરા વગાડવા લાગ્યા. તેના ઘણાંક છમછમાટના શબ્દો સાંભળીને સર્વે ગાંધર્વો આશ્ચર્યચકિત થઈ ગયા. ને ઊંચા-નીચા થઈને જુવે છે, કે આ ઘૂઘરા ક્યાં વાગે છે ! પણ કોઈ ઘૂઘરા વગાડનાર જોયો નહીં કે કોઈના હાથે કે પગે ઘૂઘરા બાંધેલ પણ જોયા નહીં. ને ગાંધર્વો જેવી ચાલ વગાડે, તે પ્રમાણે જ તે ઘૂઘરા વગાડે છે.

ત્યારે તે સદારામે મહારાજને પૂછ્યું જે, "હે મહારાજ ! આ ઘૂઘરા ક્યાં વાગે છે ?" ત્યારે મહારાજે તેને કહ્યું જે, "તમે સર્વે દેખો તો ખરા ! કે તે ક્યાં વાગે છે ?" તેણે ઘણીવાર સુધી જોયું પણ ક્યાંય ન દેખાયાં. ત્યારે શ્રીજીમહારાજે તેને લક્ષ્મીરામને દેખાડતા કહ્યું જે, "એ તો આ બ્રાહ્મણ વગાડે છે." એવી રોનક શ્રીજીમહારાજે કરાવી હતી.

પછી મહારાજ લક્ષ્મીરામ ઉપર રાજી થયા, ત્યારે અહોભાવ વ્યક્ત કરતાં તેઓ કહે છે, **"અરે ! ધન્ય મારાં ભાગ્ય ! જે મારી ઉપર**

મહારાજ રાજી થયા. ક્યાં હું આ જીવ ને અહો ક્યાં ભગવાન ! જેમની સાથે તેઓ બોલે છે ને ચાલે છે, તે સર્વેના મોટાં ભાગ્ય જાણવા." પછી ગાંધર્વોએ ઘણીકવાર સુધી પદ ગાયા. ત્યારે મહારાજે રાજી થઈને તેમને પુષ્પના હાર આદિકની ઘણીક મોજ આપી.

પછી સર્વે ગાંધર્વોએ મહારાજને કહ્યું, "હે મહારાજ ! તમારા સંત જે મુક્તાનંદસ્વામી આદિક ઘણાક ગવૈયા સંત છે, તેમની પાસે તમે ચોતાલ કીર્તન બોલાવો." ત્યારે તે ગવૈયા સંતોને શ્રીજીમહારાજે વાજાં લઈને કીર્તન બોલવા કહ્યું. ત્યારે મુક્તાનંદસ્વામી, દેવાનંદસ્વામી, સુખાનંદસ્વામી વગેરે સંતો પોતપોતાના વાજાં તૈયાર કરીને ગાન કરવા લાગ્યા. ત્યારે પણ લક્ષ્મીરામ શાસ્ત્રીએ મુખથી ઘૂઘરા વગાડ્યા હતા.

(સંદર્ભ : લીલાચિંતામણિ-૧૯)

❁ શાસ્ત્રીકૃત પિંડદાનવિધિમાં માત-પિતાને મૃતપુત્રનાં દર્શન...

વડોદરાના પ્રભુદાસ પટેલને નાથભક્ત દ્વારા સત્સંગ થયો. પછી તેમના દીકરાને શ્રીહરિ ધામમાં તેડી ગયા. તેથી તેણે સત્સંગ છોડી દીધો. છતાં નાથભક્ત તેમને સમજાવીને ગઢપુર લાવ્યા. ત્યારે શ્રીહરિ કહે, "પ્રભુદાસ ! તમારો દીકરો દેહ મૂકી ગયો. તે બહુ ખોટું થયું." ત્યારે પ્રભુદાસ બોલ્યા, "મારા દીકરાને તો તમે જ ધોળા હાથીનો રથ લઈને આવ્યા ને આખી પોળનાં માણસોને દર્શન આપીને તેડી ગયા. માટે હવે મેં સત્સંગ ત્યજી દીધો છે, પણ આ નાથભક્ત મારી કેડે બહુ જ લાગ્યા તેથી આંહીં આવ્યો છું." ત્યારે મહારાજ કહે, "તમારે તમારા દીકરાને જોવો છે ને ?" ત્યારે તેણે હા કહી.

પછી મહારાજે શાસ્ત્રી લક્ષ્મીરામ દેરાશ્રીને બોલાવીને કહ્યું કે, "તમે આ હરિભક્તને ઉન્મત્તગંગામાં પુરુષોત્તમ ઘાટે લઈ જઈને શ્રાદ્ધ કરાવો." ત્યારે તેમણે પ્રભુદાસને ખળખળિયે લઈ જઈને શ્રાદ્ધ કરાવ્યું. અને પ્રભુદાસે પુત્રને પિંડદાન આપ્યું. તે વખતે તેના દીકરે ખળખળિયામાં

પ્રત્યક્ષ ઊભા રહીને પોતાને હાથે પિંડદાન લીધું. તે જોઈને પ્રભુદાસ તથા તેની સ્ત્રી તે છોકરાને વળગી પડ્યાં ને ચુંબન કરવા માંડ્યાં.

પછી શ્રાદ્ધ કરાવનાર લક્ષ્મીરામ શાસ્ત્રીએ ઘણો સાદ કર્યો, ત્યારે તે બેઉ પાછા આવ્યાં. પછી ભેટમાં આપેલ શ્રાદ્ધનો સામાન લઈને લક્ષ્મીરામ મહારાજ પાસે આવ્યા અને બધી હકીકત કહી દેખાડી. તેથી મહારાજ તેમના ઉપર રાજી થયા.

થોડીવાર પછી પ્રભુદાસ તથા તેની સ્ત્રી બંને જણાં છોકરાને ન દેખવાથી ખળખળિયેથી દરબારમાં આવ્યા. ત્યારે મહારાજે પૂછ્યું, “તમે તમારા છોકરાને દેખ્યો ?” ત્યારે કહે, “હા મહારાજ, દેખ્યો. પણ તે અમારી સાથે બોલ્યો નથી માટે બોલે ને વાત કરે તો ઠીક.” ત્યારે મહારાજ કહે, “આજ રાત્રીએ તમે બંને જણાં વાસુદેવનારાયણના ઓરડામાં બેસજો, ત્યાં તમારો દીકરો તમારી સાથે વાતો કરશે.

પછી તે બેય જણાં રાત્રીએ તે ઓરડામાં બેઠાં. તે વખતે તેનો દીકરો મહા તેજોમય દિવ્યદેહે ત્યાં આવ્યો. માત-પિતાને ઉપદેશ આપતાં જીવની અનેક યોનિમાં ભટકણની વાત કરીને કહ્યું કે, ‘તમે જો તમારા જીવનું કલ્યાણ કરવા ઈચ્છતાં હો તો મહારાજનો આશ્રય રાખીને સત્સંગની ખરી દૃઢતા કરજો.’ પછી તે અદૃશ્ય થઈ ગયો. પછી પ્રભુદાસે મહારાજ પાસે આવીને ફરી વર્તમાન લીધાં. પછી ઘેર ગયા.

(સંદર્ભ : હરિચરિત્ર ચિંતામણિ ભા.૩/૧૪૧)

❁ પ્રતિષ્ઠામહોત્સવમાં તથા યજ્ઞમાં શાસ્ત્રીની સેવા...

વડતાલમાં ભવ્ય મંદિરનું નિર્માણ થયું. અને સં.૧૮૮૧, કારતક સુદ બારસના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન થયું. આ મહોત્સવની પત્રિકાઓ વહેંચવા શ્રીહરિની આજ્ઞાથી લક્ષ્મીરામ શાસ્ત્રી વગેરે બ્રાહ્મણો દેશોદેશ વિચર્યા હતા. તે વાત કરતાં વિહારીલાલજી મહારાજ હરિલીલામૃતમાં કહે છે કે,

તે કંકોતરિયો લઈ, દ્વિજ ગયા તે હું કહું છું ઠરી,
લક્ષ્મીરામ નિવાસિ, દુર્ગપુરના સાખે સુદેરાસરી;
ડોસો બેચર બાળકૃષ્ણ, રઘુનાથાખ્યો જિવો જાણવો,
લાલો ને હરજીવનાખ્ય, સુભગો એ તો ઉરે આણવો.

(હરિલીલામૃત - ૮/૧૪/૭)

વળી આ વાત પરથી જણાઈ આવે છે કે, લક્ષ્મીરામ દેરાશ્રી પોતાના વતન હળવદનો ત્યાગ કર્યા પછી સદાને માટે ગઢપુરમાં શ્રીહરિની સેવામાં રહ્યા હશે. તેથી જ આહીં ગઢપુરના નિવાસી લક્ષ્મીરામ દેરાશ્રી એમ લખ્યું છે. આ મહોત્સવમાં યજ્ઞવિધિનું કામ પણ શ્રીહરિએ હળવદના વિપ્રોને સોંપ્યું હતું.

શ્રીહરિએ કારિયાણી, જેતલપુર તથા ડભાણમાં યજ્ઞો કર્યા. તે સમયે પણ હળવદના શિવરામ જાની, લક્ષ્મીરામ દેરાશ્રી વગેરે ઘણા ભક્તો યજ્ઞની તથા રસોડાની સેવામાં જોડાયા હતા.

વળી વિહારીલાલજી મહારાજ ગઢપુરનો પ્રતિષ્ઠા મહોત્સવ વર્ણવતાં કહે છે,

શ્રી વેદમૂર્તી ઉમરેઠવાસી, આવ્યા હરીભાઈ તહાં હુલાસી;
તેની સમીપે સજવા સુસેવા, રાખ્યા કહું તે દ્વિજરાજ કેવા.
ઓઝા હતા લાયક લક્ષ્મિરામ, છે રોહિશાળાપુર જેનું ગામ;
ને લાલજી બેચર લક્ષ્મિરામ, તે તો રહેતા ગઢપુર ધામ.

(હરિલીલામૃત - ૮/૬૨/૫૩,૫૪)

આમ ગઢપુરમાં ગોપીનાથજી મહારાજ વગેરે દેવોની પ્રતિષ્ઠાવિધિનું કાર્ય ઉમરેઠના હરિભાઈને સોંપ્યું હતું. અને તેમની સાથે તે સમયે ગઢપુરમાં કાયમ સ્થાયી થયેલા લક્ષ્મીરામ દેરાશ્રી તેમજ અન્ય હળવદના શિવરામ જાની વગેરે વિપ્રો રહ્યા હતા.

આ રીતે લક્ષ્મીરામ દેરાશ્રી તથા તેમના યોગમાં આવેલા વિપ્રોએ મહોત્સવમાં તથા યજ્ઞમાં સેવા કરી શ્રીહરિજી મહારાજને ખૂબ પ્રસન્ન કર્યા હતા.

❁ શ્રીહરિની આજ્ઞાથી મોકા ખાચરને મોજ આપવા ગયા...

વાંકિયાના મોકા ખાચરે લડાઈમાં ભડલીના ભાણ ખાચર તથા તેમના માણસોને પરાજીત કર્યા. તે વાતની ગઢપુરમાં શ્રીજીમહારાજને ખબર પડી. ત્યારે મહારાજ મોકા ખાચર ઉપર ઘણા રાજી થયા ને સાધુ હરિભક્ત પણ રાજી થયા. ને મોકા ખાચરના શૂરવીરપણાને વખાણવા લાગ્યા જે, "બરછી સોતા બે ખેતરવા દોડીને દુષ્ટોને માર્યા !"

પછી મહારાજે લખીરામ શાસ્ત્રીને બોલાવીને કહ્યું, "મોકા ખાચરે ધીંગાણું કર્યું માટે તમે તેની ખબર કાઢી આવો ને અમારી તલવાર એને આપજો." પછી લક્ષ્મીરામ ભાણ ખાચરની બીકે રાત્રે સાલેમાળ ડુંગરો ફરીને ખંભાળે ગયા. ને મોકા ખાચરને મહારાજના સમાચાર કહ્યા જે, "મહારાજ તમારા શૂરવીરપણા ઉપર ઘણા રાજી થયા છે. ને આ તલવાર તમને બાંધવા સારુ મોકલી છે." એમ કહીને તલવાર હાથમાં આપી.

ત્યારે મોકા ખાચરે નમસ્કાર કરીને તેને લીધી. ને કહ્યું જે, "આ સમે મહારાજે મારા ઉપર ઘણો અનુગ્રહ કર્યો, તેથી હું ધીંગાણું જીત્યો છું. મારે તો શ્રીજીમહારાજના પ્રતાપનું બળ છે." એમ કહી લક્ષ્મીરામ શાસ્ત્રીને પેરામણી કરી રાજી કર્યા. પછી તે તરત રાતોરાત પાછા ગઢડે આવતા રહ્યા ને મહારાજને કહ્યું જે, "મોકા ખાચરે તમને 'જય નારાયણ' કહ્યા છે ને તેને શરીરે સુવાણ છે." તે સાંભળીને મહારાજ રાજી થયા.

(સંદર્ભ : હરિચરિત્ર ચિંતામણિ - ભા.૩/૫૩૪)

❁ વિકટ માર્ગે આવતા મુક્તાનંદસ્વામીને ગઢડે તેડી લાવ્યા...

એક દિવસને સમે શ્રીજીમહારાજ ગામ શ્રીદુર્ગપુરને વિષે

બિરાજમાન હતા. તે સમે રાત્રી આસરે ડોઢ-બે પહોર ગઈ હતી. મંદ મંદ મેઘ વરસતો હતો. અને નિશા ઘણી અંધિયારી હતી. તે સમે મુક્તાનંદસ્વામી સંતમંડળે સહિત સત્સંગ અર્થે સોરઠ દેશમાં વિચરણ કરીને ગઢપુર આવતા હતા. તે મારગમાં મહારાજનો ને સત્સંગનો દ્રોહી ને શત્રુ એવા આતતાઈનો પ્રદેશ આવતો હતો. તેથી મહારાજે સર્વેને તે શત્રુની વાત કરીને કહ્યું જે, "આ ટાણે ને આ ટાણે કોઈ જઈને તેના પ્રગણા બારેથી ફેરવી, બીજા સુગમ મારગે કરીને મુક્તાનંદસ્વામીને તેડી લાવે એવો કોઈ આદમી છે ?"

ત્યારે ત્યાં વિપ્ર લક્ષ્મીરામ બેઠા હતા, તેમણે હાથ જોડીને કહ્યું જે, "હે મહારાજ ! તમે કહો તો હું જાઉં ખરો." તે સમે શ્રીજીમહારાજ પલંગ ઉપર પોઢ્યા હતા. તે એમ બોલ્યા જે, "એ કોણ બોલે છે ?" ત્યારે મોટા બ્રહ્મચારીએ કહ્યું જે, "હે મહારાજ ! એ તો લખીરામ બોલે છે."

ત્યારે શ્રીજીમહારાજે ઘણુંક રાજી થઈને તેમને કહ્યું જે, "તું આ ટાણે એકલો જાઈશ ખરો ?" ત્યારે તેમણે કહ્યું જે, "હે મહારાજ ! કોઈ બીજો આદમી સાથે હોય તો ઠીક પડે." ત્યારે મહારાજે હસીને કહ્યું જે, "તને એકલા ચાલતાં કાંઈ બીક લાગે ખરી ?" ત્યારે તેમણે કહ્યું જે, "હા મહારાજ, બીક તો લાગે ખરી." ત્યારે મહારાજે કહ્યું જે, "તારા ભેગો તારા જેવો કોઈ તારો જોડિયો છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "હે મહારાજ ! એવો તો એક લાલજી ગોર છે. તે આ ટાણે આવશે ખરો ?" ત્યારે શ્રીજીમહારાજે તેમને એમ કહ્યું જે, "તું તેને એમ કહેજે કે, 'તુને મહારાજ તેડાવે છે.' તેથી તે આવશે."

ત્યારે લક્ષ્મીરામ ત્યાં જઈને તેને તેડીને શ્રીજીમહારાજની સમીપે આવ્યા. ત્યારે તેમને શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે આ ટાણે શીઘ્ર ચાલો." એમ કહીને પોતાના ઉભય ચરણકમળ તે બેઉ જણની છાતી

મધ્યે આપીને વળી એમ કહ્યું જે, “તમે મુક્તાનંદસ્વામીને સુગમ માર્ગે કરીને તેડી લાવજો, તેથી તમ ઉપર અમે રાજી થાશું.”

પછી તેઓ ચાલતા થયા, ત્યારે કોઈએ તેમને હથિયાર લેવા કહ્યું. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “શસ્ત્ર કોઈએ નો લેવું. ને આ રાત્રીને વિષે પાણા રાખજો. ને કોઈ શત્રુ મળે તો હિંદુસ્થાની બોલી બોલીને પાણા સન સનાવજો.” પછી તે ચાલ્યા. ચાલતાં ચાલતાં મહાઘોર રાત્રીમાં માર્ગ ભૂલી ગયા. ને તે સમે મૂંઝાણા. તેથી મહારાજની સ્મૃતિ કરીને ચાલવા લાગ્યા.

ચાલતાં રસ્તામાં એક ખેડુનું ગામ આવ્યું, ત્યાં એક ખેડુ તેના ખેતરને સાચવવા સારુ મારગમાં સૂતો હતો, તે અંધારામાં બન્ને તેના ઉપરે પડ્યા. ત્યારે તેમણે તેને કહ્યું જે, “અમે વિપ્ર છીએ ને માર્ગ ભૂલી ગયા છીએ, તે અમને માર્ગ બતાવો.” ત્યારે તેણે માર્ગ બતાવ્યો.

પછી ચાલતે ચાલતે તત્કાળ સ્વામીની ભેગા થયા ને તેમને દંડવત કર્યા. તેમને ઓળખીને મહારાજ પાસેથી આવ્યા છે, ને વળી મહારાજે તેમને મોકલ્યા છે, તેવું માતમ જાણીને સ્વામી પોતે રથ ઉપરથી ઊતરીને ઘણાક રાજી થઈને તેમને મળ્યા. ને વળી રાજી થઈને શ્રીજીમહારાજની ખબર પૂછી ત્યારે તેમણે મહારાજનાં સર્વે ચરિત્ર સ્વામી આગળ કહી દેખાડ્યાં.

ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, “આ જે તમે મહારાજના સમાચાર કહ્યા, તે બરોબર શું પદાર્થ છે, જે હું તમને આપું ?” ત્યારે તે બંને વિપ્ર હાથ જોડીને બોલ્યા જે, “હે સ્વામી ! તમે તો મહારાજનું કૃપાપાત્ર છો, ને તમે તો મહારાજને પ્રિય છો, ને મોટા સંત છો; એવા તમે અમ ઉપરે રાજી થયા, તેથી અમને સર્વે સુખની પ્રાપ્તિ થઈ !” પછી તેમણે સ્વામી પાસે આવવાનો મહારાજનો હેતુ કહ્યો. પછી સુગમ મારગે કરીને સ્વામીને ગઢડે તેડી લાવ્યા. *(સંદર્ભ : લીલાચિંતામણિ-૨૦)*

❁ ગઢાળીના આંબા શેઠ સાથે આત્મીયતા...

એક સમયે દુર્ગપુરમાં ગઢાળીના આંબા શેઠ અને લક્ષ્મીરામ શાસ્ત્રીની સહિયારી રસોઈ હતી. ત્યારે કોઠારી કૃષ્ણજી નામે વણિક હતા. ને તેમને પૂછીને જ થાળ થાય; એમ શ્રીજીમહારાજની આજ્ઞા હતી. ને તે સમે તે બે જણ તેમને પૂછવાનું ભૂલી ગયા ને વર્ણિરાજ મુકુંદ હથુ થાળ કરાવ્યો. તેથી તે કોઠારીને તે સમે માન આવ્યું જે, જો મુને પૂછ્યા વિના તેમણે થાળ કર્યો, તેથી તેમને વિક્ષેપ કરાવું.

પછી તે કોઠારીએ તે બન્નેએ આપેલ થાળના રૂપિયા ખોટા ઠરાવ્યા. તે વિક્ષેપ તો મુક્તાનંદસ્વામીએ ત્યાં આવેલ એક શરાફને બોલાવી ટાળ્યો. પણ વળી કોઠારીએ બીજો વિક્ષેપ કર્યો જે, તેણે ભોળા આંબા શેઠને એમ ભેરવ્યું જે, ‘શાસ્ત્રી તુંને બ્રહ્મમોલને વિશે ભાગ નહીં આપે. ત્યારે તું શું કરીશ ?’ ત્યારે તેમનું મન ફરી ગયું ને તેમણે શાસ્ત્રીને એમ કહ્યું જે, “તું તો દ્વિજ છો ને હું તો વણિક છું, તે તું મુને ત્યાં બ્રહ્મમોલમાં ભાગ ન આપે તો હું તુંને શું કરું ?” ત્યારે શાસ્ત્રીએ તેને એમ કહ્યું જે, “કાગળ લાવો, હું તુંને લખત કરી આપું જે, ઉત્તમ ભાગના ધણી તે મોદી આંબા છે.”

તેમ શાસ્ત્રીએ સ્વહસ્તે લખત કરીને તેને આપ્યો. તેમ કરી સમાધાન કર્યું. પછી શ્રીજીમહારાજનો થાળ તૈયાર થયો. શ્રીજીમહારાજે થાળ જમીને ચળુ કર્યું. પછી આંબા શેઠ અને શાસ્ત્રીએ શ્રીજીમહારાજની વિવિધ ઉપચારોથી પૂજા કરીને આરતિ ઉતારી. પછી તેમની પ્રાર્થનાથી શ્રીહરિએ સંતોને પોતે પીરસીને જમાડ્યા. પછી સભામાં વિરાજમાન થયા.

તે સમે એક વણિક વસ્ત્ર વેચવા આવ્યો. તેની પાસેથી મહારાજ માતાજી સારુ સાડલા લેતા હતા. તે સમયે કોઠારી કૃષ્ણજીની ઉદ્ધત વાણી સાંભળીને મહારાજે કહ્યું જે, “આ કૃષ્ણજીની બોલી સર્વે મનુષને કેવી લાગતી હશે ?”

ત્યારે શ્રીજીમહારાજનો રાજીપો જોઈને શાસ્ત્રીએ પોતાની ને આંબા શેઠની સહિયારી રસોઈમાં કૃષ્ણજીએ કરેલ વિઘ્નની વાત કહી. પછી કહ્યું જે, "હે મહારાજ, મેં તે મોદીને એમ કહ્યું જે, 'તમે કાગળ લાવો ને હું તમને મારા હસ્તાક્ષરનું લખત કરી આપું જે, ઉત્તમ ભાગના ધણી તમે છો ને તે મધ્યે જો કાંઈપણ ટંટો કરું, તો તેના જામીન મહારાજ તથા ત્યાંના મુક્ત છે.' એમ કહીને હે મહારાજ, તેને મેં લખત કરી આપ્યું છે, ત્યારે તેણે હા પાડી છે."

ત્યારે તે સમે શ્રીજીમહારાજ ઘણીકવાર મંદમંદ હસીને તે સામું જોઈને એમ બોલ્યા જે, "આંબા, તેરા લખત લાઓ દેખે." ત્યારે તે સમે તેણે મહારાજના હસ્તકમળ મધ્યે કાગળ આપ્યો. ને તેને શ્રીમુખેથી પોતે વાંચીને હસતા થકા એમ બોલ્યા જે, "આ લખત તમે દેહ મૂકીને ત્યાં બ્રહ્મમોલે શી રીતે પહોંચાડત ? તે કહો." ત્યારે શાસ્ત્રીએ કહ્યું જે, "હે મહારાજ ! તમે તમારા હાથમાં લઈને વાંચો છો, તેથી બ્રહ્મમોલે પહોંચી ગયું !"

પછી શ્રીજીમહારાજના કંઠ મધ્યે મલિકાદિક પુષ્પના હાર હતા, તે એક હાર મોદીને આપ્યો હતો ને એક હાર શાસ્ત્રીને આપ્યો. ને પછી સર્વે સભા પ્રત્યે 'જય સચ્ચિદાનંદ' કહીને પોતાના ઉતારે જઈને પોઢી ગયા.

(સંદર્ભ : લીલાચિંતામણિ - ૬૫)

❁ વહાણમાં સુરત જતાં સમુદ્રના તોફાનમાં શ્રીહરિ દ્વારા રક્ષા...

સુરતમાં એક હવેલીમાં રહેતા ભૂતોને જે હઠાવે તેને અડધી કિંમતમાં હવેલી આપવી; એવી સરકારની વાત સાંભળીને મહારાજે ગઢપુરથી મુક્તાનંદસ્વામીને સુરત મોકલ્યા. સ્વામી સંતમંડળે સહિત સુરત પધાર્યા અને સર્વે ભૂતોનો ઉદ્ધાર કર્યો. પછી સંતો ને હરિજનોએ શ્રીજીમહારાજને પત્ર લખ્યો. તેમાં મંદિર માટે જાયગા મળી, ને તે સુરતના અધિપતિને સત્સંગ કરાવ્યો, ને બીજા ઘણા જનોને વર્તમાન

ધરાવ્યાં, તે આદિક સમાચાર લખ્યા'તા.

સમાચાર જાણી શ્રીજીમહારાજ અતિ રાજી થયા ને મુક્તાનંદસ્વામી ને તેના મંડળને તેડવા માટે શાસ્ત્રી લક્ષ્મીરામને પોતાનો મોરછાપનો લખેલ પત્ર આપીને કહ્યું જે, "સ્વામીને અમારા 'નારાયણ' કહેજે ને સ્વામીને તેડીને આવજે." ત્યારે કોઈએ એમ કહ્યું જે, "આજ જ્યેષ્ઠ માસને વિશે જહાજ તોફાની પવન ફૂંકાવાથી ડૂબે ખરું." ત્યારે મહારાજે કહ્યું જે, "જેની ઈશ્વર રક્ષા કરે, તેને શું થાય ?"

પછી લક્ષ્મીરામ સુરત જવા વહાણમાં બેઠા. મહાજોરાણ વાયુના વેગેથી વહાણ ભમવા લાગ્યું. ને તે વહાણના સઢ કુવાથંભ ભાંગી ગયો. ને સર્વે વહાણના ખેવટ હાર પામીને પોકાર કરવા લાગ્યા.

ત્યારે શાસ્ત્રીએ શ્રીજીમહારાજ સંભારીને સ્તુતિ કરી જે, "હે મહારાજ ! હું તમારો ભક્ત છું ને વળી તમારા મોટા સંતોને તેડવા જાઉં છું. તેથી આ વહાણની રક્ષા કરો. હે ગરીબનવાજ ! હે કષ્ટના હરનારા હરિ ! આ સમે મારી રક્ષાને કરવા જોગ્ય તમ વિના બીજું કોઈ નથી."

તેમ સ્તુતિ કરવાથી શ્રીજીમહારાજ મુક્તે સહિત દિવ્યદેહે પધાર્યા. તે સર્વે જેમ પૃથ્વી ઉપર ઊભા હોય તેમ સમુદ્ર મધ્યે ઊભા છે, અને તેમને જળ પરાભવ નથી કરતું. તે સર્વેને શાસ્ત્રી દેખતા હતા. ને તે સમે મહેરાણની મોટી લહેરોથી જહાજ મધ્યે ઘણુંક જળ ભરાણું, તેથી સૌ પાણીમાં ડૂબ્યા, તે સમે તે મુક્તોએ જહાજ ઊંચું તોળીને (ખાલી કરીને) સમું કર્યું. પછી તેના ખેવટોને પણ રાત્રીને વિશે અતિ પ્રકાશ દેખાડ્યો. પછી તે વહાણનો સ્થંભ દોરડેથી બાંધ્યો ને વહાણ સુરત પહોંચ્યું. પછી લક્ષ્મીરામે ત્યાં મંદિરમાં રહેલ મુક્તમુનિ આદિ સંતોને મળી શ્રીજીમહારાજનો સંદેશો કહ્યો ને મહારાજનો લખેલો પત્ર આપ્યો.

પછી લક્ષ્મીરામ મુક્તમુનિ આદિ સંતોને વહાણમાં બેસાડી દુર્ગપુર તેડી લાવ્યા. *(સંદર્ભ : લીલાચિંતામણિ - ૬૭)*

એકવાર મહારાજ ગઢપુરમાં લક્ષ્મીવાડીએ બેઠક છે, ત્યાં વિરાજમાન હતા અને લક્ષ્મીરામ દેરાશ્રીએ જઈને મહારાજને વધામણી આપી જે, "મહારાજ ! દાદા ખાચરને ત્યાં દીકરાનો જન્મ થયો !" તે સાંભળી મહારાજે પાંચસો રૂપિયાની ઉતરી પહેરી હતી, તે લક્ષ્મીરામને ભેટ આપી. આ રીતે શાસ્ત્રી લક્ષ્મીરામે ગઢપુરમાં રહી પ્રગટ પ્રભુ અને મોટા સંતોની અપાર સેવા કરીને તેમને પ્રસન્ન કર્યા હતા.

લક્ષ્મીરામ શાસ્ત્રીના શ્રીજીમહારાજ સાથેના આ તમામ પ્રસંગો તથા આ લીલાચિંતામણિ ગ્રંથના આધારે તેમનું જીવન એક આદર્શ ભક્ત તરીકેનું દેખાય છે. તેમના અનેક સદ્‌ગુણો પૈકી ઊડીને આંખે વળગે તેવા ગુણો : તેમની શ્રીહરિની આજ્ઞાપાલનતા જે દાસત્વ ભક્તિની ઉત્તમ દશા જણાવે છે. ગ્રંથમાં શ્રીહરિની મૂર્તિનું, શણગારનું અને લીલાનું ઝીણામાં ઝીણું વર્ણન તેમનો શ્રીહરિને વિષે ગાઢ પ્રેમ જણાવે છે. લીલાચરિત્રમાં વર્ણન કરેલ શ્રીહરિની સર્વોપરિતા તેમનો ઈષ્ટદેવ પ્રત્યેનો અસીમ મહિમા જણાવે છે.

આ ગ્રંથના ઘણા પ્રસંગોમાં તેમને શ્રીહરિનો વિશ્વાસ, નિષ્ઠા, સમર્પણ, સેવા, શ્રદ્ધા, નિર્માનિતા, શૂરવીરતા અને આત્મીયતા જણાઈ આવે છે. **તેમના જીવનમાં એક પણ પ્રસંગમાં અવળું લીધું હોય કે સંતો-ભક્તોમાં ગૌણભાવ થયો હોય કે અરુચિ-અભાવ થયાં હોય, તેવું દેખાતું નથી.** વળી તમામ પ્રકરણોમાં તેઓ હાજર હોય ને પ્રત્યક્ષ જોઈને લખેલા હોય તેવા છે, છતાં પણ ક્યાંય શ્રીહરિને વિષે મનુષ્યભાવ આવ્યો હોય તેવું દેખાતું નથી.

પોતે ભણેલા વિદ્વાન શાસ્ત્રી છે, છતાં આ ગ્રંથનું લખાણ સહુ જનોને સુખે સમજાય એવું સાવ તળપદી ભાષામાં કર્યું છે અને વળી,

વખતો વખત એવું પણ દેખાય છે કે, 'હું તો શ્રીહરિ ને સંતો-ભક્તોનો દાસ છું. તેમની કૃપાથી આ લખું છું.' આ તેમની ઉત્તમ ભક્તિની સ્થિતિ દેખાડે છે.

આ ગ્રંથમાં લેખક ઘણી જગ્યાએ લખે છે કે, મહારાજે મને નેત્રની સાને કરીને બોલાવ્યો કે, મને બોલાવીને આ સેવા સોંપી. મહારાજ જ્યારે તેમની પર રાજી થતા ત્યારે તેમને અહોભાવ થતો કે, 'અરે ! ધન્ય મારાં ભાગ્ય ! જે, મારી ઉપર મહારાજ રાજી થયા હતા. ક્યાં હું આ જીવ ને અહો ક્યાં ભગવાન ! જેમની સાથે તેઓ બોલતા ને ચાલતા, તે સર્વેના મોટાં ભાગ્ય જાણવા.' મહારાજે રાજી થઈને કાંઈક વસ્ત્રાદિક આપેલ હોય તેની પણ તેઓ નોંધ કરે છે. તે ઉપરથી જણાય આવે છે કે, 'મહારાજનો તેમને કેટલો મહિમા હશે ! મહારાજમાં કેવું હેત હશે ! મહારાજની સેવા કરવી તેમને કેટલી ગમતી હશે !'

એકવાર ગઢડામાં દવે હરજીવનની તેમના પિતાના શ્રાદ્ધમાં રસોઈ હતી. ત્યારે તેઓ મહારાજની પૂજા કરવા આવ્યા ને મહારાજના અંગે ચંદન ચર્ચવા લાગ્યા. ત્યારે લક્ષ્મીરામ પણ આવી ચંદન ચર્ચવા લાગ્યા. ત્યારે મહારાજે એમ કહ્યું, "તારો થાળમાં ભાગ છે ? જે તું પૂજા કરે છે ?" ત્યારે હરજીવને કહ્યું જે, "હે મહારાજ ! તેણે મને ચંદન ઘસાવ્યું છે ને વળી મારો મિત્ર છે." તેમ કહ્યાથી શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "ઘામ થાય છે, તેથી સર્વે અંગ પર ચંદન તમે બે જણ ચર્ચો." આ ઉપરથી જણાય છે કે મહારાજને તેમની ઉપર કેવો વિશ્વાસ હશે કે, ક્યારેક વઢવું હોય તો વઢી પણ લેતા.

આ રીતે તેમનું જીવન જ્યાંથી જેટલું જેવું જાણવા મળ્યું, તેટલું તે પ્રમાણે લખ્યું છે, છતાં હજુ અધૂરું રહી ગયું હોય. કેમ જે, ઘણો જ કાળ વીતી ગયો છે ને તેમના વંશજો પાસે પણ પૂરતી માહિતી ઉપલબ્ધ નથી, છતાં જેટલી મળી તેટલીનો આમાં ઉલ્લેખ કરેલ છે.

તેમણે પ્રત્યક્ષ જોયેલ અને અનુભવેલ સ્વામિનારાયણ ભગવાનની લીલાનો પોતે આ **'લીલાચિંતામણિ'** નામનો ગ્રંથ લખ્યો છે. આ ગ્રંથ સ્વામિનારાયણ ભગવાનના તમામ આશ્રિતો માટે અણમોલ ખજાનારૂપ છે. જીવનમાં એકવાર તો અવશ્ય વાંચી-સાંભળીને માણવા જેવો છે.

આ ગ્રંથના લેખક શાસ્ત્રી લક્ષ્મીરામ દેરાસરી પાછલી અવસ્થામાં બ્રહ્મચારી થયા હતા; એવું પણ એક જગ્યાએથી જાણવા મળે છે. શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા પછી તેમણે આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ પાસે દીક્ષા લીધી હતી. અને તેમનું **આત્માનંદ બ્રહ્મચારી** નામ રાખ્યું હતું. (સંદર્ભ : લુણાવાડાના શ્રીરમણલાલ અંબાલાલ ભટ્ટ દ્વારા પ્રકાશિત પુસ્તક 'શ્રી લીલાચિંતામણિ પુષ્પ-૧'નું આમુખ)


નોંધ : આ લક્ષ્મીરામ શાસ્ત્રીના પરિવારમાં તેમને બે દીકરા હતા. તેમનાં નામ : (૧) હરિશંકરભાઈ (૨) ત્રિભોવનભાઈ અને હરિશંકરભાઈના દિકરા દુર્લભરામ હતા. લક્ષ્મીરામ શાસ્ત્રીના માતાનું નામ શું હતું ? તેમના ધર્મપત્નીનું નામ શું હતું ? તેમના લગ્ન ક્યાં થયા હતા ? તેઓ કઈ સાલમાં કેવી રીતે અક્ષરવાસી થયા ? વગેરે સંશોધનીય છે. આ તથા આ સિવાય લક્ષ્મીરામ શાસ્ત્રી વિષે આપ કાંઈ પણ જાણતા હો અથવા કોઈ પાસેથી જાણવા મળે તો અમને જણાવશો. એ જ અપેક્ષા સહ...

લિ. સ્વામી જ્ઞાનજીવનદાસ(કુંડળધામ)ના
અતિ ભાવથી જય સ્વામિનારાયણ



અનુક્રમણિકા







શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

શ્રીસહજાનંદાય નમો નમઃ

પ.ભ.શ્રીલક્ષ્મીરામશાસ્ત્રી કૃત

લીલાચિંતામણિ

કિરણ - ૧

મંગલાચરણ અને શ્રીહરિની સ્તુતિ

શાર્દૂલવિક્રીડિત :

श्रीमत्सान्द्रपयोदसौभगतनुं पूर्णेन्दुतर्जाननं
विद्युच्चेलधरं सुमौक्तिकसृजं रत्नोल्लसद्भूषणम् ।
ऊचैर्पीठवरे स्थितं मुनिगणैर्भक्तव्रजैर्वेष्टितं
तं वन्दे पुरुषोत्तमं च सहजानन्दं सदानन्ददम् ॥१॥

અનંત શોભા અને સમૃદ્ધિએ યુક્ત, ઘટ્ટ વાદળ જેવા મનોહર અને કલ્યાણકારી સ્વરૂપવાળા, પૂનમના ચંદ્રને પણ લજ્જિત કરનાર અતિ સુંદર મુખવાળા, વીજળી જેવાં ચળકતાં વસ્ત્રો ધારણ કરનારા, કંઠમાં શ્રેષ્ઠ મોતીઓની માળાઓ ધારણ કરનારા, રત્નો જડિત ચળકતાં શ્રેષ્ઠ આભૂષણો ધારણ કરનારા, ઊંચા સિંહાસન પર વિરાજમાન, સંતો અને ભક્તોના સમૂહથી વીંટળાયેલા, ક્ષર અને અક્ષરથી પણ શ્રેષ્ઠ અને સૌને આનંદ આપનારા એવા સહજાનંદસ્વામીને હું (લક્ષ્મીરામ શાસ્ત્રી) વંદન કરું છું. ॥૧ ॥

ઉપજાતિ :

नमाम्यहं धर्मजमीश्वरेशं सद्धर्मधारं जनशर्मकारम् ।
देहि सुबुद्धिं ननु दिव्यमूर्ते ! यया हरे ! ते विरचामि लीलाम् ॥२॥

શ્રેષ્ઠ એકાન્તિક ધર્મને ધારણ કરનારા, જીવપ્રાણીમાત્રને સુખ આપનારા, સર્વ ઈશ્વરોના પણ ઈશ્વર એવા ધર્મપુત્ર શ્રીહરિને હું નમસ્કાર કરું છું. હે દિવ્ય સાકાર મૂર્તિ શ્રીહરિ ! આપ મને શુભ બુદ્ધિ આપો જેથી હું આપના સુંદર લીલાચરિત્રોવાળા ગ્રંથની રચના કરું. ॥૨॥

वन्दे सतां पादरजोऽनुघस्रं हरेः पदाब्जे धृतमानसानाम् ।
यच्छन्तु मां ते सुमतिं विशालां तया तु वक्ष्यामि हरेः सुकीर्तिम् ॥३॥

શ્રીહરિનાં ચરણકમળમાં જેમણે પોતાના ચિત્તને અખંડ ધારી રાખ્યું છે, એવા સંતોની ચરણરજને હું દરરોજ વંદન કરું છું. હે સંતો ! આપ મને શુભ અને વિશાળ બુદ્ધિ આપો જેથી હું શ્રીહરિની શ્રેષ્ઠ કીર્તિ કહી શકું. ॥૩॥

અનુષ્ટુપ :

क्वाहं मन्दमतिर्लोके क्व लीलामृतवारिधिः ।
किं परमाणवस्तत्र यत्र मज्जति मन्दरः ॥४॥

જેમાં મંદરાચલ પર્વત પણ ડૂબી જાય તેમાં અતિ તુચ્છ પરમાણુઓનું શું ગજું ?! તેમ આ લોકમાં ક્યાં હું મતિમંદ સામાન્ય મનુષ્ય અને ક્યાં શ્રીહરિની લીલારૂપી અમૃતનો મહાસાગર ?! ॥૪॥

मूको ह्युच्चरति वाणीं पङ्गुरारोहति गिरिम् ।
अबाहुस्तरति सिन्धुं साध्नोति ते कृपा न किम् ॥५॥

હે શ્રીહરિ ! આપની કૃપાથી મૂંગો પણ વાણી બોલે છે, પાંગળો પણ પર્વત પર ચઢી જાય છે અને હાથ વિનાનો માનવી પણ સમુદ્ર તરી જાય છે. ખરેખર! આપની કૃપા શું સિદ્ધ નથી કરી શકતી ? અર્થાત્ આપની કૃપા અશક્યને પણ શક્ય કરી શકે છે. ॥૫॥

लक्ष्मीरामाख्यशास्त्रिणा दुर्गपुरे निवासिना।
हरिलीला मया दृष्टा यथाश्रुताथ लिख्यते।
तद्‌भक्ताश्च हरिः सन्तः प्रसन्नाः सन्तु मे सदा॥६॥

આ રીતે શ્રીહરિ અને સંતોની સ્તુતિ કર્યા પછી હવે હું લક્ષ્મીરામ શાસ્ત્રી શ્રીગઢપુરમાં રહ્યો થકો મેં શ્રીહરિની લીલા જેવી જોઈ છે અને જેવી સાંભળી છે, તે પ્રમાણે લખું છું. તે લખવે કરીને શ્રીહરિ, સંતો અને હરિભક્તો મારા પર સદા પ્રસન્ન થાઓ. ॥૬॥

વંશસ્થ :

कथामृतं श्रीवृषजन्मनो हरेः शृण्वन्ति गायन्ति विदन्ति यत्र ये।
पुनाति तेषां कलिदूषिताशयं व्रजन्ति तद्धाम कृतान्तवर्जितम्॥७॥

શ્રીધર્મદેવના પુત્ર શ્રીહરિની અમૃત જેવી કથાને આ લોકમાં જેઓ સાંભળે છે, ગાય છે અને દિવ્ય સમજે છે, તેઓના કળિયુગથી દૂષિત થયેલા મનને તે અમૃત જેવી કથા પવિત્ર કરે છે. પછી શુદ્ધ અંતઃકરણવાળા તે ભક્તો જ્યાં કાળનો પ્રવેશ જ નથી એવા શ્રીહરિના પરમ ધામને પામે છે. ॥૭॥

ઉપજાતિ :

लीला त्वदीया भवपाशहन्त्री मोक्षप्रदा मुक्तवरैश्च गीता।
श्रोत्राभिरामा विषयप्रियाणां को नाद्रियेत्तां तु विना पशुघ्नात्॥८॥

આપની લીલા મનુષ્યોના સંસારરૂપી બંધનને નાશ કરનારી છે. વળી મોક્ષ આપનારા સત્પુરુષોમાં પણ શ્રેષ્ઠ મુક્તો વડે ગવાયેલી છે. વિષયી જીવોને પણ આપની તે લીલા સાંભળવા માત્રથી અતિ ગમી જાય એવી છે. હે હરિ ! આપની આવી તે લીલાનો અતિ પાપી સિવાય કોણ આદર ન કરે ? અર્થાત્ સર્વ કોઈ આદર કરે જ. ॥૮॥

પુષ્પિતાગ્રા :

द्रुहिणनिगमशेषरुद्रगीतां दिवि तव मुक्तगणैश्च गीयमानाम्।
तव पदकजहंसवर्गगेयां कुरु करुणां रचयाम्यहं सुलीलाम्॥९॥

આપની સુમધુર લીલાને બ્રહ્મા, શિવજી, શેષજી અને વેદોએ ગાઈ છે, આપના દિવ્ય ધામમાં આપના મુક્તો તો સદા ગાઈ રહ્યા છે. પરંતુ હે હરિ ! આવી આપની અનુપમ લીલાને આ લોકમાં આપનાં ચરણકમળના ઉપાસક સંતો-ભક્તોરૂપી હંસો સહેલાઈથી ગાઈ શકે એ રીતે હું તે લીલાને ગ્રંથરૂપે ગૂંથું છું. તે કાર્ય હું કરી શકું તેવી આપ મારા પર કૃપા કરો. ॥૯॥

श्रीप्रत्यक्षपुरुषोत्तमाय दिनमणिगुरुराजेन्द्राय
भक्तजनमानसनिवासाय परमहंसास्वादितचिच्चरणकमलचिह्नमकरन्दाय
श्रीसहजानन्दाय नमो नमः।

સૂર્ય સમાન તેજસ્વી શ્રેષ્ઠ ગુરુરાજ, ભક્તજનોના મનમાં સદા નિવાસ કરનારા અને જેમનાં દિવ્ય ચરણકમળનાં ચિહ્નના મધુર રસનો પરમહંસોએ આસ્વાદ માણ્યો છે, એવા પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામીને હું વારંવાર નમસ્કાર કરું છું.

દોહા :

મંગલમૂર્તિ સુખભરી, સહજાનંદ સુખધામ;
ભક્તિ ધર્મસુત શ્રીહરિ, સમરું સદા ઘનશ્યામ...૦૧
અતિ દયાળા છો પ્રભુ, શ્રીહરિ સર્વ ઈશ કે ઈશ;
પ્રથમ હું તમને નમું, વાર વાર ધરી પદ શીશ...૦૨
અતિ સુંદર સર્વાધિક, અક્ષર જેહનું નામ;
અનંત સૂર્ય શશી અગ્નિસે, અતિ તેજોમય દિવ્યધામ...૦૩
અતિ શ્વેત સચ્ચિદાનંદ, અનંત બ્રહ્મધામ અનૂપ;
પરમપદ અક્ષરપદ, ચિદાકાશ સુખરૂપ...૦૪
એવા દિવ્ય ધામમાં હરિ, વસો છો તમે કૃષ્ણ દિનેશ;
પુરુષોત્તમ પરમાત્મા, નારાયણમુનિ મુક્તેશ...૦૫
વાસુદેવ બ્રહ્મ પરમેશ્વર, વિષ્ણુ ઈશ્વર ઈશ અનંત;
એહ આદિ બહુ નામનો, શેષ ન પાવત અંત...૦૬

સર્વજ્ઞ અક્ષરપર તમે, સર્વકર્તા નિયંતા શ્યામ;
નિર્ગુણ સર્વકારણ કારણ, સ્વામી સ્વપ્રકાશ સુખધામ...૦૭
અંતરજામી સ્વતંત્ર બ્રહ્મરૂપ, અનંત મુક્ત સેવે ચરણ;
અનંત કોટિ બ્રહ્માંડના, ઉત્પતિ સ્થિતિ લય કરણ...૦૮
કાળ માયા પુરુષ પ્રધાનપતિ, મહદાદિ શક્તિ અપાર;
તેના પ્રેરક તમે છો પ્રભુ, અનેક બ્રહ્માંડના આધાર...૦૯
એવા સમર્થ તમે હરિ, સ્વતંત્ર છો ઘનશ્યામ;
સ્વેચ્છાએ અવતાર ધરી, જુગ જુગ કરો જનકામ...૧૦
પ્રથમ ભક્તિ ધર્મના, પુત્ર થયા તમે શ્યામ;
નરનારાયણ નામ જેહી, રહ્યા તમે બદ્રિકાધામ...૧૧
તમે વસુદેવ દેવકી થકી, પ્રગટ્યા મથુરા માંય;
ભૂનો ભાર ઉતારવા, કરવા ભક્તની સહાય...૧૨
ત્યાર પછી અવનિ પર, વાધ્યો અધર્મ અનંત;
દુઃખ દેવા ભક્તિ ધર્મને, અવતર્યા અસુર બળવંત...૧૩
ઉત્થાપવા સત્ય ધર્મને, આપી સૌને અધર્મ ઉપદેશ;
એવા પાપી અગણિત થયા, ગુરુ થઈ ફરે દેશોદેશ...૧૪
ભય થયો ભક્તિ ધર્મને, રહેવા ન રહ્યું કોઉ ઠામ;
પ્રગટ્યા ત્યારે તમે હરિ, અયોધ્યા પાસે છપૈયા ગામ...૧૫
પ્રગટ પ્રભુ નરતન ધરી, ભૂ પર ફર્યા દયાળ;
અજ્ઞાનીએ ન ઓળખ્યા, નિજજનને કર્યા નિયાલ...૧૬
અતિ સમર્થ તમે પ્રભુ, સર્વાધાર સુખકંદ;
જ્ઞાનઘન નરતન ધરી, ઉધાર્યા જનનાં વૃંદ...૧૭
મૃદુતા ગંભીર ઉદારતા, દયાસિંધુ દોષ રહિત;
નવનિત સમ કોમળ હૃદય, શાંતિ સૌશીલ્ય સહિત...૧૮
પરઉપકારી સમર્થ અતિ, અક્ષય સુખ દાતાર;
અનાથ નાથ અતિ દિલ દયા, પૂરણકામ ગુણ ભંડાર...૧૯

જે શરણ તમારે આવિયા, તેને પીડે ન વિષય પંચ;
લોભ કામ રસ ક્રોધાદિ, ઉર નહિ અધર્મનો રંચ...૨૦
શુષ્ક જ્ઞાની ને શૂન્યવાદી, વામી કૂડ ને વળી નાસ્તિક;
તે મતોનું સ્વાશ્રિત થતાં, તમ ગયું ને થયા આસ્તિક...૨૧
ભવ વિધિ ઇંદ્રાદિ દેવ મુનિ, યોગી પણ મન આધિન;
આ જનમે તવ પ્રતાપથી, જીત્યા નિજ ભક્ત પ્રવિણ...૨૨
એવા સમર્થ છો શ્રીહરિ, બહુનામી પ્રબળ બળવંત;
નર તનુ જન મનરંજન, અજ્ઞાનીને અકળ અનંત...૨૩
આનંદકંદ સહજાનંદ, વિશ્વવંદ તમારું નામ;
અઘ ઓઘ નાસે સમરતાં, સર્વ જનના સુખધામ...૨૪
એવા કૃપાળુ તમે એક છો, સુરનર મુનિના રાજ;
અનેકને ઓધારવા, આવ્યા તમે મહારાજ...૨૫
એવે પ્રતાપે જુક્ત તમે, જન હિત અવની ફર્યા;
અલૌકિક નિજ દર્શન આપી, અસંખ્ય જનનાં શ્રેય કર્યાં...૨૬
એવા સમર્થ તમે શ્રીહરિ, આપો બુદ્ધિ વિમલ વિશાળ;
તવ સેવક જાણી મુજને, કૃપા કરો તમે દયાળ...૨૭
ઉમંગ મારે અતિ ઉરમાં, તવ ગુણ ગાવા અતિ હામ;
સવળા સુજે શબ્દ મુને, આપો એવી મતિ ઘનશ્યામ...૨૮
મન વચન કરી સંતને, કરું અનેક પ્રણામ;
ગ્રંથ કરવામાં સહાય કરો, વિઘન હરો સુખધામ...૨૯
પ્રસન્ન થઈ હરિજન સર્વે, આપજો રૂડી આશિષ;
હરિલીલા સુણતાં ગાતાં, ઉમંગ વધે દિન નિશ...૩૦
સહાય કરો સર્વે મળી, અતિ મેર કરી મનમાંય;
અનુક્રમે સૂઝે વારતા, જેમ અણુ ગતિ અર્કમાંય...૩૧
સંસ્કૃત પ્રાકૃત ભાષા કરી, કર્યા કવિએ ગ્રંથ અનુપ;
શ્રવણ ચિત્ આનંદ કરન, રચ્યાં અતિ શુદ્ધ સ્વરૂપ...૩૨

છંદ છપય પદ્ય ગદ્યને, સુણી સુણી મારી મતિ ગળે;
એહ જોઈ આરંભ કરતાં, પહોંચ નહિ બુદ્ધિ પાછી વળે...૩૩

નથી જાણતો હું કાવ્યને, નથી જાણતો કોઈ કોશ;
પણ તવ લીલા ગાવા હરખ છે, કરો સહાય જગદીશ...૩૪

ગ્રંથ કરવા આદર કર્યો, તમારો પ્રભુ પ્રતાપ લહી;
તેને સત્ય કરી આપો તમે, લીજિયે હવે બાહે ગ્રહી...૩૫

તવ પ્રતાપ બડ જોરસે, અંધ સોઈ દેખતો થાય;
જેહી પ્રતાપ બડ જોરસે, પાંગુ ગિરિ ચઢી જાય...૩૬

તવ પ્રતાપ જેહી હોત તબ, મૂક સોઈ તવ ગુણ ગાય;
તવ પ્રતાપ જબ હોત જેહી, બધિરકું તવ કથા સુનાય...૩૭

તવ કૃપાથી સૂર્ય શશી, કરત ભુવન ઉજિયાસ;
એસો પ્રતાપ ઉર ધારીકે, ગ્રંથ કરવા થઈ આશ...૩૮

આદરતાં આ કથા તમારી, વિઘન કાંઈ ન થાય;
એવી કૃપા મુજ પર કરો, આ ગ્રંથ[1] પૂર્ણ થઈ જાય...૩૯

લખું છું હરિ લીલા હવે, સુણી સુમતિને સુખ થાય;
ત્રિવિધિ તાપ તનના ટળે, સર્વ પાપ બળી જાય...૪૦

ભવ દુઃખ ટળે ને સુખ મળે, સર્વ કથાનું આ સાર અનુપ;
પ્રગટ ઉપાસી હરિભક્તને, સાંભળતાં સુખરૂપ...૪૧

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'મંગલાચરણ અને શ્રીહરિની સ્તુતિ' એ નામે પહેલું કિરણ ॥૧॥



૧. ગ્રંથલેખનનું કામ

કિરણ - ૨

લેખકે કરેલ સંતોની સ્તુતિ

દોહા :

સંત ચરણરજ શિર ધરું, લળી લળી લાગું પાય;
કરતાં આ સદ્‌ગ્રંથને, વિઘન કોઈ નવ થાય...૦૧
ઊપજે સુખ સંતકૃપા થકી, સંતકૃપાથી સરે સર્વે કામ;
સંત પ્રસન્નતાથી પામીએ, પૂરણ પુરુષોત્તમ ધામ...૦૨
શુભ ગુણ ઊપજે સંત મળી, સંત મળતાં સુમતિ થાય;
સંત મળ્યા વિના સાધુતા, કહો સહુ ક્યાંથી પમાય...૦૩
હેતે સંત જેણે સેવિયા, સેવ્યા હરિ મહર્ષિ વૃંદ;
દેવ પિતૃગણ સેવિયા, જેણે રાજી કર્યા સંત સુખકંદ...૦૪

સોરઠા :

જપ તપ તીરથ વ્રત, તેણે કર્યા જોગ જગન;
સર્વે કારજ સરે ત્રત[1], તેણે સંત કર્યા મગન...૦૫
એવા સંત સમ કોઈ નહીં, કહું શું વાત ઘણી ઘણી;
તેવું નથી ત્રિલોક માંહી, મર કવિ કોટિ કહે ભણી ભણી...૦૬
કામધેનુ કલ્પવૃક્ષ, પારસ ચિંતામણિ મળી;
સંત સમ ન એ લક્ષ[2], મેં મનમાં વિચાર્યું વળી...૦૭
અલ્પ સુખ એહ માંય, મળી ટળી જાય એહ વળી;
સંત સેવે સુખ થાય, રહે અવિનાશી ન જાયે ટળી...૦૮

ચોપાઈ :

એવા સંતજન અતિ સુખકારી, **કાહુ** દોષ નહીં સબકે અઘહારી;
આપે સહુને શુભ સત્ય ઉપદેશા, ઐસે સંત ચરનન નામું હું શીશા...૦૯
સદ્‌ગુણ સાગર અતિ હી અગાધા, ધીર સ્થિર મતિ નહિ કછુ બાધા;
માન અમાન ન આવત નેરા[3], ઐસે સંતને નમું હું કોટી વેરા...૧૦

૧.તરત ૨.કામધેનુ, કલ્પવૃક્ષ વગેરે લાખો વસ્તુ ૩.નજીક

અહં મમત્વ નહિ શાંત ચિત્તા, કામ ક્રોધ લોભ મોહ અતિ જિત્તા;
ઇન્દ્રિજીત ભજત ભુવનેશા, ઐસે સંત ચરન નામું હું શીશા...૧૧

બ્રહ્મરૂપ હોઈ ભજત ભગવંતા, ક્ષમાવાન સરળ શુદ્ધ ચિત્તા;
નિર્ભે સમર્થ સત્યવાન સરેશા[1], ઐસો સંતને નામું પુનિ પુનિ શીશા...૧૨

શુદ્ધ બોધ જ્ઞાનમાંહી[2] ભરપૂરા, યશ તેજ તપ જપે અતિ શૂરા;
શુભ શીલ અતિ સુખના ભંડારા, યહ સંતને નમું હું બહુ વારા...૧૩

હરિ નિવેદિત શુદ્ધ અન્ન આહારા, હરિ કથા કીર્તન કરત ઉચ્ચારા;
નહિ ઈર્ષા અનર્થ હિંસા લગારા, એવા સંતને નમું હું વારવારા...૧૪

ધર્મ ભક્તિ દ્રઢ વિનય વિચારા, રહી અમાન અન્યકું માન દેનારા;
નિરંતર અતિ પવિત્ર રહેનાર, યહ સંતને નમું વાર હજાર...૧૫

શમ દમાદિ સાધન માંહી સાધુ શૂરા, બોલે અતિ મધુર વચન સંત શૂરા;
શ્રુતવાનમાંહી સૌથી અતિ સારા, એવા સંતને નમું હું કોટિ વારા...૧૬

આત્મારામ આનંદી વિધિવંતા, નિષ્પાપ નિર્દોષ નિર્લેપ રહંતા;
અસંગી અશઠ ક્ષમાવંત ધીરા, યહ સંતને નમું હું કોટિ વેરા...૧૭

કલ્યાણકારી સંશય શોકહારી, અષ્ટભાતી તજી હેત સબ નારી;
પઢે વેદ પુરાણ કોમલ ગેરા[3], ઐસે સંત નમું હું કોટિ વેરા...૧૮

સામેરી :

હરિ કથા સુંદર કહે, અનિદિંત અલુબ્ધ ઉદાર;
પરદુઃખ હરે આપે સહે, એવા સંતને નમું બહુ વાર...૧૯

મોહ મચ્છર માન નહિ, નહિ ઈર્ષા ઉરમાં લગાર;
જ્ઞાન વૈરાગ્ય ચિત્તમાં અતિ, એવા સંતને નમું બહુ વાર...૨૦

ધ્યાન ભજનમાં રહે સદા, હરિ સ્મરણમાં એક તાર;
એવા ગુણે મોટા અતિ, યહ સંતને નમું બહુ વાર...૨૧

સ્વધર્મમાં અચલ મતિ, અણુ લોપે નહિ સદાચાર;
મોક્ષ બુદ્ધિ સરસ શુદ્ધિ, એવા સંતને નમું બહુ વાર...૨૨

૧.શ્રેષ્ઠ ૨.જ્ઞાનમાં ૩.ગીરા-વાણી

આપે ઉપદેશ કાપે કલેશ, કરે અનેક જન ઉદ્ધાર;
હરિ સ્વરૂપમાં રહે સદા, એવા સંતને નમું બહુ વાર...૨૩

પોતાના અવગુણ જુવે, ગ્રહે પરના ગુણ અપાર;
ઉરે અધર્મ વ્યાપે નહિ, એવા સંતને નમું બહુ વાર...૨૪

અચિરકારી અચળ મતિ, હરિ આજ્ઞામાં હોંશિયાર;
હરિ ધ્યાનથી ધ્રાયે નહિ, એવા સંતને નમું બહુ વાર...૨૫

પર ઉપકાર હિત દુઃખ સહે, અભયદાનના દેનાર;
દ્રોહ નિંદા કેની કરે નહિ, એવા સંતને નમું બહુ વાર...૨૬

શીતલતા ને મિત્ર સહુના, અવિકારીને અલ્પ આહાર;
શરણાર્થીને સુખદાતા, એવા સંતને નમું કોટિ વાર...૨૭

સંગ્રહ રહિત ને દગો નહિ, ગ્રહે ધર્મ વિવેક વિચાર;
સદા શુચિ હરે અશુભમતિ, એવા સંતને નમું બહુવાર...૨૮

એ આદિ અનેક ગુણના નિધિ, સંત કૃપા કરશો તમે વળી;
ગાવું ગુણ મહારાજના, તમે સહાય કરો સર્વે મળી...૨૯

સર્વે હરિજનને હું વંદન કરું, તમે કરો સહાય સર્વે મળી;
હરિલીલા કહેતાં વધે હેત અતિ, એમ દેજો આશિષ સર્વે વળી...૩૦

આદર્યો ગ્રંથ પણ મતિ અલ્પ, પહોંચ નથી પૂરો કરવા તણી;
કરો સર્વે તમે સહાય મારી, માટે સ્તુતિ કરું હું તમ તણી...૩૧

દોહા :

જેમ રંક ઇચ્છે અમૃતને, પણ દોહ્યલી[૧] મળવી છાશ;
તેમ સંતકૃપા વિના ગ્રંથની, નથી પૂરો કરવાની આશ...૩૨


જેમ દરિદ્રી ઇચ્છે પકવાનને, પણ ખાવા ન જડે ખડધાન;
તેમ સંત કૃપા વિના ગ્રંથની, પૂરણતા ન થાયે કોઈ દિન...૩૩

પણ સોય કેડે જેમ સૂત્રની, અનુગતિ ચાલે છે અભંગ;
તેમ સંત કૃપા બળ ઉર ધરી, મનમાં થયો અતિ ઉમંગ...૩૪

૧. મુશ્કેલ

જેમ બાળબોલી અતિ તોતળી, સુણી મગન થાય માત તાત;
તેમ સંત મારી ગિરા સુણી, રહો મુદિત મન સાક્ષાત્...૩૫
વિનતિ ઘણી ઘણી કરી, કહું હવે કથા મુદ પાય;
હરિ ગુણ ગાવા હરખ છે, તે કહ્યા વિના ન સુહાય[૧]..૩૬

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે લેખકે કરેલ સંતોની સ્તુતિ એ નામે બીજું કિરણ ॥૨॥



કિરણ - ૩

શ્રીહરિનાં લીલાચરિત્રો તથા કથામૃતનો મહિમા કહ્યો

રાગ : સામેરી

અતિ રસાળ સુંદર કથા, કરું હું અતિ હુલાસ;
પ્રીત કરી જે જન સાંભળે, તેના ટળે ભવજળપાસ...૦૧
અમૃત પી લહે અમરત, તેમ હરિ કથામૃત પાનથી;
વાધે આનંદ અતિ ઘણો, તાપ સર્વે ટળે ઉરથી...૦૨
પુરુષોત્તમ પ્રગટની, કહું લીલા પવિત્ર અતિ;
શ્રવણ કરતાં દુઃખ ટળે, થાય રૂડી નિર્મળ મતિ...૦૩
પવિત્ર હરિ જસ કીરતિ, ગુણ જેના પવિત્ર વળી;
તેને જે ગાય ને શ્રવણે સુણે, તેને ન પીડી શકે કળી...૦૪

ચોપાઈ :

પવિત્ર મહિમા પવિત્ર બડાઈ, પવિત્ર પ્રતાપ તેજ સબ ગાઈ;
જ્યું જન નિશદિન યહ સુનાઈ, સોઈ પવિત્ર અતિ હોઈ જાઈ...૦૫

૧. ફાવે; રહેવાય

હરિકી કથા ઉત્તમ અતિ સારા, સદ્‌મતિકું સુખ દેવનહારા;
જ્યું જ્યું સુનત તબ હોત આનંદા, જ્યું હી પ્યાસેકું મિલિત હે ગંગા...૦૬

હરિલીલા બરનું હું મુદપાયે, અતિ ઉમંગ ભયો ઉરમાંયે;
કબ બરનું હરિ કથા સુખકારી, એસો આનંદ મમ ઉર ભારી...૦૭

જ્યું ઉપવાસીકું અમૃતકા નોતા[૧], આયે તવ મુદિત દિલ હોતા;
તેહી પાન કરે બિનું પલ ન રહહી, અમૃત પાન કરે હમ કબહી...૦૮

યુંહી મેરે મન અતહી હુલાસા, હરિ જસ કેહેવેકી બડી પ્યાસા;
નાથ ચરિત્ર કવન વિધિ[૨] કહિયે, બરની ઉત્તમ સુખ કબ પહિયે[૩]...૦૯

વંધ્યાકું જ્યું સુતકી અતિ આશા, વિત્તાર્થીકું જ્યું વિત્તકી અતિ પ્યાસા;
જ્યું વિદ્યાર્થીકું વિદ્યાકી હૈ આશા, ત્યું હરિ કથાકો હમકું હુલાસા...૧૦

દોહા :

અંતરે અતિ હર્ષ વળી, આવ્યો આનંદ મારે અંગ;
સુંદર ચરિત્ર ઘનશ્યામનાં, કહું હવે અતિશે ઉમંગ...૧૧

ધન્ય ધન્ય ધર્મલાલની, કથા કીર્તિ પાવન અતિ;
શોક સંતાપ સુણતાં ટળે, થાયે સર્વની સદ્‌મતિ...૧૨

કથા અતિ અમૂલ્ય છે, સત્‌પુરુષને સાંભળ્યા જોગ;
પણ અભાગી અવળું લિયે, પણ ન આવે તેને ઉપયોગ..૧૩

જેમ જળ પામતાં જવાસો[૪], સમૂળથી સુકાય;
એમ આ કથા સુણી અભાગિયો, ઊલટો દુઃખિયો થાય...૧૪

જેમ ખારેક ખાતાં ખર[૫] મરે, ઘૃત સાકરથી કીટ મરી જાય;
જેમ ખીર શ્વાનને નવ સદે, તેમ ખળને કથા ન સુહાય...૧૫

જેમ ખારેક ખાતે અશ્વ દુઃખી, ગીંગાથી ગોળ ન ખવાય;
સારી વસ્તુયે સુખદ છે, પણ દુર્ભાગીને દુઃખ થાય...૧૬

૧.નોતરું ૨.કઈ રીતે ૩.પામીએ ૪.વરસાદ પડતાં સુકાઈ જાય તેવો છોડ ૫.ગધેડો

તેમ જીવ જે અભાગિયા, હરિ જશ તેને ઝેર છે;
મન રહ્યું ખોટી વાતમાં, પણ હરિ કથાસું વેર છે...૧૭

ગાય સ્તનમાં જેમ ઇતરડી, પિયે છે તે અસ્રક[૧];
તેમ જીવ જે અભાગિયા, તે શ્રેય ન ઇચ્છે નરક...૧૮

જાણો દૂરભાગી જીવને, પ્યારી છે તોપની સુખડી[૨];
પલિતા[૩] લગી પણ પ્રાણીનો, દેહ પલકમાં જાશે પડી...૧૯

સત્શાસ્ત્ર સદ્ગુરુ સંત મળી, સમજાવે બહુ બહુ વાર;
પણ અભાગી ખળજનને, નાવે અણુ કોઈનો એતબાર[૪]...૨૦

સોરઠા :

જેમ પિયે નહિ પિયુષ, વિષ પિયે ઘણું ઘણું વળી;
જેમ ખોઈ પોતાની આયુષ, પતંગ અગ્નિ જોઈ જાયે બળી...૨૧

દુરભાગી જે છે જન, તેને અર્થે આ કથા નથી;
થાવા હેત હરિજન મન, કહું હું હરિ કીર્તિ કથી...૨૨

દિવ્ય છે જેનાં જન્મ કર્મ, આદરું હવે તેહની કથા;
સુણતાં સુખ થાય પર્મ, ટળે તાપ સર્વ મટી જાય વ્યથા...૨૩

પ્રગટ હરિની જેહ લીલા, કહું મેં જે દેખી સુણી;
અન્ય કથાયુંથી એહ, પણ આ કથા દુર્લભ ઘણી...૨૪

રાગ સામેરી :

સાચા જે હરિજનને, આ દોહ્યલી વેળાનું ધન છે;
સંભારતાં સુખ ઊપજે, વળી પ્રાણનું જીવન છે...૨૫

પૂર્વ પાતક હોય જેનાં, તેને હરિ કથાનો ન રહે જોગ;
માટે પૂર્વ પુણ્યે આ કથા મળે, ટળે અનંત ભવના રોગ...૨૬

નરનારી જે આ કથા સુણે, તેનાં ઈકોતર પરિયાં તરે;
ગાતાં ગુણ પ્રગટ હરિના, સહેજે તેનાં કારજ સરે...૨૭

૧.લોહી ૨.તોપે બાંધેલ વ્યક્તિને ખાવા આપેલ મિષ્ટાન્ન ૩.સળગતી વાટ ૪.વિશ્વાસ

ધન્ય ધન્ય એવા સદ્‌મતિ, હરિ કથામાં જેને રતિ;
બળે પાપ ને સર્વ તાપ ટળે, થાય હરિ પદમાં હેત અતિ...૨૮

હરિ કથામૃત પાનથી, ટળે ભવરોગ તેહવાર;
બીજું ઔષધ એ રોગનું નથી, એમ જાણો સૌ નરનાર...૨૯

શ્રીહરિની કથા છે સુખનિધિ, તમે જાણજો સૌ જન;
સત્ય કહું સર્વ હેતનું, સુણી ધારી લેજો તમે મન...૩૦

પ્રગટ પુરુષોત્તમની કથા, કહું સાંભળજો સૌ જન;
પણ ખળને એ કામ ન આવે, એમ જાણજો તમે મન...૩૧

હું ખળને વંદન કરું, આ ગ્રંથની રક્ષા માટ;
સાધુ તો સુણી ગુણને ગ્રહે, પણ ખળનો મારે અતિ ઉચાટ...૩૨

દોહા :

શત્રુ મિત્ર ઉદાસી સબ, લેશ સુનત ન ખળ રીત;
જોડી પાણિ યુગ જોરે કરી, કરહી વિનતિ અતિ પ્રીત...૩૩

ચોપાઈ :

જ્યું કૌ કાક કપૂર ચુગાવે, તબહી વાયસ વિષ્ટા ખાવે;
જ્યું ગીંગેકું સુમન નહિ પ્યારા, ત્યું ખલકું યહ લગત ન સારા...૩૪

જ્યું ઉલૂકકું સૂર્ય દુઃખદાઈ, જ્યું રવિકર[૧] કુમુદ[૨] મુકુલાઈ[૩];
જ્યું કીટ ઘૃતસે મરન પાઈ, ત્યું ખલકું યહ ગ્રંથ ન સુહાઈ...૩૫

જ્યું સિદિ મુકરકું કશું પાયા, અપને વદન લીખી પટકાયા;
જ્યું કેસરી ઘન ગરજ સુનાવે, અપનો શિર પટકી મર જાવે...૩૬

ત્યું ખલ યહ ગ્રંથ સુનત જબહી, મૃતક તુલ્ય હોવત તબહી;
અપને અરિ જાની વોરત[૪] યહ ગ્રંથા, તિન રક્ષન હિત નમું ખળ પુથા...૩૭

૧.સૂર્યનાં કિરણોથી ૨.રાત્રે ખીલતું ધોળું કમળ - પોયણું ૩.ચીમળાઈ-કરમાઈ જાય
૪.મેળવીને સંગ્રહી રાખે

દોહા :

પ્રથમ ખળજનને નમું, પછી નમું સંત સુખદાય;
સંત તો ગુણને ગ્રહે, પણ ખળથી તે ન ખમાય...૩૮

વ્યાલ વૃશ્ચિક ખારીબલા, વિષ વાઘ અગ્નિ આદિ વિષેક;
એ ટાળે એક પ્રાણને, ખળ મળે દુઃખ અનેક...૩૯

પ્રથમ ખળને નમું, તેની સુણો સંતજન વાત;
ગુદ પ્રક્ષાલન પ્રથમથી, ને મુખ શુદ્ધિ પશ્ચાત...૪૦

ચોપાઈ :

ખલકી કહી મેં હી અતિ દુષ્ટાઈ, કહવે કી કહું કથા સુખદાઈ;
જયું દેશ ગામ કે માંહી દયાલા, પ્રગટ ભયે સંતનકે પાલા...૪૧

જે કુળમેં જે કારણ અવતારા, જે કારજ કીન તે કહું વિસ્તારા;
ધર્મ સ્થાપન કિયે હરિ બલવંતા, અધર્મ કળિમળ હને[1] અઘવંતા...૪૨

જયું નિજજનકું આનંદ દિયે ભારી, જયું લીલા કીની તેહી કહું સુખકારી;
જયું હરિ વરતે વર્તાયે જયું હી સંતા, જયું હી નિજજન ગૃહી બરતંતા...૪૩

ધરી નૃનાટ્ય ઉધારે જયું હી જંતા, દીને સુખ જેહી જનને અત્યંતા;
આપ પૂરે જેહી જંતને જયું પરચા, ગ્રહી વચન જન જયું ભજે ભગવંતા...૪૪

જેહી પ્રતાપ આપ શક્કા[2] ચલાયે, શ્યામ વિમલ જશ સબ જગ છાયે;
હરિ ચરિત્ર યશરૂપ અનુપા, બડભાગી સુને જેહી મતિ સદ્રૂપા...૪૫

જુ દ્રગ દેખી સુની હરિ લીલા, તેહી બરનું સુનો સહુ શુભશીલા[3];
હરિકો મહિમા અનંત અપારા, દેખી મેરો મન પાવત હારા...૪૬

દોહા :

ગણે ઉડુગણ આકાશના, પામે ઉત્તરનો કોઈ પાર;
વળી વ્યોમ સરું[4] લિયે, એ વાતનો થાય નિરધાર...૪૭

૧.હણ્યા; નાશ કર્યા ૨.આબરૂ; નામના ૩.શુભ ચારિત્ર્યવાળા ૪.પાર; અંત

સિંધુ જળની શાઈ કરે, વળી વસુધા કાગળ થાય;
કોટિ કવિ મળીને લખે, પણ હરિચરિત્ર ન લખાય...૪૮

હરિચરિત્ર જેમ છે તેમ, મારી સામર્થી કહેવા નથી;
મારે ઊપજશે જેમ ઉરમાં, હરિ ચરિત્ર કહું તેમ કથી...૪૯

આવે ન આવે અનુક્રમે, થાતો નથી તેનો નિર્ધાર;
ખોટ એવી ન કોઈ ખોળશો, સાંભળો તેમ કરી સૌ પ્યાર...૫૦

હરિચરિત્ર સુધાસિંધુને, જોઈ મતિ મારી સંકુચાય;
પણ સંત હરિજન સૌ મળી, કરશો મારી સહાય...૫૧

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'શ્રીહરિનાં લીલાચરિત્રો તથા કથામૃતનો મહિમા કહ્યો' એ નામે ત્રીજું કિરણ ॥૩॥

લેખકની નોંધ : ચરિત્રો જેમ દીઠાં ને જે સમે સાંભર્યા તેમ લીલા લખાણી છે, તેથી સર્વે આખ્યાનની શરૂઆત 'એક દિને સમે...' એવી રીતે કરી છે, જેથી આગલી વાતનું પ્રકરણ વાંસે થયું હોય તો તેનો બાધ ન આવે. ને આમ કરવામાં બીજો પણ કોઈ બાધ નથી.



॥श्रीस्वामिनारायणसत्यछे॥
॥श्रीसहजानंदायपुराणपुरुषोत्तमायनमोनमः॥
॥अथलिलाचिंतामणिलिख्यते॥

॥ શ્રીસ્વામિનારાયણ સત્ય છે ॥
॥ શ્રીસહજાનંદાય પુરાણપુરુષોત્તમાય નમો નમઃ ॥

॥ અથ લીલાચિંતામણિ લિખ્યતે ॥

પ્રકરણ - ૧

અમદાવાદમાં શ્રીહરિ ઉપર સૂબાનું કાવતરું

દોહા :

શ્રીપુરુષોત્તમ પ્રગટકે, ચરિત્ર સુધા સમ જેહુ;
મમ ઉર વસહુ નિરંતર, હરહુ માઈક ગુણ તેહુ...૦૧

શ્રીસહજાનંદ સુખદ પ્રભુ, કરુણાનિધિ ઘનશ્યામ;
શરણાગતકે શ્યામ હો, દોહ્યલી વેળાકે દામ...૦૨

એક દિવસને સમે શ્રીજીમહારાજ સર્વે દેશ-દેશને વિષે ફરતા ને સર્વે જીવના કલ્યાણ કરવાને અર્થે પોતાને સુખે કરીને મુમુક્ષુજન જે ભરતખંડનાં મનુષ્યમાત્ર, તેમને પોતાની ઇચ્છાએ કરીને સમાધિએ કરીને બ્રહ્મપુર ને ગોલોકાદિક ધામનાં અલૌકિક દર્શન કરાવતા હતા. તથા પોતાનું અક્ષરાદિક ધામ ને તે ધામનાં અનંત સુખ, અલૌકિક ઐશ્વર્યાદિક પોતાની મૂર્તિને વિશે દેખાડતા હતા. ને પોતાની અલૌકિક મૂર્તિને જોઈને મુમુક્ષુ જન તથા અન્ય સ્ત્રી-પુરષાદિક સર્વે જનનાં નાડી-પ્રાણ તણાઈ જતાં હતાં.

સદ્.શ્રીરામાનંદસ્વામી સ્વધામે પધાર્યા ત્યારે રઘુનાથદાસ શ્રીનગર મધ્યે જઈને ત્યાંનું મંદિર હાથ કરીને મહારાજ તથા મુક્તાનંદજીનું ઘણુંક

વાંકું બોલતો હતો જે, “હું રામાનંદનો મોટો ચેલો છું; તે મુક્તાનંદ એક શિષ્યને મોટપ આપી છે, તેની પાસે એવી વિદ્યા છે, તે સર્વે મનુષ્યનાં નાડી ને પ્રાણ તાણીને સમાધિ કરાવે છે, તેવો સંત જાદુગરો છે.” તેમ તે સર્વે જન ને ત્યાંનો નરેશ, તેની આગે અતિ નિંદાને કરતો હતો. કેમ જે, તે શ્રીજીમહારાજનો પ્રતાપ જાણતો ન હતો.

પછી તે વાતના સર્વે સમાચાર સાંભળીને મુક્તાનંદજીએ હાથ જોડી મહારાજને એમ કહ્યું જે, “હે મહારાજ ! રઘુનાથદાસે શ્રીનગરનું મંદિર હાથ કર્યું ને આપણી કોરનું ઘણું વાંકું બોલે છે. તેથી તમે અહીં આપણી જાયગા સાચવો ને હું અમદાવાદ જાઉં.” ત્યારે મહારાજે એમ કહ્યું, “તે ઠેકાણે તમારે ગયે સમાસ નહિ થાય; કેમ જે, ત્યાંના સર્વે મતપંથ તથા ત્યાંનો રાજા તે સર્વે આપણા દ્વેષી છે. તે તમ ઉપરે ઘાત(દગો) કરીને મારી નાંખે; તેવા તે આતતાઈ શત્રુ છે. તે સારુ અમે ત્યાં જાશું, કેમ જે, અમે અમારા યોગૈશ્વર્યાદિક દેખાડીને તે સર્વે શત્રુને જીતીને હાર પમાડશું. ને વળી મહારુદ્ર કરવો છે, તે સારુ અમારે ભેગા ધૂર્જટિને(શિવજીને) સંન્યાસીના વેશે ભેગા લઈને શ્રીનગરે જાશું, ને તે સર્વે અજ્ઞાની મનુષ્યોને મોટો ચમત્કાર દેખાડીને નિર્વિઘ્ન પાછા આવશું. તે સારુ હે સ્વામી ! અમને જાવા દો.”

ત્યારે મુક્તાનંદજીએ કહ્યું જે, “તથાસ્તુ ! પધારો, પણ તમારો દેહ અતિ કૃશ છે, તેથી મારે ઘણી ચિંતા છે.” ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “હે સ્વામી ! **અમારા દેહની તથા દેહધારીમાત્ર જીવની અમે રક્ષા કરીએ એવા છીએ;** તેમ તમે જાણજો.” એમ શ્રીજીમહારાજે કહ્યું ત્યારે એવા પ્રતાપવાન જાણીને મુક્તાનંદજીએ રજા આપી.

પછી એક દિવસને સમે ઘણો પ્રતાપને જણાવતાં થકા શ્રીજીમહારાજ **શ્રીનગરને** વિશે પધાર્યા. ત્યારે પોતાને ભેગા હરિજન દશ-વીસ હતા. ને પોતા ભેગા સંન્યાસી પૂર્ણાનંદજી(દેવાનંદજી ?) પણ હતા. તે કપર્દીનો(શિવજીનો) અંશ હતા. તે મહાજોગી ને સમ્યક પ્રકારે

શ્રીજીમહારાજના માહાત્મ્યના જાણનારા હતા, તેણે કરીને મહારાજે ઘણીક મોટપને પમાડ્યા હતા. તે પણ મહારાજ ભેગા હતા.

એમ કરતા ગાતા ને ઉત્સવ કરતા, શ્રીઅમદાવાદ મધ્યે શાહ હિરાચંદના ઘર પ્રત્યે પૂર્ણ પુરુષોત્તમ એવા જે શ્રીજીમહારાજ, સર્વે જને સહિત ઉતારો કરતા હવા. તે ભક્ત શ્રીજીમહારાજની પૂજા ષોડષોપચારે કરતા હવા. અને ઘણાક મિષ્ટ અન્ન જે લેહ્ય, ચોસ્ય, ભક્ષ્ય ને ભોજ્ય તેણે કરીને મહારાજે સહિત સર્વેની મે'માની કરીને શ્રીજીમહારાજને પીતાંબર આદિ ઓઢાડતા હવા.

તે સમયનું શ્રીજીમહારાજની મૂર્તિનું ચિંતવન કરીએ છીએ : એક પીળું પીતાંબર પહેર્યું છે, એક પીળું પીતાંબર માથે છોગું મેલીને બાંધ્યું છે ને એક રાતું પીતાંબર બેવડું કરીને ઓઢ્યું છે ને ભાલને વિશે કેસરની આડ્ય કરી છે. ને ઘણાક હાર મલ્લિકાદિકના(મોગરા વગેરેના) તથા ગુલાબના હાર ને બાજુબંધ તથા ગજરાને ધાર્યા છે અને કર્ણને વિશે તોરા તથા કર્ણિકારના મોટા બે ગુચ્છ ધાર્યા છે. ને ઘનશ્યામ મૂર્તિ છે તે વસ્ત્ર ને પુષ્પના હારને ઘણુંક શોભાડતા થકા મંદમંદ હાસ્યને કરતા હતા. અને શ્રીનગરરૂપી જે રાત્રી, તે મધ્યે જેમ શ્રીજીમહારાજરૂપી પૂર્ણમાસીનો સોળે કળાએ યુક્ત કલંકે રહિત ચંદ્ર ઉદય થયો હોય, તેમ તે શહેરનું તમ હરી, પોતાને પ્રકાશે કરીને સર્વે શહેર મધ્યે પ્રતાપને જણાવતા હતા.

તેણે કરીને તે શહેરનો અધિકારી જે ભાઉસાહેબ તેને ભેખધારી, શક્તિપંથી, મિથ્યાવાદી, ભણેલા ભૂતબ્રાહ્મણ, ગોસ્વામી, વૈરાગી આદિક અને તેમનાં શિષ્ય જે ગૃહસ્થ લોક સમસ્ત, તેમણે મહારાજની કોરની ઘણીક ખોટી ખોટી વાતો કરી જે, "એ તો પોતે પ્રભુ થઈને પૂજાય છે, ને પોતાને પગે તુલસી ચડાવે છે, ને એ તો જાતિએ કરીને બહુ ઊતરતા છે. તે વળી મહારુદ્ર કરાવે છે, તેણે કરીને તમ જેવા રાજાને

ઘાત ઊપજે ને વળી મરી પણ જાવ. તે સારુ તેની પાસે સિપાઈ મોકલી, એમને તેડાવીને એમ કહો જે,'અમારા શહેર મધ્યેથી જાતા રહો ને મહારુદ્ર કરશો નહીં.' અથવા આંહીં તેડાવીને કબજે કરો ને તેનું અતિ અપમાન કરીને કાઢી મૂકો."

ત્યારે તે રાજાએ કહ્યું જે, "એ ભેખ છે ને વળી ચમત્કારી પુરુષ છે ને તેનું જો તમે અપમાન કરાવશો તો સારું નહીં થાય. તે તમને પણ તેનો પ્રતાપ દેખાડે તેવા પ્રતાપવાન પુરુષ વિખ્યાત છે. તેનું હું તો મારે મોઢેથી અપમાન નહીં કરું, તમે જાણો અને તમારા મનમાં આવે તેમ તમે કહેજો. હું તો છેટે બેસીને સાંભળીશ."

એમ કહીને દુરાશયવાળા તે અમાત્યે અજાડી(જંગલમાં પશુને પકડવા માટે ન દેખાય તેવો કરાતો ખાડો) ખોદાવીને કપટપાશ રચ્યો ને જાસૂસને એમ કહ્યું જે, "હાલ સ્વામિનારાયણને કહેજો જે, તમોને સરકાર ભદ્ર(ભદ્ર નામના વિસ્તારમાં આવેલી રાજકચેરી) મધ્યે તેડાવે છે, તે ચાલો." ત્યારે જાસૂસ શ્રીજીમહારાજ પાસે આવ્યો. પોતાની પાસે આવેલ તે રાજપુરુષ પ્રત્યે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે તમારા રાજાને એમ કહેજો જે, આજ તો અમે નહીં આવીએ ને કાલે આવીશું." ત્યારે તે રાજપુરુષે હાથ જોડીને શ્રીજીમહારાજ પ્રત્યે કહ્યું જે, "હે મહારાજ ! અમને તો એવો હુકમ છે જે, તેડીને જ આવજો." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "કાલે અમે આવીશું." ત્યારે તેણે કહ્યું જે, "તમે સરકારને મોઢે થયા વિના જાશો નહીં." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમે કાંઈ ચોર નથી જે છાના ભાગી જાશું." તું તારા રાજાને કહે જે, "તારે મોઢે હરુભરુ(રૂબરૂ) થયા કેડેય પણ બે દિવસ રહીને ચાલવું છે; એમ તમે તેને કહો." ત્યારે રાજપુરુષે જઈને જેમ શ્રીજીમહારાજે કહ્યું હતું, તેમ સમાચાર કહ્યા.

પછી શ્રીજીમહારાજ રાત્રીને વિષે વાતચીત કરી પોતાને સુખે કરીને સુખી થકા પોઢી રહ્યા. ને પ્રભાતે ઊઠીને દંતધાવન આદિક સર્વે

દૈહિક ક્રિયા કરી અને ધ્યાન-સંધ્યા તથા પૂજાવિધિ કરી પછી જમ્યા. ને દિવસ આઠ ઘડી ચડ્યો ત્યારે શ્રીજીમહારાજની હરિજને પૂજા કરી, તે મૂર્તિનું ચિંતવન કરીએ છીએ.

એક પીતાંબર પહેર્યું છે ને એક પીતાંબર મસ્તકે બાંધ્યું છે. એક રાતું પીતાંબર બેવડું કરીને ઓઢ્યું છે ને ભાલને વિષે કેસર-ચંદનની અર્ચા છે. ને કંઠને વિષે મલ્લિકા, ગુલાબ આદિ ઘણાંક પુષ્પના હાર પહેર્યા છે ને ચરણમાં ચાખડી પહેરી છે. ને કરને વિષે પુષ્પનાં બાજુ તથા પોંચી બાંધી છે ને કાન ઉપર ગુચ્છ શોભી રહ્યા છે. ને શિર પર તોરા ઝૂકી રહ્યા છે. ને કર મધ્યે એક રંગેલી છડી લીધી છે; એમ થકા બેઠા છે.

તે સમયે રાજપુરુષે આવીને હાથ જોડીને કહ્યું જે, “તમને ભદ્ર સભામાં તેડાવ્યા છે, તે તાકિદથી પધારો.” ત્યારે મહારાજે કહ્યું જે, “ચાલો, આવીએ છીએ.” એમ કહીને સર્વે સત્સંગી ને સંન્યાસી પૂર્ણાનંદજી જોગી ભેળા છે ને એવા થકા શ્રીજીમહારાજ શહેરની બજાર ને માણેકચોક સોંસરા ચાલ્યા જાય છે. ને આ ધોળને ગવરાવે છે જે -

આદિત ગુરુ ઉદિયો રે અંધારું રે ઉલો;
રુદિયા કમળનો ભમરો રે નવરંગી રે ફૂલો.
સોમ સમાધિમાં ખેલે રે સર્વે રસના રે ભોગી;
ઓઘટ ઘાટે નો આવે રે અવધૂતા રે જોગી.

એ ધોળને ગવરાવતા જાય છે. ઘણાક કુસંગી લોક ઠેકડી કરે છે ને ધૂળ નાંખીને દુર્વચનને બોલે છે. તેને સહન કરતા શ્રીજીમહારાજ મંદમંદ હાસ્યને કરતા ને નિઃસંશય થકા સિંહઠવની(સિંહની ઢબે) ચાલે ચાલ્યા. જેમ પંચાનન(સિંહ) ગજના યૂથને જોઈને નિઃશંક થકો ચાલીને કટાક્ષ દૃષ્ટિએ કરીને જુએ છે, ત્યારે મેંગળજૂથને(હાથીના સમૂહને) ભયને પમાડે છે, તેમ મતવાદી ને સત્સંગના દ્રોહના કરનારા જે જન તેને

દબાવતા થકા; ને ધર્મિષ્ઠ પુરુષ ને ધર્મવાળી બાઈઓને પોતાના પ્રતાપે કરીને તથા સુંદર મૂર્તિનાં દર્શને કરીને અતિ સુખને પમાડતા થકા, ને પોતાના દર્શને કરીને કેટલીક સ્ત્રી ને પુરુષનાં નાડી ને પ્રાણ તણાઈ જાય છે, તેમ કરતાં થકા તે રાજાને દરવાજે પહોંચ્યા.

ત્યારે તે રાજપુરુષ સર્વે બીજા લોકને રોકીને એમ બોલ્યા જે, "એક સ્વામિનારાયણ અને આ એક સંન્યાસી, એ બે જણને માંહ્યલીકોરે જાવાનો સરકારનો હુકમ છે, બીજા કોઈ જાશો નહીં." ત્યારે શ્રીજીમહારાજ ને સંન્યાસી પૂર્ણાનંદજીએ માંહ્યલી કોરે પ્રવેશ કર્યો. તે દુષ્ટાત્મા એવા જે શાક્ત(શક્તિપંથી; દેવીઉપાસક) બ્રાહ્મણે અને પાપમય છે બુદ્ધિ જેની એવા અતિ દ્વેષી રાજાએ પ્રથમથી અજાડી ખોદાવીને તેને મધ્યે ખેરના[૧] ધખતા અંગારાઓને મૂકીને ઘણોક અગ્નિ પ્રજ્વલિત કર્યો છે. ને એ અજાડીને ઉપરે સૂક્ષ્મ લાકડાં જે કરાંઠી(સૂકી ડાંખળીઓ-સાંઠીઓ) ને તૃણે કરીને(સૂકા ઘાંસથી) છવણી(આચ્છાદન; ઢાંકણ) કરી છે. ને તે અજાડી મહા ઊંડી ને અતિ ઘણી સાંકડી છે, તેમ તેણે રચના કરી મૂકી છે.

એટલામાં સર્વજ્ઞ ને સર્વે લોકના સ્વામી એવા જે શ્રીજીમહારાજ તે ઠેકાણે પધાર્યા. ત્યારે દુષ્ટજન બોલ્યા જે, "હે સ્વામિનારાયણ ! આ આસન તમ સારુ બિછાવ્યું છે, તે ઉપર તમો બેસો." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "કોઈનું કરેલું જે આસન તે ઉપર અમે નહીં બેસીએ. એ આસન તો તમ જેવા પુરુષને બેસવા યોગ્ય છે." ત્યારે થોડેક છેટે ભાઉ બેઠો હતો, તેણે તો એમ જાણ્યું જે, આ મહત્પુરુષ સર્વજ્ઞ છે ખરા ! એમ તેણે લક્ષણા કરી. પછી તેણે જાજમ બિછાવી. ને દુષ્ટજન બેઠા હતા, તેમની સભા વચ્ચે સર્વેને દબાવીને શ્રીજીમહારાજ બેઠા. જેમ મતંગજૂથ(હાથીનાં ટોળાં) માંહી પંચાનન ચાલી જાય તેમ નિઃશંક થકા ચાલીને બેસતા હવા.

૧.એક પ્રકારના વૃક્ષના કે જેના લાકડાના અંગારા-કોલસાનો તાપ સખત હોય છે.

ને વળી મહારાજે કહ્યું જે, “અમને તમે કેમ તેડાવ્યા છે ? તે કહો.” ત્યારે તેણે ઘણાંક દુર્વચન કહ્યાં, તેને મહારાજે સહન કર્યાં. ને વળી તે દુષ્ટે મહારાજને કહ્યું જે, “તમે તો જાતિએ કરીને શૂદ્ર છો, તેથી મહારુદ્ર કરશો નહીં.” ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “અમે તો સર્વેથી ઉત્તમ જાતિ એવા બ્રાહ્મણ છીએ. ને સરવરિયા જ્ઞાતિ, સાવરણી ગોત્ર ને કૌથુમી શાખાકે શુદ્ધ સામવેદી બ્રાહ્મણ હૈ. અને તમે દુર્વચન બોલો છો, તે કોઈ ઈશ્વર છે તે નહીં સાંખે.” કેમ જે, શ્રીજીમહારાજ ભેગા જે સંન્યાસી હતા, તે તો ધૂર્જટીનો અંશ હતા. “ને અમે જો બ્રાહ્મણ હોઈએ તો દસ હજાર રૂપિયા સરકારને તમે આપો. ને અમે શૂદ્ર જાતિ નીકળીએ તો દસ હજાર રૂપિયા અમારા સત્સંગી સરકાર મધ્યે આપે તેવી રવદી(રવદ-શરત) કરો.” ત્યારે તે મોળા પડી ગયા.

પછી વળી શ્રીજીમહારાજ તે દુષ્ટ સભા પ્રત્યે એમ બોલ્યા જે, “તમે અમારું ઘણુંક અપમાન કર્યું, તે અમે તો સહન કર્યું, પણ કોઈ ઈશ્વર છે, તેથી આવી વાત સહન ન થાય.” એમ મહારાજ બોલ્યા. ને વળી શ્રીજીમહારાજે તે રાજા તથા તે સર્વે સભા પ્રત્યે એમ કહ્યું જે, “મહારુદ્ર તો અમે નિશ્ચે જ કરશું. કેમ જે, અમને શંકરનો હુકમ છે, તે કોણ રોકનારો છે ?”

ત્યારે પૂર્ણાનંદસ્વામી કહે જે, “હે પ્રભુ ! તમારો હુકમ હોય તો આ શહેરને પટણડટણ જેવું કરી નાંખું, એવો તમે મને પ્રતાપ આપ્યો છે.” કેમ જે, શ્રીજીમહારાજ ભેગા જે સંન્યાસી હતા, તે તો ધૂર્જટીનો અંશ હતા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “હે મહાજોગી ! ક્રોધને સમાવો. સંતપુરુષને ક્રોધ શોભે નહીં.” એમ કહીને તેના મુખ આડો શ્રીજીમહારાજે પોતાનો હાથ આપીને તેનો ક્રોધ સમાવ્યો. ને તે પૂર્ણાનંદજીને મહારાજે પૃથ્વી તત્ત્વની ધારણા કરાવીને તેનું મુખ મોડ્યું, તેણે કરીને તેનું શરીર કંપાયમાન થયું. પછી શ્રીજીમહારાજે પોતાના

બેઉ કર પૃથ્વી ઉપરે ધીરેથી પટક્યા, તેણે કરીને પૃથ્વી ધ્રૂજવા લાગી. તે ચાર-પાંચ ઘટી સુધી કંપતી રહી. તે સમયે સર્વે દુષ્ટજન ભય પામ્યા ને બૂમો પાડવા લાગ્યા કે "નિકાલો, નિકાલો ! બડા જાદુગર કહાંસે આયા હૈ ?" ત્યારે શ્રીજીમહારાજ 'જય સચ્ચિદાનંદ' કહીને ઊઠ્યા.

ત્યારે તે ભાઉ તો ઘરની માંય સંતાઈ ગયો. તેને સાંભળતાં દુષ્ટ સભાએ ને તે ભાઉએ મહારાજને એમ કહ્યું જે, "અમારું રાજ હોય ત્યાં સુધી શ્રીનગર મધ્યે આવશો નહીં." ત્યારે શ્રીજીમહારાજે તે રાજા તથા તેની સભા પ્રત્યે એમ કહ્યું જે, "તમારું રાજ હોય ત્યાં સુધી નહીં આવીએ, પણ બીજા કોઈ ન્યાયિક ધર્મવાળા રાજાનું રાજ થાશે ખરું. તે દિવસે અમે આવશું ખરા." એમ કહીને મહારાજ ત્યાંથી તત્કાળ ચાલીને કોટ બહાર આવ્યા.

ત્યાં સર્વે હરિજને મહારાજને રાજી થઈને નમસ્કાર કર્યા. અને શ્રીજીમહારાજ નથુ જાડો રથ લાવ્યા હતા, તે ઉપર બિરાજમાન થઈને ચાલતા થકા આ કીર્તનને ગવરાવે છે જે,


કિલા લિયા આ તનકા નિરંજન નિર્ગુણકા,
ગઢ પર તોપ જંઝાળું વાગે, જોતાં સેન કાયરકા ભાગે,
લડે સદ્‌ગુરુ સંત સિપાઈ, કિલા સુરતકા,
સુરતકા કિલા લીયા તનકા નિરંજન નિર્ગુણકા.

એ કીર્તન સર્વે હરિજન ગાતા જાય છે. ને શ્રીજીમહારાજ ને સંન્યાસી રથમાં બિરાજમાન થકા સર્વે લોકને દર્શન દેતાં થકા પોતાને ઉતારે પધાર્યા. પછી જમીને રાત્રીને સમે પોઢી રહ્યા.

અને પ્રભાત સમે ઊઠ્યા ને દંતધાવન કર્યું. સ્નાન, સંધ્યા ને પૂજનવિધિ કરી રહ્યા ત્યારે દિવસ ઘટી પાંચથી છોને આસરે ચડ્યો. તે સમે મહારાજને દામોદરના ઘેર જમ્યાનું નોતરું હતું. તે સમે

રાજપુરુષે આવીને મહારાજ પ્રત્યે કહ્યું જે, "સરકારે તમને એમ કહ્યું છે, 'તમારે શહેર મધ્યે રહેવું નહીં. તુમ તો જાદુગરા હો ને સબ લોકકુ ટોનો(જાદુ; મંત્ર) લગાય કે દીવાના કર દેતે હો, ને સબ પૃથ્વીકો ધ્રુજાય દિયા હૈ.' એસા તુમ હો, તીતસુ સરકાર ને સબ લોક ડરતા હૈ. સો તુમકું હાથ જોડકે હમ કહતે હૈં." ત્યારે મહારાજે કહ્યું જે, "અમે તો જમીને ચાલી નીકળશું; એમ તમે તમારા ધણીને કહેજો." એમ કહીને દામોદરને ઘેર જમીને પછી **જેતલપુર** પધાર્યા. ઈતિ શ્રીનગરનું આખ્યાન સમાપ્ત થયું.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'અમદાવાદમાં શ્રીહરિ પર સૂબાનું કાવતરું' એ નામે પહેલું પ્રકરણ ॥૧॥





અમદાવાદમાં શ્રીહરિએ સૂબાનું કપટ ઉઘાડું કર્યું.

પ્રકરણ - ૨

શ્રીહરિને અમદાવાદ પધારવા એરણ સાહેબનો પત્ર

જેતલપુરમાં થોડાક દિવસ રહીને પછી ઘણાક દિવસ શ્રીગુર્જર દેશે ઉમરેઠ, ડાકોરજી તથા વડોદરા આદિ પુરે ફરીને શ્રીસોરઠ દેશ જઈને મુક્તાનંદજીને ખબર કરી. અને અસુરના પરાભવેથી શ્રીદુર્ગપુરે ઉત્તમ નરેશ પાસે વસતા હતા. શ્રીદુર્ગપુરે ઘણાક આનંદ-ઉત્સવ, કથા ને વાર્તા કરાવતા થકા બિરાજમાન છે. કાંઈક વરસ વીત્યે શ્રીનગર મધ્યે ટોપીવાળાનું રાજ થયું. ને પ્રથમના રાજાનું તેનાં કર્મે કરીને રાજ ગયું. ને એક દિવસને સમે શ્રીજીમહારાજના સાધુ મુનીન્દ્ર જે મુક્તાનંદજી આદિક ઘણા સંત, ત્યાં પાતશાહ વાડી(મુસ્લિમ રાજાનો બાગ) મધ્યે રહેતા હતા, ને શહેર મધ્યે ભિક્ષા માગવા સારુ આવતા હતા.

અમદાવાદમાં ભદ્ર મધ્યે ગોખ(ઝરૂખો) હતો, તે મધ્યે એરણ સાહેબ બેઠા હતા. અને તેને વાંસે શાહુકારની ફળી હતી, ત્યાં સાધુ ઊંચે સ્વરે કરીને ભિક્ષા માગવા આવ્યા. તે આ શબ્દને કર્યો જે, ‘નારાયણ હરે ! સચ્ચિદાનંદ પ્રભો !’

ત્યારે સાહેબે જોયું, સંતો નીચી દૃષ્ટિ કરીને ઊભા છે. ને તે બાઈઓ ઝોળી મધ્યે ભિક્ષા નાંખે છે, તે સામી ઝોળી ધરીને બાઈથી અવળું મુખ રાખીને ભિક્ષા લેતા હતા; તે સાહેબે દેખ્યા. તે જોઈને સાહેબે સાધુનો ગુણ ગ્રહણ કર્યો. ને તેમની પાસે ચોબદાર મોતીરામ તે કુબેરસીંગનો મોટેરો ભાઈ હતો, તેને સાહેબે પૂછ્યું, “એ કિસકા સાધુ હૈ ?” ત્યારે તેણે એમ કહ્યું જે, “હે સાહેબ ! એ તો સ્વામિનારાયણકે સાધુ હૈ.” ત્યારે તે મોતીરામને પૂછ્યું જે, “સ્વામિનારાયણ કહાં હૈ ?” ત્યારે તેણે કહ્યું જે, “એ તો કાઠિયાવાડ મધ્યે દુર્ગપુર નામે શહેર હે, ત્યાં રહેતા હે.” ત્યારે સાહેબે કહ્યું જે, “આ શહેરમેં ક્યું નહીં આવતા હૈ ?”

ત્યારે તેણે કહ્યું જે, "પેશવાનો સૂબો જે ભાઉ, તેણે મહારાજને એમ કહ્યું હતું જે, 'અમારું રાજ હોય ત્યાં સુધી આ શહેર મધ્યે આવશો નહીં.' ત્યારે સ્વામિનારાયણે તેને એમ કહ્યું હતું જે, 'જ્યાં સુધી તમારું રાજ રહેશે, ત્યાં સુધી અમે નહીં આવીએ, પણ ન્યાય ને ધર્મવાળું રાજ થાશે ખરું, તે દિવસે અમે આવશું ખરા.' એમ તે સ્વામિનારાયણ બોલ્યા હતા."

ત્યારે સાહેબે કહ્યું જે, "એના શિષ્ય આ શહેર મધ્યે છે ?" ત્યારે મોતીરામે કહ્યું જે, "મારો નાનો ભાઈ કુબેરસંગ આદિક સ્વામિનારાયણના સત્સંગી ઘણાક છે." ત્યારે સાહેબે તેને કહ્યું, "સર્વેને તમે કહેજો જે, 'સરકારમાં રિપોર્ટ(નિવેદન) કરે તેથી અમે શહેરના લોકને પૂછી, બંદોબસ્ત કરાવીને અમારે સ્વામિનારાયણને તેડાવવા ખરા, જેની દુવાથી અમને રાજ ને શહેર મળ્યું છે." તેમ કહ્યું.

પછી હરિજનોએ સરકારમાં રિપોર્ટ કર્યો. સાહેબ સર્વે શહેરના મતપંથ ને સભાસદ જે મોટેરા મનુષ્ય, તેમને પૂછી બંદોબસ્ત કરીને બોલ્યા જે, "આ તમે સર્વે લોક સાંભળજો જે, 'અમે સ્વામિનારાયણને શહેર મધ્યે તેડાવીએ છીએ, તે કોઈને દાવો ધોખો હોય તો હમણાં બોલજો.' પછી બોલશે તેને સરકાર નસીયત(ઠપકો; સજા) દેશે." ત્યારે કોઈ બોલ્યું નહીં.

ત્યારે તેનો કારભારી શાહ પુજો બોલ્યો જે, "પુરુષને સ્ત્રી છોડાવી દે છે ને સ્ત્રીને પુરુષથી છોડાવીને ત્યાગી કરી નાંખે છે, એવા છે." ત્યારે તેને સાહેબે કહ્યું જે, "તું નવી સ્ત્રી પરણ્યો છું ને તું અમારો નોકર છું, તે તું અમારા કહ્યાથી તારી સ્ત્રી છોડી દે, કેમ તું છોડીશ ખરો ?" ત્યારે તેણે ના પાડી. ત્યારે સાહેબ કહે જે, "એ તો બડા મુરશિદ(ધર્મગુરુ; ધર્મોપદેશક) હૈ ને હિંદુ લોકકા કનૈયા હૈ. એ બાત તુમ ક્યાં જાનો ?"

એમ કહીને સર્વે સત્સંગી મધ્યે જે મુખિયા, નથુ જાડા તથા દામોદર ને હિરાચંદ તથા કુબેરસીંગ મહારાજના ચોબદાર તથા ગોરા લાલદાસ આદિકને સરકારે ઉપમાએ સહિત રૂડો સરકારી કાગદ લખાવી આપીને એમ કહ્યું જે, "જલ્દીથી સ્વામિનારાયણને તેડી લાવો. અને એમ કહેજો જે, 'તમારા કાઠી લોક, ને ભારે ભારે ઘોડા ને રૂડા સાજ ને તમારાં જે હથિયાર, તે સર્વે ધારીને આવે.' ને વળી તમે એમ કહેજો જે, 'ઘણાક ભપકાદાર પાળા લાવજો."

એમ રાજી થઈને સાહેબે મહારાજ ઉપર શુભ પત્ર લખીને મુખિયા હરિજનને આપ્યો. ત્યારે હરિજને કહ્યું જે, "હે સાહેબ ! અમ ભેગાં તમારાં મનુષ્ય મેલો તો ઠીક." ત્યારે એરણ સાહેબે રાજી થઈને બે તુરકઅસવાર(ઘોડેસ્વાર) પટાવાળાને હુકમ કર્યો. તેમને લઈને કુબેરસંગ આદિક સર્વે શ્રીજીમહારાજ શ્રીદુર્ગપુરને વિષે બિરાજે છે, ત્યાં આવ્યા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'શ્રીહરિને અમદાવાદ પધારવા એરણ સાહેબનો પત્ર' એ નામે બીજું પ્રકરણ ॥૨॥



શ્રીહરિને અમદાવાદમાં પધારવા માટેનો પત્ર લઈને આવેલા અમલદાર.

પ્રકરણ - ૩

શ્રીહરિએ શ્રીનગર જવા માટે તૈયારી કરી

❈ દેશોદેશના અસ્વારોને અમદાવાદ સાથે લઈ જવા તેડાવ્યા

શ્રીજીમહારાજની મૂર્તિ તે સમાની જેવી દીઠી છે, તેનું પોતાની બુદ્ધિ પ્રમાણે સર્વે સંત ને હરિજનના દાસનો દાસ હું શાસ્ત્રી લક્ષ્મીરામ કિંચિત્ ચિંતવન કરું છું :

શ્રીજીમહારાજે લીલા કિનખાપનો(જરી ભરેલ રેશમી કાપડનો) સુરવાળ હીરની નાડીએ સહિત પહેર્યો છે. સુંદર ધોળું અંગરખું પહેર્યું છે ને માથે ભારે સોનેરી રેંટો બાંધ્યો છે ને એક કસુંબી રેંટે કમર કસી છે. એક લીલા સેલે કરીને પાંગોઠી વાળી છે[૧]. અલંકારની વિગત જે, ઉર મધ્યે ઊતરી ને સોનાદોરા, મોતીમાળા, જવમાળા, મોહનમાળા, પરવાળા(લાલ રંગના ચળકતા મણિઓ) ને સોનાના પારે સહિત માળા ને હીરાકંઠી; ને કંઠને વિષે કાંઠલો બેવડો પહેર્યો છે. ને કર મધ્યે આંટાળાં વાઘમોરા કનકનાં કડાં, બાજુબંધ, પોંચી, વેઢ ને વીંટી તેમાં નંગ, હીરા, પિરોજા ને એક સફેદ હીરો જડેલો છે, તે સૂર્ય ને ચંદ્રના જેવો પ્રકાશને કરે છે. ને ભાલને વિષે કેસર-ચંદનની અર્ચા કરી છે. મસ્તકે મલ્લિકાદિકના હાર ને તોરા ઝૂકી રહ્યા છે. ને ઘણાક હરિજન ને મુક્તાનંદસ્વામી આદિક વીંટળાઈને બેઠા છે.

તે સમામાં દ્વારપાલ કરીમભાઈએ આવીને મહારાજને હાથ જોડીને કહ્યું જે, "હે મહારાજ ! અમદાવાદથી બે સરકારી અસ્વાર ને ચોબદાર કુબેરસિંગ આવ્યા છે, તેમને આવવા દઉં ?" ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "ચોબદારને પ્રથમથી આવવા દો." ત્યારે કુબેરસિંગે આવીને દંડવત્ પ્રણામ કર્યા. મહારાજ તેમને મળ્યા ને સર્વ સમાચાર પૂછ્યા. ત્યારે જેમ શહેર મધ્યે પૂર્વે વાત થઈ હતી, તે સર્વે કહી દેખાડી. અને

૧.કમરથી ઢીંચણ સુધી સુરવાળ ઢંકાય તેમ ભેટ બાંધી છે.

પત્ર આપતાં કહ્યું જે, "લ્યો, આ સરકારનો પત્ર, તમ ઉપર લખ્યો છે. ને તમને તેડવા તેમના હજૂરી અસ્વાર ને અમને હરિજનને મોકલ્યા છે. ને તમારા ઉપર એરણ સાહેબ ઘણાક રાજી થઈને બોલ્યા છે જે, 'તમારો સર્વે શુભ સમાજ લઈને વહેલા પધારજો."

ત્યારે શ્રીજીમહારાજે અમદાવાદથી આવેલ સર્વે હરિજન ને તે અસ્વારને તેડાવીને, દર્શને કરીને, વળી મધુર વચને કરીને અને મિષ્ટ અન્ન જમાડીને ત્રપ્તિને પમાડ્યા.

શ્રીજીમહારાજે ગઢપુર નિવાસી સર્વે જન જે ઉત્તમ નરેશ આદિક કાઠી અસવાર તથા ગરાસિયા આદિક ને મુનીન્દ્ર જે મુક્તાનંદસ્વામી આદિક સંતજન, ને ભગુજી આદિક જે બરકમદાર તે સર્વે પ્રત્યે તે પત્ર વાંચીને કહ્યું જે, "ઘોડાવાળાને ઘોડાના સાજ સખલાદિક કરાવીને વળી વાજી સજ્જ કરવા જે, મોવડ ને હુલરાદિક અશ્વનાં અલંકાર સજીને તૈયાર થાવું. ને સર્વે દેશ મધ્યે કંકોત્રી લખીને અસ્વાર ફેરવો જે, શ્રીઅમદાવાદે શ્રીજીમહારાજને સરકારે તેડાવ્યા છે, તે સર્વે અસવાર સજ્જ થઈને આવજો. ભારે પલાણ ન હોય તેને અમે રૂપિયા આપી સર્વે સામાન કરાવી આપીશું." એમ લખી મેલ્યું, તે સર્વે દેશના હરિજન આવતા હવા. તે સોરાષ્ટ્ર દેશના નરેશ હીંમતસિંઘજી તથા અનોપસિંઘજી આદિક ઘણાક અસ્વાર આવ્યા. તે પાખર[૧] ને બખ્તર ને મોટી મોટી ઢાલો ને તલવારો ને તોમર(લોખંડનું ભાલું લગાડેલ લાકડી - ભાલો) આદિકને ધારીને આવ્યા. રૈવતાચલની તલાટીના રહેવાસી, તે રાજાના અશ્વ ને અસ્વાર જોઈ નિર્મોહી એવા ભગવાન ને હીંમતસિંઘ નરેશ રાજી કરતા હવા.

ને વળી સાલેમાળ પહાડની તળેટીના રહેવાસી મહા ભક્તરાજ, મહા શૂરવીર અને એક પત્નીવ્રતવાળા એવા જે મોકા ખાચર તે ઘણાક અસવારે વીંટાણા સતા આવ્યા. તેમને જોઈને શ્રીજીમહારાજ રાજી થયા.

૧.લડાઈ વખતે ઘોડાની પીઠ પર રાખવાનું બખ્તર

પછી સર્વે અસ્વાર આવે તેમને ઉત્તમ નરેશ ખાન-પાન ને જોગાણ ને પથારી ને માને કરીને સુખિયા કરતા હતા. તેમ જ, મોટા ભક્ત વીરવ્રતધારી ને શૂરવીર એવા સુરા ખાચર ઘણા મતવાલા ઘોડા ને ઘણાક શસ્ત્રધારી અસ્વાર લઈને આવ્યા છે. તે તુંગભદ્રા સરિતાના કાંઠાના રહેવાસી છે, તે શ્રીજીમહારાજને હાસ્યવિનોદ ને મરમાળે વચને કરીને ઘણુંક રાજી કરતા હતા.

તેમ ગામ કારિયાણી તથા કુંડળ ને સારંગપુર ને રેફડા ને સમઢિયાળા ને ઝીંઝાભદ્ર(ઝીંઝાવદર?) તથા ચુડાસમા આદિક તખત(મુખ્ય) ગાંફના રાજા તે ઘણાક અસવારે વીંટાણા થકા આવીને શ્રીજીમહારાજને નમસ્કાર કરીને રાજી કર્યા. પછી તે સર્વેએ શ્રીજીમહારાજને દંડવત્ પ્રણામ કર્યા. પછી શ્રીજીમહારાજે સર્વનું સ્વાગત કરીને મિષ્ટ ભોજન જમાડી તૃપ્તિ પમાડ્યા. ને અતિ હેતને જણાવતા મહા સુખને પમાડ્યા છે. પછી તેમના સર્વે ઘોડા ને તેના નવીન સાજ જોઈને મહારાજ ઘણા રાજી થયા. ને કોઈ દુર્બળ મનુષ્ય હોય તેને ઘોડાના સાજ ને મનુષ્યને નવીન વસ્ત્ર અપાવતા હતા.

અને સર્વે હરિજનને પોતાની ભેગા શ્રીનગર સોઢાડવાની(લઈ જવાની) ઘણીક મરજી છે. ને પોતે ઘણા રાજીપાથી સમૈયે જાવું તેના ઉદ્યમમાં બહુ તત્પર છે. વળી ઉત્તમ રાજાને તથા સોમલા ખાચરને તથા સુરા ખાચરને તથા પાળા ભગુજી આદિકને મહારાજે પૂછ્યું જે, “આપણે બરકમદાર પાળા કેટલા છે ?” ત્યારે તેમણે કહ્યું જે, “હે મહારાજ ! હાલ બરકમદાર તો સો-દોઢસોને આસરે છે. પછી તો આગળ જાતાં વધે તે ખરા.” ત્યારે શ્રીજી મહારાજે તે સર્વે પ્રત્યે કહ્યું જે, “અમારે બીજા પોણોસો બરકમદાર તથા સો લેખદાર રાખવા છે.” ત્યારે સર્વે બોલ્યા જે, “હે મહારાજ ! તમારા હુકમ પ્રમાણે હાલ તૈયાર લાવીને હાજર છે.”

તેમ કહીને મરુ દેશના મહા શૂરવીર ક્ષત્રીને તેડાવ્યા. તેમણે તેમનાં બંદૂકું ને સાજ સખલાદિ કમરે બાંધ્યાં છે, ને આવીને શ્રીજીમહારાજની સભા પ્રત્યે ઊભા રહીને મહારાજને સર્વેએ બેઉ હાથ જોડીને નમસ્કાર કર્યા. ત્યારે શ્રીજીમહારાજે તેમને કહ્યું જે, “અમને સરકારે તેડાવ્યા છે, તે અમે અમદાવાદ જઈએ છીએ. તે અમારી નોકરી કરશો ?” ત્યારે તેમણે કહ્યું જે, “હે મહારાજ ! અમારાં મોટાં ભાગ્ય થયાં જે અમે તમારા ચાકર કહેવાઈએ ! અમે રહીશું.”

ત્યારે તેમની નોકરીના પગારની બોલી કરીને ઠક્કર લાધા તથા ઠક્કર હરજીએ નામ નિશાની(અંગૂઠાની છાપ) સોતો લેખ કરી લીધો ને તેમને કરી દીધો. પછી તેમની પાસે નિશાન માંડી પડાવ્યું. એમ તેમની પરીક્ષા લઈને લેખદાર તરીકે રાખ્યા. ને તેમના જમાદાર મલુજી ચૌહાણને પોતે માથે બાંધ્યું હતું, તે કસુંબી રંગનું ભારે સેલું આપ્યું.

અને મહારાજ રાજી થઈને તેમને આ વચન બોલ્યા જે, “તમે સારા મનુષ્ય છો. તમારા દેશ મધ્યે દુર્ભિક્ષ વરસ આવ્યાં, તેથી તમે આંહીં આવ્યા ને ગઢડા મધ્યે રહો છો. તે અન્નવસ્ત્રે કરી દુઃખી દેખીને અમને ઘણી દયા આવી છે. તે સારુ તમને રસરોટલી ને મોદક આદિ ભોજન જમાડીને રાતઅંધા છો, તે દેખતા કરવા છે. પણ અમારે કોઈ સાથે લડાઈ કરાવવી નથી, એમ જાણજો.”

ત્યારે તેમણે કહ્યું જે, “હે ગરીબનવાજ ! ભાંગ્યાના ભેરુ ! આવા કઠણ સમાને વિષે તમ વિના બીજો કોણ અમારી ખબર રાખે ? તમે તો ઈશ્વર છો ને અંતરની જાણો એવા છો.” ત્યારે શ્રીજી મહારાજે તેમના જમાદારને એમ કહ્યું જે, “જેને હથિયાર મધ્યે ખોટ હોય ને વસ્ત્ર ફાટી ગયાં હોય તેને નવાં કરાવો, તેના રૂપિયા અમે અપાવશું, પણ સજ્જ થઈને ચાલવું, એમ રાખજો.” ત્યારે તેઓ તે પ્રકારે રચના કરતા હતા. પછી સર્વે જે અસવાર આવ્યા છે, તેમને પણ પોતે હથિયાર, વસ્ત્ર ને ઘોડાના સામાનાદિક સજ્જ કરાવતા હતા.

શ્રીજીમહારાજનો રોઝો ઘોડો ગલદાર(રાતા રંગવાળો) ને ઘણોક રૂડો ને ઊંચો ને શીલવંત ને શ્રીજીમહારાજની મરજીમાં વર્તનારો એવો છે. તેણે કરીને શ્રીજીમહારાજને પ્રિય લાગ્યો છે. તેને દિન અને રાત્રિ થઈને મણ એક દૂધ ને સાકર પાઈ ઘણોક મતવાલો કર્યો છે. પણ ઘોડીઓ દેખીને કામભાવે કરીને હાવલાંને ન કરે(ફાંફાં-વલખાં ન મારે), એવો નિર્વિકારી છે. વળી ઘણાંક મનુષ્યની ભીડને સહન કરે એવો છે. ને ઉપમાએ કરીને તો ગરુડ જેવો કહેવાય તેવો છે. જેની ઉપર પૂર્ણ પુરુષોત્તમ રાજી થયા થકા તેને નિત્યે દર્શન દે છે, ને પોતાના બેઉ હાથ તેના વાંસા ઉપરે ફેરવે. ને જેનાં દર્શન બ્રહ્માદિકને, ધૂર્જટીને તથા મોટા મુનીન્દ્રને દુર્લભ છે, તેવા મહારાજ તેને નિત્યે દર્શન આપતા હતા.

પછી શ્રીજીમહારાજે ઘણુંક રાજીપેથી ચાલ્યાનું મુહૂર્ત ભટ્ટ મયારામ પાસે જોવરાવ્યું. ત્યારે તેમણે તિથિપત્ર કાઢીને શુભ ચંદ્ર ને શુભ વાર ને શુભ તિથિ ને નક્ષત્ર ને સોમવારે (મુહૂર્ત આવ્યું ત્યારે) શ્રીજીમહારાજે ભટ્ટજીને એમ કહ્યું જે, “અમારું નામ નારાયણ છે. તે અમારી વૃશ્ચિક રાશી થઈ, તેમ તે નામે શુભ મુહૂર્ત કાઢો.” ત્યારે ભટ્ટજીએ પાટલો મંગાવીને તેને મધ્યે કુંકુમની ઝીકાલી નાખી(કુંડળી માટે ઊભી આડી લીટીઓ કરીને) ગણિત કરીને તે મધ્યે અંક મેલીને બોલ્યા જે, “હે કૃપાનાથ ! કાલના દિવસે શુભ મુરત છે. ને સન્મુખ ચંદ્ર છે ને હવે સર્વના કારણ તમને કોણ ગ્રહ પીડે એવો છે ? તમે તો સર્વેના સ્વામી છો, પણ આ એક તમારી લીલા છે.” એમ કહીને ભટ્ટે મુહૂર્ત કહ્યું.

ત્યારે મહારાજે સર્વે જન પ્રત્યે કહ્યું જે, “કાલે પ્રભાતે તૈયાર થાજો, આપણે સહુને ચાલવું છે.” એમ મહારાજે કહ્યું, ત્યારે સર્વે રાજી થઈને કહ્યું જે, “ઠીક મહારાજ.” પછી સર્વે નમસ્કાર કરીને પોતે પોતાને ઉતારે જઈને ચાલ્યાનો ઉદ્યોગ(તૈયારી) કરતા હતા.

શ્રીજીમહારાજ પોઢીને વહેલા ઊઠ્યા. ને પોતે મનસૂબો ધાર્યો હોય, ત્યારે સત્યસંકલ્પ એવા જે મહારાજ તે નિંદ્રાને પોતાને સમીપ આવવા દે નહિ; ને પોતે જે વાત ધારી હોય તે સિદ્ધ થયે રહે; એવો શ્રીજીમહારાજનો સ્વભાવ છે. પછી રાત પાછલી પહોર બાકી રહી ત્યારે જાગ્યા. ને દંતધાવન કરીને સ્નાનવિધિ ને પૂજાવિધિ કરીને ચોપદારને કહ્યું જે, "સર્વે અસવારને, પાળાને અને સર્વે હરિજનને એમ કહો, સાબદાઈ કરે." ત્યારે તેણે કહ્યું, તેથી સર્વે સાબદાઈ કરતા હતા.

હવે શ્રીજીમહારાજે જે વસ્ત્ર ને અલંકારો ધાર્યા છે, તેનું ચિંતવન કરું છું; તે તો વિશેષ કહેવાશે. રાતા કિનખાપનો સુરવાલ; તેમાં હીરની નાડી તે જાળી પાડીને ગૂંથેલી, તે મધ્યે જરિયાની ફૂમકા ને બોર; ને વળી નીલી કિનખાપની ડગલી પહેરી છે. અને ઘણાંક મૂલવાળો ભારે રેંટો(ફેંટો) તેમાં ઘણાં કસુંબે કરીને રંગચોળ(ઘાટા રંગે રંગેલું) છે એવું જરિયાની મંડીલ[૧] તે મધ્યે છોગું મોટું મેલ્યું છે. તેમ કમરે એક કસુંબી રેંટો ચોગઠ પાડીને બાંધ્યો છે, ને એક જરિયાની નીલું શેલું ખંભે નાંખ્યું છે. અને હવે હેમના અલંકારને કહેવાશે : કંઠ મધ્યે હેમની ઊતરી ને સોનાના દોરા, મોતીની માળા માંહી પરવાળા ને હેમના પારા, જવમાળા, મોહનમાળા, હીરાકંઠી ને ઘણોક જાડો ને બેવડો સોનાનો કાંઠલો પહેર્યો છે. ને કર મધ્યે વાંકડા વાઘમોરાવાળાં કનકનાં કડાં, સોનાનાં સાંકળાં ને બાજુબંધ આદિક ભુજના ઘણાક અલંકારને શોભાડતા થકા વિરાજમાન હતા. બેઉ કરની દસે આંગળીએ વેઢ ને વીંટીઓ પેર્યાં છે. તેમાં નંગ ને હીરા પિરોજા જડ્યા છે. તે મધ્યે એક શ્વેત હીરો જડેલો છે, તે રવિ અને શશીને લજ્જા પમાડતો હતો.

❁ શ્રીહરિના રોઝા ઘોડાની અદ્‌ભુત શોભા

અને હવે શ્રીજીમહારાજના ઘોડાના અલંકારની શોભાને લખું છું.

૧.પાઘના છેડા સાથે જે બીજું ચમકદાર કાપડ રાખીને બે-ત્રણ આંટા શોભા માટે બાંધવામાં આવે છે, તેને મંડીલ કહેવાય છે.


તે રોઝો ઘોડો ગલદાર(રાતો) સર્વે અશ્વ થકી ઊંચો, ઘણોક રૂપદાર ને શીલવંત છે. તે ઉપરે દળી, તે ઉપરે રૂપદળી સખલાદિ, તે ઉપરે ખોગીર(ઉનની ગાદી - જીન) સખલાદિ, તે ઉપરે ઘણાંક ભરત ભુજ બુટ્ટાના ભરેલા, ને શોભાની ખાણી એવી શોભાવાળી ગોદડી સખલાદી છે. તે ઉપરે નવા નગરનો સોનેરી કાંઠો(લાકડાનું બેઠક માટેનું કાંઠું) ને મધ્યે ઘણાક ચિત્રાદિકના મોર છે, તે સત્ય પ્રતીતિને કરાવે છે. ભૂજનો રહેવાસી સોની ભોજો મૂઠથલો હરિજન તેણે હેતે કરીને તેનું કામ કર્યું છે. તે શોભાની ખાણ છે. ને તે ઉપરે પાતાડ[૧] રેશમનો ને તંગી(ચામડાનો પટ્ટો) સખલાદિ, ને તે મધ્યે હેમનાં ત્રણ કડાં શોભે છે. ને છોટા સખલાદિ પેગડાં હેમનાં તે મધ્યે કમળસારની કડીઓ ને સૂયા તે પણ હેમનાં છે. ને વાંસે ડૂમચી સખલાદિ છે, તેમાં હેમનાં મોટાં મોટાં બોર જડ્યાં છે. ને ઉર મધ્યે તાવીજ, માદળિયાં, હુલર ને સોનાનાં સાંકળાં આદિક ઉરની શોભા છે. હવે મોવડની શોભા જે, તેમાં હેમનાં ચકદાં જડ્યાં છે ને હેમની કોડીઓની બેઉ કોરે પંક્તિઓ ઘણીક શોભાયે કરી શોભે છે. ને રેશમની વાઘે(મોઢાથી કાન સુધીનો ગૂંથેલો પટ્ટો) ચોકડું છે, ને તે ઉપરે હેમનો મોર છે, તે તો સત્ય પ્રતીતિને જ કરાવે છે. ને કોટિયું[૨] રેશમનું જરિયાની સહિત તે તેસક તેવી જ છે ને મોતીએ ગૂંથેલી છે. ને જમણા પગમાં ભારે, જાડાં ને પહોળાં ઝાંઝર છે, તેમાં ઝીણી ઘૂઘરીનો ઝણકાર થાય છે. ને વળી એ ઘોડો મહા શોભાયમાન છે.

નાન ખાચરે તે ઘોડો લાવીને તૈયાર કર્યો. તારે પ્રથમ કહી છે એવી શોભાને ધરતા થકા શ્રીજી મહારાજ ઘોડા ઉપરે ચડ્યા. ને પછી ઘણાક અસ્વારને ને પ્યાદાને(પદાતીને) શોભાડતા થકા દુર્ગપુરેથી નીકળે છે. તે સમાને વિષે ઘણાક વિપ્ર વેદની ધૂનીને કરે છે ને ઘણાક બંદીજન(રાજાની

૧.ઘોડી કે ઘોડો ઝાડ ન થાય તે માટે તેને મોઢા નીચેથી પગ સુધી બંધાતો પટ્ટો
૨.ઘોડાને ગળે બાંધવામાં આવતું સુતરનું દોરડું

સ્તુતિ કરનારા ચારણ લોકો) ગાનતાનને[૧] કરે છે. ને તેદી મહોચ્છવે કરી ઘણુંક દિનેશ મધ્યે તેજ ને વળી શાંત થકા શોભે છે. તે દિવસે મહારાજનો ઘણો રાજીપો હતો, એણે કરી સર્વે બ્રહ્માંડ મધ્યે રાજીપો(આનંદ) વર્તતો હતો. ને તે દિવસે **શ્રીકારિયાણી** મધ્યે વસ્તા ખાચર ને પટેલ રાઘવને ઘેર મહારાજ સંઘે સહિત મહેમાન થયા. તેમણે પાકી રસોઈ આપીને રૂડી પેઠે મહેમાનગતિ કરી. એવા મહેમાન ક્યાંથી મળે !

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ શ્રીનગર જવા માટે તૈયારી કરી' એ નામે ત્રીજું પ્રકરણ ।।૩।।



પ્રકરણ - ૪

ગઢપુરથી વિચરણ કરતાં શ્રીહરિ જેતલપુર પધાર્યા

અને પ્રભાતે વહેલા ઊઠ્યા (ને કારિયાણીથી નીકળ્યા), તે ગામ **રોઝકે** પડાવ કર્યો. ત્યાંના હરિજને સર્વે સંઘને પાકી રસોઈ આપી. ને શ્રીજીમહારાજનો થાળ **વિપ્ર જગા ત્રિવાડીને** ઘેર કર્યો હતો. તેની ઓસરી મધ્યે ઓત્રાદે મુખે બેસીને જમ્યા. પછી તે સર્વે હરિજને ખડ-જોગાણ ને પથારીએ કરીને બહુ સન્માન કર્યું. પછી મહારાજે ઘણાંક કીર્તન બોલાવ્યાં. ને સર્વે જનને પોતે વાત કરીને ઘણુંક રાજી કર્યા. અને ત્યાંના **નરેશ કાકાભાઈ** ને માનાભાઈ ને મસરુ ને માવ ને શિવાદિક ને રૂગનાથ ને ગઢવી ગજાદિક ભેળા સોઢા(ચાલ્યા) છે.

મહારાજ પ્રભાતે વહેલા ઊઠ્યા. તે ઘણાક મનુષ્યે વીંટાણા થકા સર્વે સંઘને શોભાડતા થકા ચાલ્યા તે ગામ **શ્રીબળોલ** મધ્યે તળાવની પાળ હેઠે પડાવ કર્યો. તે ગામના હરિજન ચાવડા વીરા ને દેવાજી ને

૧.વાજિંત્ર સહિત ઉત્સાહથી તાનપૂર્વક ગાવણું

ગઢવી ભગવાનદાસ તે દીક્ષા લઈને દેવાનંદ કવિ થયા, તે સર્વે મળીને મહારાજ આગળ આવીને કહ્યું જે, "તમે ને આ સર્વે સંઘ તે અમારા મહેમાન છો."

ત્યારે મહારાજે કહ્યું જે, "અમે ઘણાંક મનુષ્ય છીએ, તે અમારી ગાંઠનું ખરચ કરી ખાધાનું કરાવશું." ત્યારે તે સર્વે હરિજને કહ્યું જે, "હે મહારાજ ! તમ જેવા મહેમાન અમને ક્યાંથી મળશે ! આજનો દિવસ તો અમારે સોનાનો સૂરજ ઊગ્યો જે તમારાં દર્શને કરીને અમારી અનેક જન્મની ખામી ભાંગી છે." એમ કહીને હાથ જોડી કરગરી પ્રાર્થના કરી. ત્યારે ભક્તવત્સલ એવા મહારાજે હા પાડી.

પછી મોટા મોટા ચરુ લાવીને વિપ્ર પાસે તરધારો કંસાર(તરધારી - ફાડા લાપસી) કરાવ્યો. પ્રથમ પોતે વૈષ્ણવાનંદજી ને નિર્ગુણાનંદજીએ થાળ કર્યો હતો તે જમ્યા. જમીને વિપ્રે બનાવેલ કંસારમાં ઘણુંક ઘૃત નાંખીને સર્વે સંઘના લોકને પોતે પીરસીને જમાડ્યા. ને સર્વેને તૃપ્તિને પમાડીને પોઢી રહ્યા.

❁ ધોળકામાં દૃઢ નિષ્ઠાવાન અવલબાઈનો થાળ જમ્યા

પછી પ્રાતઃકાળે ચાલ્યા તે ગામ **શ્રીધોળકા**ના પાદરે આવ્યા. ત્યારે તે ગામ મધ્યે હરિજન અવલબાઈ તે વજાની માતા, તેણે સાંભળ્યું જે, 'શ્રીજીમહારાજ ગામની ભાગોળે પધાર્યા છે.' તે આતુર થકી દોડી. તેની કેડ મધ્યે વજો નાનો બાળ છે, ને વળી મોટા કુમાસદારની(મહેસૂલી અમલદારની) સ્ત્રી છે. તે લોકલાજ મેલી શ્રીજીમહારાજના ઘોડાની વાગ(લગામ) ઝાલીને એમ બોલી જે, "હવે ક્યાં જાશો ?" ત્યારે મહારાજે કહ્યું જે, "તારો પતિ કુસંગી છે, તે સારુ અમે નહીં રહીએ."

ત્યારે તે બાઈ બોલી જે, "એવા તો અનેક પતિ ચોરાસીમાં કર્યા હશે. અને હે મહારાજ ! મારા જનમ સંગાથી ! અંતકાળના બેલી ! તમ જેવા મહેમાન મને ક્યાંથી મળે ? તમે સંઘ સહિત આજ મારા

મહેમાન છો.” ત્યારે તેનો ભક્તિભાવ જોઈને એક ફૂલવાડી મધ્યે મહાદેવનું મંદિર હતું, ત્યાં મહારાજે પડાવ કર્યો.

ત્યારે તેનો ગોર ને તેનો વાણોત્ર(વાણોતર; મુનીમ) તેને તેડી, ગાડા મધ્યે લોટ, ચોખા, દાળ, ઘૃત, મિસરી, વૈંતાકાદિક ઘણાશાક, મીઠું ને હવેજાદિક, પડિયા ને પનવાડાં(પતરાવળાં) આદિ હાલ(તરત) પોતાડ્યાં. વિપ્રે ઘણાક તળેલા મોદક કર્યા.

અને શ્રીજીમહારાજના થાળમાં વૈષ્ણવાનંદજી ને નિર્ગુણાનંદજીએ સાકરનો સુંદર શીરો, પૂરી, બિરંજ, દૂધપાક, સાકરના લાડુ, વેડમીનાં(એક પ્રકારની ભાજીનાં) ભજિયાં, વંતાકનું ભરથું ને બાજરાની કૂણી બાટીઓ ને બીજાં ઘણાંક શાક બનાવ્યાં છે. ને આદુ ને કોથમીર ને ફૂદીનો ને જીરૂ આદિક રૂડી ચટણીનો સામાન તેણે કરીને સુંદર ચટણી બનાવી છે. તે વૈષ્ણવાનંદજીની કરેલી ચટણી શ્રીજીમહારાજ વખાણીને જમતા.

પછી શ્રીજીમહારાજ પ્રથમ જમવા બેઠા, તે સર્વે ભોજન વખાણતા જાય છે ને જમતાં જાય છે. ને ગામની હરિજન બાઈઓ ‘***જમો થાળ જીવન જાઉં વારી***’ એ આદિક થાળનાં પદ ગાય છે. ત્યારે મહારાજ જમતાં થકા ને મંદમંદ હસતાં થકા જે બાઈયે રસોઈ આપી છે, તેને કહ્યું જે, “તારા પતિને પૂછ્યા વિના અમને રસોઈ આપી તેમાં ઘણુંક ખરચ થયું હશે. ત્યારે તે તને વઢીને કાઢી મૂકશે તો કેમ કરીશ ?”

ત્યારે તે બાઈયે મહારાજ પ્રત્યે એમ કહ્યું જે, “હે મહારાજ ! મારા પિતાનો (પરિવાર) નિર્વંશ થયો, તેના રૂપિયા ચાર હજાર મને અપાવ્યા. તે મારા રૂપિયા તે તો તમારા જ કહેવાય. માટે હે ધર્મધુર ! એમાં મને એ શું વઢશે ? તે વૈષ્ણવ છે ને હું તમારી સત્સંગી છું. તેમાં તમો ભગવાન છો, તે શું બીક રાખો છો ?”

ત્યારે તેને મહારાજે કહ્યું જે, “ન્યાય-ધર્મ તો ભગવાન હોય તે રાખે ને રખાવે એમ છે.” પછી શ્રીજીમહારાજ જમીને ચળુ કરીને

મુખવાસ, પાનની બીડી જમ્યા. ને પછી સંઘના મનુષ્યને પોતે પીરસીને જમાડતા હતા. સર્વે જમી રહ્યા ત્યારે આઠ મણ લાડુનો વધારો રહ્યો. ત્યારે મહારાજે એમ કહ્યું જે, "રહેવા દો, હમણાં કોઈ હરિજન આવશે ખરા, તેમને જમાડશું."

એટલાકમાં ઝાલાવાડ દેશનો સંઘ આવ્યો. સંઘના મુખિયા ઝાલા કાકાભાઈ ને પૂજાભાઈ ને વિપ્ર ગોવિંદરામ ને શાહ મુળજી ને ભટ્ટ શિવરામ ને અગ્નિહોત્રી જાની શિવભાઈ આદિક મનુષ્ય તથા ઘણાક શસ્ત્રધારી ને અસ્વારે, આવીને મહારાજને દંડવત ને નમસ્કાર કર્યા. તેમને મહારાજે સ્વાગત(સુખ-શાંતિના સમાચાર) પૂછીને જમાડ્યા. પછી જોગાણ ને ઘાસ ઘણાં અપાવ્યાં. ને પથારી પાણીયે કરી સુખાસને સહુ બેઠા. ત્યારે શ્રીજીમહારાજ ઢોલિયા ઉપર ઊભા થઈને બોલ્યા જે, "સહુનો સામાન ને ઘોડા ને હથિયાર આદિક હરેક વસ્તુને સાચવજો. ને ખબડદાર ! સર્વે બરકમદાર ખડાંગ(સાવધાન-જાગ્રત થઈને ઊભા ઊભા) ચોકી ભરજો, ને આ રસોઈવાળાનાં વાસણ ને સામાન સાચવજો." એમ કહીને શ્રીજીમહારાજ ઘણીકવાર સુધી વાત કરીને પોઢી ગયા.

પછી રાત પાછલી ચાર ઘટી બાકી રહી, ત્યારે શ્રીજીમહારાજ ઊઠ્યા ને ચાલવાની તૈયારી કરાવતા હતા. અને કહ્યું જે, "સંત તથા હરિજન ને પાળા બરકમદાર સહિત જેતલપુરને માર્ગે ચાલવા માંડો ને અસવાર માત્ર અમ ભેગા રહો. તે આ રસોઈવાળાનાં વાસણ આદિક સામાન ગામ મધ્યે પૂગડાવીને અમે તમને આપડી લેશું(ભેળા થઈ જશું)."

❁ જેતલપુરમાં ગંગાબાનો વિવિધ વાનગીઓનો થાળ જમ્યા

ત્યારે સર્વે ચાલતા થયા, અને મહારાજ તેનો સર્વે સામાન ઘેર પહોંચાડીને ચાલ્યા, તે ગાઉ પાંચ માથે તેમની ભેળા થયા. પછી નાહીધોઈને ટીમણ કરીને **શ્રીજેતલપુર**ને વિષે પધાર્યા. ત્યારે ત્યાંના

હરિજન આસજી ને જીવણદાસ ને ગંગાબાઈ આદિક રાજી થયા. ને સર્વે સંઘને સારુ તળેલા લાડુ વિપ્ર પાસે કરાવ્યા.

અને ગંગામાએ શ્રીજીમહારાજનો ભારે થાળ તે ન ભૂતો ન ભવિષ્યતિ કર્યો. તે થાળ મધ્યે જે જમ્યાની જણસો હતી, તેનાં નામ છે : દૂધપાક, પૂરી, બિરંજ, હરીસો, પૂડલા બે પ્રકારના, મેંદાની રોટલી, પૂરણપોળી તે ઘી મધ્યે બોળેલી, સાકરનો શીરો, અજમાનાં ભજિયાં, સાકરનું ચૂરમું, લાપસી, પોળી, પકવાન જે જલેબી, સાટા બે પ્રકારના, ઘેબર, મોતીચૂર, નાળિયેરપાક, ગુંદરપાક, ગણગણ, ગુંદવડાં, સકરપારા, સેવદલ, સૂતરફેણી આદિક ઘણાંક પકવાન.

ને શાકનાં નામ : વંતાક, વાલોળ, તૂરિયાં, સાકરકોળું, પરવળ, કારેલાં, કંકોડાં, મેથીની ભાજી, મોગરી, મૂળા, કેળાં, સૂરણ, સકરકંદ, ભીંડાની ફળીઓ, ચોળા ને ગુવારની ફળીઓ, ટાંકો ને તાંજળિયાની ભાજી. ને કેળાનાં રાઈતાં, કઢી, વડી, કળી ને ગાંઠિયાનાં શાકાદિક ઘણાંક છે. ને તુવેરની દાળ, મસુરની દાળ, અડદની દાળ, મોઘરની દાળ ને મગ આદિકની ઘણીક દાળો છે. આવાં પકવાન, શાકાદિક ભોજન તૈયાર કર્યાં.

પછી મહારાજ પોતે સ્વચ્છ થઈને જમવા બેઠા. અને પીરસ્યું ત્યારે જમતા હતા. ઘણાક કટોરાની હાર મધ્યે શાક ને ઘણાક થાળ મધ્યે ભોજન ને પકવાન જે પૂરવે ગણ્યાં, તે સર્વે વખાણતા જાય છે ને જમતા જાય છે ને જળ પીતા જાય છે. તેમ ઘણીકવારે જમી રહ્યા. પછી બ્રહ્મચારીએ ચળું કરાવ્યું. ને પછી મુખવાસ ને પાનબીડી જમીને સંત ને હરિજનને જમાડવા સારુ ગામ મધ્યે પધારતા હતા.

તે ગાતા ને ઉચ્છવ કરતા ને મુકુંદ બ્રહ્મચારીની મોટી દાઢીની મધ્યે પુષ્પના બે તોરા બાંધીને, તેમને પાછે પગે ચલાવીને, તેમની સામા શ્રીજીમહારાજ ગાવતા હતા. તેમ હાસ્યવિનોદને કરતે ગામ મધ્યે પધાર્યા.

પછી પાળા આદિને પોતે પીરસીને જમાડ્યા. પછી પોતે તળાવની પાળ હેઠે મારગ મધ્યે પડાવ કર્યો હતો, ત્યાં ઢોલિયો ઢળાવીને બેઠા છે.

❁ જેતલપુરમાં બ્રાહ્મણને વળગેલ બ્રહ્મરાક્ષસનો મોક્ષ કર્યો

તે સમામાં એક બ્રાહ્મણને ભણેલો બ્રહ્મરાક્ષસ વળગ્યો હતો, તે બ્રાહ્મણને મહાકષ્ટને કરતો હતો. તે બ્રાહ્મણની બહેન મહારાજની ભક્ત હતી. તેણે પોતાના ભાઈને દોરીને, મહારાજ આગળે લાવી ઊભો રાખ્યો. ને બેઉ હાથ જોડીને બોલી જે, "હે મહારાજ ! ગૌબ્રાહ્મણના પ્રતિપાળ ! હે ગરીબનવાજ ! તમારે શરણે આવે તેનાં સર્વે કષ્ટના હરનાર ! આ મારા ભાઈને એક બ્રહ્મરાક્ષસ વળગ્યો છે, તે તેને મારી નાંખશે. તે સારુ મેં તમારા સમીપે પમાડ્યો છે, ને મારે તો તમ વિના બીજા કોઈનો આશરો નથી."

ત્યારે મહારાજે તે વિપ્રને કહ્યું જે, "તું કોણ છે ? ને આને કેમ વળગ્યો છું ? હાં શીઘ્ર બોલ્ય !" ત્યારે તે ઘણી ઘુઘવાટી(ઘાંટો; બરાડો) કરીને બોલ્યો જે, "હું તો ભણેલો ભૂત છું. અને નાસ્તિક ને શુષ્કવેદાંતી હતો ને વિષ્ણુથી વિમુખ હતો. ને સત્શાસ્ત્ર ને શ્રુતિ ને સંતનો વિરોધી હતો ને ઘણોક ખળ હતો. એવામાં મહાજોરાવર જે કાળ, તેણે કરીને મૃત્યુને પામ્યો. તે પાપે કરીને મહાઘોર બ્રહ્મરાક્ષસની દુષ્ટ યોનીને પામ્યો છું. તે એક રાણ્યના વૃક્ષ મધ્યે તેના પોલાણમાં હું રહેતો હતો. ત્યાં આ બ્રાહ્મણે બળતણ સારુ કુહાડાના ઘા કર્યા, તેથી હું ખિજાઈને તેને વળગ્યો છું. ને તેનો જીવ લઈને જ જાઈશ."

ત્યારે શ્રીજીમહારાજે તેના પ્રત્યે એમ કહ્યું જે, "તારો શું ભાર છે ? અમારી સમીપે આવ્યો એવો જે, તે વિપ્ર તેને તું મૂકી દે, ને આ અમારી પાસે આવ વા અમારી સંતસભામાં આવ, ને તેને મૂક." ત્યારે તે બોલ્યો જે, "તમારી સભાથી હું બળું છું. તમારા સંત ઘણાક ત્યાગી ને તપસ્વી છે ને ઇન્દ્રિયજીત છે. ત્યાં મારું જોર નથી ચાલતું, તે કેમ અવાય ?"

અને રાત્રી ડોઢ પો'ર ગઈ હતી, ને નિશા ઘણીક અંધિયારી હતી. ને શ્રીજીમહારાજ આગળ મશાલો ઘણી પ્રગટી હતી. ને શ્રીજીમહારાજે જરિયાની વસ્ત્ર પહેર્યાં હતાં ને પોતે ઓતરાદે મુખે બિરાજતા હતા. ને સભા સર્વે મહારાજની સમીપે દક્ષિણાદે મોઢે બેઠી હતી. ને બાઈઓની સભા મહારાજને જમણે પડખે બેઠી હતી.

ત્યારે મહારાજે તે ભૂતને કહ્યું જે, "તું કોનામાં આવીશ ?" ત્યારે તે બોલ્યો જે, "આ બાઈઓની સભા મધ્યે કોઈ ધર્મમાં ગોબરી હોય તો તેમાં તમે કહો તો હું પ્રવેશ કરું." ત્યારે મહારાજે કહ્યું જે, "હે બાઈઓ, આ વાત સાંભળો." તારે બાઈઓ ઊભી થઈને હાથ જોડીને ભયને પામીને બોલી જે, "હે મહારાજ ! અમે સર્વે તમારાં આપેલાં વર્તમાન બરોબર પાળીશું. આ ભૂત ને જમપુરીના દુઃખથી તમે અમારી રક્ષા કરજો." ત્યારે શ્રીજીમહારાજે સર્વે જન પ્રત્યે એમ કહ્યું જે, "પંચ વર્તમાન દ્રઢ કરીને પાળજો ને હું તમારી સર્વે દુઃખ માત્રથી રક્ષા કરીશ."

એમ કહીને પછી તે ભૂતને મહારાજે એમ કહ્યું જે, "તું આ બ્રાહ્મણને મૂકી દે." ત્યારે તે ભૂત બોલ્યો જે, **"હે મહારાજ ! તમે સર્વે અવતારના અવતારી છો, ને સર્વે જીવના કલ્યાણકારી છો. હે અધમોદ્ધારણ ! હું તમારે સમીપે આવ્યો, તે મારાં સર્વે પાપ બળી ગયાં. તે તમે મારો મોક્ષ નહીં કરો, ત્યારે બીજો કોણ કરવા સમર્થ છે ? તમ વિના બીજો કોઈ નથી."** એમ તે બોલ્યો. ત્યારે મહારાજને દયા આવી તેથી તેને વર્તમાન ધરાવીને કહ્યું જે, "તું બદ્રિકાશ્રમ મધ્યે જા ને તપ કર." ત્યારે તે મહારાજની આજ્ઞા શીશ ધરીને બદ્રિકાશ્રમ પ્રત્યે ગયો. તેમ તે સમે તેનો મોક્ષ કર્યો.

હવે તે સમે શ્રીનગર મધ્યે સર્વે મતવાદી કુસંગી લોક સાહેબ આગે ચાડી કરી બોલ્યા જે, "હે સાહેબ ! તમે મહારાજને તેડાવ્યા છે, તે ભેગા દસ હજાર મકરાણી[૧] આરબ છે, તે તમારું શહેર હાલ લેશે ?

૧.સિંધની વાયવ્ય દિશાએ આવેલ મકરાણ દેશના હોવાથી મકરાણી કહેવાય છે.

તેમ તે વાતની તકરાર કરી. તેથી નિશા મધ્યે ચાર જનરલ અશ્વે ચડીને જેતલપુર શ્રીજીમહારાજ પાસે આવ્યા. ને તે વૃત્તાંત શ્રીમહારાજ પ્રત્યે કહ્યું. પછી મહારાજે તેમને સર્વે સંઘ દેખાડી તેમને ખોટા પાડી નાંખ્યા. આમ ઘણોક પ્રતાપને જણાવીને શ્રીજીમહારાજ પોઢી ગયા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'ગઢડેથી વિચરણ કરતાં શ્રીહરિ જેતલપુર પધાર્યા' એ નામે ચોથું પ્રકરણ ॥૪॥





ગઢપુરથી વિચરણ કરતાં શ્રીહરિ જેતલપુર જઈ રહ્યા છે.

પ્રકરણ - ૫

જેતલપુરથી શ્રીહરિ અમદાવાદ પધાર્યા

પ્રાતઃકાળ થયે પોતે નાહીને નિત્યવિધિ કરીને જમ્યા, ને સર્વેને છાશ પાઈ(નાસ્તો કરાવ્યો) ને પછી મહારાજ તૈયાર થયા ને સર્વે અસ્વારો તૈયાર કરાવ્યા. ને સર્વે બરકમદાર તૈયાર કરાવ્યા. તેમ સર્વે સંઘના મનુષ્ય તૈયાર થઈને ચાલ્યા. તે સમાની શોભા કહું છું.

અને શ્રીજીમહારાજે ધોળો સુરવાળ દોવડો(બેવડો) પહેર્યો હતો. તે મધ્યે હીરની નાડી જાળી પાડેલી જરીનાં ફૂમકે સહિત હતી, ને અંગરખું ભારે જગન્નાથીનું(એક જાતના ઝીણા સુતરાઉ કાપડનું) બેવડું પહેર્યું હતું. કટિ ઉપર એક આસમાની રંગનું સેલું સોનાને ખેડા(છેડો) ને કોર(કિનારી) હેમની, એવું તે ચોગઠ પાડીને બાંધ્યું હતું. ને શિર ઉપર શ્વેત મલમલનો, ઘણાંક મૂલ્યવાળો, ભારે ફેંટો છોગું મેલીને બાંધ્યો હતો. તે મધ્યે તોરા બોરસલીના તથા ઘણાક હાર શણગારના(ફૂલ સિવાયની અન્ય વસ્તુનાં) પહેર્યા હતા. ને પુષ્પના બાજુ ને ગજરા ને ગુચ્છ આદિક પુષ્પના અલંકાર આદિકની ઘણીક શોભાને શોભાડતાં થકા શ્રીજેતલપુરથી ચાલ્યા.

તે ઘણાક જને વીંટાણા થકા, જેમ પૂર્ણમાસીનો ચંદ્ર તે જેમ તારામંડળને શોભાડે, તેમ જ શ્રીજીમહારાજ સંત, હરિજન, બાઈઓ, બરકમદાર, અસ્વાર, ઘણાક રથ ને ગાડાં, તે સંઘ સર્વેને શોભાડતા થકા શ્રીજીમહારાજ શ્રીનગર તરફ ચાલ્યા છે. તે સમાની શોભા ને ઉછરંગ તે ન ભૂતો ન ભવિષ્યતિ (એવો હતો). એમ કરતા ગામ **અસલાલીએ** પધાર્યા. તે ગામના પાટીદાર વેણીભાઈ, હરિભાઈ તથા સર્વે લોકે શ્રીજીમહારાજનું ઘણુંક સન્માન કર્યું. ને પછી ત્યાંથી પધાર્યા, તે **શ્રીનગરને** પાદર મધ્યે ઘણાંક આંબલીઓનાં વૃક્ષ હતાં, તે હેઠે આવીને વિરામ કર્યો.

ને ત્યાં સર્વે સંત ને હરિજન સામૈયું લઈને મહારાજની સન્મુખ આવ્યા. ઘણાંક વાજાં જે ત્રાંસાંની બત્રીસ જોડ, શરણાઈ, રણશિંગી(યુદ્ધમાં વગાડવાનું તતૂડું) ભેરી, ભૂંગળ, તુરઈ, ઢોલ, પડઘમ ને બાંસુરી વાગી રહ્યાં છે. ઘોડા ઉપર રહેલ ચોઘડિયાનાં નગારાં વગાડનારા ઘણાક કસબથી(કળાથી) વગાડી રહ્યા છે ને ભેગી શરણાઈ વાગે છે. અને ધૂફ આદિક ઘણાંક વાજાં આવ્યાં. તેના ઘોર ઠોર(અવાજ) શ્રીજીમહારાજ આગળ કરતા હતા.

પછી શ્રીજીમહારાજ પ્રત્યે, સર્વે સંત મધ્યે મોટેરા એવા જે મુક્તાનંદસ્વામી, તે બોલ્યા જે, “હે મહારાજ ! તમે ભારે વસ્ત્ર ને હેમના અલંકાર ધારો ને એવી રીતે શ્રીઅમદાવાદ મધ્યે જાવું, તે તમારાં દર્શને કરી જીવને પાવન કરો.” ત્યારે ભક્તવત્સલ તેમણે એક મોટો રેંટો, જરિયાની મંડીલ ને ઘણમૂલો(બહુ કિંમતી) રેંટો મસ્તકે બાંધ્યો. એક સોનાનું સાંકળું, જે ઊતરી તે ત્રણ સેરોવાળી પહેરી. ને જમણા કરને વિષે એક હેમની વીંટી તેમાં એક શ્વેત હીરો જડ્યો છે. તેનો પ્રકાશ ભાસ્કરની મધ્યે વિદ્યુતની દ્યુતિ(પ્રકાશ; તેજ) તુલ્ય પ્રકાશને કરે છે. ને બીજાં વસ્ત્ર તો પૂર્વે લખ્યાં તેવાં જ પહેર્યાં છે.

ને પછી મહારાજે કુબેરસિંઘને કહ્યું જે, તમે સરકાર પાસે જઈને કહો જે, ‘સ્વામિનારાયણ આવ્યા છે’ ને તેમની રજા લઈને શીઘ્ર આવજો. ત્યારે મહારાજની આજ્ઞા મસ્તકે ચડાવીને ચાલ્યા. તેમણે ભારે વસ્ત્ર પેર્યાં છે, ને હાથ મધ્યે હેમની વળદાર ને ચિત્રાંકિત(ડિઝાઇન વાળી) છડી ઝાલી છે, ને શહેર મધ્યે જાતા હતા.

❁ અમદાવાદમાં પ્રવેશતા પહેલાં સંઘને ક્ષમારૂપી હથિયાર ધરાવ્યું

ને હવે શ્રીજીમહારાજ આંબલી હેઠે બિરાજે છે ને સર્વે સભા પણ મહારાજની સન્મુખે બેઠી છે. તે પ્રત્યે મહારાજ શિક્ષાવચન કહે છે. પછી પોતાના બેઉ કરની તાળી પાડીને બોલ્યા જે, “આપણે શહેર મધ્યે

જાશું ત્યારે તમને કોઈ ગાળ દે અથવા ધૂળ નાંખે અથવા કોઈ ધક્કો ને ધૂબો મારે તે સર્વે અપમાન તમે સહન કરજો. તમે સર્વે શસ્ત્રધારી ને બીજા સર્વે પ્રત્યે કહી દેખાડીએ છીએ." પછી વળી મહારાજે એમ કહ્યું જે, "સર્વે હથિયાર તીખાં છે, પણ સર્વેથી ક્ષમારૂપી હથિયાર બહુ મોટું છે, તે સર્વે લોકમાં રહ્યા જે શત્રુ તેને હણે છે; એવી ક્ષમા છે." એમ કહીને આ સાખી બોલ્યા જે,

અન્ન સમાન ન ઓષધી, જરણા[1] સમ નહીં જાપ;
કૃષ્ણ સમાન નહીં દેવતા, ને નિંદા સમ નહીં પાપ.


"ને અમને ક્ષમાવાન જન તે અતિ પ્રિય છે." એમ કહીને શ્રીજીમહારાજે પોતાના બેઉ હસ્તકમલની આંગળીઓ, એક બીજા હાથની ગણીને કહ્યું જે, "આ આંગળી ગુનો કરે તો આ જ ભોગવે, ને બીજી આંગળી કરે તો તેનો ગુનો તે જ આંગળી ભોગવે. તેમ, જે ગુનો કરશે તે મનુષ્ય ભોગવશે, પણ બીજો મનુષ્ય નહીં ભોગવે. કેમ જે, આ લોક મધ્યે જે કુકર્મ કરે છે, તે જ જમનાં બંધનમાં પડીને દુઃખને ભોગવે છે, પણ બીજો કોઈ નથી ભોગવતો. તેમ, જે ગુનો કરશે તે જ ભોગવશે; તે સારુ ખબડદાર રહેવું. ને આપણને તો સરકારે તેડાવ્યા છે, તે કોઈ આપણો પરાભવ કરનાર નથી, પણ અમે કહ્યું એમ રહેવું."

એટલામાં ચોબદાર **કુબેરસિંઘ** સરકારથી પરવાનો(લેખિત પરવાનગી-હુકમ) લાવ્યા. તે ભેગા **એરણ સાહેબે** જેના હાથમાં શહેરના બારે દરવાજાનાં તાળાંકૂંચી છે અને જેને તે બંધ રાખવાં ને ઉઘાડવાનો હુકમ છે, તેવા સરકારના હજૂરી **જમાદાર સોભાનસિંઘ** અને તેમની ભેગા પટાવાળા ઘણાક સિપાઈ મોકલ્યા હતા અને તેમને એમ કહ્યું હતું જે, **"સ્વામિનારાયણકુ ઘણાંક માન ને સન્માનેશું, ઈજ્જત ને આબરૂશું શહેરમાં લાવના. ઉનકો તુમ હમારા સલામ કેના. તુમ જાઓ, તુમારી પીછે હમ બી આવતે હે."**

૧.સમર્થ થકા સહન કરવું; ક્ષમા આપવી

આ લીલા ચિંતામણિ સંતજન ને હરિજનની કૃપાથી શાસ્ત્રી લક્ષ્મીરામે સંવત્ ૧૮૭૪ ના વૈશાખ માસમાં લખી છે.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'જેતલપુરથી શ્રીહરિ અમદાવાદ પધાર્યા' એ નામે પાંચમું પ્રકરણ ।।૫।।



પ્રકરણ - ૬

અમદાવાદમાં એરણ સાહેબે શ્રીહરિનું સામૈયું તથા પૂજા-સ્તુતિ કર્યાં

ચોબદાર કુબેરસિંઘ અને સાથે આવેલ સરકારના જમાદાર અને સિપાઈઓ તે સર્વે શ્રીજીમહારાજની સમીપે આવીને નમસ્કાર કરીને એમ બોલ્યા જે, "હે મહારાજ ! તમને સાહેબે સલામ બોલ્યા(નમસ્કાર કહ્યા) છે જે, 'અમારાં મોટાં ભાગ્ય ! ને શહેરનાં મનુષ્યનાં મોટાં ભાગ્ય ! જે સબકું તમારા દેદાર(દર્શન) થાશે." એમ કહીને સોનાને અક્ષરે લખેલો પરવાનો ચોબદારે શ્રીજીમહારાજને આપ્યો, તે વાંચીને ઘણુંક રાજી થયા. ને પછી સોભાનસિંઘે હાથ જોડીને કહ્યું જે, "હે મહારાજ ! હવે તમે શહેર મધ્યે પધારો." ત્યારે શ્રીજીમહારાજે સર્વે અસ્વારને તૈયાર કર્યા તથા સર્વે બરકમદારને તૈયાર કર્યા.

તે સમયની શોભા યથામતિ શાસ્ત્રી લક્ષ્મીરામ કહે છે જે, 'પ્રથમ તો વાજાં ને નિશાન, તે કેડે પાળા બરકમદાર, તે કેડે અસ્વારી છે. તે સર્વેના આગળે શ્રીજીમહારાજ ઘોડે ચડ્યા છે. તે સમાની મૂર્તિનું ચિંતવન કરું છું. મહારાજે ધોળો સુરવાળ પેર્યો છે ને ધોળું અંગરખું પેર્યું છે. માથે ભારે રેંટો સોનેરી કોરનો ને મોટા સોનાના ખેડે છોગું મેલી બાંધ્યો છે. ને કટી ઉપરે આસમાની રંગે એક સેલું ચોગઠ પાડીને

બાંધ્યું છે, ને એક જરિયાની કસુંબી સેલું ખંભે ધાર્યું છે. ને કંઠ મધ્યે હેમની ઊતરી પહેરી છે. ને ઘણાક મલ્લિકાદિક પુષ્પનાં હાર, તોરા, ગજરા, બાજુબંધ ને ગુચ્છ આદિક ઘણાક પુષ્પના અલંકારને શોભાડે છે. ને ભાલને વિષે કેસરની અરચા કરી છે, તે મધ્યે કંકુનો મોટો એક ચાંદલો કર્યો છે, તે મધ્યે અક્ષત ચોડ્યા છે.

❁ શ્રીહરિના રોઝા ઘોડાના ગુણો તથા શણગાર

હવે શ્રીજીમહારાજનો ઘોડો ને તે ઘોડાના અલંકારની શોભા તેને યથામતિ કહું છું : સર્વે ઘોડાથી ઊંચો, ઘણોક શોભાયમાન, ઘણોક ચંચળ, ને સૂક્ષ્મ (નાના) છે કાનસોરીઓ(કાન) જેની, ને મોટા છે ડાબલા જેના, ને ચંચળ ને મોટાં છે નેત્ર જેનાં, ને શીઘ્ર છે ગતિ તે જેની; ને વારકી(ઘોડાની એક ચાલ) ચાલે છે. તે જેમ સુરેશની સુખપાલખી હોય ! તેથી અધિક સુખને આપે છે. ને ગતિ મધ્યે ગરુડથી શ્રેષ્ઠ છે, ને વળી સર્વ પ્રકારે શ્રીજીમહારાજની મરજી પ્રમાણે વરતે છે. ને પશુજાતિના ગુણને મૂકીને દેવ-મનુષ્યના જેવા ગુણે વરતે છે. વયે કરીને પાંચ વર્ષની માંહેલી કોરે છે.

અને શ્રીજીમહારાજે પોતે ઘણાક પય, સાકર, રાતબ[૧] ને ચાસણી(ચંદી-જોગાણ) આદિક પોતાના હાથની પ્રસાદી ખવડાવીને મદોન્મત કર્યો છે, પણ કામનાએ રહિત છે. ને ઘણીક ઘોડીઓ ને ઘોડાને મધ્યે ભીડામાં રહે છે, પણ તેને દેખીને હાવલાં(વલખાં) નથી કરતો. ને ઘણોક શીલવંત છે. ને પોતાને વર્ણે ગલદાર(રાતો) રોઝો છે. વળી, રૂપ-ગુણે કરીને સર્વે ઘોડામાત્રની જાતિ, તે મધ્યે ઉત્તમ છે.

હવે તે ઉપર પલાણનો સામાન ને તેના જે અલંકાર, તેને મેં જેમ દીઠા છે તેમ કહું છું. તેની પીઠ ઉપર ભારે દળી, તેની ઉપર સખલાદિ ને ભુજ બુટીનાં ભરત ચિત્રાંકિત કર્યાં છે. તે તો જનને સત્ય

૧.ઘઉં, ઘી, ગોળ, ખાણ વગેરે પૌષ્ટિક ખોરાક

પ્રતીતિને કરાવે છે તેવી રૂપદળી માંડી હતી. ને તે ઉપર ભારે ખોગીર સખલાદિ ને ચિત્રાંકિત ભરત ભરેલું હતું. ને તે ઉપર સખલાદિ ગોદડી ચિત્રાંકિત માંડી હતી. ને તે ઉપર નવાનગરનો કાંઠો સાવ સોનેરી ને ઘણાંક ચિત્રે જુક્ત છે. તે ચિત્ર તે ચિત્રેલાં છે, તે તો સત્ય પ્રતીતિને કરાવે છે. ને તે ઉપર ભારે તંગી(ઘોડાના પેટ નીચે બાંધવાનો પટ્ટો) ને રેશમનો પાતાડ છે તે મધ્યે હેમનાં કડાં ને કમળસારની તંગી ભીડી છે. ને વળી પેઘડાં તે હેમનાં છે ને તે મધ્યે કડીઓ ને સૂયા તે પણ હેમના જ છે. ને વાંસે ડૂમચી તે સોનાની હેમનાં બોરે સહિત ઘોડાની ત્રીગ ઉપર ઘણાક શોભાને લે છે. ને હવે ઉર મધ્યે હુલર, તાવીજ ને માદળિયાં ને તે મધ્યે ઘણીક ઘૂઘરીઓનો ઝણકાર થાય છે. ને વળી જમણા પગ મધ્યે હેમના એક જાડા ઝાંઝરનો ઝમકાર થઈ રહ્યો છે. અને ચોકડું ને મોવડ તે મધ્યે સોનાનાં ચમકદાર મોર આદિક ઘણાંક ચિત્ર ને ઘૂઘરાયે શોભે છે. એવો જે શ્રીજીમહારાજનો અશ્વ તેની શોભા વર્ણવી છે. જેના ઉપર પૂર્ણબ્રહ્મ પુરુષોત્તમ અસ્વારી કરીને બિરાજતા. તેથી તેનાં વખાણ વિપ્ર લક્ષ્મીરામે(આ ગ્રંથના લેખકે) રાજી થઈને કર્યાં છે.

શ્રીજીમહારાજ તો રૂપની સીમા, ગુણની સીમા, બળની પણ સીમા, ન્યાયની સીમા, સત્ય વચન બોલવું તેની પણ સીમા અને તપ, તેજ ને પ્રતાપ તેની પણ સીમા છે; ને સરવે જનને હેત દેખાડીને સખાપણું કરી લઈને નેત્રને જોવે કરીને સર્વે જનને હર્ષ ને પ્રીતિ ઉપજાવવું, તેની પણ સીમા છે; એવા જે શ્રીજીમહારાજ, તેમના ગુણ તો ઘણાક છે, પણ તે મધ્યેથી કિંચિત્ લખ્યા છે.

શ્રીનગરની બજાર મધ્યે ચાલ્યા જાય છે. તે સમે મહારાજની જમણી કોરે ઉત્તમ નરેશની ઘોડી છે ને ડાબી કોરે સોમલા ખાચરની ઘોડી છે. ને તેને વિષે મહારાજ બિરાજતા થકા ચાલતા હતા. ને બત્રીસ જોડી ત્રાંસાં ઘોર ઠોરે(મોટા ગંભીર અવાજે) વાગતાં હતાં. તેમ ઘણાંક અંગ્રેજી વાજાં, ઢોલ, પડઘમ ને વારી ને ભૂંગળાદિક ઘણાંક વાજાં ને

ઘણીક બંધૂકોના ભડાકા ને ત્રાંસાં, ઢોલ, પડઘમ ને દુંદુભિ આદિકના તડાકાદિક ઘોર શોભાયમાન શબ્દને કરે છે. ને શહેરનાં ઘણાંક મનુષ્યે હાર, પૂજા, વસ્ત્ર, અલંકાર, ફળ, પત્ર, મુખવાસ, પાનની બીડીઓ આદિ ઘણાક પૂજાના સામાને કરી શ્રીજીમહારાજને પૂજ્યા. તે પૂજાને સર્વે વૈભવના સ્વામી જે મહારાજ તે ગ્રહણ કરે છે. ને ઘણોક ગુલાલ ને અબીલ ઉડાડતાં થકા શ્રીજી મહારાજ શહેરને મધ્યે પહોંચ્યા.

સાયંકાળનો સમય થયો હતો. ત્યારે એરણ સાહેબ ઘણાક મનુષ્યે વીંટાણા થકા ને ઘણીક મસાલો કરાવીને સામૈયાની સામગ્રી લઈ ઘોડવેલે બેસીને આવ્યા. તેમણે શ્રીજીમહારાજ આગળ આવીને પોતાને માથે ટોપી હતી તે ઉતારી. અને શ્રીજીમહારાજને ત્રણવાર પગે લાગીને બોલ્યા જે, “આપ ખુશી હો ને ? મેરા બડા ભાગ્ય ! અરુ શહેરકે લોકકે ભી બડા ભાગ્ય હે, જે તુમ આપ પધારકે દરશ દિયા.” એમ કહીને ઘણુંક રાજી થઈને ફેર બોલ્યા, “હે મહારાજ ! તુમ સબ લોકકું ભદ્રમાં ઉતારા કરાવે.”

ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “હમારા સત્સંગી લોક હે, તેમણે સબ રસોઈ ને ઉતારાકે સરંજામ કર રખ્ખા હે.” પછી સાહેબે પોતાનો જમાદાર સોભાનસિંઘ આદિક ઘણાંક મોટેરા માણસને ભલામણ આપી જે, “મહારાજની સેવામાં રહેજો.” એમ કહીને (મહારાજની) રજા માગીને ગયા. પછી શ્રીજીમહારાજ ગાજતે વાજતે ચાલ્યા જાય છે, તે વચ્ચે ગોસ્વામીનું સદન ને બીજા ભેખધારીનાં મંદિર આવ્યાં. તેને કળીચૂનો ચોપડેલો છે, તેણે કરીને શ્વેત ચળકાયમાન છે. ને પ્રથમ શ્રીજીમહારાજ પધાર્યા હતા, ત્યારે તેઓ ભાઉ(સૂબો) આદિક આગળે ઘણીક અવિદ્યા બોલ્યા હતા, તેમનાં સદન આવ્યાં. ત્યારે શહેરના હરિજને મહારાજને છાની વાત કહી જે, “હે મહારાજ ! આમણે સર્વેએ આપણું અપમાન ઘણુંક કર્યું હતું, ને સંતોની ઉપર ધૂડ નાંખી હતી.

તે સારુ આમનાં મંદિર ઉપરે બંધૂકોના ચંભા નંખાવીને(એક સામટા ભડાકા કરાવીને) સાંમતા(ભય) પમાડો."

ત્યારે તો સોભાનસિંઘે મહારાજને પૂછ્યું, "તુમકું સત્સંગી ક્યા કહતે હે ?" ત્યારે મહારાજે તેમને કહ્યું જે, "એ તો એમ કે છે જે, આ હવેલી ઉપર તુપકના તાશેરા નાંખીએ." ત્યારે તે જમાદાર બોલ્યો જે, "તમારી નજરમાં આવે એટલા નાંખો. કેનો ભાર જે તમ સામું બોલાય ! તમે તો સરકારના તેડ્યા થકા પધાર્યા છો. તેથી તમે સરવે સરકારી જ મહેમાન છો."

ત્યારે પવાર(રજપૂત) ભગુજી ને મરૂત દેશના ચૌહાણ મલુજી પ્રત્યે હુકમ કર્યો જે, "એક હવેલી પ્રત્યે પાંચ ચંભા નંખાવજો." તેમ જ નાંખ્યા. તે હવેલીઓ ને તેના પતિ સાંમતાને પામ્યા ને ખીજી ઊઠ્યા. ત્યારે તેમને સરકારના મનુષ્યે ગાલી દઈને કહ્યું જે, "ચૂપ ! એ તો સરકાર કા હુકમ હે, સો નાખેંગે !" એમ મતવાદીના માનભંગ કરતાં થકાં ઘણાક શોભાયમાન એવા મહારાજ તેમની અસ્વારી ને પાળા આદિક સંઘને ઘણોક શોભાડતાં થકા શ્રીજીમહારાજ માણેકચોક મધ્યે આવતા હતા.

ત્યાં ઘણાક દારૂનાં બપોરિયાં, ટેટા, હવાઈઓ ને દારૂનાં ભરેલાં વાંસનાં ભૂંગળાં ભરીને વછોડતા હતા. ને ઘણીક મશાલો બળે છે ને ઘણીક બંધૂકોનાં બરિયાન(બંધૂકને સળગાવવાની કાકડી) ઊડે છે. તેણે કરીને નિશાનું જે તમ, તેને ટાળી નાંખીને તેજનો પ્રકાશ થયો હતો. તે મધ્યે શ્રીજીમહારાજની મૂર્તિ કલંકે રહિત, સોળે કળાના શરદ પૂનમના ચંદ્ર તુલ્ય શોભતી હતી.

તેમ કરતાં માણેકચોક મેલીને આગળ ઉત્તરાદિ કોરે ચાલ્યા, ત્યારે **નગરશેઠ હીમાભાઈની** હવેલીઓ આવી. તે મધ્યેથી પોતે શેઠ પૂજાનો સામાન જે પુષ્પ, કુંકુમ, શ્રીફળ આદિક ઘણાંક ફળ, અર્ઘ્ય,

મેવા-મીઠાઈ, વસ્ત્ર ને રૂપમુદ્રિકા આદિક અર્ઘ્યનો(પૂજાનો સામાન) થાળ ભરીને આવ્યા. ને પોતા ભેગા પોતાનો પુરોહિત ને સાક્ષરી(લખી વાંચી શકે એવા ભણેલ) જે બ્રાહ્મણ તે સર્વે આવીને મહારાજની પૂજા કરતા હતા. ને શેઠે કહ્યું જે, "હે મહારાજ ! તમે ભલે પધાર્યા ને અમ સરખું કામ હોય તો હુકમ કરવો. તેમ જ હું કરીશ." ત્યારે તેમને શ્રીજીમહારાજે પુષ્પના હાર પહેરાવ્યા ને એમ કહ્યું જે, "તમ સરખું કામ હશે તો અમે કહેશું." એમ કહીને ત્યાંથી ચાલ્યા.

❁ અમદાવાદમાં પરષોત્તમભાઈના ઘેર સંઘે સહિત મહારાજ જમ્યા

પછી ગાજતે વાજતે નવાવાસ મધ્યે મોટા ભાગ્યવાળા હરિજન પરષોત્તમના ઘર પ્રત્યે આવ્યા. તેનો વાસ ઘણોક પખતો હતો, ત્યાં સર્વે જનના ઘોડાને બંધાવ્યા. ને તેના ફળી મધ્યે એક મોટા ભાગ્યવાળું લીંબડાનું એક સુંદર વૃક્ષ હતું, તેને હેઠે એક શકટની ઉપરે ઢોલિયો બિછાવ્યો હતો. તે ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થયા. ને પછી એમ બોલ્યા જે, "સર્વે પોતપોતાનાં હથિયાર તથા ઘોડા ને વસ્ત્રાદિક જાળવજો, નહિ તો કોઈ લઈ જાશે. આ તો અમદાવાદ શહેર ધૂતું(ધુતારું) છે." એમ કહીને પોતે વાત કરવા લાગ્યા.

એટલાકમાં ઉતારા મધ્યેથી નાથા ખાચરની તલવાર કોઈ ચોર ચોરી ગયો. પછી સુરો ભક્ત આવીને મહારાજ આગળ બોલ્યા જે, "હે મહારાજ ! ભણુ, નાથા ખાચરની તલવાર કોઈક લઈ ગયો." ત્યારે શ્રીજીમહારાજે તેને કહ્યું જે, "અમે તમને ઘણીક શિખામણ દીધી, પણ તમે ગમાર લોક છો તેને કેટલું કહીએ ?" પછી મહારાજે તેમને કહ્યું જે, "કેટલા રૂપિયાની તલવાર હતી ?" ત્યારે તેમણે કહ્યું જે, "સોનેરી મૂઠની રૂપિયા સોની હતી." ત્યારે મહારાજે કહ્યું જે, "તમે તો રાજા છો તે બીજી એવી લેશો, પણ તે ચોરને તો અન્ન-વસ્ત્ર લેવા થાશે. તમ જેવા દાતાર તેને ક્યાંથી મળશે ?" એમ મર્મ વચન કહ્યાં.

પછી શ્રીજીમહારાજનો થાળ કર્યો. તે (મહારાજ જમવા પધાર્યા.) સુંદર લેહ્ય, ચોસ્ય, ભક્ષ્ય ને ભોજ્ય એવા ઘણાં પ્રકારના ભોજનને જમતા જાય છે ને જળ પીતા જાય છે. તે ભોજનનાં નામ લેતા થકા વખાણી વખાણીને જમતા હતા. ને જમી રહ્યા પછી ચળું કરીને પછી મુખવાસ જે પાનબીડી આદિક જમ્યા.

પછી આનંદસ્વામીએ શ્રીજીમહારાજ પ્રત્યે કહ્યું જે, "હે મહારાજ ! સબ સંત ને હરિજનકે વાસ્તે રસોઈ તૈયાર થઈ છે તે તુમ પીરસીકે જમાવો." ત્યારે શ્રીજીમહારાજ કમર બાંધીને પધાર્યા, તે સર્વે સંઘને પોતે પીરસીને જમાડતા હતા. જમાડીને આવ્યા પછી ઘણીકવાર સુધી વાતચીત કરી. પછી પથારી, પાણી ને ઘોડાને ઘાસ ને જોગાણ આદિકે કરી સર્વ સંઘને સુખ પમાડીને પોતાના સુખે કરીને સુખિયા છે એવા જે શ્રીજીમહારાજ પોઢી ગયા.

પ્રાતઃકાળે વહેલા ઊઠ્યાનો છે સ્વભાવ જેમને એવા મહારાજે વહેલા ઊઠીને નિત્યવિધિ કર્યો. પછી સભા કરીને મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, દેવાનંદસ્વામી, યોગાનંદસ્વામી ને ગવૈયા સાધુને બોલાવ્યા. ને તે સર્વ આવ્યા ને ગવૈયા સાધુ સરોદો, સતાર ને દુકડાદિક ઘણાંક વાજાં વગાડે છે ને વિષ્ણુપદ બોલે છે.

એટલાક મધ્યે સાહેબના ચોબદાર મોતીરામે આવીને મહારાજની સામા બેઉ હાથ જોડીને કહ્યું જે, "હે મહારાજ ! તમારાં દર્શન કરવા સારુ ને તમારી પધરામણી કરાવવી છે, તે સારુ તમને એરણ સાહેબ ભદ્ર મધ્યે[૧] બોલાવે છે. તે સર્વે અસવારી ને પાળાએ સહિત ગાજતે વાજતે પધારો."

ત્યારે શ્રીજીમહારાજે ભારે કસુંબી વસ્ત્ર પેર્યાં છે, ને ઘણા પુષ્પના હાર ને અલંકાર પેર્યા છે. ને ઘણાંક ગુજરાતી વાજાં ને અંગ્રેજી વાજાં

૧.ભદ્ર નામના વિસ્તારમાં આવેલી રાજકચેરીમાં

જે પડઘમ આદિ મોટા ઢોલ, ભેરી, બાંસુરીના શબ્દ ને ત્રાંસાંની બત્રીસ જોડ વાગે છે. શરણાઈ ને ચોઘડિયાંની નોબતો, ભૂંગળ, રણશિંગી ને રવાજ વાગે છે.

તથા કાંસીના(કાંસીજોડાના; મોટા ઝાંઝના) કડાકા ને બંધૂકોના ભડાકા થાય છે. ને ઘણાક બંદીજન, સંત ને હરિજન તે ઝાંઝ ને મૃદંગાદિક વગાડીને વિષ્ણુપદ ગાવતા જાય છે. તે સમે અબીલ ને ગુલાલની વૃષ્ટિ થઈ હતી, તે જાણે મેઘની ઝડી હોય ને શું ! તેમ જ શ્રીજીમહારાજે જીવપ્રાણીમાત્ર ઉપર કરુણાની દૃષ્ટિ કરી છે, તે રૂપી જાણે અમૃતની વૃષ્ટિ પણ થઈ હોય ને શું ! આમ શ્રીજીમહારાજ કૃપા દૃષ્ટિએ કરીને સર્વે જનને દર્શન દેતા થકા ચાલ્યા જાય છે.

❁ દૃષ્ટિને નિયમમાં રાખીને દર્શન કરનાર બાઈને મોક્ષનું વરદાન

એટલાક મધ્યે એક બાઈએ શ્રીજીમહારાજનાં થોડીકવાર દર્શન કરીને પોતાની દૃષ્ટિને સંકેલો કરીને પોતાના પગના અંગૂઠા ઉપરે દૃષ્ટિને ઠેરાવી. તેને જોઈને મહારાજે દામોદરને એમ કહ્યું જે, “તું આ સર્વે મનુષ્ય આવી રહે ત્યાં સુધી સામો શેરી મધ્યે ઊભો રહીને તે દેખ જે, તે બાઈ દૃષ્ટિ ઊંચી કરે છે કે નહિ ?”

ત્યારે તેણે દેખ્યું જે બાઈએ તેની દૃષ્ટિ ડગવા દીધી નહીં. તેણે કરીને સર્વે મનુષ્યને આશ્ચર્ય જેવું થયું. પછી દામોદરે આવીને મહારાજને તે વાત કહી. ત્યારે મહારાજ ઘણાક રાજી થઈને એમ બોલ્યા જે, “તેને શાબાશ છે.”

પછી સર્વે સંતમાં મોટેરા જે મુક્તાનંદ ને આનંદાનંદાદિક સર્વે પ્રત્યે એમ કહેતા હતા જે, **“તેના જેવી દૃષ્ટિ નીમમાં કરવી જોઈએ. તેમ જ, વાણી, મન અને શ્રોત્રાદિક નીમમાં રાખે છે, તે ઉપરે મોટા સંત ને ભગવાન ઘણુંક રાજી થાય છે. જેમ અમે તે બાઈ ઉપર રાજી**

થયા, તેણે કરીને તેનો મોક્ષ થાશે. તેમ જે રાખશે, તે ઉપર અમે ઘણાક રાજી રહેશું.”

❁ એરણ સાહેબ પર શ્રીહરિનો રાજીપો

એમ વાત કરતે કરતે પછી સાહેબના ભદ્રને સમીપે પહોંચ્યા. ત્યારે સાહેબે શ્રીજીમહારાજને ઘણાંક સન્માને કરીને પોતાના સદન પ્રત્યે તેડી હેમની ખુરશી ઉપર પધરાવ્યા. ને એરણ સાહેબ આદિક ઘણાક ટોપીવાળા માથેથી ટોપીઓ ઉતારીને ઘણાંક દીનવચન કહીને નમતા હતા. ને ઘણાક પ્રીતિ ને ભાવ દેખાડીને એમ બોલ્યા જે,

“હે મહારાજ ! હમારા સબકા બડા ભાગ્ય ! અરુ, એ શહેર કા ભી બડા ભાગ્ય હે, જો આપને પધારકે દેદાર દિયા હે. અરુ, હે મહારાજ ! તુમારી મહેરસે એસા શહેર મીલા હે. તુમકું પ્રથમકે રાજાને એસા કહા થા જે, ‘મેરા રાજ હોય ત્યાં લગી તુમારે આવના નહીં.’ તબ તિનકું તુમ ઐસે કહા કિ, ‘કોઈ ન્યાઈક રાજ દૂસરા હોયગા તબ હમ આવેંગે.’ એસા તુમારા વચનસે સરકારકું બોત અચ્છા ભયા હે. અરુ, સરકાર ઉપરે બહોત મહેર રખીઓ.” પછી હાથ જોડીને સાહેબ એમ બોલ્યા જે, અમારામાં કાંઈ વાંક જણાતો હોય તો અમને કહો, તમે કહો તેમ જ અમે રહીશું.

तारेश्रीजीमहाराजेतेनेएमकपु
जेपूरवेसर्वेमोटाचक्रवतीराजाथपाछेतेणेप्रजानेपोताना
पुत्रवतपालताहवानेब्राह्मणेनेसाधुनेहरेकगरीबलोक
होयतेनीतमेसर्वेप्रकारेरह्तानेकरजोतेथीतमाउपरेअमे
घणाकराजीथास्कंतेथीतमारुराजअधीकहृधीनेपामस्यो
नेधर्मेसहीतन्यापकरवोतेआदिकघणीकराजनीतिनी
वातकरीतेणेकरीनेएरणसाहेबआदीघणाकटोपीवालानेसी
ष्यावचनेकरीनेराजीकरताहवा

ત્યારે શ્રીજીમહારાજે તેમને એમ કહ્યું જે, **“પૂર્વે સર્વે મોટા ચક્રવર્તી રાજા થયા છે, તેઓ પ્રજાને પોતાના પુત્રવત્ પાળતા હવા. (તેમ તમે) બ્રાહ્મણ, સાધુ ને ગરીબ લોક હોય તેની તમે (દરેકની) સર્વે પ્રકારે રક્ષાને કરજો. ને ધર્મે સહિત ન્યાય કરવો; તેથી તમો ઉપર અમે ઘણાક રાજી થાશું. અને તમારું રાજ અધિક વૃદ્ધિને પામશે.”** તે આદિક ઘણીક રાજનીતિની વાત કરી. તેણે કરીને એરણ સાહેબ આદિક ઘણાક ટોપીવાળાને શિક્ષાવચને કરીને રાજી કરતા હવા.

પછી તેમણે વસ્ત્ર, અલંકાર ને પુષ્પના હાર આદિક ઘણાક પુષ્પના અલંકારે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી તથા શ્રીજીમહારાજના વસ્ત્રમાં ઘણું અત્તર ચર્ચ્યું. ને ઉત્તમ નરેશ આદિક મોટેરા જે સર્વે હરિજન, તેમને ગુલાબદાનીએ કરીને ગુલાબજળ છાંટ્યું.

પછી તેમણે શ્રીજીમહારાજ પ્રત્યે એમ કહ્યું જે, “હે મહારાજ ! તમારે આ શહેર મધ્યે દેવની જાયગા કરવી, તેનો જવાબ વિલાયત મધ્યે કંપની બાદરથી મંગાવી આપીશ.” ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “ઠીક, કરાવશું.” ને મહારાજે આનંદસ્વામીનો હાથ ઝાલી, સાહેબને દેખાડીને એમ કહ્યું જે, “આ અમારા મધ્યે મોટેરા સંત છે, તે જાયગાના માલિક છે, તેમની ખબર રાખજો. ને તમારો વિલાયતથી પત્ર આવે તે આ સંતને દેજો, તે પત્ર અમને પુગાડશે.” એ આદિક ઘણીક વાતે કરીને જગ્યાના બંદોબસ્તનો પત્રાદિક કરાવ્યો. ને કરવો બાકી રહ્યો તેની ભલામણ આપીને પછી શ્રીજીમહારાજ ગાજતે વાજતે પાછા પોતાને ઉતારે(નવાવાસમાં પરષોત્તમભાઈના ઘેર) પધાર્યા.

પછી પોતે નાહીને નિત્યવિધિ કરીને જમવા પધાર્યા. તે ગંગામાએ મહારાજના થાળમાં લેહ્ય, ચોસ્ય, ભક્ષ્ય ને ભોજ્ય આદિક ઘણાંક ભોજન પ્રીતેશું કર્યાં હતાં. તે વખાણીને જમતા જાય છે, તેમ તેમ જળ પીતા જાય છે, ને ઉદર ઉપરે પોતાનો ડાબો ભુજ ફેરવતા જાય છે, જે જે સ્વાદુ ભોજન, તેનાં નામ લેતા જાય છે અને તેને વખાણીને જમતા હતા.


જમી રહ્યા પછી ચળુ કરીને મુખવાસ, પાન, સોપારી આદિ જમીને સંત અને સંઘનાં જનને પોતે પીરસીને જમાડતા હતા. ને તે સર્વે હરિજનની રસોઈ તેને(નવાવાસમાં પરષોત્તમભાઈના) ઘેર શહેર મધ્યે હતી. પછી તેમણે શ્રીજીમહારાજની પૂજા ચંદન, વસ્ત્ર ને હેમના અલંકાર ને પુષ્પના ઘણાંક હાર ધરાવીને કરી.

પછી ત્યાં થકી ગાજતે વાજતે શહેરની શેરીઓ ને બજારો મધ્યે ચાલ્યા. અને મતપંથના ભેખધારી મનુષ્યો, વળી પ્રથમ મહારાજની જેમણે અવિદ્યા(કાવતરાપૂર્વક અતિ અપમાન) કરાવી હતી, ને જેઓ સત્સંગીના દ્રોહને કરતા હતા એવા, ને વળી પ્રથમ શ્રીજીમહારાજને શહેર મધ્યે આવ્યાની રાજા પાસે જેણે ના પડાવી હતી; તે સર્વેનાં માનને મથીને મથ્યું(નાશ કર્યું). અને સત્યવાદી, સત્યસંકલ્પ ને બ્રહ્માદિકના સ્વામી એવા જે શ્રીજીમહારાજ તેમને પ્રથમ જેણે ના પાડી હતી ને એમ કહ્યું હતું જે, ‘જ્યાં સુધી અમારું રાજ્ય હોય ત્યાં સુધી તમે આવશો નહિ,’ ત્યારે મહારાજે એમ કહ્યું હતું જે, ‘તારું રાજ નહિ હોય ને બીજા ન્યાય કરવાવાળાનું રાજ થાશે ત્યારે અમે આવશું,’ તે વચનને સત્ય કર્યાં. પછી રાજાએ શ્રીજીમહારાજને ઘણા સન્માનપૂર્વક ઉતારે(નવાવાસમાં પરષોત્તમભાઈના ઘેર) પહોંચાડ્યા. અને પોતાના ઉતારા સુધી શ્રીજીમહારાજની ભેગા ઘણાક મનુષ્યે સહિત તે શહેરનો સાહેબ ને રાજપુરુષ આવતા હતા.

પછી શ્રીજીમહારાજને સરકારે એમ કહ્યું જે, “હે મહારાજ ! તમે એક માસ સુધી દયા કરીને આ શહેર મધ્યે રહો ને આંહીં બિરાજો. ને તમારે જે ખરચ થાય તેને અમે આપશું.” ત્યારે શ્રીજીમહારાજ તે સાહેબ પ્રત્યે એમ બોલ્યા જે, “અમે તો કાલે પ્રભાતે ચાલીશું.” ત્યારે તેમણે મહારાજને પ્રીતિપૂર્વક ઘણીક તાણ કરી, પણ મહારાજે રહેવાની હા ન પાડી. ત્યારે હાથ જોડીને તેમણે એમ કહ્યું જે, “હે મહારાજ ! અમારા અચ્છા કરીઓ ને તુમ ફિરસે પધારીઓ.”

એમ કહીને સાહેબ મહારાજની મૂર્તિનાં અંગ-અંગને તથા રૂપ, જોબન અને તે સમાનાં વસ્ત્ર, અલંકારાદિકને અંતરમાં ધારીને લખી લેતા હતા. પછી ઘણીક સ્તુતિ કરીને પોતાને ઉતારે ગયા. પછી શ્રીજીમહારાજ પ્રાતઃકાળે સર્વે સંઘને સાબદાઈ કરાવતા હતા. તે મહારાજની શોભા આગળે જે થઈ છે અને હવે જે થાશે, તેને શાસ્ત્રી લક્ષ્મીરામે યથામતિ ગાઈ અને વળી ગાશે, તે ઉપર સંત ને હરિજન રાજી થાજો.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'અમદાવાદમાં એરણ સાહેબે શ્રીહરિનું સામૈયું તથા પૂજા-સ્તુતિ કર્યાં' એ નામે છઠ્ઠું પ્રકરણ ॥૬॥





અમદાવાદમાં એરણ સાહેબ શ્રીહરિને સન્માનવા સાથી મંડળ સાથે આવે છે.

પ્રકરણ - ૭

શ્રીનગરમાં હરિભક્તોની પૂજા સ્વીકારી

સર્વનિધિ, શોભાના ધામ, પૂર્ણકામ, સુખના આપનારા, દુઃખના કાપનારા ને દુરાધર્ષ્ય(કોઈનાથી પણ પરાભવ ન પામનારા) એવા જે શ્રીજીમહારાજ, તેમની લીલા જે મેં દીઠી છે, તે લખી છે. તે મધ્યે કિંચિત્ વિશેષ લખ્યાનો રાજીપો(આનંદ) છે. તેથી સંત ને હરિજન રાજી રહેજો ને હું તો તમારો દાસનો દાસ છું. ને વળી તમારી કૃપાથી બીજી લીલાને લખું છું.

પછી શ્રીજીમહારાજ સાબદાઈ કરે છે, એટલાકમાં ત્યાંના સર્વે હરિજનોએ હાથ જોડીને એમ કહ્યું જે, "હે મહારાજ ! તમે ને સંઘ સર્વે જમીને પધારો. અમે ને આનંદસ્વામીએ રસોઈ વહેલી તૈયાર કરાવી રાખી છે." ત્યારે શ્રીજીમહારાજ રાજી થઈને એમ બોલ્યા જે, "અરે, તમારા ભલા થાય ! અટાણામાં રસોઈ કરાવી !" ત્યારે તે હરિજનોએ કહ્યું જે, "હે મહારાજ ! તમારો થાળ પણ તૈયાર થયો છે." ત્યારે મહારાજે સર્વે સંઘને એમ કહ્યું જે, "ઝટ નાહી પૂજા કરીને જમી લ્યો, આપણે ચાલવું છે." તેમ કહીને શ્રીજીમહારાજ નાહી, નિત્યવિધિ કરીને જમતા હતા.

તે ગંગામાએ થાળ કર્યો હતો, તેનાં નામ શાસ્ત્રી લક્ષ્મીરામે(મેં) જોયાં હતાં તેમ લખું છું. પૂર્વે લખ્યાં જે, દૂધપાક, મેંદાની પૂરી, રોટલી ને તે મધ્યે તાજું ઘી, ધોયેલી સાકર, બિરંજ, હરીસો, સાકરનો શીરો, તળેલા લાડુ, વેડમીના ને અજમાનાં ભજિયાં, ફૂલવડી, ઘણાંક અથાણાં ને ઘણાંક શાક હતાં. ને હવે પકવાન આદિક લખું છું જે, ઘેબર, જલેબી, સાટા ગળ્યા ને મોળા, પેંડા સાકરના, ગુંદવડાં, ગણગણ, સેવદળ, સકરપારા, મોતીચૂરના લાડુ, સૂતરફેણી, બરફી, માલપૂડા, તીખા પૂડા, બાજરાનો કૂણો રોટલો, કઢી, રાયતું, વડીનું શાક, ગાંઠિયા

ને કળીના શાક તે મધ્યે દધિ નાંખીને કર્યાં છે ને તે ઘણાંક સ્વાદુ છે. મહારાજ તેને વખાણતા જાય છે, જમતા જાય છે, જળ પીતા જાય છે અને ઉદર ઉપર પોતાનો ડાબો ભુજ ફેરવતા જાય છે. તેમ ધીરે ધીરે જમ્યા પછી ચળું કરીને પછી મુખવાસ આદિ પાનબીડી જમ્યા.

પછી શહેરના હરિજનો અને આનંદસ્વામીએ મહારાજની પૂજા કરી, તે લખું છું. નીલા કિનખાપનો સુરવાળ ને તે મધ્યે નાડી રાતા રેશમની ભારે કરમદી રંગે રંગેલી અને જાળી પાડીને ગૂંથેલી, ને તે માથે જરિયાની બોર ને તે માથે ફૂમકાવાળી નાંખીને સુરવાળ પેર્યો હતો. ને માથે આસમાની રંગે રંગેલો ને ઘણાક મૂલવાળો ભારે જરિયાની રેંટો, છોગાં મેલીને શિર ઉપર બાંધ્યો હતો. બલહારી જાઉં એ બાંધણી ને તે છોગાંને ! તેમજ નીલી કિનખાપની ડગલી પેરી હતી. કટી ઉપરે જરિયાની રાતું સેલું ચોગઠા પાડીને બાંધ્યું હતું. ખંભે એક રાતું સેલું નાંખ્યું હતું.

ભાલે કેસર-ચંદનની અર્ચા ને કુંકુમનો મોટો ચાંદલો કર્યો હતો, ઘણાક હેમના અલંકાર પેર્યા હતા. અને ઘણાક મલિકાદિક ને ગુલાબાદિકના હાર, તોરા, બાજુબંધ, ગજરા ને ગુચ્છાદિક અલંકારને શોભાડતા થકા ઉતારે આવીને ચાલ્યાની સામગ્રી કરાવતા હવા. પછી પોતે શીઘ્ર અસ્વાર થયા. સર્વે અસ્વાર ને બરકમદાર આદિક સંઘના મનુષ્ય સર્વે તૈયાર થયા. તેમ ત્રણ-ચાર દિન શહેર મધ્યે રહ્યા અને ગાજતે વાજતે ચાલ્યા. તે લીલાનો સમૈયો મહારાજે સંવત્ ૧૮૭૪ના વૈશાખ સુદિ દસમીએ શ્રીનગર મધ્યે પધારી કર્યો અને સાહેબને મળીને મંદિરનું કામ ચલાવ્યું.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'શ્રીનગરમાં હરિભક્તોની પૂજા સ્વીકારી' એ નામે સાતમું પ્રકરણ ॥૭॥



પ્રકરણ - ૮

વહેલાલ, મહેમદાવાદ અને વડથલની લીલા

પછી શ્રીજીમહારાજ વહેલાલ પધારતા હતા. ને રાત્રી ઘડી ચારથી પાંચ ગઈ ત્યારે શ્રીજીમહારાજ **વહેલાલ**ની સીમ મધ્યે આવ્યા. પછી બરકમદારને કહ્યું જે, "તમે બંદૂકના ભડાકા કરો. ગામના અમીન જેસંગભાઈએ આપણને એમ કહ્યું હતું જે, 'તમે આવો ત્યારે પ્રથમથી મનુષ્ય મોકલીને ખબર કરાવજો.' તે ખબર કરવી આપણે ભૂલ્યા. તે હવે બંદૂકના ઘણાક ચંભા નાખો. તે રૂપી સંદેશેથી જાણશે જે, મહારાજ પધાર્યા."

તેમ જ ઘણાક ભડાકા સાંભળીને મોટા હરિજન એવા જે જેસંગભાઈ, તેમણે સામૈયાનો સાજ કરાવ્યો. ઢોલ, નગારાં, શરણાઈઓ, ભેર, ભૂંગળ ને રણશિંગી આદિક ઘણાંક વાજાં વાગે છે. ગુલાલ, કુંકુમ, અક્ષત, શ્રીફળાદિક ઘણાંક ફળ લીધાં છે. અને એક કુંભ, તે ઉપર નવપલ્લવ ને તે ઉપર નાલિકેર(નાળિયેર) ને દ્રુવાદિક(ધ્રો-ધરો વગેરે) પુષ્પના હારે શોભાયમાન છે. તે કુંભ કુંવારી કન્યાના મસ્તકે શોભાયમાન છે. તે વાંસે ઘણીક બાઈઓ માંગલિક ધોળ ગીતને ગાતી હતી, જે

મંગલ કૃષ્ણ પધાર્યા, મારે કોટ[૧] દિવાળી. (૧.કરોડ)
નવલા નેહ વધાર્યા, મારે કોટ દિવાળી.
હો સજની કૃષ્ણ પધાર્યા, મારે કોટ દિવાળી.
મલપંતા રે મારે મંદિરે પધાર્યા, મારે કોટ દિવાળી.
જન્મમરણના ભયને ટાળ્યા, મારે કોટ દિવાળી.
સજની શ્યામ પધાર્યા, મારે કોટ દિવાળી.

એમ ગાતાં અને વાજાં વગાડતાં શ્રીજીમહારાજની સમીપે પહોંચ્યા. પછી તે સર્વે મહારાજને પગે લાગ્યા અને તે કુંભ મધ્યેથી જળ લઈને

મહારાજનાં ચરણને ધોયાં. પછી તે બાઈએ ભાલે સુંદર કુંકુમનું તિલક કર્યું, ને તિલક ઉપર શ્વેત ચોખા ચોડ્યા. પછી કંઠને વિષે મોતીની માળા, પુષ્પના હાર ને તોરા આદિક પુષ્પના ઘણાક અલંકાર ધરાવ્યા હતા. પછી શ્રીજીમહારાજને અક્ષતે, મોતીએ ને પુષ્પે કરીને વધાવ્યા.

જેસંગભાઈના સામૈયાનાં મનુષ્ય ઘણાંક આવ્યાં હતાં. અને શ્રીજીમહારાજનું સૈન્ય તો સમુદ્ર જેવું છે, તે મધ્યે તેમના સામૈયાનાં મનુષ્ય જે સ્ત્રીઓ ને પુરુષો તે તો સરિતા તુલ્ય છે. તે મહારાજના સૈન્યરૂપી મોટો મહેરામણ, તેને વિષે લીન થઈ જતી હતી. ને ઘણીક મશાલો પ્રગટી છે, ઘણોક ગુલાલ ઊડે છે, ઢોલવાળો ફરતો જાય છે ને વગાડતો જાય છે, ને બીજાં ઘણાંક વાજાં વાગે છે, ને બંદૂકોના ભડાકાનાં બરિયાન ઊડે છે. તેણે કરી જાણે નિશામાં શ્રીજીમહારાજ રૂપી દિનેશ ઉદય થયો છે, ને તે નિશાના તમને ટાળી રહ્યો છે ! (આમ વાજતે ગાજતે જેસંગભાઈના ઘેર પધાર્યા.)

શ્રીજીમહારાજ વહેલાલ મધ્યે જેસંગભાઈના ઘરના દરવાજા ઉપર મેડીએ ઉગમણે મુખે બિરાજ્યા. ને તેના મોઢા આગળ(દરવાજા સામે) સંત, સર્વે સંઘનાં મનુષ્ય ને અશ્વનો ઉતારો કરાવ્યો. ને સંતે શ્રીજીમહારાજનો થાળ કર્યો હતો. પછી (પોતે જમીને અને) સંત-હરિજન સર્વેને જમાડીને શ્રીજીમહારાજે ઘણીકવાર સુધી કીર્તન ગવરાવ્યાં ને પોતે વાર્તા કરીને પોઢી રેતા હતા

પ્રભાતે ઊઠીને સાબદાઈ કરીને ચાલ્યા, તે ગામ **કણભા** પધાર્યા. સર્વે હરિજને ઘણાક સન્માને ને સામૈયા આદિકે ગાજતે વાજતે મહારાજને ગામ મધ્યે પધરાવ્યા. પછી ઘણાંક ગાડાં ભરીને કેરીઓ લાવ્યા તે સંતને અને સર્વે સંઘના મનુષ્યને જમાડી. પછી લાડુની રસોઈ કરાવીને સર્વે જનને જમાડ્યા. મહારાજનો થાળ નિર્ગુણાનંજીએ ને વૈષ્ણવાનંદજીએ કરીને મહારાજને જમાડ્યા. પછી તે ગામના હરિજનોએ ઘણાક ઉપચારે કરીને મહારાજની પૂજા કરી તેમજ સર્વેની મે’માનગતિ કરી.

❉ મહેમદાવાદમાં વિષ્ણુયજ્ઞ કરનાર વિપ્ર પર મહારાજનો રાજીપો

પછી પ્રભાતે શ્રીજીમહારાજ ચાલ્યા, તે **શ્રીમેમદાવાદે** ગયા. ત્યાંના હરિજન દુર્લભરામ પંડ્યા, બેચર ભટ્ટ ને અંબારામ ભટ્ટ આદિક ઘણાક હરિજન વાજાં લઈને ગાજતે વાજતે સામૈયે આવ્યા. અને ઘણોક ગુલાલ ને પુષ્પના હારે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી. વિપ્ર કાળીદાસે કંસાર-રોટલીની રસોઈ આપી હતી. તે મધ્યે ઘણુંક ગરથ(ઘી) નાંખ્યું હતું ને તે શ્રીજીમહારાજ પીરસતા હતા. પછી વિપ્ર કાળીદાસે શ્રીજીમહારાજની ષોડશોપચારે પૂજા કરીને રાજી કર્યા.

પછી શ્રીજીમહારાજ જમીને સર્વેને જમાડીને દુર્લભરામના મેડા ઉપર સુખાસને બેઠા. ત્યાં એક શુક્લ બ્રાહ્મણ વિષ્ણુનો જજ્ઞ કરતો હતો. તે આવીને બેઉ હાથ જોડી દીનવચને એમ બોલવા લાગ્યો જે, “હે સમર્થ ! હે મહારાજ ! તમે તો ઈશ્વર છો, નારાયણરૂપ છો ને વળી યજ્ઞપુરુષ(યજ્ઞના અધિષ્ઠાતા દેવ) છો. તો આપ મારી જજ્ઞશાળા મધ્યે પધારો એટલે મારો જન્મ ને જજ્ઞ બન્ને સાર્થક થાય.”

એમ તે વિપ્રે ઘણીક પ્રાર્થના કરી. ત્યારે ઘણાક દયાળુ, કૃપાળુ અને વળી ગૌ, વિપ્ર, સંત અને હર કોઈ ગરીબના પાલક એવા જે શ્રીજીમહારાજ, તે ઘણાક જને વીંટાણા થકા ત્યાં તેની જજ્ઞશાળા મધ્યે ગયા. તે સર્વે વરણીવાળા(યજ્ઞમાં ક્રિયાકર્મ કરવા માટે વરૂણીમાં વરેલા) વિપ્રો મહારાજનાં દર્શન કરીને નમસ્કાર કરતા હતા. પછી શ્રીજીમહારાજે ઘણાક રૂપિયા અપાવ્યા ને તેની ઉપર ઘણુંક રાજી થઈને એમ કહ્યું જે, “તને શાબાશ છે જે, તું વિષ્ણુસંબંધી જજ્ઞ કરે છે. તેથી તારું કલ્યાણ થાશે.” ત્યારે તે વિપ્રે એમ કહ્યું જે, “હે મહારાજ ! મેં તમારાં દર્શન કર્યાં તેથી મારું કલ્યાણ નિશ્ચય જ થયું. અને હે મહારાજ ! તમને અને તમારા સંઘને કાલે મારે રસોઈ આપવી છે, તો કૃપા કરી હા પાડો. હે મહારાજ ! તમ જેવા મહેમાન મને ક્યાંથી મળશે !” ત્યારે

દુર્લભરામ બોલ્યા જે, "કાલે તો મારી રસોઈ છે." ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "અમારે કાલે પ્રભાતે જમીને વડથલે નિવાસ કરીને પછી ઉમરેઠ જાવું છે, તે અમે રોકાશું નહિ." એમ કહ્યું.

પછી એક વડનું વૃક્ષ હતું ત્યાં રુચિર હિંડોળો નિષ્કુળાનંદસ્વામીએ બનાવ્યો હતો. ને તેમાં ચિત્રવિચિત્ર પટ ને તે મધ્યે ઘણીક ટોકરીઓ બાંધી છે. અને તે મધ્યે ચારે કોરે કમાનો વાળી છે ને ઉપર સોનાનાં પાંચ ઈંડાં મેલ્યાં છે. તે મધ્યે પાંચ પતાકાઓ ફરકી રહી છે. તે ઉપર શ્રીજીમહારાજ આવીને બિરાજમાન થયા. પછી સર્વેમાં મોટા એવા બ્રહ્મચારી મુકુંદાનંદજી મહારાજને ધીરે ધીરે ઝુલાવવા લાગ્યા. અને સંત સર્વે ઝીલણિયાં કીર્તન બોલવા લાગ્યા.

પછી હરિજનને(દુર્લભરામ ને બેચર ભટ્ટને) માંહોમાંહી વિરોધ હતો, તેને મહારાજે ઘણી વાત કરીને ટાળી નંખાવ્યો. અને એક બીજાને પરસ્પર પગે લગાડીને હેત કરાવતાં થકા ગામ મધ્યે પધાર્યા. પછી પોતે વાળુ કરીને દુર્લભરામની મેડીએ પોઢ્યા. અને પ્રભાતે મહારાજે વહેલા ઊઠીને સ્નાન કર્યું ને પછી નિત્યવિધિ કરીને થાળ જમ્યા. પછી તળેલા લાડુની રસોઈ ધર્મશાળા મધ્યે કરી હતી, તે મહારાજ પોતે પીરસતા હતા. અને સર્વે જનને જમાડીને તત્કાળ સાબદાઈ કરીને ગાજતે વાજતે ચાલ્યા.

❉ વડથલમાં નાથા ભાવસારનું હાસ્ય ને એક ભૂતનો ઉદ્ધાર

ગામ **વડથલે** પધાર્યા. ત્યાંના ભાણો ને કાળીદાસ આદિક ઘણાક હરિજન તે સર્વે સામૈયું લઈને સામા આવ્યા. તે ઘણાંક વાજાં વાગે છે, ને વિપ્ર વેદની ધૂની કરતા જાય છે, ને ઘણોક ગુલાલ ને અબીલ ઊડે છે. તેમ ઘણાંક માન ને સન્માને કરીને શ્રીજીમહારાજને ગામ મધ્યે પધરાવ્યા. પછી કાળીદાસે સર્વે સંઘને અને મહારાજને સાકરના લાડુ કરાવીને જમાડ્યા. પછી શ્રીજીમહારાજની કેસર-ચંદને કરીને અને ભારે

વસ્ત્ર, હેમના અલંકાર ને પુષ્પના હારના અલંકારે કરીને પૂજા કરી. પછી કપૂરની આરતી ઉતારી. પછી તેણે શ્રીજીમહારાજને સાઝ સોતી એક ઘણમૂલી ઘોડી અર્પણ કરી. ને તે પછી કાળીદાસે શ્રીજીમહારાજનો હિંડોળો ભાગોળે બાંધ્યો હતો, તે ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થયા. અને ત્યાં સર્વે સંત ને હરિજન કીર્તન ગાવા લાગ્યા.

ત્યાં **નાથો ભાવસાર** રાખ ચોળીને **ઠીકરનાથનો** વેશ કાઢીને આવ્યો. તેણે તનમાં ઘણી વિભૂતિ(રાખ; ભસ્મ) ચોળી હતી. અને એમ બોલ્યો જે, "અરે બે દુનિયાલોકો ! તુમ ક્યું નહિ માનતે હો ? ઐસે પ્રગટ પ્રમાણ મહારાજ અક્ષરના પતિ છે ને આ સબ સંત હે સો બે અક્ષર કે મુક્ત હે. ને આ સબ હરિજન હે, સો ગૌલોક કે ગોપ ને ગોપીકાયું હે. ઈસ વાસ્તે હમ ગરનારીસિંધ હે. સો તુમકું કે'તે હે જો યે મહારાજ કું જે નહિ માનેગા તિનકું જમરાજકા દૂત પકડકે લે જાવેગા." એમ તેણે ઘણોક હાસ્ય મહારાજને કરાવ્યો.

પછી સર્વે સભા તો આશ્ચર્યને પામી. 'આ તે બાવો કોણ હશે ?' ત્યારે મહારાજે સર્વેને એમ કહ્યું જે, "એ તો દુર્ગપુરનો નાથો ભાવસાર છે, તેને તો અમે તુરંત ઓળખ્યો છે." ત્યારે મુક્તાનંદસ્વામીએ મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! તેને અમે તો કેણેય ન ઓળખ્યો જે, એ નાથો છે. તે તમે તો ઘણા વિચિક્ષણ છો, તે તમે તેને તરત ઓળખી કાઢ્યો." એમ વાત કરતા હતા.

પછી તે કેડે આરતી, ધૂન કરી. તે ધૂન પ્રથમથી શ્રીજીમહારાજ બોલે છે જે, 'રામકૃષ્ણ ગોવિંદ',પછી પોતે પલંગ પરથી હેઠા ઊતરીને એક પાટ હતી, તે ઉપર ઊભા થઈને ફરતા જાય છે, તેમ ચારે કોરે દર્શન દેતા જાય છે ને તાલી પાડતા જાય છે. ને પોતાના જમણા હાથની આંગળી મધ્યે એક હેમની વીંટી પહેરી હતી, તે મધ્યે એક શ્વેત હીરો જડેલો હતો, તે વિદ્યુતના જેવો પ્રકાશને કરતો હતો. એમ આરતી ધૂન

કરી રહ્યા પછી સર્વે સંત સભાને પ્રથમથી પોતે જ નમ્યા. અને પછી સંતો પણ શ્રીજીમહારાજને દંડવત્ પ્રણામ કરતા હતા. પછી ઘણીકવાર સુધી મહારાજે સભા પ્રત્યે વાત કરી. અને **એક બાઈએ** આવીને મહારાજ આગળ અરજ કરી અને એમ બોલી જે, "હે મહારાજ ! **મારો પતિ મરીને ભૂતયોનિને** પામ્યો છે, તે રાત્રી પડે ત્યારે મૂર્તિમાન થકો આવીને મને ઘણુંક દુઃખને પમાડતો હતો. તેથી તેને મેં એમ કહ્યું જે, 'તારી સદ્ગતિ થાય ને તારા જીવનો મોક્ષ થાય, તેમ તું મને કહે તો તેમ હું કરું.'

ત્યારે તેણે મને એમ કહ્યું જે, 'આ ગામને વિષે શ્રીજીમહારાજ સંતના મંડળે સહિત પધારશે ખરા. તે દી તું સર્વેને જમાડજે ને વસ્ત્ર-અલંકારે કરીને મહારાજની પૂજા કરજે, તેથી મારો મોક્ષ થાશે. ને મેં તને કહ્યું તેમ તું જો નહિ કરે, તો તારો જીવ જાશે અને મારું ને તારું ભૂંડું થાશે. ને તું નિર્વંશ છું, તે તારું ધન કોક ખાશે.' એમ કહ્યું છે. તે સારુ કાલે તો મારી રસોઈ જરૂર લીધી જોઈશે."

तारेश्रीजीमहाराजेसर्वेसंतप्रत्येएमकयुं
जेअहोईतीआश्चर्यनेबतईतीषेदेजेवीवासनाअतिभुंडुकरे
छेएमकहीनेवलिमहाराजेकयुजेधननेस्त्रीमांप्रीतीराषेछेते
नुआमभुंडुथायछेतेसारुजेनेभगवाननोआसरोथयोछेतेने
आवातसांभलीनेबीवुनेभगवाननोदृढआसरोकरवोजेथी
संसृतीनोथाय

ત્યારે શ્રીજીમહારાજે સર્વે સંત પ્રત્યે એમ કહ્યું જે, "અહો ઈતિ આશ્ચર્ય ને બત ઈતિ ખેદે જે વાસના અતિ ભૂંડું કરે છે." એમ કહીને વળી મહારાજે કહ્યું જે, **"ધન ને સ્ત્રીમાં પ્રીતિ રાખે છે, તેનું આમ ભૂંડું થાય છે. તે સારુ જેને ભગવાનનો આશરો થયો છે, તેને આ વાત સાંભળીને બીવું. ને ભગવાનનો દૃઢ આશરો કરવો, જેથી સંસૃતિ નો થાય."**

પછી હરિજને પૂછ્યું, "હે મહારાજ ! ભૂત મૂર્તિમાન દેખાય?" ત્યારે મહારાજે કહ્યું જે, "ભૂતથી સ્ત્રીને પ્રજા પણ ઊપજે, તેમ છે." પછી એમ કહ્યું જે, "આપણે ચાલ્યાની ઘણીક તાણ છે, તેનું કેમ કરવું?" ત્યારે ત્યાંના હરિજન એમ બોલ્યા જે, "હે મહારાજ ! આ રસોઈ તો તમારે જરૂર લેવી જોઈશે." ત્યારે મહારાજે એમ કહ્યું જે, "જાઓ, શીઘ્ર કરાવજો, તે જમીને અમારે ઉમરેઠ પહોંચવું છે."

ઘણાક વિપ્ર ન્હાયા ને સાકરના તળેલા મોદક કરી નાંખ્યા. ને મહારાજના થાળની આજ્ઞા આનંદસ્વામીએ વૈષ્ણવાનંદજી અને નિર્ગુણાનંદજીને કરી. ને પોતે પોઢી રહ્યા. પ્રતિદિને[1] મહારાજે વહેલા સ્નાનવિધિ ને નિત્યવિધિ કરી. અને સંતે સુંદર થાળ કર્યો હતો તે જમ્યા. પછી મહારાજની પૂજા કેસર, ચંદન, વસ્ત્ર, અલંકારાદિક પુષ્પ ને પત્રે કરીને કરી. પછી સંત અને સંઘને પોતે પીરસીને જમાડ્યા.

પછી એમ બોલ્યા જે, "હે સંતો ! તમે ભગવાનની સ્મૃતિ કરીને ભૂતનો મોક્ષ કરો." ત્યારે સંત એમ બોલ્યા જે, "જેની તમે સ્મૃતિ કરી છે તેનો તમારા પ્રતાપે કરીને ઉદ્ધાર નિશ્ચે જ થયો." એમ કહીને શ્રીજીમહારાજે અને સર્વે સંત ને સંઘ તેણે સાબદાઈ કરી. એવી રીતે **શ્રીવડથલ**ને વિષે કાળીદાસ ને પંડ્યા રૂગનાથ ને ભાણાભાઈની રસોઈ ને બીજે દિવસે ભૂતનો ઉદ્ધાર કર્યો; એ નામે આખ્યાન સમાપ્ત થયું.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'વહેલાલ, મહેમદાવાદ અને વડથલની લીલા' એ નામે આઠમું પ્રકરણ ॥૮॥



૧.લેખકે સમગ્ર ગ્રંથમાં 'પ્રતિદિન' શબ્દ 'બીજા દિવસે' અર્થમાં લખેલ છે.

પ્રકરણ - ૯

ઉમરેઠમાં શ્રીહરિનું સામૈયું ને ત્યાંની લીલા

હવે શ્રીજીમહારાજ **ઉમરેઠ** ઉપર પધારતા હતા, તે સમાની મહારાજની મૂર્તિનું ચિંતવન શાસ્ત્રી લક્ષ્મીરામ સંત ને હરિજનની કૃપાથી કહે છે. દાસ એવો જે હું તે ઉપર દયા કરજો. દુરાધર્ષ્ય એવા મહારાજ તે મારી બુદ્ધિ મધ્યે સુખે ધરાઓ, એમ હું તમ પાસે માગું છું.

મહારાજ શોભાયમાન એવો રોઝો ઘોડો તે ઉપર બિરાજમાન હતા. ને ઘણાક અસ્વાર ને પાળાને શોભાડતા થકા મારગને વિષે ચાલ્યા જાય છે. તે સમે શ્રીજીમહારાજે જે જે વસ્ત્ર ને હેમનાં અલંકાર પેર્યાં હતાં, તેનું ચિંતવન કરું છું જે, પીળી છાટમનો સુરવાળ પેર્યો હતો ને ઘણાંક મૂલ્યવાળું જગન્નાથી ધોળું અંગરખું પેર્યું હતું. માથે ભારે કસુંબી રેંટો જરિયાની મંડીલનું છોગું મેલીને બાંધ્યો હતો. ને કટિ ઉપરે સોનેરી છેડાવાળું આસમાની રંગનું એક શેલું બાંધ્યું હતું. ને ચોગઠા પાડીને એક નીલું જરિયાની શેલું ખંભા ઉપરે ધાર્યું હતું.

હવે અલંકારની શોભાને કહેવી છે : ચરણ મધ્યે હેમનાં તોડા, ને નેપુર; કેડે કટીમેખલા; ને બેઉ ભુજ મધ્યે હેમનાં કડાં, પોંચીઓ ને બાજુબંધ અને તે મધ્યે હેમનાં બોર ભુજની હેઠે લટકી રહ્યાં હતાં. દસે આંગળીઓ મધ્યે વેઢ-વીંટીઓ ને કંઠ મધ્યે હેમની ઊતરી, ચંદનહાર, સત્ય મોતીના હાર, હેમના બેવડા દોરા, તાવીજ, માદળિયાં ને હેમનો બેવડો જુગલબંધ એ આદિક ઘણાંક કંઠનાં ભૂષણ શોભતાં હતાં અને મસ્તક ઉપર મોતીઓના તોરા ઝૂકી રહ્યા હતા.

અને ઘણાક અસ્વાર, ઘણાક શસ્ત્રધારી પાળા ને સંતે વીંટાણા થકા ચાલતા હતા. ને તેને આગળે બંદીજન એવો જે નાગાજણ ને પૂજો તે બે જણ રવાજ-કાંસિયાને વગાડીને ઊંચે સ્વરે આ પદને બોલતા હતા જે, '***માણીગર મોરલીવાળો***'. એ આદિક ઘણાંક કીર્તનને બોલાવતા

થકા આનંદ-ઉચ્છવને કરાવતા અને સર્વે પોતાના સંતમંડળને શોભાડતા થકા નીલકલેવર એવા જે શ્રીજીમહારાજ, તે **ઉમરેઠ**ના સીમાડાની સમીપ પધાર્યા.

ત્યારે તે ગામના હરિજન મધ્યે મોટેરા જે ઠાકર રૂપરામ, સુત નંદુ, દવે નરભેરામ, સુત નરોત્તમ, ગંગાદત્ત ગોવસીકર, દવે શુભરાય, શુભમતિ વિષ્ણુદત્ત, નંદદાસ, દયારામ ને લક્ષ્મીદત્ત આદિક ઘણાક હરિજન અને મનાઈ આદિક ઘણીક બાઈઓ તે સામૈયાનો સાજ તૈયાર કરતાં હતાં. પછી તે સૌ તથા ચારે વર્ણનાં ઘણાંક મનુષ્ય ને ઘણી સ્ત્રીઓનાં યૂથનાં યૂથ સામૈયું કરવા ચાલ્યાં. તેમાં ઘણાક ચાર વેદના ભણેલા ને કેટલાક તો શાસ્ત્ર ને પુરાણના ભણેલા ને કેટલાક જ્યોતિષી ને કેટલાક કર્મઠ(કર્મકાંડ - ધાર્મિક ક્રિયાઓ કરનારા) ને કેટલાક તો આવસથ્ય(એ નામના અગ્નિમાં હોમ કરનારા) અને અગ્નિહોત્રી[1] આદિક ભૂસુર(બ્રાહ્મણો) હતા.

અને તે મધ્યે સામૈયાનો સાજ તે શું તો ઘણાંક વાજિંત્ર હતાં. ને એક કુંવારી કન્યાને માથે સુંદર સ્વચ્છ કળશ ને તે ઉપર નવપલ્લવ, દૂર્વા, પુષ્પ, પત્ર, અબીલ, ગુલાલ ને તે ઉપર સ્વચ્છ જળનો પવિત્ર એક લોટો ને તે ઉપર એક નાલિકેર મૂક્યું હતું. ને ઘણીક બાઈઓ મંગળ ગીતને ગાતી હતી. તે આ પદને ગાતી જે,

રંગના રસિયા રે હરિ ઘેરે આવિયા. સાંભળ સાંભળ સૈયર મોરી,
કેશર કુંકુમ નાંખ્યા ઢોળી, રંગના રસિયા હરિ ઘેર આવિયા.
હરિકૃષ્ણ પરોણા રે મારે ઘેર આવિયા.

એ આદિક ઘણાં મંગળ ગીતને ગાતી આવે છે. તેમ ઘણાંક ઢોલ, નગારાં, શરણાઈ, ભૂંગળ, ભેરી, તૂરઈ, ત્રાંસાં, ધૂફ ને ઝલરી(ઝાંઝ; ખંજરી) આદિક ઘણાં વાજાંનાં ઘોર ઠોર(મોટો ગંભીર અવાજ) થાય

૧.સવાર-સાંજ ઘરમાં નિયમિત અગ્નિમાં હોમ કરનારા

છે, તેમ ગામ મધ્યેથી સર્વે જન ચાલ્યા. તે શહેર તો પૂનમની રાત્રીને ઠેકાણે અને મહારાજ ને મહારાજનું સૈન્ય તે તો સુખની નિધિના સમુદ્ર તુલ્ય છે. તે જેમ રાકેશની(પૂર્ણિમાની) રાત્રીને જોઈ મહેરામણ હર્ષને પામે તેમ મહારાજ સામે ઘણીક સ્ત્રીઓનાં યૂથ આવે છે. તે જાણે સમુદ્રની અનંત લહેરીઓ તુલ્ય ચાલતી હતી.

સુખના સિંધુ એવા જે શ્રીજીમહારાજ તે પ્રત્યે, તેવી રીતે ગાજતે વાજતે સર્વે સામૈયાનો સાજ તેને લઈને, એક શુક્લ હરિભાઈ સુત પુરુષોત્તમ વેદિયા આવ્યા. તેના હાથ મધ્યે હેમનો થાળ, તે મધ્યે ઘણોક પૂજાનો સામાન ધર્યો છે. ને તેણે સ્વસ્તિવાચન ભણીને(બોલીને) તે કુંવારી કન્યાને માથેથી લોટો લઈને મહારાજને આચમન કરાવ્યું. પછી તે બાઈએ મહારાજને કુંકુમનું તિલક કર્યું, ભાલે અક્ષત ચોડ્યા અને પછી કંઠને વિષે પુષ્પની ને મોતીની માળા પહેરાવી. જેમ તે વિપ્ર ભણીને તે બાઈને બતાવતો જાય તેમ તે બાઈ કરતી હતી.

પછી મધુપર્ક કરાવ્યો જે, દૂધ, દધિ, મધુ(મધ) ગરથ ને શુદ્ધોદકે કરી મહારાજનાં ચરણ ધોયાં. ત્યાર પછી સર્વે હરિજનમાં મોટા ભાઈ જે રૂપરામ ને નરભેરામ આદિક હતા, તેમણે મહારાજને વસ્ત્ર, અલંકાર ને રૂપિયા આદિક અર્પણ કર્યા. પછી જેમ ઘણાક દ્વિજ ભણે છે, તેમ સ્વસ્તિવાચનના સર્વે પ્રકારના મંત્ર ભણીને સર્વેએ મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી. પછી ઘણાંક પુષ્પે ને ઘણાંક મોતીડે વધાવે છે. ને ઘણાક ગુલાલ ને અબીલ આદિક ઊડે છે. ને ઘણાક દ્વિજ ચારે વેદની રુચાઓ સ્વરે સહિત ઊંચે શબ્દે બોલે છે. તેમજ ઘણીક બાઈઓ મંગલગીત ગાવે છે. તેમ ઘણાંક વાજિંત્ર ત્રાંસાંદિક વાગી રહ્યાં છે.

એમ વાજતે ગાજતે શ્રીજીમહારાજ સંઘે સહિત ગામની ભાગોળે પધારતા હતા. તે ઘણાં મનુષ્યોને જોઈને પોતે બોલ્યા જે, “હે હરિજનો ! આ ઘણાં મનુષ્ય છે, તે તમારા ગામ મધ્યે કોઈ ઠેકાણે નહિ માય.

તે સારુ આ **જાગનાથ** મહાદેવની જગ્યા મધ્યે પડાવ કરો." તેમ ત્યાં ઊતર્યા. પછી તેથી આથમણી કોરે એક વિસામાની વેદિકા(બેસવા કે વિસામો લેવા માટેનો ઓટો) હતી, તે ઉપર પલંગ બિછાવી. ને તે ઉપર શ્રીજીમહારાજ બિરાજ્યા. પછી ઘણી મોટી સભા બેઠી અને સાયંકાળનો સમય હતો, તે ઘણી મશાલો પ્રગટી.

પછી શ્રીજીમહારાજ ઉત્તર મુખે બેઠા હતા ને સભા મહારાજની સામે દક્ષિણ મુખે ઊભી હતી. પછી પ્રથમ મહારાજ 'રામકૃષ્ણ ગોવિંદ હરે નારાયણ' આદિ નારાયણધૂન તાળી પાડીને બોલે છે, (ને પાછળ સર્વે ઝીલે છે.) અને પોતાના જમણા ભુજની તર્જની આંગળી મધ્યે એક હેમની મુદ્રિકા પહેરી છે, તે મધ્યે એક હીરો શ્વેત જડ્યો હતો, તેના પ્રકાશનો ચમત્કાર તે વિદ્યુત તુલ્ય થતો હતો.

અને ધૂન-આરતી થયા પછી સ્તુતિ થઈ, પછી સર્વે સંતને મહારાજ નમતા હતા. તેમ સંત ને હરિજન મહારાજને દંડવત ને નમસ્કાર કરતા હતા. પછી સર્વે હરિજને મહારાજને એમ કહ્યું જે, "આ ટાણે સર્વે સંઘની સારુ રસોઈ કરાવીએ." ત્યારે પોતે એમ બોલ્યા જે, "સર્વે જમીને આવ્યા છે, તે આ ટાણે રસોઈ કરવી નહિ."

અશ્વ આદિક પશુને ઘાસ ને જોગાણ આદિકે કરીને ને મનુષ્યને પથારી-પાણીએ કરીને સુખી કરીને પછી શ્રીજીમહારાજ પ્રત્યે રૂપરામજીએ એમ કહ્યું જે, "હે મહારાજ ! કાલે મારી રસોઈ છે, તે તમે તથા તમ ભેગાં સંઘનાં સર્વે મનુષ્ય તેને આ ટાણેથી જ નોતરાં છે. તે એક તમને કહ્યાથી સર્વેને કે'વાણું છે."

ત્યારે શ્રીજીમહારાજે તે દ્વિજને એમ કહ્યું જે, "અમારા સંઘનાં મનુષ્ય અનંત છે, તે સારુ આ સંત, પાળા ને અસ્વારને જ નોતરાં આપો." ત્યારે તેણે એમ કહ્યું જે, "આવો સંઘ ને તેના સંઘવી(સંઘપતિ; સંઘના નેતા) તમ જેવા મહેમાન મને કે'દી મળે ! ને તમને અજ,

ધૂર્જટિ, મઘવા(ઇન્દ્ર) એ સર્વે ઇચ્છે છે જે, હે મહારાજ ! તમે એકવાર અમારા ધામ મધ્યે પધારો ને તમારી મૂર્તિનું દર્શન આપીને અમને કૃતાર્થ કરો. તે સર્વે પોતાના ધામના વૈભવનો ત્યાગ કરીને આ ભરતખંડને વિષે કૃપા કરી આપ પધાર્યા છો એવા જે તમે, તેનાં અમારે દર્શન થયાં. તે અમારે મનુષ્ય-જન્મ સફળ થયો છે." તેમ ઘણી સ્તુતિ દ્વિજ રૂપરામજીએ કરી ને મહારાજને ઘણા રાજી કર્યા. તે તો ઘણા ઉદાર ને વળી ધનાઢ્ય હતા, ને હીરાના રોજગારના કરતલ હતા. તેણે સર્વે સંઘને જમાડવાની હા પડાવી. ને શ્રીજીમહારાજનો થાળ પણ તેને ઘેરે કર્યો હતો, ત્યાં જમવા પધાર્યા અને સુંદર ભોજન જમીને તેના મંદિર મધ્યે પોઢ્યા.

પછી બીજે દિવસે ઘણા દ્વિજને પાકશાળા મધ્યે રસોઈ કરવાને માટે નવરાવ્યા. તેણે મેંદાની ઝીણી રોટલીઓ કરી ને ઘણો કેરીનો રસ કાઢ્યો. તે ત્રાંબાની મોટી કોઠીઓ લઈને આપી, તે મધ્યે રસ ભર્યો, તે અખૂટ ભર્યો હતો. તેમ ઘણાંક શાક કર્યાં હતાં. તેમજ ઘણી સાકર ધોઈને મૂકી. અને રંગાડાના ઘણા ઘડામાં(રંગકામમાં વપરાતા મોટા ઘડામાં) ગરથ ગાળીને ભરી મૂક્યું હતું.

તે દિવસે પ્રથમ શ્રીજીમહારાજનો થાળ તેને ઘેર કર્યો હતો, તેમાં લેહ્ય, ચોસ્ય, ભક્ષ્ય ને ભોજ્ય આદિક ઘણાં (ભોજન) કર્યાં હતાં. મહારાજે પ્રભાતે ઊઠી સ્નાનાદિક ક્રિયા કરીને પૂજાવિધિ કરી. પછી પોતે જમવા પધાર્યા. પછી ધીરે ધીરે જમતા જાય છે, વારે વારે જળ પીતા જાય છે. અને ટેવ પ્રમાણે પોતાનો ડાબો ભુજ ઉદર ઉપરે ફેરવતા જાય છે, એમ પોતે જમી રહ્યા. પછી મુખવાસ અને પાનબીડી જમ્યા.

પછી શ્રીજીમહારાજની કેસરચંદન, પુષ્પના હાર, વસ્ત્ર, હેમના અલંકાર ને મોતીના હારે કરીને પૂજા કરી. પછી કપૂરની આરતી ઉતારી. પછી સર્વે સંત ને સંઘના મનુષ્યને જમવા બોલાવ્યા. તે સર્વે પંક્તિ

કરીને બેઠા. ઘણાંક પત્રાવળાં ને મોટા પડિયા આપ્યા. ઘણા રસોઈયા રસના ઘડા લઈને પીરસવા લાગ્યા. ને તે વાંસે ઘોણિયા[૧] ને ત્રાંબડીઓ ઘીથી ભરીને શ્રીજીમહારાજના હાથ મધ્યે આપે છે. તેને લઈને પોતે આનંદે-ઉછરંગે થકા પીરસે છે, તેની ધાર ખેંચતા નથી. તે જેમ અષાઢી મેઘની ઝડી વરસે તેની પેઠે પીરસે છે. પછી ધોયેલી સર્કરાના મોટા તાંસડા ભરીને સંત ઉપાડીને ચાલે છે, તેને શ્રીજીમહારાજ પીરસતા હતા. ને પોતે હુકમ કર્યો ત્યારે સંત રોટલી ને શાકને પીરસવા લાગ્યા. એમ સર્વે જનને પીરસી રહ્યા ત્યારે પોતાના બેઉ ભુજને ઊંચા કરીને એમ બોલ્યા જે, 'જય સચ્ચિદાનંદ ! હવે સર્વે જમવા લાગો.' એમ બોલતા હતા. શ્રીજીમહારાજ ગરથ અને સાકરને વારંવાર ફેરવતા હતા.

પછી પીરસીને હાથ ધોઈને ઠાકર રૂપરામ સુત નંદુભાઈની મેડીનો ગોખ કરે(મેડીની બાજુની દીવાલે) ઉગમણે બારણે છે, તે મધ્યે બિરાજમાન થઈને સર્વે જનને દર્શન દેવા લાગ્યા. પછી સર્વે જમી રહ્યા ત્યારે પોતાને ઉતારે ગયા. પછી દવે નરભેરામ ને તેનો સુત નરોત્તમ, તે બેઉ જણે મહારાજ પાસે આવીને એમ કહ્યું જે, "હે મહારાજ ! કાલે અમારી રસોઈ છે. તમે ને તમારો સંઘ સર્વેને આ ટાણેથી નોતરાં આપું છું." ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "રસોઈ વહેલી કરવી. કેમ જે, જમીને અમારે ચાલવું છે."

તેણે દ્વિજ પાસે સાકરના ઘણા મોદક કરાવ્યા. ને મહારાજનો થાળ હરિજન બાઈઓએ કર્યો હતો. પ્રભાતે મહારાજ ઊઠીને દંતધાવન કરી સ્નાનવિધિ કરી. અને પોતે પૂજાવિધિ કરીને પછી જમવા પધાર્યા, તે તેમની મેડી ઉપરે જમવા લાગ્યા. તે લેહ્ય, ચોસ્ય, ભક્ષ્ય ને ભોજ્ય આદિક ઘણાં મિષ્ટ ભોજનને જમ્યા. પછી પોતે જમી રહ્યા ત્યાર પછી ચળુ કર્યું. પછી મુખવાસ ને પાનબીડી જમીને સંત ને સર્વે સંઘની પંક્તિ કરાવી.

૧.પહોળા મોઢાવાળી ઘી ભરવાની તાંબાની મોટી વટલોઈ

પછી શ્રીજીમહારાજ પીતાંબરની પલવટ વાળી અને કમર કસીને સર્વે જનને મોદક પીરસવા લાગ્યા. અને સર્વેને પીરસીને તેમના મેડા ઉપરે ઉત્તરાદે મુખે ગોખ હતો, તે ઉપર પોતે ઉત્તર મુખે બેઠા હતા ને સર્વે પંક્તિઓને દર્શન દેતા હતા. પછી તે દ્વિજ શ્રીજીમહારાજની ષોડશોપચારે કરીને પૂજા કરવા લાગ્યા. તે વસ્ત્ર, હેમના અલંકાર, મોતીની માળા, પુષ્પના હાર ને ઘણાંક ધાતુનાં પાત્ર આદિક ઉપચારે કરીને મહારાજને પૂજા કરી, ને ઘણા રૂપિયાને અર્પણ કરીને આરતી ઉતારી. ને પછી શ્રીજીમહારાજ (સભામાં) બિરાજે છે.

એટલાક મધ્યે ગામ આણંદના દ્વિજ લક્ષ્મીદત્ત મહારાજ આગળ આવીને હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! તમે મારે ગામ આણંદ પધારો." ત્યારે તેમને મહારાજે એમ કહ્યું જે, "તમારા ગામ મધ્યે હાલ ઘણા ધર્મદ્વેષી અને સંત-હરિજનના દ્રોહી છે, તે સારુ તમે તાણ ન કરો. ને તમે તાણ કરીને જો તેડી જાશો તો તેમાં વિઘ્ન થાશે, ને સર્વે જન તમારી રસોઈ જમ્યા વિના જાશે."

શ્રીજીમહારાજ તે સમે એમ બોલ્યા, ત્યારે તે દ્વિજ ઘણું દિલગીર થઈને એમ બોલ્યો જે, "હું તો એકલો સત્સંગી છું ને ગરીબ છું. તે હે એકલના બેલી ! ને હે ગરીબનવાજ ! મારે ગામે તો જરૂર પધારવું જોઈશે." ત્યારે એક તો બ્રાહ્મણ, બીજા સંત ને ત્રીજો હરેક ગરીબ ને દુઃખિયા તેને દેખીને પોતે દયા કરીને તેના દુઃખને ટાળી નાંખ્યાનો છે સ્વભાવ જેનો, એવા જે મહારાજે તે વિપ્રનો પ્રેમ જોઈને હા પાડી. અને (શ્રીહરિ તથા સંઘના જનો ત્યાં જવાની) તૈયારી કરતા હતા. ઈતિ શ્રીઉમરેઠનું આખ્યાન સમાપ્ત થયું.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'ઉમરેઠમાં શ્રીહરિનું સામૈયું ને ત્યાંની લીલા' એ નામે નવમું પ્રકરણ ॥૯॥



પ્રકરણ - ૧૦

આણંદમાં દુષ્ટોની દુષ્ટતા સહન કરી વિચરણ કરતાં ગઢડા પધાર્યા

ઉમરેઠથી નીકળી તે દિવસે ગામ સામરખાની ભાગોળે ઉગમણી કોરે સંઘે પડાવ કર્યો હતો. ને એક વિસામો હતો, તેની ઉપર ગાદી નાંખી હતી. તે ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન હતા. ને આગળ સંત ને હરિજનની સભા ભરાઈને બેઠી હતી. પછી મહારાજે કહ્યું, “કીર્તન બોલો.” તેમ સંત કીર્તન બોલી રહ્યા.

પછી સર્વે સભા પ્રત્યે પોતાના બેઉ કરની તાળી પાડીને સભાને એમ કહ્યું જે, “અમે આ વાત કહીએ છીએ તે સર્વે જરૂર પાળજો. તે શું ? તો, કોઈ આપણું અપમાન કરશે, કોઈ ધૂળ નાખશે અથવા વગર વાંકે તમને તાડન કરશે, ને ઘણાંક દુર્વચન બોલીને તમને ગાળો બોલશે, (તે સર્વે સહન કરજો) ને તે સર્વે વારતા અમે તમને કહી તેમ તમારે અવશ્ય પાળવી જોઈશે.”

તેમ કહી સર્વે અસ્વાર મધ્યે મોટેરા એવા જે **દાદા ખાચર** ને ભક્ત સોમલા આદિકને પોતે એમ કહ્યું જે, “તમારે સર્વે અસ્વાર માત્રને ક્ષમા કરાવીને નીમમાં રખાવવા.” ત્યારે તેમણે કહ્યું જે, “ઠીક.” પછી પાળા મધ્યે મોટેરા જે **પવાર ભગુજીને** એમ કહ્યું જે, “તમારે તમારા સરબંદીને ક્ષમા કરાવવી ને નીમમાં રાખવા.” તેમ **જોબન પગી** અને સુંદર પગીને કહ્યું જે, “તમારા ધનુર્ધર એવા જે તમારા મનુષ્ય જે ભીલ જાતિ, તેમને તમે વશ રાખીને ક્ષમા કરાવજો.” ને મરુત દેશનો જમાદાર **મલુજી ચૌહાણ** તેણે લેખદાર ઘણાંક તેનાં મનુષ્ય રાખ્યાં હતાં, તે સર્વેને મહારાજે એમ કહ્યું જે, “અમે તો સાધુ છીએ તે અમારું કોઈ અપમાન કરે તો જેમ અમે સહન કર્યું છે. તેમ જ તમો સહન કરજો.”

તેમ તેને કહ્યું, ત્યારે તેમણે મહારાજ પ્રત્યે એમ કહ્યું જે, “જેમ તમારી મરજી હશે તેમ જ કરીશું.”

પછી શ્રીજીમહારાજે સર્વે સંતમંડળ પ્રત્યે એમ કહ્યું જે, “હે સંતો! તમારે ને અમારે પણ અતિ નિર્માને વર્તવું. કેમ જે, જેમ આપણે આપણા ધામ મધ્યેથી પ્રબંધ બાંધીને આ લોક મધ્યે આવ્યા છીએ તેમ જ વર્તવું. કોઈ અજ્ઞાની મનુષ્ય આપણું અપમાન કરે ત્યારે તમે સમર્થ થકા પણ સહન કરજો અને મન ને વાણીએ કરીને તેમનું સારું થાય તેમ જ વર્તવું. જેણે કરીને જીવ પ્રાણી તમારો ને અમારો ગુણ લેશે, તેણે કરીને તે સર્વેનું આગળ સારું થાશે.” એમ કહીને આ સાખી બોલ્યા જે,

અન્ન સમાન નહિ ઔષધી, ને જરણા સમાન નહિ જાપ.
કૃષ્ણ સમ નહિ કોઈ દેવતા, ને નિંદા સમ નહિ પાપ.

એ આદિક ઘણીક વાત કરી.

પછી મહારાજ ને સર્વે જન પોઢી રહ્યા. પછી પ્રભાતે ઊઠીને આણંદને માર્ગે ચાલ્યા. મારગે ચાલતે ચાલતે જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિકની ઘણીક વાર્તા કરતે સતે વાટ મધ્યે એક શોભાયમાન સર આવ્યું. તે મધ્યે ઘણાંક કમળે કરી શોભાયમાન હતું. તે મધ્યે જળકુક્કુટને[૧] જોતા હતા. અને જોઈને મહારાજે પોતે કહ્યું જે, “હે મુક્તાનંદસ્વામી! આ વિહંગની ગતિ ત્રણ પ્રકારની છે, જળ મધ્યે, પૃથ્વી મધ્યે તથા ખમાર્ગે(આકાશમાર્ગે) છે. તેમ સંતને પણ યોગરૂપી(બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવા રૂપી) બ્રહ્મવિદ્યાનો અભ્યાસ કરવો. એવી ઘણીક વાત મહારાજે કરી. તે મધ્યે આ દિશમાત્ર લખી છે. નિર્મળ જળ જોઈ તે મધ્યે મહારાજે સ્નાનાદિક ક્રિયા કરી.

અને મુકુંદ બ્રહ્મચારી ડબરો ભરીને સાકરના પેંડા લાવ્યા ને કહે

૧.પાણીમાં ડૂબકી મારી માછલાં પકડનાર જળકૂકડી

જે, “હે મહારાજ ! વળતી તમે આ પેંડા જમો. વળતી તો જે થાવાનું હશે તે થાશે અને એ બ્રાહ્મણની રસોઈ તો કોણ જાણે કોઈ ખાશે !” એમ સાંભળીને શ્રીજીમહારાજ ઘણું હસ્યા. પછી એમ બોલ્યા જે, “આ બ્રહ્મચારી સર્વજ્ઞ છે, તે એ જેમ બોલે છે તેમ જ થાશે, તેમાં સંશય નથી.”

વળી જુઓ, “સર્વે ઘોડા છે, તે પણ ચંચળ ચિત્તે શબ્દને કરે છે.” ત્યારે સર્વે કાઠી ને બીજા અસ્વાર એમ બોલ્યા જે, “એમ તો ખરું મહારાજ, એ તો દેવાંગી કહેવાય છે. પ્રથમ અમે મેલીકારે(લૂંટ કરવા) જાતા ત્યારે ધીંગાણું થાવાનું હોય ત્યારે એમ કરે ખરા.” તેમ વાત કરતે મહારાજ જમીને જળ પીને ઘોડે અસ્વાર થઈને ચાલ્યા. તે ગામ આણંદના સીમાડા મધ્યે શ્રીજીમહારાજ આવતા હતા.

પછી પોતે પોતાનો ઘણોક સંઘ હતો, તે પ્રત્યે ભવિષ્યની(આણંદમાં અપમાન થવાનું છે, તેની) વાત કહી. ને તેમાં સંતમંડળ સહન કરે તેવી રીતે વ્યુહની રચના કરાવતા હતા જે, “સર્વેને આગળે સંતમંડળ ચાલે; તેને વાંસે સંઘનાં મનુષ્ય જે વેપારી, બ્રાહ્મણ, વાણિયા ને કણબી આદિક હથિયારે રહિત હોય તે ચાલે; તેને વાંસે શસ્ત્રબદ્ધ પાળા અને તેને વાંસે સર્વે અસ્વાર ભેગા અમે ચાલશું. તેને વાંસે રહીને સંઘની બાઈઓ ચાલશે.” એમ ચાલ્યાની રીત સર્વેને શીખવી.

એમ કરતાં ગામની ભાગોળે પધાર્યા. ને પ્રથમ સંત ગામ મધ્યે ગયા. ત્યાં તે ગામ તો સર્વે શોકવત(દુઃખ કરાવનારું) નીકળ્યું. ને સંતોની ઉપર ધૂરી ને ઈંટો નાંખીને ઘણુંક અપમાન કર્યું, તોપણ સંતો ધીરજવાન કેવા છે ? તો સુખ ને દુઃખને સમ જાણે એવા છે. તે દુઃખને સહન કરતા હતા. જેમ ગિરિ મેઘનાં અગાધ બુંદ સહન કરે છે, તેમ જ મહાજ્ઞાની એવા જે મહારાજના અનંત બોધને તેને શ્રવણ કરનારા એવા જે સંતજન તે અજ્ઞાની મનુષ્યના તિરસ્કારને ને ખળપુરુષના વચનને પર્વતની પેઠે સહન કરતા હતા. તે સહનશીલતાને જોઈને શ્રીજીમહારાજ ઘણું રાજી થઈને ‘હાં..હાં’ શબ્દને બોલતા હતા.

પછી સર્વે ક્ષત્રી શસ્ત્રધારીએ શૂરાતન આણીને પોતે પોતાનાં હથિયાર તે દુષ્ટ સામાં ઉગામ્યાં. તેમને શ્રીજીમહારાજ ઘણા ઊંચે શબ્દે કરી વારીને પોતાના નીમમાં રાખતા હતા. મહા સમર્થ એવા મહારાજ કેવા છે ? તો જેના પ્રતાપને જોઈને કાળ કંપે છે. જેના પ્રતાપને જોઈ મહેરાણ(સમુદ્ર) મરજાદામાં સદાય રહ્યો છે. જેના પ્રતાપને જોઈને દિનેશ ને વિધુ નિત્યે ઉદય ને અસ્તને પામે છે. સુરપતિ આદિક સર્વે વિબુધ ને સર્વે મુનીન્દ્ર આદિક ઋષિ મહારાજની આજ્ઞાને અખંડ સભીત થકા પાળે છે અને તે સર્વે મોટા છે, તોપણ શ્રીજીમહારાજની આજ્ઞામાં વર્તે છે. આવા મહારાજ આણંદમાં અલ્પજીવના અપમાનને સહન કરતા હતા. તે આણંદના દુષ્ટજનોની વાત ઘણી શું લખીએ !

પછી તે ગામથી શ્રીજીમહારાજ પધાર્યા તે **બાકરોલે** આવ્યા. ત્યારે ત્યાંના પાટીદારે ઘણાંક ગાડાં ભરીને સંતને આમ્રફળ આપ્યાં. અને તેમણે મહારાજને રૂડા વચને કરીને રાજી કર્યા. પછી ત્યાંથી ચાલ્યા તે **વરતાલે** પધાર્યા. ત્યાં એક તળાવના અગોર(કાંઠા) મધ્યે એક મોટું ને ઘણુંક શોભાયમાન ને દિવ્ય તે શું ? તો ગોલોકમાંથી એક વૃક્ષ આવ્યું હતું. તેની હેઠે શ્રીજીમહારાજ સભા કરતા હતા. ત્યારે જેવડી સભા થાય તેવડું તે વૃક્ષ થાય. તે વૃક્ષ આંબલીનું હતું.

(મહારાજ) તે હેઠે બિરાજમાન થઈને તે પ્રસંગની વારતા કરવા લાગ્યા જે, "સર્વેથી એક સાધન મોટું છે તે શું જે, સમર્થ થકા તુચ્છ જીવના અપરાધને સહન કરવો, ને તે જ તેની મોટપ જાણવી. ને જો આપણે તેમને મારીને આવ્યા હોઈએ, તો આ વૃક્ષને હેઠે સુખેથી બેસાય ખરું ? નો બેસાય. તે સારુ **અમારા આશ્રિત જે જન હોય તે તો ક્ષમા રાખજો, તેણે કરીને તમે સુખિયા રહેશો.** " એમ શ્રીજીમહારાજે ઘણીક વાત કરી.

ત્યારે મરુત દેશનો જમાદાર શ્રીજીમહારાજનો લેખદાર તે એમ બોલ્યો, અને બીજા શસ્ત્રધારી પણ એમ બોલ્યા જે, "આ વાત મધ્યે તો

સંતની લાજ તો વધી ખરી ! ને અમારી દ્વાલીબંધની લાજ તો ઘટી. તે અમને કોઈ ચાકર નહીં રાખે ને કહેશે, જે આણંદ મધ્યે લાજ ખોઈને આવ્યા હતા, તે આ છે. એમ અમને સર્વે કહેશે."

ત્યારે તેમને શ્રીજીમહારાજે કહ્યું જે, "હે શસ્ત્રધારીઓ ! જેના ચાકર લડીને જીતને કરે છે, ત્યારે લોક એમ કહે છે જે, 'તેનો રાજા જીત્યો છે.' અને તેનું સૈન્ય જ્યારે હાર્યને પામે છે, ત્યારે તેને સર્વે લોક એમ કહે છે જે, તેનો રાજા હાર્યો છે. તે સારુ લોક એમ કહેશે જે, 'સ્વામિનારાયણ હાર્યા છે.' એમ અમને લોક સર્વે કહેશે, પણ તમને કોઈ નહિ કહે. અને અમે હાર્યા થકા સર્વે લોકને જીતી લઈએ એવા છીએ, તેમ તમે જાણો. **ક્ષમારૂપી હથિયાર સર્વે શત્રુને હણે છે, તે શસ્ત્રને અમે ને અમારા સંતે ધારણ કર્યું છે**, તેને કોણ શત્રુ પીડી શકે ? કોઈ પીડી નો શકે." તે સમાની વાત દીઠી હતી ને સાંભળી હતી, તેમ શાસ્ત્રી લક્ષ્મીરામે સંત ને હરિજનની કૃપાએ લખી છે.

એ આદિક ઘણીક વાર્તા કરીને પોતે જમવા પધાર્યા. ને પોતે જમીને પછી સંત ને સંઘને જમાડતા હતા. રાત્રિને વિષે ધૂન-આરતી કરીને સુતાર જાદવને સદને પોઢી રહ્યા. પછી ઘણાક દિવસ વરતાલે રહ્યા.

❁ બોચાસણની લીલા

પછી ત્યાંથી પધાર્યા તે ગામ **ગાના** રાત્રી રહ્યા. પછી પ્રભાતે ઊઠ્યા તે ગામ **બોચાસણને** રસ્તે ચાલ્યા. તેના સીમાડા મધ્યે આવ્યા, ત્યાં ઘણા બંદૂકના ભડાકા કરાવ્યા, તેથી સર્વે સીમના ને ગામના મનુષ્યે જાણ્યું જે, શ્રીજીમહારાજ પધાર્યા. 'બાપા, હડી..હડી..(દોડો.. દોડો..)' એવી મહારાજની ખબર તે ગામના મોટા ભક્ત અકામી, ધીરજવાન ને હરિભક્ત-શિરોમણિ એવા જે કાશીદાસજી તેમણે સાંભળી. અને સર્વે સામૈયાના સાજ, ઘણાં વાજાં અને ઘણાં મનુષ્ય બાઈ ને ભાઈ સામૈયું લઈને શ્રીજીમહારાજની સમીપે આવ્યાં. પછી મહારાજની અર્ઘ્ય, પાદ્ય

તથા વસ્ત્ર ને અલંકાર આદિકે કરીને પૂજા કરી ને આરતી ઉતારી. પછી મધુપર્ક[૧] કરાવીને સર્વે પૂજાની સામગ્રી મહારાજને અર્પણ કરી અને ગાજતે વાજતે પોતાને ભુવન પધરાવ્યા.

પછી શ્રીજીમહારાજને મિષ્ટ ભોજન કરાવ્યાં. તે શ્રીજીમહારાજ પ્રીતિએ કરીને જમ્યા. પોતે જમી રહ્યા પછી ચળું કર્યું ને પછી મુખવાસને જમ્યા. પછી સર્વે સંત અને સંઘને પોતે પીરસીને જમાડ્યા. પછી સર્વે સંઘના ઉતારા ગામની ભાગોળે પૂર્વ દિશાએ એક વડનું મોટું વૃક્ષ હતું (ત્યાં કરાવ્યા) અને તે હેઠે મહારાજનો પલંગ બિછાવ્યો. ત્યાં સર્વે જનની સભા કરીને બેઠા અને (સંત) ઘણાં કીર્તન બોલ્યા.

પછી સુખાસને સભા સહિત શ્રીજીમહારાજ બિરાજે છે. તે સંવત્ ૧૮૭૪નો જેઠ માસ હતો. એટલાકમાં ઉત્તર દિશા ઉપર ઘન ઘમંડ(જોર; બળ) કરી ગાજ્યો. ને તે મધ્યે વિદ્યુતના ઝબકારા થઈ રહ્યા છે. તેને જોઈ શ્રીજીમહારાજ સર્વે સભા પ્રત્યે એમ બોલ્યા જે, “આ મેઘ આપણને સર્વેને પડકારે છે ને એમ કહે છે જે, ‘તમે ભાલ દેશ દુઃસહન(સહન ન થાય એવો કષ્ટદાયી) છે તે ઊતરીને કાઠિયાવાડ પ્રત્યે જાઓ’ એમ આપણને પ્રર્જન્ય(મેઘ) કહે છે. તે સારુ હે મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી ને ચૈતન્યાનંદસ્વામી ! તમે ચારે સદ્‌ગુરુ સર્વે સંતની મંડળીઓ બાંધી દેશદેશ પ્રત્યે મૂકો.” તેમ તેમણે રચના કરીને શ્રીજીમહારાજને એમ કહ્યું જે, “સર્વે મંડળ બાંધી દેશદેશ બતાવી દીધા છે, તે સર્વેને તમે મળો.” અને તેમ જ સર્વેને શ્રીજીમહારાજ મળ્યા.

પછી પોતે મુક્તાનંદસ્વામીને એમ કહ્યું જે, “તમે આદિ ભણનારા મંડળ લઈને શ્રીદુર્ગપુર પધારજો.” એમ આજ્ઞા કરીને સર્વે જનના નિયંતા ને સર્વજ્ઞ એવા જે શ્રીજીમહારાજ તે ‘જય સચ્ચિદાનંદ’ એવા

૧.દહીં, ઘી, મધ, સાકર અને જળથી કરવામાં આવતો સત્કારવિધિ

શબ્દને કહીને તરત અશ્વ ઉપર અસ્વાર થઈ શીઘ્ર ગુર્જર દેશ, બારાં તથા ભાલ દેશને ઉલ્લંઘન કરીને **શ્રીદુર્ગપુર** પ્રત્યે પધાર્યા. તે વચમાં પર્જન્ય તેણે ઘન ઘમંડ કરીને ગાજતો હતો. તે સમાની મૂર્તિનું ચિંતવન શાસ્ત્રી લક્ષ્મીરામ સંતજન ને હરિજનની કૃપાથી કરું છું. વરસાદે કરીને ભીંજ્યાં છે વસ્ત્ર જેનાં એવા જે શ્રીજીમહારાજ, તે અતિ શોભતા હતા. અતિ ઝીણાં વસ્ત્ર તે ભીંજ્યા છે, તેણે કરી શરીર સાથે ચોંટી ગયાં છે. તે અંગઅંગનાં શોભાયમાન દર્શન થાતાં હતાં.

પછી કોરાં વસ્ત્ર ભારે જરિયાની પહેરીને બેઠા હતા. એટલાક મધ્યે મુક્તાનંદસ્વામી આદિક ભણનારા, ગવૈયાનાં મંડળ, દીનાનાથ, ભટ્ટ મયારામ, પ્રાગજી તથા શાસ્ત્રી પુરુષોત્તમ આદિક આવ્યા તેને પોતે મળ્યા. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "મલ્હારનાં પદ બોલો." ત્યારે


'સખી રી શ્યામ ઘટા ચડી આયો,
સંત બાપૈયા રે પિયું પિયું બોલત, સુનત સબ મન ભાયો..સખી રી૦
ગહેરી ગરજ કરત મનમોહન,
વચન વારિદ ઝડી વરષન લાગે કર્મકો કીચ વહાયો.'[૧]...સખી રી૦

એ આદિક ઘણાંક ચોસર પદ બોલાવીને પોતે રાજી થયા. અને પોતાને મસ્તકે બાંધ્યો હતો જે ઘણો મૂલ્યવાન રેંટો તે પ્રેમાનંદસ્વામીને આપ્યો. તથા પોતે પહેરી હતી જે ભારે છાટમની ડગલી ને પાસે રાખ્યાનું જે કસુંબી જરિયાની શેલું; તે ત્રણ વસ્ત્ર ઉદાર એવા જે શ્રીજીમહારાજ તે રાજી થઈને પ્રેમાનંદજીને આપતા હતા.

૧. પદનો ભાવાર્થ : સંતરૂપી એક સખી બીજી સખીને કહે છે, હે સખી ! આ શ્રીહરિરૂપ શ્યામ મેઘ ચડી આવ્યો છે, ત્યારે આ સર્વે સંતોરૂપી ચાતક પક્ષીઓ 'પિયુ પિયુ' એમ પોતાના તે વાલમ શ્રીહરિને પોકાર કરે છે, ને તે સાંભળીને સર્વને મનમાં ગમે છે. મનને મોહ પમાડનાર એ શ્રીહરિરૂપ મેઘ ઘેરી ગર્જના સાથે જ્ઞાનરૂપી વરસાદની ઝડી વરસાવે છે, તે જ્ઞાનરૂપી વરસાદમાં દુષ્કર્મોરૂપ કાદવ વહી જાય છે અર્થાત્ ધોવાઈ જાય છે.

ત્યારે પ્રેમાનંદજીએ મહારાજની આગળ બેઉ હાથ જોડીને કહ્યું, "હે કૃપાનાથ ! હું તો સાધુ છું, તે આવાં ભારે ઘણમૂલાં વસ્ત્ર કેમ શોભે ? આ વસ્ત્ર તો તમને શોભે, પણ મને ન શોભે." ત્યારે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "તમ જેવા સંત ઉપર આવાં અનંત વસ્ત્ર ને અનંત પદાર્થ વારીફેરી નાંખીએ; એવા તમે સંત છો. તમ જેવા સંતથી શું અધિક છે જે નો અપાય !" એમ શ્રીજીમહારાજ તે સમે બોલ્યા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'આણંદમાં દુષ્ટોની દુષ્ટતા સહન કરી વિચરણ કરતાં ગઢડા પધાર્યા' એ નામે દશમું પ્રકરણ ॥૧૦॥



આણંદમાં શ્રીહરિનું દુષ્ટ લોકોએ અપમાન કર્યું.

પ્રકરણ - ૧૧

શત્રુનો પરાભવ તથા મીણબાઈના ખરચમાં કરિયાણા પધાર્યા

ગઢપુર સમીપ એક ગામમાં(માંડવધાર ગામમાં) એક મહારાક્ષસ (જેઠો ગોવાળીયો) રહેતો હતો. જે કંક જાતિનો હતો, તે સંતની, બ્રાહ્મણની, ગરીબની તથા ઉત્તમ નરેશ આદિકની વૃત્તિને છેદન કરી નાંખતો હતો. તે ઉપરે તેનો અન્યાય જોઈને એક દિવસ ચૈત્ર માસની ઘણીક અંધિયારી નિશા છે, ને મંદમંદ મેઘ વરસે છે, ત્યારે ધર્મધુરંધર અને ભક્તજનના પ્રતિપાલક ભક્તનાં કષ્ટ હરનારા ને દુષ્ટને દમનારા એવા જે શ્રીજીમહારાજ સ્વેચ્છાએ કરીને ક્રોધ કરીને તેના ગામ પ્રત્યે જતા હતા.

તે સમે ધોળો સુરવાલ પહેર્યો હતો ને ધોળું અંગરખું પહેર્યું હતું. માથે કસુંબી રેંટો બાંધ્યો હતો ને પોતાના ખંભે એક ગૂઢો રેંટો નાંખ્યો હતો. એક નીલે શેલે કરીને ભેટ બાંધી હતી. અને પોતાના હાથ મધ્યે તીક્ષ્ણ એવી અસિ ને મહા શોભાયમાન ચર્મણી(ચામડાની ઢાલ) કે જે મધ્યે હેમના કૂબા[૧] ને હેમની કડીઓ ને સખલાદિ ગાદીએ કરીને શોભાયમાન છે, તેને પોતે ગ્રહણ કરતા હતા. ને મહારથ તે મધ્યે બિરાજમાન થયા. પોતાના ભેગા નાજાભગત આદિક થોડાક મનુષ્ય છે.

ત્યારે પોતા ભેગા પોતાના સખા હતા. તેમણે મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! આપણે તો થોડાક મનુષ્ય છીએ ને તે શત્રુના ગામ પ્રત્યે જાઈએ છીએ અને તે શત્રુ તો ઘણો શૂરવીર છે, તે કોઈથી જીતાણો નથી. તે કેમ થાશે ?" ત્યારે તે પ્રત્યે મહારાજે એમ કહ્યું જે, "એનો શો ભાર છે ! આપણો પરાભવ તે નહીં કરે. તમે મારા પ્રતાપને જુઓ તો ખરા ! તેને હું મારો પ્રતાપ દેખાડીશ એટલે તે તેનું સદન ત્યાગ કરીને ભાગી જાશે; તેને તમે જોશો. અને આપણે થોડાક

૧.ઢાલ ઉપરની ભમરી - ઉપસેલો ભાગ

જાણ છીએ, તેને તે અનંત મનુષ્ય દેખશે. અને મારા શબ્દને સાંભળીને તેના સર્વે મનુષ્યની સામર્થી હરાઈ જશે. ને સર્વેને હાર પમાડીશ. તમે નિઃસંશય રહો."

એમ વાતો કરતા તેને ગામ પહોંચ્યા. અને તેના દરવાનને એમ કહ્યું જે, "હે દ્વારપાળ ! તું દરવાજો ખોલ." એટલાક મધ્યે ઈશ્વર ઈચ્છાએ તેણે તત્કાળ દરવાજો ઉઘાડ્યો. ને તે ઘણાક માણસને જોઈને ભય પામી ગયો ને ચૂપ થઈ ગયો. પછી સર્વેના નિયંતા એવા જે શ્રીજીમહારાજે તેના અંતઃપુરને વિષે જઈને મહા ભયાનક શબ્દને કર્યો જે, "હાંરે.. પાપીનકું પકડી લો. ખબડદાર ! ભાગી જાય નહિ !" એવા ભયાનક શબ્દને સાંભળીને કષ્ટમાં આવી પડેલ (તે અસુર) 'હા..હા..' એમ બૂમો પાડવા લાગ્યો. પછી મહારાજનું ભયાનક રૂપ ને ઘણાક શસ્ત્રધારી માણસ દેખાયા ને ઘણાંક વાજાં વાગતાં સંભળાયાં. તેથી ભયભીત થયેલ તે અશ્વ ઉપરે ચડી ભાગી ગયો.

પછી તેની સ્ત્રીઓ કે નમ્ર છે અંગ જેનાં, જોડ્યા છે હાથ જેણે, અને પ્રાર્થનાને કરતી તે આવીને બોલી જે, "હે સમર્થ ! આજે ઘોર રાત્રીને સમે આવ્યા એવા તમે કોણ નરેશ છો ? હે ગરીબનિવાજ ! હે ભાંગ્યાના ભેરુ ! અમારા પતિ તમારા ભયને પામીને ભાગી ગયા છે. અને અમારાં બાળ ને અમે અબળા સ્ત્રીઓ છીએ, તે અમારી રક્ષા કરવા જોગ્ય તમે છો. કહો તમારું કલેવર(શરીર) તે મહાપ્રકાશને કરે છે, તેવા તમે કોણ છો ? તમારું નામ રૂપ તે અમને સંભળાવો, જેથી અમે નિર્ભય થઈએ." ત્યારે મહારાજે કહ્યું જે, "તારો પતિ તે મારો ભક્ત એવો જે ઉત્તમ નરેશ તેનો દ્રોહ કરે છે, તેનો હું ગુરુ છું. ને મને સર્વે જન **'સ્વામિનારાયણ'** કહે છે, તે હું છું."

વળી શસ્ત્રધારી મધ્યે અતિ શૂરવીર ને વળી શોભાની સીમા ને વળી ઘોરતમ એવી નિશા તેમાં તેનો મદ ઉતારીને તેના માનને મથીને

પછી પોતે તે નિશાયે પાછા દુર્ગપુરને વિષે આવ્યા. અને પોતાના પ્રતાપે કરીને તેને હાર્ય પમાડીને તેમજ તે ગામ મધ્યેથી તેને કાઢી મેલીને ઉત્તમ રાજાને સુખને પમાડતા થકા ગઢપુરમાં બિરાજમાન થયા.

❁ શ્રીહરિને ઓળખી તેનું ભજન કરે તે ધામને પામે છે

હવે એક દિવસને સમે ગામ **કરિયાણે મીણબાઈએ** દેહ મૂક્યો. તે મોટાં હરિજન ત્યાગી હતાં ને મહા સમાધિનિષ્ઠ હતાં. તેનાં સંબંધી તેમણે તેમનું મોટું ખરચ(કારજ) કર્યું. તે શ્રીજીમહારાજને ઘણુંક સન્માને કરીને **કરિયાણે** તેડાવ્યા. તે મહારાજ ભેગા ઘણાક સંત ને હરિજન તેણે વીંટાણા થકા ત્યાં પધાર્યા. તે પછી તે ગામના રાજાએ મહારાજને ઘણે સન્માને કરી પોતાને સદને પધરાવ્યા અને રૂડા આસન ઉપર બિરાજમાન કર્યા. તેમની નાતના ઘણાક મનુષ્ય આવ્યા હતા. તેમને પોતાનાં દર્શન આપી તેમનાં પાપને હરતા હતા.

પછી તે સર્વે જન એમ બોલ્યા જે, “હે મહારાજ ! અમને તમે કોઈ પ્રભુના ઘરની(ભગવાન સંબંધી) વાત કરી દેખાડો ને તમારા ઘરની(તમારા સ્વાનુભવની) વાત કરો.” પછી શ્રીજીમહારાજ પ્રસન્ન થકા એમ બોલ્યા જે, “**આ મનુષ્ય દેહ ધાર્યાનું એ ફળ છે, જે સર્વે કપટ-છળ ત્યાગ કરીને એક ભગવાનને ભજવા.** જેણે જેણે ભગવાનને ભજ્યા છે, તે તે સુખને પામ્યા છે. તે જુઓને, આજ સુધી મનુષ્યને દેખ્યામાં આવે છે. આ ધ્રુવ, તે ઉત્તાનપાદ રાજાના પુત્ર કહેવાય છે, તે ભગવાનને ભજીને અચળ થયા છે, તે સર્વેના જાણ્યામાં આવે છે. વળી પ્રહ્લાદજીએ પોતાના પિતાનું ઘણું અપમાન સહન કરીને, પોતાના સંબંધી સાથે વૈર કરીને પણ પ્રગટ ભગવાન તથા ભગવાનના ભક્તનો જ પક્ષ રાખ્યો, તેણે કરીને શાસ્ત્ર મધ્યે મોટા ભક્ત કે’વાણા. ને પોતે તો દૈત્યના વંશ મધ્યે ઊપજ્યા હતા. એમ જે આવા સંત, બ્રાહ્મણ, ગાય ને ગરીબને પીડે તેણે કરીને ભગવાન તે ઉપર ઘણા કુરાજી થાય

છે. ત્યારે તેની આસુરી બુદ્ધિ થાય છે, અને તેને અસુર કહીએ તથા તેને જ રાક્ષસ કહીએ.

આ પૃથ્વીને વિષે ભગવાનના અવતાર સદાય રહે છે. અને જુવોને, આ રાજા વિના રાજ્ય નથી રહેતું, તેમ ભગવાન વિના બ્રહ્માંડ ન રહે. ને જુવોને, વગર થાંભલે આ બ્રહ્માંડ ઊભું છે. ને વળી આ સમુદ્ર પૃથ્વીથી સોળ જોજન ઊંચો છે, તે ભગવાનની સામર્થીને જોયેથી(જોઈને) પૃથ્વીને નથી બોળતો. અને આ મેઘ છે, તે સમયને જોઈને ભગવાનની બીકે કરીને જેમ ઘટે તેમ વરસે છે. તેમ જ, સૂર્ય ને ચંદ્ર તે પણ ઉદય અને અસ્તને પામે છે. વળી, આ પૃથ્વી સર્વે ભારને ઉપાડી જુદા જુદા રસને આપે છે.

એવા જે નારાયણ તે ભરતખંડને વિષે પધારે છે, તેમને મૂર્ખ માણસ છે, તે નથી ઓળખતા. કેમ જે, રામચંદ્રરૂપી ભગવાન જ્યારે હતા, ત્યારે કોઈએ પણ (તેમને) ઓળખ્યા નહીં. પછી પોતાના ધામ પ્રત્યે પધાર્યા, ત્યારે તેમનાં જે ચરિત્ર તેમનાં જે શાસ્ત્ર તે લઈને બ્રાહ્મણ તથા સંત તેમણે ગાયાં. ને તે જે ગીધરાજ, રીંછ, વાનર, ભીલડી આદિક ઘણાકના જીવ મોક્ષને પમાડ્યા છે. તેમનાં નામ રામચંદ્રસ્વામીનાં શાસ્ત્ર જે રામાયણ આદિ મધ્યે માંડ્યાં છે. ને જ્યારે રામચંદ્રજી હતા ત્યારે શ્રીકૃષ્ણસ્વામી નહોતા ને ત્યારે રામરૂપ ભગવાન હતા.

અને જ્યારે સોળે કળારૂપ જે શ્રીકૃષ્ણ પ્રગટ્યા ત્યારે દંતવક્ર, શિશુપાલ, કંસ, જરાસંધ આદિકે ભગવાનનું ઘણું જ અપમાન કર્યું ને કોઈએ માન્યા નહીં. અને ગોપી, ગોવાળ અને ઋષિપત્ની તેમણે માન્યા તો તેમનું તત્કાળ કલ્યાણ થયું. તેમ શ્રીમદ્ ભાગવતને વિષે લખ્યું છે. અને તે પણ પોતાના ધામ પ્રત્યે પધાર્યા કેડે વ્યાસજીએ મહાભારત ને ભાગવત આદિક પુરાણ કર્યાં. ને બ્રાહ્મણે ને સંતે વાંચ્યાં (તે ગ્રંથોની કથા કરી.) તે જોઈને(સાંભળીને) પછી સર્વે તે શ્રીકૃષ્ણને જ માને

છે. **અને તેમ જ અમે ને આ જે મારા સંત ને હરિજન તેમનાં શાસ્ત્ર થાશે, ત્યારે અમને ને આ અમારા જે સાધુ, તેને સર્વે લોક તે તેને જ માનશે, તેમ જાણજો.**

અને વળી અમારા અંતરને વિષે સદાય શ્રીકૃષ્ણ બિરાજમાન છે અને શ્રીકૃષ્ણના અંતરને વિષે અમે સદાય રહ્યા છીયે. ને તેમ શ્રીકૃષ્ણના ધામની જે કૂંચી તેમણે અમને જ સોંપી છે. એમ તમે અમને જાણજો. અમારાં જે પાંચ વર્તમાનરૂપી જે મરજાદામાં રહેશે તેને ગોલોક આદિક ધામની પ્રાપ્તિ તે નિશ્ચે થાશે તેમ જાણો.

❉ લોભી વિપ્રના દૃષ્ટાંતે કરીને લોભની ભયંકરતા કહી

પછી સર્વે ઘણાક મનુષ્ય હતા, તે રાજી થઈને મહારાજને સામા હાથ જોડીને પગે લાગી એમ બોલ્યા જે, "હે મહારાજ ! સર્વેથી બળિયો એવા લોભરૂપી શત્રુની ફાંસી અમને ગળા મધ્યે પડી છે, તે અમને પ્રભુનું ભજન કરવા દેતો નથી." એમ જ મોકા ખાચરે પણ મહારાજને કહ્યું.

ત્યારે મહારાજ હસીને બોલ્યા જે, "લ્યો, તમને **એક દૃષ્ટાંત** દઈને સમજાવીએ જે, લોભરૂપી શત્રુ જ મનને હરાવી દે છે. કેમ(કેવી રીતે ? તો), ત્યાં **એક ઐતિહાસિક કથા કહીએ છીએ.** તેમાં બ્રાહ્મણને દૃષ્ટાંતે કરીને જીવને કહીશું. 'એક વિપ્ર હતો, તે લોભે કરીને પરદેશે કમાવા ગયો. પોતે બાલ અવસ્થા મધ્યે પરણ્યો હતો. ને પોતાનાં મા ને બાપ તે ઘણાં વૃદ્ધ હતાં ને દુર્બળ હતાં. તેમને મૂકીને લોભે કરીને દૂર દેશ પ્રત્યે ગયો.

અને ત્યાં જઈને થોડે થોડે કરીને તે અતિ વિદ્યાને ભણ્યો. તેથી ઘણુંક ધન પેદા કર્યું. તે કરતાં પચાસથી સાઠ વર્ષ વીતી ગયાં. ને પોતાની સ્ત્રી અને પોતાનાં માબાપને ભૂલી ગયો. ને લોભ વશ થઈને પોતાની જુવાન અવસ્થાને ખોઈ. એવો લોભરૂપી શત્રુ અટારો(દુઃખદાયક; આકરો) છે તેને વશ થયો. ને પોતાના સ્ત્રીરૂપ સુખને પણ ભૂલી ગયો.

અને તેથી અનેક ઘણું ભગવાનના ધામનું સુખ તેને પણ ભૂલીને ને પોતાને જન્મમૃત્યુરૂપી જે સંસૃતિ થાશે, તે વાતને નથી સંભારતો. ને રાત ને દિવસ ધનની ધાખનાને કરતો દિવસ નિર્ગમે છે. પછી ઘણું ધન ભેગું કર્યું હતું, તે નિર્વિઘ્ન પોતાને ઘેર પુગાડવું, તેની ચિંતામાં રાત-દિવસ દુઃખને પામે છે. એટલામાં કોઈ મોટો રાજા સંઘ કાઢીને દ્વારકાનાથ ચાલ્યો. ત્યારે તે વિપ્રે જાણ્યું જે, 'મારું ગામ તે રસ્તા મધ્યે આવશે, તે હું તે રાજાને મળીને મારું ધન તે રાજાની તિજોરીમાં નાંખીને મારા ઘર પ્રત્યે પમાડું.' એમ વિચાર કરીને તે રાજાને કહ્યું જે, "હે મહારાજા ! આ મારા જે દસ હજાર રૂપિયા છે, તે તમારા ધન ભેગા નાંખો અને મારું ગામ તમારા માર્ગ મધ્યે આવશે ત્યારે મને તે પાછા આપજો."

એમ કહીને તિજોરીમાં નાંખ્યા. ને રાજાએ તેને કાગળ લખીને આપ્યો. પછી ચાલતાં ચાલતાં મનમાં મનસૂબો કર્યો કે, "હું હેમખેમ મારા ગામ પ્રત્યે પહોંચીશ, તો એક નાલિકેર ભગવાનને ચડાવીને મારા ઘરનું અન્નજળ લઈશ."

એમ મનસૂબો કરીને પોતાને ઘર પ્રત્યે આવ્યો. ને પોતાનું ધન પોતાના સંબંધીને સોંપ્યું. તે જોઈને તેનાં માવિત્ર(માત-પિતા) ને તેની સ્ત્રી ઘણુંક રાજી થયાં. અને તત્કાળ રૂડાં ભોજન કર્યાં ને ઉષ્ણોદકે તેને નવરાવ્યો. ને તેને એમ કહ્યું જે, "તમે જમવા બેસો." ત્યારે તે વિપ્ર એમ બોલ્યો "વિષ્ણુને એક શ્રીફળની માનસુક્ય(માનતા) કરી છે, તે મૂક્યા કેડે હું અન્ન-જળ લઈશ." ત્યારે તેને તેની માતાએ તત્કાલ બે પૈસા આપ્યા, તે હાથમાં લઈને વસ્ત્ર પહેરીને ચૌટા(બજાર) મધ્યે ગયો.

પછી ચૌટામાં એક વાણિયાને કહ્યું જે, "તું નાળિયેરના કેટલા પૈસા લે છે ?" ત્યારે તેણે કહ્યું જે, "બે પૈસા લઉં છું." ત્યારે વિપ્રે કહ્યું જે, "એક પાઈનું નાલિકેર જોઈએ તો ? (ત્યારે વાણિયે કહ્યું જે),

"બંદર મધ્યે વા'ણ ખાળ્યાં(બાંધીને રાખેલાં) છે, ત્યાં તું જા, ને તે ખેવટ તને દેશે ખરો."

ત્યારે મહા લોભરૂપી શત્રુએ જેને કબજે કર્યો છે, એવો થકો તે ત્યાં પહોંચ્યો. ત્યાં તો દિવસ અસ્ત પામીને સાયંકાળ સમો થઈ ગયો. ને તેણે એમ કહ્યું જે, "હે ખેવટ, હું વિપ્ર છું ને મારે એક નાળિયેર વિષ્ણુની આગળ મૂકવું છે, તે તમે શું લેશો ?" ત્યારે તેણે કહ્યું જે, "એક પાઈ લઈશું." ત્યારે તેણે કહ્યું જે, "અરે ભૂંડા, હું વિપ્ર છું, તે માગ્યું દેને ?" ત્યારે તેણે કહ્યું જે, "તારે માગ્યું જોઈએ તો આ બાગ મધ્યે જા, તને માળી મફત દેશે ખરો."

ત્યારે તે શીઘ્ર થકો ત્યાં ગયો ને તે માળીને કહ્યું જે, "હું વિપ્ર છું ને મારે એક શ્રીફળ ભગવાન સારુ જોઈએ છે. તે તમે મને માગ્યું આપો." ત્યારે તે સર્વે માળી બોલ્યા જે, "જો તું ઘડીક વહેલો આવ્યો હોત, તો તને અમે સર્વે મધ્યેથી મજમાઉ(મજિયારું; સહિયારું) કાઢી આપત, પણ હવે તો અમે વહેંચી લીધાં તે કોણ આપે ? માટે આ નાળિયેરીનું વૃક્ષ છે, તે ઉપર ચડીને એક નાળિયેર તોડી લેજે. ને પાછો અમારી વાડીનો દરવાજો દઈને ઘેર જજે." એમ કહીને તે માળી પોતાને ઘેર ગયા. પછી તે વિપ્ર નાળિયેરી ઉપર ચડ્યો.

તે વિપ્ર ઘણેક દા'ડે ઘેર આવ્યો તેથી તે વિપ્રના ઘરનાં મનુષ્ય તો તેની વાટ જોઈને બેઠાં છે. અરે ! આને તે કોઈએ મારી નાંખ્યો હશે કે કોઈ પકડી ગયા હશે ? તેમ તે ઉચાટ કરે છે. તેને ઘેર તો રાંધ્યા રજસરાયા છે(રાંધ્યું બગડે છે) ને તેને તો લોભરૂપી બંધને બાંધ્યો છે.

હવે તે વિપ્રની વાત કહીએ છીએ. પછી તે વિપ્ર ઘણું ઊંચું જે નાળિયરીનું વૃક્ષ તે ઉપર પોતાના પગ અને હાથને જોરે કરીને ચડ્યો. ને પગ ભરાવીને જોરથી નાળિયેરને તોડવા માંડ્યો. તેણે કરીને વૃક્ષના થડ સાથે પોતાના પગની આંટી ભીડી હતી, તે નાળિયેર તોડતાં હાથને

ઘણું બળ પડ્યું તેણે કરી છૂટી ગઈ. ત્યારે તો હાથ મધ્યે નાળિયેર પકડ્યું છે ને અધ્ધર લટક્યો છે. ને પોતાના પગ થડ સાથે પહોંચતા નથી. પછી પોતાના મનમાં વિચાર ઊપજ્યો જે, ‘અરે... ! હું ઘણુંક ધન કમાઈને લાવ્યો છું ને વળી મારાં માબાપ ને સ્ત્રી તે ત્યાં રહ્યાં, ને હું તો એક નાળિયેર સારુ અધ્ધર લટક્યો છું. હવે મારી શી ગતિ થાશે !’

એમ ચિંતા કરે છે. ત્યાં એક રાજાની સવારી નીકળી. તેની વાંસે એક હાથી ઉપર મહાવત બેઠો છે. તેને તે વિપ્ર દદર્શ નામ(એટલે કે) જોતો હતો. ને તે મહાવતને પોતે કહે છે જે, “હે મહાવત ! તું જો મને આ વૃક્ષથી તારા હાથીનો હોદ્દો(છત્રી વગરની અંબાડી) છે, તે ઉપર ઉતારે તો તને હું એક શત રૂપિયા આપીશ, તેમ નિશ્ચે જાણ.” ત્યારે તેને લોભે તાણ્યો. તેણે કરીને તે બાગ મધ્યે હાથીને લાવીને બરોબર તે વૃક્ષ હેઠે લાવીને ઊભો રાખ્યો. ને તેને કહ્યું જે, “તું નાળિયેર મેલ અને હોદ્દામાં પડ.” ત્યારે તે વિપ્રે કહ્યું જે, “હે મહાવત, તું ઠેકડો મારીને મારા પગ ઝાલ. તેણે કરીને નાળિયેર ટૂટે ને આપણે બેઉ જણા હોદ્દા મધ્યે પડશું.”

ત્યારે તેને પણ લોભે ઠગ્યો, તે ઠેક મારી તે વિપ્રને પગે વળગ્યો. એટલાક મધ્યે તેનો હાથી હેઠેથી ચાલી નીકળ્યો. ત્યારે તે મહાવતે તેને બોલાવ્યો, પણ તે તો પશુ છે, તે આવ્યો નહીં ને જતો રહ્યો. પછી તે મહાવતે તે વિપ્રને કહ્યું જે, “અરે મૂરખ ! તેં મને અધ્ધર લટકાવ્યો.” ત્યારે તેણે તેને એમ કહ્યું જે, “મને તો એક પાઈએ લટકાવ્યો છે અને તને તો એકસો રૂપિયે લટકાવ્યો છે.” ત્યારે મહાવતે કહ્યું જે, ‘થઈ ના(ભારે થઈ) !’ ત્યારે વિપ્રે કહ્યું જે, “હજી ક્યાં થઈ છે ? જ્યારે નાળિયેર તૂટશે ત્યારે તું મારી તળે છે, તે મારે હેઠે પડીશ ને હું તારી ઉપર પડીશ, ત્યારે તને ખબર પડશે.”

એમ કરતાં હાથી ગામ મધ્યે ગયો, ત્યારે તે મહાવતનો સુત હાથી લઈને પગેરે(હાથીના પગલે પગલે) નીકળ્યો. જ્યાં પોતાના પિતા ને વિપ્ર બેઉ જણ લટકે છે, ત્યાં આવ્યો. તેણે કહ્યું જે, "અરે વિપ્ર ! તું શ્રીફળને મૂકી દે ને આ હાથીના હોદ્દા મધ્યે પડ." ત્યારે તેણે કહ્યું જે, "તું તારા પિતાના પગે વળગ, તેથી નાળિયેર તૂટે." ત્યારે તેણે બે પૈસા ઊલટા વિપ્રને આપ્યા ત્યારે છૂટકો કર્યો. તેમ આવો લોભ છે !

એ દૃષ્ટાંત ને તેનો સિદ્ધાંત : સંસારરૂપી વૃક્ષ છે ને તેનાં ફળ તે સ્ત્રી, ધન ને છોકરાં આદિક કુટુંબ તથા હરેક પદાર્થ છે. તે મધ્યે અનંત પ્રકારની વિટંબણા છે, પણ તેમાં જીવને લાલસા છે, તેણે કરીને ભગવાનને ભૂલીને તે હરેક ફળ મેળવવાની ઈચ્છાએ કરીને તે ફળને વળગ્યો છે ને અધ્ધર લટક્યો છે. તેમાં ભગવાન તથા ભગવાનના મળેલા જે સંત તે તો સુખકારી હાથીના હોદ્દારૂપી છે, તે ભગવાનના સ્વરૂપના જ્ઞાનને ને ભગવાનની ભક્તિને બતાવે છે, પણ (જીવ) પોતાનાં કુકર્મના ફળને મૂકતો નથી. એવો એ જીવપ્રાણીમાત્રનો સ્વભાવ છે." એ આદિક ઘણીક વાત મહારાજે કરી છે. તે સારુ શ્રીજીમહારાજની કરેલી વાત વિસ્તારીને લખી છે.

હવે (કારિયાણીમાં) સર્વે કાઠી લોક ખરચે આવ્યા હતા. તે સર્વે જન મહારાજની વાત સાંભળીને તથા દર્શન કરીને સુખને પામ્યા. પછી પોતે (મહારાજ) જમવા પધાર્યા, તે સંત નિર્ગુણાનંદજી તથા વૈષ્ણવાનંદજી તથા બ્રહ્મચારી જેરામે સુંદર રસોઈ કરી હતી. તે લેહ્ય, ચોસ્ય, ભક્ષ્ય ને ભોજ્ય ભોજનોને વખાણી વખાણીને જમવા લાગ્યા. પોતે જમી રહ્યા પછી સંત તથા હરિજનની પંક્તિ કરાવીને પોતે સાકરના ગળ્યા ને મોળા સાટા આદિક ઘણાંક પકવાન ને ઘણાંક શાક ફેરવીને સંત અને હરિજનને ખૂબ જમાડ્યા.

પછી પોતે બ્રહ્મચારી મુકુંદને ચોકે આવી ઊભા રહીને બોલ્યા જે, "હે બ્રહ્મચારી ! તમારે રસોઈને કેટલીક ઢીલ(વાર) છે ?" ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, "હે કૃપાનાથ ! વળતી રસોઈ તો હાલ તૈયાર થઈ છે." ત્યારે મહારાજે કહ્યું જે, "સર્વે બ્રાહ્મણને નવરાવી હાલ પંક્તિ કરાવવી. કેમ જે, આપણે આજ ને આજ ગઢડે પહોંચવું છે."

પછી મહારાજને એક પાટ ઢાળી આપી, તે ઉપર પોતે બિરાજમાન થયા. પછી સર્વે ઘણાક બ્રાહ્મણોની પંક્તિ થઈ. તે જોઈને ઘણુંક રાજી થયા. પછી મુકુંદવર્ણી પીરસવા લાગ્યા. તે મોદક સાકરના ને ઘણા મોટા વાળ્યા હતા. ને પીરસનાર પણ મોટા હતા.

તે સમે શ્રીજીમહારાજે દર્શન દીધાં તે પણ મોટી વાત થઈ, તે સારુ લખી છે. પછી સર્વેને જમાડીને પોતે તૈયાર થયા. ત્યારે ત્યાંના ભૂપતિએ મહારાજને ઘણીક તાણ કરી પણ રહ્યા નહીં. ત્યારે તેમણે મહારાજની કેસરચંદન, વસન ને હેમનાં અલંકાર વડે પૂજા કરી તથા ધૂપ-દીપ કર્યાં. ને આરતી ઉતારીને પગે લાગ્યા. ત્યારે શ્રીજીમહારાજ સર્વે સંત ને હરિજનનો સમાજ લઈને 'જય સચ્ચિદાનંદ' કહીને ચાલ્યા. તે ઘણાક સંત ને હરિજને વીંટાણા થકા શ્રીદુર્ગપુરે રાત ઘડી પાંચ ગયે પધાર્યા. ઈતિ શ્રીકરિયાણાનું આખ્યાન સમાપ્ત થયું.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'શત્રુનો પરાભવ તથા મીણબાઈના ખરચમાં કરિયાણા પધાર્યા' એ નામે અગિયારમું પ્રકરણ ॥૧૧॥



પ્રકરણ - ૧૨

ગઢાળીમાં આંબા શેઠે સંતો-ભક્તો સહિત શ્રીહરિને જમાડી પૂજન કર્યું

એક દિવસને સમે શ્રીજીમહારાજ શ્રીદુર્ગપુરને વિષે વિરાજમાન હતા. તે સમાને વિષે ગઢાળીના ભક્તશિરોમણિ આંબા શેઠ, તે એક સુંદર ઢોલિયો, તળાઈ, ઓછાડ, ઓસીકું ને ગાલમસૂરિયાં તે શ્રીજીમહારાજને પોઢ્યાને કાજે લાવ્યા. તે સમે શ્રીજીમહારાજ આથમણે બારને ઓરડે બેઠા હતા. તે દિવસ ઘડી પાંચને આસરે ચડ્યો હતો. ત્યારે મહારાજે તે ભક્તને કહ્યું જે, "આ શું છે ?" ત્યારે તે ભક્તે મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! આ કાળે તો સર્વે મનુષ્યમાત્રનો વૈભવે સહિત નાશ પમાડ્યો છે. ને તેની બીકે કરીને અમે પણ બીન્યા થકા આ તમારા બ્રહ્મમોલ મધ્યે ઉચાળા લાવ્યા છીએ. કેમ જે, સમર્થનું શરણું લે તેને કાળનો ભય નો લાગે."

તેવી વાત સાંભળીને મહારાજ હસીને તે ઉપર ઘણું રાજી થયા. પછી તે ભક્ત હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! તમને, સંતને, બ્રહ્મચારીને, બ્રાહ્મણને તથા હરિજનને મારે રસોઇ દેવી છે. તે સર્વે સહિત મારા ગામ પ્રત્યે પધારીને મારું સદન પવિત્ર કરો, તે માટે હું તમને તેડવા સારુ આવ્યો છું." ત્યારે તેને મહારાજે એમ કહ્યું જે, "આ એકાસિયો દુકાળ છે. તે સર્વે જણસ મોંઘી છે, તે અમે નહિ આવીએ. તમારે ઘણું ખરચ થાય."

ત્યારે આંબાભક્ત બોલ્યા જે, "હે મહારાજ ! મારે તો તમારે પ્રતાપે કાંઈ મોંઘું નથી. મેં તો સર્વે જણસ સોંઘી હતી તે દી લીધી છે. મારે તો કાંઈ મોઘું નથી. અહો ! હે મહારાજ ! તમ જેવા મહેમાન મને ક્યાંથી..! તમારાં દર્શનને તો અજ ને ધૂર્જટિ પણ ઇચ્છે છે. ને તમને હાથ જોડીને એમ કહે છે જે, 'હે પ્રભો ! એકવાર તમે અમારા

ધામ મધ્યે પધારી અમારા ભુવનને પવિત્ર કરો'. ત્યાં તમે નથી પધારતા ને કૃપા કરીને આ ભરતખંડને વિષે પધાર્યા છો. તે અમ જેવા ગરીબ મનુષ્ય ઉપર દયા કરીને ભક્તને સુખ આપો છો. તમે તો ઘણમૂલા(બહુ મોંઘેરા) છો તે ક્યાંથી મળો ?" એમ ઘણીકવાર તેમણે સ્તુતિ કરી.

ત્યારે મહારાજે હા પાડીને કહ્યું જે, "રસોઇયા બ્રહ્મચારી ને વિપ્ર હરિજનને સાંજ ઉપરે મોકલીશું અને કાલે પ્રભાતે અમે સર્વે સમાજ લઈને આવીશું." એમ શ્રીજીમહારાજે કહ્યું. તે સાંભળીને ભક્ત રાજી થઈને સર્વે રસોઇયાને તેડી ચાલ્યા. પછી ત્યાં જઈને સાકરના મોદક ને રોટલી આદિક ઘણાં શાક કરાવ્યાં. પ્રાતઃ સમે પાંચ-છ ઘડી દિવસ ચડતે શ્રીજીમહારાજ (**ગઢાળી**) પધાર્યા.

તે સમાની મૂર્તિનું ચિંતવન હું શાસ્ત્રી લક્ષ્મીરામ સંત ને હરિજનની કૃપાથી કહું છું : તે સમે રાતા કિનખાબનો સુરવાલ પહેર્યો હતો અને રાતા રંગની કિનખાબની ડગલી પેરી હતી. ને માથે જરિયાની અને ઘણાક મૂલવાળો બુરાનપુરનો ભારે રેંટો છોગાં મેલીને બાંધ્યો હતો. ને એક નીલું શેલું કટીએ ચોગઠ પાડીને બાંધ્યું હતું. ને આસમાની રંગનું એક શેલું ખંભે નાંખ્યું હતું.

વળી, હેમનાં અલંકારને લખું છું : કંઠ મધ્યે ઊતરી, હેમના બેવડા દોરા; હાથ મધ્યે વાંકડાં વાઘમોરાં હેમનાં કડાં, પોંચી ને બાજુબંધ અને દશે આંગળીએ વેઢ ને વીંટીઓ, તે મધ્યે પિરોજા હીરા જડેલા છે, ને એક શ્વેત હીરો જડ્યો છે અને તે તો સૂર્ય ને શશી તુલ્ય પ્રકાશને કરે છે. ને ઘણાક ઘોડાની ઘુંમરને શોભાડતા થકા પધાર્યા. ગામ મધ્યેથી સામૈયું લઈને ત્યાંના નરેશ મહારાજની સામા આવ્યા. તે નરેશનું નામ **હકુભાઈ** હતું. ને આંબા ભક્ત પણ સામા આવ્યા. તે ભેગાં ઘણાંક નગારાં ને ઘણીક શરણાઈઓ વડે ચોઘડિયાં વાગે છે. ઘણાક નેજા, ધ્વજા, પતાકા ફરકે છે. ઢોલ ને નગારાં આદિક વાગે છે. ને ઘણાંક ગુલાલ

ને અબીલ આદિક ઊડે છે. તેમજ, ઘણાક વિપ્ર વેદનું ઉચ્ચારણ કરે છે. આમ વાજતે ગાજતે ગઢાળી મધ્યે આંબા શેઠના ઘર પ્રત્યે પધાર્યા.

પછી સંતે મહારાજ સારુ રૂડાં ભોજન કર્યાં હતાં તે જમ્યા. જમીને સંત તથા હરિજનને જમાડ્યા. પછી ભક્તે મહારાજને ષોડશોપચારે પૂજા કરી ને વસ્ત્ર, અલંકાર ને રૂપમુદ્રિકાદિકે કરીને પૂજ્યા.

પછી તે સમે અયોધ્યાવાસી પ્રથમથી જ આવ્યા હતા. તેમનાં નામ પાંડે ગોપાળજી મહારાજ તથા આચાર્ય અવધપ્રસાદજી આદિક હતા. તેમનાં સીધાં-સામાનને સંત, બ્રહ્મચારી ને હરિજન ભૂલી ગયા. ત્યારે તેને જોઈને શ્રીજીમહારાજ તે સર્વની ઉપર કચવાણા ને એમ બોલ્યા જે, “તમે ભલા, આમને તેડાવીને તેમનાં ભલાં સન્માન રખાવ્યાં !” ત્યારે મુક્તાનંદસ્વામી તથા મુકુંદ બ્રહ્મચારી આદિક હાથ જોડીને એમ બોલ્યા જે, “હે મહારાજ ! અમે ભૂલી ગયા, તે ગુનો માફ કરો !”

ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “ભલા ! આ તો આપણા મહેમાન છે ને વળી અજાણ્યા છે. તે સારુ આપણે તેમની ખબર રખાવવી જોઈએ. ત્યારે સર્વે એમ બોલ્યા જે, “તમે ઠીક કહો છો.” પછી સંતો, બ્રહ્મચારીઓ તથા હરિજનોએ અયોધ્યાવાસીની સર્વે પ્રકારે ઘણી સેવા કરી અને જમાડ્યા. પછી તેમની પૂજા ને પ્રતિષ્ઠા(આદર-સત્કાર) કરી. પછી મહારાજ ગાજતે વાજતે **શ્રીદુર્ગપુરે** પધાર્યા. ઇતિ ગઢાળીનું આખ્યાન સમાપ્ત થયું.

ઇતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે ‘ગઢાળીમાં આંબા શેઠે સંતો-ભક્તો સહિત શ્રીહરિને જમાડીને પૂજન કર્યું’ એ નામે બારમું પ્રકરણ ॥૧૨॥



પ્રકરણ - ૧૩

વલ્લભીપુર રાજાના આમંત્રણથી ત્યાં પધારી તેમને સેવા ને કથા-વાર્તાદિકનો લાભ આપ્યો

એક દિને સમે ગામ વળેની(વલ્લભીપુરની) બાઈ મોટીબા ને તેમના નરેશે શ્રીજીમહારાજને તેડવા સારુ પત્ર લખીને વિપ્રને ગઢપુર મોકલ્યો હતો. તે કાગળ મધ્યે ઘણીક વિનંતી લખી હતી. તે વાંચીને કૃપાસિંધુ એવા જે મહારાજે તેમનો ભક્તિભાવ જોઈને પોતે વલ્લભીપુર જવા સાબદાઈ કરી. મહારાજ વહેલા પ્રભાતે ઊઠ્યા. નિત્યવિધિ કરીને ઘણાંક રૂડાં વસ્ત્રને પહેર્યાં. અને ઘણાંક હેમનાં અલંકાર ધાર્યા. પછી સજ્જ થઈને અસ્વાર, પાળા, સંત, બ્રહ્મચારી ને હરિજને વીંટાણા થકા વળા ગામ ઉપર ચાલ્યા.

તે સમે મહારાજે ધોળો સુરવાળ પહેર્યો હતો, ને મસ્તકે ભારે સોનેરી રેંટો બાંધ્યો હતો, ને કિનખાબની બુટાદાર રાતી ડગલી પહેરી હતી, ને કટિ ઉપર એક આસમાની રંગે રંગેલું શેલું ચોગઠા પાડીને બાંધ્યું હતું, ને એક નીલું શેલું ખંભે નાંખ્યું હતું અને ઘણાંક મલ્લિકાદિકના તથા થલકમળ(ગુલાબ) આદિક પુષ્પના ઘણાક હાર પેર્યા હતા. અને પોતાની આગળ બંદીજન નાગાજણ ને પુજો આ પ્રભાતીને ગાતા હતા જે,

વાલડો લાગે રે.. સૂરજ ઊગ્યો ગઈ રેણ્ય, વાલો વાલડો લાગે રે.. સૂરજ ઊગ્યો ગઈ રેણ્ય, વાલો વાલડો લાગે રે..

આદિક ઘણીક પ્રભાતી બોલે છે. તે સમે શેઠ પૂજા હેમરાજની ઘોડી ઘણુંક ચંચળ ને રૂડી ચાલતી હતી. તેમને મહારાજે આનંદ-ઉચ્છવની વાત કરતાં પૂછ્યું, “તમે આ ઘોડી કેટલા રૂપિયાની લીધી છે ?” ત્યારે તેમણે એમ કહ્યું જે, “હે મહારાજ ! મેં તો એના રૂપિયા સો આપીને લીધી છે.” ત્યારે સર્વે કાઠીએ તેમની ઠેકડી કરી જે, “ભણું, આ જે

ટારડી ઘોડી ! તેના ભણતો(કહે) છે જે, સો રૂપિયા દીના. ભણે, તું પણ ટાઢા પોરે કાણું કૂડ(ખોટું) ભણતો સે ?"

ત્યારે મહારાજે શેઠનો પક્ષ લીધો. ને ખાચર સોમલા પાસે ડોઢસો રૂપિયાની વીંછણ ઘોડી હતી. તેમને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "તમે તેની સાથે બેડવો(હોડમાં ઊતરો) જે કોણ મોરે નીકળે છે?" ત્યારે શેઠે કહ્યું જે, "હે મહારાજ ! હું તો પડી જાઉં, પૂરો અસ્વાર નથી." ત્યારે મહારાજે નાજા જોગિયાને તેમની ઘોડી ઉપર બેસાડ્યા. ને પોતે જુએ છે, ને વળી એમ બોલ્યા જે, "હા, દોડાવો !" ત્યારે તે બે અસ્વાર દોડ્યા. તે શેઠની ઘોડી બહુ દોડી, તે જેમ તારો ખરે તેવી રીતે મોર નીસરી ગઈ. તે જોઈને મહારાજ હસીને સર્વે કાઠીની ઠેકડી કરવા લાગ્યા.

પછી ત્યાંથી ચાલ્યા તે **પચ્છેગામ** પધાર્યા. ત્યાંના અધિકારી મનુષ્યે આવીને મહારાજને ગામ મધ્યે તેડીને, એક વાટિકા મધ્યે ઘણાંક આંબાનાં સુંદર વૃક્ષ હતાં, તે હેઠે બિરાજમાન કર્યા. તેમણે મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! તમારાં સર્વે મનુષ્ય અને તમારે કાજે રસોઈ કરાવીએ, તમે આજ રાત આંહીં રહો." ત્યારે મહારાજે તેમને એમ કહ્યું જે, "અમને તો વળાના રાજાએ તેડાવ્યા છે, તે આંહીં રાત નહીં રહીએ."

એમ કહીને શાસ્ત્રી લક્ષ્મીરામને મહારાજે નેત્રની સાને કરીને તથા જમણા ભુજના અંગૂઠા પાસેની આંગળીની સાને કરીને પોતાની સમીપે તેડાવ્યા અને કાનમાં એમ કહ્યું જે, "તું તે બાઈને કહેજે કે, 'મહારાજ ભેગું માણસ બસોને આસરે છે, તેમની રસોઈ ચોખામી(શુદ્ધપણે) બ્રાહ્મણ પાસે કરાવજો.' તું શીઘ્ર જા ! ને તારી ભેગા એક અસ્વાર સારંગપુરનો મૂળુ છે, તેને તેડીને તું જા ! ને તેમ કહેજો જે, મહારાજ આવે છે." ત્યારે તે તરત ગયા અને તેમ તેમણે સમાચાર કહ્યા. તેમ તેમણે સામૈયાની

રચના કરાવી. પછી ત્યાંના નરેશ પોતાના ઘણા અસ્વાર, પાળા, વાજાં અને અબીલ, ગુલાલ ને પુષ્પના હાર તથા સર્વે પૂજાની સામગ્રી તેમજ તે શહેરના વેદ ને શાસ્ત્રના ભણેલા બ્રાહ્મણ તથા ચારે વર્ણનાં અન્ય ઘણા મનુષ્ય બાઈ-ભાઈને લઈને મહારાજને સામૈયે આવ્યા.

એટલામાં સર્વેલોકના સ્વામી ને પોતાની સ્વેચ્છાએ કરીને વિચરતા એવા શ્રીજીમહારાજ, તે ગામની સમીપે આવ્યા. ત્યારે મહારાજની સમીપે પોતે રાજાએ પોતાનાં વાહનનો ત્યાગ કરીને, પૃથ્વી ઉપર પડીને દંડવત્ પ્રણામ કર્યા. પછી ઊઠીને મહારાજની વિધિવત્ પૂજા કરી. પછી તે પોતાના અશ્વ ઉપર બેઠો, તેને મહારાજે સ્વાગત પૂછી સુખી કર્યો.

પછી તે ગામના પાદર મધ્યે પુરાતની એવી **વિમલા નગરી** હતી. તેના પુરાતની મનુષ્યે ઘણા ઊંડા પાયા નાંખ્યા હતા, તેને તે સમે ઘણાક મજૂર ખોદતા હતા. તેને જોઈને મહારાજે એમને(રાજાને) એમ કહ્યું જે, આ કોણ ખોદાવે છે ?" ત્યારે તેમણે એમ કહ્યું જે, "હે મહારાજ ! એ તો અમારો કામદાર ખોદાવે છે." ત્યારે તેમાંથી નીકળતી ઈંટ મહારાજે ભરાવી(મપાવી) તે એક ગજની થઈ અને તેનો પાયો આઠ હાથ પહોળો ને ચૌદ હાથ ઊંડો થયો. ત્યારે સર્વે જન પ્રત્યે મહારાજે એમ વાત કરી જે, "જુઓને, આ કાળની ગતિ કેવી છે જે, આ પાયાને પુરાવનારો કોઈક સમર્થ હશે ખરો. તેને પણ કાળે નાશને પમાડ્યો. તે જો જીવતો હોય તો તમને તે પાયો કાઢવા દે ખરો ?" ત્યારે તેમણે ના પાડી.

ત્યારે શ્રીજીમહારાજ તે સર્વે પ્રત્યે એમ બોલ્યા જે, "કાળ તે ભગવાનની સામર્થી છે, તેમ જાણવું. તેણે સર્વેને નાશ પમાડ્યા છે, તે કોઈ નથી બોલતા. વળી આ સર્વે મનુષ્ય કાળે કરીને નાશ પામશે ખરા. અને જુવોને, કોઈ બસો વરસનું મનષ્ય છે ? કોઈ નથી. એવી

ભગવાનની કાળશક્તિ છે. તોપણ મનુષ્યમાત્ર તે પંચવિષયમાં સુખ માનીને ભગવાનની બીક રાખતા નથી. અને સર્વેથી સામર્થીવાન એવા જે ભગવાન, તે ભરતખંડના મનુષ્ય ઉપર કૃપા કરીને પૃથ્વીને વિષે પધારે છે, તેમનો આશરો નથી કરતા. ને નાશવંત એવા પદાર્થને વિષે આસક્ત થઈને જન્મને હારીને(વૃથા ખોઈને; વેડફીને) પછી કુશરીરને ધારીને દુઃખને ભોગવે છે.

એ આદિક વાત કરી. પછી વેદની ધૂની કરતા અને ઘણોક ગુલાલ ને અબીલ આદિક ઉડાડતાં થકા ઘણાક વિપ્રો મધ્યે મોટેરા હરિજન શિરોમણિ શુક્લ શંભુરામ અને હરજીવન તથા કરસન, દેવશી, ગોવર્ધન, રતનો વેદિયો આદિક સાથે **વળા** મધ્યે ચાલ્યા. તે ગાજતે વાજતે દરવાજે પધારીને પછી રાજદરબાર મધ્યે પધાર્યા.

ત્યારે બાઈ મોટીબાએ મહારાજની ષોડશોપચારે પૂજા કરી, તે લખીએ છીએ. મહારાજને એક ભારે પલંગ ઉપર પધરાવ્યા. ને ભારે વસન અને હેમના અલંકાર જે, વેઢ, વીંટીઓ, સોનાના બેવડા દોરા, ઊતરી ને ઘણીક રૂપમુદ્રિકા(ચાંદીના સિક્કા) મૂકી. પછી મલ્લિકાદિક થલકમલનાં ઘણાંક પુષ્પના હાર ને તોરા આદિક પુષ્પનાં આભૂષણે કરીને તથા કેસર ને ચંદનને શોભાડતા હતા. પછી સોનાના થાળ મધ્યે કપૂરની આરતી તે બાઈએ પોતે ઉતારી. પછી હાથ જોડીને નમસ્કાર કર્યા.

પછી એમ બોલ્યાં જે, "અહો ભાગ્ય ! મહા ભાગ્ય ! જે તમારાં દર્શન મારે થયાં, જેથી મારાં દુઃખ સર્વે ગયાં. ને હે મારા જન્મના સંગાથી ! ને હે મારા અંતકાળના બેલી !" એમ કહ્યું. પછી તે બાઈ પ્રત્યે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, **"અમે તમારા દરબાર મધ્યે નહીં ઊતરીએ. કેમ જે, અમને રાજાનું સન્માન નથી ગમતું, ને તેનો સહવાસ પણ નથી ગમતો. માટે ગામ મધ્યે કોઈ સ્વચ્છ જાયગા હોય તો ત્યાં અમે ઉતારો કરીશું."**

ત્યારે ત્યાંનો હરિજન વિપ્ર રતનો બોલ્યો જે, "હે મહારાજ ! મારું ફળી ઘણુંક મોટું છે, તે મધ્યે તમારા ઘોડા બંધાવીશું ને તમારો અને તમારા મનુષ્યનો ઉતારો દરબારના પુરોહિત વિપ્ર વરબાની મેડીએ કરાવશું." ત્યારે મહારાજ તે ઠેકાણે પધાર્યા. પછી ઉતારો કરીને તે રતનાને ઘેર બ્રહ્મચારી મુકુંદજીએ રસોઈ કરી હતી. તે જમતાં થકા વખાણ કરીને એમ બોલ્યા જે, "આ ચોખા ક્યાંના હતા ? તે ભાત અતિ સરસ થયો છે." ત્યારે તે વિપ્રે એમ કહ્યું જે, "આ ચોખા તો મારા ઘરના ચારડા(મોટા ક્યારા) મધ્યે પાક્યા છે, તે વીસ કળશી થયા છે." ત્યારે તેને મહારાજે કહ્યું જે, "આ માંહિલા ચોખા વેચાઉ છે ? અમે જમવા સારુ લઈએ ?" ત્યારે તે વિપ્ર એમ બોલ્યો જે, "હે મહારાજ ! બે કળશી તો મારે તમને ધર્માદામાં દેવા છે." તેમ કહીને પછી દસ કળશી ડાંગર લીધી(ખરીદી).

પછી પોતે જમીને દરબાર મધ્યે (પધાર્યા, ત્યાં) વિપ્રે રસોઈ કરી હતી તે, સંત ને હરિજનને પોતે પીરસીને જમાડ્યા. જમાડીને પછી પલંગ બિછાવ્યો હતો, તે ઉપર બેસીને ઘણાં કીર્તન ગવરાવ્યાં. અને તે રાજા આગળ ઘણી વાર્તા કરીને પોતાને ઉતારે પધાર્યા ને પોતાને સુખે કરીને સુખિયા થયા. પ્રભાતે ઊઠીને દંતધાવન, સ્નાનવિધિ અને પૂજાવિધિ આદિક કર્યાં. પછી પોતાને રાજાએ તેડાવ્યા, તે રાજદરબારે પધાર્યા. તે રાજાની મેડી ઉપર હિંડોળા ખાટ હતી, તે ઉપર બિરાજમાન થયા. પછી રાજાએ મહારાજને ભૂમિ-ધર્માદા(ભૂમિદાન) દીધો. તે રૂડા અક્ષરે લેખ કરાવ્યો અને પોતાના હાથની સહી કરીને તે સમે દીધો. પછી વળી વિધિવત્ પૂજા કરી અને ઘણીક સ્તુતિ કરીને નમ્યા.

પછી મહારાજે તેમને એમ વાર્તા કરી જે, "**બ્રહ્માથી તે કીટ પર્યંત કાળને વશ છે, તે કાળ સર્વેને મહાજોરાવર નાશને પમાડે, તેવો એનો વેગ છે.** ને મોટો ચક્રવર્તી રાજા જે ચિત્રકેતુ હતો, તેને કરોડ તો સ્ત્રીઓ હતી, ત્યારે તેનો વૈભવ પણ ઘણો હશે. એ આદિક ઘણા રાજા

પોતાની રાજ્ય-સમૃદ્ધિ મેલીને કાળે નાશ પમાડ્યા છે. તેમ જાણીને **પ્રત્યક્ષ ભગવાનનો આશરો કરવો. જેથી મોક્ષ થાય ને જન્મમરણરૂપ સંસૃતિ મટી જાય."** તેમ ઘણીક વાર્તા કરી.

પછી મહારાજનો થાળ થયો ત્યારે પોતે જમવા પધાર્યા, તે લેહ્ય, ચોસ્ય, ભક્ષ્ય ને ભોજ્ય ભોજન જમ્યા. પછી સંત, અસ્વાર ને પાળાને જમાડીને પોતે ચાલ્યાનું પરિયાણ કરવા લાગ્યા. પછી ગાજતેવાજતે પોતે શહેર સોંસરા પધાર્યા. તે નરેશ ઘણાંક મનુષ્યને લઈને પોતાના સીમાડા સુધી મહારાજને વળાવવા આવ્યો હતો. તેમને પોતે શ્રીજીમહારાજ 'જય સચ્ચિદાનંદ' કહીને ચાલ્યા, તે તત્કાળ સાયંકાળે **દુર્ગપુરમાં** પધાર્યા. ઈતિ શ્રીવલ્લભીપુરનું આખ્યાન સમાપ્ત થયું.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'વલ્લભીપુર રાજાના આમંત્રણથી ત્યાં પધારી તેમને સેવા ને કથા-વાર્તાદિકનો લાભ આપ્યો' એ નામે તેરમું પ્રકરણ ॥૧૩॥



વલ્લભીપુરના રાજાના આમંત્રણથી શ્રીહરિ ત્યાં પધાર્યા.

પ્રકરણ - ૧૪

આદરજમાં ચાર મોટેરા સંતોને સદ્‌ગુરુ કર્યા

ગામ **આદરજનો** રાજા જે **રતુ ખાંટ,** તે ભીલ જાતિના ઘણાક મેવાસના રહેનારાનો અધિપતિ હતો. એક દિવસને સમે તેણે ઘણાક સન્માને કરીને શ્રીજીમહારાજને ગામ **ઓળેથી** પોતાની નગરી પ્રત્યે તેડાવ્યા. તે શ્રીજીમહારાજ પધાર્યા ત્યારે, ઢોલ, ત્રાંસાં, દુંદુભિ, શરણાઈ, ભૂંગળ, ભેરી, રણશિંગી, ઝાંઝ, મૃદંગ ને ઝાલરી આદિક ઘણાં વાજાં વાગે છે. ને ઘણું અબીલ-ગુલાલ ઊડે છે, ને ઘણાક બંદીજનો વખાણ કરે છે, ને ઘણા વિપ્રો વેદના ઉચ્ચારને કરે છે. આમ તે પૂર્ણ પુરુષોત્તમ એવા જે શ્રીજીમહારાજ તે નરેશના ભુવન પ્રત્યે પધાર્યા.

પછી તેમણે ઘણો પૂજાનો ઉપચાર જે, વસ્ત્ર, હેમનાં અલંકાર, કેસર, ચંદન, કુંકુમ, અક્ષતથી પૂજા કરી તથા પુષ્પના હાર, બાજુ, તોરા, ગુચ્છ, પોંચી પહેરાવ્યાં ને કર્ણને વિષે કર્ણીકારનાં મોટાં બે પુષ્પ ધરાવ્યાં. અને મહારાજ પાટ ઉપર બિરાજ્યા. પછી હેમના થાળ મધ્યે કપૂરની આરતી ઉતારી. પછી શ્રીજીમહારાજનો થાળ બ્રહ્મચારીએ કર્યો, તે વખાણીને જમ્યા. જમીને પછી સંત અને હરિજનને જમાડીને પછી પોતે સંતજન ને હરિજન સહિત તે ગામની ઉત્તરાદિ કોરે તળાવની સમીપે ઉતારો કર્યો.

એક શકટ ઉપર ત્યાં પલંગ બિછાવ્યો હતો, તે ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થયા. પછી ઘણીવાર સુધી વાર્તા કરી. પછી સાયંકાળ થયો, ત્યારે મુક્તાનંદસ્વામી આદિક ગવૈયા સંત વાજાં લઈને ગોડી રાગનાં પદ બોલ્યા જે,

હરિ મેરે મોહન મુખકી પ્યાસરી, શ્રીકૃષ્ણ વિના કલ ના પરે;
દર્શ વિના પળ જુગ સમ વિતે, નીરખકે નેના ઠરે;
શ્રીકૃષ્ણ વિના કલ ના પરે.

એ આદિક ઘણાં ગોડીનાં પદ બોલાવ્યાં. પછી ધૂન-આરતી કર્યાં. પછી મહારાજ પોઢી ગયા.

❁ આદરજમાં ચાર મોટેરા સંતોને સદ્‌ગુરુ સ્થાપ્યા

પછી પ્રભાતે શ્રીજીમહારાજે ઊઠી દંતધાવન ને સ્નાનવિધિ કર્યાં. જ્યારે દિવસ આસરે ચાર-પાંચ ઘડી ચડ્યો હતો, ત્યારે શ્રીજીમહારાજ વિરાજમાન થઈને મુક્તાનંદસ્વામી આદિક મોટેરા સંત પ્રત્યે એમ બોલ્યા જે, **"અમારે ઘણી મોટપ આવી છે. તે મોટપરૂપી દુઃખ અમારે માથે આવી પડ્યું છે, તે મોટપની અમને અતિશે અરુચિ વર્તે છે.** તે અમારા મનમાં જેમ ઊપજ્યું છે, તેમ તમને કહી દેખાડ્યું. તે જેમ અમારી મોટપનો સંકોચ થાય તેમ કરો."

ત્યારે સર્વે સંત એમ બોલ્યા જે, "હે મહારાજ ! તમારી મોટપનો સંકોચ તો બ્રહ્માદિક દેવ પણ ન કરી શકે. **તમે તો તમારા સુખે કરીને જ સુખિયા છો, ને તમારી મોટપે કરીને જ સર્વે મોટા છે. ને તમે જેને મોટપ આપો તે જ મોટપને પામે એવા તમે છો. પણ કોઈને સુખે કરીને સુખિયા નથી, તમે તો એવા છો. અને પૂરણકામ છો, સુખના સિંધુ છો, ચિંતામણિ તુલ્ય છો અને તમારું જે ધામ તેના કિંચિત્ સુખે કરીને બ્રહ્માથી તે સ્તંબ પર્યંત સુખિયા વર્તે છે.** એવા જે તમને જે દુઃખ હોય તે કહો."

ત્યારે શ્રીજીમહારાજે પ્રથમથી જ જેતલપુર મધ્યે પરિયાણ બાંધી મૂક્યું હતું(નક્કી કરી રાખ્યું હતું), તેમ જ કહ્યું જે, "હે મુક્તાનંદસ્વામી ! તમે, નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી તમને ચાર મોટેરાને અમે પ્રભુ[૧] કરીએ છીએ. ને તમે ચાર સદ્‌ગુરુ છો. વળી સર્વે સંત ને હરિજન જેમ અમારી પૂજા-પ્રતિષ્ઠા ને જેમ અમારું માન-સન્માન કરે છે, તેમ તમારું સર્વે સંત ને હરિજન કરશે."

૧.સર્વ સંતો-ભક્તોને માનવા-પૂજવા યોગ્ય

શ્રીજીમહારાજે એમ ઊભા થઈને તાળી પાડીને સર્વે સભા પ્રત્યે કહ્યું. પછી મહારાજની આજ્ઞાએ કરીને હરિજને ચાર પલંગ તત્કાળ નંખાવ્યા. (તે પર ચારે સદ્‌ગુરુ સંતોને બેસાડ્યા.) પછી સર્વે સંત ને હરિજન ભાઈ માત્ર, તેમણે પુષ્પ, વસ્ત્ર, ફળ, સર્કરા, મીઠાઈ, મેવા આદિક તથા ચંદન, ગુલાલ ને અબીલાદિક ઘણા પૂજાના ઉપચારોથી પૂજા કરી. પછી કપૂરની આરતી ઉતારી. તે સમાની લીલા ને મહારાજની મૂર્તિનું ચિંતવન (કરું છું).

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'આદરજમાં ચાર મોટેરા સંતોને સદ્‌ગુરુ કર્યા' એ નામે ચૌદમું પ્રકરણ ॥૧૪॥



પ્રકરણ - ૧૫

આદરજમાં ચાર સદ્‌ગુરુની પૂજા કરી ને તેમની મોટપ કહી

શ્રીજીમહારાજે તે સમે લીલો સુરવાળ પહેર્યો હતો, ને માથે સોનેરી છેડાવાળો ભારે કસુંબી રેંટો બાંધ્યો હતો. ને એક આસમાની રંગનું શેલું, તેણે કરીને પોતે કમર બાંધી હતી. ને એક લીલા શેલે કરીને પાંગોઠી વાળી હતી ને પોતે ઉત્તર મુખે બિરાજમાન હતા. ને મહારાજની સન્મુખે સભામાં ચાર સદ્‌ગુરુ, સંત ને હરિજનો દક્ષિણાદે મુખે બેઠા હતા. તે સર્વે વારતા(પ્રસંગ) જોઈને મહારાજ ઘણુંક રાજી થઈને મંદમંદ હસતા હતા.

પછી મહારાજનો થાળ થયો, તે મુકુંદ બ્રહ્મચારી તેડવા આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "હે બ્રહ્મચારી ! હવે તો પાંચ થાળ કરવા." ત્યારે મુકુંદજીએ કહ્યું જે, "હે મહારાજ ! વળતી આ પાંચ થાળ તે

ક્યાંથી કાઢશું ?" ત્યારે મહારાજ હસીને બોલ્યા જે, "તમને સૂઝે ત્યાંથી લાવો." ત્યારે તેમણે એમ કહ્યું જે, "હે મહારાજ ! આજ તો પનવાડા(પતરાવળી) ને પડિયા મળશે. ને વળતી આજ તમે તેમને મોટા કર્યા, તે આજ હું થાળ ક્યાંથી કાઢું ?"

એમ સાંભળીને મહારાજ હસતાં હસતાં આવીને જમવા બિરાજ્યા. ને ચારેય સદ્‌ગુરુને સામા બેસાડીને ઘણાંક સન્માને કરીને જમાડ્યા. પોતે જમીને પછી, વિપ્રે સંત ને હરિજનની રસોઈ કરી હતી ત્યાં પધાર્યા.

પછી તે સમે સર્વે વિપ્રે ભટ્ટ શિવરામને કહ્યું જે, "તમે અમારે કાજે મહારાજનું ચરણામૃત કરાવી લાવો." ત્યારે તેમણે મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! આ પાકીને(રસોયાને) વાસ્તે ચરણામૃત કરી આપો." ત્યારે મહારાજે તેમને એમ કહ્યું જે, "કોણ પાકી છે ?" ત્યારે તેમણે એમ કહ્યું જે, "પ્રભાશંકર ને બેચરભાઈ પાકી છે." ત્યારે મહારાજ હસીને એમ બોલ્યા જે, "તેમની શું પાકી છે ?" ત્યારે બ્રહ્મચારીએ મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! તેમને બોલતાં ઠીક નથી પડતું." પછી મહારાજે કહ્યું, "તમે એમ કહોને જે, 'રસોઈયાને કાજે ચરણામૃત કરી દ્યો." પછી એમ કહ્યું ત્યારે તે વિપ્રને મહારાજે તત્કાળ ચરણોદક કરી આપીને પાકશાળા મધ્યે પધાર્યા.

શ્રીજીમહારાજે પલવટ(ભેટ) વાળી હતી ને ચરણ મધ્યે ચાખડીઓ પેરી હતી. પછી ત્યાં વિપ્રે તળેલા મોદક ઘણુંક ગરથ(ઘી) નાંખીને વાળ્યા હતા, તેને સંતની પંક્તિ ને હરિજનની મોટી પંક્તિઓ બેઠી હતી, તે મધ્યે ઘણીકવાર પીરસ્યા અને સર્વે જનને જમાડીને તૃપ્તિને પમાડ્યા.

પછી નરેશે મહારાજની ઘણાક ઉપચારે કરીને પૂજા કરી. પછી મહારાજ ભારે વસન, હેમના ભારે અલંકાર તથા ઘણાંક મલ્લીકાદિક પુષ્પ ને ગુલાબના હાર, તોરા, બાજુ, પોંચી ને ગુચ્છાદિક ઘણા પુષ્પના

અલંકારને શોભાડતા થકા તે નરેશના સદન ને ત્યાંના નરેશને ને તેમના સદનને વિષે રહેનારાં જે સ્ત્રી ને પુરુષ તેમને પોતાને દર્શને કરીને મોક્ષને પમાડતા સતા ગાજતે વાજતે પાછા પોતાને ઉતારે પધાર્યા.

પછી સર્વે સંત અને હરિજનની સભા પ્રત્યે મહારાજે ઘણીક વાત કરી. પછી ચારે સદ્‌ગુરુને પાટ ઉપર બેસાડીને તેમની આરતીઓ સંત ને હરિજન પાસે ઉતરાવી અને પોતે પણ સદ્‌ગુરુઓને દંડવત કર્યા. અને ધર્મધુરંધર એવા જે શ્રીજીમહારાજે પોતે તે સમે હાર, ચંદન, અબીલ, ગુલાલ ને ફળાદિકે કરીને ચારે સદ્‌ગુરુની ઘણેક સન્માને કરી પૂજા કરી.

नेपछेपोतेपलंगउपरेऊभाथैनेपो
तानाबेऊहाथनाकरेताळीपाडीनेएमकह्युजेचारेसदगुरू
नीपूजाआजेमअमेकरीतेमतमेसर्वेसदायकरजोकेमजे
आतोघणाकसांपृथ्वीवांनछेनेआतोएकलापृथ्वीउपरेआ
व्याहोयतोतेअवतारकेवायतेवातेछेनेजारेअवतारीहोय
तारेअवतारपोतानीजेसामर्थीनेदबावीनेवर्तेछेकेमतोजारे
पूर्णमासीनोचंद्रसोळेकळायेकरीनेकलंकेरहीतउदयनेथाय
तारेजेममोटामोटातारानेसामर्थीतेनेचंद्रनातेजमांलीनथाय
छेतेमएधर्मस्थंतेकरीनेसमजवुएममहाराजेघणीकवातकरी
तारेसांयंकाळथयो

ને પછી પોતે પલંગ ઉપરે ઊભા થઈને પોતાના બેઉ હાથના કરે તાળી પાડીને એમ કહ્યું જે, “ચારે સદ્‌ગુરુની પૂજા આ જેમ અમે કરી તેમ તમે સર્વે સદાય કરજો. કેમ જે, આ તો ઘણાક સામર્થીવાન છે, ને **આ તો (જો) એકલા પૃથ્વી ઉપર આવ્યા હોય તો તે અવતાર કહેવાય, તેવા તે છે, ને જ્યારે અવતારી હોય ત્યારે અવતાર પોતાની જે સામર્થી (હોય તેને) દબાવીને વર્તે છે.** કેમ, તો જ્યારે પૂર્ણમાસીનો ચંદ્ર સોળે કળાએ કરીને કલંકે રહિત ઉદયને થાય ત્યારે જેમ મોટા મોટા

તારાની સામર્થી તેને ચંદ્રના તેજમાં લીન થાય છે, તેમ એ દૃષ્ટાંતે કરીને સમજવું." એમ મહારાજે ઘણીક વાત કરી ત્યારે સાયંકાળ થયો. પછી નાથજી ને ઉમાભક્તની પાસે ગોડી બોલાવી જે,

ગિરધારી રે સખી ગિરધારી, મારે નિરભે અખૂટ નાણું ગિરધારી.
ખરચ્યું ન ખૂટે એને ચોર ન લૂંટે, દામની પેઠે રે ગાંઠે બાંધ્યું નવ છૂટે.'

એ આદિક ઘણાં ગોડીનાં પદ બોલાવ્યાં. પછી પ્રથમથી જ એક ઊંચો મંચ હતો તે ઉપર શ્રીજીમહારાજ પોતે ઊભા થઈને 'રામ કૃષ્ણ ગોવિંદ' આદિક (ધૂન) તાળી પાડીને (બોલતા જાય છે) ને પોતે ફરતા જાય છે ને સર્વે જનને દર્શન દેતા જાય છે. (ને પાછળથી સર્વે જન ધૂન ઝીલે છે.) તેમ ધૂન આરતી કરી. ને પછી પોતે સર્વે સંતસભાને નમ્યા. પછી સર્વે સભા તે મહારાજને નમી. પછી ઘણીવાર સુધી પ્રશ્ન ઉત્તર કરીને પોતે પોતાને જ સુખે કરીને સુખિયા થઈને પોઢી ગયા. તેમજ સર્વે જન સૂઈ ગયા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'આદરજમાં ચાર સદ્‌ગુરુની પૂજા કરી ને તેમની મોટપ કહી' એ નામે પંદરમું પ્રકરણ ॥૧૫॥



પ્રકરણ - ૧૬

શ્રીહરિએ આદરજમાં વિવિધ લીલા કરી

પછી પ્રતિદિવસે સવારે દિવાળી આવી, તે પ્રભાતે શ્રીજીમહારાજે વહેલા ઊઠીને દંતધાવન, સ્નાન આદિક વિધિ કરીને ભારે વસ્ત્ર પેર્યાં હતાં. તે મૂર્તિનું ચિંતવન સંત-હરિજનની કૃપાથી હું લક્ષ્મીરામ શાસ્ત્રી કરું છું. તે મારી ઉપરે રાજી રહેજો.

મહારાજે જે વસ્ત્ર પેર્યાં હતાં તેનાં નામ : નીલા કિનખાબનો સુરવાળ પહેર્યો હતો. નીલી કિનખાબની બુટ્ટાદાર ડગલી પહેરી હતી, ને માથે કસુંબી જરિયાની રેંટો બાંધ્યો હતો. ને ખંભે આસમાની રંગનું એક શેલું નાંખ્યું હતું ને એક રાતે શેલે કમર કસી હતી. ને પોતે રોઝે ઘોડે ચડ્યા હતા ને પોતે હેમનાં ઘણાંક અલંકાર ધાર્યાં હતાં ને પુષ્પનાં ઘણાક અલંકાર ધાર્યાં હતાં.

❁ આદરજમાં ઠાકરડાએ અદ્‌ભુત રાસ રમી શ્રીહરિને રાજી કર્યા

એમ ગામની ભાગોળે ચાલ્યા આવે છે. ત્યાં ઘણા કોળી ઠાકરડા દાંડિયા-રાસની રમતને રમતા હતા. તેમણે એમ કહ્યું જે, “હે મહારાજ બાપજી ! અમારી એક રમત જોતા જાઓ.” ત્યારે શ્રીજીમહારાજે પોતાનો ઘોડો ઊભો રાખ્યો. તે સમે ઢોલ હીંચમાં વાગતો હતો ને ગહેરે સ્વરે શરણાઈયો વાગતી હતી. ને ઘણાંક ભૂંગળ આદિક વાજાં તેમના પગની ચાલને અનુસારે જ વગાડતા હતા. તે સમે તેમણે નૃત્ય કરીને શ્રીજીમહારાજને રાજી કર્યા હતા, તે સારુ તે નૃત્યનું વર્ણન લખું છું.

તેની વિગત એક જણ પ્રત્યે બે લાકડીઓ ને સર્વેને માથે ગાગર-બેડાં ને તે માથે દીવા કર્યા હતા. ને દિવાળીની રાત્રિ હતી. તે એકબીજાને સામા જોતા જાય છે ને પોતાના પગનું નૃત્ય કરે છે. તેમજ માથે હેલો ધારી રાખી હતી. નિર્મોહી એવા જે મહારાજને તે સમે તેમણે તે નૃત્યને બતાવી રાજી કર્યા. પછી મહારાજે તેમને મીઠાઈના

રૂપિયા પચાસ આપીને તેમને પોતાની સ્મૃતિ કરાવી. જેમ અંત સમે તેનો મોક્ષ થાય તેમ કરતાં થકાં પોતાને ઉતારે આવ્યા.

પછી ઘણા પ્રશ્ન ઉત્તર કર્યા. એટલામાં રતુ ખાંટ આદિક ઘણા મોટેરા આવીને મહારાજ આગે હાથ જોડીને એમ બોલ્યા જે, “હે મહારાજ ! આ બાઈઓ સર્વે ફરીને ભગવાનનાં કીર્તન ગાય છે, તેને તમે કૃપા કરીને દર્શન દેવા પધારો. ને તેમનું ગાનતાન ને તેમનું નૃત્ય, તેને તમે જુઓ તો ખરા !” ત્યારે મહારાજ પાળા, અસ્વાર અને સર્વે વૃદ્ધ પુરુષને ભેગા લઈને (જે ઠેકાણે બાઈઓ નૃત્ય કરે છે), ત્યાં જઈને જોતા હતા.

જે ઠેકાણે તે બાઈઓ ગાય છે તે સમાની (તે બાઈઓના નૃત્યની) વિક્તિ જે, તેમના મસ્તક ઉપર ભરેલી હેલો છે તે ઉપર દીવા બળે છે, તેમ નૃત્ય કરે છે. તેને જોઈને મહારાજ એમ બોલ્યા જે, “વ્રજની ગોપીઓ જેવું નૃત્ય કરે છે, તેમ કરે છે.” અને એક તાંબડી ઉપર દીવો બળે છે, તે તાંબડીને એકના હાથ મધ્યેથી બીજી પોતાના હાથમાં ઝીતી(ઝીલી) લે. આમ એક તાંબડી તે સર્વે બાઈઓના હાથ પ્રત્યે ફેરવે; તેમ નૃત્ય કરતી હતી ને મુખે આ કીર્તનને ગાતી હતી. તેનું નામ છે,

ઓરા ઓરા આવો રે, કે મોહન મતવાલા,
રસના રંગીલા રે, કે સુંદર છોગાલા.
તમને નીરખીને રે, કે ઠરે મારાં લોચનિયાં,
સર્વે લટકાં તમારાં રે, કે મન મારે રોચનિયાં[૧].
જોઈ જોઈ મુખડું તમારું રે, કે દુઃખ મારું દૂર થયું.

એ આદિક ઘણાં કીર્તન હલીસ રાગનાં ગાતી હતી. તેને સાંભળીને સર્વે લોકના સ્વામી એવા જે શ્રીજીમહારાજ તેમનો ભક્તિભાવ જોઈને ઘણુંક રાજી થયા. અને તે બાઈઓના સંબંધી પુરુષને એમ કહ્યું જે,

૧.મનને રોચક

"આ બાઈઓ સર્વેને અમે પાંચ મણ સર્કરા આપીને સર્વેને રાજી કર્યાં." જેમ તે બાઈઓને અંત સમે પોતાની મૂર્તિની સ્મૃતિ (થાય તેમ) કરાવતા થકા પોતાને ઉતારે જઈને પોઢી ગયા.

પછી બીજે દિવસ ફૂલદોલ જે પડવાનો દિવસ આવ્યો. મહારાજે વહેલા ઊઠીને સ્નાનાદિક સર્વે ક્રિયા કરી. પછી પૂજાવિધિ કરીને ભારે વસ્ત્ર પેરી એક સિંહાસન ઉપર બિરાજમાન થયા. સર્વે સદ્‌ગુરુને આસન નાંખી આપ્યાં હતાં. અને સંતજન સરોદા, સિતાર, મંજિરાં ને દુકડ લઈને મહારાજની આગે ગાવા લાગ્યા. તે પદનું નામ

'દેખોરી ડગરા[1] વીચ કાન મહી અમારા લૂંટેરી'

એ આદિક ઘણાં પ્રભાતિયાં ગાયાં.

❉ લશ્કરના સૂબાએ મહારાજને ઓલિયા પુરુષ જાણ્યા

પછી દિવસ ઘડીને આસરે ચડ્યો, તે સમે ત્યાં લશ્કર પડ્યું હતું, તેનો મોટેરો સૂબો મહારાજનાં દર્શન કરવાને ઘણા મનુષ્યે વિંટાણો થકો આવ્યો. તેણે મહારાજનાં દર્શન કર્યાં. મહારાજે તેને રૂડાં વચન ને સન્માને કરીને સુખને પમાડી રાજી કર્યો. તે જાતિએ યવન હતો.

તેને મહારાજે એમ પૂછ્યું જે, "ખુદા કૈસા હે ?" ત્યારે તેણે એમ કહ્યું જે, " હે મહારાજ ! ખુદા તો બેનમુન ને બેચમુન હે, એસે મુસલમાન કહતે હે." ત્યારે વળી શ્રીજીમહારાજે તેને એમ પૂછ્યું જે, "મુસલમાન કા ક્યા અર્થ હે ?" ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! તે બાતકી હમકું માલુમ નહિ હે." ત્યારે તે પ્રત્યે મહારાજે કિતાબનો(કુરાનનો) આ હરફ કહેલો જે,

મુસલમાન મુસાવે આપ સત્ય સબૂરી[2] ને કલમા પાક ખડી ન ખાવે;
પડી ન ઉઠાવે સો મુસલમાન દોજખ[3] છોડકે ભીસ્તમેં[4] જાવે.

૧.રસ્તા ૨.ધીરજ ૩.નરક ૪.સ્વર્ગમાં

એ આદિક તેના કુરાનની વાત કરી.

એ જોઈને તે ઘણું રાજી થયો. પછી તેણે મહારાજને એમ કહ્યું જે, "તમે તો ઓલિયા મુરશિદ હો, ને તુમારા દેદારસે હમારે બહુત નફા ભયા હે." પછી એમ બોલ્યો જે, "હે મહારાજ ! તમારા સંતકે પાસ કોઈ અચ્છા ટપા[1] ગવરાઓ." ત્યારે મહારાજે સંત પાસે આ કીર્તનને ગવરાવ્યું હતું જે,

'સરજુ ગંગા કી તીર કુંવર શામરા ખડા વે, સરયુ..

ને બીજું જે

નંદજુ કે લાલા ગભરું ગલિયાં મેં દી આયા વે.
નંદજુ કે લાલા ગબરું ગલિયાં મેં દી આયા વે.'

એ આદિક ઘણાંક પદ બોલાવીને તેને પોતાના સ્વરૂપની સ્મૃતિ કરાવી.

❁ ભગુજી પાસે નિશાન પડાવી બરકમદારોને આશ્ચર્ય પમાડ્યા

પછી તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! આજ તો ઝાલપટોળાનો (બેસતા વર્ષનો) દિવસ છે. તે એક ઘડા મધ્યે દીવો કરાવીને તેને સરોવર મધ્યે મૂક્યો હતો, પણ જળના તરંગ તેણે કરીને તે વિષમ ગતિએ ચાલે છે. તેણે કરીને ઘણા કોળી લોક છે તથા અમારા ઘણા બરકમદાર છે, પણ તે નિશાન પડતું નથી. તે સારુ હે મહારાજ ! તમારા જે પાળા તે વિખ્યાત છે, તે તેમને લઈને આપ પધારો, તો પડશે ખરું." ત્યારે ગર્વગંજન એવા જે મહારાજે સર્વે પાળા પ્રત્યે એમ કહ્યું જે, "સર્વે સાજ ને બંધૂકો બાંધીને તૈયારી કરીને ચાલો."

તે સરોવર પ્રત્યે જઈને શ્રીજીમહારાજને માટે એક ખુરશી નાંખી. ને પોતે ઉત્તરમુખે બિરાજમાન થયા. ને તે તળાવની પાળ દક્ષિણાદિ, તે ઉપર ઘણાંક મનુષ્ય જોવાને કાજે ઊભાં હતાં. પછી મહારાજે કહ્યું

૧.સંગીતમાં ગાયનનો એ નામનો એક પ્રકાર છે.

જે, "સર્વે બરકમદાર છો તે આ નિશાનને પાડો." ત્યારે તેણે ઘણાક ભડાકા કર્યા, પણ જળને તરંગે કરીને તે નિશાન વિષમ ગતિમાં ચાલે, તેથી ન પડ્યું. તેને જોઈને સર્વે હસ્યા ને સર્વે બરકમદાર પોતાની લાજને ખોઈને બેસી ગયા.

ત્યારે વળી મહારાજે સર્વે જન પ્રત્યે તાળી પાડીને એમ કહ્યું જે, "હજી જેને આ નિશાન પાડવાની ઈચ્છા હોય તો હાલો, હજી પાડો." ત્યારે સર્વે બરકમદાર બોલ્યા જે, "હે મહારાજ ! આ નિશાને સર્વે બરકમદારની લાજ લીધી છે, ને કોઈ પાડે તેમ નથી જણાતું. ને તમારા પાળા અતિ બરકમદાર છે તે જો પાડે તો પાડે."

પછી શ્રીજીમહારાજે ભગુજીના કાન મધ્યે એક મંત્ર આપ્યો જે, તે પાડ્યાની જુક્તિ બતાવી. તેણે મહારાજનાં ચરણે પગે લાગીને બંધૂક તાકીને ભડાકો કર્યો, તે એક ભડાકા ભેગું તેણે નિશાન તત્કાળ પાડી નાંખ્યું. આમ સર્વે દ્વાલીબંધ તેનું માન મથીને મહારાજે પોતાના ભક્તજનની લાજને વધારી. પછી તે ભગુજીને મહારાજે પોતાનું એક શેલું આપ્યું. તેમ સૂબેદારે પણ એક વસ્ત્ર ઈનામનું આપ્યું. એમ કરીને પછી મહારાજ જમવા પધાર્યા. તે પોતે જમીને પછી સર્વે સંત અને હરિજનને મોદક પીરસીને જમાડ્યા. પછી પ્રભાતે તેમની રજા માગીને ચાલ્યાનું કરતા હતા. તે ગાજતે વાજતે નરેશ સીમાડા સુધી મહારાજને વળાવવા આવ્યા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ આદરજમાં વિવિધ લીલા કરી' એ નામે સોળમું પ્રકરણ ।।૧૬।।



પ્રકરણ - ૧૭

સંતદ્રોહી વિસનગરના દીવાને શ્રીહરિનો આદર-સત્કાર કર્યો

એક દિવસને સમે **વિસનગરમાં** સંતો પધાર્યા ત્યારે ત્યાંના **કેશવરામ** દીવાને સાધુનું ઘણું અપમાન કર્યું જે, ગામમાંથી ધૂડ નંખાવી ને ઘણાક અપમાનને પમાડીને તે સંતો પ્રત્યે એમ બોલ્યો જે, 'તમે ભાગી જાઓ, આ ગામ પ્રત્યે કોઈ દિવસે આવશો નહિ.' એવી વાત મહારાજે સાંભળી. ત્યારે મુક્તાનંદજી આદિક ઘણાક સંતોને એમ આજ્ઞા કરી જે, "તમે ઘણાક સંત ભેગા થઈને તે વિસનગર પ્રત્યે જાઓ, ને તે દીવાન તમારું અપમાન કરે તે તમે સહન કરજો. ક્ષુધા ને પિપાસાને વિચારે કરીને સહન કરજો. અને તમોને તે એક દરવાજેથી કાઢી મૂકે, તો તમે બીજે દરવાજેથી પ્રવેશ કરજો." તેમ જ મહારાજની આજ્ઞાને લઈને ધીરજવાન ને વળી માને રહિત ને વળી વીરવ્રતાદિક(બ્રહ્મચર્યાદિક) ઘણાક શુભ ગુણના ભંડાર એવા સંત તેના પુર પ્રત્યે ગયા. ત્યારે પોતાના ગામ મધ્યે ઘણાક સંતોના 'નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભો'! એવા શબ્દને સાંભળીને દીવાને પોતાની હવેલીમાંથી બહાર નીકળીને જોયું, ત્યાં તો તેણે ઘણાંક સંતનાં મંડળ દેખ્યાં. ત્યારે તેણે રાજ્યપુરુષ(રાજસેવકો) પ્રત્યે એમ કહ્યું જે, "અરે ભૃત્યો ! આ સર્વે સ્વામિનારાયણના મૂંડિયાઓને દરવાજા બહાર કાઢી મૂકીને જ આવજો."

ત્યારે તેમણે હાથ મધ્યે લાકડીઓ લઈને સંતોને એક દરવાજેથી કાઢ્યા, ત્યારે તે સર્વે સંત બીજે દરવાજેથી પ્રવેશ્યા. તેમ ઘણીકવાર કાઢીને રાજ્યપુરુષ હારને પામીને તે કેશવરામને એમ કહેવા લાગ્યા જે, "તે ફકીરુકું તો હમ કાઢ કાઢ કે થક ગયે હે, ફકીરકું એક દરવાજે સે કાઢતે હે, પણ ઓ તો ફીરકે દૂસરે દરવાજે હોકે અંદર ઘુસતા હે, ને એ તો ફકીર હે તે ટૂકડા માંગનેકું શહર મેં આવતા હે. સો અલાકે ભાઈનકું તો હમ નહીં કાઢેંગે." ત્યારે તેણે દરવાજા બંધ કરાવ્યા.

પછી તે ગામના મહાજન તથા સર્વે લોક તેને એમ કહેવા લાગ્યા જે, "આ સંતપુરુષની ભિક્ષા બંધ ન કરાવવી. કેમ જે, બે દિવસથી ભૂખ્યા છે." તેમ તેમણે ખુલાસો કરાવ્યો(દરવાજા ખોલાવ્યા ?). પછી સંતો શહેર મધ્યે અરધી ભિક્ષાને પામ્યા. પછી સર્વે હરિજનમાં મોટેરા ને કેશવરામના ભાણેજ જે બળદેવ તેમણે સંતને ખાધાનું આપ્યું. પછી તેણે(કેશવરામે) તે સત્સંગીમાત્ર નાગર તેમને નાત બહાર મૂક્યા. તે કેશવરામ દેસાઈએ સત્સંગીનો તેવો દ્રોહ કર્યો.

તે વાતને શ્રીજીમહારાજે સાંભળીને ભટ્ટ મયારામ જીવણરામને ઘણા રૂપિયાની ચિઠ્ઠી લખાવી. અને તેમને રથમાં બેસાડીને શસ્ત્રબંધી પાળાઓ સાથે વિસનગર મોક્લ્યા. પછી તેઓ હરિજન બળદેવની ઘેર ઊતર્યા. ને ઘણાક બંધૂકોના ભડાકાને કર્યા, તે સાંભળીને તે દીવાને લોકોને પૂછ્યું. ત્યારે સર્વે લોક એમ બોલ્યા જે, "તમે હરિજન દ્વિજને નાત બહાર મૂક્યા છે, (તેથી) તેમના સ્વામિનારાયણે ઘણાંક નાણાંની ચિઠ્ઠીઓ લઈને ભટ્ટ મયારામને મોકલ્યા છે. તે પ્રભાતે તમારી સામા ચરુ નાંખીને(જમાડવાની હોડ-સ્પર્ધા કરીને) સર્વે બ્રાહ્મણને જમાડશે."

તે સાંભળીને તે મનમાં ભયને પામ્યો. વળી મહારાજે તે ઉપર શામ, દામ, ભેદ ને પશ્ચાત્ દંડથી પત્ર લખ્યો હતો. તેને વાંચીને મહા અભિમાનને વશ થયો. પછી એક માસ સુધી વિપ્રને જમાડીને તેને હાર પમાડ્યો હતો. આ સર્વે વાત મોરે થઈ છે. તેને મહારાજે સર્વે સંત ને હરિજન પ્રત્યે કહીને દેખાડી.

પછી એક દિવસને સમે શ્રીજીમહારાજ **વિસનગર** પ્રત્યે પધાર્યા. ત્યારે તે કેશવરામ દીવાનને સંતની વાર્તા સાંભળીને ઘણો સમાસ થયો હતો. તે સંત સમાગમનો પ્રતાપ મહારાજે દેખાડ્યો હતો. અને હવે જેમ મહારાજનું સન્માન તે સમે કર્યું હતું તેમ (હું) શાસ્ત્રી લક્ષ્મીરામ સંત ને હરિજનને પ્રતાપે લખું છું.

જેણે પ્રથમ દ્રોહ કર્યો હતો, તે જ હવે મહારાજનું સન્માન કરે છે, તેને લખું છે. તે સમે તે ગામના અધિકારી જે કેશવરામ દીવાન, તેઓ મહારાજને સામૈયે ઘણીક અસ્વારી લઈને આવ્યા. ને તે ભેગાં ત્રાંસાં, ઢોલ, નગારાં, ઘણીક શરણાઈઓ ને વળી ભેરી ને ભૂંગળાદિક ઘણાંક વાજાં વાગી રહ્યાં છે. ને ઘણાક વિપ્ર તેણે વેદની ધૂનને કરતા હવા. ધૂનને કરે છે. ને ભેગો ઘણોક પૂજાનો સામાન ને ઘણાક નેજા, નિશાન, ધજાઓ ને વળી પતાકાઓને ભેગા લઈને આવ્યા છે.

હવે શ્રીજીમહારાજનું સૈન્ય આવે છે, તેની શોભા કેવી છે, તે તો વિશેષે કહેવાશે. પ્રથમ મહારાજની મૂર્તિનું ચિંતવન કરું છું, શ્રીજીમહારાજે રાતા કિનખાબનો બુટ્ટાદાર સુરવાળ પેર્યો હતો ને રાતા કિનખાબની ડગલી પેરી હતી. ને માથે ભારે જરિયાની બુરાનપુરી રેંટો ઘણાક મૂલ્યવાળો બાંધ્યો હતો. તેમજ, કમરે કસુંબી શેલું ચોગઠ પાડીને બાંધ્યું હતું. અને એક શેલું લીલા રંગનું ખંભે નાંખ્યું હતું. તેમજ ઘણાં હેમનાં અલંકાર ધાર્યાં હતાં ને ઘણાં પુષ્પનાં અલંકારને શોભાડતા હતા.

અને ઘણાં સંઘનાં મનુષ્ય ને સર્વે સંત ને બ્રહ્મચારી, તે સર્વે તે તો તારામંડળ સમ હતા. ને તેમાં શ્રીજીમહારાજ તે તો સોળે કળાએ યુક્ત જેમ ચંદ્ર શોભે તેમ શોભતા થકા પૂરવ દિશાથી પશ્ચિમ દિશા ઉપર આવે છે. ને તે ગામના અધિકારીની જે અસ્વારી સામૈયે આવે છે, તે પૂરવ દિશા ઉપરથી મહારાજ આવે છે તે સામી ચાલી આવે છે. તે (અધિકારી) મહારાજની સમીપે આવ્યા ત્યારે પોતાના અશ્વેથી હેઠા ઊતરીને મહારાજને સાષ્ટાંગ દંડવત કર્યા.

પછી તેમણે ભણેલ વિપ્ર પાસે શ્રીજીમહારાજની મધુપર્ક આદિક પૂજા વિધિવત્ કરાવી. પછી શ્રીજીમહારાજ તેમને સ્વાગત પૂછીને અને મધુર વચને બોલવે કરીને તેમને ઘણીક પ્રીતિને ઉપજાવતા થકા તેમના પુર પ્રત્યે જાય છે. તે સમે ઘણું અબીલ ને ગુલાલ ઊડે છે. ને ઘણીક

બાઈઓ મંગળ ગીત ગાય છે. તેમ ગાજતે વાજતે હરિજન બળદેવના ઘર પ્રત્યે શ્રીજીમહારાજે ઉતારો કર્યો.

❁ વિસનગરમાં બળદેવ વિપ્રને ઘેર મહારાજની લીલા

મહારાજે ઉતારો કરીને સર્વે વસ્ત્ર ઉતાર્યાં. સુંદર ગૌર શરીર ને ઉદરને વિષે ત્રિવળી પડે છે. પછી એક કાળા છેડાની પછેડી પહેરી. ને પછી એક બાજોઠ ઢાળ્યો હતો, તે ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થયા. પછી પાકા(ઔષધ નાખીને બનાવેલ) તૈલ અત્તર આદિક ચોળીને બ્રહ્મચારીએ નવરાવ્યા. નાહીને એક પીતાંબર પહેર્યું ને એક રાતું પીતાંબર બેવડું ઓઢ્યું. અને ચરણ મધ્યે ચાખડીઓ પહેરીને તેની મેડી ઉપર ચડ્યા. તેનું બારણું આથમણું હતું ને તે મેડી ઉપર એક ગોખ તે આથમણે બારે હતો. તે મધ્યે શુદ્ધ આસન નાંખ્યું હતું. ને સુંદર જળનો મોટો લોટો ભર્યો હતો. ને તે ઉપર ઉપપાત્ર(પીવા માટે નાની લોટી - અબખોરો) સ્વચ્છ જળે ભરીને મૂક્યું હતું. પછી મહારાજની આગળ રૂપાનો થાળ મૂક્યો. પછી ભોજન લાવ્યા. ને તે મહારાજના થાળની રસોઈ બળદેવની માતા(ઉદેકુંવર બાઈ) તેમણે કરી હતી. તે ભોજનનાં નામ શાસ્ત્રી લક્ષ્મીરામે મહારાજને જમતા દીઠા હતા, તેમ સંત ને હરિજનની કૃપાથી લખું છું.

દૂધપાક ને મેંદાની પૂરી તે અતિ કૂણી છે. બિરંજ, હરીસો, સાકરનો શીરો, સાકરના તળેલા લાડુ, મોતીચૂર, જલેબી, ઘેબર, સૂતરફેણી, ગૂંદવડાં(ગુલાબજાંબુ), ગુલાબપાક, સાકરના પેંડા, બરફી, ગળ્યા ને મોળા સાટા, બે પ્રકારના પૂડલા, ઝીણી રોટલીઓ ને (કેરીનો?) રસ આદિક ઘણાંક ભોજન હતાં. અને ઘણાંક શાક, ઘણાંક અથાણાં, ભારે ચોખાના ભાત ને દૂધ ને સાકર પણ હતાં.

પોતે ધીરે ધીરે જમતા જાય છે, વળી વારંવાર જળ પીતા જાય છે. તેમ ભોજનને વખાણતા થકા જમી રહ્યા. પછી પૂગી(સોપારી),

એલચીના દાણા, તજ, લવીંગ, પાન આદિ મુખવાસ જમીને ઘણા રાજી થયા થકા બેઠા. તે બળદેવ ઘણોક ધનાઢ્ય હતો. તેણે મહારાજની પૂજા કરી તેની વિગત, નીલો કિનખાબનો સુરવાળ ને નીલી કિનખાબની ડગલી પહેરાવ્યાં, માથે જરિયાની કસુંબી રેંટો ને કમરે નીલું શેલું બંધાવ્યું. અને ખંભે એક આસમાની રંગનું શેલું નાંખ્યું.

અને હવે હેમનાં અલંકારને લખીએ છીએ : ઉર મધ્યે ઊતરી ને હેમના દોરા; કર મધ્યે કનકનાં વાઘમોરાં કડાં, બાજુબંધ, પોંચી, વેઢ ને વીંટીઓ. અને જમણા ચરણ મધ્યે ભારે એક હેમનો તોડો નાખ્યો હતો. અને ઘણા રૂપિયાનો થાળ ભરીને બળદેવે શ્રીજીમહારાજને અર્પણ કર્યો. પછી કેસર-ચંદનની અર્ચા કરીને ઘણાંક મલ્લિકાદિક તથા ગુલાબાદિકના હાર, તોરા, ગજરા ને બાજુ આદિક પહેરાવ્યાં. પછી હેમના થાળ મધ્યે કપૂરની આરતી ઉતારી. પછી તે ગોખ મધ્યે મહારાજ પૂર્વ મુખે બેઠા.

ત્યારે એક શેલે કરીને પોતે પલાંઠી બાંધી હતી. અને પોતાના મોઢા આગે મુકુંદ બ્રહ્મચારી આદિક ઘણા બ્રહ્મચારી હતા ને ભટ્ટ મયારામ આદિક ઘણા દ્વિજ હરિજન બેઠા હતા. તે સર્વે જમતા હતા. ને વિપ્ર મોતૈયા લાડુને પીરસતા હતા. તેમને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “હવે જમી રહ્યા છે તે ઉપર જે એક મોદક જમે તેને હું એક રૂપિયો આપું. ને હે બ્રહ્મચારીઓ ! તમે એક મોદક જમ્યા ઉપરે જમો, તો આ મારી કોટ મધ્યે ભારે પુષ્પના હાર છે, તે હું તમને આપું ખરો.”

ત્યારે મહારાજે મુકુંદસ્વામીને એમ કહ્યું જે, “હે બ્રહ્મચારી ! તમે એક મોદક લ્યો.” ત્યારે તેમને રસોયાએ પીરસ્યો, તે જમી ગયા. ત્યારે મહારાજે તેમને મોગરાનો એક ભારે હાર આપ્યો. પછી જેરામ બ્રહ્મચારીએ તે રસોયાને કહ્યું જે, “એકવારે મને બે મોદક મૂકો.” ત્યારે તેણે મૂક્યા. તેને જમીને મહારાજને એમ કહ્યું જે, “હે મહારાજ !

મને બે હાર આપો." ત્યારે મહારાજે બે હાર હેઠે મૂક્યા. ત્યારે વિપ્ર બળદેવે તે હાર લાવીને વર્ણી જેરામને પહેરાવ્યા.

તેમજ, શ્રીજીમહારાજે તે બ્રાહ્મણોને પડકારીને એમ કહ્યું, "અરે હે બ્રાહ્મણો ! તમે જમ્યા ઉપર જેટલા મોદક જમો તેટલા રૂપિયા હું તમને આપીશ ખરો." ત્યારે તે સમે જે જે વિપ્ર જમ્યા હતા તેનાં નામ : તો ભટ્ટ શિવરામે એક મોદક જમીને એક રૂપિયો લીધો હતો, વિપ્ર કૃષ્ણજીએ પણ એક રૂપિયો લીધો, ને વિપ્ર પ્રભાશંકરે એક રૂપિયો લીધો, ને વિપ્ર બેચરે પણ એક રૂપિયો લીધો હતો. જ્યારે વિપ્ર વજેરામ સંજાયાવાળે બે મોદક ને બે રૂપિયા લીધા હતા. ને વિપ્ર ભાણા વડથલવાળા મોદક બે જમ્યા હતા ને રૂપિયા બે લીધા હતા. ને શાસ્ત્રી લક્ષ્મીરામ પણ મોદક બે જમ્યો હતો ને શ્રીજીમહારાજે રૂપિયા બે બળદેવ દ્વારા આપ્યા.

તે દ્વિજે તેમ તે સર્વેને આપીને વળી મહારાજે કહ્યું જે, "હવે કોઈ લેશો ?" ત્યારે કોઈ બોલ્યા નહીં. ત્યારે શ્રીજીમહારાજ હસીને બોલ્યા જે, "હવે તો અલં ઈતિ(આટલું બસ). કોક વિપ્ર લોભે કરીને માઉ(ખાવા માટે રાંક) થાય." એમ કહી પછી સર્વે વિપ્રે જમીને ચળુ કર્યું. પછી મહારાજે કહ્યું જે, "એક એક શ્લોક બોલો." તેમ તે બોલી રહ્યા ત્યારે તે ઉપર રાજી થઈને શ્રીજીમહારાજે પોતાના ચરણનો સ્પર્શ કરાવ્યો. અહો ! સભાને વિષે મહારાજની આગળ હરિજનો જમતા, રમતા, હરતા ને ફરતા; વળી તેઓ મહારાજની સાથે બોલતા ને ચાલતા ને મર્મ વચને કરીને હાસ્ય-વિનોદને કરતા; એવા જે મહારાજનાં ચરિત્ર તે લખવામાં ઘણો રાજીપો(આનંદ) આવે છે.

વળી પોતે ચરણ મધ્યે ચાખડીઓ પહેરીને ઘણાક અલંકાર ને વસનને શોભાડતા થકા સંતને જમાડવા તેના ઘરથી પશ્ચિમ દિશા તરફ ચાલ્યા, ને મંદિર આગળ પધાર્યા. ને ત્યાં ઉગમણી ને આથમણી સંતોની પંક્તિઓ કરાવી. અને પોતે સાકરના મોદક ઘણીકવાર પીરસ્યા. પછી

મહારાજને સંતસભા મધ્યે એક ખુરશી નાંખી આપી. તે ઉપર જેમ ઉડુગણ(તારાગણ) મધ્યે જેમ સોળે કળાનો ચંદ્ર કલંકે રહિત શોભે તેમ શોભવા લાગ્યા.

અને જ્યારે સર્વે સંત જમીને ઉતારે ચાલ્યા, ત્યારે કેશવરામ દેસાઈ શ્રીજીમહારાજની પાસે આવીને બેઉ હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! કાલને દિવસે તમે, તમારા સંત ને બ્રહ્મચારી આદિક તમારા સર્વે સંઘને આ ટાણેથી મારું નોતરું છે." ત્યારે તેમને મહારાજે હા પાડી. ને તેઓ તે રસોઈની રચના કરવા લાગ્યા.

અને સંત ને સંઘ સર્વે ને પોતે શ્રીજીમહારાજ તેમને તળાવની હેઠે(પાછળ) સ્વચ્છ જાયગા હતી ત્યાં મહારાજે સહિત સર્વે સંઘને જમાડતા હવા. પછી ત્યાં એક મંચ કરાવ્યો હતો, તે ઉપર શ્રીજીમહારાજે બિરાજીને સભામાં બેઠેલ સર્વે સંઘને દર્શન દીધાં. અને મુક્તાનંદસ્વામી આદિક ગવૈયા સંત, વાજાં વગાડીને કીર્તન બોલ્યા. તે સભાને જોઈને તે ગામના ઘણાક મોટેરા મનુષ્ય બાઈઓ ને ભાઈઓ સભામાં આવ્યાં. ને શ્રીજીમહારાજની મૂર્તિનાં દર્શન કરીને અંત સમે જેમ પોતાનાં દર્શને કરીને તેનો મોક્ષ થાય તેમ તે સભાને કરતા હવા. પછી સંધ્યા સમે ગોડીનાં પદ નાથજી ને ઉમોભાઈ બોલવા લાગ્યા,

ગિરધારી રે સખી ગિરધારી, મારે નિરભે અખૂટ નાણું ગિરધારી.
ખરચ્યું ન ખૂટે એને ચોર ન લૂંટે, દામની પેઠે રે ગાંઠે બાંધ્યું નવ છૂટે;

એ આદિક ઘણાંક ગોડીનાં પદ બોલીને આરતી કરી. પછી પહેલાં શ્રીજીમહારાજ 'રામ કૃષ્ણ ગોવિંદ' આદિક ધૂન બોલતા જાય ને તાળી પાડીને ફરતા જાય ને પાછળથી સર્વે ઝીલતા જાય. આમ સર્વેને સુખ આપતા જાય.


જ્યારે પોતે ધૂન કરી રહ્યા, ત્યારે પોતે સર્વે સંતને નમતા થકા 'જય સચ્ચિદાનંદ' એમ કહ્યું. પછી સર્વે સંત ને સભા તે શ્રીજીમહારાજને

નમ્યાં. પછી તે સમે મહારાજનાં દર્શને ઘણાંક મોટેરા મનુષ્યને લઈને કેશવરામ આવ્યા હતા. તેમણે મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! આ સંતો પાસે વાજાં વગડાવીને કીર્તન બોલાવો." ત્યારે શ્રીજીમહારાજે (સંતોને ગાવાનું) કહ્યું, ત્યારે સંતે વાજાં સ્વરે કર્યાં(તાલ-સૂરમાં મેળવ્યાં). પછી શ્રીજીમહારાજે

ઈન મોહનાને મેરો મન હર લીનો માઈ,
કાન બીચ મોતી સોહે, ચિતવની[1] ચિત મોહે;
રસકો રસીલો છેલો રંગહુસે ભીનો માઈ...ઈન મોહનાને૦

એ આદિક ઘણાંક પદ બોલાવ્યાં.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'સંતદ્રોહી વિસનગરના દીવાને શ્રીહરિનો આદર-સત્કાર કર્યો' એ નામે સત્તરમું પ્રકરણ ॥૧૭॥





૧.ચિંતવતાં

પ્રકરણ - ૧૮

દંભોદ્‌ભવ રાજાના આખ્યાન દ્વારા વિસનગરના દીવાનને ઉપદેશ

પછી મહારાજે તે સર્વે પ્રત્યે એક વાત કરી જે, "પૂર્વે એક દંભોદ્‌ભવ રાજા હતો, તેનું આખ્યાન ભારતના મોક્ષ ધર્મને વિષે છે, તે લ્યો તમને કહી દેખાડીએ. તે રાજા મેરુની તળેટી મધ્યે રહેતો હતો ને એમ કહેતો હતો જે, "હા રે ! કોઈ મારી સાથે લડે તેવો છે ?" તેમ કરતાં તેને નારદજી મળ્યા. ત્યારે નારદજીએ તે રાજાને એમ કહ્યું જે, "તને હું તારાથી એક બળિયો બતાવું ત્યાં તું જા તો ખરો ! તારા મદને ઉતારે એવા બે જણ નર ને નારાયણ તે ગંધમાદન[૧] પર્વત મધ્યે તપને કરે છે, તે તારા મદને ઉતારશે ખરા !" ત્યારે તે તો પોતાનું ઘણુંક સૈન્ય લઈને તે ગંધમાદન પર્વત પ્રત્યે આવ્યો. ને ત્યાં આવીને ઘણાક દુંદુભિના નાદ ને ભેરીના નાદ ને સિંધુ રાગઃ ***સુભટ મન ચાહું.***

ત્યારે નારાયણમુનિ ધ્યાન મધ્યે બેઠા હતા, અને નર પોતે નારાયણની સેવા કરતા હતા. એટલાક મધ્યે એવું જે કુતૂહલ જોઈને તે પ્રત્યે નરે એમ કહ્યું જે, "હે નરેશ ! તું કોણ છે ? તારું નામ શું છે ? તારું આવવાનું શું પ્રયોજન છે ? તે તું મને કહે."

ત્યારે તે નરેશ બોલ્યો જે, "મારું નામ તો દંભોદ્‌ભવ વિખ્યાત છે. મારી સાથે કોઈ યુદ્ધ કરે, તેવો હું ગોતતો હતો. એટલાકમાં મને નારદમુનિ મળ્યા, તેમણે મને એમ કહ્યું જે, 'ગંધમાદન પર્વત મધ્યે નરનારાયણ રહે છે, તે તને યુદ્ધ દેશે ખરા.' તે સારુ હું આ સ્થળ પ્રત્યે આવ્યો છું." ત્યારે તેને નરે એમ કહ્યું જે, "તું બે ઘડી વિશ્રામ કર, પછી જેમ નારાયણનો હુકમ હશે તેમ જ થાશે." ત્યારે તે દુઃખે કરીને આકુળવ્યાકુળ થયો થકો ને તમોગુણ ને દંભ તેણે કરી આંધળો થયો થકો મોટાના પ્રતાપને જાણતો નથી.

૧.હિમાલયમાં બદરિકાશ્રમ પાસેનો એક પર્વત

એટલાક મધ્યે સર્વે લોકના નિયંતા ને ઘણા સમર્થ એવા જે નારાયણ તે જાગ્યા. ત્યારે પોતે નર પ્રત્યે પૂછ્યું જે, “આ કોણ છે ? નરેશનું મોટું સૈન્ય છે ને આ સ્થાનકને વિષે શા સારુ આવ્યો છે ?” ત્યારે નરે સર્વે વૃત્તાંત કહી દેખાડ્યું. ત્યારે નારાયણે તે નરેશને એમ કહ્યું જે, “તારી સર્વે સામર્થી લઈ તારાં જે હથિયાર જે શસ્ત્ર ને અસ્ત્ર લઈને હાલ અમારી સાથે તું યુદ્ધ કરવાને આવ.”

ત્યારે તેણે ઘણાંક ઝુંઝારું(યુદ્ધમાં વગાડવામાં આવે તેવાં) વાજાં વગાડીને ઘણાંક મહારથી[1] ને અગણિત શસ્ત્ર-અસ્ત્ર જે બાણ ને તોમર ને અસિ ને ફરસી ને પરિઘ ને શક્તિ આદિકને (નરનારાયણ ઉપર) નાખ્યાં. તે સર્વે શસ્ત્ર-અસ્ત્ર તૃણવત થઈને નરનારાયણના આશ્રમને ફરતી વાડ થઈ ગઈ, પણ નરનારાયણ પાસે આવ્યાં નહીં. તેવું યોગેશ્વર્ય દેખાડ્યું. પછી તેની પાસે જેટલાં હથિયાર હતાં, તે સર્વે નાંખીને(વાપરીને) હથિયાર રહિત થઈને ઊભો રહ્યો. ત્યારે તેને નારાયણમુનિએ પડકાર્યો ને પછી એમ કહ્યું જે, “હે દંભી, તું ખબડદાર થાજે.” એમ કહીને પોતે નારાયણમુનિએ ઘણોક મોટો જે ગંધમાદન પર્વત હતો, તે સમગ્ર ઉપાડ્યો. ત્યારે તે રાજાએ એમ જાણ્યું જે, “મને મારા સૈન્ય સહિત હમણાં જ ચૂર્ણ કરી નાંખશે.” પછી પોતાનો દંભ તત્કાળ ત્યાગી દઈને નારાયણમુનિને તત્કાળ નમીને એમ બોલ્યો જે, “હે મહારાજ ! હે પ્રભો ! તમે મારી રક્ષા કરવાને યોગ્ય છો ને મારો અપરાધ ક્ષમા કરો, ક્ષમા કરો.” એમ કહીને દશને(દાંતથી) તૃણ ગ્રહીને શ્રીનારાયણ ને નરના ચરણમાં પડતો હવો. ને તત્કાળ દંભ મેલીને અદંભોદ્ભવ થઈને પોતાના આશ્રમ પ્રત્યે ગયો.

તેના(તે ભગવાનના) જ આ સર્વે સંત છે; એમ સર્વે વાત તે શ્રીજીમહારાજે તે મહા અભિમાની એવો જે દેસાઈ તે પ્રત્યે કહી

૧.દશ હજાર યોદ્ધાઓ સામે એકલો લડી શકે એવો પરાક્રમી લડવૈયો

દેખાડી. તેનો જે જન દ્રોહ કરે તેનું આ લોકમાં ને પરલોકમાં સારું ન થાય. તે સારુ જેને આ ભરતખંડ મધ્યે મનુષ્યનો દેહ આવ્યો છે, તેણે આવા સંતનો આશરો કરીને તેને નમતા ને ભજતા રહેવું જોઈએ. તેથી પોતાના આત્માનું કલ્યાણ થાય છે. તેમ શ્રીજીમહારાજે ઘણી વાર્તા કરી. ને પોઢી ગયા.

પછી બીજે દિવસે પ્રભાતે વહેલા ઊઠીને સર્વે ક્રિયા કરીને પૂજાવિધિને કરતા હવા. ને પછી ભારે વસ્ત્ર પહેરીને પોતે મંચ ઉપર બિરાજમાન થયા. પછી સંત ઘણાં કીર્તન બોલ્યા. પછી શ્રીજીમહારાજનો થાળ તૈયાર થયો, ત્યારે બ્રહ્મચારી મહારાજને બોલાવવા આવ્યા. તેમણે મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! તમારો થાળ તૈયાર થયો છે, તે તમે જમવા પધારો. તમે જમશો ત્યારે વળતી(ત્યાર પછીથી) સંત ને સંઘ જમશે. વળી આજ તો દેસાઈની રસોઈ છે, તે તમારે સંતને પીરસવું જોઈશે." એમ તેમની વાત સાંભળીને મહારાજ મંદમંદ હસતા થકા જમવા પધાર્યા.

પછી તે કેશવરામને ઘેર તેની બહેન, તે બલદેવની માતા, તે મોટાં હરિજન હતાં, તેમણે મહારાજનો ભારે થાળ કર્યો. તે થાળ લેહ્ય, ચોસ્ય, ભક્ષ્ય ને ભોજ્ય એવાં ભોજનનો હતો, તે થાળ શ્રીજીમહારાજ રાજી થઈને જમ્યા; માટે તે હરિભક્ત મોટાં છે. પછી જમી રહ્યા ત્યારે મુખવાસમાં પાનબીડી આદિક જમ્યા.

પછી દેસાઈ એ મહારાજની ષોડશોપચારે પૂજા કરવા લાગ્યો. તે ઘણાંક વસન ને હેમના અલંકાર ને ઘણાંક પુષ્પના અલંકાર શ્રીજીમહારાજને પહેરાવીને, હેમના થાળમાં લાવેલ કેસર ને ચંદન ને અક્ષત ને કુંકુમે કરીને વિધિવત્ મહારાજની પૂજા કરતો હતો. ને ઘણા વિપ્ર મંત્રપુષ્પાંજલી બોલતા હતા. ને ઘણી બાઈઓ મંગલ ગીતને ગાતી હતી. ને તેમ પૂજા કરીને પછી હેમના થાળ મધ્યે આરતી ઉતારી. પછી

તેણે મોરે સંત ને હરિજનનો દ્રોહ કર્યો હતો, તેને ક્ષમાને કરાવતો હવો. પછી તેની ઉપર શ્રીજીમહારાજે રાજી થઈને પુષ્પના હાર આપ્યા.

પછી સંતને જમાડવાને પધાર્યા. તે શ્રીજીમહારાજ સંત અને સંઘની પંક્તિ મધ્યે વારંવાર ફરીને સાકરના મોદક પીરસીને જમાડતા હતા. પછી સંતપંક્તિ મધ્યે મહારાજને એક ખુરસી નાંખી આપી, તે ઉપર બિરાજમાન થયા. પછી તે દેસાઈએ સર્વે સંતની કેશર, ચંદન ને પુષ્પના હારે કરીને પૂજા કરી. ને સર્વે સંતને નમીને પોતે પેલા અપરાધ કર્યો હતો, તેને ક્ષમા કરાવી.

ત્યારે તેની નમ્રતા જોઈને શ્રીજીમહારાજ ને સંતમંડળ તેની ઉપર ઘણાં રાજી થયાં. પછી મહારાજે જ્યારે ચાલવાની રજા માંગી ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! તમે પાંચ દિવસ રહો." ત્યારે મહારાજે એમ કહ્યું જે, "અમો તો ચાલશું." એમ કહીને ચાલ્યા ત્યારે તે દેસાઈ ઘણી અસ્વારી લઈને મહારાજને સીમાડા સુધી વળાવવા આવ્યો હતો.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'દંભોદ્‌ભવ રાજાના આખ્યાન દ્વારા વિસનગરના દીવાનને ઉપદેશ' એ નામે અઢારમું પ્રકરણ ॥૧૮॥



પ્રકરણ - ૧૯

વડનગરમાં ગાંધર્વો અને નંદસંતો પાસે ગાન કરાવ્યું

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ ગામ **વડનગરને** વિષે પધાર્યા. ત્યારે વિપ્ર ઉજમ આદિક ત્યાંના હરિજન ઘણાંક વાજાં લઈને શ્રીજીમહારાજની સામા સામૈયે આવીને ગાજતે-વાજતે તે શહેર મધ્યે શ્રીજીમહારાજને પધરાવ્યા.

પછી મહારાજનો થાળ નિર્ગુણાનંદસ્વામી અને વૈષ્ણવાનંદજીએ કર્યો હતો, તેને પોતે જમતા હતા. જમી રહ્યા કેડે ત્યાંના હરિજને મહારાજની પૂજા કરી. તે વસન ને અલંકાર ને કેશર ને ચંદન ને પુષ્પના હારમાં મહારાજને ગરકાવ કર્યા હતા. પછી સંતની રસોઈ વિપ્રે કરી હતી ત્યાં પધાર્યા. ને પછી મોદકને ફેરવતાં થકા સંત ને સંઘના મનુષ્યને જમાડીને, પછી ગામની બહાર એક સરોવર હતું, ત્યાં સર્વે સંઘ સહિત ઉતારો કર્યો.

પછી ત્યાં એક મહાદેવનું મંદિર આથમણે બારે હતું. તે મધ્યે આસન નાંખ્યું હતું, તે ઉપર પોતે બિરાજમાન થયા. એટલાકમાં તો ઘણા કળાવંત ગાંધર્વ પોતપોતાનાં વાજાં લઈને આવ્યા, તે મધ્યે એક ગાંધર્વ ગાન-તાનમાં ઘણો ડાહ્યો ને વળી હરિભક્ત હતો, તેનું નામ તે સદારામ હતું, તે સમે સર્વે ગાંધર્વો પ્રત્યે તે એમ બોલ્યો જે, **“હે સર્વે ગાંધર્વો ! તમારાં મોટાં ભાગ્ય જે તમારે શ્રીજીમહારાજનાં દર્શન થયાં. ને તમે તમારા કસબે કરીને મહારાજ આગળ ગાઈ દેખાડો, તેણે કરીને તમારો મોક્ષ થાશે; એવા આ મહારાજ ને સંત છે.”**

તે સર્વે ગાંધર્વો ત્યારે મહારાજ અને સર્વે સંતને નમસ્કાર કરીને ઊભા હતા. ત્યારે શ્રીજીમહારાજે તેમના માટે જાજમ બિછાવી દેવરાવી. ત્યારે સર્વે તેની ઉપર બેઠા. ત્યારે મહારાજે સદારામને એમ કહ્યું જે, “તમે ચોતાલનાં(સંગીતના એક પ્રકારના તાલનાં) પદ વાજાંના

સ્વરે કરીને બોલો. ને જેટલી તમારી જ્ઞાનવિદ્યા હોય તે અમને ગાઈ દેખાડો." ત્યારે તે એમ બોલ્યો જે, **"હે મહારાજ ! તમે તો સર્વે વિદ્યાના પતિ છો. ને તમે તો ચૌદ વિદ્યા ને બોતેર કળાના પતિ છો ને તમે તો સર્વજ્ઞ છો."** એમ કહીને પછી પોતાના સર્વે વાજાંના સ્વરે કરીને શ્રીજીમહારાજની આગે મુદને પામીને ગાવતા હતા.

❁ લક્ષ્મીરામ શાસ્ત્રીએ મુખથી ઘૂઘરા વગાડ્યા

પ્રથમ તો ઘૂઘરી ચાલને તે સર્વે જન લે છે. પછી સરોદા ને છતાર(સિતાર) ને શ્રીમંડળ(એક જાતનું તંતુ વાદ્ય) ને તંબૂરા ને દોકડાદિક ઘણાં વાજાં વાગે છે. તેથી ધૂર્જટિના મંદિર મધ્યે ઘોર થાય છે. તે સમે શ્રીજીમહારાજે રાજી થઈને નેત્રની સાને કરીને સંકેત કરીને શાસ્ત્રી લક્ષ્મીરામને એમ કહ્યું જે,'તું તારે મુખે કરીને તે ભેગો ઘૂઘરા વગાડ.' ત્યારે જેમ તેને આવડતું હતું, તેમ તે વગાડતો હતો. તેના ઘણાક છમછમાટના શબ્દોને સાંભળીને તે સર્વે ગાંધર્વોનાં ચિત્ત ચકિત થઈ ગયાં. ને ઊંચા ને વળી નીચા થઈને જુવે છે, પણ કોઈ ઘૂઘરાના વગાડનારાને કોઈના પગે તથા કોઈના હાથ મધ્યે બાંધેલી ઘૂઘરીઓને દેખતા નથી. ને જેમ તેમનાં વાજાં વાગે છે, તેમ તે વગાડતો હતો. જેવી ચાલ વગાડે છે, તેમ જ તે ઘૂઘરા વગાડે છે.

ત્યારે તે સદારામે મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! આ તે ઘૂઘરા ક્યાં વાગે છે ?" ત્યારે મહારાજે તેને કહ્યું જે, "તમે સર્વે દેખો તો ખરા ! કે તે ક્યાં વાગે છે ?" તેણે ઘણીવાર સુધી જોયું તો ક્યાંય ન દેખાયા. ત્યારે શ્રીજીમહારાજે તેને દેખાડ્યું જે, આ તો આ બ્રાહ્મણ વગાડે છે. એવી રોનક શ્રીજીમહારાજે કરાવી હતી. તે (હું) શાસ્ત્રી લક્ષ્મીરામ લખું છું. અરે ! ધન્ય મારાં ભાગ્ય ! જે મારી ઉપર મહારાજ રાજી થયા હતા. ક્યાં હું આ જીવ ને અહો ક્યાં ભગવાન ! જેમની સાથે તેઓ બોલતા ને ચાલતા, તે સર્વેનાં મોટાં ભાગ્ય જાણવાં.

પછી તેમણે ઘણીકવાર સુધી પદ ગાયાં. ત્યારે મહારાજ તેમને પુષ્પના હાર આદિક ઘણીક મોજને આપતાં થકા બિરાજતા હતા. તે મહાદેવનું નામ હાટકેશ્વર મહાદેવ હતું, તે સર્વેના ગુરુના(બ્રાહ્મણોના) ઈષ્ટદેવ છે. તેને(તે મંદિરના શિવલિંગ માટે) મહારાજે એક શત રૂપિયાનો ભુજંગ કરાવી આપ્યો હતો.

પછી સર્વે ગાંધર્વ એમ બોલ્યા જે, “હે મહારાજ ! તમારા સંત જે મુક્તાનંદસ્વામી આદિક ઘણાક ગવૈયા સંત છે, તેમની પાસે તમે ચોતાલ કીર્તન બોલાવો.” ત્યારે તે ગવૈયા સંતોને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “તમારાં સર્વે વાજાં લઈને તમારા કાવ્યના ચોતાલ આદિક તિલાણાના[૧] પદ બોલો. જે પદોથી ભગવાન રાજી થાય તેવાં પદ બોલો.”

ત્યારે તેમણે તેમનાં વાજાં સ્વરે કર્યાં, તે મુક્તાનંદજીએ સરોદો સજ્જ કર્યો, ને દેવાનંદજીએ સરોદો, ને સુખાનંદે સતાર, ને જ્ઞાનાનંદજીએ સરોદો, ને પ્રેમાનંદજીએ દુકડ, ને હરિયાનંદજીએ મંજિરાં, ને આધારાનંદજીએ સતાર, ને બ્રહ્માનંદસ્વામીએ પણ સતાર તૈયાર કર્યો, ને શાસ્ત્રી લક્ષ્મીરામ મુખે ઘૂઘરા વગાડતો હતો.

સર્વે પોતપોતાના હાથમાં વાજાં લઈને શ્રીજીમહારાજ સામા બેઠા. ને પ્રથમ મુક્તાનંદસ્વામી આ ચાલ્યને વગાડતા હતા જે, ‘***સ્વામિનારાયણ નારાયણ નારાયણ સ્વામિનારાયણ સ્વામી***’ ને વળી બીજી ચાલ્ય જે, ‘***તુઈ રામ સુઈ તું તું રે રામ તુઈ***’ એ ચાલ્ય ને બીજી ચાલ્ય જે, ‘***રાધે રાધે ગોવિંદા, રાધે રાધે ગાવિંદા, ભજ રાધે રાધે ગોવિંદા***’ એ આદિક ઘણી ચાલોને વગાડી હતી, તે તો ન ભૂતો ન ભવિષ્યતિ. કેમ જે, તેવે સમે મહારાજ જેવા સાંભળનારા હતા ને તેવા જ ગાનારા સંત હતા.

૧.ચોતાલ અને તિલાણો સંગીતના રાગ છે.

પછી પ્રથમથી સંત આ સાખીએ રાગ આલાપ કરતા હતા જે,

'મોર મુગટ કટી કાચની[૧], કર મોરલી વનમાલ.
બાનકમાં[૨] મન સદા વસો વિહારીલાલ'

એમ સાખી કહીને આ પદને બોલતા હતા.

આલી હું તો માનકર આલી, હું તો માનકર,
પછતાની કબહું મિલેંગે મનભાવન...આલી૦
વેજુસ[૩] મનવતહું નહીં માનત,
અબ જુ લાગ્યો હે વિરહ સતાવન...આલી૦

એ આદિક ઘણાં પદ બોલાવ્યાં હતાં. પછી મહારાજે કહ્યું જે, "હવે રાખો."

પછી વળી તે સમે ગાનકળામાં ઘણા વિચક્ષણ એવા તે ગાંધર્વ સદારામ હરિજનને પૂછ્યું જે, "સર્વે સંતમાં કોણ કળાવંત ગાન મધ્યે ખબડદાર છે ?" ત્યારે તેણે એમ કહ્યું હતું જે, "હે મહારાજ ! સર્વે સંત તો ઠીક છે, પણ આ દેવાનંદ તો આદિ(સર્વથી શ્રેષ્ઠ; પ્રથમ કક્ષાના) ગાનારા છે." ત્યારે મહારાજે મંદમંદ હસીને તેને એમ કહ્યું જે, "તમે કહો છો તેમ તે છે." પછી તેને મહારાજે ઘણાક રૂપિયા દીધા. ને એમ કહ્યું જે, "તમે વડતાલે આવીને બે માસ ત્યાં રહીને, આ પ્રેમાનંદસ્વામી આદિકને ગાન-તાન ને સ્વર આદિક શીખવાડજો." ત્યારે તેણે એમ કહ્યું જે, "તથાસ્તુ." એમ કહીને તે ગયા.


પછી આરતી ને ધૂનની વેળા થઈ ત્યારે પ્રથમ મહારાજ ધૂન બોલતા હતા, ને વાંસે સૌ ઝીલતા હતા. ને પછી ધૂન કરી સર્વે જન મહારાજને નમસ્કાર કરતાં હતાં. ને પછી ઘણીવાર સુધી વાર્તા કરીને પોતે પોઢી ગયા. અને પ્રભાતે ઊઠીને પોતે દંતધાવન કર્યું. ને પછી નાહ્યા ને પૂજાવિધિ કરી. ને તે દિવસે તે ગામના સર્વે હરિજનની રસોઈ

૧.આભલાં જડેલ કંદોરાથી શોભતી ૨.વેશ અને શણગારમાં ૩.પ્રેમઘેલા કનૈયાને

હતી. ને પોતાનો થાળ આનંદસ્વામીએ કર્યો હતો, તે પોતે જમતા હતા. પછી જમી રહ્યા ત્યારે ત્યાંના વિપ્ર ઉજમે મહારાજ પ્રત્યે એમ કહ્યું જે, “હે મહારાજ ! સંત ને આ સંઘને વાસ્તે રસોઈ તૈયાર થઈ છે, તે તમે પીરસવા પધારો.” ત્યારે મહારાજ પીરસવા પધાર્યા. ત્યાં સાકરના મોદક કર્યા હતા. તે સંતોને ધર્મશાળા મધ્યે બેસાડીને પોતે પીરસીને જમાડ્યા.

પછી તે સમે ત્યાંના ઘણા હરિજને મહારાજની ષોડશોપચારે પૂજા કરી. ને પછી સર્વે હરિજને મહારાજની ઘણાં વસ્ત્ર ને અલંકાર ને મીઠાઈ ને મેવાદિક ઘણાક પદાર્થે કરીને પૂજા કરી. પછી મહારાજ રજા માગીને ચાલવાનું કરતા હતા. ઈતિ શ્રીવડનગરનું આખ્યાન સમાપ્ત થયું.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે ‘વડનગરમાં ગાંધર્વો અને નંદ સંતો પાસે ગાન કરાવ્યું’ એ નામે ઓગણીસમું પ્રકરણ ॥૧૯॥





વડનગરમાં ગાંધર્વો અને નંદ સંતો પાસે ગાન કરાવ્યું.

પ્રકરણ - ૨૦

પાનસરમાં ઘમંડી બાવાની દુર્દશા અને વિકટ માર્ગમાં મુક્તાનંદસ્વામીની સંભાળ લીધી

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ ગામ **શ્રીપાનસરની** ભાગોળે નીકળ્યા હતા. તે સમે એક બાવો અસુરાંશી ને ઘણોક માની ને વળી અવિવેકનો ભંડાર હતો. તેણે પોતાના હાથ મધ્યે મોટો ચીપિયો લીધો હતો, ને પોતાને મોઢેથી ગાળો બોલતો આવ્યો. ને ઘણાક સંત ને ઘણાક હરિજનને સામી ગાળો દઈને એમ બોલ્યો જે, "આ પંથકો ચલાવનેવાલા કોણ હે ? ઈનકું અમારે દેખના હે." એમ કરતાં તે સદ્‌ગુરુની ગાડી નીકળી ત્યારે પોતે આડો ઊભો રહીને એમ બોલતો હતો જે, "આ પંથકો ચલાવનેવાલે તુમ હો ?"

ત્યારે તેને બ્રહ્માનંદસ્વામીએ એમ કહ્યું જે, "અરે બાવા, અમે તો પંથના ચલાવનાર નથી. અમને તું શીદ રોકે છે ? ને જેણે પંથ ચલાવ્યો છે, તેના તો અમે ચેલા છીએ. ને જેણે આ પંથ ચલાવ્યો છે તેને લે હું તને દેખાડું." પછી વાંસે થોડેક છેટે મહારાજની ઘણીક અસવારી આવતી હતી, ત્યારે તેને અસવારી બતાવતાં બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "અતિ ભારે જરકસી વસન પહેર્યાં છે ને વળી ભારે રોઝે ઘોડે ચડ્યા છે, તે જ પંથના ચલાવનારા છે ને સર્વેના મોટેરા છે. આંહીંથી તું ત્યાં જા, તને ત્યાં રૂડો ઉત્તર મળશે ખરો." ત્યારે તે તો મદોન્મત હતો, તેણે સ્વામીની ગાડીના બળદની નાથ ઝાલી હતી, તે તત્કાળ મૂકીને શીઘ્ર દોડ્યો. ત્યારે તે ગામના લોકોએ વાર્યો, તોપણ માન્યો નહીં ને તત્કાળ તે શ્રીજીમહારાજની સમીપે ગયો.

ને ત્યાં જઈને મહારાજનો જે અશ્વ હતો તેની લગામ પકડીને બોલ્યો જે, "ક્યું બે તુમને પંથ ચલાયા હે ?" ત્યારે મહારાજ મંદમંદ હસતા થકા એમ બોલ્યા જે, "ક્યા હે ? પંથ તો હમને ચલાયા હે,

તેરા હમને ક્યા લિયા હે ?” ત્યારે તે ઘણાક અવિવેકી ને દુર્વચનને બોલ્યો. એટલાક મધ્યે ઘણાક દ્વાલીબંધ ને ઘણાક અસ્વારે આવીને તેને ધમકાવ્યો, ને તેને માથે ઘણાક મોટા કેશની જટા હતી, તેને તાણવા લાગ્યા. તેમને મહારાજે વાર્યા ને હાં... હાં... શબ્દને કર્યા. પણ તે બાવો તો કેશે રહિત થઈ ગયો.

પછી તે ગામના સર્વે લોકે મહારાજ પ્રત્યે એમ કહ્યું જે, “હે મહારાજ ! તે બાવો તો એમ જ માગતો હતો. તેને તો બાપા ! તેવું જ મળ્યું છે, તે ઠીક જ છે.” પછી સર્વે મનુષ્ય મહારાજનાં દર્શન કરીને પોતપોતાના ભુવને ગયાં. ને તે દૈતાંશી(દૈત્યનો અંશ) તો પોતાના કેશ લુંચન કરાવીને(ખેંચાવડાવીને) વિરૂપ થઈને ગયો.

પછી તેને જોઈને શ્રીજીમહારાજ ‘રામ...રામ...’ કહીને ઘણુંક હસતાં થકા, પંથે ચાલતાં થકા મૂર્ખની વાતનો ઈતિહાસ કહેતા હતા જે, “એક પૂરબિયો મોટેરુ માણસ હતો ને તે વહેવારે દૂબળો હતો. તેનો ચાકર અતિ મૂર્ખ હતો. ને તે પૂરબિયાની નાત મધ્યે બેસવા જાય, ત્યારે તે ડાયરા મધ્યે પોતપોતાના ચાકર હોય, તે પાનની બીડી પોતપોતાના જમાદારને આપે. ત્યારે તે દૂર્બળ પૂરબિયે તેના ચાકરને પાંચ પૈસા આપીને એમ કહ્યું જે, ‘તું પાન-સોપારી લાવજે.’

ત્યારે તેના મૂર્ખ ચાકરે મનમાં એવો વિચાર કર્યો જે, ‘તેને તો બે દિવસથી અન્ન નથી મળ્યું, તો હું આટો લઈને તેની બાટી બનાવીને રૂમાલ મધ્યે વીંટીને જાઉં.’ પછી તે પ્રમાણે તે ડાયરા મધ્યે ગયો.’ ત્યારે સર્વેના ચાકર પોતપોતાના ધણીને પાનબીડી આપતા હતા. તારે તે અવિવેકી ચાકરનો જે ધણી હતો, તેણે જ્યારે હાથને કાઢ્યો, ત્યારે તેણે તે ડાયરા વચ્ચે રૂમાલ મધ્યેથી બાટી કાઢીને તેને આપી. ત્યારે તેણે એમ કહ્યું જે, ‘યે ક્યા દેતા હે ?’ ત્યારે તે મૂર્ખ એમ બોલ્યો જે, ‘લેને ખાને, તીન દિવસકા ભૂખે હે, ને ક્યા તુમ પાન ખાઓગે ?’

તેમ તેનું સર્વે નાત વચ્ચે ભૂંડું દેખાડ્યું. મૂરખ એવા હોય.” તે સમે શ્રીજીમહારાજ મૂર્ખ મનુષ્યની વાર્તા કહી દેખાડતા હતા, તેવો જ તે બાવો હતો. એ આદિક ઘણીક વાત તે સમે કરી હતી.

એક દિવસને સમે શ્રીજીમહારાજ ગામ શ્રીદુર્ગપુરને વિષે બિરાજમાન હતા. તે સમે મુક્તાનંદસ્વામીનું સંતમંડળ પોતાના જનના અને સર્વે મુમુક્ષુજનનાં પાપ નાશ કરવા માટે ભગવાનની વાર્તા કરીને ઘણાંક જીવને મહારાજના સ્વરૂપનું ઘણુંક જ્ઞાન કરાવતાં થકા સોરઠ દેશ પ્રત્યે ફરીને પાછા દુર્ગપુરે આવ્યાનો મનસૂબો કરીને આવતા હતા. એટલાકમાં મોરેથી બે પાળાએ મહારાજ આગે આવીને કહ્યું જે, “હે મહારાજ ! મુક્તાનંદસ્વામી આવે છે, તે સારુ અમે મોરથી તમને ખબર કરવાને આવ્યા” ત્યારે મહારાજે તેમને કહ્યું જે, “કેટલા ગાઉ વાંસે છે ?” ત્યારે તેમણે કહ્યું જે, “વીશ ગાઉ વાંસે મેલ્યા(રહ્યા) છે.”

એમ તેમની વાણી સાંભળીને મુક્તાનંદસ્વામીના મારગમાં મહારાજનો, સંતોનો ને ઉત્તમ નરેશ આદિકનો ને સર્વે સત્સંગનો દ્રોહી ને શત્રુ એવા આતતાઈનો દેશ ને તેના ગામ આવતા હતા, તે સારુ મહારાજ તે સમે એમ બોલતા હતા જે, “અરે ભાઈઓ ! તે આપણા શત્રુ રખે કાંઈક કપટ કરીને સ્વામી ઉપર ઘાત કરે તો આપણે તો બહુ હાણ્ય થાય.

ને મુક્તાનંદસ્વામી તો કેવા છે ? તો સર્વે સત્સંગની મરજાદાને પળાવનારા છે. ને વળી સત્સંગના આત્મારૂપ છે ને અમારા ગુરુરૂપ છે. ને તે સંત અમને ઘણા પ્રિય છે, તે સારુ તેમને આ ટાણે કોઈકે સામા જઈને, તે શત્રુના દેશથી ફેરવીને સુગમ માર્ગેથી લાવવા, તે શીઘ્ર જાવું. ને વળી આપણા પાળાએ શસ્ત્રબંધ વિના તેના દેશને ભેદીને જાવું. ને જો આપણા મનુષ્ય શસ્ત્રબંધ જાય તો તે સાથે લડાઈ થાય, તે સારુ વિપ્ર તથા હથિયારે રહિત ભિક્ષુ જેવા થઈને આ નિશા મધ્યે તેડી

લાવે. તે સારુ આ ટાણે ને આ ટાણે કોઈ જઈને તેના પ્રગણા બારેથી ફેરવી, બીજા સુગમ મારગે કરીને તેડી લાવે એવો કોઈ આદમી છે ?”

ત્યારે તે ટાણે ત્યાં વિપ્ર લક્ષ્મીરામ બેઠો હતો, તે હાથ જોડીને એમ બોલ્યો જે, “હે મહારાજ ! તમે કહો તો હું જાઉં ખરો.” તે સમે રાત્રી આસરે ડોઢ-બે પહોર ગઈ હતી ને મંદમંદ મેઘ વરસતો હતો. અને નિશા ઘણી અંધિયારી હતી. ને વિદ્યુતના(વીજળીના) પ્રકાશથી જ દરેક વસ્તુ દેખ્યામાં આવે તેવું અંધારું હતું. તે સમે શ્રીજીમહારાજ પલંગ ઉપર પોઢ્યા હતા. ને પોતે એમ બોલતા હતા જે, “એ કોણ બોલે છે ?” ત્યારે મોટા બ્રહ્મચારીએ એમ કહ્યું જે, “હે મહારાજ ! એ તો લખીરામ બોલે છે.”

ત્યારે શ્રીજીમહારાજે ઘણુંક રાજી થઈને તેને એમ કહ્યું જે, “તું આ ટાણે એકલો જાઈશ ખરો ?” ત્યારે તેણે એમ કહ્યું જે, “હે મહારાજ ! કોઈ બીજો આદમી હોય તો ઠીક પડે.” ત્યારે મહારાજે હસીને તેને એમ કહ્યું જે, “તને એકલા ચાલતાં કાંઈ બીક લાગે ખરી ?” ત્યારે તેણે એમ કહ્યું જે, “હા મહારાજ, બીક તો લાગે ખરી.” ત્યારે મહારાજે તેને એમ કહ્યું જે, “તારા ભેગો તારા જેવો કોઈ તારો જોડિયો છે ?” ત્યારે તેણે એમ કહ્યું જે, “હે મહારાજ ! એવો તો એક લાલજી ગોર છે. તે આ ટાણે આવશે ખરો ?” ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, “તું તેને એમ કહેજે કે, ‘તુને મહારાજ તેડાવે છે.’ તેથી તે આવશે.”

ત્યારે લક્ષ્મીરામ ત્યાં જઈને તેને તેડીને શ્રીજીમહારાજની સમીપે આવ્યા. ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “તમે આ ટાણે શીઘ્ર ચાલો.” એમ કહીને પોતાના ઉભય ચરણકમળ તે બેઉ જણની છાતી મધ્યે આપીને વળી એમ કહ્યું જે, “તમે મુક્તાનંદસ્વામીને સુગમ માર્ગે કરીને તેડી લાવજો, તેથી તમ ઉપર અમે રાજી થાશું.” પછી તેઓ ચાલતા થયા, એટલાકમાં કોઈએ કહ્યું જે, “કાંઈક હથિયાર રાખો.”

ત્યારે શ્રીજીમહારાજે તેમને એમ કહ્યું જે, "શસ્ત્ર કોઈએ નો લેવું. ને આ રાત્રીને વિષે પાણા રાખજો. ને કોઈ મળે તો હિંદુસ્થાની બોલી બોલીને પાણા સન સનાવજો." તેમ કહીને વિદાય કરાવ્યા, તે ચાલ્યા. ને તેમ ચાલ્યા જાતાં મહાઘોર રાત્રી મધ્યે માર્ગને ભૂલી ગયા. ને તે સમે મૂંઝાણા. તેથી મહારાજની સ્મૃતિને કરતા ચાલતા હતા.

એટલાક મધ્યે એક ખેડુનું ગામ આવ્યું, ને તેવે સમે તે ખેડુ તેના ખેતરને સાચવવા સારુ મારગ મધ્યે સૂતો હતો, ને નિદ્રા મધ્યે ઊંઘી ગયો હતો. એટલાક મધ્યે તે મહારાજના અનુચર ચાલ્યા જાય છે, તે તેના ઉપરે પડ્યા. કેમ જે, રાત્રી ઘણી અંધારી હતી. પછી તે તો ઘણા ભયને પામીને બોલ્યો જે, "તમે કોણ છો ?" ત્યારે તેમણે એમ કહ્યું જે, "અમે વિપ્ર છીએ ને માર્ગ ભૂલી ગયા છીએ, તે તું અમને સીધો માર્ગ બતાવ." ત્યારે તેણે માર્ગ બતાવ્યો.

તે ચાલતે ચાલતે તત્કાળ સ્વામીની ભેગા થયા ને તેમને દંડવત કર્યા. તેમને ઓળખીને મહારાજ પાસેથી આવ્યા છે, ને વળી મહારાજે તેમને મોકલ્યા છે, તેવું માતમ જાણીને સ્વામી પોતે રથ ઉપરથી ઊતરીને ઘણાક રાજી થઈને મળ્યા. ને વળી રાજી થઈને શ્રીજીમહારાજની શુભ ખબર પૂછી જે, "કેમ જમે છે ? ને હે વિપ્રો ! કેવાં વસ્ત્ર શ્રીજીમહારાજ પહેરે છે ને કેવે ઘોડે ચડે છે ને શેની કથા કરાવે છે ?" અને તે વિપ્રે મહારાજનાં તે સર્વે ચરિત્ર સ્વામી આગળ કહી દેખાડ્યાં.

ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "આ જે તમે મહારાજના સમાચાર કહ્યા, તે બરોબર શું પદાર્થ છે, જે હું તમને આપું ?" ત્યારે તે બંને વિપ્ર હાથ જોડીને બોલ્યા જે, "હે સ્વામી ! તમે તો મહારાજનું કૃપાપાત્ર છો ને તમે તો મહારાજને પ્રિય છો, ને તમે અમ ઉપરે રાજી થયા, તેથી અમને સર્વે સુખની પ્રાપ્તિ થઈ; જે તમે મોટા સંત છો." પછી તેમણે સ્વામીને મહારાજનું સર્વ રહસ્ય[૧] કહી દેખાડીને સુગમ

૧.સ્વામીના મારગમાં શત્રુનો દેશ આવતો હોવાથી તેમને સહી સલામત તેડી લાવવાની વાત

મારગે કરીને ગઢડે તેડી લાવ્યા. તે સમયે શ્રીદુર્ગપુરને વિષે મહારાજ પોતાના ઉતારાની જગ્યા જે ગંગાજળિયા કૂવાની સમીપે ઉતરાદે બારે પોઢ્યા હતા, તેને આગે ફળી મધ્યે પોતે તથા સંતે સહિત ઘણાક ઉત્સાહે યુક્ત રસોઈ કરતા હતા. બન્ને વિપ્રે મોરે(આગળથી) આવીને શ્રીજીમહારાજને ખબર આપીને સર્વ વૃત્તાંત કહ્યું. તે સમાની મૂર્તિનું ચિંતવન શાસ્ત્રી લક્ષ્મીરામે જેમ દીઠા હતા, તેમ કહું છું.

દિવસ ઘડી આઠને આસરે ચડ્યો હતો. ને પોતે એક પીળું પીતાંબર પહેર્યું હતું, ને એક પટકેશું કમર બાંધી હતી ! ને એક રેશમી કોરનો રૂમાલ મસ્તકે બાંધ્યો હતો. ને પોતાના હાથ મધ્યે એક મોટો કડછો લીધો હતો. ને સ્વામીની સારુ પોતે રસોઈ કરતા હતા ને વળી કરાવતા હતા. ને ઘણાંક શાક પોતે કરતા હતા. તે મધ્યે હળદર આદિક હવેજથી ભરેલા હાથ તે પોતાને વસ્ત્રે લૂછ્યા હતા. પીત વસ્ત્ર ને વળી હરદીએ કરીને ભીંજાયા હોય તેમ કેસરિયાવર કાન શોભતા હતા. ને તે સમે મુક્તાનંદસ્વામીનું મંડળ આવ્યું. તે સમે જેમ તારાગણે વીંટાણો ને વળી કલંકે રહિત ચંદ્ર શોભે, તેમ તે સ્વામી પોતાના સંતમંડળ મધ્યે શોભતા હતા. ને પછી જાણે શ્રીજીમહારાજરૂપી દિનેશ ઉદય થયો છે, તેના તેજ મધ્યે સંતોરૂપી ઉડુગણે સહિત સ્વામીરૂપ સોમ તે લીન થયો.

પછી શ્રીજીમહારાજ સ્વામી સામા શીઘ્ર દોડીને દંડવત કરવા લાગ્યા. ત્યારે સ્વામીએ સહિત સર્વે સંતે મહારાજને દંડવત અને પ્રણામ કર્યા. પછી શ્રીજીમહારાજે સર્વે સંત ને ત્યાંના હરિજનની સ્વાગત પૂછી. ને મહારાજ સર્વે સંત મોરે સ્વામીને મળ્યા, પછી તેમજ સર્વ સંતને મળ્યા, પછી સર્વ સંત બેઠા. ત્યાં તો શ્રીજીમહારાજનો થાળ મોટીબા ને લાડુબા કરતાં હતાં તે તૈયાર થયો, ત્યારે બ્રહ્મચારી મુકુંદે મહારાજને કહ્યું જે, “હે મહારાજ ! વળતી તમારો થાળ તૈયાર થયો છે. તે તમે જમશો, તે કેડે સ્વામીને જમાડવા લાવું. પછી બ્રહ્મચારી થાળ લાવ્યા

હતા, તેનાં નામ : દૂધપાક ને મેંદાની પૂરી ને બિરંજ ને હરીસો ને સાકરનો શીરો ને પૂડા(પૂડલા) બે પ્રકારના ને મેંદાની કૂણી રોટલીઓ તે ઘણાક ઘીમાં બોળેલી ને સાકરના મોદક ને બાજરાના સુંદર રોટલા આદિક ઘણાં ભોજન. ને હવે પકવાનનાં નામ જે, જલેબી ને સાટા ગળ્યા ને મોળા, ને ઘેબર ને મોતીચૂરના મોદક ને સાકરના પેંડા ને ગણગણ ને ગૂંદવડાં ને ગુંદરપાક ને સૂતરફેણી ને બરફી આદિક ઘણાંક પકવાન ને ઘણાક શાકના કટોરાની હારો. તે સર્વે લાવીને શ્રીજીમહારાજ આગે હાજર કરતા હતા. તેને પોતે સ્વચ્છ(સ્નાનથી પવિત્ર) થઈને જમતા હતા. ને પોતે જમતા જાય છે ને જળ પીતા જાય છે. એમ ઘણીક વાર સુધી જમ્યા ને પછી ચળું કર્યું.

ને પછી મુખવાસ જે પૂંગીફળાદિક જમીને પછી સંતમંડળને જમાડતા હતા. તે દૂધપાક ને મેંદાની પૂરી ને ધોયેલી સાકર ને તાજા ઘીની તાંબડીઓ ભરીને ફેરવતા હતા. તે કેમ ? તો જેમ અસાઢી પરજન્યની અમૃતની ઝડી થાય, તેમ તે સમે સાત વાર પંક્તિ મધ્યે પીરસતા હતા. તેમ સંતોને મહારાજે રાજી થઈને જમાડ્યા હતા.

પછી કેસર ને ચંદને કરીને સંતોની પૂજા કરી અને કરાવી હતી. ને પછી મુક્તાનંદસ્વામીએ મહારાજને એમ કહ્યું જે, “હે મહારાજ ! સર્વે સોરઠના હરિજને તમારા સારુ વસન ને મીઠાઈ ને મેવા ને મુખવાસાદિક ઘણાક ઉપચાર મોકલ્યા છે. તે તમે જ્યારે કહો ત્યારે અમે તમારી પૂજા કરીને તમને અર્પણ કરીએ.” ત્યારે શ્રીજીમહારાજ ઘણું રાજી થઈને બોલ્યા, “લ્યો, આણે(અત્યારે) કરો.”

પછી ઘણા કેસર-ચંદન ઉતાર્યા હતા ને મોગરા ને ગુલાબ ને જાય ને જૂઈ ને સેવતી ને ગુલદાવદી ને ગુલહજારીના પુષ્પોના ઘણા હાર, શણગાર તેમજ બોરસડી ને ચંપા આદિક ઘણાક પુષ્પના હાર વગેરે ષોડશોપચારે કરીને મુક્તાનંદાદિક સંત સર્વેએ મહારાજની પૂજા કરી.

ને પછી શ્રીજીમહારાજની આરતી કપૂરે કરીને ઉતારતા હતા. ને ઘણાક દ્વિજ જે વેદમાં પારંગત હતા તે મંત્રપુષ્પાંજલી આદિક પૂજાવિધિના સ્તવન બોલતા હતા. ને પછી મોરે ગણ્યા હતા તે ઘણાક સુમનના હાર ને ચિત્ર-વિચિત્ર ભાતનાં વસન ને મુખવાસાદિકની કોથળીઓ ઉપરે જેણે જેણે શ્રીજીમહારાજને મોકલી છે, તેનાં નામ માંડ્યાં છે, તે પોતે શ્રીમુખે વાંચતા જાય છે. ને બ્રહ્મચારીએ પોતાનું વસ્ત્ર પાથર્યું હતું, તે મધ્યે શ્રીજીમહારાજ વાંચી વાંચીને નાંખે છે. તેમાં કેટલીક જણસો ને કેટલાક મીઠાઈ ને મેવા ને કેટલીક મુખવાસાદિક વસ્તુ ને કેટલીક તો પોતાના થાળ મધ્યે જમ્યામાં આવે તેવી, એમ ઘણીક જણસો હતી, તેને(તેની યાદીને) સ્વામી મુક્તાનંદજી લખતા હતા. ને તે સર્વે શ્રીજીમહારાજની સેવા મધ્યે અર્પણ કરતા હતા.

પછી શ્રીજીમહારાજની પૂજા સ્વામી આદિક સર્વે સંતે કરી હતી તેની વિક્તિ જે, કેસર-ચંદને કરીને મહારાજનાં કોમળ ચરણ ચરચીને પછી સંત પોતાની છાતી મધ્યે લે છે. તે ઉર્ધ્વરેખાએ સહિત સર્વે ચિહ્ન ઊઠી રહેતાં હતાં. ને પછી મહારાજ પુનઃ સર્વે સંતમંડળને મળ્યા. પછી પોતાના બાલસ્નેહી એવા સોરઠ દેશના સર્વે હરિજનને પૃથક પૃથક સંભારીને તેમનાં નામ લેતા જાય છે. ને મુક્તાનંદસ્વામી તેમના નારાયણ કહેતા હતા. ને પછી શ્રીજીમહારાજ પોઢવા પધાર્યા ને તેમ જ સર્વે સંતમંડળ અતિ મુદને પામીને પોતાના ઉતારે પધાર્યા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'ઘમંડી બાવાની દુર્દશા અને વિકટ માર્ગમાં મુક્તાનંદસ્વામીની સંભાળ લીધી' એ નામે વીશમું પ્રકરણ ॥૨૦॥



પ્રકરણ - ૨૧

દાદા ખાચરના વૈરી રાજાનો શ્રીહરિ દ્વારા પરાભવ

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ ગામ શ્રીદુર્ગપુરને વિષે બિરાજમાન હતા. ને તે સમે એક અધિપતિએ ઉત્તમ નૃપતિને લઈને મહારાજ સાથે પણ વૈર કર્યું હતું. તે નરેશે ઘણાક રાજપુરુષ દુર્ગપુર મોકલ્યા, ને તેના અમાત્યે શ્રીજીમહારાજ ને ઉત્તમરાજા સાથે યુદ્ધ કરવાનો આરંભ કર્યો. તે ઘણાક મ્લેચ્છને[૧] લઈને ઉત્તમરાયના દરવાજા પ્રત્યે આવ્યો. તે સમે તે ઉત્તમરાજા ભેગા મહારાજ પણ હતા. અમાત્યનું સૈન્ય મહારાજની અતિ પ્રકાશમાન મૂર્તિને જેમ દિનેશને ધૂમર(ધુમ્મસ) ઢાંકી દે છે, તેમ રુંધતો હતો; પણ દિનેશ પોતાના પ્રકાશથી ધૂમરથી થયેલ તમને હરે છે, તેમ મહારાજ તેના ગર્વને હરતા હતા.

ત્યારે શ્રીજીમહારાજે પ્રથમ દુર્ગપુરના લોક જે વિપ્ર ને વણિક ને ચારણાદિકને મોકલીને નીતિ-મારગ ઘણો દેખાડ્યો, પણ તે તો અભિમાની જીવ હતો, તેથી તે નો માન્યો. ત્યારે તે સર્વએ પાછા આવીને શ્રીજીમહારાજને એમ કહ્યું જે, “હે મહારાજ ! એણે તો અમારું કહ્યું કાંઈએ માન્યું નહીં.” ત્યારે મહારાજે તે સર્વેને એમ કહ્યું જે, “તમે સર્વે તમારે ઘેર જાઓ, જોઈએ કેમ થાય છે ? એ તો એમ જાણે છે જે, ‘આ દાદો ખાચર એકલો જ છે’ પણ તેની વાંસે અમે છીએ. તે કેનો ભાર છે, જે આનો પરાભવ કરી શકે ? કાળથી પણ પરાભવ ન થાય તો મનુષ્યનો શો ભાર છે ?” એમ કહીને તે સમે શ્રીજીમહારાજે પોતે યુદ્ધસમાનો વેશ ધાર્યો. તે સમાની મૂર્તિનું ચિંતવન શાસ્ત્રી લક્ષ્મીરામે જેમ દીઠું હતું, તેમ લખું છું.

ચિત્ર-વિચિત્ર ભાતની રેશમની એક ગૂડકી(સૂંથણી; ચોરણી) ઢીંચણ બરોબર પેરી હતી. નટ કે મલના જેવો એક રેશમનો ગૂઢો રેંટો

૧.ક્રૂર અને ઘાતકી એવા મુસલમાન સૈનિકોને

માથે બાંધ્યો હતો. ને એક ધોળે ફેંટે કરીને બોકાની બાંધી હતી. ને ટૂંકી ચાળ ને ટૂંકી બાંયોવાળી છાટમની(એક પ્રકારના કાપડની) એક ડગલી-બંડી પેરી હતી. ને એક આસમાની રંગના ફેંટે કરીને કમર કસી હતી. ને પોતાના ડાબે ખંભે બાણનો ભાથો ! તે મધ્યે ઘણાંક તીર ! તે કેવાં છે ? તો મહાતીખાં ને શિલિમુખ(ભમરાના જેવા તીખા મુખવાળા) ને તેને વાંસે હાથીદાંતની પૂંખું(બાણનું પૂંખડું) છે. ને વળી મધ્યે સારસ પંખીનાં પીંછે કરીને વીંટાણા છે. એવા, ને વળી તે મધ્યેથી એક બાણ કાઢીને પોતાના હાથ મધ્યે કરડી જે કમાન ગ્રહણ કરી હતી, તે મધ્યે ચાપ ઉપર બાણને સાંધ્યું હતું. ને તેમ ઘણાક શસ્ત્રબદ્ધે વીંટાણા થકા ઊભા હતા.

અને તે સમે હું, ઉત્તમરાજા, મોટીબા, લાડુબા ને તેમની માતા જે સુરબાઈ આદિક ઘણાક મહારાજ આગે આવીને હાથ જોડી ભયભીત થકા એમ બોલતા હતા જે, "હે મહારાજ ! હે ગરીબનવાજ ! હે એકલના બેલી ! હા ! ઇતિ કષ્ટે અમારા આ ઘણાક શત્રુએ અમારો દરબાર વીંટ્યો છે, તે મધ્યે તમે પણ છો. તે તમે તો સર્વે સંતના તથા સત્સંગીના જીવન-પ્રાણ એવા જે તમો સર્વે સત્સંગને જીવાડનારા છો. ને વળી, સત્સંગને તો કલ્પવૃક્ષ તુલ્ય સુખના દાતા છો, તે સારુ અમારે ભેગા છો. આ અમારા ગામથી અમારે વેર આવ્યું છે, તે અમે જ ભોગવશું. ને નિર્વૈર એવા જે તમે અમને મૂકીને બીજા ગામ પ્રત્યે પધારો. કેમ જે, આ તો પથરા સાથે જેમ ચિંતામણિને ભેળવવી, તેમ છે." તેમ તે સર્વેએ કહ્યું.

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમે કેવા છીએ, તે અમારો સ્વભાવ લો કહી દેખાડું જે, **અમારા ભક્તને રજ જેટલુંય દુઃખ આવે, તો તેનું દુઃખ અમે મેરુ જેવું ગણીને, તેનું દુઃખ ટાળી નાંખીએ એવા છીએ. ને તે ભક્તનું દુઃખ ટાળતે અમારે મેરુ પર્વત જેવડું દુઃખ આવે,**

તો તે દુઃખને અમે રજ જેવું ગણીને અમે અમારા પ્રતાપે કરીને ટાળી નાખીએ એવા અમે છીએ. ને વળી જે, ગરીબ ને એકલના અમે બેલી છીએ. ને જે જીવને કષ્ટસમો આવે, ને તે સમે સર્વેથી નિરાશ થઈને જો મારી સ્મૃતિ કરે, તો તે સર્વ કષ્ટથી રહિત થઈ જાય એવા અમે છીએ. ને અમારા અંતઃકરણને વિષે સદાય શ્રીકૃષ્ણ બિરાજમાન છે ને શ્રીકૃષ્ણના હૈયાને વિષે સદાય અમે રહ્યા છીએ. તે તમારું જે આ કષ્ટ, તે હું મારા પ્રતાપે કરીને હરીશ. તમે ફીકર કરશો નહીં."

એમ કહીને એમ બોલ્યા, "લ્યો, તમને એક પુરાતન ઇતિહાસની વાર્તા કહું જે, 'પૂર્વે એક મહાવન હતું. તે મધ્યે એક વટનું મોટું વૃક્ષ હતું. તે ઉપર ઘણાં પંખી રહેતાં હતાં. એવા સમા મધ્યે તે વનમાં દાવાનળ અગ્નિ પ્રગટ થયો. તે મહાજોરાવર અગ્નિ મહા જ્વાળાઓને મૂકતો થકો ને સર્વે વનને બાળતો થકો તે વડને સમીપે આવ્યો.

ત્યારે તે વૃક્ષે સર્વે વિહંગો પ્રત્યે એમ કહ્યું જે, 'હે સર્વે પંખીઓ, આજે મહાઅગ્નિ આવ્યો, તે તમે સર્વે ઊડીને અન્ય વનનાં વૃક્ષ પ્રત્યે જાઓ. કેમ જે, તમારે પાંખો છે ને અમારે તો પાંખો નથી, તે અમને તો અગ્નિ બાળશે ખરો.' ત્યારે સર્વે પંખીઓમાં તે સમે હિંમત આવી ને એમ બોલ્યાં જે, ત્યાં સાખી છે,

ફલ ખાયે પત્ર બિગાડે, ને બેઠે શીતલ છાંય;
તમ જરો ને અમ ઊડીએ, સો જીવન કો ફલ નાય.

(વડ અને પંખીનો પરસ્પરનો એવો પ્રેમ અને સમર્પણભાવ જોઈને શ્રીહરિએ વરસાદ વરસાવ્યો અને અગ્નિ ઓલાવી દીધો.) એમ તે સમે વરસાદે સહાય કરી હતી." પછી શ્રીજીમહારાજે તે સર્વે પ્રત્યે એવી ઘણીક વાત કરીને હિંમત આપી. ને તે દિવસ વીત્યો ને રાત્રી પડી. ત્યારે સર્વજ્ઞ એવા જે મહારાજ તેમણે સર્વે હરિભક્તોનાં ગામોગામ પ્રત્યે (ભક્તોને) તેડવા સારુ અસ્વાર મોકલ્યા ને તે પ્રત્યે એમ લખ્યું હતું

જે, 'સર્વે અસ્વાર તથા પાળા, તે સર્વે પોતપોતાના સર્વે જે હથિયાર ને બખ્તર ને ઘોડે પાખરરૂપ જે યુદ્ધની સામગ્રી સહિત, આ નિશા મધ્યે શીઘ્ર વહેલા આવજો.' એમ શ્રીજીમહારાજે પત્ર લખાવ્યા હતા અને તેમ જ શ્રીમુખે કહેતા હતા. ને તેમ જ સર્વે ખબર સાંભળીને આવ્યા. તેમનાં નામ : ગામ ખંભાળાના મોકા ખાચર આદિક ઘણા અસ્વાર ને પાળા તેમને જોઈને મહારાજ ઘણુંક રાજી થયા. તેમ ગામ કારિયાણીના વસ્તા ખાચર આદિક ઘણા શસ્ત્રબદ્ધ આવ્યા. ને તેમ ગામ સારંગપુરના જીવા ખાચરે રાઠોડ ધાધલ ભેગા ઘણાક શસ્ત્રબદ્ધ માણસ મોકલ્યા. તેમ ગામ નાગડકા ને ગામ લોયાના પતિ સુરા ખાચર આદિક ઘણા અસ્વાર ને પાળા શસ્ત્રબદ્ધ આવ્યા. એ આદિક તથા બીજા ઘણાક હરિજન આવ્યા.

तेसमेसर्वेहरीजनसामुजोइनेराजीथैने एमबोल्याताजेतमोनेसाबासछेजेतमेसर्वेआरात्रीनेवीसे अमाराहीतनेलैनेतमारांछोकरानेस्त्रीनेघरनेमेलीनेअमारावचननेमुष्यकरीनेमरवासारुआव्याछोमाटेसर्वेप्रकारेहुंतमारीरछाकरीसतमेबेफीकरस्यरहोनेपछेश्रीजीमहाराजेदादाषाचरनेएमकयुतमेआहरीजनतेजतमाराहेतुनेतेजतमारावालासगांनेतेजतमारीनातनेतेजतमारीजातएमतमारेनेतमारोवंसपरंपरामांनजोतेथीतमारेसारुथासेतेमजेदीनैमनापतेदीवसवीत्तेपआवसेषरोएआदीकघणीकवातकरीती

તે સમે (તે) સર્વે હરિજન સામું જોઈને (શ્રીજીમહારાજ) રાજી થઈને એમ બોલ્યાતા જે, "તમોને સાબાશ છે જે, તમે સર્વે આ રાત્રિને વિષે અમારા હિતને લઈને, તમારાં છોકરાં ને સ્ત્રી ને ઘરને મેલીને અમારા વચનને મુખ્ય કરીને મરવા સારુ આવ્યા છો. માટે સર્વે પ્રકારે હું તમારી રક્ષા કરીશ તમે બેફીકર રહો." ને પછી શ્રીજીમહારાજે દાદા

ખાચરને એમ કહ્યું જે, **“આ હરિજન તે જ તમારા હેતુ(હિતેચ્છુ), ને તે જ તમારાં વહાલાં સગાં, ને તે જ તમારી નાત ને તે જ તમારી જાત; એમ તમારે ને તમારો વંશ પરંપરા માનજો. તેથી તમારું સારું થાશે તેમ જે દિ નૈ મનાય, તે દિવસ વિક્ષેપ આવશે ખરો.”** એ આદિક ઘણીક વાત કરી હતી.

તે સમે દરબાર મધ્યે કૂવો એકેય ન હતો. તેથી ભાવસારના ઘણાક ચરુ લાવીને જળ ભરાવ્યું હતું. (તે વાત જાણીને) પછી તે શત્રુએ મહારાજનાં ઘણાંક માણસો આવ્યાં છે, એમ જોઈને મનશું ઘણી જ હાર પામતો હતો. ને પછી શ્રીજીમહારાજે તે નરેશના અમાત્યને અને સર્વે પ્રત્યે એમ કહી મોકલ્યું જે, “તારે યુદ્ધ કરવું હોય તો આવ.” ત્યારે તેણે એમ જાણ્યું જે, ‘રાત્રિ મધ્યે મહારાજે ઘણા માણસો તેડાવ્યા છે, તે આપણને જરૂર હાર પમાડશે ખરા’ એમ સમજીને મોળા પડી ગયા.”

પછી શ્રીજીમહારાજે સર્વે જનને જમાડ્યા. ને પછી બાંધે હથિયારે સર્વે સજ્જ થઈને દરવાજો ઉઘાડો મેલીને રહ્યા. ને પછી તે શત્રુએ ગામના લોકોને મોકલીને એમ કેવરાવ્યું જે, “મહારાજને એમ કહેજો જે, ‘મહારાજ મોટા પુરુષ કહેવાય છે. તે સાથે અમારે તો કજિયો નથી કરવો.” ત્યારે શ્રીજીમહારાજે તેના વિષ્ટિવાળા(સમાધાન કરવાવાળા) પ્રત્યે એમ કહ્યું જે, “શત્રુ ઉપર જે દયા કરવી તેને કાયરતા કહેવાય છે, પણ તેણે ક્ષમા કરવી(ક્ષમા રાખીને સમાધાન કરવું) હોય તો અમારે પણ ક્ષમા કરવી ખરી.”

એમ કરતાં બીજી રાત્રી પડી ત્યારે, સર્વે જનના રક્ષાના કરતલ ને સર્વજ્ઞ એવા જે શ્રીજીમહારાજે સર્વેને નિર્વિઘ્ન રાખીને સર્વેનો વિક્ષેપ ટાળવા સારુ તે સમે વિપ્ર લક્ષ્મીરામ ને ભટ્ટ પ્રાગજીને પોતાના નેત્રની સાને કરીને, વળી પોતાની જમણા કરની જે અંગૂઠા પાસેની આંગળી તેની સાને કરીને સમીપે તેડીને તેના કાનમાં એમ કહ્યું જે, “તારે તે

રાજાના અમાત્યને જઈને એમ કહેવું જે, 'ગામ સારંગપુરના નરેશ ભક્ત જીવા ખાચર ઘણા માંદા છે. તેમણે મહારાજ ઉપર અસ્વાર શીઘ્ર મેલ્યો છે. અને તેમના સંબંધીએ પત્ર લખીને એમ કહ્યું છે જે, પત્ર વાંચીને તત્કાળ આવજો.' ને તેથી મહારાજ સારંગપુર પધારે છે ને મહારાજ ભેગા ઘણા શસ્ત્રબદ્ધ મનુષ્ય છે. તે જોઈને તમારાં મનુષ્ય ભયને પામી હાથછૂટા(લડવા કે ઝઘડવા તૈયાર) થાય તો અમારાં ઘણાં મનુષ્ય છે, તેથી લડાઈ ચાલે તે સારુ તમારા મનુષ્યને તમે એમ કહેજો જે, 'મહારાજ સારંગપુર જાય છે, તે આપણાં મનુષ્ય ખબરદાર ! કોઈએ મહારાજને તથા તેમના મનુષ્યને કોઈ બોલશો મા. સુખેથી જાવા દેજો." પછી તે વિપ્રે એ પ્રમાણે અમાત્યને કહીને તે વિષે સર્વે સમાચાર મહારાજ પ્રત્યે કહ્યા.

ત્યારે શ્રીજીમહારાજ સર્વેને નિર્વિઘ્ન રાખીને અર્ધરાત્રીને સમે તે સર્વે શત્રુને દબાવતા થકા **સારંગપુરે** પ્રભાતે જીવા ખાચરના ઘર પ્રત્યે પધાર્યા. તે સમે તેમણે ઘણાંક વાજિંત્ર લઈને વિધિવત્ સામૈયું કર્યું. પછી મહારાજ તે ગામને વિષે થોડાક દિવસ રહીને વિક્ષેપને ટાળીને દુર્ગપુરને વિષે પાછા પધાર્યા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'દાદા ખાચરના વૈરી રાજાનો શ્રીહરિ દ્વારા પરાભવ' એ નામે એકવીશમું પ્રકરણ ॥૨૧॥



પ્રકરણ - ૨૨

સારંગપુરમાં જન્માષ્ટમી ઉત્સવ તથા દાદા ખાચરના દ્વેષીનો યુક્તિપૂર્વક પરાભવ

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ ગામ ગઢડા મધ્યે બિરાજમાન હતા. તે સંવત્ ૧૮૭૭ના શ્રાવણ વદિ અષ્ટમીનો સમૈયો કરવો'તો, તે ઉપરે ઘણાક સંત ને હરિજન મહારાજનાં દર્શને આવવા લાગ્યા. તે સમે એક દુરાશયવાળો કોઈક રાજાના(ભાવનગરના વજેસિંહ બાપુના) અમાત્ય, તેણે ઉત્તમરાજાને લઈને મહારાજનું તથા સંતનું તથા સર્વે હરિજનનું ઘણું અપમાન કરીને તે દુષ્ટે મહારાજ ઉપર રાજપુરુષ મેલીને એમ કહેવરાવ્યું જે, "તમે આ ગામ મધ્યે આઠમનો સમૈયો કરશો નહિ."

ત્યારે સર્વે પ્રકારે સમર્થ એવા જે શ્રીજીમહારાજ, તેમણે મનુષ્યની ચેષ્ટાથી ઉત્તમરાજા આદિક શસ્ત્રબદ્ધોને પૂછ્યું જે, "કહો, હવે કેમ કરવું ?" ત્યારે તે સર્વે એમ બોલ્યા જે, "એનો શો ભાર છે, જે તમને તે કાઢે. તમે તો અમારા દરબાર મધ્યે રહો છો. ને વળી અમારા ગુરુ છો, ઈષ્ટદેવ છો, પૂજવા યોગ્ય છો, માનવા યોગ્ય છો ને મહેમાન કહેવાઓ છો. ને તમને જો કોઈ પરાભવ કરે, તો તમારી આડા આવી અમે મરી મટીએ." એમ તે બોલ્યા. પછી શ્રીજીમહારાજે તે સર્વેને એમ કહ્યું જે, "અમે તો અતિ નિર્માની છીએ ને તે કહેશે તો રહીશું, ને તે કહેશે કે જાઓ, તો જઈશું."

તેમ કહીને પછી ધર્મધુરંધર એવા જે મહારાજ, તેમણે ન્યાયને(નીતિ-સદાચારને) દેખાડવા સારુ મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી તથા દવે પ્રાગજી આદિક ભણેલાને એમ કહ્યું જે, " તમે એની પાસે જઈને એમ કહો જે, 'અમને મહારાજે તમારે મોઢે(સમક્ષ-પાસે) મેલ્યા છે. તે તમે કહો

તો આંહીં અષ્ટમીનો સમૈયો કરીએ, ને તમો ના પાડો તો બીજે ગામ જાઈએ." ત્યારે (તે સર્વે અમાત્ય પાસે ગયા ને) મુક્તાનંદસ્વામીએ તેને જેમ શ્રીજીમહારાજે કહ્યું હતું, તેમ સર્વે સમાચાર મધુર વચને કરીને કહ્યા.

ત્યારે દુષ્ટ એવો જે અમાત્ય તે તો મહાઅભિમાની હતો, તેણે એમ કહ્યું જે, "તમે આ ગામ મધ્યે સમૈયો કરશો નહીં ને આંહીંથી તત્કાળ ચાલ્યા જાઓ. એમ ઘણાંક કટુ વચને કરીને સંતનું અપમાન કર્યું. તે સર્વે અપમાનને,(સહન કરવામાં) સમર્થ એવા જે સંત તેમણે સહન કર્યું. તે કેમ ? તો ઘણાં મેઘનાં બુંદ જેમ પર્વત સહન કરે છે, તેમ તે ખળ પુરુષના તુચ્છ શબ્દને સંતે સહન કર્યા. પછી તે સમે પ્રાગજી દવેએ તેને એમ કહ્યું જે, "અરે દુષ્ટ, આ સર્વે સંત તે તો મહત્પુરુષ છે. તેનું તું અપમાન કરે છે, તેથી તારું ભૂંડું થાશે. ને તારે રાજાના અમાત્યપણાનું જે અભિમાન છે તે પાઘડી, તે તો પા જ ઘડી રહેશે. નિશ્ચે જ જાશે ખરી." એમ તે દ્વિજ બોલ્યા. ત્યારે તેમને સંતે વાર્યા.

પછી શ્રીજીમહારાજની પાસે આવીને તે સર્વે વૃત્તાંત કહી દેખાડ્યું. **ને ધર્મધુરંધર એવા જે શ્રીજીમહારાજ કેવા છે, તો સાધુતાની સીમા ને ન્યાયની સીમા, ને નીતિમાર્ગ દેખાડવો તેની સીમા, ને ક્ષમા કરવી ને કરાવવી તેની સીમા, ને ડહાપણે કરી પોતાના ભક્તનાં દુઃખને ટાળી નાંખવું તેની સીમા, ને બળ ને બુદ્ધિની સીમા, ને પોતાના ભક્તજનને મધુર વચને બોલાવીને હેત દેખાડીને પોતાની મૂર્તિની સ્મૃતિ કરાવવી તેની પણ સીમા;** એવા જે શ્રીજીમહારાજ તે સમે મંદમંદ હસતા થકા ઊભા થઈને પોતાના બે કરથી તાળી પાડીને સર્વે સંત તથા હરિજન જે બાઈઓ ને ભાઈઓ પ્રત્યે પોતે એમ બોલ્યા જે, "આંહીંથી આ ટાણે આપણે સર્વે ચાલીને ગામ સારંગપુર જઈને જીવા ખાચરને ઘેર સમૈયો કરીશું."

એમ કહીને ચાલ્યા, તે તત્કાળ **સારંગપુર** જઈ પોતે જીવાખાચરના દરબાર મધ્યે બિરાજમાન થયા અને સંત ને હરિજનને ભિન્ન ભિન્ન ઉતારા કરાવ્યા. તેઓ શ્રાવણ વદ છઠના દિવસે સારંગપુર આવ્યા. ને પ્રતિદિવસે સપ્તમીનો દિવસ આવ્યો. તે દિવસે શ્રીજીમહારાજે વહેલા ઊઠીને સર્વે ક્રિયા કરીને વસ્ત્ર ને અલંકાર ધાર્યાં હતાં, તેનું ચિંતવન હું શાસ્ત્રી લક્ષ્મીરામ સંતજન ને હરિજનની કૃપાથી કહું છું :

એક નીલા કિનખાબનો સુરવાળ પહેર્યો હતો. ને એક રાતા કિનખાબની ડગલી પહેરી હતી. ને મસ્તકે બુરાનપુરનો એક કસુંબી રેંટો છોગાં મેલીને બાંધ્યો હતો. ને એક આસમાની રંગને શેલે કરીને ચોગઠ પાડીને કમર કસી હતી અને એક કસુંબી શેલું ખંભે નાંખ્યું હતું. ને હવે હેમનાં તથા પુષ્પનાં તથા મોતીનાં અલંકાર પેર્યાં હતાં, તેને કહીએ છીએ, તો ઉર મધ્યે ઊતરી ને હેમના બેવડા દોરા, ને મસ્તકે રેંટા પર મોતીના તોરા, ને કંઠ મધ્યે સાચા મોતીના હાર, ને બેઉ ભુજ મધ્યે નંગ જડિત બાજુબંધ, ને બેઉ કાંડાં મધ્યે નંગે જડેલી પોંચીઓ ને વાઘમોરાં આંટાળાં કડાં, ને દશે આંગળીએ વેઢ ને વીંટીઓ ને તે મધ્યે હીરા પિરોજા જડેલા હતા. અને કર મધ્યે એક રંગેલી છડી ગ્રહણ કરી હતી.

એવી શોભાને શોભાડતા થકા શ્રીજીમહારાજ સભા મધ્યે પધાર્યા. ત્યારે સર્વે સભા શ્રીજીમહારાજને હાથ જોડીને નમી. પછી શ્રીજીમહારાજ ઢોલિયા ઉપર ઉત્તરમુખે બિરાજમાન થયા ને સંત પાસે ઘણાં કીર્તન ગવરાવ્યાં. ને મહારાજ સર્વેને ધર્મ મધ્યે રહેવું, એવી ઘણીક વાત કરે છે.

એટલાક મધ્યે વર્ણિરાજ આનંદસ્વામીએ રસોઈ કરી હતી, તેમના સંતે કહ્યું જે, “હે મહારાજ ! જમવા પધારો.” પછી પોતે સ્વચ્છ(સ્નાનથી પવિત્ર) થઈને જમવા પધાર્યા. તે લેહ્ય, ચોસ્ય, ભક્ષ્ય ને ભોજ્ય એવાં ભોજનને જમતા જાય છે ને વારંવારે જળ પીતા જાય છે.

તેમ જમી રહ્યા પછી સર્વે સંતને પોતે પીરસીને જમાડ્યા. પછી જીવા ખાચરે શ્રીજીમહારાજની કેસર, ચંદન, વસ્ત્ર ને અલંકારાદિક ને હાર-તોરાદિક પુષ્પના અલંકારોથી પૂજા કરી. ને પછી હેમના થાળ મધ્યે કપૂરની આરતી ઉતારી. તે સર્વે અલંકારને શોભાડતા થકા પોતાને ઉતારે જઈને પોઢી ગયા. પછી જાગીને સંત ને હરિજનની સભા મધ્યે આવીને બિરાજમાન થયા.

પછી અમદાવાદના દામોદરાદિક ઘણા હરિજનનો સંઘ આવ્યો હતો. તે ભેગા ત્રાંસાદિક વાજાંવાળા આવ્યા હતા. તેમને મહારાજે તેડાવીને એમ કહ્યું જે, "તમારા સર્વે કસબ(ચતુરાઈ; કળાઓ) વગાડીને અમને દેખાડો." ત્યારે દામોદર ભગતે મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! શહેર મધ્યે ત્રાંસાની જોડ વગાડનારા બસેં છે, તે સર્વેથી આ શ્રેષ્ઠ છે." ત્યારે મહારાજે તેમને એમ કહ્યું જે, "જેમ માંગલિક વિવાહ ને ઉચ્છવને સમે વગાડો છો, તેમ અમારી આગળ વગાડી દેખાડો." ત્યારે તેમણે મંગલકારી મૂર્તિ ને મંગલકારી તેમની સભા તે સામા ઊભા રહીને ગેરી ત્રાંસાની ઘોરઠોર(ગેહરા મોટા ગંભીર અવાજથી) વગાડવા લાગ્યા. તે ન ભૂતો ન ભવિષ્યતિ.

પછી વળી શ્રીજીમહારાજે તેમને એમ કહ્યું જે, "હવે તમે સિંધુડામાં વગાડી દેખાડો." ત્યારે તેમણે વાજાં અતિ ચડાવીને વગાડી દેખાડ્યાં. ત્યારે મહારાજે સર્વે શસ્ત્રબદ્ધાદિકને(શસ્ત્રધારી વગેરેને) એમ કહ્યું જે, "આ સમે સર્વે ક્ષત્રિયના રોમ ઊભા થયા છે ખરા !" ત્યારે તે સર્વે એમ બોલ્યા જે, "હે મહારાજ ! એ વાત ખરી છે." એમ કહીને પછી શ્રીજીમહારાજે વાજાં રખાવ્યાં. ને સર્વે સંત પ્રત્યે એમ વાત કરી જે, "જેમ સિંધુડા સાંભળીને ક્ષત્રિયને શૂરાતન ચડે તેમ તમે (ભક્તો માટે) શૂરાતનના અંગનાં સારાં કીર્તન બોલો." ત્યારે બ્રહ્માનંદસ્વામી આ કીર્તન બોલ્યા જે,

રે સગપણ હરિવરનું સાચું, રે શિર કરમાં લઈને ચાલી...રે ધરિયા૦
રે બળવા ગઈ જે સતી સાચી, રે રોમ રોમ પિયા સંગ રાચી;
તે પડમાં જઈ ન વળે પાછી...રે ધરિયા૦
રે જો પડથી પાછી આવે, રે લાજ તજી મન લલચાવે,
તે સતી મટીને કુત્તી કા'વે...રે ધરિયા૦

એ આદિક ઘણાં શૂરાતનનાં પદ સંત ને હરિજન બોલ્યા. તે ભેગા તાળી પાડીને શ્રીજીમહારાજ પોતે ગવરાવતા હતા. અહો ઈતિ આશ્ચર્યે, બત ઈતિ હર્ષે.

પછી સર્વે સંત ને હરિજન પ્રત્યે મહારાજ રાજી થઈને એમ બોલ્યા જે, "જેમ આ પદમાં કહ્યું, તેમ બળ રાખીને પોતપોતાની સર્વે ધર્મમર્યાદા પાળવી. માયાનાં ટોળાંમાં કામ, ક્રોધ, મોહ, માન, ઈર્ષા, કપટ ને છળ આદિક ઘણા અંતઃશત્રુ છે. ને બહારના જે શત્રુ કયા તો, શુષ્કવેદાંતી, નાસ્તિક, કુડાપંથી ને બ્રહ્મકુદાળ તે સર્વે સત્સંગના અતિ શત્રુ છે. તેને સામા આવા સંતના શબ્દરૂપી જે સિંધુડા કરવા ને કરાવવા(ગાવા ને ગવરાવવા). જેથી અંતઃશત્રુ ને બહારના શત્રુ ભયને પામે; તેમ તમે સર્વે વર્તજો." એમ કહીને મુક્તાનંદસ્વામીનાં સિંધુડાનાં કીર્તન ગવરાવ્યાં જે,

ધીર ધુરંધરા શૂર સાચા ખરા, મરણનો ભય મનમાં ન આણે;
મોહનું સૈન્ય મહા વિકટ લડવા સમે, મરે પણ મોરચો નવ ત્યાગે.
કવિ ગુણી પંડિત બુદ્ધિએ બહુ આગળા, મોરચે ગયે ધર્મદ્વાર માગે.

એ ચાર પદ ગવરાવ્યાં. ને પછી પોતે જમવા પધાર્યા હતા. ને જમીને પોઢી ગયા. પ્રતિદિને અષ્ટમી આવી. તે સવારે વહેલા ઊઠીને દંતધાવન આદિક સ્નાન સંબંધી ક્રિયા કરીને ભારે વસન પહેરીને ઘણાં હેમનાં અલંકાર તથા ઘણાં પુષ્પનાં અલંકારને શોભાડતા થકા સંતજન તથા હરિજનની નિર્દોષ સભા મધ્યે પધાર્યા. ત્યારે સર્વે સભા 'જય જય'

શબ્દ કહીને નમી. તે સભા ગામથી દક્ષણાદિ કોરે લાઠીદડના માર્ગે ખીજડા હતા, ત્યાં કરી હતી. ને મહારાજે ભારે પોશાક પેર્યો હતો. તે મૂર્તિ કોટિક કામદેવની છબીને લજ્જા પમાડે તેવી શોભતી હતી.

પછી તે[૧] વાજાંવાળાએ આવીને મહારાજની મરજી લઈને ત્રાંસાં વગાડ્યાં, તે તેના સર્વે કસબને દેખાડતા હતા. તેને શ્રીજીમહારાજે પ્રથમ બસો રૂપિયાની ઊતરી આપી હતી. તેથી તેને મહારાજ ઉપર ઘણુંક હેત છે. પછી તે વાજાવાળાને વાજાં રખાવ્યાં. પછી સંતે તથા મહારાજે ઘણીક જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્યાદિની વાતો કરી. ને પછી પોઢી રહ્યા.

પછી નોમને દિવસે જમવા પધાર્યા. ત્યારે વર્ણિરાજ આનંદસ્વામીએ મહારાજનો થાળ કર્યો હતો, તે લેહ્ય, ચોસ્ય, ભક્ષ્ય ને ભોજ્ય એવાં ભોજનોને જમ્યા. પછી નોમને દિવસે કોરેમોરના(આજુબાજુ રહેતા) હરિજન જમીને પોતપોતાને ઘેર ગયા. પછી પાછલે દિવસે સમૈયો થઈ રહ્યો. પછી ગુર્જર દેશ, ઝાલાવાડ દેશ, હાલાર દેશ, કચ્છ દેશ, વાગડ દેશ, મચ્છુ કાંઠાનો પ્રદેશ, વાળાંક દેશ, કાઠિયાવાડ, ભાલ દેશ ને બારાં જે ખંભાત પ્રાંત ઇત્યાદિકના અગણિત મનુષ્ય જે હરિજન બાઈઓ ને ભાઈઓ આવ્યાં હતાં, તેઓ અષ્ટમીના મહોત્સવમાં શ્રીજીમહારાજનાં દર્શન-સ્પર્શાદિક કરીને પછી પોતપોતાના ઘર પ્રત્યે ગયાં. ને શ્રીજીમહારાજની મૂર્તિનું ચિંતવન કરીને નિશિ ને દિવસનું નિર્ગમન કરતાં હતાં.

પછી મહારાજે સંતને પોતા ભેગા રાખ્યા. ને એમ કરતાં થોડા દિવસ ગયા. પછી સર્વજ્ઞ ને સર્વેને બુદ્ધિના આપનારા એવા જે શ્રીજીમહારાજે પોતાના મનશું વિચાર કરીને મુક્તાનંદજી, બ્રહ્માનંદજી, નિત્યાનંદજી, ચૈતન્યાનંજી આદિક ડાહ્યા ડાહ્યાને પોતા પાસે તેડાવ્યા. ને ઉત્તમ નરેશ, જીવા ખાચર, લાધા ઠક્કર ને ભગા શેઠ આદિક

૧.અમદાવાદથી આવેલ ભક્તોના સંઘ ભેળા આવેલ

બુદ્ધિમાન હરિજનોને પણ તેડાવ્યા. ને તેમની સાથે એકાંતે બેસીને એમ પૂછ્યું જે, "આપણને તેણે[૧] દુર્ગપુરમાંથી કાઢ્યા છે, તેની આપણે તલાશ કાઢવી ખરી. ને તે રાજાને મોઢે રૂડો પત્ર લખીને મુખસુદ(રૂબરૂ) માણસ મોકલવા. તેથી તેનો ભાવ ને દોષ બંને આપણા જાણ્યામાં આવશે ખરા."

એમ કહીને શ્રીજીમહારાજ લાધા ઠક્કર પાસે પત્ર લખાવવા બેઠા ને પોતે જેમ કહેતા જાય, તેમ તે લખતા જાય. તે પત્ર રસ ને અલંકારાદિકથી યુક્ત લખાવ્યો. ને તેમાં અધિપતિ માટે પૂર્વે રંતિદેવ, મયૂરધ્વજ, શિબિરાજા, જરાસંધ, સુભ્રમન્ય, અંબરીષ ને હરિશ્ચંદ્ર આદિક જે સત્યવાદી નરેશ પૃથ્વી ઉપર થઈ ગયા, તેમની ઉપમા લખાવી. તે ન ભૂતો ન ભવિષ્યતિ તેવો શુભ પત્ર લખ્યો. તે મધ્યે સામ, દામ, ભેદ ને દંડ જે પરલોક સંબંધી યમરાજ સંબંધી ભય લખીને દેખાડ્યા.

પત્ર સંપૂર્ણ લખાવી રહ્યા પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "આ પત્ર લઈને કેને મેલશું ? શું કોઈ જાય તેવું મનુષ્ય છે ?" ત્યારે તે સમે દ્વિજ લક્ષ્મીરામ ત્યાં બેઠો હતો. તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! જો તમારો હુકમ હોય તો ત્યાં હું જાઉં ખરો." ત્યારે સમર્થ એવા જે શ્રીજીમહારાજે તે વિપ્રને પત્ર આપીને એમ કહ્યું જે, "રાજાને હાથોહાથ તું આપજે, પણ તેના અધિકારી મનુષ્યને આપીશ મા." તેમ તે સમે તે વિપ્રને શ્રીમુખે ઘણીક રહસ્યમય વાતની શિખામણ આપી. ને તેને ઘણું ટીમણ આપીને મોકલ્યો, તે શીઘ્ર તે રાજાના પુર (ભાવનગર) પ્રત્યે પહોંચ્યો.

પછી તે પુર મધ્યે ઉતારો કરીને, પત્ર લઈને તે રાજાના દરવાજે પહોંચ્યો. ત્યારે તે મોરથી તે અમાત્યે લખ્યું(કાગળ-ચિઠ્ઠી લખીને જાણ

૧. દાદા ખાચરના વૈરી એવા રાજાનો અમાત્ય કે જેણે ગઢડામાં જન્માષ્ટમીનો સમૈયો કરવાની ના પાડી હતી, તેણે

કરી) જે, 'સ્વામિનારાયણનો પત્ર લઈને તેનો વિપ્ર આવ્યો છે, તેને રાજદરબાર મધ્યે જાવા દેવો નહિ ને રાજાને તેનો મેળાપ થાવા દેશો નહિ." એમ તેણે લખ્યું હતું. તેમ રાજપુરુષે તે વિપ્રને જોરાણ માંહલી કોરે જાવા દીધો નહિ.

તેમ તે પુર મધ્યે સાત દિવસ વીત્યા, ત્યારે એક દિવસને સમે તે રાજા ગામની બહાર એક મહાદેવનું મંદિર હતું, તેને દર્શને બહાર નીકળ્યા, ત્યારે તે ધૂર્જટિનાં દર્શન કરીને એક વૃક્ષ હેઠે બેઠા છે. એટલાક મધ્યે વિપ્ર લક્ષ્મીરામે પત્ર કાઢીને તે રાજાને હાથોહાથ આપ્યો. ત્યારે તેમણે પૂછ્યું જે, "તું કેનો કાસીદ(સંદેશો લાવનાર ને લઈ જનાર) છો ? ને આ પત્ર કેનો છે ?" ત્યારે તે વિપ્રે તેમને એમ કહ્યું જે, "સ્વામિનારાયણ સર્વ લોક પ્રત્યે વિખ્યાત છે, તેમનો હું કાસીદ છું, ને તેમનો આ શુભ પત્ર છે. તે તમે સ્વચ્છ ચિત્તે કરીને વાંચો. તેથી તમને સર્વે સમાચાર માલુમ પડશે ને મહારાજે તમને નારાયણ કહ્યા છે."

ત્યારે તેણે એમ કહ્યું જે, "મહારાજ રાજીખુશી છે ને ?" ત્યારે તે વિપ્રે કહ્યું જે, "હા, આનંદમાં સુખિયા છે." ને "હે મહારાજા ! તમે આ સમગ્ર પત્ર વાંચી જાઓ." ત્યારે રાજાએ મહારાજનો તે પત્ર વાંચ્યો. તે વાંચીને આનંદ પામીને એમ બોલ્યા જે, "એ અમાત્ય તે કોણ છે ?" ત્યારે તે વિપ્રે તે રાજાને એમ કહ્યું જે, "અભિમાની એવો તે એમ કહે છે જે, 'રાજા તે વળી કોણ છે ?' એવો તે મદાંધ છે." ત્યારે તેમણે પૂછ્યું જે, "તે કેનો દોતિયો(મહેતો) છે ?"

ત્યારે તે ધણીને ગોતીને(અમાત્યની માહિતી મેળવીને) તે રાજાએ તેને ઠપકો દઈને(તિરસ્કારભરી વાણી ઉચ્ચારીને) પછી તે ઉપર બે મોસલ[૧] હરિજન રાજોભાઈ ને રૂપોભાઈને કર્યા. પછી તે રાજા એમ બોલ્યો જે, "હે વિપ્ર, આ કાગળ દિન આઠનો લખેલો છે, તે અમને

૧.મોસલ કરવા = સરકારી હુકમ બજાવવા સિપાઈ કે માણસ નક્કી કરવા

તેં મોડો કેમ દેખાડ્યો ?” ત્યારે તે વિપ્રે એમ કહ્યું જે, “હે મહાન નરેશ ! મને તમારા દ્વારપાળે માંહીલી કોરે પ્રવેશ કરવા દીધો નહીં.” ત્યારે તેમણે દ્વારપાળની તજવીજ(તપાસ; ખબર) કાઢી, તે અમાત્યનો દોષ નીકળ્યો. તે જોઈને તેને ઘણીક તકસીર(ગુના બદલ સજા) મળી.

પછી તે રાજાએ મહારાજ ઉપર ઘણી ઉપમાનો શુભ પત્ર લખીને તે કાગળને હેઠે પોતાની મહોરછાપને કરી. પછી તે પત્ર શાસ્ત્રી લક્ષ્મીરામને આપ્યો. વળી તે રાજાએ એમ કહ્યું જે, “તું મહારાજને એમ કહેજે જે, ‘ગાજતેવાજતે તમે શ્રીગઢડે પધારજો. કેમ જે, સર્વે દેશ મધ્યે એમ કહેવાય છે જે, **ગઢડું કીયું ? તો સ્વામિનારાયણનું** કહેવાય છે. તે તમારે તો ત્યાં જ રહેવું. ને તે પાજીનો(દુષ્ટનો) શો ભાર છે ?’ તેમ તું મહારાજ પ્રત્યે કહેજે.” પછી મધ્યાહ્ન સમયે કાગળ લઈને તે વિપ્ર ચાલ્યો હતો, તે રાત્રિ ઘટી દશ ગયે જોજન છ ચાલીને સારંગપુર આવ્યો. તે સમે શ્રીજીમહારાજ પોઢ્યા હતા. તે મૂર્તિનું ચિંતવન કરીએ છીએ.

સુંદર પલંગ, ને તે ઉપર મોટી તળાઈ, ને તે ઉપર મલમલનું શ્વેત ઓછાડ, ને તે ઉપર બે ગાલમસુરિયાં ને છાટમનું ઓશીકું ! તે સજ્યા કેવી છે, તો દૂધના ફીણ જેવી કોમળ છે ! તેની ઉપર શ્રીજીમહારાજ પોઢ્યા હતા. તે દક્ષિણાદું મસ્તક કર્યું હતું ને ઉત્તરાદાં ચરણ કરીને પોઢ્યા હતા. ને પોતે એક મલમલનો શ્વેત ચોફાળ ઓઢ્યો હતો. ને તે ઉપર એક છાટમની સૂક્ષ્મ ધડકી ઓઢી હતી. ને તેમની ચોકી મધ્યે સોમલા ને રતનજી આદિક જેવા ઘણાક ભૃત્ય જાગે છે.

એટલાકમાં તે વિપ્રે આવીને એમ કહ્યું જે, “શ્રીજીમહારાજ પોઢ્યા છે ? હું પત્ર લઈને આવ્યો છું.” ત્યારે મહારાજ જાગીને ઝટ એમ બોલ્યા જે, “કોણ છે ? કોણ છે ?” ત્યારે તે સર્વેએ એમ કહ્યું જે, “હે મહારાજ ! એ તો લક્ષ્મીરામ વિપ્ર નરેશનો પત્ર લઈને આવ્યો છે.”

ત્યારે મહારાજ તેને પોતાના ઢોલિયાની સમીપે બેસાડીને બોલ્યા જે, "હાં કહો, કેમ થયું ? તે સર્વે વાત કહી દેખાડો." ત્યારે તેણે મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! તે રાજા તમારો પત્ર વાંચીને ઘણા રાજી થયા.

ને આપણો જે દ્વેષી અમાત્ય વણિક તે ઉપરે રાજોભાઈ ને રૂપોભાઈ જે તમારા ભક્તને મોસલ કરીને મોકલ્યા છે. ને તે રાજાએ મુખજબાનીએ એમ કહ્યું છે જે, 'મહારાજને એમ કહેજે જે, તમે તત્કાળે શ્રીગઢડે પધારજો. " પછી તેમનો પત્ર કાઢીને શ્રીજીમહારાજના હસ્તકમળ મધ્યે આપ્યો. ત્યારે શ્રીમુખે કરીને પોતે વાંચ્યો. ને પોતે એમ બોલ્યા જે, "તેણે આ મોરછાપ તે કાગળની હેઠે કેમ કરી છે ?" ત્યારે તે વિપ્રે એમ કહ્યું જે, "હે મહારાજ ! ત્યાં પણ તેની સભાએ તેમને એમ કહ્યું જે, 'તમે પત્રને હેઠે મહોર કેમ કરો છો ?' ત્યારે તેમણે સર્વે સભાને એમ કહ્યું હતું જે, 'એ તો મહત્પુરુષ છે ને વળી ત્યાગી સંતોના ગુરુ છે ને વળી ભેખમાં ભગવાન રહે છે. તેમના તો ચરણ મધ્યે આપણી મહોર હોય. ને સર્વે લોકના પત્રમાં તો ઉપર મહોર ને મહારાજના પત્રમાં તો હેઠે જ હોય, તે ઠીક.' એમ તે બોલ્યા હતા."

એવી વાત સાંભળીને તેમની ઉપર શ્રીજીમહારાજ ઘણું રાજી થયા ને એમ બોલ્યા જે, **"विवेको दशमो निधिः। मूर्खाणां दशमो ग्रहः।[1]"** એમ કહીને સમગ્ર પત્ર વાંચ્યો. પછી તે સમે મુક્તાનંદસ્વામી આદિક જે ડાહ્યા સંત તથા ઉત્તમ રાજા ને ભગા શેઠ આદિક હરિજનને કાગળ વંચાવીને એમ કહ્યું જે, "આપણે કેમ, ગઢડે જાવું ?" ત્યારે સર્વે એમ બોલ્યા જે, "હે મહારાજ ! જરૂર જાવું ખરું" એમ કહીને સવારે જમીને ચાલ્યા, તે દુર્ગપુરે પધારે છે.

૧. વિવેક એ દશમો નિધિ-ખજાનો છે, એટલે કે અતિ સુખદાયક છે, ને એ જેમાં ન હોય તેવા મૂરખાઓને તો હંમેશાં દશમો ગ્રહ એટલે કે દુઃખ જ હોય છે.

તે સમાની મૂર્તિનું ચિંતવન સંતજન ને હરિજનના પ્રતાપે શાસ્ત્રી લક્ષ્મીરામ કહે છે : તે સમે શ્રીજીમહારાજે કિનખાબનો સુરવાળ ને કિનખાબની રાતી ડગલી પહેર્યાં હતાં. ને માથે ભારે જરિયાની બુરાનપુરનો રેંટો બાંધ્યો હતો. ને એક શેલે કરીને ચોગઠ પાડીને કમર કસી હતી. ને એક લીલું શેલું ખંભે નાંખ્યું હતું. ને ઘણાંક હેમનાં અલંકાર ને પુષ્પનાં અલંકારને શોભાડતા થકા ને વળી ઘણાક અસ્વાર ને પાળાઓથી વિંટાણા થકા ચાલ્યા આવે છે. ને વળી ઘણાંક વાજાં જે ત્રાંસાં, ઢોલ, દુંદુભિ, શરણાઈઓ, ભૂંગળ, ભેરી, પડઘમ, ડફ, રવાજ વાગી રહ્યાં છે. ને કાંસિયાના કડાકા ને બંધૂકોના ભડાકા, મૃદંગ ને ઝાંઝના તડાકા થઈ રહ્યા છે. વળી ઘણું ગુલાલ ને અબીલ ઉડાડ્યું. તેણે કરીને અંબર તે સમે અરુણ થયો છે. તેમ ગાજતેવાજતે શ્રીજીમહારાજ દુર્ગપુરની બજાર મધ્યે પધાર્યા.

તે સમે સત્સંગના દ્રોહી જનને દબાવીને ને અવિદ્યારૂપી રાત્રીને ટાળ્યાને અર્થે જાણે સૂર્ય તુલ્ય શ્રીજીમહારાજ ઉદય થયા ! ને ત્યારે ત્યાંનાં હરિજન બાઈઓ ને ભાઈઓના શોકને પોતાની મૂર્તિનાં દર્શન આપીને હરતા હતા. પછી તે હરિજને ઘણાક પૂજાના ઉપચારે કરીને શ્રીજીમહારાજને પૂજ્યા. પછી તેમ ઘણાંક ઉચ્છવ, કથા ને વારતા કરતે ગઢડા મધ્યે દિવસ નિર્ગમન કરતા હતા. ઈતિ સારંગપુર તથા દુર્ગપુરનું આખ્યાન સમાપ્ત થયું.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'સારંગપુરમાં જન્માષ્ટમી ઉત્સવ તથા દાદા ખાચરના દ્વેષીનો યુક્તિપૂર્વક પરાભવ' એ નામે બાવીશમું પ્રકરણ ॥૨૨॥



પ્રકરણ - ૨૩

કચ્છના કાળાતળાવથી દિવ્ય સ્વરૂપે વિચરણ કરતાં મેથાણ પધાર્યા

❈ હળવદમાં નારાયણજી વિપ્રને ઘેર પધારી તેમની ટેક રાખી

એક દિવસને સમે શ્રીજીમહારાજ સ્વેચ્છાએ ફરતાં ફરતાં ગામ **હળવદ** મધ્યે એકલા જ પધાર્યા'તા, તે પ્રકરણ લખીએ છીએ. તે ગામમાં એક દ્વિજ પરોક્ષ ભક્ત અકામી ને માને રહિત ને ઘણા શુભ ગુણે યુક્ત એવો **નારાયણજી** (જોષી) નામે વિખ્યાત હતો. તેણે શ્રીમદ્ભાગવતની પારાયણ કરાવીને એમ નિયમ લીધો જે, 'એક પખવાડિયા મધ્યે ગરીબનિવાજ ને ગૌ-બ્રાહ્મણ ને સાધુજન તેમની રક્ષાના કરનારા ને અનેક કોટિ બ્રહ્માંડના પતિ એવા જે નારાયણ જરૂર મને મળશે ખરા, ને જો મને એ ભગવાન પંદર દિવસમાં નહીં મળે, તો આ મારો દેહ હું ભગવાન સારુ ત્યાગ કરીશ.'

એમ કહીને અન્ન મૂકીને કુશાસન કરીને(દર્ભનું આસન-સાદડી પાથરીને) બેઠો. ને ભગવાનના દ્વાદશ અક્ષરના નામનો મંત્રજાપ કરવા લાગ્યો. તે સમે સર્વજ્ઞ, ભક્તવત્સલ, ગરીબનિવાજ ને દયાળુ છે સ્વભાવ જેમનો એવા જે શ્રીજીમહારાજ કચ્છ દેશમાં ગામ **તેરા** હતા ને ત્યાંથી **કાળાતળાવે** પધારી ભક્ત હરભમના ઘેર રહ્યા હતા. તે ઘર પ્રત્યેથી મહારાજ અજાચકવ્રતને(કાંઈ પણ ન માંગવાનું વ્રત) ધરીને તે બ્રાહ્મણની જન્મમૃત્યરૂપ કષ્ટથી રક્ષા કરવા સારુ ચાલ્યા[૧]. તે સમાની મૂર્તિનું ચિંતવન સંત હરિજનનો દાસ શાસ્ત્રી લક્ષ્મીરામ કરે છે.

શ્રીજીમહારાજે એક કૌપીન લપેટાની(એક પ્રકારના કાપડની) પેરી હતી. ને એક બહિર્વાસ પેર્યો હતો. ને એક શકલાદની[૨] ટોપી

૧.સં ૧૮૬૩ માં કચ્છમાં હતા, ત્યાંથી નીકળી મૂળજી બ્રહ્મચારીને કોઈક ગામમાં છોડી દઈને એકલા જ નીલકંઠવર્ણીનો વેશ ધારણ કરી દિવ્યરૂપે નીકળ્યા.

૨.ભરત ભરેલા મુલાયમ જાડા તારના કાપડની

મસ્તકે ધારી હતી. પોતાના કંઠને વિષે શાલગ્રામનો બટવો બાંધ્યો હતો. ને જમણી ભુજાએ ગીતાનો ગોટકો બાજુબંધની પેઠે બાંધ્યો હતો. ને એક જલપાત્ર જે કાષ્ઠની કઠારી ને જળગરણું તે જમણા હસ્તકમળને વિષે શોભાયમાન હતું. ને પંચકેશને[૧] ધરી રહ્યા'તા. ને શોભાયમાન હતું કલેવર જેનું ને મંદમંદ હાસ્યને કરતા હતા. ને વર્ણીન્દ્ર એવા જે શ્રીજીમહારાજે ચરણને વિષે સુંદર પનૈયા(પાદુકા) પેરી હતી.

ને ત્યાંથી શીઘ્ર ચાલ્યા, તે ગામ ને પુર ને ખેટ(ખેડૂતોનાં નાના ગામ) ને ખર્વટ[૨] ને વન-પર્વત ને તડાગ-સરીતાને ઉલ્લંઘન કરતે સતે તે બે દિવસ સુધી ઉપવાસ કર્યા. ને ત્રીજે દિવસે પોતે એક ગામ **માનસર**ની બજાર મધ્યે ચાલ્યા આવે છે. એટલાક મધ્યે એક વિપ્ર નાગર નામે રસોઈ જમીને અતિથિનો ભાગ કાઢ્યો હતો, તે લઈને પશ્ચિમ દિશા ઉપરે ચાલ્યો. ત્યાં તો પૂર્વ દિશાએથી સામા શ્રીજીમહારાજ ચાલ્યા આવે છે. તે સામા મળ્યા ત્યારે તેણે સાધુ જાણીને એમ કહ્યું જે, "હે મહાસાધુ ! તમે ભૂખ્યા છો ?" ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હા." ત્યારે તેણે કહ્યું જે, "હે સાધુ, લ્યો." ત્યારે મહારાજ કઠારી બગલ મધ્યે રાખીને બેઉ હસ્તકમળ ભેળા કરીને કરપાત્ર મધ્યે ભિક્ષા લઈને જમવા લાગ્યા.

તે પાતળી બે રોટલી ગોધુમની(ઘઉંની) હતી, ને કિંચિત્ ભાત ને કિંચિત્ દાળ હતાં, તે અન્ન સર્વે થઈને આસરે પંદરથી વીસ રૂપિયા ભાર હતું. તે જમીને પછી તે ગામનો ત્યાગ કરીને ચાલ્યા, તે અરણ્યને વિષે (હળવદ તાલુકાના દેરીયાળી ગામ નજીક) શિવમંદિર પાસે એક શીંગડિયોનું વૃક્ષ[૩] હતું. તેની શીંગ તોડીને જમ્યા. તેથી પોતાનો કંઠ રૂંધાવા લાગ્યો. ને પોતાને પ્રતાપે કરી તે ગરલના(ઝેરના) દોષને

૧.શરીરમાં અધોભાગ, બન્ને બગલ, દાઢી, મૂછ ને મસ્તકે વાળ રાખ્યા છે.
૨.આસપાસમાં આવેલાં નાનાં ગામડાંઓને ખરીદી કરવાનું મોટી બજારનું ગામ
૩.શિંગડિયો વછનાગ નામની એક ઝેરી વનસ્પતિ

ટાળતા થકા **શ્રીહળવદની** સમીપે આવ્યા. ને પોતે ઊંચે સ્વરે કરીને વેદ-સ્તુતિને બોલતા આવે છે,

'जय जय जह्याजामजित ! दोषगृभीतगुणां
त्वमसि यदात्मना समवरुद्धसमस्तभगः ।'[૧]

એમ શ્રીજીમહારાજ એકલા જ બોલે છે. ને તેનો શબ્દ શોભાયમાન થાતો હતો. ત્યારે સંધ્યા સમય હતો. તે ગામના સરોવરને વિષે ઘણાક વિદ્યાવાન દ્વિજ સંધ્યાવંદન કરતા હતા. તેમને તો એમ જણાણું જે, 'ઘણાક બ્રાહ્મણ વેદની ધૂન કરે છે.' તેથી તેમણે કહ્યું જે, "આ તે ઘણાક બ્રાહ્મણ કોણ ભણે છે ? ને અતિ શોભાયમાન શબ્દ તે સર્વે જન પ્રત્યે હર્ષને ઉપજાવે છે!"

પછી તે દ્વિજોના ગુરુએ તેમના સર્વે વિદ્યાર્થી દ્વિજોને કહ્યું જે, "અરે વિદ્યાર્થીઓ ! તમે જુઓ જે, આ તળાવની પાળ હેઠે કોણ ભણતા આવે છે ?" ત્યારે કોઈક વિદ્યાર્થીએ જોયું, ત્યાં તો શ્રીજીમહારાજને એકલા જ શીઘ્રતાથી ચાલ્યા આવતા જોયા. તે જોઈને તે વિદ્યાર્થીએ કહ્યું જે, "હે ગુરુ ! એક મહત્પુરુષ બ્રહ્મચારી તે વામનજીથી અધિક રૂડા ને ચારે વેદની મૂર્તિ જેવા ને કાં તો પૃથ્વીનો ભાર હરતલ સાક્ષાત્કાર વિષ્ણુ જેવા આવે છે, તે તમે જુઓ તો ખરા ! જેમ અમારા ચિત્તને તાણ્યું છે, તેમ જ તમારા ચિત્તને તાણશે ખરા !"

ત્યારે તે સર્વે દ્વિજ ઊભા થાય એટલામાં તે સર્વે દ્વિજના મંડળ પ્રત્યે શ્રીજીમહારાજ આવ્યા. ને તે મધ્યે નારાયણજી વિપ્ર પણ ત્યાં

૧.કાળમાયાદિક કોઈથી જિતાઓ નહીં એવા હે ભગવાન્ ! તમે જયકારી પ્રવર્તો, કે'તાં તમારા સર્વોપરિ મહિમા-પ્રતાપને પ્રગટ કરતાં થકાં બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયને કરો છો. અને તેમાં તમે અવતાર લઈને દેહધારી જીવોને તમારા સ્વરૂપનું સાક્ષાત્ જ્ઞાન કરાવીને તેમની દોષરૂપ ત્રણ ગુણોવાળી અનાદિ માયાનું બંધન ટાળીને તેમનો મોક્ષ કરો છો. કારણ કે, તમને તો સમગ્ર અસાધારણ દિવ્ય ઐશ્વર્ય સ્વયંસિદ્ધ હોવાથી તમે તેમ કરવા સમર્થ છો. (ભાગ : ૧૦/૮૭/૧૪)

હતા. જેમણે પ્રતિજ્ઞા કરી છે જે, 'અર્ધ માસમાં જો મારે ભગવાનનાં દર્શન ના થાય તો મારો દેહ ત્યાગ કરીશ.' એ પ્રતિજ્ઞાવાળા વિપ્ર પ્રત્યે મહારાજ એમ બોલ્યા જે, "તારું નામ નારાયણજી છે." ત્યારે તેમણે એમ જાણ્યું જે, 'આ સર્વજ્ઞ એવા ઈશ્વર છે.' પછી મહારાજે તે પ્રત્યે એમ કહ્યું જે, "તમે અમને જળ પાવો." ત્યારે તે વિપ્રે મહારાજની કઠારી ને જળગરણું લઈને સરોવર મધ્યેથી જળ ગાળીને પાયું.

એટલાક મધ્યે પોતાનાં જે સંચિત, પ્રારબ્ધ ને ક્રિયમાણ પાપ તે બળી ગયાં. ને તે દિવસે તે દ્વિજને ચૌદમો ઉપવાસ હતો, તોપણ મહત્પુરુષ જાણીને સેવા કરી ને પ્રીતિપૂર્વક જળ પાયું. ને પોતાના અંતઃકરણને વિષે ત્રિવિધિ તાપે બળતા હતા, તેથી ઘણાક શાંત થયા. પછી મહારાજને આસન નાંખી દીધું ને સર્વે વિપ્રે હાથ જોડીને નમસ્કાર કર્યા. ને તે દ્વિજે મહારાજને એમ પ્રશ્ન પૂછ્યો જે, "તમે બ્રાહ્મણ છો કે ક્ષત્રિય છો ? વૈશ્ય છો કે શૂદ્ર છો ? ને અમને તો તમે બ્રાહ્મણ જેવા જણાઓ છો, પણ તમારે યજ્ઞોપવિત નથી, માટે તમારી જાત ગુપ્ત(અજાણી) છે, તેથી તમોને અમે પૂછીએ છીએ." ત્યારે પોતે આ શ્લોક બોલ્યા,

गुरुर्न स स्यात्स्वजनो न स स्यात्पिता न स स्याज्जननी न सा स्यात्।
दैवं न स स्यान्न पतिश्च स स्यान्न मोचयेद्यः समुपेतमृत्युम्॥[1]

તે શ્લોકે કરીને તેને સમજાવીને પછી શ્રીજીમહારાજ સર્વે દ્વિજે સહિત તે પુર પ્રત્યે પધાર્યા. પછી ત્યાં એક શિવનું મંદિર આવ્યું, તેનાં સર્વેએ દર્શન કર્યાં. પછી એક લક્ષ્મીનારાયણનું મંદિર આવ્યું, તેનાં દર્શન કરીને શ્રીજીમહારાજ હનુમાનજીના મંદિર પાસે ઊભા રહ્યા.

૧. જે જીવને કાળના મોઢામાંથી છોડાવી શક્તો નથી, તે સગો સગો નથી, તે પતિ પતિ નથી, તે પિતા પિતા નથી, તે માતા માતા નથી, તે ગુરુ ખરેખર ગુરુ નથી, તે દેવતા દેવતા નથી. (ભાગ.૫/૫/૧૮)

પછી તે નારાયણજી આવીને શ્રીજીમહારાજને નમસ્કાર કરીને બોલ્યા જે, "હે મહારાજ ! તમે મારા ઘર પ્રત્યે પધારો, ને જેવી મારાથી તમારી ચાકરી બની આવશે તેવી હું કરીશ. હે સર્વજ્ઞ ! હે સર્વે લોકના સ્વામી ! હું તો તમારી મૂર્તિને વિષે અનંત ઐશ્વર્ય ને અનંત તેજને દેખું છું, એવા તમે કોણ છો ? તમે તો મારા મોક્ષને અર્થે પધાર્યા છો, મારું સદન પવિત્ર કરો."

તેમનો આવો ભક્તિ ભાવ જોઈને તેમના ઘર પ્રત્યે મહારાજ પધાર્યા. તેમણે મહારાજને સુંદર પાટ ઢાળી આપી ને તે ઉપર એક ગાદલું બિછાવીને તકિયો નાખી આપ્યો. તે ઉપર મહારાજ બિરાજમાન થયા. પછી તે વિપ્રે મહારાજને એમ પૂછ્યું જે, "હે મહારાજ ! આજ તો અમારે સર્વેને એકાદશીનો ઉપવાસ છે, તે તમારે સારુ કહો તો રસોઈ કરાવીએ." ત્યારે મહારાજે તે વિપ્રને એમ કહ્યું જે, "અમારે પણ એકાદશી છે." ત્યારે તે વિપ્ર એક શેર પેંડા લાવ્યા. ને પછી તે શાલિગ્રામને નૈવેદ્ય ધરાવાને ગયા ને તે વાંસે મહારાજ ગયા.

તે વિપ્ર મહારાજને પીઠ કરીને નૈવેદ્ય ધરે છે, ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "હે નારાયણજી, એક વાત કહું છું જે, 'નાની કન્યા હોય ત્યારે ઢીંગલાની રમત રાખે ખરી, પણ મોટી થાય ને તેને પરણાવે ત્યારે તેને સાસરે જાય ને તેના પતિ સંગાથે હેત થાય ત્યારે તેના બચકામાં(પોટલામાં-થેલામાં) ઢીંગલા બાંધીને સાસરે જાય તો તેનાં સાસરિયાં ને તેનો પતિ તેને મૂરખ કહે ખરા' તેમ ભગવાન પ્રગટ હોય ત્યારે આમ સમજવું."

પછી પેંડા લાવીને મહારાજને આપ્યા. પછી શ્રીજીમહારાજે એક એક પેંડો સર્વે બેઠા હતા, તેમને વહેંચી દીધા. ને બે પેંડા રહ્યા, તે પોતે જમ્યા. પછી મહારાજ તે બ્રાહ્મણ પ્રત્યે ઘણી વાત કરીને એમ બોલ્યા જે, "તું દેહ મૂકવાનો વિચાર કરે છે કે, પરમ દિને હું દેહનો

ત્યાગ કરીશ, પણ જે કોઈ ભગવાને આ દેહ પ્રત્યે જીવને પમાડ્યો છે, તેના હુકમ વિના આત્મઘાત કરીને જે દેહને મૂકે છે, તેને તો આ જો જમપુરીને તું દેખ...”

ત્યારે તે વિપ્રે જમરાજા સહિત ઘણાક મહા ભયાનક જમદૂતને દેખ્યા. તે જમરાજાએ તેને પકડ્યો છે ને તે જમરાજાએ કહ્યું જે, “તારા ઘેરે આવ્યા તે સર્વે લોકના સ્વામી છે.” ત્યારે તેમ દેખતા પણ હતા. પછી મહારાજની મૂર્તિ દ્વારા રક્ષા કરાયો થકો પોતાના દેહ પ્રત્યે આવીને ઘરમાં દેખે છે, તો ત્યાં શ્રીજીમહારાજ એકલા જ પાટ ઉપર બિરાજે છે ને રાત્રિ મધ્ય ગઈ છે. ત્યારે તેમને મહારાજે એમ કહ્યું જે, “તારે મનને જાણે તું હવે દેહ ત્યાગી શકે નહિ.” ત્યારે વિપ્રે એમ કહ્યું જે, “ત્રાહિ મામ્, હે સમર્થ ! જન્મમરણરૂપી કષ્ટ તેથી તમે મારી રક્ષા કરવા જોગ્ય છો, ને હવે જેમ તમે કહેશો તેમ જ હું તો કરીશ.” ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “તું સૂઈ રહે.” ત્યારે તેમણે મહારાજને એમ કહ્યું જે, “તમે આ પાટ ઉપર પોઢો ને હું તો કુશાસન(દર્ભની સાદડી) ઉપર સુઉં છું.”

ત્યારે શ્રીજીમહારાજ તે બ્રાહ્મણ પ્રત્યે એમ બોલ્યા જે, “અમે પણ તારી ભેગા દર્ભની પથારી ઉપર જ સૂઈશું.” તેમ તે રાત્રિએ તે વિપ્ર ભેગા પોઢ્યા. ને જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ ને જન્મમૃત્યુનો વિચાર ને આત્મહત્યાદિક દોષને દેખાડીને કાલત્રાસ દેખાડ્યો. ને તેની અપમૃત્યુથી રક્ષા કરી. અને તેમને પોતાના સ્વરૂપની દૃઢતા કરાવી.

પછી તે વિપ્રે કહ્યું જે, “હે મહારાજ ! તમે કોણ છો ? ને તમને કયો અવતાર કહેવો ?” ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “હે વિપ્ર ! અમે તો સ્વામિનારાયણના સાધુ છીએ.” ત્યારે વિપ્રે કહ્યું જે, “હે મહા સાધુ ! મને તો તમે ઈશ્વર જેવા જણાઓ છો.” ત્યારે શ્રીજીમહારાજે તેમને એમ કહ્યું જે, “હે વિપ્ર ! તેનું તો એમ છે જે,

અમારા અંતરને વિષે સદાકાળ સમર્થ એવા જે શ્રીકૃષ્ણ બિરાજમાન રહ્યા છે ને શ્રીકૃષ્ણના અંતરને વિષે હું સદાય પ્રેમે સહિત રહું છું. ને અમારું કહ્યું તે કૃષ્ણ કરે છે, ને કૃષ્ણનું કહ્યું તે અમે કરીએ છીએ. તેમ અરસપરસ સમજવું; એમ તું મને જાણ." એમ તે વિપ્રને સમજાવ્યું.

પછી તે વિપ્રે તેની સ્ત્રીને કહ્યું જે, "આપણા ઘેર તો કલ્યાણકારી નારાયણ પધાર્યા છે, તે સારુ તું શુદ્ધ ભાવે કરીને અતિ શ્રેષ્ઠ રસોઈ કર." પછી તેણે કરવા માંડી ત્યારે પ્રભાત કાળ થયો. ત્યારે મહારાજે તે વિપ્રને કહ્યું જે, "હવે મારે ના'વા જાવું છે." ત્યારે તેમણે એમ કહ્યું જે, "હે મહારાજ ! આપ પાયખાને દિશાએ જઈ આવો ને દંતધાવન કરો, પછી ઉષ્ણોદકે તમને સ્નાન કરાવું. ને તમારું જમવાનું તૈયાર થયું છે." ત્યારે શ્રીજીમહારાજે તેમને કહ્યું જે, "અમે તો ગામથી બાહેર ના'વા જાઈશું ને તુમ પણ હમારે ભેગા ચાલ. ને ગામ ધ્રાંગધ્રાને રસ્તે અમને ના'વા તેડી ચાલો." પછી મહારાજ ને તે વિપ્ર ચાલ્યા.

તે ઋતુ શીતકાલની હતી. તેથી વિપ્રે મહારાજને પોતાનો ચોફાળ ઓઢાડ્યો. પછી મહારાજ તો ગામ બહાર નીકળીને વિપ્રને 'જય સચ્ચિદાનંદ' કહી ધ્રાંગધ્રાને મારગે ચાલી નીકળ્યા. ત્યારે તે વિપ્રે મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! તમે તો કાલના ઉપવાસી છો, તે મારે ઘેર પારણું કરીને પધારજો." ત્યારે મહારાજ ઉતાવળા ચાલીને છેટું કરવા લાગ્યા. ત્યારે તે વિપ્ર દોટ કાઢીને મહારાજને પકડીને ઊભા રાખવા સારુ ગયા. ત્યારે મહારાજે તેમને કહ્યું જે, "લે તારો ચોફાળ !" ત્યારે તેમણે કહ્યું જે, "મારે તો ચોફાળ નથી જોઈતો. ને તમે ભૂખ્યા જાઓ છો તે મારું ભૂંડું થયું." (એમ) કહીને ફરીથી મહારાજને ઊભા રાખવા પકડ્યા.

ત્યારે શ્રીજીમહારાજ તેમના હાથ મધ્યેથી જોર કરીને હાથ મુકાવીને ચાલ્યા. ત્યારે વળી વિપ્ર શીઘ્ર વાંસે દોડ્યા. પછી મહારાજે

તેમને બિવરાવવા સારુ પથરા લઈને કોરેમોરે(તેની આજુબાજુ) નાખીને તેમને ડરાવીને ચાલવા લાગ્યા. પછી તે વિપ્ર નિરાશ થઈને ઊભા છે ને રુએ છે, ને તે સામું મહારાજ જુએ છે. એટલાક મધ્યે તે ગામનું એક ગાડું નીકળ્યું. તે ગાડાવાળાએ નારાયણજીને કહ્યું જે, "તમે કેમ રુઓ છો ?" ત્યારે તેમણે એમ કહ્યું જે, "અરે ભાઈઓ ! મારા ગુરુ ભૂખ્યા જાય છે, તેમને તમે તમારા ગાડા ઉપર બેસારીને કાંઈ જમ્યાની વસ્તુ હોય તે આપજો."

ત્યારે તે ગાડાવાળા વિપ્રે મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! ઊભા રહો ને અમારા ગાડા ઉપર બેસો. અમારું ગાડું ધ્રાંગધ્રાને મારગે જાય છે, જોજન એક સુધી ગાડા પર બેઠા થકા આવો." ત્યારે મહારાજનો સ્વભાવ કેવો છે, તો ગરીબનવાજ ને ગૌ, બ્રાહ્મણ, ગરીબ ને સાધુ તેમના ઉપર કૃપાળુ છે, એવા મહારાજે તે વિપ્રને ઊંચે સ્વરે કરીને તેમનું નામ લઈને પોતા પાસે તેડાવ્યા. પછી તે પ્રત્યે મધુર વચન બોલ્યા જે, "તુમ બેફીકર રહો ને અમે મહારુદ્ર કરશું ત્યાં તમે આવજો, ત્યાં આપણો મેળાપ થાશે ખરો."

એમ કહીને તેમને રાજી કર્યા. પછી એક વાવ આવી ત્યાં મહારાજને તે વિપ્રે નવરાવ્યા ને પછી તે ગાડા ઉપર પધરાવ્યા. ને તે ગાડાવાળા પાસે પલાળેલો બાજરો હતો, તે મહારાજને અપાવ્યો. પછી તે વિપ્ર નારાયણજીને મહારાજે એમ કહ્યું જે, "તારે પંદર ઉપવાસ પૂરા થઈ રહ્યા છે ને જો અમે પણ બાજરો જમીએ છીએ ને તું પણ ઘરે જઈને જમજે. તારું વ્રત પૂરું થયું." એમ કહીને તેમને પાછા વાળ્યા.

❉ પાંણદ્રામાં હીરજી ખવાસના સદાવ્રતમાં જમી ધ્રાંગધ્રા પધાર્યા

પછી શ્રીજીમહારાજ કિંચિત્ બાજરો જમ્યા. પછી તે ગાડાવાળા છાણાં વીણવા આવ્યા હતા, તે તો આસરે બે ત્રણ ગાઉ આવ્યા ત્યારે તેણે એમ કહ્યું જે, "હે બાવા, અમે તો હવે આંહીં ગાડું ઊભું રાખીને

છાણાં વીણીશું." ત્યારે તેને મહારાજે એમ કહ્યું જે, "તુમ હમકું ધ્રાંગધ્રા કા રસ્તા બતાવો." પછી તેણે રસ્તો બતાવ્યો. તે શ્રીજીમહારાજ ચાલ્યા. તે **પાંણધ્રા** નામે એક ગામ આવ્યું. તે મધ્યે એક હીરજી નામે ખવાસ[1] હતો, તેનું સદાવ્રત ચાલતું હતું. તે એક શેર આટો, પાશેર દાળ ને નવટાંક(નવ પૈસાભાર; ૬૨.૫ ગ્રામ) ઘી દેતો હતો.

તેનું પુણ્ય ઉદય થયું, તેથી ત્યાં શ્રીજીમહારાજ ગયા. તે જગ્યા ઉપર સદાવ્રત દેનારો વિપ્ર હતો. તેણે એમ કહ્યું જે, "હે બ્રહ્મચારી ! તમે સદાવ્રત લ્યો." ત્યારે મહારાજે જળગરણું પાથર્યું, તે મધ્યે આટો નાંખ્યો. ને પછી તેણે કહ્યું જે, "હે વર્ણિરાજ ! દાળ ભિન્ન(અલગ-જુદી) લો." ત્યારે મહારાજે એમ કહ્યું જે, "આટા મધ્યે નાંખો. કેમ જે, અમારી પાસે બીજું વસ્ત્ર નથી." ત્યારે તેણે આટા મધ્યે આપી. ને ઘી આપ્યું. તે પણ આટા ને દાળ મધ્યે નાખીને, તે મધ્યે જળ નાંખીને શાલિગ્રામજીને આગે નૈવેદ્ય ધરી જમવા માંડ્યું.

ત્યારે તે વિપ્રે ગરણું લઈ લીધું ને એમ કહ્યું જે, "હે મહારાજ ! તમે કાચું અન્ન કાં જમો ?" ત્યારે મહારાજે તેને એમ કહ્યું જે, "અમે તો પ્રભાતે શાલિગ્રામજીને કાચો પલાળેલો બાજરો જમાડ્યો છે, તેથી અમે પણ કાચું અન્ન જમીએ છીએ. ને હે વિપ્ર ! અમે હાથે રસોઈ કરતા નથી." ત્યારે તેણે એમ કહ્યું જે, "હે વર્ણિરાજ ! તમારા શાલિગ્રામજીને અમારે ઉતારે જમાડીશું. ને તમે પણ અમારે ચોકે પ્રસાદ લ્યો." (પછી મહારાજે હા કહી) તેમ શ્રીજીમહારાજ બીજે દિવસે રસોઈ જમ્યા. તેની વિગત જે, ભાત, દાળ ને રોટલી ઘણુંક ગરથે સહિત જમ્યા. આમ તે સદાવ્રતીનું પુણ્ય સુફળ કરીને ત્યાંથી પધાર્યા, તે ગામ **ધ્રાંગધ્રે** પધાર્યા.

પછી રાત્રી ચાર ઘડી ગઈ ત્યારે, એક હાટ મધ્યે એક વણિક બેઠો હતો, તેને પૂછીને ત્યાં ઊતર્યા. તેણે એક તૃણની સાદડી નાંખી,

૧.રજવાડામાં હજૂરિયાઓની ઊભી થયેલી જ્ઞાતિ

તે ઉપર મહારાજ બિરાજમાન થયા. તે વણિકે મહારાજને કહ્યું જે, "તમે રામકથા વંચાય છે ત્યાં આવશો ? કેમ જે હું ત્યાં સાંભળવા જાઉં છું." પછી મહારાજ તેની ભેળા ચાલ્યા ને ત્યાં પધાર્યા. ને ત્યાં વૈરાગીને એક પ્રશ્ન પૂછ્યો, ને તેનાથી ઉત્તર ન થયો. તે વેરાગી સંતનો શત્રુ હતો, તેથી તે ખીજીને એમ બોલ્યો જે, "આ તો જીવનમુક્તા ! ક્યાંથી આવ્યા ?" ત્યારે તેને મહારાજે કહ્યું જે, "અમે તો રમતા સાધુ હે ને ગાંજા પીતે હે." તેમ તેને (ખોટું કહીને) સમઝાવ્યો. ત્યારે તેણે એમ કહ્યું જે, "જીવનમુક્તા હોતા તો ગાંજા નો પીતા." તેમ તેની ઠેકડી કરી કહ્યું જે, "અમે તો જીવનમુક્તા નહીં હે." એમ ઉત્તર કરીને વણિકના હાટ પ્રત્યે આવ્યા.

❁ મેથાણ પધારી રહેલ શ્રીહરિનાં જીજીબાને ધારણામાં દર્શન

અને તે રાત્રી તે ગામ મધ્યે રહીને પ્રભાતે મેથાણને મારગે ચાલ્યા. તે રાત્રીને વિષે મેથાણમાં મોટા હરિજન કાકાભાઈ ને પૂજાભાઈના બેન મોટા હરિજન જીજીબાને નિરાવરણ દૃષ્ટિએ શ્રીજીમહારાજનાં દર્શન થતાં હતાં. તે બાઈ ત્યાગી ને સાંખ્યયોગી એવાં સમાધિનિષ્ઠ હતાં. તે બાઈએ તેમના ભાઈ જે કાકાભાઈ પ્રત્યે એમ કહ્યું જે, "શ્રીજીમહારાજ શ્રીધ્રાંગધ્રાને મારગે એકલા જ પાળા છે(પગે ચાલીને આવે છે.) ને વળી ભૂખ્યા છે. વળી કોમળ ચરણે ભંભોલા(ફોડલા) પડ્યા છે, એવા જે મહારાજ, તેમનાં મને દર્શન થાય છે. મારી દૃષ્ટિને કોઈ આવરણ નથી કરતું."


પછી તે બાઈએ વહેલાં ઊઠીને સ્વચ્છ(સ્નાનાદિકથી પવિત્ર) થઈને મહારાજ સારુ સુંદર રસોઈ કરી. ને પ્રભાતે કાકાભાઈને ભારે ઘોડી ઉપર ચડાવીને તેમના હાથ મધ્યે રસોઈનાં પાત્ર વસ્ત્રે બાંધીને આપ્યાં. ને રૂપાનો પોટલિયો(પાણી ભરવાની મશક) જળે ભરીને સાથે આપ્યો. ને કાકાભાઈ તતકાળ મહારાજની સામા ચાલે છે. ને તે સમે સર્વેજનને

આશ્ચર્ય થતું હતું. પછી તે ચાલ્યા તે જોજન એક ઉપરે શ્રીજીમહારાજ ચાલ્યા આવે છે, તેમને કાકાભાઈએ દેખ્યા.

તે પ્રત્યે શ્રીજીમહારાજ બોલ્યા જે, “હે ભક્ત ! તને કેમ ખબર થયા ? કોણે એમ કહ્યું જે, મહારાજ આવે છે.” ત્યારે તેમણે એમ કહ્યું જે, “હે મહારાજ ! જીજીબાને તમારાં દર્શન ધારણા મધ્યે થયાં. તેમણે મોકલ્યો, તેથી હું આવ્યો છું.” પછી મહારાજે કહ્યું જે, “અમે થાક્યા પણ છીએ ને ભૂખ્યા પણ છીએ.” ત્યારે તેમણે એમ કહ્યું જે, “આ સુંદર લીંબડાનું વૃક્ષ છે, તે હેઠે બિરાજો.” પછી તેમણે મહારાજને કામળી પાથરી આપી. પછી જળે કરીને ચરણ ને હાથ ધોવરાવીને જમાડ્યા. પછી ચળુ કરાવીને મુખવાસ આપી જમાડ્યો. પછી ઘોડી ઉપર બિરાજમાન કરીને **મેથાણ** મધ્યે પધાર્યા.

તે ગામના હરિજનોએ ઘણાં વાજિંત્ર વગાડીને સામૈયું કર્યું. ને ગુલાલ-અબીલ ઉડાડ્યાં. પછી હાર, ચંદન, અક્ષત ને કુંકુમાદિકથી પૂજાતા થકા ગામ મેથાણ મધ્યે કાકાભાઈના દરબાર મધ્યે બિરાજમાન થયા. તેમ ઘણા દિવસ સુધી ત્યાં બિરાજમાન રહીને ડભાણ મહારુદ્ર કરશે. ઇતિ જોશી નારાયણજીને દર્શન દીધાં, તે હળવદનું આખ્યાન સમાપ્ત થયું.

ઇતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે ‘કચ્છના કાળાતળાવથી દિવ્ય સ્વરૂપે વિચરણ કરતાં મેથાણ પધાર્યા’ એ નામે ત્રેવીશમું પ્રકરણ ॥૨૩॥



પ્રકરણ - ૨૪

શ્રીહરિને ધરમપુર પધારવા કુશળકુંવરબાઈનો વિનંતિપત્ર અને શ્રીહરિનું ધરમપુર પ્રયાણ

એક દિવસને વિષે શ્રીજીમહારાજ ગામ દુર્ગપુરને વિષે બિરાજમાન હતા. તે સમાને વિષે ધર્મપુરના બાઈ શ્રીકુશળકુંવરે પત્ર (લખીને), નાગરવેલનાં પાન, પૂજા, મીઠાઈ, મેવા, મુખવાસ ને ઘણાક પ્રકારનાં અથાણાં તથા વસ્ત્ર ને અલંકારાદિક ઘણીક વસ્તુ બે ઘોડા ઉપર ભરાવીને જે એક તો દ્વિજ ને બીજો ક્ષત્રિય હતો, તે બે મનુષ્ય તેમને દુર્ગપુર મોકલ્યા. તેઓ શ્રીજીમહારાજ પ્રત્યે આવ્યા ત્યારે દ્વારપાળે રોક્યા. ને દ્વારપાળે જઈને મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! ધર્મપુરથી મોકલેલા બે રાજપુરુષ આવ્યા છે, તેમને આવવાની રજા છે ? ત્યારે મહારાજે કહ્યું જે, "તું એક ક્ષત્રિયને આવવા દે." ત્યારે તેણે તેને હુકમ કર્યો. ત્યારે તે ક્ષત્રિય મહારાજ પાસે આવ્યો.

તેણે કોઈ દિવસ મહારાજને દીઠા નથી, પણ તેણે પોતાની બુદ્ધિએ કરીને મહારાજને ઓળખીને પ્રીતિપૂર્વક નમસ્કાર કર્યા. ત્યારે મહારાજ મંદમંદ હસતા થકા તે પ્રત્યે મધુર વચને એમ બોલ્યા જે, "તમે અમને કેમ ઓળખ્યા ?" ત્યારે તેણે કહ્યું જે, "હે સમર્થ ! તમારો પ્રતાપ ચૌદે લોક પ્રત્યે વ્યાપીને રહ્યો છે. ને હે મહારાજ ! આ સમાને વિષે તમારા કલેવરને વિષે હું અસંખ્ય સૂર્ય ને ચંદ્રના પ્રકાશને દેખું છું. હે મુનિ ! એ મારાં મોટાં ભાગ્ય જે મને તમારાં દર્શન થયાં. હે આદિપુરુષ ! તમારું જે આ તેજ તે તમારી મૂર્તિને વિષે સમાવો."

એમ તેણે સ્તુતિ કરી ત્યારે તેને મનુષ્યાકાર મૂર્તિ દેખાઈ. પછી તેણે બાઈએ જે પત્ર લખ્યો હતો, તે કાઢીને શ્રીજીમહારાજને આપ્યો. તે સમેની શ્રીજીમહારાજની મૂર્તિનું ચિંતવન હું શાસ્ત્રી લક્ષ્મીરામ સંત

ને હરિજનની કૃપાથી કરું છું, શ્રીજીમહારાજે તે સમે નીલા કિનખાબનો સુરવાળ પેર્યો હતો ને નીલી કિનખાબની ડગલી પેરી હતી. મસ્તકે સોનેરી રેંટો બાંધ્યો હતો ને કટી ઉપર નીલું શેલું ચોગઠ પાડીને બાંધ્યું હતું. એક લીલા રંગને શેલે કરીને પલાંઠી વાળી હતી. ને ઘણાંક હેમનાં અલંકાર ધાર્યાં હતાં. ને ઘણાક પુષ્પના હાર, ચંદન ને અત્તરે કરીને વપુ શોભાયમાન છે.

તે સમે રાજપુરુષે પત્ર કાઢીને મહારાજનાં હસ્તકમળ મધ્યે આપ્યો. તે કાગળ કેવો હતો, તો હેમના છે શુભ અક્ષર જેમાં, ને વળી દીન વચનની ઘણીક છે ઉપમા જેમાં, ને ઘણીક આવરદાને મૂકીને(અર્થાત્ તમો સો વરસના થાઓ અથવા અમારું આયુષ્ય તમને મળો એવી ભાવનાથી) લખ્યો છે.

'સ્વસ્તિ શ્રીઅનિર્દેશ મહાશુભ સ્થાને સર્વે શુભ ઉપમા લાયક પતિતપાવન, અશરણશરણ, ગરીબનવાજ, ગૌબ્રાહ્મણના પ્રતિપાળ, હે દયાળુ ! હે કૃપાળુ ! હે પતિતજનતારણ ! હે હરે ! હે ત્રિવિધતાપનિવારણ ! હે સ્વામિન્ ! હે ભવાર્ણવતારણ ! હે સુખનિધે ! અને અનેક જીવના ઉદ્ધારણ અર્થે ધાર્યું છે મનુષ્યરૂપી કલેવર જેમણે એવા જે તમે ! અને હે ભગવાન ! તમે કેવા છો ? તો અનેક કોટિ બ્રહ્માંડના પતિ છો ને તેના પ્રકાશના કરનારા છો. અને હે અંતરજામી ! તમે સર્વે જનના અંતરની જાણો એવા છો. તમ પ્રત્યે જેણે આ પત્ર લખ્યો છે, તે હું ગરીબ છું, ને તમે તો ગરીબનવાજ છો. તે મારી ગરીબની વિનંતી અંતરમાં ધારીને મહેરબાની કરીને હે મહારાજ ! મને દર્શનરૂપી દાન આપજો.' એવી રીતનો ઘણીક ઉપમાનો પત્ર હતો. તે પોતે શ્રીમુખે કરીને વાંચ્યો. ને પોતાના મનશું ત્યાં જાવાનો વિચાર કરીને ગુપ્ત રાખ્યો.

પછી તે રાજપુરુષ ઘણીક વસ્તુની સોગાત(કીમતી ભેટ) લાવ્યા હતા, તે શ્રીજીમહારાજ આગળ નિવેદન કરી. તેનાં નામ : દસ શેર

ભારે ચોખા જે બાઈ કુશળકુંવરબાએ પોતાને હાથે ફોલીને મહારાજને જમવા સારુ મેલ્યા હતા; તે આપ્યા. પછી ઈલાયચી, લવિંગ, તજ, તમાલપત્ર, જાયફળ, જાવંત્રી, સોપારી ચીકણ(એ જાતની સોપારી) ને વળી રૂપાના વરખ લગાડેલ ઘણાં પૂંગીફળ(સોપારી) તથા એવા જે ઘણાક પ્રકારના મીઠાઈમેવા ને શ્રીજીમહારાજને જમવાની ઘણા પ્રકારની વસ્તુઓ લાવ્યા હતા.

હવે અથાણાં લાવ્યાં હતાં, તેની વિક્તિ જે - રાયતી કેરી આદિ કેરી ને વળી વાંસનું, ખારેકનું, બીલાનું, આદાનું, કેરડાનું, કરમદાનું, હળદરનું, ગુંદાનું ને સતાવલ જે કંદમૂળ તેનું, એમ ઘણા પ્રકારનાં અથાણાં લાવ્યા હતા. ને તે મધ્યે ઘણા મૂલ્યવાળો હવેજ ઘણો નાંખ્યો હતો. અને મહારાજને હિંગ તથા લસણ ખપતું નથી, એવી તે બાઈને ખબર નહોતી તે સારુ તે મધ્યે નાંખ્યું હતું. તે બરણીઓ છોડાવી એટલે તે મધ્યેથી હિંગ તથા લસણની દુર્ગંધ છૂટી. એટલે શ્રીજીમહારાજે તે રાજપુરુષ પ્રત્યે એમ કહ્યું જે, “અરે ! રામ.. રામ.. આ સર્વે અથાણાં હમારે ખપે નહીં.”

તે રાજપુરુષ તો નવો નવો સત્સંગી હતો, તેથી મહારાજને એમ કહ્યું જે, “હે મહારાજ ! આ તો શુદ્ધ, ચોખ્ખું ને નાગર બ્રાહ્મણને ખપે તેવું છે. તેને તમે કેમ નકારું કર્યું ?” ત્યારે તે પ્રત્યે મહારાજે એમ કહ્યું જે, “તે મધ્યે લસણાદિક અભક્ષ પડ્યું, તેથી અમારે તો જમવા યોગ્ય નહીં.” ત્યારે તેણે એમ કહ્યું જે, “અમને તો તે વાતની ખબર નહીં, ને હે મહારાજ ! પચ્ચીસ રૂપિયાનો હવેજ તે અથાણા મધ્યે નાંખ્યો છે.”

❁ ધર્મલોપ કરનાર પ્રાગજી દવેનું હેત જોઈ સત્સંગમાં રાખ્યા

ત્યારે ધર્મધુરીધરણ એવા જે મહારાજ એમ બોલ્યા જે, “આ વસ્તુ તો ઉકરડે નાંખી આવો. ને તે અભક્ષ વસ્તુ અમારે ને અમારા સંતને તથા અમારા હરિજનને ખપે નહીં.” એમ મહારાજે કહ્યું. તોય

સ્વાદ ભૂંડો છે, તેથી નથી જીતી જિહ્વા જેમણે એવા જે દવે પ્રાગજી તે સમે બોલ્યા જે, “હે મહારાજ ! તમે કહો તો આ અથાણું હું રાખીને ધોઈને ખાવું.” ત્યારે મહારાજે તેને એમ કહ્યું જે, “ધોઈને લસણ કાઢી નાંખીને ખાજે.” પછી તે લઈ ગયા ને તેમને તેમ ખાવા લાગ્યા.

તે પ્રતિદિવસ આવ્યો ત્યારે લસણની દુર્ગંધી થઈ. ત્યારે મહારાજે એમ કહ્યું જે, “અરે, આ લસણ કેણે ખાધું છે ? હાં...બોલો.” તે સમે કોઈ બોલ્યું નહીં. ત્યારે સુરા ખાચરે એમ કહ્યું જે, “હે મહારાજ ! કોઈક પાસે સૌનાં મુખ સુંઘાડો એટલે તે કળાશે ખરો.” ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “આ ઠીક કહે છે, તેમ કરો.” ત્યારે પ્રાગજીએ એમ જાણ્યું જે, ‘સર્વજ્ઞ એવા જે મહારાજે મારું કપટ જાણ્યું.’ પછી તે નિષ્કપટ થઈને બોલ્યા જે, “હે કૃપાનાથ ! એ તો મેં ખાધું છે.”

ત્યારે મહારાજે કહ્યું જે, “તેં મારું વચન લોપ્યું છે, તેથી હવે અમારે તારો ખપ નથી. ને તેં તો એમ કહ્યું હતું જે, ‘લસણ કાઢી નાખીને ધોઈને ખાઈશ’ પણ તેં તો એમ જ લસણ ને હિંગ જે અભક્ષ તે સહિત જ ખાધું છે, માટે હવેથી તું અમારી પાસે આવીશ નહીં. ને વળી જેના અંતઃકરણને વિષે ધર્મ ન હોય ને જો તે અમારો સુહૃદ હોય ને તે અમને પ્રિય ને વ્હાલો હોય તોપણ તેનો અમે તત્કાળ ત્યાગ કરીએ, એવા અમે છીએ. એમ તમે સર્વે જાણજો.” એમ કહી પ્રાગજી પ્રત્યે શ્રીજીમહારાજ કટાક્ષ નેત્ર કરીને એમ બોલ્યા જે, “ઊઠ ! ભાગી જા !” ત્યારે તે ભયને પામીને રુદનને કરતાં થકાં પોતાની આસ્તા લઈને જતા રહ્યા.

પછી ગૌને, સંતને, બ્રાહ્મણને ને હરકોઈ ગરીબને દુઃખી દેખી દયાળુ થવાનો છે સ્વભાવ જેમનો એવા જે શ્રીજીમહારાજ સર્વે સભા પ્રત્યે એમ બોલ્યા જે, “તે ક્યાં ગયો ?” ત્યારે કોઈક મનુષ્યે એમ કહ્યું જે, “તે તો પુરનો ત્યાગ કરીને અરણ્યને રસ્તે ચાલ્યો ગયો છે.”

ત્યારે મહારાજ એમ બોલ્યા જે, “તેને અમારા ઉપર હેત છે ને વળી અમે ખાનપાને કરીને પાળ્યો છે, વળી તેની આજીવિકા અમે જ કરી આપી છે, પણ અમે તેનો તિરસ્કાર કર્યો છે, માટે તે મૂંઝાણો છે, તેથી રખે કૂવા મધ્યે પડીને અપમૃત્યુ(આપઘાત) કરે તો જગતમાં (આપણી) અપકીર્તિ થાય ને વળી બ્રહ્મહત્યા થાય. માટે તમે સર્વે જન જઈને તેને શોધી લાવો.”

ત્યારે ઘણા હરિજન તેને ગોતવા ગયા. ત્યારે તે તો એક કૂપ હતો, તેના કાંઠા ઉપર બેઠા બેઠા સ્તુતિના શ્લોક બોલે છે. તે સ્થળને વિષે સોમલા ખાચર આદિક પહોંચ્યા અને તેને એમ કહ્યું જે, “ચાલો, તમને મહારાજ બોલાવે છે.” ત્યારે તે રાજી થઈને જ્યાં સુખનિધિ શ્રીજીમહારાજ બિરાજે છે, ત્યાં આવ્યા.

પછી મંદમંદ હસતા થકા શ્રીજીમહારાજ પ્રાગજી પ્રત્યે એમ બોલ્યા જે, “અમે તુંને લડ્યા(વઢ્યા) ત્યારે તું શો મનસૂબેથી પુર બારે ગયો હતો ?” ત્યારે તેમણે એમ કહ્યું જે, “હે કૃપાનાથ ! હું તો કૂપ મધ્યે પડવા ગયો હતો, પણ કૂપ તો ઘણો દુસ્તર ને વળી વિષમ ને ભયાનક ! ને તે મધ્યે ઘણાક સાપને મેં દીઠા. તેથી તે મધ્યે હું પડ્યો નહીં. ને હવે જેમ તમે કહેશો તેમ કરીશ.”

ત્યારે શ્રીજીમહારાજે તે વિપ્રને એમ કહ્યું જે, “અમારાં જે વચન તે તું દઢપણે પાળીશ ?” ત્યારે તેમણે કહ્યું જે, “સાચે જ હું પાળીશ, હે પ્રભુ !” ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “તારે હિંગ ને લસણ આદિક અભક્ષ વસ્તુ નો ખાવા, વળી સ્ત્રીમાત્રને અડવું નહીં. તેમજ જુવાન સ્ત્રી સાથે બોલવું પણ નહિ. તે વાતના આ ગામના દ્વિજને જમાન આપો.”

તે સમે દુર્ગપુરના સર્વે વિપ્ર ને બીજા સર્વે જનને ભેળા કરીને મહારાજે જમાન લીધા. તેમ તેમનું માન ભંગ કર્યું, તોપણ મહારાજ પાસે

રાજી થકા ઘણા શાસ્ત્ર ને પુરાણની કથા કરીને મહારાજને રાજી કરતા હતા. પછી સંત હરિજનને દર્શન-સ્પર્શનું સુખ આપતા થકા બિરાજતા હતા. અને તે ધર્મપુરના મનુષ્યને વળતો પત્ર આપીને રજા આપી.

❁ મુક્તાનંદસ્વામીએ વિવાહમાં ગાવા યોગ્ય કીર્તનો બનાવ્યાં

શ્રીજીમહારાજ ગઢડેથી ઉદાસી થઈને (જ્યારે) ગામ સુખપુરે પધાર્યા હતા. ત્યાં એક હરિજનનો વિવાહ હતો, તે ઠેકાણે સર્વે જન ભગવાનને ભૂલીને જગતને પ્રધાન રાખીને વર્તતાં હતાં. તેને જોઈને (ગઢપુર આવીને) મહારાજે મુક્તાનંદસ્વામી પ્રત્યે એમ કહ્યું જે, "હે સ્વામી ! આ વિવાહરૂપી અભિમાન જેવું બીજું કોઈ અભિમાન નથી. ને જે વિવાહરૂપી મદ્યપાન કરે છે, તે હરિજન હોય તોપણ તેના જીવનો કાંઈ ઠા રે'તો નથી. ને કોઈ મનુષ્યનું મૃત્યુ થયું હોય, તેને બાળવા ગયા હોય ત્યારે મનુષ્યને સ્મશાનમાં જ્ઞાન થાય છે જે, 'જેમ આ મૃત્યુને પામ્યો છે, તેમ જ આપણે પણ મરવું છે ખરું.' એમ તેમાં તો વૈરાગ્ય ઉપજે છે

ને વિવાહરૂપી મદ્યપાન કરીને તો ભગવાનની સ્મૃતિને ભૂલી જાય છે. તે સારુ એમ થાય છે જે, અમે ઉદાસ થઈને જાણે વન પ્રત્યે જાઈએ ! કેમ જે, કેવું અમારું ધામનું સુખ ! તે મેલીને આ સંતજન ને હરિજનને વાસ્તે મનુષ્યાકૃતિ ધારી છે, ને તેમને મોટા સુખને પમાડવા છે, પણ તે તો મોટા લાભને સમજતા નથી."

ત્યારે મુક્તાનંદસ્વામીએ ઘણી સ્તુતિ કરીને શ્રીજીમહારાજને રાજી કર્યા. તે સમે મહારાજે કહ્યું જે, "હે સ્વામી ! તે સારુ તમે રુક્મિણી વિવાહનાં કીર્તન જે શ્રીકૃષ્ણ જેમ રુક્મિણીજીને પરણ્યા તે સમાનાં મંગળ વૈવાહિક ગીત ને ફટાણાં કરો."

ત્યારે મુક્તાનંદસ્વામીએ શ્રીજીમહારાજની આજ્ઞા મસ્તકે ધારીને તેવાં ગીત-કીર્તનો કર્યાં. અને લાવીને મહારાજ આગે વાંચી દેખાડ્યાં.

તે સાંભળીને મહારાજ સર્વે બાઈયું તથા ભાઈઓ પ્રત્યે એમ બોલ્યા જે, "જ્યારે હરિજનને ઘેર વિવાહ હોય ત્યારે આ મંગળ ગીત જ ગાવાં, પણ અપશબ્દોનાં ખોટાં ગીત ન ગાવાં." તેમ કહીને કેટલાક માસ સુધી ગઢપુરને વિષે બિરાજતા હતા. ઈતિ શ્રીગઢડાનું આખ્યાન સમાપ્ત થયું..



ફટાણા સાંભળી ઉદાસ થયેલા શ્રીહરિ તેવું ન બોલવા બાબત પત્ર લખાવે છે.

હવે સંવત્ ૧૮૭૨ ની સાલે ગામ શ્રીધર્મપુરને વિષે બાઈ કુશળકુંવરને દર્શન દેવા પધારે છે, તે સમૈયાની લીલા શાસ્ત્રી લક્ષ્મીરામ સંત તથા હરિજનની કૃપાથી લખું છું.

શ્રીજીમહારાજ દુર્ગપુરથી ઘણાક અસ્વાર ને ઘણાક પ્યાદા(પદાતી) તેણે વીંટાણા થકા વડતાલ જવા ચાલ્યા. તે સમે શ્રીજીમહારાજે શ્વેત સુરવાલ દોવડો(બેવડો) પહેર્યો હતો. શ્વેત અંગરખું પહેર્યું હતું. ને માથે શ્વેત ફેંટો ઘણાક મૂલે જુક્ત બાંધ્યો હતો. ને એક કસુંબલ શેલે કરીને કમર બાંધી હતી ને એક નીલું શેલુ પોતાને ખંભે નાંખ્યું હતું. ને ઘણાંક જે અલંકાર હેમનાં ને ઘણાંક અલંકાર પુષ્પનાં ધાર્યાં હતાં. તેને શોભાડતાં થકા દુર્ગપુરથી ચાલ્યા.

તે સમે ઘણાં વાજિંત્ર વાગતાં હતાં. શ્રીજીમહારાજ સર્વે હરિજનનાં ગામ પ્રત્યે દર્શન દેતા થકા ગામ **વરતાલે** પધાર્યા. ત્યાંના સંત ને હરિજને સામૈયું કરીને 'જયજય...' શબ્દની વાણીએ કરીને શ્રીજીમહારાજને રાજી કર્યા. અને તે વરતાલને વિષે કેટલાક દિવસ સુધી રહીને નિર્વિઘ્ન સમૈયો કર્યો, પછી શ્રીધર્મપુરે પધાર્યા. હવે તે લીલા લખીએ છીએ.

ત્યાંથી મહારાજ થોડાક જનને સાથે લઈને ઉદાસી થકા ચાલ્યા. ને પોતા ભેગાં ઘોડાં ને ઘણાક જન આવતા હતા, તેમને પાછા વાળીને ચાલ્યા. તે ચરોતરને મેલીને મહી સરિતા ઊતરીને વાકળ દેશ(વડોદરા પ્રદેશ) પ્રત્યે પધાર્યા. પછી **ભરૂચ** પુરને વિષે નર્મદાને તીરે પહોંચ્યા. ને ત્યાં પોતાને પ્રિય એવા જે પાળા ભગુજી આદિક વાંસે આવ્યા.

ત્યારે શ્રીજીમહારાજે તે વહાણના ખેવટને એમ કહ્યું જે, "અમે તો શાહુકાર લોક છીએ તે તું અમને આ સરિતા શીઘ્ર ઉતાર. ને આ જે સર્વે સરબંધી મનુષ્ય છે, તે અમારી ઉપર દગો કરવા સારુ આવે છે. તેમને તમે સર્વે ટંડેલો(ખલાસીઓ) કોઈ વહાણ મધ્યે બેસાડશો નહિ." ત્યારે તેમણે પણ મનશું તેમ નિશ્ચય કર્યો.

પછી મહારાજ વહાણની સમીપે પધાર્યા. ત્યાં કરદમ(ગારો; કીચડ) ઘણો હતો. ત્યારે તે ટંડેલે મહારાજને પોતાના ખભા ઉપર બેસાડીને વહાણ મધ્યે શુભ આસન તે ઉપર પધરાવ્યા. પછી તે ઉપર શ્રીજીમહારાજ ઘણુંક રાજી થઈને પોતાની પાસે એક ભારે કસુંબી ને જરિયાની શેલું હતું, તે આપ્યું. ને તેની જન્મમરણરૂપ ભયથી રક્ષા કરતા હતા. ને પછી ખેવટે જહાજને હાંક્યું. ત્યારે નર્મદા નદીને ઊતરીને ગામ **ચોકીએ** પહોંચ્યા. અને પોતાના તે સરબંધીપાળાઓને સરિતા નો ઉતાર્યા, તે પાછા ગઢડે આવ્યા.

હવે શ્રીજીમહારાજ ચોકીને મૂકીને ગામ સુરતને સમીપે એક ગામ **ઉધના** તે પ્રત્યે પધાર્યા. ત્યાં એક મહાદેવનું મંદિર હતું, તે

મધ્યે એક બ્રહ્મચારી હતા. તેને મહારાજે એમ કહ્યું જે, "અમને તું ઊતરવા દઈશ ?" ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! આ તો તમારી જગ્યા છે. સુખેથી ઊતરોને ! મારાં મોટાં ભાગ્ય જે તમારાં મારે દર્શન થયાં !" ત્યાં શ્રીજીમહારાજ સુખાસને બિરાજ્યા.

અને સુરતના જનને ખબર પડી જે, ઉધને મહારાજ પધાર્યા છે. તેવી ખબર સાંભળીને સુરતનાં હરિજન બાઈઓ ને ભાઈઓ સર્વે જન આનંદને પામીને બરફી આદિક મીઠાઈ, મેવા, ફળ, ચંદન, પુષ્પના હાર, વસ્ત્ર ને હેમનાં અલંકાર આદિક પૂજાની ઘણી વસ્તુ-સામગ્રી લઈને પુર બહાર નીકળ્યા. તે સમાની શોભાને લખી છે : કલંકે રહિત સોળે કળાવાળા પૂર્ણમાસીના ચંદ્રને જોઈને જેમ સમુદ્ર હરખને પામે છે અને તે મધ્યે અનંત લહેરો ને હિલોળા ચાલે છે, તેમ મહારાજરૂપી ચંદ્ર જોઈને સુરતપુરરૂપી સમુદ્ર હરખ પામ્યો ને તે મધ્યેથી સ્ત્રીરૂપી લહેરો ને પુરુષરૂપી હિલોળા ચાલ્યા. તે શ્રીજીમહારાજની સામા જઈને દર્શન કરીને પોતાના મનના તરંગને સમાવતા હતા. ને ઘણાક હાર, ચંદન, અલંકાર ને બરફીની માટલીઓ લાવ્યા હતા, તે સર્વે પૂજાને મહારાજે અંગીકાર કરી. પછી તે ઠેકાણે પૂજામાં ઘણીક બરફી મણ પચાસને આસરે ભેગી થઈ હતી. તે મહારાજે ત્યાં બ્રહ્મચારી રહેતા હતા, તેને આપી દીધી.

❁ વિપ્રએ સંઘે સહિત શ્રીહરિને જમાડ્યા ને સ્તુતિ-પૂજા કરી

પછી તે સ્થળનો ત્યાગ કરીને ગામ, પુર, ખેટ, ખર્વટ, વન, પર્વત, સરિતા, સર વગેરે સ્થાને ઘણાંક ભીલડાંને દર્શન દેતા થકા **પુર (ચીખલી)** વિષે પધાર્યા. તે પુરમાં કોઈ અનાવલો[1] વિપ્ર ગાયત્રી પુરશ્ચરણ[2] કરાવતો હતો. તેની પૂર્ણાહુતિનો દિવસ હતો. તે ગામ બહાર સરની સમીપે એક

૧.વલસાડ બાજુ બ્રાહ્મણની એક પેટા જ્ઞાતિ, જેને ભાટેલા વિપ્ર પણ કહે છે.

૨.સવા લાખ કે તેથી વધારે ગાયત્રીમંત્રના વિધિપૂર્વક જપ સાથે કરવામાં આવતો યજ્ઞ

બાગ હતો, ત્યાં ઘણાક વિપ્ર વેદની ધૂની બોલે છે ને ઘણાંક વાજિંત્ર વાગે છે. તે સ્થળને વિષે શ્રીજીમહારાજે પોતાના જને સહિત ઉતારો કર્યો.

ને તે દ્વિજે મહારાજને જોયા, ત્યારે તે મનોહર મૂર્તિને પોતાના જે ઘણાક મનુષ્યે વીંટાણા થકા દીઠા. પછી તે વિપ્રે કોઈકને એમ પૂછ્યું જે, "આ તે યજ્ઞપુરુષ જેવા કોણ છે ?" ત્યારે કહ્યું જે, "આ તો સ્વામિનારાયણ છે." ત્યારે તે આસુતિ જે યજ્ઞ મધ્યે હુતદ્રવ્યનો હોમ કરવા સ્વપત્ની સહિત બેઠો હતો ને વસ્ત્રે કરીને છેડાછેડીને બાંધ્યા છે, તેણે પોતાના પુરોહિતને(યજ્ઞ કરાવનાર બ્રાહ્મણ-ગોરને) એમ કહ્યું જે, "આ વસ્ત્રબંધનને છોડ. ને આ જે આદિપુરુષ મહારાજની મૂર્તિ છે, તેને હું તો અનંત સૂર્ય ને ચંદ્રના જેવા પ્રકાશે જુક્ત દેખું છું." પછી મહારાજની સમીપે આવીને તે વિપ્ર મહારાજની સ્તુતિ કરવા લાગ્યો.

અને એમ બોલ્યો જે, "હે આદિ પુરુષ ! તમારા તેજને સમાવો ને પ્રથમની મનુષ્યાકૃતિ મૂર્તિ દેખાડો. જે હું તમારી સેવા ને ચાકરી હુંથી બની આવે તેવી કરીશ. ને તમ જેવા મહેમાન મને ક્યાંથી મળશે !" પછી તે મનુષ્યાકાર મૂર્તિને જોતો હતો.

પછી તેણે શ્રીજીમહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! તમે ને તમારા મનુષ્ય તે સર્વે અમારા મહેમાન છો." ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "અમે તો અમારી ગાંઠની રસોઈ કરીશું." ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! આજ તો મેં આ શહેરના ઝાંપે ચોખા મેલ્યા છે(આખું ગામ જમાડવાનો સંકલ્પ કર્યો છે). ને ધુમાડો બંધ કર્યો છે જે, સર્વે લોક મારે ઘેર જમે. તેમ તમે પણ મારી ઉપર દયા કરીને જમો, એટલે મારો જજ્ઞ સંપૂર્ણ થાશે." એવી રીતે તે વિપ્રે ઘણી પ્રાર્થના કરી. ત્યારે શ્રીજીમહારાજે હા પાડી.


પછી સર્કરાનાં સીધાં આપ્યાં. તેના હરિભક્ત વિપ્રે મોદક કર્યા. ને શ્રીજીમહારાજનો થાળ સંતે કર્યો, તે મહારાજ જમ્યા. ને મહારાજે

જમીને ચળુ કર્યું ને પછી મુખવાસ જમીને પછી કમર બાંધીને સંત અને પાળાને જમાડ્યા. પછી ચોકામાં જે વિપ્ર આદિક હતા, તે પણ જમી રહ્યા. પછી તે જમાડનારો વિપ્ર તે પુરનો દીવાન હતો, તે ઘણા શસ્ત્રધારી રાજપુરુષે વીંટાણો થકો આવીને શ્રીજીમહારાજની ષોડશોપચારે પૂજા કરવા લાગ્યો. તે વસ્ત્ર, અલંકાર, ચંદન, પુષ્પ, કુંકુમ, અક્ષત ને રૂપાની મુદ્રિકા આદિક ઉપચારે કરીને નિર્મોહી એવા જે શ્રીજીમહારાજને પૂજીને પોતાનો જન્મ સુફળ કર્યો. પછી મહારાજની રજા માગીને તેના પુર પ્રત્યે ગયો.

પછી ત્યાં જઈને ઘણાક સરબંધી મનુષ્ય મહારાજની ચોકી ને સેવા મધ્યે મૂક્યા. ને શ્રીજીમહારાજને પોઢવા સારુ પલંગ, ગાદલાં, ઓસીકાં, ગાલમસુરિયાં ને ઓછાડ ને દૂધના ફીણ જેવી સુંવાળી સજ્યા મોકલ્યાં. ને તે ઉપર શુભ ગુણોના સ્વામી એવા જે મહારાજ તે પોતાને સુખે કરીને પોઢી રહ્યા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'શ્રીહરિને ધરમપુર પધારવા કુશળકુંવરબાઈનો વિનંતિપત્ર અને શ્રીહરિનું ધરમપુર પ્રયાણ' એ નામે ચોવીશમું પ્રકરણ ॥૨૪॥

(ધરમપુર પો.વ.૧૧એ પહોંચ્યા - ગઢપુર ફા.વ. ૧૧એ પાછા આવ્યા)



પ્રકરણ - ૨૫

ધરમપુરમાં શ્રીહરિનું સામૈયું અને કુશળકુંવરબા દ્વારા સ્તુતિ-પૂજા

અને પ્રાતઃકાળે સાબદાઈ કરીને **(ચીખલીથી)** ચાલ્યા, તે બે દિવસે ગામ **ધરમપુરની** સમીપે પધાર્યા. તે સમે બાઈ **કુશળકુંવર** તે ગામ વાંસદે ગયાં હતાં, પણ તેના દીવાન (કૃષ્ણરાવ) તે મહારાજની ખબર સાંભળીને ઘણાંક વાજિંત્ર, અસવારી, ઈભ(હાથી) રથ, પ્યાદા જે સરબંદી ને ઘણાક બંદીજન ને ઘણાક વિદ્યાવાન બ્રાહ્મણ જે વેદની ધૂનીના ભણનારા આદિક ઘણું સામૈયું લઈને મહારાજ પાસે પધાર્યા. ત્યારે તેના નરેશ વિજયદેવ ભેગા હતા. તે સહિત દીવાને મહારાજને દંડવત ને નમસ્કાર કર્યા. પછી ઘણેક સન્માને કરીને શ્રીજીમહારાજને શિબિકા ઉપર બેસાડીને રાજદરબારે એક ભારે હવેલી જે ઉગમણે બાર હતી, તે મધ્યે મહારાજ ને મહારાજના સર્વે મનુષ્યનો ઉતારો કરાવ્યો.

શ્રીજીમહારાજનો થાળ મોટીબા ને મીણબાઈ કે જે વિપ્ર હતાં, તેમણે કર્યો હતો. તે રાજી થઈને જમ્યા. પછી સંત ને હરિજનને જમાડીને સભા કરીને ગાનતાન ને પ્રશ્નઉત્તર કરીને પોઢી રહ્યા. ને હવે તે નિશાએ વાંસદા કુશળકુંબરબાઈને ખબર આપવા પત્ર લખ્યો જે, 'આપણે ઘેર શ્રીજીમહારાજ પધાર્યા છે, તે વહેલાં પધારજો.' ને તે પત્ર અસવારને આપી તેને વાંસદા દોડતો મોકલ્યો.

ને તે સમે તે વાંસદેથી ચાલ્યાં તે સંવત્ ૧૮૭૨ના પોષ વદિ એકાદશી ને ચંદ્રવારે(સોમવારે) દિવસ ઘટી આઠ ચડ્યો હતો ત્યારે ગામ **ધરમપુરે** પહોંચ્યાં. ને શ્રીજીમહારાજે બાઈ કુશળકુંવરને દર્શન આપ્યાં. ને બાઈએ ઘણા પંચાંગ પ્રણામ કર્યા ને ઘણીક પ્રાર્થના ને ષોડશોપચારે પૂજા કરી. અને ભારે જરિયાની વસ્ત્ર ધરાવ્યાં તે શું, તે કહીએ છીએ;

ભારે કિનખાબનો સુરવાલ ને ડગલી નીલા રંગે કિનખાબની ને ભારે જરિયાની રેંટો ને મંડીલ ધરાવ્યાં હતાં. અને એક જરિયાની કસુંબી શેલે કમર ચોગઠ પાડીને બાંધી હતી. ને એક આસમાની રંગનું શેલું જરિયાની ખંભે ધાર્યું હતું.

હવે હેમનાં જે અલંકાર તે લખીએ છીએ જે, કનકનાં વાંકડાં વાઘમોરાં કડાં, વેઢ, વીંટીઓ, પોંચી, નંગે જડિત બાજુબંધ, હેમની ભારે ઊતરી, ત્રણ સરી હેમના દોરા, પરવાળાની માળા, મોહનમાળા, જવમાળા, બેવડો ગળબંધ(ગળાનું એ નામનું એક ઘરેણું) અને કાનમાં કુંડળ, પાગ(પગ) મધ્યે હેમનાં તોડા ને ઘણા મલ્લિકાદિકના અને થલકમળના હારે કરીને મહારાજને ગરકાવ કર્યા હતા. પછી ચંદને કરીને પૂજા કરી. પછી પોતાનો પૌત્ર જે નરેશ વિજયદેવ, તે પાસે બાઈએ કપૂરની આરતી ઘણીકવાર ઉતરાવી.

પછી બાઈએ શોભાના ધામ ને પૂરણકામ ને વળી નીલ કલેવર શ્યામસુંદરની મૂર્તિ જોઈ જોઈને અંતરને વિષે ઉતારી. પછી એમ બોલ્યાં જે, “હે મારા અંતકાળના બેલી ! હે મહારાજ ! તમે મારા સાચા સંગી છો. હે મારા જન્મ સંગાતી ! હે ગરીબના બેલી ! હે એકલના બેલી ! હે સર્વે વૈભવના પતિ ! તમે હું ઉપરે પરમ દયા કરીને મને દર્શન આપ્યાં, તે હું તમારો મોટો અનુગ્રહ માનું છું. ને હે મહારાજ ! હું તમારી પાસે કર જોડીને જે માગું છું, તે આપો.” ત્યારે શ્રીજીમહારાજ રાજી થઈને બોલ્યા જે, ‘માગો.’

ત્યારે બાઈએ એમ માગ્યું જે, “હે મહારાજ ! **આ સમાની શોભાએ જુક્ત તમારી મૂર્તિનાં દર્શન સદાય થાય, તે જ હું તો માગું છું. બીજું મારે કાંઈ ન જોઈએ.”** તારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “તથાસ્તુ, તેમજ સદાયે દર્શન થાશે. કેમ જે તમારું અંતઃકરણ કામરહિત છે ને

લોભ ને માનરહિત છે ને કપટરહિત છે. અને એવા જે ભક્ત તેને ભગવાન સદાય દર્શન આપે છે.”

પછી શ્રીજીમહારાજનો થાળ થયો તે ઘણાક ભોજનને જમ્યા. પછી જમીને ચળુ કરી મુખવાસ લઈને સંત અને હરિજનને જમાડવા સારુ પધાર્યા. તે ભારે પકવાન જલેબી આદિક ઘણાક વિપ્ર પાસે કરાવ્યાં હતાં. તે પીરસીને સર્વેને જમાડ્યા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે ‘ધરમપુરમાં શ્રીહરિનું સામૈયું અને કુશળકુંવરબા દ્વારા સ્તુતિ-પૂજા’ એ નામે પચીશમું પ્રકરણ ॥૨૫॥





કુશળકુંવરબાઈના આ રાજમહેલ તથા કચેરીમાં શ્રીસ્વામિનારાયણ ભગવાન ઊતર્યા હતા.

પ્રકરણ - ૨૬

ધરમપુરમાં શ્રીહરિએ કરેલી વિવિધ લીલાઓ

પછી શ્રીજીમહારાજ હવેલીની ઓસરીએ ઓતરાદે મુખે બિરાજમાન હતા. ને ત્યાંના ઘણાક પંડિત ને પુરાણી સભા મધ્યે બેઠા હતા. તે સમે નિત્યાનંદસ્વામી આવ્યા. ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "તમે શ્રીમદ્‌ભાગવતની કથા કરો." ત્યારે મહાપંડિત નિત્યાનંદજીએ સુકંઠે, વાંચવાના શોભાયમાન ઢાળાથી ને વળી શુભ અર્થે સહિત કથા કરી. તેથી શ્રીજીમહારાજે સહિત સર્વે રાજી થયા.

પછી મહારાજ સર્વે જન પ્રત્યે એમ બોલ્યા જે, "આ અમારા સાધુ પુરાણી ને શાસ્ત્રી છે." એમ મહારાજે કહીને નાગપુરનો ઘણમૂલો ભારે ધોતીજોટો પોતે ઓઢ્યો હતો, તે તરત નિત્યાનંદજીને આપ્યો. પછી નિત્યાનંદજીએ એમ કહ્યું જે, "હે મહારાજ ! આ ભારે વસ્ત્ર સાધુને શોભે નહીં." ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "તમે કોઈ વિપ્રને આપી દેજો." એમ કહી પછી મહારાજે ઘણીકવાર સુધી કથા કરાવી. પછી એમ બોલ્યા જે, "મુક્તાનંદસ્વામી મંડળે સહિત કેમ ન આવ્યા ? તે વાતનો અમારા મનમાં ઘણોક ઉદ્‌વેગ થાય છે. તે ક્યાંઈક દુઃખ પામશે, તેમ જણાય છે." તેમ મનુષ્યચેષ્ટાએ કરીને બોલ્યા.

❉ વૈરાગીઓથી મુક્તાનંદસ્વામીને છોડાવનારને મોક્ષદાન

અને હવે તે મુક્તાનંદજીની વાત થઈ હતી તે સમે શાસ્ત્રી લક્ષ્મીરામ હું ત્યાં હતો. તે જેમ મુક્તાનંદસ્વામીને મુખે સાંભળી છે તેમ લખું છું જે, સ્વામી સંતમંડળ ને ત્રણ વિપ્ર સહિત ધરમપુર આવતા'તા. તે સર્વે વાંસે રહ્યા હતા. ને વાટ મધ્યે શ્રીજીમહારાજની વાત એમ સાંભળી જે, 'શ્રીજીમહારાજ તો વાંસદે ગયા છે.'

ત્યારે મુક્તાનંદસ્વામી પોતાના મંડળે સહિત વાંસદાને રસ્તે ચાલ્યા. તે મહાઝાડી, વન, પર્વત ને સરિતાને ઓળંગતા જાય છે

ને વળી રસ્તાને ભૂલ્યા. ને ત્યાં એક મહારાક્ષસનું સ્થળ આવ્યું. ને તે સ્થળ અરણ્ય મધ્યે હતું. તે મધ્યે ઘણાક વીતરાગી અસુર રહેતા હતા. ને તે અસુરો કાલનેમિ જેવા ભેખને ધરીને બેઠા હતા. ને પૂર્વે શ્રીજીમહારાજ સાથે જેણે યુદ્ધ કર્યું હતું ને જેને મહારાજે હારને પમાડ્યો હતો, તે લોહલંગરીના તે શિષ્ય નિશાચર હતા. તેણે દુર્વચને કરીને સંતોનું ઘણુંક અપમાન કર્યું. પછી પાનાં, પુસ્તક, ઝોળી, તુંબડી, વાજાં, સરોદા, સિતાર ને દુકડ આદિક ખૂંચવી લઈને સંતજનને ઘણુંક દુઃખ પમાડ્યું. ને સર્વને પોતાના સ્થાનમાં પૂરી દીધા. ને વળી તેણે એમ કહ્યું જે, "તુમ સબકું હમ માર નાખેંગે." પછી સર્વે સંતના ગુરુ એવા મુક્તાનંદજીએ તે વીતરાગીને એમ કહ્યું જે, "સર્વેને કાળ મારે છે ને તમે જો અમને મારશો તો અમારાં મોટાં ભાગ્ય જે, અમારું મૃત્યુ તમ જેવા ભેખને હાથે થાશે ! અમે તો એમ સમઝીએ છીએ." એમ સ્વામી બોલ્યા, ત્યારે અસુરે એમ કહ્યું જે, "સબ લોકકું પરમોદતે હો(ઉપદેશ દેતે હો), પણ અબ કેસા હોંગે ?".

ને વળી સંતો ભૂખ્યા ને તરસ્યા પૂરા હતા. તે ભેગા જે ત્રણ વિપ્ર હતા, તેનાં નામ - પ્રાગજી પંડિત ને બે બેચર. તેમણે એમ કહ્યું જે, "અમે તો વિપ્ર છીએ ને વળી તરસ્યા છીએ, તે સારુ અમને દરવાજો ઉઘાડીને પાણી પીવા દો." ત્યારે તેણે એમ કહ્યું જે, "આ એક જણ જાઓ." પછી તેણે પિત્તળનો ઘડો આપ્યો ને કહ્યું, "તે ઘડો ભરી આવીને સબ પીઓ."

પછી બેચરભાઈ સંતસ્વભાવે જુક્ત એવા જે શાસ્ત્રી લક્ષ્મીરામના જેષ્ઠભાઈ, તે જગ્યા બહાર નીકળીને, સરિતાને તટે જઈને કુંભને ઊટકે છે, એટલામાં બે અસ્વાર વાંસદાના રાજપુરુષને દીઠા. તેમના હાથ મધ્યે મહત તોમર[૧], અસિ ને ભેટ મધ્યે પિસ્તોલ છે. ને પુષ્ટ

૧.લોખંડનું ભાલું લગાડેલ લાકડી - ભાલો

છે તોરંગ જેના, તે પ્રત્યે બેચર વિપ્રે દીનવચને એમ કહ્યું જે, “હે મહાન ક્ષત્રિયો ! તમે કેના ભૃત્ય છો ?” ત્યારે તેમણે એમ કહ્યું જે, “અમે તો વાંસદાના રાજાના ભૃત્ય છીએ.” ત્યારે વિપ્રે એમ કહ્યું જે, “તમે ક્ષત્રી, તે તો આ સમે સંત, ગાય ને વિપ્રની રક્ષા કરવા જોગ્ય છો !”

ત્યારે તેણે એમ કહ્યું જે, “અરે વિપ્ર ! આ સમે તમારે જે સંકટ આવ્યું હોય, તે અમને કહો.” ત્યારે વિપ્રો બોલ્યા, “હે મહાક્ષત્રિયો ! અમે દ્વિજ છીએ અને અમારા ગુરુ નિરપરાધી, સર્વ ગુણે સંપન્ન, ને વળી સ્વામિનારાયણના મોટા સાધુ જે મુક્તાનંદ આદિ છે, તેમને વૈરાગીએ સવારના ભૂખ્યા ને તરસ્યા તેની જગ્યા મધ્યે જોરાયે કરીને બેસાડી મૂક્યા છે. તેથી ઈશ્વર-ઈચ્છાએ અહીં આવ્યા એવા તમે, અમારી આ સમે રક્ષા કરવા જોગ્ય છો. ને અમારે તો ધરમપુરે મહારાજનાં દર્શને જાવું છે. તે મધ્યે આ વૈરાગીએ મોટો અંતરાય નાંખ્યો છે.”

એમ તે વિપ્રનાં વચન સાંભળીને અસ્વારો તેમની ભેગા વેરાગીના સ્થાને આવ્યા. ને તે વેરાગી સામું તોમર ઉગામીને ઘણી ગાળો આપી. અને જે કાંઈ જણસ લૂંટી ગયા હતા, તેને તત્કાળ પાછી અપાવી. ને તે વૈરાગીરૂપી અસુરને તાડન કર્યું. પછી તે અસ્વારો મહારાજના સંતોને નમસ્કાર કરીને ઘણા સન્માનથી ભેગા તેડીને વિંધ્યાચળ પહાડને ઉલ્લંઘીને ધરમપુરે આવ્યા. પછી મુનીન્દ્ર એવા જે મુક્તાનંદસ્વામી તે પોતાના મંડળે સહિત શ્રીજીમહારાજ અને સર્વે સભા દરબાર મધ્યે બેઠા હતા, ત્યાં આવ્યા. તેમને જોઈને શ્રીજીમહારાજ ઘણા રાજીપાથી ઊઠ્યા ને મળીને પછી જમાડ્યા.

પછી વળી મહારાજે કુશળબાઈને તથા સર્વે સભા પ્રત્યે એમ કહ્યું જે, “આ મુક્તાનંદસ્વામી તો અમારા ગુરુ છે ને ઘણા મોટા સંત છે.” એમ કહીને પોતે મહારાજ હવેલીની ઓસરીએ પાટ ઉપર બેસીને એમ

બોલ્યા જે, "હે સ્વામી ! તમે કેમ વાંસે રહી ગયા ? ને શાથી વિલંબ થયો ? તે વાત કહો." ત્યારે પૂર્વે જેમ વાત થઈ હતી, તેમ માંડીને કહી દેખાડી અને પછી કહ્યું જે, "હે મહારાજ ! વાંસદાના રાજાના આ બે અસ્વારે અમારી સંકટથી રક્ષા કરી, ને વાંસદે થઈને પહાડને રસ્તેથી તેડીને અમને અહીં લાવ્યા છે." ત્યારે શ્રીજીમહારાજે તે રાજપુરુષોને વસન ને સુમનના હાર આપીને તેમની સંસૃતિથી રક્ષા કરી.

પછી તે બાઈએ મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! તે અસુર વેરાગી..! તેની જાયગાને બળાવી નાખું, ને તેને દેશ બહાર કાઢી મૂકું." ત્યારે ગરીબનવાજ એવા શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "તે અજ્ઞાની છે ને વળી ભેખ છે, તેનો અપરાધ ન કરવો." એમ કહીને નિવારણ કરાવ્યું(અર્થાત્ વૈરાગીને થનાર સજા માફ કરાવી).

❁ ગવૈયા સંતો અને ભાટ ઉપર મહારાજની પ્રસન્નતા

પછી તેના જાંગડિયા(ભાટ; ચારણો) ત્યાં આવીને ગાવા લાગ્યા. પછી તે ગાનારે કહ્યું જે, "હે મહારાજ ! તમારા સંત પાસે ગાવણું કરાવો." ત્યારે મહારાજે સંતોને ગાવાનો હુકમ કર્યો. એટલે મુક્તાનંદજી, દેવાનંદજી, પ્રેમાનંદજી ને જ્ઞાનાનંદજી આદિક ગાવા લાગ્યા. તે ન ભૂતો ન ભવિષ્યતિ.

પછી શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "કાં ! આ અમારા સંત તે કેવા ગાનારા છે !" ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! તમારા અલકના[૧] ઘરકી ક્યા બાત કહેની !" એમ તે બોલ્યા. ત્યારે શ્રીજીમહારાજે કિનખાબની ભારે ડગલી પહેરી હતી, તે ઉતારીને દેવાનંદજી આદિક સર્વે સંત ઉપર ઉતારીને(ફેરવીને) તે જાંગડિયાને આપતાં એમ કહ્યું જે, "આ સંત ઉપર અમે રાજી થયા છીએ, પણ

૧.અલક-અલક્ષ્ય અર્થાત્ જેમને કોઈ ન કળી શકે એવા પરબ્રહ્મના

તમને તે ઉપર વારીફેરી નાંખીને (ડગલી) દઈએ છીએ." ત્યારે તેણે રાજી થઈને લીધી.

પછી શ્રીજીમહારાજ દવે પ્રાગજી પાસે ભાગવતની કથા કરાવવા લાગ્યા. તેણે રૂડે ઢાળે કથા કરી. તે સમે શ્રીજીમહારાજે સહિત સર્વે સભા રાજી થઈ. પછી મહારાજે પ્રથમ ભારે ધોતિયાં જે નિત્યાનંદજીને આપ્યાં હતાં, તે લઈને પ્રાગજી ભટ્ટને આપ્યાં. પછી સંધ્યા આરતી ને ધૂન કરીને જમીને પોઢી ગયા.

❁ સુરતનો સંઘ ધરમપુર આવ્યો ને શ્રીહરિની પૂજા કરી

પછી પ્રભાતે વહેલા ઊઠીને દંતધાવન ને સ્નાનવિધિ કરીને જમ્યા. તે મહારાજનો થાળ મોટીબા, મીણબાઈ ને કુશળકુંવરબાઈએ વિપ્ર પાસે કરાવ્યો હતો. તે થાળમાં લેહ્ય, ચોસ્ય, ભક્ષ્ય ને ભોજ્ય એવાં ભોજનો હતાં, તેમાં શાક ને અથાણાં ઘણા પ્રકારના હતાં. ને વૈષ્વણવાનંદજી સંતની કરેલી સુગંધીવાન ચટણી પણ હતી, તે સર્વે મહારાજ જમ્યા. પછી ચળુ કરીને મુખવાસ જમ્યા. પછી સંત ને હરિજનને ભારે પકવાનની રસોઈ પોતે પીરસીને જમાડ્યા.

તે સમે સુરત બંદરનો સંઘ ઘણો શણગાર લઈને આનંદાનંદજી સાથે આવ્યો. તે મહારાજને વાસ્તે ભારે જરિયાની વસન, મુગટ, કલંગી, મકરાકાર કુંડળ આદિક ઘણા હેમના અલંકાર, કપૂરના હાર-તોરા, બાજુ, પોંચી, અન્ય ઘણીક શોભા(શણગાર), મીઠાઈ, મેવા અને ફળ લાવ્યા હતા. તે સર્વે મહારાજને નિવેદન કરતા હવા.

પછી તે દિવસે પાછલો પહોર દિવસ રહ્યો'તો, ત્યારે શ્રીજીમહારાજ સભા કરીને બેઠા હતા. તે સમે આનંદસ્વામી અને સુરતના મોટેરા હરિજને મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! અમે જે મુગટ ને વસ્ત્ર-અલંકાર લાવ્યાં છીએ, તેને ધારણ કરો. અને આ શહેરનાં મનુષ્યોને દર્શન આપીને કૃતાર્થ કરો."

❁ ધરમપુરમાં શ્રીહરિની ભવ્ય અસવારી

ત્યારે બાઈ કુશળકુંવરે મહારાજ પ્રત્યે એમ કહ્યું જે, "હે મહારાજ! તમે ભારે વસ્ત્ર-અલંકાર ધારણ કરો, ને ઘણમૂલો મુગટ, જે મધ્યે હીરા, પિરોજા, સત્ય મોતી ને માણેક આદિક નંગ જડિત છે, તેને મસ્તકે ધારો અને ગજ ઉપર બિરાજમાન થઈને મારા પુરનાં જે મનુષ્ય સ્ત્રી-પુરુષ તેમને તમારી મૂર્તિનાં દર્શન આપો. અને તેથી તેમને અંત સમે તમારી મૂર્તિની સ્મૃતિ થાશે, તેથી જન્મ-મૃત્યુથી રહિત થાશે. તે સારુ હે મહારાજ ! તમે મુગટને ધારો ને હાથીની અંબાડી ઉપર બિરાજીને સર્વે જનને દર્શન આપો."

પછી આનંદસ્વામીએ શ્રીજીમહારાજને વસન, મુગટ તથા કલગી ને મકરાકાર કુંડળ વગેરે અલંકાર ધરાવ્યાં. પછી મદોન્મત્ત(શરીરથી હૃષ્ટપુષ્ટ) હસ્તી ઉપર હેમના ઈંડે(કળશ) સહિત અંબાડી માંડીને લાવ્યા. પછી તે ઉપર શ્રીજીમહારાજ ચડ્યા. તે મુગટ મોટો પડ્યો, તે અંબાડી મધ્યે માયો નહીં. ત્યારે તે અંબાડીને તત્કાળ ઉતારીને હેમ ને રજતે જડેલો શોભાયમાન એક હોદ્દો(છત્ર વિનાની બેઠક) લાવીને તે શુભ લક્ષણે યુક્ત જે મેંગળ તે ઉપર માંડ્યો. પછી તે ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થયા ને તે રાજાનો દીવાન જે **કૃષ્ણરાવ** તે મહારાજની ઉપર છત્ર રાખીને ચામર કરવા લાગ્યો.

તે સમે ઘણાંક વાજિંત્ર જે ત્રાંસાં, ઢોલ, મુરફા[1], દુંદુભિ, ધૂફ, પડઘમ, બાંસુરી, શરણાઈ, ભૂંગળ, ભેરી, રણશિંગી(યુદ્ધમાં વગાડવાનું તતૂડું), ઝાંઝ, મૃદંગ, વીણા, સરોદા ને સતારાદિક વાગવાં લાગ્યાં; ને ઘણીક ધજા ને પતા ને જરિયાની પતાકાં ઊડે છે; ને ઘણાંક અબીલ ને ગુલાલ ઊડે છે; ને ઘણાક વેદિયા વિપ્ર તે વેદની ધૂનીના શબ્દને બોલતા

૧.ત્રાંસા કરતાં નાના કદનું અને પાતળી દાંડીઓથી વગાડાતું એક જાતનું વાદ્ય

આવે છે; ને ઘણાક બંદીજન(રાજાની સ્તુતિ કરનારા ચારણ લોકો), માગધજન(વંશાવલી ગાનાર ભાટ લોકો) ને વારાંગના(નાચનારી સ્ત્રીઓ) આદિક ગાન-તાન ને વખાણ કરે છે; ને રથ, ઈભ, ઘોડા ને પ્યાદાની ચતુરંગની સેના પણ, તે શ્રીજીમહારાજ ભેગી નીકળી છે. આમ ઘણી લાંબી અસ્વારી નીકળી છે.

અને સંત સર્વ તો શ્રીજીમહારાજની વાંસે દર્શન કરતાં આવે છે; ને શ્રીજીમહારાજની આગળ હેમની છડીઓવાળા ઘણાક ચોબદાર સુવેણના ઉચ્ચાર કરે છે; ને સંધ્યા વેળાએ ઘણી મશાલો પ્રગટી હતી; ને મહારાજનો ગયંદ(ઉત્તમોત્તમ હાથી) મંદમંદ ગતિએ ચલાવ્યો. તે પુરની બજાર, ચોક, ફળિયાં ને શેરીઓ મધ્યે થઈને ગામથી આથમણી કોરે પધાર્યા.

ત્યાં એક શિવજી ને ગણેશજીનું ને એક હનુમાનજીનું મંદિર હતું. ત્યાં જઈને તે રાજાએ તેના કસબ ને કાઈદા(તાલીમ) વડે કેળવેલા ઘણાક ઘોડાને કુદાવ્યા. તેને જોઈને શ્રીજીમહારાજ રાજી થયા ને પછી પોતે એમ બોલ્યા જે, “હવે તો નિશા ઘણી ગઈ છે, તેથી હવે સર્વે જન પુર પ્રત્યે ચાલો.” પછી ગાજતે-વાજતે સર્વે જનને દર્શન દેતા થકા શ્રીજીમહારાજ પોતાના ઉતારા પ્રત્યે પધારીને પોઢી રહ્યા. તે દિવસ સંવત્ ૧૮૭૨, મહા સુદી ૨ બીજની રાત્રી હતી.

❉ મહારાજ રાણીવાસમાં પધાર્યા ને પોતાનું નિર્વિકારીપણું કહ્યું

હવે મહા સુદ ત્રીજે મહારાજે પ્રભાતે વહેલા ઊઠીને દંતધાવન કર્યું. પછી સ્નાન, સંધ્યા ને પૂજા કરી. ને સર્વે સંત ને હરિજનની સભા બેઠી હતી. ત્યારે મહારાજ પ્રત્યે બાઈ બોલ્યાં જે, “હે મહારાજ ! તમે અમારો રાજદરબાર જે અંતઃપુર તે મધ્યે પધારો. ને ત્યાં રહેલ વિત્તના કોશ(ધનના ભંડાર) ને અન્નના કોઠારને જોઈને તેને પ્રસાદીભૂત કરો, વળી ત્યાં જે વહુવારુ(જુવાન વહુઓ) બાઈઓ છે, તે સર્વે ઓઝલમાં

રહે છે, તે સારુ તમે ત્યાં પધારો, ને તેમને દર્શન આપો, તેથી તે સર્વેનો મોક્ષ થાશે."

તેથી મહારાજ ને બાઈનો દીવાન ને તેનાં સંબંધીજન એવા વૃદ્ધ પુરુષ ને તેના પુરોહિતાદિક અને સોમલા ખાચર આદિક મહારાજના સખા ને મુકુંદાદિક વર્ણી ને નાનાભાઈ આદિક દ્વિજ ને મોટેરા સંતે સહિત મહારાજ તેના દરબાર મધ્યે અંતઃપુરમાં પધાર્યા. ત્યાં શ્રીજીમહારાજને ભારે પલંગ ઉપર પધરાવ્યા.

પછી તે સમે સર્વે બાઈઓ આવી ને સલજ્જ જે મુખ આડાં પટ ઢાંકીને બેઠી. ત્યારે કુશળકુંવરબાઈએ તે સર્વે બાઈઓને એમ કહ્યું જે, "અરે મૂર્ખીઓ ! આવા જે આદિપુરુષ ને સર્વેના સ્વામી ને પુરુષોત્તમ તેમનાં દર્શન ને સ્પર્શ કરવા યોગ્ય છે. આ મહારાજનાં તો દર્શન કરીને તેમને અંતર મધ્યે રાખ્યા જેવા છે. વળી દોહ્યલી વેળા જે અંતકાળે રક્ષા કરે તેવા આ મહારાજ છે." તેમ તે બાઈએ સર્વે બાઈઓને કહ્યું, ત્યારે તે સર્વેએ મહારાજનાં દર્શન કર્યાં.

પછી શ્રીજીમહારાજે તેમના દીવાન પ્રત્યે એમ વાત કરી જે, "જેમ ખંભાત આદિક ગામનાં મૃત્તિકાનાં પાત્ર ઘણાંક શોભાયમાન થાય છે, તે ઘડનારો કેટલાંક તો સ્થૂળ(મોટાં) ને કેટલાંક તો સૂક્ષ્મ(નાનાં) એવાં ચિત્રવિચિત્ર પાત્ર ઘડે છે, પણ તેનો ઘડનારો તેમાં લોભાતો નથી. ને વળી એ પાત્ર સર્વે લોકને આપી દે છે ને સૌને આપીને સર્વે વિષયી જીવને આનંદ પમાડે છે, પણ પોતાના ઘરમાં નથી રાખતો. કેમ કે, તેનો ઘડનારો પોતાના મનથી એમ સમજે છે જે, 'આ મૃત્તિકાનાં પાત્ર જે મેં ઘડ્યાં છે, તે તો તુચ્છ છે.' એમ જે બ્રહ્માદિક પ્રજાપતિ તેમણે અનંત સ્ત્રી-આદિકનાં આકાર અને રૂપને ઉપજાવ્યાં છે, પણ તે તુચ્છ આકાર-રૂપને વિષે આસક્ત નથી થાતા; ને તેમજ અગ્નિ ને વાયુ આદિક તે સર્વને ભગવાનની વિભૂતિ સમજે છે, પણ તે મધ્યે આસક્ત નથી થાતા.

અને વળી તે સ્વરૂપવાન સ્ત્રી મૃત્યુને પામે છે, ત્યારે તેને અગ્નિ અસંગી થકો બાળીને ભસ્મ કરી નાખે છે; તેમ તે નિર્વિકારી છે. **તેમ હે બાઈ ! અમે સ્ત્રીની સાથે બોલતે-ચાલતે ને તેની સાથે વાત કરવે કરીને તેના પાપને બાળીને સર્વે વાસના બાળીને તમ જેવા નિર્વિકારી ને વળી અત્યંત ત્યાગી કરીએ; એવો અમારો સ્વભાવ છે.**" એમ બાઈ કુશળકુંવર પ્રત્યે વાત કરીને સર્વે જનને સમજાવ્યા.

અને વળી શ્રીજીમહારાજે તે સમે તે બાઈનાં તથા પોતાનાં સર્વે મનુષ્ય બેઠાં હતાં, તે સર્વે ભાઈ પ્રત્યે એક દૃષ્ટાંત આપ્યું હતું. તે સમે શાસ્ત્રી લક્ષ્મીરામ તે સભા મધ્યે બેઠો હતો ને તે દૃષ્ટાંત સાંભળ્યું હતું. તે વાત સંત ને હરિજનની કૃપાથી કિંચિત્ લખું છું.

તે સમે ઘણી કીડીઓની એક હાર ચાલી જાતી હતી. તેને જોઈને શ્રીજીમહારાજ તેના દીવાન તથા સર્વે પુરુષ પ્રત્યે એમ બોલ્યા જે, "આ સર્વે જે પિપીલિકાઓ(કીડીઓ) ચાલી જાય છે, તેની તમે લક્ષણા(ઓળખાણ) કરી દેખાડો જે, આ મધ્યે સ્ત્રી કોણ છે ? ને પુરુષ કોણ છે ? અને જોબને યુક્ત કોણ છે ? ને વૃદ્ધપણે યુક્ત કોણ છે ? અને સ્વરૂપવાન કોણ છે ? ને કુરૂપવાન કોણ છે ? અને કેણે વસન ને અલંકાર ધાર્યાં છે ? ને કેણે નથી ધાર્યાં ? તેમ તમે તેની વિક્ત્યવિક્તય(વિક્તિઓ અને અવિક્તિઓ) કરી દેખાડો."

ત્યારે તે સર્વે તે કીડીઓને જોઈને એમ બોલ્યા જે, "હે મહારાજ ! આ તો અતિ સૂક્ષ્મ છે. તેનું રૂપ ને અવયવ તે કાંઈ નથી જણાતું." ત્યારે તે સર્વે પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "**આ સર્વ પિપીલિકાને વિષે તમારે જેમ સમભાવ છે, તેમ જ અમારે વૃદ્ધ ને જોબનવંતી, રૂપવાન ને કુરૂપવાન એવી જે સર્વ સ્ત્રી તેને વિષે સદાય સમપણું વર્તે છે.**" તેમ ઘણીક વાત શ્રીજીમહારાજે કરી હતી, તે મધ્યે જેટલી સાંભરી છે, તેટલી લખી છે.

પછી ત્યાંથી શ્રીજીમહારાજ 'જય સચ્ચિદાનંદ' કહીને પધાર્યા. તે પોતાનો થાળ મોટીબા ને મીણબાએ કર્યો હતો. તે લેહ્ય, ચોસ્ય, ભક્ષ્ય ને ભોજ્ય એવી ભારે જણસો રાજી થઈને જમ્યા. પછી સંત ને હરિજનને પીરસવા પધારીને જમાડ્યા. પછી કુશળકુંવરબાએ તેના પૌત્ર પાસે મહારાજની ષોડશોપચારે પૂજા કરાવી. પછી મહારાજ મધ્યાહ્ન સમયે પોઢીને ઊઠ્યા. તે સભા કરીને ગાનતાન ને પ્રશ્ન-ઉત્તર કર્યાં અને પછી સંધ્યાઆરતી ને ધૂન કર્યાં. તેમાં પ્રથમ પોતે બોલે છે, તે પછી સર્વે સંત ને સર્વે હરિજન બોલે છે. પછી વાતચીત કરીને પોઢી રહેતા હવા. તે દિવસે મહા સુદી ત્રીજ હતી.

❁ દીવાન કૃષ્ણરાવે શ્રીજી તથા સંતોને રસોઈ જમાડી પૂજા કરી

હવે પ્રાતઃસમે શ્રીજીમહારાજ ઊઠ્યા ને પછી દંતધાવન ને સ્નાન ને સંધ્યા ને પૂજા ને જપ કર્યાં. પછી હવેલીની ઓસરીએ બિરાજમાન થયા. પછી સર્વે ગવૈયા આવીને ચોતાલનાં ભારે પદ બોલ્યા. પછી મહારાજનો થાળ થયો, તે જમવા પધાર્યા. પછી જમતા જાય છે ને જળને પીતા જાય છે; તેમ જમીને મુખવાસ જમ્યા. પછી તે રાજાના દીવાનની રસોઈ હતી, તેમણે ભારે પકવાન જે જલેબી આદિક ઘણાં પકવાન, ઘણાં શાક ને ઘણાં અથાણાં તૈયાર કર્યાં હતાં. ને ભારે મંડપ કર્યો હતો. તે મધ્યે ઘણા કદળીના સ્થંભ આરોપ્યા હતા. ઘણી રંગોળીઓ ચિત્રવિચિત્ર કાઢી હતી. ને તે મધ્યે ઘણી અગરબત્તીઓનો ધૂપ કર્યો હતો. ને તે મંડપ મધ્યે ઘણાં ઝમરખ(ઝુંમર) ને બિલોરી કાચની હાંડીઓ(લટકતો દીવો મૂકવાના કાચના ફાનસ) ને ફાનસાદિક ઘણીક શોભા કરી હતી.

વળી તેણે શ્રીજીમહારાજ સારુ એક સુંદર પલંગ બિછાવ્યો હતો. તે ઉપર ઘણાક અત્તરે કરીને સુગંધીમાન શજ્યા હતી, તે ઉપર દૂધના ફીણ જેવો સુંવાળો શ્વેત ઓછાડ હતો ને તે ઉપર શુભ તકિયો ને

ગાલમસૂરિયાં હતાં. તે ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થયા. પછી સંતજન ને પાળાની પંક્તિઓ કરી. પછી તે દીવાન કૃષ્ણરાવે મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! સંતને પીરસવા આપ ઊઠો, તેથી સંત રાજી થઈને જમશે." ત્યારે મહારાજે એક પીળા પીતાંબરની પલવટ(કમરે ભેટ) વાળી, અને ઘણાંક હાર ઉરને વિષે હીંચકતા હતા. અને ઘણાં પકવાનાદિકનાં નામ લેતા પીરસવા લાગ્યા. તેમ જમાડી રહ્યા પછી તે દીવાને શ્રીજીમહારાજની પૂજા કરી. તે પૂજાને હું શાસ્ત્રી લક્ષ્મીરામ જેમ નેત્રે દીઠી હતી, તેમ સંત ને હરિજનની કૃપાથી લખું છું.

તે એક નીલા કિનખાબનો સુરવાળ, તે મધ્યે હીરની નાડી જરિયાની ફૂમકાવાળી હતી, તે પહેર્યો હતો. તેમ નીલા કિનખાબની ડગલી પહેરી હતી. ને મસ્તકે ભારે બુરાનપુરી રેંટો જે મંડીલ તે બંધાવ્યો હતો. ને એક નીલે શેલે ચોગઠ પાડીને કમર બાંધી હતી. ને એક નીલું શેલું ખંભે ધાર્યું હતું. તેમ નીલકલેવર શ્યામ ને શોભાના ધામ એવા મહારાજ તે વસનની ઘણીક શોભાને શોભાડતા હતા.

અને હવે હેમનાં અલંકાર જે, ભારે ત્રણ સરી ઊતરી કંઠ મધ્યે આરોપણ કરી હતી; ને કરમાં કડાં, પોંચી ને બાજુબંધાદિક ઘણાંક હેમનાં અલંકાર પહેર્યાં હતાં. ને સ્થલકમળના(ગુલાબના) તથા મલ્લિકાદિના(મોગરા વગેરેના) ઘણા સુમનના ઘણા હાર પહેર્યા હતા. ને શ્રીજીમહારાજના ભાલને વિષે ચંદનની અર્ચા ને કુંકુમનો ચંદ્ર કરીને ચોખા ચોડ્યા હતા. ને પછી મોટા ભાગ્યવાળા તે દીવાને હેમના થાળમાં કપૂરે કરીને શ્રીજીમહારાજની આરતી ઉતારી. પછી સંતની ચંદન, પુષ્પના હાર ને વસ્ત્રે કરીને પૂજા કરી.

પછી શ્રીજીમહારાજ 'જય સચ્ચિદાનંદ' કહીને ત્યાંથી ગાજતેવાજતે દરબાર મધ્યે પોતાને ઉતારે પધાર્યા. તે **મહા સુદી ચોથ**નો દિવસ હતો. પછી મધ્યાહ્ન સમે કિંચિત્ પોઢીને ઊઠ્યા.

❁ ધન-સ્ત્રીનું ખંડન અને સદ્.ચૈતન્યાનંદજીની પ્રશંસા

પછી નાહીને બેઠા છે. તે સમે પોતાના અમાત્યે સહિત કુશળકુંવરબાઈ આવ્યાં. ને બે હાથ જોડીને પ્રાર્થના કરીને બોલ્યાં જે, "અમારો ધનનો ખજીનો જે સૂતકી છે તેને તમે તમારી દૃષ્ટિએ જોઈને વિતને પવિત્ર કરો."

ત્યારે તે પ્રત્યે મહારાજે એમ કહ્યું જે, **"ધનમાં પંદર અનર્થ રહે છે,** તે કયા ? તો વૈર, વિરોધ, અવિશ્વાસ, હિંસા ને કપટાદિક ઘણા દોષ તે વિત્તને વિષે રહે છે. તેને શું જોવું ? અને વળી **અમને રાજાનું સન્માન નો ગમે, ને સ્ત્રી-ધન તે પણ નો ગમે. ને અમારા જે ખરેખરા સંત તેમને પણ સ્ત્રી ને દ્રવ્યની સાથે અત્યંત વેર છે."**

એમ કહીને એ સભા મધ્યે ભાઈ પરમચૈતન્યાનંદજી બેઠા હતા, તે સામી શ્રીજીમહારાજે કરુણાની દૃષ્ટિએ જોઈને, તે બાઈને એમ કહ્યું જે, "કેટલાક દિવસથી અમારી આજ્ઞાએ કરીને તમારી રાજ્ય સમૃદ્ધિને વિષે (આ ચૈતન્યાનંદજી) દીવાનની પેઠે રહ્યા, પણ તે સ્ત્રી ને દ્રવ્યને વિષે કાંઈ લોભાણા છે ? હાં, કહો ?" ત્યારે તે બાઈ અને તેમના જે અમાત્ય તેમણે એમ કહ્યું જે, "હે મહારાજ ! એ તો કિંચિત્ પણ નથી લોભાણા, ને તે વાતમાં તો ઘણાક અસંગી રહ્યા છે." તેમ તેમના મનુષ્ય પણ બોલ્યા.

ત્યારે શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામી આદિક સર્વે સંતસભાને એમ કહ્યું જે, "આ સાધુને તમે કેવા કહો છો ?" ત્યારે સર્વે સંતે એમ કહ્યું જે, "તે સંતને તો અમે એકડમલ કહીએ છીએ. ને વળી તેને પંક્તિબાર બેસારીને જમાડીએ છીએ." ત્યારે શ્રીજીમહારાજે તે પરમ ચૈતન્યાનંદજીને કહ્યું જે, "આ સંત સર્વે કહે છે તે વાત ખરી છે ?" ત્યારે તે સંતે એમ કહ્યું જે, **"જે હે સો સર્વે સંત સત્ય કહતે હે. ને મેરાં મોટાં ભાગ્ય હે કિ, એસે સંતકા મેં તિરસ્કારકું સહેતા હું !"** તેમ

તેનાં માને રહિત વચન સાંભળીને એમ કહ્યું જે, "એને પંક્તિ મધ્યે બેસાડજો." પછી સર્વે સંતે એમ કહ્યું જે, "ઠીક, હે મહારાજ ! તે સંત મોટા છે." એમ તેની સર્વે જને સાખ્ય ભરી. ત્યારે મહારાજ તે સમે આ સાખી બોલ્યા જે, **"ઊઠે કી બાત તો વટાઉ કહે હે, ને શૂરવીર હોય તેના ઘાવ તો વેરી પણ વખાણે ખરા.** તેમ જાણવું." તેમ વાત કરી.

❁ ધનખજાનો અર્પણ કરતાં રાણીને શ્રીહરિ વઢ્યા

પછી તે બાઈએ પ્રથમ કહ્યું હતું જે, 'મારું દ્રવ્યાદિક શુદ્ધ કરવા પધારો.' ત્યાં પોતે મહારાજ મોટેરા હરિભક્ત કુશળકુંવરબાઈ ને તેના દીવાન ને પરમચૈતન્યાનંદ સંત ને તેમના જે અમાત્ય તે સહિત પધાર્યા. જે દ્રવ્યનો ખજાનો હતો, તેની ચોકી ઘણા રાજપુરુષ કરતા હતા. ને તેનાં સાત જે દ્વાર તે સાત કમાડ ને સાત તાળે જુક્ત હતાં. તેને ઉઘાડીને તે મધ્યે દીપક કરાવીને દ્રવ્યનો ખજાનો દેખાડ્યો. તે ઘણાક રૂપિયા બંગાળીની મોકળી(મોટી) તિજોરીઓ ભરી હતી. જેમ વેપારી લોક કાલાંના ગંજ કરી મૂકે છે, તેમ તે તિજોરીઓનો ઢગલો લોહપંજર મધ્યે પડ્યો હતો.

ત્યાં શ્રીજીમહારાજને તેડી જઈ ઊભા રાખીને બાઈ કુશળકુંવર એમ બોલ્યાં જે, "હે મહારાજ ! આ દ્રવ્ય જે રાજ્યની સમૃદ્ધિ તે સૂતકી છે. તેને તમારી દૃષ્ટિએ કરીને તમે પવિત્ર કરો. અને આ રાજ્ય ને દ્રવ્યાદિક સર્વે સમૃદ્ધિ તે હું તમને અર્પણ કરું છું. ને તમને આપ્યે મારે અખંડ રહેશે, એમ મારો સંકલ્પ છે. ને હે સર્વ નિધિના સ્વામી ! અષ્ટસિદ્ધિ ને નવનિધિ તે તો તમારી દાસીઓ છે ને તમારે દ્વારે ભીખ માંગે છે ને વળી ઝાડું કાઢે છે, એવા હું તમને જાણું છું; તોય પણ તમે મારી પૂજાને ગ્રહણ કરો. તે કેમ, તો આ જે તમારા સંત ને હરિજન ને ઘણાક વિપ્ર તેમને તેડાવીને ઘણાક દિવસ સુધી તમે આ સ્થળને વિષે બિરાજીને ભારે ઉત્સવ ને સમૈયો કરો. ને વળી ભારે યજ્ઞાદિક

કારજ કરો ને આંહીં સદાય બિરાજો. ને આ જે સર્વે દ્રવ્ય તે હું તમને જ અર્પણ કરું છું.” તેમ તે બાઈ તે સમે બોલ્યાં.

ત્યારે તે સમે સર્વે લોક ને સર્વે વૈભવના સ્વામી ને નિર્મોહી એવા જે મહારાજ તે એમ બોલ્યા જે, **“રાજ્ય છે તે તો નરકરૂપ છે, તેમ સર્વ શાસ્ત્ર ને સંત કહે છે.** તે રાજ્યરૂપ જે નરકનો સૂંડો(ટોપલો) તે તમે તમારે માથે ઉપાડ્યો છે. તે સૂંડો તમે કોકને માથે મૂકવાને ઈચ્છો છો, તે કોણ ગ્રહણ કરશે ? સંતપુરુષ હશે તે તો ગ્રહણ નહિ કરે ને અસત્પુરુષ હોય તે તો ગ્રહણ કરે ખરા.”

તે સમે શ્રીજીમહારાજે બાઈ પ્રત્યે એક દૃષ્ટાંત કહ્યું’તું જે, “જેમ ઝાંપડો હોય તે પોતાની દીકરીનો વિવાહ કરીને રીઝે, ત્યારે તેને કોઈ ભારે શાહુકારનાં પાયખાનાનાં દાન કરે. ત્યારે તે ઝાંપડાં (દીકરી ને જમાઈ) તો રાજી થાય ને તે ગ્રહણ કરે, પણ પવિત્ર બ્રાહ્મણાદિક શું ગ્રહણ કરે? તે તો ગ્રહણ ન કરે.” એમ કહીને તે બાઈને મહારાજ તિરસ્કાર કરીને વઢ્યા, તેમ છતાં બાઈ રાજી થઈને સહન કરતાં હતાં. પછી શ્રીજીમહારાજે તે સમે બાઈને એમ કહ્યું જે, “તમારાં અંતરને વિષે રાજ્ય, દ્રવ્ય ને સરબંદી દેખાતાં હશે.” ત્યારે તે બાઈએ મહારાજને એમ કહ્યું જે, “હે મહારાજ ! મારા અંતર મધ્યે તો એક તમારી જ મૂર્તિ છે, ત્યાં એ પીટ્યા શું દેખાશે !” તેમ તે બાઈ બોલ્યાં. ત્યારે મહારાજ તે બાઈનાં વચનની દૃઢતા સાંભળીને રાજી થયા. પછી બાઈ, તેમના જે દીવાન ને તેમના જે સર્વે અમાત્ય આદિક પ્રત્યે આ સાખી બોલ્યાં જે,

નહિ લોભી નહિ લાલચી ને વળી કાળ વિના હતી કાયા;
પણ જે હોંશ રે’તી તે જે આદિપુરુષ મારી નજરે આયા.

❁ સંતો તથા રાજગાયકો પાસે ગાવણું કરાવ્યું

પછી તે સ્થળ મધ્યેથી શ્રીજીમહારાજ ‘જય સચ્ચિદાનંદ’ કહી ચાલ્યા, તે પોતાને ઉતારે પધાર્યા. પછી મુક્તાનંદસ્વામી, દેવાનંદજી,

પ્રેમાનંદજી, જ્ઞાનાનંદજી તથા સુખાનંદજી આદિક ગવૈયાને તેડાવીને સરોદા ને સિતાર વગડાવીને કીર્તન ગવડાવ્યાં. તેમાં મંજીરાં તે હર્યાનંદજી વગાડતા હતા. ને દોકડાદિક વગાડીને સારંગરાગનાં પદ ચોતાલમાં ગાયાં. પછી વસંતનાં ગીત ગાવા લાગ્યા જે,

કુંવર કનૈયો ખેલે હોરી રે, જાકું વેદ વખાને, નંદનંદ ખેલે હોરી રે..જાકું૦
કોટી કોટી બ્રહ્માંડકે કર્તા, સો તો ફગવા માગે દોરી રે..જાકું૦

એ આદિક ઘણાં વસંતનાં ગીત બોલ્યા. પછી ગોડી વેળા થઈ, તે સમે સંત જે ગોડીને ગાતા તેનાં નામ આ છે :

હાંરે મોયે મોહન મુખકી પ્યાસરી, શ્રીકૃષ્ણ વિના કલ[1] ના પરે;
દરશ વિના પલ જુગ સમ વિતે, નીરખે સે નેનાં ઠરે.

વળી શ્રીજીએ બીજાં પણ ઘણાંક ગોડીનાં પદ બોલાવ્યાં. પછી આરતી-ધૂન કર્યાં. પછી સર્વે સંતસભાને શ્રીજીમહારાજ પહેલા નમ્યા અને પછી તેમ સંત પણ શીઘ્ર નમ્યા. પછી ત્યાંના જાંગડિયાને મહારાજે કહ્યું, "તુમ કલ્યાણ રાગ કે કીર્તન બોલો." તેમ તે બોલી રહ્યા. પછી શ્રીજીમહારાજે તેને કહ્યું જે, "હાં, તુમ રાખો." અને વળી મુક્તાનંદજી આદિક ગવૈયા સંતને એમ કહ્યું જે, "તમે પણ કલ્યાણનાં પદ બોલો." ત્યારે તે વાજાના સ્વરે કરીને આ પદને બોલ્યા હતા, તેનું નામ : '***જાનો હો જાનો હો તુમ જાન હો, જન અંતરકી સબ જાન હો.***' એ આદિક ઘણાંક પદ બોલ્યા. તે ન ભૂતો ન ભવિષ્યતિ. પછી મહારાજ થાળ જમીને ઉતારે જઈને પોઢી રહ્યા ને પોતાને સુખે કરીને સુખિયા થયા. આ વાત મહા સુદિ ચોથની છે.

❁ વસંતપંચમીનો રંગોત્સવ, ચરણ પાડી દીધાં ને ગરીબોને દાન દીધાં

પછી પ્રાતઃસમે શ્રીજીમહારાજ ઊઠ્યા. તે દંતધાવન, સ્નાન, સંધ્યા ને પૂજા કરીને સભા કરી. ત્યારે બાઈએ મહારાજ સારુ વસંતી

૧.ચેન

વસન લાવીને મહારાજને ધરાવ્યાં. અને એમ કહ્યું જે, “હે મહારાજ ! આજ તો વસંતપંચમીનો દિવસ છે, તે મારા દરબાર મધ્યે સર્વે સભાએ સહિત પધારો ને રંગરેલનો ઉત્સવ કરો.” ત્યારે શ્રીજીમહારાજ સર્વે સંત ને હરિજને સહિત ત્યાં પધાર્યા. ત્યાં ઘણાક રંગ, અબીલ, ગુલાલ ને લાખના મોટા ગુલાલના ગોટા[૧] તે શ્રીજીમહારાજના હાથ મધ્યે આપે, તેને મહારાજ સંત ને હરિજન ઉપર નાખે. અને તેમ મહારાજના હાથ મધ્યે હેમની પિચકારી આપી, તે મહારાજ સર્વે સભા પ્રત્યે રંગની ઝડી વરસાવવા લાગ્યા. પછી ઘણોક જે ગુલાલ તેની ઝોળીઓ ભરી ભરીને નાખવા લાગ્યા. તેમ ઘણીક રમત કરી.

પછી બાઈ કુશળકુંવરે ભારે હિંગળુકનો[૨] રંગ, કસુંબાનો રંગ(કેસુડાના ફૂલમાંથી બનતો રંગ) ને તેમ ઘણાંક વસ્ત્ર ને ઘણા ભારે ખંભાતી કાગદ લાવીને બાઈએ એમ કહ્યું જે, “હે મહારાજ ! તમે મારી ઉપર રાજી થઈ મને તમારાં ચરણારવિંદ પાડી આપો !” તેમ કહેતાં શ્રીજીમહારાજે ચરણ પાડી આપ્યાં. પછી તે બાઈ ઘણાક રૂપિયાના થાળ ભરીને શ્રીજીમહારાજ આગળ મેલીને એમ બોલ્યાં જે, “હે મહારાજ ! તમારા મનુષ્યોને સર્વે રૂપિયા વહેંચી આપો.” ત્યારે મહારાજે એમ કહ્યું જે, “અમારા મનુષ્યને તો અમે નહિ આપીએ. જો તમે અમને આપ્યા હોય તો અમારી નજરમાં આવશે, તેને આપી દઈશું. કેમ તમે રાજી છો ?”

ત્યારે તે બાઈએ મહારાજ પ્રત્યે એમ કહ્યું જે, “હે મહારાજ ! હે સમર્થ ! તમારી નજરમાં આવે તેને આપી દો. મેં તો તમને જ અર્પણ કર્યા છે, તે માટે તમારી મરજીમાં આવે તેમ કરો.” એમ તે સમે તે બાઈ બોલ્યાં. ત્યારે શ્રીજીમહારાજે ચોબદાર મોકલીને તેના સર્વે માણસને

૧.લાખનો ગોળો કરી તેમાં ગુલાલ ભરેલા ગોટા
૨.પારા અને ગંધકને મિશ્ર કરીને બનતા લાલ રંગના પદાર્થનો

તેડાવ્યા. તે સર્વે આવ્યા, ત્યારે મહારાજે તે બાઈ પ્રત્યે એમ કહ્યું જે, "આ સર્વે તમારા ભૃત્ય(ચાકર) છે ?" ત્યારે બાઈએ કહ્યું જે, "હા."

ત્યારે મહારાજે તે સર્વે ચાકરના પૃથક પૃથક જે જે કામના અધિકાર તે બાઈને પૂછ્યા ને પૂછીને કરુણાની દૃષ્ટિએ તે સર્વેને જોઈને, પોતાની મૂર્તિની સ્મૃતિ કરાવવી, ને તેને જન્મમૃત્યુથી રક્ષા કરવા સારુ વળી તેમને મધુર વચને કરીને બોલાવ્યા. અને ધનને દેવે કરીને પોતાને સંભારશે તેણે કરીને તેના જીવનો મોક્ષ કરવો; તે સારુ સર્વે મનુષ્ય પ્રત્યે ખોબા ને ધોબો જે એક હાથનો ને મૂઠીએ મૂઠીએ વહેંચવા લાગ્યા.

તે સમે એક ટેલિયો દ્વિજ હતો, તે ઘણાક માસથી ટેલ નાંખતો હતો. તે ખબર સાંભળીને ત્યાં આવીને એમ બોલ્યો જે, "હે મહારાજ ! હે ગરીબનિવાજ ! હું ટેલિયો છું ને દુર્બળ એવો વિપ્ર છું. ને મારે દીકરી પરણાવવી છે ને છોકરાને યજ્ઞોપવિત દેવાની છે, તે સારુ ઘણા દિવસથી હું ટેલ નાખું છું, પણ મારું ગરીબનું કામ તે તમ વિના બીજો કોણ કરવા સમર્થ છે ? અને હે મહારાજ ! તમે તો બ્રહ્મણ્ય[૧] દેવ છો તેથી મારા દારિદ્ર્યને કાપો." ત્યારે શ્રીજીમહારાજે તે વિપ્ર પ્રત્યે એમ કહ્યું જે, "તારે કેટલા રૂપિયા જોઈએ છે ?" ત્યારે તે વિપ્રે એમ કહ્યું જે, "હે મહારાજ ! મારે તો એક હજાર રૂપિયા જોઈએ છે." ત્યારે શ્રીજીમહારાજે તેને એક સહસ્ર રૂપિયા આપ્યા ને તેને આપીને અજાચક(હવે કોઈની પાસે માંગવું ન પડે એવો) કર્યો.

પછી તે બાઈએ મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! તમારાં સર્વે માણસોને હું પહેરામણી કરાવું, તેવી તમે મને રજા આપો. કેમ, તો તમે અમારાં મનુષ્યને ઘણા રૂપિયા વહેંચી દીધા ને તમારાં મનુષ્યને તો તમે એક કોડી પણ આપી નહીં. તેવું કેમ કર્યું ?" ત્યારે શ્રીજીમહારાજે બાઈ પ્રત્યે એમ કહ્યું જે, **"આવું (ધનાદિકનું) સુખ માયિક ને વળી**

૧.બ્રાહ્મણોનો આદર-સત્કાર કરનારા અને તેમનું હિત ઈચ્છનારા

તુચ્છ છે. તેમાં તે અમે શું આપીએ ? જેમ કોઈ અણસમજુ બાળને રાજી કરવું હોય ત્યારે તેને ગર્જર(ગાજર) આદિક વસ્તુ, મૃત્તિકાનાં પાત્ર, કાષ્ઠનાં રમકડાં ને ખોટી ધાતુનાં રમકડાં તે આપીને તેને રાજી કરે, પણ બુદ્ધિવાન અને વૃદ્ધ પુરુષને જ્યારે રાજી કરવા હોય ત્યારે તે બાળકનાં રમકડાં આપ્યાથી તે રાજી કેમ થાય ? તે ન થાય. તેમ અમારાં જે મનુષ્ય છે, તે જ્ઞાને કરીને વૃદ્ધ છે. તેમને તો અમાયિક સુખ જે ભગવાનના ધામનું અખંડિત સુખ તે આપવું છે. તે સુખથી રાજી થાય તેવાં આ અમારાં સર્વે હરિજન છે." એમ શ્રીજીમહારાજ બોલ્યા.

ત્યારે બાઈએ ઘણાંક વસન તારે જુક્ત શ્વેત, રક્ત, પીત, નીલાં ને સાને શ્યામાદિક(રંગનાં) ઘણાં શેલાં, પાઘડીઓ, પટુ(ઊનનાં ને રેશમનાં વસ્ત્ર) ને પાંબરીઓ લાવીને શ્રીજીમહારાજની આગળ મૂકી. અને બાઈએ પોતાના હાથ જોડીને મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! આ જે સર્વે વસ્ત્ર છે, તે તમારાં મનુષ્યને પહેરામણી કરવા સારુ મેં મંગાવ્યાં છે. તે તમે મારી ઉપર કૃપા કરીને યથાયોગ્ય જેવાં મનુષ્ય તેવાં તેમને વસ્ત્ર આપો. તેથી મારું સારું દેખાશે. હે પૂરણકામ ! તમારે તો કાંઈયે નથી જોઈતું, પણ આટલું તો ગ્રહણ કરો !" તેમ ઘણી પ્રાર્થના કરી.

ત્યારે શ્રીજીમહારાજે પોતાનાં સર્વે માણસોને તેમનાં નામ લઈ લઈને પોતાના હાથે કરીને તે વસ્ત્ર આપ્યાં. તે જેમ અમૃતનો અષાઢી મેઘ વરસે ને જેમ અડદ્રાની મૂઠ(આદ્રા નક્ષત્રમાં વાવેલું વધુ પાકે તેમ) હોય તેમ વરસ્યા. તે સમે શાસ્ત્રી લક્ષ્મીરામ ત્યાં હતો. તેને પણ શ્રીજીમહારાજે કૃપા કરીને શેલું ને પાઘડી આપ્યાં.

❁ કુશળકુંવરબાના દૂબળાં લોકોને શ્રીહરિનાં દર્શનાદિકનો લાભ

પછી મહારાજનો થાળ થયો તે જમવાને પધાર્યા. તે ઘણાંક ભોજન જે લેહ્ય, ચોસ્ય, ભક્ષ્ય ને ભોજ્યાદિકને જમ્યા. પછી જમીને સંત ને

હરિજનને પીરસીને જમાડ્યા. પછી તે કુશળકુંવર બાઈએ ભારે વસન, હેમનાં ઘણાંક અલંકાર ને ઘણાક જે પુષ્પનાં હાર, તોરા, બાજુ, ગુચ્છ, કેસરચંદન ને સાચા મોતીના હાર તેણે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી. પછી હેમના થાળે કરીને કપૂરની આરતી ઉતારી. તેમ ઘણાક દ્વિજ પાસે સંતની પૂજા ચંદને કરીને તથા પુષ્પના હારે કરીને કરાવી. પછી શ્રીજીમહારાજ ગાજતેવાજતે પોતાને ઉતારે આવીને પોઢી રહ્યા.

પછી મધ્યાહ્ને ઊઠ્યા, તે સ્નાન કરીને હવેલીની ઓસરીએ બિરાજમાન થયા ને સર્વે સભામાં ભરાઈને બેઠા છે. એટલાકમાં તે બાઈએ પોતાનાં લોક જે દૂબળાં તેને સર્વેને અસ્વાર મોકલીને તેડાવ્યાં જે, ‘સર્વે બાઈભાઈ આવજો.’ જે મહારાજનાં દર્શન કરશે તો તેના જીવનો મોક્ષ થાશે, એવી સમજણે તેડાવ્યાં હતાં. અને તેમને એમ કહી મેલ્યું હતું જે, ‘સર્વે મીઠાઈ, મેવા, ગરથ(ઘી), ગોળ ને ભારે ધોળા ચોખા ને ગોધુમ ને ફળ ને ઘણા પ્રકારની તરકારી(લીલાં શાકભાજી) ને ઘણા ઈક્ષુદંડ(શેરડીના સાંઠા) ને ઈક્ષુરસ આદિક લઈને આવજો.’ તેથી તેઓ તે સમે આવ્યાં. તે સૌના માથે ગાંઠડીઓ ને શેરડીના ભારા હતા. ને કેટલાંક દૂબળાંને માથે ઘીનાં ભરેલાં પાત્ર ને ગ્રથથી(પૈસાથી) ભરેલી વાંસડાની કાતળીઓ હતી.

તે સમે શ્રીજીમહારાજની આગળ આવીને ઊભાં રહ્યાં. તે કેમ જે, સર્વે પુરુષે તો લંગોટી વાળી હતી ને બાઈઓએ તો ફક્ત એક વસ્ત્ર જે સાડી જ પહેરી હતી, પણ બીજું કાંઈ નહીં. તેમ શ્રીજીમહારાજની હજૂરે બાઈએ તેડાવીને ઊભાં રાખ્યાં. તે જેમ સુગ્રીવે સર્વે મર્કટને પોતાના હુકમે કરીને રામચંદ્રસ્વામી પ્રત્યે તેડાવીને સેવા કરાવી અને મોક્ષને પમાડ્યા, તેમ કુશળકુંવરબાઈએ પોતાનાં સર્વે દૂબળાં લોકને તેડાવીને શ્રીપુરુષોત્તમ એવા શ્રીજીમહારાજની સમીપે સેવા મધ્યે લાવ્યા.

પછી બાઈએ તે સર્વે દૂબળાને એમ કહ્યું જે, “તમે સર્વે વસ્તુ મહારાજની આગળ મૂકીને પગે લાગો.” ત્યારે તેઓએ તેમ જ કર્યું.

પછી તે બાઈએ કહ્યું જે, "હે મહારાજ ! આ તો બિચારા વિશ્વાસી છે ને તે તો રાજાને જ પ્રભુ કરીને માને છે, તેથી તેમનો મોક્ષ કેમ થાય ? ને હવે તમે તે ઉપર દયા કરીને તે સર્વે બાઈઓ-ભાઈઓને તમારા ચરણનો સ્પર્શ કરવા દો, જેથી તેમનું સારું થાશે." પછી સર્વે બાઈ ને ભાઈ મહારાજને પગે લાગીને હાથ જોડીને છેટે જઈને બેઠાં.

ત્યારે શ્રીજીમહારાજે બાઈને એમ પૂછ્યું જે, "આમાં લોક(પ્રજા) તે કિયા ને તેનો પટેલ(મુખી; આગેવાન) તે કિયો ?" ત્યારે બાઈએ મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! જેણે રૂપાનો આડબંધ બાંધ્યો છે ને રેશમની લંગોટી પહેરી છે, એટલા જ પટેલ છે ને બીજા સર્વે લોક છે. એમ હે સર્વજ્ઞ ! તમે જાણો." પછી સર્વે દૂબળા ઉપર શ્રીજીમહારાજે ઘણી દયા કરી, ને બાઈ પ્રત્યે એમ બોલ્યા જે, "આ સર્વેને તમે કંસાર કરાવીને જમાડો." પછી તે બાઈએ તેમ જમાડ્યાં.

પછી ગોડીની વેળા થઈ હતી, તેથી નાથજી ને ઉમાભાઈ પ્રથમ ગોડી બોલે ને પછી સર્વે સંત ને હરિજન ઝીલે. પછી આરતી ને ધૂન પ્રથમ શ્રીજીમહારાજ બોલતા હતા ને તે પછી સંત હરિજનની સભા સર્વે ઝીલતા હતા. તેમ ધૂન કરી રહ્યા.

પછી શ્રીજીમહારાજે મોટીબા અને મીણબાઈ પ્રત્યે એમ કહ્યું જે, "તમે હાં, તત્કાળ વહાણે બેસી શીઘ્ર કાઠિયાવાડે જાઓ, અમ ભેગા તમે નહીં." એમ કહીને ઘણીક રીસ કરીને બોલ્યા ને સર્વ જન સાંભળતાં તિરસ્કાર કર્યો. તે તેવા જ ભક્ત હોય તેથી જ સહન થાય, પણ બીજાથી સહન નો થાય. અને તે જન તો રાજી થઈને સહન કરીને એમ બોલ્યા જે, "હે મહારાજ ! તમે જેમ રાજી થાઓ તેમ અમે કરીશું." ત્યારે મહારાજે એમ કહ્યું જે, "તમારી ભેગા વૃદ્ધ ગઢવી ભોજાભાઈ ને આ છોકરો લક્ષ્મીરામ વિપ્ર તેમને લઈ જાઓ. તે તમારી સેવાચાકરી ને રસોઈ કરી દેશે. માટે પ્રભાતે શીઘ્ર ચાલી નીકળજો."

પછી સંત, ને હરિજને અને તે બાઈએ કહ્યું જે, “હે મહારાજ ! મોટીબા ને મીણબાઈને પાંચ દિવસ આંહીં રહેવા દો.” ત્યારે મહારાજે એમ કહ્યું જે, “અમે તો જાશું.” ત્યારે તે કોઈ બોલ્યા નહીં. તે મહારાજ કેવા છે ? તો કઠણ તો કુલીશથી(વજ્રથી) ને કોમળ તો કુસુમથી એવો છે સ્વભાવ જેમનો, તેમ જાણીને સર્વે કહે, “ઠીક, હે મહારાજ ! તમારી મરજી હોય તે ખરું છે.”

શ્રીધર્મપુરની આ લીલા સંવત્ ૧૮૭૨ની મહા સુદિ પાંચમની છે. તે શાસ્ત્રી લક્ષ્મીરામે જેમ દીઠી હતી, તેમ લખી છે, તેમાં અધિક યા ન્યૂન જે લખાણી હોય તો તે ઉપર સંત તથા હરિજન સદાય પ્રસન્ન રહેજો. હું તો તમારો દાસ છું. ઈતિ ધરમપુરનું આખ્યાન સમાપ્ત થયું.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે ‘ધરમપુરમાં કરેલી વિવિધ લીલાઓ’ એ નામે છવીશમું પ્રકરણ ॥૨૬॥





કુશળકુંવરબાઈ એકાગ્રદૃષ્ટિએ શ્રીહરિનું દર્શન કરે છે.

પ્રકરણ - ૨૭

ધરમપુરથી વડતાલ પધારી ત્યાં ફૂલદોલોત્સવ કરી ગઢડે પધાર્યા

❁ મોટીબાની નિષ્ઠાની પરીક્ષા

હવે તેમ રજાને કર્યા એવાં જે મોટીબા અને મીણબા, તેમને મહારાજનાં દર્શનનો વિયોગ થયો છે. તે દુઃખને સહન કરતાં ને ગામ, પુર, ખેત ને ખર્વટ તેને ઉલ્લંઘન કરતાં ચાલ્યાં, તે ગામ વરતાલે આવ્યાં. ને તે તો ઘણાં ધીરે ચાલ્યાં હતાં, તેથી તેમને તો રસ્તા મધ્યે ઘણાક દિવસ ભાંગ્યા(થયા) હતા.

પછી શ્રીજીમહારાજ ત્યાંથી બીજે દિવસે ધર્મપુરનો ત્યાગ કરીને ચાલ્યા, તે શીઘ્ર ગામ, પુર, ખેત, ખર્વટ, વન, પર્વત, સરિતા, સર ને દેશોદેશ ઉલંઘીને, ત્યાંના મનુષ્યને પોતાની મૂર્તિનાં દર્શન દઈને તે સર્વે બાઈભાઈને મોક્ષ પમાડતા થકા ગામ વરતાલને વિષે પધાર્યા. એક જ દિવસે મહારાજ ને મોટીબાની ગાડી વડતાલ પહોંચી. તેમાં મોટીબાની ગાડી એક પહોર વાંસેથી પહોંચી ને શ્રીજીમહારાજ એક પહોર મોરથી પધાર્યા. તે જોબન પગીની મેડી મધ્યે ગુપ્ત રહ્યા.

અને મોટીબાની ગાડી આવી તે સમે તેમણે મુકુંદ બ્રહ્મચારી ને જેરામ બ્રહ્મચારી એ બે જણને કૂવા ઉપર જળને પીતા દીઠા. ત્યારે એમ જાણ્યું જે, 'આંહીં શ્રીજીમહારાજ આવ્યા છે ખરા.' તેમ તે મોટીબા ને મીણબાએ લક્ષણા(અનુમાન) કરીને કહ્યું જે, "હે મહાયોગી ! શ્રીજીમહારાજ તે ક્યાં ગયા ?" ત્યારે તે બ્રહ્મચારી ઉતાવળા થઈને એમ બોલ્યા જે, "આંહીં તો વળી મહારાજ નથી આવ્યા, ને વળી અમારું નામ કોઈ લેશો નહીં. આંહીં મહારાજ કેદી હતા ? અમે તો ચોખ્ખી ના પાડીએ છીએ." તેમ તે બોલ્યા. તેથી એમ જાણ્યું જે, 'આંહીં શ્રીજીમહારાજ આવ્યા છે ખરા.'

પછી ગામ મધ્યે જઈને જોબન પગીના ફળી મધ્યે ગાડું છોડ્યું. એટલાકમાં મહારાજને ખબર થઈ, એટલે એમ બોલ્યા જે, "તેમને તો સુરત બંદરેથી વહાણ મધ્યે બેસીને કાઠિયાવાડે દુર્ગપુરે શીઘ્ર જાવું, તેમ રજા આપી હતી, ને તે કેમ આંહીં આવ્યાં ?" તેમ કહીને શ્રીજીમહારાજ રીસ કરીને વઢ્યા. તે પણ મોટા હરિજન હોય તે જ સહન કરે, બીજાથી ન થાય.

પછી પોતે મનુષ્યચેષ્ટા દેખાડીને શાંત થઈને બોલ્યા જે, "અમારું વચન તમે કેમ ન માન્યું ?" ત્યારે તેમણે એમ કહ્યું જે, "હે મહારાજ ! તકસીર(ગુનો) માફ કરો ! અમે ભૂલ્યા !" તેમ સાંભળીને મહારાજે રાજી થઈને કહ્યું જે, "રહો." પછી ઘણાક સંત ને હરિજન મહારાજને દર્શને આવ્યા ને ભારે ફૂલદોલનો સમૈયો કર્યો. અને વેદાંતીને હાર પમાડ્યા.

પછી ઘણા દિવસ ત્યાં રહીને તે સર્વે મતપંથને દબાવીને ચાલ્યા, તે ચરોતરને ઉલંઘીને બારા મધ્યે થઈને ભાલ દેશને મૂકીને **દુર્ગપુર** પ્રત્યે આવ્યા. તે પુરના રાજા જે ઉત્તમનરેશ તે ઘણાક માંગલિક સાજ લઈને આવ્યા ને મહારાજને પોતાના મંદિરમાં(દરબારમાં) પધરાવ્યા.

શ્રીજીમહારાજ શ્રીધર્મપુરે સમૈયો કરીને તથા વરતાલે ફૂલદોલ-ઉત્સવ કરીને શ્રીદુર્ગપુરે પધાર્યા, તે સંવત્ ૧૮૭૨ના ફાગણ વદિ ૧૧ સુધીનું પ્રકરણ શાસ્ત્રી લક્ષ્મીરામે સંત ને હરિજનની કૃપાથી લખ્યું છે.

❁ ધરમપુર ઉત્સવ વિશે લેખકનો અહોભાવ

દોહા : સંવત અઢાર અરુ બોતેરે, મહા સુદિ પંચમી જેહ;
ધર્મપુરે ઉચ્છવ કર્યો, શ્રીપુરુષોત્તમ તેહ...૦૧
સુખનિધિ શ્રીઘનશ્યામકે, ચરિત્ર સુધા સમ તેહુ;
પ્રીતિપૂર્વક મેં લખ્યાં, સંત પ્રતાપે જેહુ...૦૨
જેમ દીઠું વળી સાંભળ્યું, તેમ ગાયા ગુણનિધિધામ;
કર જોડી વિનતિ કરે, શાસ્ત્રી લક્ષ્મીરામ...૦૩

હરિગુણ લખ્યા હૅમત કરી, મનશું કરી વિચાર;
હરિ વિના જગ જૂઠો સબે, રસના કર શુભ ઉચાર...૦૪

ચોપાઈ :

શ્રીમહારાજ કે ગુણ હે સુખધામા, મનશું રટીએ દિન અરુ જામા;
સુણતે જાવે સબ અઘ નાસી, એસે પ્રભો હે અક્ષરનિવાસી...૦૫
તાકે લીલાચરિત્ર મૈં ગાયે, પુની ગાવન મન ઈચ્છા થાયે;
તાતે ગાઉં ગુણ સગુણ હરિકે, ગાતા ગુણ મોયે લાગત નીકે[૧]...૦૬
જ્યાં જ્યાં ફરે હરિ નરતનુ ધારી, તે સબ લીલા હું લખું સ્મૃતિ અનુસારી;
હરિજનકું લાગે અતિ પ્યારી, દુરિજનકું લાગે દુઃખકારી...૦૭

દોહા : દુષ્ટ હશે તે દાઝશે, કાઢી બાધ અપાર;
સંત પુરુષ સુખ માનશે, સુણી હરિગુણ અપાર...૦૮
જાચકે[૨] લખી વંશાવલી, લોભીએ લખ્યા ધનમેલ[૩];
તેમ મેં તો હરિગુણ લખ્યા, તે દોહ્યલી વેળાના બેલ[૪]...૦૯

❉ બ્રહ્માનંદસ્વામીને મંદવાડ મટાડી આયુષ્ય આપી

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ દુર્ગપુરને વિષે વિરાજમાન હતા. તે સમે સંત બ્રહ્માનંદસ્વામીને શરીરે ઘણો મંદવાડ આવ્યો. તે દેહ મૂકે તેવા સમે શ્રીજીમહારાજે તે ખબર સાંભળી ને ઘણા મનુષ્યે વીંટાણા થકા તેમને જોવા પધાર્યા. તે સમાની મૂર્તિનું ચિંતવન શાસ્ત્રી લક્ષ્મીરામે જેમ નેત્રે દીઠું છે, તેમ સંત ને હરિજનની કૃપાથી લખું છું.

મહારાજે ભારે કિનખાબનો સુરવાળ પહેર્યો હતો, ને રાતા કિનખાબની ડગલી પહેરી હતી, ને મસ્તકે બુરાનપુરનો ભારે સોનેરી રેંટો કસુંબી છોગાં મેલીને બાંધ્યો હતો. અને એક શેલે કરીને ચોગઠ પાડીને કમર બાંધી હતી. તે મધ્યે હેમે સહિત નંગ જડિત છે જેમાં તેવો કટાર બાંધ્યો હતો. ને વળી એક નીલું શેલું ખંભે ધાર્યું હતું, ને

૧.સારું-સુંદર ૨.ભાટે; ચારણે ૩.નામું ૪.મિત્ર-સહાયક

ઉરને વિષે હેમની ઊતરી ને હેમના દોરા પહેર્યા હતા, ને કરને વિષે કનકનાં વાંકડાં વાઘમોરાં કડાં પહેર્યાં હતાં ને નંગે જડિત વેઢ, વીંટીઓ, બાજુબંધ, પોંચીઓ પહેર્યાં હર્તાં. ને સાચા મોતીના હાર, શિર ઉપર તોરા, મલ્લિકાદિક ને સ્થલકમળના સુમનના હાર ને તોરાને શોભાડે એવા જે નીલકલેવર શ્રીજીમહારાજ તે રતિપતિને લજ્જા પમાડે એવા વેશને ધારીને સંતના સદન પ્રત્યે આવ્યા.

ત્યાં બ્રહ્માનંદસ્વામી તે સમે ઘણાક માંદા હતા. તેની નાડી ને પ્રાણનો સંકેલો કરીને દેહ મૂક્યાનો સમો હતો. તે સમે શ્રીજીમહારાજ પોતાની જે સુંદર મૂર્તિ તેનાં દર્શન દેતા હવા. પછી મહારાજે બ્રહ્માનંદસ્વામીને બેઠા કરીને બ્રહ્માનંદસ્વામીના નેત્રમાં નેત્ર જોડ્યાં. અને ઘેરે શબ્દે કરીને બ્રહ્માનંદસ્વામીને બોલાવીને તેમના દેહ પ્રત્યે પ્રથમ નેત્ર મધ્યે પ્રવેશને કરાવીને પછી શ્રોત્ર મધ્યે લાવ્યા. પછી નાડી ને પ્રાણને સચેતન કરાવ્યાં. પછી દેહનાં સર્વ અંગ મધ્યે જીવને લાવીને શ્રીજીમહારાજે બોલાવીને સચેતન કરીને એમ કહ્યું જે, “હે સ્વામી ! અમને મેલીને તમે ક્યાં જાશો ? અને આપણે ધામને વિષે ઘણાક જીવના મોક્ષ કરવાની પ્રતિજ્ઞા બોલીને આવ્યા છીએ. ને તમે અમારે મોરે ચાલ્યાનું પ્રયાણ કરો છો, તે નહિ થાવા દઈએ. ને તમે તો મોટા સંત છો. તે તમ પાસે ઘણાં મોટાં કામ ને વળી ઘણાક જીવોના મોક્ષ ને સમાસ કરાવીને અમારા પછી તેડી જાવા છે.” એમ કહીને શ્રીજીમહારાજ બ્રહ્માનંદસ્વામીને બાથમાં લઈને મળ્યા, ને ઘણીકવાર હેત ને પ્રીતિપૂર્વક વારંવાર બોલતા હવા.

પછી મહારાજે તે સમે દધિ, સાકર ને કિંચિત્ ચોખાનો ભાત મંગાવીને પોતાને હાથે કરીને બ્રહ્માનંદસ્વામીને જમાડ્યા. તે પંદર દિવસ સુધી અન્ન ખવાણું ન હતું, તે શ્રીજીમહારાજે તેમને જમાડીને પછી સર્વે સંત-હરિજનને એમ કહ્યું જે, “તમે સર્વે જન બ્રહ્માનંદસ્વામીને આયુષ્ય

દ્યો." ત્યારે કોઈએ કહ્યું જે, "હું આપું." તેમ સર્વેજનની પ્રીત-અપ્રીતની પરીક્ષા કરવા લાગ્યા, તે પોતે મનુષ્યચેષ્ટા કરી દેખાડી. અને પોતે સર્વે જીવના રક્ષક છે. અને પોતાના સંત ને હરિજનની ક્રિયા તે તો પોતાને જ હાથ છે, તેમાં શું કહેવું !

પછી મુક્તાનંદસ્વામી આદિક સર્વે ગવૈયા સંતની પાસે વાજિંત્ર લઈને આ પદને બોલાવ્યું જે, ***'સુની તેરી કનૈયા બાંસુરી, હારે મોય તબ તે કછુ ન સોહાઈરી..સુની૦.'*** તે સમે નિશા ઘટી દશ ગયે મહારાજે બ્રહ્માનંદસ્વામીને પોતાની મૂર્તિની સ્મૃતિ કરાવી. પછી શ્રીજીમહારાજ પોતાને ઉતારે પધારીને પોતાના સુખે કરીને સુખિયા થઈને પોઢી રહ્યા.

❁ બ્રહ્માનંદજી સાજા થવાના આનંદમાં મહારાજે પાંચ રસોઈ આપી

અને રાત પાછલી પહોર રહી તે સમે શ્રીજીમહારાજ જાગીને પોતાના એકાંતિક ભક્ત જે મુકુંદ વર્ણિરાજ તથા ભક્ત સોમલા ખાચર આદિ પ્રત્યે એમ કહ્યું જે, "આજ રાત્રીને વિષે અમારા મનશું ઘણોક આનંદ ઊપજ્યો, તેથી અમે નિદ્રાને ત્યાગ કરી છે. તે આનંદ શું ? તો બ્રહ્માનંદસ્વામીની જે કોઈ ઈશ્વર છે, તેણે રક્ષા કરી છે. તે સારુ આપણે સર્વે સંત તથા સર્વે હરિજનમાત્રને ભારે પાંચ રસોઈ આપવી છે. તેવો શુભ સંકલ્પ અમારે થયો છે. તેમાં પ્રથમની રસોઈ તે દૂધપાકની દેવી છે. તે સારુ પ્રભાતે સર્વે વહેલા ઊઠીને ઘણું દૂધ ભેગું કરાવજો. અને સર્વે કોરેમોરને(આજુબાજુનાં) ગામડે જાઓ ને ઘણું દૂધ કોરાં ચોખા પાત્રમાં લાવો." પછી મહારાજની આજ્ઞાથી પ્રભાતે ગામમાંથી તથા ગામડાંમાંથી ઘણું પય ભેગું કરાવ્યું.

પછી શ્રીજીમહારાજે વહેલા નાહીને પૂજાવિધિ કરી. પછી ચૂલા ખોદીને તે ઉપર ભારે ચરુ લાવીને ચડાવ્યા, તે મધ્યે ઘણું પય નાંખ્યું. ને તેમાં જેતલપુરના ભારે ચોખા તથા કિંચિત્ એલચી નાંખી. અને તેમાં ભારે તેજાના, તે શું ? તો જાયફળ, જાવંત્રી, ખોઢ બદામ, ચારોલી,

ઈલાયચી, લવિંગ, તજ ને તમાલ આદિક ઘણા મસાલા નાંખીને પોતે પંડે શ્રીજીમહારાજે ઘણોક દૂધપાક બનાવ્યો હતો. તે ન ભૂતો ન ભવિષ્યતિ. અને ઘણાંક શાક ને ભારે પૂરીઓ તે સંતોએ કરી હતી.

અને ત્યાં જેટલા સંત ને ત્યાંનાં હરિજન હતા, તેમને નોતરાં દેવા સારુ શાસ્ત્રી લક્ષ્મીરામને પ્રભાતે મહારાજે મોકલ્યો હતો. પછી મહારાજને તેણે કહ્યું જે, "હે મહારાજ ! સર્વે જનને તમારા નામનાં નોતરાં આપીને હું આવ્યો છું. તેને ઘણીક શીખની(વળાવતી વખતે અપાતી) દક્ષિણા (આપવાની નક્કી કરીને) લાવ્યો છું." ત્યારે મહારાજે તેને એમ કહ્યું જે, "ખબરદાર ! જમાડવા તેડી લાવીને તે મધ્યે ભૂલીશ તો તારી વાત છે !" ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! ઠીક." ત્યારે મહારાજે એમ કહ્યું જે, "તારા મોટાભાઈ સુપાત્ર બેચરભાઈ ને તું તમને બેને સર્વે હરિજન બાઈભાઈનાં તેડાં કરીને જમાડવાની સોંપણી કરું છું." એમ તે સમે શ્રીજીમહારાજે કહ્યું.

પછી શ્રીજીમહારાજનો થાળ મોટીબા અને લાડુબાઈએ કર્યો હતો, તેને લખીએ છીએ. વિપ્ર હતા, તે દૂધપાક, પૂરી, મેંદાની કચોરી, માલપૂડા, તીખા પૂડા(પૂડલા), પરસૂલીની(મેંદાની) રોટલી, સાકરનો શીરો, વેડમીના(એક પ્રકારની ભાજીના) ભજિયાં, અજમાનાં ભજિયાં, સાકરનો બિરંજ, હરીસો, સાકરના મોદક, મોતીચૂર, જલેબી, ગળ્યા ને મોળા સાટા વગેરે ઘણાં ભોજન શ્રીજીમહારાજના થાળ મધ્યે ધર્યાં હતાં. અને ઘણાંક શાક થાળ મધ્યે પીરસ્યાં હતાં.

પછી મહારાજ પોતે જમવા લાગ્યા ને ધીરે ધીરે જમતા જાય છે ને જળને પીતા જાય છે ને પોતાના ઉદર ઉપર હાથ ફેરવતા જાય છે. તેમ ધીરે ધીરે જમી રહ્યા ને પછી ચળુ કરીને મુખવાસને જમ્યા. પછી સંતને જમવાને તેડાવ્યા. તે ભેગા બ્રહ્માનંદસ્વામીને ડોલીમાં બેસાડીને દર્શન સારુ તેડી લાવ્યા. તેમને શ્રીજીમહારાજે ગાદલા ઉપર બેસાડ્યા.

પછી મહારાજે એમ કહ્યું જે, “હે સ્વામી ! તમે સાજા થયા તે સારુ અમે સંત ને હરિજનને પાંચ રસોઈ જમાડશું, તેવી માનસુક(માનતા) અમે કરી છે.”

ત્યારે બ્રહ્માનંદસ્વામીએ એમ કહ્યું જે, “હે મહારાજ ! જેમ તમે કરતા હશો, તે ઠીક જ છે. તેમજ સંતને તમે જ પીરસી જમાડજો, ને તે પણ માનસુક રાખજો.” તેવું મર્મવચન સાંભળીને શ્રીજીમહારાજ સહિત સર્વે સંતસભા રાજી થઈને હસતા હવા. પછી શ્રીજીમહારાજે હીરાગળ(રેશમી) પીતાંબરની પલવટ વાળી. ને મંદમંદ હસતા હતા, તે દંતપંક્તિ તે જેમ કુંદકળી શોભે તેમ શોભતી હતી. ને ભાલને વિષે કેસરની અરચા ને તે મધ્યે કુંકુમનો ચાંદલો, તે પૂનમના ઈંદુ જેવો શોભાડતા હતા.

પછી દૂધપાક, ધોયેલી સરકરા ને તે મધ્યે ઘણા ગરથને પીરસવા લાગ્યા. તેમ સંત ને સાંખ્યયોગી ભાઈઓને જમાડ્યા. પછી કર્મયોગી ભાઈબાઈ તેમને વિધિપૂર્વક જમાડ્યા. પછી સાંખ્યયોગી બાઈઓને વિધિપૂર્વક જમાડીને પોતે એક પાટ ઉપર બિરાજમાન થયા. ત્યારે બ્રહ્માનંદસ્વામીના શિષ્ય મહાનુભાવાનંદ આદિકે ચંદન અને પુષ્પના ઘણા હાર લાવીને શ્રીજીમહારાજની ષોડશોપચારે પૂજા કરી ને કપૂરની આરતી ઉતારી. પછી સર્વે સંતને શ્રીજીમહારાજ મળ્યા ને સર્વે હરિજનને પોતાના ચરણનો સ્પર્શ કરાવ્યો.

પછી શ્રીજીમહારાજે પોતે બ્રહ્માનંદસ્વામીની ચંદન ને પુષ્પના હારે કરીને પૂજા કરી, ને એક પોતાનું હીરાગળ પીતાંબર ઓઢાડ્યું. તે પછી મહારાજે બ્રહ્માનંદસ્વામીને તે સમે એમ પૂછ્યું જે, “તમે અંતકાળે ચાલવાના પ્રયાણનાં પદ કર્યાં છે, તે અમ આગળ ગાઈ દેખાડો.” ત્યારે તેમના સંતે ગાયાં, તેનાં નામ,

હાંરે મને રોકો મા મહારાજ, માણીગર માવજી રે;
મારે ઘેર છે ઝાઝું કાજ, નટવર નાવજી રે.

એ આદિક ચાર પદ બોલાવ્યાં. તે પછી મહારાજે હસીને બ્રહ્માનંદસ્વામીને એમ કહ્યું જે, "અમારી આજ્ઞા વિના તમથી કેમ જવાય ?" વળી બ્રહ્માનંદસ્વામીએ એક ઝૂલણો(એક પ્રકારનો છંદ) વાંસેથી કર્યો હતો, તે મધ્યે પણ દેહ મૂક્યાનો ભાવ લાવ્યા હતા. તે પણ સંત પાસે કેવરાવ્યું, તેનું નામ,

જ્ઞાતિ ચારણ ઓડક આસિયુંકી, આબુ છાંય ભયો ખાણ ગામમેં જી,
તાકે નામ શંભુદાન તાતહુકો, માત લાલબાઈ ધર્યો ઠામમેં જી;
લાડુ મેટકે શ્રીરંગ નામ ધર્યો, દોઉ લીન બ્રહ્માનંદ નામમેં જી,
ચિત્ત ધાર સહજાનંદ શ્યામ છબી, જગ જીત ગયો નિજ ધામમેં જી.

તે સાંભળીને શ્રીજીમહારાજે બ્રહ્માનંદસ્વામીને મર્મ કરી ને મંદમંદ હસવા લાગ્યા. પછી સર્વે સંતહરિજનને આજ્ઞા કરી, તે સહુ સહુને સદન પ્રત્યે ગયા ને શ્રીજીમહારાજ પોઢી રહ્યા.

પછી બીજે દિવસે જલેબી, મોતીચૂર ને ગળ્યા-મોળા સાટા આદિક ઘણાં પકવાન ને ઘણાંક શાક કરાવીને સંત ને હરિજનને જમાડ્યા. તેમ પાંચ રસોઈ તો શ્રીજીમહારાજે આપી હતી. ને તેમ બીજી રસોઈઓ હરિજને આપી હતી. તેમ એક માસ સુધી સંતને જમાડ્યા ને આનંદ, ઉત્સવ, ગાનતાન, ને જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્યાદિકની ઘણાક પ્રકારે કથાવાર્તા કરીને શ્રીજીમહારાજે સંત તથા હરિજનને ઘણું સુખ આપ્યું. પછી બ્રહ્માનંદસ્વામીને રાખ્યા ને તેમને શરીરે સારી પેઠે સુખશાંતિ થઈ.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'ધર્મપુરથી વડતાલ પધારી ત્યાં ફૂલદોલોત્સવ કરી ગઢડે પધાર્યા' એ નામે સત્તાવીશમું પ્રકરણ ॥૨૭॥

પ્રકરણ - ૨૮

ગઢપુરમાં અભિમાની પિંગળસી હાર પામી શ્રીહરિનો આશ્રિત થયો

એક દિવસને સમે શ્રીજીમહારાજ ગામ **શ્રીદુર્ગપુરને** વિષે બિરાજમાન હતા. તે સમે એક **પિંગળસી ચારણ** ને **ગઢવી કર્ણ** તે બેઉ જણ આવ્યા. તે તો ઘણાક પિંગળના શાસ્ત્રને ભણેલા હતા. તે મહારાજની સાથે વિવાદ કરવા સારુ આવ્યા હતા. તે ભેગા ઘણાક પિંગળ શાસ્ત્રના ઘોડા ભરીને(ઘોડાની પીઠ ઉપર મૂકીને) લાવ્યા હતા. ને વળી તે અમરકોશ આદિક ગ્રંથના પાઠી, ને ઘણા છંદ-કવિતના કહેનારા હતા ને વળી શાક્ત(શક્તિ-દેવીના ઉપાસક) હતા. તે સર્વે શ્રીજીમહારાજ પાસે આવીને એમ બોલ્યા જે, “હે મહારાજ ! અમે તો બ્રહ્માનંદસ્વામીને માંદા સાંભળ્યા, તેથી તેમને જોવા સારુ આવ્યા છીએ.” ત્યારે મહારાજે તેમને ઉતારો કરાવ્યો ને ખાનપાને સુખી કર્યા.

પછી શ્રીજીમહારાજે જાજમ પથરાવીને સભા કરાવી. પછી શ્રીજીમહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા ને સર્વે જનની સભા ભરાઈને બેઠી હતી. પછી તે પિંગળસીએ મહારાજને પ્રશ્ન પૂછ્યો જે, “હે મહારાજ ! શક્તિ આદિ છે(માતાજી જ મૂળ કારણ છે.) તે સાથે તમારા સંતને અતિ વૈર છે. ને વળી ધન-સ્ત્રી સાથે પણ અતિ વેર છે. તેમ તમારે તો (વેર) નથી જણાતું ?” એમ તેણે પૂછ્યું.

ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, “શાક્ત માર્ગ ઉપર તથા સ્ત્રી-ધન ઉપર મુખ્ય તો અમારે જ વૈર છે, તેમ તમે જાણજો. કેમ જે, શત્રુ સાથે જે રાજા વેર કરે છે, તે રાજા એમ જાણે છે જે, ‘આ કફરાણ(કઠણ; કપરા) એવા જે મારા શત્રુ, તે મને આશરી છે તેવી ગરીબ જે મારી પ્રજા, તેને ઘણીક વાર લૂંટી ગયા છે, પણ હું જો ખરો (હોઉં) તો તે શત્રુને હઠાવે જ રહું.’ તેમ તે રાજા પોતાના સત્યસંકલ્પે

કરીને પોતાનું જે સૈન્ય તેને દારૂ, ગોળી ને સર્વે હથિયારરૂપી સામર્થી આપી, તેના ભૃત્ય પ્રત્યે એમ બોલે છે જે, 'ખબડદાર થઈને આપણા શત્રુને જીતવા છે. તેમાં જ મારો રાજીપો છે.' એમ તે રાજા બોલે છે, ત્યારે પ્રથમ વેર તો તે રાજાએ જ કર્યું, તેમ કહેવાય. તે રાજા તો પોતાના પુર મધ્યે રાજધાની મધ્યે બેઠો છે, પણ હારજીત તો તે રાજાની જ કહેવાશે. તેમ કામ, ક્રોધ, લોભ ને માન આદિક ભગવાનના શત્રુ તથા ભક્તના શત્રુ ને વિઘ્નકારી, તેણે બ્રહ્માદિક, મૃડ(શિવજી) ને ઈન્દ્રાદિક દેવને હાર પમાડ્યા છે.

તે જોઈને જે કોઈ ઈશ્વર છે, તેણે આ સંતરૂપી સૈન્યને એમ આજ્ઞા કરી છે જે, 'આપણા શત્રુ જે કામાદિક તથા સ્ત્રી-ધનાદિક માયા તે સાથે અતિ વેર કરવું, તેથી હાર પામશો નહીં.' તેમ અમે સંતને આજ્ઞા કરી છે, તે તો અમે વેર કરાવ્યું છે, તેમ તમારે જાણી લેવું. અને આ જે અમે હેમનાં અલંકાર ધારીએ છીએ, ને ભારે ભારે વસ્ત્ર પહેરીએ છીએ, ને વળી સ્ત્રીઓ સાથે બોલીએ છીએ; તે તો તમારા મનમાં એમ જાણજો જે, જેમ અગ્નિ છે તે અતિ સ્વરૂપવાન સ્ત્રી પાસે એકાંત સ્થળ મધ્યે રહે છે, ને અન્નાદિક ભોજનને પક્વ કરી આપે છે, ને વળી રાત્રીને વિષે સ્ત્રીના આકાર ને રૂપનો દીપકાદિકે કરીને નિશ્ચય કરાવી આપે છે, તોપણ એ સર્વ ક્રિયાને વિષે પોતે તો અતિશે નિર્વિકારપણે રહે છે; **તેમ અમે સ્ત્રી, ધન ને સર્વે પદાર્થ મધ્યે રહીને પણ તેમનાથી અસંગી છીએ.**" એમ તે સમે શ્રીજીમહારાજે પિંગળસી આગળ અગ્નિના દૃષ્ટાંતેથી વાત કરી ને બીજી વાતો પણ ઘણીક પ્રકારની કરી હતી. તે મધ્યે કિંચિત્ લખી છે.

પછી તે પિંગળસીએ કહ્યું જે, "હે મહારાજ ! તમારા સાધુનો તો મોક્ષ થયો, પણ સત્સંગીનો મોક્ષ કેમ થાશે ? તે તો સાંસારિક સુખમાં પડ્યા છે, તેનું કેમ સમજવું ?

तारेश्रीजीमहाराजेतेनेएमकेताहवानेजेपंच
व्रतमानधृढकरीनेपाळसेएवीरीतेअमारीआज्ञाद्र
ढकरीनेमांनसेतेउपरेअमेनेअमारासंततेउपरेराजी
थाशुंतेथीतेनोमोक्षतरतजथासेएमजांणवीनेजोअमेस्त्री
नेधंनादिकसर्वेपदारथनाअमेअतंतत्यागीछैयेतेथीआ
सर्वेपदारथनाअमेअतंतत्यागीछैयेतेथीआमारात्यागने
वैराग्यजोईनेसंतहरीजनसर्वेपदार्थथीउदासीपणेसदा
यव्रतेछेनेजेनागुरुजेमव्रतेतेमतेनासीष्यपणव्रतेखराए
मश्रीजीमहाराजेतेनेकयुं

ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કેતા હવા જે, **“પંચવર્તમાન દૃઢ કરીને પાળશે, એવી રીતે અમારી આજ્ઞા દૃઢ કરીને માનશે તે ઉપરે અમે ને અમારા સંત રાજી થાશું, તેથી તેનો મોક્ષ તરત જ થાશે, એમ જાણવું. અને અમે સ્ત્રી-ધનાદિક સર્વે પદાર્થના અત્યંત ત્યાગી છીએ, તેથી અમારા ત્યાગ ને વૈરાગ્ય જોઈને સંત ને હરિજન સર્વે પદાર્થથી ઉદાસીપણે સદાય વર્તે છે. અને જેના ગુરુ જેમ વર્તે, તેમ તેના શિષ્ય પણ વર્તે ખરા.”** એમ શ્રીજીમહારાજે તેને કહ્યું.

ત્યારે તેણે એમ કહ્યું જે, “હે મહારાજ ! અમારે બ્રહ્માનંદસ્વામીને મળવું છે.” તેની બ્રહ્માનંદસ્વામીને ખબર હતી જે, ‘પિંગળસી મહારાજ પાસે આવ્યો છે.’ તેથી પ્રથમથી જ એક ગૂઢ(રહસ્યમય) દોહરો કરી મૂક્યો હતો. તે લઈને સ્વામી મહારાજની પાસે આજ્ઞાથી આવ્યા. તે સમે સભા સર્વે ઊભી થઈ ને મહારાજે સ્વામીને સન્માન કરીને ગાદલું નાંખીને બેસાર્યા. ત્યારે પિંગળસી ને કર્ણ ગઢવીએ સ્વામીને પગે લાગીને સુખશાંતિ પૂછી. ને તેણે ઘણાક પિંગળના શબ્દના પ્રશ્ન પૂછ્યા. તેના ઉત્તર બ્રહ્માનંદસ્વામીએ અકુંઠિત વચને(અટક્યા વિના વિસ્તાર પૂર્વક) કરીને કર્યા.

પછી બ્રહ્માનંદસ્વામીએ લખેલો જે દોહરો, તે કાઢી પિંગળસીને હાથમાં આપ્યો ને તેને એમ કહ્યું જે, "આ જે અમારો એક દોહરો છે, તેનો તમે યથાર્થ ઉત્તર(અર્થ) કરી દેખાડો." તે દોહરો -

દોહા : અધિપતિ રમણ ઈશ્વર પિતા, ઔર દિગ્ગજ ઉપરે આપ;
તાકું જો તુમ હી ભજો, તો ત્રિવિધ મિટાવે તાપ.

આ જે દોહરો લખીને બ્રહ્માનંદસ્વામીએ તે પિંગળસીના હાથમાં આપ્યો, તે સમે શ્રીજીમહારાજ ને સર્વે સભા તે રાજી થયાં. પછી તે પિંગળે ઘણીવાર સુધી તેનો અર્થ વિચાર્યો, પણ ઉત્તર નો થયો.

તે તો મહાઅભિમાની હતો. ને ઘણાક ચારણ ને ભાટને હાર પમાડતો હતો. તેને કોઈકે એમ કહ્યું હતું જે, "એક સ્વામિનારાયણના સંત બ્રહ્માનંદજી પિંગળના ગ્રંથ તથા ઘણાક કવિતના પ્રબંધના ગ્રંથને જાણે છે. તે તારા માનને ભંગ કરશે ખરા." તેમ તેણે પડકાર્યો થકો તે દુર્ગપુર પ્રત્યે આવ્યો હતો. ને તે ઠેકાણે ગર્વગંજન ને સંતપુરુષના મનરંજન એવા જે શ્રીજીમહારાજ તેની સમીપે આવ્યો, ત્યારે તે દોહરા આદિક ઘણાક પ્રશ્નના શબ્દરૂપી બાણે કરી પિંગળસીને હાર પમાડ્યો.

કેમ ? તો જેમ અભિમાની ને વળી માની એવો જે મઘવા(ઇન્દ્ર) તે ઘણોક બળિયો, તેના ખાંડવવનની[૧] ઘણીક ઔષધીરૂપી સામર્થી તે જેમ શ્રીકૃષ્ણ ને અર્જુને વહ્નિ પાસે ભસ્મ કરાવી હતી, તેમ માની ને વળી અભિમાનથી વશ થઈને કોઈ ગરીબને ગણતો નહીં એવા પિંગળસીની જે પિંગળવિદ્યારૂપી સામર્થીને શ્રીજીમહારાજે પોતે ને વળી બુદ્ધિમાન બ્રહ્માનંદસ્વામીના શબ્દરૂપી બાણે કરીને હારને પમાડી. કેમ ? જેમ શ્રીકૃષ્ણે ને સવ્યસાચીએ[૨] અગ્ન્યાસ્ત્ર બાણે કરીને વજ્રધરની(ઇન્દ્રની)

૧. ઇન્દ્રનું આ વન મત્સ્ય દેશ એટલે કે જે હાલમાં જેપુર ને અલવર જિલ્લાનો પ્રદેશ કહેવાય છે, તેની ઉત્તરમાં હસ્તિનાપુરની નજીક આવેલું હતું અને તેમાં તક્ષક નામના નાગ લોકો રહેતા હતા. ૨.ડાબા હાથ વડે પણ બાણને સાંધવા માટે સમર્થ એવા અર્જુનજીએ

મેઘરૂપી સામર્થીને દબાવીને તેના ખાંડવવનને બાળીને અગ્નિને સુખિયો કર્યો, તેમ અભિમાની પિંગળસીની પિંગળવિદ્યારૂપી સામર્થીને દગ્ધ કરી નાંખીને તેનું માન હર્યું.

પછી શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "બ્રહ્મમુનિ તમને શાબાશ !" પછી શ્રીજીમહારાજે પિંગળસીને ખગોળ ને ભૂગોળાદિક પિંડ ને બ્રહ્માંડની વાત પૂછી ને કહ્યું જે, "ઈંગલા, પિંગળાદિક નાડી તથા સુષુમ્ણા નામે નાડી પિંડ મધ્યે કેમ રહી છે ? તે કહી દેખાડો. ને વળી ખટચક્રની વાત તે પણ ભિન્ન ભિન્ન કહી દેખાડો. ને વિદ્યાશક્તિ ને અવિદ્યાશક્તિને યથાર્થ કહો." એ આદિક ઘણીક વાત શ્રીજીમહારાજે પૂછી.

તેને સાંભળીને હાર પામીને એમ બોલ્યો જે, "હે ગર્વગંજન પ્રભુ ! આવા પ્રશ્ન તો મેં કોઈ દિવસે સાંભળ્યા નથી, તેમ શાસ્ત્રમાં દેખ્યા પણ નથી. તેથી હું શું કહું ? ને હે મહારાજ ! હે ગરીબનવાજ ! અભિમાની એવો જે હું, તે તમારી સાથે વાદવિવાદ કરીને હે અજિતપુરુષ ! હું તમને જીતવાને આવ્યો હતો, પણ એ જ મારું મૂઢપણું છે. હે મહારાજ ! જેમ દિનેશની સન્મુખ ખદ્યોતનો પ્રકાશ છે, તેમ મારી વિદ્યાનો પ્રકાશ છે. તેમ મેં મારા મનમાં વિચારીને આજ દિનથી હું તમારે શરણે છું." એમ કહીને શ્રીજીમહારાજને ચરણે નમી ગયો.

પછી બીજે દિવસે તેણે શ્રીજીમહારાજનો થાળ કરાવ્યો ને સંતને જમાડ્યા. ને મહારાજનો આશ્રિત થઈને શ્રીજીમહારાજની કેશર ને ચંદને કરી પૂજા કરી. અને હેમની વીંટી પહેરાવી ને કસુંબી વસન ઓઢાડ્યાં. પછી પોતાના ઘર પ્રત્યે ગયો. ઈતિ પિંગળસીનું આખ્યાન સમાપ્ત થયું.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'ગઢપુર આવેલ અભિમાની પિંગળસી હાર પામી શ્રીહરિનો આશ્રિત થયો' એ નામે અઠ્ઠ્યાવીશમું પ્રકરણ ॥૨૮॥

પ્રકરણ - ૨૯

ગઢપુરમાં સૂર્યગ્રહણ થતાં તેની કથા કહી અને વિપ્રોને દાન દીધું

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ દુર્ગપુરને વિષે વિરાજમાન હતા. તે સમે સૂર્યગ્રહણ આવ્યું. તે સમે સૂર્ય ખગ્રાસ થયો(આખો ઘેરાઈ ગયો). તે સમે દિન મધ્યે અંધકાર થઈ ગયો. તે સમે શ્રીજીમહારાજ સંતના સદન પ્રત્યે આવ્યા. અને તે સમાની મૂર્તિનું ચિંતવન હું શાસ્ત્રી લક્ષ્મીરામ સંત ને હરિજનની કૃપાથી કરું છું.

એક પિછોડી(પછેડી - ઓઢવાની જાડી ચાદર) રાતે છેડે પહેરી હતી ને એક ધોળું શેલું ઓઢ્યું હતું ને માથે એક રૂમાલ બાંધ્યો હતો ને સર્વે પોતાના સખા તેમણે વીંટાણા થકા આવીને સંતમંડળની વચ્ચે બેઠા. પછી એમ બોલ્યા જે, "અરે રામ... રામ.. ! આ સમે સૂર્યને રાહુએ સર્વે(આખો) ગ્રહણ કર્યો છે. તે સારુ તમે સર્વે સંત ને અમે થઈને જે કોઈ ઈશ્વર છે તેને જ સંભારો. કેમ જે, સમર્થ એવા જે ભગવાન છે, તે જ તે દિનેશની રક્ષા કરશે." ત્યારે મુક્તાનંદસ્વામીએ મહારાજ પ્રત્યે એમ પૂછ્યું જે, "હે મહારાજ ! આ જે ગ્રહણ થાય છે, તેનું તે કેમ સમજવું ?"

ત્યારે તે વાત શ્રીજીમહારાજે સર્વે સંત ને હરિજન પ્રત્યે કહી દેખાડી જે, "એક સમે સર્વે દેવોએ સમુદ્રનું મંથન કર્યું'તું. તે મધ્યેથી અમૃતનો કુંભ નીકળ્યો'તો. ત્યારે તે પીવા સારુ દેવ અને દાનવને પરસ્પર કલહ થાવા માંડ્યો. ત્યારે ભગવાને મોહિની સ્વરૂપ ધારીને 'પોતાના જે સુર તેને પીયૂષ(અમૃત) પાવું છે ને દનુજને(દાનવોને) નથી પાવું' (તેમ નક્કી કર્યું.) તે જાણીને રાહુ, સૂર્ય ને ચંદ્રની વચ્ચે ગૂઢવપુ[1] કરીને બેસી ગયો. તે અમૃત પાતાં પાતાં ભગવાન જ્યાં રાહુ બેઠો હતો, તે ઠેકાણે આવ્યા. ત્યારે તેણે અમૃત પીવાને હાથ પ્રસારીને

[1] .પોતે રાહુ છે, એમ ઓળખાય નહીં તેવું શરીર

લીધું ને કંઠ મધ્યે ધાર્યું. ત્યારે મોહિનીરૂપ ભગવાને સાનમાં કહ્યું જે, "રાહુ..!" એટલાકમાં દિનેશે ત્રિશૂલે કરી તેનું મસ્તક છેદી નાંખ્યું. તે વેરને હજી મૂક્તો નથી. તે જ્યારે તે સૂર્ય અને સોમને રાહુ થકી સંકટ પડે છે, ત્યારે સમર્થ એવા જે ભગવાન તેને તેઓ સંભારે છે. ત્યારે ચક્રના ધરતલ એવા જે પ્રભુ તે આવે છે. તેને જોઈને ભયને પામીને પછી તે રાહુ ભાગી જાય છે. તેમ સર્વ લોકને પ્રકાશના કરનારા એવા જે તે દેવને આવો સમો જોઈને દૈવી જીવ આ સમે દાન-પુન્ય કરે છે."

તેમ કહીને તે સમે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "અમે તો આ સમે અતિ અકિંચનપણે છીએ. એક કોડી અમે અમારા સારુ રાખી નથી, પણ અમારા મનશું અમે વિચાર્યું જે, 'અમારી માણકી ઘોડીનો સામાન જે હેમ ને રૂપાનાં પેગડાં તથા મોવડાદિક સામાન હોય તે હાલ લાવો. તે સર્વે સામાન અમારો જ કહેવાય છે. તે સર્વે બ્રાહ્મણોને ધર્માદા કૃષ્ણાર્પણ આપવો છે. તેમાં જે કોઈ ઈશ્વર છે તે આપવાથી અતિ રાજી થાશે ખરા.' તે સારુ કોઈ આશંકા કરશો નહીં ને હાલ લાવો." તેમ તે સમે શ્રીજીમહારાજના હુકમથી સત્યવાદી એવા ઉત્તમ નરેશે હેમનો તથા રૂપાનો યત્કિંચિત્ જે સામાન હતો, તે સર્વ શ્રીજીમહારાજની આગળ થાળ ભરી લાવીને મૂક્યો.

ત્યારે મહારાજે સર્વે સામાન તપાસ્યો. તેમાં એક મોવડ[૧] તથા હેમનાં અલંકારે જુક્ત ચોકડું[૨] હતું, તે સારું હોવાથી તે ઘોડાના રક્ષક નાન ખાચર આદિકે લઈ રાખ્યું હતું. પછી (તેની ખબર પડતાં) મહારાજે તેને એમ કહ્યું જે, "તે જણસ લાવો, નહીં તો ઘોડી સોત જાશે !" ત્યારે સોમલા ખાચરે તે નાન ખાચરને એમ કહ્યું જે, "અરે ભણે ! ઝટ લઈ આવ. મહારાજ ! તે તો ભૂલી ગયો છે." ત્યારે મહારાજે સોમલા ખાચરને એમ કહ્યું જે, "તમારું કપટ અમે જાણ્યું, તે સારુ શીઘ્ર લાવો."

૧.તે ઘોડાના મોઢા પર પહેરાવવામાં આવે છે, ને ચામડાનું કે સુતરની દોરીનું બનેલ હોય છે.
૨.ઘોડાના મોઢામાં રહેતો લગામનો સોનાનો ભાગ

તે સાંભળીને તે સમે બ્રહ્માનંદસ્વામીએ એમ કહ્યું જે, "મિયાં ચોરે મૂઠે, તો અલ્લા ચોરે ઊંટે[૧]." ત્યારે સર્વે સભા હસવા લાગી. પછી શ્રીજીમહારાજ હસીને એમ બોલ્યા જે, "અમારે આગળ કપટ કરે તે તો નો ચાલે." પછી તે સર્વે સામાન ભેગો થયો ત્યારે શ્રીજીમહારાજે તે મધ્યે તુલસીપત્ર મેલીને દુર્ગપુરના સર્વે વિપ્રને તેડવા સારુ વિપ્ર બેચરભાઈ પોતાનો બ્રાહ્મણ હતો તેને મેલ્યો'તો. તે સર્વેને તેડી લાવ્યા. તે સર્વે વિપ્ર આવીને શ્રીજીમહારાજને હાથ જોડીને નમ્યા. ત્યારે મહારાજે સર્વે વિપ્ર પ્રત્યે એમ કહ્યું જે, "આ સર્વે હેમ ને રૂપાનો સામાન છે, તે તમને અમે શ્રીકૃષ્ણાર્પણ કરીએ છીએ. તે સર્વે દુર્ગપુરના વિપ્ર વહેંચી લેજો." ત્યારે તે સર્વે વિપ્રે કહ્યું જે, "હે મહારાજ ! તમે તો ઈશ્વર છો ને સમર્થ છો, પણ આવું જે હળાહળ ગ્રહણ તે વેળાએ દાન કેમ લેવાય ? ને હે પ્રભો ! આ ગ્રહણ મુકાયા પછી લેશું ખરા."

ત્યારે મહારાજે એમ કહ્યું જે, "અમે જે જણસ ધર્માદે આપીએ તેને અમારી પાસે રાખીએ નહીં, એવો અમારો સ્વભાવ છે. ત્યારે કેમ કરશું ?" તેમ કહીને પોતાનો બ્રાહ્મણ જે બેચરભાઈ તેને મહારાજે કહ્યું જે, "ત્યાં સુધી તું રાખ." ત્યારે તેણે કહ્યું જે, "હે મહારાજ ! આ ઘણું ધન તે મારા ઘર મધ્યેથી કોઈક લઈ જાય તો હું ક્યાંથી લાવી આપું ?" ત્યારે મહારાજે એમ કહ્યું જે, "આ તો ઠીક કહે છે."

ત્યારે તે ઠેકાણે તે સમે હરજી ઠક્કર બેઠા હતા. તે બોલ્યા જે, "હે મહારાજ ! તે સર્વે જણસ લાવો, તે મારા પટારા મધ્યે નાંખું, તે ચોર તથા ગ્રહણનો ભય નહિ આવે. ને જ્યારે વિપ્રની નજરમાં આવે(ઇચ્છા થશે), ત્યારે માગશે ત્યારે હું આપીશ." ત્યારે મહારાજે કહ્યું જે, "અરે વિપ્રો ! આ વાત ઠીક. જ્યારે તમારે જોઈએ ત્યારે અમે તમને અપાવશું."

૧.અણહકનું ગમે તેટલું ભેગું કર્યું હોય, પણ તે સમૂળગું જાય છે.

પાંચ દિવસ પછી સર્વે વિપ્રે મહારાજ પાસે આવીને એમ કહ્યું જે, "હે મહારાજ ! સર્વે હેમનો તથા રૂપાનો સામાન મંગાવીને તમે અમને વેચી દેવરાવો." તે મંગાવીને વેચ્યો, તે ઘણા રૂપિયા ઊપજ્યા. પછી પુર બહાર ઉન્મતગંગાને કાંઠે એક શંકરનું મંદિર છે. તેનું નામ નીલકંઠ વિખ્યાત છે. તેને પાસે ઓટા ઉપર પીપળાનું વૃક્ષ છે. તેની હેઠે બેસીને શ્રીજીમહારાજે એક એક વિપ્ર પ્રત્યે પાંચ પાંચ રૂપિયા વહેંચી આપ્યા. પછી પોતે ગામ પ્રત્યે પધાર્યા. તે સમાની શોભા અને શ્રીજીમહારાજની મૂર્તિનું ચિંતવન શાસ્ત્રી લક્ષ્મીરામ સંત ને હરિજનની કૃપાથી કરું છું.

તે સમે શ્રીજીમહારાજે નીલા કિનખાબનો સુરવાળ પહેર્યો હતો. નીલા કિનખાબની ડગલી પહેરી હતી. માથે ભારે કસુંબી જરિયાની ઘણમૂલો બુરાનપુરી રેંટો છોગાં મેલીને બાંધ્યો હતો. ને એક લીલું શેલું કમરે ચોગઠ પાડીને બાંધ્યું હતું. ને એક કસુંબી શેલું ખંભે નાંખ્યું હતું. ને ઘણાંક હેમનાં અલંકાર ને ઘણાક મલ્લિકાદિક ને સ્થલકમલના પુષ્પના હાર પહેર્યાં હતાં. ને પોતે માણકી ઘોડી ઉપર બિરાજમાન હતા. ને ઘણાંક વાજાં વાગતાં હતાં, ને કાંસિયા ને રવાજાદિક વાજાં વાગી રહ્યાં હતાં. તેમ ગાજતેવાજતે શ્રીજીમહારાજ દુર્ગપુરના સર્વે જનને દર્શન દેતા થકા, વિપ્રને દક્ષિણા આપીને દુર્ગપુરને વિષે પોતાના ઉતારે આનંદઉત્સવ કરીને બિરાજમાન થયા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'ગઢપુરમાં સૂર્યગ્રહણ થતાં તેની કથા કહી અને વિપ્રોને દાન દીધું' એ નામે ઓગણત્રીશમું પ્રકરણ ॥૨૯॥



પ્રકરણ - ૩૦

વિષમકાળમાં શ્રીહરિએ મંદવાડ ગ્રહણ કર્યો

દોહા : કામી ચિંતવે કામની, લોભી ચિંતવે ધન;
મેં ચિંતવ્યા મહારાજને, કરી કરી શુભ મન.

હવે એક દિવસના સમાને વિષે શ્રીજીમહારાજ ગામ શ્રીદુર્ગપુરને વિષે બિરાજમાન હતા.

જે કોઈ ઈશ્વર છે, તેને જક્તને વિષે સર્વે દેશ પ્રત્યે વિષમકાળ જે મૃત્યુદેવીને પ્રવૃત્ત કરાવીને અજ્ઞાની મનુષ્યનો મદ ઉતારીને તે ઈશ્વરને કાળ ને કર્મનું નિયંતાપણું જણાવવું છે જે, 'કોઈ ઈશ્વર છે ખરા !'

પછી પ્રથમથી જ શ્રીજીમહારાજે મંદવાડને કિંચિત્ ગ્રહણ કર્યો. તે પોતે પોતાના ઉતારા મધ્યે સર્વે જે પોતાના સેવક જે મુકુંદ બ્રહ્મચારી આદિક એકાંતિક જન તેને બહાર કાઢીને માંયલી સાંકળને ભીડીને પછી ઘણીકવાર જળ પીધું, પછી ઘણીકવાર ઊલટી કરી. તે એક દિવસ ને એક નિશા સુધી તેમ જ કર્યું.

પછી બીજે દિવસે સર્વે સંત ને સર્વે હરિજને પ્રાર્થના કરી જે, "હે મહારાજ ! તમે તો સર્વે જનના જીવનપ્રાણ છો. ને જેમ તમે તમારે શરીરે રોગને ઉત્પન્ન કર્યો છે, તેમ જક્તને વિષે વિષમકાળની પ્રવૃત્તિ થાશે, તેમ અમને જણાય છે. અને હે મહારાજ ! તમારી સેવામાં કોઈ સેવક નથી ને તમારું શરીર અતિ ક્ષીણ પડી ગયું છે. ને તમારો શબ્દ પણ ક્ષીણ પડ્યો છે, તેમ અમે સર્વે સાંભળીએ છીએ. ને હે મહારાજ ! જો તમે કમાડ નહિ ઉઘાડો તો અમે પણ બે દિવસથી અન્નને તો નથી જ જમ્યા, પણ હવેથી અમે જળનો પણ ત્યાગ કરીશું ખરા!" એમ મુક્તાનંદજી આદિક સંત, ઉત્તમ નરેશ આદિ સર્વે હરિજન ભાઈ અને મોટીબા, રાજબાઈ ને લાડુબાઈ આદિક સર્વે બોલ્યાં.

ત્યારે અતિ કૃપાળુ છે સ્વભાવ જેમનો એવા શ્રીજીમહારાજે તે સાંકળને ઉઘાડી. ને સર્વે સંત મહારાજનાં દર્શન કરવા લાગ્યા. તે સમે શ્રીજીમહારાજની મૂર્તિ અતિ કૃશ દેખીને સર્વે જન અતિ દુઃખ પામ્યા. પછી મોટેરા સંત ને મોટેરા હરિજન મહારાજની સેવામાં રહીને જેમ શ્રીજીમહારાજ રાજી થાય તેમ સેવા કરવા લાગ્યા.

અને તે સમય ગ્રીષ્મઋતુનો હતો, તે ઘણીક લૂક વાતી હતી. તે સમે એક લીંબના વૃક્ષ હેઠે પર્ણકુટી જેવો મોટો મંડપ કરીને વળી તે ઉપરથી ભીનાં વસને કરીને ઢાંક્યો. પછી ઘણા જળનો છંટકાવ કર્યો, ને વાળાના ઘણાક સુગંધીમાન જે ઘણા વીંજણા તેણે કરીને શ્રીજીમહારાજને વાહર નાંખવા લાગ્યા. અને શીતલ જળ જે ઉન્મત્તગંગાનું, તે મધ્યે શર્કરા નાંખીને શ્રીજીમહારાજને પાન કરાવ્યું.

❉ મંદવાડ તજી થાળ જમ્યા ને પૂજા સ્વીકારી

પછી પાંચમે દિવસે સ્વેચ્છાએ કરીને એમ બોલ્યા જે, “હવે અમે તે મંદવાડનો ત્યાગ કર્યો છે. માટે આ સમે ગોરસ, સાકર ને ભાત લાવો.” પછી સર્વે જન રાજી થયા. પછી શ્રીજીમહારાજ ગોરસ ને ભાતમાં શર્કરા નાંખીને જમ્યા. તે સમે સર્વે જને ઘણીક સાકરને વહેંચી ને ઘણાક સુપાત્ર એવા દ્વિજને ઘણીક દક્ષિણાઓ આપી અને ઘણાંક ગૌદાન આપ્યાં. અને શ્રીજીમહારાજ સાજા થયા, તેના આનંદના ઉત્સવને અર્થે સાધુ ને બ્રાહ્મણોને ઘણાં મિષ્ટ અન્ન જમાડીને તૃપ્તિ પમાડ્યા. તેમ સંત ને વિપ્રે ઘણાક સ્તોત્રે કરીને મહારાજને સંભળાવીને રાજી કર્યા.

પછી શ્રીજીમહારાજે સર્વે સંત-હરિજન પ્રત્યે એમ આજ્ઞા કરી જે, “તમે સર્વે જન તે ભારે મલિયાગરાદિક શ્રીખંડ(ચંદન) ઘસી ઘસીને લાવો. તે સર્વેની સેવા ને પૂજા અમે ગ્રહણ કરીશું, તેથી અમને પણ સુખ થાશે; કેમ જે, ગ્રીષ્મઋતુ છે. ને તેમ પૂજ્યાથી તમે પણ સુખિયા થાશો. પછી તે સમે સંતમંડળ તથા સર્વે હરિજન ચંદન ઘસીને કટોરા

ભરી લાવીને મુદે જુક્ત શ્રીજીમહારાજની પૂજા કરવા લાગ્યા. અને તે સમે સ્થલકમલ ને મલ્લિકાદિક સુમનના હાર, તોરા, ગજરા, બાજુ તથા સુમનના જામા ને ટોપી તેમજ કુસુમનાં અલંકારમાં મહારાજ ગરકાવ થયા હતા.

અને તે સમે ઘણાં ચંદન ને સુગંધીમાન પુષ્પ તેની સુગંધીએ કરીને તે સ્થળ સુગંધીમાન થઈ ગયું. ને વળી સુગંધીમાન પુષ્પની સુગંધે કરીને શ્રીજીમહારાજની મૂર્તિની ઉપર ઘણાક મત્ત એવા જે ભ્રંગ તે ચંચરીક(એ નામના છંદની) રીતે ગાન કરતા હતા. તે કેમ, તો તેઓ ઉદાર એવા જે શ્રીજીમહારાજ તેમની આગળ નૃત્ય કરીને પોતાને જે જન્મમૃત્યુનો ભય, તેમાંથી છૂટવાને ઇચ્છે છે, એવા કોઈ દેવ હતા. એવી રીતે સર્વે સંતોભક્તોએ શ્રીજીમહારાજની પૂજા કરી, ને પછી જમવાનું લાવ્યા. તે મહારાજ જમ્યા. પછી ઉત્તમ રાજાની રસરોટલીની રસોઈ હતી, તે સંતને જમાડ્યા.

❃ મહારાજે સંતોનું કીર્તનગાન સાંભળ્યું ને સંતોનો મહિમા કહ્યો

પછી બીજે દિવસે શ્રીજીમહારાજ પ્રભાતે વહેલા ઊઠ્યા ને બાવળનું કોમળ, પાકા બાર તસુનું લાંબું ને વાંસેથી ચીરેલું તેવું દંતધાવન(દાતણ) કર્યું. તેમ ઘણા શીતળ જળે કરીને સ્નાન કરી નિત્યવિધિ કરી. પછી એમ બોલ્યા જે, "અમારાં ભારે વસ્ત્ર ને હેમના અલંકાર તે સર્વે લાવો. કેમ જે, અમે હવે સાજા થયા છીએ, તેથી તે પહેરીશું." એમ તે સમે બોલ્યા. પછી સર્વે ઘણાં મૂલ્યવાન વસન ને હેમનાં અલંકાર પોતે ધારણ કર્યાં. તે સમાની મૂર્તિનું ચિંતવન શાસ્ત્રી લક્ષ્મીરામે જેમ દીઠું છે, તેમ સંત ને હરિજનની કૃપાથી લખ્યું છે.

ભારે રાતા કિનખાબનો બુટ્ટાદાર સુરવાળ ને રાતા કિનખાબની ડગલી પહેર્યાં હતા. ને મસ્તકે બુરાનપુરનો સાતસો રૂપિયાવાળો ભારે જરિયાની રેંટો બાંધ્યો હતો. અને એક જરિયાની શેલે કરીને ભેટ

બાંધી હતી. ને એક શેલે કરીને પલોંઠી બાંધી હતી. અને હવે હેમનાં અલંકારને લખીએ છીએ. ઉર મધ્યે હેમની ઊતરી ને કરને વિષે હેમનાં વાઘમોરાં કડાં, વેઢ, વીંટીઓ, પોંચીઓ ને બાજુબંધાદિકને ધારીને બિરાજમાન હતા.

પછી તે સમે મુક્તાનંદજી, બ્રહ્માનંદજી, દેવાનંદજી ને પ્રેમાનંદજી આદિક ગવૈયા, સરોદા આદિક ઘણાંક વાજાં લઈને આવ્યા. અને નિત્યાનંદજી ને સુખાનંદાદિક પંડિત ને શાસ્ત્રના ભણેલા સભામાં બેઠા હતા. પછી શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામી પ્રત્યે એમ કહ્યું જે, "હે સ્વામી ! તમે વાજાસ્વરે કરીને ભગવાનનાં કીર્તન બોલો." ત્યારે તેમણે એમ કહ્યું જે, "અહો..! અહો..! ઠીક હે મહારાજ !"

પછી તે સર્વે વાજા સ્વરે કરીને મુનીન્દ્ર એવા મુક્તાનંદસ્વામીએ પ્રથમ આ ચાલને વગાડી. તે ન ભૂતો ન ભવિષ્યતિ. તેનું નામ જે, '***સ્વામિનારાયણ નારાયણ નારાયણ, સ્વામિનારાયણ નારાયણ નારાયણ, ભજ મન નારાયણ નારાયણ નારાયણ.***' અને વળી બીજી ચાલ જે, '***રાધે રાધે ગોવિંદા, રાધે રાધે ગોવિંદા, ભજ રાધે રાધે ગોવિંદા, ભજ તુઈ રામ તુઈ રામ...***' એ આદિક ઘણીક ચાલ્યું વગાડી.

તે સાંભળીને શ્રીજીમહારાજ રાજી થઈને તે સમે એમ બોલ્યા જે, "આવા સંતપુરુષને ધન્ય છે જે, આ કાષ્ઠ(કાષ્ઠનું બનાવેલ વાજું) તે જડ છે, તેને ચૈતન્ય કરીને આમ ભગવાનને ભજાવે છે, તો મનુષ્યને પ્રભુ ભજાવે તેમાં શું કહેવું ! ને આવા જે સંત તેનાં દર્શન તો દેવાદિકને પણ દુર્લભ છે, તો બીજાની તો શી વાત કહેવી ! ને આવા સંતે જ્યાં અવતાર લીધો તેનાં માવિત્રને(માબાપને) ધન્ય છે ! તે ગામ ને દેશને પણ ધન્ય છે !

અને આવા જે સર્વે સંતપુરુષ તેને પૂજે ને અન્ન, જળ ને વસ્ત્ર ઓઢાડે તેને પણ ધન્ય છે ! ને આવા સંત જે પૃથ્વીને વિષે વિચરે

છે, તે ભૂમિનાં મોટાં ભાગ્ય છે ! અહો ઈતિ આશ્ચર્યે ને બત ઈતિ ખેદે જે, અજ્ઞાની મનુષ્ય તે તો આવા સંતપુરુષનો દ્રોહ કરે છે.” એ આદિક તે સમે શ્રીજીમહારાજે ઘણીક વાત કરી હતી, તે મધ્યે સાંભરી તેટલી લખી છે.

❉ પ્રાગજી ભટ્ટને પોતાનાં ભારે વસ્ત્રાલંકારાદિનું સહજમાં દાન

પછી તેમ ગાન ને તાન કરાવતા હતા, તેવા સમાને મધ્યે મહારાજના પુરાણી જે પ્રાગજી તે શ્રીજીમહારાજ પાસે નમસ્કાર કરીને બેઠા. ત્યારે શ્રીજીમહારાજ કેવા છે ? તો નિર્લોભીની સીમા, ને ઉદારપણું તેની પણ સીમા, ને ઘણાક મૂલે જુક્ત એવી જે વસ્તુ તેને સદ્ય ત્યાગ કરી દેવી તેની પણ સીમા; એવા જે શ્રીજીમહારાજ, તેમણે તે સમે તે પ્રાગજીને પોતા પાસે બોલાવ્યા. ત્યારે તે શ્રીજીમહારાજને હાથ જોડી પગે લાગીને બેઠા.

ત્યારે શ્રીજીમહારાજે પોતાને માથે બાંધ્યો હતો જે ભારે રેંટો તે પ્રાગજી ભટ્ટને આપી દીધો ને તેમ ડગલી આપી. ને વળી બે શેલાં આપ્યાં. ને પોતે ધોળો ખેસ પહેરીને સુરવાળ કાઢીને તેને આપી દીધો. પછી હેમની ઊતરી, કડાં, વેઢ ને વીંટીઓ આદિક હેમનાં અલંકાર ને સર્વે વસ્ત્ર તે વિપ્રને આપીને અતિ રાજી થયા. ને એમ બોલ્યા જે, **“અમારી નિમિત્તની કાંઈ ભારે વસ્તુ હોય તે તો અમને ગમે જ નહીં. ને તેને ત્યાગ કરી દઈએ ત્યારે જ અમને સુખ થાય, તેવો જ અમારો સ્વભાવ છે.”**

વળી તે સમે બ્રહ્માનંદસ્વામી હસીને મહારાજને પ્રત્યે એમ મર્મવચન બોલ્યા જે, “**દાતારો વસ્ત્રે હીણ** !” કેમ જે, તે સમે શ્રીજીમહારાજ એક શ્વેત ખેસને જ પહેરીને બેઠા હતા. ત્યારે શ્રીજીમહારાજ મંદમંદ હસતાં હસતાં એમ બોલ્યા જે, **“ઘણાક અમૂલ્ય પદાર્થ જે કાંઈ વસ્તુઓ આવી હતી તેમજ વિપ્રોને આપી, તેની જેમ**

અમે સ્મૃતિ નથી કરતા, તેમ જ તમારે સર્વે સંત ને હરિજનને પણ સ્મૃતિ ન કરવી ને અસંગીપણે રહેવું, તે જ ઠીક છે.”

પછી મહારાજનાં શ્વેત વસ્ત્ર મુકુંદ બ્રહ્મચારી લાવ્યા’તા, તેને પોતે ધારણ કર્યાં. તેમજ તે વિપ્રને પોતાનો ઘણમૂલો ઘોડો પણ શ્રીજીમહારાજે આપ્યો હતો. પછી તે દિવસે મોટીબાની ને તેના ભાઈ ઉત્તમરાજાની ભારે પકવાનની જે રસોઈ હતી તેનાં નામ : જલેબી, ગળ્યા-મોળા સાટા, ઘેબર, મોતીચૂરના મોદક, સેવદળ, ગૂંદવડાં(ગુલાબજાંબુ), બરફી, પેંડા, સૂતરફેણી, ગુંદરપાક, ગુલાબપાક, ગણગણ, હરીસો, સાકરનો બિરંજ, સાકરનો શીરો, દૂધપાક, પૂરીઓ, મેંદાની રોટલીઓ, સાકરના મોદક ને ઘણાક શાકના કટોરા તે ભરીને શ્રીજીમહારાજનો થાળ આવ્યો. તેને શ્રીજીમહારાજ જમતા હતા. તે મેં દીઠા હતા, તે સારુ વારંવાર લખું છું.

એવી રીતે ધીરે ધીરે જમીને પછી તેવી જ સર્વે રસોઈ, સંતને પીરસીને પોતે જમાડ્યા. એ આદિક ઘણાક આનંદના ઉત્સવ શ્રીજીમહારાજે દુર્ગપુરને વિષે કર્યા છે. તે મધ્યેથી જે કાંઈ દીઠા ને સાંભળ્યા, તે સંત ને હરિજનનો દાસ જે શાસ્ત્રી લક્ષ્મીરામ તેણે લખ્યા છે. આ લીલા સંવત્ ૧૮૭૨ ની છે.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે ‘વિષમકાળમાં શ્રીહરિએ મંદવાડ ગ્રહણ કર્યો’ એ નામે ત્રીશમું પ્રકરણ ॥૩૦॥



પ્રકરણ - ૩૧

શ્રીહરિ લાઠીદડ શામબાઈની માતાના દાડામાં પધાર્યા

દોહા : સંત પુરુષ આને[૧] સાંભળી, રાજી થાશે મન માંઈ;
દુષ્ટ પુરુષ મન દાઝશે, કુતર્ક કરી મન ક્યાંઈ...૧
હરિજન જક્ત મધ્યે કેસે રહે, સર મધ્યે રહે સરોજ,
ઉનકું આવ્રણ ના કરે, ઊર્ધ રહે અહરોજ[૨]...૨

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ શ્રીદુર્ગપુરેથી ગામ **લાઠીદડે** એક **વાઘજી** પટેલ ને તેની બહેન સાંખ્યયોગી **શામબાઈ** તેને ઘેર પધાર્યા. તે મોટાં ભક્ત ને વળી ધનાઢ્ય હરિજન હતાં. તેમની માતાનો દાડો હતો, તેથી સર્વે દેશોદેશમાં પોતાની નાત ઉપર કંકોત્રી મેલી હતી. તે વાઘજી પટેલ સર્વે મોરથી શ્રીજીમહારાજને તેડવાને ગઢપુર આવ્યા ને ઘણીક સ્તુતિ કરી. અને પોતાના મનમાં એમ સુવિચાર કરતા હતા જે, 'હું હરિજન છું ને મને પ્રત્યક્ષ પુરુષોતમ મળ્યા છે ને વળી તેનો હું ભક્ત છું. વળી આ સમે શ્રીજીમહારાજ પૃથ્વીને વિષે વિરાજમાન છે. તેથી મારી નાતનાં ઘણાં મનુષ્યોને હું તેડાવીશ ને તે ઘણાં મનુષ્યો આવશે. તે સર્વે શ્રીજીમહારાજનાં દર્શન કરશે તેથી જન્મમૃત્યુથી રહિત થાશે ખરાં.' તેથી તે સમે શ્રીજીમહારાજ શ્રીદુર્ગપુરેથી ઘણા સંતહરિજનને સાથે લઈ તેને ઘેર પધાર્યા. ને મહારાજને તથા ઘણા સંતહરિજનને ત્યારે તેણે પોતાના મંદિર પ્રત્યે ઘણા સન્માને કરી પધરાવ્યા.

પછી સર્વે મનુષ્ય ઘણીક બાઈઓ ને ઘણાક ભાઈઓ આવ્યાં. તે સમાની શ્રીજીમહારાજની મૂર્તિનું ચિંતવન હું શાસ્ત્રી લક્ષ્મીરામ સંતજન ને હરિજનની કૃપાથી લખું છું.

તે સમે શ્રીજીમહારાજે કિનખાબનો સુરવાળ પહેર્યો હતો. નીલા

૧.આ હું લખું છું, તે શ્રીહરિની લીલાને ૨.દરરોજ; નિત્ય

કિનખાબની ડગલી પહેરી હતી. મસ્તકે જરિયાની કસુંબી રેંટો બાંધ્યો હતો ને કટી ઉપર ગૂઢે રેંટે કમર કસી હતી. લીલે શેલે કરીને પલાંઠી વાળી હતી. હવે હેમનાં અલંકારને કહું છું જે, ઉર મધ્યે હેમની ઊતરી પહેરી હતી; કર મધ્યે હેમનાં વાઘમોરાં કડાં પહેર્યાં હતાં; ને પોંચી, બાજુબંધ, વેઢ, વીંટીઓ, સાચા મોતીના હાર અને મલ્લિકાદિક ને સ્થલકમળના સુમનના ઘણા હાર ને તોરાદિક ધાર્યાં હતાં. ને લલાટ મધ્યે કેશરચંદન ચરચ્યું હતું. તેમ શોભતા થકા બિરાજમાન હતા.

અને કોટિ કામદેવને લજ્જા પમાડે એવી નીલકલેવર છે મૂર્તિ જેમની, એવા શ્રીજીમહારાજે ગામથી બહાર સભા કરી હતી. ત્યાં અગણિત માણસ બાઈ ને ભાઈ આવ્યાં. તે સાંજનો સમો હતો ને તે સર્વે જન શ્રીજીમહારાજ પાસે આવીને નમસ્કાર કરીને પૃથક પૃથક બેસતા હતા. તેમાં મોટેરા પટેલિયા પ્રત્યે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, “તમે સર્વે ભેગા થઈને અમને કાંઈક પ્રશ્ન પૂછો. જેનાથી તમારા જીવનો મોક્ષ થાય તેવું પૂછો. જેવો ઉત્તર અમે જાણીએ છીએ તેવો કરશું. અને વળી તમારી નાતનાં ઘણાં મનુષ્ય બાઈ ને ભાઈ ભેગાં થયાં છો તેમને અમે જોયાં. તે સર્વે મનુષ્ય **નિર્વિકારી** દીઠાં અને **સલજ્જ** દીઠાં. તેથી અમે તમારા સર્વે ઉપર રાજી થયા છીએ.

અને શહેરનાં સ્ત્રી-પુરુષ બેઠમલિયાં(બેઠાડું; આળસું) જેમ વિષયી હોય છે, તેમ ગામડાનાં મનુષ વિષયી નોય. કેમ જે, તે તો રાત-દિવસ ધંધો કરી પોતાના ઘર મધ્યે ખાઈને સૂઈ રહે, પણ ઠઠ્ઠાબાજી તથા ઠેકડીમાં જાણે નહીં. અને સૌ સૌની સ્ત્રીને સૌ સૌના પુરુષને વિષે રહેવું, તેમ શાસ્ત્રની મરજાદા છે, તે પાળવી. અને તેમ જ ભગવાન, સંતપુરુષ, વેદ ને સ્મૃતિનો એ જ મત છે જે, સર્વે જીવને ધર્મ પળાવવા સારુ ભગવાન આંહીં પૃથ્વીને વિષે આવે છે. અને જે ભગવાનની આજ્ઞા પાળે તેને પોતાના ધામનું ઘણું સુખ દે છે. તે સારુ આવા સંતપુરુષ

જે મુક્તાનંદસ્વામી આદિક સર્વે સંતજન તથા માંચા ખાચર આદિક હરિજન તેમણે ધર્મમર્યાદા પાળવી ને સર્વે જનને પળાવવી.

અને તેમ ઈશ્વરની આજ્ઞારૂપી જે વહાણ, તે સંસારરૂપી મોટા સમુદ્રને તારવા સારુ ફરે છે. તેના ખેવટ આગળ કહ્યા તેવા સંતજન છે અને તેના શેઠ જે, સર્વે જીવના હિતકારી એવા ભગવાન છે, તેમણે તે ખેવટને એમ કહ્યું જે, 'જે જીવ પાંચ વર્તમાનરૂપી મરજાદા પાળે તેને ધર્મરૂપી જહાજે ચઢાવજો, તેથી અગાધ સિંધુ તરશે ખરા. ને વળી તેથી વહાણ ખાલી રહે તો તે મધ્યે આ કાંઠાની ધૂળ(જેવા તેવા સામાન્ય લોકો) ભરજો, તેને પણ વહાણ તારશે ખરું.' તેમ તેના શેઠ સમર્થ એવા જે ભગવાન, તેની આજ્ઞાએ કરીને સંત જીવને ભગવાનનો ઉત્તમ નિશ્ચય કરાવીને ભગવાનના ધામ પ્રત્યે પહોંચાડે છે. એવા અમારા આ સર્વે સાધુ છે. વળી તે સ્ત્રી ને દ્રવ્યના અત્યંત ત્યાગી છે." ને પછી મહારાજ આ શ્લોક બોલ્યા જે,

कनककान्तासुत्रेण वेष्टितं सकलं जगत्।
तासु तेसु विरक्तो यो द्विभुजः परमेश्वरः॥[1]

ને વળી આ સાખી બોલ્યા જે,

ગુરુ લોભી ને ચેલા લાલચી, દોનું ખેલે દાવો;
ગુરુ બિચારા ક્યા કરે, બેઠા પથ્થરકે નાવો.

તેમ "અમે ને અમારા સંતજન તે તો સ્ત્રી-દ્રવ્યના અતિ ત્યાગી છીએ. તેથી અમે બાંધી જે ધર્મમર્યાદા તેને જે જીવ પાળશે તે નિશ્ચે ભગવાનના ધામને પામશે, તેમાં સંશય નથી. તે કેમ ? તો ધર્મ છે તે સર્વે પુરુષાર્થને આપે છે ને સર્વે સુખના નિધિને પમાડે છે, એવો

૧.સુવર્ણ અને સ્ત્રીરૂપી સૂત્રથી આ સમગ્ર જગત વીંટળાયેલું-મોહિત થયેલું છે, તે સ્ત્રી અને ધનથી જે વિરક્ત છે, તે બે ભુજાવાળો પરમેશ્વર છે.

આ ધર્મ છે. માટે તે સર્વે મનુષ્યે પાળવો." એટલી વાત કરીને ધૂન-આરતી કર્યાં.

❈ શ્રીહરિએ મુમુક્ષુના દૃષ્ટાંતે મોક્ષમાર્ગ બતાવ્યો

પછી શ્રીજીમહારાજને જમવા સારુ તેડવા આવ્યા, તે વાળુ કરવા પધાર્યા. તે ગામ મધ્યે સંત નિર્ગુણાનંદજી અને વૈષ્ણવાનંદસ્વામી, કે જેઓ વર્ણિરાટ હતા, તેમણે રસોઈ કરી હતી. તેમણે સુંદર લેહ્ય, ચોસ્ય, ભક્ષ્ય ને ભોજ્ય આદિક ભોજન કર્યાં હતાં. તેને શ્રીજીમહારાજ જમીને મુખવાસ જમ્યા. પછી ત્યાં સભા મધ્યે મંચ ઉપર ઢોલિયો ગાદલું ને તકિયે સહિત હતો. તે ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થયા હતા. અને મહારાજની આગળ ઘણીક મશાલો પ્રગટી હતી ને ઘણાક મનુષ્યની સભા ભરાઈને બેઠી હતી.

ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "તમે અમને કાંઈક પ્રશ્ન પૂછો." ત્યારે તે સર્વે જન મધ્યે મોટેરા એમ બોલ્યા જે, "હે મહારાજ ! અમે તો વગડાના જન કણબી લોક કહેવાઈએ ને તમે તો મોટા છો, તે અમે તમને શું પૂછીએ ? માટે તમે અમારા જીવનું સારું થાય ને અમારો મોક્ષ થાય તેવી વાત અમને કહો." એમ તે મધ્યે મુખિયા જે પટેલ **ગોવા કોરડિયા** ને **પટેલ હીરા માકાસણે** કહ્યું. અને શ્રીજીમહારાજ પ્રત્યે ફેર એમ પૂછ્યું જે, "હે મહારાજ ! આ જીવ તે સ્ત્રી-ધનમાં સુખિયો રહે છે, પણ પોતાને માથે જન્મમૃત્યુનાં દુઃખ છે, તેને મટાડે એવા જે ભગવાન તથા ભગવાનના સંત તેને કેમ સંભારતો નથી ?" એમ તેણે મહારાજને પૂછ્યું.

ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજ પોતે મંચ ઉપર ઊભા થઈને એક ઈતિહાસની વાત કરવા લાગ્યા જે, "અમે એક વાત કરીએ છીએ તે સર્વે સુરત રાખીને સાંભળજો. તમારા હિતને કરે તેવી છે ને તમારી બુદ્ધિના તર્કમાં આવે તેવી કરશું." એમ કહી આ વાત કરી, ત્યારે હું

શાસ્ત્રી લક્ષ્મીરામ તે સભા મધ્યે હતો. (મેં સાંભળેલી) તે વાત સંતની કૃપાથી લખું છું. હવે શ્રીજીમહારાજ સર્વે સભા પ્રત્યે એમ બોલ્યા જે, "**ઉજ્જૈન** નગરીનો **એક નગરશેઠ** કોટિ રૂપિયાનો આસામી શાહુકાર હતો. તેને ઘેર એક વાણોતર(મહેતાજી) હતો. તેનું નામ **કટો** હતું. તે તો ઘણો ક્રૂર અને નિર્દયી હતો. તેને મહા જોરાવર એવો જે કાળ તેણે મૃત્યુને પમાડ્યો. તેને જમદૂતે તેના ગળા મધ્યે પાશ નાંખીને બાંધીને માનસોત્તર[1] પર્વતને વિષે સંયમિની પુરી પ્રત્યે પમાડ્યો.

જ્યારે યમરાજાએ તેનાં પાપને જોયાં ત્યાં તો તેને ઘણો પાપી ને વળી નિર્દયી દીઠો. તેને ધર્મરાજાએ જમ સરગાડો(બનાવ્યો ?) ને તેને જમરાજાએ એમ કહ્યું જે, 'તારો પ્રથમનો વાણિયો નગરશેઠ જે ભારે શાહુકાર છે, તે ઉજ્જૈન નગરીને વિષે રહે છે. તેને ઘેર એક **વણઝારો** અગણિત નાણાનો આસામી તે ઘણાક માલના પોઠિયા ભરીને આવે છે, તેનું મૃત્યુ આજના દને છે. તેને હે કટા જમ ! તું તેડવાને જા. કેમ જે, તું ઘણો નિર્દયી છો, તેથી તું તે વણઝારાને જમપુરી પ્રત્યે આજ દને લાવજે. અને વળી તને એક વાત કહું છું જે, તારા શેઠનું મૃત્યુ પણ પાંચ માસમાં આવ્યું છે. તે જન મુમુક્ષુ છે. તેને તું મળીને એમ કહેજે જે, 'હે શેઠ ! તારું મૃત્યુ પાંચ માસમાં છે. તેથી તું કાશી મધ્યે રામાનંદસ્વામી જે ભગવાનનો અવતાર છે, તેનો આશરો કરજે. તેથી જન્મમૃત્યુને તરીશ ખરો ને જમના મારથી મુકાઈશ પણ ખરો.'

અને વળી જમરાજાએ કટાને એમ કહ્યું જે, 'તું એક બળદમાં પ્રવેશ કરીને તે વણઝારાને મારજે ને એવી ક્રિયા તે તારા શેઠને દેખાડજે. ને કહેવું જે, જો તું આ સમે ભગવાન રામાનંદસ્વામીનો આશરો નહિ કરે ને જો તેનાં વચન પ્રમાણે નહિ રહે તો જેમ આ વણઝારાને લઈ

૧.મેરુની આસપાસ વર્તુલાકાર સ્થિતિમાં આવેલો આ નામનો પર્વત, જેની દક્ષિણે સંયમિની પુરી આવેલ છે.

જાઈશ તેમ જ તને લઈ જાઈશ ખરો. તેમ તે વાણિયાને તું ભગવાનનો નિશ્ચય કરાવજે. અને જા, તેને તારો ત્રાસ દેખાડીને વણઝારાને લાવ.' તેમ કહેતાં તે કટો ચાલ્યો." તે સર્વે વાત શ્રીજીમહારાજે લાઠીદડે સર્વે જન બાઈભાઈ ઘણાં બેઠાં હતાં, તે પ્રત્યે કરી. પછી સર્વે સભાએ મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! પછી કેમ થયું ? તે સર્વે વાત કહી દેખાડો." ત્યારે મહારાજે કહ્યું જે, "લો કહીએ, તે સુરત રાખીને સાંભળજો. તે વણઝારો ઘણાક પોઠિયાની પોઠ લઈને તે મધ્યે ઘણોક માલ ભરીને ઉજ્જૈન પ્રત્યે ચાલ્યો આવે છે. એટલાકમાં તે કટાનો પ્રથમનો શેઠ પોતાના રથ મધ્યે બેઠો છે ને વણઝારા સામો ચાલ્યો જાય છે. એટલાકમાં અરણ્યને વિષે મૃત્યુને પામ્યો છે, એવા કટાને ભયાનક જમને સ્વરૂપે દેખે છે. તેને જોઈને તે ભયને પામ્યો.

ત્યારે તે શેઠને કટે એમ કહ્યું જે, 'તું મને ઓળખે છે ?' ત્યારે તે વાણિયાએ તેને કહ્યું જે, 'તું તો મારો વાણોતર હતો ને તારું નામ કટો હતું. તું મૃત્યુ પામ્યો છો ને હવે તુંને આવો ભયાનક કોણે સર્જ્યો છે ?' ત્યારે તેણે એમ કહ્યું જે, 'હું તો ઘણોક નિર્દયી હતો, તેથી મને યમરાજાએ યમદૂત સરગાડો છે. તેથી હું તો જમરાજાના હુકમથી તારે ઘેર જે વણઝારો આવે છે, તેને મૃત્યુ પમાડીને તત્કાળ તેડી જાઈશ.'

ત્યારે તેને શેઠે એમ પૂછ્યું, 'તે સાજો-સારો છે ને તેને તો ઘણાં વ્યાવહારિક કામકાજ કર્યાનો ઉત્સાહ છે; તેને તું શી રીતે તેડી જાઈશ ? તે સર્વે વાત હે કટા, તું મારા પ્રત્યે કરી દેખાડ.' ત્યારે તે કટો શેઠ પ્રત્યે કહે જે, 'હું આ એક પોઠિયા મધ્યે પ્રવેશ કરું તે તું જોજે. ને તે વણઝારો તે પોઠિયાની ઉપર છાટ(પોઠિયા ઉપર નખાતો ભાર - ગુણ) નાંખશે, ત્યારે તેના લોહસિંગે(લોખંડ જેવા સખત શિંગડે) કરીને હું તેનું શરીર ત્યાગ કરાવીને જમલોક પ્રત્યે પમાડીશ. ત્યારે તેને મારા વચનનું પ્રમાણ માનજે.

અને હે શેઠ ! તારું મૃત્યુ પણ પાંચ માસમાં જ છે. તેથી તું વૈરાગ્યને પામીને કાશી મધ્યે રામાનંદસ્વામી તે ભગવાનો અવતાર છે, તેનો આશરો શીઘ્ર કરજે. જો તું નહિ કરીશ તો હું તને જમલોક પમાડીશ ને જમયાતનાને પામીને કુશરીર(ખરાબ શરીરવાળો) ભૃત્ય(જમદૂતનો નોકર) થઈશ.' તેમ તેને કહીને કટો પોઠિયા મધ્યે પ્રવેશ કરીને તેના ઉપરથી છાટ પાડી નાખે છે. પછી ઘણા માણસ તે પોઠિયા ઉપર છાટ નાંખે છે, પણ તે મધ્યે જમે પ્રવેશ કર્યો છે, માટે ઘણો જોરાવર થયો. તેથી તે કોઈ મનુષ્યના હાથમાં રહેતો નથી.

તે સર્વે વૃત્તાંત જોઈને વાણિયો આશ્ચર્ય પામ્યો. એટલાકમાં તે વણઝારો ને તે વાણિયો તે બેઉ જણા ભેળા થઈને મળ્યા ને સ્વાગત(સુખ-શાંતિના સમાચાર) પૂછીને એક રથ મધ્યે બેઠા થકા વાતચીત કરી. અને વણઝારો પોતે ઘણોક માલ જે હેમ ને રજત આદિક લાવ્યો છે, તેનો ઘણોક લાભ થયો છે. તે જોઈને મનમાં મુદ(હર્ષ) પામે છે, પણ પોતાનું મૃત્યુ બે ઘડીમાં છે, તેને નથી જોતો. પછી તે વણઝારો પોઠિયા પાસે આવ્યો. તે સમે વણઝારે યમરૂપી પોઠિયો ઉદમાત(તોફાન) કરતો દીઠો. ત્યારે તે પોતાના ચાકર પ્રત્યે રીસ કરીને બોલ્યો જે, 'અરે મૂરખો ! આ એક પોઠિયાને ઉપર તમે છાટ લાદી શકતા નથી ?' એમ કહી રથમાંથી ઊતરે છે.

ત્યારે તેને વાણિયે વાર્યો જે, 'એનાથી તમારું મૃત્યુ છે.' ત્યારે તે ઘણોક અહંકારી ને વળી ધનમદે અંધ છે, તેથી ન માન્યો. ને તેને એમ કહ્યું જે, 'પોઠને સીધો કરવો એ તો અમારો કસબ(કળા) છે.' તેમ કહીને હેઠે ઊતરીને તેને કાને ઝાલ્યો. ત્યારે તે ગરીબ થઈને ઊભો રહ્યો ને જ્યાં તે ઉપર છાટ નાંખી, ત્યાં લોહનું શિંગ માર્યું ને તેને મૃત્યુ પમાડીને તેના સૂક્ષ્મ દેહને લઈ ગયો. તે સર્વે ક્રિયા તે વાણિયાએ દીઠી. પછી તે વાણિયાએ વણઝારાની ક્રિયા કરાવી અને વૈરાગ્યને પામ્યો ને

પોતાના ઘરની ઘણી સમૃદ્ધિ ને પોતાના સ્વજનાદિકનો તત્કાળ ત્યાગ કરીને વારાણસી પ્રત્યે રામાનંદસ્વામી પાસે પહોંચ્યો.

અને તેણે રામાનંદસ્વામીના સંતને એમ કહ્યું જે, 'તમે મહારાજને(સદ્.રામાનંદસ્વામીને) એમ કહો જે, એક ભક્ત આવ્યો છે, તેને તમારાં દર્શનનો હુકમ છે?' પછી તેમ તે સંતે પૂછ્યું. ત્યારે રામાનંદસ્વામીએ તેને એમ કહ્યું જે, 'તેને જો અમારા દર્શનનું માહાત્મ્ય હોય તો **સાત દિવસ** સુધી ભૂખ્યો ને તરસ્યો અમારા દરવાજા પ્રત્યે અમારા તિરસ્કારને સહીને એક ઠેકાણે બેઠો થકો અજાચકવ્રત[૧] રાખીને ભજન કરે.' ત્યારે તેણે તેમ કર્યું ને સાત દિવસ પૂરા થયે રજા માગી બોલ્યો જે, 'હે સંતો ! મહારાજને કહો જે, હવે મને શી આજ્ઞા છે ? તેમ જ હું વર્તીશ. ને જેમ તમારી આજ્ઞા થશે, તેમ હું કરું, પણ મારે તમારાં દર્શન કરવાં છે.'

એમ તેના સમાચાર સંતે મહારાજને કહ્યા. ત્યારે મહારાજે તેને એમ કહ્યું જે, 'તું ગંગાજીમાં નાહીને ઉત્તર દિશા ઉપર અજાચકવ્રત લઈને ચાલ્યો જાજે. ત્યાં તને મહાવનને વિષે એક મહત્પુરુષ મળશે. તે સંતથી મારા સ્વરૂપનો નિશ્ચય થાશે.' એવી શ્રીરામાનંદસ્વામીની આજ્ઞા માથે ચડાવીને રાજી થકો ચાલી નીકળ્યો. પછી **આઠમે દિવસે** નારદજીએ વિપ્રનો વેશ કરીને તેને દૂધપાક ને પૂરી જમાડ્યાં.

તેમ કરતાં તે વનને વિષે એક શિવજીના મંદિરમાં એક મહાયોગીના સ્વરૂપે નારદજી ધ્યાન લગાવીને બેઠા છે, તેને મુમુક્ષુ શેઠે દેખ્યા. પછી (તે મહાયોગીએ) બે દિવસે સમાધિ મધ્યેથી નીકળીને પૂછ્યું જે, 'હે સાધુ, તું કોણ છો ? ને ક્યાંથી આવ્યો ?' ત્યારે તેને ઓળખીને તેણે એમ કહ્યું જે, 'હે સર્વજ્ઞ ! તમે તો સર્વે જાણો છો.' ત્યારે મહાયોગીએ પ્રથમથી માંડીને વાત કરી જે, 'તને કટે કહ્યાથી

૧.માગ્યા વિના ભોજન મળે તો જમવું એવું નિયમ

તું કાશી મધ્યે આવ્યો ને તને શ્રીરામાનંદસ્વામીએ સાત દિવસ સુધી ભૂખ્યો ને તરસ્યો બેસાડી મૂક્યો. ને પછી તને એમ કહ્યું જે, 'ઉત્તર દિશા પ્રત્યે જા, તને માગ્યા વિના અન્ન મળે તે લેજે. તે તને મેં માગ્યા વિનાનું અન્ન આપ્યું છે, ખરું ?'

ત્યારે તેણે સર્વે વાતની હા પાડી. ને એમ બોલ્યો જે, 'હે સમર્થ ! મને તમે બ્રહ્મવિદ્યા ભણાવો. જેથી **મને ભગવાનનો દૃઢ નિશ્ચય થાય.** ને મારા આત્માને ભગવાન સાથે **એકાત્મપણું** થાય ને ભગવાન તથા ભગવાનના એકાંતિક સંત ને હરિજનમાં મારે ઘણુંક **અલૌકિક હેત** થાય. ને તેમનો મને કોઈ દિવસે **અભાવ જ ન આવે**. ને તમે જ વાત કરશો, તે હું ગરજુ થઈને સાંભળીશ ખરો.'

ત્યારે તેને નારદજીએ એમ કહ્યું જે, 'હે સાધુ ! વાત તો હું તને કહીશ, પણ આ સ્થળને વિષે અન્નનો ઘણોક સંકોચ છે.' ત્યારે તેણે એમ કહ્યું જે, 'હે મહાયોગી ! તમે તમારા દેહનો-ભિક્ષાનો નિભાવ કેમ કરો છો ?' ત્યારે મહાયોગીએ તેને એમ કહ્યું જે, 'હે સાધુ ! આ વનને સમીપે એક યોજન દૂર એક નગરી છે. ત્યાંથી એક શાહુકાર દર સોમવારે આવે છે. તે એક મૂઠી ચોખા ધૂર્જટિ આગળ મૂકે છે. તે ચોખા હું આઠ દિવસ સુધી પહોંચાડીને ખાઉં છું, પણ તું શી રીતે નભીશ ?'

ત્યારે તેણે એમ કહ્યું જે, 'હે મહાયોગી ! તમે ભોજન કરશો ને ચળુ કરશો, તે પીને હું તમારી પાસે રહીશ.' તેની હિંમત સહિત વાત સાંભળીને નારદજી એમ બોલ્યા જે, 'તું મોરે ઉજ્જૈનનો શાહુકાર હતો ને ધનાઢ્ય હતો. તે માનને, તે સુખને, નાતિને, જાતિને, તારા સંબંધીને, દેહને ને ગેહને વિસારીને તને **જેમ ભગવાને કહ્યું તેમ તું વર્ત્યો છે; તેથી તારું કલ્યાણ થઈ રહ્યું છે.** ને હે સંત ! તને સાત દિવસ સુધી રામાનંદસ્વામીએ ભૂખ્યો ને તરસ્યો બેસાડી મૂક્યો, ને તારો ઘણો તિરસ્કાર કર્યો. તે **મહત્પુરુષનો જે જીવ તિરસ્કાર સહીને ગુણ ગ્રહણ**

કરે તેનો મોક્ષ થાય; તે મધ્યે સંશય નથી. તેથી તને એનો અભાવ ન આવ્યો; ને તને આઠ દહાડા સુધી ભૂખ્યો રાખ્યો'તો, તે વાતનો તને કાંઈ અભાવ આવ્યો છે ?'

ત્યારે તેણે એમ કહ્યું જે, 'હે નારદમુનિ ! મને તો કિંચિત્ પણ અવગુણ આવ્યો નથી ને મારા મનશું અહો ! અહો ! વર્તે છે.' ત્યારે તે મુમુક્ષુ ઘણાક દિવસ સુધી તે નારદમુનિ પાસે ક્ષુધા ને પિપાસાને સહન કરીને રહ્યો. પછી તેને નારદે કહ્યું જે, 'હવે તું કાશીપુરીમાં જા. ત્યાં તને રાજી થઈને રામાનંદસ્વામી તત્કાળ દર્શન દેશે.' પછી તે નારદમુનિના વચને કરીને વારાણસી મધ્યે આવ્યો. પછી તેને રાજી થઈને રામાનંદસ્વામીએ દર્શન દઈને તેને પોતાના ધામ પ્રત્યે પમાડ્યો." એમ શ્રીજીમહારાજે લાઠીદડમાં સભા પ્રત્યે આ સમગ્ર આખ્યાન કહી દેખાડ્યું.

પછી શ્રીજીમહારાજ પોતાના બેઉ હાથની તાળી વગાડીને એમ બોલ્યા જે, "આ સમે આ સર્વે મુક્તાનંદસ્વામી આદિક સંત, તે તો નારદજીના જેવા જ વર્તે છે. અને જેમ નારદજીને ભગવાન સાથે એકત્વપણું હતું તેમ જ આ સમે આ સર્વે સંતને ભગવાન સાથે એકત્વપણું છે; તેમ તમે જાણજો. તે મધ્યે કાંઈ સંશય કરશો નહીં. જો તમે આવા સંતના વચને કરીને ભગવાનના ભક્ત થાશો તો જેમ ઉજ્જૈન નગરીના શાહુકારને જેમ રામાનંદસ્વામીએ તાર્યો હતો, તેમ જ **આ સમે આ સંત તમને તારે એવા સમર્થ ભગવાન છે ખરા. તેનો આશરો કપટ રહિત ને ગરજુ થઈને અને જેમ પ્રથમ કહ્યો જે મુમુક્ષુ શાહુકાર તેણે કાળત્રાસે કરીને પોતાના જીવના મોક્ષના અર્થે જતન કર્યું, તેવી રીતે જતન કરીને કરે, તો તત્કાળ ભગવાનના ધામ પ્રત્યે પહોંચે તે મધ્યે કોઈ સંશય નથી."** એ આદિક ઘણીક વાત શ્રીજીમહારાજે કરી.

પછી એમ કહ્યું જે, "એ જ તમારા પ્રશ્નનો ઉત્તર થયો, તેમ જાણજો." તેમ ઘણીક વાત શ્રીજીમહારાજે કરી હતી. તે શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી લખી છે. પછી તે પટેલે મહારાજની ષોડશોપચારે પૂજા કરી. પછી શ્રીજીમહારાજ તે હરિજનની રજા માગીને ઘણાક જને વીંટાણા થકા દુર્ગપુરી પ્રત્યે પધાર્યા. સંવત્ ૧૮૭૪ની સાલની આ લીલા છે.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'શ્રીહરિ લાઠીદડ શામબાઈની માતાના દાડામાં પધાર્યા' એ નામે એકત્રીશમું પ્રકરણ ॥૩૧॥



પ્રકરણ - ૩૨

લાખણકામાં બાવાને પરચો બતાવી તેના દુરાચાર છોડાવ્યા

દોહા : હરિગુણ લખ્યા હિંમત કરી, ઊપજી પ્રીતિ અપાર;
સંતપુરુષ સુખ માણશે, દુઃખને પામશે ગમાર.

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ ગામ **શ્રીદુર્ગપુરથી** ચાલ્યા, તે ગામ **લાખણકે** પધાર્યા. ત્યાં એક **નાજા ભક્ત** નામે તથા બીજા **નાગાજણ** નામે બે પાકા હરિજન હતા. તેના ગામના અધિકારી ઘણા અવિદ્યાવાળા હતા. તે હરિજનને ઘણીક પીડા પમાડતા ને વળી સંતને ગામ મધ્યે પેસવા ન દેતા ને વળી મારતા પણ ખરા. ને વળી તેના ગામની સમીપે એક વિતરાગીનું સ્થળ હતું. તે મધ્યે એક દુષ્ટ સ્વભાવનો અસાધુ રહેતો હતો. અને વળી સત્શાસ્ત્ર, હરિ, હર, વિપ્ર ને સંતનો દ્રોહી હતો. ને દુરાચારી ને સ્ત્રીલંપટ હતો. તેણે કરીને મહારાજનો, સંતનો તથા હરિજનનો અતિશય દ્રોહ કરતો હતો. એવો અધર્મી હતો.

ધર્મધુરંધર એવા જે શ્રીજીમહારાજ તે રાક્ષસને હાર પમાડીને હઠાવવા સારુ રથ જોડીને ઘણા શસ્ત્રબદ્ધને ભેગા લીધા છે ને ઉત્તમ નરેશ આદિક ઘણાક અધિપતિ ભેગા છે; તેમ તે લાખણકા ગામ પ્રત્યે પધાર્યા. ત્યારે તે ગામનો અધિકારી શ્રીજીમહારાજનો ઘણો પ્રતાપ જોઈને સર્વે સભાએ સહિત ઊભો થઈને નમ્યો.

પછી તે અધિકારી શ્રીજીમહારાજ પ્રત્યે એમ બોલ્યો જે, "હે મહારાજ ! તમે આંહીં શું કારણે પધાર્યા છો ? તે કારણ કહો." ત્યારે શ્રીજીમહારાજ તે પ્રત્યે એમ બોલ્યા જે, "તમે ને તમારો ગુરુ તે દુરાત્મા છો ને વળી હરિ ને હરના દ્રોહી છો. અને વળી અમારા સંત ને અમારા હરિજનને ઘણીક પીડા પમાડો છો. ને એક માતાનું જ ઉપાસન રાખીને ભગવાન સાથે વૈર કરો છો, તે ઠીક નહીં. ને આ અમે ને અમારા સંત તે તો કલ્પતરુ જેવા છીએ, તેમ તમે જાણજો. ત્યાં એક દૃષ્ટાંત છે.

એક મહાવનને વિષે ત્રણ પુરુષ ભૂલા પડ્યા હતા. તે ક્ષુધા ને પિપાસાએ ઘણીક પીડા પામ્યા. તેમ ફરતે ફરતે એક મહાવનને વિષે એક કલ્પતરુને દેખ્યું, પણ તેનો પ્રતાપ જાણતા નહોતા. તેઓ તેની શીતળ છાયા ને સુંદરતા દેખીને તેની હેઠે બેઠા. તેમાં એક તો **વિપ્ર** હતો ને એક **સુતાર** હતો ને એક **ભરવાડ** હતો. તે સર્વે તે હેઠે બેસીને પોતપોતાની બુદ્ધિ પ્રમાણે પૃથક પૃથક સંકલ્પ કરે છે. તેને લો, તમને કહી દેખાડીએ."

એમ શ્રીજીમહારાજ તે લાખણકા ગામના દુષ્ટ માણસોની સભા પ્રત્યે વાત કરતાં આગળ કહેવા લાગ્યા જે, "જે વિપ્ર હતો તેણે હેઠે બેસીને એમ વિચાર્યું જે, 'આને હેઠે જળ ને મોદક હોય તો બહુ સારું.' તેથી તેને તે મળ્યું, ને સર્વે મિષ્ટ અન્ન જમીને તેને હેઠે સૂઈ ગયો. ને સુતારે તો એવો સંકલ્પ કર્યો જે, 'આ વૃક્ષની ડાળ સુંદર

પાંસરી(સીધી) છે, તેને કાપીએ, પણ કુહાડો નથી.' એટલામાં તે વૃક્ષે કુહાડો નાંખ્યો, તેથી સુતારના કંઠને છેદ્યું ને તે મૃત્યુને પામ્યો. પછી ભરવાડે એવો સંકલ્પ કર્યો જે, 'આ મહાવનને વિષે સિંહ આવે તો મારે ખરો !' એટલામાં એક સિંહે આવીને ભરવાડને મારી નાંખ્યો. તેમ **જે ભગવાન ને ભગવાનના સંત ને તેના ભક્ત, તે તો કલ્પતરુ જેવા જ છે. તે ઉપર જે જીવ જેવો સંકલ્પ કરે છે, તેને તેવું જ ફળ પમાડે છે. તેમાં કાંઈ સંશય નથી."** એમ સર્વેને સમજાવ્યા.

ત્યારે તે સર્વે હાથ જોડીને એમ બોલ્યા જે, "હે મહારાજ ! ગામની બહાર એક બાવો છે. તે મહા ભયાનક, ઘણો મૂઢ ને મેલા મંત્રને જાણે છે ને વીરવિદ્યાને પણ જાણે છે. તે મહાકાળી ને ભૈરવ આદિક ઘણાક ભયાનક ભૂત ને પ્રેતાદિક ને કબંધ(માથા વિનાના રાક્ષસ) ને બ્રહ્મરાક્ષસનો ઉપાસી છે. તેથી અમે સર્વે મનુષ્ય તેનાથી ડરીએ છીએ. વળી તે જ તમારા સંતનો દ્રોહ કરાવે છે. તે જ તમારા સંતને મારે છે ને મરાવે છે. હે મહારાજ ! તેમ તમે જાણો." ત્યારે તે સર્વે પ્રત્યે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "ચાલો, અમે ને તમે સર્વે તેના સ્થળ પ્રત્યે જઈએ."

ત્યારે સર્વે સારા મનુષ્ય મહારાજને વારવા લાગ્યા જે, "હે મહારાજ ! ત્યાં તો તમારે જાવું નહીં. કેમ જે, તે દુષ્ટ છે ને વીરાવલિયો છે ને વળી ક્રોધી છે. તેણે તમારા સંત જે સદાનંદ જાડા તેને માથા મધ્યે લોહાંગી લાકડી મરાવી હતી, એવો છે." ત્યારે તે સર્વે પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "અમારો જો કોઈક દ્રોહ કરે, તો અમે સહન કરીએ, પણ જો કોઈ સંતને કે બ્રાહ્મણને કે કોઈક ગરીબને મારે કે તેને જો પીડા પમાડે તો તે ઉપર અમારે ઘણું વેર બંધાય છે. તેને તો હાર પમાડીને જ રહીએ. ને એ સંતાદિ ત્રણની તો અમે આ લોક ને પરલોકને વિષે રક્ષા કરીએ, તેવા અમે છીએ." એમ કહીને શ્રીજીમહારાજ તે દુષ્ટ પુરુષના આશ્રમ પ્રત્યે પધાર્યા.

ત્યારે ઘણા શસ્ત્રધારી, ઘણા અધિપતિ, ઘણા અશ્વાર ને પ્યાદા (પદાતી) તેમનાથી વીંટાણા છે, તેમ શ્રીજીમહારાજને તે બાવાએ જોયા. તેવો મહારાજનો મોટો પ્રતાપ જોઈને તેના મનશું હાર પામીને એમ બોલ્યો જે, "તુમ કોન હો ?" ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "અમે તો સ્વામિનારાયણ હેં."

ત્યારે તેના શિષ્ય હતા, તેમણે મહારાજને તથા મહારાજના માણસોને જાજમ પાથરી આપી. ને તેના ઉપર શ્રીજીમહારાજ ને પોતાના હરિજન બેઠા. તે બાવાએ પોતાનાં મંત્ર, જંત્ર ને મૂઠ નાંખીને ગામના ઘણાક કુસંગી લોકને તથા સર્વે ભેખને જીતી લઈને ઘણાને હારને પમાડ્યા હતા. તે પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "અરે દુરાચારી ! હે અભિમાની ! સંત, વિપ્ર ને ગરીબના દ્રોહરત ! હું તને એમ કહું છું જે, 'જેટલા તારાં મેલાં મંત્રજંત્ર, મૂઠ, કાળભૈરવ, કબંધ, ભૂતપ્રેત, તારી મહાકાળી ને માણિભદ્રાદિક(માણિભદ્ર યક્ષનો એક પ્રકાર છે) વીર હોય, તેનો તું અમ ઉપર પ્રયોગ કર. ને જો તું પ્રયોગ ન કર તો તને તારા ગુરુના સમ છે ને વળી તારી મહાકાળીના સમ છે." એમ શ્રીજીમહારાજ તેની સર્વે સભાને સાંભળતાં બોલ્યા.

પછી તે દુરાચારી મહાક્રોધાતુર થઈને એમ બોલ્યો જે, "તુમ ખબરદાર રહીઓ ભલા ! કૈસા હોતા હૈ દેખ ?" એમ કહીને તેણે ઘણાક પ્રયોગ કર્યા. ને ઘણાક અડદના દાણા સિંદૂરવાળા કરીને મહારાજની ઉપર નાંખ્યા. તેને હરિજન વીણીને ખાઈ જવા લાગ્યા. તેમ તેણે ઘણાક મંત્ર, જંત્ર ને મૂઠ આદિકના ઘણા પ્રયોગ શ્રીજીમહારાજ ઉપર કર્યા. તે સર્વે મંત્રજંત્રાદિક પ્રયોગને શ્રીજીમહારાજે પોતાના પ્રતાપે કરી નિઃષ્ફળ કરી નાંખ્યા.

પછી તે દુરાચારી પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "હવે તું ખબરદાર રહેજે ભલા !" એમ કહીને તેનાં નાડીપ્રાણ તાણીને તે દુરાચારીને યમરાજાની પુરી પ્રત્યે પમાડ્યો. અને તેને યમયાતનાનાં ઘણાંક દુઃખ અલ્પકાળે કરી ઘણા કાળ સુધી ભોગવાવ્યાં, તેમ તેને દેખાડ્યું. પછી તે પોતાના દેહ પ્રત્યે આવ્યો ને શ્રીજીમહારાજને એમ જાણ્યા જે, 'આ તો કોઈ મોટા પુરુષ છે ખરા!' તેમ જાણીને તે શ્રીજીમહારાજને નમ્યો. પછી મહારાજે તેને એમ પૂછ્યું જે, "તેં કાંઈ દીઠું ?" ત્યારે તેણે એમ કહ્યું જે, "મેં તો ભયાનક જમદૂતને દીઠા. તેણે મને પકડીને ઘણા કાળ સુધી માર માર્યો. તે થકી તમે જ મારી રક્ષા કરી છે." ત્યારે તેને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "જો તું અમારા સંત હરિજનને સંતાપીશ તો તે ગતિને તું પામીશ ખરો." ત્યારે તેણે મહારાજને એમ કહ્યું જે, "હે સમર્થ ! હે ગર્વગંજન ! હવેથી તમને તથા તમારા સંત, હરિજન અને કોઈ ભેખને હું નહિ પીડું. કેમ જે, તમ જેવા મને શિક્ષક મળ્યા !" તેમ તે બોલ્યો. પછી ત્યાંના સર્વે માણસો શ્રીજીમહારાજનો ઘણો પ્રતાપ જોઈને રાજી થયા. એવી રીતે તે દુરાચારીનું માન મથીને શ્રીજીમહારાજ દુર્ગપુરે પધાર્યા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'લાખણકામાં બાવાને પરચો બતાવી તેના દુરાચાર છોડાવ્યા' એ નામે બત્રીશમું પ્રકરણ ॥૩૨॥



પ્રકરણ - ૩૩

ગઢપુર આવેલ દુષ્ટ ગેબીને હરાવી સર્વે ગામજનોની રક્ષા કરી

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ ગામ **શ્રીદુર્ગપુરને** વિષે બિરાજમાન હતા. તે સમયમાં એક (ગેબી નામે દાનવ) મહાભયાનક, ને વળી કાલભૈરવાદિક ઘણાક વીર, ઘણાક ભૂતપ્રેત, વૈતાલાદિક ને કબંધ ને બ્રહ્મરાક્ષસનો ઉપાસક, ને વળી મેલા મંત્ર ને મૂઠ નાંખીને ઘણાક માણસોને મારી નાંખતો ને ઘણાક ભેખધારીઓને બિવરાવે ને તેને મારીને તેનો દંડ કરે ખરો, એવો હતો. તેણે સર્વે દેશદેશ પ્રત્યે ફરીને સર્વે ભેખધારીને હાર પમાડ્યા હતા.

તે પ્રત્યે સર્વે ભેખ તથા ગૃહસ્થ કુસંગી લોકે એમ કહ્યું જે, "હે બાવા, તું આવો વીરાવલિયો છો; ને વળી મૂઠ, મેલા મંત્ર ને વળી આગિયો વેતાલ(જેમાંથી આગ ઝરતી હોય તેવું ભૂત) તેને તું જાણે છે; ને વળી સર્વે જનને નમાવે છે; પણ તારે માથે એક સમર્થ એવા જે સ્વામિનારાયણ છે ખરા. તે કાઠિયાવાડ મધ્યે ગામ ગઢડામાં રહે છે. વળી તેમની પાસે ઘણા સ્ત્રી ધનના ત્યાગી સંત છે. તે સર્વે તેમને ભગવાન કહે છે. ને તે તો મંત્ર, જંત્ર ને મૂઠ આદિકને માનતા નથી. ને જો તું સિદ્ધ હો તો ત્યાં જા તો ખરો ! એ તો તારી સિદ્ધાઈને વીંખી નાંખે એવા છે !"

એવાં વચન સાંભળીને મહાઅભિમાની, દુરાચારી ને વળી હરિ, હર, સંત, દ્વિજ ને સચ્છાસ્ત્રનો દ્રોહ કરનારો, જેના ભેગા મરુતદેશના(મારવાડ પ્રદેશના) ઘણા ક્ષત્રી હથિયારબંધ માણસ હતા, તેણે વીંટાણો થકો તે વિખ્યાત ગેબી દાનવ દુર્ગપુર પ્રત્યે આવ્યો.

પછી તેણે દુર્ગપુરને વીંટીને ગામથી બારે તંબુ તાણીને પડાવ કર્યો ને એમ બોલ્યો જે, "આ ગામ મધ્યે સ્વામિનારાયણ રહે છે ?"

ત્યારે તેને કુસંગી લોકે એમ કહ્યું જે, "હા, આંહીં છે ખરા." ત્યારે તે દાનવ એમ બોલ્યો જે, "અમ જેવા તેને કોઈ મળ્યા નથી, પણ હવેથી ખબર પડશે ખરી!" ત્યારે તેને કુસંગીએ એમ કહ્યું જે, "જો તમે સ્વામિનારાયણના પંથને હઠાવો તો અમે તો ઘણા રાજી થાઈએ, પણ એ તો પરમ દૈવતવાન છે ને સર્વે જીવ-પ્રાણીમાત્રનાં નાડીપ્રાણ એકકાળે તાણી લે, એવા એ તો સમર્થ છે. તેથી હે બાવા ! તું જોઈને વાદ કરજે, નહિ તો તારી લાજ ખોઈને જાઈશ ખરો." તેમ સર્વે મતપંથના માણસે તેને પડકાર્યો.

તેથી તે એમ બોલ્યો જે, "આ ગામ પ્રત્યે કાલે આગિયો વેતાલ ચલાવું. તેનાથી દુર્ગપુર મધ્યે અગ્નિ પ્રજાળું ને નગરીને ભસ્મ કરું. વળી ઉન્મત્તગંગાનું પાણી જે પૂર્વ દિશામાં ચાલે છે, તેને હું આથમણે પ્રવાહે વાળીશ. ને વળી આ એક મૃડનું મંદિર ઓલે કાંઠે છે, તેને હું આ કાંઠે લાવીશ. તેમ તમે સર્વે જઈને સ્વામિનારાયણને સંભળાવો."

પછી દુર્ગપુરના સર્વે લોક શ્રીજીમહારાજ પાસે આવીને પોકારવા લાગ્યા જે, "હે મહારાજ! હા ઈતિ કષ્ટે ! આંહીં મહાભયાનક એક બાવાના રૂપે રાક્ષસ આવ્યો છે. તેનું નામ તો ગેબી દાનવ છે." ને તે આગળ જેમ બોલ્યો છે, તે સર્વે શ્રીજીમહારાજની આગળ કહી દેખાડ્યું.

પછી તે ગામજનો પ્રત્યે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "હે દુર્ગપુરના લોકો ! તમે સર્વે બેફીકર રહો. તેનો શો ભાર છે ! જે ગામને વિષે અમે રહીએ છીએ તે ગામનો પરાભવ કરવાને કોણ સમર્થ છે ? ને કેનો ભાર છે ? ને અમે તો કેવા છીએ, તો મૂર્તિમાન કાળ કોઈ જનને લેવાને આવ્યો હોય તો અમારી આજ્ઞા વિના તે કોઈને લેવા સમર્થ નથી, તો બીજા કેનો ભાર છે ? ને મૂર્તિમાન અગ્નિ તે પણ અમારી આજ્ઞા વિના એક તૃણને નો બાળી શકે, એવા અમે છીએ.

ને અમારી પાસે તો સદાય શ્રીકૃષ્ણ બિરાજમાન છે ને શ્રીકૃષ્ણને વિષે અમે સદાય રહીએ છીએ, તેમ અમને તમે જાણજો.

તેથી અમારા સંતહરિજન ને આ જે અમે રહ્યા છીએ એવું જે આ દુર્ગપુર, તેને વિષે રહ્યા જે તમે સર્વે મનુષ્ય, તેમની હું તે રાક્ષસ આવ્યો છે, તેનાથી મારા પ્રતાપે કરીને સર્વ પ્રકારે રક્ષા કરીશ. તે વાતની તમે ચિંતા ન કરશો." તેમ કહીને પછી શ્રીજીમહારાજે તે બાવા પાસે સમર્થ એવા સંત બ્રહ્માનંદસ્વામી આદિક સાધુ, સોમલા ખાચર ને ભક્ત સુરા આદિક ઘણા હરિજન ને દુર્ગપુરના ઘણા કુસંગી લોકને મોકલ્યા ને તે પ્રત્યે એમ બોલ્યા જે, "તે ગેબીદાનવને તમે સર્વે એમ કહેજો જે, 'તને મહારાજે એમ કહ્યું છે કે, જેમ તારે અમારી ઉપર પ્રયોગ કરવા હોય તે સુખેથી કરજે. ને વળી ગામ મધ્યે આગિયો વેતાલ ચલાવવો હોય ને વળી ઉન્મતગંગાનો પ્રવાહ વિષમ ગતિએ ચલાવવો હોય ને વળી તારે જો ધૂર્જટિના(શિવજીના) મંદિરને ચલાયમાન કરવું હોય તો તે તું સુખેથી કરજે.

અને વળી આ જે અમારા ભક્તજનને તારી પાસે મોકલ્યા છે, તે ઉપર તારા મેલા મંત્રજંત્રના પ્રયોગ ઘણા કરજે. ને તે સર્વે જનની રક્ષા મારા પ્રતાપે કરી આંહીં રહ્યો થકો મારા યોગૈશ્વર્યથી કરી છે ને કરીશ.' વળી એને એમ કહેજો જે, 'તું શિવના મંદિરને ઉડાડવાની વાત કરે છો ત્યારે આ એક સુરા ખાચરને જ ઉડાડી મૂક તો તું ખરો." એમ કહીને શ્રીજીમહારાજે તે સર્વેને મોકલ્યા.

તે સર્વે તે દાનવના મુકામ પ્રત્યે પહોંચ્યા. તે તો ઢોલિયો ઢાળીને બેઠો હતો. ત્યાં બ્રહ્માનંદસ્વામીએ તેને એમ કહ્યું જે, "હે દુર્મતિ, હે લંપટ, હે ભેખ-લજાવન, હે નામદેવના(પોતાના નામના; સ્વપ્રશંસાના) ઉપાસક, માંસાહારી, મદ્યપાનના કરતલ ને હે દુરાચારી ! તું સર્વે માણસ પ્રત્યે એમ બોલે છે કે 'આગિયો ચલાવીશ, મંત્રાદિક મૂઠ મારીશ.' એમ

તું કહે છે તો અમારી ઉપર તથા આ ગામ ઉપર હાલ પ્રયોગ કર. ને અમારા ગુરુ સમર્થ જે સહજાનંદસ્વામી તેના અમે મૂંડેલા છીએ. તેના પ્રતાપે કરીને અમારો કોણ પરાભવ કરી શકશે ?" એમ તેને કહ્યું.

ત્યારે તેણે ઘણીક રીસ કરીને મેલા મંત્ર ને મૂઠ આદિક ઘણાક પ્રયોગને બ્રહ્માનંદસ્વામી ઉપર કર્યા. તે મહારાજના પ્રતાપે કરીને નિષ્ફળ થઈ ગયા. તેમ તેના માનને મથીને અને સર્વે કુસંગી લોકના દેખતાં તેના પ્રયોગ ખોટા પાડીને જ્યાં શ્રીજીમહારાજ હતા, તે ઠેકાણે સર્વે જન આવ્યાં. અને શ્રીજીમહારાજનો મોટો પ્રતાપ જોઈને કુસંગી ને સત્સંગી સર્વે જન મહારાજને હાથ જોડીને નમતા હતા.

પછી શ્રીજીમહારાજે તે સર્વેને પૂછ્યું જે, "બ્રહ્માનંદજી ! કહો, તે દાનવના પ્રયોગ તમે ખોટા કરી આવ્યા ?" ત્યારે સ્વામી એમ બોલ્યા જે, "હે મહારાજ ! તમારે પ્રતાપે ખોટા પડ્યા છે, પણ તે પ્રયોગી ખરો ને વીરાવળિયો પણ ખરો. ને હમણાં તો તેને દબાવીને આવ્યા છીએ."

ત્યારે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "તે તો હજી ઘણી ઉપાધિ કરશે ખરો. તેને હું મારા પ્રતાપે કરીને નિષ્ફળ કરી નાંખીશ, તેમ તમે જાણજો." પછી તેણે તો રાત્રી મધ્યે ધૂપ, મહાકાળી ને ભૈરવની આસુતિ(આહુતિ) અગ્નિને વિષે ઘણી આપી, પણ શ્રીજીમહારાજના પ્રતાપે કરીને એના કોઈ આગિયો વેતાલાદિકના મંત્ર ચાલ્યા નહીં. તેણે કરીને પ્રાતઃકાળે કોપાયમાન થકો ઊઠીને શ્રીજીમહારાજની પ્રત્યે તથા ઉત્તમ નરેશ પ્રત્યે હલાં કરીને યુદ્ધ કરવાને અર્થે આવ્યો.

ત્યારે શ્રીજીમહારાજ પ્રત્યે ઉત્તમ નરેશ એમ બોલ્યા જે, "હે મહારાજ ! આ ગેબીદાનવ તેની મરુદેશના શસ્ત્રધર ક્ષત્રિયોની સેના લઈને તમારી ઉપર તથા મારી ઉપર આવે છે. તેથી હે મહારાજ ! તમે મને આજ્ઞા કરો, તેથી મારા તથા તમારા શસ્ત્રધર લઈને તેને મારીને ખસાવું. ને હે મહારાજ ! એ મહાભિમાની રાક્ષસ તો દુંદુભિને વગાડતો

થકો મારા પુર પ્રત્યે આવે છે. તે દુષ્ટને હું તમારે પ્રતાપે કરીને હમણાં હારને પમાડીશ ખરો."

ત્યારે શ્રીજીમહારાજે ઘણાય વાર્યા ને એમ કહ્યું જે, "અસત્ પુરુષની સાથે સત્પુરુષે લડવા જાવું હોય ત્યારે પોતાનું સૈન્ય ઘણું લેવું. ને તે મધ્યે ધૈર્યવાન થઈને સર્વે શસ્ત્રધારી,ને વળી શૂરવીર, લજ્જાવાન ને વળી જેણે સપનામાં પણ પાછી પાની ન કરી હોય તો જાગ્રતને વિષે કેમ કરે, તેવાં માણસ પોતા ભેગાં લેવાં." એમ શ્રીજીમહારાજ ઉત્તમ નરેશને શિક્ષાવચન આપીને મંદમંદ હસતા થકા આ સાખી બોલ્યા જે,

'ખળ જનસે લડીએ નહીં, ને બુદ્ધિબળ કરીએ ઉપાય;
કાળજવન જેસેકું કૃષ્ણ, દિયા હે મુચકુંદકું બતાય.'[૧]

પછી શ્રીજીમહારાજે ઉત્તમનૃપને એમ કહ્યું જે, "તમારા કુટુંબી સર્વેને સાથે હિત(સુમેળ) કરી, બોલાવી ભેગા થઈને જાઓ. તેથી તેને તત્કાળે હારને પમાડશો." તેમ શ્રીજીમહારાજે કહ્યું, ત્યારે તેમણે તેમ જ કર્યું. પછી શ્રીજીમહારાજની રજા લઈને ચાલ્યા, તે સમાની વાતને શાસ્ત્રી લક્ષ્મીરામ સંત ને હરિજનની કૃપાથી લખું છું.

તે સમે સર્વે મહારાજના શસ્ત્રબદ્ધ (પાર્ષદો) ઘણીક બંધૂકો લઈને ચાલે છે. તે બંધૂકો મધ્યે સાંકળિયાળી(ત્રિકોણ તથા ચોરસ આકારવાળી) ગોળીઓ ભરી છે. ને કેટલાકે તો અસીઓ કાઢી પોતાના દાંત મધ્યે પકડી છે. ને એક હાથ મધ્યે ઢાલ, બીજા હાથ મધ્યે બરછી ને તોમરને પકડ્યાં છે. ને ઘણાક જને બખ્તર ને ઝલમુંને ધાર્યાં છે. તેમ સર્વે જન

૧.જેમ શ્રીકૃષ્ણ ભગવાને ખળ એવા કાલયવનને કળથી માર્યો તેમ, ખળ મનુષ્ય સાથે લડાય નહીં, તેની સાથે તો બુદ્ધિરૂપી બળનો ઉપયોગ કરવો જોઈએ. કાલયવન જ્યારે શ્રીકૃષ્ણ ભગવાનને મારવા તેમની પાછળ પડ્યો ત્યારે ભગવાન નાસીને ગુફામાં જઈ ત્યાં સૂતેલા મુચકુંદ રાજાને પોતાનું ઉત્તરીય વસ્ત્ર ઓઢાડી પોતે અંધારામાં છુપાઈ ગયા. પાછળથી આવેલા કાલયવને સૂતેલા મુચકુંદ રાજાને શ્રીકૃષ્ણ જાણી લાત મારી. આથી જાગેલા મુચકુંદના કોપાગ્નિથી કાળયવન બળીને ભસ્મ થઈ ગયો.

તે શ્રીજીમહારાજ આગળ આવી, ધૂડ ચાટીને શ્રીજીમહારાજ પ્રત્યે હાથ જોડીને નમ્યા.

તે સર્વેને જોઈને શ્રીજીમહારાજ રાજી થઈને એમ બોલ્યા જે, “જુઓને, આ ટાણે શૂરવીર એવા આ ક્ષત્રીમાત્ર તે કેવા કરડા લાગે છે ! ને સર્વેનાં અંગ રોમાચિંત થયાં છે ! ને વળી અમારી ઉપર આ સર્વેને ઘણું હેત છે. અમારો શત્રુ અમ ઉપર આવે છે, તે સારુ આ સર્વે મરવા તૈયાર થયા છે. તે સર્વે સાંખ્યયોગી પાળા તે સ્ત્રીના ત્યાગી છે ને વળી વજ્કછોટાબંધ(દ્દઢ બ્રહ્મચારી) છે.

તે સર્વે મોરથી ચાલે ને તેની પછવાડે શસ્ત્રધર ગૃહસ્થ ચાલે; કેમ જે, સ્ત્રીના ત્યાગીની તો સદાયે જીત થાય છે; કેમ જે, તેની તો ભગવાન પણ મદદ કરે છે. ને વળી જે ગૃહસ્થ પરનારીનો ત્યાગ રાખતો હોય તેની નાડીને ધોઈને એ પાણી જે સ્ત્રીને આડું બાળક આવ્યું હોય ને તે બે જણનું મૃત્યુ થાય તેમ હોય તે સ્ત્રીને પાય તો એ સંકટથી સ્ત્રી ને બાળકની નિશ્ચે રક્ષા કરે છે. એવું તે નિષ્કામી વ્રત બળવાન છે, તેને જીતવા કોણ સમર્થ છે ?”

એટલામાં એક વેરાભાઈ મહાક્ષત્રી ને શૂરવીર ને વળી ઘણા વૃદ્ધ હતા તેમને જોયા. જ્યારે ખોખરા મહેમદાવાદ મધ્યે, લોહલંગર રાક્ષસ તેની ઘણી સેના લઈ આવ્યો હતો, ત્યારે તેને મારીને પરાભવ પમાડીને મુનીન્દ્ર એવા મુક્તાનંદજીને આડા ઝૂઝીને તેમણે રક્ષા કરી હતી. અને તે રાક્ષસે તો તેમને ઘવરાવીને માથા મધ્યે ઘાવ તથા તેના હાથ ઉપર ઘાવ ને એક ઘાવ કાનને ઉપર પડેલો હતો, (છતાં લડ્યા હતા). ને વળી બાળથી લઈને વૃદ્ધ થયા ત્યાં સુધી દૃઢ બ્રહ્મચર્યવ્રતને પાળતા હતા. ને જેમ શ્રીજીમહારાજની મરજી હોય તે પ્રમાણે જ વર્તતા હતા.

તેમને જોઈને શ્રીજીમહારાજ ઘણું રાજી થઈને, તે સમે સર્વે પ્રત્યે એમ બોલ્યા જે, **“જુઓ, શૂરવીર હોય તે તો આ વેરાભાઈ જેવા હોય.**

કેમ જે, સર્વેથી મોખરે હથિયાર બાંધી નિશંક થકા ઊભા છે, તે શોભે છે, તેમ સર્વે નિશંક રહેજો. કેમ જે, એક પાંદડું પણ ઈશ્વરના હુકમથી જ હાલે છે. તેવા જે ભગવાન છે, તે તમ સામું જોઈ રહ્યા છે, તે જ તમારી નિર્વિઘ્નપણે રક્ષા જરૂર કરશે. તેમ તમે અમારા વચનનો વિશ્વાસ રાખીને જાઓ. તે બાવો તો તમને જોઈને હાર પામી જાશે."

તેમ શ્રીજીમહારાજે પ્રેર્યા થકા સર્વે સેના ચાલી. તે સર્વે મહા ભયાનક સિંહ જેવા દેખાતા હતા. તે સર્વેને દુર્ગપુરના લોક જે દ્વિજ, ચારણ ને વણિક એ આદિક (રસ્તામાં) વારતા હતા. તેઓ વારતા રહ્યા, પણ મહારાજની સેના તો ગેબીદાનવની સેનાને સમીપે ગઈ. ત્યારે તે દાનવ શ્રીજીમહારાજનું અગણિત સૈન્ય જોઈને તત્કાળે હાર પામ્યો. ને એમ બોલ્યો જે, "ત્રાહી...ત્રાહી..! કોઈ મારી રક્ષા કરાવો !" ત્યારે દુર્ગપુરના વેપારી લોક મહારાજની સેના મધ્યે મોટેરા જે ઉત્તમ નરેશ તેને હાથે ને પગે લાગીને તેની રક્ષા કરાવતા હવા.

પછી તે સર્વે વેપારી લોક ગેબદાનવ પ્રત્યે એમ બોલ્યા જે, "હે વીરાવલિયા, તારી દેવી ને રામદેવપીર ક્યાં ગયા ? તું તો પ્રથમ તારું બળ બતાવતો હતો ને ઘણું ભાષણ કરતો હતો, પણ તેણે કોઈએ તારી સહાયતા કેમ ન કરી ?" ત્યારે તે ગેબીદાનવ તે સર્વે કુસંગી લોક પ્રત્યે એમ બોલ્યો જે, "મેં મારી વિદ્યા, મૂઠ ને મેલા મંત્રજંત્ર ને આગિયો વેતાલ આદિક તેના પુર પ્રત્યે ચલાવ્યાં, પણ ન ચાલ્યાં. ને મારા સર્વે પ્રયોગ નિષ્ફળ થઈ ગયા."

અને વળી પ્રથમ કુસંગી ને તેના હેતુ(હિતેચ્છુ) ને સત્સંગના દ્રોહી હતા, તે પ્રત્યે ગેબદાનવ એમ કહે છે જે, "હવે આ સર્વે મહારાજનું મોટું સૈન્ય તેનાથી મને ને મારા મરુતદેશના ઘણાં મનુષ્ય તેમને ઊગરવાનો કોઈ ઉપાય બતાવો."

ત્યારે તે સર્વેએ તેને એમ કહ્યું જે, "તું સરકારના નામનો ખોટો પત્ર કાઢીને દેખાડ, તેથી તારો ઉગાર(છૂટકારો) થાય." ત્યારે તેની પાસે પ્રથમથી લખીને રાખ્યો હતો, તે પત્ર કાઢીને ઉત્તમ નરેશ આદિક હરિજનને આપીને તે એમ બોલ્યો જે, "મને તો ઘોઘેથી ખેતરંગ સાહેબે મોકલ્યો છે જે, તું જા સ્વામિનારાયણની સાથે વાદ કરજે." તેમ તે ખોટું બોલ્યો ને તેણે ખોટો પત્ર કાઢીને ત્રાહિત[1] મનુષ્યના હાથમાં આપ્યો. તેણે ઉત્તમરાજાને આપીને પાછા વાળ્યા.

પછી સર્વે શસ્ત્રધર હરિજન નિર્વિઘ્ન થકા તે શત્રુને હાર પમાડીને જ્યાં શ્રીજીમહારાજ બિરાજતા હતા, ત્યાં આવીને એમ બોલ્યા જે, "હે મહારાજ ! લ્યો, તેણે તો આ પત્ર આપ્યો છે. ને વળી હાથ જોડીને એમ બોલ્યો હતો જે, 'મને તો ઘોઘેથી સરકારે વાદ કરવા મૂક્યો છે." ત્યારે તે પત્ર શ્રીજીમહારાજે જોયો ને એમ બોલ્યા જે, "આ પત્ર તો ખોટો જ છે, પણ તેણે ઘોઘા બંદરની સરકારનું નામ લીધું, તેથી તેને જરૂર જાહેર કરવો, તે જ ઠીક છે. તે ગેબી તો આ નિશાયે જ ભાગી જાશે, તેમાં સંશય નથી."

તે સમે રાત્રી બે ઘડી ગઈ હતી ને શ્રીજીમહારાજ પોતે વાળુ કરતા હતા. તે સમાની મૂર્તિની શોભાને લખું છું. કિનખાબનો સુરવાળ પહેર્યો હતો; રાતા કિનખાબની ડગલી પહેરી હતી; ને માથે ભારે જરિયાની રેંટો બાંધ્યો હતો; એક આસમાની રંગનો ફેંટો, તેણે કરીને બોકાની ભીડી હતી; કટીએ એક નીલા શેલાથી ચોગટ પાડીને કમર બાંધી હતી, તે મધ્યે કરડો કટાર બાંધ્યો હતો; ને પોતાની પાસે ઢાલ-તરવાર મૂકી હતી ને ઘણાક હથિયારબંધ ઊભા હતા; ને વળી પોતાના કંઠને વિષે ઘણાક સ્થલકમળના ને મલ્લિકાદિકના હાર હીંચી રહ્યા હતા; ને પોતા પાસે ઘણી મશાલો પ્રગટી હતી, તેના પ્રકાશે કરી શ્રીજીમહારાજની મૂર્તિનો પ્રકાશ ઝળઝળ ઝળકાયમાન હતો.

૧.ગેબી કે શ્રીહરિ બેમાંથી એકેના પક્ષમાં ન હોય તેવા તટસ્થ

તે સમે સર્વે શસ્ત્રબદ્ધ સારુ મોટા મોટા ચરુ મધ્યે કંસાર કરીને પોતાના જનને જમાડવામાં ઉત્સાહ છે જેમને, એવા જે શ્રીજીમહારાજ તે સર્વે શોભાની સીમા, ને ડહાપણની સીમા, ને રૂડા વચને બોલીને પોતાની મૂર્તિને વિષે જીવને હેત કરાવવું તેની સીમા, ને પોતાને આશર્યા તેમને ઉદારપણે કરીને અન્નવસ્ત્ર દેવાં તેની સીમા, ને બળ, બુદ્ધિ ને ચાતુર્યની સીમા, ને પોતાના મોટા પ્રતાપે કરીને શત્રુને નમાડવો તેની પણ સીમા, ને ઘણાક જનને પોતાને હાથે પીરસી શીઘ્ર જમાડવા તેની પણ સીમા; એવા મહારાજ સર્વેને બાંધે હથિયારે જમાડવા લાગ્યા.

❁ શ્રીહરિ દ્વારા અંગ્રેજ સાહેબને દુષ્ટ ગેબી વિશેનો પત્ર

તેમ સર્વે જનને જમાડતા થકા ઉત્તમ નરેશને તથા પોતાના ચારે સદ્‌ગુરુ સંત મધ્યે મોટેરા મુનીન્દ્ર એવા જે મુક્તાનંદજી આદિક પ્રત્યે એમ બોલ્યા જે, “આ દુરાચારી ગેબે(ગેબીએ) સરકારના નામનો ખોટો પત્ર કાઢીને કહ્યું જે, ‘મને ઘોઘેથી સાહેબે તમ સાથે વાદ કરવા મેલ્યો છે.’ તે વાતનો પત્ર આપણે લખીને મેલશું કે નહીં ?” ત્યારે સર્વે સભાસદે શ્રીજીમહારાજનાં વચન સાંભળીને એમ કહ્યું જે, “હે મહારાજ ! આપણે મુખસુદ મનુષ્ય પત્ર તમારા નામનો શુભ અકુંઠિત વચને(માનવાચક ને સભ્યતાવાળા શબ્દોએ) કરીને લખાવો. તેમજ કાગળ શીઘ્ર પહોંચાડે ને વળતો કાગળ શીઘ્ર લાવે, તેવા કોઈ બુદ્ધિમાન માણસને તાકીદથી ચોપે(ઝડપથી) મોકલો.” તેમ તે સર્વેએ કહ્યું.

ત્યારે શ્રીજીમહારાજે પત્ર લખાવીને પોતાના હજૂરી સેવક જેરામ બ્રહ્મચારી છે, તેને એમ કહ્યું જે, “લો આ પત્ર, દિવસ ઊગ્યાથી પહેલો પુગાડવો.” ત્યારે બ્રહ્મચારીએ મહારાજને એમ કહ્યું જે, “હે મહારાજ ! આ ઘોર અંધારી નિશા મધ્યે હું એકલો ને વળી તે રસ્તાનો હું અજાણ્યો છું. માટે મારી ભેગું એક બીજું માણસ હોય તો ઠીક પડે.” ત્યારે મહારાજ એમ બોલ્યા જે, “બીજો કોણ મેલશું ?”

ત્યારે ત્યાં લક્ષ્મીરામ વિપ્ર બેઠો હતો, તે એમ બોલ્યો જે, "હે મહારાજ ! તમે કહો તો હું જાઉં." ત્યારે મહારાજે એમ કહ્યું જે, "તે કોણ બોલ્યો ?" ત્યારે મુકુંદ બ્રહ્મચારીએ એમ કહ્યું જે, "હે મહારાજ ! એ તો લક્ષ્મીરામ વિપ્ર બોલ્યો." ત્યારે શ્રીજીમહારાજે તેને બોલાવીને પોતાના કંઠમાંથી સુમનના હાર બેઉ જણને આપ્યા. ને એમ કહ્યું જે, "શીઘ્ર પહોંચી ખબર લાવવી."

❁ અંગ્રેજ દ્વારા શ્રીહરિની પ્રશંસા ને ગેબીને પકડવાની કાર્યવાહી

પછી ત્યાંથી ચાલ્યા તે ત્રણ પહોરમાં આઠ જોજન પહોંચ્યા. ને તે સરકારની સભા મધ્યે પહોંચીને શ્રીજીમહારાજનો શુભ પત્ર રૂડા શબ્દે ને રૂડા અક્ષરે કરીને લખેલો, તે કાઢીને કોઈ મોટા ગવર્નર સાહેબ હતા, તેની આગળ એમ કહ્યું જે, "હે સાહેબ ! કોઈ હરામખોર ઘણાક માણસ લઈને ત્યાં ગઢપુરમાં આવીને એમ બોલ્યો જે, 'મને તો ઘોઘેથી સાહેબ લોકે મેલ્યો છે.' તેથી (તેને ખોટો) જાહેર કરવા સારુ મહારાજે તમને પત્ર લખી મોકલ્યો છે." ત્યારે સર્વે ટોપીવાળા તથા તેની કચેરીએ એમ કહ્યું જે, "સ્વામિનારાયણ તો મહત્પુરુષ છે. અને વળી તે તો અવતારી પુરુષ જ છે." એમ સર્વે સાહેબ લોકના અમાત્ય બોલ્યા.

ત્યારે સર્વે ટોપીવાળા એમ બોલ્યા જે, "ઉનકી ક્યા બાત ! વો તો આપ હિંદુ લોકકે કનૈયા હે, ને બડા મુરશિદ(ધર્મોપદેશક; ઓલિયા પુરુષ) હે, ને સર્વે ભેખકા ગુરુ હે, ક્યું ? તો ઈનકા ભેખ હે સો તો ઓલિયા ફકીર હે, ક્યું ? વે તો મહેરી(સ્ત્રી) કે સાથ બોલતે ભી નહીં ને તિનકું છૂતે ભી નહીં, એસે બડે હે. ને સ્વામિનારાયણ તો બડે શાહુકાર હે, સર્વે કાઠી લોક તથા કોળી લોક ને રજપૂત આદિકને પોતાકે પ્રમોદ(પ્રસન્નતા; આનંદ) દઈકે અચ્છા કર દિયા, એ તો એૈસે હે. તિનકું કોઈ તોફાની આયકે સરકારકા ખોટા કાગજ લીખકે બડા તોફાન લગાયા હે. ઈસ વાસ્તે નારાયણસ્વામીએ

કાગજ લીખકે જાહિર કર્યા. તેથી તત્કાળે સિકંદરી[૧] ઘોડા તાકીદથી મોકલીને પકડકે ઈહાં લાવના." તેમ તેણે હુકમ કર્યો, તેથી તે અસ્વાર દુર્ગનગરની વાટે ચાલ્યા.

હવે જેમ દુર્ગપુરને વિષે જે વાત થઈ તે વાત લખીએ છીએ. તે દાનવને તેના હેતુ હતા, તેમણે એમ કહ્યું જે, "સ્વામિનારાયણે તારો ખોટો પત્ર લઈને બે ખેપિયા(સંદેશો લઈ જનાર લાવનાર) મોકલ્યા છે, તે શીઘ્ર ઘોઘે પહોંચીને તને કબજે કરાવશે." તેથી તે ભયને પામ્યો થકો તે જ રાત્રીને વિષે ભાગી ગયો. ને તે પ્રભાતે શ્રીજીમહારાજને ખબર થયા જે, 'ગેબીદાનવ ભાગી ગયો.' ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "તેને ઘણો ભય લાગ્યો, તેથી ભાગી ગયો છે."

પછી દીપોત્સવીનો સમૈયો હતો તે ઉપર શ્રીજીમહારાજ વરતાલે પધાર્યા. અને ભગુજી આદિક પાળાને વાંસે મૂકીને એમ કહ્યું હતું જે, "વાંસે કોઈ સરકારના માણસ આવે તેને સર્વે હકીકત કહેજો ને તેની ખિજમત(ખિદમત-સરભરા) કરીને તેમજ આપણા બે મનુષ્ય ગયા છે, તે પત્ર તથા જે હકીકત લાવે, ત્યારે તેમને તેડીને આ રથે બેસાડીને તમે વડતાલ પ્રત્યે આવજો." તેમ કહીને શ્રીજીમહારાજ વડતાલ પધાર્યા. તે પછી જે વાત થઈ તેને લખીએ છીએ.

❁ અંગ્રેજ સાહેબનો શ્રીહરિ પર પ્રેમ ને નમ્રતાભર્યો પત્ર

પછી ત્યાં ઘોઘાથી સાહેબે મહારાજ ઉપર વળતો શુભ પત્ર ઘણીક ઉપમાયે જુક્ત લખીને મહારાજના મનુષ્ય બેઉ જણને આપીને એમ બોલ્યા જે, "નારાયણસ્વામીકું હમારા સલામ બોલકે એસા કૈયો જે, હમ લોક ઉપર મહેર રખના, એમ કહેના." એમ તેણે કહીને પત્ર આપ્યો, તે લઈને ચાલતા થયા.

૧.સિકંદર બાદશાહના પ્રદેશના ઘોડા જેવા સદા વિજયી થનારા બળિયા અથવા એક જાતના

અને તે મોરે સિકંદરી ઘોડા તો પ્રતિદિને[૧] ગઢપુર પહોંચ્યા. તેને મહારાજના મનુષ્યે એમ કહ્યું જે, "તે હરામખોર તો રાત્રીમાં ભાગી ગયો." ત્યારે તે અસ્વારે કહ્યું જે, "અમારે હાથ આવ્યો હોત તો તેને પરેજમાં(કેદમાં) કબજે કરાવત." તેમ કહીને ગામના જે મનુષ્યે તે ગેબી દાનવને દેરા, દંડા જે કાંઈ વસ્તુ આપી હતી, તેનો તેને દંડ કરીને ને ઘણી નસિયત(ઠબકો) દઈને ગયા.

પછી સરકારનો પત્ર લઈને જેરામ બ્રહ્મચારી ને લક્ષ્મીરામ તે આવ્યા. ત્યારે સર્વે સમાચાર માલુમ પડ્યા. પછી ભગુજીએ એમ કહ્યું જે, "તમને શ્રીજીમહારાજે એમ કહ્યું છે જે, 'તે બે જણને રથે બેસારીને કાગળ ને જે સરકાર સંબંધી સમાચાર તે લઈને શીઘ્ર આવજો.' તેથી જવાની તૈયારી કરો."

પછી તેઓ દુર્ગપુરથી ચાલ્યા તે ગામ પચ્છમે પહોંચ્યા. અને વિપ્ર જાદવજી ત્રવાડીના સદને ઉતારો કર્યો. અને પ્રતિદિને સાયંકાળને સમે વરતાલને વિષે ઘણા સંતહરિજને વીંટાણા છે એવા જે નીલ કલેવર શ્રીજીમહારાજ તેને ददृशुर्नाम(દદશુઃ એટલે કે) જોતા હવા. ને ઘણીક શોભાના ધામ, ને પૂર્ણકામ, ને ઘનશ્યામ છે મૂર્તિ જેની, ને ગરીબનવાજ, ભક્તવત્સલ, સર્વે લોકપાળના સ્વામી ને સર્વેના અંતરજામી એવા જે શ્રીજીમહારાજ, તે સમે ઘણી મહેરબાનીથી સન્મુખે જોઈ ઘણું રાજી થઈને તથા કરુણાની દ્રષ્ટિએ જોઈને ઘેરે સાદે કરીને જેરામ બ્રહ્મચારી ને શાસ્ત્રી લક્ષ્મીરામને બોલાવ્યા.

વળી મહારાજ પોતે મોટો મંચ હતો તે ઉપર બિરાજમાન હતા. તે સમે જેરામ બ્રહ્મચારી ને શાસ્ત્રી લક્ષ્મીરામને મહારાજે સાદ કરીને તે મંચ ઉપર બેસાર્યા અને સરકાર સંબંધી ખબર પૂછ્યા. ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! તમ ઉપર સર્વે સાહેબ અને તેની કચેરી રાજી થઈ અને સાહેબે તમને 'સલામ કહેજો' એમ કહ્યું છે. તેમજ, તે

૧.લેખકે સમગ્ર ગ્રંથમાં 'પ્રતિદિન' શબ્દ 'બીજા દિવસે' અર્થમાં લખેલ છે.


તોફાનીને પકડવા સારુ તેણે અસ્વાર મોકલ્યા હતા. અને આપણી તેણે ઘણી બરદાસ રાખી અને વળતો તમ ઉપર આ શુભ પત્ર ગવર્નર સાહેબે લખી આપ્યો છે તે હા લ્યો." તે લઈને શ્રીજીમહારાજ વાંચવા લાગ્યા. તે મધ્યે ઘણી શુભ ઉપમા લખી છે ને શુભ છે અક્ષર જેમાં એવો સર્વે પત્ર શ્રીજીમહારાજ વાંચવા લાગ્યા. અને તેનો સર્વે ગલિતાર્થ વાંચીને તે સમે સર્વે સભાને સાંભળતાં એમ બોલ્યા જે, "એક દુરાચારી ગેબી રાક્ષસ આવી દુર્ગપુરને વીંટીને તેના મરુદેશના ઘણા શસ્ત્રબદ્ધ માણસ લાવીને ઘણુંક તોફાન કરી સરકારનો ખોટો પત્ર કાઢીને દેખાડ્યો. તેથી અમે આ બે જણને અમારો પત્ર લઈને ઘોઘે મોકલ્યા હતા. તેથી સરકારે અસ્વાર મોકલ્યા, તેથી ગેબી તો નાસી ગયો. નહીં તો તેને પકડીને પરેજમાં નાંખત !"

વળી શ્રીજીમહારાજ સર્વે સંતહરિજન પ્રત્યે એમ બોલ્યા જે, "તેણે અમારી ઉપર ઘણું હેત જણાવતો થકો પત્ર લખ્યો છે. તે જેમ સંત કે હરિજન નમ્રતાએ લખે તેમ તેણે લખ્યો છે. તેથી તેની ઉપર અમે પ્રસન્ન થયા. તેથી તેનું સારું જ થાશે. તેનું રાજ્ય શોભાને લેશે." એમ શ્રીજીમહારાજ તે સમે બોલ્યા. તે સમાની શ્રીજીમહારાજની મૂર્તિનું ચિંતવન શાસ્ત્રી લક્ષ્મીરામ સંતહરિજનની કૃપાથી લખું છું.

તે સમે પીળી છાટમનો(એક પ્રકારના કાપડનો) સુરવાલ પહેર્યો હતો ને રાતી કિનખાબની બુટ્ટાદાર એક ડગલી શ્વેત અંગરખે સહિત પહેરી હતી. મસ્તકે કસુંબી રંગે રંગેલો જરિયાની ભારે રેંટો છોગાં મેલીને બાંધ્યો હતો. એક સેલું પીળા રંગનું ચોગઠ પાડી કમરે બાંધ્યું હતું, ને એક નીલે સેલે કરીને પલોંઠી વાળીને બેઠા હતા. અને હવે હેમના તથા સત્ય મોતીના હાર આદિકની શોભાને કહું છું : કરને વિષે કનકનાં વાઘમોરાં કડાં, બાજુબંધ, પોંચીઓ, વેઢ, વીંટીઓ; ઉરને વિષે હેમની ઊતરી અને સોનાના દોરા, સત્ય મોતીના તોરા, હાર; ને કરને વિષે એક જરીની ગૂંથેલી છડી પકડી હતી.

અને શ્રીજીમહારાજની આગળ લક્ષાવધિ જનની સભા ભરાઈને બેઠી હતી. ને સંતજન ગરબી રાગે ઘણાં ઝીલણિયાં કીર્તન ગાતા હતા. પછી શ્રીજીમહારાજ સર્વે સભા પ્રત્યે 'જય સચ્ચિદાનંદ...' કહીને ઊઠ્યા ને પોતાને ઉતારે જઈને પોઢી ગયા. પછી પ્રભાતે ઊઠીને સભા કરી. ને તેમ ઘણા દિવસ સુધી વડતાલને વિષે બિરાજતા હતા. પછી શ્રીજીમહારાજ ઘણાક જને વીંટાણા થકા દુર્ગપુરને વિષે પધાર્યા. તે સંવત્ ૧૮૭૬ ની દીપોત્સવીનો સમૈયો શાસ્ત્રી લક્ષ્મીરામે સંત હરિજનની કૃપાથી લખ્યો છે.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'ગઢપુર આવેલ દુષ્ટ ગેબીને હરાવી સર્વે ગામજનોની રક્ષા કરી' એ નામે તેંત્રીશમું પ્રકરણ ॥૩૩॥





ઓગણોતેરા કાળમાં શ્રીહરિ ગરીબોને અનાજ આપે છે.

પ્રકરણ - ૩૪

ઓગણતેરા કાળમાં શ્રીહરિએ સ્વાશ્રિતોની સંભાળ લીધી

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ ગામ **શ્રીદુર્ગપુરને** વિષે ઐશ્વર્યાદિકને દેખાડતા થકા બિરાજમાન હતા. આ પ્રકરણની વાત સંવત્ ૧૮૬૯ ની સાલની છે, તે સંતહરિજનની કૃપાથી શાસ્ત્રી લક્ષ્મીરામ લખું છું.

હવે તે સમે શ્રીજીમહારાજે પંચકેશને રાખ્યા હતા ને વળી ઘણું તપ કરતા હતા. ને વળી સંતજનને ઘણાં કરડાં વર્તમાન હતાં, તે શું ? તો ખટરસનાં વ્રત તે મોરેથી જ આપ્યાં હતાં જે, શેરડી મધ્યેથી ઊપજે તે ન ખાવું તથા દૂધ મધ્યેથી ઊપજતી વસ્તુ તે છાશ પણ ન ખાવી. તેવાં કઠણ વર્તમાન પ્રથમ સંતજનને આપીને પછી પોતે સર્વે હરિજનને નાગડકે તેડાવીને એમ કહ્યું હતું જે, “અન્નનો સંગ્રહ રાખજો, ભૂલશો નહીં. ને અમને શંકર મળ્યા હતા, તેણે અમ ઉપર ઘણા રાજી થઈને એમ કહ્યું જે, ‘તમારા હરિજનને એમ કહેજો જે, દાણા રાખજો. જે અમારું વચન પાળશે તે સુખી થાશે, ને જે નહિ પાળે તે દુઃખી થાશે ખરા.”

એમ ત્યાં વચન શ્રીજીમહારાજે સંવત્ ૧૮૬૮ ના મહા સુદિ ૫ પાંચમે કહીને વળી મહારાજે કહ્યું, “સર્વે સત્સંગી પુરુષમાત્ર ભભૂતિનો ચાંદલો ને એક એક રુદ્રાક્ષનો પારો ધારજો. કેમ જે, આગળ અતિ કઠણ ભૂંડો કાળ આવશે ખરો. તે સારુ આ ધારણ કરાવીએ છીએ. તેમ જ જક્તને માથે પણ વિષમકાળ આવશે ખરો.” એટલી વાત તે તો સંવત્ ૧૮૬૮ ના મહા સુદિ ૫ ના રોજ શ્રીજીમહારાજે નાગડકે કરી અને શ્રીમદ્‌ભાગવતની કથા સર્વે હરિજન અને સંતજનને સંભળાવી.

અને એમ કહ્યું જે, “આ ઓગણોતેરે વિષમકાળ પ્રવર્તશે. તે સારુ સહુ સહુના વરા(ઘર વપરાશનો ખર્ચ) પ્રમાણે ધાન્ય રાખજો. ને

જેના ઘરને વિષે જે કાંઈ પશુ હોય તે ચાર્ય-પૂળાનો સંગ્રહ રાખજો. ને પોતે પોતાના ધર્મને વિષે સાવધાનપણે વર્તજો. અમારાં દર્શને કોઈ દુર્ગપુર આવશો નહીં. જો આવશો તો દર્શન નહિ થાય."

તેમ કહીને શ્રીજીમહારાજ દુર્ગપુરને વિષે આવ્યા. અને તપને કરતાં થકાં પંચકેશને ધરતા થકા ને વળી ક્યારેક તો ફળને જમતા હતા. ને ક્યારેક તો ઉપવાસ કરે ને ક્યારેક તો કિંચિત્ ભોજન કરતા હતા. ને વળી ગુફાને વિષે વસતા હવા. ને પોતાની પાસે બે-ત્રણ સંતજન તથા એકાંતિક હરિજન શ્રીજીમહારાજની ગુફાની સમીપે સેવા મધ્યે રહેતા હવા ને જેમ શ્રીજીમહારાજની મરજી હોય તેમ જ વર્તતા હવા.

અને અતિ ગુપ્તપણે રહ્યા, તે શા માટે ? તો અતિ દયાળુ છે સ્વભાવ જેમનો એવા જે શ્રીજીમહારાજ, તે કોઈ જનને દુઃખી દેખી ન શકે, તે સારુ ગુફાને વિષે ગુપ્ત રહેતા હવા. ને તેમ રહેતા થકા પોતાને પ્રતાપે કરીને સર્વે દેશોદેશના હરિજનને અન્નજળ ને વસ્ત્રને આપતા હવા. તે સમે **એક રૂપિયાનું આઠ શેર અન્ન હતું**. તે પોતાના યોગ-ઐશ્વર્યના પ્રતાપે કરીને સર્વે જનનું ભરણપોષણ કરતા હવા ને પોતાના સર્વે આશ્રિતજનની પીડાને હરતા હવા.

તેમ શ્રીજીમહારાજ દુર્ગપુરને વિષે ઉત્તમ નૃપતિના દરબારને વિષે બિરાજતા થકા એક દિવસને સમે પોતાના શરીરને વિષે મંદવાડ લાવ્યા. ને પોતાના પગની જમણી કોરની ઘૂંટી તે ઉપર ગૂમડું થયું હતું તથા જ્વરને ઉત્પન્ન કરીને મનુષ્ય-ચેષ્ટાને દેખાડતા થકા ને પોતાના ઢોલિયા ઉપર પોઢ્યા થકા ઉન્મત્તની પેઠે બોલતા. હતા. તે સમે ચાકરીના કરતલ સંતનાં નામ લખીએ છીએ, હરિયાનંદજી તથા નિર્ગુણાનંદજી ને મુકુંદ બ્રહ્મચારી આદિક હતા. તે સમે તેઓ જેમ શ્રીજીમહારાજ કહે તેમ જ કરતા હતા. તેમજ ઉત્તમરાજાને પણ ઘણોક મંદવાડ આવ્યો હતો. તે સમે દેહ છૂટે તેમ થઈ ગયું. તે સમે તેમનાં માતુશ્રી ગંગાસ્વરૂપ સુરબાઈ

તે રુદન કરીને આમ બોલ્યાં, "હા ઈતિ કષ્ટે..! હે મહારાજ ! મારે ચાર પુત્રી, તે ઉપર મણિતુલ્ય એવો જે આ પુત્ર (એક જ છે), તે મૃત્યુ પામ્યે મારી શી ગતિ થાશે ?" તેમ વિલાપને સાંભળીને મહારાજ બોલ્યા જે, **"કોઈ કહે છે જે, હે મહારાજ ! આ ઉત્તમરાજાનો દેહ તો નહીં રહે. ત્યારે તે કેના પ્રતાપે મૃત્યુ આવે છે ? ને કેના હુકમથી કાળ નાશ કરે છે ? જો મારા હુકમ વિના તેનો પરાભવ કરે તો તે (કાળ)નો પણ નાશ કરી નાંખું. ને વળી હજાર ધારાએ યુક્ત એવું જે સુદર્શન ચક્ર, તે તો મારું આયુધ છે ને મારી શક્તિ છે. તેને સર્વે જન કાળચક્ર કહે છે. એ આદિક સર્વે વૈભવનો હું સ્વામી છું. માટે હે બાઈ ! તું બેફીકર રહે, તારા પુત્રની રક્ષા હું કરીશ. એમ તમે જાણો."** તેમ શ્રીજીમહારાજ બોલ્યા.

તે સમે મહારાજ સાત દિવસ સુધી અન્ન જમ્યા નહોતા ને આઠમે દિવસે એમ બોલ્યા જે, "અમને ખાટાં ચીભડાં (ખાવા)નું મન થયું છે. તે કોઈ અમને લાવી આપો." ત્યારે એક કુસંગી કાઠી ઉત્તમ નરેશનો ભૃત્ય હતો, તે વગડા મધ્યે તત્કાળ જઈને સારાં સારાં પાકેલ કોઠીંબા તત્કાળ લઈ આવ્યો. તે લાવીને શ્રીજીમહારાજ આગળ નિવેદન કર્યાં.

તે સમે શ્રીજીમહારાજે ઘણું રાજી થઈને તેને કહ્યું જે, "તું આ ક્યાંથી લાવ્યો ?" ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! હું તો વગડા મધ્યેથી લાવ્યો છું." પછી તે સમે વખાણી વખાણીને શ્રીજીમહારાજ જમવા લાગ્યા. ને તેના જીવના મોક્ષને કરતાં થકાં એમ કહ્યું જે, "તેને વીસ રૂપિયા આપો." ત્યારે મહારાજના પાળા ભગુજીએ કહ્યું જે, "હે મહારાજ ! એટલા બધા ! વીસ દેવાય ?" ત્યારે મહારાજે તે પ્રત્યે એમ કહ્યું જે, "હાં, હાલ પચાસ શીઘ્ર આપો." તેમજ રૂપિયા તત્કાળે અપાવ્યા.

તે સમે શ્રીજીમહારાજ આઠ દિવસના ઉપવાસી હતા, તેમને (જે કાઠીએ) ફળ લાવીને જમાડ્યા, તેને રૂપિયા પચાસ અપાવ્યા. તેમાં

તે શું આપ્યું કહેવાય ! તેણે તો સર્વે લોકના સ્વામીને જમાડ્યા, તેને ધન્ય છે ! ને મહારાજ પાસે ભારે શેલું હતું, તે પણ તેને આપી દીધું. ત્યારે સંવત્ ૧૮૭૦ ને માસ ભાદરવો હતો. અને શ્રીજીમહારાજના સ્વભાવમાં ઉદારપણું, સત્યપણું જે સાચું કહેવાપણું અને શમ-દમ હતાં. અને કોઈ દુ:ખિયો જીવ હોય તેને જોઈને તે જે જે વસ્તુ માગે તે તે વસ્તુ અપાવીને તેને સુખિયો કરે. વળી કોઈ માંદો જીવ હોય તેની કોઈ પાસે સર્વ પ્રકારે ચાકરી કરાવીને તેના દુ:ખને ટાળી નાંખે. એ આદિક ઘણા ગુણની સીમા એવા જે શ્રીજીમહારાજ તે દુર્ગપુરને વિષે તે સમે જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્ય આદિકની વાર્તા કરતા હતા.

તેમજ દુર્ભિક્ષ(દુકાળનું) વરસ હતું. તે સર્વે દેશદેશ પ્રત્યે સર્વે હરિજનના દુ:ખને ટાળવાને અર્થે પોતાને પ્રતાપે કરીને તે સર્વે સંતહરિજન પ્રત્યે દેખાતા હતા. ત્યારે તે સર્વે જન 'અહો..!' એમ આશ્ચર્ય પામીને કહેતા જે, "હે મહારાજ ! તમે એકલા જ છો ? ને વળી આ અતિ કઠીન કાળના સમયને વિષે તમે કેમ પધાર્યા છો ?"

ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજ એમ કહેતા જે, "આ દુર્ભિક્ષ વરસ છે. તે સારુ તમે જે અન્ન ને વસ્ત્રે દુ:ખી હો તે અમ પાસે માગો. અમે તમને અન્નાદિક દઈને તમારા દુ:ખને ટાળવા સારુ આવ્યા છીએ. માટે તમે માગો, તે તમને અમે આપીને સુખિયા કરીશું." પછી તેમણે જે જે વસ્તુ માગી તે તે તેને શ્રીજીમહારાજ આપતા હવા.

કેટલાક હરિજનને તો પોતાના ઘણાક સખા, તેમણે વીંટાણા થકા દેખાતા હતા. અને કેટલાક હરિજનને તો શોભાયમાન છે મૂર્તિ જેમની, ને પીતપટ, કિરીટમુગટ[૧], મકરાકાર કુંડળ, હેમનાં કડાં, વેઢ, વીંટીઓ, બાજુબંધ, પોંચી, હેમના દોરા, ઊતરીઓ તથા મલ્લિકાદિક ને સ્થલકમલાદિક પુષ્પના હાર, તોરા, ગજરા ને બાજુબંધ ધારણ કરેલ

૧.વિષ્ણુ કે ચક્રવર્તી રાજાના મસ્તક પર હોય તેવો મુગટ

ને કેશરચંદન ને અત્તર આદિકથી ઘણીક સુગંધીમાન છે મૂર્તિ જેમની, એવા દેખાતા હતા.

જે શ્રીજીમહારાજ તે મંદમંદ હસતા થકા સર્વે દેશોદેશને વિષે રહ્યા જે સંત-હરિજન તેને પોતાના ઐશ્વર્યાદિકની સામર્થી દેખાડતા, પોતાના ભક્તજનને જ દર્શન થાય પણ અભક્તને પોતાનાં દર્શન ન આપતા. ને કેટલાક સંતહરિજનને રાત્રીને વિષે દેખાતા હવા ને તેને નિદ્રા મધ્યેથી જગાડીને અન્ન, વસ્ત્ર, વસન ને દ્રવ્યને દેતા હવા.

અને હરિજનને મહારાજ એમ કહેતા જે, “અમે ગુપ્ત આવ્યા છીએ, તેથી તમે કુસંગી લોક પ્રત્યે અમારી વાત કહેશો મા.” ત્યારે હરિજન બોલ્યા જે, “હે મહારાજ ! આ સર્વે તમને દેખે છે તેનું કેમ સમજવું ?” ત્યારે તે સર્વે હરિજન પ્રત્યે શ્રીજીમહારાજ એમ કહેતા જે, “યોગમાયારૂપી અમારું ઐશ્વર્ય છે, તેણે કરીને તમને જ દેખ્યામાં આવે, પણ આ સમે કુસંગી લોકના દેખ્યામાં ના આવે, એવો અમારો જ સંકલ્પ છે. માટે તે જ પ્રમાણે થાય છે, તેમ જાણો.”

❈ ગોંડલથી ગઢડાના માર્ગમાં દિવ્ય સ્વરૂપે અસુરોનો પરાભવ કર્યો

તેમ સર્વે દેશોદેશ પ્રત્યે રહ્યા જે પોતાના ભક્તજન, તેમની સમગ્ર પીડાને હરતા થકા ગામ **ગોંડલ** તથા **ઉપલેટે** દદૃશુઃ કહેતાં દેખાયા. તે રાજના બાગ મધ્યે વૃક્ષને હેઠે ઉન્મત્ત દશાને ગ્રહણ કરીને બેઠા હતા. અને પોતાની પાસે થોડાક જન ચાકરી મધ્યે હતા. ને તે સ્થળને વિષે થોડાક દિવસ વસીને પછી દુર્ગપુરને રસ્તે શ્રીજીમહારાજ રથ ઉપર બિરાજમાન થઈને જતા હતા. તે સમે વાટ મધ્યે અસુર મળ્યા. તેમણે શ્રીજીમહારાજ પ્રત્યે એમ કહ્યું જે, “અમને તમે ધન તથા વસ્ત્રાદિક આપો. તમે તો ભગવાન કહેવાઓ છો, તે તમારે શી ખોટ છે ? અમે તો અરણ્ય મધ્યે રહીએ છીએ. તમે આપો તો ઠીક, નહીં તો અમે જોરાઈએ લઈશું.”

અસુરનાં તેવાં વચન શ્રીજીમહારાજે સાંભળ્યાં. તે સમે શ્રીજીમહારાજ દેહે ઘણા માંદા હતા, પણ પોતાની પાસે મુકુંદ બ્રહ્મચારી હતા ને એક રથનો સારથી હતો. તેની અસિ(તલવાર) મહા તીક્ષ્ણ હતી. તેને શ્રીજીમહારાજે ગ્રહણ કરીને એમ કહ્યું જે, "આવો, તુમકું ખરચી દેવે !" પછી બ્રહ્મચારીએ શ્રીજીમહારાજને વાર્યા(રોક્યા). પછી શ્રીજીમહારાજે બ્રહ્મચારીનું વાર્યું ન કરતાં થકા, એ રથ મધ્યે અસિ તાણીને એમ કહ્યું જે, "તારા કટકા કરી નાંખું. કેમ જે, તું સંતજન, વિપ્ર ને હરેક ગરીબ જે જાત્રી(યાત્રિક), તેને વિના વાંકે લૂંટીને પીડાને પમાડે છે. ને કહ્યા તે સર્વે જનના અમે રક્ષાના કરતલ છીએ." એમ શ્રીજીમહારાજ તે દુષ્ટ પ્રત્યે બોલ્યા.

ત્યારે તેણે મહારાજને એમ કહ્યું જે, "આ સમે અમારી પાસે બાણ તથા તુપક(નાની તોપ; બંદૂક) નથી." ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "આ સમે મારી પાસે અશ્વ નથી, નહીં તો તને મૃત્યુને પમાડું. હે સંત ને વિપ્રના દ્રોહકરતલ !" તેમ કહીને પોતાના મોટા પ્રતાપે કરીને તેને ભગાડી મેલ્યા. આમ શ્રીજીમહારાજ ઘણોક પોતાનો પ્રતાપ ને ઐશ્વર્ય દેખાડતા થકા દુર્ગપુરને વિષે ઉત્તમરાજાના દરબારને વિષે બિરાજતા હવા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'ઓગણોતેરા કાળમાં શ્રીહરિએ સ્વાશ્રિતોની સંભાળ લીધી' એ નામે ચોત્રીશમું પ્રકરણ ॥૩૪॥



પ્રકરણ - ૩૫

ગઢપુરમાં ઉત્તરાદા બારના ઓરડામાં વાસુદેવનારાયણની પ્રતિષ્ઠા

એક દિવસને સમે શ્રીજીમહારાજ ગામ શ્રીદુર્ગપુરને વિષે બિરાજમાન હતા ને પોતાના સંતના સંત મુક્તાનંદસ્વામી આદિક સર્વે સંત તથા ઉત્તમ નરેશ તથા ભક્ત સોમલા આદિક ઘણા હરિજન ભાઈબાઈ તેમણે વીંટાણા થકા ને તે સર્વેને શોભાડતા થકા બિરાજમાન હતા. તે સમે શ્રીજીમહારાજ સંતજન તથા હરિજન પ્રત્યે એમ બોલ્યા જે, "આપણે આ ગઢપુરને વિષે શ્રીવાસુદેવજીની મૂર્તિ પધરાવવી છે." ત્યારે સર્વે સંતહરિજને એમ કહ્યું જે, "હે મહારાજ ! એ તો બહુ સારું કહેવાય."

તેમ સાંભળીને શ્રીજીમહારાજ રાજી થકા તેનો ઉદ્યોગ(તે માટેનું કામકાજ-તૈયારી) કરવા-કરાવવા લાગ્યા. તે સમે મૂર્તિ કારિયાણીએ હતી. તે વિપ્ર લક્ષ્મીરામને મહારાજે એમ કહ્યું જે, "જા, તે મૂર્તિને તું લઈ આવ !" ત્યારે તે લાવ્યો. પછી શ્રીજીમહારાજે સર્વે જન પ્રત્યે એમ કહ્યું જે, **"આ મૂર્તિ અતિ ચમત્કારી છે ને આ મૂર્તિ ઘણી પ્રતાપવાન છે. ને એને વિષે અનંત ઐશ્વર્ય પણ રહ્યું છે. એવી જે આ વાસુદેવનારાયણની મૂર્તિ, તેને ગઢપુરને વિષે ઉત્તમ નરેશનો ઉત્તરાદે બારે ઓરડો, તે મધ્યે પધરાવશું. તેથી સર્વે ભક્તજનના વિઘ્નને આ મૂર્તિ તે નિશ્ચે જ હરશે."**

તેમ કહીને અતિ જ્યોતિષ શાસ્ત્રના ભણેલા જે વિપ્ર તે પાસે મુહૂર્તનો નિર્ણય કરાવ્યો. તેમજ ચારે વેદના ભણેલા જે બ્રાહ્મણ તેમને તેડાવ્યા ને ઘણાક વિપ્રને વરુણીમાં વરાવ્યા. તેમજ શ્રીજીમહારાજે મોટો શોભાયમાન મંડપ કરાવ્યો. તેમાં ચિત્રવિચિત્ર પટે શોભાયમાન ને વળી ઘણાંક તોરણે યુક્ત કદળીના સ્થંભ તથા ધજા-પતાકા અને ઘણીક કાચની

હાંડીઓ, પટનાં તોરણ, ઉલેચ, ચંદ્રવા, ચાકળા ને તે મધ્યે ઘણી પાટો ઢાળી હતી. એ આદિક અનંત આવા અત્યંત શોભાયમાન મંડપને વિષે સર્વેના કારણ એવા ને પ્રત્યક્ષ પુરુષોત્તમ એવા જે શ્રીજીમહારાજ એક હેમના બાજોઠ ઉપર બિરાજ્યા.

તે સમે ઘણા વિપ્રને વરૂણીમાં વરાવ્યા તેની વિગત : હીરકોરાં બબે ધોતિયાં, બે અંગવસ્ત્ર(ખેસ-પછેડી), આસન, પંચપાત્ર[૧], આચમનિયાં, મુદ્રિકાઓ, ગૌમુખીઓ ને માળાઓ આદિક ઘણો સામાન જે વરૂણીના વિપ્રને વિધિવત્ આપ્યાનો ધર્માદો તે લાવીને મૂક્યો હતો. તે તો 'ન ભૂતો ન ભવિષ્યતિ.' તે સમાની શ્રીજીમહારાજની મૂર્તિનું ચિંતવન તે શાસ્ત્રી લક્ષ્મીરામ સંત ને હરિજનની કૃપાથી લખું છું.

તે સમે શ્રીજીમહારાજે નીલો કિનખાબનો સુરવાળ હીરની નાડીએ સહિત પહેર્યો હતો ને નીલી કિનખાબની ડગલી પહેરી હતી. તેમજ જરિયાની નીલો રેંટો મસ્તકે બાંધ્યો હતો ને એક નીલે શેલે કમર કસી હતી. એક કસુંબી શેલે કરીને પલોંઠી વાળી હતી.

હવે હેમના અલંકાર જે, કરમાં કનકનાં કડાં, વેઢ, વીંટીઓ, બાજુબંધ, પોંચીઓ; ને ઉરને વિષે ઊતરીઓ, હેમના દોરા, સત્ય મોતીના હાર; ને મસ્તકને વિષે શિરપેચ(કીમતી કલગી-છોગું), શોભાયમાન પુષ્પના હાર જે મલ્લિકાદિક જે થલકમલના હાર; તે સર્વે શોભાને શોભાડતા થકા શ્રીજીમહારાજ એ મંડપ મધ્યે બિરાજતા હતા. તથા મોટેરા વિપ્ર જે તેમના આચાર્ય તેમની પાસે તે સર્વે વિપ્રનાં કાંડાં શ્રીજીમહારાજ સમીપે બેસીને વરણ કરાવતા હતા.

પછી તે બ્રાહ્મણ જે આચાર્ય, તેમણે વરુણીના વિપ્ર પ્રત્યે પૂછ્યું જે, "કેવા ગોત્રી છો ?" ત્યારે તે કહે જે, "ગૌતમ ગોત્રી છીએ." પછી તે આચાર્ય આમ ઉચ્ચારણ કરવા લાગ્યા જે,

૧.પ્યાલો, તરભાણું, આચમની, અરઘિયું ને કળશો

'गौतमगोत्राय गौतमौतथ्यांगिरसेति त्रिप्रवरांगिताय शुक्लयजुर्वेदान्तर्गत-माध्यन्दिनशाखाध्यायिनेऽमुकशर्मणे विष्णुरूपाय ब्राह्मणायाऽर्चयेत।'[૧] તેમ સર્વે બ્રાહ્મણોની પૂજા કરીને કાંડાં તે કાંડાત મંત્રે(કાંડું બાંધતી વખતે બોલાતો મંત્ર બોલીને) સર્વે વિપ્રોને પૂજીને વસ્ત્રાદિક વરૂણીનો સર્વે સામાન તે સર્વેને શ્રીજીમહારાજે અપાવ્યો.

તે સમે ઘણાક વિપ્રોની પાસે મંત્રજાપ કરાવ્યો. ને ઘણાક ગરથ ને સાકરના મોદક જમાડ્યા. તેમ પ્રતિદિને પ્રભાતે વહેલા ઊઠીને શ્રીજીમહારાજ સ્નાન, સંધ્યા ને પૂજાવિધિ કરીને વહેલા પોતે મંડપ મધ્યે આવીને સર્વે વિપ્રોની પૂજાને કરાવતા હવા. તેમ પુષ્પના હાર આદિકે સર્વે દ્વિજને પૂજાવતા હવા. અને ઘણા ઉત્સાહથી તે સ્થળને વિષે રેશમના ચાકળા ઉપર બેઠા થકા આનંદ-ઉત્સવાદિક કરાવતા હવા. તેમ કરતાં સાત દિવસ સુધી મંત્રજાપને કરાવતા હવા. પછી આઠમો દિવસ જે પૂર્ણાહુતિનો દિવસ, તે દિવસે મૂર્તિને પધરાવવી તેનું મુહૂર્ત પણ હતું.

તે સમે શ્રીજીમહારાજ ભારે વસન ને હેમનાં અલંકારને શોભાડતા થકા મંડપ મધ્યે એક પાટ ઢાળી હતી, તે ઉપર બિરાજમાન હતા. ને પોતે એમ કહ્યું જે, "ઘણાક વાજાંવાળાને તેડીને વાજાં વગડાવો ને ઘણાંક હુતદ્રવ્ય મંગાવો. ને સમિધ આદિક જે હોમવાનો સરંજામ તથા ગરથ, ને સર્વે ઔષધિ મંગાવી તૈયાર કરો." પછી તે સમે આહુતિ ચાલતી થઈ. ને તેમ તે સમે વાજાં તે ઢોલ, નગારાં, ત્રાંસાં, મુર્ફા, પડઘમ, બાંસુરી, શરણાઈઓ વાગવા લાગ્યાં. ને રણશિંગી તે કવિરાજ પ્રેમાનંદ વગાડતા હતા. તે ન ભૂતો ન ભવિષ્યતિ. તેમજ ભૂંગળ, ભેરી, રવાજ, કાંસિયાં ને ઘણાક કસબે કરીને ચોઘડિયાનાં નગારાં, તે શું ? તો તે ભેગી ગેહેરી શરણાઈઓ વાગે તેના સ્વરે કરીને દાંડી પડે, તેમ શોભાયમાન એ આદિક વાજાં વાગતાં હતાં.

૧.ગૌતમ ગોત્રવાળા ગૌતમ, ઔતથ્ય અને આંગિરસ એમ ત્રણ પ્રવરવાળા શુક્લયજુર્વેદ અંતર્ગત માધ્યંદિન શાખાવાળા વિષ્ણુરૂપ બ્રાહ્મણનું પૂજન કરવું જોઈએ.

અને મુનીન્દ્ર એવા જે મુક્તાનંદસ્વામી આદિક ગવૈયા સંત, તેમને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "તમે સરોદા, સતાર ને મૃદંગ આદિક વાજિંત્ર લઈને મહોત્સવનાં પદ ગાઓ, તેથી તમારી ઉપર સર્વેના દેવ એવા જે ભગવાન તે અતિ રાજી થાય." તેમ કહેતાં સર્વે ગવૈયા સંત ગાવા લાગ્યા. તે સભા મધ્યે શ્રીજીમહારાજ બિરાજમાન થયા ને પોતાના હાથની ચપટી વગાડીને ઘેરે સ્વરે કરીને ગાવા લાગ્યા.

તે શોભા, સુખ, હર્ષ ને મહોત્સવ આદિક..! ને વળી વિપ્ર ચારે વેદના મંત્ર બોલે તેની ધૂની થાય..! ને તે સમે તે સભાને વિષે સર્વેના કારણ એવા શ્રીજીમહારાજ બિરાજતા હવા..! તે બધું ન ભૂતો ન ભવિષ્યતિ, એવું હતું ! પછી ઘણા ઘીની આહુતિ તથા સર્વે સમિધની તથા ઔષધિની આહુતિ દઈ રહ્યા. ને યજ્ઞની પૂર્ણાહુતિ થઈ.

હવે મૂર્તિ પધરાવ્યાનું મુહૂર્ત આવ્યું. તે સમે શ્રીજીમહારાજે તથા મુક્તાનંદસ્વામી ને મુકુંદ વર્ણીરાજ આદિકે મૂર્તિને મોટા ચરુ મધ્યે જળ ભરીને કટી પર્યંત પધરાવી. અને શ્રીજીમહારાજે તથા સર્વે સંતે મૂર્તિને ઝાલી રાખી. ને સર્વે ભણેલા વિપ્ર અભિષેક કરવા લાગ્યા. તેમ સર્વે વિધિ કરી. પછી શ્રીજીમહારાજે સહિત સર્વે વિપ્રજન ને સંતજને તે મૂર્તિને ઉત્તરાદા બારના ઓરડાને વિષે ઉત્તર મુખે પધરાવી. તે સમે સર્વે જન બાઈઓ-ભાઈઓ 'જય... જય...' શબ્દને બોલ્યાં. પછી તે સમે સર્વે હરિજન ભેટ-સામગ્રીઓ જે રૂપમુદ્રિકા, પટ, ભૂમિદાન, ફળ ને પુષ્પાદિક અર્પણ કરીને શ્રીવાસુદેવ એવા જે નારાયણ, તેને રાજી કરીને પોતાના જન્મને સફળ કરતા હવા.

પછી તે સમે શ્રીજીમહારાજે વરૂણીના વિપ્રને ઘણીક ઓધની ગાયો, તે શું ? તો સુલક્ષણવાળી, ઘણાક પયને આપે એવી ને વળી બે વેતરની મા, પણ વૃદ્ધ નહિ તેવી, ને ઘણમૂલી ગુરહેડ જાતિએ કરીને ઉત્તમ, એવી સવચ્છી સર્વે શણગારે જુક્ત ગાયો તે સર્વે ઋત્વિજ

વિપ્રને(આચાર્ય વિપ્રને) આપી. ને વળી સોનાનાં દાન, રૂપિયા, વસન, પાત્ર ને અન્નનાં દાન તથા ઘર ને પૃથ્વીનાં દાન આદિક ઘણાક દાને કરી અજાચક(ફરીવાર કોઈ પાસે કાંઈ માંગવું ન પડે એવા સમૃદ્ધ) કર્યા.

તે સમે શ્રીજીમહારાજે ઝાંપે ચોખા મેલીને ધુમાડો બંધ કરીને બ્રાહ્મણાદિક સર્વે જાતિના સર્વે જન બાઈઓ-ભાઈઓને જમાડ્યા. ત્યારે પોતાનાં પાત્ર ભરીને લઈ લઈને સર્વે જન જમીને ઘણાક દિવસની ક્ષુધાને ટાળતા હતા. અને શ્રીજીમહારાજે સાદ પડાવીને સર્વે જે અન્નાર્થી મનુષ્ય તેમને અન્નનાં દાને કરીને તૃપ્તિને પમાડ્યા. તેમ ઘણોક મહોત્સવ કરીને શ્રીજીમહારાજે શ્રીવાસુદેવની મૂર્તિ પધરાવી હતી. ઈતિ ગઢપુરનું આખ્યાન સમાપ્ત થયું.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'ગઢપુરમાં ઉત્તરદા બારના ઓરડામાં વાસુદેવનારાયણની પ્રતિષ્ઠા કરી' એ નામે પાંત્રીશમું પ્રકરણ ॥૩૫॥



ગઢપુરમાં વાસુદેવનારાયણની પ્રતિષ્ઠા કરી રહેલા શ્રીહરિ.

પ્રકરણ - ૩૬

ભુજમાં દીવાનનો વિરોધ છતાં નિષ્ઠાવાન સુંદરજી સુતારે શ્રીહરિને ઘેર રાખ્યા

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ ગામ **શ્રીદુર્ગપુરેથી** પોતાની ઈચ્છાથી ચાલ્યા. તે પોતાની ભેગા બ્રહ્મચારી મુકુંદજી ને નિષ્કુળાનંદસ્વામી પણ ચાલ્યા. તે ગામ, પુર, ખેટ, ખર્વટ, વન, પર્વત, નદીઓ, તડાગ(તળાવ), વાપી, કૂપ, ઉપવન, અવઘટ વાટ(ઓળંગવા મુશ્કેલ એવા વાંકા ચૂકા રસ્તા) ને ઘણાક નિર્દયી દેશ તેને ઉલ્લંઘન કરતે સતે શ્રીજીમહારાજ શ્રીકચ્છ દેશે ગામ **ભુજ** નગરને વિષે ભક્ત **સુંદરજીના** મંદિર(ઘર) પ્રત્યે પધાર્યા.

તે સમે તે ભક્ત સુંદરજી આદિ સર્વે ભક્તજને શ્રીજીમહારાજને ઘણાક સન્માને કરીને ભારે ભોજન જે લેહ્ય, ચોસ્ય, ભક્ષ્ય ને ભોજ્ય આદિક શીઘ્ર જમાડ્યાં ને ષોડશોપચારે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી. પછી શ્રીજીમહારાજ સુખ આસને બિરાજતા થકા પોતાને પગે કિંચિત્(નાનું) ગૂમડું થયું હતું, તેને પોતાને હાથે ચોળીને, વળી તેલ ચોપડાવીને ઘણીક પીડાને ઉપજાવતા હવા. તે સમે શ્રીજીમહારાજ સર્વે હરિજન બાઈઓ-ભાઈઓ પ્રત્યે જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્યાદિકની વાતો કરતા હવા.

વળી તે સમે તે ગામના રાજાનો દીવાન **જગજીગન** મહેતા ઘણો અવિદ્યાવાળો ને અસુરાંશી હતો. તેની સ્ત્રી શ્રીજીમહારાજની હરિભક્ત હતી. તેણે જગતનાં સુખને તુચ્છ કરીને એક ભગવાન તે જ સર્વે જીવના પતિ છે. તેમ માનીને પોતાના પતિ આદિક સર્વે પુરુષનો ત્યાગ કરીને દૃઢ સાંખ્યયોગ પાળતી હતી. તેથી તેના પતિને નિર્દોષ એવા શ્રીજીમહારાજ સાથે વેર થયું. ને તેમ કરતાં તે સમાને વિષે

શ્રીજીમહારાજ ઉપર તે અતિ દ્વેષ બાંધતો હતો. ને વેરભાવે કરીને તે મહારાજને ગોતતો હતો.

એટલામાં ત્યાં આવ્યા એવા જે શ્રીજીમહારાજ, તે પ્રત્યે ક્રોધનો ભરેલો, અતિ અભિમાની ને નથી જાણતો મહારાજનો પ્રતાપ એવો તે અસુરાંશી મહારાજના ઉતારા પ્રત્યે આવ્યો. આવીને તેણે સુંદરજી પ્રત્યે એમ કહ્યું જે, "અરે સુંદરજી ! તારા ઘર પ્રત્યે સહજાનંદ આવ્યા છે ?" ત્યારે તે પ્રત્યે સુંદરજીએ એમ કહ્યું જે, "હા, આવ્યા છે ખરા."

ત્યારે તે દીવાન એમ બોલ્યો જે, "હે સુંદરજી ! તું મોટેરો માણસ છે, તે સારુ હું તને એમ કહું છું જે, તું સ્વામિનારાયણને તારા સદનથી કાઢી મેલજે ! નહિ તો તારું ઘરબાર ને સમૃદ્ધિ લૂંટી લેશું! ને તમારાં સર્વે મનુષ્યને ભાકસી(કેદ) જે બંદીવાન કરશું ! તેમ અમે તમને કહીએ છીએ. જો તમારું ઘર, વિત્ત ને લાજ રાખવાની ઈચ્છા હોય તો હાલ સ્વામિનારાયણને તારા ઘેરેથી બહાર કાઢી મૂક ! તેથી તારી લાજ રહેશે."

ત્યારે હરિભક્ત મધ્યે શિરોમણિ એવા સુંદરજીએ એમ કહ્યું જે, "હું મારા ગુરુ જે મહારાજ, તેમને તો શ્રીકૃષ્ણ તુલ્ય જાણું છું. તેથી મારે ઘેરેથી કાઢી નહિ મેલું. **ને મારા ઘરને વિષે મહારાજ રહેતાં મારું ઘર, વિત્ત ને સર્વે મારા ઘરની સમૃદ્ધિ લૂંટાઈ જાય તો તે સર્વે કુરબાન છે. અને હે દીવાન ! સર્વનિધિ ને મારા ગુરુ ને સર્વેના સ્વામી એવા જે મહારાજ, તેનો હું ત્યાગ નહિ કરું. ને તેઓ મારા ઘરને વિષે તો સુખેથી રહેશે.**" તેમ તેમણે દીવાન પ્રત્યે વાત કહી.

સુંદરજીનાં તે સર્વે બળવાન વચન શ્રીજીમહારાજે તેની હવેલીના દાદરની નિસરણીના પગથિયા ઉપર બેસીને સાંભળ્યાં. તે સમે

મહારાજને ઢીંચણને વિષે ગૂમડું થયું હતું, તે બે જણ તેડે ત્યારે ઊભા થાય તેમ હતા, પણ તે સમે નરસિંહજીના જેવા દેખાયા. ને તે દીવાનની સાથે ઘણા શસ્ત્રબંધ રાજપુરુષ હતા. તે સમે શ્રીજીમહારાજે હાક મારીને મહાભયાનક સ્વરૂપ દેખાડ્યું. તેણે કરીને તે સર્વે ભયને પામ્યા.

તે સમે શ્રીજીમહારાજ તે દુષ્ટાત્મા એવો જે દીવાન, તે પ્રત્યે એમ બોલ્યા જે, "અરે દુષ્ટ ! હે દુરાચારી ! અરે પરસ્ત્રીલંપટ ! હે હરિજન ને સંતજનના દ્રોહી ! ને વળી ગરીબને પીડાના કરતલ ! એ સર્વે કહ્યા જે જન, તેનો હું સ્વામી છું. ને તે સર્વેની રક્ષા કરવાને યોગ્ય છે સ્વભાવ જેનો એવો જે હું, તે તારે જે કહેવાનું હોય તે તું મારે પ્રત્યે બોલજે. ને તારો શો ભાર છે ? તારા કાઢ્યા અમે નહિ જઈએ ! તારે રાજ્યનો મદ છે ને અમારે તો ભગવાનપણાનો મદ છે, તેમ તું અમને જાણજે."

ત્યારે તે દુષ્ટ બોલ્યો જે, "તમે કેમ(શું) ભગવાન છો ?" ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "હા, અમે ભગવાન છીએ. અમારે વિષે સદાય સમર્થ એવા જે શ્રીકૃષ્ણસ્વામી તે બિરાજમાન રહ્યા છે. તેમજ શ્રીકૃષ્ણને વિષે સદાય અમે રહીએ છીએ, તેમ તું અમને જાણજે, તેમાં સંશય નથી."

તેમ શ્રીજીમહારાજે કહ્યું, ત્યારે તો તે જેમ મોટો અગ્નિ બળતો હોય ને તે મધ્યે ઘણીક ઘીની ધારા કર્યાથી વૃદ્ધિ પામે, તેમ તે સમે શ્રીજીમહારાજે તે દીવાનને મર્મ વચને કરીને ખિજાવ્યો. તે મહા ક્રોધાયમાન થઈને શ્રીજીમહારાજની બ્રાંછના(ભર્ત્સના - નિંદા; તિરસ્કાર) કરીને એમ બોલ્યો જે, "હે સુંદરજી ને હીરજી ! તમારા ઘર ઉપર હલ્લાં કરીને તારું ઘર ને વિત્ત લૂંટાઈ જાશે, જો તું સ્વામિનારાયણને નહિ કાઢે તો !"

ત્યારે શ્રીજીમહારાજ તેના પ્રત્યે એમ બોલ્યા જે, “તારો પાજીનો શો ભાર છે જે તું અમને કાઢી મૂકીશ ? અને અમે તો કોઈના કાઢ્યા નીકળીએ નહીં ને કોઈના રાખ્યા રહીએ નહીં, એવા અમે છીએ. ને અમારા કાઢ્યા તો સર્વે ભૂતપ્રાણીમાત્ર જાય છે ને અમારા રાખ્યા સર્વે પ્રાણીમાત્ર રહે છે; અમે તો એવા છીએ, એમ તું જાણજે.” તે સમે શ્રીજીમહારાજે તેને પોતાનું એવું ઐશ્વર્ય દેખાડ્યું, તે સર્વે મહારાજને જોઈને હાર પામીને પોતાના સદન પ્રત્યે જતા રહ્યા.


હવે શ્રીજીમહારાજ સુંદરજી ને હીરજીના સદન પ્રત્યે બિરાજમાન છે. તે સમે હીરજી સુતાર મહારાજ પ્રત્યે એમ બોલ્યા જે, “હે મહારાજ ! તમે અમારે ઘેરથી અન્ય સ્થાનક પ્રત્યે પધારો. કાં(કેમ જે) ? તો તે દીવાન મહા જોરાવર છે. ને વળી આ ગામનો રાજા, તેને પોતે બંધ(નજરકેદ) કરીને તે દીવાન જ રાજધાનીને પોતે ભોગવે છે. તેવો દીવાન આ સમે છે. તે તમારા સારુ મારું ઘર લૂંટાઈ જશે, તેથી તમે પાંચ દિવસ કેડે ફરીને પધારજો !”

ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, “હે હીરજી ! તારું ઘર ને વિત્ત લૂંટાઈ જાશે તે મધ્યે અમારું શું જાશે ? અમે તો તારા ઘેરે સદાય રહેશું ને અમારી મરજી પ્રમાણે જાશું ને રેશું.” ત્યારે તેના ભાઈ સુંદરજીએ એમ કહ્યું જે, “હે મહારાજ ! મૂરખ હીરજી તમારો પ્રતાપ નથી જાણતો, ને તેને કહ્યે શું થાવાનું છે ? ને હે સમર્થ ! હે સર્વનિધિ ! હે સર્વ બ્રહ્માદિકના સ્વામી ! તમે મારા ઘરને વિષે સુખેથી બિરાજો. ને તમો રહેતાં મારું ઘર તથા વિત્ત આદિ સર્વે જે પદાર્થ લૂંટી લેશે તો તે તમ ઉપર કુરબાન છે.”

ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “તમારું સર્વે લૂંટાઈ જાશે ત્યારે તમે શું ખાશો ?” ત્યારે તેણે એમ કહ્યું જે, “હે મહારાજ ! અમે

સાધુ થઈને ભિક્ષા માગી ખાશું. અને સ્ત્રીઓ છે તે માથાં મુંડાવીને પ્રભુને ભજશે. તેમાં તે શું ! પણ તમ જેવા મહેમાન અમને ક્યાંથી મળશે !" એમ તે હરિજન શિરોમણિ સુંદરજીભાઈની દૃઢતાને જોઈને શ્રીજીમહારાજ તેની ઉપર ઘણા રાજી થયા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'ભુજમાં દીવાનનો વિરોધ છતાં નિષ્ઠાવાન સુંદરજી સુતારે શ્રીહરિને ઘેરે રાખ્યા' એ નામે છત્રીશમું પ્રકરણ ॥૩૬॥



પ્રકરણ - ૩૭

શ્રીહરિ પર જગજીવન હલ્લા લાવ્યો ને ગંગારામે શ્રીહરિનો પક્ષ રાખ્યો

પછી દીવાન જગજીવન મહા ક્રોધ કરીને ઘણાક યવન જે આરબ આદિકની હલા લઈને સુંદરજીના ઘેરે આવતો હતો. ત્યારે ભેડાઉ ઢોલ(મુશ્કેલી વખતે વગાડાતો બુંગિયો ઢોલ), ત્રાંસાં, દુંદુભિ, રણશિંગી ને શરણાઈઓના સિંધુડા થવા લાગ્યા. અને શ્રીજીમહારાજ આગળ સર્વે લોક એમ બોલ્યા જે, "હે મહારાજ ! તમ ઉપર જગજીવન દીવાન તે ઘણી આસુરી સેનાને લઈને લડવા આવે છે." તે સમે નિઃશંક થકા બિરાજતા શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "તેનો શો ભાર છે ? જે કોઈ ઈશ્વર છે, તેના હુકમ વિના તો સૂકું પાંદડું પણ હાલતું નથી. તે અમને શું કરનારો છે ?" તેમ વાત કરતાં શ્રીજીમહારાજ નિર્ભય થકા બેઠા હતા, તે કેમ ? તો ઘણાક મેંગળના(હાથીના) યૂથને જોઈને પણ, સિંહ જેમ નિઃશંક બેઠો હોય, તેમ નરસિંહ એવા જે મહારાજ તે સમે નિઃશંક થકા બેઠા હતા.

હવે એટલાકમાં તે ગામ મધ્યે ગંગારામ તથા વાલજી આદિક ઘણા મલ્લ મહા જોરાણ ને સર્વે યુદ્ધની રીતિને જાણનારામાં અતિ શ્રેષ્ઠ ને વળી શ્રીજીમહારાજના પરમ હરિજન હતા. તેમને કોઈ કુસંગી લોકે એમ કહ્યું જે, 'અરે મલ્લો ! તમારા સ્વામિનારાયણ ઉપર હલ્લા કરીને દીવાન ચાલ્યો છે, ને તમે શું બેઠા છો ?'

તેમ સાંભળતાં વેંત તત્કાળે પોતાના યુદ્ધ સમયનો વેષ જે તંગિયા, ટોપીઓ ને બખ્તર પહેરીને, ને ઝલમું, લોહના પંજા ને લોહપંજરાદિક પોતાના દેહની રક્ષા કરવાના ઉપયોગી સાધન લઈને અને આગલ્યા શત્રુના ઘાવને(પ્રહારને) બચાવીને પોતાની જીતને કરવી, એ માટે જે દાવ, પેચ ને કુસ્તી આદિક યુદ્ધવિદ્યાના ભણેલા એવા જે મલ્લાદિક હરિજન તે ચાલ્યા.

તેઓ ઘણાંક શસ્ત્રો જે ઢાલ, તરવારો, લોહના મુદ્‌ગલ, ગદા, બરછી, તોમર, ફરસીઓ, બાણ, કબાનું, લોહાંગીઓ, બુખમાર બંધૂક, પિસ્તોલો, ઝંઝાળું(જૂના વખતની મોટી બંદૂકો) ને કોકબાણાદિક સંધેસાનામાર ને લોહની ગાતરીઓ તે શું ? તો આગળ આવે જે શત્રુની સેના તેના ઘાવ છૂટે કરીને તેના પગના નળાને ભાંગી નાખીને હાર પમાડવા; એ આદિક ઘણાક શસ્ત્રને ધારીને પોતાના ભયાનક જે મલ્લાદિકના 'ધૂ..ધૂ..' ને 'મારો..મારો..' એવા ભયાનક શબ્દને કરતા હતા અને કેટલાક મલ્લ તો સિંધુરાગ ને મારુરાગને ગાતા હતા. તે રાગ શૂરવીરના મનને શોભાડે છે ને કાયરના મનને કાયરતાને ઉપજાવે તેવા છે.

તેમ કરતાં તે સખા શ્રીજીમહારાજ સામા ચાલ્યા જાય છે. તે બબે હાથ પૃથ્વીને કૂદતા જાય છે. તેમ કરતાં જે ઠેકાણે શ્રીજીમહારાજ સુતાર સુંદરજીના સદન પ્રત્યે બિરાજમાન છે, તે સ્થળને પાસે સર્વે

મલ્લાદિક આવ્યા. પછી ત્યાં શ્રીજીમહારાજ સામા ઊભા રહીને પૃથ્વીને વિષેથી ધૂરી(ધૂળ) ચાટીને પોતાના મલ્લાદિકના તાલને વગાડીને દંડવત્પ્રણામ કર્યા.

અને સર્વે મલ્લને ભયાનક જોઈને તેની ઉપર શ્રીજીમહારાજ ઘણા રાજી થયા અને મનુષ્યની ચેષ્ટાએ કરીને એમ બોલ્યા જે, "અરે હે સર્વે મલ્લો ! આ સમે તમે અમારી સહાયતા કરવા આવ્યા તે શું ? તો, આ જે દીવાન તે ઘણાક મ્લેચ્છને લઈને આવે છે. તે આ સમે તમે સર્વે તમારાં ઘરબાર, સ્ત્રી ને ધનાદિકના સુખનો ત્યાગ કરીને અમારા હિતને લીધે અમારે આડા મરવા સારુ આવ્યા છો. તે હું તમારી આ લોક ને પરલોકને વિષે રક્ષા નિશ્ચે જ કરીશ."

તે સમે શ્રીજીમહારાજ પોતાના સેવકજનની પ્રીતિની પરીક્ષા કરવા લાગ્યા. અને પોતે તો કાળના પણ કાળ છે ને બળની સીમા, બુદ્ધિની સીમા તથા તપ ને તેજ ને સર્વ લોકને જીતી લેવાપણું તેની પણ સીમા છે, એવા જે શ્રીજીમહારાજ, તે મલ્લો પ્રત્યે બોલ્યા, "કહો, આપણે કેમ કરવું ?"

ત્યારે સર્વે મલ્લ મહારાજ પ્રત્યે એમ બોલ્યા જે, "હે મહારાજ ! તે દીવાનની હલ્લા આવ્યા મોરથી તમે આ સુંદરજીના ઘરનો ત્યાગ કરીને અમારા સદને આવીને બિરાજમાન થાઓ. પછી કોનો ભાર છે ? ને તમારે પ્રતાપે કરીને અમારો કોણ પરાભવ કરવાને સમર્થ છે ? અને આ પુરનો અધિપતિ ને તેનો દીવાન તે અમને શું કરનારો છે ? જો અમારા ઘર પ્રત્યે તેની હલ્લા આવશે તો અમારા બળે કરીને તેને મારીને અમે તમારા સારુ તમ આગળ મરી મટીશું. ને કાં તો અમે એને જીતશું ને કાં તો અમને એ જીતશે. અને હે પ્રભો ! અમે તો તમારે આગળ ધૂળ ચાટીને(બહુ વિનંતિ-આજીજી કરીને) તમ આગે વાત કહીએ છીએ જે,

અમે એક-એક મલ્લ તમારે પ્રતાપે કરીને તેના વીશ-વીશ માણસને મારીને અમારા શરીરનો બચાવ કરીએ, તેવી જે અમારી મલ્લની વિદ્યા તેને વિષે અમે કુશળ છીએ. ને વળી અમારે માથે તમ સરખા ધણી છે. તેથી અમને એમ જણાય છે જે, અમે તેને જરૂર જીતી લઈશું. તેમ અમારા મનમાં આનંદ વર્તે છે."

ત્યારે શ્રીજીમહારાજ મલ્લ પ્રત્યે એમ બોલ્યા જે, "અરે સર્વે મલ્લો ! અમારે પગે ગૂમડું થયું છે, તે અમે ચાલી શકીએ તેમ નથી, તો અમારે શી રીતે તમારા ઘર પ્રત્યે પહોંચવું ?" એટલાકમાં તે દીવાનનો સારથી જે હરિભક્ત હતો, તે રથ જોડીને આવ્યો ને શ્રીજીમહારાજને નમસ્કાર કરીને રથ મધ્યે બેસાડ્યા. અને ઘણા મલ્લાદિકે વીંટાણા થકા ગંગારામની મેડીએ બિરાજમાન થયા. પછી સર્વે મલ્લનો સમૂહ મહારાજ આડા શેરીનો મારગ રોકીને શત્રુની સેના આવે તે મોરેથી તે સામા તૈયાર થઈને ઊભા રહ્યા.

તે સમે દીવાનની હલ્લા બજાર મધ્યે ચાલી આવે છે ને ઘણાંક ઝુંઝારું વાજાં વાગે છે ને ઘણાક આરબો તેના ભયાનક શબ્દને કરતાં થકાં ચાલ્યા આવે છે. એટલાકમાં સર્વે મલ્લોમાં મોટેરા એવા જે ગંગારામ જેઠી તેણે શ્રીજીમહારાજ પ્રત્યે એમ પૂછ્યું જે, "હે મહારાજ ! અમારી સામું અમારા શત્રુની સેના ગાજતેવાજતે આવે છે, અમે તે સામા આગળ ચાલીને લડાઈ લઈએ કે આ સ્થળને વિષે આવે ત્યારે તે સાથે લડીએ ? હે સમર્થ ! જેમ તમારી આજ્ઞા હોય તેમ જ અમે કરીએ."

ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "તમે તમારી શેરી ને તમારા સર્વે ઘરની જે ડેલી તેને દરવાજે સુખેથી ઊભા રહો; તેમાં તમારો ન્યાય છે. તે સારુ તમારા સ્થાનકે જ રહો ને ત્યાં ઊભા થકા

તમે શોભા, બળ ને ન્યાય પામશો ખરા." તેમ તેને શ્રીજીમહારાજે કહ્યું અને તેમ જ તેમણે કર્યું.

❁ રાજાએ શ્રીહરિ પર હલ્લા કરનાર દીવાન સામે જમાદાર મોકલ્યો

હવે તે ગામના રાજાને દીવાન આદિએ બંદીવાન(નજરકેદ) કર્યા હતા. ને તે રાજા પાસે કોઈ મનુષ્યને જાવાની રજા આપતો નહીં, પણ મહારાજના હરિજન ને પંડિત વિપ્ર પ્રાગજીને તે રાજા પાસે કથા વાંચ્યાનો હુકમ હતો. તેઓ તે સમે રાજા પાસે જઈને એમ બોલ્યા જે, "હે મહારાજા ! આ સમે નિર્દોષ એવા જે શ્રીજીમહારાજ ઉપર તમારો દીવાન હલ્લા કરીને જાય છે. ને મહારાજને આડા તો ઘણા મલ્લાદિક ઘણાંક શસ્ત્ર ધરીને ઊભા છે. તેથી કેટલાક મનુષ્યનો કચ્ચરઘાણ ઊડી જાશે. તેથી તમે કોઈ પાસે નિવારણ કરાવો તો ઠીક."

ત્યારે તે રાજાને શ્રીજીમહારાજ ઉપર હેત હતું, પણ પોતાનું તે સમે તે નગર મધ્યે કાંઈ ઊપજતું નોતું, પણ ત્યાં બેઠા થકા તેણે પ્રાગજી ભટ્ટને એમ કહ્યું જે, "તું જા, મારો જમાદાર જે ફતેમહંમદ છે, તે પ્રત્યે તું મારું નામ લઈને એમ કહેજે જે, 'સ્વામિનારાયણ ઉપર દીવાન હલ્લા લઈને જાય છે, તેને તું વારજે. ને તે મહારાજ તો ઓલિયા ફકીર હે ને બડા મુરશિદ હે ને હિંદુ લોકકે તો આપ(તે સ્વામિનારાયણ ભગવાન પોતે) કનૈયા હે,' એમ તું જમાદારને કહેજે."

તે સમે પ્રાગજી વિપ્રે શીઘ્ર તે જમાદાર પ્રત્યે જઈને તે નરેશનો સંદેશો કહ્યો. તેથી તે જમાદાર પોતાના ઘણા મનુષ્ય લઈને આવ્યો અને તે રાજા પોતાની મેડીએ નજરકેદ હતા, તે પ્રત્યે સલામ દઈને એમ બોલ્યો જે, "આપકા ક્યા હુકમ હે ?" ત્યારે તે નૃપતિ એમ બોલ્યા જે, "સર્વે પ્રકારે સ્વામિનારાયણની ચાકરી કરવી."

તે સમે શ્રીજીમહારાજ પોતાની યોગમાયારૂપી ઐશ્વર્યે કરીને તથા પોતાના જનની પ્રીતિની પરીક્ષાને કરીને તે નરેશ તથા તેના જમાદાર દ્વારાએ સર્વે મલ્લોને નિર્વિઘ્ન રાખીને તે શત્રુને હાર પમાડશે તે લખીએ છીએ.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'શ્રીહરિ પર જગજીવન હલ્લા લાવ્યો ને ગંગારામે શ્રીહરિનો પક્ષ રાખ્યો' એ નામે સાડત્રીસમું પ્રકરણ ॥૩૭॥





ભૂજમાં ફતેમહંમદ જમાદાર શ્રીહરિના દર્શને આવે છે.

પ્રકરણ - ૩૮

દીવાનનો પરાભવ કરનાર જમાદાર પર શ્રીહરિનો રાજીપો

રાજાએ મોકલેલો જમાદાર ઘણા માણસે વીંટાણો થકો તે દીવાન તથા તેના માણસ પ્રત્યે જઈને ખીજીને એમ બોલ્યો જે, "તુમ કેના હુકમથી સ્વામિનારાયણ સામે લડવા જાય છે ?" અને તેના માણસ પ્રત્યે એમ બોલ્યો જે, "તમે દીવાનકે નોકર હો કે રાજાકે નોકર હો ?" ત્યારે તે કહે જે, "રાજાના નોકર હે." ત્યારે તેણે એમ કહ્યું જે, "તુમ રાજાકે નોકર હો, તો સ્વામિનારાયણ તો ઓલિયા ફકીર હે, મુરશિદ હે ને હિંદુ લોકકા તો કનૈયાલાલ જેસા હે. ઈસ વાસ્તે રાજાકા હુકમ એસા હે જે, 'સ્વામિનારાયણકુ સલામ કરકે ઈનકી દુવા લેકે પીછે ફીરો.' એસા રાજાકા હુકમ હે. અને જો તે દીવાનકું બલ હોય તો આપે લડે, તો સર્વે મલ્લ મહારાજકે સેવક હે, સો તિનકું મારેંગે, (ઈસમેં) હમકો ક્યા ?" તે સમે ઈશ્વર-ઈચ્છાથી તે એમ બોલ્યો. ત્યારે તે દીવાન દુર્મુખ લઈને(વીલું મોં કરીને) ગયો.

અને ફતેહમહમદે તેમ કહીને પછી ગંગારામને બોલાવીને એમ કહ્યું જે, "અમારે મહારાજકા દેદારકું(દર્શન માટે) આવના હે, સો તુમ મહારાજકી રજા લાઓ." ત્યારે ગંગારામે શ્રીજીમહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! જમાદાર આદિક સર્વે રાજપુરુષ તમારા દર્શને આવે ?" ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "સુખેથી આવે." ત્યારે તેઓ આવ્યા. તે સમે શ્રીમહારાજની મૂર્તિનું ચિંતવન શાસ્ત્રી લક્ષ્મીરામ સંત ને હરિજનની કૃપાથી લખું છું.

તે સમે શ્રીજીમહારાજે એક શ્વેત ગૂડકી(સૂંથણી; ચોરણી) પહેરી હતી ને મસ્તકે એક કચ્છી પીળી ટોપી પહેરી હતી, ને પોતાને ખભે એક જરિયાની નગરનો ગૂઢો રેંટો ઓઢ્યો હતો, તેમ બેઠા હતા, પણ તે સમે સર્વે જવનોને તો તેજોમય ને તેના પેગંબરરૂપે દેખાયા. ને ઘણા

તેજનો પૂંજ જોયો. તેમ તે સમયે શ્રીજીમહારાજે પોતાની યોગમાયાનું ઐશ્વર્ય જણાવ્યું. તેણે કરીને તે સર્વેએ એમ જાણ્યું જે, 'આ તો અતિ મોટા પુરુષ છે !'

અને તે (ફતેમહમદ) એમ બોલ્યો જે, "આપ તો બડે મુરશિદ હો ! આપ તો કનૈયાલાલ હો ! સો હમ તો તુમકું તેજકે નૂરલ્લા દેખતે હે, સો રૂપ છુપાયકે જૈસે પહેલે દેખાતે થે તેસે ઈ દેખાઓ તો, બાતચીત કરેંગે." ત્યારે શ્રીજીમહારાજે પોતાનું ઐશ્વર્ય સમાવીને મનુષ્યાકૃતિને દેખાડી. પછી તે સર્વે મહારાજને પગે લાગીને એમ બોલ્યા જે, "હે મહારાજ ! તમારા ઉપર દીવાન ઉપાધિ કરતો હતો, તે સારુ રાજાએ અમને તમારા પાસે મેલીને એમ કહ્યું છે જે, 'સ્વામિનારાયણની ચાકરી કરવી. ને મહારાજને કહેજો જે, અમારા પુરને વિષે સુખેથી રહેજો. તેનો શો ભાર છે ?' ને અમારા રાજાના કહ્યાથી અમે તમારા ચાકર છીએ."

એમ સાંભળીને શ્રીજીમહારાજ તે રાજા ઉપર ને તેમના રાજપુરુષો ઉપર રાજી થયા ને એમ વાત કરી જે, "અમે તો કેવા છીએ ? તો અમારું કોઈ સારું ઇચ્છે તેનું અતિ સારું થાય ને જે અમારું બૂરું ઇચ્છે, તેનું અતિ બૂરું થાય; એવા અમે છીએ. જેવું જે કરે છે, તેવું જ તે પામે છે. ને અમે તો કોઈને કહેતા નથી, પણ સહજે તેમ થાય છે." ત્યારે તે જમાદાર શ્રીજીમહારાજ સામે હાથ જોડીને એમ બોલ્યા જે, "હે મહારાજ ! તે દીવાન બેતરફી(બરતરફ) હોવે ને હમકું સર્વે અધિકાર મળે ઐસી મહેર કરો; આપ ઓલિયા હો."

તે સમે મહારાજ તે ઉપર રાજી થઈને એમ બોલ્યા જે, "તે રાજાએ અમારો પક્ષ રાખ્યો. ને હે જમાદાર ! તમે પણ અમારો પક્ષ ઘણો રાખ્યો છે. તેથી થોડાક દિવસ ગયા પછી, તું મોટા અધિકારને પામીશ ખરો. પણ કોઈ ગરીબ, ભેખ કે બ્રાહ્મણને જો તું પીડા ઉપજાવીશ તો તારું સારું નહિ થાય. અને થોડાક દિવસ ગયા પછી તે દીવાન તારાથી કે

તારા ચાકરોથી અપમૃત્યુને પામશે ખરો. ને એમ થાય તો તું અમને ખરા ઓલિયા ફકીર જાણજે." તેમ તેને શ્રીજીમહારાજે કહ્યું.

પછી તે મહારાજને પગે લાગીને પોતાના ઘણાક સરબંદી લઈને ચાલ્યો. તે પોતાના ઉતારા પ્રત્યે આવીને તે દીવાન પ્રત્યે એમ કહી મેલ્યું જે, "ખબડદાર ! તુમ સ્વામિનારાયણકું કુછ કહેના નહીં, વો તો રાજાકા ને અમારા મેમાન હે." પછી તે સર્વે સરબંદીના જમાદાર હરરોજ શ્રીજીમહારાજ પાસે બેસવા આવતા હતા ને મહારાજ ઉપર ઘણું હેત કરતા હતા. તેમ કરતાં શ્રીજીમહારાજ તે પુરને વિષે કેટલાક દિવસ સુધી રહીને પોતાની ઈચ્છાએ કરીને તે પુરનો ત્યાગ કરી દુર્ગપુરને વિષે ઉત્તમરાજાના મંદિરને વિશે બિરાજ્યા.

❁ શ્રીહરિના દ્રોહી જગજીવનનું અપમૃત્યુ

હવે ભૂજપુરને વિષે મહારાજનો દ્રોહ કરનારો જે જગજીવન નામે દીવાન, તેને જમાદારના માણસે કોઈ ગુના સારુ તે શહેરની બજારમાં અપમૃત્યુએ કરીને મારી નાખ્યો. ત્યારે તે જમાદારને મોટો રાજ્યાધિકાર મહારાજની મહેરથી મળ્યો. એવા જે શ્રીજીમહારાજ, તે તો કલ્પતરુની પેઠે, જેમ ચિંતવે તેમ જ તે જીવને આપે એવા છે; તેમ તેને અધિકાર આપ્યો. માટે આ આખ્યાન જોઈ સર્વે સંતહરિજનને સેવાએ કરી રાજી કરીને સુખને જ માગવું. અને શ્રીજીમહારાજ તે સર્વે સુખના નિધિ છે ને ચિંતામણિથી પણ અધિક છે. ઈતિ શ્રીભુજનગરનું આખ્યાન સમાપ્ત થયું.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'દીવાનનો પરાભવ કરનાર જમાદાર પર શ્રીહરિનો રાજીપો' એ નામે આડત્રીશમું પ્રકરણ ॥૩૮॥



પ્રકરણ - ૩૯

શ્રીજીમહારાજે ગઢપુરમાં મંદિર બનાવી ગોપીનાથજી પધરાવ્યા

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ ગામ શ્રીદુર્ગપુરને વિષે બિરાજમાન હતા. તે સમે પોતાની ઈચ્છાએ કરીને સર્વે મોટેરા સંતને તથા મોટેરા હરિભક્તને તેડાવીને એમ કહ્યું જે, "આપણે દુર્ગપુરને વિષે શ્રીગોપીનાથજી મહારાજનું મંદિર કરાવવું; એવો અમારો સંકલ્પ છે." ત્યારે મુનીન્દ્ર એવા જે મુક્તાનંદસ્વામી આદિ સર્વે સંતજન અને ઉત્તમ રાજા આદિક સર્વે હરિજન, તે એમ બોલ્યા જે, "હે મહારાજ! સત્ય સંકલ્પવાળા એવા તમે જેમ ધાર્યું હશે તે સત્ય થાશે." એમ સર્વે જન બોલ્યા.

❁ ગઢપુરમાં મંદિરનું ખાતમુહૂર્ત કર્યું

ત્યારે શ્રીજીમહારાજ રાજી થઈને એમ બોલ્યા જે, "આ મંદિર તો અમારે જ કરાવવું છે ને સર્વોપરી કરાવવું છે, તેમ અમારી ઈચ્છા છે." તેમ કહીને ઘણાક જ્યોતિષ શાસ્ત્રના ભણેલા વિપ્રોને તેડાવ્યા. પછી સર્વે નિર્ણયના ભણેલા જ્યોતિષી જાની શિવરામ અગ્નિહોત્રી, ભટ્ટ શિવરામ, ભટ્ટ મયારામ, ભટ્ટ રામચંદ્ર ને ભટ્ટ લાધા આદિક ઘણાક જ્યોતિષ શાસ્ત્રના ભણેલા વિપ્રો આવ્યા. શ્રીજીમહારાજે તે સર્વે વિપ્રને સન્માનિત કર્યા ને પછી તે પ્રત્યે એમ કહ્યું જે, "હે વિપ્રો ! શ્રીગોપીનાથજીનું મંદિર અમારે કરવું છે, તેનું શુભ મુહૂર્ત કહો."

ત્યારે તે સર્વે જ્યોતિષીઓ મળીને પાટી(પાટલો) મંગાવીને તે ઉપર કુંકુમની ઝીકાલી નાંખીને(કુંડળી માટે ઊભી આડી લીટીઓ કરીને) એમ બોલ્યા જે, "હે મહારાજ ! તમારી શી રાશી કહેવી ?" ત્યારે મહારાજે કહ્યું જે, "અમારું નામ નારાયણ છે, તેથી વૃશ્ચિક રાશી જોવી." પછી દિવસનાં પારિયાં ભરીને તે પાટી ઉપર અંક મેલીને

મુરત મારતંડાદિક જ્યોતિષના ગ્રંથે કરીને નિર્ણય કરીને બોલ્યા જે, "હે મહારાજ ! કાલે જ શુભ મુહૂર્ત, શુભ વાર, શુભ તિથિ, શુભ નક્ષત્ર, શુભ યોગ, શુભ ચંદ્ર, શુભ ચોઘડિયાં, શુભ જ્યેષ્ઠ માસ ને શુક્લ પક્ષ સંવત્ ૧૮૮૧ ના એકાદશી ને ચંદ્રવાર છે. તે દિવસે ચડતે પહોરે દસ ઘડી દિન ચડતે ખાતમુહૂર્ત આવે છે."

પછી પ્રતિદિને શ્રીજીમહારાજ વહેલા ઊઠીને સ્નાનવિધિ ને નિત્યવિધિ કરીને ઘણા ઉત્સાહથી સર્વે ખાતપૂજાની(ખાતમુહૂર્ત માટે પૂજાની) સામગ્રીને ભેગી કરાવતા હવા. તે સમે શ્રીજીમહારાજની મૂર્તિ શોભા ને ઘણા રાજીપાથી યુક્ત હતી. તે સમાની શોભાને શાસ્ત્રી લક્ષ્મીરામ તે સંત ને હરિજનની કૃપાથી કહું છું.

તે સમે શ્રીજીમહારાજે ભારે કિનખાબનો નીલો સુરવાલ પહેર્યો હતો. નીલી છાટમનું અંગરખું પહેર્યું હતું. મસ્તકે નીલા રંગનો ભારે જરિયાની રેંટો બાંધ્યો હતો. ને કટી ઉપર નીલું શેલું ચોગઠ પાડીને બાંધ્યું હતું. એક નીલું શેલું ખભે નાંખ્યું હતું ને ઘણા હેમના અલંકાર પહેર્યા હતા. તે શું ? તો કરને વિષે કનકનાં કડાં, પોંચી, બાજુબંધ, વેઢ, વીંટીઓ તથા ઉરને વિષે ઊતરી, દોરા, સત્ય મોતીના હાર ને તોરાને શોભાડતા થકા ને ઘણાક સંત-હરિજનના મંડળે વીંટાણા થકા શ્રીગોપીનાથજી મહારાજના મંદિરનું ખાતમુહૂર્ત જ્યાં કરવાનું હતું, તે સ્થળને વિષે જ્યાં સંતસભા, બ્રહ્મસભા(બ્રાહ્મણો-બ્રહ્મચારીઓની સભા) ને હરિજનની સભા બેઠી હતી ત્યાં મહારાજ આવ્યા.

અને શ્રીજીમહારાજે જ્યોતિષી વિપ્રને તેમ કહ્યું જે, "કેમ, મુહૂર્તનો સમો થયો ?" ત્યારે (તેમણે હા કહી એટલે) મુકુંદ બ્રહ્મચારીએ સર્વે પૂજાની સામગ્રીનો થાળ લાવીને મહારાજની આગળ ધર્યો.

પછી શ્રીજીમહારાજે સહિત સર્વે ખાતમુહૂર્તના સ્થાન પ્રતિ ચાલ્યા, તેમાં મોર વિપ્ર મંગળ વેદના મંત્ર ભણતા થકા ચાલ્યા, તે જ્યાં પ્રથમથી

પાયો પાણીછટ(પાણી આવે ત્યાં સુધી) ખોદ્યો છે, ત્યાં આવીને તે મધ્યે નિસરણીઓ માંડીને શ્રીજીમહારાજે સહિત વિપ્ર તે મધ્યે પધાર્યા. પછી તે સ્થળને વિષે બેસીને નૈઋત્ય ખૂણાને વિષે કિંચિત્ ઉફરી(ઊંચી) ભોમ્ય રાખી હતી, તે ઠેકાણે કડિયા હરિભક્ત ઝવેર, ઉકા ને રતના આદિક મંદિરના ચણનારાને પાસે રાખ્યા.

અને તે પ્રત્યે ઘણાક જ્યોતિષના ભણેલ દ્વિજે કહ્યું જે, "એક ગજ(બે ફૂટ જેટલી) ચોરસ પૃથ્વી ભરો, તેમજ એક ગજ ઊંડી ખોદો. અને તે સર્વે ધૂળ તાંબાના પાત્ર મધ્યે ભરો. પછી તેમ ભરાવી ને પછી ઘણા મંત્રને ભણીને શ્રીજીમહારાજને રેશમના ચાકળા ઉપર ઉત્તરાદે મુખે બેસાડીને ભાલને વિષે કેશર ને કુંકુમે કરીને અર્ચા કરી. અને સુંદર અક્ષત ભાલને વિષે ચોડ્યા અને મલ્લિકાદિક ને થલકમળના હાર-તોરા આરોપિત કર્યા. તે સમે શ્રીજીમહારાજની મૂર્તિની શોભા 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવી હતી.

તેમ સર્વે વિપ્રે મંત્ર ભણીને તે કડિયાના ગજ ને તેના આયુધની (પાવડો, તીકમ, ચુનાવડું વગેરે સાધનોની) ચંદન-પુષ્પથી પૂજા કરી. પછી વિપ્રે એમ કહ્યું જે, "હે મહારાજ! પ્રથમ પંચધાતુ,(સોનું, રૂપું, તાંબું, સીસું અને લોઢું) પંચરત્ન(નીલમ,હીરો, માણેક, મોતી અને પ્રવાલ) આદિક ખાત મધ્યે જોઈએ." તે શું ? તો હેમ, રૂપું આદિક ને સત્ય મોતી આદિક તેને આપ્યાં. તેમજ કંકુ, અક્ષત, પુંગીફળ ને પુષ્પાદિક ઉપચારે તે સમે ખાતની પૂજા કરી.

પછી પ્રથમ જે ધૂળ ખોદીને પાત્ર મધ્યે ભરાવી હતી, તે લઈને તે ખાતનો અવકાશ પૂરતાં ધૂળ વૃદ્ધિને પામી સવાઈ થઈ. તેમ જોઈને તે જ્યોતિષી વિપ્રે એમ કહ્યું જે, "હે મહારાજ ! તમે તો સર્વે વિદ્યાદિકના સ્વામી છો ને સમર્થ છો. ને જેમ તમે ધાર્યું હશે તેમ જ થાશે, પણ અમારા જોયામાં એમ આવ્યું જે, **'આ શ્રીગોપીનાથજી મહારાજનું મંદિર**

સર્વોપરી થાશે ને સર્વે મંદિરથી સવાયું થાશે. અને તે મંદિર સોને અને રૂપે કરીને જડાવ(જડેલું) થાશે.' એમ જ્યોતિષ શાસ્ત્ર કહે છે. અને હે સર્વનિધિ ! હે ચિંતામણિ રૂપ છે મૂર્તિ એવા જે તમે ! તે તમ પ્રત્યે અમે તો આમ કહી દેખાડ્યું છે."

श्रीजीमहाराजेसर्वेबायूंनेसर्वेभायूंप्रत्येएम
बोलताहवाजेआसर्वेवीप्रभणेलाएमकेछेजेआमंदीर
सरवोपरीथासेनेसर्वेमंदीरथीसवायाथासेनेवलीहेमनेर
जतेजडीत्रथासेनेसर्वेजीवप्राणीमात्रनामननेताणसेएमघना
कऐश्वर्यमयथासेनेसर्वेजननेसूषनेहरषनेउपजावसे
नेसर्वेसोभानेसोभाउसेतेवीआमुर्तिथासेनेसर्वेलोकनेमा
नवायोग्यथासेनेतेमसर्वेलोकनाकष्टनेहरसे

(પછી) શ્રીજીમહારાજ સર્વે બાયું ને સર્વે ભાયું પ્રત્યે એમ બોલતા હવા જે, **"આ સર્વે ભણેલા વિપ્ર એમ કહે છે જે, 'આ મંદિર સર્વોપરી થાશે ને સર્વે મંદિરથી સવાયા થાશે. ને વળી હેમ ને રજતે જડિત થાશે ને સર્વે જીવપ્રાણીમાત્રના મનને તાણશે.' એમ ઘણાક ઐશ્વર્યમય થાશે ને સર્વે જનને સુખ ને હરખ ઉપજાવશે. ને સર્વે શોભાને શોભાડશે તેવી આ (ગોપીનાથજીની) મૂર્તિ થાશે. ને સર્વે લોકને માનવા યોગ્ય થાશે ને તેમ સર્વે લોકના કષ્ટને હરશે."**

એ આદિક ઘણી વાતો શ્રીજીમહારાજે કરી હતી. તે મધ્યેથી કિંચિત્ શાસ્ત્રી લક્ષ્મીરામ સંત-હરિજનની કૃપાથી લખું છું. પછી તે સમે શ્રીજીમહારાજે ઘણા વિપ્રોને તે સમે દક્ષિણા ને ગૌદાન આદિક આપ્યાં. પછી પોતે જમવા પધાર્યા. જમીને તે દિવસે ઘણા વિપ્રો અને ઘણા સંતોને મિષ્ટ અન્ન જમાડ્યાં. તેમ તે મહોત્સવ કરાવ્યો. તે સમે દુર્ગપુરીનાં સર્વે લોકોને ધુમાડો બંધ કરાવીને જમાડ્યાં.

❈ મંદિરની સેવાનો મહિમા અને ગઢડા મંદિર નિર્માણનો પ્રારંભ

પછી શ્રીજીમહારાજ સર્વે સંત ને સર્વે હરિજન બાઈ-ભાઈ પ્રત્યે તે સમે એમ બોલ્યા જે, **"આપણે શ્રીગોપીનાથજી મહારાજનું મંદિર કરવું છે, તેમાં સર્વે ઉછરંગ રાખીને સેવા કરો. તેથી તમારું આ લોક અને પરલોકને વિષે નિશ્ચય સારું થાશે."** તેમ કહીને તે સમે એક પુરાતન ઈતિહાસની વાત કહેવા લાગ્યા જે, "એક વાણિયો અતિ વિષયી હતો. તે વેશ્યાને લઈને વનને વિશે એક વિષ્ણુનું મંદિર અથવા મૃડનું મંદિર હશે ત્યાં ગયો. તે મંદિર અતિ જીર્ણ થવાથી મૂર્તિ ઉપર પાણી ચૂતું હતું. તે એકાંત સ્થળને વિશે જઈને એ વિષયી વાણિયે ને વેશ્યાએ મીઠાઈ ખાધી અને પાનબીડીમાં ચૂનો નાંખતાં જે વધ્યો, તે જે ઠેકાણે ચૂતું હતું ત્યાં લૂછ્યો, તેથી ચૂવો બંધ થયો.

પછી તે વાણિયાને મહા જોરાવર એવો જે કાળ તેણે મૃત્યુને પમાડ્યો. ને તેને જમદૂતે સંયમિનીપુરીમાં જમરાજ પ્રત્યે પમાડ્યો. પછી તે ધર્મરાજા બોલ્યા જે, "આ જીવે અરણ્ય મધ્યે મંદિર હતું. તે વિષ્ણુ તથા શિવના મંદિરને ચૂનાની ગાર અજાણે કરી છે, તેથી તે ચક્રવર્તી રાજા થાઓ." પછી તે સમે શ્રીજીમહારાજ સર્વે જન પ્રત્યે બોલ્યા જે, "તમે ભગવાનના ભક્ત છો, નિર્વિષયી છો, ભગવાનના માહાત્મ્ય ને જ્ઞાનના જાણતલ છો; ને વળી મારે વચને કરીને સેવાએ કરીને મને રાજી કરશો, તેથી તમને હું મારા ધામને વિષે નિશ્ચે જ પમાડીશ ને તમે મોટા સુખને પામશો."

તેમ કહીને એમ આજ્ઞા કરી જે, "ઉન્મત્તગંગા મધ્યેથી અસ્મ(પથ્થર) લાવીને હાલ પાયો પૂરવા માંડો." તે સમે સર્વે સંત ને હરિજન મોટાં રેક(વાડ વિનાના લાંબા રેકડાં જેવા ગાડાં) લાંબા વળનાં ને જબ્બર તેની ઊંધુ ને જબ્બર પૈડાં જેનાં, તેમ તેને મોટા

દોરડે બાંધીને ઘણા જન તે ઉપર મોટા પથરા ચડાવીને તાણતા હવા. તેના હલકારાના શબ્દે કરીને દુર્ગપુરના સર્વે લોક તે મોટા આશ્ચર્યને જોતાં હવાં. તેમ મોટા મોટા પાણા તે પાયાની કોર ઉપર લાવીને બંધ છોડીને સાંગડીએ કરીને પાયામા નાંખે. તેના ધુબાકાના શબ્દ તે તો મેઘના કડાકા જેવા થતા હતા.

અને તે સ્થળને વિશે શ્રીજીમહારાજ બિરાજતા હતા. તે સમે પાયાની માંયલી કોરે કડિયા ઊભા રહે છે તે, સાંગડીએ કરીને મોટા પથ્થરોને ગોઠવીને તે મધ્યે નાના પાણાને ઢીલો ગારો તેણે કરીને બરોબર આલેપન કરતા હતા. તેમજ સર્વે બાઈઓ પોતાના માથે પથ્થર લઈને તે પાયા મધ્યે નાંખીને શ્રીજીમહારાજને રાજી કરતાં હતાં. તે પાયા ઘણાક ઊંડા પાણીછટ ખોદ્યા હતા. તેમાં ઘણાક સંત નિષ્કપટથી મહેનત કરતા હતા. તે મહેનત જોઈને પુરુષોત્તમ એવા જે શ્રીજીમહારાજ તે સમે તે ઉપર અતિ અતિ રાજી થતા હતા.

વળી કોઈ સમે તો મહારાજ ઉન્મત્તગંગાને મધ્યે બેસીને મોટા મોટા પથ્થર જે હસ્તીને અનુમાને તથા મોટા પાડાને અનુમાને તેથી અધિક ને તેથી ન્યૂન તેવા અસ્મને ઘણાક જન પાસે પડકારીને તે ગાડા-રેકડા ઉપર ચડાવતા હતા. પછી તેને મોટાં વરેડાં(દોરડાં) ને તે મધ્યે ઘણાંક મોટાં ધોંસરાં બાંધીને ઘણાક સંત-હરિજન તે સમે ધર્મધુરને તાણતા હતા. તેમ શ્રીજીમહારાજને તે સમે રાજી કરતા હતા.

તે સમે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, **“આ સર્વે સંત ને હરિજન તે ઋષિના અંશ છે. તે દેવથી અધિક છે. તે સર્વે જન ભેળા થઈને આ મંદિર કરે છે. ને વળી અમ જેવા કરાવનાર છે, તે ન ભૂતો ન ભવિષ્યતિ. તેણે કરીને આ જે મંદિર તે સર્વોપરી કહેવાશે.** ને કોઈ જીવ એમ કહેશે જે, ‘અહો ! આ કામ તો દેવતાઈ(દેવ સંબંધી) છે !’

તેમ કોઈ કહેશે, પણ આ મંદિરનું માહાત્મ્ય તો ઘણું છે. **કેમ જે, અમ જેવા ને તમ જેવા આ મંદિરના કરાવનારા છે.** તેવા ક્યાંથી હોય !" તેમ શ્રીજીમહારાજે તે સમે વાત કરી.

❁ ગઢપુરમાં જન્માષ્ટમીનો સમૈયો

તેમ પથ્થરનો મોટો પાયો પૂરતાં જન્માષ્ટમીનો સમૈયો આવ્યો. તે સમૈયે ઘણા સંત-હરિજન શ્રીજીમહારાજનાં દર્શને આવ્યા. ને તે સમે ઘણમૂલાં વસ્ત્ર પહેરીને શ્રીજીમહારાજ પોતે ઘણાક ઘોડાની ઘુંમર લઈને ઘેલે જવા નીકળ્યા. આગળ ઘણાં વાજાં વાગતાં જેવાં કે, ત્રાંસાં, ઢોલ, નગારાં, પડઘમ, બાંસુરી, ભેરી, રણશિંગી, ભૂંગળ, કરણાટ(કાન જેવા આકારનું મોટું તતુડું), શરણાઈઓ, રવાજ, કાંસિયાં, ઝલરી(ખંજરી), ઝાંઝ ને મૃદંગાદિક. તે સર્વેના શબ્દે કરીને આનંદ-ઉચ્છવના ઘોષ થતા હતા. અને વળી ધજાઓ-પતાકાઓ લહેરાતી હતી. ને ઘણાક બંધૂકોના ભડાકા થતા હતા. ને શ્રીજીમહારાજ દુર્ગપુરની બજાર સોંસરા ઘણાક જને વીંટાણા થકા ચાલતા હતા. અને સર્વે જનને શોભાડતા થકા આથમણી કોરના દરવાજે સર્વે અશ્વાર ને પ્યાદા સહિત પધાર્યા. અને ખળખળીએ નાહીને ઉગમણી કોરે સંતને આરે પધાર્યા.

તે સ્થળને વિશે આવીને સર્વે પ્રત્યે એમ બોલ્યા જે, "એકેક પાણો સર્વે જન લ્યો, તેથી તમારા ઉપર ભગવાન ઘણાક રાજી થાશે. કેમ જે, ભગવાનનું મંદિર થાય છે, તેની સેવા કરવી તે તો અતિ દુર્લભ છે !" તે સમે સંતજન, હરિજન બાઈઓ ને ભાઈઓ સર્વેએ એકેક પાણો લીધો. તેમજ સર્વે લોકના સ્વામી એવા જે મહારાજ, તેમણે પોતે મુક્તાનંદસ્વામી પાસે સૂક્ષ્મ અસ્મ માગી લઈને પોતાને મસ્તકે ધાર્યો. તેમજ સર્વે અશ્વારે પણ પાણો લીધો. તેમ ગાજતેવાજતે દુર્ગપુરની બજારેથી ચાલ્યા, તે શ્રીગોપીનાથજી મહારાજના સ્થાનને વિશે ઉત્તમરાયના દરબારને વિશે લાવીને નાંખ્યા. તે ઘણા અસ્મે કરીને

તે સ્થળ ભરાઈ ગયું. તેમ શ્રીજીમહારાજે અષ્ટમીનો સમૈયો કર્યો. તે સમૈયો કરીને સર્વે હરિજન પોતપોતાનાં સ્થાન પ્રત્યે ગયા.

પછી શ્રીજીમહારાજે તે મંદિરનું કારખાનું ચાલુ કરાવ્યું. અને ઘણાક પાણા ભેગા કર્યા હતા, તે સર્વે ઓટા મધ્યે પૂરીને પૃથ્વી(ના લેવલથી) ઉપર તત્કાળ લાવ્યા. પછી ધોળા અસ્મ કાઢવા સારુ સંત ને હરિજનને પોતે મોકલ્યા. અને સર્વે સંતે **માંડવધારે** મુકામ કર્યો. પછી ત્યાં પાણાની ખાણે જઈને અતિ દાખડાથી ઘણાક પાણા કાઢ્યા.

અને એક સમે સંત ને હરિજને મહારાજની આજ્ઞાએ કરીને પોતાને માથે કરીને પાણા લાવીને શ્રીજીમહારાજને રાજી કર્યા. તે સમે સર્વે સંત પ્રત્યે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "હે સંત ને હરિજનો ! તમે એમ જાણજો જે, **આ મંદિરને વિશે તમે પાણા લાવીને નાંખ્યા છે, તે તો દિવ્ય થયા તેમ જાણવા. ને અમે તો આ પૃથ્વીને વિશેથી હેમનું મંદિર નિકાળીએ તો નીકળે ખરું; પણ તમારી સેવા ને ભક્તિ સારુ તમ પાસે આ સેવા કરાવીએ છીએ. અને આ મંદિર મધ્યે (રહેનારા) અમે ને તમ જેવા સંત હરિજનોના હાથનાં કરેલાં (મંદિર) તે ક્યાં મળશે ?** એમ તમે જાણજો."

ત્યારે સંત ને હરિજને એમ કહ્યું જે, "હે મહારાજ ! અમારાં મોટાં ભાગ્ય ! જે આ ભરતખંડને વિશે અમારે જન્મ આવ્યો ! અને એથી અધિક શું ? તો અમારે તમારો સમાગમ થયો તે. અને તેથી અધિક શું ? તો તમારી જે આજ્ઞા, તે અનુસારે વર્તવું, તે અમારાં મોટાં ભાગ્ય ! તેમ અમે માનીએ છીએ. અને હે મહારાજ ! જેમ તમે કહેશો, તે પ્રમાણે અમે રાજી થઈને સેવા કરીશું."

એવાં સર્વેનાં વચન સાંભળીને મહારાજ તે સમે સર્વે જનને મળ્યા ને પોતાના ચરણ સ્પર્શ કરાવ્યા ને પોતાની પ્રસાદીનાં ઘણાંક મિષ્ટ અન્ન યથાયોગ્ય જમાડ્યાં. પછી તે સમે સર્વે સંતોને પાણા કાઢવા

વગેરે યથાયોગ્ય કામ સોંપ્યાં, તેથી તેઓ (માંડવધારે?) ગયા ને ઘણા કડિયા તે પણ ત્યાં ગયા. અને પાણા કાઢતાં કોઈક રાજાના અધિકારીએ રોક્યા. તેથી પોતાનો(મહારાજનો) પત્ર લઈને મહારાજનો કિંકર જે વિપ્ર લક્ષ્મીરામ, તેણે તે અધિકારીના નરેશ પાસે જઈને પત્ર આપ્યો. ને મહારાજને પ્રતાપે કરીને તેના હુકમનો પત્ર લાવીને શ્રીજીમહારાજને આપ્યો. પછી મહારાજ તે પત્ર અધિકારી રાજપુરુષને આપીને સુખેથી પાણા કઢાવવા લાગ્યા.

અને રતના આદિક ઘણાક કડિયાને તેડાવીને ઘડાઉ બેલા કરાવ્યા.ને મંદિરનો પરથાર મહારાજે પોતે પાસે બેસીને બંધાવ્યો. ને તેમ કેલબંધ(ચૂનાથી ચણેલ હોય તેવો) ને તે મધ્યે સીસાના પાયૂ સહિત(સીસાનો રસ નાખીને) ચણતા હવા. તેમજ ઘણાક દિવસે મંદિરનો ઓટો પૂરો કર્યો. પછી તે ઉપર ત્રણે શિખરનું કામ તે સર્વે કડિયા પ્રીતિપૂર્વક કરવા લાગ્યા. અને તેમની પાસે શ્રીજીમહારાજ સદાય બિરાજે અને જેમ મહારાજે બતાવ્યું, તેમ **રતનો, ઉકો ને ઝવેરાદિક** જે કડિયા હતા, તે મંદિરને કરવા લાગ્યા.

ને તેમ કરતાં શિખરના કામને ઘૂમટીઓ વાળીને ચલાવ્યું. તેમજ ત્રણેય મંદિરનાં શોભાયમાન બારણાં સુંદર કોતરાવીને મુકાવ્યાં. પછી તેના મોઢા આગે કોળીના(ગભારાની બહારના ભાગમાં રહેલી જાળીવાળો ભાગ) કામને શરૂ કરાવ્યું. તે શિખરો સંપૂર્ણ કરીને તથા કોળી સંપૂર્ણ કરતાં કરી ત્યારે કોઈ મતપંથના જીવ દ્વારા કોઈકે ત્યાંના નૃપતિને એમ કહેરાવ્યું જે, “એ તો કોઠા(કિલ્લા-ગઢમાં તોપો, દારૂગોળો વગેરે રાખવાની જગ્યા) તથા દુર્ગ(કિલ્લો-ગઢ) ચણાવે છે.” તેથી તે સમે રાજાએ ઘણાક રાજપુરુષ જવનોને મોકલ્યા ને કહ્યું, “તે કામને રોકજો.” ને તે કામ રોકનારા જવનો ભેગો રાજાનો સંબંધી ને ક્ષત્રિય એવો જવનોનો જમાદાર મોકલ્યો, તે સર્વે શ્રીજીમહારાજ જે

સ્થળને વિશે બિરાજે છે, તે ઠેકાણે આવ્યા. તે સમે તે સર્વેને દબાવીને મહારાજે એમ કહ્યું જે, "અમે તો ભગવાનનું મંદિર કરાવીએ છીએ, તમે દેખો તો ખરા !"

વળી મહારાજ તે જવનો પ્રત્યે એમ બોલ્યા જે, "તમે તમારા અલ્લાનું કામ જે મસ્જિદ આદિકને પાડો ખરા ?" ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! અલ્લા-તોભાં ઈનકું ક્યું પાડે ?" પછી મહારાજ મંદમંદ હસતા થકા મર્મવચને એમ બોલ્યા જે, "આ તો તમે હિંદુલોક ને વળી ક્ષત્રિય જાતિ થઈને ભગવાનનું આ મંદિર થાય છે, તેને રોકવાને આવ્યા છો. ને તમે રાજાના અધિકારી છો ને વળી ડાહ્યા છો, તે તમોને આમ નો ઘટે. ને તમે તો તે નૃપતિના સંબંધી પણ છો."

તેમ તે સમે સામ આદિક ઉપાયની ઘણી વાત કરીને તેને સમજાવ્યા. ત્યારે તે હાથ જોડીને એમ બોલ્યા જે, "હે મહારાજ ! તમે ઠીક જ કહો છો, પણ ચાકર શું કરે ?" એમ બોલીને ગુણ લઈને ગયો. પછી તે નિશાએ શિખરે ઈંડાં(કળશ) મૂકવાને પદમા પથ્થરો(પદ્મશીલાઓ) મુકાવ્યા. તેમ તે રાત્રીને વિશે મશાલો કરીને તે ઉપર કડિયા ને ઘણાક જન તે કામને ચલાવતા હતા.

તે સમે શ્રીજીમહારાજે સર્વે શ્વેત વસન પહેર્યાં હતાં ને પોતે બોકાની બાંધીને ઘણીક કરડી મૂરતિને દેખાડતા હતા. વળી તે સમે ઘણા શસ્ત્રધર, સલજ(લજ્જાવાન) ને શૂરવીર એવા જે જન, તે તુપકોને બાંધીને ઘણાક પાળા ઊભા છે. ને તેમ કાળીમોરી તે મધ્યે જામગરીઓ ટમકે છે. તેમ ઢાલો, તલવારો, કટારા ને છરા આદિ સર્વે શસ્ત્રધર બોકાનાં ભીડીને, બાંધી કમરે આડા ઊભા થકા અતિ ભયાનક લાગતા હતા. તેથી તે દેખીને અધિપતિના માણસ શાંત થયા. તેમ તે નિશાએ સર્વે કામ સંપૂર્ણ કરાવીને પછી શ્રીજીમહારાજ પોઢી ગયા.

❁ શ્રીહરિએ સ્વહસ્તે શ્રીગોપીનાથજીને પધરાવ્યા

તેમજ પ્રતિદિને વહેલા ઊઠીને સર્વે મોટેરા સંત જે મુક્તાનંદાદિક ને ઉત્તમ નરેશ આદિક સર્વે મોટેરા હરિજન તે પ્રત્યે શ્રીજીમહારાજ તે સમે એમ બોલ્યા જે, "આપણે શ્રીગોપીનાથજી મહારાજની મૂર્તિ શીઘ્ર પધરાવવી, તેવું શુભ મુહૂર્ત છે, તેમજ સર્વે શાસ્ત્રના ભણેલા વિપ્ર પણ છે. તેમજ સર્વે સરંજામ હાલ તૈયાર છે." પછી ઘણા દ્વિજોનું વરણ કરાવીને જેમ પ્રથમ શ્રીવાસુદેવજી મહારાજની મૂર્તિ વિધિવત્ પધરાવી હતી, તેમ જ તે સમે શ્રીજીમહારાજ શ્રીગોપીનાથજી મહારાજની મૂર્તિને અતિ રાજી થઈને લાવ્યા ને પોતે પોતાને હાથે કરીને ઘણાક ઉત્સાહથી તે શ્રીગોપીનાથજીને વિધિવત્ પધરાવ્યા.

તે સમે વેદ ને શાસ્ત્રના ભણેલા સુપાત્ર એવા ઘણા દ્વિજ, તે વેદમંત્રને ભણતા હતા; તે સમે ઘણાં ગીત ગવાતાં હતાં ને વાજિંત્ર વાગતાં હતાં. દેવો ઘણાં દુંદુભિના ઘોષ ને શબ્દો કરીને મલ્લિકા ને થલકમળાદિક ઘણાંક પુષ્પની વૃષ્ટિ કરતા હતા. અને કિન્નર, ગાંધર્વ ને ચારણાદિક ગાન કરતા હતા. ને ઘણી અપ્સરાઓ નૃત્ય કરતી હતી. ને સર્વે લોક મધ્યે 'જય જય...' શબ્દ થયો. ને અગ્નિહોત્રી બ્રાહ્મણોના અગ્નિ પ્રજ્વલિત થયા.

તેમ તે સમે શ્રીજીમહારાજે સર્વે મતપંથ અને સત્સંગના દ્રોહીને દબાવીને શ્રીગોપીનાથજી મહારાજને પધરાવીને સર્વે જન પ્રત્યે એમ બોલ્યા જે, **"એક સમે શ્રીગોપીનાથજી પાસે અમારી મૂર્તિ આવશે ખરી. તે દિવસે મોટા મહોચ્છવ થાશે, તેમ જાણવું સહી."** બીજે દિવસે ઘણા વિપ્ર, સંત ને હરેક અન્નાર્થી મનુષ્યને મિષ્ટ અન્ન જમાડ્યાં. અને ઘણો આનંદઉત્સવ કરીને શ્રીજીમહારાજ પોતાના પ્રતાપે કરીને સર્વે શત્રુને દબાવીને પોતા તુલ્ય મૂર્તિને પધરાવી. ને પછી સર્વે દુર્જન

મનુષ્યને દબાવતા થકા ઘણાક જને વીંટાણા થકા ગામ કારિયાણી ને ત્યાંથી સાળંગપુરને વિશે પધાર્યા. ને જીવા ખાચરના મંદિરમાં સુખેથી બિરાજમાન થયા.

હવે બીજે દિવસે પ્રભાતે શ્રીગોપીનાથજી મહારાજની મંગળા આરતી ઉતારતા હતા, ત્યારે ઝાલરોના ઝણકાર, ઘંટાના ટણકાર ને ઘણા દુંદુભિના શબ્દ થતા હતા. વળી રણશિંગી તે કવિરાજ પ્રેમાનંદ વગાડતા હતા. તે સમે સર્વે દુર્ગપુરના લોકોને આશ્ચર્ય મનાયું જે, ‘આ મહોચ્છવ તે ક્યાં થાય છે ?’ ત્યારે કોઈએ કહ્યું જે, “એ તો સ્વામિનારાયણે ઠાકોરજીની મૂર્તિ પધરાવી છે, તે આગે વાજાં વાગે છે.” પછી સર્વે કુસંગી ને સત્સંગી જન આવીને દર્શન કરવા લાગ્યા.

તે સમે શ્રીગોપીનાથજી મહારાજની મૂર્તિ અતિ શોભાયમાન ને ઘણાંક હેમનાં અલંકાર અને સત્ય મોતીના હાર પહેરેથી અતિ કરડી લાગતી હતી. તે સમે જોરાણ(બળવાન) રાજપુરુષ આવ્યા હતા, તે સર્વોપરી એવા બંસીધર શ્રીકૃષ્ણભગવાનની મૂર્તિ જોઈને પ્રીતિપૂર્વક નમતા હતા. ને મહારાજનું ઐશ્વર્ય જે યોગમાયા, બળ ને બુદ્ધિ તેને જોઈને હાર પામીને પોતે પોતાના સ્થાનક પ્રત્યે ગયા.

અને પ્રતિદિને દુર્ગપુરેથી સંતો શ્રીજીમહારાજ પાસે (સાળંગપુરે) આવ્યા. પછી મહારાજ તે સંતો પ્રત્યે રાજી થઈને એમ બોલ્યા જે, “હે સાધો ! અમે મૂર્તિ પધરાવ્યા પછી કેમ થયું ? તે સર્વે તમે અમને કહો.” ત્યારે સંત બોલ્યા જે, “હે મહારાજ ! અમે પ્રભાતે વહેલા ઊઠીને શુદ્ધ થઈને શ્રીગોપીનાથજીને ભારે વસ્ત્ર-અલંકાર ધરાવ્યાં અને ઘણાંક વાજાં વગડાવીને આરતી ઉતારી. તે જોઈને સર્વે જન ચકિત ચિત્તવાળા થઈ ગયા. ને જે જવન આદિક રાજપુરુષ આવ્યા હતા, તે સર્વે તમારો મોટો પ્રતાપ જોઈને હાર પામીને સૌ-સૌના સ્થાન પ્રત્યે ગયા.”

❃ શ્રીહરિએ શ્રીમુખે કહેલ શ્રીગોપીનાથજીનો મહિમા


तेसमेश्रीजी महाराजसर्वेजनप्रत्येएम
बोलताहवाजेकेनाभारछे जेपोतानामोटाप्रतापेकरीनेपोताना
मंदीरप्रत्येबीराजीनेसर्वेजनपोतानांआस्रितजननीसमग्र
पीडानेहरसेतेवीतेमुर्तिछेतेमतमेजाणजोनेजेजननेमोटो
कष्टआवसे ने तेजनेजेश्रीगोपीनाथजीमाहाराजनीमांनसूक
करसेनेदीनवचनेकरीनेअस्तुती करसेतेनेत्रीवीधीताप
थीरक्षानेकरसेनेराजानादुषथीनेसत्रुनादुषथीनेचोरना
भयथीनेभुतप्रेतनेडेणनेडाकणीथीनेब्रह्मराक्षसथीने
वेतालादीककबंधथीनेजनमेमृत्यूथीनेजमदुतादीकसर्वे
दुषथीरक्षानेकरसेतेवीतेचमतकारीमुर्तिथासे

તે સમે શ્રીજીમહારાજ સર્વે જન પ્રત્યે એમ બોલતા હવા જે, "(હવે) કેના ભાર છે ? જે (ગોપીનાથજી મહારાજ) પોતાના મોટા પ્રતાપે કરીને પોતાના મંદિર પ્રત્યે બિરાજીને સર્વેજન (તથા) પોતાનાં આશ્રિતજનની સમગ્ર પીડાને હરશે; તેવી તે મૂર્તિ છે, તેમ તમે જાણજો. અને જે જનને મોટું કષ્ટ આવશે ને તે જને જે શ્રીગોપીનાથજી મહારાજની માનસુક(માનતા) કરશે ને દીનવચને કરીને સ્તુતિ કરશે તેની ત્રિવિધ તાપથી રક્ષા કરશે. અને રાજાના દુઃખથી, શત્રુના દુઃખથી, ચોરના ભયથી, ભૂત, પ્રેત, ડેણ, ડાકણીથી, બ્રહ્મરાક્ષસથી, વૈતાલાદિક કબંધથી(માથા વિનાના રાક્ષસથી), જન્મમૃત્યુથી ને જમદૂતાદિક સર્વેના દુઃખથી રક્ષાને કરશે; તેવી તે ચમત્કારી મૂર્તિ થાશે.

તે આદિક ઘણાક પ્રતાપે યુક્ત ને ઘણાક ઐશ્વર્યે યુક્ત આ મૂર્તિ થાશે. ને ઘણાક પોતાના આશ્રિત સંતજનને અતિ સુખ પમાડશે. ને પોતાના આશ્રિતજનની સમગ્ર પીડા હરશે, તેવી તે મૂર્તિ થાશે. **તે**

મૂર્તિને વિશે અમારે ઘણું હેત છે. તે હેતે કરીને તેને વિશે અમે સદાય રહેશું.” એ આદિક ઘણા પ્રતાપની વાત શ્રીજીમહારાજે સારંગપુરને વિશે એક દિવસને સમે કરી હતી. તે વાત સંતજન ને હરિજનની કૃપાથી શાસ્ત્રી લક્ષ્મીરામ, તે લખું છું.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે ‘શ્રીજીમહારાજે ગઢપુરમાં મંદિર બનાવી ગોપીનાથજી મહારાજ પધરાવ્યા’ એ નામે ઓગણચાલીસમું પ્રકરણ ॥૩૯॥





ગઢપુરમાં શ્રીજીમહારાજે ગોપીનાથજી મહારાજ પધરાવ્યા.

પ્રકરણ - ૪૦

વડતાલ સમૈયો કરવા સારંગપુરથી વિચરણ કરતાં શ્રીહરિ અસલાલી પધાર્યા

એક દિવસના સમાને વિશે શ્રીજીમહારાજ ગામ **સારંગપુરે**થી પધાર્યા. તે ગામ **અમદાવાદે** થઈને ગામ **વડતાલને** વિશે દેવદિવાળીનો સમૈયો કરવો તે ઉપર સર્વે સમાજ લઈને પધાર્યા. તે લીલાની વાત સંત ને હરિજનની કૃપાથી શાસ્ત્રી લક્ષ્મીરામ તે લખું છું.

તે પ્રથમની રાત્રીએ ગામ **કંથારિયે** પધાર્યા. ત્યાં શાહ કાનજી તથા રાવલ ધનજી તે શ્રીજીમહારાજની સર્વે પ્રકારે સેવા કરતા હવા. ને પ્રતિદિવસે પ્રાતઃ સમે ચાલ્યા, તે ગામ **લીંબડીએ** સર્વે જૈનને દબાવતા થકા ચાલ્યા.

❁ શિયાણીમાં મેઘજી પટેલની સ્ત્રીએ શ્રીહરિ માટે ઘી ન આપ્યું

પછી ગામ **શિયાણી**એ વિપ્રશિરોમણિ ને ભક્તશિરોમણિ ભટ્ટ શિવરામને સદને પધાર્યા. તે વિપ્રે ઘણીક પૂજાવિધિ કરીને મહારાજને ઘણાંક ભોજન જમાડ્યાં. અને સર્વે સંઘને ત્યાંના પટેલ મેઘજીએ ઘણી તાણ કરીને નોતરું દીધું. ત્યારે સર્વે હરિજને અને મહારાજે તેને ના પાડી પણ ન માન્યું, કેમ જે તેના ઘરને વિષે તે જન સ્ત્રીને વશ હતો. તેમ જે જન સ્ત્રીને વશ હોય તેનું આમ થાય તે જણાવવા સારુ લખું છું.

અને વળી શ્રીજીમહારાજ ને મોટા સંત સદ્‌ગુરુ આદિક આવ્યા હતા, તેથી પટેલના મનમાં થયું કે, 'તેવા મહેમાન કોઈ દિવસે આવ્યા નથી ને આવશે પણ નહીં.' એમ સમજીને નોતરું દીધું હતું. પછી તે પટેલના ઘરની ઓસરી મધ્યે ઢોલિયો નાંખીને શ્રીજીમહારાજ બિરાજ્યા. તે સમે મહારાજે એમ કહ્યું જે, "પટેલ, તમે કાચી રસોઈ આપો." પછી તે પટેલ બોલ્યા જે, "હે મહારાજ ! મારા ઘરને વિશે ઘણાં ઘીનાં

કુંડલાં ભર્યાં છે. તે સારુ પાકી રસોઈ કરો.” તેમ ઘણો આગ્રહ કરીને પાકી રસોઈ કરાવી. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે પોતે પોતાના ઘરમાં ઘી લેવા ગયો. તે સમે તેની સ્ત્રી સિંહણની પેઠે હૂંકીને(ગર્જના કરીને) ધોકો લઈને દોડી. ત્યારે તે પટેલ ઢીલો થઈને ઊભો રહ્યો. તેમ તે સર્વે વાતનું પ્રકરણ જોઈને સર્વજ્ઞ એવા મહારાજ સર્વે સંતહરિજન પ્રત્યે મંદમંદ હસતા થકા તે સમે ત્યાંના હરિજન પ્રત્યે બોલ્યા જે, “આ આટો, દાળ ને ભાત એટલાં વાનાં પટેલનાં થયાં ને ઘી તમે લાવો.”

પછી તે મધ્યે શાહ ભીમા વોરા ઘણાંક ઘીનાં કુંડલાં લાવ્યા. તે ઘણાક ગરથની તાંબડિયુંની ધારે કરીને શ્રીજીમહારાજે સંતહરિજનને યથાયોગ્ય જમાડ્યા.

❁ દેવળિયાનાં કેશાબાએ ઘોડો સંતાડી મહારાજને રાખ્યા

પછી તે ગામને વિશે રાત્રી નિવાસ કરીને પ્રાતઃકાળે પધાર્યા. તે ગામ **દેવળિયે** હરિજન **કેશાબા** જે જાલમસંઘની માતુ તેને ઘેર સર્વેએ ઉતારા કર્યા. પછી સંતે શ્રીજીમહારાજનો થાળ કર્યો ને મહારાજ પોતે જમ્યા. જમીને સંતજનને લાડુ ફેરવીને જમાડ્યા.

તેમ સર્વે જનને જમાડીને પોઢ્યા, ત્યારે કેશાબાએ કહ્યું જે, “હે મહારાજ ! પ્રભાતે જમીને ચાલજો.” તેમ ઘણી તાણ કરી પણ માન્યા નહીં. ત્યારે તે બાઈએ મહારાજના ઘોડાને છોડીને એક ઘરમાં બાંધીને સંતાડ્યો. મહારાજ તો પોતાના સુખે કરીને સુખિયા છે, તે પ્રભાતે ઊઠીને ઘોડાને સાબદા કરતાં મહારાજના અશ્વને ન જોયો. ત્યારે મહારાજે કહ્યું જે, “અમારો ઘોડો ક્યાં ?” ત્યારે બાઈએ કહ્યું જે, “હે મહારાજ ! તમે રહ્યાની હા પાડો તો ઘોડો મળે.” તેમ કહીને મહારાજને રાખ્યા હતા.

❁ મછિયાવનાં ફઈબા મહારાજનું ન માન્યાં

પછી જમીને ચાલ્યા તે ગામ **મછિયાવે** પધાર્યા. ને તે ગામમાં સંતે જ્યાં શેરાની રસોઈ તૈયાર કરી હતી, ત્યાં પધાર્યા. એટલામાં

ત્યાંની મોટેરી ફઈબાઈ તે એક ગરીબને પીડા ઉપજાવતી હતી. તે ગરીબ બાઈ શ્રીજીમહારાજ આગે આવીને હાથ જોડીને એમ બોલી જે, “હે ગરીબનવાજ ! હે એકલના બેલી ! હું તો તેના સુતની વધૂ છું. ને મને તે બાઈ અન્ન ને વસ્ત્ર આપતાં નથી. તે હે દયાળુ ! મને તમે અપાવવા યોગ્ય છો.”

ત્યારે તે મોટેરી બાઈ પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “આ તો તારા દીકરાની વહુ છે ને અન્ન-વસ્ત્ર વિના અતિ દુઃખી થાય તેમાં તમારું સારું નો કહેવાય. તે અમારા કહ્યાથી તેને અન્ન વસ્ત્ર આપો. તેને દુઃખ ન દેવું, તેમ અમારું વચન માનો.” ત્યારે તે તો ક્રોધી ને અતિ માની હતા, તેથી તેણે માન્યું નહીં. ત્યારે તે ગરીબે અતિ રુદન કર્યું. ત્યારે શ્રીજીમહારાજનો સ્વભાવ કેવો છે ? તો કોઈ ગરીબને જોઈને તેનું દુઃખ ભાંગે અને ના ભાંગે તો તે દેખી ના શકે, એવા દયાળુ મહારાજ તેની રસોઈનો ત્યાગ કરીને તે સમે સંતજને સહિત ચાલી નીકળ્યા.

એવા માન ને ક્રોધરૂપી શત્રુએ તે સમે તે હરિજનનું ભૂંડું કર્યું. કેમ જે, શ્રીજીમહારાજ જેવા ને મુક્તાનંદસ્વામી આદિક સંત જેવા તેને ઘરેથી જમ્યા વિના ગયા, તેવું ભૂંડા માન અને ક્રોધે કરાવ્યું. માટે **સર્વે જને મનશું વિચારીને માન, કામ, ક્રોધ ને લોભનો ત્યાગ કરવો, અને ભગવાન ને ભગવાનના સંત કહે તેમ સરળપણું રાખવું.** તેમ પંથે ચાલતા થકા સર્વે સંતજન પ્રત્યે શ્રીજીમહારાજ કહી દેખાડતા થકા ગામ મણિપુરને વિશે પધાર્યા. તે ગામના હરિજને શ્રીજીમહારાજની ઘણાક સન્માને કરીને ગાજતેવાજતે પધરામણી કરી અને સર્વે સંઘને શીરાપૂરીની રસોઈ આપી.

❈ અમદાવાદમાં શ્રીહરિનું ભવ્ય સામૈયું

અને પ્રતિદિને મહારાજ વહેલા ઊઠીને ચાલ્યા, તે ગામ **અમદાવાદ**ને સમીપે પધાર્યા. તે શહેરના ઘણાક હરિજને અતિ સન્માને

કરીને શ્રીજીમહારાજ ને સર્વે સંઘને પુરને વિશે પધરાવ્યા. તે સમાની શોભા તે શાસ્ત્રી લક્ષ્મીરામ સંતહરિજનની કૃપાથી લખું છું.

તે સમે શ્રીજીમહારાજે શ્વેત પાયજામો પહેર્યો હતો ને શ્વેત અંગરખું પહેર્યું હતું. માથે જરિયાની ભારે કસુંબી રેંટો બાંધ્યો હતો, ને એક પીળે શેલે કરીને કમર કસી હતી, ને એક નીલું શેલું ખંભે ધાર્યું હતું, ને પોતાના ડાબા હાથમાં હીરકોરનો રૂમાલ ઝાલ્યો હતો. તેણે કરીને મુખારવિંદને દબાવતા થકા ચાલતા હતા. કેમ જે, ઘણા માણસની ભીડ તેણે કરીને ઘણીક ગરદ(ધૂળ) ઊડે, તેને રોકવાનો સ્વભાવ છે. એવા મહારાજે, તે સમે મલ્લિકાદિક, સ્થલકમલાદિક ઘણા પુષ્પના હાર-તોરા, બાજુબંધ, પોંચી, ગજરા ને ગુચ્છાદિક અલંકાર અને ઘણા હેમનાં અલંકાર ને ઘણા સત્ય મોતીના હાર ધારણ કર્યાં હતાં. તેને શોભાડતા થકા દરિયાપુરને દરવાજે પધારે છે.

તે સમયે માણકી ઘોડી ઉપર ભારે સખલાદી પલાણ ! ને તે ઘોડીને હેમ ને રૂપાના ઘણા અલંકાર ને ઉરને વિશે માંદળિયાં શોભતાં હતાં. ને તેને વિશે ઘૂઘરીઓનો અવાજ શબ્દાયમાન થતો ! તેમજ ઘોડીના મોઢે મોવડ, ચોકડાના શણગાર, વાંસે ડૂમચી ઉપર હેમના બોર અને મસ્તક ઉપર ચોકડાને વિશે હેમનો મોર હતો. તે તો સત્ય પ્રતીતિને કરાવતો હતો. તેવી શોભાને શોભાડતા થકા તે શ્રીનગરને વિશે પ્રવેશ કર્યો.

તે સમે ઘણાંક વાજિંત્ર વાગતાં હતાં. તે શું ? તો બત્રીસ જોડ તો ત્રાંસાં વાગતાં હતાં. તેમજ પડઘમ ને વિલાયતી ભેરીઓ, બાંસુરીઓ ને મોટા પિત્તળના વિલાયતી ઢોલ વાગતાં હતાં. તેમજ રણશિંગું, ભૂંગળ, ભેરીઓ, શરણાઈઓ, કરણાટ ને ભેરીઓ વગેરે ગુજરાતી વાજાંના નાદ થતા હતા. ને ઊંટ ઉપર મોટી નોબત[૧] વાગતી હતી. ને ઘણાંક નગારાંની નોબતો તે અશ્વ ઉપર વાગતી હતી.

૧.સવારીમાં ઊંટ કે અશ્વ પર વગાડાતું મોટું નગારું

તેમજ દુદુંભિનાં ચોઘડિયાં તે શરણાઈના શબ્દના સ્વરે કરીને વાગતાં હતાં. તેમજ ઝાંઝ, મૃદંગ ને ઝાલરિયુંના ઘણાક શબ્દ સર્વે શહેરને શબ્દાયમાન કરતા હવા.

તે જોઈને સત્સંગના અતિ દ્રોહી એવા જે મતપંથના શંકરાચાર્યાદિક સર્વે મનુષ્ય અતિ દ્વેષને બાંધતા હવા. તે સર્વેને દબાવતા થકા ઘણા સરકારી મનુષ્યો તે શ્રીજીમહારાજની ચાકરી મધ્યે રહેતા હવા. તેમ કરતા મંદિરમાં પધાર્યા ને આનંદસ્વામીએ શ્રીજીમહારાજનો સુંદર થાળ કરાવ્યો હતો, તેને જમ્યા. પછી મહારાજની કેશર ચંદનાદિકે પૂજા કરી. પછી સર્વે સંતહરિજનને યથાયોગ્ય જમાડ્યા.

❁ અમદાવાદમાં શ્રીહરિ દ્વારા સર્વ મતપંથ અને શંકરાચાર્યનો પરાભવ

અને તેમ ઘણાક દિવસ સુધી ત્યાં રહ્યા પછી, વરતાલને વિશે દેવદિવાળીનો સમૈયો કરવો, એમ ધારીને ત્યાંથી ચાલ્યા. તે ગામ **અસલાલી**ને વિશે વેણીભાઈના મંદિર પ્રત્યે બિરાજમાન થયા. તે સમે સર્વે મતપંથે ને તે શ્રીનગર ગામનો અધિકારી જે મોરુબા આદિક સર્વેએ મનમાં વિચાર્યું જે, 'આ સર્વે મતપંથને દબાવીને સ્વામિનારાયણ નિર્વિઘ્ન થકા ગયા, પણ આપણે તેને તેડાવીને તેનું અપમાન કરીશું.' તેમ વિચારીને દુરાશયે કરીને શંકરાચાર્યના નામનો પત્ર લખાવીને શ્રીહરિની વાંસે માણસને મોકલ્યા.

તે વખતે શ્રીજીમહારાજ જમીને સુખાસને પલંગ ઉપર બિરાજેલા. એટલાકમાં ત્યાં શંકરાચાર્યના માણસ દરવાજે આવીને એમ બોલ્યા જે, "અમને શંકરાચાર્યે એમ કહીને મેલ્યા છે જે, 'મહારાજને એમ કહેજો જે, શંકરાચાર્ય સાથે તમે ચરચા કરવા પાછા અમદાવાદ પધારો." તેમ તે બોલ્યા. ત્યારે મહારાજે તેમને કહેવરાવ્યું જે, "તેમને ચોરે ઉતારા કરાવો ને ખાધાપીધાનું આપો. અને તેમને એમ કહો જે, પ્રભાતે આવજો." પછી તેમ કરાવ્યું.

પછી શ્રીજીમહારાજે સર્વે સંત મધ્યે સભાજિત(સભાને જીતનારા) ને સર્વે શાસ્ત્રના ભણેલા એવા નિત્યાનંદસ્વામી આદિક સર્વે સંત પ્રત્યે પોતે મનુષ્યચેષ્ટાએ કરીને એમ બોલ્યા જે, “આ શંકરાચાર્યના મનુષ્ય આપણને તેડવા સારુ આવ્યા છે, તે આપણે ત્યાં જાવું કે નહીં ?”

ત્યારે તે સમે સર્વે સંત એમ બોલ્યા જે, “હે મહારાજ ! આપણે સર્વે જને હવે નિશ્ચય ત્યાં જાવું. તેનો શો ભાર છે ? ને હે સમર્થ ! અમે તમારા પ્રતાપે કરીને ષટ્શાસ્ત્ર ભણ્યા છીએ. ને વળી તમ જેવા અમારે માથે ગુરુરૂપે ઈશ્વર છો ને અમારા રક્ષક છો. ને હે મહારાજ ! જો આપણે તેને મોઢે ન જઈએ તો તે સર્વે એમ કહે જે, ‘સ્વામિનારાયણ શંકરાચાર્યથી બીને આવ્યા નહીં’ તેમ કહેવાશે. ને સર્વે હરિજનને તેના મતવાળા તથા અન્ય હરેક મતવાળા મેણાં મારશે ખરા.”

તેવાં તે સર્વે સંતજનનાં હિંમત સહિત વચન સાંભળીને શ્રીજીમહારાજ ઘણા રાજી થયા ને તે સમે એમ બોલ્યા જે, “જેમ અમારા મનમાં અમે સિદ્ધાંત કરી રાખ્યો હતો, તેમ જ તમે સર્વેએ કહ્યો.” પછી તે સમે શ્રીનગરથી આવેલા શંકરાચાર્યનો વિપ્ર, તેનો પંડિત ને તેના સર્વે મનુષ્ય (જેમને ચોરે ઉતારો આપ્યો હતો), તે સર્વેને શ્રીજીમહારાજે પોતાના ચોબદારને મોકલીને તેડાવ્યા. તે સર્વે આવ્યા. તે પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “કેમ આવ્યા છો ? ને તમને કોણે મોકલ્યા છે ?”

ત્યારે તે હાથ જોડીને એમ બોલ્યા જે, “હે મહારાજ ! અમને તો શંકરાચાર્યે તમને તેડવા સારુ મેલીને એમ કહ્યું છે જે, ‘આપણે સ્વામિનારાયણની સાથે ચરચા કરવી છે. તે તમે તેડીને જ આવજો.” ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજ મંદમંદ હસતા થકા સામ(સમજાવટથી પ્રશ્ન ઉકેલવારૂપ) ગુણે કરીને એમ બોલ્યા જે, “અમે તો અમદાવાદ મધ્યે ઘણા દિવસ રહ્યા ત્યારે તે કેમ ન બોલ્યા ? શંકરાચાર્યના મનમાં

એમ હશે જે, અમારા ભેગાં ઘણાં માણસ છે, પણ તેનો ખરચ તેમને આપવો જોઈશે. ને ભલા, આ સર્વે મોટેરા ભણેલા સંતોને બેસવા માટેનાં વાહન પણ આપવાં જોઈશે." તેમ તે વિપ્ર પ્રત્યે બોલ્યા.

ત્યારે તે વિપ્રે એમ કહ્યું જે, "હે મહારાજ ! અમારી ભેગું એક વેલડું છે ને પાંચ ઘોડા છે, તે અમે તમને હાદરે કરીશું(આદરપૂર્વક આપીશું). ને હે મહારાજ! અમે ચાલ્યા આવીશું." તેમ બોલ્યો. ત્યારે શ્રીજીમહારાજે તેમને કહ્યું જે, "તમે તમારે ઉતારે જઈને સૂઈ રહો, અમે વહેલા ઊઠીને તમને તેડાવીશું." એમ કહીને શ્રીજીમહારાજ પોઢી ગયા.

અને વહેલા ઊઠીને તેમને બોલાવ્યા ને સર્વે સંતહરિજનને બોલાવ્યા. ને તે શંકરાચાર્યની વેલમાં નિત્યાનંદજી તથા શુકમુનિ આદિક બેઠા. ને તેમના ઘોડા ઉપર પાળા વગેરે બેસી ચાલ્યા, તે પાછલી ચાર ઘડી રાત બાકી હતી, તે સમે **અમદાવાદ**ને દરવાજે પહોંચ્યા. પછી દરવાનને(દરવાણીને) બરકીને દરવાજો ઉઘડાવ્યો. ત્યાં તો મોંસૂઝણા વેળા થઈ. તે સમે તેણે દરવાજો ખોલ્યો. તે મધ્યે શ્રીજીમહારાજ પોતાના જન સહિત તે નગરમાં પ્રવેશ કરતા હવા. તે સમાની શ્રીજીમહારાજની મૂર્તિનું ચિંતવન શાસ્ત્રી લક્ષ્મીરામ સંત-હરિજનની કૃપાથી લખું છું.

તે સમે શ્રીજીમહારાજે શ્વેત સુરવાળ દોવડો પહેર્યો હતો ને ઝીણી જગન્નાથીનું(એક જાતના ઝીણા સુતરાઉ કાપડનું) દોવડું અંગરખું પહેર્યું હતું. શિર ઉપર મલમલનો ઘણમૂલો ધોળો ફેંટો બાંધ્યો હતો. આસમાની રંગના ફેંટે કરીને બોકાની બાંધી હતી. એક જરિયાની કસુંબી શેલે કરીને કમર કસી હતી. એક શેલે કરીને ખંભે પલવટ વાળી હતી. હીરકોર ચસમીવાળો(રેશમના દોરાની ગૂંછળીવાળો) એક રૂમાલ પોતાના હાથ મધ્યે ઝાલ્યો હતો. તેણે કરીને પોતાનું મુખારવિંદ ને નાસિકા તેને દબાવતા થકા જતા હતા. કેમ જે, આગળ ઘણાક અશ્વ ને પ્યાદા ચાલે

તેણે કરીને ગરદ ઊડે, તેને રોકવાનો છે સ્વભાવ એવા જે શ્રીજીમહારાજ, તે ઘણાક સંતહરિજન ને ઘણાક શસ્ત્રબદ્ધ વીંટાણા થકા જતા હતા. ને પોતાના આગે ચોબદાર શુભ વેણનાં ઉચ્ચારને આમ બોલતા જે, “મહારાજા અધિરાજ મહેરબાનને ઘણી ખમ્મા..! જય જય કૃપાસિંધુ, મહારાજા અધિરાજની જય જય...” એમ બોલતા.

તે સમે શ્રીજીમહારાજે સર્વે બરકમદાર પ્રત્યે એમ કહ્યું જે, “તમે સર્વે બંધૂકોના ભડાકાના ચંભા નાંખો, તેથી શહેરનાં મનુષ્ય, સરકાર આદિ સર્વે જનને તથા શંકરાચાર્ય આદિકને ખબર થાશે જે, સ્વામિનારાયણને શંકરાચાર્યે તેડાવ્યા છે, તે આવ્યા છે.” તેવી શ્રીજીમહારાજની આજ્ઞાથી ઘણીક બંધૂકો છૂટી, તેના શબ્દે કરી તે શહેરનાં મનુષ્ય સ્ત્રીપુરુષ તે સર્વે જન જાગ્રત થયાં.

તે સમે તે શહેરને વિશે ઘણાંક વાંદરાં તે બંધૂકોના ભડાકાથી ભયને પામતા થકા એક હવેલીથી બીજી હવેલીએ ઠેકડા મારતા ‘હૂપ હૂપ’ શબ્દને કરવા લાગ્યા. તેમ તે સમે શહેરને મધ્યે મોટો કોલાહલ થયો. તેથી સર્વે લોકને ખબર થઈ જે, શ્રીસ્વામિનારાયણ પધાર્યા છે. તેમજ ભદ્રને વિશે સરકાર ટોપીવાળા દુલાપ સાહેબને કોઈકે એમ કહ્યું જે, “તમારી રજા માગીને સ્વામિનારાયણ ગયા હતા, તેમને શંકરાચાર્યે વાંસે માણસ મેલીને પાછા તેડી લાવ્યા છે.”

ત્યારે તે ઘણાક ખીજીને એમ બોલ્યા જે, “એસે બડે સ્વામિનારાયણ તો હિંદુ લોકકે કનૈયા હે ને પોતાકી સામર્થીસે બહુત મનુષ્યકું ન્યાયધર્મ મેં ચલાવતે હે. તે સરકારકી રજા માંગકે આપ તો પધારે થે. તિનકું કિનકે હુકમસે પીછા વાલકે લાએ ?” તેમ કહીને તેની તકરાર(વિરોધમાં દલિલ-ચર્ચા) કરતા હતા. ત્યારે તેનો કારભારી એવો જે મોરુબા તે શંકરાચાર્યનો હેતુ(મિત્ર) ને મહારાજનો તથા સત્સંગીનો દ્રોહી હતો. તેણે તેડાવ્યા છે, તેવો મુદ્દો સરકારે જાણીને તેના માથે ગુનો સાબિત

કરીને, તેને ઘેર ઘણા પટાવાળા મોકલીને, તેનું ઘર જ બંધ કરાવતા હવા. તે વાત ત્યાં રહી.

હવે તે સમે શ્રીજીમહારાજ ઘણા મુનિમંડળ સહિત ને અશ્વાર તથા ઘણા પ્યાદાએ વીંટાણા થકા તે શંકરાચાર્યના ઘર પ્રત્યે ચાલ્યા, ને તેના દરવાજે પહોંચ્યા. તે સમે શ્રીજીમહારાજનો છડીદાર જે કુબેરસિંહ ને દામોદર તે પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “તમે માંયલી કોરે શંકરાચાર્યની પાસે જઈને એમ કહો જે, ‘તમે મહારાજને તેડાવ્યા છે, તે ભેગાં ઘણાં મનુષ્ય, પ્યાદા ને અગણિત અશ્વાર છે, તેમને ઉતારા આપો ને સીધાં આપો. ને રસોઈનો સર્વે સરંજામ હાલ તૈયાર કરાવો. વાસણ, બળતણ ને પાકશાળાની જાયગા બતાવો. ને ઘોડાને ઘાસ ને જોગાણ હાલ આપો.’ એમ તમે અમારું નામ લઈને તેને કહો.”

પછી મહારાજની આજ્ઞાથી તેની પાસે જઈને ચોપદાર એમ બોલ્યા જે, “શંકરાચાર્ય કહાં હે ?” ત્યારે તે આવીને તે પ્રત્યે એમ બોલ્યા જે, “આવો, હું આ રહ્યો. આ કોના માણસ ને કોનાં ઘોડાં છે ?” ત્યારે ચોબદારે એમ કહ્યું જે, “તમારે સ્વામિનારાયણ સાથે ચર્ચા કરવી છે, તે સારુ તમે માણસ મેલીને મહારાજને તેડાવ્યા છે. તેથી મહારાજ સર્વે સામર્થી લઈને આવ્યા છે, તેમને હાલ ઉતારા આપો. ને તે પછી તમારે જે ચર્ચા કરવી હોય તે કરવા તે તૈયાર છે.”

તેવું સાંભળીને તે તો ગભરાઈ ગયા ને પોતાનાં વસ્ત્ર પહેરીને મહારાજ પાસે આવીને પ્રાર્થના કરીને ઊભો રહ્યા. ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, “આ સર્વે માણસને ઉતારા અપાવો. કેમ જે તમે અમને તેડાવ્યા છે. તેથી સર્વે ખરચ તમારે ઉપાડવો જોઈશે.” તેવાં મહારાજનાં વચન સાંભળીને તે શંકરાચાર્ય હાથ જોડીને તે સમે એમ બોલ્યા જે, “હે મહારાજ ! આ મારી જાયગા તે તમારી જ છે ને તમો તેમાં સમાઓ તો ઊતરો. ને હે મહારાજ ! તેડાવનારા તો બીજા છે

ને અત્યારે તો મારો જ વાંક કહેવાય." તેમ તે બોલ્યા. ત્યારે તેને મહારાજે એમ કહ્યું જે, "અમે તો અમારા મંદિર મધ્યે ઊતરશું. તમે સર્વે સરંજામ પહોંચાડજો." તેમ કહીને શ્રીજીમહારાજ ચાલ્યા. તે સમે ઘણા હરિજને પુષ્પના હાર ને તોરાદિકે કરીને પૂજા કરી. તેમ ગાજતેવાજતે શ્રીજીમહારાજ મંદિરને વિષે ઉતારો કરીને પોતે શ્રીનરનારાયણના મંદિરને વિશે દર્શન કરવા પધાર્યા.

તે સમે તે અવિદ્યાનો કરાવનારો જે મોરુબા તે આવીને દીન થઈને મુખને વિશે તૃણ લઈને નમીને હાથ જોડીને એમ બોલ્યો જે, "હે મહારાજ ! હું તો જીવ છું ને તમે તો ઈશ્વર છો. મારા કોટિ અપરાધ ક્ષમા કરવા યોગ્ય છો. ને હે સમર્થ ! હું તો ભૂલ્યો છું ને જો તમે મારા ઉપર કુમુખ(ઉપેક્ષા-નારાજગી) રાખશો, તો આ સમે મારું ઘર સરકાર હરાજી કરશે. કેમ જે, મેં મારી કુમતિથી સરકારને જાહેર કર્યા વિના તમને તેડાવ્યા. તે તકસીરથી ઘણાક પટાવાળાએ મારું ઘર જપ્ત કર્યું છે. ને હે દયાળુ ! આ સમે રાજીનામું(ફરિયાદ પાછી ખેંચી લીધાનો લેખ) આપીને મને ઉગારવા યોગ્ય તમે જ છો."

તે સમે તે દીન થયો ને તેના નેત્રને વિશેથી જળ પડવા લાગ્યાં. ને ગરીબનવાજ ને અતિ દયાળુ છે સ્વભાવ જેનો એવા શ્રીજીમહારાજ તે પ્રત્યે એમ બોલ્યા જે, "હે સર્વે મૂર્ખના સરદાર, હે ગમાર, હે મતિમંદ, આ સમે હું તારા જેવો નથી થતો. તું તો તેમ જ દુઃખ માગે છે, પણ અમે તો સર્વે સાધુના પણ ગુરુ છીએ ને વળી નિર્વૈર છીએ. ને તેં તો તારી ભૂંડપને દેખાડીને અમને પાછા તેડાવ્યા, પણ અમે અમારી સાધુતાઈને નથી મેલતા; નહિ તો આ ટાણે તારું ઘર ને વિત્ત હરાજી થાય તેમ છે, પણ **તેં ગરીબ થઈને અમારી આગળ રુદન કર્યું,** તેથી અમને તારી ઉપર દયા આવી. પણ હવેથી તું કોઈ પણ સંત, હરિજન, ગરીબ કે બ્રાહ્મણાદિકનો દ્રોહ કરીશ મા."

ત્યારે તેણે એમ કહ્યું જે, “હે મહારાજ ! હવે તમારા કહ્યાથી તમે કહ્યા એટલા જનનો દ્રોહ હવે હું નહિ કરું. મેં તો તરતા જગ દીઠું છે(તમારા દ્વારા જગતનો ઉદ્ધાર થતા મેં જોયું છે).” પછી તેને શ્રીજીમહારાજે કહ્યું જે, “તેં મને તેડાવ્યા તેથી સર્વે ખરચ તારે માથે છે.” તેમ તેણે ખરચ આપ્યું.

મહારાજ પાસે સરકાર દુલાપ સાહેબ પોતાના ઘણા શસ્ત્રબદ્ધ ગારદીએ(એ અટકની શૂરવીર જાતિના સૈનિકોથી) વીંટાણા થકા ને શ્રીજીમહારાજ ઉપર ઘણું હેત જણાવતા થકા મંદિરે મહારાજ પાસે આવ્યા ને ટોપી ઉતારીને નમ્યા. ને તે સમે એમ બોલ્યા જે, “હે મહારાજ ! તમને કોઈએ દુઃખવ્યા હોય તો કહો.” ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, “અમને તો કેણેય નથી દુઃખવ્યા.” ત્યારે તે સરકાર એમ બોલ્યા જે, “તમોને મોરુબાએ માણસ મેલીને પાછા વાળ્યા છે ને તમે તો સરકારની જ રજા માગીને પધાર્યા હતા. તે તકસીરથી તેનું ઘર સરકાર હરાજી કરશે.” તેમ તે બોલ્યા.

ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, “અમને તો શંકરાચાર્યના માણસ તેડવા આવ્યા હતા ને તેણે અમને તેડાવ્યા છે. ને તે તો બ્રાહ્મણ છે, ભેખ છે ને વળી સર્વે વિપ્રના ગુરુ છે; તેનો અપરાધ અમે નહિ કરીએ. તેમજ મોરુબાનો વાંક નથી, તેથી અમારા કહ્યાથી તેની તકસીર માફ કરો.” તેમ તે સમે મહારાજે રાજીનામું લખી આપીને શંકરાચાર્ય અને મોરુબાની રક્ષા કરી.

તે સમે મહારાજે સરકાર અને તેના જે મનુષ્ય તે પ્રત્યે એમ કહ્યું જે, “શંકરાચાર્ય આદિક સર્વે બાહ્મણ તથા મતપંથના જે ભેખધારી જન ભણેલા હોય તે સર્વે પ્રત્યે તમારા ચોબદાર ફેરવીને સાદ પડાવો જે, જેને સ્વામિનારાયણની સાથે ચર્ચા કરવી હોય, તે શાસ્ત્રી, પુરાણી ને જોશી આદિક શાસ્ત્રના ભણેલ સર્વે પોતપોતાના પુસ્તકરૂપી સામગ્રી

લઈને સભા મધ્યે આવજો." તેમ શ્રીજીમહારાજે કહ્યું, તેથી સરકારે સર્વેને તેડાવ્યા.


પછી શ્રીજીમહારાજે મોટી સભા કરાવી ને તેમાં સર્વે સભાનું[૧] સન્માન કરાવીને એમ બોલ્યા જે, "જેને પૂછવું હોય તે આ સમે પૂછો ને વિદ્યાદિક વાદની જે ચરચા કરવી હોય તે સુખેથી કરો. કેમ જે અમે અમારી સર્વે સામર્થી સાથે આવ્યા છીએ, તેથી તમે સર્વે સભાસદ બોલો. ને તેમ અમારી ભેગા ઘણા શાસ્ત્રના ભણેલા નિત્યાનંદાદિક સંત પણ છે. તેમ ઘણા વિપ્રો છે. તે તમે સર્વે નિઃશંક થઈને ચર્ચા કરો, તે સારુ તમને તેડાવ્યા છે. માટે હાલ જે કાંઈ પૂછવું હોય તે પૂછજો. અમારા ચાલ્યા ગયા પછી આ શંકરાચાર્ય ને મોરુબાની પેઠે એમ બોલશો જે, 'અમારે સ્વામિનારાયણ સાથે ચરચા કરવી હતી, પણ જતા રહ્યા.' માટે બોલવું હોય તો શાસ્ત્રના વાદરૂપી જે જુધ તે હમણાં જ કરો." તેમ શ્રીજીમહારાજ બોલ્યા.

ત્યારે તો મહારાજની સભાના સંત ને પંચકાવ્યના ભણેલા વિપ્ર ને સિદ્ધાંત કૌમુદી આદિક શાસ્ત્રના ભણેલા સર્વે જન તે ઘણાક ગીર્વાણ શબ્દને બોલ્યા. તે જાણીએ ગંગાનો પ્રવાહ છૂટ્યો ! તેવું શ્રીજીમહારાજનું મોટું ઐશ્વર્ય જોઈને તે સર્વે સભાજનો હાર પામીને હાથ જોડીને એમ બોલ્યા જે, "હે મહારાજ ! આ સમે તમને કોઈ જન જીતવા સમર્થ નથી ! ને હે અજિત પુરુષ ! તમારા સંત તે તો વિદ્યાની સીમા છે. ને વળી સ્ત્રી ને ધનાદિકનો ત્યાગ, તેની પણ સીમા છે. આ સંત સર્વે શુભગુણના નિધિ છે." તેમ તે સર્વે બોલતા હવા. (અને મહારાજ તથા સંતોને) વિદ્યાની સીમા જોઈને સર્વે મતપંથ ને વિપ્ર તથા શંકરાચાર્ય આદિક હાર પામ્યા. તે પછી શ્રીજીમહારાજે તે સમે તે સર્વે દ્વિજને ઘણી દક્ષિણા અપાવી. ને તે સર્વે શ્રીજીમહારાજને પ્રીતિપૂર્વક નમન કરીને પોતપોતાના સ્થાન પ્રત્યે ગયા.

૧.ચર્ચા કરવા આવેલ શાસ્ત્રી, પુરાણી આદિક સભાજનોનું

અને શ્રીજીમહારાજ તે દિવસે રહીને પોતે પ્રતિદિને (અસલાલી) પધાર્યા. તે બત્રીસ જોડ ત્રાંસાદિક ઘણાં વાજાં વગડાવતા થકા ને ઘણી બંધૂકોના ભડાકાને કરાવતા થકા **સંવત્ ૧૮૮૩ ના વૈશાખે અમદાવાદે શંકરાચાર્યને** ને સર્વે મતપંથના માનને મથીને શ્રીજીમહારાજ દેવદિવાળીનો સમૈયો કરવા વરતાલ પધાર્યા(નીકળ્યા).

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'વડતાલ સમૈયો કરવા સારંગપુરથી વિચરણ કરતાં શ્રીહરિ અસલાલી પધાર્યા' એ નામે ચાલીશમું પ્રકરણ ॥૪૦॥





જમવા રોકી રાખવા માટે દેવળિયાના કેશાબા શ્રીહરિની ઘોડી સંતાડી દે છે.

પ્રકરણ - ૪૧

ધોલેરામાં આસ્કીન સાહેબે અને ભાવનગરમાં રાજાએ મંદિરનો લેખ કરી આપ્યો

❁ અસલાલીમાં સંતમંડળની બે દેશમાં વહેંચણી ને મહંતોની બદલી

જ્યારે પહેલા શ્રીજીમહારાજ અમદાવાદથી અસલાલીને વિશે આવ્યા. ત્યારે તે ગામે આવીને શ્રીજીમહારાજે પોતે સર્વે સંતના મંડળના વિભાગ પાડ્યા. તે કેટલાક સંતનાં મંડળ તે શ્રીનરનારાયણના દેશ પ્રત્યે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજીની કોરે ગયાં ને તેમજ ઘણાં સંતનાં મંડળ તે શ્રીલક્ષ્મીનારાયણના દેશ પ્રત્યે આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજની કોરે આવ્યાં.

પછી શ્રીજીમહારાજે સર્વે સંત પ્રત્યે એમ કહ્યું જે, "જેમ તમે રાજી રહો તેમ રહેજો." ને તે સમે સંતો અદલબદલ થાતા જાણીને મહાનુભાવાનંદજીએ એમ કહ્યું જે, "હે મહારાજ ! અમારી કોરના સંત તે લક્ષ્મીનારાયણની કોરે કેમ જાય છે ?" ત્યારે શ્રીજીમહારાજ હસીને તે સમે એમ બોલ્યા જે, "સાધુ નિર્બંધ છે, તે તો અમારા બંધન ને ધર્મની મર્યાદા વિના તે કેના બાંધ્યામાં આવશે ?" તેમ મહારાજની મરજી જોઈને તે સંત કાંઈ બોલ્યા નહીં.

અને તે જ સમે શ્રીજીમહારાજે મંદિરના અધિકારી મોટા સંત તેની પણ બદલી કરી જે, આનંદસ્વામી અમદાવાદના મંદિરના અધિકારી છે, તે વરતાલે આવીને શ્રીલક્ષ્મીનારાયણની સેવા મધ્યે રહો, ને તેમ જ બ્રહ્માનંદસ્વામી તે અમદાવાદે જઈને શ્રીનરનારાયણની સેવા મધ્યે રહો. પછી શ્રીજીમહારાજે બદલી કરી તેમ જ તે સમે સંતો રહેતા હવા. તે સમાની(પ્રસંગની) વાતની યાદી લખી છે.

❁ વડતાલ પ્રબોધનીનો સમૈયો કરીને ધોલેરા પધાર્યા

પછી અસલાલીથી નિકળેલા શ્રીજીમહારાજ **જેતલપુર** પધાર્યા ને તે ગામને વિશે રાત્રી રહીને ચાલ્યા, તે રસ્તામાં **મેમદાવાદે** ગયા. ને ત્યાં પોતે રસોઈ જમીને વહેલા ચાલ્યા. અને ત્યાં સર્વે સંતની રસોઈ તૈયાર હતી, છતાં સંતો તેને મૂકી ચાલ્યા. તેથી શ્રીજીમહારાજ સર્વેને વઢીને ખીજીને બોલ્યા જે, “કોઈ અમારી ભેગા આવશો નહીં. ને પ્રેમને લીધે હરિજને રસોઈ કરાવી છે, તે બગાડીને કેમ આવ્યા ? તેથી પાછા વળો.”

પછી મહારાજ ગામ **વરતાલને** વિશે ગુપ્ત થકા પધાર્યા. જ્યારે સર્વે સંતનાં મંડળ આવ્યાં, ત્યારે શ્રીજીમહારાજ પ્રગટ થયા. ને ઘણા સંત ને ઘણા હરિજન પ્રબોધનીને સમૈયે આવ્યા. તેમને આનંદ-ઉચ્છવ કરાવતા થકા, ઘણા દિવસ સુધી દર્શન દેતા હતા. અને તે સમૈયો નિર્વિઘ્ન કરીને ચાલતા થકા ગામ **ધોલેરા** બંદરને વિશે પધાર્યા.

તે સમે ગામના અધિપતિ ભક્તરાજ પૂજાભાઈ આદિક ઘણા હરિજન ઘણાં વાજાં લઈને સામા આવ્યા. તે શું ? તો ઢોલ, ત્રાંસા, પડઘમ, બાંસુરી, વિલાયતી ભેરી, નગારાં, શરણાઈઓ, ભૂંગળ, ભેરી ને રણશિંગીઓ વગેરે ઘણાંક વાજાં વાગતાં હતાં. ને શ્રીજીમહારાજની આગળ ચોપદાર શુભ વેણથી બોલતો હતો.

❁ ધોલેરામાં આસ્કીન સાહેબે કરેલ શ્રીહરિની સ્તુતિ-પ્રાર્થના

તે સમે શ્રીજીમહારાજની ભેગા ઘણા બરકમદાર હતા, તેમણે બંધૂકોના ભડાકા કર્યા. તેથી સર્વે શહેરના ઘણા માણસ તથા તે શહેર મધ્યે તે સમે ટોપીવાળા આસકીન સાહેબ સરકારના અધિકારી હતા. તેઓ પણ પોતાના ઘણાક ગારદીની પલટણોને લઈને, પ્રીતિપૂર્વક શ્રીજીમહારાજની સામા આવીને, પોતાને માથેથી ટોપી ઉતારીને નમ્યા. ને નમીને એમ બોલ્યા જે,

"હે મહારાજ ! તુમ આ શહેર મધ્યે પધાર્યા, તે શહેરકા મનુષ્યકા બડા ભાગ્ય હે ! ને હમારા ભી બડા ભાગ્ય હે, સો આપ પધારકે હમકું દેદાર દિયા હે ! ને તુમ તો બડે મુરશિદ હો ને ઓલિયા હો. ને આપ તો હિંદુ લોકકે કનૈયા હો, ને હમ લોકકી તુમ દુવા કરો, ને એ શહેરકું ભી દુવા કરો, ને તુમારી દુવાસે શહેર અચ્છા બને તેસા કરો. ને હે નારાયણસ્વામી ! અમ સરખા કુછ કામ બતાવના, સો હમ રાજીખુશીથી કરેંગે. ને હે મહારાજ ! તુમ તુમારા દેવકા બડા મંદિર બનાઓ ને બડી જગ્યા બનાઓ." તે સમે ધોલેરા શહેર થોડાક મધ્યે હતું ને થોડીક વસ્તી હતી. પછી શ્રીજીમહારાજની મરજીથી વૃદ્ધિને પામ્યું.

ત્યારે તેને શ્રીજીમહારાજે તે સમે એમ કહ્યું જે, "સરકારની મરજી હશે તો જાયગા કરાવશું." તેમ કહીને ગાજતે વાજતે ઘણા મનુષ્યે વીંટાણા થકા ને ઘણા વિપ્રોએ વેદમંત્રે કરીને પૂજ્યા થકા ને ઘણા પુષ્પના હાર, મલ્લિકાદિક ને થલકમળના હાર, તોરા, ગજરા, બાજુબંધ ને ગુચ્છાદિકને પહેર્યા થકા, પૂજાજીના ભવનને વિશે પધાર્યા. ને ત્યાં અટારી ઉપર બિરાજતા થકા તે સમે શ્રીજીમહારાજે સામ ઉપાયની વાત કરી.

તેથી સરકાર ને તે સરકારના સર્વે જે અધિકારી તે અતિ રાજી થયા. ને વળી સર્વે સભાજનો રાજી થઈને એમ બોલ્યા જે, "હે મહારાજ ! તમે તો મોટા પુરુષ છો, તે તમે જેમ ચિંતવો તેમ જ થાય. તેથી તમે અમારું સારું થાય તેમ કરો."

ત્યારે તે સર્વે પ્રત્યે **શ્રીજીમહારાજ તે સમે એમ બોલતા હવા જે, "અમે કેવા છીએ ? તો ચિંતામણિ જેવા ને વળી કલ્પતરુ જેવા છીએ. ને જેમ અમ આગળ જીવ ચિંતવે છે, તેમ જ તેનું થાય છે. જે અમારું સારું ઈચ્છે છે, તેનું તો સારું જ થાય છે; ને જે અમારું ભૂંડું કરવાને ઈચ્છે છે, તેનું તો અતિ ભૂંડું જ થઈ જાય છે; એવી આ વાત**

છે. તેમ તમે અમને તથા અમારા સંતપુરુષને જાણજો. ને જેવું તે કરે છે તે જીવને તેવું જ પમાડીએ એવા અમે છીએ. ને **અમે તો અમારા મનમાં કોઈનું ભૂંડું થાય તેવો તો સંકલ્પ કોઈ દિવસ કરતા નથી.”**

तेसर्वेप्रसंश्रीजीमहाराजतेसमेएमबोलताह्वा
जेअमेकेवाछेयेतोचींतामणीजेवानेवलीकल्पतरुजेवाछै
येनेजेमअमअागल्योजिवचींतवेछेतेमजतेनूथायछेजे
अमारूंसारूंर्करछेछेतेनूतोसारूजथायछेनेजेअमारुभूडु
करवानेरछेछेतेनूतोअतीभूडुंजथयरजायछेएवीअा
वातछेतेमतमेअमनेतथाअमारांसंतपूरुसनेजांणजोने
जेवुतेकरेछेतेजीवनेतेवूजपमाडीयेएवाअमेछेयेने
अमेतोअमारामनमांकोयेनूभुंडुथायतेवोतोसंकल्पकोये
दीवसकरतानथी

❁ ધોલેરામાં આસ્કીન સાહેબે મંદિર માટે જગ્યા આપી

મહારાજે તેવી વાર્તા કરી. તે સાંભળીને તે આસ્કીન સાહેબના મનમાં એમ થયું જે, ‘આપણે શ્રીજીમહારાજને ધર્માદામાં ધોલેરા બંદરને વિશે જાયગા નિશ્ચે જ આપવી.’ પછી શ્રીજીમહારાજ પ્રત્યે તેણે એમ કહ્યું જે, “હે મહારાજ ! તમે આ શહેર મધ્યે જાયગા લ્યો, તે હું તમને આપીશ.” ત્યારે તેને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “જો સરકાર જમીન આપશે, તો તે ઠેકાણે અમે ભારે મંદિર ને મોટી ઈમારત કરાવશું.” તેમ શ્રીજીમહારાજનું વચન સાંભળીને સાહેબ એમ બોલ્યા જે, “હે મહારાજ ! કાલે જ તમે આવો ને તમને જાયગા આપશું.”

ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, “તમે અમને કાલે જે વખતે માણસ તેડવા મેલશો, તે વખતે અમે આવશું.” તેવાં વચન સાંભળીને

તેમણે એમ કહ્યું જે, “બહોત અચ્છા.” એમ કહીને મહારાજની રજા માગીને પોતાના સ્થાન પ્રત્યે ગયા.

પછી શ્રીજીમહારાજ નાહીને ભોજન જમવા બેઠા, તે ઘણાક પ્રકારનાં ભોજનને જમ્યા. ને પોતે જમીને મુખવાસ જમ્યા. પછી સંતમંડળ, પાળામંડળ ને અશ્વારના મંડળને જમાડ્યા. ને પોતાના જન પ્રત્યે જાયગા સંબંધી વાતનું રહસ્ય કહી દેખાડતા થકા રાત્રિને વિશે પોઢી રહ્યા. ને પ્રતિદિને વહેલા ઊઠીને સ્નાનવિધિ ને નિત્યવિધિ કરીને પોતે શ્વેત વસન પહેરીને મલ્લિકાના ને થલકમલના પુષ્પના ઘણાક હાર પહેર્યા થકા પૂજાભાઈની મેડીના ગોખે બેઠા હતા. એટલાક મધ્યે સરકારના ચોપદારે આવીને હાથ જોડીને એમ કહ્યું જે, “હે મહારાજ ! તમને સરકાર તેડાવે છે, તે તમે તમારા સર્વે અશ્વાર ને સરબંદી પાળાને લઈને પધારો.” પછી સરકારે મહારાજ સામા વાજાવાળાને મોકલ્યા. (ને મહારાજ પોતાના જનોએ સહિત સરકારના સ્થાન પ્રત્યે ચાલ્યા.) તે સમાની મૂર્તિનું ચિંતવન હું શાસ્ત્રી લક્ષ્મીરામ તે સંત ને હરિજનની કૃપાથી લખું છું.

તે સમે શ્રીજીમહારાજે ધોળો સુરવાળ હીરની નાડીએ સહિત પહેર્યો હતો. ને ધોળું અંગરખું ઝીણી જગન્નાથીનું પહેર્યું હતું. ને માથે શ્વેત ફેંટો મલમલનો ઘણાક મૂલવાળો બાંધ્યો હતો. ને તેમ કમરને વિશે એક શ્વેત શેલું બાંધ્યું હતું. ને તેમ એક શ્વેત શેલું ખંભે ધાર્યું હતું. ને મલ્લિકાના ને થલકમલના ઘણાક પુષ્પના હાર પહેર્યા હતા. ને તોરા, ગજરા, બાજુબંધ ને પોંચી તે સર્વે પણ પુષ્પનાં જ પહેર્યાં હતાં. ને કપાળે કેસરચંદનની અર્ચા ને તે મધ્યે કુંકુમના ચાંદલાને શોભાડતા થકા, ને પોતાને આગે ઘણાંક વાજાં અંગ્રેજી ને ઘણાંક વાજાં ગુજરાતી તે વાગતાં હતાં, ને ઘણાક માણસ પોતાના ને ઘણાક માણસ સરકારના, તેણે વીંટાણા થકા ને સર્વે શોભાના ધામ એવા જે શ્રીજીમહારાજ તે સરકારના સ્થાન પ્રત્યે પધાર્યા.

ત્યારે આસ્કીન સાહેબે શ્રીજીમહારાજને ઘણાક સન્માને કરીને ખુરશી નાંખી દીધી. ને મહારાજના સર્વે માણસને મોટી જાજમો બિછાવીને સર્વેનું સન્માન કરાવ્યું. પછી ભારે અત્તર લઈને શ્રીજીમહારાજના વસ્ત્રને વિશે ચોપડ્યું. ને સર્વે અશ્વારો પર ગુલાબનું શુદ્ધ જળ છંટાવ્યું. તેમ જ ઘણું સન્માન કરીને પોતે ભેગા આવીને શ્રીજીમહારાજને તે સમાને વિશે એમ કહ્યું જે, "હે મહારાજ ! તમારી ખુશી ને મરજી પડે તે ઠેકાણેથી તમે જમીન લ્યો."

ત્યારે તે સમાને વિશે શ્રીજીમહારાજ ઘોડી ઉપર બિરાજમાન થયા ઘોડી ચલાવી. ને સરોવરની પાળની ઉપર ઊભા રહીને એમ બોલ્યા જે, "અમે જેટલા મધ્યે અમારી ઘોડીના ડાબલા પડે તે પ્રમાણે તમારા ઓડ(નિશાની-એંધાણ)." પછી શ્રીજીમહારાજે જેમ ઘોડીને ફેરવી તેમ તે સમે આસ્કીન સાહેબે ઓડુ(ડાબલાની નિશાની પડી તે એંધાણની) પાસે ખોદાવીને પાયાની હદ(સીમા-છેડો) બેહદને(સીમાની બહાર) કઢાવી દેતા હવા. તેમ લખતના બંદોબસ્તને કરાવતા હવા. તેમ સરકારી પત્ર મધ્યે લખાવીને તે રાત્રી તે ધોલેરા શહેરને વિશે રહ્યા.

❃ ગઢડા મંદિરના કામ માટે ભાવનગર રાજાને મળવા પધાર્યા

અને પ્રભાતે ધોલેરાથી શ્રીજીમહારાજ ચાલ્યા, તે ગામ કારિયાણીને વિષે વસ્તા ખાચરના દરબારને વિશે પધાર્યા. ને તેણે શ્રીજીમહારાજને ઘણાં મિષ્ટ ભોજન જમાડ્યાં. ને તેમ સર્વે અશ્વાર ને પ્યાદાઓને જમાડીને પછી પોતે પલંગ ઉપર પોઢતા હવા.

એટલાક મધ્યે શ્રીદુર્ગપુરની એમ ખબર મળી જે, 'તે રાજાએ શ્રીગોપીનાથજી મહારાજનું મંદિર રોકાવ્યું છે, તે ચણવા દેતા નથી.' ને તે સમે ઘણાક મોટા મોટા કણબી પટેલિયા આવ્યા હતા. તે શ્રીજીમહારાજને દર્શને આવ્યા. તેમને શ્રીજીમહારાજે મનુષ્યચેષ્ટાથી

પૂછ્યું જે, "અરે પટેલિયા ! તમે ક્યાંથી આવ્યા ? ને ક્યાં જાઓ છો ?" એમ મહારાજે તેને કહ્યું.

ત્યારે તે હાથ જોડીને એમ બોલ્યા જે, "હે મહારાજ ! અમને ઈજારદારે ઘણીક પીડા પમાડી ને અમારે માથે ઘણો વેરો ને વજેરૂપી(મહેસુલરૂપી) દંડ નાંખીને રૂપિયા માગે છે, તે ક્યાંથી દેવા ! તેની બીકના માર્યા અમે ભાવનગરને વિશે રાજા વજેસિંહજીને મોઢે જઈએ છીએ. ને ફરિયાદ કરવાથી અમને તે દુઃખથી ઉગારે તેવા તે રાજા છે." તે સાંભળીને મંદમંદ હસતા થકા શ્રીજીમહારાજ તે સર્વે પટેલિયાઓ પ્રત્યે એમ બોલ્યા જે, "અમારે પણ તે રાજા આગે ધર્મ-ફરિયાદ કરવા જાવું છે. કેમ જે, અમારા ઠાકોરજીનાં મંદિર તે કોણ રોકે છે ? તેની તજવીજ અમારે જરૂર કરવી. તે સારુ આપણે સહુને ભાવનગરને વિશે ઠાકોર વજેસિંહજીને મોઢે જાવું ખરું. માટે સર્વે અશ્વાર ને પાળા જે શીઘ્ર ચાલે તેમ હોય, તે અમારી ભેગા આવો, ને નો ચાલી શકે તેમ હોય તે સર્વે દુર્ગપુર જાજો."

તેવો રાત્રીને વિશે મનસૂબો-ઠેરાવ કરીને શ્રીજીમહારાજ પોઢીને પોતાને સુખે કરીને સુખિયા થયા. અને પ્રભાતે વહેલા ઊઠીને ગામ, પુર, ખેટ ને ખર્વટ તેને ઉલંઘન કરતાં ગામ **ભાવનગર** બંદરે પધાર્યા. ત્યારે ત્યાંના હરિભક્ત ઝાલા રૂપાભાઈ, રાજાભાઈ, શાહ ખુશાલ ને શાહ ઝીણા આદિક સર્વે હરિજન ઢોલ, ત્રાંસા, નગારાં, શરણાઈયું, ભૂંગળ, ભેરી ને રણશિંગી આદિક ઘણાંક વાજાં લાવીને ગાજતેવાજતે શ્રીજીમહારજની સામા ચાલ્યા. ને મલ્લિકાદિકના ને થલકમળાદિકના ઘણા પુષ્પના હાર શ્રીજીમહારાજને પહેરાવ્યા. ને પુષ્પના તોરા, ગુચ્છ, બાજુ ને નેપુરે કરીને ગરકાવ કર્યા.

તે સમે શ્રીજીમહારાજે સર્વે શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. ને ઘણાક માણસ જે અસ્વાર ને પાળા તેણે વીંટાણા થકા ને પોતાનો ઘણોક પ્રતાપ

ને પોતાના ઘણાક ઐશ્વર્યને જણાવતા થકા તે પુરને વિશે પ્રવેશ કરતા હવા. ને તે સમે પુરનાં જન જે સ્ત્રી ને પુરુષો તેમના મનને હર્ષ ઉપજાવતા હવા. ને સર્વે મનુષ્ય 'જય જય' શબ્દને બોલતા હવા. ને ઘણા પુષ્પના હાર, ફળ, મીઠાઈ, મેવા ને નાળિયેર આદિક ને ઘણીક રૂપમુદ્રિકા(ચાંદીના સિક્કા) ને વસન આદિક શ્રીજીમહારાજને અર્પણ કરીને પ્રીતિપૂર્વક નમતા હવા.

અને દરબારે શ્રીજીમહારાજ સામા મોટેરા સભાસદ એવા ઘણાંક માણસ મેલીને ઘણાક માન-સનમાને શહેર મધ્યે પધરાવ્યા. ને દરબારનાં તે સર્વે મનુષ્યે એમ કહ્યું જે, "હે મહારાજ ! તમે દરબારે પધારો ને ત્યાં ઉતારા કરાવીએ." તેને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "અમે તો રૂપાભાઈને ઘેરે ઉતારો કરીશું. તે સર્વે તે દરબારનું જ છે." ને વળી તેને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "તમે દરબારને અમારા નારાયણ કહેજો." પછી તે શ્રીજીમહારાજની રજા માગીને ગયા.

પછી શ્રીજીમહારાજ રૂપાભાઈના મંદિર(ઘર) પ્રત્યે પધાર્યા. પછી તેણે સુંદર પલંગ બિછાવ્યો હતો, તે ઉપર બિરાજમાન થયા. તે શહેરના ઘણાક મનુષ્ય મહારાજને દર્શને આવ્યા. ને તે સમે શ્રીજીમહારાજનો થાળ તે સંત નિર્ગુણાનંદજી ને વૈષ્ણવાનંદજી જે વર્ણિરાટ હતા, તે કરવા લાગ્યા. અને સર્વે અશ્વાર ને પાળાને વાસ્તે શીરાપૂરીની રસોઈ તેના ઘેરે કરાવતા હવા. અને શ્રીજીમહારાજનો થાળ થયો. તે પોતે નાહીને જમવા લાગ્યા. ને પોતે જમીને મુખવાસને જમ્યા. ને સર્વે પોતાના જનને જમાડીને પલંગ ઉપર બિરાજ્યા.

એટલાક મધ્યે દરબારના ચોબદાર ને તેના હજૂરીના માણસ આવીને શ્રીજીમહારાજ પ્રત્યે એમ બોલ્યા જે, "હે મહારાજ ! તમને અમારા રાજાએ ઘણાક માને નારાયણ કહ્યા છે. ને આ છાબ મધ્યે ગુલાબ તથા મોગરાના હાર, તોરા, ગજરા, બાજુબંધ, ગુચ્છ આદિક

પુષ્પનાં આભૂષણ મોકલ્યાં છે, તેને ધારો. ને મીઠાઈ, મેવા, પાનબીડી, સોપારી, એલચી, લવિંગ ને તજ આદિક જે મુખવાસાદિક આપ્યાં છે, તેને ગ્રહણ કરો." ત્યારે મહારાજે તેની સેવાપૂજાનો સત્કાર કર્યો. પછી તે ચોબદાર એમ બોલ્યો જે, "હે મહારાજ! ઠાકોરે તમને એમ કહ્યું છે જે, 'આજ તો સાંજ પડી છે, તે તમને મળી ન શકાયું, તે તકસીર માફ કરવી; પણ કાલે મળવું છે.' અને વળી કહ્યું છે જે મહારાજને તું એમ પૂછતો આવજે જે, 'હે મહારાજ! તમને મળવા માટે તમારે ઉતારે જ મારે આવવું જોઈએ, પણ મારી ભેગા બીજા ઘણા માણસ આવશે, તેને વાસ્તે તેની(રૂપાભાઈની) જાયગા ઘણી સાંકડી છે. તે સારુ જો તમારી મરજી હોય તો આપ મારા દરબારને વિશે પધારો તો અમારાં મોટાં ભાગ્ય કહેવાય !"

પછી શ્રીજીમહારાજે તેને કહ્યું જે, "પ્રભાતે જ્યારે તમારા માણસ તેડવાને આવશે ત્યારે અમે આવશું. તેમ તમે કહેજો." તેમ જ તેણે જઈને કહ્યું. પછી શ્રીજીમહારાજ પોતે પોતાને ઉતારે ધૂન-આરતી કરીને પોઢી ગયા. ને પ્રભાતે શ્રીજીમહારાજ ઊઠીને સ્નાનવિધિ ને નિત્યવિધિ કરીને બિરાજ્યા. તે સમાની મૂર્તિનું ચિંતવન શાસ્ત્રી લક્ષ્મીરામ સંત ને હરિજનની કૃપાથી કરું છું.

શ્વેત સુરવાળ દોવડો પહેર્યો હતો ને ભારે જગન્નાથીનું અંગરખું દોવડું પહેર્યું હતું. ને મસ્તકે પાઘ તે શ્વેત મલમલ ઘણાક મૂલવાળો છોગાં મેલીને બાંધ્યો હતો. કમરે શ્વેત શેલું ચોગઠ પાડીને બાંધ્યું હતું ને એક શ્વેત શેલું ખંભે ધાર્યું હતું. એક શ્વેત રૂમાલ પોતાના હાથ મધ્યે હતો. તે સમે રૂપાભાઈએ શ્રીજીમહારાજના ભાલે કેશરચંદનની સુંદર અર્ચા કરી પૂજા કરી હતી. ને ભાલને વિશે કુંકુમનો ચાંદલો કર્યો હતો. ને મોગરાના ને ગુલાબના ઘણા હાર તથા તોરા, બાજુબંધ ને ગજરાદિક પુષ્પના ઘણાક આભૂષણને શોભાડતા થકા બિરાજતા હતા.

❁ ભાવનગરમાં શ્રીજીમહારાજની અસવારી

એટલાક મધ્યે તે નરેશના ઘણાક માણસ જે સભાસદ ને ચોબદાર તે સર્વે શ્રીજીમહારાજને પાસે આવીને પ્રીતિપૂર્વક નમસ્કાર કરીને બોલ્યા જે, “હે મહારાજ ! તમને ઠાકોરે તેડવા સારુ અમને મોકલ્યા છે, તે તમે ચડી અશ્વારીએ પધારો.” પછી શ્રીજીમહારાજ માણકી ઘોડી ઉપર બિરાજમાન થયા. તે ઘોડીનાં પલાણ ને તેના શણગારને લખું છું. તે શું ? તો સખલાદી રૂપદળી ને તે ઉપર સખલાદી ખોગીર(ઉનની ગાદી; જીન) ને તે ઉપર સખલાદી ગોદડી, તે મધ્યે ભૂજબુટાનાં ભરત, તે મોર ને પોપટાદિક ભર્યાં છે, તે તો સત્ય પ્રતીતિને કરાવતાં હતાં. ને તે ઉપર નવાનગરનો કાંઠો તે હેમનો અને તે મધ્યે ચિત્રવિચિત્ર મોર, પોપટ ને વેલીઓ કાઢી હતી, તે પણ સત્ય પ્રતીતિને કરાવતાં હતાં. ને તેમ પતાડ[૧] તે રેશમનો ગૂંથેલો, તે મધ્યે તંગી તે મધ્યે હેમનાં કડાં ત્રણ, તેવો પતાડ ને તંગીની શોભા હતી.

હવેથી પેગડાં ને છોટાં તે સખલાદી ને તે મધ્યે હેમનાં પેગડાં ને કડીઓ ને કમલસારાદિક સરવે હેમનાં જ છે. ને હવેથી ચોકડાં ને મોવડાદિકની શોભાને લખું છું. રેશમની વાઘે ચોકડું તે મધ્યે હેમનાં ચકદાં ને હેમની કોડીઓની પંક્તિઓ ને હેમનાં મોવડ ઘણીક શોભા હતી ને તેમ હીરની સરક તે છકડ મેલીને તે મધ્યે જરિયાની ફૂમકે શોભાયમાન છે. ને હવેથી ત્રીંગ મધ્યે ડૂમચી, તે મધ્યે હેમનાં બોર તેની ઘણીક શોભા હતી. ને ઉર મધ્યે તાવેત, માદળિયાં તે મધ્યે ઘણીક ઘૂઘરીઓના શબ્દે કરીને ઝણકાર શબ્દને શોભાડતા થકા તે ઘોડી ઉપર બિરાજતા થકા એવા જે શ્રીજીમહારાજ તે શહેરને વિષે પધાર્યા.

તે સમે ઢોલ, ત્રાંસા, નગારાં, શરણાઈઓ, રણશિંગીઓ, ભૂંગળ ને ભેરી આદિક ઘણાં વાજાં વાગતાં હતાં. ને તેમ મહારાજની આગળ

૧. ઘોડી કે ઘોડો ઝાડ ન થાય તે માટે તેને મોઢા નીચેથી પગ સુધી બંધાતો પટ્ટો

ઘણાક ચોબદાર તે શુભ વેણના ઉચ્ચારને કરતા હતા. ને તેમ ઘણાક માણસ જે પોતાના પાળા ને અશ્વાર ને ઘણાક રાજપુરુષે વીંટાણા થકા, તે સર્વે શોભાને શોભાડતા થકા જે શ્રીજીમહારાજ તે ભાવનગરની બજાર સોંસરા ચાલતા સતા પૂરવ દિશા ઉપર પધાર્યા.

❈ ભાવનગર નરેશને શ્રીહરિએ આપેલ પ્રેમભર્યો ઉપદેશ

તે પુરનાં મનુષ્ય ઘણાં બાઈઓ ને ભાઈઓ, તે સર્વે શ્રીજીમહારાજને હાર, તોરા ને પુષ્પ ને પત્રે કરીને પ્રીતિપૂર્વક પૂજતા થકા 'જય જય' શબ્દ કરીને નમતાં હતાં. તેમ ગાજતેવાજતે ને આનંદ-ઉત્સવને કરતાં થકાં રાજદ્વારને વિશે પહોંચ્યા. ને તે નરેશની કચેરી તે અટારી(ઉપરનો માળ) ઉપર મહા શોભાયમાન છે સદન જેનું, તે સમે ઘણીક શોભાને કરાવી હતી. તેને શ્રીજીમહારાજ શોભાડતા હતા.

ને ધન્ય તે રાજાનાં ભાગ્ય ! ને ધન્ય તેનો પરિવાર ! ને ધન્ય તે રાજાની કીર્તિ ને બુદ્ધિ, જે સુબુદ્ધિથી શ્રીજીમહારાજની અનુવૃત્તિ મધ્યે રહેશે. અને તે સમે તે નરેશના રાજ મધ્યે ઘણાક સંત-મહત્પુરુષ હતા; ને વળી તે મહત્પુરુષને સર્વોપરી ને અવતારી ને સર્વે સાધુના ગુરુ એવા જે શ્રીજીમહારાજ તે ત્યાં જઈને સ્વેચ્છાથી દર્શન દેતા હતા.

અને હવે પોતાની મોટી રાજધાની મધ્યે તે રાજા પોતાના પલંગ ઉપર બેઠા હતા. તે સમે ચોબદાર શુભ વેણના ઉચ્ચારને કરતો હતો. તે સાંભળીને તે નરેશ સચેત થયા. એટલાક મધ્યે શ્રીજીમહારાજને તે નરેશે **દદૃશુર્નામ**= દેખ્યા. પછી તે સમે રાજા પોતાના પલંગ ઉપરથી ઊતરીને પૃથ્વી ઉપર ઊભા રહીને હાથ જોડીને શ્રીજીમહારાજને નમીને એમ બોલ્યા જે, "હે મહારાજ ! આ પલંગ ઉપર તમે બિરાજો."

ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "તમે રાજા છો તે પલંગ ઉપર બેસો. અમે તો રાજાના આસન ઉપર બેસતા નથી." પછી તે નરેશે એમ કહ્યું જે, "હે મહારાજ ! તમે ન બેસો તો હું પણ હેઠે બેસીશ.

તમ જેવાના પ્રતાપથી હું રાજ્યનું સુખ પામ્યો છું.” એટલાક મધ્યે તેના ચાકરે બીજો પલંગ બિછાવ્યો, તે ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થયા. ત્યારપછી તે અધિપતિ પોતાના પલંગ ઉપર બેઠા.

તે સમે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “તમે સુખિયા છો ને ?” ત્યારે તે નરેશે એમ કહ્યું જે, “હે મહારાજ ! આપે પધારીને દર્શન દીધાં, તેથી અતિ સુખ થયું.” ત્યારે શ્રીજીમહારાજ તે નૃપ પ્રત્યે એમ બોલ્યા જે, “અમે તો તમ આગે ધર્મની ફરિયાદ કરવા સારુ આવ્યા છીએ. કેમ જે, અમે શ્રીગોપીનાથજી મહારાજની મૂર્તિ મનુષ્યાકૃતિ જે અમ જેવડી તથા તમ જેવડી શ્રીદુર્ગપુરને વિષે મંદિરમાં પધરાવી છે. તે મંદિર તમે રોકાવ્યું છે.

તે અમે શ્રીધોલેરા બંદરે હતા ત્યારે અમને ટોપીવાળા સરકાર આસ્કીન સાહેબે મંદિર કરવા સારુ ધર્માદામાં જમીન આપી છે, (તેનો લેખ બતાવતાં કહે છે) તેનું લખત તમે વાંચી જુઓ. ત્યાં મૂર્તિને અમે લઈ જાતા હતા, પણ અમે કારિયાણી મધ્યે રાત્રિને વિશે બેઠા હતા, ત્યાં તો તમારા લોક જે પટેલિયા કણબી આવ્યા. તેને અમે પૂછ્યું જે, તમે ક્યાં જાઓ છો? ત્યારે તે બોલ્યા જે, ‘હે મહારાજ ! અમારે વેરો આકરો પડે છે, તે સારુ અમે ઠાકોર આગળ ફરિયાદે જઈએ છીએ.’ અમે પણ તમ પાસે તે લક્ષ લઈને ફરિયાદ કરવા આવ્યા છીએ. કેમ જે અમે પણ તમને ધર્મવેરો ભરીએ છીએ. કેમ તો અમે તમારા દેશ પ્રત્યે રહીને મહારુદ્ર ને અતિરુદ્રાદિક ને વિષ્ણુ સંબંધી ઘણા જજ્ઞ કર્યા છે. તે મધ્યે ઘણાક અગણિત બ્રાહ્મણોને મનભાવતાં ભોજન ને તે મધ્યે ઘણું ગરથ નાંખીને જમાડ્યા છે, તે જમી જમીને હાર પામી ગયા !

તેમજ તે ઘણાક વિપ્રોને દક્ષિણા, વસ્ત્ર ને હેમનાં અલંકાર આદિક આપ્યાં છે, તેમજ ગૌદાન, ભૂમિદાન, વિદ્યાદાન, અન્નદાન, રૂપાનાં દાન, ધાતુનાં પાત્રનાં દાન આદિક ઘણાંક દાન કર્યાં છે. ને હવે તમારા દેશમાં અમારા સર્વે સાધુ તે સ્ત્રી ને દ્રવ્યના ત્યાગી, બ્રહ્મવિદ્યાદિક શુભ

ગુણના ભંડાર ને મન, ઈન્દ્રિયો અને પ્રાણને વશ કરનારા છે; ને વળી સર્વોપરી ને વળી અજિત પુરુષ એવા જે ભગવાન તેને જ ભજે છે ને તેને જ જજે(પૂજે-આરાધે) છે; ને સર્વે જે માયિક પદાર્થ મધ્યેથી અજિત એવું જે પોતાનું મન તેને જીતીને, પોતાની ઈન્દ્રિયો નીરસ કરીને, પોતાનાં મન ને પ્રાણ આદિકને ભગવાનની મૂર્તિને વિશે આઠે પહોર રાખીને સર્વે માળાને ફેરવે છે. એ આદિક સર્વે અમારા સંતનાં સત્કર્મ તેનો દશાંશ ભાગ રાજાને પણ મળે છે.

તથા જે જજ્ઞાદિક સત્કર્મ ને ઘણી આહુતિ દેવસંબંધી થાતી, તે મધ્યે જેમ કોશના ધોરિયા મધ્યે જળ વહે છે, તેમ જજ્ઞને વિશે ત્રાંબાનાં પરનાળાં મધ્યે ઘીની ધારાઓ સાત દિવસ સુધી અગ્નિને વિશે થાતી હવી. ને તેમ વરૂણીવાળા ઘણાક વિપ્રો તે ઘણાંક જે હુતદ્રવ્ય તેને અગ્નિને વિષે હોમતા હવા. તેવા ઘણા વિષ્ણુના તેમજ શિવના યજ્ઞ અમે તમારા દેશ પ્રત્યે રહીને કર્યા ને કરાવ્યા છે. તે સર્વે પુણ્ય કર્યાં, તેનો દશાંશ ભાગ રાજાને પણ મળે છે.

તેમ અમે તમારા રાજ મધ્યે રહીને ધર્મકાર્ય કર્યું છે, માટે અમે પણ તમને ધર્મસંબંધી વેરો આપ્યો કહેવાય. તેમ જે રાજાના રાજને વિશે રહીને કોઈ પાપી જો પાપ કરે તો, પાપનો દશમો ભાગ પણ તે રાજાને જ આવે છે; તેમ સર્વે સત્શાસ્ત્ર કહે છે. તે સારુ અમે તમને કહી દેખાડીએ છીએ.

અને અમે ને અમારા સંત કેવા છીએ ? તો લ્યો તમને અમે કહી દેખાડીએ. અમારા સંત ને અમે તે સર્વે શ્રીકૃષ્ણ ભગવાનના ઉપાસક છીએ ને વળી તેના સેવક છીએ. ને તે તો સર્વનિધિ છે ને ચિંતામણિ તુલ્ય છે, ને વળી કલ્પતરુ જેવા પ્રતાપવાન છે. તેમના વિષે જે કોઈ મનુષ્ય જેવું ચિંતવે છે, તેને તેવું જ ફળ થાય છે. જે મનુષ્ય અમારા સંતોનું અને અમારું સારું કરવા ઈચ્છે, તેનું તો સારું જ થાય છે. ને

જે તેનું ભૂંડું ઇચ્છે છે, તે જનનું અતિ ભૂંડું થાય છે. કેમ જે કલ્પતરુ ને સંત તે તો કોઈ જીવનું ભૂંડું કરે એવા હોતા નથી, પણ તે જે ચિંતવે છે તેનો જ વાંક છે. તે સારુ કલ્પતરુ ને સંતપુરુષની સમીપે રહીને સારું જ ઇચ્છવું." આમ તે નૃપતિ આગળ સામ ને ધર્માદિકની વાત કરીને શ્રીજીમહારાજે તેમને અતિ રાજી કર્યા.

❁ ભાવનગર નરેશે ગઢડા મંદિર માટે પાકો લેખ કરી આપ્યો

હવે તે સમે તે નરેશ બોલ્યા જે, "હે મહારાજ ! મારી ઉપર તમે મોટી કૃપા કરીને મારા પુર ને મારા ઘર પ્રત્યે આપ પધાર્યા છો. ને તમે મારા દેશને વિશે દુર્ગપુરને વિશે રહો છો, તેથી મારું રાજ્ય તે સર્વે રાજ્યથી અધિક શોભા લે છે. ને આ ગઢડું તો મારું છે, પણ દેશાવરને વિશે તો એમ કહેવાય છે જે, 'કિયું ગઢડું ?' ત્યારે સર્વે લોક એમ કહે છે જે, **'સ્વામિનારાયણનું ગઢડું છે.'** ત્યારે હે મહારાજ ! તમે તમારા ગામ મધ્યેથી કેમ જાશો ? ને જો તમે જાઓ તો હું કેમ જાવા દઉં ? નહીં જાવા દઉં. ને જેમ તમે રાજી થાઓ તેમ કરું."તેમ કહીને રાજાએ બરકાસનો હુકમનો પત્ર લખી આપ્યો. ને કહ્યું જે, "કોઈના કહ્યાથી મેં તમારો અપરાધ કર્યો હશે, તેની તકસીર માફ કરવી. ને મહારાજ ! હવેથી તમે જેમ કહો તેમ હું કરું." ત્યારે શ્રીજીમહારાજ તે સમે મંદમંદ હસતા થકા એમ બોલ્યા જે, "જો તમારા પુરને વિશે શ્રીગોપીનાથજી મહારાજની મૂર્તિ ને તેનાં મંદિર ને તેના આશ્રિત જે જન તેની મદદ કરવી હોય તો અમને પાકું લખત કરી આપવું જોઈશે." ત્યારે તે રાજાએ એમ કહ્યું જે, "હે મહારાજ ! તમે સત્ય કહ્યું. લાવો પત્ર ને જેમ તમે રાજી થાઓ તેવું હું લખત કરી આપું."

તે સમે શ્રીજીમહારાજે તે રાજાને પુરાતની રાજાઓની સત્ય ને ધર્મ મધ્યે રહીને દાન આપ્યાં હતાં, તે વાતને કહી દેખાડી. તે મયૂરધ્વજે પોતાનું અંગ આપ્યું હતું તથા શિબિરાજાએ હોલા સાટે પોતાનું માંસ

આપ્યું હતું. તથા જરાસંધ રાજા બ્રહ્મણ્ય[૧] હતો, તે જ્યારે ભગવાન, અર્જુન ને ભીમ તે વિપ્રનો વેશ ધરીને તેમની પાસે ગયા, ત્યારે જરાસંધે તેમને કહ્યું જે, "તમે વિપ્ર તો નથી, ને આ કપટવેશ ધારીને આવ્યા તે કોણ છો? હું જે બોલ્યો છું, તે સત્ય છે." ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું જે, "હે રાજા ! હું કૃષ્ણ છું ને આ અર્જુન છે ને આ ભીમ છે." તે સર્વે ઈતિહાસ મહારાજે નરેશ આગળ કહ્યો.

પછી બરકાસનો પત્ર લખી આપ્યો. તેમ પત્ર લાવીને શુભ અક્ષરે કરીને 'ધર્માદાદાણ[૨] માફ તથા સર્વ પ્રકારે આ મંદિરની મદદ રાખવી' એ આદિક ઘણાક શબ્દનાં ખાંચ ને ખોચુંના બંદોબસ્ત[૩] કરાવીને તે મધ્યે એમ લખ્યું જે, 'આ મંદિરની મદદનું જે લખત છે, તે અમારા વંશપરંપરાને પાળવું સહી(મંજૂર; માન્ય) છે.' તેમ લખીને તે પર પોતાની મહોરની છાપ તે પોતે જ કરી. ને તેમજ પોતાના દસ્તકની સહી કરી આપી. ને સાક્ષીએ સહિત લખત કરાવીને શ્રીજીમહારાજને અર્પણ કર્યો.

પછી તે નરેશે શ્રીજીમહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! હવે તમે મારા પુરને વિશે એક માસ સુધી મારા જ મેમાન થઈને રહો. હું તમારી સેવા જેવી મારાથી બનશે તેવી કરીશ. ને હું મુખજબાપેથી બોલ્યો છું, તેમ મારા વંશપરંપરાને કબૂલ-મંજૂર છે." ત્યારે શ્રીજીમહારાજ તે નરેશ પ્રત્યે એમ બોલ્યા જે, "અમે તો પ્રભાતે જ ચાલશું, કેમ જે અમે આંહીં છીએ એમ લોકો સાંભળે, તો વાંસે ઘણાંક માણસની ભીડ થાય, તે સારુ અમે શ્રીદુર્ગપુરે જાશું."

ત્યારે નરેશે એમ કહ્યું જે, "હે મહારાજ ! પંદર દિવસ નહિ તો પાંચ દિવસ સુધી તો રહો, સર્વે મનુષ્યની હું ચાકરી કરાવીશ." ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "હમણાં તો નહિ રહીએ. ને અમને તમે રજા આપો ને વળી કોક સમે અમે આવશું."

૧.બ્રાહ્મણો પ્રત્યે સદ્‌ભાવ અને તેમનામાં આસ્થા રાખનાર ૨.ધર્મકાર્યનિમિત્તના માલસામાનનો વેરો-ટોલ ૩.ભવિષ્યમાં વિવાદ કે વિરોધ ન થાય તેવું લખાણ

ત્યારે તે નરેશે પોતાના મનમાં વિચાર્યું જે, 'મહારાજ કોઈના રોક્યા રહે એવા નથી.' માટે પોતે શ્રીજીમહારાજની વસ્ત્ર ને હેમનાં અલંકાર ને રૂપમુદ્રિકા તથા હાર, તોરા, ગજરા ને બાજુબંધ આદિક ઘણાક પુષ્પના આભૂષણે કરીને પૂજા કરી. તે સર્વ આભૂષણને શોભાડતા થકા ને ઘણાંક વાજાં વાગતાં થકાં તે પુરની બજાર સોંસરા ચાલીને સર્વે મનુષ્ય જે સ્ત્રી ને પુરુષ તેને દર્શન દેતા થકા પોતાને ઉતારે પધારીને સાબદાઈ કરતા હવા.

અને ત્યાંથી ચાલ્યા તે ગામ દુર્ગપુરને સમીપે આવ્યા. ત્યારે ત્યાંના હરિજન ઘણાં વાજાં લઈને સામા આવ્યા ને ગાજતેવાજતે શ્રીજીમહારાજને ઉત્તમ નરેશના દરબાર મધ્યે પધરાવ્યા.

પછી શ્રીજીમહારાજે સંત ને હરિજન પ્રત્યે વડતાલ સમૈયાની વાત(૧), ને અમદાવાદમાં શંકરાચાર્યને જીતીને મોરુબાની રક્ષા કરી તે વાત(૨), ને ધોલેરા મધ્યે સરકાર આસ્કીન સાહેબને મળીને મદનમોહનજીની જાયગા લીધી ને તેના લખતના બંદોબસ્તની વાત(૩), ને ભાવનગરને વિશે ઠાકોરને મળ્યા ને શ્રીગોપીનાથજી મહારાજના મંદિરનો બંદોબસ્ત કરાવ્યો તે વાત(૪), એ આદિક સર્વે વાતનાં પ્રકરણ નામે આ ભાવનગરનું આખ્યાન સમાપ્ત થયું. સંવત્ ૧૮૮૫ ના માગસર સુદિ ૧૦ ગઢપુરે પધાર્યા, તે યાદી છે.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'ધોલેરામાં આસ્કીન સાહેબે અને ભાવનગરમાં રાજાએ મંદિરનો લેખ કરી આપ્યો' એ નામે એકતાલીસમું પ્રકરણ ॥૪૧॥



પ્રકરણ - ૪૨

લક્ષ્મીવાડીમાં સંતોની ધર્મશાળા કરાવી ને તેનો ઉત્સવ કરાવ્યો

❉ ગુજરાતમાંથી કેરી મંગાવીને ગઢપુરમાં સેવાર્થીને જમાડી

હવે એક દિવસના સમાને વિષે શ્રીજીમહારાજ ગામ **શ્રીદુર્ગપુર**ને વિષે બિરાજમાન હતા. તે સમે શ્રીજીમહારાજે ઘણાંક ગાડાં ભરીને ગુજરાત મધ્યેથી કેરીઓ મંગાવી. ને સર્વે સંતને તથા સર્વે હરિજન બાઈઓ તથા ભાઈઓને જમાડી. ને પોતે પોતાના હાથે જ આમ્રફળને પીરસીને જમાડતા થકા એમ બોલ્યા જે, "અમે તમ સર્વે હરિજન ઉપર ઘણા રાજી થયા છીએ જે, અમે અહીં ભારે સમૈયો કરીએ છીએ તેમાં સર્વે દેશોદેશના અગણિત હરિજન આવે છે. તેની સેવા-ચાકરી તમે પ્રીતિપૂર્વક કરો છો ને આ સર્વે સંતની સેવા તે ભાઈમાત્ર અતિ ભાવે સહિત કરો છો; તેથી અમે તમને આ ફળ જમાડીએ છીએ. તેથી તમે આ લોક ને પરલોકને વિશે મોટા ફળના લાભને પામ્યા છો. આ વાત તો અતિ મોટી છે, એમ જાણજો. ને આ સમાની સ્મૃતિ રાખશો તો મોટા કષ્ટથી તમને ઉગારશે, તેમ છે."

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ ગામ શ્રીદુર્ગપુરને વિષે બિરાજમાન હતા. તે શ્રીજીમહારાજ પોતાની ઈચ્છાથી એક પરિયાણ કરતાં થકાં બોલ્યા જે, 'સર્વે સંતને ક્યાંય ઉતારાની જાયગા નથી.' ત્યારે તે સમે ઉત્તમ નરેશે એમ કહ્યું જે, "હે મહારાજ ! તમે જ્યાં કહો ત્યાં જાયગા કરાવીએ." ત્યારે સંત મુક્તાનંદજી, નિત્યાનંદજી, બ્રહ્માનંદજી તથા ચૈતન્યાનંદજી આદિક ચાર સદ્‌ગુરુ સંતજન એમ બોલ્યા જે, "હે મહારાજ ! આપણે સંતના ઉતારાની ધર્મશાળા લક્ષ્મીવાડીએ કરાવીએ તો ઠીક." ત્યારે શ્રીજીમહારાજ ઘણું રાજી થઈને એમ બોલ્યા જે, "હે સાધુ ! તમે ઠીક વિચાર્યું."

તેમ તે સમે પોતે ઘોડીએ અસવાર થઈને ઘણાક સંત-હરિજને વીંટાણા થકા લક્ષ્મીબાગને વિશે પધાર્યા. ને તે સ્થળને વિશે પધારીને તે ધર્મશાળા ચણાવાનો ઠેરાવ કરીને ઘણાક કડિયા ને સંતે સહિત ચણાવવા લાગ્યા. ને તેમ ઘણેક દહાડે ચણાવીને સંપૂર્ણ કરાવી. ને તે સમગ્ર ધર્મશાળા પૂરી થઈ ત્યારે તે સ્થળને વિશે શ્રીજીમહારાજ પધાર્યા. ત્યારે સર્વ સંતે તે ધર્મશાળા લીંપીને તેમાં સુગંધી જળે કરીને છંટકાવ કર્યો હતો. તે જોઈને શ્રીજીમહારાજ સંત ઉપર ઘણા રાજી થયા. પછી સંતોએ એમ કહ્યું જે, “કાલે અમે તમારી પધરામણી કરીશું.”

તે સમે ખોલડિયાદના હરિજન ખેંગારભગત એમ બોલ્યા જે, “હે મહારાજ ! હું કાલે આ સર્વે સંતને પાકી રસોઈ આપીશ.” ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “આ સાધુએ નવી ધર્મશાળા કરાવી છે, તે ઠેકાણે સંત તથા બ્રહ્મચારીને જમાડશો તેથી મોટો ઉત્સવ થાશે.”

પછી તેમણે પ્રતિદિને સર્વે સંત આદિકને રસોઈ આપી ને શ્રીજીમહારાજનો થાળ કરાવ્યો. ને સર્વે સંતે મલ્લિકા, થલકમળ વગેરે ભાતભાતનાં ઘણાંક પુષ્પ ઘણાંક વીણીને ઘણાં હાર, તોરા, ગજરા, નૂપુર, બાજુબંધ ને પુષ્પના જામા, પુષ્પની ટોપી ને માથે પહેરવાની ફૂલની ચિત્ર-વિચિત્ર પાઘડી આદિક બનાવ્યાં. ને ગામ મધ્યેથી શ્રીજીમહારાજનો ભારે પલંગ લાવીને દિવ્ય હિંડોળો બનાવતા હતા. તે સમાની શોભાને લખું છું.

તે મોટા દોર લાવીને ઘોડિયાટે બાંધીને તે ઉપર ઘણાક રંગનાં પટ ચિત્ર ને વિચિત્ર કરીને વીંટ્યાં. ને તે મધ્યે ચારેકોરે કમાનો મૂકી. તે સમે નિષ્કુળાનંદસ્વામીએ તે હિંડોળો હેતેથી કરીને પોતાનો સર્વે કસબ તે સમે દેખાડતા હતા. તે ન ભૂતો ન ભવિષ્યતિ !

તે મધ્યે ઘણીક ક્ષુદ્ર(નાની) ઘંટીકાઓ ને મોટી ઘંટીકાઓ બાંધી હતી. તેના રણકાર ને ઝણકારના શબ્દ તેની અતિ શોભા, તે સર્વે જનના

શ્રવણને શોભાને ઉપજાવતા હવા. ને તે હિંડોળા મધ્યે ઘણા પુષ્પના હાર વીંટ્યા હતા. ને તે મધ્યે ઘણાક તોરા ને લીંબુ તે નાના પ્રકારના રંગે કરીને રંગ્યાં હતાં. તેણે કરીને સર્વે જનના નેત્રને સુખ ઉપજાવતાં હતાં. ને હિંડોળાની ઉપર ઘણાક સુગંધીમાન પુષ્પના મોર, પોપટ ને હંસાદિક વિહંગ બનાવ્યાં હતાં, તે તો સત્ય પ્રતીતિને કરાવતાં હતાં. તેમ સર્વે પ્રકારેથી શણગારી હિંડોળો પૂરો કરી રહ્યા. ત્યારે શ્રીજીમહારાજનો થાળ તથા સંતને જમવાની રસોઈ પણ તૈયાર થઈ ગઈ.

તે પછી શ્રીજીમહારાજને નિત્યાનંદસ્વામી તેડવા આવ્યા ને એમ કહ્યું જે, “હે મહારાજ ! તમારો થાળ તૈયાર છે ને અમારી રસોઈ પણ હાલ તૈયાર છે, તેથી આપ પધારો.” એમ કહ્યાથી શ્રીજીમહારાજ શીઘ્ર ઘોડી ઉપર અસવાર થયા ને ઘણાક સંત-હરિજને વીંટાણા થકા ને સર્વે શ્વેત વસ્ત્રને ધારીને લક્ષ્મીબાગે સંતના સદન પ્રત્યે પધાર્યા. ને ત્યાં વિરાજમાન થયા. તે મોરે સર્વે સંતે ઘણા સુગંધીમાન જળે કરીને ધર્મશાળાનું ફળિયું, ઓસરી ને ઘર તેમાં છંટકાવ કર્યો હતો. તે સમે મધુમાસ(ચૈત્રમાસ) ને ગ્રીષ્મ ઋતુ હતી, તેથી ઘણા પુષ્પના વીંજણા ને સુગંધીમાન વાળાના વીંજણા તેણે કરીને નિત્યાનંદજી આદિક વાહરને નાંખવા લાગ્યા.

પછી શ્રીજીમહારાજ નાહીને જમવા બેઠા ને જમતા જાય છે ને જળ પીતા જાય છે. ને પોતાના ઉદર ઉપર પોતાનો ડાબો ભુજ ફેરવવાનો છે સ્વભાવ જેનો, એવા જે શ્રીજીમહારાજ તે સુખેથી જમી રહ્યા. પછી ચળુ કરીને મુખવાસાદિક જમ્યા. તેમજ જમીને સંતની પંક્તિઓ કરાવી ને પોતે મોદક પીરસીને જમાડવા લાગ્યા. ને પંક્તિ મધ્યે ઘણીકવાર ફરી સંત ને પાળાને જમાડી રહ્યા.

પછી સંતે કેસર ને મલિયાગરી ચંદને કરીને શ્રીજીમહારાજનાં સર્વે અંગ ચર્ચ્યાં ને ચરણને ચર્ચીને પોતાના મસ્તકે ધાર્યાં. પછી નિત્યાનંદજી

આદિક સર્વેએ એમ કહ્યું જે, "હે મહારાજ ! આ શોભાયમાન જે પુષ્પનો હિંડોળો તે ઉપર આપ બિરાજમાન થાઓ." પછી તે ઉપર શ્રીજીમહારાજ બેઠા.

પછી સંત સર્વે પુષ્પનાં આભરણોને મોટી મોટી છાબુમાં ભરીને લાવ્યા. તે ઘણાક મોગરાના ને ઘણાક ગુલાબના હાર ને ઘણાક તોરા ને ઘણાક બાજુબંધ ને ઘણાક ગજરા ને નેપુર તે મહારાજને પહેરાવ્યા. ને મસ્તકે પુષ્પની ટોપી ને પુષ્પની મોટી પાઘડી બંધાવી ને કાનની ઉપર પુષ્પના બે ગુચ્છ ધરાવ્યા. ને તેમજ તે સમે મહારાજ મલ્લિકાદિકના પુષ્પનો શોભાયમાન જામો શોભાડતા હતા.


પછી તે હિંડોળાની રેશમની દોરડી, તે સંત ઋષભાનંદજી તાણીને શ્રીજીમહારાજને ઝુલાવતા હતા. તે સમે શ્રીજીમહારાજ ઉગમણે મુખે બિરાજમાન હતા ને પોતાની આગળ સંત ને હરિજનની આથમણે મોઢે સભા થઈ હતી. ને શ્રીજીમહારાજને ભાલે સુંદર કેશરની અર્ચા કરી હતી ને તે મધ્યે અતિ શ્રેષ્ઠ કુંકુમનો ચાંદલો કર્યો હતો, તે અતિ શોભતો હતો. તે સમે શ્રીજીમહારાજે ગવૈયા સંત પ્રેમાનંદજી આદિકને વાજાં લઈને તેડાવ્યા. ત્યારે તેઓ આવીને તે સમે સારંગ રાગે હિંડોળાના પદ બોલવા લાગ્યા. તેમ ઘણાંક પદ તે સંત બોલે છે, તે ભેગા ચપટી વગાડીને મહારાજ પોતે પણ બોલતા હતા.

તે સમાની મૂર્તિની શોભા શું કહું ! તે મૂર્તિ ચંદને કરીને ચરચી હતી. ને ઘણા પુષ્પના આભૂષણે કરીને નટવાના જેવા વેશને ધાર્યો હતો. તે સમે મોટો મહોત્સવ કરીને, સર્વે જનને આનંદ ઉપજાવતા થકા, પોતાની ઘોડી ઉપર અસ્વાર થઈને પાછા દુર્ગપુર ગામ મધ્યે પધારે છે. તે સમે ઢોલ, નગારાં, ત્રાંસાં, શરણાઈઓ, ભૂંગળ, ભેરી, રણશિંગીઓ, ઝાંઝ, મૃદંગ, રવાજ ને કાંસિયા આદિક ઘણાં

INDEX

વાજાં વાગી રહ્યાં છે ને ઘણા પુષ્પના આભરણને શોભાડતા થકા, વનમાળી(લક્ષ્મીબાગરૂપી ઉપવનનાં પુષ્પોની માળાઓ જેમણે પહેરી છે એવા શ્રીજીમહારાજ) ઉપવનેથી(લક્ષ્મીબાગથી) પુરને વિશે ઉત્તમ નરેશના દરબારને વિશે પધાર્યા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'લક્ષ્મીવાડીમાં સંતોની ધર્મશાળા કરાવી ને તેનો ઉત્સવ કરાવ્યો' એ નામે બેતાલીસમું પ્રકરણ ॥૪૨॥





ગઢપુરમાં ગાડા પર બેસી સંતો-ભક્તોને કેરીઓ આપતા શ્રીજીમહારાજ.

પ્રકરણ - ૪૩

શ્રીહરિ સંતો-ભક્તો સહિત વૌઠાના મેળામાં પધાર્યા

એક સમાને વિશે શ્રીજીમહારાજ પોતાની ઈચ્છાએ સર્વ દેશોદેશને વિશે વિચરતા થકા સુખ દેતા હતા. જે જે દેશને પ્રત્યે જે જીવ મુમુક્ષુજન તે સ્ત્રી ને પુરુષ હોય, તે તે દેશમાં તેના મોક્ષને અર્થે છે વિચરવું જેનું, એવા જે શ્રીજીમહારાજ તે **વૌઠાના** મેળાની તીરથયાત્રામાં ઘણાક જનને દર્શન દેતા હવા. ને તે જાત્રાને વિષે ઘણા સુપાત્ર દ્વિજને જમાડતા હવા.

ને વળી તે મેળાને વિશે ઘણા પંડિત, ને ઘણાક જે મતવાદી વેદ ને શાસ્ત્રના ભણેલા, ને ગોસ્વામીના શિષ્યો તે પણ ઘણા આવ્યા હતા. તેમને શ્રીજીમહારાજ પોતાનો મોટો પ્રતાપ જે ઉદારપણા આદિક દેખાડતા હવા. સર્વે પોતપોતાની સામર્થીએ કરીને શ્રીજીમહારાજને જીતવાની ઈચ્છાથી તે સર્વે જે મતવાદી જન, તે સર્વે ભેગા મળીને આવ્યા. શ્રીજીમહારાજ પાસે અતિ માનના ભરેલા થકા આવીને, વાંકડા વાંકડા પ્રશ્નો નોખા નોખા ઘણા ભેખધારી તથા શ્રીજીમહારાજને વિદ્યાવાદે કરીને જીતવાની છે ઈચ્છા જેને, એવા ઘણી વિદ્યાના ભણેલા બ્રાહ્મણોનો સમૂહ તે સર્વે મહારાજને નોખા નોખા પ્રશ્નો પૂછીને એમ બોલ્યા જે, “હે મહારાજ ! આ સર્વે અમે પૂછ્યા તે પ્રશ્નોના ઉત્તર કરો.” ત્યારે તે સમાને વિશે શ્રીજીમહારાજની મૂર્તિની શોભા ને સભાની વાત લખું છું.

શ્રીજીમહારાજે કિનખાબનો સુરવાળ પહેર્યો હતો, તે માંહ્યલી કોરે ધોતિયા સહિત પહેર્યો હતો. ને માથે ભારે જરિયાની મંડીલ બાંધ્યું હતું. ને તેમજ સોનેરી જરિયાની ડગલી પહેરી હતી. કટી ઉપર એક જરિયાની શેલું ચોગઠ પાડીને બાંધ્યું હતું ને એક નીલું શેલું જરિયાની છેડાવાળું પોતાને ખંભે ધાર્યું હતું. ને કરને વિશે કનકનાં વાઘમોરા કડાં પહેર્યાં હતાં. ને આંગળીઓને વિશે વેઢ ને વીંટીઓ તથા કરમાં

બાજુબંધ ને પોંચીઓ પહેરી હતી. ને ઘણાં પુષ્પ જે મલ્લિકાદિક ને થલકમળના જે હાર, તોરા, ગુચ્છ ને ગજરા ને સર્વે શોભાને શોભાડતા થકા, ને અગણિત જન જે સ્ત્રી ને પુરુષ તેમણે વીંટાણા થકા, ને મંદમંદ હાસ્યને કરતાં થકાં, મુક્તાનંદાદિક સર્વે સંતે વીંટાણા થકા ને **વૌઠા** તીર્થને વિશે બિરાજમાન થકા સર્વે મતવાદી મનુષ્યે પૂછ્યા જે પ્રશ્ન તેના ઉત્તરને કરતા હવા. અને શ્રીજીમહારાજને સર્વેએ પૂછ્યા જે પ્રશ્ન તેના ઉત્તર ભિન્ન ભિન્ન કરતા હવા. કેમ ? તો અલૌકિકપણે ને જેમ સૂર્ય પોતાના પ્રતાપથી પોતાના મંડળને વિશે રહ્યા થકા રાત્રીના અંધકારને ટાળી નાંખે છે, તેમ શ્રીજીમહારાજ પોતાની યોગમાયાની સામર્થીથી મેઘ સરખી ગંભીર વાણીના વચને કરીને, અમૃતરૂપી શબ્દની ઝડીરૂપ જે ઉત્તર તેને કરતા હવા.

પછી શ્રીજીમહારાજે તે સર્વે ભણેલા મનુષ્ય પ્રત્યે આ પ્રશ્ન પૂછ્યા હતા, તેનાં નામ છે જે, 'સુષુમ્ણા નામે નાડી તે પિંડ મધ્યે કેમ રહી છે ને બ્રહ્માંડને વિશે કેમ રહી છે ? એક તો એનો ઉત્તર કરી દેખાડો. ને બીજો પ્રશ્ન એ છે જે, બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે જેમ ષટ્ચક્ર રહ્યાં છે, તેને ભિન્ન ભિન્ન કહી દેખાડો. ને ગણપતિ આદિક (છ દેવતાઓને રહેવાના છ સ્થાનમાં) છો ચક્ર છે, તેના નોખા નોખા ઉત્તર(વિક્તિ) કરી દેખાડો. તેમ અમે તમને પૂછીએ છીએ. ને વિદ્યાશક્તિ ને અવિદ્યાશક્તિ તેનાં ભિન્ન ભિન્ન રૂપ કહી દેખાડો.' એ આદિક ઘણા અલૌકિક પ્રશ્ન શ્રીજીમહારાજે કર્યા.

તે સાંભળીને સર્વે પંડિત ને ભેખધારી પુરુષ આશ્ચર્યને પામ્યા. ને અતિ કઠણ ને અલૌકિક એવા જે શ્રીજીમહારાજના પ્રશ્ન તેમણે દીઠા પણ નથી ને સાંભળ્યા પણ નથી. તે સાંભળીને સર્વે જન હાર પામીને એમ બોલ્યા જે, "હે સમર્થ ! તમારા પ્રશ્ન અતિ કઠિન છે, તેના ઉત્તર તમે જ કરો." તેમ તે સમે શ્રીજીમહારાજે ગણપતિના સ્થાનેથી તે છોયે

ચક્રની વાત વિસ્તારીને કહી દેખાડી. તે સાંભળીને પોતે પોતાના મનશું એમ જાણ્યું જે, 'આ તો કોઈ મહત્પુરુષ છે ખરા ! તે વિના આવા અલૌકિક પ્રશ્ન પૂછવા કોઈ સમર્થ નથી.' એમ જાણીને સર્વે પંડિત નમતા હવા. તે સમે શ્રીજીમહારાજે તે સર્વે પંડિતોને ઘણા પ્રકારની દક્ષિણા ને વસ્ત્ર અપાવ્યાં.

પછી તે સ્થળને વિશે શિવજીનું મંદિર હતું, ત્યાં શ્રીજીમહારાજે મૃડનાં દર્શન કરીને, તેના પૂજારી બ્રાહ્મણને પોતાનાં ભારે જરિયાની વસન ને હેમના અલંકાર, તે શિવના પૂજારીને આપ્યાં. તે ઘણાંક મૂલાં વસ્ત્ર ને હેમનાં ઘરેણાં આપી દીધાં. તે જોઈને સર્વે જન એમ બોલ્યા જે, "અરે ભાઈઓ ! આ જે ઘણાં મૂલવાળાં વસ્ત્ર ને ઘરેણાં, તે તો સ્વામિનારાયણ જ આપી શકે બીજાનો ભાર નહીં. આ મહારાજ જો અતિ ત્યાગી છે, તેથી જ તેમના સંત સ્ત્રી ને દ્રવ્યના ત્યાગી છે. અરે ભાઈઓ ! જે ગુરુ ત્યાગી હોય, તેના સંત પણ ત્યાગી હોય, તેમાં શું કહેવું ?" તેવી જ વાર્તાને સર્વે જન પરસ્પર કરતા હવા.

પછી સર્વે હરિજન આવ્યા હતા, તેમણે મોટા થાળ કર્યા હતા. તે શ્રીજીમહારાજે પોતાને ઉતારે મંગાવીને પોતે જમીને, સર્વે સંતમંડળને પીરસીને જમાડતા થકા મોટા ઉત્સવને કરાવતા હવા. તેમ તે સમે શ્રીજીમહારાજ ગોવાળ મંડળીની રીતેથી સંતજનને પોતે જ પીરસતા હવા. તેમ જમાડીને સભા કરી ઘણાં વિષ્ણુપદ બોલાવ્યાં. પછી સંધ્યાને સમે ગોડી-આરતી બોલાવીને પ્રથમ પોતે **'રામ કૃષ્ણ ગોવિંદ હરે નારાયણ'** આદિક ધૂન બોલે છે, ને પાછળ સૌ ઝીલે છે. પછી પ્રથમ પોતે સર્વે સંતસભાને નમ્યા. પછી સર્વે સંતજન શીઘ્ર નમ્યા.

પછી શ્રીજીમહારાજ ઊભા થઈને સર્વે સંત તથા હરિજન પ્રત્યે એમ બોલ્યા જે, "સર્વે જન કાલે પ્રભાતે ચાલી નીકળજો ને અમે પણ પ્રભાતે ચાલશું. કેમ જે, મેળો પૂરો થઈ રહ્યો છે, તે સહુ સહુના સ્થાનક

પ્રત્યે જાઓ. ને ભગવાનની સ્મૃતિ રાખવી.” પછી સર્વે જન પોતપોતાના સદન પ્રત્યે ગયા. ઈતિ શ્રીવૌઠાના સમૈયાનું આખ્યાન સમાપ્ત થયું.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે ‘શ્રીહરિ સંતો-ભક્તો સહિત વૌઠાના મેળામાં પધાર્યા’ એ નામે તેંતાલીસમું પ્રકરણ ॥૪૩॥



પ્રકરણ - ૪૪

હળવદમાં વાદીઓનો પરાભવ અને ખોખરા-મેમદાવાદમાં અસુર ભેખધારીઓ સામે લડાઈની તૈયારી

❁ શ્રીહરિ વૌઠાથી ધમડકા થઈ હળવદ પધાર્યા

વૌઠાનો મેળો પૂરો થયા પછી, શ્રીજીમહારાજ કચ્છ દેશ ને વાગડ દેશ પ્રત્યે ગામ **ધમડકા** મધ્યે પધારી, તે ગામના રાજા જે **રાયધણજી** ને **રામસિંહ** તેના દરબારને શોભાડતા થકા રહેતા હવા. તે ભક્તો શ્રીજીમહારાજને પોતાના ભક્તિભાવે કરીને અતિ રાજી કરતા હતા. ધન્ય તે રાજાના ગામને ને તેના પરિવારને, કે જેના ઘરને વિશે પૂર્ણ પુરુષોત્તમ પધાર્યા હતા !

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ પોતાની ઈચ્છાથી તે ગામ ધમડકા મધ્યેથી પધાર્યા. તે સમાની વાત ને શ્રીજીમહારાજની મૂર્તિનું ચિંતવન તે મારી મતિને અનુસારે જેમ દીઠું ને સાંભળ્યું છે, તેમ લખું છું. તે સમે શ્રીજીમહારાજની કિશોર અવસ્થા હતી ને પોતે હીરાગળ વસ્ત્ર પહેર્યાં હતાં ને ઓઢ્યાં હતાં ને માથે બાંધ્યાં હતાં, તેની વિગત : એક પીળું પીતાંબર પહેર્યું હતું ને એક પીળું પીતાંબર રેશમી કોરે મોટું ને બેવડું ઓઢ્યું હતું. એક રાતું પીતાંબર મસ્તકે બાંધ્યું હતું ને કરને

વિશે એક જરિયાની છડી પકડી હતી. એવી શોભાને શોભાડતા થકા ને પોતાની ભેગા અશ્વાર ને પોતા સહિત પાંચ હતા. તેમનાં નામ - એક તો શ્રીજીમહારાજ પોતે શોભાયમાન રોઝી ઘોડી ઉપર બિરાજતા હવા ને ચાર બીજા - રાયસિંહ, રામસિંહજી, જયમલજી તથા તેનો અનુચર ભારમલ, એમ પાંચ અશ્વાર તે સમે ચાલતા હવા. તે સમાને વિશે ઈતરાગી(વીતરાગી) સંતને બહુ મારતા હતા. તે જોઈને શ્રીજીમહારાજે એમ વિચાર્યું જે, 'તેને અમારું પુરુષાતન જણાવીને તે સાથે જુધ કરીને હાર પમાડવા ખરા.' તે ગામ, પુર, ખેટ, ખર્વટ, વન, પર્વત, રણ, નદી, તડાગ, વાપી, કૂપ ને કેટલાક તો નિર્જળ દેશ ને કેટલાક નિરદે(નિર્દય; ઘાતકી) દેશને ઉલંઘન કરતાં થકાં દેશ ઝાલાવાડ મધ્યે **હળવદ** પુરની સમીપે પધાર્યા.

❈ હળવદમાં વિપ્રો તથા વૈરાગીઓને શ્રીહરિનો ગુણ આવ્યો

ત્યારે ત્યાંના હરિજનોને ખબર થઈ જે, 'શ્રીજીમહારાજ પધારે છે.' તેથી ઘણા હરિજન શ્રીજીમહારાજને સામૈયે આવ્યા. તે ભેગાં ઘણાં વાજાં જે ઢોલ, ત્રાંસાં, મૂર્ફા, નગારાં, શરણાઈ, ભૂંગળ, ભેરીઓ ને રણશિંગીઓ આદિક વાગતાં હતાં. ને ઘણા વેદના ભણેલા વેદિયા[૧] આદિક ચારે વર્ણના મનુષ્ય સામૈયે આવીને વિધિવત્ મધુપર્ક[૨] કરીને ષોડશોપચારે કરી શ્રીજીમહારાજની પૂજા કરી. તે **જાની શિવભાઈ** અગ્નિહોત્રી આદિક વેદ ને શાસ્ત્રના ભણેલા ભૂસુરે(ભૂદેવોએ) પૂજ્યા થકા તે પુર પ્રત્યે પધાર્યા. તે સમાની શોભા ને સમાજ તે લખું છું.

શ્રીજીમહારાજની ઘણમૂલી રોઝી ઘોડી મતવાલી, જાતવંત ને શીલગુણે યુક્ત હતી, તે ઉપર ભારે સખલાદી પલાણ, ડૂમચી, ઘણાં હેમ ને રૂપાનાં પેઘડાં, તંગીનાં કડાં ને હેમનો મોવડ ને ચોકડાની

૧.વેદનો પાઠ કરનારા ને વૈદિક કર્મકાંડ કરનારા બ્રાહ્મણ

૨.દહીં, ઘી, મધ, સાકર અને પાણીને એક પાત્રમાં લઈ કરવામાં આવતો સત્કારવિધિ

શોભા હતી. અને ઉર મધ્યે હેમનાં તાવીજ-માદળિયાં ને તે મધ્યે ઘૂઘરી ઘંટિકાના શબ્દાયમાને કરીને અતિ શોભાયમાન ઘોડી ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન હતા. તે સમાની મૂર્તિની શોભાને હું શાસ્ત્રી લક્ષ્મીરામ તે સંત ને હરિજનની કૃપાથી કહું છું.

તે સમે **શ્રીજીમહારાજની કિશોર અવસ્થા વર્ષ સોળને** આસરે હતી. ને પોતે જે વસ્ત્ર પહેર્યાં હતાં તેને લખું છું - એક પીળું પીતાંબર પહેર્યું હતું ને એક પીળું પીતાંબર માથે છોગાં મેલીને બાંધ્યું હતું. એક રાતું પીતાંબર મોટી કોરનું ને કર્મદરંગે[૧] રંગેલું તે માથે બાંધ્યું હતું. તેમ ત્રણે વસ્ત્ર હીરાગળનાં ધાર્યાં હતાં. ને અતિ શોભાયમાન છે મૂર્તિ જેમની, એવા જે શ્રીજીમહારાજ તેમની આગળ ઘણાં વાજાં વાગતાં હતાં; ને વેદ, પુરાણ ને શાસ્ત્રના ભણેલા ઘણાક બ્રાહ્મણ સ્વસ્તિવાચનાદિક ઘણાક મંત્રને ભણતા હતા. ને ઘણા માગધ ને બંદીજન ગાનતાન ને વખાણ કરતા હવા. ને ઘણા અબીલ ને ગુલાલને ઉડાડતા થકા તે **હળવદ** પુરની બજાર સોંસરા થઈને ઘણાક જને વીંટાણા થકા **દવે કુબેરજી**ના ઘેર ઉતારો કર્યો. તેણે શ્રીજીમહારાજનું ઘણું સન્માન કરીને સુંદર પાટ ઉપર પધરાવીને સુંદર ભોજન કરી શ્રીજીમહારાજને જમાડ્યા. તેમજ મહારાજની સાથેના અસ્વાર તથા અશ્વની સેવા સર્વે પ્રકારે સર્વે હરિજન થઈને કરી. ને મહારાજને અતિ રાજી કરીને બેઠા છે.

એટલાક મધ્યે ગામના ભણેલા સર્વે વિપ્ર ને ભેખધારી એવા વિચારને બાંધીને આવ્યા જે, 'સ્વામિનારાયણ પોતે ભગવાન કે'વાય છે, વાસ્તે આપણે સર્વે ભેગા થઈને નોખા નોખા પ્રશ્ન પૂછીએ. ને વળી સ્વામિનારાયણ એકલા જ છે. કેમ જે તેમની ભેગા કોઈ ભણેલા સાધુ નથી. તેથી આપણે સર્વે તેમને હાર પમાડીને જીતી લઈશું.'

ત્યારે તે સમે તે ગામના રાજાનો **ભૃત્ય હીરજી** તે માતાનો ઉપાસક હતો, તેણે મહારાજને એમ પૂછ્યું જે, "તમે શક્તિને કેમ નિંદો છો ?

૧.કરમદા નામના ફળ જેવા જાંબુડિયા રંગે

ને હું તો માતા બેચરાનો ભક્ત છું. ને મારી માતાની નિંદા જે કરે તે સાથે હું લડાઈ કરું ખરો.” ત્યારે શ્રીજીમહારાજ તે પ્રત્યે બોલ્યા જે, “તે માતા તો અમારાં સગાં છે. કેમ જે, શ્રીકૃષ્ણ ભગવાનની સાળી છે ને અમે શ્રીકૃષ્ણના ઉપાસક છીએ. તેથી તેની ઠેકડી કરીએ છીએ.” તેમ તેને મહારાજે રાજી કરી મૂક્યો. પછી તે સમે સર્વે આવીને ભિન્ન ભિન્ન પ્રશ્ન કરતા હવા.

તે સમે શ્રીજીમહારાજ સર્વે મનુષ્યે જે જે વાત પૂછી, તે તે વાતના અકુંઠિત[1] વાણીએથી ઉત્તર કરતા હવા. એમ પોતાના ઐશ્વર્યના પ્રતાપે કરીને એકકાળાવિચ્છિન સર્વેના પૃથક પૃથક ઉત્તરને કર્યા. તેથી સર્વે મનુષ્યને એમ જાણ્યામાં આવ્યું જે, ‘આ તો કોઈ મહત્પુરુષ યોગેશ્વર છે ખરા !’ તેમ જાણીને તે સમે તે પુરનાં ચારે વર્ણનાં મનુષ્ય સ્ત્રી ને પુરુષ તે સર્વે શ્રીજીમહારાજને જમાડવા સારુ સાકર, પેંડા, બરફી ને પતાસાં આદિક મેવા ને મીઠાઈ લાવ્યા. તે સર્વેને પોતાની યોગમાયાના પ્રતાપથી જમ્યા. તેને જોઈને સર્વેને એમ જણાણું જે, ‘આ તો કોઈ વિરાટપુરુષના સ્વામી જેવા છે ખરા !’ તેમ સર્વે કુસંગી લોક તે સમે બોલતાં હવાં. અને શ્રીજીમહારાજ જે જે જનની પ્રસાદી જમ્યા હતા, તે તે જનની સર્વે વંશપરંપરામાં મહારાજના ભક્તજન ઘણાક થાતા હવા.

❁ જેતલપુરમાં સર્વ વિપ્રો અને સંતોને જમાડ્યા

તેમ શ્રીજીમહારાજ ઘણા મુમુક્ષુજનને દર્શન-સ્પર્શ દઈ, તે ગામ હળવદ મધ્યે એક રાત્રી નિવાસ કરીને પ્રભાતે ચાલી નીકળ્યા. ને ગામ, પુર, ખેટ, ખર્વટ, વન, નદીઓ, તડાગ, વાપી, કૂપ ને કેટલાક નિર્જળ દેશને ઉલંઘન કરતાં થકાં ગુર્જર દેશ પ્રત્યે ગામ **જેતલપુર** પધાર્યા. તે ગામને વિષે રહીને ઘણા વિપ્રોને જમાડ્યા હતા. તે જોઈને દૈવી જીવ હતા, તે અતિ મુદ પામ્યા ને જે જીવ આસુરી હતા, તે તો શ્રીજીમહારાજનો મોટો પ્રતાપ જોઈને અતિ ક્રોધાયમાન થયા.

૧.જેમાં સહેજ પણ ખચકાટ ન હોય તેવી સ્પષ્ટ ને વિસ્તૃત

પછી તે સમયમાં શ્રીજીમહારાજ ત્યાં બિરાજમાન હતા, એટલાકમાં નાનાભાઈ આદિક ઘણા હરિજન ને સંતજન આવ્યા. ત્યારે ઘણા સંતજન ને ઘણા વિપ્રને શ્રીજીમહારાજ જમાડતા હતા. એટલાક મધ્યે એક હરિજન વિપ્ર નથુ નામે જે અતિ દુર્બળ હતો, તેને જોઈને શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "હે વિપ્ર, તમારા વહેવાર કેમ ચાલે છે ?" ત્યારે તેણે એમ કહ્યું જે, "હે ગરીબનિવાજ ! જેમ મારો વહેવાર છે, તે વાતને તમે જાણો છો, હું તે શું કહું ?" ત્યારે તે સમે તે ગામના હરિજન તથા બીજા તથા સંત પણ એમ બોલ્યા જે, "હે મહારાજ ! તે વિપ્ર અતિ દુર્બળ છે."

ત્યારે ખોખરા-મહેમદાવાદના પાટીદારે કહ્યું જે, "હે મહારાજ ! તે તો અમારા ગામમાં અમારી પાડોશમા રહે છે. તેના ઘરમાં અન્ન ને દ્રવ્ય નથી. તેને બે દીકરીઓ મોટી થઈ છે, પણ તેને પરણાવવાની પહોંચ નથી. ને અતિ અકિંચનપણે રહે છે. ને ધર્માદા શ્રીકૃષ્ણાર્પણ કરીને કન્યાદાન દેવું તે એવો કોણ ધર્મવાન હોય તે આ વાત કરે ?"

ત્યારે ગાય, બ્રાહ્મણ, ગરીબ ને સંતજનના પ્રતિપાળ એવા જે મહારાજ તે એના ગામના પાટીદાર તથા સર્વે મનુષ્ય પ્રત્યે એમ બોલ્યા જે, "તેવા અમે જ છીએ. આ ધર્મની વાત છે, તે અમે કરશું ખરા, પણ તેમાં આગળ વિઘ્ન થાશે ખરાં." ત્યારે મુનીંદ્ર મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! એવું વિઘ્ન તે શું આવશે ?" ત્યારે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "થાશે ત્યારે જાણશો." એમ તે સમે તે સર્વે સંત વૃદ્ધ ને રમતા(એકડમલ; એકલા રહેનારા) સંતોનાં મંડળ તે પ્રત્યે કહ્યું જે, "તમે સર્વે ટોપીવાળાના દેશ પ્રત્યે જાઓ ને થોડાક સંત અમારી ભેગા રહો." એમ મુક્તાનંદજી પ્રત્યે તે ભવિષ્યની વાર્તા બોલ્યા. તે મર્મ કોઈએ જાણ્યો નહીં.

❁ ખોખરા-મહેમદાવાદમાં અસુરો સામે લડવા ક્ષત્રિય ભક્તોની તૈયારી

પછી તે ઠેકાણેથી ચાલ્યા, તે ગામ ખોખરા-મેમદાવાદ જઈને

વિપ્ર નથુના તથા તે ગામના પાટીદારને ઘરને ચારે કોરે ઈંટોની વંડીનો બંદોબસ્ત હતો, તે ઠેકાણે ઉતારો કર્યો. પછી શ્રીજીમહારાજ મુક્તાનંદાદિક મોટેરા સંત પ્રત્યે તે સમે એમ બોલ્યા જે, “સર્વે સંત રમતા, વૃદ્ધ ને જે જન પાંચ ગાઉ ચાલી ન શકે તેવા જે દેહે અસમર્થ હોય તે સર્વે, સરકાર ટોપીવાળાના નિર્ભય દેશ ખેડા તથા સુરત બંદર પ્રત્યે શીઘ્ર જાઓ, વચ્ચે ક્યાંઈ રોકાશો નહીં. આ અમારું મર્મનું વચન અતિપણે કરીને માનજો, તેથી તમે અતિ સુખને પામશો.” તેમ સર્વેને કહ્યું.

પછી તે સર્વે સંત ચાલી નીકળ્યા. તે સર્વે સુરત બંદરે પહોંચ્યા. પછી જબરા, જુવાન, બુદ્ધિબળિયા ને શીઘ્ર ગતિ કરે તેવા મુક્તાનંદ-સ્વામી આદિક થોડાક સાધુને ભેળા રાખતા થકા મહારાજ જમે છે, રમે છે ને કીર્તનને ગવરાવે છે. એક દિવસને સમે શ્રીજીમહારાજ મુક્તાનંદસ્વામી પ્રત્યે એમ બોલ્યા જે, “હે સ્વામી ! આપણે આ બ્રાહ્મણને ઘેર કન્યાદાન દઈને ધર્માદા વિપ્ર જમાડશું. તે માટે સામાનના રક્ષક શૂરવીર ને હથિયારબંધ સર્વે ક્ષત્રિયને કંકોત્રી મેલીને તેડાવવા.”

ત્યારે મહારાજની મરજી અનુસાર વર્તવાનો છે સ્વભાવ જેનો, એવા મુક્તાનંદજીએ તે સમે પ્રથમ સર્વે ક્ષત્રિય ઉપર કંકોત્રી લખીને તેડાવ્યા. તે ગામ **ડાંગરવા**ના ડાભી અમરાજી તથા અગરાજી આદિક તથા બીજા ગામના ઘણા ક્ષત્રિય; ને ગામ **સલકી**ના ભીલના રાજા દયાળજી આદિક ઘણા સલજ, મહાજોરાણ ને જુધને વિશે સંકટ પડે ત્યારે પાછી પાની ન દે એવા, ને સન્મુખ સમરની(યુદ્ધની) લડાઈ શત્રુ સામા પડકારીને લે એવા, ને બ્રહ્મવિદ્યાના ભણેલા, ને શ્રીજીમહારાજના સ્વરૂપનિષ્ઠાવાન, ને ભગવાનની આજ્ઞાના પાલક, ને પરસ્ત્રીના ત્યાગી, ને સત્યવાદી એવા સર્વે ક્ષત્રિય ભક્તો તે સમે લખ્યા મુજબ સર્વે પ્રકારના શસ્ત્ર બાંધીને ને ઘણાક હથિયાર બાંધીને આવ્યા. ને તેમ ભીલ જાતિના ઘણા મનુષ્ય તે પણ સર્વે ધનુષ્યબાણને ધારીને આવ્યા.

તેને જોઈને શ્રીજીમહારાજ ઘણા રાજી થઈને એમ બોલ્યા જે, “હે ક્ષત્રિયો ! તમને શાબાશ છે ! પણ તમને અમારી એમ આજ્ઞા છે જે, ‘તમે સર્વે બાંધ્યે હથિયારે ને સજાગ થઈને રહેજો. દિવસ ને રાત્રી મધ્યે આ અમારું વચન તમે ભૂલશો મા.” તેવું મર્મનું વચન સાંભળીને સર્વે આશ્ચર્યને પામ્યા. પછી શ્રીજીમહારાજ ઘણાક શસ્ત્રબંધે વીંટાણા થકા તે ગામને સમીપે જે કાંકરિયું સરોવર છે, તે પ્રત્યે નાહવાને પધારતા હતા. તે સમે શ્રીજીમહારાજ આ પદને ગાતા ને ગવરાવતા હતા. તેનું નામ છે જે,

કીલા લિયા તનકા, નિરંજન નિર્ગુણકા;
ગઢ પર તોપ જંજાળું વાગે, જોતાં સેન કાયરકા ભાગે;
ત્યાં લડે સદ્ગુરુ સંત સિપાઈ, કિલા સુરતકા;
ને પાંચ પચીસકુ જોહર કીના.

એમ પોતે ગાતા જાય છે ને તેમ મર્મને કરતાં થકાં મંદમંદ હસતા જાય છે ને ગાતા થકા સહુ જનને પોતાના મનનું કોઈ રહસ્ય જણાવતા નથી. ને શ્રીજીમહારાજ તો કેવા છે ? તો ભૂત, ભવિષ્ય ને વર્તમાન કાળ તે સર્વેને જાણનારા છે. તેમ નાહવા નિત્યે જાતા હતા.

❁ અમદાવાદમાં ભિક્ષાર્થી સંતોને આસુરી બાવાએ માર્યા

અને હવે એક દિવસને સમે અમદાવાદ મધ્યે સંતજન ભિક્ષા માગવા ગયા હતા. ત્યારે આસુરીજન એવો જે લોહલંગર નામે અસુર તે ગરીબ સંતોને વગર વાંકે પકડીને બાંધીને મારતો હવો. ત્યારે સંકટને વિષે તે સંત ચક્રના ધરતલ, ગરીબનિવાજ ને ગર્વગંજન ભગવાન જે પ્રત્યક્ષ પુરુષોત્તમ તેને સંભારીને આ વચન બોલ્યા જે, “હે સંકટના હરતલ ! ત્રાહિ મામ્..! આ અસુરથી અમારી તમે જ રક્ષા કરવા જોગ છો.” તે સમે મહારાજે રાજા દ્વારા તે સંતની રક્ષા કરાવી. અને હવે જે વાત થાશે તે લખું છું. હવે તે સમે એક લોહલંગર નામે બાવાની જમાતના

પંદરસો નાગડા બાવા જે શસ્ત્રધારી હતા, તેને સર્વે ભેખે પડકારીને કહ્યું જે, "હે બાવા, તું સ્વામિનારાયણની સાથે લડાઈ કરીને તેને હાર પમાડ. ને એ તો ભગવાન કે'વાય છે, ને તેને તારા વિના કોણ હઠાવશે ?"

❁ વેરાભાઈ તથા અમરાજીએ અસુરોથી મુક્તમુનિને બચાવ્યા

હવે ખોખરા-મેમદાવાદને વિશે શ્રીજીમહારાજ પાસે જે વાત થાશે તે લખું છું. શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામીને એમ કહ્યું જે, "હે સ્વામી ! તમે આ સર્વે હરિજનની સભા બેઠી છે, તે પ્રત્યે ભગવદ્‌વાર્તા કરજો, શ્રીનગરમાં લોહલંગરની જમાતના પંદરસો શસ્ત્રધારી આપણા શત્રુ છે, તેણે આપણા સંતને પીડ્યા છે, તેમ સાંભળ્યામાં આવ્યું છે. તે સારુ તમે પણ સચેત રહેજો." એમ કહીને શ્રીજીમહારાજ તે ગામ મધ્યે તે નથુ વિપ્રને ઘેર જમવા પધાર્યા.

તે સમે સ્વામી ને સભા તે ગામના પાદર બહાર ભાગોળે બેઠી છે. એટલામાં પંદરસો અસુરના સૈન્યને લઈને સર્વે અસુરનો પ્રેર્યો થકો લોહલંગર ગુપ્ત થકો ત્યાં આવ્યો. તેને જોઈને વિચક્ષણ એવા જે મુક્તાનંદજી તે શીઘ્ર પલાયન થઈને ગામ પ્રત્યે જતા રહ્યા. ને એક વિપ્રની હવેલી મધ્યે પ્રવેશ કરીને તેના કપાટને(કમાડ-બારણાંને) ભિડાવીને રહ્યા, તોપણ તે અસુર કુહાડો લઈને કપાટને ચીરવા લાગ્યા. તે સમે સર્વે હરિજન બાઈઓ નિસરણી મેલીને હવેલી ઉપર ચડીને ઘણાં નળિયાંના ઘા કરીને આસુરના સૈન્યને રોકતી હતી, તોય તે મહાજોરાણ અસુર રોકાતા ન હતા.

તે સમે ત્યાગી એવા એક ગરાસિયા વેરાભાઈ નામે સ્વામી પાસે હથિયાર રહિત સેવામાં રહેતા હતા. તેણે તે સમે એમ જાણ્યું જે, 'आपत्काले धर्मो नास्ति[૧] ને હું ક્ષત્રી છું; ને વળી આ સમે આવા મોટા સંતપુરુષને આ દુષ્ટ મારશે, પણ મારી પાસે કાંઈ હથિયાર નથી,

૧.હું ત્યાગી છું, પણ આવા આપત્કાળમાં મારા ત્યાગીના ધર્મમાં જડપણે રહેવું યોગ્ય નથી.

પણ મારી હિંમતને જોઈને મહારાજ મારી સહાય નિશ્ચે જ કરશે. ને જો ત્યાં હું મરી મટીશ તો મારી આ લોક મધ્યે તથા પરલોકે જશ ને કીર્તિને પામીશ. માટે મહારાજને રાજી કરું ખરો !' એમ પોતાના મનમાં વિચારીને સંતની ગોદડી પોતાના હાથ મધ્યે ઢાલને ઠેકાણે રાખી અને જેમ સિંહ ભેડર(ઘેટાં-બકરાં) ઉપર તૂટી પડે, તેમ તે અસુરની સેના મધ્યે પડીને તેમાંથી કોઈકની તરવાર ઝોંટી લઈને તેને મારવા લાગ્યા.

તે સમે તેણે ચાર દુષ્ટ પુરુષને માર્યા, તેથી ભંગાણ કર્યાથી પટાના રમતલ ઘણા દુષ્ટજન આવ્યા ને તેને વીંટી વળ્યા. તેમજ તે સમયે તેની તરવાર દૈવયોગે ભાંગી ગઈ, તેથી વેરાભાઈને તેમણે ઘાયલ કર્યા. તે માથામાં એક ઘાવ ને એકકોરના હાથમાં ઘણાક ઘાવ કર્યા હતા. તેને લઈને પછી તે મુષ્ટિકાએ કરીને લડે છે. એટલામાં ડાંગરવાના ડાભી અમરાજી આદિક જે નાહવા ગયા હતા, તેમને ખબર પડી કે, મુક્તાનંદસ્વામી ઉપર અસુરની ઘણી મોટી સેના ગઈ છે, તેથી તે શીઘ્ર ત્યાં આવ્યા. ત્યાં તો વેરાભાઈને અસુરોએ વીંટી લીધા હતા, તે દેખ્યા.

તે સમે તે ક્ષત્રિય પડકારીને બોલ્યા જે, "ખબડદાર હે લંગોટાઓ ! એમના એમ ઊભા રહેજો, જોઈએ હવે શી રમત થાય છે !" તે સમે તેમણે પંદર જણને પાડ્યા અને વેરાભાઈનો બચાવ કરીને તેઓ મુક્તાનંદસ્વામીને તથા ઘાયલ વેરાભાઈને લઈને શ્રીજીમહારાજ જે સ્થળને વિશે હતા, ત્યાં ગયા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'હળવદમાં વાદીઓનો પરાભવ અને ખોખરા-મેમદાવાદમાં અસુર ભેખધારીઓ સામે લડાઈની શરૂઆત' એ નામે ચુમાલીસમું પ્રકરણ ।।૪૪।।



પ્રકરણ - ૪૫

શ્રીહરિએ ખોખરા-મેમદાવાદમાં અસુર ભેખધારીઓને હાર પમાડ્યા

(મુક્તાનંદસ્વામીને મારવા આવેલ અસુરો સામે વેરાભાઈ વગેરે લડ્યા.) આટલી વાત તો નોખી ગામ મધ્યે થઈ છે, તે વાત શ્રીજીમહારાજને માલુમ નહોતી. તે મુક્તાનંદસ્વામી, વેરાભાઈ અને અમરાજી આદિક મહારાજ પાસે આવીને સમાચાર કહે છે. એટલાકમાં અસુર લોહલંગરની સેનાએ આવીને શ્રીજીમહારાજના ઉતારાની બંધ જગ્યા હતી, તેને વીંટી લેતા હવા. ને તે દુષ્ટ એલફેલ ગાળો બોલે છે. ને વાજાં દુંદુભિ, રણશિંગી(યુદ્ધમાં વગાડવાનું તતૂડું), ભેરી ને તીખી એવી શરણાઈઓ તે સર્વે વાજાં સિંધુ રાગ ને મારુ રાગમાં વાગે છે. જે રાગ શૂરવીરને હર્ષ ઉપજાવે ને કાયરજનને ભય ઉપજાવે તેવા છે. અને 'મારો...મારો...' એવા શબ્દ તે દુષ્ટો બોલતા હતા.

ને હવે તે સ્થળે જે વાત થાશે તે લખીએ છીએ. તે સમે ઘણા શસ્ત્રધારી વીતરાગી નગંદ(નાગા) ભૂત ને ભૈરવ જેવા ભયાનક ને ચાર ચાર હાથ લાંબા ને માથે અપવિત્ર કેશના મોટા ડૂચા બાંધેલા થકા ને હથિયારને ઉગામ્યા થકા ઊભા છે. તેને કુસંગી લોક ઘણા વારે છે, પણ ખસતા નથી. અને તે સમે મહારાજની સેનાના શૂરવીર ક્ષત્રિય આદિક ભક્તો શ્રીજીમહારાજ પ્રત્યે એમ બોલ્યા જે, "હે મહારાજ ! અમને તમે આજ્ઞા કરો તો ખરા ! તે ખળપુરુષના બળને અમે જોઈએ."

તે સમે શ્રીજીમહારાજ સર્વે ક્ષત્રિયો પ્રત્યે એમ બોલ્યા જે, "હે સર્વે શસ્ત્રધારી ! તમે ધીરજ રાખો. કેમ જે ગામના સર્વે મનુષ્ય તેમને વારે છે, એટલા માટે આપણે ધિંગાણાં ન કરવાં. વળી તે મદાંધ છે ને મૂર્ખના સરદાર છે. તે કોઈનાં પણ શિક્ષાવચન નહિ માને. પછી

છેલ્લે આપણે દંડનો ઉપાય કરીશું ને ત્યારે તમે સર્વે ધીરજવાન થકા જુધને કરજો. તે લ્યો તમને અમે ઉપાય બતાવીએ જે, તેને લોક વારે છે, એટલામાં પ્રથમ તો આ વંડીમાં રહીને તમે કોશો લઈને વંડીને વિશે મારા(બાંકાં-હોલ) કરો. તે મધ્યે બંધૂકો રાખીને મારજો તથા બાણના મારા(જેમાંથી તીર મરાય એવા બાણથી બાંકાં) કરો, તેમાં બાણ નાંખીને જુધને કરો. તેનાથી જો ના હઠે તો બહાર નીકળજો. ને બહાર નીકળો ત્યારે તેની જુક્તિ શીખવાડું, તે સાંભળો. તે શું તો શકટવ્યૂહ કરજો."

ત્યારે તેમાં મોટેરા અમરાજી, અગરાજી, રામસિંહજી, રાયધણજી ને જયમલાદિક ક્ષત્રિયો ને ભીલના રાજા જે દયાળજી તેમણે કહ્યું જે, "હે મહારાજ ! શકટવ્યૂહ તે કેમ રચવું ? તેની અમને જુક્તિ શીખવાડો." ત્યારે તે સમાને વિશે શ્રીજીમહારાજે શીખ્યાની રીતની વાર્તા કરી જે, "શકટ તે ગાડાનું નામ છે, તેમ જાણવું. હવે તે શકટવ્યૂહની વિક્તિ - ગાડાનું કાગમું(ગાડાની ઊંધના આગળનો ભાગ) તેને વિશે અતિ શૂરવીર બંધૂક ને બાણ-કબાનુંવાળા(તીર-કામઠાંવાળા) રહો, અતિ ધીરજવાન ને શૂરવીર વૃદ્ધ ક્ષત્રિય ઊંટડાને[૧] ઠેકાણે રહો, ને ધોંસરાની બે સમોલુની(ધોંસરાને છેડે જોતર ભરાવવાની ખીલીની) ધૂરને(ધોંસરુ) વિશે અમરાજી ને અગરાજી રહો, ને ગાડાની બે ઊંધ(ધોંસરુ જેની સાથે બાંધ્યું હોય તે) તેને ઠેકાણે ભીલના રાજા જે દયાળજી ને પાડભાઈ તે બે જણ પોતપોતાના માણસ સોતા રહો. ને પૈડાને ઠેકાણે ઝાલા કાકાભાઈ, પૂજાભાઈ, રામસિંહ, રાયધણજી ને જયમલજી આદિક તેના માણસ સોતા રહો. ને મેથાણના રાજા ને બીજા જે ક્ષત્રિય તે સર્વે પાટિયાં(ઠાંઠિયું), ગુડિયા ને આખડાને(ગાડાની બહારની બાજુ નીકળતાં ઠેબાંને) ઠેકાણે રહેજો." એ આદિક ઘણીક વાતે રચના કરી મેલી.

૧.ધોંસરા ને ઊંધ નીચે ગાડાને ટેકાવવાના લાકડાને

અને તે સમે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, “આ શકટવ્યૂહના હાંકનારા સારથી અમે છીએ તેમ જાણજો. ને અમારી બુદ્ધિરૂપ રાશરૂપી દોરડી તેને સનકારે(ઇશારે) શકટવ્યૂહ ચાલશે. જેમ જે રથના ઘોડા તે સારથીની, ને શકટના બળદ તે ખેડુની મરજી પ્રમાણે ચાલે, તે રથ તથા શકટને કાંઈ દુઃખ(નુકશાન) નથી થાતું ને તે રથ તથા શકટના સર્વે બેસનારા તે પણ અતિ સુખને પામે છે; તેમ અમારી મરજી પ્રમાણે ચાલશો, તો કાંઈ દુઃખ નહિ થાય ને સુખ થાશે.”

તેમ તે સમે સર્વે શસ્ત્રબંધને શિક્ષારૂપી વાત કરી. પછી લોહલંગરની સેના લડવા આવી. તે કાળવશ થયા થકા કોઈના વાર્યા ન રહ્યા. ને શ્રીજીમહારાજ જે ફળિયામાં ઊતર્યા હતા, તેની વંડી ઉપર નિસરણીઓ માંડીને ઉપર ચડવાનો મનસૂબો કરીને સર્વે બાવા વંડીના થડને મધ્યે ઊભા હતા. તે સમે શ્રીજીમહારાજની સેનાના મહાજોરાણ એવા જે ક્ષત્રિય તેણે મારા મધ્યેથી બંધૂકો ફોડી ને બાણને નાંખ્યાં.

તે સમે ઘણા દુષ્ટોને મૃત્યુ પમાડ્યા. તેવું જોઈને તે સર્વે બાવા ત્યાંથી ભાગ્યા ને દરવાજે આવીને દરવાજો ભાંગવા માંડ્યા. ત્યારે સર્વે શસ્ત્રધારી એમ બોલ્યા જે, “હે મહારાજ ! તમે તો ઘણી ક્ષમા રાખી તોપણ તે દુષ્ટ પુરુષ ઘણું જોર કરે છે. હવે તમે અમને આજ્ઞા દો તો તે ખળપુરુષના બળને અમે જોઈએ તો ખરા. ને હે મહારાજ ! તમારા પ્રતાપથી તેને અમે નિશ્ચે જ હારને પમાડીશું.”

પછી તે સમે શ્રીજીમહારાજે જેમ પ્રથમ કહ્યું હતું, તેમ શકટવ્યૂહની રચના કરીને સર્વે ક્ષત્રિયો દરવાજો ઉઘાડીને બહાર નીકળ્યા. તે જેમ કેસરી સિંહનાં ટોળાં નીકળીને ઘણા મેંગળનાં(હાથીના) ટોળાંમા પડીને નિરભે થકા હસ્તીઓને મારીને હાર પમાડે, તેમ તે સમે શ્રીજીમહારાજની સિંહરૂપી તે સેના ને લોહલંગરીની સેનારૂપી કુંજરોને મારીને હારને પમાડ્યા. તે સમે બેઉ દળ ઘણીક બંધૂકોના મારે કરીને તથા બાણ,

તોમર[૧], અસિઓ, ઢાલો, બખતર ને માથે લોહની ઝલમુ[૨] ને લોહના પંજાદિક ધરીને લડાઈને લેતા હવા.

તે સમે જાણે મનહુ(માનો કે) મઘવાની(ઇન્દ્રની) મેઘઝડીની પેઠે બાણ, બંધૂકો ને બરછીઓનો વરસાદ થાતો હવો. ને તે સમે એકબીજાને કોઈ જીતી શકતા ન હતા. કેમ જે, લોહલંગરની સેનામાં તે સર્વે પટાના રમતલ હતા અને રાજાને સંકટ પડે ત્યારે લોહલંગરની જમાત આવી મુલક ભંગ કરે તેવા હતા. ને તેમ શ્રીજીમહારાજની સેના મહાજોરાણ ને સલજ ને જેને જૂધ મધ્યેથી ભાગવું તે ક્ષત્રી જાતિને મોટી ખોટ કહેવાય એવું માનતા હતા. તે સમે શ્રીજીમહારાજની સેનાના જનો શકટવ્યૂહ રચીને એકીવારે ઉપાડો લેતાં(હુમલો કરતાં) થકા ને એકબીજાને પડકારતા થકા તરવારો તાણીને તૂટી પડ્યા, તે ઘણા મોટા મોટા મુખિયાને મારીને મૃત્યુ પમાડ્યા.

તે સમે આસુરી ભેખલજાવણ(ભેખને લજાવનાર) ભૂંગર(ભૂંગરેટ-રાખ) તેણે ભયાનક એવા જે મહારાજના યોદ્ધા ઘણા શૂરવીર દીઠા. તેને જોઈને પોતાના જીવને જિવાડવા સારુ ભયભીત થકા ભાગ્યા. તેને વાંસે જોરાણ એવા જે શ્રીજીમહારાજના ક્ષત્રી શીઘ્ર દોડી દોડીને મારતા હતા. તેમને શ્રીજીમહારાજ વારતા હવા. ને તે સર્વેને તે સમે શિક્ષાવચનને કહેતા હવા જે, “અરે હે ક્ષત્રિયો ! જે રણથી ભાગ્યો, તેને જે મારે તેને પાપ છે. ને બીજો રણ મધ્યે હથિયાર નાંખીને ઊભો રહે, તેને પણ મારવાનું પાપ છે. ને ત્રીજો સમર્થ જે સેનાનો પતિ તે આગળ ભાગી જે પોતાના શત્રુની સેના તેને પડકારીને મરાવે છે, તેને પણ ધર્મના જાણતલ નિર્દય કહે છે.” તેમ તે સમે તે આતતાઈ શત્રુ તેની તે શ્રીજીમહારાજ જ રક્ષા કરે બીજો કોઈ ન કરે.

૧.લોખંડનું ભાલું લગાડેલ લાકડી - ભાલો
૨.માથા પર પહેરવાનું લોઢાનું ટોપી જેવા આકારનું બખ્તર

પછી તે સર્વેને પાછા વાળીને શ્રીજીમહારાજ તે ગામ ખોખરા-મેમદાવાદ મધ્યે આવ્યા. ને સર્વેને રજા દેતા થકા તે સમે સર્વે હરિજનને એમ કહ્યું જે, "શાબાશ છે વડા ક્ષત્રિયો ! તમારી સર્વે પ્રકારે જીત થઈ છે. ને હવે આપણાં જે મનુષ્યો જખમી થયા હોય તેને સલકી તથા ઘોડાસર મધ્યે મેવાસરૂપી સ્થાને પહોંચાડજો અને તેમની સેવાચાકરી સર્વે પ્રકારે કરાવજો. અમે તમારી આ લોક ને પરલોકે સર્વે પ્રકારે ખબર રાખશું." એમ કહીને શ્રીજીમહારાજ ગામ **વહેલાલે** જેસંગભાઈ મોટા અમીન તેના ઘર પ્રત્યે પધાર્યા.

❁ શ્રીહરિ વહેલાલ થઈ ધમડકા પધાર્યા

તે વખતે શ્રીજીમહારાજ ભેગા પોતા સહિત રામસિંહ આદિક પાંચ અસ્વાર હતા. તે સર્વેનું જેસંગભાઈએ ઘણું સન્માન કરીને શ્રીજીમહારાજની પધરામણી કરી. ને તેમજ શ્રીજીમહારાજની સર્વે પ્રકારે મહેમાની કરી. પછી શ્રીજીમહારાજ જેસંગભાઈ પ્રત્યે એમ બોલ્યા જે, "હે જેસંગભાઈ ! અમે તો લોહલંગર સાથે લડાઈ કરીને આવ્યા છીએ, તેથી અમદાવાદના હાકેમના તે લોહલંગરને લીધેથી દાવાદાર(દાવો-ફરિયાદ કરનારા) છીએ. તમે અમને રાખશો ખરા ?" તેમ મનુષચરિત્રેથી શ્રીજીમહારાજ બોલીને પોતાના હરિજનની પરીક્ષાને જોતા હવા.

ત્યારે જેસંગભાઈ એમ બોલ્યા જે, "હે મહારાજ ! તમે સર્વે દેશના દાવાદાર હો તોપણ કેનો ભાર છે જે મારે ઘેર આવે ? તમારું નામ કોણ લેનાર છે ? ને તમે કોણથી બિયો એવા છો ? હે સમર્થ ! તમે મારા ઘરને વિશે સુખેથી બિરાજો. તમારે પ્રતાપે મારે વાંસે પાંચ હજાર કામઠી છે ને હું પણ મેવાસી(મહીકાંઠામાં રહેનારા શૂરવીર) ભીલનો હાકેમ છું. તેથી મારે આગે એનો શો ભાર છે ?" તેમ તે સમે તે બોલ્યા. ત્યારે શ્રીજીમહારાજ ઘણું રાજી થઈને પોતાને સુખેથી સુખિયા થઈને તેમના ઘેર પોઢી રહ્યા.

હવે શ્રીનગરને વિશે જે વાત થઈ તેને કહીએ છીએ. તે ઘણા જન મરણને પામ્યા છે ને ઘણા જન ઘાયલ કર્યા છે, તેને પાટાપિંડી કરે છે. અને મહારાજને ઘણાક દુર્વચને કરીને ભ્રાંષ્ઠના(ભર્ત્સના - નિંદા; તિરસ્કાર) કરતાં થકાં અસુરો માંહોમાંહી બોલે છે જે, "અમે તુમકું કહ્યા થા જે, અરે નૂગરો ! તુમ જીવનમુક્તાકું મત બોલાયો પન અમારા વાર્યા નો કર્યા તો તુમ ક્યા નૂફા પાયા ? બડા અસંતકું મરવાયા !"

એમ કરતાં પ્રભાત થયું ત્યારે ત્યાંના હાકેમની પાસે લોહલંગરી ફરિયાદીએ ગયો. ને જઈને એમ બોલ્યો જે, "સ્વામિનારાયણે અમારા ઘણાક આદમીકું માર્યા ને ઘણાક મનુષને ઘવરાવ્યા." ત્યારે તે હાકેમ એમ બોલ્યો જે, "તુમારા બાપકા સ્વામિનારાયણે ક્યા બિગાડા થા ? ને તુમ ઈનકું કોણકે હુકમસે મારને ગયે થે ? ને તુમ કેટલા આદમી થા ને તે કેટલા આદમી થા ?"


તે બોલ્યો જે, "અમે તો પંદરસો થા ને તે તો થોડાક આદમી થા." ત્યારે તે સમે ઈશ્વર-ઈચ્છાએ હાકેમે એમ કહ્યું જે, "રંગ હે સ્વામિનારાયણકું જે સબકું મારકે કુણ જાણે કીધર ગયા ! એસા છલિયા ને બલિયા હે." તેણે એવો જવાબ આપ્યો. તેથી દુર્મુખ લઈને લોહલંગરી પોતાના ઉતારા પ્રત્યે ગયો.

તે સમે અછતો(ગુપ્ત) એવો મહારાજનો અનુચર ચાર(જાસૂસ) ત્યાં હતો. ત્યાંના હરિજન દામોદર આદિકે પત્રમાં તે સર્વે વાત લખીને તે ચારને વહેલાલ મોકલ્યો. તે શ્રીજીમહારાજની પાસે આવ્યો. તે વાંચીને પોતાના મનમાં વિચાર કરીને તે જ સમે સર્વે જનને જય સચ્ચિદાનંદ કહીને પોતે અશ્વ ઉપર ચડીને રામસિંહ, રાયધણજી, જયમલ ને ભારમલ આદિક પોતે સહિત પાંચ અસ્વારે થઈને ચાલતા થયા. તે ગામ, પૂર, ખેટ(ખેડૂતોનાં ગામ), ખર્વટ[૧], નદીઓ, તડાગ,

૧.આસપાસ આવેલાં નાનાં ગામડાંઓને ખરીદી કરવાનું મોટી બજારનું ગામ

વન, અદ્રિ, કૂપ, વાપીઓ ને રણ, ખારુંપાણી, તે સર્વેને ઉલંઘન કરતાં થકાં ગામ ધમડકાને વિશે રાજા રામસિંહજીના દરબારને વિશે બિરાજમાન થયા. કેટલાક દિવસ તે સ્થળને વિશે રહીને પછી કચ્છ દેશ, અબડાસો દેશ, વાગડ દેશ ને માંડવી આદિક શહેરે રહેતા થકા ખૈયા આદિક બ્રહ્મજ્ઞાનીને જીતતા હવા. પછી ઘણાક જને વીંટાણા થકા ફરતા હવા. ઈતિ ખોખરા મેમદાવાદે લોહલંગરની સાથે જુધ થયું, તે આખ્યાન સમાપ્ત થયું.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ ખોખરા-મેમદાવાદમાં અસુર ભેખધારીઓને હાર પમાડ્યા' એ નામે પિસ્તાલીસમું પ્રકરણ ।।૪૫।।





આસુરી બાવાઓ થકી સંતોની રક્ષા કરતા પાર્ષદ ડુંગરજીભક્ત.

પ્રકરણ - ૪૬

દુર્ગપુરમાં દશેરા ઉત્સવમાં શ્રીહરિએ કરેલી વિવિધ લીલા

❁ દશેરાના દિવસે શ્રીહરિની ગઢપુરમાં ભવ્ય અસ્વારી

એક દિવસને સમે શ્રીજીમહારાજ ગામ શ્રીદુર્ગપુરને વિશે બિરાજમાન હતા. તે સમે ઉત્તમરાજા આદિક ઘણાક હરિજન પાસે બેઠા હતા. ને તેદી દશેરાનો દિવસ હતો, તેથી તેમણે સર્વેએ એમ કહ્યું જે, “હે મહારાજ ! આજ તો શોભાયમાન દશેરાનો દિન કેવાય છે.” ત્યારે શ્રીજીમહારાજ તે સર્વે હરિજન પ્રત્યે એમ બોલ્યા જે, “તો આજ શું કરવું જોઈએ ?” ત્યારે સર્વે હરિજન એમ બોલ્યા જે, “હે મહારાજ ! આજ દિને તો સારાં વસ્ત્ર ને હેમના અલંકાર ધારણ કરો. અને પછી ઘોડી ઉપર બિરાજમાન થાવ. અમે એકબીજા ઘોડા ને ઘોડીઓને બેડવી(હોડમાં દોડાવી) દેખાડીએ.”

પછી તેમ તે સમે શ્રીજીમહારાજે ભારે વસ્ત્ર પહેર્યાં હતાં ને વળી હેમનાં અલંકારાદિક ધાર્યાં હતાં, તેને લખું છું. રાતા કિનખાબનો સુરવાળ પહેર્યો હતો ને રાતા કિનખાબની ડગલી પહેરી હતી. ને મસ્તકે મોટો સોનેરી રેંટો કસુંબી છોગાં મેલીને બાંધ્યો હતો ને તેની ઉપર આસમાની રંગના એક ફેંટે કરીને બોકાની બાંધી હતી. એક પીળા પીતાંબરે કરીને ચોગઠ પાડીને કમર કસી હતી. ને એક નીલું શેલું ખંભે નાંખીને તેની પલવટ બાંધી હતી. ને હવે હેમનાં અલંકારની વિક્તિ આમ છે. કરમાં હેમનાં વાઘમોરાં કડાં, સાંકળાં, બાજુબંધ; ને ઉર મધ્યે હેમની ઊતરી, બેવડા દોરા, સત્ય મોતીના હાર તથા આંગળીએ વેઢ ને વીંટીઓ ધારણ કર્યાં હતાં; તેને તે સમે શોભાડતા એવા શ્રીહરિની પોતાના ઘણાક જન અસવારી કરીને નીકળતા હવા. તે ઘોડાની ઘુંમરને શોભાડતા હવા. કેમ ? તો જેમ શરદપૂનમનો કલંકે રહિત વિધુ સર્વે ઉડુગણના મંડળને પોતાના તેજે કરીને શોભાડે છે, તેમ તે સમે શ્રીજીમહારાજ પોતાના

પ્રતાપના તેજે કરીને સર્વે અસ્વાર ને પિયાદાને(પદાતીને) શોભાડતા થકા દુર્ગપુરની ઉત્તરાદિ કોરે પુરની બાહેર નીકળતા હવા.

તે સમે ઢોલ, ત્રાંસાં, મુરફા, શરણાઈઓ, રણશિંગીઓ, ભૂંગળ, ભેરી, રવાજ ને કાંસિયાં આદિક ઘણાંક વાજાં વાગતાં હતા. ને ઘણાક ભૂસુર વેદ ને શાસ્ત્રની ધૂની બોલતા હતા.

❈ કાઠીઓમાં ઘોડા દોડાવવાની હરીફાઈ કરાવી

પછી સરખી ભૂમિ જોઈને તે સ્થળને વિશે શ્રીજીમહારાજ ઊભા રહીને એમ બોલ્યા જે, "આ ઠેકાણે સર્વે ઘોડા દોડાવી દેખાડો." તે ઉત્તમ નરેશ ને સોમલા ખાચર, એ બેઉ જણે જોડે દોડાવ્યા. તે કેશર ઘોડી ઉપર દાદા ખાચર ચડ્યા હતા, તે મોરે નીકળ્યા. પછી ઘેલો ધાધલ ને નાજા જોગિયા જોડ કરીને દોડતા હવા. તે ઘેલા ધાધલની તાજણ ઘોડી મોરે નીકળી હતી. તે સમે એકબીજાની ઘણી જોડીઓ કરી કરીને ઘોડાં દોડાવ્યાં. તેમ તે સમે શ્રીજીમહારાજ ઉત્તર મુખે ઘોડી ઉપર બિરાજતા થકા ઘણાક અશ્વને અસ્વાર દોડાવતા હતા, તેને જોતા હતા. પછી પોતે એમ બોલ્યા જે, "શાબાશ છે ! ભલા દોડાવ્યા !"

❈ ઘોડાદોડમાં ઝીણાભાઈને હરાવી તેમનું ને ઘોડીનું માન હર્યું

તેમ કહીને પછી ઠાકોર ઝીણાભાઈને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "તમ પાસે રેડી ઘોડી(એક જાતની કાઠિયાવાડી ઘોડી) ઘણી ચંચળ ને શીઘ્ર દોડનારી છે. તે જીરણગઢના નવાબના ઘણાક ઘોડાની સાથે બેડવી હતી, ત્યારે તે સર્વેથી મોરે નીકળી હતી." તેથી **ઘોડી** તથા **તેના અસ્વારના મનમાં** એમ હતું જે, આવી શીઘ્ર દોડનારી ઘોડી કોઈ નથી. તેમ તે સમે તેનું માન ઉતારવા સારુ રમૂજ કરતાં થકાં શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "હે હેમંતસિંહજી! તમારી ઘોડીએ ઘણા ઘોડાની લાજ લીધી છે. અમે આ ઘોડી માણકી તે બારસોની લીધી છે, તે હવે તમારી ને અમારી ઘોડીઓ બેઉને બેડવી જોઈએ જે, કોણ મોરે નીકળે છે ?"

ત્યારે તે સમે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! તમ જેવા અસ્વાર જે ઘોડી ઉપર બિરાજો છો ને, તે જ ઘોડી તે સર્વોપરી કહેવાય. તે ઘોડીથી મોરે થાવાને કોણ સમર્થ છે ?" તેમ તે હેમંતસિંહજી બોલ્યા.

ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "તેનો કાંઈ મેળ નહીં, કોણ જાણે કોણ મોરે નીકળશે !?" એમ કહીને શ્રીજીમહારાજ હેમંતસિંહજી પ્રત્યે એમ બોલ્યા જે, "તમે તમારી ઘોડીને હાંક્યામાં કસર રાખશો નહીં." તેમ કહીને શ્રીજીમહારાજ ને તે બેઉ અસ્વાર તૈયાર થઈને ઉત્તરમુખે દોડ્યા.

તે સમે શ્રીજીમહારાજે તેને કહ્યું જે, "હાં... તમે દોડાવજો..." ને તેમ તેની ઘોડીને મહારાજે મોરે નીકળવા દઈને પછી તેને શ્રીજીમહારાજ પડકારતા હવા, "હાં દોડાવો..." તેમ કહીને વાંસેથી પોતાની ઘોડીને હાંકીને તતકાળ તેની મોરે થઈ ગયા. ત્યારે તે સમે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "લ્યો, ફેર દોડાવીએ." ત્યારે ઠાકોર ઝીણાભાઈએ એમ કહ્યું જે, "હે મહારાજ ! આ સર્વે માણસ દેખતાં મારી ઘોડી વાંસે રહી છે ને તમારી ઘોડી મોરે નીકળી ગઈ છે. તેથી એકવાર તો તેની લાજ ગઈ કેવાય, ને વળી બીજીવાર લાજ ખોવરાવવી છે ?"

ત્યારે તેને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "તે ઘોડીનો જીવ અતિ અહંકારી છે. તેથી તેનો અહંકાર ઉતારવા આ અમારી ઘોડી ને તે ઉપર અમ જેવા અસ્વાર, તે જ સમર્થ છે પણ બીજો કોઈ નથી. ને તે ઘોડીએ ઘણાંક ઘોડાંનાં પાનવાં પાડ્યાં છે[૧], તેને તેનું ઘણુંક માન ચડ્યું છે. તેને ઉતારવા સારુ અમે સાત વાર તે ઘોડીની સાથે અમારી ઘોડીને દોડાવશું. તે **ઘોડી** ને તેના **અસ્વારને** જો માન હશે તો હરશું ખરા." તેમ કહીને પછી શ્રીજીમહારાજે સાત વાર તેની સાથે દોડાવી. અને મોરે નીકળીને તેના માનને મથ્યું.

૧.ઘોડાઓનું પાણી ઉતાર્યું છે અર્થાત્ હરાવ્યા છે.

પછી સર્વે જનને શોભાડતા થકા શ્રીલક્ષ્મીબાગને વિશે સમી પૂજવાને ગયા. પછી ઘણાક વેદ ને શાસ્ત્રના ભણેલા જે ભૂસુર તેણે શ્રીજીમહારાજની વિધિવત્ પૂજા કરી અને કરાવી. તે સમે શ્રીજીમહારાજે સર્વે બ્રાહ્મણોને વિધિવત્ ઘણી દક્ષિણાઓ આપી. તે ખીજડો લક્ષ્મીવાડીએ આથમણા શેઢાની માંહ્યલી કોરે છે. તેમ તે દિવસે મહોચ્છવ કરીને શ્રીજીમહારાજ સર્વે જનને શોભાડતા થકા ગામને વિશે જવા પધાર્યા(નીકળ્યા).

❁ સમીપૂજન તથા સંતોને મિષ્ટાન્ન જમાડ્યું

તે સમે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "કોઈ સદ્ધર ઘોડી વેચાઉ હોય તો અમારે લેવી ખરી." ત્યારે ગામ **બોડકીના** પટેલ થોભા ને તેનો પુત્ર હરિજન **લાધો** તે ઘોડીએ ચડીને તેને ત્યાં લાવ્યા. તે ઘોડીને મહારાજે દોડાવીને એમ કહ્યું જે, "હાં, આની મટ(કિંમત) કરો." ત્યારે તેણે એમ કહ્યું જે, "જે મહારાજ આપે, તે લેવું." પછી ધારક(ઘોડાને કેળવનાર) પાસે તેની કિંમત કરાવી ને તે પ્રમાણે રૂપિયા આપ્યા.

પછી શ્રીજીમહારાજ દુર્ગપુર મધ્યે આવીને મુક્તાનંદજી આદિક સર્વે સંત પાસે વાજાં વગડાવીને ભારે વિષ્ણુપદને બોલાવતા હવા. તે સમે દુર્ગપુરનાં સર્વે હરિજન બાઈઓ ને ભાઈઓ સુખડાંના(મીઠાઈના) થાળ ભરી ભરીને લાવ્યાં. તેને શ્રીજીમહારાજ પ્રસાદી કરી કરી એક મોટી કડાઈ મધ્યે નંખાવતા હવા. ત્યારે તે દશેરાએ સંવત્ ૧૮૭૨ ના આસો સુદ દશમીએ શ્રીજીમહારાજ ભારે વસ્ત્ર ને હેમનાં ઘણાં ઘરેણાં પહેરીને બેઠા હતા, તે અતિ શોભતા હતા.

પછી હરિજન હેતે કરીને ઘણુંક સુખડું લાવ્યા હતા. ને તે સમે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "આજનો દિન સપરમો(માંગલિક; ખુશાલીનો) કહેવાય. આજે તો મનુષ્ય પોતે સુખડાં લાવી લાવીને પોતાના સુહૃદને ખવરાવીને રાજી થાય છે, તેમ જ અમને વાલા ને

વળી અમારા સુહૃદ એવા જે આ મુક્તાનંદસ્વામી આદિક જે એકાંતિક સંત તેને જમાડીને અમે અતિ રાજી થાશું.”

તેમ કહીને કીર્તનને રખાવીને પોતે અતિ ઉચ્છાહેથી ઊઠીને સંતજનની પંક્તિ કરાવી. ને શ્રીજીમહારાજ સુખડાંનાં ત્રાંસડાં ભરાવીને પોતે જ પીરસવા લાગ્યા. તે સમે સંતને પતર નોતાં, તેથી **તાંસળી** મધ્યે તથા **વસ્ત્ર** મધ્યે તથા **ત્રાંસડાં** મધ્યે બબે વા પાંચ-પાંચ બેસાડીને સુખડાં જમાડ્યાં. તે સર્વેને જમાડી રહ્યા પછી નારાયણ ધૂન કરીને પોતે જમવા પધાર્યા. તે ભારે ભોજન જમતા જાય છે ને સુંદર ઉપપાત્રેથી(પીવા માટેની નાની લોટી - અબખોરાથી) જળને પીતા જાય છે. તેમ જમીને ચળુ કરીને મુખવાસ જમીને પોતાને સુખેથી સુખિયા થઈને પોઢી રહેતા હવા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે ‘દુર્ગપુરમાં દશેરા ઉત્સવમાં શ્રીહરિએ કરેલી વિવિધ લીલા’ એ નામે છેંતાલીશમું પ્રકરણ ॥૪૬॥



દશેરા ઉત્સવમાં શ્રીહરિ દરબારો સાથે ઘોડા દોડાવે છે.

પ્રકરણ - ૪૭

શ્રીહરિ સત્સંગના દ્રોહી વિસનગરના દીવાનને દબાવવા ત્યાં પધાર્યા

એક દિવસને સમયે શ્રીજીમહારાજ શ્રીગુર્જરદેશ પ્રત્યે પોતાની ઈચ્છાથી ફરતા હતા. અને પોતાનાં દર્શન ને સ્પર્શે કરી ઘણા જે મુમુક્ષુ જન બાઈઓ ને ભાઈઓના જીવોના મોક્ષને કરતા હતા. તે સમે ગામ **વિસનગર** મધ્યે એક દીવાન સંતજન ને હરિજનનો અતિ દ્રોહ કરતો હતો, તેથી તેને હઠાવવા સારુ તે ગામમાં પધાર્યા. તે ગામ વિસનગરને વિશે મોટા ભાગ્યવાળા વિપ્ર બળદેવને સદને પધાર્યા. તે હરિજન સત્સંગ સારુ ઘણીક ઉપાધિ સહન કરતો હતો ને તેને નાતબાર મૂક્યો હતો. શ્રીજીમહારાજ ભેગા બ્રહ્મચારી મુકુંદસ્વામી પણ હતા. તે બળદેવ વિપ્રે તે બેઉ જણને જોઈ ઘરને વિષે પધરાવ્યા. પછી તે વિપ્રે ઘણા સન્માનેથી શ્રીજીમહારાજને શુભ આસન ઉપર પધરાવીને અર્ઘ્ય, પાદ્ય ને મધુપર્ક(દહીં, ઘી, મધ, સાકર અને પાણી) આદિક ષોડશોપચારથી પૂજા કરી. ને રૂડાં ભોજન ને પાન ને ઘણાક માનેથી શ્રીજીમહારાજની સેવાને કરતો હતો.

તે શ્રીજીમહારાજ પ્રત્યે બોલ્યો જે, “હે મહારાજ ! આ ગામનો દીવાન તે સત્સંગીનો દ્રોહ કરે છે ને તમારો પણ અતિ દ્વેષી છે, તેથી તમે મારા ઘરને વિશે ગુપ્ત રહો.” ત્યારે મહારાજે કહ્યું, “અમે શું ચોર છીએ જે છાના રે’શું ?” પછી ત્યાં તેમના ઘરને વિશે થોડાક દિવસ રહેતા થકા વર્ણીંદ્ર મુકુંદને પોતે એક રંગેલી છડી આપી ને એમ બોલ્યા જે, “હે બ્રહ્મચારી ! આ અમારી આપેલી છડી તમે જે જે જીવપ્રાણીને અડાડશો, તે જીવને તત્કાલ સમાધિ થાશે. તેમ અમારી છડી મધ્યે અમારા કહ્યાથી ઘણોક પ્રતાપ છે, તે કેશવરામ દીવાન આપણો દ્વેષી છે, તેને હઠાવવા સારુ આપણે આ પુર પ્રત્યે આવ્યા છીએ. તેને તમે

મારા કહ્યાથી અડાડીને ભય ઉપજાવજો, તેથી હાર પામી જાશે. આ પણ એક અમારું વિડંબન છે, તો જે ભક્તજન અમારી આજ્ઞામાં રહેતે જ્ઞાને જુક્ત જે પાળશે, તેને વિશે ચમત્કાર આવશે, તે મધ્યે સંશય નથી." તે સમે શ્રીજીમહારાજ સર્વે હરિજન પ્રત્યે એમ બોલ્યા.

❁ કઠિયારામાંથી રાજાના કારભારી બનેલની ઉમદા સમજણ

ત્યારે સર્વે હરિજને એમ કહ્યું જે, "હે મહારાજ ! જીવને તમે સામર્થીરૂપ ઐશ્વર્યને આપો ત્યારે તે જીવ માનેથી એમ જાણે જે, 'હું પણ કાંઈક છું ખરો.' તેનું કેમ જાણવું ?" ત્યારે તે સમે શ્રીજીમહારાજ સર્વજન પ્રત્યે એમ બોલ્યા જે, "અમારું જે ઐશ્વર્ય ને અમારી જેવડી મોટપ છે તેને સર્વ પ્રકારે જાણનારા આવા સુપાત્રજન જે બ્રહ્મચારી તે અમારી મોટપને પામીને એમ જાણે એવા છે જે, 'આ સર્વે મોટપનો વૈભવ તે મહારાજનો જ છે, પણ મારો નથી. ને હું તો તેનો સેવક છું ને એ તો મારા સ્વામી છે.' એમ જે કોઈ સેવક જન સમજે છે, તેને સ્વામી તરફથી મોટો અધિકાર મળે છે. ત્યાં એક પુરાતન વાતનું દૃષ્ટાંત છે, તે તમે સર્વે સાંભળો, અમે કહી દેખાડીએ." તેમ શ્રીજીમહારાજે કહ્યું. ત્યારે ત્યાંના સર્વે હરિજને એમ કહ્યું જે, "હે મહારાજ ! તે વાત જેમ છે, તેમ અમને કહી દેખાડો."

ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, **"એક મોટો ચક્રવર્તી રાજા** હતો. તેનું રાજ્ય સૂર્ય અને ચંદ્રનું જેટલામાં તેજ પ્રવર્તે એટલામાં હતું. તે રાજાએ એક દિવસને સમે વનમાં ફરતા એક ગરીબ કઠિયારાને દેખ્યો. તે કઠિયારાના પૂર્વના પુણ્યથી રાજા તેના ઉપર રીઝ્યો અને તેને એમ કહ્યું જે, 'હે કઠિયારા ! તને હું મારી રાજ્ય-સમૃદ્ધિનો અધિકાર આપીશ. તેથી તું તારો કાષ્ઠનો ભારો નાંખી દે.'

ત્યારે તેણે એમ કહ્યું જે, 'હે ગરીબનિવાજ ! હે મોટા નરેશ ! મેં મારા પેટને અર્થે ઘણાં લાકડાં વેચી ખાધાં છે ને આ ભારો તો હું

માથે ઉપાડીને આ ઘણી ટાઢ પડે છે, તે તેની તાપણીથી તમને તપાડી તમને રાજી કરવા છે.' તેમ કહી પ્રીતિપૂર્વક તે રાજા આગળ ભારો ઉપાડીને તેની રાજધાનીની મેડી મધ્યે નાંખ્યો. ને રાત્રીને વિશે તે રાજાને તપાડીને અતિ પ્રસન્ન કર્યા. ને તે રાજાએ ભારે લૂગડાં ને ભારે અમૂલ્ય ઘરેણાં આપીને પોતાનો સર્વે રાજ્યનો કારભાર તેને સોંપ્યો.

પછી સર્વે પોતાની સભા ને પોતાના કામદાર ને પોતાના દીવાન ને પોતાના સર્વે સંબંધી પુરુષ પ્રત્યે રાજાએ એમ કહ્યું જે, 'તમે સર્વે જન તે અમને પ્રિય એવો જે મારો આ ચાકર તેને પૂછીને કામ કરજો. તે જમાદારના હુકમ મધ્યે સર્વે રે'જો ને તેના ઉપર તો એક મારો જ હુકમ છે, પણ બીજા કોઈનો તેની ઉપર હુકમ નથી.' તેમ તે રાજાએ તે સર્વેને કહ્યું. ત્યારે તે (મળેલ અધિકારને) રાજાનો ઘણો પ્રતાપ જાણીને પોતાના પૂર્વનાં કાષ્ઠ બાંધ્યાનાં બંધિયાં જે ટૂટલ દોરડાં ને કુહાડી ને ફાટેલ લૂગડાં તેની નિત્યે સ્મૃતિ રાખવાને સારુ સોનાની પેટી મધ્યે જતનેથી રાખી મૂક્યાં, જે, હું તો આવો હતો ને આ સર્વે જે વૈભવ તે તો આ મોટા રાજા તેનો જ છે ને હું તો પૂર્વે આવો ગરીબ હતો.

તે જ્યારે કોઈ વિપ્ર કે સંત કે હરેક કોઈ ગરીબ વસ્તીનો ન્યાય ને અન્યાયને તપાસવા જાય, ત્યારે હંમેશાં પ્રભાતે તેના કુહાડા ને બંધિયાને તપાસતો હતો. તેમ રાજાની સમૃદ્ધિમાં ઉપશમ કરીને[૧] સર્વે કામ માને રહિત કરતો હતો. અને સર્વે જન રાજા પ્રત્યે એમ કહેતા હતા જે, 'હે નરેશ ! તે જમાદાર પાસે કાંઈક પૂજા છે, તે પેટી મધ્યે છે, તેને જોઈને પછી બારે નીકળે છે.'

ત્યારે તે રાજાએ જઈને તેને એમ કહ્યું જે, 'તમારી પાસે જે કાંઈ પૂજા હોય તે મને દેખાડો.' ત્યારે તેણે એમ કહ્યું જે, 'હે મોટા રાજા ! મારી પૂજા તમારે જોવા જોગ્ય નથી. એ તો મારે વિચાર્યા જોગ્ય છે.'

૧.સમૃદ્ધિ કે અધિકારનો છક ન આવવા દઈ શાંતિ, ધીરજ ને સંયમ રાખીને

તેમ કહ્યું, પણ તે રાજાએ હઠેથી બળાત્કારે જોયું, ત્યાં તો તેના પ્રથમના બંધિયા ને કુહાડા ને પૂર્વનાં ફાટેલ મેલાં વસ્ત્ર જોઈને એમ કહ્યું, 'આ તે શું છે ?' ત્યારે તેણે એમ કહ્યું જે, 'હે મોટા રાજા ! હું તો આવો સમૃદ્ધિવાન હતો ! ને આજે સર્વે જે રાજ્યાદિક સમૃદ્ધિ છે, તે તો તમારી આપેલી હું ભોગવું છું. તે જોયાથી મારું તુચ્છપણું સમજાય છે.' તે સાંભળીને તે રાજાએ ઘણું રાજી થઈને તેને મોટો અધિકાર આપ્યો." તે સમે આ વાત શ્રીજીમહારાજે સર્વે જે વિસનગરના હરિજન પ્રત્યે કહી દેખાડી તે સારુ લખી છે.


પછી શ્રીજીમહારાજે તે સર્વેજન પ્રત્યે એમ કહ્યું જે, "આ તો રાજાનું દષ્ટાંત થયું, ને તેનો સિદ્ધાંત તો એ છે જે, સર્વોપરી એવા જે ભગવાન તે જે સુપાત્ર જીવની ઉપર દયા કરે છે, તે તેના[૧] માનેથી નથી લેવાઈ જતો. ને અતિ ગરીબ થકો ભગવાનના મોટા પ્રતાપને સંભારે ને પોતાને અતિ ન્યૂન સમજે જે, 'હું તે તુચ્છ છું. ને હું જે જીવ તે ક્યાં ! ને સમર્થ ને સર્વે જે બ્રહ્માથી લઈ સ્તંબ(થૂંબડું) પર્યંતના સ્વામી એવા જે નારાયણ તે ક્યાં !' એમ સદાય જે સમજે છે, તે જ ભગવાનનો જ્ઞાની ભક્ત છે. ને તેવા સંત ને તેવા જ હરિજન ઉપર અમારો રાજીપો થાય છે. ને તે જ હરિના કૃપાપાત્ર થાય છે. તેમ તમે સર્વે સમજજો." એ આદિક જ્ઞાન ને ભક્તિ ને વૈરાગ્યાદિકની ઘણી વાત કરતે કેટલાક દિવસ વિસનગરે રહ્યા.

(**નોંધ :** મહારાજ નાજા જોગિયાની રક્ષા કરવા માટે તત્કાળ ત્યાંથી વડનગર ને વઢવાણ થઈને ભોંયરા જઈ ગઢડે પરત પધાર્યા છે. પછી વિસનગરના દીવાને હરિજનને દુઃખ દીધું તે બનાવ બન્યો હશે તેની વાત લેખકને યાદ આવી જતાં નીચે મુજબ લખે છે. આ વાત પ્રકરણ ૧૭માં વિસ્તારથી આવી ગયેલ છે.)

૧.ભગવાને દયા કરીને આપેલ સમૃદ્ધિ, સામર્થ્ય કે સત્તાદિકના

તે પછી તે ગામને વિશે તે દીવાને સર્વે હરિજનને પીડ્યા, તેથી તેને હઠાવવા સારુ મુક્તાનંદસ્વામી ને ઘણા સંતને મેલ્યા તોય માનતો નો'તો. ને સંતને તેના પુર મધ્યે પ્રવેશ કરવા દેતો નો'તો. ને સર્વે હરિજનને નાત બારે મૂક્યા. ને એમ કહેતો હતો જે, "કાંતો નાત રાખો ને કાંતો સત્સંગ રાખો." ત્યારે સર્વે હરિજને એમ કહ્યું જે, **"ઘણી નાતો મેલી છે, તેમ જ આ નાતને મેલીશું, પણ સત્સંગ તો માથાને સાટે રાખીશું."** પછી મહારાજે મયારામભટ્ટને ત્યાં મેલીને ઘણા વિપ્રને જમાડ્યા અને તેથી તે હઠ્યો તેમ મહારાજે હઠાવ્યો હતો. એ તો ઘણીક વાત છે પણ સંક્ષેપે લખી છે.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'શ્રીહરિ સત્સંગના દ્રોહી વિસનગરના દીવાનને દબાવવા ત્યાં પધાર્યા' એ નામે સુડતાલીસમું પ્રકરણ ॥૪૭॥





શ્રીહરિ જસદણના રાજા વાજસુર ખાચરના ત્રાસથી નાજા જોગિયાની રક્ષા કરે છે.

પ્રકરણ - ૪૮

શ્રીહરિ ભોંયરા જતાં રસ્તામાં વઢવાણમાં એક વિપ્રને ઘેર રાત્રી રોકાયા

ગુર્જરદેશને વિશે રહેતા થકા[૧] એક દિવસને સમે ત્યાંથી શ્રીજીમહારાજ ચાલ્યા. તે ગામ ને પૂર ને ખેટ ને ખર્વટ ને વન ને ઘણીક સરિતાઓને ઉલ્લંઘન કરતે સતે શ્રીજીમહારાજ મુકુંદવર્ણી સહિત શ્રીઝાલાવાડ દેશને વિશે **વર્ધમાનપુરી**(વઢવાણ) ગામને સમીપ પધાર્યા. તે સમે ચૈત્ર(આસો ?) માસનો દિવસ હતો ને ઘણો પ્રજન્ય(વરસાદ) વરસતો હતો. તેણે કરીને પોતાનાં સર્વે વસ્ત્ર પલળી ગયાં હતાં. ને તે ગામને પાદર મધ્યે મોટી નદી જે **ભોગાવો** તે બે કાંઠા બહાર ઘણા જળના લોઢે વાંસજાળ ઉપરાંતે વે'તો હતો. તે ઠેકાણે હનુમાનજીની એક નાની દેરીમાં પોતે ને મુકુંદસ્વામી એક ઘડી સુધી ઊભા રહ્યા. ને તે સમે આસરે ચાર ઘડી રાત્રી ગઈ હતી.

ને પછી શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "હે બ્રહ્મચારીજી ! અમે તો આ નદી મધ્યે પડીને પેલે પારે ઊતરીને આ નગરી પ્રત્યે જાશું." ત્યારે મુકુંદસ્વામીએ એમ કહ્યું જે, "હે કૃપાનાથ ! આ અંધારી રાત્રીને વિશે ઘણી મેઘની ઝડીથી આ નદીનું મહાજોરાણ પૂર આવ્યું છે, ને વળી નિશા ઘણીક અંધિયારી છે. તે વિદ્યુતના(આકાશમાં થતી વીજળીના) પ્રકાશેથી પોતાનો હાથ માંડ સૂઝવામાં આવે છે. ને તમો તો એમ કહો છો જે, 'હું તો નદી ઊતરીને પુરી મધ્યે જાઈશ.' તેવડું તમારે શું પ્રયોજન છે ? તે કહો."

પણ તે પોતાનું રહસ્ય કીધું નહીં જે, પોતાનો ભક્તરાજ નાજો જોગિયો તે ભોંયરાને વિશે વસે છે. ને તે પુરના રાજા વાજસુર ખાચરે

૧.ગત પ્રકરણમાં છેલ્લે મહારાજ વિસનગર પધાર્યા, પછી ત્યાંથી વડનગર વગેરે ગુર્જરદેશને વિશે રહેતા થકા

તેને એમ કહ્યું જે, "તું સ્વામિનારાયણનો સત્સંગી છો ?" તેણે કહ્યું જે, "હા." રાજાએ કહ્યું જે, "સ્વામિનારાયણ તે કોણ કે'વાય ?" ત્યારે તેણે એમ કહ્યું જે, "એ તો ભગવાન કે'વાય." ત્યારે તે રાજાએ તે પ્રત્યે એમ કહ્યું જે, "જો તારા સ્વામિનારાયણ ભગવાન હશે તો ચાર દિવસ મધ્યે મારા પુર પ્રત્યે આવે ને આવીને તને દર્શન આપે તો ખરા. ને જો ના આવે તો તારાં સર્વે ગાત્ર ભાંગી નાખું ને મારી પણ નાખું ખરો." એમ તે રાજાએ તે ભક્તને કહ્યું.

ત્યારે તેણે પોતાની ભોળપે ને વળી શ્રીજી મહારાજના ઘણા નિશ્ચેના બળેથી તે રાજાની સંઘાતે હોડ બકી ને રવદી(રવદ-શરત ?) કરી છે. તેની અવધીનો આડો એક દિવસ બાકી રહ્યો છે. અને તેની રક્ષા કરવી છે. તેથી તે નિશાને સમે શ્રીજીમહારાજ બ્રહ્મચારીની વારે(રાહે; સહાયમાં) ન રે'તા થકા તે નદીને વિશે પ્રવેશ કર્યો. તે સમે મોટા લોઢ મધ્યેથી પોતાને પ્રતાપે કરીને પસાર થઈને પુરીને વિશે પ્રવેશ કરતા હવા.

તે સમાની મૂર્તિનું ચિંતવન છે : એક બહિર્વાસ ને કોપીન ને એક ચાદર ને માથે રૂમાલ છે, ને હાથને વિશે એક રંગેલી તૂંબડી છે. તેવા વેશને શોભાડતા થકા તે પુરીની બજાર સોંસરા ચાલ્યા જાય છે. ને તે સમે મેઘને ઘમંડ હતો, તે ગાજતો થકો અતિવૃષ્ટિને કરતો હવો. અને દીવાના અજવાળે એક **કામદાર** એવો **વિપ્ર** તે શ્રીજીમહારાજને દદર્શ નામ(એટલે કે) જોતો હવો, પણ શ્રીજીમહારાજની મૂર્તિને વિશે ઘણોક પ્રકાશને દેખતો હવો. ને તેણે એમ કહ્યું જે, "અહો ઈતિ આશ્ચર્યે." ને તેમ દેખીને તે શીઘ્ર ઊઠીને શ્રીજીમહારાજને હાથે ઝાલી મસ્તક નમાવી એમ બોલ્યો જે, "હે મહત્પુરુષ ! તમે કોણ છો ને ક્યાંથી આવ્યા છો ?" ત્યારે મહારાજે કહ્યું જે, "અમે તો સાધુના ગુરુ છીએ ને ઘણા સાધુપુરુષ તેમણે અમને માન્યા છે, તેવા અમે છીએ.

ને ઘણાક સત્ય સાધુ તેને બ્રહ્મવેતા એવા જે દ્વિજે પૂજ્યા ને માન્યા છે, તેવા સાધુને અમેય માનીએ છીએ ને તેનેજ પૂજીએ છીએ.. હે વિપ્ર ! અમને તું એવા જાણજે. આ વાત અમે કહી તેમ જ છે."

ત્યારે તે વિપ્રે કહ્યું જે, "હે સમર્થ ! તમે કઈ દિશાથી આવ્યા ?" ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "અમે તો ઉત્તર દિશા મધ્યેથી આવ્યા છીએ." ત્યારે તેણે કહ્યું જે, "હે મહારાજ ! ઘણા જળે કરી આ ભોગાવો જોરાણ વહે છે, તે ઊતરીને તમે કેમ આવી શક્યા ? તે વાતનો મને સંશય છે." ત્યારે શ્રીજીમહારાજે તે વિપ્રને એમ કહ્યું જે, "તે નદીને પેલે કાંઠે એક હનુમાનની દેરી છે. તે મધ્યે અમારા ગુરુ તથા સર્વે દ્વિજના પણ ગુરુ એવા એક બ્રહ્મચારી બેઠા છે, તે નિશાની(હું આ વાત કરું છું, તેની ખાતરી) છે. ને તે આવ્યા કેડે અમે અન્નજળ લેશું." તેમ મહારાજે કહ્યું. ત્યારે તે વિપ્રે કહ્યું જે, "હે મહારાજ ! તમે મારી હવેલીએ પધારો અને ત્યાં શુદ્ધ કોરાં વસ્ત્ર છે, તે પે'રો."

પછી (બન્ને હવેલીએ પધાર્યા. ને) કોરાં વસ્ત્ર મહારાજને પેરાવીને તે અમાત્યે રાજપુરુષને મોકલીને તારા(તરવૈયા) એવા જે ભીલને કહ્યું જે, "હે તારો ! નદીને પેલે પાર એક બ્રહ્મચારી છે, તેને તરાપો બાંધીને અને તૂંબડાં બાંધીને શીઘ્ર ઉતારી લાવજો." તેમ કહ્યાથી તે જાય છે. ને ત્યાં બ્રહ્મચારી તે નિશાને મધ્યે મહારાજની સ્તુતિ કરે છે. એટલાક મધ્યે તે તારા ત્યાં તરાપાને લઈને આવ્યા. જેમ કઠણ સમાને વિશે હરિનું પ્રેર્યું વિમાન આવે, તેમ આવીને કહ્યું જે, "હે બ્રહ્મચારી ! તમારા બાવાનો ઉતારો અમારા ગામના કામદારને ઘેર છે. તેના પ્રેર્યા અમે તમને તેડવા સારુ આવ્યા છીએ. તે તમે તૈયાર થઈને આ તૂંબડા તમારી કટીએ બાંધીને તમારી જે આસ્તા(સામાન) તે સર્વે તરાપા મધ્યે મેલીને તરાપો ખબડદારીથી પકડજો." તેમ કહીને બ્રહ્મચારીજીને શીઘ્રેથી નદી ઉતારીને જે ઠેકાણે શ્રીજીમહારાજ બિરાજે છે, તે સમીપે લાવ્યા.

ત્યારે મહારાજે કહ્યું જે, "હે બ્રહ્મચારીજી, પધાર્યા ?" ત્યારે તેમણે કહ્યું જે, "હે કૃપાનાથ ! હું તમારી કૃપાથી આવ્યો છું." ને પછી કોરાં વસ્ત્ર મહારાજે અપાવ્યાં તે પેર્યાં. પછી સગડી કરીને મહારાજ ને બ્રહ્મચારીને તે દ્વિજ તપાડે છે. ને એટલાક મધ્યે તે વિપ્રની ભોજાઈ બાઈ પ્રેમે(પ્રેમબાઈએ ?) ભારે રસોઈ કરી હતી, તે બાઈ મહારાજની સત્સંગી હતી, પણ મહારાજને તે સમે ઓળખતી ન હતી. તેણે એમ કહ્યું જે, "રસોઈ થઈ છે ને જમવા પધારો."

ત્યારે મહારાજે કહ્યું જે, "પ્રથમ બ્રહ્મચારીને જમાડો, પછી અમે જમશું." ત્યારે મુકુંદ બ્રહ્મચારી બોલ્યા જે, "હે મહારાજ ! તમે હવેલીની ઓસરી મધ્યે બેસી જમો ને હું તમોને પીરસીને તમારી સામો બેસીને જમીશ." પછી મહારાજનો થાળ પીરસીને મૂક્યો, તે પોતે જમતા હવા. તેમ બ્રહ્મચારી પણ જમે છે. એટલાક મધ્યે તે બાઈ લક્ષણા કરીને બોલી જે, "હે મહારાજ ! તમે તો જાણે સ્વામિનારાયણ જ હો નૈ ! એવા મને તો ભાસો છો." ત્યારે મહારાજે તેને એમ કહ્યું જે, "અમે તો તેના સાધુ છીએ ને તે તો અમે નથી." તેમ કહીને જમીને ચળું કરીને તાપીને તે રાત્રીએ તે ઠેકાણે નિવાસ કરી પ્રભાતે ત્યાંથી ચાલતા થયા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'શ્રીહરિ ભોંયરા જતાં રસ્તામાં વઢવાણમાં એક વિપ્રને ઘરે રાત્રિ રોકાયા' નામે અડતાલીસમું પ્રકરણ ॥૪૮॥



પ્રકરણ - ૪૯

ભોંયરામાં નાજા જોગિયાની ટેક રાખી ને રાજાને ઐશ્વર્ય દેખાડી તેનું હિંસકપણું મુકાવ્યું

ત્યારે તે વિપ્રે કહ્યું જે, "હે મહારાજ ! તમે મારી ઘોડી ઉપર બેસો ને તમારી ભેગો મારો ચાકર આવશે. તે તમે તમારી મરજી આવે ત્યાં સુધી લઈ જાજો." ને તેમ શ્રીજીમહારાજ તેની ઘોડી ઉપર બેઠા. ને તેની ઘોડી વિષમ(વિપરીત; પ્રતિકૂળ) ગતિથી ચાલે ને પોતાને શીઘ્ર જાવું હતું. તેથી તે ઘોડીને તે ગામના પાદર મધ્યેથી ત્યાગ કરીને પોતે પાળા થઈને ચાલવા લાગ્યા. ને જ્યારે પોતે શીઘ્ર ગતિથી ચાલવા માંડ્યું, ત્યારે બ્રહ્મચારીએ મહારાજ પ્રત્યે એમ પૂછ્યું જે, "હે મહારાજ ! આવડું ઉતાવળું કામનું શું પ્રયોજન છે ? તે તમારું રહસ્ય મને કહો."

ત્યારે તે રસ્તા મધ્યે ઊભા રહીને એમ બોલ્યા જે, "હે મહાયોગી ! તે વાત, લ્યો તમને કહું. મેં તમને પ્રથમ કહ્યું છે ને ફેર કહું છું જે, અકામી ને દૃઢ છે જ્ઞાન મારા સ્વરૂપનું જેને એવો જે અમારો ભક્ત નાજો જોગિયો ભોંયરાને વિષે રહે છે, તેની આગળે ત્યાંના રાજાએ પ્રતિજ્ઞા કરી છે જે, 'આજ તારા ગુરુ સ્વામિનારાયણ જો નો આવે તો લોઢાને ઘણે કરીને તારાં અંગેઅંગને હું જરૂર ભાંગી નાંખીશ. તે મધ્યે સંશય રાખીશ મા, તે મધ્યે મને દયા નથી ને હું નિર્દયી છું,' તેમ તે નરેશ બોલ્યો છે. તે વચન મારે સત્ય કરવું છે; તેમણે મારે ભરોસેથી તે પ્રતિજ્ઞા લીધી છે, તે સત્ય કરવી છે. માટે તે ઠેકાણે જો આજ દિને અમે ન પહોંચીએ તો તે ભક્તને તે નિર્દયી એવો તે રાજા મારે, તેથી અમને ખોટ બેસે. કેમ જે, તે ભક્તજન સાધુને અર્થે પોતાના ગામ ને વતનનો ત્યાગ કરીને તે ઠેકાણે વસ્યો છે."

વળી મહારાજે કહ્યું જે, "હે બ્રહ્મચારી ! તે ભક્ત એક દિવસને સમે ગામ લાખણકાને વિશે વસતો હતો. તે ગામમાં મારા સાધુ કાસકાનંદ

ને કૌસકાનંદ જાતા હતા. ત્યારે તેમને દુષ્ટ એવો જે ડાંગરુ દાનવ લોહાંગી લાકડીથી તેમને માથામાં મારતો હવો. તેવી વાત તે નાજો ને તેનો ભ્રાત રામ તેમણે સાંભળી અને મહા ક્રોધાયમાન થકા પોતાનાં શસ્ત્ર, અસિ ને ચર્મણી(ચામડાની ઢાલ) ને સાંગ્યુંને(સાંગ - ભાલા જેવું હથિયાર) લઈને ઘણાંક માણસ મધ્યે આવીને તે સંતના દ્રોહીને ઝટકા મારતા હતા. તે સમે તે ગામ મધ્યેથી ઘણાક અસુર નીકળ્યા. તેથી બેઉ જણ ભાગ્યા. તેમણે ઉઘાડી તરવારો તે પોતાના દશનેથી(દાંતથી) મુખ મધ્યે પકડી છે ને ડાબા હાથ મધ્યે ઢાલું છે ને જમણા હાથ મધ્યે લોહની તીવ્ર સાંગ્યુંને ફેરવતા થકા ભાગ્યા. તેની વાંસે ઘોડાં એક સો ચડ્યાં અને તેમણે તેમને ઘેર્યા. તે સમે તેમની ભગવાને મદદ કર્યાથી તે બન્ને અમારી પાસે શ્રીદુર્ગપુરને વિશે આવ્યા. પરંતુ તે ઠેકાણે રે'તાં સુખ ના આવે એવું વેર થયું.

તેથી હાલ તે વાજસુર રાજાના ભોંયરા પુર પ્રત્યે રહે છે. તે રાજાએ પણ નાજા ભક્તને મારવાની રવદી કરી છે, તેની રક્ષા કરવા સારુ અમે આજને આજ ના પહોંચીએ તો તે રાજા ઘણો નિર્દયી છે, તેથી તે ભક્ત નાજાનાં અંગ ભાંગીને મારી નાંખે. તે ભક્તે અમારા સાધુજનની રક્ષા કરી છે, તેથી હું તેની રક્ષાને અર્થે હે મોટા સાધુ ! દિનેશ અસ્ત થયા મોરે તેના પુરને વિશે શીઘ્ર જાઈશ."

ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, "હે મહારાજ ! હું પણ તમારી ભેગો આવીશ." ત્યારે મહારાજે એમ કહ્યું જે, "આ ઠેકાણેથી તેનું પુર આઠ જોજન થાય છે ને દિવસ છો ઘડી ચડ્યો છે. વળી દિવસ ઘડી પાંચ પાછલો રે'શે, તે સમે અમારે તે રાજાના પુર પ્રત્યે પહોંચવું છે. તેથી અમે અમારી રીતથી ચાલશું. તે તમે આ દેહેથી નહીં પોતો."

ત્યારે બ્રહ્મચારી એમ બોલ્યા જે, "હે મહારાજ તથાસ્તુ ! પણ હવે હું તમારી ભેગો ક્યાં થાઈશ તે કહો." ત્યારે શ્રીજીમહારાજે એમ

કહ્યું જે, "અમે અને તમે ગામ **ભાદરા** મધ્યે ને કાં તો **જોડિયે બંદરે** ભેગા થાશું." તેમ કહીને શ્રીજીમહારાજ ચાલતા થયા. ને બ્રહ્મચારી તે **લીંબલી** મધ્યે શાહ મુળજીને ઘેર ગયા.

તે સમે મેઘ તે ઈક્ષુધારે(શેરડીના સાંઠાના જેવી ધારે) ઘણો વરસતો હતો ને ઘણીક આડી નદીઓ મહાજોરાણ વહેતી હતી. તેને ઊતરીને શ્રીજીમહારાજ ભોંયરાને વિશે ભક્ત નાજાના ગૃહને વિશે ददृशुर्नाम (એટલે કે) દેખાયા. ત્યારે શ્રીજીમહારાજનાં દર્શને કરીને ભક્ત નાજો તથા તેના સંબંધી ઘણું રાજી થયા. ને સંબંધી એમ બોલ્યા જે, "હે મહારાજ ! તમે તો આ નાજા ભક્તને જીવતદાન આપ્યું છે." ત્યારે પોતે મનુષ્ય-ચેષ્ટાથી તે સર્વેજનને કહ્યું જે, "તે વૃત્તાંત અમને કહી દેખાડો, જે કેમ છે ?"

ત્યારે તેમણે કહ્યું જે, "હે મહારાજ ! જો તમો આજના દિવસે ન આવ્યા હોત તો કાલે આ ભક્તનાં ગોઠણાદિ અંગ તે રાજા ભાંગી નાંખત, કેમ જે એવી રવદી કરી છે." ત્યારે શ્રીજીમહારાજે તે ભક્તને એમ કહ્યું જે, "તેવી રવદી કોઈ જનને નો કરવી." તેમ કહીને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "આ ટાણે તું તે રાજાને ખબર કર ને તેને તું એમ કહે જે, મારા ઘરને વિશે મહારાજ આવ્યા છે." (ત્યારે તેમણે તે પ્રમાણે ખબર કરી.)

પછી તે ભક્ત મહારાજને ભોજન-પાન કરાવી પલંગે પોઢાડીને ચરણ ચાંપતો હતો. અને શ્રીજીમહારાજ ઘણાં આખ્યાનોની વાતો કરતાં થકાં પોતાના સુખેથી સુખી થઈને પોઢી રહ્યા. પછી પ્રભાતે વહેલા ઊઠીને દંતધાવન ને સ્નાનાદિક ક્રિયા કરીને પૂજાવિધિ કરી રહ્યા. પછી તે રાજાના ચોબદારે આવીને હાથ જોડીને એમ કહ્યું જે, "હે મહારાજ ! તમોને રાજાએ તેડાવ્યા છે, તેમને તમારાં દર્શન કરવાં છે, તે આપ પધારો."

તે સમે શ્રીજીમહારાજ ને નાજા ભક્ત આદિક સર્વે જન ચાલ્યાં, તે રાજાનો દુર્ગ (જસદણ તાલુકાના હિંગોળગઢ ગામ પાસે આવેલ) પર્વત ઉપર છે, ને તે ઘણો ઊંચો છે, તે પર ચઢી શ્રીજીમહારાજ પ્રથમને દરવાજે પહોંચ્યા. તેની ડોઢી(પહેરેદારોને બેસવા માટે બનાવેલી ડેલી-ઓસરી) મધ્યે ઘણા બંધીવાન પડ્યા છે. તેમના તે રાજાએ પગના ઢીંચણ ને પગના કાંડાની ઘૂંટિયું તે લોહના હથોડાથી ભાંગી નાંખ્યાં છે. તેની પીડાથી શ્રીજીમહારાજને જોઈને તેઓ અતિ પોકારને કરતા હતા.

અને અતિ દીનબંધુ એવા જે મહારાજને તે સર્વે ચોર દીનવચન સંભળાવતા હતા. તે સમે તે સર્વે એમ કહેતા હવા જે, “હે મહારાજ ! અમે તમારાં દર્શન કર્યાં, તેથી અમારાં મોટાં ભાગ્ય થયાં. ને હે મહારાજ ! જે જીવ તમારાં વચન પાળે છે, તે સર્વે આ લોક ને પરલોકને વિશે કષ્ટને નથી પામતાં ને સુખને પામે છે. ને અમે તમારાં વચનને લોપ્યાં ને ચોરીનું કર્મ કર્યું, તેથી આ રાજાએ અમારાં અંગને ભગ્ન કરી નાખ્યાં છે.” તે પોતાને હાથે કરી પગ દેખાડતા હતા. તેને મધ્યે અસ્થિને ભાંગીને ચૂરણ કર્યાથી ત્વચાને મધ્યે હાડ ટટળતા(લટકતાં-લબડતાં) જોયા ને ચોર પોકારને કરતા હતા જે, ‘હે મહારાજ... હા.. ઈતિ કષ્ટે. તે જોઈને ગરીબનવાજ ને અતિ કૃપાળુ છે સ્વભાવ જેનો એવા જે શ્રીજીમહારાજે તે સમે ‘રામ...રામ...’ એમ બોલતા થકા નાજાભક્તને એમ કહ્યું જે, “આવા નિર્દયી પાસે અમે નહિ જાઈએ ને અમે તો ઈયાંથી પાછા વળશું.”

ત્યારે ચોર આદિક સર્વે જન એમ બોલ્યા જે, “હે મહારાજ ! તમો તે રાજા પાસે પધારો, તમારો રૂડો બોધ તેને દેશો તેથી તે રાજા સારા થાશે.” તેમ ઈશ્વરેછાથી શ્રીજીમહારાજ તે રાજાના કિલ્લા ઉપરે રાજધાની મધ્યે તે રાજા પાસે પહોંચ્યા. ત્યારે તે રાજા પોતાની ગાદીએથી

ઊતરીને હાથ જોડીને વિનયે સહિત શ્રીજીમહારાજને નમ્યા. ત્યારે શ્રીજીમહારાજે તેની સ્વાગત(સુખ-શાંતિના સમાચાર) પૂછી.

અને તે રાજાએ એમ કહ્યું જે, "હે મહારાજ ! તમે તો સર્વજ્ઞ છો. ને તમારા ભક્તની પ્રતિજ્ઞાને સત્ય કરો તેવા તમે સત્યવાદી છો ને વળી અંતરજામી છો. ને હે મહારાજ ! આ તમારો હરિજન નાજો તેણે મારી સાથે પ્રતિજ્ઞા કરી હતી, તે અવધી પ્રમાણે તમે નો આવ્યા હોત તો તેના ઢીંચણને હું ભાંગી નાંખત, પણ હે સર્વજ્ઞ ! તમે શીઘ્ર પધારીને તમારા ભક્તની તમે રક્ષા કરી છે. ને તમે કાલે કયે ગામેથી પધાર્યા, તે કહો. ને ઘણાંક મેઘની વૃષ્ટિ મધ્યે આવ્યા છો !"

ત્યારે તેને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "અમે તો કાલે વર્ધમાનપુરીથી આવ્યા છીએ. ત્યારે તે રાજાએ કહ્યું જે, "હે મહારાજ ! એ તો ઘણું દૂર છે ને આંહીંથી આઠ જોજન[1] થાય છે. ને તે મધ્યે ચાલતે દુસ્તર એવી ઘણી નદીઓ આવે છે. ને આ મેઘની ઘણી ઝડી મધ્યે તમે આવ્યા, તે તમે તો ભગવાન જ છો ! ને આ ઝડીની મધ્યે નદીઓ મધ્યે પડીને તમે જ આવી શકો, બીજા કોઈનો ભાર નહીં જે આવી શકે. ને હે મહારાજ ! તમારા ભક્તને મેં દૂભવ્યો છે, તેથી તમે દુભાણા હશો. તે તકસીર(અપરાધ) માફ કરો ને હવેથી તમે જેમ કહેશો તેમ હું કરીશ ને તમે મને વર્તમાન ધરાવો."

ત્યારે તેને શ્રીજીમહારાજે એમ કહ્યુ જે, "તમથી દારુ અને માંસનો ત્યાગ નહિ થાય ને અમારાં બીજાં બે વચન પાળો. તે લ્યો કહીએ, એક તો પરસ્ત્રીનો ત્યાગ રાખવો ને બીજું તે શું, તો જે કોઈ કુમતિવાન પુરુષ ચોરી કરે છે, તેના તમે પગના ઢીંચણ ને તેના નળા ને તેના પગની ઘૂંટીઓને ભાંગી નાંખો છો, તે નો ભાંગવા ને અન્ય દંડ દેવો, પણ તેના અંગ તો ન જ ભાંગવા. એ બે વચન અમારાં પાળો."

૧.૧ યોજન=૪ ગાઉ, ૧ગાઉ=૩ કીમી, ૮ યોજન=૯૬કીમી

ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! પરસ્ત્રીનો ત્યાગ તે હું નિશ્ચે પાળીશ, પણ તમે એમ કહ્યું જે, ચોરનાં ટાંગણ ન ભાંગવા તે વાત હુંથી નહિ પળે." ત્યારે મહારાજે તેને એમ કહ્યું જે, "તે વચન અમારે જોરાયે પળાવવું છે. કેમ જે તમારે રાજહઠ છે, ને અમારે જોગીહઠ છે. તે રાજહઠ જાશે ને જોગીહઠ તે સત્ય થાશે."

એમ કહીને શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "જે પાપી જીવ આ લોકને વિશે મદાંધ થકો તથા રાજાને મદે થકો જે કાંઈ પાપ કરે છે, તેને કોઈ ભગવાન છે, તે જમપુરીને વિશે તે પાપનું ફળ ભોગવાવે છે." તેમ તે રાજા પ્રત્યે મહારાજે કહ્યું.

ત્યારે તે રાજા પોતાને રાજ્યમદે કરીને એમ બોલ્યા જે, "હે મહારાજ ! કેણે જમપુરી દીઠી છે ? એ તો વાતો છે." ત્યારે મહારાજે તે પ્રત્યે એમ કહ્યું જે, "તે વાત તમારે જોવી છે ?" ત્યારે નથી જાણતા પ્રતાપ શ્રીજીમહારાજનો, તેવા તે રાજાએ એમ કહ્યું જે, "લ્યો દેખાડો જોઈએ." ત્યારે મહારાજે તેને એમ કહ્યું જે, "તમે તમારાં નેત્ર મીંચીને જુઓ, તેથી તમને જમરાજાની પુરી દેખાશે."

પછી તેણે નેત્રને મીંચ્યાથી તત્કાલે મહાભયાનક જમરાજાને જોયા. તે મોટા મહિષ ઉપર બેઠા હતા. તેમને ચાર ભુજાઓ હતી ને મોટા વિકરાળ ઘણા જમદૂત તેમણે વીંટાણા થકા શોભતા હવા. ને ચૌદ કોટિ જમને તે દેખતા હવા. ને યમદૂતો મહા જોરાયેથી તે રાજાને પકડતા હતા. ને તેને જમરાજાએ એમ કહ્યું જે, 'હે જીવ ! તેં ઘણાં પાપને કર્યાં છે, તેથી તને આંહીં કાળપાસે બાંધ્યો થકો પાપને ભોગવાવશું ને તારા રાજ ને તારા વૈભવને ભોગવવા નહિ દઈએ.'

તેમ જમરાજાના કહ્યાથી અતિ ભયને પામતો થકો શ્રીજીમહારાજના વચનની તથા મહારાજની મૂર્તિની સ્મૃતિને કરતો હતો. એટલાક મધ્યે પોતાના દેહ પ્રત્યે આવીને શ્રીજીમહારાજને જોતો હતો. ત્યારે મહારાજે

તેને કહ્યું જે, "તમે કાંઈ દીઠું ?" ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! મેં તો ભયાનક જમરાજા ને તેના ચૌદ કોટિ દૂતે સહિત ઘોર જમપુરીને દીઠી. ને એક ઘડી મધ્યે ઘણાંક કાલ પર્યંત મેં દુઃખ ભોગવ્યું છે."

ત્યારે મહારાજે કહ્યું જે, "ત્યાંથી આ દેહમાં કેમ આવવા દીધા ?" ત્યારે તેણે કહ્યું જે, "હે મહારાજ ! તમારી મૂર્તિની સ્મૃતિ કર્યાથી મારા આ દેહ પ્રત્યે હું આવ્યો." ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "આ વાત તમે દીઠી, તે કેમ ખરી છે કે ખોટી છે ?" ત્યારે તેણે એમ કહ્યું જે, "એ વાત સત્ય છે."

તેમ તે સમે તે નરેશને પોતાનું યોગૈશ્વર્ય દેખાડીને ભયાનક હિંસકપણું મુકાવ્યું. પછી મહારાજે તેને એમ કહ્યું જે, "રાજાનો હઠ જાશે કે જોગીનો જાશે ?" ત્યારે તેણે એમ કહ્યું જે, "હે સમર્થ ! મારો હઠ મેં મેલ્યો. ને હવે તમે મને જે બે વચન પાળવાનાં કહ્યાં છે, તે મારા જીવન પર્યંત હું પાળીશ." તેમ કહીને તે બે વાતનાં વર્તમાન ધરાવીને તે રાજાએ મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! તમારે જે કાંઈ જોઈએ તે માગો." ત્યારે મહારાજે એમ કહ્યું જે, "અમારે તો કાંઈ જોઈતું નથી. ને અમે તો અમારે સુખેથી અતિ સુખિયા છીએ." તેમ કહીને ત્યાંથી નાજાભક્તના ઘર પ્રત્યે પધાર્યા. ને તેને ઘેરે જમીને તત્કાળે 'જય સચ્ચિદાનંદ' કહીને પધાર્યા(ચાલ્યા).

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'ભોંયરામાં નાજા જોગિયાની ટેક રાખી ને રાજાને ઐશ્વર્ય દેખાડી તેનું હિંસકપણું મુકાવ્યું' એ નામે ઓગણપચાસમું પ્રકરણ ॥૪૯॥



પ્રકરણ - ૫૦

ગઢપુરમાં અસલાલીના વેણીભાઈની રસોઈ તથા હળવદના વિપ્ર રાવલ લખુને પોતાનું ધામ આપ્યું

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ ગામ **શ્રીદુર્ગનગર**ને વિશે બિરાજમાન હતા ને અષ્ટમીનો સમૈયો હતો. તે સમે ગામ **અસલાલીના** અમીન **વેણીભાઈએ** શ્રીજીમહારાજની પૂજા કેસર ને ચંદન ને કુંકુમ ને વસ્ત્ર ને હેમનાં ઘરેણાંથી કરી. તેની વિગત જે રાતા કિનખાબનો સુરવાળ હીરની નાડીએ સહિત પેરાવ્યો. ને કિનખાબની રાતી ડગલી અને ભારે કસુંબી રેંટો મસ્તકે બંધાવ્યો. ને કટિએ નીલા રંગનું શેલું બંધાવ્યું ને એક શેલું આસમાની રંગનું ખભે ધરાવ્યું.

અને હવે હેમનાં ઘરેણાંની વિક્તિ જે, કર મધ્યે કનકનાં કડાં, બાજુબંધ, પોંચીઓ, વેઢ અને વીંટીઓ અને કાન મધ્યે સત્ય મોતીએ સહિત હેમનાં ચોકડાં(એ નામનું કાનનું ઘરેણું) ધરાવ્યાં. તેમ જ સત્ય મોતીના હાર ને તોરા સર્વે પ્રકારે ધરાવ્યા. પછી હેમના થાળમા કપૂરની આરતિ ઉતારી. અને ઘણા સંતજન ને હરિજન તે 'જય જય' શબ્દને બોલતા થકા શ્રીજીમહારાજની મૂર્તિની શોભાનાં નીરખીને દર્શન કરતા હતા.

તેણે સર્વે સંતને જલેબીની રસોઈ આપી હતી. તે શ્રીજીમહારાજ સંતમંડળની પંક્તિને પીરસીને જમાડતા હતા. અને પછી સભા મધ્યે બિરાજમાન થયા. તે સમયે ઘણાં વાજાં જે ઢોલ, ત્રાંસાં, મૂરફા[૧], નગારાં, શરણાઈઓ, ભૂંગળ, ભેરી, રણશિંગીઓ અને કરણાટ(કાન જેવા આકારનું મોટું તતૂડું) આદિક વાગતાં હતાં. ઈત્યાદિક ઘણાક આનંદ-ઉચ્છવને કરતાં થકાં શ્રીદુર્ગનગરને વિશે બિરાજતા હતા.

૧.પાતળી દાંડીઓથી વગાડાતું ત્રાંસા કરતાં નાના કદનું એક વાદ્ય

એક દિવસને સમે શ્રીજીમહારાજ ગઢડા મધ્યે બિરાજમાન હતા. તે સમે સર્વે સંતમંડળ તથા હરિજન સર્વેની મોટી સભા ભરાઈને બેઠી હતી. ને સાધુ મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદજી, દેવાનંદજી, પ્રેમાનંદજી, જ્ઞાનાનંદજી, હરિયાનંદ ને સુખાનંદજી આદિક સર્વે શ્રીજીમહારાજના ગવૈયા સંત ગાન તાનેથી ચોતાલનાં પદ ગાતા હતા.

તે સમે હળવદના એક રાવલ લખુ નામે વિપ્ર તે ત્યાંના રાજાના પુરોહિત હતા, તે પરોક્ષ ભક્ત હતા ને નિષ્કપટી હતા. તેના ગામમાં સદ્‌ગુરુ ચૈતન્યાનંદસ્વામી ગયા હતા, ત્યારે તે સંતની તે વિપ્રે વાર્તા સાંભળી હતી ને તે સંતની કપટે રહિત સેવા ને રક્ષા કરી હતી. તે શ્રીજી મહારાજના દર્શનાર્થે દુર્ગપુર ગામની સમીપે આવતા હતા. ને તેણે ગામની ભાગોળે આવીને પોતાના ખડિયામાંથી શ્રીફળ ને એક રૂપિયો કાઢીને પોતાના હાથમાં રાખ્યાં. અને પોતાની પાસે તમાકુની ડાબલી હતી, તેને પોતે સંતાડતા હતા.

અને વળી પોતાના મનમાં એવો વિચાર કર્યો જે, 'મેં કોઈ ઠેકાણે કપટ કર્યું નથી, પણ તે સત્યપુરુષ એવા મહારાજ આગળ હું કપટ કરું છું. ને જો મારા કપટને મહારાજ જાણે તો નિશ્ચે જ તે અંતરજામી કહેવાય. ને હું તો બાર જોજનથી ચાલીને તેનાં દર્શન સારુ જ આવ્યો છું. ને જો મારા કપટને તે કહેશે, તો હું મારાં સર્વ કપટને ત્યાગ કરીને તેનો આશરો કરીને મહારાજનું જ ભજન કરીશ.' તેમ વિચારીને પોતાની પાસે તમાકુની ડાબલી હતી, તેને પોતાના ખડિયા મધ્યે બાંધીને સંતાડી દીધી. પછી તે ગામ મધ્યે ઉતારો કરીને શ્રીજીમહારાજને દર્શને આવ્યા. તે સમે શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં આથમણા બારના ઓરડાની ઓસરીના પડથાર ઉપરે પલંગ ઉપરે આથમણે મુખારવિંદે બિરાજતા હતા. ને સંતજનની ને અગણિત હરિજનની ઘણી મોટી સભા શ્રીજીમહારાજની સન્મુખે ઉગમણે મોઢે બેઠી હતી. તે સમાને

વિશે પોતાના મનુષ્યે વિંટાણા થકા તે દ્વિજ તે સભાને વિશે આવ્યા. અને આવીને શ્રીજીમહારાજને નમસ્કાર કરીને મહારાજની આગળ શ્રીફળ ને રૂપિયો મૂક્યો. તે ભેગી પોતાની તમાકુની ડાબલીને દદર્શ નામ દેખતા હતા. પોતાના કપટે કરી સંતાડી રાખેલી તે ડાબલી, તેને શ્રીજીમહારાજને આગે મૂકેલી દેખાતી હતી.

તે વિપ્ર પ્રત્યે મહારાજે એમ કહ્યું જે, "આ તમારી ડાબલીમાં શું છે ? તમે તમારી ડાબલી પાછી લ્યો." ત્યારે તે વિપ્રે નિષ્કપટથી હાથ જોડીને એમ કહ્યું જે, "હે મહારાજ ! એ તો મારું કપટ મેં ઘણા જતનેથી સંતાડ્યું હતું, પણ હે અંતરજામી ! આ મહત્પુરુષની આ સભાને વિશે મારું કપટ દેખાણું છે. અને મેં મારી ડાબલી જતને કરીને મારા ઉતારા મધ્યે મેલી હતી. ને મેં મારા મનશું એવો વિચાર બાંધ્યો હતો, જે, 'મહારાજ મારા કપટને જાણે તો તે ઈશ્વર ખરા. ને જે કપટ મેં સંતાડ્યું હતું, તે તો આ સભાને વિશે મૂર્તિમાન દીઠું. ને હે કૃપાનાથ ! તે ડાબલી મધ્યે તમાકુ છે, તે આજથી મારે હરામ છે. હવેથી હું તમારે આશરે છું, તમે મને વર્તમાન ધરાવો ને હું તમે કહેશો તેમ જ વર્તીશ." પછી મહારાજ કૃપા કરી તેને વર્તમાન ધરાવતા હતા.

ત્યારે ચૈતન્યાનંદસ્વામીએ શ્રીજીમહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! આ તો અતિ સુપાત્ર છે ને મોટો મનુષ્ય છે ને રાજાના ગોર છે. એક દિવસને સમે તેના ગામ મધ્યે મંડળે સહિત હું હતો ને શ્રીમદ્ ભાગવતની કથા કરતો હતો. ને કોઈ શાક્ત વિપ્રે તે ગામના રાજાને એમ કહ્યું જે, 'સ્વામિનારાયણના સાધુ એવું શાસ્ત્ર વાંચે છે, જેથી રાજાની ઘાત ઊપજે.'

તેવું સાંભળીને ત્યાંના રાજા ઘણા રાજપુરુષ અરબાણને(આરબ લોકોને) લઈને અમને મારીને કાઢી મૂકવા સારુ આવતા હતા. ત્યારે ત્યાંના હરિજન વિપ્રે મનમાં એમ વિચાર્યું જે, 'આપણા ગુરુ જે સંત

તેને જો નરેશ મારવા આવે તો તે આડા પડી આપણે ન્યાયે અથવા અન્યાયેથી તે નરેશને જીતી લેશું ને સંતને આ વાત આપણે સંભળાવશું નહીં, નહિ તો જાતા રે'શે તો મોટી હાણ્ય થાશે. તેમ કહીને ન્યાય તે શું ? તો તે ડોસીઓ ચાર મારીને ન્યાય દેખાડવો ને તે ના માને તો પછી લડવું પણ ખરું.'

તે વિષમકાળને સમે હે મહારાજ ! આ વિપ્રે સામ ઉપાયથી તે રાજાને સમજાવીને એમ કહ્યું જે, 'હે નરેશ ! તે સંત તો ભાગવતની કથા કરે છે, તેથી તમે મારા કહ્યાથી નમ્ર બુદ્ધિથી શ્રીફળ ને પુષ્પના હાર લઈને તે સંતના દર્શને આવો ને તે કથાને સાંભળો તો ખરા ! તે સાંભળે જીવનો મોક્ષ થાય તેવી તેમાં વાર્તા છે. અને તમ આગળે કોઈ દુષ્ટ પુરુષ ખોટું બોલ્યો છે, તે તો ખોટો પડશે.' તેમ કહીને તે રાજાને અમારી પાસે તેડી લાવીને પગે લગાડીને અમારું ને હરિજનનું હિત કર્યું, તે આ વિપ્ર છે." તેમ સંત ચૈતન્યાનંદસ્વામીએ કહી દેખાડ્યું.

તે સાંભળીને શ્રીજીમહારાજ તે વિપ્ર ઉપર રાજી થઈને એમ બોલ્યા જે, "તમે અમારા સંતપુરુષ ને હરિજનની તે સંકટમાં રક્ષા કરી તે તો અમારી જ ચાકરી કરી છે. ને તેમ જ તમારા અંત સમાને વિશે તમારી રક્ષા કરી અમારું ધામ જે ગોલોકને મધ્યે બ્રહ્મપુર તેને વિશે પહોંચાડશું ને મોટા સુખને આપશું." ત્યારે તે વિપ્રે એમ કહ્યું જે, "હે મહારાજ ! તથાસ્તુ."

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'ગઢપુરમાં અસલાલીના વેણીભાઈની રસોઈ તથા હળવદના વિપ્ર રાવલ લખુને પોતાનું ધામ આપ્યું' એ નામે પચાસમું પ્રકરણ ॥૫૦॥



પ્રકરણ - ૫૧

સત્સંગના ખપવાળા આણંદજી સંઘેડિયાનું પૂર્વકર્મ બાળી સુખી કર્યા

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "અમે **નિષ્કપટી** ઉપર બહુ રાજી થઈએ છીએ ને તેમજ **નિર્માની** ઉપર પણ બહુ રાજી થઈએ છીએ." તેના ઉપર ગામ **માંગરોળ** બંદરના **સંઘાડિયા આણંદજી** તેના આખ્યાનની વાત કહી દેખાડી.

શ્રીજીમહારાજે કહ્યું જે, "તે હરિજનને ધર્મમાં ગોબરું વરતાણું હતું, પછી તેણે તેમને તેમ અમને કહી દેખાડ્યું. તે પોતાને કપટે રહિત હતા, તોય વગર વાંકે તેની પરીક્ષા જોવા સારુ અમે તેને એમ કહ્યું જે, 'તું સત્સંગ મધ્યે મંદિરે આવીશ મા.' અને ત્યાંના હરિજન શાહ ગોવર્ધન ને મેઘજી આદિકને એમ કહેવરાવ્યું જે, 'આને કોઈ બોલાવશો નહીં ને મંદિર મધ્યે પેસવા દેશો નહીં."

ત્યારે તે અતિ નિર્માનવશ થઈને બોલ્યો જે, **"હે મહારાજ ! મારાથી સત્સંગ વિના રહેવાશે જ નહીં. જેમ અફીણનો બંધાણી હોય, તે અફીણ વિના પગ ઘસીને મરે વા જળ વિના જેમ મીન મરે, તેમ જ હું સત્સંગ વિના ભૂંડી ગતિને પામીને દુઃખને ભોગવીશ. માટે હે મહારાજ ! મારો ગુનો જોઈ જેવો તમે મને દંડ દેશો તે દંડ હું રાજી થકો ભોગવીશ, પણ મારે સત્સંગ વિના એક ઘડી પણ રહેવાશે જ નહિ. તે સારુ મને અન્ય દંડ આપો, તે હું સહન કરીશ."** તેમ તેણે કહ્યું.

ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "તું મંદિરે હરિજનને દર્શને જા, ત્યારે સર્વે હરિજનના ઉપાન(બુટ-ચપ્પલ) પડ્યા હોય, ત્યાં બેસવું ને સર્વે હરિજનના ઉપાન તારે વસ્ત્રથી લૂછવાં. ને સર્વે હરિજન તને 'હાડ...હાડ...' કરશે. કેમ, તું ખમીશ ખરો ?" ત્યારે તે હાથ જોડીને એમ બોલ્યો જે, "હે મહારાજ ! મારાં મોટાં ભાગ્ય થયાં જે હું

હરિજનનો તિરસ્કાર સહન કરીશ, ને તેથી મારું સારું થાશે.” પછી શ્રીજીમહારાજની આજ્ઞાને પાળતા હવા.

તેમ તિરસ્કાર સહન કરતાં **બાર માસ** વીતી ગયા. પછી શ્રીજીમહારાજ તે ઠેકાણે આવ્યા હતા. ને ત્યારે સર્વે હરિજને મહારાજની પૂજા કરીને રૂડાં ભોજન જમાડ્યાં. ને સંધ્યા આરતીના સમયે તે આણંદજી આવ્યા, ત્યારે જેમ ઉપાનને ઠેકાણે હંમેશાં બેસતા, તે ઠેકાણે આવીને બેઠા. ત્યારે સર્વે હરિજન તેમને ‘હાડ...હાડ...’ શબ્દ કરતા હતા. ને તે તો રાજી થઈને શ્રીજીમહારાજને અને સર્વે હરિજનને પ્રીતિપૂર્વક નમતા હતા.

તેને શ્રીજીમહારાજે કહ્યું જે, “અરે આણંદજી ! તમે મંદિરની ઉપર આવો.” ત્યારે તેણે કહ્યું જે, “હે મહારાજ ! મને તો આ ઠેકાણે જ બેસવાનો હરિજને હુકમ કર્યો છે, તેથી ત્યાં જ નિત્યે બેસું છું.” ત્યારે તે હરિજન ઉપર શ્રીજીમહારાજે રાજી થઈને એમ કહ્યું જે, “હવેથી આનો કોઈ તિરસ્કાર કરશો નહિ. અને તેની સ્ત્રી મોટા પંથ(માર્ગી પંથ) મધ્યે હતી, તેણે ઘણો દુરાચાર કર્યો હતો. તેથી આને શ્વાન આદિક ઘણા કુશરીરના દેહ આવત, પણ અમારે વચનેથી હરિજનનો તિરસ્કાર સહન કર્યાથી તે દેહનો છૂટકો થોડા દિવસ મધ્યે થયો છે, તેમ તમે જાણો.”

ત્યારે તે હરિજન હાથ જોડીને એમ બોલ્યા જે, “હે મહારાજ ! મને મારાં કર્મોથી તો ખોરી જાર પણ પૂરી ખાવા મળતી નથી. તેથી હવે હે મહારાજ ! હું તો મારો ભાતાનો સામાન વહાણ મધ્યે મૂકીને મૂમૈયે(મુંબઈ) જાઉં છું. એટલાક મધ્યે તમને આવ્યા સાંભળ્યા, તેથી હે મહારાજ ! હું તમારે દર્શને આવ્યો છું.” ત્યારે તેને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “આજ અમે લોજને રસ્તેથી આવ્યા, તે માર્ગે તારું કર્મ મૂર્તિમાન અમને મળ્યું. તેને અમે પૂછ્યું જે, ‘તું કોણ છે ?’ ત્યારે તેણે

એમ કહ્યું જે, 'હું તો આણંદજીનું કર્મ છું, તે મુંબઈ જાઉં છું. તેથી મોરે હું ત્યાં જઈને તેને ખોરો ને મીણિયો[૧] કોદરો ખાવા આપીશ."

તે સાંભળીને આણંદજીએ મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! તથાસ્તુ, હવેથી હું વહાણે નહીં ચડું." તેમ કહી પોતાના ભાતાના કોથળાને પાછો લાવ્યો. પછી શ્રીજીમહારાજને પગે લાગીને કહ્યું જે, "હે મહારાજ ! જેમ તમે કહો તેમ હું વર્તું." પછી મહારાજે તેને એમ કહ્યું જે, "તું એક હિંડોળાખાટ ઉતારીને આ વજુદીન રાજાને ભેટ મૂક. અને તે રાજા એમ બોલે જે, 'અરે આણંદજી ! ઈસ ખાટકા મૂલ કરો.' ત્યારે એમ કહેવું જે, 'આપકું ભેટ દિયા હે.' ને ભૂમિ આપે તો ઘર કને આપણી જે ભૂમિ છે, તે માગીને તે મધ્યે ખોરડા કરજે, તેથી તને તે જમીન મધ્યેથી વિત્ત મળશે."

પછી તેણે શ્રીજીમહારાજનો વિશ્વાસ રાખીને તેમ જ કર્યું. ને જમીન મળી, તે જમીન ખોદતે તે હરિજનને ઘણું વિત્ત મળ્યું. આમ આણંદજી સત્સંગ અર્થે અપમાન સહન કરીને શ્રીજીમહારાજને રાજી કર્યા અને અંતે પોતાનો મોક્ષ કરી શ્રીબ્રહ્મપુરે ગયા. ને તેમ ભગવાન તથા સત્ય સાધુનો અતિ વિશ્વાસ રાખીને તેમનાં વચન પ્રમાણે જે જન વર્તે છે, તેમાં જે દુઃખ આવે છે, તે દુઃખમાંથી અતિ સુખને જ પામે છે. તેમ શ્રીજીમહારાજે મોરની વાત સર્વે સભામાં અગણિત સંતપુરુષ ને હરિજન આગે કહી દેખાડી.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'સત્સંગના ખપવાળા આણંદજી સંઘેડિયાનું પૂર્વકર્મ બાળી સુખી કર્યા' એ નામે એકાવનમું પ્રકરણ ।।૫૧।।



૧.કોદરાની એક જાત, જેને મેણા અને માંજર પણ કહે છે.

પ્રકરણ - ૫૨

શ્રીહરિએ સંતો-ભક્તોના દ્રોહની ભયંકરતા કહી

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ શ્રીદુર્ગપુરને વિષે બિરાજમાન હતા. તે સમે સંત ને હરિજનની મોટી સભા બેઠી હતી. તે સમે શ્રીજીમહારાજ સર્વે જન પ્રત્યે બોલ્યા જે, **"જે જન માની હોય, અક્કડ હોય, અનમ્ર હોય ને વળી બેગરજુ કહેતાં કોઈ સંત તથા હરિજનની ઓશિયાળ ન રાખતો હોય, તે તો અમને ન જ ગમે.** અને સંત ધર્મવચને કરી વઢીને કહે અને હરિજનને ધર્મ પળાવવા સારુ હરિજન લડે(વઢે), તે બાઈઓ તથા ભાઈઓ તેની સામો લડીને આમ બોલે જે, 'તું તે મને શું શિખામણ દે છો ? શું તું મારું કલ્યાણ કરીશ ? મારું કલ્યાણ તો મહારાજ કરશે. જા તારું કહ્યું હું નહિ માનું.' એમ બોલે તો તે મૂરખ છે.

એમ જ પોતાનું ભૂંડું કરીને પોતાના પરલોકને બગાડે છે. કેમ જે, **ધર્મવાળો જીવ જે ભાઈ કે બાઈ હોય તેના અંતરને વિશે અમે અહોનિશ રહ્યા છીએ, ને તે તો અમને એક ઘડી પણ ભૂલતો જ નથી.** એવો જે ભક્તજન હોય છે, તેનો જે મૂર્ખજન દ્રોહ કરે છે, તેણે તો અમારો જ દ્રોહ કર્યો કહેવાય. **ને તે ભક્તને જે વઢે છે, તે તો અમને જ વઢે છે, તેમ જાણજો.** કેમ જે, **જે જન જેટલા અમને સંભારે છે, તેટલા અમે તેને સંભારીએ છીએ.** ને મૂરખ જ ક્રોધ ને માન આદિકે કરીને તેનો દ્રોહ કરે છે, તે ભેગો અમારો દ્રોહ કરે છે. તે એમ તે કેમ તે જનનું કલ્યાણ થાશે ? અમારી સાથે તથા મોટા સંત સાથે તો વેર બાંધ્યું છે ને મોઢેથી ખોટું બોલે છે જે, 'મારું કલ્યાણ તો મહારાજ કરશે.' કહો, તેનું સારું કેમ થાય ?

અને વળી એક બીજી વાત સાંભળ્યા જેવી છે. તે શું ? જે કોઈ હરિજન વા સંતજન એકાંત મધ્યે બેસીને ભગવાનનાં સર્વે અંગ ભિન્ન

ભિન્ન ધારતો હોય, તે સમે તે હરિજનનો તથા સંતજનનો જો કોઈ ધ્યાનભંગ કરવારૂપ દ્રોહ કરે તો તેને પાપ થાય છે. જે હરિજન અમારા ચરણને ચિંતવતો હોય ને તે સમે તેનો દ્રોહ કરે તો તેણે અમારા ચરણનો જ દ્રોહ કર્યો કહેવાય છે. અને જે જન અમારી ઘૂંટી, પિંડી, સાથળ, કટિ, નાભિ, છાતી, બાહુ, કંઠ, મુખ, નાસિકા, નેત્ર, શ્રવણ, કપોળ, ચિબુક, દશન, અધર, લલાટ, મસ્તક ને શીખા પરજંતને ધારતો હોય, એવો જે સાધુ તથા હરિજન બાઈ-ભાઈ તેમની જો કોઈ અજ્ઞાનવશ થઈને નિંદા કરે છે, તો તેણે અમારી ને અમારા સર્વે અંગની જ નિંદા કરી છે. તે ઉપર અમે રાજી નહિ થઈએ.

તે સારુ સર્વે સંતજન તથા હરિજન પુરુષ તથા બાઈઓ તે આ વાત સાંભળીને કોઈ માનવશ થઈને કે બેગરજુ થઈને હરિ, સંત ને હરિજનનો દ્રોહ કરશો જ નહીં." ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! તેનો અજાણે દ્રોહ થયો હોય તો કેમ કર્યે છૂટકો થાય?" ત્યારે મહારાજે એમ કહ્યું જે, **"દશનમાં તૃણ લઈને વા માથે જોડો લઈને હાથ જોડી વિનયે સહિત દીન થઈને તેને નમે તો છૂટકો થાય."**

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ સંતો-ભક્તોના દ્રોહની ભયંકરતા કહી' એ નામે બાવનમું પ્રકરણ ॥૫૨॥



પ્રકરણ - ૫૩

સુંદરિયાણા હેમરાજ શાહનો દાડો તથા વસંતપંચમીનો સમૈયો કરવા પધાર્યા

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ શ્રીદુર્ગપુરથી ચાલ્યા, તે ગામ **સુંદરિયાણે** પધાર્યા. શેઠ વનાભાઈ, શેઠ પૂજાભાઈ, ભગાભાઈ તથા જેઠાભાઈના પિતા ભક્ત શિરોમણિ શેઠ હેમરાજ શાહે દેહ મૂક્યો હતો. તેને તેર દિવસ થયા હતા, તે ઉપર તેના પુત્ર શેઠ પૂજા ઘણા હરખથી પોતાના સદને શ્રીજીમહારાજને, સર્વે સંત ને હરિજને સહિત તેડી લાવ્યા. અને વળી વસંતપંચમીનો સમૈયો હતો, તેથી સર્વે સાધુ તથા દેશોદેશના ઘણા હરિભક્ત બાઈઓ ને ભાઈઓ પણ આવ્યાં. તે સર્વે હરિજનનો તે ગામમાં ઉતારો કરાવ્યો.

પછી શેઠ વનાભાઈ ને પૂજાભાઈ હાથ જોડીને શ્રીજીમહારાજ આગળ એમ બોલ્યા જે, “હે મહારાજ ! અમે તમારા સત્સંગી થયા, તેથી અમારી નાતે અમને એમ કહ્યું જે, ‘કાં તો તમે નાતને રાખો, ને કાં તો તમે સત્સંગ રાખો.’ ત્યારે તેને અમે એમ કહ્યું જે, ‘અમે તો સત્સંગ રાખીને નાતનું રાખશું.’ ત્યારે તે નાતના તો સર્વે ગોસ્વામીના શિષ્ય હતા, તેથી તેમણે એમ કહ્યું જે, ‘સત્સંગી રહો તો નાતબહાર છો, ને સત્સંગ મૂકો તો નાત મધ્યે આવો, નહીં તો નાતબહાર છો.’ તેમ અમે નાતબહાર છીએ. અમારે ઘેર તે નહીં ને તેને ઘેર અમે નહીં, તેમ છે. **તેથી તમે ને તમારા સંત-હરિજન એ જ અમારી નાત ને એ જ અમારી જાત છે. અને એ જ અમારાં સગાંવહાલાં છે.** તેથી હે મહારાજ ! આ સર્વે સત્સંગી બાઈઓ ને ભાઈઓને તમે કૃપા કરીને આજ્ઞા કરો જે, સર્વે સંઘ અમારે ઘેર જમે. અમે ઘણાક હરિજન વિપ્રો પાસે રસોઈ કરાવી છે, તેથી ચોખામાં જમનારા મનુષ ત્યાં જમે ને જેને સંતની રસોઈ ખપે તેને સંતોને ત્યાં જમાડીશું.”

ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, " આ તો મોટો સમૈયો છે, આમાં કાંઈ બધો સંઘ મેમાન હોય નહીં." ત્યારે તે હરિજને એમ કહ્યું જે, "હે મહારાજ ! મારા પિતાને તો સંત ને હરિજન ઉપર અતિ હેત હતું, તેથી તેમણે અમને અંત સમયે એમ કહ્યું હતું કે, 'મારી વાંસે સંત અને હરિજનને જમાડજો, તેથી મારું ખરચ પરિપૂર્ણ થાશે.' માટે હે મહારાજ ! અમારા પિતા હેમરાજ શાહના કહ્યાથી સર્વે સંત ને હરિજન અમારે ઘેર જમે તેવી આજ્ઞા કરો."

ત્યારે શ્રીજીમહારાજ તે ગામની ભાગોળે ઉગમણી કોરે મંચ ઉપર બિરાજમાન હતા, ને ભારે વસંતી વસન પેર્યાં હતાં, ને ઘણાક જનની મોટી સભા ભરાઈને બેઠી હતી. પછી શ્રીજીમહારાજ ઊભા થઈને પોતાના બેઉ હાથની તાલી પાડીને એમ બોલ્યા જે, "હે સર્વે બાઈઓ ને ભાઈઓ હરિજનો ! તમે બ્રાહ્મણ, ક્ષત્રી ને વૈશ્યાદિક સર્વે જન તે, શાહ પૂજાને ઘેર જમજો." ત્યારે હરિજનોએ એમ કહ્યું જે, "હે મહારાજ ! અમે તો તમારા દર્શને આવ્યા છીએ, તે કોઈનું અન્ન નહિ ખાઈએ."

ત્યારે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "આ તો અતિ ધનાઢ્ય છે, ને વળી તેના બાપનો દાડો કરે છે. તેથી જમો તેનો કોઈ બાધ નથી. વળી તેની નાતે તેનો તિરસ્કાર કર્યો છે, તેથી અમે તેનો સત્કાર કરીશું." ત્યારે મુક્તાનંદસ્વામીએ એમ કહ્યું જે, "હે મહારાજ ! આ હરિજનનાં મોટાં ભાગ્ય થયાં, જે તમે ને સંત ને હરિજન જેવા તેને ઘેર મેમાન થયા."

ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે,

यस्य गृहे यतिर्भोक्ता तस्य गृहे जगत्त्रयम्।
यस्य गृहे हरेर्भोक्ता तस्य गृहे जगत्सर्वम्॥[૧]

૧.જેને ઘેર યતિ-સાધુ જમ્યા તેને ઘેર ત્રણે લોકનાં મનુષ્ય, દેવાદિ જમ્યા અને જેને ઘેર શ્રીહરિ જમ્યા તેને ઘેર તો સર્વ લોક તથા ધામોનાં મનુષ્ય, દેવ, ઈશ્વરાદિ સર્વે જમ્યા.

તે શું ? તો, હે સ્વામી ! **જેને ઘેર તમ જેવા મહાન સત્પુરુષ જમે છે, તેણે ત્રણ લોકને જમાડ્યા કહેવાય છે. ને જેને ઘેર પ્રત્યક્ષ પ્રમાણ ભગવાનને જમાડ્યા છે, તેણે તો સર્વ લોકપાળે સહિત સર્વ લોકને જમાડ્યા કહેવાય છે.** વળી હે મુક્તાનંદસ્વામી ! અન્નનાં દાન તો ઘણાં મોટાં છે, તે સર્વેને દેવાં, પણ તે સર્વેમાં પણ અધિક-ન્યૂન છે, ખરાં. પશુથી મનુષ્યની જાતિ ઉત્તમ છે, ને મનુષ્યોમાં નીચ જાતિથી ઉત્તમ જાતિ અધિક છે. તેનાથી પટેલ આદિક મોટેરા મનુષ્ય ઉત્તમ છે. તેથી કામદારાદિક ઉત્તમ છે. તેથી દીવાન મધ્યે ભગવાનનો આવેશ વધુ છે. ને તેથી રાજા મધ્યે ભગવાનનો આવેશ વધુ છે. કેમ જે, ગીતા મધ્યે શ્રીકૃષ્ણે એમ કહ્યું છે જે, '***नराणां च नराधिपम्।***'[1] હા, સર્વે વૈશ્ય વર્ણથી ને ક્ષત્રિય વર્ણથી ને શૂદ્ર વર્ણથી રાજા અધિક છે. તે રાજાને જમાડ્યાનું પુણ્ય અધિક છે. તે સર્વે રાજા મધ્યે જ્ઞાની રાજા અધિક છે, ને કોઈ બ્રાહ્મણ ભલે અભણ હોય તોપણ તે રાજાથી પણ ઘણો અધિક છે. ને તેથી વેદનો ભણનારો વિપ્ર અધિક છે. ને જક્તથી ઉદાસ, જ્ઞાની, સર્વે જીવના સંશયને છેદનારો, ભગવાનના પરિપૂર્ણ નિશ્ચયવાળો, ધર્મજ્ઞાને યુક્ત, માને રહિત ને જીત્યા છે કામ, ક્રોધ ને લોભાદિક શત્રુ જેણે, એવો જે ભગવાનનો ભક્ત બ્રાહ્મણ તે તો સર્વે વિપ્રોમાં શિરોમણિ કહેવાય. ને તેને જમાડ્યે અધિક પુણ્ય થાય. ને સર્વે વિપ્રથી આવા દ્વિજ મોટા છે. તેને જમાડ્યે ઘણાંક પુણ્ય થાય છે. ને આ પૃથ્વીને વિષે સર્વેના કારણ એવા અવતારી પુરુષ હોય, તેને જમાડે તેની તો શી વાત કહેવી !" એ આદિક શ્રીજીમહારાજે ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ જનની વાર્તા કહી દેખાડી.

પછી શ્રીજીમહારાજે ઘણાક વિપ્રોને આજ્ઞા કરી, તેથી તે સર્વે વિપ્ર પાકશાળા મધ્યે રસોઈ કરવા લાગ્યા. તે ઘણુંક ગરથ(ઘી) નાંખીને મિસરીના મોદક વાળ્યા. પછી શ્રીજીમહારાજનો થાળ થયો, તે પોતે

૧.સર્વે મનુષ્યોમાં રાજા - મુખ્ય નેતા હું છું.(ગીતાઃ૧૦/૨૭)

જમતા હતા. ને પોતે જમતા જાય છે ને જળ પીતા જાય છે. ને પોતાના ઉદર ઉપર પોતાની ડાબી ભુજાને ફેરવ્યાનો છે સ્વભાવ જેમને એવા જે મહારાજ, તે જમીને ચળુ કરીને મુખવાસ જમ્યા.

પછી તે સર્વે શેઠ શ્રીજીમહારાજની પૂજા કરતા હતા. તેની વિક્તિ જે, ભારે વસન ને હેમનાં અલંકાર ને સત્ય મોતીના હાર, તોરા ને બાજુ આદિક ને ઘણાં પુષ્પનાં આભરણ, હારતોરા ને ગજરા ને બાજુ ને ગુચ્છાદિક ઘણાંક પહેરાવ્યાં. તે તેમ કેશર-ચંદન ને કુંકુમના ચાંદલા કર્યા. ને પછી રૂપાના થાળ મધ્યે કપૂરની આરતી ઉતારી. આમ શેઠ વનાભાઈ તથા શેઠ પૂજા ને શેઠ ભગા ને જેઠા આદિ તથા તેમનો સર્વે પરિવાર તેણે શ્રીજીમહારાજની ષોડશાંગ પૂજા કરીને મોટું સુખ લીધું. પછી તેવી શોભાને શોભાડતા થકા શ્રીજીમહારાજ સાધુજનની પાકશાળા મધ્યે પધાર્યા.

પછી પોતે પલવટ વાળીને સર્વે સંતજનને મિસરીના મોદક પોતે પીરસીને જમાડ્યા. ને જે જનને સાધુની રસોઈ ખપે તેવા ઘણાક મનુષ્યને સાધુને ચોકે જમાડ્યા. ને જે જન ચોખામાં જમનારા હતા, તે સર્વેને વિપ્રને ચોકે જમાડ્યા. તેમ સર્વે સંઘને જમાડીને સર્વે સંઘ મધ્યે ચોબદારને મૂકીને સાદ પડાવ્યો. તેમ સંવત્ ૧૮૮૨ ના મહા સુદિ પાંચમનો સમૈયો (શરૂ) કર્યો. પછી શ્રીજીમહારાજે સંધ્યા આરતી કરી. પછી રામ કૃષ્ણ ગોવિંદ હરિ નારાયણાદિક ધૂન કરાવી, તેમાં પ્રથમ પોતે બોલતા હતા, પછી સૌ ઝીલતા હતા. પછી સર્વે સંત ને હરિજનને પોતે પ્રથમ નમતા હતા, તેવો છે સ્વભાવ જેનો, તેવા જે શ્રીજીમહારાજ તે સમે સંત પાસે કીર્તન બોલાવતા હતા.

❁ વિસામણના દૂધધારાના પરચાની ખોટી વાત છતી કરી

તે સમે વિસામણના પંથના મનુષ્ય તથા મોટા પારાની માળાઓવાળા તેના મોટા ભક્ત તે ગામ મધ્યે આવીને ગામના મનુષ્ય પ્રત્યે એવી

ખોટી વાત કહેતા હતા જે, “વિસામણ ભક્તે એક પરચો આપ્યો છે, તે એક પીપળના વૃક્ષ મધ્યેથી ઘણીક દૂધની ધારાઓ થાય છે.” તેમ તેના મનુષ્ય બોલે છે. તે સાંભળીને મોટેરા સંત મુક્તાનંદસ્વામી આદિક સંત ને હરિજને કહ્યું જે, “હે મહારાજ ! તે વાતનું કેમ કરવું ?”

ત્યારે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, “અરે ભાઈઓ ! આ માનેશું ખોટું બોલે છે. જો તમારે તેને ખોટા પાડવા હોય, તો આ ટાણે આ સર્વે વિપ્ર વિદ્યાર્થીએ સહિત ને તે ભેગો શાસ્ત્રી લક્ષ્મીરામ, તું જા. ને મોટાં માટલાં લઈને જાઓ, ને તેને તમે સર્વે એમ કહેજો જે, અમને શેઠ પૂજાએ એમ કહ્યું છે જે, ‘સવારે અમારે દૂધપાક કરવો છે, તે ચોખા ને ખાંડ ને આટો તે સર્વે જણસ તે વાણિયા દેશે. ને તમારા વિસામણ પીપર મધ્યેથી દૂધ વરસાવે છે, તે દૂધ તમે આપો.”

પછી હરિના પ્રેર્યા થકા શાસ્ત્રી ઘણાક વિદ્યાર્થી વિપ્ર ને પ્રાગજી દવે સહિત મોટાં માટલાં લઈને તેના પંથની મંડળી જ્યાં ગાય છે, તે ઠેકાણે આવીને એમ બોલ્યા જે, “અરે મોટા ભક્તો ! તમારે વિસામણે પરચો આપ્યો છે, તે પીપર મધ્યેથી પય વરસે છે, તેમ તમારા સર્વે માણસ કહે છે, તે ખરું છે ?” ત્યારે તે મૂર્ખના સરદાર એમ બોલ્યા જે, “હા, દૂધ ઘણું વરસે છે.”

ત્યારે સર્વે વિદ્યાર્થી એમ બોલ્યા જે, “જો તે વાત સાચી હોય તો આ માટલાં પીપર હેઠે મેલીએ, તે સર્વે ભરી દ્યો. કેમ જે અમારે દૂધપાક કરવો છે. તે ચોખા ને ખાંડ ને આટો એ સર્વે વાણિયા દેશે, ને તમે દૂધ આપો. ને તેથી અમે તમારે પાસે આવ્યા છીએ. ને તમે ખોટું બોલતા હશો તો હમણાં અમે તમારું પારખું લેશું.” ત્યારે તે સમે તેના પંથના મોટેરા વીરદાસ આદિક ઘણાક માણસ ભેગા થયા હતા, તે સર્વે બળી ઊઠ્યા ને એ બોલ્યા જે, “આવડાં મોટાં માટલાં અમે ક્યાંથી ભરી દઈએ ?”

તેમ તેને ખોટા પાડીને સર્વે વિદ્યાર્થીએ સહિત શાસ્ત્રી પાછા આવ્યા. ત્યારે શ્રીજીમહારાજ મંચ ઉપર બિરાજમાન હતા. તે સમે એમ બોલ્યા જે, “કેમ થયું ?” ત્યારે તેણે એમ કહ્યું જે, “હે મહારાજ ! તેને ખોટા પાડીને અમે આવ્યા છીએ.” ત્યારે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, “જે નિર્લજ હોય તેને લાજ ના હોય તેમ જાણવું. ને જ્યારે પૃથ્વી ઉપર ભગવાનનો અવતાર હોય વા અવતારી હોય, તે સમે અસુરાંશી પણ હોય. તે કાં તો ભક્તને વેષે હોય, કાં તો દ્વિજને વેષે હોય ને કાં તો રાજાને રૂપે હોય. કેમ જે, જ્યારે પૃથ્વીને વિષે શ્રીકૃષ્ણ સ્વામી હતા, ત્યારે પૌંડ્રક[૧] મિથ્યા વાસુદેવ થઈને એમ બોલતો જે, “હું તે વાસુદેવ શ્રીકૃષ્ણ છું ને હું સર્વોપરી છું. ગરુડનો પતિ ને તેનો સ્વામી છું. ” તેમ તે સમે તે મિથ્યા બોલતો.

અને વળી અંગરાજાનો પુત્ર વેન તે પણ કહેતો જે, ‘હું નરેશ તે જ ભગવાન છું ને મને જ ભજો. ને મને યજો(મારા માટે યજ્ઞ કરો) ને કૃષ્ણાર્પણ મૂકીને વેનાર્પણ કરો.’ તેમ અતિ અન્યાય કર્યો, તેથી ઋષિના શ્રાપેથી ઘણેક દિવસે નાશને પામ્યો.”

અને તે સમે વળી સર્વે સંત તથા સર્વે હરિજન બાઈઓ ને ભાઈઓ પ્રત્યે આમ બોલ્યા જે, **“અમે આ એક ભાવી વાત તમને પ્રથમથી કહી દેખાડીએ છીએ. તે વાત તમારે આગળે તથા પછવાડે વિચાર્યા જોગ્ય છે.”** ત્યારે સર્વે સંતજન ને હરિજન હાથ જોડીને મહારાજ પ્રત્યે એમ બોલ્યા જે, “હે મહારાજ ! તે વાત તમે અમને કહી સંભળાવો. તેથી અમે સર્વે સાવધાન રહીએ.”

ત્યારે શ્રીજીમહારાજ મંદમંદ હસતા થકા મેઘવત્ ગંભીર શબ્દે બોલ્યા જે, “જ્યારે અમે અમારા ધામ મધ્યે સ્વેચ્છાએથી જાશું, ત્યાર પછી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શૂદ્ર મધ્યે કોઈ જન એવો અસુરાંશવાળો

૧.શ્રીકૃષ્ણ ભગવાનનો પ્રતિપક્ષી અને શિશુપાલનો મિત્ર એવો પુંડ્ર દેશનો રાજા

થાશે, કે તે મહા પાખંડેથી અમારી દેશીને લઈને પોતે જ એમ કહેશે જે, 'હું ભગવાન છું.' ને વળી આપણા સાધુ મધ્યેથી વિમુખપણાને પામીને તમારો અતિ દ્રોહ કરશે. ને આપણા ગ્રંથ ને આપણા સંતનાં કીર્તનને લઈને પોતાનાં નામ ઘાલીને ઘણાક પાખંડને ચલાવીને પછી નાશ પામશે, તેમ તમે જાણી લેજો. ને જેમ પૌંડ્રક તે શ્રીકૃષ્ણ સ્વામીનું અપમાન કરવા સારુ વારાણસી મધ્યે પ્રગટ થઈને એમ બોલતો હતો જે, 'હું કૃષ્ણ છું, ને હું જ વાસુદેવ છું, ને હું જ સર્વેનો પતિ છું.' તેમ જ તમ પ્રત્યે તે બોલશે. તેમ તમે સર્વે જાણી લેજો.

કેમજેતમનેજેવીપ્રાપ્તીથૈછેતેવીકોયેદી વસેકોયેસંતનેકોયેભક્તનેથઈનથીઆવાસંતનેઆવાહ રીજનબાઈયૂંનેભાયૂંસમસ્તનેઅમેનેતમેકોયેદીવસેઆ પ્રથ્વીનેવીસેઆવ્યાનથીનેવલીઆવસૂંપણનહીતેવાતનો તમેસર્વેવીસ્વાસરાષજો

કેમ જે, તમને જેવી પ્રાપ્તિ થઈ છે, તેવી કોઈ દિવસે કોઈ સંત ને કોઈ ભક્તને થઈ નથી. આવા સંત ને આવા હરિજન બાઈઓ ને ભાઈઓ સમસ્તને અમે ને તમે કોઈ દિવસે આ પૃથ્વીને વિષે આવ્યા નથી ને વળી આવશું પણ નહીં. તે વાતનો તમે સર્વે વિશ્વાસ રાખજો."


અને વળી શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "જે શાહુકાર પાસે પારસમણિ તથા ચિંતામણિ આદિક ઘણાક પ્રકારના માલ હોય તેને જ ચોરની તથા બારવટિયા ને ધાડાં આદિકની બીક રાખવી પડે. ને જો તે ગાફલતા રાખે તો નીચ મનુષ્ય જે થોરી[૧] વા વાઘરી આદિક તુચ્છ મનુષ્ય વા ભીલાદિક જવન જાતિ આદિક દુષ્ટજન તે સુપાત્ર મનુષ્ય શાહુકારનો સર્વે માલ લઈને મોટી હાણને પમાડે. તેમ એક દ્વિજ કહેશે

૧.ટોપલા, સૂંડલા વગેરે વેચીને ગુજરાન ચલાવતી એ નામની પછાત કોમ

જે, 'હું જ ઈશ્વર છું.' એવા અસત્ય પુરુષ થાશે." તે સારુ મહારાજે ભવિષ્યની વાત કરી હતી, તે લખી છે.

"તેમ તમને ઘણાક દુર્લભ એવા ભગવાન મળ્યા છે, તેવા કોઈને મળ્યા નથી, ને મળશે પણ નહીં. તે સારુ ખબડદારી રાખીને કોઈના બંધન મધ્યે આવશો નહીં." એ આદિક ઘણીક વાત શ્રીજીમહારાજે કરી હતી. તે મધ્યેથી દિશમાત્ર લખી છે. મહા સુદિ બીજ તથા ત્રીજની આ વાત છે, તે સમાપ્ત થઈ.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'હેમરાજશાહનો દાડો તથા વસંતપંચમીનો સમૈયો કરવા સુંદરિયાણા પધાર્યા' એ નામે ત્રેપનમું પ્રકરણ ॥૫૩॥



પ્રકરણ - ૫૪

સુંદરિયાણામાં ધંધુકાના વિપ્રોને જમાડ્યા ને વસંતપંચમીનો ઉત્સવ કર્યો

હવે મહા સુદિ ચોથે શ્રીજીમહારાજ પ્રભાતે વહેલા ઊઠીને નાહીને નિત્યવિધિ કરી ભારે જરિયાની વસ્ત્ર પહેરી ગામની ઉગમણી કોરે મંચ ઉપર બિરાજમાન થયા. ને ઘણીક મોટી સભામાં સંત ને ઘણાંક હરિજન બાઈઓ-ભાઈઓ તે ભિન્ન ભિન્ન ભરાઈને બેઠાં. પછી શ્રીજીમહારાજે મુનીન્દ્ર મુક્તાનંદસ્વામી આદિક ગવૈયા સંત પ્રત્યે એમ કહ્યું જે, "વાજાં સ્વરે કરીને(તાલ-સુરમાં મેળવીને) સારાં સારાં વસંતનાં પદ બોલો." ત્યારે સર્વે ગવૈયા સાધુ આ પદ બોલ્યા જે,

'પુરુષોત્તમ વેશ બનિયોરી, ચલો દેખન જાયેરી માઈ.'

એ આદિક ઘણાંક પદ બોલાવીને પછી પોતાનો થાળ થયો, તે જમતા હતા. તે લેહ્ય, ચોસ્ય, ભક્ષ્ય ને ભોજ્ય ભોજનને જમીને પછી સંત સારુ રસોઈ થઈ ત્યારે તેને પોતે પીરસીને જમાડ્યા. પછી જમાડીને એવો વિચાર કર્યો જે, 'કાલે વસંતપંચમીનો દિન છે, તે સારુ આપણે અધિક વિપ્રને જમાડવા. તે સારુ ધંધુકાના ઘણાક વિપ્રોને તેડાવીએ.' પછી તેમ શ્રીજીમહારાજે સર્વે મોટેરા સંત તથા મોટેરા હરિજન પ્રત્યે કહ્યું.

ત્યારે શાહ પૂજાભાઈ આદિક સર્વેએ એમ કહ્યું જે, "હે મહારાજ ! ત્યાંના વિપ્રને ત્યાંના વાણિયા તેણે એમ બંધી કરી છે જે, 'તેને ઘેર જો તમે જમશો તો તમે અમારા ગોર નહીં ને અમે તમારા યજમાન નહીં.' તેવી બંધી કરી છે. તે કોણ તોડે ?" ત્યારે તે સર્વે પ્રત્યે તે સમે શ્રીજીમહારાજે કહ્યું જે, "તેની કરેલી બંધી તેને અમારી બુદ્ધિએ કરીને તોડી નાંખીને, તે સર્વેને તમારે ઘેર ભોજન કરાવીએ તો કેમ ?" ત્યારે તે સર્વેએ કહ્યું જે, "તો તો હે મહારાજ ઘણું સારું કહેવાય !" ત્યારે તે સમે શ્રીજીમહારાજ બે વિપ્ર દીક્ષિત પૂજા ને લક્ષ્મીરામને ત્યાં મોકલતા હવા.

તે સમે શ્રીજીમહારાજ તેને શિક્ષાવચન શીખવતા હવા જે, "હે વિપ્રો ! તમે ધંધુકાના વિપ્ર પ્રત્યે એમ કહેજો, 'તમે તેને ઘેર જમવા નહીં આવો તો તે તમારા યજમાન નહીં ને તમે તેના ગોર નહીં. અને તે બીજા ગોર કરશે' તેમ તમે તેને કહેજો. ને આ લક્ષ્મીરામ તે અમારો વિપ્ર છે ને પૂજો દીક્ષિત તે વાણિયાની વતી છે. અને તમારે એમ કહેવું જે, 'મહારાજે અમને મૂક્યા છે.'

પછી શ્રીજીમહારાજના પ્રેર્યા થકા તે વિપ્ર તે નગરીને વિશે પહોંચીને સર્વે વિપ્રોને ભેગા કરીને જેમ શ્રીજીમહારાજે સમાચાર કહ્યા હતા, તેમ તે પ્રત્યે કહ્યા. ને પછી શ્રીજીમહારાજનો લખેલો પત્ર હતો,

તે મધ્યે સામ, દામ, ભેદ ને છેલ્લો ઉપાય તે દંડ જે 'તમારું ગોરપદ મિટાવીને બીજા ગોર કરશે' એ આદિક ઘણાક ઝીણા ચોજના(દલીલ-તર્કવાળા) શબ્દનો પત્ર સાંભળીને તે વાલ્મિક(વાલમ જ્ઞાતિના) વિપ્ર સર્વે વણીક ગોસ્વામીના શિષ્ય પ્રત્યે એમ બોલ્યા જે, "અમે તો સર્વે મહારાજના તેડાથી જમવા જાશું. ને તે સ્વામિનારાયણના શિષ્ય છે, ને તમે સર્વે વૈષ્ણવ છો, તે અમારે તો સૌને ઘેર જમવું ને દક્ષિણા લેવી, તે મત અમારો ખરો છે. તે કોણ ખોટો કરનારા છે ?"

તેમ કહીને બીજે દિવસ વસંતપંચમીએ ઘણાક વિપ્રનાં યૂથ સુંદરિયાણા આવીને શ્રીજીમહારાજને નમસ્કાર કરી ઊભાં રહ્યાં. ત્યારે મહારાજે સર્વેને સ્વાગત પૂછીને કહ્યું જે, "તમને તમારા યજમાન વૈષ્ણવોએ શું કહ્યું ?" ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! તેણે અમને રોક્યા, પણ તેનાં વચન ખોટાં કરીને ને તમારાં વચન સત્ય કરીને અમે સર્વે આવ્યા છીએ. તમે અમારા ઉપર સદાય રાજી રહેજો, તેથી અમારો મોક્ષ થાશે." તેમ કહી પુનઃ સર્વે નમતા હવા. પછી તે સર્વે વિપ્રોને શ્રીજીમહારાજે રસોઈનો ઘણોક સામાન અપાવ્યો. તેના મોદક મિસરી ને ઘણુંક ગરથ નાંખીને વાળીને ઘણાક વિપ્રને તે મિષ્ટ ભોજન જમાડ્યા.

અને તે દિવસે ઘણાક રંગની(રંગથી ભરેલી) પિચકારીના રંગ ને ઘણાક અબીલ ને ગુલાલ ઊડતા હતા, તેણે કરીને વાદળ અતિ અરુણ થાતો હવો. ને તે સમે તે સ્થળને વિશે ઘણોક ગુલાલ ને અબીલ શ્રીજીમહારાજે ઉડાડ્યો હતો. તેને પ્રસાદીના માહાત્મ્યે કરીને માહાત્મ્યના જાણનારા સંત ને હરિજન લેતા હવા. તેમ ઘણીક વાર સુધી રંગ ને ગુલાલે રમ્યા.

પછી શ્રીજીમહારાજ રંગના ભીંજેલા થકા અસ્વાર થઈને ઘણા અસ્વાર ને ઘણાક પ્યાદાજન તેણે વીંટાણા થકા; ને આગળ ઢોલ, નગારાં, ત્રાંસા, મૂરફા, ધફ, ઝાંઝ, મૃદંગ, વીણા, ભૂંગળ, ભેરી, શરણાઈઓ,

રણશિંગી ને બાંસુરી આદિક ઘણાંક વાજાં વાગે છે; ને ઘણાક ભૂસુર વેદને ભણતા હતા. ને ઘણાક માગધ ને બંદીજન તે વખાણને કરતે સતે ગામ સુંદરિયાણા મધ્યે શાહ વનાના સદન પ્રત્યે પધાર્યા.

પછી પોતે નાહીને પીત વસ્ત્ર પહેરી જમવા પધાર્યા. તે સમે જે ભોજન જમ્યા હતા, તેનાં નામ : દૂધપાક મધ્યે સુંદર ઘઈ ને ધોયેલી સાકર, મેંદાની પૂરી, કચોરી, બિરંજ, હરીસો, સાકરનો શીરો ને સાકરના મોદક. ને હવે પકવાનનાં નામ : સાકરની જલેબી, સાકરના ગળ્યા ને મોળા સાટા, બરફી, દૂધપેંડા, ગુંદવડાં, ઘેબર, સૂતરફેણી ને સેવદળાદિક ઘણાંક પકવાન. ને શાકનાં નામ : વૈતાક, વાલોળ, મેથી, સૂરણ, કારેલાં, કંકોડાં, પરવળ, પંડોલાં(એક જાતની દૂધી), તૂરિયાં ને સાકરકોળાં આદિક શાકના; ને કાકડી આદિકનાં ઘણાંક રાયતાંના; ને ભીંડા આદિક ઘણીક ફલિયુંનાં શાકના; ને અડદ, મગ ને તુવેર આદિક ઘણાક દાળ-શાકના કટોરા પૂર્યા હતા. ને જે લખ્યાં, તે સર્વે ભોજન શ્રીજીમહારાજ જમતા હવા.

તે ધીરે ધીરે જમે છે. ને જળને પીતા થકા પોતાના ઉદર ઉપર પોતાનો ડાબો ભુજ ફેરવ્યાનો છે સ્વભાવ જેને, એવા જે શ્રીજીમહારાજ તે જમી રહ્યા, ત્યારે ચળુ કરીને પછી વાંકડી પુંગીફળનો(એક સારી જાતની સોપારીનો) ચૂરો, એલચીદાણા, લવિંગ ને તજાદિક મુખવાસ જમતા હવા. પછી પોતાના પરિવારે સહિત વનાશાહ આદિકે શ્રીજીમહારાજને ષોડશાંગ પ્રકારની પૂજાથી કેસર-ચંદન, કુંકુમ ને પુષ્પાદિક ને હેમનાં ભૂષણ ને વસનાદિક બહુ પ્રકારથી(બહુ પ્રકારના ઉપચારોથી) પૂજતા હતા. પછી તેવી શોભાને શોભાડતા થકા શ્રીજીમહારાજ ઘણાક બ્રાહ્મણ જમે છે, તેને દર્શન દેતા થકા ને સર્વે જન જયજયકારના શબ્દ કરે છે, તેમ થકા સંતજનની પાકશાળા મધ્યે પધાર્યા.

તે સમે જેમ સર્વે ઉડુગણ મધ્યે શરદ ઋતુના પૂનમનો વિધુ શોભે, તેમ સર્વે સંતમંડળને શોભાડતા હતા. પછી સંતોની પંક્તિઓને કરાવીને પકવાનને પોતે જ પીરસીને જમાડવા લાગ્યા. તે ઘણીકવાર સુધી પંક્તિ મધ્યે ફરીને પીરસ્યું, તે તો દર્શન ને સ્પર્શનાં સુખ જેણે લીધાં, તે તો ન ભૂતો ન ભવિષ્યતિ ! એમ તે સમે વસંતપંચમીની લીલા સુંદરિયાણે કરીને આઠમને દિવસે પ્રભાતે શ્રીજીમહારાજ સંત ને હરિજને સહિત ચાલ્યા તે **શ્રીદુર્ગપુર**ને વિશે પધાર્યા, ને પોતે ઉત્તમ નરેશના દરબારને વિશે બિરાજમાન થયા.

સુંદરિયાણે મહારાજે વસંત પંચમીનો સમૈયો કર્યો'તો તે શાસ્ત્રી લક્ષ્મીરામે સંત ને હરિજનની કૃપાથી કિંચિત્ લખ્યો છે. ઈતિ શ્રીસુંદરિયાણાનું આખ્યાન સમાપ્ત થયું.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'સુંદરિયાણામાં ધંધુકાના વિપ્રોને જમાડ્યા ને વસંતપંચમીનો ઉત્સવ કર્યો' એ નામે ચોપનમું પ્રકરણ ॥૫૪॥



પ્રકરણ - ૫૫

મછિયાવ ફૂલદોલ ઉત્સવ કરવા ગઢપુરથી નીકળેલ શ્રીહરિ બળોલ થઈ શિયાળ પધાર્યા

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ શ્રીદુર્ગપુરને વિશે બિરાજમાન હતા. તે સમે **મછિયાવ**ના **નરેશ બાપુભાઈ** ને તેની **માતુ બાઈ ફઈબા** મોટાં હરિજન હતાં, તેણે એવો શુભ વિચાર કર્યો જે, 'આપણા ગામ મધ્યે હુતાશણીનો ફૂલડોલનો સમૈયો કરાવવો.' તેવો વિચાર પોતાના મનશું કરીને તે રાજા ઘણાક અસ્વારે વીંટાણા થકા દુર્ગપુરને વિશે શ્રીજીમહારાજ ઉત્તમ નરેશના દરબાર મધ્યે બિરાજમાન હતા, તે ઠેકાણે આવ્યા.

અને આવીને શ્રીજીમહારાજ પ્રત્યે નમતા થકા એમ બોલ્યા જે, "હે મહારાજ ! તમે કૃપા કરીને અમારે ગામ મધ્યે ફૂલડોલનો સમૈયો કરો. તે સારુ અમે તમારે પાસે આવ્યા છીએ, તે કૃપા કરીને હા પાડો. તેથી અમે ને અમારો સર્વે દેશ કૃતાર્થ થાશે." તેમ તે સમે ઘણીક સ્તુતિ કરીને વિનય ને નમ્રતાથી બાપુભાઈ નરેશ બોલ્યા. તે જોઈને શ્રીજીમહારાજે મછિયાવે સંવત્ ૧૮૭૬ ના ફૂલડોલની હા પાડી. તે સાંભળીને તે રાજા પોતાને ઘેર જઈને સર્વે સામાન જે, ઘી, મિસરી, આટો, દાળ ને ચોખા આદિ સામાન તેણે મછિયાવે ઘણો ભેળો કર્યો. તે ન ભૂતો ન ભવિષ્યતિ ! કેમ જે, તેણે એમ જાણ્યું શ્રીજીમહારાજની ભેગા ઘણાક સંતજન ને ઘણાંક ભૂસુરનાં વૃંદ ને ઘણાંક સંઘનાં લક્ષાવધિ મનુષ્ય આવશે. તે સારુ તે ઘણોક સામાન ને ઘણાક ઉતારા કરતા હતા.

અને હવે શ્રીજીમહારાજ દુર્ગપુરથી મછિયાવ ચાલે છે, તે સમાની વાત હું શાસ્ત્રી લક્ષ્મીરામ સંત ને હરિજનની કૃપાથી લખું છું. તે સમે શ્રીજીમહારાજની મૂર્તિ જેવી દીઠી હતી, તેવી લખું છું. પીળી છાટમનો

સુરવાળ દોવડો(બેવડો) પહેર્યો હતો. ને પીળી છાટમની ડગલી દોવડી પહેરી હતી. ને મસ્તકે બુરાનપુરનો કસુંબી રંગનો જરિયાની ભારે રેંટો બાંધ્યો હતો. ને કમરે અસ્માની રંગનું શેલુ ચોગઠ પાડીને બાંધ્યું હતું. ને ખંભે એક નીલું શેલું નાંખ્યું હતું. ને એક પીળે ફેંટેથી બોકાની ભીડી હતી ને લલાટને વિશે કુંકુમનો ચાંદલો કર્યો હતો ને શ્વેત અક્ષત ચોડ્યા હતા. ને મલ્લિકાદિકના(મોગરો વગેરેના) ને થલકમલના હાર, તોરા, ગજરા, ગુચ્છ, બાજુ ને પોંચી આદિક ઘણાક પુષ્પનાં આભરણ ધારણ કર્યાં હતાં.

અને હવે હેમના ભૂષણને લખું છું. ઉર મધ્યે ઊતરી, દોરા, કાંઠલો, ગલબંધ(ગળાનું એ નામનું એક ઘરેણું), સત્ય મોતીના હાર ને તોરાદિક; ને કર મધ્યે કનકનાં વાઘમોરાં કડાં, વેઢ, વીંટીઓ, પોંચીઓ ને બાજુબંધાદિક પહેર્યાં હતા. તે મધ્યે નંગ હીરા પિરોજા જડ્યા હતા. ને તેવી જે સર્વે શોભાને શોભાડતા થકા શ્રીજીમહારાજ ભારે રોઝા ઘોડા ઉપર વિરાજમાન થયા. તે ઘોડા ઉપર હેમનાં પેગડાં, કમલસાર, પાતાડ, ને તંગી, ચોકડાં ને મોવડ આદિક સર્વે સામાન હેમનો જ હતો. ને ખોગીર ને ગોદડી આદિ સખલાદિક સામાન ચિત્ર-વિચિત્ર હતો. ને હેમનો કાંઠો નવાનગરનો હતો, ને તે મધ્યે મોર ને પોપટાદિ ચિત્ર હતાં, તે તો સત્ય પ્રતીતિને કરાવતાં હવાં. તેવા સામાને સહિત ઘોડો ઘણાક રૂડા ગુણે જુક્ત હતો. તે ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થતા હતા, તે સારુ તેની શોભાને લખીએ છીએ.

અને શ્રીજીમહારાજ ભેગા ઘણાક શસ્ત્રબદ્ધ અસ્વાર, ઘણાક બરકમદાર શસ્ત્રબદ્ધ પાળા, ચારે વર્ણનાં ઘણાંક બાઈઓ ભાઈઓ એવાં મનુષ્યજન ને ઘણાક ત્યાગી, બ્રહ્મચારી, સાધુ ને વાનપુરુષાદિક(સાંખ્યયોગી ભક્તો વગેરે) ભેગા હતાં. તે સર્વેને શોભાડતા થકા શ્રીજીમહારાજ દુર્ગપુરને વિશેથી મછિયાવના સમૈયે

પધાર્યા. તે સમે ઘણાંક વાજિંત્ર જે ઢોલ, નગારાં, ત્રાંસાં, મૂરફા, ઝાંઝ, મૃદંગ, વીણા, જંત્ર, રવાજ, ને આધોઈનાં તીખાં કાંસિયાં, શરણાઈઓ, ભૂંગળ ને ભેરી આદિક વાગતાં હતાં. ને રણશિંગી તે તો પ્રેમાનંદ કવિ વગાડતા હતા. ને ઘણાક ભૂસુર વેદ-વચનને ભણતા હતા. ને ઘણાક બંદીજન ને માગધજન તે વખાણ કરતા હતા. અને શ્રીજીમહારાજ દુર્ગપુરેથી ચાલ્યા, તે ગામ **સાળંગપુર**ને વિશે જીવા ખાચર સુત વાઘા ખાચર ને અમરા ખાચરના ઘર પ્રત્યે પધાર્યા. ને તેમણે શ્રીજીમહારાજની ને સર્વે સંઘની ઘણાક પ્રકારે પ્રીતિપૂર્વક સેવા કરી.

અને પ્રભાતે વહેલા ઊઠીને ચાલ્યા, તે ગામ **અણિયાળી**એ પૂજાશેઠના સદને શ્રીજીમહારાજને ઘણાક સન્માનેથી મીષ્ટ ભોજન જમાડ્યાં. ને સંઘના બધાએ ગામની ભાગોળે પડાવ કર્યો. સર્વે જમી લીધું, પછી શ્રીજીમહારાજે મુનીન્દ્ર જે મુક્તાનંદસ્વામી તે પ્રત્યે કહ્યું જે, “હે સ્વામી ! તમે સર્વે ગવૈયા તે વાજાંસ્વરે કરીને વસંતી પદને બોલો.” ને તેમ તે સમે આ પદનું ગાન કરવા લાગ્યા જે,

નંદનો નંદન ખેલે હોરી રે, જાકું વેદ વખાને.
કુંવર કનૈયો ખેલે હોરી રે, જાકું વેદ વખાને.
કોટિ કોટિ બ્રહ્માંડકે કર્તા રે, ફગાવા માગત દોરી-જાકું૦

એ આદિક ઘણાંક વસંતનાં પદ બોલાવ્યાં હતાં. તે તો ન ભૂતો ન ભવિષ્યતિ.

❁ બળોલના ભક્તોએ સંઘે સહિત શ્રીહરિને જમાડ્યા

અને તે નિશા ત્યાં નિવાસ કરી પ્રભાતે ચાલ્યા, તે ગામ **બળોલ**ને સમીપે ગયા. ત્યાંના મોટેરા હરિજન ભગવાનદાસ, જાદવ કસલા, ચાવડા વીરા દેવા ને પટેલ જેસંગ આદિક સામા આવ્યા. તે ઘણાક સન્માને સામૈયું કરી શ્રીજીમહારાજની પધરામણી કરી અને કહ્યું જે, “હે મહારાજ ! તમે ગામ મધ્યે પધારો.” ત્યારે શ્રીજીમહારાજે તેને

એમ કહ્યું જે, "ઘણાંક મનુષ્ય છે, તે આ ગામના તળાવથી ઉગમણી કોરે પડાવ કરશું." પછી ત્યાં પડાવ કર્યો.

પછી સર્વે હરિજને એમ કહ્યું જે, "હે મહારાજ ! તમે સંઘ સહિત અમારી રસોઈ જમો. અને તમે સર્વે પ્રત્યે કહો જે, 'કોઈ પોતાની ગાંઠનું સીધું લે નહિ.' અને અમે ઘણાક વિપ્ર પાસે પાકશાળા કરાવીશું, તે સંતે સહિત ચારે વર્ણના મનુષ્ય ત્યાં જમશે." તેમ બળોલના સર્વે હરિજન બોલ્યા, ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "આ તો ઘણાક મોટા સંઘ મધ્યે મનુષ્ય બહુ છે, તેથી તમારે ઘણોક ખર્ચ થાશે. તેથી આ વાત રહેવા દ્યો."

ત્યારે તેણે એમ કહ્યું જે, "અહો ! હે મહારાજ ! તમ જેવા મેમાન ને વળી સંત ને હરિજને સહિત મેમાન ક્યાંથી મળશે !" અહો ઈતિ આશ્ચર્યે ! તેમ કહ્યાથી શ્રીજીમહારાજની રજાથી ઘણાક વિપ્ર નાહ્યા. ને તેમણે મોટા રંગાડા મધ્યે ઘણોક કંસાર ઘણુંક ઘી નાંખીને કર્યો. તે સર્વથી મોર શ્રીજીમહારાજનો થાળ સંતે કર્યો, તે પોતે જમીને પલવટ વાળીને સર્વે સંઘને પોતે પીરસીને જમાડ્યા. તેમ તે રાત્રી બળોલના હરિજન ભગવાનદાસ આદિકે શ્રીજીમહારાજની સેવા ચાકરી ઘણી કરી. પછી પોતે પોઢી રહ્યા ને પ્રભાતે ચાલતા થયા.

❈ શિયાળ ગામે માધવ શેઠે સંઘે સહિત શ્રીહરિને જમાડ્યા

હવે ત્યાંથી ચાલ્યા, તે ગામ **શિયાળે** પધાર્યા. ત્યાંના માધવ શાહ મોટા હરિજન, તેણે નિર્મોહી એવા જે શ્રીજીમહારાજ તેને રાજી કર્યા હતા, તે લખીએ છીએ. તે ગામ મધ્યે તે એક જ હરિજન હતા. તે નિષ્કપટી, પ્રેમી ને સમ્યક પ્રકારે સ્વરૂપનિષ્ઠાવાન હતા. તેણે એમ સાંભળ્યું હતું જે, 'શ્રીજીમહારાજ ઘણાક જને વીંટાણા થકા મારા ગામને વિશે આવશે.' તેથી ઘણોક સામાન પોતે તૈયાર કરાવ્યો જે, 'મારું ગામ

નાનું છે, તે હાલ સંઘને સામાન નહિ મળે.' તેથી ઘણોક આટો, દાળ, ગોળ, ઘી ને ચોખા આદિક ઘણોક સરંજામ તૈયાર કરી મૂક્યો હતો.

તેના ગામ મધ્યે શ્રીજીમહારાજે સંઘે સહિત ઉતારો કર્યો. ત્યારે તે હરિજન શ્રીજીમહારાજ આગે આવીને અતિ પ્રેમાતુર થકા નમીને બોલ્યા જે, "હે મહારાજ ! આજ મારાં મોટાં ભાગ્ય ઉદય થયાં જે તમ સરખા મારે ઘેર મેમાન થયા ! ને સંતહરિજનના સંઘે સહિત આપ પધાર્યા, તે તો મારે આજ સોનાનો સૂર્ય ઊગ્યો છે ! તે સર્વે સંઘે સહિત તમે મારા જ મેમાન છો." ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "આ ગામ મધ્યે હરિજન તમે એકલા જ છો ને અમારે ભેગાં અગણિત-ઘણાંક મનુષ્ય બાઈઓ ને ભાઈઓ છે. તેથી સહુ સહુના ગાંઠનાં સીધાં લેશે."

ત્યારે તે હરિજને એમ કહ્યું જે, "હે મહારાજ ! મારો દીકરો માંદો થયો'તો, તે બચે તેમ ન હતો. તે સમે મેં માનસૂક કરી જે, 'હે મહારાજ ! આ (માંદગી) મધ્યેથી મારો પુત્ર જીવતો રહેશે, તો હું સંઘે સહિત શ્રીજીમહારાજને જમાડીશ.' મેં તો એવી પ્રતિજ્ઞા કરી છે. તેથી મારે ઘેર બેઠાં સંઘવીએ[૧] સહિત આવો સંઘ આવ્યો છે ! તે હે મહારાજ ! તમે કૃપા કરીને જમવાની હા પાડો. તે સર્વે સંઘનાં મનુષ્ય મારા જ ઘરનાં સીધાં લે."

ત્યારે મહારાજે તેને કહ્યું જે, "હે માધવશેઠ ! તમે સંતજનને જ જમાડો ને હરિજન પોતાની ગાંઠનું જમશે." ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! મારી પ્રતિજ્ઞા છે, તે તમે કૃપા કરીને પૂરી કરો." તેમ તેણે ઘણીક સ્તુતિ કર્યાથી શ્રીજીમહારાજે તેને હા પાડી. તેથી તે હરિજન અતિ રાજી થકા સંતનો ચોકો તથા બ્રહ્મચારીનો ચોકો એમ બે ચોકા કરાવતા હવા અને તે સમે શાહ માધુએ અતિ શ્રદ્ધાથી સીધાં ભરવા માંડ્યાં. તે જે જે જણસ સંતે ને વર્ણીએ માગી તેથી બમણું દેતા

૧.સંઘના નેતા એવા આપ પૂર્ણ પુરુષોત્તમનારાયણ

હતા. કાં જે અહો ઈતિ હરખે જે, 'આવા મેમાન કોઈ દિવસે આવ્યા નથી ને આવશે પણ નહીં ! તેથી હું અધિક આપીશ તેમ વધશે ! તે તો સંત ને હરિજન જમશે તે જ મારું રળ્યું ને ખપ્યું(ખરચ્યું) કામે આવ્યું કહેવાશે !'

તેવી સમજણથી મોદક ને ક્ષિપ્રાનાં(ખીચડીનાં) સીધાં ને તેમ જ ગોળ ને ઘી તેને પણ અધિક તોળી દઈને સંત-વર્ણીને સમજાવતા થકા અતિ પ્રીતિપૂર્વક સર્વે જનને સારુ રસોઈ કરાવી. ને શ્રીજીમહારાજનો થાળ આનંદસ્વામી, નિર્ગુણાનંદસ્વામી ને વૈષ્ણવાનંદાદિક વર્ણિરાટે કર્યો. તે થાળ પણ અધિક કરાવ્યો. તે મહારાજ રાજી થકા જમ્યા ને પોતે જમીને મુખવાસ જમીને સંતને પીરસીને જમાડ્યા. ને જે જનને સંતની રસોઈ ખપે તે સર્વે જન સંતના ચોકે જમ્યા, પણ રસોઈ ખૂટી નહીં. ને તેમ બ્રહ્મચારી મુકુંદાદિકના ચોકે પણ ઘણાક ચોખા(ચોખ્ખું જમનારા) મહાજન જમ્યા, પણ રસોઈ ખૂટી નહીં.

ત્યારે શ્રીજીમહારાજ રસોયા પ્રત્યે ખીજીને એમ બોલ્યા જે, "અરે ભાઈઓ ! તમે મૂરખ હતા જે, તમે ઘણોક સામાન લીધો ?" ત્યારે સર્વે રસોયાએ કહ્યું જે, "હે મહારાજ ! અમે જે જે જણસ માગીએ તે તે જણસ બમણી તોળી દીધી. ને અમને ભુલાડીને અધિક પાક કરાવ્યો, તેથી વધ્યું છે. તે મધ્યે અમારો શું વાંક કહેવાય ?" પછી તે સમે શાહ માધુને તેડાવીને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "તમે તમારા બનિયાના(વાણિયાના) ધર્મકપટેથી[૧] ઘણોક સામાન આપ્યો, તે લઈ જાઓ."

ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! મારા ઘર મધ્યે થોડાંક મનુષ્ય છે, ને આવડો ઘણોક મોદક છે, તે સંતહરિજનને આપી દ્યો, તેથી મારું ઘણું સારું થાશે. ને હે પ્રભુ ! તમારે હાથેથી સંઘના જે

૧.ધર્મકાર્યનાં લાભ માટે પણ રાખેલ કપટથી

જનને ખપે તે સર્વેને આપો, તે સહુ લેશે." ને મોદક પાકના હતા ને તે સમે શ્રીજીમહારાજે પોતાને હાથે કરીને મોદક જેને જેટલા જોઈએ તેટલા આપ્યા, તોય ખૂટ્યા નહીં. ત્યારે તેને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "હવે તમે લઈ જાઓ." ત્યારે તેણે એમ કહ્યું જે, "હે કૃપાનાથ ! આ સર્વે સામાન મેં તમને ધર્માદા અર્પણ કર્યો, તેથી તમારો જ કહેવાય તે તમે જ લ્યો. તેથી મારા મનશું સુખ ઊપજે." તેમ તેની મોટી શ્રદ્ધા જોઈને નિર્મોહી એવા જે શ્રીજીમહારાજ તે સમાને વિશે તે માધવશેઠ ઉપર બહુ પ્રસન્ન થયા.

તેમ એક રસોઈ મધ્યે બે રસોઈ કરાવીને પોતાની શ્રદ્ધાએ સહિત શ્રીજીમહારાજ ને સર્વે સંઘની સેવા પ્રીતિપૂર્વક કરતા હતા ને સર્વે જન જમ્યા કેડે અન્ન-જળ લેતા હતા.

❉ મહારાજે માધવ શેઠના પૂર્વ જન્મની વાત કહી

અને સર્વે સંતો પ્રત્યે ને સર્વે હરિજન બાઈઓ ભાઈઓ પ્રત્યે શ્રીજી મહારાજે એમ કહ્યું જે, "પૂર્વે કાશી મધ્યે જે તુલાધાર વાણિયો હતો, તે જ આ માધવશેઠ છે, એમ નિશ્ચે જાણો. તેણે જાંજળિઋષિને જ્ઞાન આપ્યું હતું, તેની ભારત મધ્યે મોક્ષધર્મ મધ્યે ઐતિહાસિક કથા છે."

પછી શ્રીજીમહારાજ પોતે શકટ ઉપર ઢોલિયો નાંખીને બિરાજમાન થયા. ત્યારે મુનીન્દ્ર એવા મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજ ! જાંજળિઋષિ ને તુલાધારનું આખ્યાન છે, એમ તમે કહ્યું, તે અમને કહો. તે વાત કેમ છે ?"

ત્યારે તે સમે શ્રીજીમહારાજ સર્વે પ્રત્યે તે કહી દેખાડતા હવા જે, "પૂર્વે નારાયણસરને[૧] વિશે જાંજલિઋષિએ ઘણાક વર્ષ પર્યંત તપશ્ચર્યા કરી હતી. ને ઘણાંક વર્ષે તપની સમાપ્તિ કરીને જોયું, ત્યારે પોતાની જટા મધ્યે સુઘરીએ માળા ઘાલ્યા હતા. તેને જોઈને પોતાના મનશું

૧.કચ્છમાં કોટેશ્વર તીર્થમાં આવેલ નારાયણ સરોવર

એમ જાણ્યું જે, 'મને વૃક્ષ તુલ્ય જાણીને તે પંખીએ મારી જટાને વિશે માળા ઘાલી બચ્ચાં મૂક્યાં છે. તે હું ચાલી નીકળું તો તેને વિયોગ થાય. તેથી મારે પાંચ માસ અધિક તપ કરવું.' તેમ પારકી પીડાને જોઈને પોતાના દેહને દુ:ખ દઈને, તપ છે ધન જેને તેને તપોધન કહેવાય, એવા તપોધન જે જાંજલિઋષિ, તે અધિક તપ કરવા લાગ્યા.

પછી યોગ્ય સમયને પામીને વિહંગનાં બચ્ચાં ઊડી ગયે સતે તેને **માન** આવ્યું. તેથી પોતે ઊંચો ઠેકડો મારીને એમ બોલ્યા જે, **'જાંજલિઋષિના જેવો તપસ્વી આજ કોણ છે ?'** ત્યારે તે ઠેકાણે આકાશને વિશે ભગવાન મેઘવત્ ગંભીર શબ્દો બોલ્યા જે, 'હે જાંજલિ ! **તમારું તપ બળી ગયું**. કેમ જે તમને તપનું અતિ અભિમાન આવ્યું.' તેથી તે સમે ઘણાક નિર્માની થઈને ઋષિએ એમ કહ્યું જે,'હે મહારાજ ! હું ભૂલ્યો... ને ત્રાહિ...ત્રાહિ..! રક્ષા કરો..! રક્ષા કરો..! ને હે પ્રભો ! જેમ તમે કહો તેમ હું કરું.' ત્યારે આકાશવાણીએ એમ કહ્યું જે, 'હે મોટા ઋષિ ! તમે કાશી મધ્યે **તુલાધાર વાણિયો મારો ભક્ત માને રહિત છે**, તેનો **સમાગમ** કરો. ને તેનાં **દર્શન** કર્યાથી તમારું તપ વૃદ્ધિ પામશે ને અક્ષય થાશે.' તેથી કાશી પ્રત્યે જઈને સત્ય ને ધર્માદિકે સહિત જાંજલિસઋષિ તે તુલાધારને સેવતા હવા." તે આદિક શ્રીજીમહારાજે ઘણીક વાત કરી હતી, પણ આ તો દિશમાત્ર લખી છે.

પછી રાત્રીને વિશે તે શિયાળ ગામના સમીપે જોરાવર સિંહ અતિ ગર્જના કરવા લાગ્યા. તેમ સર્વે વેપારી લોક, બાળ, બાઈઓ ને પશુ આદિકને અતિ ભય ઉપજાવતા હવા. વળી તે સમે ઘણીક ટાઢ પડતી હતી. તે મોટા અગ્નિના ભડકા કરાવીને પછી શ્રીજીમહારાજે સર્વે બરકમદાર પ્રત્યે એમ કહ્યું જે, "તમે સર્વે સરબંદી બંધૂકોના ભડાકાના સામટા ચંભા નાંખો, તેથી સિંહ ભાગી જાશે." તેમ સિંહને હઠાવ્યા.

પછી વહેલા ઊઠીને અતિ ટાઢ મધ્યે શીતલ સરોવરના જળ મધ્યે પ્રથમ શ્રીજીમહારાજ નાહ્યા. ત્યાર પછી સર્વે સંત ને હરિજન બાઈઓ ભાઈઓ નાહ્યા. તે સમે હીમ પડ્યું હતું, તેથી સરના જળનાં કપોટિયાં(પાતળા પડ - કાચા બરફના પતલા થર) બંધાણાં હતાં. તે કોરે કરીને સર્વે નાહતા હતા. તેમ શ્રીજીમહારાજે તે સમે વહેલા નાહવાનું પ્રકરણ કર્યું હતું.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'મછિયાવ ફૂલદોલ ઉત્સવ કરવા ગઢપુરથી નીકળેલ શ્રીહરિ બળોલ થઈ શિયાળ પધાર્યા' એ નામે પંચાવનમું પ્રકરણ ॥૫૫॥



પ્રકરણ - ૫૬

શિયાળથી મછિયાવ પધારી ત્યાં ફૂલદોલોત્સવ કરી દુર્ગપુર પધાર્યા

❉ ક્ષમાવાન શ્રીહરિએ વરરાજાને માન આપી વિઘ્ન ટાળ્યું

શિયાળ ગામથી ઘણાક અસ્વાર, પ્યાદા ને રથ આદિક સંઘને શોભાડતા થકા શ્રીજીમહારાજ ચાલ્યા. તે સમે કોળી લોકોને લૂંટી લેતા, તેથી સર્વેની આગળ શૂરવીર ભગુજી ને ભીમ આદિક ઘણાક સરબંદી પાળા રહ્યા હતા. અને તેને વાંસે સંઘનાં ઘણાંક ગાડાં ને તેને વાંસે ઘણા કાઠી ને ગરાસિયાના અસ્વાર ભેગા શ્રીજીમહારાજ હતા. તે સમે કોઈક ક્ષત્રિય લોકની જાન મારગને વિશે સામી મળી. ત્યારે તેણે કહ્યું જે, "તમે સંઘનાં ગાડલાં તારો." ત્યારે પાળાએ કહ્યું જે, "તમારી જાનનાં ગાડાં તારવો." ત્યારે તેણે એમ કહ્યું જે, "વરરાજાનું ગાડું અમે નહિ તારવીએ." તેમ તે સમે પરસ્પર વાદ થાતાં સામસામી તરવારો કાઢીને લડાઈ થાય તેમ થયું.

શ્રીજીમહારાજે તે ખબર સાંભળીને પોતે ઉતાવળી ઘોડી હાંકીને તે ઠેકાણે પોતે પધારીને પોતાના સર્વે જનને વાર્યા. અને શ્રીજીમહારાજ કેવા છે ? તો બુદ્ધિની સીમા ને સાધુગુણની સીમા ને તમોગુણે કરીને તપ્યા એવા જે જીવ, તેને સામ ઉપાયથી શાંત કરીને સમજાવવા તેની પણ સીમા, એવા શ્રીજીમહારાજે વરના બાપને એમ કહ્યું જે, "આ સમે વરરાજા છે, તેનાં ગાડાં નો તરે, ને અમારા સંઘનાં ઘણાંક ગાડલાં છે, તોપણ લ્યો તારવીએ."

તેમ કહીને દામ ઉપાયને કરતા હવા. તે શું ? તો પોતાના કોઠારી જે વિપ્ર પ્રભાશંકર તે પ્રત્યે કહ્યું જે, "તે વરના હાથ મધ્યે વીશ રૂપિયા ને એક નાલિકેર આપો. કેમ જે, તે પરણે છે ને વળી આ સમે તે રાજા છે. માટે તેને મેં ભેટ આપી અને આ સર્વે તમે પણ આપો તેનો કશો બાધ નથી." તેમ કહીને તેના ઘણાક માણસ હતા, તેને પોતે સામ, દામ ને અતિ ક્ષમાએ[1] ને વળી પોતાના મોટા પ્રતાપથી તે વિઘ્ન નાશ કર્યું.

ત્યારે તે વરના પિતાએ શ્રીજીમહારાજ આગે હાથ જોડીને અતિ નમ્ર થઈને કહ્યું જે, "હે મહારાજ ! તમે તો મોટા છો ને વળી અમારે માનવા ને પૂજવા જોગ્ય છો. તે અમે તમારા રૂપિયા નહીં રાખીએ." પછી તે ક્ષત્રીએ પોતાને ચડ્યાની ઘોડી ઘણમૂલી હતી, તે પોતે હેઠા ઊતરીને શ્રીજીમહારાજને જોરાયેથી ધર્માદા આપી અને સુખેથી સંઘના સર્વેને માર્ગ દીધો.

❁ મછિયાવમાં હિંડોળે ઝૂલ્યા ને રંગે રમ્યા

પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **મછિયાવ**ના સીમાડા મધ્યે પધાર્યા ને ઘણીક બંધૂકોના ભડાકા કરાવ્યા. તે સાંભળીને ત્યાંના નરેશ બાપુભાઈ ઘણીક અસ્વારી ને ઘણાંક વાજાં આદિક સામૈયાનો સાજ લઈને સામા

૧.જાનને સમજાવીને, ભેટ આપીને ને ક્ષમાભાવ રાખીને

આવ્યા. પછી શ્રીજીમહારાજને ગાજતે ને વાજતે પોતાના પુરમાં લઈ જઈ ઘણાક સન્માનેથી પોતાના સદનમાં પધરાવ્યા. તે સમે રાજાએ શ્રીજીમહારાજની વિધિવત્ ષોડશ પ્રકારની પૂજા કરી. ને સર્વે સંત ને સંઘના જે ઘણાક માણસ, તેને ભિન્ન ભિન્ન ઉતારા કરાવીને ઘણાક વિપ્રો પાસે રસોઈ કરાવી હતી. ને શ્રીજીમહારાજનો થાળ મુકુંદાનંદ આદિ બ્રહ્મચારીએ કર્યો હતો, તે પોતે જમીને સર્વે સંત ને હરિજનને પીરસીને જમાડ્યા.

પછી સાંજને સમે એક ચારણાના(ચારણોના ?) મોટા વાસ(સ્થાનક) મધ્યે વટના તથા આંબલીના વૃક્ષ મધ્યે હિંડોળો આથમણે મુખે બાંધ્યો હતો. તે તેના બાંધનારા કવિરાજ નિષ્કુળાનંદજીએ અતિ શોભાયમાન બાંધ્યો હતો. તે ન ભૂતો ન ભવિષ્યતિ. તે મધ્યે શ્રીજીમહારાજ બિરાજમાન થયા હતા. તે સમાની શોભાને લખું છું જે, રાતી કિનખાપનો સુરવાળ પહેર્યો હતો, ને પીળી છાટમની ડગલી પહેરી હતી. ને માથે મોટો જરિયાની રેંટો બાંધ્યો હતો ને નીલે શેલેથી કમર કસી હતી. ને એક કસુંબી શેલું ખંભે નાખ્યું હતું. ને ઉરને વિશે હેમની ઊતરી, દોરા, સત્ય મોતીના હાર તોરા ને કર મધ્યે કનકનાં વાઘમોરાં કડાં ને વેઢ-વીંટીઓ ને બાજુબંધ આદિક હેમના ઘણાક શણગાર આદિકને શોભાડતા હતા. ને સર્વે સંતજન ને હરિજનની સભાને વિશે શ્રીજીમહારાજ જેમ કલંકે રહિત પૂનમનો વિધુ સર્વે ઉડુગણને શોભાડે તેમ સર્વે જનને શોભાડતા હવા. તે સમે શ્રીજીમહારાજને વર્ણીન્દ્ર મુકુંદજી ઝુલાવતા હતા. ત્યારે તે મધ્યે મોટા ટોકરા ને ક્ષુદ્ર(નાની) ઘંટિકાઓના(ઘંટડીઓના; ઘુઘરીઓના) શોભાયમાન શબ્દ થતા હતા.

પછી સંધ્યા સમે નાથજી ને ઉમાભાઈ ગોડી બોલે, તે પછી સર્વે જન બોલતા. ને તેમ આરતી-ધૂન સર્વે મોરે શ્રીજીમહારાજ બોલે છે જે, 'રામકૃષ્ણ ગોવિંદ...આદિક.' ને તે કેડે સર્વે જન ઝીલે છે. ને તેમ

ધૂન કરીને સર્વે સંતને શ્રીજીમહારાજ નમ્યા. તેમ સર્વે જન મહારાજને નમીને પોતાના જીવનો મોક્ષ કરતા હતા. પછી શ્રીજીમહારાજ રાત્રીને વિશે પોતાના સુખેથી પોઢી રહ્યા.

પ્રભાતે શ્રીજીમહારાજ વહેલા ઊઠીને દંતધાવન આદિક ક્રિયા કરી, ને સર્વે જનની મોટી સભા મધ્યે પધાર્યા. ત્યારે સર્વે સભાજન ઊભા થઈને 'જય જય...' શબ્દ બોલીને નમ્યા. પછી શ્રીજીમહારાજ શોભાયમાન હિંડોળા મધ્યે બિરાજ્યા. તે સમે મહારાજે સર્વે ગવૈયાને કહ્યું જે, "ભારે વસંતી કીર્તનની હોરીઓ(હોળીના દિવસોમાં ગવાતાં કીર્તનો) બોલો." તે સમે આ પદને ગાવતા હતા -

તેરી પગિયા લાલ ગુલાબી કનૈયા રે, મેં તો રંગ સે ભરુંગી..તેરી પગિયા૦

એ આદિક ઘણીક હોરીઓ બોલાવી. ને તે સમે ઘણોક અબીલ ને ગુલાલ તે પોતે સર્વે લોકના સ્વામી તે જ ઉડાડતા હતા. તે સમામાં જે જન સભામાં હતાં, તે સર્વેનાં મોટાં ભાગ્ય જે, મહારાજના હાથે પ્રસાદીના અબીલ, ગુલાલ ને રંગે ભિંજાયા ! તેવાં સુખ તે કેદીયે ન મળે ! પછી મહારાજે તે સમે જે રમૂજ કરી હતી, તે લખું છું. તે શું? તો સુરા ખાચરને માથે મોટો ત્રફલ(મોટી પાઘ) હતો, તે ઉતારીને એક સુરતી હરિજનને માથે મેલ્યો, ને તેની પાગડી ભક્ત સુરાખાચરને માથે મેલી. તેમ સર્વે જનને રાજી કર્યા.

❉ બાપુભાઈએ પૂજા કરી ને મલ્લોએ કુસ્તી કરી રાજી કર્યા

પછી શ્રીજીમહારાજનો થાળ થયો હતો, તે પોતે નાહીને પીત વસન પહેરીને જમવા બેઠા. તે લેહ્ય, ચોસ્ય, ભક્ષ્ય ને ભોજ્યાદિક ભોજનને જમતા હવા. તે જમતા જાય છે ને જળ પીતા જાય છે. તેમ જમીને મુખવાસ ને પાનબીડી જમીને પોતે સંતને પીરસીને જમાડ્યા. તેમ જ પાળા ને અસ્વાર આદિકને જમાડ્યા. પછી તે રાજાએ પ્રથમ શ્રીજીમહારાજની પૂજા કરી. ને પછી સર્વે સંતમંડળને વિધિવત્ પૂજ્યા.

ત્યારે ઘણાક કેસર-ચંદન ને મલ્લિકાદિક ને થલકમલના પુષ્પના હાર, તોરા, ગજરા, ગુચ્છ ને બાજુબંધાદિક પુષ્પના આભરણથી શ્રીજીમહારાજની ને સંત સર્વેની પૂજા કરી.

તે સમે રાજાના દરબાર મધ્યે મહારાજ હેમની પાટે બિરાજે છે, તે સમે મલ્લ ગંગારામાદિક આવી પોતાના કસબેથી(કળાથી) રમતા હતા. જેમ મદોન્મત્ત હસ્તી લડે તેમ અરસપરસ લડતા થકા શ્રીજીમહારાજને રાજી કરીને પોતાના જન્મને સુફળ કર્યો. પછી તે મલોને શ્રીજીમહારાજે હેમનાં અલંકાર ને ઘણમૂલાં વસ્ત્ર આપ્યાં. પછી સંધ્યા આરતીએ ગોડીનાં પદ બોલાવીને આરતી ને ધૂન કરી. ને પોતે પોતાના સુખે કરીને પોઢી રહ્યા. ઈતિ શ્રીચતુર્દશીની લીલા સમાપ્ત.

❉ હુતાશનીમાં બે જૂથ કરી રંગે રમ્યા, તેમાં સંતો જીત્યા

અને પ્રતિદિને[૧] હુતાશની આવી. તે પ્રભાતે શ્રીજીમહારાજે વહેલા ઊઠીને દંતધાવનાદિક ક્રિયા કરી અને સ્નાનવિધિ કરીને પૂજાવિધિ કરી. ને વસંતી વસન પહેરીને પોતાના સખાએ વીંટાણા થકા સંતહરિજનની મોટી સભા બેઠી હતી, તે મધ્યે પધાર્યા. ત્યારે સર્વે સભાજનો શ્રીજીમહારાજને હાથ જોડીને ઊભા થઈને નમતા થકા બેઠા. પછી શ્રીજીમહારાજ શુભ આસને બિરાજ્યા. પછી સર્વે સભા પ્રત્યે એમ કહ્યું જે, “હે સર્વેજનો ! આજને દિવસે હુતાશની છે, તે રંગની પિચકારીની રમત કરો.” તે સમે સર્વે ઘણોક રંગ ને ગુલાલ ને અબીલાદિક પરસ્પર ઉડાડતા થકા ‘હોરી...હોરી...’ શબ્દ બોલવા લાગ્યા.

તે સમે શ્રીજીમહારાજ બે જૂથને કરતાં થકાં બોલ્યા, તેની વિગત જે, “એક કોરે અમે ને હરિજન સર્વે રહેશું અને એક કોરે તમે સર્વે સાધુજન રહો. જોઈએ કોણ હારે છે ને કોણ જીતે છે ?” તેમ કહીને મહારાજે બેઉ જૂથને રંગ, ગુલાલ ને પિચકારી ભાગોભાગે(સરખા હિસ્સે)

૧.લેખકે સમગ્ર ગ્રંથમાં ‘પ્રતિદિન’ શબ્દ ‘બીજા દિવસે’ અર્થમાં લખેલ છે.

વહેંચાવી અપાવી. ને તે સમે સર્વે વાજાંવાળાને વાજાં વગાડવા કહ્યું. જેથી તે સિંધુડા રાગમાં વાજાં વગાડવા લાગ્યા. મારુ રાગ ને સિંધુ રાગ ગવાઈ રહ્યા હતા. ને ઘણાક રંગ ને ગુલાલાદિક લઈ શ્રીજીમહારાજના પ્રેર્યા થકા ક્ષત્રી આદિક ચારે વર્ણના હરિજન ચાલ્યા, તે સંતમંડળને હાર પમાડતા હતા. તે જોઈને તે સમે શ્રીજીમહારાજ ઘણુંક હસ્યા.

પછી સર્વે સંતજને પોતાના મનશું વિચાર્યું જે, ‘આ સર્વે હરિજને આપણને હાર પમાડ્યા છે. તે સારુ સર્વે સામટા ઉપાડો કરીને તેના હાથ મધ્યેથી પિચકારીઓ ને રંગનાં ઠામ ખૂંચી લેવાં.’ તેમ વિચારીને સર્વેજન ‘હોરી હે...હોરી હે... કનૈયાલાલ હોરી હે...’ તેમ કહીને સર્વે સંતજને દોટું આપી, તે સર્વે હરિજનને હાર પમાડીને, સર્વેની પિચકારી ને ગુલાલની ફાંટું ખૂંચી લઈને રંગના જળ ને ગુલાલની ફાંટું નાખીને હાર પમાડ્યા.

તે સમે શ્રીજીમહારાજ સંત પ્રત્યે ‘હાં...હાં..’ શબ્દ બોલતા થકા ને મંદમંદ હસતા થકા સંતમંડળ ને હરિજનના મંડળને વચ્ચે સાક્ષી રહીને નિવારતા હવા, પણ સંત સર્વેએ મહારાજ ઉપર ઘણીક રંગની પિચકારીઓ નાંખી, તેથી મહારાજ એક લીંબના વૃક્ષે ચડી ગયા. ત્યારે સર્વે સંત કહે જે, “હે મહારાજ ! તમે ને સર્વે હરિજન એમ કહો જે, ‘સંત જીત્યા ને અમે હાર્યા.’ તેમ કહો તો રંગની રમત આળસીએ. નહીં તો હે મહારાજ ! તમારે ને હરિજનને બળ હોય તો અમ સામી લડાઈને કરો.”

ત્યારે શ્રીજીમહારાજે સર્વે હરિજન પ્રત્યે કહ્યું જે, “કેમ કરશું ?” ત્યારે સર્વે હરિજને કહ્યું જે, “હે મહારાજ ! અમારી પિચકારીઓ તથા રંગના વાસણાદિક ઝોંટીને સંતે પોતાને હાથ કર્યાથી આપણથી સંતને નહીં પહોંચાય. ને તે સંતજન પાંચસો એકલોયા[૧] છે, તેને આપણે

૧.એક લોહીના હોય તેમ પરસ્પર ચાહનારા-સંપીલા

જરૂર નહીં પહોંચીએ. ને વળી તેમનું બળ ને માતમ જાણીને આપણે તેને આગે હાર પામીએ તે ઠીક જ છે."

ત્યારે શ્રીજીમહારાજે સર્વે હરિજન પ્રત્યે એમ કહ્યું જે, **"સાધુ આગળ હાર માન્યાથી ભગવાન અતિ રાજી થાય છે. તે કેમ ? તો સર્વેથી બળિયું ને અજિત એવું જે પોતાનું મન, તેને જીતીને ભગવાનના સ્વરૂપને વિશે જ રાખે છે, તેવા સંત તો અજિત છે. તે આગે તો હાર પામીએ તે જ ઠીક છે."** એ આદિક સાધુતાનાં વખાણ કરતાં થકાં સંત પ્રત્યે આમ બોલ્યા જે, "અમે ને હરિજન હાર્યા ને તમે સંતજન જીત્યા છો." તેમ કહીને રમત બંધ કરાવતા થકા રંગના ભીના થકા ત્યાંના સરોવરને વિશે ઘણાક સંતજન ને ઘણાક હરિજને વીંટાણા થકા ને ઘણાંક વાજાં વાગતા થકા નાવા પધાર્યા. નાહીને તે રાજાના દરબાર મધ્યે પધારીને પોતે જમીને સર્વે સંત ને હરિજનને જમાડ્યા.

❖ બાપુભાઈના બેન બાઈસાહબની ધર્મનિષ્ઠા ને પ્રભુપ્રેમ

અને હવે તે રાજાની બોન તેનું નામ તે બાઈસાહબ હતું. તે મોટાં ભક્તશિરોમણિ હતાં. ને તેને વાગડ દેશ મધ્યે ગામ **આડેસરે** તેના બાપે પરણાવ્યાં હતાં. તે રાજાએ સહિત તેનાં સર્વે સાસરિયાં લોક કુસંગી ને દુષ્ટમતિવાળાં હતાં. તે સર્વે મળીને તે બાઈને મદિરા પાવા સારુ આવ્યા. ત્યારે તે બાઈએ મનશું વિચાર્યું જે, 'તે સર્વે દુષ્ટ મારો ધર્મ મુકાવવા ઇચ્છે છે, તો હું તેને મારીને પછી હું મરીશ, પણ ધર્મ તો હું નિશ્ચય રાખીશ.' તેમ પોતાના રાની(સોનાની) ઢાલ ને તલવારને તાણી. તેથી પોતાનો ધર્મ રાખ્યાથી તે ઉપર શ્રીજીમહારાજ ઘણુંક રાજી થયા. તેથી મહારાજ તેને તે સમે કહે, "વર માગો." ત્યારે તે સમે મહારાજ ઘણુંક **તપ** કરે તે એક વખત **જમે** ને **ટાઢા જળે** નાય છે. તેથી તેણે માગ્યું જે, "થાળ જમો ને ઊના જળે નાહો."

પછી તે રાજાએ શ્રીજીમહારાજની ષોડશ પ્રકારની પૂજા કરી. ને તેમ સંત સર્વેની ચંદન, પુષ્પ ને વસનાદિકે પૂજા કરી. તેમ પ્રતિદિને ફૂલડોલનો સમૈયો મછિયાવે કરીને શ્રીજીમહારાજ સર્વે સંઘના મનુષ્યે સહિત થકા ચાલ્યા, તે ગામ, પુર, ખેટ ને ખર્વટના મનુષ્યને દર્શન દેતા થકા **શ્રીદુર્ગપુરને** વિશે પધારી ઉત્તમ નરેશના દરબારને વિશે બિરાજતા હવા.

❁ ગઢપુરમાં વિવાહમાં ઉન્મત્ત થયેલાઓને શ્રીહરિનો ઉપદેશ

હવે એક સમે મહારાજ દાદા ખાચરના દરબાર મધ્યે બેઠા હતા. તે સમે ત્યાં એક જણનો વિવાહ હતો. ત્યારે ત્યાંના હરિજન વિવાહરૂપી મદેથી અંધ થઈને ઉન્મત્ત થકા વર્તતા હતા. તેને જોઈને શ્રીજીમહારાજ તે ઉત્તમ નરેશાદિક સર્વે હરિજન પ્રત્યે આમ બોલ્યા જે, “અહો ઈતિ આશ્ચર્યે બત ઈતિ ખેદે. ક્યાં તમે મનુષ્ય ને ક્યાં અમે ને અમારું જે ધામ ! તે તો ઘણાક ઊંચા છે. તે લ્યો તમને કહી દેખાડીએ જે, **એક હજાર મણનો લોહનો ગોળો હોય** ને તેને ત્યાંથી પૃથ્વી ઉપર નાંખે, તો તે ગોળાને વચમાં કાળ ખાઈ જાય, પણ ભૂમિતળને વિશે પહોંચે નહીં. તે સ્થળ અતિ દિવ્ય છે ને સર્વે સુખરૂપ છે. તેવા સર્વે વૈભવ મૂકીને અમે તમારે કાજે આવ્યા, પણ તમે તો જેવા અમે છીએ તેવા અમને નો જાણો, તેથી તમારે વિશે અતિ ખોટ કહેવાય.” તે આદિ ઘણીક વાત પોતે કરી હતી, તે મધ્યેથી કિંચિત્ લખી છે.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે ‘શિયાળથી મછિયાવ પધારી, ત્યાં ફૂલદોલોત્સવ કરી દુર્ગપુર પધાર્યા’ એ નામે છપ્પનમું પ્રકરણ ॥૫૬॥



પ્રકરણ - ૫૭

ઝીણાભાઈની પ્રાર્થનાથી ફૂલદોલોત્સવ કરવા શ્રીહરિ લોયાથી પંચાળા પધાર્યા

દોહા : કામી ચિંતવે કામની, લોભીએ ચિંતવ્યાં ધન;
મેં ચિંતવ્યા શ્રીમહારાજને, કરી કરી શુભ મન...૧
સંતવચન શિરપર ધરી, ચિંતવ્યા જગદાધાર;
આ લીલા જે સાંભળે, તે પામે ભવ પાર...૨
લખી લીલા ચિંતામણિ, એ છે દોયલી વેળાનું દામ;
જે વાંચે વળી સાંભળે, તેને રીઝે ઘનશ્યામ...૩

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ **લોયા** મધ્યે બિરાજમાન હતા. તે સમે મોટા હરિજન પંચાળાના નરેશ ઝીણાભાઈએ શ્રીજીમહારાજ આગે દીન થઈને પોતાના બે હાથ જોડ્યા ને ઘણાક વિનયથી એમ બોલ્યા જે, "હે મહારાજ ! તમે કૃપા કરીને સોરઠ દેશમાં મારા પુર પ્રત્યે પધારો. તેથી મારું કુળ, દેશ ને ગામ તેના સર્વે જન પાવન થાશે. ને હે કૃપાનાથ ! હુતાશનીનો સમૈયો ને ફૂલડોળ ને રંગ-ગુલાલની રમતનો સમૈયો તે તો ત્યાં જ કરવો." ત્યારે તે સમે શ્રીજીમહારાજે ના પાડી. તે સાંભળીને હેમંતસિંહજી મૂંઝાઈને શોક કરવા લાગ્યા. શ્રીજીમહારાજ તે સામું જોતા હવા ને તેનાં નેત્ર મધ્યેથી જળને પડતાં જોઈને એમ બોલ્યા જે, "ભગવાનના ભક્ત હોય તેણે તો કોઈ પ્રકારે મૂંઝાવું નહીં ને દુઃખાઈને મુખ શ્યામ કરવું પણ નહીં."

ત્યારે હેમંતસિંહજીએ હાથ જોડીને કહ્યું જે, "હે મહારાજ ! સર્વે લોકના સ્વામી જે તમે આ તમારા સંતમંડળે સહિત પધારો તો રાજી થાવું. ને તમે ને તમારા સંત ના આવે ત્યારે તેને શોક કરવો જોઈએ." ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "તે આવે ત્યારે રાજી તો થાવું,

પણ શોક તો ક્યારેય નો કરવો." તેમ તે સમે બોલ્યા. ને અતિ કૃપાળુ એવા જે શ્રીજીમહારાજ તે હેમંતસિંહજી ઉપર અતિ પ્રસન્ન થઈને ત્યાં જાવાની તૈયારી કરીને ચાલ્યા, તે શ્રીજીમહારાજ ઘણાક જને વીંટાણા થકા ગામ **પીપરડી** મધ્યે ભટ્ટ ભાણજીને ઘર પ્રત્યે નિશા નિવાસ કરતા હવા. તેણે ઘણાક સન્માનથી શ્રીજીમહારાજે સહિત સર્વે જનને મિષ્ટ ભોજન જમાડ્યાં.

અને ત્યાંથી ચાલ્યા, તે ગામ **હાથસણી** મધ્યે **ભીમા માલા**(કાઠી જ્ઞાતિની એ અટક છે.) તથા **અમરાને** ઘેર પધાર્યા. તેણે શ્રીજીમહારાજ ને સર્વે સંઘને મિષ્ટ ભોજન જમાડ્યાં ને ઘણીક સેવા કરી. ને ત્યાંથી પ્રભાતે ચાલ્યા, તે ગામ **બંધિયા** મધ્યે નિશા નિવાસ કર્યો. ત્યાં શાહ ડોસા ને જૂઠા આદિકે શ્રીજીમહારાજને પોતાને ઘેર પધરાવીને સર્વેને મિષ્ટ ભોજન જમાડ્યાં. ને ત્યાંથી પ્રભાતે ચાલ્યા, તે ગામ **ગોંડલ** પધાર્યા. ત્યારે તે નગરના રાજા તે શ્રીજીમહારાજને સામૈયે આવ્યા. તેમાં પોતાની રાજ્યસમૃદ્ધિ જે ચતુરંગી સેના જે રથ, અસ્વાર, ગજ ને પ્યાદા અને ધ્વજા, પતાકા સહિત ને ઘણાંક વાજાં જે દુંદુભિ, ત્રાંસાં, ઢોલ ને શરણાઈ, રણશિંગી, ભૂંગળ ને ભેરી આદિક ઘણાંક વાજાં વગાડતા થકા શ્રીજીમહારાજને તે પુર પ્રત્યે પધરાવ્યા. ને ઘણાક સન્માનથી શ્રીજીમહારાજે સહિત સર્વે જનની સેવા કરી ને વિધિવત્ શ્રીજીમહારાજની પૂજા કરી.

તે પુરના સર્વે લોકને પોતાની મૂર્તિનાં દર્શન દેતા થકા ચાલ્યા, તે ગામ, પુર, ખેટ, પર્વત તેને ઉલંઘન કરતા ગામ **માણાવદર** મધ્યે ભટ્ટ મયારામ તથા ગોવિંદરામના ઘર પ્રત્યે પધાર્યા. ને તે સર્વે હરિજને ઘણુંક રાજી થઈને શ્રીજીમહારાજે સહિત સર્વે જનને જમાડ્યા. ને તે નિશા ત્યાં રહીને પ્રભાતે ચાલ્યા, તે ગામ **પંચાળા**ને સમીપે ગયા. ત્યારે ત્યાંના નરેશ હેમંતસિંહજીએ ઘણાક અશ્વ ને પ્યાદા સહિત સામૈયું

કર્યું. ને તેમાં ઢોલ, નગારાં, ત્રાંસાં, શરણાઈ, ભૂંગળ ને ભેરી આદિક ઘણાંક વાજાં વાગતાં હતાં, ને ધ્વજા-પતાકાઓ ફરકતી હતી, ને ઘણીક બાઈઓ જે મંગળ ગીતને ગાતી હતી, ને ઘણાક ભૂસુર તે વેદ ને શાસ્ત્રના શબ્દ ને સ્વસ્તિવાચનને ભણતા હતા, ને ઘણાક માગધ ને બંદીજન સ્તુતિ કરતા હતા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'ઝીણાભાઈની પ્રાર્થનાથી ફૂલદોલોત્સવ કરવા શ્રીહરિ લોયાથી પંચાળા પધાર્યા' એ નામે સત્તાવનમું પ્રકરણ ॥૫૭॥



પ્રકરણ - ૫૮

પંચાળા ફૂલદોલોત્સવમાં દેશોદેશથી સંતો-ભક્તો આવ્યા

હવે શ્રીજીમહારાજની તે સમાની મૂર્તિએ વસ્ત્ર પહેર્યાં હતાં, તે લખું છું. કિનખાપનો સુરવાળ હીરની નાડીએ સહિત પહેર્યો હતો. ને કિનખાપની ડગલી ને મસ્તકે કસુંબી જરિયાની રેંટો બાંધ્યો હતો. ને કટી ઉપર એક નીલું શેલું ચોગઠ પાડીને બાંધ્યું હતું. ને એક શેલું આસમાની રંગે રંગેલું ખંભે ડાબી કોરે નાંખ્યું હતું. ને એક રૂમાલ પોતાના હાથ મધ્યે હતો. ને હવે હેમના અલંકારને લખું છું. ઉરને વિશે ઊતરી, હેમના દોરા ને સત્ય મોતીના હાર; કર મધ્યે હેમનાં વાઘમોરાં કડાં, બાજુબંધ ને વેઢ-વીંટીઓ; ને મલ્લિકા ને થલકમલાદિક સુમનના હાર ને તોરા આદિક સર્વે જે શોભા તેને શોભાડતા થકા ઘણાક જને વીંટાણા થકા પંચાળાના આથમણે દરવાજેથી તે ગામ મધ્યે પધારીને હેમંતસિંહજીના દરબાર મધ્યે ઉતારો કર્યો.

પછી શ્રીજીમહારાજ સ્નાન કરીને જમવા પધાર્યા. તે સુંદર ભોજન જે લેહ્ય, ચોસ્ય, ભક્ષ્ય ને ભોજ્યાદિકને જમતા થકા જળ પીતા જાય છે. ને પોતાનો ડાબો ભુજ પોતાના ઉદર ઉપર ફેરવવાનો છે સ્વભાવ જેને, એવા જે શ્રીજીમહારાજ તે જમી રહ્યા પછી, તે નરેશે મહારાજની ષોડશ પ્રકારે વિધિવત્ પૂજા કરી. પછી સર્વે જનને જમાડતા થકા હરિજને સહિત બિરાજમાન છે.

સર્વે સંતજનને મહારાજે એમ આજ્ઞા કરી હતી જે, 'હુતાશની આડા પાંચ દિવસ હોય ત્યારે તમે ત્યાં(પંચાળા) આવજો.' પરંતુ સંતજન તો પંદર-વીસ દિન મોરેથી આવીને તે ગામની આસપાસ સર્વે હરિભક્તના ગામમાં ઊતર્યા હતા. તે સર્વે હરિભક્તે શ્રીજીમહારાજ પાસે આવીને સંતોના 'નારાયણ' કહ્યા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમારા ગામ મધ્યે કેટલા હરિજન છો ?" ત્યારે તેણે એમ કહ્યું જે, "બે, ચાર કે પાંચ છીએ." ત્યારે શ્રીજીમહારાજ કહે, "કેટલા સંત તમારા ગામ મધ્યે મેમાન છે ?" ત્યારે તેણે એમ કહ્યું જે, "પચાસથી સાઠને આસરે હશે." ત્યારે મહારાજે તેને કહ્યું જે, "ભિક્ષાનું કેમ કરે છે ?" તેણે કહ્યું જે, "હે મહારાજ ! ગામ મધ્યે ઝોળી ફેરવતાં જેને ન્યૂન રહે, તેને અમે આપીએ છીએ."

તેમ સર્વે સત્સંગીના ગામોગામેથી સંતની આવી ખબર આવી, તે સાંભળીને શ્રીજીમહારાજ કહે, "અરે રામ રામ ! આ સર્વે ગરીબ હરિજનના ઘરમાં જે દાણા હશે તે સંત ખાઈ જાશે. ત્યારે તેનાં છોકરા ભૂખે મરશે, ને તે શું ખાશે ? તે સારુ અમારું વચન લોપીને આવ્યા જે સંત તેમને એમ કહો જે, તમારે સમૈયા મધ્યે આવવું નહીં ને પાછાં કાઠિયાવાડે તથા સૂજે તે દેશે જાઓ. તેવો દંડ તમને છે." એમ શ્રીજીમહારાજ તે સમે બોલ્યા.

ત્યારે હેમંતસિંહજીએ કહ્યું જે, "હે મહારાજ ! સંતજન જ્યારે નો આવે ત્યારે સમૈયો શેનો કહેવાય ? ને ગૃહસ્થોને ભગવાનના ઘરની

કથાવાર્તા કોણ કરી દેખાડે ? તે સારુ હે કૃપાનાથ ! તમારા પ્રતાપે મારા ઘરને વિશે ઘણુંક અન્ન-ધન છે, તેથી સુખેથી તેડાવો. ને વળી તમે ને તમારા જે સંત-મહત્પુરુષ એવા મારે ઘેર મેમાન ક્યાંથી ! ને ધન્ય મારાં ભાગ્ય ! ને મારે તો તમે આવે સોનાનો સૂર્ય ઊગે છે ! ને અહો અહો ઈતિ આશ્ચર્યે બત ઈતિ હર્ષે."

તે સમે હેમંતસિંહજીનાં હિંમતે સહિત વચન સાંભળીને સર્વે લોકના વૈભવના સ્વામી તે અતિ રાજી થયા. ને સર્વે સંતમંડળને અશ્વાર મેલીને મહોત્સવ ઉપર તેડાવ્યાં. ને શ્રીજીમહારાજના હુકમેથી સર્વે સંતનાં મંડળ તે પંચાળે શ્રીજીમહારાજ બિરાજે છે, ત્યાં આવે છે. તે ગામ અતિ ઊંચું ને ચઢિયાતું છે. તે શ્રીજીમહારાજ પોતાના ઢોલિયા ઉપર ઊભા થઈને જોતા હવા.

❁ શ્રીહરિએ કહેલો સંતોનો મહિમા

તે સમે ગામને સામા સર્વે સંતનાં મંડળ ચારે દિશાથી આવે છે. એક એક જોજન દૂરથી દેખાતા એવા તે સંતમંડળને શ્રીજીમહારાજ કૃપાની દૃષ્ટિએથી જોઈને સર્વે હરિજન પ્રત્યે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "અહો અહો ! આ સંતજનને જુઓ તો ખરા ! આ પૃથ્વી ઉપર આવીને તપોધન એવા ને વળી ધન-સ્ત્રીરૂપી બંધનના મોટા દોરને તોડીને અને વળી અજિત એવા જે પોતાના મનરૂપી ગયંદ(મોટો હાથી) તેને વશ કર્યા થકા કેવા શોભે છે ! ને વળી પોતાનાં માથાં ઉપર ફાટેલ ગોદરિયું ઓઢી છે, તે મધ્યેથી તેજની કિરણો છૂટે છે, તેમ જણાય છે."

અને તે સમે સર્વે હરિભક્ત પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "આ સંત કેવા છે ? તો ભવરૂપી જે મોટો દરિયો તેને તારવાના વહાણ જેવા છે. ને અંત સમય જે અતિ કઠિન વેળા તેના તો વિમાન તુલ્ય છે. ને જે જન તેનાં વચન માને તે જનને નિશ્ચે તારે એવા આ સંતજન

જ છે.” એમ તે સમે સર્વે હરિજન પ્રત્યે શ્રીજીમહારાજે શ્રીમુખવચને વાત કરી હતી. તે સમે શાસ્ત્રી લક્ષ્મીરામ તે સભા મધ્યે હતો, તે સંત ને હરિજનની કૃપાથી લખ્યું છે.

❖ પંચાળા ફૂલદોલોત્સવમાં સંતો માટે પર્ણકુટીઓ બનાવી

હવે તે ગામ પ્રત્યે ભિન્ન ભિન્ન સાધુનાં મંડળ આવતાં જાય છે, તેમ તેમ અતિ રાજી થયા થકા શ્રીજીમહારાજે હેમંતસિંહજીને કહ્યું જે, “આ સર્વે સંતજન આવ્યા, તેમના ઉતારા ક્યાં કરાવશો ? કેમ જે, તમારા ગામ મધ્યે નહીં માય.” ત્યારે હેમંતસિંહજી કહે, “હે મહારાજ ! આપણા ગામ બાહેર સમથલ ભૂમિ જોઈને ત્યાં મંડપ કરાવશું.” પછી શ્રીજીમહારાજે સહિત સર્વે જન ચાલ્યા, તે ગામથી આથમણી કોરે સમીપે અતિ ઊંચી ને સમ કહેતાં સરખી ભૂમી જોઈને ત્યાં પર્ણકુટીઓના મંડપ કરવાની શ્રીજીમહારાજે આજ્ઞા કરી.

તે સમે ઘણાંક સાગ આદિકનાં લાકડાં લાવીને ઘણાક કડબ તથા મોટા તૃણેથી બે પડાળિયાં છૂટા મંડપ કરાવ્યા. તે સ્થળ ને મંડપ જોઈ શ્રીજીમહારાજ તે સમે આમ બોલ્યા જે, “આ સ્થળને વિશે કોક દિવસને સમે શ્રીકૃષ્ણ જાણે રુક્મિણીને હરણ કરીને આ સ્થળને વિશે પરણ્યા હોય ને શું ! તેવું આ સ્થળ અમને જણાય છે.” ત્યારે હેમંતસિંહજીએ કહ્યું જે, “હે મહારાજ ! આ માધવપુર સમીપે જ એક જોજન છેટું છે ને તેને સમીપે મહેરામણ(સમુદ્ર) છે.

માધવપુરનો માંડવો ને આવે જાદવકુળની જાન;
પરણે તે રાણી રુક્મિણી વર વાંછિત શ્રીભગવાન.

તેમ શાસ્ત્ર મધ્યે વાત છે, તે જ આ સ્થળ છે.” એમ કહી તે સર્વે સંતોના ઉતારા કરાવ્યા. પછી શ્રીજીમહારાજ ગામ મધ્યે પધારીને પોતાનો થાળ થયો હતો, તે લેહ્ય, ચોસ્ય, ભક્ષ્ય ને ભોજ્ય ભોજનને જમતા

હવા. ને પોતે જમીને સંતજનની પંક્તિઓ કરાવી પોતે જ પીરસીને જમાડતા થકા બેઠા. ત્યારે હેમંતસિંહ ને તેના અનુજ ગગાભાઈએ ચંદન ને પુષ્પાદિક, વસન ને હેમના અલંકાર ને સત્ય મોતીના હાર-તોરા ને બાજુ ને સર્વે પોષાકથી શ્રીજીમહારાજની ષોડશ પ્રકારે વિધિવત્ પૂજા કરી હતી, તેને શોભાડતા થકા બિરાજે છે.

ને એટલાક મધ્યે ખબર આવી જે, ‘કાઠિયાવાડ, ગુર્જર દેશ, સુરત, નિમાડ દેશ, ખાનદેશ, બુંદેલખંડ, સૌભીર દેશ, વાગડ, કચ્છ, હાલાર ને ભાલ દેશ આદિકના ઘણાક સંઘના ઘણાંક હરિજન બાઈઓ-ભાઈઓ તે અગણિત જન આવે છે.’ તેવા સમાચાર સાંભળીને શ્રીજીમહારાજે કહ્યું જે, “આપણે સર્વે સંઘ સામા જાવું.” પછી ભક્ત નાજા તથા હેમંતસિંહ આદિકની ઘણીક અશ્વારીએ સાબદાઈ કરી. ને તે સર્વે અશ્વારી તેણે વીંટાણા થકા ચાલ્યા. તે સમાની શ્રીજીમહારાજની મૂર્તિ જેમ દીઠી હતી, તે સંત ને હરિજનની કૃપાથી હું શાસ્ત્રી લક્ષ્મીરામ તે લખું છું.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે ‘પંચાળા ફૂલદોલોત્સવમાં દેશોદેશથી સંતોભક્તો આવ્યા’ એ નામે અઠ્ઠાવનમું પ્રકરણ ॥૫૮॥



પ્રકરણ - ૫૯

શ્રીહરિએ પંચાળામાં અદ્‌ભુત રંગોત્સવ તથા રાસોત્સવ કર્યો

કિનખાપનો સુરવાળ ને કિનખાપની ડગલી ને માથે કસુંબી રેંટો જરિયાની બાંધ્યો હતો. ને એક અસ્માની રંગને ફેંટે કરીને બોકાની બાંધી હતી. ને કટી ઉપર એક શેલું બાંધ્યું હતું ને એક નીલું શેલું ખંભે ધાર્યું હતું. ને હવે હેમનાં અલંકાર લખું છું. ઉર મધ્યે ઊતરી, હેમના દોરા ને સત્ય મોતીના હાર; ને કર મધ્યે કનકનાં વાંકડાં વાઘમોરાં કડાં, બાજુબંધ, પોંચીઓ, વેઢ ને વીંટીઓમાં હીરા પિરોજા નંગ જડ્યાં છે ને ચૂનીઓ(પહેલદાર નંગ), તેણે કરીને ઝળકાયમાન થકા, શ્રીજીમહારાજ કોટી કામદેવને લજ્જા પમાડતા થકા, સર્વે સંઘના જનની સમીપે પહોંચતા હવા.

તે સમે સર્વે જન તે મહારાજને જોઈને 'અહો ! અહો !' કરીને દંડવત કરી નમતા હતા. તે સર્વે જનને શ્રીજીમહારાજ સ્વાગત પૂછતા હવા. ને સર્વે હરિજન શ્રીજીમહારાજને પગે લાગીને ચાલ્યા, તે ગાજતેવાજતે ગામ પંચાળા મધ્યે આવ્યા. તે સર્વે જનના ભિન્ન ભિન્ન ઉતારા કરાવ્યા. તે દિવસ **ફાગણ સુદિ ચૌદસ હતી. સંવત્ ૧૮૭૭** ના ફાગણે સર્વે સંઘ આવ્યા હતા. તે સર્વે જને શ્રીજીમહારાજની વસ્ત્ર, અલંકાર ને ચંદન ને પુષ્પના હારથી પૂજા કરી. અને ફળ ને મિઠાઈ ને મેવા ને નાલિકેર ને મુખવાસ જે પુંગીફળ, એલચી, તજ ને લવિંગ આદિક લાવ્યા હતા ને ઘણાક જન રૂપમુદ્રિકાદિક લાવ્યા હતા, તેની ભેટ કરી.

અને તે ગામમાં સંતજને જ્યાં મંડપ કર્યા છે, તે ઠેકાણે શ્રીજીમહારાજને બેસવાનો એક સુંદર મંચ કર્યો હતો. અને તે ઉપર કવિરાજ નિષ્કુલાનંદસ્વામીએ પલંગ બિછાવીને તે ઉપર તળાઈ, ઓછાડ, તકિયો ને ગાલમસૂરિયાં નાંખીને શોભાયમાન બનાવ્યો હતો, તે તો ન ભૂતો ન ભવિષ્યતિ.

તે સમે તે ગામ મધ્યે મનુષ્ય ન સમાયા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "ગામ બહાર સાધુઓના ઉતારા છે, ત્યાં ઘણોક માગ છે. ને વળી સમ ને શોભાયમાન તે જમીન છે ત્યાં ચાલો, સભા કરીશું." પછી ઘણાક માણસને શોભાડતા થકા શ્રીજીમહારાજ તે મંચ ઉપર બિરાજમાન થયા.

તે સમે ઘણીક દીવીઓ આવી. પછી સંધ્યા આરતી સંતજન બોલ્યા. પછી પ્રથમ શ્રીજીમહારાજ 'રામ કૃષ્ણ ગોવિંદ...' આદિક નારાયણ ધૂન બોલતા હતા, ને વાંસે સૌ ઝીલતા હતા. ધૂન કરી રહ્યા પછી સર્વે સંત ને હરિજનને નમીને 'જય સચ્ચિદાનંદ' એમ બોલ્યા. પછી જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્યાદિકની વારતા કરીને પોતે ગામ મધ્યે વાળુ કરવા પધાર્યા. ને સર્વે સંત ને હરિજન સૂઈ ગયા. અને શ્રીજીમહારાજ જમીને હેમંતસિંહના દરબારને વિશે પોતાને ઉતારે પોતાના સુખેથી સુખિયા એવા જે શ્રીજીમહારાજ તે પોઢી રહ્યા. એવી રીતે પંચાળામાં ફાગણ સુદિ ચૌદશની લીલા થઈ.

❁ પંચાળામાં રંગોત્સવ

અને પ્રભાતે **હુતાશનીની પૂર્ણમાસીના ઉત્સવનો દિન** આવ્યો. તે દિવસે શ્રીજીમહારાજે વહેલા ઊઠીને દંતધાવન, સ્નાન આદિક વિધિ ને પૂજાવિધિ આદિક કરી. અને પોતે વસંતી વસ્ત્ર પહેરીને સંત-હરિજનની મોટી સભા મધ્યે બિરાજ્યા. તે સમાને વિશે ભાઈ રામપ્રતાપજી મહારાજ અતિ પ્રેમવશ થકા પોતાના હાથને વિશે અતિ મોટો ધૂફ તેને વગાડતા હવા. અને પોતાની ભેગા ઘણાક જન હિંદુસ્તાની ને બુંદેલખંડી હતા, તે ગાનતાન મધ્યે અતિ ડાહ્યા ને નૃત્યકલાના જાણનારા હતા. તે તેના હાથમાં વીણા, જંત્ર, ઝાંઝ, મૃદંગ, બાંસુરી ને કરતાલ આદિકને વગાડતા હવા. ને પગ મધ્યે નેપુર જે ઘૂઘરા તે બાંધ્યા હતા. અને આ હોરી બોલતા હતા. પ્રથમ રામપ્રતાપજી બોલ્યા જે,

હોરી ખેલે કનૈયા મેરો, અબ કેસે દેખન જાઉં દૈયા[1];
આરી ભીંજ ગઈ સારી ભીંજ ગઈ, ઓર ભીંજી પીરી પાંબરિયાં.
ઈસ લગૂરકો કાસે ભીંજત, ઓઢ લઈ હે કારી બરિયાં;
હોરી ખેલે કનૈયા મેરો, અબ કૈસે દેખન જાઉં રે દૈયા.

એ આદિક ઘણીક હોરીઓ ગાય છે ને ઉચ્છવ થાય છે. તે સમામાં શ્રીજીમહારાજ ઝીણાભાઈના દરબારને વિશે વેદિકા ઉપર ઘણાક હરિજને વીંટાણા થકા બિરાજે છે. એટલાક મધ્યે સર્વે સંતજને હાથ મધ્યે રંગની ભરેલી પિચકારીઓ લઈને મહારાજ સામી તાકી. ત્યારે મહારાજે એમ કહ્યું જે, "હાં હાં ! કોઈ અમારી ઉપર પિચકારીઓ નાંખશો નહીં." તેવું વચન શ્રીજીમહારાજે કહ્યું, પણ તેણે માન્યું નહીં. ને એક પિચકારી છૂટી તેમ સર્વે સંતની પિચકારીઓ છૂટવા લાગી.

તે જોઈને શ્રીજીમહારાજ સભા મધ્યેથી ઊઠીને ખસવા ગયા. ત્યારે નિત્યાનંદસ્વામીએ મહારાજના ભુજ ઝાલીને ઊભા રાખ્યા. ને પછી સંત નિર્ગુણાનંદજીના હાથ મધ્યે રંગનો ભરેલો એક કળશ હતો, તે રંગ કિંચિત્ ઉષ્ણ હતો, તે મહારાજ ઉપર રેડ્યો. તે શ્રીજીમહારાજ અતિ કોમળ તને, તેથી ખીજીને રંગના ભીંજાયેલા થકા પોતે પોતાના ઉતારા ઉપર ગયા ને રીસને જણાવતા થકા પોતાના ઉતારાના કપાટની જંત્રિકાને(સાંકળને) દઈને થોડાક પોતાના એકાંતિક જને વીંટાણા થકા મૌનવ્રત લઈને બેસતા હવા.

તે સમે મુનીન્દ્ર એવા જે મુક્તાનંદસ્વામીએ તે સર્વે સંતને સંતની રીતે વઢીને કહ્યું જે, "હે સંતો ! તમે મહારાજનું વચન લોપીને પિચકારીઓ નાંખી ને વળી ઊનો રંગનો કળશ ઢોળ્યો, તે સુકોમલ ને વળી આપણા ઈષ્ટદેવ ને ભજવા જોગ્ય ને આપણ સર્વે સંત ને હરિજનની જીવનદોરી તેને તમે દુખવ્યા, તે હવે કેની સાથે રમશો ?

[1] .મા

તે કહો.” ત્યારે સંત સર્વેએ એમ કહ્યું જે, “હે સ્વામી ! એ તો મોટી ખોટ કહેવાય.” તેમ કહીને તે સમે સર્વે સંત પોતાને ઉતારે ગયા. અને વચન લોપ્યાથી રસભંગ થયા થકા પોતાને ઉતારે બેઠા.

ત્યાર પછી હેમંતસિંહજી શ્રીજીમહારાજ પાસે જઈને હાથ જોડીને વિનય કરીને બોલ્યા જે, “હે મહારાજ ! આજ તો ઉચ્છવનો દિવસ છે ને મારો શો અપરાધ હશે, જે મહારાજ ઉદાસી થઈને બેઠા છો ?” ત્યારે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, “તમે સર્વેએ એક અમને જ માન્યા છે(નિશાન બનાવ્યા છે), જે અમ ઉપર ઊનો રંગ ને ઘણીક પિચકારીઓ નાંખીને અમને મૂંઝવ્યા, તેથી અમને ઘણુંક વસમું લાગ્યું. કેમ જે, અમે પણ મનુષ્યાકૃતિને ધારી છે. તેથી અમને પણ દુઃખ થાય ખરું.”

ત્યારે હેમંતસિંહજી ને સોમલા ખાચર આદિક કાઠી એમ બોલ્યા જે, “હે મહારાજ ! કોઈ સંત કે હરિજન તમ ઉપર રંગ કે પિચકારી ન નાંખે તે વાતના અમે જામીન છીએ.” ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “તમે કાઠી લોકનો વિશ્વાસ નહીં.” ત્યારે હેમંતસિંહ આદિક સર્વે ગરાસિયા કહે, “હે મહારાજ ! અમે જમાન થઈએ, ને તમો ઉપર કોઈ રંગ પિચકારી નહીં નાંખે .”

તેમ કહ્યાથી ઘોડી ઉપર બેસીને કેસરના રંગેથી ભીંજ્યાં છે વસન જેનાં, એવા જે શ્રીજીમહારાજ તે ઘણાક હરિજને વીંટાણા થકા સાધુના ઉતારા પ્રત્યે આવે છે. ત્યારે મુનીન્દ્ર એવા જે મુક્તાનંદજી તે સર્વે સંતો પ્રત્યે એમ બોલ્યા જે, “ખબરદાર ! કોઈ જન મહારાજ ઉપર રંગની પિચકારી નાંખશો નહીં. ને સહુ સંત બેસી રહેજો ને હાથ જોડીને નમજો. કેમ જે, જેમ મહારાજ રાજી થાય તેમ જ કરવું છે.”

શ્રીજીમહારાજ તે સ્થળને વિશે પધાર્યા અને સર્વે સંતમંડળ સામું જોઈને મર્મ વચન બોલી કરડી મૂર્તિને દેખાડતા હવા. ને સર્વે હરિજનની સભા સામું જોઈને મંદમંદ હસતા થકા પોતે મંચ ઉપર બિરાજીને તે સમે

મુનીન્દ્ર મુક્તાનંદસ્વામીને બોલાવીને એમ કહ્યું જે, "આપણા સાધુને રંગની પિચકારીની રમત કરવી નહીં, એવી અમારી આજ્ઞા છે." ત્યારે સ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! તથાસ્તુ."

પછી શ્રીજીમહારાજે આનંદસ્વામીને બોલાવીને એમ કહ્યું જે, "તમે રંગનાં પાત્ર લઈને અમારી પાસે આ મંચ ઉપર આવો." તે આવ્યા ત્યારે તે સમે શ્રીજીમહારાજ એક મોટી ત્રાંબાકુંડી મધ્યે રંગ ભરાવતા જાય અને પોતાના હાથ મધ્યે એક રૂપાની ત્રાંસળી લઈને સર્વે હરિજન ભાઈઓને બોલાવીને ઘણીક મોટી સભા હરિભક્તની તે ઉપર શ્રીજીમહારાજ અતિ રાજી થકા રંગથી અમૃતની ઝડી કરતા હવા, જે લખચોરાશીરૂપી જે જનમમરણ તેથી ઉગારીને પોતાના જનને અમર કરીને સુખને આપતા હવા.

પછી મોટા હોજ કરાવી રાખ્યા હતા, તે મધ્યે જળ ભર્યાં હતાં. ત્યારે સર્વે હરિજને મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! આ સર્વે સંતજનને રમ્યાની આજ્ઞા કરો." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "પાણીનો હોજ ભર્યો છે, તેથી સંત સુખેથી રમે. ને અમે તો રંગે રમ્યાની ના પાડી છે, પણ પાણીની રમતની તો છૂટી છે. તેથી અર્ધોઅરધ સંતના જૂથ કરો. તેના બે મોટેરા સેનાપતિ કરો. એક કોરે નિત્યાનંદસ્વામીનું મંડળ રહો ને એક કોરે બ્રહ્માનંદસ્વામીની સેના રહો. એમ અરસપરસ સેનાએ સહિત સેનાપતિ જળેથી પિચકારીની રમત બેઉ સેના માંહોમાંહી કરો. દેખીએ, કોણ હારે છે ને કોણ જીતે છે ? અમે ને આ સર્વે હરિજન તે તો સાક્ષીરૂપે દેખશું ખરા. ને જે હારશે ને જીતશે તેને અમે કહી દેખાડશું."

તે સમે બુદ્ધિની સીમા ને સર્વે ભૂતપ્રાણીમાત્રને નિયમ મધ્યે રાખવા તેની પણ સીમા, એવા મહારાજે સર્વે વાજાંવાળાને એમ કહ્યું જે, "સર્વે જે વાજાં ઝુંઝાઉ તે જેમ સર્વે સંતોને શૂરાતન ચડે

તેમ સિંધુડા મધ્યે વગાડો." તેમ કહ્યાથી ત્રાંસાં, ઢોલ, મૂરફાની ઠોર, તીખી શરણાઈઓ, ભૂંગળાં, ભેરીઓ, રણશિંગીઓ, ડફ, તૂરઈયું, દુંદુભી, રવાજ ને કાંસિયાં આદિક વગાડતા હતા. ને નાગાજણ આદિક માગધજન ને બંદીજન તે સિંધુ ને મારુ રાગને ગાતા હતા. તે સમે શ્રીજીમહારાજના દર્શને વિબુધના ગણે સહિત ઈન્દ્ર આદિક વિમાને ચડીને આવ્યા હતા. તે સર્વે જન તે સંતજનની રમતને જોતા થકા તે સંતજનનાં દર્શન કરતા હતા.

પછી શ્રીજીમહારાજનો હુકમ લઈને સર્વે સંતજને રમવા માંડ્યું. તે એકબીજા બરોબરિયા સામસામી પિચકારીઓને નાંખવા માંડ્યા. ને મુખેથી 'હોરી..હોરી..હોરી હે, કનૈયા હોરી હે' એવા શબ્દને બોલે છે ને તેમ રમતા હવા. તે સમે શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામીને બોલાવીને પોતા પાસે મંચને ઉપર બેસાડ્યા. ને તે સમે મહારાજ તે સંતની રમતને જોતા થકા મંદમંદ હસતા થકા બોલ્યા જે, "હે સ્વામિન્ ! સંતજન માંહોમાંહી ઠીક લડાઈને કરે છે. અને એકબીજાના મમતેથી દેખો તો ખરા, કુટાઈ મરે છે. આને કાંઈયે લેવા દેવા છે ? ને મમતે બંધાણાં, તેથી લડે છે, તો દેવ, દાનવ ને માનવ લડે તેમાં શું કહેવું !" ને તે સમે જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્યાદિકની ઘણીક વાર્તા કરતાં થકાં જુએ છે અર્થાત્ પરિક્ષા કરતા હતા.

અને પાણીની પખાલું આવે છે તથા ગાડાં ઉપર મોટાં માટલાં આવે છે, તેને સંતજન એકબીજા પાસેથી ઝૂંટી જાતા હવા. તેમ કરતાં હોજ મધ્યે પાણી ખૂટી ગયું. ત્યારે એકબીજા સામસામા કર્દમના(કાદવના) પિંડિયાં(પિંડા-ગોળા) લઈ લઈને એકબીજાને મારતા હવા. તે ઢીલો ગારો ને વળી ધોળો, તેણે કરીને ભયાનક લાગતાં હવાં.

તેને જોઈને શ્રીજીમહારાજ અતિ હાસ્યને કરતા હવા. ત્યારે મુનીન્દ્ર એવા જે મુક્તાનંદસ્વામી તે પોતાના બે હાથ જોડીને બોલ્યા

જે, "હે મહારાજ ! હવે તો સંતને વારીએ તો ઠીક છે. નહિ તો મમતે બંધાણા છે, તે નહિ આળશે." ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "હે સ્વામી ! તમે હેઠા ઊતરીને સર્વેને વારી રમત બંધ કરાવો."

❉ રામાનંદસ્વામીએ પંચાળામાં મઘરીઓનો ત્રાસ મટાડ્યો

પછી સ્વામીના કહ્યાથી રમત બંધ કરીને શ્રીજીમહારાજે સહિત સંત-હરિજન સાંબળી નદી મધ્યે નાહવા પધાર્યા. તે નદી મધ્યે ઘણીક મઘરીઓ હતી. તેને જોઈને શ્રીજીમહારાજે સર્વે જન પ્રત્યે કહ્યું જે, "કોઈ આઘા જાશો નહિ, નહિ તો તે મઘરીઓ લઈ જાશે." ત્યારે ત્યાંના **જૂના અતિ વૃદ્ધ એક વણિક** (જીવરાજભાઈ) **સો વરસના** હતા. તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! આ ગામના થડમાં(પાસે) મગરીઓ ઘણીક રહેતી. તે માણસને લઈ જાતી તથા હરેક પશુને તાણી જાતી. એક દિવસને સમે શ્રીરામાનંદસ્વામી આવ્યા. ત્યારે ઝીણાભાઈના પિતા જે મનુભાઈ તેણે હાથ જોડીને સ્વામીને કહ્યું જે, 'હે સમર્થ ! હે મહત્પુરુષ ! હા ! ઈતિ કષ્ટે મારા ગામના મનુષ્યને મઘરીઓ તાણી જાય છે, તેથી મારું ગામ ઉજ્જડ થાશે. તેથી તમે મારા ઉપર મહેર કરો, તેથી મઘરીઓ ગામથી છેટે જાય ને ગામના થડ મધ્યે રહે નહીં.'

तारेरामानंदस्वामीयेकयूंतारागांम
थीषेटेजासेएमअमारुंवचनछेनेतेणेकंयूजेहेमहाराज
एकबीजूंतमारेपासेहूंवचनमागूंछूंजेमोरेपूत्रनथीते
आपोतारेतेसमेश्रीरामानंदस्वामीयेकयूंजेतथास्तूंत
मारोपूत्रतेजश्वीनेभगवांननोभक्तन्रिरोमणीथासेनेतारा
गांमनेमध्येएकदीवसनेसमेसर्वेअवतारनाकारणएवा
जेश्रीपूरुषोत्तमनारायणतेपोतानासंतनेहरीजनसहीत
आवसेनेमोटोमहोछवथासे

ત્યારે રામાનંદસ્વામીએ કહ્યું, 'તારા ગામથી છેટે જાશે, એમ અમારું વચન છે.' (પછી) તેણે કહ્યું જે, 'હે મહારાજ ! એક બીજું તમારી પાસે હું વચન માંગું છું જે, મારે પુત્ર નથી તે આપો.' ત્યારે તે સમે શ્રીરામાનંદસ્વામીએ કહ્યું જે, 'તથાસ્તુ. તમારો પુત્ર તેજસ્વી ને ભગવાનનો ભક્ત શિરોમણિ થાશે. ને તારા ગામને મધ્યે એક દિવસને સમે સર્વે અવતારના કારણ એવા જે શ્રીપુરુષોત્તમ નારાયણ તે પોતાના સંત ને હરિજન સહિત આવશે ને મોટો મહોચ્છવ થાશે."

'તે મોરની વાત હતી' તેમ ભક્ત જીવરાજે શ્રીજીમહારાજ પ્રત્યે (નાહીને ચાલ્યા ત્યારે) વાટ મધ્યે કહ્યું, ત્યારે ભટ્ટ મયારામે કહ્યું જે, "હે મહારાજ ! તે વારતા સત્ય છે." ત્યારે શ્રીજીમહારાજે સર્વે જન પ્રત્યે કહ્યું જે, "આ વાત સત્ય છે. જેમ રામાનંદસ્વામીએ કહ્યું હતું, તેમ જ થયું." તેમ કરતાં પંચાળા મધ્યે પોતાના ઉતારે આવીને પોઢી ગયા.

અને દિવસ મધ્યાન ઉપર થયા ત્યારે સંતને માંહોમાંહી 'વાસુદેવ હરે...' થયા, તેમ થવાથી સર્વે સંતજન પોતાનાં પાત્ર લઈને જમવાને આવ્યા. ત્યારે તે સમે વર્ણીન્દ્ર મુકુંદ બ્રહ્મચારીએ કહ્યું જે, "શ્રીજીમહારાજ તો જમ્યા નથી ને પોઢી રહ્યા છે, ને તમે કેના કહ્યાથી પાત્ર લઈને આવ્યા છો ?" તેમ કહ્યાથી સંતજન પાછા પોતાને ઉતારે ગયા. ને એટલાક મધ્યે પોતાની ઈચ્છાથી શ્રીજીમહારાજ જાગીને સ્નાનવિધિ કરીને શુદ્ધ વસ્ત્ર પહેરીને પોતે જમવા બેઠા. ત્યારે બ્રહ્મચારીએ એમ કહ્યું જે, "હે કૃપાનાથ ! સંત સર્વે આવ્યા હતા. તે તમે નો'તા જમ્યા તેથી સંત સર્વે પાછા પોતાને ઉતારે ગયા. ત્યારે તે સમે શ્રીજીમહારાજ 'રામ..રામ..' શબ્દને બોલતા થકા સંતને તેડાવીને પોતે જમવા બેઠા.

તે સમે થાળ મધ્યે જે ભોજન હતાં, તેનાં નામ લખું છું. દૂધપાક મધ્યે સાકર, ઘી, પૂરી ને ઘણાંક શાકના કટોરા, જલેબી, મોતીચૂરના મોદક, ગળ્યા-મોળા સાટા, ઘેબર, બરફી, પેંડા, ગણગણ, ગુંદવડાં,

સક્કરપારા ને સૂતરફેણી આદિકને જમતા હવા. એટલાક મધ્યે સર્વે સંતે આવીને પંક્તિઓ કરી. અને શ્રીજીમહારાજ જમીને ચળુ કરીને મુખવાસ જે વાંકડી સોપારીનો ચૂરો ને તજ ને એલાયચી ને લવિંગ આદિક જમ્યા. તે દિવસે હેમંતસિંહ નરેશની રસોઈ હતી. તેમણે ભારે વસ્ત્ર ને હેમના ને પુષ્પના અલંકાર ને કેસર-ચંદનાદિકે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી હતી.

તે શોભાને શોભાડતા થકા સંતની પંક્તિઓને વિશે પીરસવા સારુ પધાર્યા. સંતે મોતૈયા લાડુના મોટાં મોટાં ત્રાંસડાં ને છાબુ ભરીને તે ત્રાંસડાં ને છાબુ પકડ્યાં. ને તે મધ્યેથી મોદક લઈને શ્રીજીમહારાજે સર્વે સંતને ઘણીક વાર પીરસીને જમાડ્યા. તે દિવસે રંગ ફૂલડોલનો ઉત્સવ હતો. તેથી પડવાની રમતનો ઘણો દાખડો થયો હોવાથી ખૂબ જમ્યા. તે બે દિવસની રસોઈનો સામાન હતો, તે સમે સંતે એક દિવસે પાર કર્યો.

તે જોઈને શ્રીજીમહારાજ મંદમંદ હસતા થકા મોટા સંત બ્રહ્માનંદસ્વામી પ્રત્યે કહ્યું જે, “હે સ્વામી ! બે દિવસનો સામાન તે તો એક દિવસે પાર થયો.” ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, “હે મહારાજ ! અમારા દાખડા તો જુઓ, તે દાખડા તો તમે જાણો ને કાં અમે જાણીએ છીએ.” પછી જમીને સર્વે સંતમંડળ પોતાને ઉતારે ગયા.

અને શ્રીજીમહારાજે પોઢીને ઊઠીને સ્નાનવિધિ કરી. કસુંબી વસન પહેરીને સંતની સભા મધ્યે પધાર્યા ને સંધ્યા આરતી કરીને પોતે મંચ ઉપર બિરાજતા થકા સર્વેને મોરે ઘેરે શબ્દેથી ‘રામકૃષ્ણ ગોવિંદ...’ આદિક નારાયણ ધૂન બોલે ને વાંસે સૌ ઝીલે, એમ ધૂન કરી. એવી રીતે હુતાશણીના દિવસની લીલા સમાપ્ત.

❁ પંચાળામાં દિવ્ય મહારાસોત્સવ

હવે શ્રીજીમહારાજે પૂનમની રાતે સંતો ભેગા પોતે હલીસ રાગનાં ગીત ગવરાવ્યાં અને તેના ભેગા પોતે રાસમંડળ કરીને ગાતા હવા. તે

રાસમંડળ ભેગો હું શાસ્ત્રી લક્ષ્મીરામ હતો. તેથી સંત ને હરિજનની કૃપાથી લખું છું.

તે સમે રાત્રી આસરે પાંચ-છો ઘટી ગઈ હતી. તે સમે શ્રીજીમહારાજે સર્વે સંતોને આજ્ઞા કરી જે, "તમે સર્વે મંડળ ફરી ફરીને હીંચમાં ભગવાનનાં સારાં સારાં કીર્તન બોલો, તેથી તમારા ઉપર અમે રાજી થાશું." તેમ કહ્યાથી સર્વે સંતજન ઉચ્છાહેથી ગાવા લાગ્યા. તે ઘણીક પખતાણની(ખુલ્લી;પહોળી) જાયગા તે મધ્યે સંતોનું મોટું મંડળ ફરી ફરીને તાનમાનથી નૃત્ય કરીને ગાવવા લાગ્યું. તેને જોઈને સર્વે લોકના સ્વામી જે શ્રીજીમહારાજ તે અતિ રાજી થકા તે મંચ ઉપરથી ઊતરીને સંતના તથા હરિજનના મંડળના વચ્ચે ગાવા લાગ્યા. તે ન ભૂતો ન ભવિષ્યતિ. તેની વિક્તિ લખું છું. તેમાં એક તો સર્વે સંતનું મોટું મંડળ ફરતું હતું અને તેના વચ્ચે મોટેરા સંત સદ્ગુરુનું મંડળ હતું, જેમાં મુક્તાનંદજી, બ્રહ્માનંદજી, નિત્યાનંદજી ને ચૈતન્યાનંદજી આદિક મોટેરા તેનું મંડળ, તે મોટા મંડળને મધ્યે ફરે છે. તેના મધ્યને વિશે સર્વે સંતના સ્વામી, સર્વે લોકના સ્વામી ને સર્વોપરી એવા જે શ્રીજીમહારાજ તે મોટેરા સંતના મંડળને વચ્ચે મધ્ય ભાગે રહ્યા ને ફરતા જાય છે, ને વળી ઘેરે સાદે ગાય છે. તે જેમ તારાના ગણને વિશે પૂર્ણમાસીનો ચંદ્રમા કલંકે રહિત શોભે તેમ શોભતા હવા."

હવે તે સમાની શ્રીજીમહારાજની મૂર્તિની શોભાને લખું છું. નવલકીશોર વેશનાં વસન ને ભૂષણ, તેમાં વસન જે, રાતી કિનખાપનો સુરવાલ ને તેવી જ ડગલી પહેરી હતી; ને માથે કસુંબી રેંટો ભારે જરિયાની મોટાં છોગાં બે મેલીને બાંધ્યો હતો; ને કટી ઉપર એક રેંટેથી કમર કસી હતી; ને એક નીલું સેલું ખંભે નાંખ્યું હતું. હવે ભૂષણ જે, કરને વિશે કનકનાં વાઘમોરાં કડાં પહેર્યાં હતાં; ને હેમની ઊતરીઓ, હેમના દોરા ને સત્ય મોતીના હાર, બાજુબંધ, પોંચીઓ, વેઢ, વીંટીઓ

ને કટીમેખલા આદિક હેમના શણગાર; ને ઘણાંક પુષ્પ જે મલ્લિકાદિ ને થલકમલના હાર, તોરા, ગુચ્છ ને ગજરા આદિક ધારણ કર્યાં હતાં. તે સર્વે જે શોભા તેને શોભાડતા થકા તે સમાને વિશે શ્રીજીમહારાજ લટકાં કરીને ગાય છે. તે સમાને વિશે ઘણાક પ્રેમીજનનાં નાડીપ્રાણ તણાઈને ધારણાઓ થઈ ગઈ. તે સમે વિધુ, તારાના ગણ ને સરિતાનાં નીર તે સર્વે સ્થંભી રહ્યાં.

તે સમે દેવોએ સહિત સુરરાજ આકાશ મધ્યે વિમાને ચડીને જોવાને આવ્યા. તે સમે સંતજને ચાર પદ બોલીને કહ્યું જે, "હે મહારાજ ! ચાર પદ પૂરાં થયાં." ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "આઠ પદ ફેર બીજાં બોલો." તેમ સંતે આઠ પદ પૂરાં કરીને કહ્યું જે, "હે મહારાજ ! આઠ પદ પૂરાં થયાં." ત્યારે શ્રીજીમહારાજે તે સમે એમ કહ્યું જે, "બીજા સોળ પદને બોલો."

ત્યારે સંતજને રીસ કરી જે, "મહારાજ અડપ્યા(હઠે ભરાયા) છે, તો આપણે કીર્તનની ચોપડિયું લાવો, તે સૂર્ય ઊગે ત્યાં સુધી ગાઈને મહારાજને રાજી કરીશું." તેમ કહીને ભેટું બાંધીને હિંમત સહિત ગાવા લાગ્યા. તેમ તે સમે બ્રહ્માનંદસ્વામીએ પોતાના મનશું વિચાર્યું જે, "અતિ સુકોમળ એવા જે શ્રીજીમહારાજ તેને અતિ દાખડો પડશે. ને વળી મહારાજે વાળુ પણ નથી કર્યું. ને આ સંતજન ને મહારાજ તે તો નહિ આળશે. તેથી હે સચ્ચિદાનંદસ્વામી ! આ સમે રમત મધ્યે આપણે કાંઈક હૂલકું(ભંગાણ) પાડીએ, તો રમત આળસીને મહારાજ જમીને પોઢી રહે." ત્યારે સચ્ચિદાનંદજી કહે જે, "એ તો મારું કામ." ત્યાર પછી સંત ને હરિજનને લઈ પોતે અડધા મંડળને એમ કહ્યું જે, "તમે આ ખાખરામાં સંતાઈ રહો ને અમે તમને કહીએ જે, 'ચોર રે...ચોર રે...' ત્યારે તેમ કહ્યાથી તમે ખાખરામાં ધોડીને ખખડાવીને અમારી ભેગા થઈ જાજો." તેવી રીતે તેણે રચના કરીને બુંબવાટ કરતા હવા.

તે સમે ત્યાં ઘણાક ધનાઢ્ય એવા હરિજનના સંઘ સુરત બંદર આદિકના હતા. તેના રક્ષક એવા જે શ્રીજીમહારાજ તેમણે તે સમાને વિશે ચંચળ થકા પોતે મંચની ઉપર ચડીને જોયું. ત્યારે કપટ કરીને રમત અળસાવવી, તેવો સંતનો મત જોઈને તે સમે શ્રીજીમહારાજ બ્રહ્માનંદસ્વામી પ્રત્યે બોલ્યા જે, "ભાળ્યા, તમારા ચોર તો અમે દીઠા ! તમે અમારી રમત આળસાવી. કેમ તમને રમત ગમી નહીં ?"

ત્યારે તેમણે કહ્યું જે, "હે મહારાજ ! તમે અતિશય કોમળ છો ને હજી વાળુ નથી કર્યું, તેથી અમે રોનક કરી છે." તેમ કહ્યાથી શ્રીજીમહારાજ મંદમંદ હસતા થકા પોતાના ઘણાક જને વીંટાણા થકા પોતાને ઉતારે આવીને વાળુ કરીને પોઢી રહ્યા.

અને હવે પ્રતિદિવસે વહેલા ઊઠીને દંતધાવન આદિક ક્રિયા કરીને સ્નાનાદિક પૂજાવિધિ કરીને પોતે સભાને વિશે પધાર્યા. શ્રીજીમહારાજને જોઈને સર્વે સભાજન ઊભા થઈને નમતા હવા. પછી મહારાજ પોતે પોતાના પલંગ ઉપર બેઠા ને બોલ્યા જે, "મુક્તાનંદસ્વામી, તમે સર્વે જે ગવૈયા સંત છો તે વાજાં લઈને વસંતી પદની હોરી બોલો." પછી તે સમે વાજાંસ્વરે કરીને પ્રથમ આ ચાલને વગાડતા હવા જે, '***સ્વામિનારાયણ નારાયણ સ્વામિનારાયણ***' અને વળી બીજી ચાલ જે, '***રાધે રાધે ગોવિંદા, રાધે રાધે ગોવિંદા***, ભજ રાધે રાધે ગોવિંદા' ને ત્રીજી ચાલ જે, '***તૂઈ રામ તૂઈ તૂઈ, તૂઈ રામ તૂઈ***'. તે સમે તેવી ચાલુ વગાડાવી ને આ પદને બોલ્યા જે, '***હોરી રે આજ રંગસે ભરી હોરી રે, આજ રંગસે ભરી રે ઉમંગ સે ભરી રે હોરી.***' એ આદિક હોરીનાં પદ ઘણાંક બોલી રહ્યા.

❁ સંપ્રદાયનો વિશિષ્ટ તિલક-ચાંદલો કરવાની વિધિનો પ્રારંભ

પછી શ્રીજીમહારાજે સર્વે સંતહરિજન પ્રત્યે એમ કહ્યું જે, "આપણે તિલક કરવાં, તે સર્વે સંપ્રદાય થકી નોખાં ને કોઈનાં ભેગાં ન ભળે

તેવાં શોભાયમાન અલૌકિક કરવાં. ને તે તિલકના મધ્યે શ્રેષ્ઠ કુંકુમનો ગોળ ચાંદલો શોભાયમાન કરવો. તે લક્ષ્મીનું ચિહ્ન છે, તેથી અતિ શોભશે.” ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, “હે મહારાજ ! ધોળા ગોપીચંદનનાં તિલક કરીએ છીએ તે તો વિરૂપ લાગે છે ને બાળક બીવે તેવાં થાય છે.”

ત્યારે શ્રીજીમહારાજે તે સમે ઘણાક મલબારી સુગંધીમાન ચંદન ને ખાંડિયું ને કુંકુમની ડાબલિયું ભરી ભરીને આપી. તે ડાબલીઓ કાષ્ઠની પણ ધાતુની નહીં. તે સમે સર્વે સંતજન ચંદન ઘસી ઘસીને પાત્ર મધ્યે લાવીને શ્રીજીમહારાજને એક ચાંદલો ભાલે કરે. પછી બેઉ ચરણને પૂજીને ચંદન પ્રસાદીનું કરતા. પછી પોતાને ઉતારે જઈને પોતપોતાના ભાલ મધ્યે શોભાયમાન તિલક ચાંદલા સહિત કરીને સર્વે સંતજન ને હરિજન આવે છે.તે સમે શ્રીજીમહારાજે તેને જોતા થકા વખાણીને એમ કહ્યું જે, “**સદાયે આવાં તિલક નિરંતર કરજો.**” આમ તે સમે પંચાળા મધ્યેથી શુભ તિલકનું પ્રકરણ કરાવ્યું.



શ્રીજીમહારાજ ગુણાતીતાનંદસ્વામીને કપાળમાં તિલક-ચાંદલો કરી આપે છે.

❉ બુંદેલખંડના હરિભક્તોએ કરેલ શ્રીહરિની અદ્‌ભુત પૂજા

ને તે સમયે તે સ્થળને વિશે બુંદેલખંડના હરિજન હતા, તે શ્રીજીમહારાજની પૂજા કરવા ભેટ સામગ્રી લઈને આવ્યા. ને આવીને શ્રીજીમહારાજ પ્રત્યે કહ્યું જે, "હે મહારાજ ! અમારે તુમારી પૂજા કરની હે, તે વાસ્તે સર્વે સરંજામ લાયે હે." ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "કરો." ત્યારે તેણે કહ્યું જે, "હે મહારાજ ! અમારે તો તુમારે સર્વે શરીરે ચંદન ચર્ચવા હે."

તેમ કહ્યાથી શ્રીજીમહારાજે પોતાનાં વસન ઉતાર્યાં. અને એક શ્વેત ખેસ જરિયાની તે લાવ્યા, તેને શ્રીજીમહારાજ પહેરીને બેઠા. ત્યારે ઘણાક કેસર ને ચંદનનાં મોટાં પાત્ર ભરીને લાવ્યા હતા, તેથી શિખાથી લઈને ચરણ ને નખ પર્યંત પૂજતા હવા. પછી તેનો જમાદાર શોભાનસિંહ ને કસિયાસિંહજીએ પોતાના સર્વે મનુષ્યને વાંસેથી મહારાજની વિધિવત્ પૂજા કરી, તે લખું છું.

તે સર્વે જે ચંદન શ્રીજીમહારાજને ચરચ્યું હતું, તે ઉપર પોતાના હાથે કરીને સરખું કરીને ફેર ચંદનને ચરચીને તે મધ્યે ઓકળીઓ પાડી હતી. ને ભાલ મધ્યે કુંકુમનો મોટો ચાંદલો કર્યો હતો ને તેને મધ્યે શ્વેત અક્ષત ચોડ્યા હતા ને તે તો વિધુવત્ શોભતો હતો. ને તેમ કપોળને(લલાટને) પૂજીને મધ્યે કુંકુમના ચાંદલા કર્યા, ને તેમ કંઠ ને હૃદયનું પૂજન કર્યું, ને તેમજ બેઉ ભુજાઓનું પૂજન કર્યું, ને તેમજ ઉર(ઉદર) ને નાભીનું પૂજન કર્યું, ને તેમ કટીનું પૂજન કર્યું, ને તેમજ ઉરુ(સાથળ) ને જંઘાયુંનું(ઢીંચણનું) પૂજન કર્યું, ને તેમ બેઉ ચરણને પૂજન કર્યું. તેમ પૂજતા થકા સર્વે અંગ અંગ પ્રત્યે કેસર ને તેમ તેમ કુંકુમના ચાંદલા તે વિધિવત્ કર્યા. તે તો જાણીએ હેમનું પટ ઓઢ્યું હોય ને તેને મધ્યે જેમ લાલ હીરા જડ્યા હોય ને શું ! તેમ શ્રીજીમહારાજની મૂર્તિની શોભા બની હતી.

પછી તેણે મહારાજને વસન જે હિંદુસ્થાનના પોશાક જે ડગલી ને હિંદુસ્થાની પાઘ તે બાંધી. ને જરિયાની પગિયાં મસ્તકે ધરાવ્યાં, ને તેમ કટીપટ ને ખંભે નાંખ્યાનાં શેલાં જરિયાની આપ્યાં. ને વળી કરડી એવી એક ભારે કમાન(ધનુષ્ય) ને તૂનીર(ભાથો) મધ્યે ઘણાંક બાણ તે અતિ તીખાં ને શિલિમુખ જેવાં ને પૂંખું મધ્યે હાથીદાંતથી શોભે છે, ને વળી તેની કોરે ફરતાં સારસ વિહંગ ને બટ(બતક કે હંસને મળતું એક જાતનું હિંસક પક્ષી)પંખીઓનાં પીંછાંથી બાંધ્યાં છે. તેવાં ધનુષ્ય ને ભાથો તે શ્રીજીમહારાજને આપ્યાં.


પછી વળી શ્રીજીમહારાજને હેમનો ગંઠો(કંઠો) કંઠ મધ્યે પહેરાવ્યો. પછી તે સમે શ્રીજીમહારાજે તે અતિશય કરડી કમાન તેની ચાપ તે સહજે ચડાવી. ને તે કમાનને તાણીને તેના બેયે કોસાને(છેડાને) ભેળા કરી દેખાડીને પોતે એમ બોલ્યા જે, "આ તો અતિ કઠિન ધનુષ્ય છે." તેમ ફેર તાણીને તેનો ટંકાર કર્યો. તે સુણીને શ્રવણને વિશે ભયને ઉપજાવતા હવા. તે સમે ભાઈ શ્રીરામપ્રતાપજીએ કહ્યું જે, "હે મહારાજ ! ઈસમેં ક્યા કઠિન બાત હે ?"

ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "એ લ્યો મહારાજ, તુમ ચડાવો દેખે !" તેમ કહીને મહારાજે ચાપ ઉતારીને ધનુષ્ય આપ્યું. તે સમે ભાઈ રામપ્રતાપજી લઈને ચાપ ચડાવવા લાગ્યા, પણ ચડતી ન હતી ને ઘણો દાખડો કર્યો પણ પ્રત્યંચા નો ચડી. પછી ભાઈ બોલ્યા જે, "હે મહારાજ ! ઈસ મુલુક કા પાની બોત મોલા હે, ઈસ્તે જોર કમ હો ગયે હે." ત્યારે શ્રીજીમહારાજ તે સમે મંદમંદ હસતા થકા બોલ્યા જે, "તુમ ઠીક કહતે હો, એસા હી હે."

તે સમે શ્રીજીમહારાજ ભોજન કરવા પધાર્યા. તે સુંદર ભોજન જમીને સંતજનને પોતે પીરસી જમાડ્યા. ને તે દિવસે છાપકારી(ચિત્ર બનાવનાર) કારીગર જે દેવરામ, નારાયણજી ને અજરામર એ ત્રણે

ભાઈની રસોઈ હતી. તે મોટા ચંદનના કટોરા, હાર ને વસન આદિક પૂજાનો સામાન લાવ્યા હતા. તેનાથી તે શ્રીજીમહારાજની પૂજા કરી જે, જરિયાની વસનનો પોશાક ને હેમની ઊતરી ને સત્ય મોતીના હાર ને પુષ્પ જે મલ્લિકાદિ ને થલકમલના હાર, તોરા, ગુચ્છ, ગજરા ને બાજુબંધાદિક સુમનના શણગારને ધરાવ્યા ને પોતાની છાતીને વિશે ચરણ લઈને પગે લાગીને કપૂરની આરતી કરી.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ પંચાળામાં અદ્‌ભુત રંગોત્સવ તથા રાસોત્સવ કર્યો' એ નામે ઓગણસાંઈઠમું પ્રકરણ ॥૫૯॥



પ્રકરણ - ૬૦

પંચાળામાં વિવિધ લીલાઓ કરી શ્રીહરિ ગઢપુર પધાર્યા

❁ સદ્.નિત્યાનંદસ્વામીને ભારે પોશાગ લાવવા બદલ ઠબકો

અને પ્રતિદિવસે સુરતથી નિત્યાનંદજી સદ્‌ગુરુ આદિ સંત પંચાળા આવ્યા. તેના ભેગાં શ્રીજીમહારાજનાં ભારે જરિયાની વસન ત્યાંના હરિજને કરાવ્યાં હતાં, તે લાવ્યાં હતાં, તે રાખી મેલ્યાં હતાં. તે લાવીને શ્રીજીમહારાજને પહેરાવ્યાં ને પહેરીને પોતે બેઠા છે. ત્યારે શ્રીજીમહારાજે તે સંતોને કહ્યું જે, "આ પોશાગ તે કોણે કરાવ્યા છે ?" ત્યારે નિત્યાનંદજીએ કહ્યું જે, "હે મહારાજ ! તે તો સુરતના હરિજને કરાવ્યા છે. ને તેણે અમને કહ્યું જે, 'તમે લઈ જાઓ ને મહારાજને અમારી વતી પહેરાવજો.' ને તેના કહ્યાથી લાવ્યા છીએ."

ત્યારે શ્રીજીમહારાજ તે સમાને વિશે જે લાવ્યા હતા, તે સંતોને વઢ્યા ને એમ કહ્યું જે, "તમે તમારો સંતનો ધર્મ મૂકીને આ જરિયાની

જે ભારે વસ્ત્ર, તે ઘણાક મૂલવાળાં તે તમે કેમ લાવ્યા ? ને આ તમારો સાધુનો ધર્મ જ નહીં. કેમ જે, કોક પાપી દુંગાજને(ચોર-લૂંટારાએ) તમને લૂંટ્યા હોત ને તમારે પાસેથી આવાં ભારે વસન નીકળ્યાં હોત, તો તમને નિશ્ચે મારી નાંખત ખરા. અને વળી બીજી વાત કહીએ છીએ જે, આ વાર તમે આવાં ભારે વસન લાવ્યા, તેથી આ સર્વે સંતનું મૃત્યુ ઊભું કર્યું હતું, પણ તમને તો જે કોઈ ભગવાન છે, તેણે હેમખેમ પહોંચાડ્યા છે. ને તે સારુ તમને દંડ કહીએ છીએ જે, અમારા કહ્યાથી મુખમાં તૃણ લઈને માથા ઉપર ઉપાન(પગરખાં) મૂકીને અમને તથા આ સર્વે સંતસભાને ઊઠીને પગે લાગો.”

ત્યારે નિત્યાનંદસ્વામીએ તેમ દશન મધ્યે તૃણ ગ્રહીને શ્રીજી મહારાજની પનૈયા પડી હતી, તે પોતાને માથે મેલી. પછી પ્રથમ મહારાજને નમીને સર્વે સંતસભાને નમ્યા. પછી મહારાજે પોતે ઊભા થઈને તાળી પાડીને કહ્યું જે, “કોઈ સંતે અમારે સારુ વસન કે અલંકાર કરાવવાં પણ નહિ ને લાવવાં પણ નહીં. તેમ અમારી આજ્ઞા સર્વે સંત જરૂર પાળજો. અને અમારે કાજે વસન ને ભૂષણાદિક જે કાંઈ વસ્તુ કરાવવી હોય તો આનંદાનંદસ્વામીને જ આજ્ઞા છે, પણ બીજા કોઈને નથી.” તેમ પોતે કહ્યું. તે સાંભળીને સર્વે સંત હાથ જોડીને ‘તથાસ્તુ’ કહીને પગે લાગ્યા.

પછી શ્રીજીમહારાજને જમવા સારુ બ્રહ્મચારી મુકુંદ તેડવા આવ્યા, તે જમવા પધાર્યા. તે લેહ્ય, ચોસ્ય, ભક્ષ્ય ને ભોજ્યાદિક ભોજન જમતા જાય છે ને જળને પીતા જાય છે. પછી શ્રીજીમહારાજ જમીને મુખવાસ જે વાંકડી સોપારીનો ભૂકો, એલચીદાણા, તજ ને લવીંગ આદિક મુખવાસ જમ્યા. ને સંતજનને મોતીચૂર ને જલેબી પોતે જ પીરસીને જમાડ્યા.

પછી પોતે સભા કરીને પલંગ ઉપર બિરાજમાન થયા, ત્યારે સુરતના હરિજને ચિત્ર-વિચિત્ર પટવાળી રેશમની ટોપીઓ સંતોને સારુ લાવીને શ્રીજીમહારાજને આગે મેલી. તે મધ્યેથી એક ટોપી શ્રીજી-

મહારાજે પોતાના જમણા ભુજની આંગળિયું ને અંગોઠા ઉપર મેલીને ફેરવી. ને બોલ્યા જે, "આ ટોપી અતિ શોભાયમાન લાગે છે. માટે હવેથી સર્વે સંતજન આવી ટોપીઓ માથે ધારજો. ને આટલી ટોપીઓ તે મોટા મોટા સંતોને આપીએ છીએ ને બાકી રહ્યા તે હરિજન પાસેથી કરાવી લેજો." તે સમે સર્વે સંત પાંચ પાંચ હાથના પટના ધોળા ફેટા બાંધતા હતા. તે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "આ ફેટા અશુદ્ધ લાગે છે. તે જાણે સ્મશાનિયા(કોઈના મૃત્યુના શોક માટે માથે બાંધે તેવા) જેવા છે. તે કાઢીને આવી ટોપીઓ રાખજો."

પછી તે સર્વે સંત તથા હરિજનની સભા પ્રત્યે આ પ્રશ્ન પૂછ્યો જે, "માંયલા કુસંગ તથા બાહરલા કુસંગની વાત કરો." પછી તેવી વાતો કરતા હતા ને કરાવતા હતા. તે ઘણીક વાર્તા છે ને આ તો દિશમાત્ર લખી છે. પછી સંધ્યા આરતી કરીને સંતહરિજન પ્રત્યે જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્યાદિકની વાર્તા કરી ને પોતાને ઉતારે જઈને પોઢી ગયા.

❁ મોટાભાઈ દ્વારકા ગયા ને આણંદજીભાઈ સંતો માટે પત્તર લાવ્યા

અને હવે પ્રતિદિને શ્રીજીમહારાજ વહેલા ઊઠીને દંતધાવનાદિક ક્રિયા કરીને સ્નાનવિધિ ને પૂજાવિધિ કરી. અને સંતહરિજનની મોટી સભા ભરાઈને બેઠી હતી. તે પ્રત્યે શ્રીજીમહારાજ પોતાના સખાએ વીંટાણા થકા ચાલ્યા અને ચોબદાર કુબેરસિંહજી મહારાજની આગળ શુભ વેણને ઉચારતા હવા જે, '***જય જય મહારાજા અધિરાજ, ધર્મ ધુરંધર ગરીબનવાજ ! નજર રખો મહારાજને ઘણી ખમ્મા***..!' તે શબ્દને સાંભળીને સર્વે સભાજન ઊભા થયા ને હાથ જોડી નમીને બેઠા. અને તે સમે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "ભાઈને શ્રીદ્વારાવતીએ જાવું છે, તે ભેગા કોઈ જાશો ?" ત્યારે તે સમે ભટ્ટજી મયારામ ને રાઠોડ ધાધલ આદિક થોડાકજને સહિત ભાઈ દ્વારકા ગયા.

ત્યાર પછીની વાર્તા જે થઈ તેને સંત ને હરિજનની કૃપાથી હું શાસ્ત્રી લક્ષ્મીરામ તે લખું છું. તે સમે **માંગરોળ** બંદરેથી મોટા ભક્ત જે સંઘાડિયા આણંદજી તે સંતને સારુ કાષ્ઠનાં પત્તર લાવ્યા. અને શ્રીજીમહારાજને કહ્યું જે, "હે મહારાજ ! આ પત્તર હું સંતજન સારુ લાવ્યો છું, તે સંતને આપો." તે પત્તર મહારાજે સંતોને આપ્યાં. પછી સંતને તથા હરિજનને જાવા માટે રજા આપી ને ગઢડા આદિક કાઠિયાવાડનાં મનુષ મોટેરા હરિજન શ્રીજીમહારાજની ભેગા રહ્યા.

❉ શ્રીહરિએ મંદવાડ ગ્રહણ કર્યો ને સંતોની પ્રાર્થનાથી સાજા થયા

અને તે સમાને વિશે શ્રીજીમહારાજ પોતાના શરીરને વિશે અતિ મંદવાડને જણાવતા હવા ને પોતાના કલેવરને વિશે અતિ જ્વર આવ્યો. ને પોતે અન્ન-જળનો ત્યાગ કર્યો ને પોતે પોતાના ધામને વિશે બ્રહ્મસ્થિતિને વિશે[૧] સદાયે વર્તવા માંડ્યું. ને મનુષ્યાકૃતિ વિસારીને(મનુષ્યના ભાવોનો ત્યાગ કરીને) પોતાની દિવ્ય આકૃતિ ને દિવ્ય દૃષ્ટિને કરતા હતા. ને જાણીએ જે હમણાં જ આ પૃથ્વીને વિશેથી શ્રીજીમહારાજ અક્ષરધામને વિશે જ પધારશે કે શું !

અને તે સમે પોતે પોતાના ઉદરને વિશે રોગને જણાવતા હતા. પોતાને પાસે સેવામાં મુનીંદ્ર જે મુક્તાનંદજી, બ્રહ્મચારી મુકુંદાનંદજી, નિત્યાનંદજી, બ્રહ્માનંદજી, આનંદાનંદજી ને પ્રેમાનંદજી આદિક હતા. તેઓ દીનવચનેથી પોતાના હાથ જોડીને પોતાનાં નેત્રથી જળને મૂકતા થકા ને સ્તુતિને કરતાં થકાં બોલ્યા જે, "હે ગરીબ નવાજ ! હે ધર્મધૂરંધર ! હે સંતજનના જીવનપ્રાણ ! અમે સર્વે સંતહરિજન તે કેને આશરે રહેશું ? ને અમે તો સર્વસ્વ મૂકીને એક તમારો જ આશરો લીધો છે ને તમે અમને મેલીને પધારો છો, તે તો ઠીક નહીં. અને તમે કહેતા જે, 'આપણે મોટાં મંદિર કરાવવાં છે ને તે મધ્યે

૧.અક્ષરધામમાં જેવી પોતાની બ્રહ્મસ્થિતિ છે, તેવી સ્થિતિ જણાવતાં થકા

ભગવાનની મૂર્તિઓ પધરાવશું,' તે કર્યા મોરે કેમ જાશો ? હે સમર્થ ! તમારું વચન સત્ય કરો."

આમ તે સમે સર્વે સંતે શ્રીજીમહારાજની સ્તુતિ કરી. ત્યારે સર્વે લોકના સ્વામી ને સર્વોપરી એવા જે મહારાજ તે મુક્તાનંદસ્વામી પ્રત્યે એમ બોલ્યા જે, "હે સ્વામી ! અમારા ઉદરને વિશે બળે છે. તે ઉપર તમે જળની ધારા કરો, તેથી અમને સુખ થાશે." તેમ શ્રીજીમહારાજે કહ્યું, ત્યારે તે સમે સંત તેમ જ કરતા હવા.

અને અતિ દયાળુ છે સ્વભાવ જેનો, એવા જે શ્રીજીમહારાજ તે પોતાના મનશું વિચારતા હવા જે, 'મારા આશ્રિતજન તે મારા વિના કેને આશરે રહેશે ? તે સારુ ભગવાનનાં મોટાં મોટાં મંદિર કરાવીને, તે મધ્યે મારી મૂર્તિઓ પધરાવીને, સર્વે ધર્મમર્યાદા બાંધીને, પછી મારી સ્વેચ્છાથી હું મારા ધામને વિશે જાઈશ.'

પછી શ્રીજીમહારાજ પોતાના મંદવાડને ટાળીને પોતાના જ યોગૈશ્વર્યથી સુખને(પોતાના આરોગ્યરૂપ સુખને) કરતા હવા ને પોતે બોલ્યા જે, "અમારે વાસ્તે જમવાને સારુ લાવો." તે સમે સાકરની રાબ કરીને લાવ્યા, તેને જમ્યા. (ને મહારાજ સાજા થયા) તેવા સમાચાર સર્વે સંત ને હરિજન બાઈઓ ભાઈઓ તેણે સાંભળ્યા ને જ્યાં જ્યાં ગયાં હતાં, ત્યાં ત્યાંથી આવીને મોટો મહોચ્છવ કર્યો. તે શું ? તો ઘણાક સંત તથા બ્રાહ્મણોને જમાડ્યા ને તેમ સુપાત્ર એવા જે દ્વિજ તેને દક્ષિણાઓ આપી. ને સંતજન તે શ્રીજીમહારાજને આગળ ઝાંઝ, મૃદંગ આદિક વાજાં લઈને મહોચ્છવથી(અતિ ઉત્સાહથી) સારાં સારાં કીર્તન બોલીને શ્રીજીમહારાજને રાજી કરતા હતા.

❉ ગ્રામજનોની સેવાથી રાજી થઈ શ્રીહરિએ પંચાળા ગામ જમાડ્યું

પછી બે ચાર દિવસે શ્રીજીમહારાજને અતિ સુખ થયું. તે સમે શ્રીજીમહારાજ હેમંતસિંહજી તથા સર્વે સભા પ્રત્યે એમ બોલ્યા જે, "અમે

કોક ગરીબને દુઃખવીએ છીએ ત્યારે અમારા શરીરે દુઃખ આવે છે ખરાં. તે લ્યો તમને અમે કહી દેખાડીએ. તે શું ? તો આ તમારા ગામના લોક અતિ દુર્બળ ને ગરીબ જેવાં છે. તેને તમે અમારા સારુ હુકમ કરીને તેને પાસે દાખડા કરાવ્યા જે, કાષ્ઠ તથા તૃણ લાવી આપતા; ને વળી પોતાના ખોરડામાંથી પોતાનાં છોકરા ને સ્ત્રીઓ બારે નીકળીને તે ઘર મધ્યે દેશોદેશના સર્વે હરિજન આવ્યા હતા, તેને ઉતારા કરાવીને પોતે બહાર રાંધી ખાતા. તેમ બે માસ સુધી આપણી સેવા કરી, તેથી તે ઉપર અમને અતિ દયા આવી છે. તેથી આ પંચાળાના સર્વે જન તેને ઝાંપે ચોખા તે શું ? તો ધુમાડો બંધ કરીને સર્વે ગામ તેને અમે પકવાન જે જલેબી આદિક જમાડશું. ને વળી **અમારે ત્રણ જન ઉપર અતિ દયા વર્તે** છે. એક તો **બ્રાહ્મણ**, બીજા **સત્ય સાધુ** ને ત્રીજા જે કોઈ **ગરીબ મનુષ્ય**, એટલાં ઉપર તો અમારે અતિ દયા સદાયે રહે છે.” તે સમે શ્રીજીમહારાજે એમ કહ્યું.

ત્યારે તે સમે સર્વે મોટેરા સંત તથા મોટેરા હરિભક્તે એમ કહ્યું જે, “હે મહારાજ ! તથાસ્તુ.” પછી ત્યાંના નરેશ હેમંતસિંહજીએ એમ કહ્યું જે, “હે મહારાજ ! તમે કહો છો જે, ‘આપણે પકવાન જમાડશું પણ તેને પૂછી જુઓ જે તમને શું ભોજન પ્રિય છે ?’ ને પછી તે કહેશે તે કરશું.” ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “તમે ઠીક કહો છો.”

ત્યારે પોતાના અનુચર મેલીને તેને તેડાવ્યા, તે સર્વે મધ્યે મુખિયા હતા, તે આવ્યા. તે સમે શ્રીજીમહારાજે ભારે જરિયાની વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને હેમનાં ભૂષણ ને સત્ય મોતીના હાર ધારણ કરીને બેઠા હતા. તે સમાને વિશે તે લોક આવ્યા. તેને અતિ ગરીબાઈ છે, છતાં તે ભગવાન, સંત ને શાસ્ત્રને વિશે આસ્તિકભાવે જુક્ત છે. તે સર્વે જન આવીને શ્રીજીમહારાજ આગે હાથ જોડીને ઊભા રહ્યા.

ત્યારે તે પ્રત્યે મહારાજે એમ કહ્યું જે, “તમારા આ ગામના સર્વે લોકને અમારે જમાડવા છે. તે જે તમને ભોજન પ્રિય લાગે તે કહો,

તે અમે કરીએ." ત્યારે તેણે એમ કહ્યું જે, "હે સ્વામી મહારાજ ! તમે તો અમારે માનવા જોગ્ય છો ને વળી પૂજવા જોગ્ય ને સેવા કરવા જોગ્ય છો ને વળી જમાડવા જોગ્ય છો; ને તે તો કાંઈ અમથી બન્યું નથી ને તમે તો વળી અમને જમાડ્યાનું કહો છો. ને તમે તો કહ્યું, તે જમ્યા છીએ.[૧]"

ત્યારે તે સર્વે પ્રત્યે શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમારે તો તમને નિશ્ચે જમાડવા છે. તમે કહો તે ભોજન હાલ કરાવીએ." ત્યારે તેણે એમ કહ્યું જે, "હે સ્વામી મહારાજ ! જો તમારે પોંચ હોય તો ગોળ, ઘી ને ચોખા દમદટ(પુષ્કળ) આપો. તેથી અમે સર્વે રાજી થાશું." ત્યારે તે સમે શ્રીજીમહારાજ ઝીણાભાઈ સામું જોઈ મંદમંદ હસતા થકા બોલ્યા જે, "તમે આ સર્વેની રુચિને જાણો છો. અમે તો પકવાન કરાવત, પણ તમે ઠીક બતાવ્યું."

પછી સર્વે જનને નોતરાં દેવરાવીને હાલ(તુરંત) ભારે ચોખા મંગાવીને મોટાં મોટાં ચરુ મધ્યે રંધાવીને હાલ તૈયાર કરાવીને તે મધ્યે ઘણાક ઘી ઘોણિયાની[૨] ધારાએથી ને તે મધ્યે ઘણીક સર્કરાને પિરસાવી. ને તે સમે સર્વે જનને પાસે રહીને શ્રીજીમહારાજ જમાડતા હવા, તે તો ન ભૂતો ન ભવિષ્યતિ ! ઇતિ

પછી પોતે જમીને સર્વે સંતને પોતે જમાડીને સર્વે હરિજન બાઈઓભાઈઓને જમાડીને પોતે હેમંતસિંહ પાસે રજા માગી જે, "અમે તમારા ગામને વિશે **બે માસ** સુધી સંતમંડળ ને હરિજનના મંડળે સહિત રહીને મોટા ઉચ્છવ-સમૈયા કરીને તમને રાજી કર્યા. તેનું અહોનિશ ચિંતવન કરજો, તેથી મારા ધામને વિશે મોટા સુખને પામશો. ને અમને સોરઠ દેશના હરિજન પ્રિય છે."

૧.તમારો ભાવ છે, એટલે બધું જ આવી ગયું.
૨.પહોળા મોઢાવાળી ઘી ભરવાની તાંબાની મોટી વટલોઈ

❁ રાજા અને નિષ્ઠાવાન સેવકનું દૃષ્ટાંત

પછી ઝીણાભાઈએ શ્રીજીમહારાજ પ્રત્યે કહ્યું જે, "હે મહારાજ ! તમે અમારા ગામથી દૂર વસો છો. અમે તમારી સેવા મધ્યે રહીને તમો પાસે અમે સદાય રહીએ ને તમો અમારી સેવા અંગીકાર સદાયે કરો, તેવો કોઈ ઉપાય છે ?" ત્યારે શ્રીજીમહારાજ કહે, "હેમંતસિંહ નરેશ ! એક પુરાતન ઈતિહાસ કહું તે સાંભળો. એક ચક્રવતી મોટો રાજા હતો. તે પાસે તેનો સેવક ઢોલિયાનો ચાકર હતો. તે રાજાને અતિ પ્રિય હતો ને તે સેવકને રાજા અતિ પ્રીતમ હતો. તેમ કરતાં કોઈ વાતની તકસીર(ભૂલ) પડી, તેથી સેવકને ઉપર ખીજીને તે નરેશે એમ કહ્યું જે, 'ભાગી જા ને જ્યાં સુધી મારું રાજ હોય ત્યાં સુધી રહીશ મા, નહિ તો તુને હું જ્યાં દેખીશ ત્યાં મારી નાંખીશ વા મરાવી નાખીશ.' તેમ તે નરેશ બોલ્યો.

ત્યારે તે ચાકરે પોતાના મનશું વિચાર્યું જે, મારો તો રાજાએ ત્યાગ કર્યો, પણ હું તેનો ત્યાગ નહિ કરું. કેમ જે, તેની મોટપને જોઉં છું, ત્યારે તેનો ત્યાગ કરીને મારે ક્યાં રહેવું ? કેમ જે, સૂર્ય ને ચંદ્રનો પ્રકાશ છે, ત્યાં સુધી તો આનું રાજ્ય છે. તે હું તો આવો મોટો રાજા તેનો ત્યાગ નહિ કરું. તેવું મનશું વિચારીને વનમાં જઈને તપને કરતા કોઈ સિદ્ધિમાન પુરુષને મળ્યો. તેને સેવાએ કરી રાજી કર્યા. તેથી તેણે કહ્યું જે, 'માગ્ય માગ્ય.' ત્યારે તેણે એમ માગ્યું જે, 'મારા પ્રીતમ નરેશે મારો ત્યાગ કર્યો છે, તેની સેવા મધ્યે હું અદર્શ થકો રહું તેવો મુને વર આપો.' ત્યારે તેણે કહ્યું જે, 'તને કોઈ નહિ દેખે ને તું તેને દેખીશ.' એવો વર પામીને તે રાજાને સદાય સેવતો હવો.

પછી તે રાજા એક રાતે તરસ્યો થયો, પાણી માંગ્યું પણ પોતાનાં ચાકર ને બેગમ હતાં, તે સર્વે ઊંઘી ગયાં હતાં, તે કોઈ બોલ્યાં નહીં. ત્યારે તે રાજાએ એમ કહ્યું જે, 'મારી મરજીમાં રહેતો'તો તેવો મારો સેવક તેનો મેં ત્યાગ કર્યો છે. તે હોય તો મારી મરજી સાચવે તેવો

તે હતો.' ત્યારે તે સેવક જળનું પાત્ર હાથમાં લઈને એમ બોલ્યો જે, 'હે ગરીબપરવર(ગરીબોના પાલક-રક્ષક) ! હું હાજર ઊભો છું. લ્યો, જળ પીઓ. ને તમે મુને ત્યાગ્યો છે, પણ મેં તમને નથી ત્યાગ્યા. હું તો સેવા મધ્યે હંમેશ રહું છું.'

ત્યારે તે રાજાએ ઘણું રાજી થઈને તે સેવકને મોટા અધિકારને આપીને પોતા પાસે રાખ્યો. તે દૃષ્ટાંત ને તેનો સિદ્ધાંત હેમંતસિંહ સાંભળો જે, ભગવાનની સેવા મન-કર્મે કરીને કરે તો ભગવાન અંગીકાર કરે છે. તેમ જે અમને નો વિસારે ને અમારી મોટપ જુવે તો અમને તે કેમ વીસરે ? નો વીસરે. તે પાસે અમે સદાય રહીએ ને તેની સેવા અમે સદાયે અંગીકાર કરીએ છીએ." તેમ શ્રીજીમહારાજે ઝીણાભાઈને આ વાત કહીતી, તે લખી છે.

અને મહારાજે કહ્યું, "હવે પ્રભાતથી સર્વે મંડળે સહિત ચાલશું." ત્યારે હેમંતસિંહજી આદિક તેનો જે સર્વે પરિવાર પોતાના નેત્રને વિશેથી જળને વહે છે ને હાથ જોડીને એમ સ્તુતિ કરવા લાગ્યા જે, "હે ભક્તવત્સલ ! હે દીનબંધો ! અને હે અંતકાળના બેલી ! હે સર્વજ્ઞ ! હે સર્વોપરી ! હે દયાળુ ! હે પરમસ્નેહી ! હે નિર્બંધ ! એવા જે તમે તેણે અમારા ઉપર અતિ કૃપાદૃષ્ટિ કરી અને અમને તથા અમારા ગામ ને તે મધ્યે રહેનારા જન ને અમારો સર્વે જે સોરઠ દેશ તેને પવિત્ર કર્યો. ને હે મહારાજ ! તમ જેવા મેમાન અમારે ઘેર ક્યાંથી હોય ! ને હે સર્વે લોકના સ્વામી ! તમે તો અમને અતિ કૃતાર્થ કર્યા છે !" તેમ કહીને પોતાના સદને ગયા. અને તે નિશાએ શ્રીજીમહારાજ સર્વે જનને સાબદા કરાવતા થકા પોઢી રહ્યા.

❃ પંચાળાથી ગામોમાં વિચરણ કરતાં ગઢપુર પધાર્યા

શ્રીજીમહારાજ પ્રભાતે વહેલા ઊઠીને સર્વે સંઘને સાબદા કરાવીને ત્યાંથી ચાલ્યા, તે ભેગા ઝીણાભાઈ ઘણાંક માણસ ને ઘણાંક વાજાંએ

સહિત મહારાજને વળાવવા આવ્યા. પછી શ્રીજીમહારાજે ઠાકોર હેમંતસિંહજીને કહ્યું જે, "હવે તમે પાછા વળો." ત્યારે હેમંતસિંહજીએ કહ્યું જે, "હે મહારાજ ! અમારે જક્તને વિશે કેમ રહેવું ? તે કહો."

પછી શ્રીજીમહારાજે એમ કહ્યું હતું જે, "એક દોહો છે, તે તમને કહી દેખાડીએ.

હરિજન જક્ત મધ્યે કેસે રહે, સર મધ્યે રહે સરોજ;
ઉનકું આવ્રણ ના કરે, ઊર્ધ રહે અહરોજ.

તેમ ઘણાંક શિક્ષાવચન કહીને તેને પાછા વાળ્યા. અને શ્રીજીમહારાજ ગામ **માણાવદર**ને વિશે ભટ્ટ મયારામ જેને શિક્ષાપત્રી મધ્યે ગૃહસ્થાશ્રમીને વિશે મોટા લખ્યા છે, તેને ઘેર રાત્રી રહ્યા. અને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ગણોદે** જઈને પોતાના ભારે જરિયાની સર્વે વસ્ત્ર મયારામ ભટ્ટજીને આપ્યાં. અને બીજા ઘણાક વિપ્રોને ઘણીક દક્ષિણાઓ આપીને ચાલ્યા, તે **વેણુ સરિતા**ને કાંઠે ગામ **જાળીયા** મધ્યે મોટા હરિજન **હીરાભાઈ**ના સદને ગયા. ને તેણે શ્રીજીમહારાજે સહિત સર્વે જનને ભોજન-પાનાદિક કરાવી ઘણીક સેવા કરી.

અને શ્રીજીમહારાજ ત્યાંથી પ્રભાતે ચાલ્યા, તે સંઘે સહિત ગામ **દુધીવદર** સમીપે ઉતારો કર્યો. પછી મહારાજે 'સર્વે સંઘને શ્રીજીમહારાજ જમાડશે' એમ પોતાનો ચોબદાર ફેરવીને કહેડાવ્યું. પછી ઘણાક વિપ્રો પાસે રસોઈ કરાવીને સંઘના જનોને જમાડ્યા. તે ગામ મધ્યે રઘુનાથદાસ વિમુખનો ભાઈ રહેતો હતો. તેણે શ્રીજીમહારાજની પ્રીતિપૂર્વક સેવા કરી.

ત્યારે મુક્તાનંદસ્વામી કહે, "હે મહારાજ ! આ રઘુનાથદાસના ભાઈ છે." ત્યારે તે ભાઈ બોલ્યા જે, "તેણે ગધાડીનાએ પોતાનું ભૂંડું કર્યું ને વિમુખ થયો." એમ કહી મહારાજને રાજી કર્યા. ને તે નિશા ત્યાં રહીને પ્રભાતે ચાલ્યા, તે ગામ **બંધિયા**ને વિશે રાત્રી રહ્યા. ને

ત્યાંના હરિજને શ્રીજીમહારાજે સહિત સર્વે જનની ભોજનપાને કરીને ઘણીક સેવા કરી.

અને પ્રભાતે વેલા ઊઠીને શ્રીજીમહારાજ ચાલ્યા, તે ગામ **કોટડા** મધ્યે થઈને ત્યાંના સર્વે હરિજનને રાજી કરતાં થકાં ગામ **રાયપુર**ને વિશે રાજગુરુ અર્જુનના ઘર પ્રત્યે પધાર્યા. ત્યાં નિવાસ કરીને ચાલ્યા, તે ગામ **વાંકિયા** મધ્યે મોટા હરિજન મોકાખાચરના ઘરને વિશે ભોજન કરીને શ્રીજીમહારાજે તૈયારી કરવા માંડી. ત્યારે તે ભક્તે એમ કહ્યું જે, "હે મહારાજ ! આ નિશા તો મારા ગામને વિશે રહો."

ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "અમારી ખબર દુર્ગપુરના હરિજને સાંભળી છે. ત્યાંના જન અમને અતિ પ્રિય છે ને તેને અમે અતિ પ્રિય છૈયે. તે સારુ તેનો જે પ્રેમ, તે અમને અતિ તાણે છે. તેથી અમે ચાલશું." તેમ કહીને પોતે પ્યાદા ચાલી નીકળ્યા. અને શ્રીજીમહારાજની ચાલ કેવી હતી ? તો અતિ શીઘ્ર ગતિથી જ્યારે ચાલે ત્યારે ચાખડિયું હોય વા મોજડિયું હોય, તેના ચટચટ શબ્દ થાતા હતા.

અને તેમ કરતાં શ્રીજીમહારાજ ગાઉ એક પાળા ચાલ્યા જાય છે. ને ત્યાં દુર્ગપુરનાં મનુષ્ય ઘણીક બાઈઓ ને ઘણાંક ભાઈઓ તે સર્વે શ્રીજીમહારાજને સામૈયે બે જોજન સુધી આવ્યાં. અને તે સર્વે જન આવીને દંડવત કરતા હવા. ને તે સર્વે જનને શ્રીજીમહારાજે સ્વાગત પૂછી. પછી શ્રીજીમહારાજે એક વટનું વૃક્ષ હતું, તેને હેઠે ઊભા રહીને પોતે ભારે જરિયાની વસ્ત્ર હતાં, તે ધારણ કર્યાં. તે સમે દુર્ગપુરના જને પૂજા કરીને મલ્લિકાદિકના હાર ને થલકમલનાં આભૂષણ અંગોઅંગે ધરાવ્યાં.

પછી અશ્વાર થઈને ગાજતે ને વાજતે શ્રીજીમહારાજ ચાલ્યા આવે છે. તે ઘણાક સંત-હરિજને વીંટાણા થકા દુર્ગપુરને સમીપે આવ્યા.

ત્યારે તેવા સમાને વિશે ત્યાંના ચારે વર્ણનાં મનુષ્ય તેણે પોતાના ઘરને વિશે અતિ શોભાને કરી હતી જે, દ્વાર દ્વાર પ્રત્યે તોરણ, ધ્વજાઓ ને પતાકાઓ બાંધ્યાં હતા; કદલીઓના થંભને શ્વથીને, ગુલાલ, કુંકુમ, અક્ષત, નવપલ્લવ દુર્વા ને પુષ્પોથી કળશોને શણગારીને પોતપોતાનાં દ્વાર પ્રત્યે મૂક્યા હતા; ને વળી ચૌટા, બજારું ને શેરીઓમાં સુગંધીમાન જળથી છંટકાવ કરાવીને તે મધ્યે લાજ્ય ને પુષ્પને વેર્યાં હતાં.

આમ તે સમે ઉત્તમરાયે શ્રીજીમહારાજનું આગમન સાંભળીને તે પુરની શોભા અતિ કરાવી હતી. પછી તે પુર મધ્યેથી (સર્વે જનસમાજ સામો ગયો. ત્યારે) વાજાં જે ઢોલ, નગારાં, ત્રાંસાં, રણશિંગી, રવાજ, કાંસિયાં, શરણાઈઓ, ભૂંગળ, ને ભેરી વાગતાં હતાં. ને તીખી તૂરઈ તે પ્રેમાનંદ કવિરાજ વગાડતા હવા. ને ઘણાક ગવૈયા સંત તે ઝાંઝ, મૃદંગ ને ઝલરીને(ખંજરીને) વગાડતા હતા ને વળી વિષ્ણુપદ બોલતા હતા.

તેમ કરતાં દુર્ગપુરને આથમણે દરવાજે સર્વે જનનો સમાજ તે શ્રીજીમહારાજને ભેગો થયો. ને તેમ સર્વે વાજાં વાગતાં હતાં ને ઘણોક ગુલાલ ઊડતો હતો. મોટાં જરિયાની નિશાન ફરકી રહ્યાં'તાં ને સર્વે જન બાઈઓ-ભાઈઓ તે જય જય શબ્દને બોલતાં હતાં. ને વેદ, શાસ્ત્ર ને પુરાણના ભણેલા ઘણાક ભૂસુર તે શ્રુતિ, પુરાણ ને શાસ્ત્રાદિકના સ્વસ્તિવાચનને ભણતા હતા. ને માગધ ને બંદીજન તે વખાણ કરતા હતા. ને ઘણીક બાયું તે મંગળ ગીતને ગાતી હતી, તે ધોળ ગીતનાં નામ :

કેસર ભીના કૃષ્ણ ઘેર આવિયા, રંગના ભીના હરિ ઘેર આવિયા;
સાંભળ સાંભળ સૈયર મોરી, કેસર કુંકુમ નાંખ્યાં ઘોળી,
રંગના રસિયા હરિ ઘરે આવિયા.

એ આદિક ઘણાંક ધોળગીત ગાતા થકા ને વાજિંત્ર વગાડીને મોટો મહોચ્છવ કરીને શ્રીજીમહારાજને ગઢપુરને વિશે ઉત્તમ નરેશના દરબારમાં પોતાના ઉતારાને વિશે બિરાજમાન કર્યા. પછી ઉત્તમરાયે શ્રીજીમહારાજને ઘણાક પ્રકારનાં ભોજન ને વ્યંજનાદિક કરાવીને જમાડ્યા. ને તેમ સર્વે જનને જમાડી શ્રીજીમહારાજની વિધિવત્ પૂજા કરી. અને તે સ્થળને વિશે શ્રીજીમહારાજ સુખેથી બિરાજતા હવા.

ઈતિ શ્રીલોયેથી શ્રીજીમહારાજ ચાલ્યા, તે સર્વે દેશોદેશના મનુષ્યને પોતાની મૂર્તિનાં દર્શન દેતા થકા સંત ને હરિજને સહિત ગામ પંચાળાને વિશે મોટા ભાગ્યવાળા ને હરિભક્ત શિરોમણિ એવા જે હેમંતસિંહજી તેના દરબારને વિશે **બે માસ** સુધી વસ્યા; ને ત્યાં ફૂલડોલનો સમૈયો કર્યો; ને રંગ-પિચકારી આદિકે કરીને રમ્યા; ને સંતો ભેગા પોતે રાસમંડળમાં રમ્યા; ને હલીસ રાગને ગવરાવ્યા; ને પોતાના કલેવરે મંદપણું જણાવ્યું; એ આદિક જે જે વાર્તા થઈ તે સર્વે યથામતિ મેં લખી છે. તે **સંવત્ ૧૮૭૭ ના ફાગણ સુદી પૂનમના સમૈયાની લીલા** જે સાંભળે તે **ત્રણ પ્રકારના તાપે રહિત થાશે,** ને તેના સર્વે પાપના નાશ કરનારા જે શ્રીજીમહારાજ તે સદાયે રાજી રહેશે. ઈતિ પંચાળાનું આખ્યાન સમાપ્ત.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'પંચાળામાં વિવિધ લીલાઓ કરી શ્રીહરિ ગઢપુર પધાર્યા' એ નામે સાંઈઠમું પ્રકરણ ॥૬૦॥



પ્રકરણ - ૬૧

ભાઈસ્વામીની સાદી તુંબડી બતાવી સંતોને ત્યાગનો ઉપદેશ આપ્યો

દોહા : દીનબંધુ દયાલ કે, ચરિત્ર સુધા સમ જેહુ;
મમ ઉર પ્રિય લાગે બહુ, તાતે ચિંતવું તેહુ...૦૧
શ્રીગુરુ સહજાનંદ કે, ચરિત્ર સુધા સમ જેહ;
જે વાંચે જે સાંભળે, તેને પ્રભુશું થાશે નેહ...૦૨

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ **શ્રીદુર્ગપુર**ને વિશે બિરાજમાન હતા. તે સમે પોતે મધ્યાહ્ન સમે લીમડાના વૃક્ષ હેઠે બેઠા હતા. ને તે સામી થોડેક છેટે સંતની ધર્મશાળા હતી. તેમાં રહેતા ભાઈ આત્માનંદ સ્વામીના હાથમાં એક કાષ્ઠની કઠારી અતિ જીરણ હતી, ને પાંચ સાત ઠેકાણે ફૂટેલ હતી, તે કાંણે[૧] રાળે[૨] કરીને સાંધેલી હતી. એવું અકિંચન (મૂલ્ય વગરનું; નિર્બંધન) જળપાત્ર જોઈને શ્રીજીમહારાજે વિપ્ર લક્ષ્મીરામને કહ્યું જે, "તું ભાઈ પાસેથી તે પાત્ર લઈ આવ, ને એમ કહેજે જે, મહારાજ મગાવે છે, તે આપો." તેમ માંગવાથી તે લઈ આવ્યો.

ત્યારે શ્રીજીમહારાજે પોતાના હાથમાં લઈને જોઈને બોલ્યા જે, "જેવા તે સંત ત્યાગી છે, તેવી આ કઠારી પણ ત્યાગી છે. માટે એક બાજોઠ લાવો, તેના ઉપર મૂકીએ, તે સર્વે જળપાત્ર મધ્યે શોભશે." તેમ કહીને શ્રીજીમહારાજે બાજોઠે મૂકી. અને તે સમે મુક્તાનંદજી આદિક ત્યાં હતા, તે સંતને તેડાવીને શ્રીજીમહારાજ સર્વે સંતોને કહે જે, "તમારી પાસે તૂંબડાં[૩] તથા કઠારીઓ[૪] હોય તે સર્વે જળપાત્ર લાવીને આને ફરતાં ફરતાં બાજોઠથી હેઠાં મૂકો, તેની પરીક્ષા થાશે."

ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "હે સંતો ! લાવો." ત્યારે

૧.જીર્ણ થતાં આરપાર પડેલા હોલને ૨.સાલના વૃક્ષમાંથી થતા લાખના જેવા ગુંદરથી
૩.દૂધીની કડવી જાતની વેલના ફળમાંથી બનાવેલાં જળપાત્ર ૪.લાકડામાંથી બનાવેલ લોટા જેવાં પાત્ર

કોઈ ઊઠ્યા નહીં, ત્યારે મુક્તાનંદજીએ તેના શિષ્યો પ્રત્યે કહ્યું જે, "આપણા મંડળના સર્વેનાં તૂંબડાં લાવો ને આની બરોબર નહીં શોભે. ને હે મહારાજ ! એ તો રંગાચંગા હશે." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "હે સ્વામી ! અમે પણ તે સારુ મંગાવીએ છીએ." તેમ મહારાજે નિત્યાનંદજી તથા બ્રહ્માનંદજી આદિક ત્યાં હતા, તેના સર્વેનાં તૂંબડાં તથા કઠારિયું મંગાવી. તે ચંદ્રસ[1], સપેતા ને હિંગળુકે[2] રંગેલાં છે, તે સર્વે મહારાજની સમીપે લાવીને મૂક્યાં.

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "એક ધોકો લાવો, તે આ સર્વે રંગેલાં પાત્ર ફોડીએ. ને આ એક ભાઈની કઠારીએ સર્વે પાત્રની શોભાને હરી લીધી. અને તેમ જે ત્યાગના માર્ગને વિશે અકિંચન એવા જે સાધુ તે અતિ શોભાને પામે છે. કેમ જે, આ કઠારી ત્યાગી સંતની છે. તેણે કરીને સર્વે પાત્રને નૂન્ય કરીને પોતાની મેળે જ અધિક થઈ. ને તેમ જે સંત તથા હરિજન ભગવાનના માહાત્મ્યે કરીને ત્યાગ ને વૈરાગ્યાદિકે કરીને અકિંચનપણે રહેશે તેની મોટપ વધશે. તેમાં શું કહેવું !"

તેમ કહીને તે સમે શ્રીજીમહારાજે એક દૃષ્ટાંત આપ્યું જે, "એક પાતશાહે લવાને એમ કહ્યું જે, આ એક લકીર(લીટી) હે, સો હમ ખેંચા હે, ઈસકુ ભાંગના(ભૂંસવી) બી નહીં ને હરેક કોઈ છોટી કર દેખાડો." તેમ સર્વે સભાએ સાંભળ્યું ને મૂંઝાણા અને ભાંગવી પણ નહીં ને નાની કેમ થાય ? તેમ સર્વે હાર્ય પામ્યા. ત્યારે તે ઠેકાણે લવે આવીને એ પાતશાહે લીટું કાઢ્યું હતું, તેને પડખે લવે આવીને તેથી મોટું કાઢ્યું, તેથી પ્રથમ પાતશાહે કાઢી જે લકીર તે સહેજે જ નાની પડી ગઈ.

તેમ જે **સંત તથા હરિજન બાઈભાઈ જે કોઈ માન-મત્સરાદિકને ત્યાગ કરીને કપટે રહિત જે અમારી ભક્તિ અકિંચનપણે કરશે ને રહેશે**

૧.એક પ્રકારનો કઠણ ગુંદર જેને તેલમાં ઓગાળી તેનાથી લાકડું રંગાય છે.
૨.પારા અને ગંધકને મિશ્ર કરીને બનતા લાલ રંગના પદાર્થથી

તે સહેજે જ મોટપને પામશે; તે મધ્યે સંશય નથી.” તેમ શ્રીજીમહારાજે વાત કરીને સર્વે રંગ્યાં-ચંગ્યા જલપાત્ર સામું જોઈને એમ બોલ્યા જે, “એક જેષ્ટિકા(લાકડી) લાવો, તેણે કરી આ સર્વે રજોગુણી પાત્રને ભાંગી નાંખીએ.”

ત્યારે તે સમે બ્રહ્માનંદ સ્વામી શ્રીજીમહારાજ સામા હાથ જોડીને બોલ્યા જે, “હે મહારાજ ! આ ટાણે અમારાં તૂંબડાં તમે ફોડી નાંખશો ત્યારે અમે જળ શેણે પીશું ? ને જ્યારે વાડ મધ્યે નવાં તૂંબડાં થાય ત્યારે ફોડજો. આ રંગેલ છે તેને પછી અમે સાદાં તૂંબડાં કરી લેશું.” તે સમયે પવન ચાલ્યો ત્યારે તે જલપાત્ર વાયુને વાયેથી કંપવા લાગ્યાં ને પવનના આઘાતથી ભરેર ભરેર(ભૂં..ભૂં..) શબ્દ થવા લાગ્યા.

તે સમયને વિશે બ્રહ્માનંદસ્વામીએ શ્રીજીમહારાજ પ્રત્યે હાથ જોડીને મર્મવચનથી કહ્યું જે, “હે મહારાજ ! અમારાં તૂંબડાં તે થર થર ધ્રૂજે છે. ને વળી એમ કહે છે જે, હે ગરીબનવાજ ! અમારી તમે રક્ષા કરવા જોગ્ય છો ને અમથી હલકું કોઈયે નથી.”

તેવી જુક્તિ સાંભળીને શ્રીજીમહારાજે રાજી થઈને એમ કહ્યું જે, **“તમો ત્યાગી પુરુષ જે સંત તેને આવાં રજોગુણી પાત્ર જોઈએ નહીં. કેમ જે, જેવો તમારા અંતરને વિશે ત્યાગ છે, તેવો ને તેવો જ બારે હોય, તેથી તમારી શોભા કહેવાશે. ને આ જે અમારી મરજી તે તમે સર્વે સંત સદાયે પાળજો.”** તેમ કહીને શ્રીજીમહારાજ જય સચ્ચિદાનંદ કહીને પોતાને ઉતારે પધાર્યા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે ‘ભાઈસ્વામીની સાદી તુંબડી બતાવી સંતોને ત્યાગનો ઉપદેશ આપ્યો’ એ નામે એકસઠમું પ્રકરણ ॥૬૧॥



પ્રકરણ - ૬૨

સયાજીરાવને શ્રેષ્ઠ ઘોડી ભેટ આપવાથી સત્સંગનો ગુણ આવ્યો

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ **વરતાલે** રામનવમીનો સમૈયો કરીને **શ્રીદુર્ગપુર** પ્રત્યે રસ્તા મધ્યે ઘણાક અશ્વારે વીંટાણા થકા ચાલ્યા આવતા હતા. ને તે સમે એક વૈરાગી વડોદરાના નરેશ સયાજીરાવના **ગુરુ** તેનું નામ **દેવીદાસ**, તે પોતે ભારે અશ્વ ઉપર ચડ્યા'તા ને તેના ભેગા વીશ-પંચવીશ અશ્વ હતા. તે મારગ મધ્યે શ્રીજીમહારાજને ભેગા થયા. ને એમ બોલ્યા જે, "અમારા ઘોડાને સાથે કોઈ ઘોડી દોડાવો, સો દેખે કોણ મોરે હોતા હે ?" ત્યારે શ્રીજીમહારાજે હરજી ઠક્કરને કહ્યું જે, "તમે આ બાવાના ઘોડાની સાથે તમે ચડ્યા તે તાજણને બેડવી દેખો, જોઈએ જે કોણ મોરે નીકળે છે ?"

ત્યારે તેણે ઘોડી દોડાવી તે બાવાનો ઘોડો મોરે નીકળ્યો, ને તે ઘણો ફુલાણો. તેને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "આ તો વેપારી લોક છે, ને તે કાંઈ અશ્વાર ન કહેવાય, ને તમારો ઘોડો કયા મુલકનો છે ? ને કેટલા રૂપિયાનો લીધો છે ?" જ્યારે શ્રીજીમહારાજે તેને તેમ પૂછ્યું, ત્યારે તેણે એમ કહ્યું જે, "કાઠિયાવાડ મધ્યેથી ચોટીલા પહાડ પંચાલ દેશનો ઘોડો છે, ને તેના મૂલના રૂપિયા એક હજાર સરકાર સિયાજીએ આપ્યા છે. તે હું દ્વારિકા જાઉં છું, તે મુને આપ્યો છે."

વળી એમ બોલ્યો જે, "તમારી ઘોડી મારા ઘોડા સાથે દોડાવો. જોઈયે કોણ મોરે થાય છે ?" ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "અમારી ઘોડી તો વછેરી છે." તેણે કહ્યું જે, "શી જાતમાં છે ?" ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, "તમે જે ઘોડી સાથે દોડ્યા તે તાજણની આ વછેરી છે. ને હે બાવા ! અમે કાંઈ બહુ અશ્વાર નથી." તેમ કહ્યાથી બાવો

ઘણોક અભિમાની, તે તેણે એમ જાણ્યું જે, મહારાજ કાંઈ અશ્વાર નૈ હોય તેથી હું મોર થૈને જીત કરીશ.

પછી ગર્વગંજન એવા જે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "ઠીક, લો બેડવીએ." તેમ કહીને શ્રીજીમહારાજે ભારે જરિયાની કસુંબી રંગે રંગેલો રેટો મસ્તકે બાંધ્યો'તો, તેને બીજો અસ્માની રંગનો ફેંટો હતો, તેણે કરીને બોકાની બાંધીને સજ્જ થતા હતા, ને તેને મહારાજે કહ્યું જે, "તાલી લૈને તુમ ભાગો, પીછે અમે તમારે વાંસે અમારી ઘોડી દોડાવશું." તેમ કહ્યું તેથી તે બાવો અભિમાની મહારાજને તાલી દૈને ભાગતો હવો. ને તેમ શ્રીજીમહારાજે તેને થોડુંક છેટું દૈને ઘોડીની લગામ દાબી ને પડકારીને બોલ્યા જે, "હાં... ભાગજો..." તેમ કહીને શ્રીજીમહારાજે ઘોડીને દાબી, તે તેના મોઢા આગે ઘણુંક છેટું કરી જાતા હતા.

ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! મારું પલાણ કસ્યું નો'તું, તેથી તમે મારે મોરે થયા." ત્યારે મહારાજે તેને કહ્યું જે, "ઠીક, પલાણ ખેંચી બાંધો." તેમ બાંધીને ફેર શ્રીજીમહારાજ સાથે ઘોડો દોડાવ્યો ને તેમ શ્રીજીમહારાજે તેને પડકાર્યો જે, "હા... દોડાવો..." તેમ કહીને પોતાની ઘોડી હાંકતા હતા. (ચારવાર દોડાવી) જેમ જેમ વિદ્યુતના ઝબકારાની પેઠે નીકળીને મોરે થાતી હતી, તેમ તેમ તે બાવો મનશું વિચારતો હતો જે, 'આ પૃથ્વીને ઉપર આવી કોઈ ઘોડી મેં નથી દીઠી. ને આ મહારાજ જેવો અશ્વાર પણ મેં મનુષ્ય મધ્યે કોઈ નથી દીઠો.' તેમ મનથી વિચારીને પોતાનું માન મેલીને એક સર(તળાવ) મધ્યે ઘોડાને પાણી પાયાને મિસેથી(નિમિત્તે; બહાને) વાંસે રહેતો હતો.

અને શ્રીજીમહારાજ પોતાના સખા પ્રત્યે ભવિષ્ય-વચન એમ બોલ્યા જે, "આ ઘોડી થોડાક દિવસે તે સયાજીરાવ નરેશ મંગાવીને આપણને પાંચ હજાર રૂપિયા આપવાનું કહેશે, પણ આપણે લેવા નથી. કેમ જે, તે તો મોટો નરેશ છે. તેની સાથે આ ઉત્તમ નરેશને ઓળખાણ

કરાવવી છે. તે કેમ તો આને(દાદા ખાચરને) ઉપર ઘણાક શત્રુ ઉપજ્યા છે, તેને મળ્યાથી સર્વે શત્રુ શમી જાશે. ને તેને(સયાજીરાવને) રાજ્ય સન્માન મળશે, ઇજ્જત ને આબરૂ વધશે ને તેમજ **અમારો ને અમારા સંત ને હરિજનનો ગુણ ગ્રહણ કરીને એક સમે તેના પુરને વિશે અમને અમારા સર્વે જને સહિત તેડાવીને પોતાના જીવનો મોક્ષ કરશે. ને અમારે તેના પુર પ્રત્યે ગયે ઘણાંક મનુષ્ય બાઈયું ને ભાયું અસંખ્યાત જીવોનો ઉદ્ધાર થાશે. ને ઘણોક સમાસ થાશે.**" તેમ સમજણની તે સમે શ્રીજીમહારાજે સર્વે જન આગળે આવી વાત કરી'તી તે લખી છે. તેમ કરતે શ્રીજીમહારાજ **શ્રીદુર્ગપુર**ને વિશે પધાર્યા ને ત્યાં મોટા ઉચ્છવ ને સમૈયા ને કથા ને કીર્તન ને જ્ઞાનભક્તિ આદિકની વાર્તા કરતા હતા.

ને હવે તે બાવો પાછો તીરથ જાત્રા કરીને વડોદરે આવ્યો. ને તે નરેશ આગે શ્રીજીમહારાજની ઘોડી તથા તેના અશ્વાર જે શ્રીજીમહારાજના વખાણ કરતો હતો જે, "આપણે ઘોડો હજારનો લીધો છે, તેની આગળે સ્વામિનારાયણની ઘોડી ચાર વારે મોરે નીકળી ગઈ ! તેવી તે ઘોડી છે, મહાશીલે જુક્ત છે ને રૂપ ને વયે જુક્ત છે !"

તેમ તેણે કહ્યાથી તે રાજાએ એમ કહ્યું જે, "તે મહત્પુરુષ રાજી થાય તો તે ઘોડી લેવી, પણ તેને કુરાજી કરીને લેવી નહીં." ત્યારે સભાના સર્વે જને એમ કહ્યું જે, "આપણા ઘોડાથી બમણા મટ(મૂલ્ય) જે પાંચ હજાર દેવા ને લેશું, તેમ મોટા પુરુષને રાજી કરીએ તેનો શો દોષ છે ?"

તે સમે શ્રીજીમહારાજ **શ્રીવરતાલે** બિરાજમાન હતા. ત્યારે તે નરેશનો પત્ર લૈને તેના **મેહેતાએ** આવીને હાથ જોડીને પત્ર આપીને વૃત્તાંત સંભળાવ્યું. ત્યારે શ્રીજીમહારાજ મંદમંદ હસતા થકા પોતાના સખા દાદા ખાચર ને ભક્ત સોમલા આદિક પ્રત્યે બોલ્યા જે, "અમે તમને પ્રથમ વાત કહી હતી, તે વાર્તા આજ મળી." ત્યારે તેમણે કહ્યું

જે, "હે કૃપાનાથ ! તથાસ્તુ, નિશ્ચે મળી." પછી તે સમે શ્રીજીમહારાજે પોતાના એકાંતિક જનને તેડાવીને કહ્યું જે, "આપણે આ ઘોડીનું મટ લેવું નહીં. ને તે નરેશને ભેટ આપજો."

તેમ કહીને મહારાજે નાગમાલાને તે ઘોડી પર ચડાવીને વટપતન મોકલ્યા. ને તે ત્યાં રાજસભા મધ્યે તેને **ધારકે** દોડાવીને હાથી તથા સિંહ સામી ચડાવી, તે નિધડકેથી ચડતી હવી. તે સમે નરેશે સર્વે ધારક જે ઘોડાની કિંમત કરવાવાળાને પૂછ્યું જે, "આ ઘોડીની શી કિંમત ?" ત્યારે સર્વે કિંમત બોલ્યા જે, "પાંચ હજાર રૂપિયાની કિંમતની આ ઘોડી છે." ત્યારે તે નરેશે નાગમાલાને એમ કહ્યું જે, "પાંચ હજાર રૂપિયા તમે લ્યો." ત્યારે તેણે એમ કહ્યું જે, "મુને તો મહારાજે એમ કહ્યું છે જે, તું મટ લૈશ મા ને તમને ભેટ મોકલી છે." તેવું સાંભળીને તે રાજાએ ઘણું રાજી થઈને નાગમાલાને પહેરામણી કરી. ને શ્રીજીમહારાજનો **ગુણ લીધો, તેથી તેના સર્વે પાપને બાળી દીધાં.**

પછી નાગમાલો વડતાલ પાછા આવ્યા. તે સમે શ્રીજીમહારાજ શ્રીલક્ષ્મીનારાયણના મંદિર આગે મંચ ઉપર બિરાજમાન હતા. ત્યાં નાગમાલાએ આવીને તે નરેશનો શુભ પત્ર જે ઘણાક વિનયેથી ને ઘણીક શુભ ઉપમા ને ઘણીક સ્તુતિનો લખ્યો'તો, તે મહારાજને આપ્યો. ને તે મધ્યે એમ લખ્યું'તું જે, 'હે મહારાજ ! એક વાર કૃપા કરીને આપ મારા પુરને વિશે પધારીને દર્શન દ્યો, એ જ મારી અરજ છે.'

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'સયાજીરાવને શ્રેષ્ઠ ઘોડી ભેટ આપવાથી સત્સંગનો ગુણ આવ્યો' એ નામે બાંસઠમું પ્રકરણ ॥૬૨॥



પ્રકરણ - ૬૩

દશેરાના દિવસે યજ્ઞ કરી સત્શાસ્ત્રનું પૂજન કરાવ્યું

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ ગામ **શ્રીદુર્ગપુર**ને વિશે બિરાજમાન હતા. તે સમે દશેરાનો સમૈયો હતો. ને તે સમે શ્રીજીમહારાજ અતિ પ્રસન્ન થકા બિરાજમાન હતા. ને પોતે ભારે જરિયાની વસ્ત્ર ધાર્યાં'તાં, ને પોતાને આગે મુનીન્દ્ર મુક્તાનંદસ્વામી આદિક સંતજન બેઠા હતા. ને ઉત્તમ નરેશ આદિક હરિજન તથા બાયું ને ભાયુની સભા બેઠી હતી. ત્યારે તે સર્વેને શ્રીજીમહારાજે એમ પૂછ્યું જે, "આજે દશેરાના દિવસે રાજા આદિક મોટેરા જે મનુષ્ય તે શું આચરણ કરે ?" ત્યારે તે સમે મોટેરા જને પૃથક પૃથક એમ કહ્યું જે, "હે મહારાજ ! કોઈ તો ઘોડાને દોડાવે ને કોઈ તો ભારે વસન ને અલંકારને પહેરે, ને કોઈ તો હવન-હોમ કરે, ને કોઈ તો સાધુ તથા બ્રાહ્મણોને જમાડે."

તેમ સર્વેની રુચિ જોઈને સર્વજ્ઞ એવા જે શ્રીજીમહારાજ તે સમે આમ બોલ્યા જે, "કોઈ દેવ ને દેવીના નામનો હોમ કરે, ને અમારે તો શાસ્ત્ર-પૂજન કરવું છે, માટે સર્વે શાસ્ત્ર મધ્યે ઉત્તમોત્તમ શાસ્ત્ર જે **શ્રીમદ્ ભાગવત** તથા **વાસુદેવ માહાત્મ્ય** ને ભારતને વિશે વિષ્ણુસહસ્રનામ ને મોક્ષધર્મ ને શ્રીભગવદ્‌ગીતા ને વિદુરનીતિ આદિક સર્વે સત્‌શાસ્ત્ર લાવો."

પછી તે મંગાવ્યાં. અને એક મોટી પાટ ઉપર તે સર્વ શાસ્ત્ર પધરાવીને શ્રીજી મહારાજે સર્વે શાસ્ત્રના ભણેલા વિપ્રોને બોલાવીને ઘણાંક હુતદ્રવ્ય જે આહુતિનો સામાન તે મંગાવતા હતા. ને તેમ શુભ મૃત્તિકા મંગાવીને તેનો હવનકુંડ વિધિવત્ પદ્ધતિ પ્રમાણે કરાવતા હતા. પછી અતિ વિદ્વાન વિપ્રને મુખ્ય ઋત્વિજ જે સર્વે વિપ્ર મધ્યે મોટેરો કરીને ને બીજા પણ ઘણાંક વિપ્રોના કાંડા બાંધીને તેમને વિધિવત્ વરુણીમાં વરતા હતા.

ને તે સમે શ્રીજીમહારાજ સર્વે જરિયાની વસન ઉતારીને રેશમનું એક પીત વસન પહેર્યું'તું. ને એક પીત વસન દોવટું ઓઢ્યું'તું. ને ભાલને વિશે કેસરચંદનની અર્ચા કરી'તી. ને તે મધ્યે કુંકુમનો ચાંદલો કર્યો'તો. ને તે મધ્યે શ્વેત અક્ષત ચોડ્યા'તા. ને પોતાના કંઠને વિશે મલ્લિકાના તથા થળકમલના સુમનના શોભાયમાન હાર પહેર્યા'તા. ને પોતે શુભ આસન ઉપર બિરાજમાન હતા. ને પોતાની પાસે સર્વે પૂજાનો સામાન જે ફળ, પુષ્પ ને રૂપમુદ્રિકા આદિક લૈને બ્રહ્મચારી મુકુંદ બેઠા'તા.

ને સર્વે વિપ્ર પ્રથમ શાસ્ત્રની પૂજાના મંત્ર ભણતા જાય છે. ને જે જે વસ્તુ માંગે તે હેમ ને રજત ને મોતી ને હિરા પિરોજા ને વસ્ત્ર ને ચંદન ને પુષ્પ ને અબીલ ને ગુલાલ ને અક્ષત આદિક વસ્તુ શ્રીજીમહારાજ બ્રહ્મચારી પાસેથી લૈ લૈને સર્વે શાસ્ત્રની ઉપર મેલતા હતા. આમ ઘણાંક ઉપચારેથી ધર્મધુરંધર ને સત્શાસ્ત્રના પ્રવર્તાવનારા એવા જે શ્રીજીમહારાજ તે પોતે વિધિવત્ સર્વ શાસ્ત્રોની પૂજા કરતા હતા.


ને ત્યાર પછી વિષ્ણુ સંબંધી જજ્ઞાદિકની આહુતિ આપતા હતા, તેમાં જે મંત્ર મધ્યે જે જે સમિધનું નામ આવે તે તથા ઘણાંક ઘીનાં પાત્ર ભરી ભરી દુર્ગપુરના હરિજન લાવ્યા'તા તે તથા બીજાં પોતે મંગાવતા હતા, (તે સર્વે અગ્નિમાં હોમતા હતા.) આમ ગરથ આદિકના હોમને કરાવતા હતા.

અને શ્રીજીમહારાજે પોતાના સભાસદ પ્રત્યે એમ કહ્યું જે, "ઘણાક વિપ્ર ને સંત ને હરેક અન્નાર્થી મનુષ્યને મિષ્ટ અન્ન વિધિવત્ કરાવીને જમાડીને તૃપ્તિ પમાડવા છે." પછી તે સમે તે સર્વે તેમ કરતા હતા. ને તે સમે ઘણાક વિપ્ર તે સામવેદ તથા ઋગ્વેદ તથા યજુર્વેદ ને અથર્વવેદના મંત્રનો મોટો ઉદ્‌ઘોષ કરતા હતા. ને પછી શ્રીજીમહારાજે એમ કહ્યું

જે, "સર્વે વાજાં વગડાવો." ત્યારે ઘણાંક વાજાં જે ત્રાંસાં ને ઢોલ ને મૂરફા ને દુંદુભી ને શરણાઈઓ વાગતાં હતાં. ને તૂરઈ તે તો કવિરાજ પ્રેમાનંદ તે વગાડતા હતા. ને ભૂંગળ ને રવાજ ને ભેરી ને કાંસિયા ને ઝાંઝ ને મૃદંગ ને ઝલરીઓ પણ વાગતાં હતાં. તે સર્વના ઉદ્ઘોષથી ને બાયુંના મંગળ ગીતને ગાવાથી દુર્ગપુરી નગરી અતિ શોભાને લેતી હતી. ને તે સમે શ્રીજીમહારાજ બ્રહ્મસભા(યજ્ઞવિધિમાં રહેલા બ્રાહ્મણોની સભા) મધ્યે બેઠા થકા યજ્ઞશાળાના જનને શોભાડતા હતા.

ને તેમ સર્વે પ્રકારની પૂજા ને હવન નવી કરાવીને વિધિવત્ પોતે પૂર્ણાહુતિ કરાવીને સર્વે વિપ્રોને વિધિવત્ દક્ષિણા જે વસન ને ભૂષણ ને પાત્ર ને અન્ન ને ઘણાંક રૂપિયા આપ્યાં ને ગૌદાનાદિક દાન આપી પોતે જમવા પધાર્યા. ને પોતે જમીને સર્વે સંતજનને પોતે પીરસીને જમાડ્યા. ને વિપ્રોની ઘણીક પંક્તિઓ જમે છે, તે ઠેકાણે પધારીને સર્વે જનને દર્શન દેતા થકા સર્વે અન્નાર્થી મનુષ્યને જમાડતા હતા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'દશેરાના દિવસે યજ્ઞ કરી સચ્છાસ્ત્રનું પૂજન કરાવ્યું' એ નામે ત્રેસઠમું પ્રકરણ ॥૬૩॥



પ્રકરણ - ૬૪

શ્રીહરિએ દાદા ખાચરના પુત્ર બાવા ખાચરનો જન્મોત્સવ ઊજવ્યો

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ ગામ **શ્રીદુર્ગપુર** મધ્યે **શ્રીલક્ષ્મીબાગ**ને વિશે વેદિકાની ઉપર ગાદી ને તકિયો નાંખ્યો'તો, તે ઉપર બિરાજમાન હતા. ને પોતાની આગળ સંત તથા હરિજનની મોટી સભા બેઠી'તી. તે સમે મુનીન્દ્ર મુક્તાનંદસ્વામી આદિક સર્વે ગવૈયા સંત વાજાં વગાડીને મંગળ ગીતને ગાતા'તા. ને પોતે અતિ રાજી થકા બેઠા હતા.

તે સમે શુભ દિન ને શુભ મૂરત ને શુભ નક્ષત્ર મધ્યે ઉત્તમ નરેશને ઘેર પુત્રનો જન્મ થયો. તે વાત સાંભળીને તેનો ભૃત્ય(ચાકર) શીઘ્ર લક્ષ્મીવાડીએ દોડ્યો. ને જ્યાં શ્રીજીમહારાજ શુભ આસને બિરાજે છે, ત્યાં આવીને તે ભૃત્ય હાથ જોડીને બોલ્યો જે, “હે મહારાજ, હે પ્રભો, હે સર્વજ્ઞ ! ઉત્તમ નરેશને ઘેર પુત્ર (બાવા ખાચર)નો જન્મ થયો છે. તેથી હું તમારે આગે વધામણિયો આવ્યો છું.”

તે સાંભળીને સર્વજ્ઞ ને સર્વેના કારણ એવા જે શ્રીજીમહારાજે અતિ રાજી થઈને તેને ઘણાં હેમનાં ભૂષણ ને ઘણાંક વસ્ત્ર ને ઘણીક રૂપમુદ્રિકાઓ આપી. ને તેમ ઉત્તમ નરેશ આદિકે તે વધામણિયાને ઘણુંક ધન આપીને રાજી કર્યો. ને તે સમયે શ્રીજીમહારાજ ઘણાક જ્યોતિષશાસ્ત્રના ભણેલ વિપ્ર પાસે જન્માક્ષર કરાવતા હતા. ને તે વિપ્રે કહ્યું જે, “આ જીવ તે રૂડાગુણવાન ને અતિ ઉદાર ને વળી તમારી ભક્તિને વિશે પ્રીતિવાન થાશે. ને સાધુ ને બ્રાહ્મણની રક્ષા કરશે. તે આદિક ગુણે જુક્ત થાશે.”

ત્યારે શ્રીજીમહારાજે તે વિપ્ર પ્રત્યે એમ કહ્યું જે, “તેના જન્માક્ષરની કુંડલી અતિ શુભ આવી.” તેમ કહીને શ્રીજીમહારાજ વાડીએથી ઘોડીએ

અશ્વાર થઈને ઘણાંક જને વીંટાણા થકા શ્રીદુર્ગપુર પ્રત્યે પધારે છે. તે સમાની મૂર્તિનું ચિતવન કરું છું. રાતા કિનખાપનો સુરવાળ પહેર્યો'તો, ને રાતી કિનખાપની ડગલી પહેરી'તી, ને માથે કસુંબી જરિયાની ભારે રેંટો બાંધ્યો'તો, ને કટીને વિશે નીલું શેલુ ચોગઠ પાડીને બાંધ્યું'તું, ને પોતાને ખભે એક અસમાની રંગનું શેલું ધાર્યું'તું, ને પોતાના કંઠને વિશે ઘણાંક સુમન મલ્લિકા ને થળકમલના હારને શોભાડતા હતા. તથા તોરા ને ગજરા ને ગુચ્છાદિકને શોભાડતા હતા.

ને પોતાને આગે ઘણાંક વાજાં જે ઢોલ ને ત્રાંસાં ને મૂર્ફા ને દુંદુભિ ને શરણાઈઓ ને મૃદંગ ને ઝાંઝને વગાડીને સંતજન મંગળ વિષ્ણુપદને ગાવતા હતા. ને ઘણાક વેદ ને શાસ્ત્રના ભણેલા જે ભૂસુર તે સ્વસ્તિવાચનના મંત્રને ભણતા હતા. ને ઘણાક બંદીજન(રાજાની સ્તુતિ કરનાર ચારણ લોકો) ને માગધજન(વંશાવલી ગાનાર ભાટ લોકો) તે વખાણને કરતા હતા. ને તેમ કરતાં થકાં સર્વે જને સહિત શ્રીજીમહારાજ શ્રીઉત્તમ નરેશના દરબાર મધ્યે પધાર્યા. ને શ્રીવાસુદેવના ઓરડાની ઓસરીએ ઉત્તર મુખે બિરાજમાન થયા.

પછી શ્રીજીમહારાજે કહ્યું, "સર્વે વિપ્રોને દક્ષિણા આપો." ને તે સમે દ્વિજોને વસન ને રૂપમુદ્રિકા આપીને રાજી કરતા હતા, ને તેમ બંદીજન ને માગધજનને ઘણાંક દાન અપાવતા હતા. ને તે સમે ઉત્તમ નરેશ ને તેની માતા સૂરબાઈ ને બહેન મોટીબા દેશ દેશ પ્રત્યે વિપ્રોને વધામણિયાને મોકલતા હતા. ને તે સમે સમાધિનિષ્ઠ સંતે કોઈ જોગી પુરુષને સમાધિ મધ્યે દીઠા. ને તેને તે સંતે પૂછ્યું જે, "તમે ક્યાં જાઓ છો ?" ત્યાં તેણે એમ કહ્યું જે, "અમે ઉત્તમ નરેશના ઘર પ્રત્યે જાઈયે છૈયે." પછી તે સંતે શ્રીજીમહારાજને વાત કરી, ત્યારે તેને શ્રીજીમહારાજે પૂછ્યું જે, "તેની અવસ્થા કેવડીક હતી." ત્યારે સંતે કહ્યું જે, "હે મહારાજ ! અતિ બાલ અવસ્થાએ દીઠા હતા."

ત્યારે શ્રીજીમહારાજે સુરબાઈ ને મોટી બાને એમ કહ્યું જે, "આનું નામ તો **બાવા ખાચર** પાડજો." ત્યારે તેમણે એમ કહ્યું જે, "હે મહારાજ! તથાસ્તુ. અમારે મોરે મોટા બાવો ખાચર હતા ને વળી તમારું વચન થયું, તે વળી અતિ શુભ થયું." અને તે સમે શ્રીજીમહારાજે સર્વે જનને શીખ આપી ને પોતે જય સચ્ચિદાનંદ કહીને પોતાના ઉતારા પ્રત્યે પધાર્યા.


હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ દુર્ગપુરે બિરાજમાન હતા ને સર્વે સંત ને હરિજનની સભા બેઠી હતી. તે સમે મહારાજ સર્વે સભા પ્રત્યે બોલ્યા જે, "આપણે શો ઉપાય કરીએ તેથી સર્વે જીવનો મોક્ષ થાય ? તે કહો, તો તેમ અમે વર્તીએ." ત્યારે કોઈ કહે જે, જેમ રામચંદ્રસ્વામી વર્ત્યા તેમ વરતો, કોઈ કહે જે, જેમ શ્રીકૃષ્ણસ્વામી વર્ત્યા તથા ઋષભ, કપિલાદિક વર્ત્યા તેમની પેઠે વરતો, તો જીવના મોક્ષ થાય.'

તેમ સર્વેની રુચિ સાંભળીને પોતે બોલ્યા જે, "લ્યો અમે તમને **એક દૃષ્ટાંત કહી દેખાડીએ.** જેમ મોટા સમુદ્રમાં મોટું વહાણ ફરે તે જે કાંઈ ઘણો વસ્તુ-માલ તેના સંબંધને પામે તેને સમુદ્રને પેલે પાર કરે તેવું તે છે, પણ તે ઘણું મોટું છે. માટે તેના ખેવટ તેને સમુદ્રની મધ્યે રાખે છે, ને તેનાં નાનાં હુડીયાં કાંઠે જઈને ઊભાં રહે છે, ત્યારે ફરતાં એવાં જે ગાડાં તે પૃથ્વી મધ્યેથી વસ્તુ-માલ સમુદ્ર-કાંઠે લાવીને ત્યાં રહેલાં નાનાં હુડીયા મધ્યે મૂકે છે.

પછી તે હુડીયા મોટા વહાણમાં પહોંચાડે છે, પછી તે વહાણ તે વસ્તુ-માલને સમુદ્રને પાર ઉતારે છે. તેમ (પૃથ્વીના વસ્તુ-માલને ઠેકાણે સર્વ લોક જાણો તથા) સકટને ઠેકાણે હરિજન ને નાનાં હુડીયાને ઠેકાણે સંત ને મોટા વહાણને ઠેકાણે અમને જાણો. ને એક ત્યાગી લંગોટીવાળો

તથા નરેશ લશ્કરે સહિત સમુદ્રને કાંઠે ઊભા છે, તે બેયને વહાણ તારશે અર્થાત્ એકલો ગરીબ કોઈ માણસ હશે કે મહામોટી સેનાવાળા રાજા હશે તેને પણ સસૈન્ય આ વખતે પાર ઉતારવા છે.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'શ્રીહરિએ દાદા ખાચરના પુત્રનો જન્મોત્સવ ઊજવ્યો' એ નામે ચોસઠમું પ્રકરણ ॥૬૪॥



પ્રકરણ - ૬૫

ગઢડામાં આંબા શેઠ અને લક્ષ્મીરામ શાસ્ત્રીની સહિયારી રસોઈ

એક દિવસને સમે શ્રીજીમહારાજ **શ્રીદુર્ગપુર**ને વિશે વિરાજમાન હતા. તે સમાને વિશે અતિ ઉત્તમ મહોદયપર્વ[1] આવતું હતું. તે સમાને વિશે શ્રીજીમહારાજ શ્રીભારતના શાંતિપર્વને વિષે રહેલ મોક્ષધર્મની કથા પ્રાગજી દવે પાસે કરાવતા હતા. તે સમાને વિશે શાસ્ત્રી લક્ષ્મીરામ ને ગઢાળીના વણિક આંબા મોદી શ્રીજીમહારાજના મોટા ભક્ત હતા, તે બેઉ જણ શ્રીજીમહારાજને આગે ઊભા રહીને હાથ જોડીને સ્તવન કરીને બોલ્યા જે, "હે મહારાજ ! હે ગરીબ નવાજ ! હે ગૌ-બ્રાહ્મણ-પ્રતિપાલક ! કાલે મહોદયપર્વ છે. તે પ્રતિદિને પ્રભાતે અમે બે જણ થઈને તમારો થાળ ને આંહીં જેટલા સંતજન છે, તે સર્વેને રસોઈ આપીશું."

ત્યારે શ્રીજીમહારાજે તેમને એમ કહ્યું જે, "તમે બેઉ જણ દુર્બળ છો, તે અમારો થાળ જ કરો ને સંતજનની રસોઈ રહેવા દ્યો." ત્યારે તેમણે એમ કહ્યું જે, "હે સમર્થ, હે પ્રભો, આવો સમો ને આ જોગ ક્યાંથી આવશે ? માટે હે નાથ ! કૃપા કરીને હા જ પાડવી, ને તમે

૧.પોષ અને મહા માસની સોમવતી અમાસનો સૂર્યોદય સમયનો પ્રથમ ભાગ કે જેમાં કરેલ પુણ્ય બહુ ફળદાયી થાય છે.

ને તમારા સંત જેવા જમનારા અમને ક્યાંથી મળશે ? માટે હા પાડો.” તેમ કહ્યાથી શ્રીજીમહારાજે હા પાડી ને એમ કહ્યું જે, “તમે કાચી રસોઈ આપો ને અમારે હાથે પીરસીને સંતને જમાડશું.” ત્યારે તેમણે એમ કહ્યું જે, “ઠીક, હે મહારાજ, અમારે તો તમને રાજી કરવા છે.”

શ્રીજીમહારાજના થાળના રૂપિયા અઢી દેવા, તેવું પ્રકરણ હતું, તે આપવા ગયા. ત્યારે કોઠારી કૃષ્ણજી નામે વણિક હતા. ને તેમને પૂછીને જ થાળ થાય, એમ શ્રીજીમહારાજની આજ્ઞા હતી. ને તે સમે તે બે જણ તેમને પૂછવાનું ભૂલી ગયા ને વર્ણિરાજ મુકુંદ હથુ થાળ કરાવ્યો. તેથી તે કોઠારીને તે સમે માન આવ્યું જે, જો મુને પૂછ્યા વિના તેમણે થાળ કર્યો, તેથી તેમને વિક્ષેપ કરાવું.

તેમ સમજીને માનવશ થઈને, તે થાળ કરે(થાળના રૂપિયા લેનાર) તે હરિજનને એમ કહ્યું જે, “તમને થાળના રૂપિયા આપ્યા છે, તે મુને દેખાડો.” તેણે આપ્યા ત્યારે તેણે એમ કહ્યું જે, “આ રૂપિયા તો ખોટા છે.” તેમ કહીને મુક્તાનંદસ્વામી પાસે કહ્યું જે, “આ તો રૂપિયા ખોટા આપે છે, તેનો થાળ કેમ થાય ?”

સ્વામીએ તે બે જણને કહ્યું જે, “તમારા રૂપિયા આ ખોટા કહે છે, તેનું કેમ ?” ત્યારે તે ઠેકાણે એક હરિજન સરાફ(નાણા ધીરનારનો ધંધો કરનાર - નાણાવટી) બેઠો હતો, તેને રૂપિયા દેખાડ્યા. તેણે કહ્યું જે, “રૂપિયા સત્ય છે.” તોય પણ તેણે તે રૂપિયા રાખ્યા નહીં. ત્યારે તે નાણાવટી હરિજને પોતા પાસે રૂપિયાની કોથળી ભરી હતી, તે વસ્ત્ર મધ્યે ઠાલવીને કહ્યું જે, “આમાંથી સાચા રૂપિયા જોઈને લ્યો.” ત્યારે તેણે લીધા ને પ્રથમના રૂપિયા તેની કોથળી મધ્યે નાખ્યાથી સ્વામીએ એમ જાણ્યું જે, આ જનને માન આવ્યું છે, તેથી વિક્ષેપ કરીને થાળને વિલંબ કરે છે. તેમ જાણીને સામ ઉપાયથી વાત કરીને થાળ કરાવ્યો.

પણ વળી કોઠારીએ બીજો વિક્ષેપ કર્યો જે, તે શાસ્ત્રીના રસોઈના ભાગિયા આંબા વણિકને એમ કહ્યું જે, "તું તો વાણિયો છો ને શાસ્ત્રી તો વિપ્ર છે. તેનો તેં ભાગ રાખીને રસોઈ આપી છે, તે તુંને બ્રહ્મમોલને વિશે ભાગ નહીં આપે. ત્યારે તું શું કરીશ ?" તેમ તેને(આંબાશેઠને) કહ્યાથી તે ઘણોક ભોળો હતો, તેથી તેનું મન કૃષ્ણજીએ ફેરવ્યું, તે ફરી ગયું. એટલે તેણે શાસ્ત્રીને એમ કહ્યું જે, "તું તો દ્વિજ છો ને હું તો વણિક છું, તે તું મુને ત્યાં બ્રહ્મમોલમાં ભાગ નો આપ તો હું તુંને શું કરું ?" ત્યારે શાસ્ત્રીએ તેને એમ કહ્યું જે, "કાગદ લાવો, હું તુંને લખત કરી આપું જે, ધૂન(શ્રેષ્ઠ; ચડિયાતો) ભાગના ધણી તે મોદી આંબા છે."

તેમ શાસ્ત્રીએ સ્વહસ્તે લખત કરીને તેને આપ્યો. તેમ કરી સમાધાન કર્યું. એટલાક મધ્યે શ્રીજીમહારાજનો થાળ તૈયાર થયો. તે સમે નાહીને પોતે જમવા બેઠા. તે સમાની મૂર્તિની સ્મૃતિ લખી છે : પીત વસન પેર્યું હતું ને એક પીત વસન દોવડું ઓઢ્યું હતું ને શીત ઋતુનો કાળ હતો ને પોતે ઉત્તરમુખે બેસીને જમતા હતા. તે ભોજનનાં નામ : દૂધપાક ને પૂરી ને મેંદાની રોટલી ને બિરંજ ને હરીસો ને સાકરના લાડુ ને શેરો સાકરનો આદિક ઘણાક ભોજન ને ઘણાક શાકના કટોરા થાળમાં મેલ્યા છે. તે મધ્યેથી જમતા જાય છે ને જળને પીતા જાય છે. ને પોતાનો ડાબો ભુજ પોતાના ઉદર ઉપર ફેરવવાનો છે સહજ સ્વભાવ જેને, એવા જે શ્રીજીમહારાજે જમીને ચળુ કર્યું.

પછી મોદી આંબો ને શાસ્ત્રી બેય જણે શ્રીજીમહારાજની જે પૂજા કરી હતી, તે લખીએ છીએ જે, ભાલને વિષે કેશરચંદનની અર્ચા કરી ને કુંકુમનો ચાંદલો કર્યો. ને મોતીના હાર બે તે મધ્યે મોતી નંગ સાડા ત્રણસો હતા, તે હળવા હતા, તે બે હાર ને તોરા તે શ્રીજીમહારાજને કંઠને વિશે આરોપણ કરીને કપૂરની આરતી ઉતારીને પગે લાગીને કહ્યું જે, "હે મહારાજ ! સંતજનને કાજે રસોઈ તૈયાર થઈ છે. તે તમે

પીરસવા સારુ પધારો.” ત્યારે શ્રીજીમહારાજ સર્વે શોભાને શોભાડતા થકા સંતને પીરસવા પધાર્યા. તે કાચી રસોઈ હતી, તે રોટલી ને તે મધ્યે મિસરી ધોયેલી પીરસતા હતા, ને તે મધ્યે ઘી ધાર કરીને પીરસતા હતા. ને ઘણાંક પ્રકારનાં શાક હતાં, તે પીરસ્યાં. ને પછી વાંસેથી ચોખા, દૂધ ને સાકર પીરસતા હતા. આમ સંતમંડળને જમાડીને સંત તથા હરિજનની સભાને શોભાડતા થકા બેઠા છે.

તે સમે એક વણિક વસ્ત્રને વેચવા આવ્યો. તેને શ્રીજીમહારાજે પૂછ્યું જે, “તારી પાસે નવાનગરના ભારે સાડલા છે ? અમારે શ્રીરાધિકાજી સારુ તથા તેમના ભક્ત સારુ લેવા છે.” ત્યારે તેણે કહ્યું જે, “છે.” પછી તેણે જરિયાની વસન કાઢીને દેખાડ્યાં. તેનાં મૂલ કરાવીને શ્રીજીમહારાજ લેતા હતા ને તેને પૂછ્યું જે, “આ વસન કિયા નગરનાં છે ?” તેણે કહ્યું જે, “મેં બીજા આગે તો નવાનગરનાં કહ્યાં છે, પણ હે સમર્થ ! તમ આગે તો હું મિથ્યા વચન નહીં બોલું.” “ને આ વસન તો ધોરાજીનાં છે.” તેમ તે બોલ્યો.

તેથી તે સમે કોઠારી કૃષ્ણજી એમ બોલ્યા જે, “આ વાણિયો ખોટો જ છે.” ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “તે સત્ય બોલ્યો તેની ભ્રાંસાના(ભર્ત્સના-નિંદા) કેમ કરો છો ? ને લાવો નગરનાં પટ, ને આની સાથે કિંમત કરી દેખો જે, તેથી અધિક છે ?” તેમ સર્વેએ જોયાં, ત્યારે તેથી અધિક થયાં. ત્યારે શ્રીજીમહારાજ મંદમંદ હસતા થકા એમ બોલ્યા જે, “આ કૃષ્ણજીની બોલી સર્વે મનુષને કેવી લાગતી હશે ?”

ત્યારે શાસ્ત્રી ને મોદી બેયે કહ્યું જે, “હે મહારાજ તમે જેને કબૂલ કર્યા, તેને મિથ્યા કહેવાને કોણ સમર્થ છે ? તમ વિના કોઈ નથી.” ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “તમને જો તેમણે દુભવ્યા હોય તો કહો.” ત્યારે તે બેય જણે એમ કહ્યું જે, “હે મહારાજ એમની બોલી

કટુક છે ને અમને જે આજ દિને વિપત પાડી છે, તે તમે કહો તો કહી દેખાડીએ."

ત્યારે શ્રીજીમહારાજનો રાજીપો જોઈને શાસ્ત્રી બોલ્યા જે, "હે મહારાજ ! અમે બેએ સહિયારું કરીને થાળ તથા રસોઈ આપી, તેમાં તેનું ગમતું નો થયું. તેથી આ મોદી ભોળો છે, તે તેને એમ બતાવ્યું જે, 'તેં બ્રાહ્મણનું સહિયારું કર્યું છે, પણ તને તે મૂઆ પછી ભાગ નહિ આપે. તેથી તારે બ્રહ્મમોલને વિશે કજિયો થાશે. તે સારુ તેને ના પાડ જે, 'હું તારા ભેગો રસોઈમાં સહિયારું નહીં કરું.' પછી મોદીએ તે પ્રમાણે મને કહ્યું, ત્યારે હે મહારાજ, મેં તેને કહ્યું જે, 'પ્રથમ બોલીને તમે કાં ફર્યું બોલો છો ? તેનું શું કારણ છે ?' ત્યારે તેણે એમ કહ્યું જે, 'મુને તો કૃષ્ણજીએ એમ કહ્યું જે, તુંને ધામને વિશે શાસ્ત્રી રસોઈમાં ભાગ નહીં આપે, તે સારુ આળશ્યો છું. ને તેના કહ્યાથી હું ના પાડું છું.' ત્યારે હે મહારાજ ! મેં તે મોદીને એમ કહ્યું જે, 'તમે કાગદ લાવો ને હું તમને મારા હાથદસ્તકનું(હસ્તાક્ષરનું) લખત કરી આપું જે, ધૂન ભાગના ધણી તમે છો ને તે મધ્યે જો હરેક(કાંઈ પણ) ટંટો કરું, તો તેના જામીન મહારાજ તથા ત્યાંના મુક્ત છે.' એમ કહીને હે મહારાજ, તેને મેં લખત કરી આપ્યું છે, ત્યારે તેણે હા પાડી છે."

ત્યારે તે સમે શ્રીજીમહારાજ અતિ રમૂજ આવ્યાથી ઘણીકવાર મંદમંદ હસીને તે સામું જોઈને એમ બોલ્યા જે, "આંબા, તેરા લખત લાઓ દેખે." ત્યારે તે સમે તેણે મહારાજના હસ્તકમળ મધ્યે કાગદ આપ્યો. ને તેને શ્રીમુખેથી પોતે વાંચીને હસતા થકા એમ બોલ્યા જે, "આ લખત તમે દેહ મૂકીને ત્યાં બ્રહ્મમોલે શી રીતે પહોંચાડત ? તે કહો." ત્યારે શાસ્ત્રીએ એમ કહ્યું જે, "હે મહારાજ એનું લખત તો બ્રહ્મમોલને વિશે નિશ્ચે પોતી ગયું, કેમ જે, તમે તમારા હાથમાં લઈને

વાંચો છો, તેથી બ્રહ્મમોલે પોતું, એમ જ કહેવાયને !" ત્યારે તે સમે સંત ને હરિજન એમ બોલ્યા જે, "સત્ય વારતા કહી છે, ને તે વાત તો તેમ જ છે."

એ આદિક ઘણીકવાર સુધી હાસ્ય-વિનોદને કરતાં થકાં પોતાના કંઠને વિશે મોતીના હાર પહેર્યા હતા, તેની સામું જોઈને પોતે એમ કહ્યું જે, "સાચા મોતીનો આવો એક હાર હોય તો તેનું કેટલાક રૂપિયાનું મૂલ્ય બેસે ?" ત્યારે તે સમે શાહુકાર હરિજન હતા, તેમણે એમ કહ્યું જે, "હે મહારાજ તેના મૂલ્ય તો હજારું રૂપિયા બેસે." ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "આ હાર અમે પહેર્યો છે, તેના મોતી અમૂલ્ય જ છે, તેના મૂલ્યનું પ્રમાણ(માપ) નથી, તેમ જાણવું. અને આ મોતીનો હાર છે, તે શ્રીવાસુદેવજીની મૂર્તિને પેરાવીએ. ને તે અમૂલ્ય છે ને વળી ભગવાનની મૂર્તિને પેરાવશે, તેથી તે અતિ શોભાને લેશે." અને મહારાજે કહ્યું જે, "કેમ હે શાસ્ત્રી, ઠીક ને ?" ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! અહો... અહો... મહારાજ ! મારો હાર તમે પહેર્યો, તેથી તે અલૌકિક થયો ! ને વળી તમે વાસુદેવે વાસુદેવજીને આપ્યો તે બહુ સારું થયું."

પછી શ્રીજીમહારાજના કંઠ મધ્યે મલિકાદીક પુષ્પના હાર હતા, તે એક હાર મોદીને આપ્યો હતો ને એક હાર શાસ્ત્રીને આપ્યો. ને પછી સર્વે સભા પ્રત્યે જય સચ્ચિદાનંદ કહીને પોતાના ઉતારા પ્રત્યે જઈને પોતાને સુખેથી સુખિયા થઈને પોઢી ગયા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'ગઢડામાં આંબા શેઠ અને લક્ષ્મીરામ શાસ્ત્રીની સહિયારી રસોઈ' એ નામે પાંસઠમું પ્રકરણ ॥૬૫॥



પ્રકરણ - ૬૬

ગઢપુરમાં દવે હરજીવન વગેરે ભક્તોની શ્રાદ્ધ નિમિત્તે રસોઈ ને પૂજન

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ **ગઢડા**ને વિશે બિરાજમાન હતા. તે સમાને વિશે ભાદરવા માસનો શ્રાદ્ધ પક્ષ હતો. ને તે દિવસે દવે હરજીવનના પિતાનું માલય(મહાલય-અમાસનું) શ્રાદ્ધ હતું.

તે સમે શ્રીજીમહારાજ જમી રહ્યા પછી અતિ પ્રસન્ન થકા બેઠા હતા. તે સમાની પૂજા ને તે સમાની મૂર્તિની શોભાને જેમ મેં દીઠી છે, તેમ લખું છું. શ્રીજીમહારાજે એક શ્વેત ખેસ પહેર્યો હતો ને મસ્તકે એક રૂમાલ રેશમી કોરનો બાંધ્યો હતો. તે સમે હરજીવન શ્રીજીમહારાજની પૂજા કરવા આવ્યા. અને તે **દિન અઢાર** હરિજનના થાળ હતા, તે અઢાર જણને પણ શ્રીજીમહારાજની પૂજા કરવી'તી. તેથી તે સર્વે હરિજન ભેગા થઈ કેશર, ચંદન ને પુષ્પના હાર ને ઘણાક પુષ્પની છાબ ભરીને આવતા હતા.

ત્યારે શ્રીજીમહારાજ તે સર્વે હરિજન પ્રત્યે મંદમંદ હસતા થકા એમ બોલ્યા જે, “તમે ઉતાવળા ન થાઓ અને દરેક જન ભિન્ન ભિન્ન ઊભા રહો ને પ્રથમ આ હરજીવનને પૂજા કરવા દ્યો.” ને પોતે એમ બોલ્યા જે, “અગ્રે અગ્રે વિપ્ર.” તેમ કહીને તે કાઠિયાવાડી ખેડુ લોક હતા ને શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત શિરોમણિ હતા, તેને શ્રીજીમહારાજે પૂછ્યું જે, “તમે કોઈ દિવસે અમારી પૂજા કરી છે ?” ત્યારે તેમણે એમ કહ્યું જે, “હે મહારાજ ! અમે તો આજ પહેલીવાર જ પૂજા કરવાને આવ્યા છીએ.”

તારે તેમને મહારાજે પૂછ્યું જે, “આ તોરા છે, તે તમે ક્યાં પેરાવશો ?” ત્યારે તેમણે એમ કહ્યું જે, “હે મહારાજ ! અમે તો તમારા

કાંનું ઉપર મેલશું." તે સાંભળીને અતિશે હસીને મહારાજ એમ બોલ્યા જે, "તમે સર્વે દેખો, જેમ આ હરજીવન અમારી પૂજા કરે, તેમ તમે શીખીને પછી અમારી પૂજા કરો." ત્યારે તે સમે જેમ હરજીવને પૂજા કરી હતી, તે લખું છું.

પ્રથમ કેસર-ચંદનની અર્ચા ભાલને વિશે ચરચતા હતા ને તે અર્ચા મધ્યે ઝીણી ઓકળી બંને કોરે પાડતા હતા. ને પછી શ્રીજીમહારાજના જમણા ભુજને ચરચે છે, તે સમે શાસ્ત્રી લક્ષ્મીરામ તે ભેગો પૂજા કરવા લાગ્યો. તારે મહારાજે એમ કહ્યું, "તારો થાળ મધ્યે ભાગ છે? જે તું પૂજા કરે છે ?" ત્યારે હરજીવને કહ્યું જે, "હે મહારાજ! તેણે મને ચંદન ઘસાવ્યું છે ને વળી મારો મિત્ર છે." તેમ કહ્યાથી શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "ઘામ થાય છે, તેથી સર્વે અંગ પર ચંદન તમે બે જણ ચર્ચો."

ત્યારે પ્રથમ જમણી ભુજાને ચર્ચી. ને પછી ડાબી ભુજાને ચરચતા હતા. ને શ્રીજીમહારાજની બે ભુજા કેવી છે, તો હસ્તીની સૂંઢ જેવી ગોળ છે ને સહજે પોતાના ઢીચણ સુધી લાંબી છે, ને આજાન બાહુ એવા જે શ્રીજીમહારાજને પછી છાતી ને ઉદર પર ચંદનને ચરચતા હતા. ને પછી શ્રીજીમહરાજના સાથળ કેવા છે ? તો કદળીના થંભ સરખા ગોળ છે, તેને ચંદન ચરચતા હતા. ને તેમ પિંડિયું ને જૂગલ ચરણને ચરચતા હતા. ને પછી ભારે કુંકુમના મોટા ચાંદલા અંગઅંગ પ્રત્યે કરતા હતા.

પછી બીજા સર્વે થાળવાળા હરિજન પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "તમે સર્વે જણ તે અમારે ચરણને વિશે ચંદન ચર્ચો." તેમ સર્વે ચંદનને ચર્ચતા હતા. ને તે સમાને વિશે શ્રીજીમહારાજનાં સર્વે અંગે જે કેશર-ચંદન ચરચ્યું હતું ને કુંકુમના ચાંદલા કર્યા હતા, તે સર્વે સુકાણું ત્યારે તે સમાની શ્રીજીમહારાજની મૂર્તિ જેમ દીઠી હતી, તેમ લખું છું.

પીળા ચંદન મધ્યે કુંકુમના ચાંદલેથી જાણીએ જે હેમના વસન મધ્યે રાતા હીરા પિરોજા જડ્યા હોય તેવું વસ્ત્ર ઓઢીને સર્વે શોભાને શોભાડતા ઊભા હોય ને શું ! ને એવા જે શ્રીજીમહારાજને પછી સુમન જે મલ્લિકા તથા થળકમલાદિક પુષ્પના હાર ને તોરા ને ગજરા ને પુષ્પની ટોપી ને પુષ્પનું અંગરખું ને પુષ્પની પછેડી આદિક પુષ્પના શણગાર અંગઅંગ પ્રત્યે પહેરાવ્યાં'તાં. ને મસ્તકે ટોપી ઉપર મોગરા ને જાઈ ને ચમેલી ને જૂઈના ઘણાક જાડા ને લાંબા હાર વીંટ્યા હતા, તે જાણીએ માથે મોટો શ્વેત ત્રફાળ(ત્રણ ફાળિયાંના સાંધા કરેલો ફેંટો) બાંધ્યો હોય તેમ તે હારોને શોભાડતા હતા !

પછી પુષ્પ મધ્યે ગરકાવ છે વપુ જેમનું એવા શ્રીજીમહારાજની હરિજનોએ કપૂરેથી આરતી ઉતારી. ને પછી મંત્રરૂપી પુષ્પાંજલિ અર્પણ કરીને પુષ્પોથી વધાવ્યા. તે પછી શ્રીજીમહારાજની સર્વે હરિજન જેમણે પૂજા કરી હતી, તે સર્વ હરિજનને પ્રસાદીનો એક એક હાર મહારાજે આપ્યો. ને તેવી શોભાને શોભાડતા થકા સંતના મંડળને પીરસીને જમાડી સ્નાનવિધિ કરીને પોઢી રહ્યા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'ગઢપુરમાં હરજીવન દવે વગેરે ભક્તોની શ્રાદ્ધ નિમિત્તે રસોઈ ને પૂજન' એ નામે છાંસઠમું પ્રકરણ ॥૬૬॥



પ્રકરણ - ૬૭

સુરતમાં મુક્તમુનિ દ્વારા હવેલીનાં ભૂતોનો ઉદ્ધાર ને ઘણા જનોને સત્સંગ

હવે એક દિવસના સમાને વિશે શ્રીજીમહારાજ શ્રીદુર્ગપુરને વિશે બિરાજમાન હતા. તે સમાને વિશે મુનીન્દ્ર એવા જે મુક્તાનંદસ્વામી તેને શ્રીજીમહારાજ સુરત બંદરને વિશે મોકલતા હવા. તે આખ્યાનને લખું છું. સુરતને વિશે મૂકવા તેનું કારણ શું ? તો સુરતમાં એક હવેલી ઘણાક મૂલવાળી સુતારે કરાવી હતી. તેના ઘરનાં સર્વે મનુષ્ય બાઈઓ ને ભાઈઓ મુમૈયે(મુંબઈ) તેના સંબંધીનો વિવાહ હતો, ત્યાં સોઢ્યા(રવાના થયા) ને વહાણે બેઠાં. તે વહાણ કાળની ગતિએ સમુદ્ર મધ્યે ડૂબ્યું. તેમાં સર્વે જન ડૂબ્યા. તે વાસના સોતા મરીને તે હવેલીમાં ભૂતયોનીને પામીને રહેતા હવા. તે દિવસ વિશે પણ તે શેરીમાં કોઈ મનુષ્ય નીસરી શકે નહિ તો તેમાં રહેવા કોણ જાય જ ? અને તે દિવસે ગીત ગાય ને તાળિયું પાડીને રાસડા લે.

તે બીજા સર્વે શહેરમાં જાહેર થયું અને તે સુરત શહેરમાં પણ જાહેર થયું ને તેનાં તાળાં કોણ ઉઘાડી શકે ? ને તેના પાડોશના લોકોને ત્રાસ પમાડતા હવા. તે સમે સરકાર એમ બોલ્યા જે, “એસા કોઈ ભેખધારી હે જે તે ભૂતકું હઠાય કે આપ રહેવે ? તો ઇનકુ અર્ધા મૂલે તે હવેલી દેવે.” તેમ કહીને સર્વે મતપંથના ભેખુંને તેડાવીને તે પ્રત્યે એમ કહ્યું જે, “તમે આ હવેલી રાખો તેવા સમર્થ છો ?” ત્યારે તે સર્વે એમ બોલ્યા, “ઈ ઠેકાણે તો સ્વામિનારાયણના સાધુ રહે એવા તો એ જ લંગોટબંધ(દૃઢ બ્રહ્મચર્યવાળા) ત્યાગી ને ભૂતોને હઠાવે તેવા છે.” તેમ સર્વે લોક ને ભેખધારી બોલ્યા.

તે સમે સરકારે મોટેરા હરિજન સભાજિત(સન્માનિત; વિખ્યાત) ભાઈચંદ તથા ભીખારીદાસ, ગોવિંદભાઈ ને ભગુભાઈ આદિકને

તેડાવીને એમ કહ્યું જે, "તમને ભૂત રહે છે તે હવેલી અર્ધે મટે આપીએ. વાસ્તે સ્વામિનારાયણ ઉપર તમે કાગદ લખી મેલો." તેમ સુરતના હરિજને શ્રીજીમહારાજ ઉપર ઘણીક ઉપમાથી શુભ અક્ષરેથી પત્ર લખીને અનુચર મૂક્યો. તે શ્રીદુર્ગપુરને વિશે શ્રીજીમહારાજની સમીપે આવ્યો. ને તેણે શ્રીજીમહારાજને પત્ર આપ્યો.

તે પત્રને શ્રીમુખે વાંચીને મુનીન્દ્ર એવા જે મુક્તાનંદસ્વામી તેને તેડાવીને પોતે એમ બોલ્યા જે, "હે મહત્પુરુષ ! તમે કેવા છો ? તો ભગવાનના કૃપાપાત્ર છો ને તમારા અંતઃકરણને વિશે સદાકાળે પ્રત્યક્ષ પ્રમાણ ભગવાન બિરાજમાન છે. માટે તમે ઈશ્વર જેવા જ કહેવાઓ. તે સારુ આ એક કામ તમ જેવું જ છે. તે અમારી આજ્ઞાથી તમે સુરત બંદરે પધારો. કેમ જે, સરકાર આપણને તે નગરીને વિશે હવેલી આપે છે. તે હવેલી મધ્યે ઘણાંક ભૂત અસતગતિયાં રહ્યાં છે. તેથી ત્યાંના સરકારે સર્વે મતપંથના ભેખુંને(ભેખધારીને) તેડાવીને તે દેવા માંડી, પણ તે સર્વેએ ભૂતના પરાભવથી ના પાડી. ને એમ બોલ્યા છે, 'તે ભૂત તથા હરેક પાખંડ જે ભૈરવ, બ્રહ્મરાક્ષસ ને કબંધાદિકને હઠાવે એવા ત્યાગી, તપસ્વી ને સ્ત્રી-ધનાદિકના પણ ત્યાગી છે, તે ભૂતોને હઠાવશે ખરા.' તેમ તે સર્વે ભેખું દુરાશયે બોલ્યા.

ત્યારે ત્યાંના સરકારે પુરીના હરિજનને તેડાવી પત્ર અમારે ઉપર લખીને મુખસુદ(રૂબરૂ) માણસ મોકલ્યો છે. તેથી હે સ્વામી ! તમે સર્વે ગુણની સીમા છો. માટે અમારી આજ્ઞાથી તમારું મંડળ તેણે સહિત જાઓ. ને તે ઠેકાણે આપણે મંદિર કરીશું. તેથી ઘણાક જીવોના ઉદ્ધાર થાશે. ત્યાંનો નરેશ અમને તેડાવીને ત્યાં ઘણોક સમાસ કરાવશે."

પછી મુક્તાનંદસ્વામી શ્રીજીમહારાજની આજ્ઞા મસ્તકે ધરીને ચાલતા હવા. તે મંડળના સંતનાં નામ - ચૈતન્યાનંદજી, પરમાનંદજી, નૃસિંહાનંદજી, દેવાનંદજી, પ્રેમાનંદજી, નિત્યાનંદજી, કૈવલ્યાનંદજી

ને બ્રહ્માનંદજી આદિક સર્વે સંતજન સાબદા થઈને આવ્યા. તે સમે શ્રીજીમહારાજ સર્વેને મળ્યા. અને મળીને પોતે એમ કહ્યું જે, “હે સ્વામી ! તમો ને તમારા મંડળના સંત સર્વે તે નગર મધ્યે જઈને સરકારની રજા લઈને તે હવેલીનાં તાળાં ઉઘડાવીને તે સર્વે ભૂતને મોક્ષ પમાડીને મોટો પ્રતાપ જણાવીને આવજો.” ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, “હે મહારાજ ! તે ભૂતોનો શે ઉપાયેથી મોક્ષ કરવો તે કહો.”

ત્યારે તે સમે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “તે(ભૂતની હવેલી) મધ્યે ઉતારા કરીને ભગવાનની **મૂર્તિને ધારીને** શ્રીભગવદ્‌ગીતા, વિષ્ણુસહસ્રનામ, વાસુદેવ માહાત્મ્ય, નારાયણ કવચ ને **શ્રીમદ્ ભાગવતના બાર સ્કંધના** જે અઢાર હજાર શ્લોક તેની તમે સાત દિવસ પારાયણ કરજો, તેથી તે ભૂતોનો મોક્ષ તત્કાળે થાશે.”

તેમ રજા માગીને ચાલ્યા, તે જહાજે બેસીને **સુરત** મધ્યે ગયા ને સરકારને સંભળાવીને(જાણ કરીને) તે ભૂતની હવેલી મધ્યે ઉતારો કર્યો. ને તે રાત્રીને વિશે ઘણાંક ભૂત તે તાળિયું પાડીને નૃત્ય કરતાં દેખાયાં. ને ઘણાંક ભયાનક રૂપને દેખાડ્યાં, પણ ધીરજવંત સંત મહામંત્રને ઉચ્ચારણેથી દૂરે ખસાવી દેતા હતા. ને જેમ કહ્યું હતું, તેમ પાઠ, પૂજા, ધૂપદીપ ને ભગવાનની મહાપૂજાને કરતા હતા. ને ઘણા હોમ ને હવનને કરાવતા થકા ને ઘણાક સાધુ ને બ્રાહ્મણોને જમાડીને તે હવેલી મધ્યે રહેતાં એવાં જે ભૂત તે સર્વેનો (સાત દિવસે) ઉદ્ધાર કર્યો.

પછી તે સરકારને સર્વે શહેરનાં મનુષ્યે એમ કહ્યું જે, “તે ઠેકાણેથી સર્વે ભૂતને કાઢી મૂક્યાં.” ને તેમ સર્વે તે પુરીનાં મનુષ્ય તથા ત્યાંના હાકેમ જે અરદેશર ને પીરુ સાહેબે પોતાના મનશું એમ જાણ્યું જે, “આ તે કોઈ મોટા પુરુષ છે ને આના હાથ મધ્યે કલ્યાણની વાત છે ખરી. જેણે ભૂતોનો ઉદ્ધાર કર્યો તે સર્વેને ઉદ્ધારે, એવા તે ફકીર છે.” તેમ જાણી શ્રીજીમહારાજનો દૃઢ આશરો કરતા હતા, તે વાત વિખ્યાત છે.

તે સમે તે નગરને વિશે ઘણાક દિવસ સુધી મુક્તાનંદસ્વામી મંડળે સહિત વસતા થકા પોતાની ગાનવિદ્યા ને બ્રહ્મવિદ્યાએ કરીને ઘણાક મનુષ્યને વર્તમાન ધરાવીને શ્રીજીમહારાજને સન્મુખ કરતા હતા.

❁ સંતો માટે ભાઈચંદ શેઠે અર્ધા રૂપિયાના શાક માટે સો આપ્યા

એક દિવસને વિશે ભાઈચંદ શેઠ તેણે સ્વામીએ સહિત સર્વે મંડળને રસોઈ આપી. ને તે સારુ ચૌટા મધ્યે પોતાનો વકીલ જે ગોવિંદભાઈ તેને શાક લેવાને મોકલ્યા. ને તે સમે કાછિયાની હાટે એક ગોસ્વામીનું મનુષ્ય તે પણ શાક લેવાને આવ્યો. તેમ તે સમે કાછિયાના ઘર મધ્યે થોડીક કાકડિયું(પાપડી) તથા પરવરનાં શાક હતાં.

તે કાકડિયું ગોવિંદભાઈ અર્ધ રૂપિયે લેતા હતા. ત્યાં તે વૈષ્ણવે દ્વેષથી એક રૂપિયે માગી. ત્યારે તે હરિજને બે રૂપિયા કર્યા, ત્યારે તે પ્રતિવાદીએ ચારે માગી. પછી તે હરિજને આઠ રૂપિયે માગી, ત્યારે તે પ્રતિવાદીએ રૂપિયા સોળ કર્યા. ત્યારે તે હરિજને રૂપિયા બત્રીસ કર્યા. ત્યારે તે ગોસ્વામીના શિષ્યે ઈર્ષ્યાથી ઠામૂકાં(એકદમ) રૂપિયા પચાસને કરીને એમ બોલ્યો જે, “મારા ગુરુને અર્થે હું લઈ જાઉં છું.”

ત્યારે ભાઈચંદ શેઠનો ગુમાસ્તો એવા જે ગોવિંદભાઈ તેણે કહ્યું જે, “તેના રૂપિયા હું તો સો આપું છું. કેમ જે, મારો શેઠ ધનાઢ્ય છે ને તેને જમનારા મહત્પુરુષ છે. તેથી કેમ તારે અધિક મટેથી લેવી છે ?” તેમ હરિજન બોલ્યા. તે વૈષ્ણવ ગોસાઈજી સારુ લેવા આવ્યો’તો, પણ તેને હાર પમાડીને ગોવિંદભાઈએ પોતાના શેઠને આપીને કહ્યું જે, “આટલા(એક મણ) શાકના મેં તો એક શત રૂપિયા આપ્યા છે. તે કેમ જે, તેનો વૈષ્ણવ ગોસ્વામી સારુ શાક લેવા આવ્યો’તો, તેથી વાદ થયાથી મેં રૂપિયા શત આપ્યા(આપવાના કહ્યા) છે.”

ત્યારે હરિભક્ત શિરોમણિ ભાઈચંદે કહ્યું જે, “હે ગોવિંદ ! તેં મારું અતિ રૂડું કર્યું જે, આપણે ઘેર આવા સંત મહત્પુરુષ, તે સારુ

જે મોંઘી જણસ મળે તે જમે, તે જ મારે મજરે આવ્યું(ફળદાયી થયું) કહેવાય." તેમ કહીને તે શાકવાળાને સો રૂપિયા તરત આપીને, સ્વામી સારુ ઘણીક પ્રકારની રસોયું ને શાક કરાવ્યાં. ને સ્વામી જમી રહ્યા પછી ચંદન ને પુષ્પથી પૂજા કરીને અતિ નમ્રતાથી પગે લાગ્યા. ને સંતજન જમીને પોતાને ઉતારે ગયા.

પછી તે શહેર મધ્યે એમ વાર્તા થાતી હતી જે, 'શેઠ ભાઈચંદે સંત જમાડ્યાને સારુ એક સો રૂપિયાની શાકની ગાંઠડી લીધી.' તેમ કરતાં સરકારે વાત સાંભળી ને તે સમે શેઠ ભાઈચંદને તેડાવીને સરકારે પૂછ્યું જે, "તમે શાકવાળાને સો રૂપિયા આપ્યા ?" ત્યારે કહ્યું જે, "હા" ત્યારે સરકારે કહ્યું જે, "એવડા બધા કેમ આપ્યા ?" ત્યારે ગોવિંદભાઈ અને શેઠે કહ્યું જે, "અમારે ને વૈષ્ણવને વાદ થયા, તેથી રૂપિયા સો કરીને અમે લાવ્યા. અને તે શાકના ખાનારા તો બડા ઓલિયા ફકીર હે, ઇનકે વાસ્તે વધુ મટ આપ્યા હે તિનમેં ક્યા ?"

ત્યારે તે સમે સરકારે એમ કહ્યું જે, "ઓ સાધુએ ભૂતકું હઠાયા હે એસા સમર્થ હે, સો ઉનકા દેદારે(દર્શને) હમ આવેંગે." તેમ કહીને તે ગુસાંઈજીના શિષ્યને તથા તે શાકવાળાને તેડાવીને પૂછ્યું જે, "તમારે ને સ્વામિનારાયણવાળાને કેમ વાદ થયા તે કહો." ત્યારે તેણે જેમ મોર વાદ થયો તે કહી દેખાડ્યો જે, "મેં તો પચાસ રૂપિયે માગ્યું ત્યારે તે મૂરખે ઈર્ષ્યાથી સો રૂપિયા કરીને શાક લીધું." તેમ એ ગોસ્વામીનો શાહુકાર શિષ્ય બોલ્યો. ત્યારે તેને સરકારે એમ કહ્યું જે, "તુમ બી ખોટા ને તુમારા ગુરુકુ બી તુમ ખોટા જાનતે હો તિનસે વધુ મૂલ ન દિયા, ને સત્સંગી બી ખરા હૈ ને તિનકા ગુરુ બી ખરા હૈ, જેણે ભૂતકું હઠાયા એસા હૈ, ઇનકે વાસ્તે ક્યા નો હોવે ?"

તેમ કહીને તે સર્વે શાકવાળા કાછિયાને તેડાવીને એમ કહ્યું જે, "એક ગાંઠડી શાકકા ક્યા મૂલ બેઠે ?" ત્યારે તે સર્વેએ એમ કહ્યું,

"રૂપિયો અર્ધો, તેનું મૂલ." ત્યારે તે સરકારે કહ્યું જે, "હે ભાઈચંદ ! તમે રૂપિયો એક આપો." ત્યારે તેણે એમ કહ્યું જે, "હું શાહુકાર ને વળી સત્સંગી, ને વળી તેના ખાનાર સત્પુરુષ છે; તે ત્રણે વાત ખોટી નો પડે. ને વળી હે સાહેબ ! એમ છે કે એવા સાધુને અર્થે હું જે કાંઈ ખર્ચ કરું છું, તે જ હું ધન કમાણો, ને બીજે ઠેકાણે વરે છે તે તો ધૂળમાંથી ઊપજ્યું જે વિત્ત તે ધૂળ જેવું જ હું જાણું છું." તેમ કહી રૂપિયા ભાઈચંદ શેઠે નો લીધા, તેથી ખુશ થઈને સરકારે મંદિર માટે (હવેલીવાળી) જગ્યા ધર્માદામાં આપી. પછી પોતાના ઘર પ્રત્યે આવીને સંધ્યાકાળે મંદિરે સ્વામીને દર્શને આવ્યા.

ત્યારે મુક્તાનંદજીએ કહ્યું જે, "હે શેઠ ! તમે વાદ કરીને શાકના એક સો રૂપિયા કેમ આપ્યા ? તેવી વાત શ્રીજીમહારાજ સાંભળે તો અમને ઠપકો મળે. તે સારુ તમે આમ કરશો તો અમે તમારા ગામ મધ્યે નહીં રહીએ." ત્યારે ભાઈચંદે એમ કહ્યું જે, "હવે એવું નહિ કરીએ." તેમ કરતાં તે સમે ઘણાક માણસ સુરત મધ્યે હરિભક્ત થયા.

પછી સર્વે સંત ને હરિજને શ્રીજીમહારાજ ઉપર સુરતના સર્વે સમાચારનો પત્ર લખીને કાસિદને મોકલ્યો. પછી સુરતથી તે કાગળ લઈને તે કાસિદ એક દિને સમે શ્રીદુર્ગપુરે શ્રીજીમહારાજ પાસે આવ્યો. તે મધ્યે સર્વે સમાચાર જે ભૂતનો ઉદ્ધાર કર્યો, ને તે મંદિર માટે જાયગા લીધી, ને તે ગામના અધિપતિને સત્સંગ કરાવ્યો, ને બીજાં ઘણાંક માણસને વર્તમાન ધરાવ્યાં, તે આદિક ઘણાક સમાચાર પત્રને વિશે લખ્યા'તા.

❁ મુક્તમુનિને સુરત તેડવા જતા લક્ષ્મીરામની સામુદ્ર માર્ગે રક્ષા

તે સાંભળીને શ્રીજીમહારાજ અતિ રાજી થયા ને મુક્તાનંદસ્વામી ને તેના મંડળને તેડવાને સારુ શાસ્ત્રી લક્ષ્મીરામને પોતાનો મોરછાપનો પત્ર લખીને મોકલ્યા. ને તેને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "સ્વામીને અમારા 'નારાયણ' કહેજે ને સ્વામીને તેડીને આવજે." ત્યારે કોઈએ એમ

કહ્યું જે, "આજ જ્યેષ્ઠ માસને વિશે જહાજ આખરના વાયેથી(તોફાની પવન ફૂંકાવાથી) ડૂબે ખરું." ત્યારે મહારાજ તે સમે બોલ્યા જે, "જેની ઈશ્વર રક્ષા કરે, તેને શું થાય છે ?" તેમ કહ્યાથી તે લક્ષ્મીરામ વહાણ મધ્યે બેઠો. ને મધ્ય સમુદ્રે વહાણ ગયું, એટલાક મધ્યે મહાજોરાણ વાયુના વેગેથી પોતને(વહાણને) ભમાવતો હવો. ને તે વહાણના સઢ મધ્યે વાયુના જોરેથી મધ્યનો જે કુવાથંભ તેને ભાંગી નાખ્યો. તે સમે સર્વે વહાણના ખેવટ હાર પામીને 'હા..!' ઈતિ કષ્ટે એમ પોકાર કરવા લાગ્યા.

તે સમે શાસ્ત્રીએ શ્રીજીમહારાજની સ્મૃતિ કરી એમ કહ્યું જે, "હે મહારાજ ! હું તમારો ભક્ત છું ને વળી તમારા મોટા સંતોને તેડવા જાઉં છું. તેથી આ વહાણની રક્ષા કરો. હે ગરીબનવાજ ! હે કષ્ટના હરનારા હરિ ! આ સમે મારી રક્ષાને કરવા જોગ્ય તમ વિના બીજું કોઈ નથી." તેમ સ્તવન કર્યાથી સર્વદર્શન(બધું જ જોઈ શકનારા ને જાણી શકનારા) એવા જે શ્રીજીમહારાજ તે પોતાના યોગૈશ્વર્યથી ઘણાક મોટા વપુવાળા મુક્તે સહિત પધાર્યા. તેને તે શાસ્ત્રી દેખતો હતો. તે મેરાણ મધ્યે સર્વે ઊભા છે, છતાં તે જળ તેને પરાભવ નથી કરતું. જેમ પૃથ્વી ઉપર ઊભા હોય તેમ ઊભેલા દેખતો હતો.

ને તે સમે મહેરાણની મોટી લહેરોથી જહાજ મધ્યે ઘણુંક જળ ભરાણું, તેથી સૌ પાણીમાં ડૂબ્યા, તે સમે તે મુક્તોએ જહાજ ઊંચું તોળીને (ખાલી કરીને) સમું કર્યું. પછી તેના ખેવટોને પણ રાત્રીને વિશે અતિ પ્રકાશ દેખાડ્યો. પછી તે વહાણનો સ્થંભ દોરડેથી બાંધ્યો. અને ઈશ્વરની ઇચ્છાથી સુરતની ખાડી મધ્યે આવીને જહાજેથી ઊતર્યા. પછી તે વિપ્ર મંદિરને વિશે રહ્યા જે મુક્તાનંદ આદિ સંત તે પ્રત્યે જઈને શ્રીજીમહારાજના સંદેશાને સંભળાવીને શ્રીજીમહારાજનો લખેલો પત્ર આપ્યો.

અને પત્રને માથે ચઢાવીને મુક્તાનંદસ્વામીએ પોતે વાંચીને સર્વે સંત ને હરિજનને સંભળાવ્યો ને એમ કહ્યું જે, "અમને તેડવા સારુ આ શ્રીજીમહારાજનો વિપ્ર શાસ્ત્રી આવ્યો છે. તે અમે દુર્ગપુર પ્રત્યે જાશું." તેમ કહીને તે વિપ્રની ઉપર સંત ઘણુંક રાજી થઈને મળીને વસ્ત્ર ને દક્ષિણા હરિજન પાસેથી અપાવતા થકા પ્રભાતે ચાલ્યા, તે જહાજે બેસીને દુર્ગપુરને વિશે સર્વેના કારણ એવા જે શ્રીજીમહારાજ તેને સમીપે આવ્યા.

તે સમાને વિશે શ્રીજીમહારાજે જે વસ્ત્ર ને હેમનાં ભૂષણ પહેર્યાં'તાં, તે શોભાને લખું છું. એક સુરવાળ પીળી છાટમનો(એક પ્રકારના કાપડનો) હીરની નાડીએ સહિત પહેર્યો'તો; ને ઝીણું અંગરખું કસુંબી રંગનું પહેર્યું'તું; ને મસ્તકે કસુંબી ને જરિયાની ઝીણો રેટો બાંધ્યો'તો; ને કટીને ઉપર ઝીણું નીલું વસ્ત્ર બાંધ્યું'તું; ને એક અસ્માની રંગનું શેલું પોતાના ખભાને વિશે ધાર્યું'તું; ને કરને વિશે આંટાળાં ને વાઘમોરાં કનકનાં કડાં પહેર્યાં'તાં; ને પોતાની આંગળીએ વેઢ-વીંટીઓ, બાંયે બાજુબંધ ને ઉર મધ્યે નંગ જડેલી ઊતરી ને હેમના દોરા ને સત્ય મોતીના હાર પહેર્યાં હતાં; ને મસ્તકે સુમનના તોરા ને કરણને વિશે પુષ્પના ગુચ્છાદિક ધાર્યાં હતાં. તે સર્વે શોભાને શોભાડતા થકા શ્રીજીમહારાજ પોતાના ઉતારાને વિશે પલંગ ઉપર બિરાજે છે.

દિવસ પાછલો ઘટી આઠને આસરે હતો, તે સમે સ્વામી શ્રીમુક્તાનંદજીને શ્રીજીમહારાજ મળ્યા. તે સમયની વાત લખીએ છીએ જે, મુક્તાનંદસ્વામીને મહારાજે દીઠા, તે સમે મહારાજ પોતાના **પલંગેથી ઊતરીને સામા દોડીને શીઘ્ર દંડવત** કરવા લાગ્યા. ત્યારે મુક્તાનંદજીએ પણ દંડવત કરીને કહ્યું જે, "હે મહારાજ ! તમે અમને કેમ નમો છો ?" ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "તમે તો અમારા ગુરુ છો ને અમારે તો **તમ જેવા સંતને નમવા, માનવા** ને તેને જ **પૂજવા**. ને

સર્વે જન તે અમને જ માને છે. અને અમે તે તમ જેવા સાધુ તેને જ માનીએ છીએ.” તે સમે શ્રીમુખેથી સંતજનનાં ઘણાંક વખાણ કર્યાં, પણ આ તો કિંચિત્ લખું છું.


અને પછી સર્વે સંતોને શ્રીજીમહારાજ મળીને સર્વે સંતોને મિષ્ટ અન્ન જે જલેબી ને સાટા જમાડતા થકા પોતે જ પિરસી જમાડ્યા. ને સર્વે જમી રહ્યા પછી શ્રીજીમહારાજ પોતાને પલંગે બેઠા. ત્યારે મુક્તાનંદજીને સુરતમાં જેમ વાર્તા થઈ, તે સમાચારને પૂછ્યા જે, “હે સ્વામી ! તમે શહેરમાં ગયા ને જેમ થયું, તે સર્વે વાત અમને કહી દેખાડો.”

ત્યારે સ્વામીએ શ્રીજીમહારાજ સામા હાથ જોડીને એમ કહ્યું જે, “તથાસ્તુ, હે પ્રભો ! અમે શહેર મધ્યે જઈને સરકારની રજા મંગાવી ને તે હવેલીનાં તાળાં ઉઘડાવીને તે મધ્યે જઈને ઉતારો કર્યો. ને તે નિશા મધ્યે ભયાનક ભૂત અનેક પ્રકારના ભૂંડા વેશને ધરી પાખંડ કરતા જોયા. ત્યારે તે સમયે સંત સર્વે તમારી મૂર્તિને ધારીને મહામંત્રના ઉચ્ચારણને કરતાં થકાં નિર્ભયતાથી રહેતા હતા. પછી તમે જે કહ્યા હતા, તે શાસ્ત્રના પાઠને વિધિવત્ કર્યાથી ભૂત **સાત દિવસે** પરમગતિને પામ્યાં હતા.

પછી તેવો પ્રતાપ જોઈને તે શહેરના સર્વે લોક ને સરકારને ખબર થયા જે, સ્વામિનારાયણના સાધુ સામર્થ્યવાન છે ખરા. તે સર્વે પ્રતાપ તમારો જ કહેવાય. ને હે મહારાજ ! તે મંદિર(હવેલી) આપણને સરકારે રાજી થઈને ધર્માદામાં આપ્યું. ને હે મહારાજ ! ત્યાંના હરિજન બડા માહાત્મી જે સંતને અર્થે એક મણ શાકના સો રૂપિયા આપીને રાજી થયા, એવા ત્યાંના હરિજન છે.” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “ભગવાનનું માહાત્મ્ય જાણનારા સંત ને હરિજન થોડાક હોય છે. ને જો તમે અમારું સ્વરૂપ જેવું છે, તેવું જ જાણો છો, તો તેથી ભૂતનો ઉદ્ધાર કરી આવ્યા. તે સત્શાસ્ત્ર તે પણ સત્પુરુષને મુખે સાંભળ્યે જ ફળીભૂત થાય છે. ને જેમ શુકજીને મુખે રાજા પરીક્ષિતે પારાયણ સાંભળેથી સાત

દિવસે તેનો એકનો જ ઉદ્ધાર થયો. ને તમારે મુખે પારાયણ સાંભળેથી અસતગતિને પામેલાનો મોક્ષ થયો. ને અજર પાશે બાંધ્યા એવા જે વિષયી જીવ તેને સ્ત્રી ને ધનરૂપી મોટા પિશાચ અનાદિ ભૂતપ્રાણીમાત્રને વળગેલા છે. તેને કાઢીને તીવ્ર વૈરાગ ઉપજાવીને ભગવત્પરાયણ કરો છો. ને તમારા મુખથી જે કથા ને ભગવાનની વાત સાંભળે તેનો તો સદ્ય જ મોક્ષ થાય છે." આદિક ઘણીક વાત શ્રીજીમહારાજે કરી'તી, પણ આ તો દિશમાત્ર લખી છે. તેમ સંધ્યા આરતી કરીને સંતજનને રજા કરી ને પોતાને આસને ગયા. ને તેમ શ્રીજીમહારાજ પોતાને સુખેથી સુખી થઈને પોઢી રહ્યા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'સુરતમાં મુક્તમુનિ દ્વારા હવેલીનાં ભૂતોનો ઉદ્ધાર ને ઘણા જનોને સત્સંગ' એ નામે સડસઠમું પ્રકરણ ॥૬૭॥





પ્રકરણ - ૬૮

૧૮૮૧ ના દુષ્કાળમાં શ્રીહરિએ સ્વાશ્રિત સંતો-ભક્તોની સંભાળ લીધી

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ **શ્રીદુર્ગપુર**ને વિશે બિરાજમાન હતા. તે સમયે સર્વે હરિજનની તથા સંતની મોટી સભા ભરાઈને બેઠી હતી. તે સર્વે જન પ્રત્યે શ્રીજીમહારાજ અતિ હેતને જણાવતા થકા સર્વે સભા પ્રત્યે આમ બોલ્યા, "હે સર્વે જનો ! તમારા હિતની એક વાર્તા કહું તે સર્વેને સાંભળવા જોગ્ય છે. ને વિશેષે તો હરિજન બાઈઓ ને ભાઈઓને રાખવા જોગ્ય છે.

તે વાર્તા શું ? તો આજની નિશાને વિશે અમને શંકર દેખાણા હતા. તે કેવા હતા ? તો અતિ શોભાયમાન ને શાંત સ્વભાવે ને મંદમંદ માંગલિક હસીને અમને મળીને અતિ હેતને જણાવતા થકા અમને એમ કહેતા હતા જે, 'હે મહારાજ ! હું તમ પ્રત્યે એમ કહું છું જે આગળે એક કાળ આવશે, તે પર્જન્ય નહિ વરસે. તેથી તમારા સત્સંગીમાત્રને તમે કહેજો જે, સર્વે અન્ન તથા તૃણાદિનો સંગ્રહ વિશેષ રાખજો. ને જે રાખશે તે સુખી રહેશે.' તેમ શિવજીના કહ્યાથી અમે તમ પ્રત્યે ભવિષ્યવાર્તા કહી દેખાડીએ છીએ. તે વાત નિશ્ચે પાળજો ને ભૂલશો મા." તેમ શિવજીનું નામ લઈને સર્વેના કારક એવા ને સર્વે લોકપાળના સ્વામી મહારાજ તેમણે સર્વે હરિજનની સભા પ્રત્યે કહ્યું. ત્યારે તે સમાને વિશે સર્વે હરિજને એમ કહ્યું જે, "હે મહારાજ ! તથાસ્તુ."

તેમ તે સમે સર્વે દેશો પ્રત્યે સર્વે હરિજનને લખી જણાવ્યું, ત્યારે તે સમાને વિશે જેનાં ઘર મધ્યે જેટલાં મનુષ્ય હોય તેટલું અન્નાદિક લેતા હવા. ને પશુવાળા જે જન તે તૃણને લેતા હવા. અને હરિજનની તેમ રીતિને જોઈને કુસંગી લોકે એમ જાણ્યું જે, 'તેના ગુરુ જે સ્વામિનારાયણ

તે સર્વજ્ઞ છે. અને વળી ભવિષ્યની વાર્તાને જાણે તેવા સમર્થ છે.’ તેવું વિચારી તે પણ સંગ્રહ કરતા હવા.

તે કાળેથી વરસાદ ન થયો, તેથી જેણે શ્રીજીમહારાજનાં વચન માન્યાં’તાં તે તો સુખને પામ્યા, ને જેણે વચનનો અનાદર કર્યો, તે જન દુઃખને પામ્યા. તેમ જે જન જ્ઞાની હોય તેને આ લોકે ને પરલોકે સુખ ને દુઃખનો વિચાર કરવો જે, **‘મહારાજનાં વચન પાળ્યેથી અતિ સુખિયા થાશું.’**

नेतेसमानेवीसेश्रीजीमहाराजअनेकशास्त्रने
पूरांणनेईतीहासआदिकनीकथानेवार्तानेकरताहवानेक
रावताहवाअनेतेसमानेवीशेकोईकहरीजनतथाहरेक
कोईजनदुर्बलहोयतेनेश्रीजिमहाराजअतीदयायेथीअन्न
नेवस्त्रनेअपावताथकादेशोदेशमध्येरयाजेहरीजनतेनी
पोतेसर्वेप्रकारेषबरनेरषावताहवा

અને તે સમાને વિશે શ્રીજીમહારાજ અનેક શાસ્ત્ર, પુરાણ ને ઈતિહાસ આદિકની કથા ને વાર્તા કરતા હવા ને કરાવતા હવા. અને તે સમાને વિશે કોઈક હરિજન તથા હરેક કોઈ (પણ) જન દુર્બળ હોય તેને શ્રીજીમહારાજ અતિ દયાયેથી અન્ન-વસ્ત્રને અપાવતા થકા દેશોદેશ મધ્યે રહ્યા જે હરિજન તેની પોતે સર્વે પ્રકારે ખબરને રખાવતા હવા.

❁ દુષ્કાળમાં પ્રથમ સંતોની છાવણી કરાવી, પછી દેશોદેશમાં મોકલ્યા

પછી શ્રીજીમહારાજે સર્વે સંતનાં મંડળ તેડાવી પોતા પાસે રખાવીને **ચાર માસ**ની છાવણી કરી અને પાકી રસોઈઓ આપીને પોતે પીરસીને જમાડ્યા. તે સમે શ્રીજીમહારાજ પોતે સર્વે સંતસભાને તથા હરિજન બાઈઓ-ભાઈઓની મોટી સભાને જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્યાદિક અનેક

પ્રકારની બ્રહ્મવિદ્યાને શીખવતા હવા. અને પોતે અતિ દયાથી હરેક રાંક જે અન્નાર્થી મનુષ્ય તેને અન્ન આપી તે જનને સુખિયા કરતા હવા. ને સર્વે દેશોદેશ પ્રત્યે પોતે કાગળ લખાવીને એમ કહેવરાવ્યું જે, "જે હરિજનનાં ઘર મધ્યે અન્ન ને ધન હોય તે તમે દુર્બળ જનને અન્ન-વસ્ત્ર આપજો, તેવી અમારી આજ્ઞા છે." તેમ શ્રીજીમહારાજે સર્વે દેશો પ્રત્યે પત્ર લખાવ્યા.

તે સમે શ્રીજીમહારાજે ઉત્તમ નરેશના કૂપ ખોટા(પાણી રહિત થયેલા) હતા, તેને ખોદાવી દઈને તે મધ્યે ઘણાંક નવાં જળને ઉપજાવ્યાં. અને કોશ જોડાવીને વાડીઓ મધ્યે ગોધુમ(ઘઉં) વવરાવીને ઘણાંક અન્નને ઉપજાવીને તેને સુખ આપતા હતા.

પછી એક દિવસને સમે પોતે એમ બોલ્યા જે, "ચાર માસ સુધી સંતજન દુર્ગપુરને વિશે રહ્યા ને અમે ને ઉત્તમ નરેશે રાખ્યા. હવેથી સર્વે દેશોદેશના હરિજન તમારા પરલોકના સુખને અર્થે શ્રદ્ધા પ્રમાણે સંતોનાં મંડળ લખાવીને પોતાના દેશ પ્રત્યે તેડી જાઓ. અને સર્વે સંતોનાં મંડળ ભિન્નભિન્ન સર્વે દેશોદેશના હરિજન તેડી જાય. કેમ જે, આ સંત તો અકિંચન છે. ને વળી તપોધન કહેતાં તપરૂપી છે ધન જેને એવા છે, પણ પોતાને પાસે કાંઈ અન્ન કે ધન નથી જ રાખતા. તે સારુ સર્વે હરિજનના હિત સારુ ને તમારા પરલોક ને આ લોકનું હિત કરે તેવું આ અમારું વચન છે, તેમ તમે જાણો."

અને સર્વે વૈભવ ને સર્વે લોકના સ્વામી અને નવનિધિ ને અષ્ટસિદ્ધિ તે તો પોતાની દાસીઓ છે, તોય પણ મનુષ્યચેષ્ટાથી વર્તતા થકા હરિજનના સુખને અર્થે સંતોને તેડી જવાની યાદીના કાગળમાં હરિજનોએ નામ લખાવેલાં તે કાગળ શ્રીજીમહારાજ પાસે હતો, તેમાં જેની જેટલી શ્રદ્ધા હતી, તેથી ન્યૂન મંડળ વિધિવત્ મૂકતા હવા.

ને તેમ તે સમાને વિશે જે જે હરિજનની શ્રદ્ધા જોઈને તે તે ઉપર શ્રીજીમહારાજ અતિ રાજી થયા. અને તે સમે સર્વે હરિજનની પ્રીત-પરીક્ષાને કરતાં થકાં શ્રીદુર્ગનગરને વિશે ઉત્તમ નરેશના દરબારને વિશે વસતા હવા. તે કાળ એકાસિયો હતો. સંવત્ ૧૮૮૧ ની આ વાત છે.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે '૧૮૮૧ ના દુષ્કાળમાં શ્રીહરિએ સ્વાશ્રિત સંતો-ભક્તોની સંભાળ લીધી' એ નામે અડસઠમું પ્રકરણ ॥૬૮॥



પ્રકરણ - ૬૯

વાંઢિયા, જોડિયા, ભાદરા વગેરે ગામમાં શ્રીહરિએ કરેલ લીલા

હવે એક સમાને વિશે શ્રીજીમહારાજ અને વર્ણીન્દ્ર મુકુંદ બ્રહ્મચારી પોતે બેઉ જણ દેશ મચ્છુકાંઠા તથા કચ્છ, વાગડ, અબડાસા, હાલાર ને સોરઠ વગેરે દેશોદેશ પ્રત્યે ફરતાં જે કાંઈ ચરિત્ર, ચેષ્ટાઓ કર્યાં ને પોતે અતિ સમર્થ થકા માન-અપમાનને સહન કર્યું; તે તે વાતને લખીએ છીએ[1].

❁ એક વિપ્રે પોતાનું જળપાત્ર વેચી મહારાજને જમાડ્યા

એક ગામ પહેલા આવ્યું. તે મધ્યે સર્વે જવનની વસ્તી હતી. તે મધ્યે એક દ્વિજ રહેતો હતો. તેને ઘેર મહારાજે વર્ણિરાજ મુકુંદે સહિત ઉતારો કર્યો. ત્યારે તે વિપ્રે ઘણુંક સન્માન કરીને પોતાના ઘર મધ્યે આટો ને દાળ હાજર કર્યાં, પણ પોતાના મનશું વિચાર્યું જે, 'આને અર્થે હું ગોળ ને ઘી લાવું પણ મારા ઘર મધ્યે કાંઈ પૈસા નથી.' તેથી તે કળશિયો વેચીને લાવ્યો ને મહારાજને રાજી કર્યા.

૧.તેમાં પ્ર.૬૯ થી પ્ર.૭૭ સુધીની વાતો છે, જેમાં મુકુંદ બ્રહ્મચારી સાથે હોય તેવું વિચરણ છે. ફક્ત પ્ર.૭૧માં બીજા ભક્તો પણ સાથે રહેલા છે.

તે વિપ્રને મહારાજે પૂછ્યું, "તેરા નામ કહો." તેણે એમ કહ્યું જે, "મેરા નામ ગોવિંદરામ હે." પછી મહારાજ કહે, "વિપ્ર, તેરા કળશિયા કહાં ગયા ? જે લોટકે તું જળ પીતા હે ?" ત્યારે તેણે કહ્યું "હે મહત્પુરુષ ! જેના ભાગ્યનો હતો, તેને મેં તો આપ્યો ને મારાં કર્મ મધ્યે તો ઠીકરાનું પાત્ર છે." પછી મહારાજે કહ્યું જે, "અમારે રણ ઊતરી **માળિયે** જાવું છે." ત્યારે તેણે કહ્યું જે, "મહારાજ ! આપનાં આવાં ભારે વસન છે, તે ચોર લઈ જાશે." તેમ કહ્યાથી મહારાજે સર્વે જણસ તેને આપી દીધી.

❁ પ્રભુપ્રસન્નતાર્થે સદાવ્રત આપતા દંપતીને પોતાનું ધામ આપ્યું

તે કચ્છ દેશથી ચાલ્યા, તે એક ગામ મધ્યે કપટે રહિત લુવાર પોતાની અંગ-મહેનતથી મજૂરી કરીને સદાવ્રત આપતો હતો. તેને જ ઘેર શ્રીજીમહારાજ પૂર્ણ પુરુષોત્તમનારાયણ તે મુકુંદજીએ સહિત બેય જણ તેના મેમાન થયા. ને તેણે તો સાધુભાવે યુક્ત જાણીને શ્રીજીમહારાજને પલંગ બિછાવી દઈને તે ઉપર બેસાર્યા. અને પોતે ને પોતાની અતિ વૃદ્ધ સ્ત્રી બેઉ જણ, તે શ્રીજીમહારાજનાં ચરણ અતિ પ્રેમથી ચાંપવા લાગ્યાં.

પછી જળથી કોરા કુંભ ભરી આવીને કહ્યું જે, "હે મહારાજ ! તમે રસોઈ કરો." પછી તેની કોઢ મધ્યે બ્રહ્મચારી નાહીને રસોઈ કરવા લાગ્યા. તેણે બાજરાનો આટો ને મઠની દાળ આપી હતી, તેની રસોઈ કરી રહ્યા, ત્યારે તે બાઈએ એમ જાણ્યું જે, 'મારે ઘેર આવા મેમાન તેજસ્વી કોઈ દિવસ આવ્યા નથી, વળી આવશે પણ નહીં.' તેમ જાણીને પોતે અતિ દુર્બળ હતાં, તે પોતાનું કાંતેલું સૂતર તેના બે ફાળકા લઈને-વેચીને ઘી ને ગોળ લાવ્યાં. ત્યારે તેને શ્રીજીમહારાજે પૂછ્યું જે, "તમે સર્વેને ઘી આપો છો ? ને ગોળ આપો છો ?" ત્યારે તેણે એમ કહ્યું જે, "બીજાને તો ફક્ત અન્ન જ આપું છું."

ત્યારે પોતે કહ્યું જે, “અમને કેમ તમે સૂતર વેચીને ઘી ને ગોળ લાવી આપ્યાં ? તે વાત કહો.” ત્યારે તે સમે તે દંપતી બોલ્યાં જે, “હે મહત્પુરુષ ! અમે તો તમારા કલેવરને વિશે અનંત સૂર્ય ને અનંત ચંદ્રના જેવું તેજને જ દેખીએ છીએ. ને હે મહારાજ ! તમારે અર્થે જે જે કરીએ તે તે થોડું છે, પણ હે મહારાજ ! અમે તો દુર્બળ છૈયે, તેથી શું કરીએ ? ને હે પ્રભુ ! તમે ગરીબનાનવાજ છો ને અમારે ઉપર દયા કરી. ને વળી અમારી કપટે ને માને રહિત ભક્તિ જોઈને તમે તો અમને દર્શન દઈને અમારો મોક્ષ કરવા પધાર્યા છો.” ત્યારે તે દંપતી પ્રત્યે બ્રહ્મચારીએ એમ કહ્યું જે, “તમે કહ્યું તેમ જ છે.”

ત્યારે તે સમે શ્રીજીમહારાજે તે બેઉ જણને પૂછ્યું જે, “તમે શી ઊપજથી સદાવ્રત આપો છો ?” ત્યારે તે દંપતી બોલ્યાં જે, **“હે મહારાજ ! અમે આ ગામનું લોઢું ઘડીએ છૈયે તેની મજૂરી આવે છે. તે સર્વે સદાવ્રત મધ્યે નાંખીને માને રહિત ભગવાનને અર્પણ કરીએ છીએ, તેથી તમારાં અમારે દર્શન થયાં ને તેથી અમારે મોટો લાભ થયો છે. ને અમે જે સદાવ્રત આપ્યું, તેનું ફળ તે તમારા સ્વરૂપનું જ્ઞાન થયું. ને હે મહારાજ ! અમને અંત સમાને વિશે તેડી જાજો.”**

ત્યારે તે સમે શ્રીજીમહારાજે તેને પોતાના હાથથી વર્તમાન ધરાવીને કહ્યું જે, “અમારાં આપેલાં પાંચ વર્તમાન પાળજો ને આ અમે ઊભા છૈયે તેવા સંભારજો, તેથી તમારો મોક્ષ થાશે. ને દેહ મૂકશો ત્યારે અમે અમારા ધામ મધ્યે તેડી જાશું ને અતિ સુખને પામશો.” તેમ કહીને પોતે જમીને શ્રીજીમહારાજ પલંગે પોઢ્યા, ત્યારે તે દંપતી શ્રીજીમહારાજનાં ચરણ ચાંપવા લાગ્યાં. ને તે પ્રત્યે શ્રીજીમહારાજ જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્યાદિકની વાત કરતાં થકાં પોઢીને પોતાને સુખેથી સુખિયા થઈને પ્રભાતે ઊઠીને તેની રજા માંગીને ચાલતા થયા.

❁ વાંઢિયામાં વિપ્રનું જમી તેને પોતાનું ધામ આપ્યું

તે ગામ, પુર, ખેટ(ખેડૂતોનાં ગામ), ખર્વટ[૧], વન, પર્વત, સરિતા, તડાગ ને ખારું રણ પાણીનું ભરેલું જોજન ત્રણનું ઊતરીને **વાંઢિયા** મધ્યે આવ્યા. ને પોતે બે દિવસના ઉપવાસી હતા. તે બજાર મધ્યે આવીને એક શાહુકાર પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું, "અરે ભક્ત ! અમને તું ભિક્ષા આપીશ ?" ત્યારે તેણે એમ કહ્યું જે, "અહો, હે મોટા સંત ! હા, લ્યો." તેમ કહીને બાજરાનો રોટલો ને કેરાનું આથણું મંગાવીને આપ્યું.

પછી શ્રીજીમહારાજે પોતાના હાથ મધ્યે લઈને તેને એમ કહ્યું જે, "તમારી રોટી પાછી લ્યો." ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! તમે પાછી કેમ આપો છો ? તે કહો." ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "આ બ્રહ્મચારી ઘણા મોટા છે, ને વળી અમારા ગુરુ છે. ને વળી વર્ણને વિશે બ્રાહ્મણ તે શ્રેષ્ઠ છે, તે સર્વે વિપ્રોના પણ આ ગુરુ છે, (માટે તેમને તમારું ભોજન નહીં ખપે).

અને હે વિપ્ર ! અમે કેવા છૈયે ? તો સર્વે પ્રાણીમાત્રને અન્ન-જળ આપીએ તેવા જ છૈયે, તોય પણ આ ટાણે તારા સુખને અર્થે તારી જ પાસે માગીએ છૈયે. તેમજ કોઈ ક્ષુધાતુર ભૂતપ્રાણીમાત્ર તેને જળ ને વસ્ત્ર આપીને તેની સમગ્ર પીડા ટાળી નાંખીએ એવા અમે સમર્થ છૈય, તોય પણ આ ટાણે તારી પાસે જ ભિક્ષા માગી લઈએ છૈયે, તે પણ અમારું વિડંબન છે, તેવા તું અમને જાણ."

ત્યારે તે રામચંદ્રજીની મૂર્તિ અંતરને વિશે સદાય દેખતો, પણ શ્રીકૃષ્ણની મૂર્તિને ન દેખતો. તે સારુ(અંતરમાં શ્રીકૃષ્ણનાં દર્શન માટે) ઘણોક દાખડો કરતા મહારાજને જોયા ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહત્પુરુષ ! હે સમર્થ ! લો હું તે બ્રહ્મચારીને માટે કુલેર કરાવું."

૧.આસપાસ આવેલાં નાનાં ગામડાંઓને ખરીદી કરવાનું મોટી બજારનું ગામ

ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "તમે તેને બાજરાનો લોટ ને મીઠું એ બે જ વાનાં આપો." પછી તેણે બાજરાનો આટો ને મીઠું આપ્યું. તેને લઈને પુરની બહાર એક ફકીરનો તકિયો(સ્થાન-વાડો) મચ્છુ સરિતાના તટને કાંઠે હતો, ત્યાં શ્રીજીમહારાજે તે સરિતા મધ્યે સ્નાન કરીને (શાહુકારે આપેલું) ભોજન કર્યું.

અને બ્રહ્મચારી નાહીને આવ્યા ત્યારે તેને શ્રીજીમહારાજે પૂછ્યું જે, "બ્રહ્મચારીજી ! તમારું મન તમને શું કહે છે ? રોટલા કરશું તેમ કહે છે ?" ત્યારે બ્રહ્મચારીએ શ્રીજીમહારાજ પ્રત્યે એમ કહ્યું જે, "હે મહારાજ ! મારે તો મનનું કહ્યું નથી કરવું, જેમ તમારી આજ્ઞા હોય તેમ જ કરીશ." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "લોટ ને મીઠા મધ્યે પાણી નાંખીને લ્યો."

તે સમે તેમ જ કર્યું. પછી બેઉ જણ પંથે ચાલતા થકા બ્રહ્મચારી પ્રત્યે શ્રીજીમહારાજે કહ્યું જે, "હે મુકુંદજી ! આપણે બેઉ જણ બે દિવસથી ભૂખ્યા હતા ને તે પુરુષે આપણને શ્રદ્ધાયે સહિત અન્ન આપ્યું છે. માટે તે પુણ્યે તે કેવી ગતિને પામશે ? તે કહો." ત્યારે બ્રહ્મચારીએ એમ કહ્યું જે, "હે મહારાજ ! મને એમ જણાય છે જે ઈન્દ્રગતિને પામશે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, **"હે બ્રહ્મચારી ! ઈન્દ્રગતિને પામે તેમાં તે શું પામ્યો ? તે ઈન્દ્ર તો તમ જેવા સંત આગળ રાંક જેવો છે. અને આણે તો ખરા સમાનું દાન કર્યું છે, તે શું ? તો આપણ બે જણ બે દિવસના ઉપવાસી હતા, ત્યારે તેણે પોતાની શ્રદ્ધાયે સહિત અન્ન આપીને તમ જેવા સાધુ ને વળી અમ જેવાને જમાડ્યા, તેથી તે મારું જે અક્ષરધામ તેને વિશે મોટો મુક્ત થઈને મારી પાસે રહીને મોટા સુખને જ પામશે. ને કાળ, માયા ને કર્મ તેના બંધને કોઈ દી નહીં બંધાય. હે બ્રહ્મચારી ! આ વાત તે આમ જાણો."** ત્યારે તે સમે બ્રહ્મચારી તથાસ્તુ કહીને પગે લાગ્યા ને કહ્યું જે "હે મહારાજ ! એ મધ્યે મારી નજર નો પહોંચી."

❈ જોડિયામાં માવજીભક્તે કુસંગી રાજા પાસે શ્રીહરિનો પક્ષ રાખ્યો

તેમ કરતા ચાલ્યા તે વાટે જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્યાદિકની વાર્તા કરતા ગામ, પુર, ખેટ, ખર્વટ, વન ને પર્વતને ઉલ્લંઘન કરતાં હાલાર દેશને વિશે ગામ **જોડિયા**ને વિશે હરિભક્ત શિરોમણિ સૂત્રધાર(સુતાર) **માવજી**ના ઘરને વિશે શ્રીજીમહારાજ પધાર્યા. અને તે હરિજને અતિ રાજી થઈને શ્રીજીમહારાજની પૂજા અર્ઘ્ય-પાદ્યાદિકની ષોડશ પ્રકારની કરી અને વિદ્વાન વિપ્ર પાસે વિધિવત્ કરાવી. પછી બ્રહ્મચારીની પાસે શ્રીજીમહારાજનો થાળ કરાવ્યો.

અને તે સમે તે પુરનો રાજા મૂર્ખ હતો ને શક્તિનો ઉપાસક ને વળી સત્સંગીનો દ્રોહી હતો. તેણે તે સમે સાંભળ્યું જે, 'આપણા પુરને વિશે સ્વામિનારાયણ આવ્યા છે.' ત્યારે તેને પોતે પોતાના ચાકરને મેલીને એમ કહેવરાવ્યું જે, 'તમે અમારા ગામ મધ્યે રહેશો નહીં, એમ અમારા ધણીનો હુકમ છે.' ત્યારે શ્રીજીમહારાજે તે રાજપુરુષને એમ કહ્યું જે, "જા, તારા ધણીને તું એમ કહે જે, અમે તો કોઈના કાઢ્યા જાતા નથી, ને કોઈના રાખ્યા રહેતા પણ નથી. અમે અમારી ઈચ્છાથી આવ્યા છૈયે ને અમારી જ ઈચ્છાથી જાશું. અને અમે ક્યા તેરા લિયા હે જે એસા તાકીદી કરતા હે ? તુમ જાઓ, તુમારા ધણીકું એસા કહિયો."

ત્યારે તે સમે તે માવજી હરિજને તે રાજપુરુષને એમ કહ્યું જે, "ચાલ, હું રાજાને મોંઢે આવું." ને તેણે શ્રીજીમહારાજની રજા માગી, તે રાજા પાસે જઈને એમ કહ્યું, "હે નરેશ ! મારે ઘેર સ્વામિનારાયણ સ્વેચ્છાથી આવ્યા છે. તે મોટા સાધુના ગુરુ છે ને ઘણાક સંત પુરુષે માન્યા તેવા છે. ને વળી કલ્પદ્રુમ સમ સત્યસંકલ્પ છે. ને હે નરેશ ! તે મારા ગુરુ છે. ને મારે તો માનવા જોગ્ય ને પૂજવા જોગ્ય છે. ને

ભજવા જોગ્ય છે. ને તે મારે ઘેર મેમાન આવ્યા છે ને તેના ભેગા એક બ્રહ્મચારી મહત્પુરુષ ને સર્વે વિપ્રોના ગુરુ છે, તે રસોઈ કરે છે. તે રસોઈ ત્યાર થાશે ત્યારે જમીને પછી જાશે."

ત્યારે તે દુષ્ટ નરેશે તેને કહ્યું જે, "અમારા ગામ મધ્યે સ્વામિનારાયણને રહેવા નહિ દઈએ ને જમવા પણ નહિ દઈએ." ત્યારે હરિજને તે પ્રત્યે એમ કહ્યું, "હે નરેશ ! જો તું મહારાજને જમવા નહિ આપે તો મારે તારા ગામનું અન્ન-જળ હરામ જેવું છે. ને આ ટાણે મારી વાંસે ઘણાક સાંતી છે, તે સર્વે ખેડુને લઈને, બીજા નરેશને વાંસે(પાસે) જઈને, તારું ગામ ઊજડ કરીને, ઘણાક ઈક્ષુના ચિચોડા ફરે છે તે છોડાવીને, વાડ ઊભા મેલીને આ ટાણે જ ચાલ્યો જઈશ. ને પ્રથમના ગાડે મારા ગુરુ જે સ્વામિનારાયણ તે બેસશે ને પાછલા ગાડે હું છું. હે નરેશ ! **સર્વે સમૃદ્ધિએ સહિત મારું ઘર અને તારા પુરનો હું ત્યાગ કરીશ, પણ મારા ગુરુ જે સ્વામિનારાયણ ને તેના સત્સંગનો ત્યાગ નહીં કરું.**"

તે સમે હરિભક્ત શિરોમણિ માવજી તે નિષ્કુળાનંદસ્વામીનો ભાણેજ હતો. તે શ્રીજીમહારાજને વિશે અતિ સ્વરૂપનિષ્ઠાવાન હતો. તેનાં સબળ વચન જોઈને તે નરેશે કહ્યું જે, "જા, તું તેને તાકીદીથી રસોઈ જમાડીને શીઘ્ર રજા આપજે." પછી તે હરિજન શ્રીજીમહારાજની સમીપે આવ્યો. ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજે મંદમંદ હસતા થકા એમ કહ્યું જે, "હે માવજી ! તે રાજાએ તારું અતિ અપમાન કર્યું ને તેં અમારે સારુ ઘણોક તિરસ્કાર સહન કર્યો છે. ને તું મારો પરમ ભક્તરાજ છે ને **તુંને તેણે દુઃખાવ્યો છે, તેથી અમે પણ દુઃખાણા છૈયે.** પણ હે માવજી ! તે અપરાધથી તેનું રાજ તે નિશ્ચય જ જાશે. ને એક માસે બીજો રાજા તેની રાજ્યસમૃદ્ધિ લેશે ને તેને આ પુરમાંથી કાઢી મૂકશે. તેમાં સંશય નથી." તેમ કહીને તે રાત ત્યાં રહ્યા.

❁ ભાદરામાં કરેલી વિવિધ લીલા

અને પ્રભાતે ચાલ્યા, તે ગામ **ભાદરા**ને વિશે શ્રીજીમહારાજ પધાર્યા. તે ડોસાભક્ત, દેવાભક્ત, મુળજીભક્ત, સુંદરજીભક્ત, હીરો, રત્નાભક્ત, નથુ નાયી ને લુબ્ધક(લોભી) શાહ પ્રેમજી આદિકના ઘરને વિશે જમતા, રમતા ને અતિ હાસ-વિનોદ કરતાં થકાં વસતા હવા. તે ગામને વિશેથી પ્રભાતે ગામને સમીપે **આજી સરિતા**ને વિશે નાવા પધારતા થકા ઘણાંક ચરિત્ર કર્યાં. તે શું ? તો એકબીજાને પડકારીને બથોબથે આવવું ને કુસ્તી આદિક મલવિદ્યા કરીને ઘણાક જે દાવ-પેચ તે પોતાના સખાઓને શીખવતા હતા. પછી ગાતા ને નારાયણ ધૂન કરતાં થકાં ગામમાં આવીને પોતાના હરિજનને ઘેર બ્રહ્મચારી રસોઈ કરે તે પોતે જમતા હવા. ને ઘણાક જનને પોતે પોતાના પ્રતાપે કરીને સમાધિ કરાવીને પોતાનું ધામ જે બ્રહ્મપુર ને ગોલોકાદિક તે દેખાડતા હતા.

❁ જોડિયામાં માવજી આદિ ભક્તોએ નારાયણનો પક્ષ રાખ્યો

એક સમે તે જોડિયામાં રમતા(એકલા રહેનારા - એકડમલ) સંતની મંડળી આવી. તે સંતને એક નવો હરિજન હતો, તેણે જમાડ્યા. તેનો બાપ કુસંગી હતો. તેણે તે દુષ્ટ રાજાને એમ કહ્યું જે, “મારા દીકરાને સ્વામિનારાયણે સત્સંગી કરી નાંખ્યો ને પ્રસાદી ખવરાવીને ગાંડો કરી નાંખ્યો છે. તે મારા ઘરને વિશે ઘણુંક ધન છે, તે તેને આપી દેશે. માટે તેને સિપાઈ મૂકીને ભાકસી(બંદીખાના) મધ્યે પૂરીને બિવરાવો. તે બાળ અવસ્થાવાળો છે, તેથી સત્સંગને મૂકી દેશે.”

તેના કહ્યાથી તે દુષ્ટ રાજાએ તે હરિજનને બંધીખાના મધ્યે નાખીને એમ કહ્યું જે, “તું સત્સંગને મૂકી દે, નહિ તો તુંને મારી નાખશું.” ત્યારે તેણે એમ કહ્યું જે, “હે રાજા ! સત્સંગ તો મારા માથા સાટે છે, તેથી જો તમારે મુને મારવો હોય તો સુખેથી મારજો.” તેમ તેની દૃઢતાને જોતાં રાજા કાંઈ બોલ્યો નહીં.

પછી સાયંકાળે સર્વે હરિજન ખેડું ઘેર આવ્યા. ત્યારે તેના ઘરના માણસે એમ કહ્યું જે, "**નારાયણ** હરિજને સંતનું મંડળ જમાડ્યું છે, તેથી તે રાજા પાસે તેના બાપે તેને ભાકસીમાં પુરાવ્યો છે." ત્યારે તે ગામના હરિજન **માવજી** આદિક સર્વે પરિયાણીને(નીકળીને અથવા કાંઈક વિચારણા કરીને) વગર તેડ્યા તે ભાકસી મધ્યે આવ્યા. ને તે હરિજનની સહાયે તે ભેગા તે ગામના સર્વે હરિજન બેસીને ભગવાનનાં કીર્તન ઊંચે સ્વરેથી બોલે છે.

તે સાંભળીને તે રાજાએ તેના ચાકરને એમ કહ્યું જે, "આ ઘણાક માણસ ભાકસી મધ્યે કોણ ગીત ગાય છે ?" પછી તે રાજપુરુષ જોઈને એમ બોલ્યો જે, "સર્વે સત્સંગી તે ભેગા બેસીને ગાય છે." તેમ તે રાજાએ જાણ્યું જે, "તે સત્સંગી સર્વેને એકબીજાનો પક્ષ ઘણો છે." તેમ કહીને તે માવજીને તે રાજાએ તેડાવીને એમ કહ્યું જે, "તમે વગર તેડ્યા સર્વે ભાકસી મધ્યે કેમ બેઠા છો ?" ત્યારે તેણે એમ કહ્યું જે, "હે રાજા ! અમે તો એક ગુરુના ચેલા છીએ. તે એક બાપના દીકરા જ છીએ. તેથી અમારા ભાઈને દુઃખ પડ્યું છે, તે અમારે જ ભોગવ્યું જોઈએ."

તેમ તે માવજીએ તે રાજા આગળ ઘણીક વાતનો ન્યાય દેખાડ્યો અને તે હરિજનને બંધનથી છોડાવ્યા કેડે સર્વે હરિજને અન્ન-પાન લીધાં. તે વાત શ્રીજીમહારાજે **ભાદરા**માં સાંભળી અને ત્યાંના હરિજન માથે અતિ રાજી થયા. ને તે રાજા ઉપર શ્રીજીમહારાજની કુમહેરબાની થયે તેનું રાજ એક માસમાં સરકારે લીધું ને તે રાજાની સર્વે સમૃદ્ધિ લઈ લીધી ને પછી કાઢી મૂક્યો. તે માટે સત્સંગનો જે જન દ્રોહ કરે, તેનું એમ જ થાય છે. તેમ તે સમે ભાદરાના હરિજન આગળ એ આદિક ઘણીક વાર્તા શ્રીજીમહારાજે કહી દેખાડી.

❀ ભાદરામાં લોભી પ્રેમજી વાણિયા પાસે ધર્મકાર્ય કરાવ્યું

તે ગામ મધ્યે એક લોભી હરિજન વાણિયો તે કદરજ જેવો લુબ્ધક હતો. તે સમે સર્વે હરિજને શ્રીજીમહારાજ પ્રત્યે એમ કહ્યું જે, "હે મહારાજ ! આ વણિક ઘણોક લોભી છે. તે ધર્મ અર્થે એક દોકડો પણ વાપરતો નથી. તેને તમે કોઈ રીતે ધર્મ(ધર્મકાર્ય) કરાવો, ને એવા તો તમે જ છો." ત્યારે તે સમે સર્વે ગામના જન પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "તમે કહો તેટલા રૂપિયાના ધર્મ કરાવીએ." ત્યારે તે સર્વેએ એમ કહ્યું જે, "હે મહારાજ ! એકસો રૂપિયા તમે લઈને ધર્મ કરાવો તો ખરા."

ત્યારે તે સર્વે જન પ્રત્યે મંદમંદ હસતા થકા શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "અમારી બુદ્ધિએ કરીને તે પાસેથી કાલે રૂપિયા શત લેવા છે." તેમ કહીને શ્રીજીમહારાજે તે પ્રેમજી વણિકને પોતા પાસે બોલાવીને એમ કહ્યું જે, "તું દૂધપેંડા કેટલા શેર ખાઈ જા ? અમે તને ખવરાવશું." ત્યારે તે લોભી મનુષ હતો, તેણે એમ કહ્યું જે, "હું તો પાકા પાંચ શેર પેંડા ખાઈ જાઉં."

ત્યારે તે સમે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "આપણે બે જણ હોડ કરીએ જે, તું પાંચ શેર પેંડા ખા તો હું તને રૂપિયા સો આપું અને જો તું નો ખાઈ શકે તો તારી પાસેથી સો રૂપિયા અમે લઈને ધર્માદા સંત ને વિપ્રને જમાડી દેશું." તેવું શ્રીજીમહારાજે સાક્ષીએ સહિત લખત કરાવ્યું ને શાહુકાર પાસે રૂપિયા કબૂલ કરાવ્યા. અને પાંચ શેર પેંડા તોળાવીને થાળીમાં મુકાવ્યા ને શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "આના ઉપર વસ્ત્ર ઢાંકો. કેમ જે, તે મધ્યે કોઈની નજર નો પડે." ને તેમ સર્વે જન ઘણાક જોવે છે તેમાંથી તેણે ખાવા માંડ્યું ને તે ખાતાં ખાતાં તેને થકવી નાખીને હાર પમાડી દીધો ને પટને ઉઘાડીને જોયું ત્યારે વાંસે ત્રણ શેરને આસરે વધ્યા.

તે જોઈને શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, “આ સર્વે પેંડા ખાઓ નહીં તો રૂપિયા સો લાવો.” ત્યારે તે વણીક એમ બોલ્યો જે, “હે મહારાજ ! હું હાર્યો ને તમે જીત્યા છો.” ત્યારે શ્રીજીમહારાજે તે પાસેથી રૂપિયા એક સો લઈને સાધુ તથા બ્રાહ્મણને જમાડી દીધા.

તેમ તે ગામને વિશે વસતા થકા સર્વે હરિજનને અનેક પ્રકારનાં સુખ દીધાં. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ, પુર, ખેટ ને ખર્વટના મનુષને પોતાની મૂર્તિનાં દર્શન દેતાં પોતે શ્રીદુર્ગપુરને વિશે પધાર્યા. ને ઉત્તમ નરેશના દરબારને વિશે પોતાના ઉતારાને વિશે અનેક શાસ્ત્ર, પુરાણ ને ઈતિહાસાદિકની કથાવાર્તા કરતાં થકાં બિરાજતા હવા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે ‘વાંઢિયા, જોડિયા, ભાદરા વગેરે ગામમાં શ્રીહરિએ કરેલ લીલા’ એ નામે ઓગણોસિત્તેરમું પ્રકરણ ॥૬૯॥



પ્રકરણ - ૭૦

માંગરોળમાં શ્રીહરિએ વિવિધ ઐશ્વર્ય પ્રતાપ બતાવ્યો

❁ ગોવર્ધનભક્તની ફઈનો વર્ણિવેષે ઉદ્ધાર કર્યો

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ ગામ **માંગરોળ** બંદરને વિશે પ્રથમ સંતના જેવો વેશ તથા બ્રહ્મચારીના જેવો વેશ દેખાડતા થકા જે કાંઈ ચરિત્રને કર્યાં છે, તેને લખીએ છીએ. તે પુરને બહાર એક વાવ છે. તેના મતવાલાની(વાવમાં પ્રવેશતાં બાજુમાં રહેલો ઓટો) ઉપર શ્રીજીમહારાજ પોતાની ઈચ્છાથી ધ્યાન કરીને બેઠા હતા. તે સમે ગોવર્ધનભક્ત શ્રીજીમહારાજ પાસે સાધુ જાણીને બેઠા. ત્યારે ઘણીકવારે શ્રીજીમહારાજ ધ્યાનમાંથી જાગ્યા.

ત્યારે તે વણિક હાથ જોડીને બોલ્યો જે, "હે મોટા સંત ! તમે ભૂખ્યા હશો. તે જે તમે કહો તે ભોજન હું તમોને આણી આપું." ત્યારે તેને શ્રીજીમહારાજે કહ્યું જે, "હાજર હોય તે લાવો." પછી તે પુર મધ્યે જઈને પોતાની ફઈ મૂઈ'તી તેનો દાડો કરતાં વધી હતી, તે જલેબી લાવ્યો ને શ્રીજીમહારાજને જમાડ્યા. ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "તેરા નામ ક્યા હે ? તુમારા ગુરુ કોણ હે ? ને તુમ આ ટાણે જલેબી ક્યાંથી લાવ્યા ?"

ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! અમારા ગુરુ તો રામાનંદસ્વામી છે. ને આ જલેબી તો મારી ફઈ રામાનદંસ્વામીની શિષ્ય હતી, તેણે દેહ મૂક્યો તેના ખર્ચ(કારજમાં જમણવાર) કરતાં સુશુદ્ધપણે(ચોખ્ખી) રાખી મૂકી હતી. તે મેં લાવીને તમને જમાડ્યા. તેથી હે મહારાજ ! તેનાથી તેને શુભગતિને પમાડજો. હે મહારાજ ! તેણે શ્રીરામાનંદસ્વામીનું વચન લોપ્યું, તેથી તેને વિમુખ કરી હતી. તેમાં જોરાવર કાળે તેને મૃત્યુ પમાડી છે. જે સત્શાસ્ત્ર ને સત્પુરુષના વચનનો લોપ કરે છે તેને યમયાતના ને સંસૃતિ થાય છે. ને આણે તો

ભગવાનના અવતાર જેવા અતિ સમર્થ એવા જે રામાનંદસ્વામી તેને કુરાજી કર્યા, તેથી તેનો જીવ તે ક્યાં ગયો હશે ? તે કહો."

ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "હે ગોવર્ધન ! તેણે રામાનંદસ્વામીને કુરાજી કરીને તેનું વચન લોપ્યું છે, તેથી તે જમપુરીને વિશે મહાકષ્ટને સહેતી હશે. ને તેં અમને અન્ન જમાડીને રાજી કર્યાથી અમે તેનો સદ્ય ઉદ્ધાર કરીએ તેવા છીએ. ને તેણે રામાનંદજીને કુરાજી કર્યા છે તો તેં અમને રાજી કર્યા, તેથી રામાનંદજી પણ અતિ રાજી થાશે. ને હે ગોવર્ધન ! તુંને લે અમે સમાધિ કરાવીએ. મારા હુકમથી સમાધિમાં પ્રવેશ કરો, ને તે જમપુરીને વિશે જઈને તારી ફઈને નરકના કુંડમાંથી કાઢ."

ત્યારે તેણે એમ કહ્યું જે, "હે સમર્થ ! હું તમે કહો તેમ કરું." ત્યારે તેને શ્રીજીમહારાજે ધારણામાં બેસારીને તેનાં નેત્ર પોતાના હસ્તકમળથી વીંચાવ્યાં. તેથી તે જમલોક ને તેના રાજા જે ધર્મરાજ તેને દેખવા લાગ્યો. તે જમરાજ કેવા છે ? તો ઘણાક જમદૂતે વીંટાણા થકા ઘણાક જીવના ન્યાય-અન્યાયને કરતા હવા. ત્યારે તે ગોવર્ધને જમરાજાને એમ કહ્યું જે, "હે જમરાજ ! તમે મારી ફઈના જીવને નરક મધ્યે નાંખ્યો છે, તેને કાઢી આપો."

ત્યારે જમરાજાએ એમ કહ્યું જે, "રામાનંદસ્વામીનાં વચન લોપ્યાં છે, તેથી તે યમયાતનાને ભોગવે છે. તેથી કોણ સમર્થ છે જે તે પાપથી છોડાવી મૂકે ?" તે ગોવર્ધન સ્થૂળ દેહ મધ્યે આવ્યો, ત્યારે તેને શ્રીજીમહારાજે પૂછ્યું, "અરે ગોવર્ધન ! તને જમરાજાએ શું કહ્યું ? તે તું કહે" ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહત્પુરુષ ! હે હરે ! તેણે તો મને એમ કહ્યું જે, 'રામાનંદસ્વામીનાં વચન લોપ્યાં તેથી તેને જમજાતનાનો હુકમ થયો છે. તેને કોણ મિથ્યા કરે એવા સમર્થ છે ?' તેણે એમ મને કહ્યું."

ત્યારે તે સમે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "એવા તો એક અમે જ છીએ." તેમ કહીને શ્રીજીમહારાજે તેને સમાધિ મધ્યે બેસારીને કહ્યું, "તું ફેર ત્યાં જઈને તેને એમ કહે જે, હે જમરાજ ! તમે તે જીવને યાતનાથી બહાર કાઢો, તેમ મોટાના હુકમ છે." ત્યારે ગોવર્ધને કહ્યું જે, "હે મહારાજ ! ધર્મરાજા તો મહાભયાનક છે ને ઘણા જમે વીંટાણા થકા બહુ સામર્થીવાન છે. તે મારો હુકમ કેમ માનશે ?"

ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "તારે વિશે અમારી સામર્થી આવશે. તેને જોઈને જમરાજા હારને પામશે ને તારી સહાયે અનંત વૈકુંઠમુક્ત આવશે. તેને તું અને જમરાજા જોશો. તેથી તું એને કાઢજે. પછી તે જીવને તે મુક્ત લઈને બ્રહ્મપુરને વિશે પહોંચાડશે. ત્યારે અમારા પ્રતાપને જમરાજા અને તુમ જાણશો." તેમ કહીને તેને ધારણામાં જમપુરી દેખાડી ને તે તેની ફઈના જીવને દેખતો હવો.

ત્યારે તેણે એમ કહ્યું જે, "હે ગોરધન..હે ગોરધન..! તું મને આ નરકના કુંડ મધ્યેથી કાઢ." ત્યારે તેણે તેના યમયાતનાદેહને (યમયાતના ભોગવવા મળેલ દેહને) હાથ ઝાલીને બહાર કાઢ્યો. ત્યારે તે ઉપર ઘણાક જમની ચોકી હતી, તેણે જમરાજા પ્રત્યે ફરિયાદી કરી બોલ્યા જે, "હે ધર્મરાજા ! આ તો કોઈક સમર્થ મનુષ છે. તે ઘણા ઊંડા કુંડ મધ્યેથી તે જીવને બહાર કાઢીને લઈ જાય છે. માટે તમારી જેમ આજ્ઞા હોય તેમ અમે કરીએ." ત્યારે જમરાજાએ તે જમોને કહ્યું જે, "ખબડદાર ! તમે તે જીવને લેવા દેશો નહીં." તેમ કહ્યાથી ઘણાક જમપુરુષ આવ્યા. તે જોઈ તે હરિજન મનશું હાર માનીને શ્રીજીમહારાજની મૂર્તિ અને તેના કહેલા વચનને સંભારવા માંડ્યો. તેમ સંભારતાં પોતાનો દેહ ઘણો મોટો થયો, તેમ જોયું. પછી તેણે હાક મારી. તેનાથી તેનો શબ્દ જમરાજને તથા તેના કિંકરોને મહાભયાનક ને વજ્રપાત સરખો

જણાયો. તેને જોઈને સર્વે જમ ઘણાક શસ્ત્ર લઈને તે હરિજનને મારવા ને લડવા ચાલ્યા.

ત્યારે તે હરિજને શ્રીજીમહારાજને સંભાર્યા, એટલાક મધ્યે ઘણાક ભગવાનના પાર્ષદને જોયા. તે સર્વે ચતુર્ભુજવાળા પાર્ષદને શંખ ને ચક્રાદિક આયુધો ઉગામતા જોઈને તે જમદૂત તેના રાજાએ સહિત હાર પામ્યા. પછી તે પાર્ષદ પ્રત્યે જમરાજે પૂછ્યું જે, "તમે કેના પાર્ષદ છો? ને કેના મોકલ્યા આવ્યા છો ? ને કયા ધામના વાસી છો ?"

ત્યારે તે જમરાજ પ્રત્યે મુક્ત બોલ્યા જે, "હે જમરાજ ! અમે સર્વે અવતારના અવતારી એવા જે પુરુષોત્તમનારાયણ તેના પાર્ષદ છીએ. ને વળી બ્રહ્મપુર તે તો અમારું ધામ છે ને તે ધામના ધામી જે નારાયણ તેણે ભરતખંડને વિશે પૃથ્વીને વિશે પોતે મનુષ્યાકૃતિ ધારીને સહજાનંદસ્વામીરૂપે આ સૌરાષ્ટ્ર દેશ પ્રત્યે પધાર્યા છે. તેના હુકમથી અમે ને આ હરિજન તે આ જીવને લઈને બ્રહ્મપુરે પહોંચાડશું, તેમ તમે જાણજો. ને હે જમરાજા ! જે કોઈ શ્રીજીમહારાજનાં આપેલાં વચન પાળે તે જીવને તમે કોઈ દિવસ પરાભવ કરશો નહીં."

એમ કહ્યાથી તે ધર્મરાજા બોલ્યા, "હે પાર્ષદો ! અહો ! અહો ! આ પૃથ્વી ઉપર પુરુષોત્તમનારાયણ પધાર્યા !" તેમ કહીને તે મુક્તોને અને તે હરિજનને નમતા થકા તે જીવ મુક્તને આપ્યો. તે સર્વે આશ્ચર્યને જોઈને ગોવર્ધને શ્રીજીમહારાજના સ્વરૂપની અતિ દૃઢતા કરી જે, "આ તો સર્વે અવતારના અવતારી જે પુરુષોત્તમનારાયણ તે જ છે." એમ નિશ્ચય કર્યો.

ત્યાર પછી પોતાના સ્થૂળ દેહ પ્રત્યે ગોર્વધન આવ્યો. ત્યારે તેને શ્રીજીમહારાજે પૂછ્યું જે, "હે ગોવર્ધન ! જેમ વાત થઈ તે પ્રમાણે તું કહે." ત્યારે પ્રથમ જેમ વાત થઈ તે સર્વે શ્રીજીમહારાજ પ્રત્યે કહી દેખાડી ને પછી એમ કહ્યું જે, "હે મહારાજ ! અમને રામાનંદસ્વામીએ

એમ કહ્યું હતું જે, 'અમે તો પ્રથમથી ડુગડુગી વગાડીને સર્વે જનને ભેગા કરીએ છીએ ને સર્વેના કારણ ને સર્વે અવતારના અવતારી પુરુષ આ પૃથ્વીને વિશે આવશે તેને તમે ઓળખજ્યો.' તે જ તમે નિશ્ચે જ છો."

ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "જીવને જેવી વાસના હોય તેને તેવા નિશ્ચે જ મળે છે." તેમ શ્રીજીમહારાજના કહ્યાથી તેને તત્કાળ સમાધિ થઈ. તે ગોવર્ધન પિંડ ને બ્રહ્માંડમાં એક શ્રીજીમહારાજની મૂર્તિ જ દેખતો હવો. પછી તે ગોવર્ધન શ્રીજીમહારાજને પોતાના સદનને વિશે તેડી લાવ્યો ને ષોડશ પ્રકારે પૂજા કરી. પછી તે નગરીના જન પોતાના હેતવાળા મેઘજી તથા મૂળચંદ, આણંદજી ને ઉમેદસિંહ આદિક સર્વે જન પ્રત્યે એમ કહ્યું જે, "મારા ઘરને વિશે આદિ પુરુષ જે પરમાત્મા તે જ પધાર્યા છે. તે જો તમારા જીવનો મોક્ષ ઈચ્છો તો તત્કાળે ચાલો."

પછી તે સર્વે ચાલ્યા તે શ્રીજીમહારાજની પાસે આવીને જોયા. તે સમે શ્રીજીમહારાજની મૂર્તિને વિશે અનંત સૂર્ય-ચંદ્રના જેવા તેજને દેખતા થકા 'અહો ! અહો !' કરતાં થકાં પૃથ્વીને વિશે પડી ગયા. પછી ઘણાંક આશ્ચર્યને દેખ્યાં ને સર્વે ધામના ધામી તે શ્રીજીમહારાજની અધિકપણે સ્તુતિ કરીને નમ્યા. તે જોઈને તે સર્વે જને એવો નિશ્ચય કર્યો જે, "આપણને આપણા ગુરુ રામાનંદસ્વામીએ એમ કહ્યું હતું જે, 'થોડાક દિવસ ગયે આ પૃથ્વીને વિશે અવતારી પુરુષ આવશે.' તે જ આ શ્રીજીમહારાજ નિશ્ચે જ છે." તેમ પોતે પોતાનો ઠેરાવ કર્યો.

પછી શ્રીજીમહારાજે તેને સમાધિમાંથી જગાડ્યા ને પોતે કહ્યું જે "તમે ક્યાં ગયા હતા ?" ત્યારે તેણે જે જે ધામ જોયાં, તે તે ધામ ને તેના ધામીનાં નામ કહી દેખાડ્યાં. તે સર્વે જન પ્રત્યે શ્રીજીમહારાજે કહ્યું જે, "તુમ તુમારા ઘર પ્રત્યે જાઓ ને તમારા સુહૃદને સંભાળો." ત્યારે તે સર્વે જને એમ કહ્યું જે, "હે પ્રભો ! અમારા પરમ સગા ને

પરમ હિતકારી તે હવે તમે જ છો. ને હવેથી હે મહારાજ ! તમને જ ભજશું ને તમને જ પૂજશું.”

તેમ કહ્યાથી શ્રીજીમહારાજે તેને જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્ય આદિક ઘણીક વાત સંભળાવી. અને પોતાના સ્વરૂપની અતિ દૃઢતા કરાવતા થકા એક એવું પ્રકરણ કર્યું, તે શું ? તો જે કોઈ જીવપ્રાણીમાત્ર શ્રીજીમહારાજની મૂર્તિનાં દર્શન કરે તેનાં નાડીપ્રાણ તણાઈ જાય ને પૃથ્વીને વિશે પડી જાય. જેમ ચમકને જોઈને લોહનાં પૂતળાં તણાય, તેમ જ મહારાજને જોઈને સર્વે જનનાં નાડીપ્રાણ તે સમે તણાતાં હવાં.

❁ નવાબ વજ્રુદીનને ઐશ્વર્ય બતાવી પોતાને આધીન કર્યો

તેને જોઈને તે નગરીનો રાજા જવન હતો. તેનું નામ વજ્રુદીન હતું. તેણે અતિ કોપાયમાન થઈને કહ્યું જે, “એસા કોન જાદુગરા ફકીર હે, સો મેરે પુરમેં આયકે સબ લોકકું ટોના(જાદુ-ટોણા) લગાયકે ગિરાયકે બાહુરા(બાવરાં; ગાંડાં-ઘેલા) કરતે હે ?” તેમ કહીને રાજ્યપુરુષ મોકલીને મહારાજ પ્રત્યે એમ કહેવરાવ્યું જે, ‘તમે અમારા પુર મધ્યેથી જતા રહો.’ ત્યારે સર્વે લોકના સ્વામી ને સર્વે સાધુતાની અને ક્ષમાની પણ સીમા એવા જે શ્રીજીમહારાજ તે તેના પુર મધ્યેથી ચાલતા થયા. તે મોરેથી તે રાજાએ માર્ગ મધ્યે ફૂલવાડી મધ્યે બેસીને મનસૂબો બાંધ્યો જે, ‘આ રસ્તે નીકળે ત્યારે તે ફકીરકું પકડકે કબજ કર દેંગે.’ તેમ મનસૂબો કરીને તે(રાજા ને તેના રાજપુરુષ) બેઠા છે.

અને હવે શ્રીજીમહારાજ ચાલ્યા આવે છે, તે સમાની મૂર્તિનો વેશ લખું છું. અતિ કિશોર અવસ્થા છે; ને પોતે એક બહિર્વાસ પહેર્યું છે; ને તે મધ્યે મુંજીબંધનેથી[૧] કોપીન પહેરી છે; ને એક ચાદર ઓઢી છે; ને એક જળપાત્ર કમંડળું ધાર્યું છે; ને પોતાના કંઠ મધ્યે શાલીગ્રામનો બટવો ધાર્યો છે; ને પોતાના હાથને વિશે ગીતાજીનો ગૂટકો બાંધ્યો

૧.મુંજ નામના ઘાસની બનાવેલ દોરીથી બાંધીને

છે; ને પોતાના શરીરે પંચકેશને ધરી રહ્યા છે. અતિ કૃશ શરીરે શોભે છે, તે જાણીએ મૂર્તિમાન તપનું સ્વરૂપ હોય ને શું ! ને વળી મંદમંદ હાસ્યને કરતાં થકાં નિશંક ચાલ્યા આવે છે. ને પોતાની વાંસે હરિજન સભીત થકા આવે છે જે, 'આ પુરનો નરેશ અતિ કોપાયમાન થયો છે, તે શું જાણીએ મહારાજને શુંએ કરશે ?'

તેમ કરતાં શ્રીજીમહારાજ તેને સમીપે આવ્યા. ત્યારે તે સર્વે મહારાજને પકડવા સારુ સામા ધોડ્યા. ત્યારે શ્રીજીમહારાજે તે સામું જોઈને બે હાથની તાળી પાડી અને ઊંચે સ્વરેથી હુંકાર શબ્દ કર્યો. તેથી તે કાળે તેના સર્વે મનુષ પૃથ્વી ઉપર પડી ગયા. ને તે રાજનો ગુરુ એક ફકીર હતો. તેનું નામ **મૂરાદસા** હતું. તે અતિ વિરાવળી ને મેલા મંત્રનો ઉપાસક હતો. તેણે નરેશને કહ્યું જે, "તે સાધુ જાદુગરા હે, ઈનકું મૂઠ નાંખકે હમ જીતેંગે, સર્વે બેફીકર સે રહેના." તેમ મોઢેથી કહેતો હતો અને એ જ સર્વે ઉપાધિ કરાવતો, એવો હતો. ને તેણે મનશું એમ જાણ્યું જે, 'આ તો અતિ સામર્થીવાન છે.'

પછી તે મહારાજ પ્રત્યે બોલ્યો જે, "હે ફકીર ! તુમને આ ક્યા કર દિયા ?" ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "જો અમે આ સબકું ગિરાયા હે તો તુમ ઈન સબનકું ઉઠાઈ દ્યો." ત્યારે તેણે એમ કહ્યું જે, "સબકું ગિરાયા હે પણ અમકું ક્યું ન ગિરાયા ?" ત્યારે તેને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "તમારા રૂ(જીવ) તો દોજખી(નારકી-પાપી) હે." ત્યારે તે બોલ્યો જે, "અમકું દોજખ(જમપુરી; નરક) બતાવો."

પછી શ્રીજીમહારાજે તાળી પાડીને હુંકાર શબ્દ કર્યો, તેથી તે પડી ગયો ને મહાભયાનક દોજખને જોતો હવો. અને તે(અગાઉ પડી ગયેલા) રાજા ને તેના ચાકર સર્વે જવન તે ભીસ્ત(સ્વર્ગ) અને તેના પેગંબરને જોતા હવા. પછી શ્રીજીમહારાજ પોતે વીરાસને બેસીને ધ્યાન કરતા હવા. ત્યારે તે નવાબનો સભાસદ ને બુદ્ધિમાન એક ભાટ હતો.

તે શ્રીજીમહારાજ પ્રત્યે હાથ જોડીને બોલ્યો જે, "હે મહારાજ ! આ સર્વે તમારો અપરાધ કરવા ઈચ્છતા તે સર્વે પોતે પોતાના પાપથી પડીને ક્યાં ગયા હશે ?"

ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજે કહ્યું જે, "તે સર્વે ઊઠે ત્યારે તમે તેને જ પૂછજો. તે સર્વે વાત કહી દેખાડશે." પછી શ્રીજીમહારાજ પ્રત્યે તે ભાટે કહ્યું જે, "હે મહારાજ ! આ સર્વે જનને તમે ઉઠાડો ને આપ તે સર્વેના અપરાધને ક્ષમા કરવા જોગ્ય છો." તેમ કહીને **ગરજુ થઈને ઘણીકવાર સુધી સ્તુતિ કર્યાથી શ્રીજીમહારાજ અતિ પ્રસન્ન થયા.** તેથી મહારાજે પોતાના બે હાથની તાળી પાડીને ઊંચે સ્વરે હાક મારી, તેથી એક કાળે સર્વે જવન ઊઠ્યા. અને ઊઠીને શ્રીજીમહારાજને પગે લાગતા થકા એમ કહ્યું જે, "હે મહારાજ ! તુમ તો બડે હો ને હિંદુ લોકકે કનૈયા હો. ને જો તુમારા હમ ગુના કિયા હે તે સબ તકસીર માફ કરના." તેમ તે સર્વે બોલ્યા.

ત્યારે તે સર્વેને શ્રીજીમહારાજે અને તેના સભાસદ ભાટે પૂછ્યું જે, "તમે જેમ દીઠું હોય તેમ કહો." ત્યારે તેણે એમ કહ્યું જે, "અમકું તમે ભીસ્ત દેખાયા ને પેગંબર ભી દેખાયા હે." ત્યારે મહારાજે એમ કહ્યું જે, "અમ તો આંહીં બેઠે હે. પૂછો, તુમારા ભાટકું પૂછો." ત્યારે તેમણે એમ કહ્યું જે, "હે મુરશિદ(ધર્મોપદેશક ગુરુ) ! તુમ અમારી અગાડી હતા ને તુમારે પીછે હમ સબકુ લેકે દેદાર કરાયા હે એસે ઈ તુમ હો."

અને તેનો ગુરુ ફકીર તે પડ્યો'તો, તેના શરીરને જમ મારતા હતા, તે ઊંચું ઊડીને પૃથ્વીને વિશે પછડાતું હતું. તેને જોઈ તે નરેશે શ્રીજીમહારાજ પ્રત્યે કહ્યું જે, "હે મહારાજ ! આ મેરા ગુરુ હે, ઈનકું ઉઠાવો." તેને શ્રીજીમહારાજે હાક મારીને ઉઠાડ્યો. તેને પોતે કહ્યું જે, "તુમને ક્યા દેખ્યા હે ? તે કહો." ત્યારે તેણે એમ કહ્યું જે, "મેં તો દોજખ દેખ્યા હે."


ત્યારે શ્રીજીમહારાજે તે નરેશને એમ કહ્યું જે, “તમારા ગુરુ દોજખી હે, સો તુંમકુ દોજખ મેં લે જાયેગા.” ત્યારે તેણે એમ કહ્યું જે, “હે મહારાજ ! આપકા દેદાર થયા, તેથી મેરા રૂ તો ભીસ્તમેં જ પોંચાડના. ને હે મહારાજ ! મેરા પુરને વિશે તુમ સદાયે રહો ને તુમારા કોન નામ લેવે ? બે ફીકરસે આપ રહો ને હત મારીનો કરેંગે(મારી નાખ્યા જેવો કરીશું).” ત્યારે મહારાજે તેને એમ કહ્યું જે, “અમે તો કેવા છીએ ? તો અમારે વિશે અચ્છા દેખે(ઈચ્છે) તિનકા અચ્છા હોય, ને અમારે વિશે બૂરા ઈચ્છે ઈનકા બૂરા હોતા હે.” તેમ કહીને તેને કલ્પતરુના દૃષ્ટાંતે વાત કરી સમઝાવ્યો, પછી તે શ્રીજીમહારાજને પોતાના હેતુ(હિતેચ્છુ) માનતો હવો.

પછી તે બાગ મધ્યે ઘણાંક ચકલાં જોઈને તે ભાટે મહારાજને કહ્યું જે, “હે મહારાજ ! તમે સર્વે મનુષને સમાધિ કરાવી પણ આ સર્વે વિહંગ જે ચિડિયાં હે તિનકુ સમાધિ થાય ?” પછી તે પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “અનેક જનનાં નાડીપ્રાણ તાણે એવા સમર્થ હોય, તે તો સર્વે બ્રહ્માંડના જીવના પ્રાણને લીન કરે, તેમાં શું આશ્ચર્ય છે ?”

ત્યારે તેણે કહ્યું જે, “તેને તમે સમાધિ કરાવો ખરા ?” ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “તેને પણ થાય.” ત્યારે તે સર્વે બોલ્યા જે, “હે મહારાજ ! અમકુ દેખાવો.” ત્યારે તે સમે શ્રીજીમહારાજે તે સર્વે વિહંગ સામું જોઈને પોતાની જોગમાયાથી એક કાળે સર્વે ચકલાંનાં નાડીપ્રાણ તાણ્યાં. તે ઊંચા પગ કરીને સર્વે પડી ગયાં. તેને જોઈને સર્વે સભા આશ્ચર્યમય થઈ ગઈ. પછી તે સર્વે બોલ્યા જે, “હે સમર્થ ! સબ ચિડિયાકુ ઉઠાઈ દ્યો.” ત્યારે શ્રીજીમહારાજે પોતાના હાથની તાળી પાડીને સર્વે વિહંગને એકકાળાવચ્છિને ઉઠાડ્યાં. તે સર્વે આશ્ચર્યને જોઈને તે નરેશે શ્રીજીમહારાજને તેની શિબિકામાં બેસારીને પોતાના પુરમાં પધરાવ્યા.

તે સમે કુસંગી લોક તે એમ કહેતા હતા જે, “આ બાવે આપણા રાજાને પરસાદી ખવરાવીને ગાંડો કર્યો છે. તે બાવાને ઝાલવા ગયો’તો તે જ શિબિકા મધ્યે બેસારીને લાવ્યો. તે હવે આપણી શી ગતિ થાશે ? સર્વે જનને ગાંડા કરી નાંખશે.” તેમ સર્વે જન પુર મધ્યે કહેતા હતા. તેમ તે પુરીને વિશે શ્રીજીમહારાજ ઘણાક દિવસ વસતા થકા ઘણોક પ્રતાપ દેખાડતા હવા ને આ તો દિશમાત્ર લખ્યું છે.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે ‘માંગરોળમાં શ્રીહરિએ વિવિધ ઐશ્વર્ય પ્રતાપ બતાવ્યો’ એ નામે સિત્તેરમું પ્રકરણ ॥૭૦॥



પ્રકરણ - ૭૧

જૂનાગઢ પધારી બીમાર ઝીણાભાઈને દેહ મૂકાવી ધામમાં લઈ ગયા

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ **શ્રીદુર્ગપુર**ને વિશે બિરાજમાન હતા. તે સમે **જીરણગઢે ઝીણાભાઈ** પોતે અતિ માંદા હતા. તેણે એમ જાણ્યું જે, ‘આપણો દેહ હવે નહીં રહે. તે સારુ મારા વહાલા સગા, પરમ હેતુ, અંતકાળના બેલી અને મારા પરમ હિતકારી પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીજીમહારાજને તેડાવવા. અને તેનાં દર્શને કરીને મારા આત્માને આ લોકને વિશે ને પરલોકને વિશે મોટા સુખને પમાડે એવા એ પરમાત્મા છે.’ તેમ તે સમે આ લોકના સર્વે પદાર્થ ખોટા કરીને શ્રીજીમહારાજની મૂર્તિને વિશે પોતાના મનને ઠેરાવ્યું.

પછી તે સમે શ્રીજીમહારાજ પ્રત્યે શુભ પત્ર લખાવ્યો. તે મધ્યે ઘણોક વિનય ને સ્તુતિ ને ઘણીક ઉપમા લખ્યાં. ને તે હેમના અક્ષરથી

લખેલો કાગદ લઈને તેના ભાઈ ગગાભાઈ શ્રીજીમહારાજ શ્રીદુર્ગપુરે પોતાના ઉતારાને વિશે બિરાજમાન હતા, ત્યાં આવ્યા. તે સમાની મૂર્તિનો વેશ જેમ દીઠો હતો, તેમ શાસ્ત્રી લક્ષ્મીરામ તે લખું છું.

ભારે રાતા કિનખાપનો સુરવાળ હીરની નાડીએ સહિત પહેર્યો હતો. અને કિનખાપની રાતી ડગલી તેની માંહીલી કોરે ધોળા અંગરખા સહિત પહેરી હતી. મસ્તકે ભારે જરિયાની રેટો કસુંબી રંગે રંગેલો બાંધ્યો હતો. ને કટી ઉપર એક કસુંબી જરિયાની સેલું બાંધ્યું હતું. અને એક નીલા શેલેથી પલોંઠી વાળીને[૧] બેઠા હતા.

અને હવે હેમ ને મોતીનાં અલંકાર લખીએ છીએ. તે ઉર મધ્યે ત્રણ સરી ઊતરી, હેમના દોરા, હેમની માળાઓ, હેમનાં બાજુબંધ, પોચિયું ને વાઘમોરાં હેમનાં કડાં વાંકડાં ને આંટાદાર પહેર્યાં હતાં. ને કરને વિશે વેઢ, વીંટિયું ને ઉરને વિશે સત્ય મોતીના હાર, તોરા આદિક ઘણાંક જે શણગાર તેને શોભાડતા થકા બેઠા હતા. તે સમાને વિશે ગગાભાઈ આવ્યા ને આવીને તેણે શ્રીજીમહારાજને સાષ્ટાંગ દંડવત કર્યા.

ત્યારે શ્રીજીમહારાજે મનુષની રીતે પૂછ્યું જે, “હે અનુપસિંહ ! તમે શા કારજે આવ્યા ? તે કહો.” ત્યારે તેણે એમ કહ્યું જે, “હે સર્વજ્ઞ ! તમે સર્વે જાણો છો, પણ લ્યો કહી દેખાડું. હે મહારાજ ! ઝીણાભાઈ ઘણા માંદા છે. તેણે આ પત્ર તમ ઉપર લખ્યો છે. તે મધ્યે એમ લખ્યું છે જે, હે મારા જન્મસંઘાતી ! તમે વેલા પધારીને દર્શન દેજો.” પછી તે પત્ર શ્રીજીમહારાજને આપ્યો.

તે પોતે શ્રીમુખે વાંચ્યે માલમ(માહિતગાર) થયા, પછી સર્વે સભા પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “જીણાભાઈ બહુ માંદા છે. તે સારુ આ ગગાભાઈ કાગળ લઈને આવ્યા છે.” તેમ કહીને નિષ્કુલાનંદસ્વામીનું મંડળ જૂનાગઢ મોકલ્યું. ત્યાર પછી મુનીન્દ્ર એવા

૧.કમરથી ઢીંચણ સુધી સુરવાળ ઢંકાય તેમ ભેટ બાંધીને

મુક્તાનંદસ્વામી પ્રત્યે શ્રીજીમહારાજે પૂછ્યું જે, "સ્વામી ! આપણ સર્વે ત્યાં જાશું ?" ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! ત્યાં આપણે જરૂર જાવું જોઈએ. ને તમો પધાર્યે ઘણીક વાતનો સમાસ છે. ને તે હરિજન શિરોમણિ છે. તેને આ સમે તમારી મૂર્તિનાં દર્શન આપીને અતિ સુખિયા કરવા જોઈએ."

પછી શ્રીજીમહારાજ મુક્તાનંદાદિક ઘણાક અશ્વાર ને પાળે વીંટાણા થકા ચાલ્યા, તે ગામ **પીપળિયા**માં હરિજન **લખમણભાઈ ને હેમાભાઈ**ના ઘર પ્રત્યે પધાર્યા. તે હરિજને અતિ રાજી થઈને શ્રીજીમહારાજે સહિત સર્વે જનની મેમાની(મહેમાનગતી) કરી. તે રાત ત્યાં રહીને પ્રભાતે ચાલ્યા, તે ગામ **જેતપુર** પ્રત્યે ગયા. ત્યાં પોતે પોતાના હાથથી રસોઈ કરી.

ત્યારે સંત જુક્તાનંદનું મંડળ આવ્યું. ત્યારે શ્રીજીમહારાજે તે સંતને કહ્યું જે, "આ સર્વે રસોઈ અમે કરી છે, તે તમે સર્વે જનને પીરસીને જમાડો." પછી શ્રીજીમહારાજે સહિત સર્વે જનને જમાડ્યા. પછી તે પુરના રાજાએ શ્રીજીમહારાજને ઘણાક વિનયથી કહ્યું જે, "હે મહારાજ ! કાલે અમારી રસોઈ છે, તે જમીને ચાલજો." ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "અમારા ભક્ત એવા જે જીણાભાઈ તે અતિ માંદા છે ને તેનો અંત સમો છે. તે કઠણ વેળાએ સર્વે મારા જનને મારી મૂર્તિના દર્શનથી અતિ સુખ આપીને તેની આધિ-વ્યાધિરૂપી દુઃખ દૂર કરીએ તેવા અમે છૈયે, તેમ તમે જાણો." ત્યારે તે રાજાએ શ્રીજીમહારાજને પગે લાગીને કહ્યું જે, "હે મહારાજ ! તમે તો નિર્બંધ છો. તે કોઈના રોક્યા રહો નહીં ને તમે ધાર્યું તે સત્ય છે." તેમ કહીને ગયા.

પછી તે રાત્રિ પુર મધ્યે રહીને પ્રભાતે શ્રીજીમહારાજ સર્વે જને વીંટાણા થકા ચાલ્યા, તે **જીરણગઢ** નગરી પ્રત્યે પધારી જીણાભાઈના ઘરને વિષે બિરાજમાન થયા. અને તે ભક્તે શ્રીજીમહારાજનાં દર્શન તે અતિ રાજીપેથી કર્યાં ને બોલ્યા જે, "અહો ઈતિ આશ્ચર્યે ને બત ઈતિ

હર્ષે. તેમ તે જીણાભાઈ કહેતા થકા શ્રીજીમહારાજને મળીને નમતા હવા. ત્યારે તે ભક્ત પ્રત્યે શ્રીજીમહારાજે કહ્યું જે, "મારી પાસે તમે જે કાંઈ વર માગો તે હું તમને આપું, ને આ જે સર્વે ધામ તે મારાં જ છે. જે ધામની તમારે ઈચ્છા હોય તે માગો, તે ધામ હું આપવા જોગ્ય છું."

તે સમે શ્રીજીમહારાજ સામું તે ભક્તે જોઈને પોતાના હાથ જોડીને આ વચન માગ્યું જે, "હે મહારાજ ! તમે મારા પરમ હિતકારી છો, મારા આત્માના સગા છો. ને હે મારા જન્મસંગાથી ! તમે આ સમે આવીને મને દર્શન દીધાં, તેથી હું સર્વે સુખને પામી રહ્યો છું. તે તમે મને એ વર આપો..."

❁ ઝીણાભાઈએ મંદિર માટે પોતાની હવેલીની જગ્યા આપી

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે માગો." ત્યારે તે જીણાભાઈએ કહ્યું જે, "**હે મહારાજ ! હું તો એક વર એ માગું છું જે, જ્યાં તમે હો તે ધામને વિષે મને તમારી સેવામાં રાખો. જેમ મુકુંદબ્રહ્મચારી આદિક એકાંતિક જન સેવામાં રહે છે, તેમ મને રાખજો.** ને હે મહારાજ ! બીજો વર એ માગું છું જે, આ મારી રહેવાની હવેલીને ઠેકાણે ભગવાનનું મંદિર કરજો. એ બે વર માગું છું."

ત્યારે શ્રીજીમહારાજે તેને કહ્યું જે, "તમારાં છોકરાં ક્યાં રહેશે ?" ત્યારે તેણે એમ કહ્યું જે, "ગામ મધ્યે ભાડાં ભરીને રહેશે." તેમ કહીને તેનો લેખ કરાવી આપ્યો. તે સમે સર્વે સભા પ્રત્યે પોતે તે ભક્તજનનાં અતિ વખાણ કરતા હતા. પછી પોતાનો ઉતારો મહેતા વૃંદાવનને ઘેર હતો, ત્યાં જઈને પોઢ્યા.

પછી તે રાત્રીને સમે હેમંતસિંહ નામે તે ઝીણાભાઈ દેહ મૂકીને અક્ષરધામને વિશે જઈને શ્રીજીમહારાજની સેવામાં રહ્યા. પછી પ્રભાતે તેના દેહને દામોદર કુંડ ઉપર લાવીને ઘણાંક કાષ્ઠ, ચંદન ને તુલસી ને નાલિકેર ને અગ્રાદિકથી(એક જાતના સુગંધી ઝાડના લાકડાથી) તેના

દેહની ક્રિયા શ્રીજીમહારાજે સમીપે રહીને કરાવી. અને શ્રીજીમહારાજે તિલાંજલિ[૧] ને દાધાંજલિ[૨] આદિક સર્વે ક્રિયા કરાવી.

❁ શ્રીહરિએ ગિરનારને ચરણાંકિત કરી પાવન કર્યો

અને સર્વે જને સહિત સ્નાન કરીને શ્રીજીમહારાજ રૈવતાચલ પર્વતને ઉપર ઘણાક જને વીંટાણા થકા તે ગિરનાર પર્વતનાં શિખરોને વિશે રમતા(ફરતા) હવા. પછી શ્રીજીમહારાજ કેવા છે ? તો કોમળ કહેતાં કુસુમથી કોમળ છે ને કઠણ કહેતાં કુલિશ(વજ્ર) જેવા છે, તોય પણ મનુષ્યાકૃતિથી(મનુષ્યભાવ જણાવતાં) કહે, “હે મુકુંદ બ્રહ્મચારી ! અમે તો અતિ ભૂખ્યા થયા છૈયે.” તેમ શ્રીજીમહારાજે કહ્યું. ત્યારે વર્ણિરાજે એમ કહ્યું જે, “હે સમર્થ ! આ પહાડ ઉપર તે શું જમવાનું મળશે ?” તેમ કરતાં તે સમાને વિશે એક વિપ્રનો વેશને લઈને ચતુરાનન(બ્રહ્મા) આવ્યા. તેને જોઈને બ્રહ્મચારીએ તેને કહ્યું જે, “તમારી પાસે કાંઈ ખાધાની વસ્તુ છે ? જો તમે આ સમે જમ્યાની જણસ આપો તો તમે મોંઢે માગો તે ધન તમને હું આપું.”

ત્યારે તે સમે તેમણે એમ કહ્યું જે, “અહો અહો ઈતિ આશ્ચર્યે ને બત ઈતિ હર્ષે. ને **આ શ્રીજીમહારાજ તે સર્વે અવતારના અવતારી છે,** તેમ હું જાણીને આ દાળિયા આપું છું, તે તમે લઈને મહારાજને જમાડો. તેથી હું અતિ કૃતાર્થ થઈશ.” તેમ કહી તેની પાસે દાળિયા હતા, તે આપીને પોતાના ધામ પ્રત્યે ગયા. પછી તે દાળિયાને શ્રીજીમહારાજ જમ્યા.

પછી જમીને સર્વ જનને કણિકામાત્ર પ્રસાદી આપતા થકા પર્વતના અગ્ર ભાગને વિશે ચઢ્યા. ને તે પર્વતના સર્વે પાપને હરવા સારુ છે વિચરવું જેને, એવા જે શ્રીજીમહારાજ તે પોતે પોતાના ચરણથી અંકિત કરીને, તેના સર્વે અઘ હરીને, તે પહાડના આત્માને મોક્ષ પમાડવાની છે ઈચ્છા જેને, એવા જે શ્રીજીમહારાજ તે ખેંગારના[૩] મહોલે ગયા.

૧.બળતા શબની ઉપર અપાતી તલની અંજલિ ૨.શબને દહન કર્યા પછી અપાતી જલાંજલિ
૩.જૂનાગઢના પ્રાચીન સમયના ખેંગાર નામના રાજાના

તે સ્થળને વિશે બેસીને શ્રીજીમહારાજે નિત્યાનંદસ્વામી પ્રત્યે કહ્યું જે, "હે સ્વામી ! આ સર્વે આપણા મનુષ્ય ભૂખ્યા છે. તે સારુ તમે પુરી મધ્યે જઈને આ સર્વે જનને સારુ ખાધાનું લાવો." પછી સ્વામી પોતાનું મંડળ લઈને ગયા.

અને વળી શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "હે મુકુંદ બ્રહ્મચારી ! અમે તો ફેર ભૂખ્યા થયા છીએ." ત્યારે તે સમે તે પહાડને વિશે કોઈક પુરુષ હતો, તેને મુકુંદજીએ પૂછ્યું, "તારી પાસે કાંઈ આટો છે ?" ત્યારે તેણે એમ કહ્યું જે, "છે તો ખરો, પણ એક શેર આટાના રૂપિયા બે લઉં છું." તે સમે એક શેર આટો લઈને તેને રૂપિયા બે આપીને પોતે નાહીને તેની બાટીઓ કરીને શ્રીજીમહારાજને જમાડ્યા. જમીને પછી ગૌમુખી ગંગાને જોતા થકા ધીરે ધીરે નીચા ઊતર્યા.

પછી તે પહાડની તળેટી મધ્યે એક વાવ હતી, તે ઠેકાણે શ્રીજીમહારાજ સર્વે જને સહિત બેઠા'તા. તે સમે નિત્યાનંદમુનિ પકવાન લઈને આવ્યા. પછી સર્વે જનને જમાડીને શ્રીજીમહારાજ ચાલ્યા, તે પુરમાં પોતાના ઉતારે પધાર્યા અને સ્નાનવિધિ કરીને સંતજને રસોઈ કરી'તી, તે જમીને સર્વે જનને જમાડ્યા. પછી શ્રીજીમહારાજ સર્વે જને સહિત જાયગાને વિષે સભા કરીને બેઠા. ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "ઝીણાભાઈએ અમને જાયગા આપી, પણ ઘણી સાંકડી છે. તે આટલી જાયગા મધ્યે આપણે તો અતિ મોટું મંદિર કરાવવું છે. તે જાયગા ઘણી પખતી(મોકળી; પહોળી) જોઈએ."

❈ દાદાભાઈએ મંદિર માટે વધારે જમીન અર્પણ કરી

ત્યારે સત્ય સંકલ્પવાળા જે શ્રીજીમહારાજ તે પ્રત્યે દાદાભાઈ[1] તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! આ ઝીણાભાઈને લગતી(ઝીણાભાઈની જમીનની બાજુની) સર્વે ભોમી છે, તે સર્વેય મારી જ છે. તે હું તમને

૧. દાદાભાઈ ને જીણાભાઈ કાકા-દાદાના ભાઈઓ હતા.

ધર્માદા શ્રીકૃષ્ણાર્પણ આપું છું. ને જે જન કાંઈયે પદાર્થ તમને અર્પણ કરે છે, તે તે પદાર્થ સર્વે અક્ષય થાય છે. ને ઘણાક મારા બાપ-દાદા મેલીને ગયા છે, તેમ જ હું પણ મેલીને જાઉં, તેથી હે સમર્થ ! મેં તમને આપી તે જાયગા સદાયે રહી કહેવાય." તેમ કહીને શુભ અક્ષરથી લેખ કરાવીને શ્રીજીમહારાજને અર્પણ કર્યો.

❁ શ્રીહરિએ જૂનાગઢના દેવોનો તથા સેવાનો મહિમા કહ્યો

ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "આ જાયગા મધ્યે મોટા સંત આવીને ભગવાનની મૂર્તિઓ પધરાવશે. તેણે કરીને આ ભોમિકા અતિ શોભાને લેશે. ને તે ધામને વિશે રહી જે મૂર્તિઓ તેનાં જે જન આવીને દર્શન કરશે અને વસ્ત્ર, અન્ન, દ્રવ્ય ને હેમનાં તથા રૂપાનાં ઘરેણાં તથા સત્ય મોતી, માણેક, હીરા, પાત્ર, ભૂમિ ને વાહન ને ગૌ તથા સજ્યા આદિક જે જે વસ્તુનું આ ભગવાનની મૂર્તિઓને અર્થે જે કોઈ જન દાન કરશે તેના ઉપર અમે સદાય રાજી રહીશું. **અને આ મંદિર ને આ મૂર્તિઓને અર્થે જે કાંઈ સેવા-પૂજા કરશે તે થકી તેને હજાર ગણાં સુખ ને મનોવાંછિત સુખ ને અર્થને નિશ્ચય જ પામશે.** ને આ અમારાં કરેલાં જે સર્વે મંદિર તેને ઘણાક જન માનશે. ને ચારે જુગમાં ચમત્કારી મૂર્તિઓ તે મંદિરને અતિ શોભાડશે." તે સમે શ્રીજીમહારાજ તે જીરણગઢમાં જાયગા છે, તેને વિશે બિરાજમાન હતા. સંવત્ ૧૮૮૨ ના પોષ સુદી બીજનો દિવસ હતો. તે દિવસે ઉપર લખી, તે આદિક ઘણીક વાત શ્રીજીમહારાજે કરી હતી.

❁ જૂનાગઢમાં રાજાએ મંદિરની જગ્યાનો લેખ કરી આપ્યો

પછી તે સમે શ્રીજીમહારાજના દર્શનને અર્થે તે પુરના જે નરેશ તેના મનુષ્ય જે સભાસદ ને તેના અમાત્ય તે શ્રીજીમહારાજની સમીપે સભામાં આવીને બેઠા. ત્યારે શ્રીજીમહારાજે તેને ઘણું માન આપીને શુભ વચનથી બોલાવ્યા અને તે સર્વે મનુષ્યને રાજી કરીને મહારાજે તે

પ્રત્યે એમ કહ્યું જે, “આ જાયગા અમને ઝીણાભાઈએ ને દાદાભાઈએ મંદિર કરવા સારુ ધર્માદા આપી છે, પણ આ લખત મધ્યે નવાબની સહી જોઈએ. ત્યારે તે લખત કબૂલ-મંજૂર થાય.” ત્યારે તે સર્વેએ એમ કહ્યું જે, “હે મહારાજ ! આ સર્વે ભોમી તમને આપી તે તેની જ છે, પણ જો તમારે રાજાની સહી કરાવવી હોય તો તમે અમારા ભેગા ચાલો. ને અમે તમોને તેડવા સારુ જ આવ્યા છૈયે.”

તે સમે શ્રીજીમહારાજ સર્વે અશ્વારે સહિત ચાલ્યા, તે સર્વે પોતાના મનુષ્ય તથા તે રાજાના મનુષ્ય જે અશ્વાર ને પાળા તે સર્વે જનને શોભાડતા થકા તે પુરની બજારું ને શેરીઓ તે મધ્યે વસતા જે મનુષ્ય સ્ત્રી-પુરુષ તેને પોતાની મૂર્તિનાં દર્શન દેતા હતા; ને ત્યારે ઢોલ, ત્રાંસાં, મૂર્ફા, નગારાં, શરણાઈઓ, ભૂંગળ, ભેરી, રણશિંગીઓ(યુદ્ધમાં વગાડવાનું તતૂડું), પડઘમ ને બાંસુરી આદિક ઘણાંક વાજાં વાગતાં હવાં ને ઘણાંક બંદીજન ને માગધજન તે વખાણ કરતા હવા.

અને હવે શ્રીજીમહારાજની મૂર્તિનું તે સમાનું ચિંતવન કરું છું જે, સર્વે શ્વેત વસ્ત્ર ધાર્યાં’તાં ને ઘણાંક મલ્લિકાના ને થળકમલના પુષ્પના હાર, તોરા, ગુચ્છ, ગજરા, બાજુબંધ ને પોંચી આદિક સર્વે પુષ્પના શણગારને શોભાડતા થકા તે રાજાના રાજદરબારને દરવાજે સર્વે જને સહિત શ્રીજીમહારાજ પહોંચ્યા. પછી દ્વારપાળ પાસે રજા મંગાવીને શ્રીજીમહારાજ તે રાજાની સભા પ્રત્યે ગયા.

ત્યારે તે નરેશ ઘણાક આદરમાનથી મળીને નમ્યો ને પોતાની રાજગાદીથી હેઠા ઊતરીને પૃથ્વીને વિશે ઊભો રહીને હાથ જોડીને એમ બોલ્યો જે, “હે મહારાજ ! મેરા બડા ભાગ્ય હે, ને મેરા પુરકે લોકનકા બી બડા ભાગ્ય હે, જો આપ પધારીકે દેદાર દિયા હે. ને તુમ તો હિંદુ લોકકા કનૈયા હો, ને બોત દૂરસે આયકે તુમ ઝીણાભાઈકું આપકા દેદાર દેકે ઈનકા રૂ(આત્મા) કા અચ્છા કર દિયા હે.” તેમ

કહીને પોતે શ્રીજીમહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! અમારી ગાદી ઉપર તમે બેસો." ત્યારે શ્રીજીમહારાજે તે નરેશને એમ કહ્યું જે, "અમે કોઈ રાજાના આસન ઉપર બેસતા નથી."

પછી બીજા આસને બેસીને શ્રીજીમહારાજે તે રાજા પ્રત્યે કહ્યું જે, "અમને ઝીણાભાઈએ તથા દાદાભાઈએ મંદિર કરવા ધર્માદામાં ભોમી આપી છે. તે પુરના પતિ તમે જ છો. તે તમારા હાથની સહી કરી આપો. ને અમારું મંદિર કરીએ તે મધ્યે હરેક પદાર્થ જોઈએ તેના તમે દાણ માફી કર્યાના લેખ ને સહી કરી આપો, તો તમારા પુર મધ્યે બડા મંદિર બનાવીએ. તેથી તમારું પુર તે અતિ શોભાયમાન થાશે." તેમ શ્રીજીમહારાજે તે રાજા પ્રત્યે કહ્યું.

ત્યારે તે રાજાએ એમ કહ્યું જે, "હે મહારાજ ! આ નગરીને ઉપર ઘણાક રાજા રાજગાદી ઉપર બેસીને તેની સર્વે સમૃદ્ધિ મેલીને ગયા. તેમ મારે પણ જાવું છે. તે સારુ તમ જેવા મોટા પુરુષને મારે તો રાજી કરવા છે." તેમ કહીને દાણમાફીનો લેખ ને પોતાની સહી કરી દીધાં.


પછી શ્રીજીમહારાજને ભારે વસ્ત્રનો પોશાક આપ્યો. પછી શ્રીજીમહારાજે તેને એક ઘોડી ભારે આપીને પોતાની મૂર્તિ સાથે હેત કરાવીને તેના જીવનો મોક્ષ થાય તેમ કરતાં થકાં 'જય સચ્ચિદાનંદ' કહીને રજા માગી અને ગાજતેવાજતે સર્વે શત્રુને દબાવતા થકા પોતાના ઉતારા પ્રત્યે આવ્યા. પછી સ્નાનવિધિ કરીને જમીને પોતાના પલંગ ઉપર બેસીને સર્વે જેમ વાત થઈ ને રાજા સંગાથે મળીને સર્વે જે કાંઈ કામનો બંદોબસ્ત કર્યો, અને વળી હરિભક્ત શિરોમણિ જે હેમંતસિંહજીએ દેહ મૂક્યો, તેનો ભક્તિ-ભાવ, નિર્વાસનિકપણું ને તેણે જે વર માંગ્યા તે આદિક ઘણીક વાત તે સમે શ્રીજીમહારાજે સંત-હરિજન આગળ કરી.

પછી પોતાને ચાલ્યાનું પરિયાણ કરીને, ત્યાંના હરિજન પાસે સર્વે લોકોના સ્વામી જે શ્રીજીમહારાજ તે રજા માગીને પ્રભાતે ચાલતા હવા.

તે ઘણાક અશ્વાર ને પાળાઓને શોભાડતા થકા ચાલ્યા, તે ગામ, પુર, ખેટ, ખર્વટ તેના રહેનારાં જે જે જનો તેને પોતાની અલૌકિક મૂર્તિનાં દર્શન દેતા સર્વે જીવોને મોક્ષ પમાડતા થકા શોભાયમાન **શ્રીદુર્ગપુર**ને વિશે પધારી ઉત્તમરાજાના દરબારને વિશે વસતા હવા.

અને ત્યાંના હરિજન પ્રત્યે જેમ હેમંતસિંહે દેહ મૂક્યો, તેની દૃઢતાની વાત કરતા હવા. ને રેવતાચલને વિશે ચઢીને તે પહાડના પાપને હર્યું, ને મંદિરની જાયગાનો લેખ કરાવ્યો, ને તે પુરના રાજાને મળ્યા, ને તે નરેશને રાજી કરીને લેખનો પત્ર ને તેના હાથની સહી કરાવી, તે આદિક ઘણીક વાર્તા કરતા હવા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'જૂનાગઢ પધારી બીમાર ઝીણાભાઈને દેહ મૂકાવી ધામમાં લઈ ગયા' એ નામે ઈકોતરમું પ્રકરણ ॥૭૧॥





શ્રીહરિ જૂનાગઢમાં ઝીણાભાઈને દેહ મૂકાવી પોતે પાલખી ઉપાડે છે.

પ્રકરણ - ૭૨

માળિયા ને વાંઢિયામાં પૂર્વના મુમુક્ષુ ભક્તને ત્યાં પધારી સ્વસ્વરૂપનું જ્ઞાન આપ્યું

એક દિવસને સમે શ્રીજીમહારાજ ને વર્ણિરાજ મુકુંદ બ્રહ્મચારી ગુર્જર દેશેથી ચાલ્યા, તે શ્રીજીમહારાજની મૂર્તિના વેશને લખીએ છીએ. શ્વેત ધોતી પહેરી છે ને શ્વેત ચાદર ઓઢી છે ને મસ્તકે શ્વેત ફેટો બાંધ્યો છે ને પોતા પાસે એક જળપાત્ર રંગેલી તૂંબડી હતી ને ચરણને વિશે પાદુકા પહેરી હતી ને કરને વિશે એક રંગેલી લાકડી પકડી હતી. ને ગુર્જર દેશેથી ચાલતા હવા. તે પંથને વિશે બ્રહ્મચારી પ્રત્યે જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્યાદિક પોતાના ધામના સુખની રહસ્ય વાર્તા કરતાં થકાં ગામ, પુર, ખેટ, ખર્વટ, નદીઓ, વન, અદ્રિ ને જળે રહિત રણને ઉલંઘન કરતા વાગડ દેશ ને મચ્છુકાંઠા પ્રત્યે આવ્યા.

અને ગામ **માળિયા**ને વિશે પુનઃ આવ્યા ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "વર્ણિરાજ મહાયોગી ! આપણે કોઈ જન પાસે અન્નની જાચના કરી નથી. આપણે બે દિવસના ઉપવાસ થયા છે. માટે માગ્યા વિના કોઈ આપશે નહીં. ને હે મહાયોગી ! આ નગરીને વિશે પ્રવેશ કરીને અન્નની યાચના કરીએ."

ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, "હે મહારાજ ! તમે સર્વે ભૂતપ્રાણી માત્રને અન્ન, વસ્ત્ર ને જળ આપનારા છો. તેને કોઈ જન પાસે અન્ન, જળ ને વસ્ત્ર માગવું તે તો તે જીવનો મોક્ષ કરવો તે સારુ છે. ને હે સમર્થ ! તમારા ધામના મોટા વૈભવ ને સુખનો ત્યાગ કરીને આ પૃથ્વીને વિશે વિચરવું તે તો ઘણાક જીવોના કલ્યાણને અર્થે છે."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હે બ્રહ્મચારી ! અમારી વાંસે તમે આવો. અમે અન્ન જાચશું તમે બોલશો નહીં." તેમ કરતાં તે નગરીને વિશે એક દ્વિજ જાતિ પોતાના હાટ મધ્યે બેઠો હતો. તે યજ્ઞોપવિતથી

ઓળખ્યામા આવ્યો. તે પ્રત્યે શ્રીજીમહારાજ કહેતા હવા, "હે દ્વિજ ! તું અમને ભિક્ષા આપીશ ?" પછી તેણે શ્રીજીમહારાજની મૂર્તિની સામું જોયું, ત્યારે તે મહારાજના કલેવરને વિશે ઘણુંક તેજ, ઘણુંક આશ્ચર્ય ને ઘણોક પ્રતાપને દેખતો હવો.

ત્યારે તેણે એમ કહ્યું જે, "હે સમર્થ ! તમે મનુષ્યાકૃતિ ધરીને મારા સદનને વિશે આવ્યા એવા તમે કોણ છો ? ને મારા અંતરને વિશે શ્રીકૃષ્ણભગવાનની મૂર્તિને દેખું છું, તેથી તમે અધિકપણે મુને દેખાઓ છો; તેવા તમે કોણ છો ? તે મુને કહો."

ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજ બોલ્યા, "હે દ્વિજ ! અમે તો સર્વે લોક ને લોકપાલાદિક સર્વે જન તેને પૂજવા જોગ્ય, ભજવા જોગ્ય ને માનવા યોગ્ય છીએ. ને સર્વે મહત્પુરુષ જે સાધુ તેણે અમને પૂજ્યા એવા છીએ. ને તેવા સંતપુરુષને અમે પૂજીએ ને માનીએ તેવા અમે છીએ. ને અમે તો સર્વે સાધુમાં મોટેરા સાધુ છીએ. ને અમારે વિશે સમર્થ એવા શ્રીકૃષ્ણ સદાય રહે છે ને શ્રીકૃષ્ણને વિશે અમે રહીએ છીએ. ને અમે કહીએ તેમ શ્રીકૃષ્ણ કરે છે, તેવા અમે છીએ. ને તારા પૂર્વના સંસ્કારે અમારું આવવું છે, પણ આ ટાણે તો અમે તારી પાસે ભિક્ષા માગવા આવ્યા છીએ ને બે દિવસના ઉપવાસી છીએ, તેથી હાજર હોય તે આપો."

ત્યારે તેણે કહ્યું જે, "હે મહારાજ ! તમે ઘડી એક ખમો, તમ યોગ્ય રસોઈ કરાવું." ત્યારે મહારાજે તેને કહ્યું જે, "હાજર હોય તે અન્ન તું લાવ, અમારે શીઘ્ર ચાલવું છે." ત્યારે તેણે બાજરાનો રોટલો ને કેરાનું આથણું આપ્યું. તે શ્રીજીમહારાજે પોતાના બે હસ્તકમળ મધ્યે લીધું ને પોતે મનશું વિચાર્યું જે, 'આ બ્રહ્મચારી પણ ભૂખ્યા છે ને તેણે તેને કાંઈ આપ્યું નહીં ને તેનો પાડ પૂછ્યો નહીં.' તેમ પોતે મનમાં વિચારીને શ્રીજીમહારાજ તે વિપ્ર પ્રત્યે કહેતા હવા જે, "બાબુ ! તારી રોટી પીછી લો."

ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! પાછા તે શા વાસ્તે આપો છો ?" ત્યારે તેને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "સર્વે બ્રહ્મચારીઓના ગુરુ છે, અતિ મોટા છે ને વળી સર્વે વર્ણને વિશે બ્રાહ્મણ ઉત્તમ છે તેથી પણ આ ઉત્તમ છે; એવા જે આ બ્રહ્મચારી તે જમશે ત્યાર પછી અમે અન્ન-જળને લેશું." ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! તેને હું કુલેરના મોદક કરાવું." ત્યારે તેને મહારાજે એમ કહ્યું જે, "તુમ બાજરાકા આટા ને મીઠા આપો."

પછી તેણે આપ્યું તેને લઈ શ્રીજીમહારાજ ને મુકુંદ બેઉ જણ પુરી બહાર આવી મચ્છુ સરિતાના તટ ઉપર આવીને સ્નાન સંધ્યા ને પૂજાવિધિ કરીને શ્રીજીમહારાજ જમવા લાગ્યા. જમતાં જમતાં બ્રહ્મચારી પ્રત્યે એમ કહેતા હવા જે, "હે બ્રહ્મચારી ! તમારું મન એમ કહે છે જે, આ છાણાં લઈને બાટી કરીને જમીશું, પણ તે નહિ થાય. ને નાહીને લોટ મધ્યે મીઠું નાંખીને લોટ પીઓ." ત્યારે બ્રહ્મચારીએ એમ કહ્યું જે, "હે મહારાજ ! મારે તો મનનું કહ્યું કોઈ દિવસ માનવું નથી, જેમ તમે કહેશો તેમ જ કરવું છે." પછી નાહીને લોટ પીધો.

પછી શ્રીજીમહારાજ જમી રહ્યા ને બ્રહ્મચારી જમીને ચાલી નીકળતા હવા. તે આગે મહા ભયાનક રણ આવ્યું. તે શું ? તો ઘણુંક ખારું જળ તે કટિ પ્રજંત બે યોજન મધ્યે ભર્યું છે. તે મધ્યે શ્રીજીમહારાજ પ્રવેશ કરતાં થકાં બ્રહ્મચારી પ્રત્યે બોલ્યા જે, "હે બ્રહ્મચારી ! આપણ બે જણને તેણે પ્રીતિપૂર્વક અન્ન આપ્યું, તે દ્વિજને શી પ્રાપ્તિ થાશે ? તે કહો." ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, "હે મહારાજ ! તે તો ઇન્દ્ર જેવો રાજા થાશે, મુને તો એમ જણાય છે." ત્યારે શ્રીજીમહારાજ મંદમંદ હસતા થકા બોલ્યા જે, "હે બ્રહ્મચારી ! એમાં તમારી નજર પહોંચી નહીં. ઇન્દ્ર થાય તેમાં તે શું ? એ તો ભગવાનની આગળ રાંક જેવો છે ! ને તેના વૈભવ તુચ્છ જેવા છે ને ઇન્દ્રના વૈભવ ત્રિલોકીનો

દુર્વાસાએ નાશ કરી નાખ્યો હતો. ને આણે તો તમ જેવા ને અમ જેવા બે દિવસના ઉપવાસી હતા, તેને પ્રીતિપૂર્વક અન્ન આપ્યું છે ને તમારાં ને અમારાં દર્શન કર્યાં છે. ને તેણે મારે અર્થે પૂર્વે ઘણુંક તપ કર્યું'તું, તેના ફળને પમાડીને તેના દેહનો અંત આવ્યે મારું ધામ જે બ્રહ્મપુર તેને પમાડીશ, તેમ જાણો." ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, "કૃપાનાથ ! એ વાતમાં મારી નજર પડી નહીં, જેમ તમે કહ્યું તે જ સત્ય છે." ઈતિ શ્રીમાળિયાનું આખ્યાન સમાપ્ત.

અને ત્યાંથી શ્રીજીમહારાજ ને બ્રહ્મચારી ચાલ્યા તે ખારુર્ણ(ખારું રણ) મધ્યે પ્રવેશ કરતા હવા. ને જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્યાદિકની વાત કહેતા રણને ઊતરી **વાંઢિયા** પુરને વિશે શ્રીજીમહારાજે પ્રવેશ કર્યો. ત્યાં એક સુતારને ઘેર ઉતારો કર્યો ને તેણે કહ્યું જે, "હે મહારાજ ! તમે રસોઈ કરો. ને જેને ઘેર મેમાન આવે તેને પ્રભુની પેઠે પૂજવા જોઈએ." ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "**જેમ તમે કહો છો તેમ જ છીએ.**" ત્યારે તેણે શ્રીજીમહારાજને તેની કોઢમાં ઢોલિયો બિછાવી આપ્યો ને પોતે મહારાજના ચરણ ચાંપવા લાગ્યા. તે ચરણમાં તેણે ઊર્ધ્વરેખા આદિક સોળે ચિહ્ન જોયાં અને જોઈને એમ બોલ્યા જે, "હે મહારાજ ! તમે તો મારે ઘરને વિશે પરમાત્મા નારાયણરૂપી આવ્યા છો."

ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજે કહ્યું જે, "આત્માને શુદ્ધપણે રાખીને, સર્વે વિષયસુખ ખોટાં કરીને, પ્રીતિએ સહિત પરમાત્માને જુએ તો આ જેવા અમે છીએ તેવા પરમાત્મા દેખાય." તેમ કહીને શ્રીજીમહારાજ પોતે પલંગ ઉપર ઊભા થઈને પોતાની મૂર્તિની સ્મૃતિ કરાવતા હવા. અને તે પ્રત્યે મહારાજે એમ કહ્યું, "તમે અમારાં ચરણ જુઓ ને આ અમારી બે પિંડિયું ને ઢીચણ દેખો. ને આ અમારા સાથળ દેખો ને આ અમારી કટી દેખો. ને આ અમારાં ઉદર ને નાભી દેખો. ને આ

અમારાં હૃદય ને બાહુ દેખો. ને આ અમારાં કંઠ, મુખ, નેત્ર, નાસિકા, શ્રવણ ને મસ્તક દેખો. આમ શિખાપર્યંત પ્રીતિપૂર્વક દેખો.”

તેમ જ તે જોતા હતા ને જોઈને પછી શ્રીજીમહારાજ પ્રત્યે એમ બોલ્યા જે, “હે મહારાજ ! આત્મા ને પરમાત્માને વિશે ઘણું તેજ હોય તે કેમ નથી દેખાતું ?” ત્યારે તેને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “અમારી મૂર્તિના અંગોઅંગનું ફેર ચિંતવન કરીને મનન કરો તે મધ્યે તેજ દેખાશે.” પછી તેણે તેમ કર્યું તેથી અનંત તેજ દેખાયું ને શ્રીજીમહારાજની મૂર્તિને વિશે ઘણાં સુખ ને અનેક ઐશ્વર્ય દેખાયાં. ને તેનાં નાડીપ્રાણ લીન થઈ ગયાં ને તે યોગસમાધિ પામીને પૃથ્વીને વિશે પડી ગયા.

પછી તેની સ્ત્રીએ કહ્યું જે, “મહારાજ ! આ જળ હું ભરી લાવી છું, તે રસોઈ કરાવો.” પછી શ્રીજીમહારાજે બ્રહ્મચારીને હુકમ કર્યો, તેથી તે રસોઈ કરવા લાગ્યા. ત્યારે શ્રીજીમહારાજે તેની સ્ત્રીને એમ કહ્યું જે, “આ તારા પતિને બ્રહ્મસમાધિ થઈ છે. તેના ગુણ ને ધર્મ ને તેના દેહનાં વ્રત કેવાં છે ? તે સર્વે અમને કહો.” ત્યારે તે બાઈ શ્રીજીમહારાજ પ્રત્યે તેના સર્વે ગુણને કહેવા લાગી, “હે મહારાજ ! તેણે પરસ્ત્રી ને પરધનને વિશે ખોટો ઘાટ કોઈ દિવસ કર્યો જ નથી. ને હે મહારાજ ! **બાર વરસથી તેણે શીલવ્રત લીધું છે**. ને હે મહારાજ ! તેમ તમારા પ્રતાપથી મેં પણ પુરુષમાત્ર સામો કામ સંબંધી ખોટો ઘાટ કર્યો જ નથી, પણ હે સમર્થ ! અમારા ઘરને વિશે વિત્ત ઘણું છે ને પુત્ર નથી. તે વ્રતને કોણ સમાપ્ત કરાવે ? ને સમાપ્ત કરાવો એવા તો મુને તમે જણાઓ છો.” ત્યારે તેને શ્રીજીમહારાજે કહ્યું જે, “શાબાશ છે ! વ્રત ભલાં પાળ્યાં, તે જોઈને અમે તમારા ઉપર ઘણા રાજી થયા, તેથી સર્વે વ્રતના ફળને તમે પામી રહ્યા છો.” પછી શ્રીજીમહારાજે બ્રહ્મચારી પ્રત્યે કહ્યું જે, “હે વર્ણીન્દ્ર ! આવા જીવને

અર્થે તમારું ને અમારું ફરવું છે. પૂર્વે મારે અર્થે તેમણે ભક્તિ કરી છે, તેના ફળને પમાડવા માટે તેમને દર્શન ને સ્પર્શે કરીને મારા ધામને પમાડવાં છે."

તેમ કહીને તે સુતારને જગાડ્યા ને તે જનને શ્રીજીમહારાજે પૂછ્યું, "તેં શું દીઠું ? જેમ દેખ્યું હોય તે પ્રમાણે અમને કહી દેખાડો." ત્યારે તેણે કહ્યું જે, "હે સમર્થ ! હે સર્વજ્ઞ ! મેં તો અતિ આશ્ચર્યમય, અતિ સુખમય ને તેજોમય તમારું ધામ દીઠું. ને તે ધામના ધામી તે તો તમે જ છો. તે અક્ષરધામના સર્વે મુક્ત બહુ પ્રકારે તમારી સ્તુતિ ને સ્તવન કરતા હતા."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અમે તો આ તારા સદનને વિશે આ પલંગ ઉપર બેઠા છીએ. તારી સ્ત્રીને તું પૂછી જો." ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! તમે તો આંહીં બેઠા સર્વે લોક પ્રત્યે દેખાઓ તેવા તમે પુરાણ પુરુષ છો. ને તમે તો સર્વોપરી છો, તે અતિ દયા કરીને મારા ઘરને વિશે પધાર્યા છો. તે એવડું તો મેં શું પુન્ય કર્યું હશે જે તમારાં મારે દર્શન થયાં ? ને વળી તમે મનુષ્યાકૃતિ ધરીને મારે ઘેર મેમાન થયા છો ને મારા ઘર મધ્યેથી અન્ન-જળને લેશો, તેથી હું અતિ કૃતાર્થ થયો તેમ માનું છું. ને હે મહારાજ ! એવડું મેં શું પુન્ય કર્યું હશે ?"

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, "હે ભક્ત ! પૂર્વ જન્મે મારે અર્થે શુદ્ધ ભાવ રાખીને તમે બેઉ જણે તપ કર્યું હતું. તે તપના ફળને દેવા સારુ આ અમે બે જણ તારા ઘર પ્રત્યે આવ્યા છીએ, તેમ તું જાણ. હે ભક્ત ! અમે કેવા છીએ ? તો જે જન અમારે અર્થે જે દાખડો કરે છે, તેને તે નિષ્ફળ નથી થાતો. કેમ જે, સર્વે થકી ભગવાન શાહુકાર છે. તે જે જીવે ભગવાન સારુ દાખડા કર્યા હોય છે, તેને તેનાં ફળ પમાડે છે. તે કેમ જે, કોઈ જીવે શાહુકારની પેઢીએ જેટલું ધન મૂક્યું

હોય, તે પ્રમાણે (વ્યાજ) આપે છે, તેમ જ ઈશ્વર પણ આપે છે.” ઈત્યાદિક મહારાજે ઘણીક વાર્તા તે પ્રત્યે કહી.

ત્યારે તેણે એમ કહ્યું જે, “હે મહારાજ ! તમે જેમ કહો તેમ હું વર્તું ને તમે કહો તો સંસાર મૂકીને સાધુ થઈ જાઉં.” ત્યારે તેને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “તમે સાંખ્યયોગ પાળો છો, તે મૂકીને અમારા વચને કરીને કર્મયોગમાં વર્તો.” તે પ્રકારે ઘણીક વાર્તા કરીને હા પડાવી અને કહ્યું જે, “તમે આ નિર્દય દેશ પ્રત્યે રહો છો, તે આજ દિનથી બ્રાહ્મણ, સાધુ તથા હરેક જાત્રી અન્નાર્થી મનુષને સદાવ્રત આપજો. તેણે કરી મોટું પુન્ય થાશે.” તેમ કહી શ્રીજીમહારાજે બે જણ દંપતીને વર્તમાન ધરાવીને એમ કહ્યું જે, “તમે ‘સ્વામિનારાયણ સ્વામિનારાયણ’ ભજન કરજો, તેથી તમારા જીવનો મોક્ષ થાશે.”

પછી બ્રહ્મચારીએ કહ્યું જે, “હે મહારાજ ! આ રસોઈ તૈયાર થઈ છે, તમે જમવા પધારો.” ત્યારે શ્રીજીમહારાજને શુદ્ધ જળ લાવીને તે દંપતીએ નવરાવ્યા અને ચંદન ને પુષ્પના હાર પહેરાવીને જમવા બેસાર્યા. અને મહારાજ સર્કરાના મોદક, દાળ ને વૈંતાકાદિકનાં શાક જમતા હવા ને ધીરે ધીરે જમતા જાય છે ને જળ પીતા જાય છે. ને પોતાનો ડાબો ભુજ ઉદરે ફેરવ્યાનો છે સ્વભાવ જેને, એવા જે શ્રીજીમહારાજ તે જમીને ચળુ કરી મુખવાસ લઈને ઢોલિયા ઉપર બિરાજમાન થયા.

ત્યારે તે દંપતીએ હાથ જોડીને પૂછ્યું જે, “હે પ્રભો ! તમારું નામ શું છે ? અમને તો શેખપાટવાળા લાલજી સુતારે એમ કહ્યું’તું જે, ‘સ્વામિનારાયણ અવતારી પુરુષ તારા ઘરને વિશે આવશે ખરા. તેની વાત સાંભળીને સત્સંગ કરજો. તેથી તમે જન્મ-મૃત્યુને તરશો ને અતિ સુખ પામશો.’ તે જ તમે છો ?” ત્યારે શ્રીજીમહારાજ તે પ્રત્યે બોલ્યા, “તે જ અમે છીએ. ને તે હરિજને તુને વચન આપ્યું હતું, તેથી અમે તો તારા ઘર પ્રત્યે આવ્યા છીએ.” ત્યારે તેણે અતિ હર્ષથી

મહારાજની વિધિવત્ પૂજા કરી. અને શ્વેત વસન ને રૂપમુદ્રિકા આપીને વિધિવત્ નમીને સ્તુતિ કરી. પછી મહારાજ તે પુરને વિશેથી પ્રભાતે ચાલતા હવા. તે ગામ, પુર, ખેટ ને ખર્વટનાં જન સ્ત્રી-પુરુષને પોતાની મૂર્તિનાં દર્શન દેતા થકા ચાલતા હવા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'માળિયા ને વાંઢિયામાં પૂર્વના મુમુક્ષુ ભક્તને ત્યાં પધારી સ્વસ્વરૂપનું જ્ઞાન આપ્યું' એ નામે બોતેરમું પ્રકરણ ॥૭૨॥



પ્રકરણ - ૭૩

પૂર્વના મુમુક્ષુ દંપતીના ઘરે પધારી તેમને સ્વસ્વરૂપનું જ્ઞાન આપ્યું

❁ બાઈના વેશમાં મહારાજે બ્રહ્મચારી સાથે રમૂજ કરી

હવે એ દિવસને સમે શ્રીજીમહારાજ અને બ્રહ્મચારી વાટે ચાલતા હવા. ત્યારે પોતે શ્વેત વસ્ત્રની પલવટ વાળીને બાયુંની પેઠે ધોતિયું પહેર્યું હતું. ને પોતાની આગળ બ્રહ્મચારી ચાલ્યા જાય છે ને તેની વાંસે શ્રીજીમહારાજ ચાલ્યા જાય છે. ત્યારે મહારાજે કહ્યું જે, "બ્રહ્મચારી ! કહો તો હું તમને માર ખવરાવું !" તેમ રમોજ કરતાં થકાં મંદમંદ હસતા થકા પંથને વિશે ચાલ્યા જાય છે. એટલાકમાં છાસ વેચનારી મૈયારિયું માર્ગને વિશે શ્રીજીમહારાજને ભેગી થઈ. ત્યારે તેણે એમ જાણ્યું જે, 'આ બાઈ માતાજી છે.' ત્યારે શ્રીજીમહારાજે પોતાના મસ્તક ઉપર ઝીણી ચાદર ઓઢી હતી, ને મુખ આડું વસ્ત્ર રાખીને લટક-લટક ચાલેથી ચાલવા લાગ્યા.

ત્યારે તે મૈયારિયું કહે છે, "હે માતા ! તમે ક્યાં જાઓ છો ?" ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજે હળવેકશું એમ કહ્યું જે, "અરે બાયું ! આ બાવો મુને લઈ જાય છે." ત્યારે તે મૈયારિયું બોલી જે, "તમે કહો તો આ નેહડામાં અમારા પતિ અને સંધી[૧] રહે છે, તેને કહીને કહો તો પીટ્યા બાવાને માર ખવરાવીએ."

તે વાત સાંભળીને બ્રહ્મચારીએ કહ્યું જે, "હે કૃપાનાથ ! મુને તમારે મરાવવો છે કે શું ? જો ભરવાડ આવશે તો હે મહારાજ ! મુને કૂટી નાખશે." ત્યારે શ્રીજીમહારાજે પોતાનું વસ્ત્ર મુખ થકી કોરે કર્યું ને બોલ્યા જે, "કોણ માતાજી છે ?" ત્યારે તે બાઈએ ઓળખ્યા જે, 'આ તો સર્વે પુરુષ મધ્યે ઉત્તમ પુરુષ છે.' પછી તે બાઈયું માંહોમાંહી કહેવા લાગી જે, "અરે બાયું ! આ આદિપુરુષ ગુણની સીમાવાળા ને સકોમળ કોણ હશે ? ને આપણા મનને વિશે પ્રીતિ ઉપજાવતા થકા શીઘ્ર ચાલીને દૂર ગયા, તે જાણીએ પોતે ભગવાન જ હોય ! એમ જણાય છે." તેમ તે કહેતી હવી."

❁ બ્રહ્મચારીએ શ્રીહરિને પેંડા જમાડ્યા

અને તે સ્થળેથી શ્રીજીમહારાજ ચાલ્યા, તે વાટ મધ્યે બ્રહ્મચારી પ્રત્યે હાસ્યવિનોદ કરતા મધ્યાન થયા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હે બ્રહ્મચારી ! અમને ભૂખ લાગી છે ને થાક પણ લાગ્યો છે." ત્યારે બ્રહ્મચારી મહારાજનાં ચરણ ચાંપવા લાગ્યા.

પછી મહારાજે એમ કહ્યું જે, "તમે આ પુર મધ્યે જઈને પેંડા લાવો, અમે આ લીંબના વૃક્ષ તળે બેઠા છીએ; તમે શીઘ્ર આવજો." ત્યારે બ્રહ્મચારીએ કહ્યું, "તથાસ્તુ." તેમ કહીને તે પુરને વિશે જઈને હલવાઈને કહ્યું જે, "પેંડા છે ?" તેણે કહ્યું જે, "છે." ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, "આ બે કોરીના પેંડા દે." ત્યારે તેણે આપ્યા. તે લઈને

૧.સિંધી લોક કે મુસલમાન જાતિના એ નામના એક પ્રકારના લોકો

શ્રીજીમહારાજને નૈવેદ્ય કર્યા. ત્યારે શ્રીજીમહારાજ સરોવર મધ્યે નાહીને જમતા હતા.

પછી બ્રહ્મચારી સહિત જમીને ચાલ્યા, તે દિવસ અસ્ત પામ્યે એક ગામને વિશે આવીને પૂછ્યું જે, "આ ગામમાં વસ્તી કેની છે?" ત્યારે કહે જે, "સર્વે લોક મુસલમાન છે ને એક લુવાર સદાવ્રતી તે હિન્દુ છે." ત્યારે તેના પૂર્વના પુન્યથી શ્રીજીમહારાજ તેના ઘરને પૂછતાં પૂછતાં તેના ઘર પ્રત્યે પધાર્યા. તે ભક્ત માને રહિત છે ને કપટે રહિત દંપતીને જોઈને તેના ઘર પ્રત્યે પુરાણ પુરુષોત્તમ પધાર્યા.

અને શ્રીજીમહારાજ તે પ્રત્યે એમ બોલ્યા જે, "સદાવ્રતીકા ઘર એ ઈ હે ?" ત્યારે તેણે હાથ જોડીને કહ્યું જે, "હે મહારાજ ! આ છે." પછી તેણે શ્રીજીમહારાજને પલંગ બિછાવી આપ્યો ને તે ઉપર મહારાજ બિરાજમાન થયા. ત્યારે તે અને તેની સ્ત્રી તે શ્રીજીમહારાજના ચરણ ચાંપવા લાગ્યાં ને વળી 'અહો અહો !' મુખથી બોલ્યાં.

પછી તેણે એમ કહ્યું જે, "હે પ્રભો ! તમે રસોઈ કરો." ત્યારે તે દંપતીએ જળનાં કોરાં બે માટલાં ભરી આવીને તેની કોઢ મધ્યે મૂક્યાં. પછી બ્રહ્મચારીએ નાહીને રસોઈ કરવા માંડી. તેણે બાજરાનો આટો ને મઠની દાળ આપી. પછી તે દંપતી પ્રજાએ રહિત ને અતિ વૃદ્ધ હતાં ને તેની શ્રદ્ધા ને ભક્તિ ને માને રહિતપણું જોઈને તે ઉપર શ્રીજીમહારાજ અતિ રાજી થયા ને તેને પૂછ્યું જે, "તમે આ સદાવ્રત આપો છો, તે શી ઊપજમાંથી આ ધર્માદાનું ખર્ચ પૂરું થાય છે ? તે કહો."

ત્યારે તે દંપતી હાથ જોડી સર્વજ્ઞ એવા જે શ્રીજીમહારાજ તે પ્રત્યે એમ કહે છે જે, "હે સમર્થ ! અમે તો આ ગામલોકના લોહના ઘાટ ઘડીએ છીએ. તેના દાણા અમારી અંગ-મહેનતના આવે છે. તેનું સદાવ્રત આપીએ છીએ." ત્યારે વળી શ્રીજીમહારાજે તેને કહ્યું જે, "તમે અતિ વૃદ્ધ છો. તે શી રીતે મહેનત કરો છો ? તે અમને કહી

દેખાડો.” ત્યારે તે કહે છે જે, “હે મહારાજ ! હું ધમું[૧] છું ને લોઢાને સાણસીથી પકડું છું અને આ સ્ત્રી તે હથોડાના ઘા નાંખે છે. તેમ ખરા પરસેવાની અંગ-મહેનત કરીને અમે તો સદાવ્રત આપીએ છીએ.”

ત્યારે શ્રીજીમહારાજે તેને કહ્યું જે, “તમે શા આશયથી અતિ મહેનત કરીને આ સદાવ્રત આપો છો ? તમારા ઘરને વિશે અમે આવ્યા છીએ. તે તમારા મનના મનોરથ અમારે આગે કહો. તે સર્વે સિદ્ધ થાશે એવા અમે છીએ. અને આ તારી કોડ મધ્યે રસોઈ કરે છે, તે **બ્રહ્મચારી તો નારાયણ જેવા છે. અને તેથી અધિક એવા તેના ગુરુ અમે છીએ.** તે તમારા પૂર્વના પુન્યને જોગે તારા ઘર પ્રત્યે અમારું આવવું થયું છે. એમ તું જાણજે.”

ત્યારે તેણે એમ કહ્યું જે, “હે મહારાજ ! શાસ્ત્ર એમ કહે છે જે, આ પૃથ્વીને વિશે સાધુને વેશે તથા રાજાને વેશે સદાય મનુષ્યાકૃતિ ધરીને હરિ વિચરે છે. તે સદાવ્રતીને સદાવ્રત બાંધ્યાનું એ જ ફળ છે જે તેને ઘેર ભગવાન જરૂર આવે છે ખરા, પણ તેની કૃપા હોય તો ઓળખાય ખરા.” ત્યારે તેની દૃઢતા ને વિશ્વાસ જોઈને અતિ રાજી થઈને શ્રીજીમહારાજે તે પ્રત્યે કહ્યું જે, “તે વાર્તા સત્ય જ છે.” પછી મહારાજે તેને પોતાની દિવ્ય મૂર્તિનાં દર્શન દીધાં. તે શું ? તો અતિ તેજોમય મૂર્તિને જોઈને તેને સમાધિ થઈ ગઈ ને ‘અહો અહો ઈતિ આશ્ચર્યે’ તેમ કહેતાં થકા પૃથ્વીને વિશે પડી ગયા ને અનંત આશ્ચર્યમય પોતાનું ધામ જે બ્રહ્મપુર તેને જોતા હવા.

પછી શ્રીજીમહારાજે બ્રહ્મચારી પ્રત્યે કહ્યું જે, “હે બ્રહ્મચારી ! આ જીવ અતિ શુદ્ધ છે. તેના પૂર્વ જન્મના પુન્યથી તેના ઘરને વિશે આપણું આવવું થયું છે, તેમ જાણજો. ને તમ જેવા સાધુનાં દર્શન થવાં તે તો ઘણી દુર્લભ વાત છે. ને આ દર્શન તો બ્રહ્માદિક દેવને પણ દુર્લભ છે,

૧.અગ્નિથી લોઢાને તપાવવાની ધમણ ચલાવું

તો બીજાની શી વાત કહેવી ?" ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, "મહારાજ ! તેણે શું પુન્ય કર્યું હશે, જે તેના ઘરને વિશે તમે આવીને દર્શન આપીને તેને ઘેર ભોજનપાન કરશો ? તે વાત મુને કહો." ત્યારે શ્રીજીમહારાજ કહે છે, "હે બ્રહ્મચારી ! **એક હજાર વર્ષ સુધી તપ કર્યું હોય**, તેના ઘરને વિશે એક દિવસ અમે રહીએ ને **તેનું અન્ન અમે જમીએ છીએ. ને તે પુન્યના ફળથી મારા ધામનાં આ દેહ છતાં દર્શન થાય છે અથવા દેહને મૂકીને મારા ધામને વિશે અખંડ સુખને ભોગવે છે.**" તેમ કહ્યું.

પછી બ્રહ્મચારીએ કહ્યું જે, "હે મહારાજ ! આને જગાડો ને." ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "હે બ્રહ્મચારી ! એ તો મહાસુખને જોવે છે, તે જોવા ઘો." ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, "હે મહારાજ ! તેના ઘરનાં બાર ઉઘાડાં છે. તેના ઘરમાંથી કોક જણસ લઈ જાશે." ત્યારે શ્રીજીમહારાજે તેનાં કમાડ ભિડાવ્યાં. પછી તેને સાદ કરીને જગાડ્યા. પછી મહારાજે તેને પૂછ્યું જે, "તમે જે દીઠું હોય તેની વાત કહો."

ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! તમે તો સર્વે ધામના ધામી છો ને સર્વે અવતારના અવતારી પુરુષ જ છો. તે જ મારા ઘરને વિશે કૃપા કરીને આવ્યા છો. ને હે નાથ ! તમ જેવા મેમાન મારે ઘેર ક્યાંથી ? ને હે હરે ! તમારી મૂર્તિને વિશે અમે ઘણું તેજ દેખીએ છીએ. તે માટે પૂર્વે મનુષ્યાકૃતિની જેવી મૂર્તિ દેખાડો."

ત્યારે શ્રીજીમહારાજે તે દંપતી પ્રત્યે એમ કહ્યું જે, "આ અમારાં બે ચરણ દેખો, ને આ અમારી પિંડિયું દેખો, ને આ અમારા સાથળ દેખો, ને આ અમારી કટિને જુવો, ને આ અમારી નાભી જુવો, ને આ અમારા ઉદરને દેખો, ને આ અમારી છાતી દેખો, ને આ અમારી બે ભુજા દેખો, ને આ અમારા કંઠને દેખો, ને આ અમારાં મુખ ને નાસિકા, નેત્ર, શ્રોત્ર, લલાટ ને આ અમારા શિખાપર્યંત સર્વે કહ્યાં તે અંગોઅંગને તમારા મનને વિશે ધારીને મનન કરો; તેથી તેજ

સમીને પ્રથમના જેવી મનુષ્યાકૃતિ પ્રમાણે દેખાશે." ત્યારે તે દંપતી તેમ જ કરતાં હવાં.

પછી શ્રીજીમહારાજે તેને પૂછ્યું જે, "કેમ, તેજ સમ્યા ?" ત્યારે તેણે કહ્યું જે, "હે મહારાજ ! સમ્યા." ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "તમારા મરણ પર્યંત આમ મૂર્તિ ધારી રાખજો. અંત સમાને વિશે આવી મૂર્તિ તમને તેડવા આવશે. ને તમારા પૂર્વના પુન્યથી જન્મમૃત્યુને તરી જશો, ને અક્ષરધામને વિશે હું મોટા સુખને આપીશ." તેમ તે દંપતીને શ્રીજીમહારાજે વર આપ્યો.

પછી રસોઈ તૈયાર થઈ ત્યારે તેણે મનશું વિચારીને પોતાના ઘરમાં કંઈ વિત્ત નોતું તેથી કાંતેલા સૂત્રના ફાળકા લઈને તેને વેચીને તેનાં ઘી ને ગોળ લાવ્યાં. ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "સર્વેને ઘી-ગોળ આપો છો ?" ત્યારે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! સર્વેને તો આટો ને દાળ આપું છું." ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "અમારે વાસ્તે ઘી-ગોળ કેમ લાવ્યાં છો ?" ત્યારે તેણે એમ કહ્યું જે, "હે સમર્થ ! તમે તો સર્વે વૈભવના સ્વામી છો. તે સર્વે વૈભવના સુખનો ત્યાગ કરી, મનુષ્યાકૃતિ ધારીને આ પૃથ્વીને વિશે વિચરતા થકા અમ જેવા ગરીબને ઘેરે આવીને અન્ન જમો છો. ને હે ગરીબનવાજ ! તમ જોગ્ય તે અમે તમારી શું સેવા કરીએ ? ક્યાં તમે ને ક્યાં અમે જીવ !" તેમ કહીને નમતાં હવાં.


પછી શ્રીજીમહારાજ સ્નાન કરીને જમવા બેઠા ને પોતે ધીરે ધીરે જમતા જાય છે. ને વારે વારે જળ પીધાનો છે સ્વભાવ જેને, એવા જે શ્રીજીમહારાજ તે બ્રહ્મચારી પ્રત્યે કહે છે જે, "હે બ્રહ્મચારી ! આણે આપણને અતિ શ્રદ્ધાથી જે અન્ન આપ્યું છે, તેને અમે ભાવથી જમીએ છીએ ને તે અન્ન અતિ મીઠું છે. અને જે જન શ્રદ્ધાએ રહિત આપે, તેના અન્નાદિકની સેવાને અમે ગ્રહણ કરતા જ નથી." તેમ વાર્તા

કરતાં થકાં શ્રીજીમહારાજ પોતે જમીને તે દંપતીને પોતાના થાળની પ્રસાદી આપી.

પછી બ્રહ્મચારી જમીને શ્રીજીમહારાજ પોઢ્યા છે, ત્યાં આવ્યા. ત્યારે તે ઠેકાણે તે દંપતી શ્રીજીમહારાજનાં ચરણ ચાંપે છે ને વળી એમ કહે છે જે, "હે મહારાજ ! તમે અમારા ઘરને વિશે બહુ દિવસ સુધી રહો ને અમારાથી બનશે તેવી સેવા કરશું." ત્યારે તેને શ્રીજીમહારાજે કહ્યું જે, "તમારા ઘરમાં દાણા કેટલાક છે ?" ત્યારે તેણે શ્રીજીમહારાજને પોતાના ઘરમાં તેડીને બતાવ્યા. તે બે માટલાં બાજરાનાં હતાં ને એક માટલું મઠનું ભર્યું હતું.

તેને જોઈ શ્રીજીમહારાજ બ્રહ્મચારી પ્રત્યે મંદમંદ હસતા થકા બોલ્યા, "અરે બ્રહ્મચારી ! હવે આપણે શી ખોટ ? આટલા દાણા છે." તેમ કહી તેને રાજી કરતાં થકાં તે દંપતીને જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્યાદિકની વાર્તા કરીને પોતાના સ્વરૂપની દૃઢતા કરાવીને પોતે પોઢી ગયા. પછી તે દંપતી ઊંઘી ગયાં ને રાત્રી પાછલી ઘટી પાંચને આશરે રહી, ત્યારે શ્રીજીમહારાજ તૈયારી કરી ધીરેકથી બ્રહ્મચારીને જગાડીને ચાલી નીકળ્યા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'જવનનપુરીમાં પૂર્વના મુમુક્ષુ દંપતીના ઘેર પધારી તેમને સ્વસ્વરૂપનું જ્ઞાન આપ્યું' એ નામે તોંતેરમું પ્રકરણ ॥૭૩॥



પ્રકરણ - ૭૪

અર્દ્રેશ્વપુરીમાં રાજા અને રાજકન્યાદિકને ઐશ્વર્ય બતાવી ધર્મમાર્ગે ચલાવ્યાં

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ એક અર્દ્રેશ્વપુરીને વિશે જોગભ્રષ્ટ એવી રાજાની કન્યાઓને મળ્યા, તેનું આખ્યાન કહું છું. વાંઢિયાથી નીકળીને તે પુરીના પંથે ચાલતા થકા શ્રીજીમહારાજે બ્રહ્મચારી પ્રત્યે એમ કહ્યું જે, “જો આપણ છાના ચાલ્યા ન હોત તો તે દંપતી આપણને રોકત ને રુદન કરત; તે સારુ ગુપ્ત ચાલ્યા. તેથી તેને વિયોગ થયો છે, તે આપણને અતિ સ્નેહથી સંભારશે. અને હે બ્રહ્મચારી ! હવે આપણે સાયંકાળ સુધી અજાચકવ્રત રાખવું ને કોઈ જન માગ્યા વિના અન્ન આપે તો લેવું, નહિ તો નિશાએ ભોજન કરશું.” ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, “હે મહારાજ ! તમે અતિ સકોમળ(કોમળ શરીરવાળા) છો, ને વળી પ્યાદા છો ને વળી ભૂખ્યા ને તરસ્યા છો. ને આતપવાતને(તડકો ને પવનને) સહીને આ ભૂતળે ફરવું તેનું શું હેતુ છે ? તે કહો.”

ત્યારે શ્રીજીમહારાજ કહે, “હે મહાયોગી ! જે જીવ જોગભ્રષ્ટે કરી અવતર્યા એવા જે મારા જન, તેના પાપને મારે મળવે કરીને ટાળી નાંખીને, તેનાં અન્નપાનાદિક જમીને, મારા ધામને વિશે પમાડવા; તે સારુ આપણું ફરવું છે.” તેમ વાર્તા કરતાં પાંચ જોજન(એક યોજન=૧૨ કી.મી.) આવ્યા. પછી એક નગરને દેખ્યું. તે નગર મધ્યે રાજધાની મધ્યે સાત માળની હવેલી દેખાણી.

ત્યારે શ્રીજીમહારાજ કહે, “હે બ્રહ્મચારી ! તે મોટી હવેલી મધ્યે આપણો ઉતારો થાશે. તમે પણ ત્યાં આવજો ને અમે તો શીઘ્ર ગતિએ અમારા યોગૈશ્વર્યાદિકે કરીને તેની રાજધાનીના દરવાજે ઘણાક રાજપુરુષની ચોકી મધ્યેથી અદશ્ય થકા પ્રવેશ કરશું. ને તે મધ્યે બે

રાજકન્યાઓ જે પૂર્વે મારા સંબંધને પામેલી તે યોગભ્રષ્ટપણાને પામી છે, તેના સર્વે દુરાઆશે(દુરાશય; વાસના) મુકાવીને મારા સંબંધને પમાડીને મારા ધામના સુખને પમાડીશ. એટલા જ પ્રયોજન સારુ આ નગરી પ્રત્યે આવવું થયું છે. માટે હે બ્રહ્મચારી ! તમે ધીરે ધીરે આવજો. અમે પ્રથમ જઈને તમોને તેડાવી લેશું, તમે તે રાજાને દરવાજે આવજો."

તેમ કહીને શ્રીજીમહારાજ ચાલ્યા, તે પુરીના દરવાજે થઈને રાજધાનીના દરવાજે ગયા. અને તે ઠેકાણે ઘણાક રાજપુરુષની ચોકી હતી, પણ તે મધ્યેથી અદૃશ્ય થકા માંહીલી કોરે પધાર્યા. તે દરબાર મધ્યે મોટી હવેલી તે મધ્યે બે રાજકન્યા બેઠી હતી. ને આ પદને ગાતી હતી જે, "***કોઈ શોધી લાવે મારા નાથને, તેને નવે નિધિ આપું;***
મોતીડે વધાવી, મારા નાથને રુદિયામાંહી રાખું."

તેમ તે ગાય છે, એટલાક મધ્યે સર્વેના કારણ સર્વોપરિ એવા જે શ્રીજીમહારાજ તેને દેખ્યા.

પછી તે બાયું કહે જે, "હે સમર્થ ! આ અગમ્ય એવો જે રાજાનો દરબાર તેને આડી ઘણીક ચોકી છે, તેને ઓળંગીને આવ્યા તેવા મહત્પુરુષ તમે કોણ છો ? ને તમારા વપુને વિશે તેજ દેખીએ છૈયે. ને અમારી સર્વે રાજધાનીને પ્રકાશમાન કરતા એવા સર્વે પુરુષ મધ્યે ઉત્તમ તેવા તમે કોણ છો ?" તેમ કહીને તેની માતાને સાદ કર્યો, "અરે ! આપણી મેડી મધ્યે કોઈ મહત્પુરુષ સાધુને વેશે આવ્યા છે." ત્યારે તેણે પણ તેજ તેજ દેખ્યું. ત્યારે તેણે શ્રીજીમહારાજને પૂછ્યું, "હે મહારાજ ! તેજનિધિ એવા તમે કોણ છો ?"

ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "અમે તો સર્વે સાધુ મધ્યે મોટેરા સાધુ છૈયે, ને સર્વે સાધુએ અમને પૂજ્યા એવા છૈયે. ને સત્ય ધર્મના પાળનારા જે સંતજન તેના તો અમે ગુરુ છૈયે." ત્યારે તેમ કહ્યાથી તે બાયું શ્રીજીમહારાજને પગે લાગવા આવી.

ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજે રીસ કરીને હાક મારી અને એમ કહ્યું જે, "અમને અડશો મા." તે હાકલ સાંભળતાંમાં તે બે બાયું પૃથ્વીને વિશે પડી ગઈ. ત્યારે તેની માએ એમ કહ્યું જે, "હે મહારાજ ! આ બાયુંને શું થયું ? ને હે મહારાજ ! આને જગાડો. કેમ જે, આ રાજધાની મધ્યે આ રાજાની કુંવરીઓ પડી છે ને તમે એકલા પુરુષ છો. માટે તેને જગાડો."

ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજ બોલ્યા જે, "તેણે પાપ કર્યાં છે, તેને જમપુરી મધ્યે ભોગવે છે. તે સર્વે પાપરૂપી વ્યભિચાર તારી આગળ કહેવરાવશું. અને તમે કહ્યું જે, 'તમે એકલા પુરુષ બાયું પાસે છો,' તેનું તો એમ સમજવું જે, બાઈમાણસના દેહનો ગંધ તો અમને ગમતો જ નથી. ને સ્ત્રી-પુરુષના દેહને તો અમે મરેલા કૂતરાના સડેલા દેહમાં જેમ કીડા પડેલા ગંધાય તેવા દેખીએ છૈયે. ને કોઈક સ્ત્રી-પુરુષના દેહ ધોળા ને કાળા દેખાય છે, તેને તો અમે એમ સમજીએ છૈયે જે, કોઈ પુરુષે ખીર ખાધી હોય ને તે ઝાડે ફરે ત્યારે તેની વિષ્ટા ધોળી હોય ને કોઈએ કાળા તલ ખાધા હોય તેની વિષ્ટા કાળી હોય, તેમ સમજો."

ત્યારે બાઈ કહે જે, "હે સમર્થ ! હવે આ બાયુંને જગાડો." ત્યારે તેને શ્રીજીમહારાજે સાદ કરીને જગાડી અને પૂછ્યું જે, "તમારા જીવ ક્યાં ગયા હતા ?" ત્યારે તેણે હાથ જોડીને એમ કહ્યું જે, "હે મહારાજ ! અમારો જીવ તો મહાભયાનક જમરાજાની પુરી મધ્યે ગયો હતો. ત્યાં ઘણીક જમજાતનાનાં દુઃખ દીઠાં ને થોડીક વારમાં ઘણાંક મોટાં દુઃખ ભોગવાવ્યાં. ને હે મહારાજ ! લોહના તપાવેલ પુરુષ સંગે મારીને બાથો ભરાવી. ને જમરાજાએ તેના દૂતોને કહ્યું જે, 'તેના ગળા મધ્યે પાસ નાંખીને કબજ(કેદ) કરો. તેણે પાપ કર્યાં છે, તે ભોગવશે."

ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમને કેમ આવવા દીધા ? તે કહો." ત્યારે તેણે એમ કહ્યું જે, "તમારો શબ્દ સાંભળતાં

જમના પાસ તતકાળ તૂટી ગયા ને આ સ્થૂળ દેહમાં પ્રવેશ થયો." ત્યારે શ્રીજીમહારાજે તેને કહ્યું જે, "તમે કીર્તન બોલતા'તા જે, 'કોઈ શુધ્ય લાવે દીનાનાથની, તેને નવે નિધિ આપું.' તે તમારા મનના જે આશયથી ગાતા'તા, તે આશય કહો. અને જો અમ આગળ કપટ રાખશો તો મહાભયાનક જમપુરી દેખશો. અને અમે તો સર્વેના મનની જાણીએ છૈયે, પણ કહેતા નથી. અને જેમ છે તેમ કપટ મેલીને અમારી આગળ કહ્યાથી તમે ભગવાનનું સુખમય ધામ પામશો." ત્યારે તે હાથ જોડીને બોલી જે, "હે મહારાજ ! અમારી તકસીર(ગુનો; અપરાધ) માફ કરો ને અમે તો ઠાણિયાની(અશ્વપાળની) સાથે વ્યભિચાર કર્યો છે. તેને લઈને ગાતી હતી."

પછી શ્રીજીમહારાજે તેને વર્તમાન ધરાવીને કહ્યું જે, "તમારા પૂર્વના પુણ્યજોગથી અમારું આવવું છે ને મળવું છે, તેમ જાણો." ત્યારે તેની માયે કહ્યું જે, "હે સમર્થ ! આ પૃથ્વીને વિશે અનેક જીવોના ઉદ્ધારને અર્થે અવતારી પુરુષ એક સ્વામિનારાયણ પ્રગટ થયા છે, તેમ સાંભળ્યું છે. તે સર્વે લોકોના સ્વામી છે. તે સર્વે જીવ પ્રાણીમાત્રના નાડીપ્રાણને એક કાળે તાણે તેવા તો એક જ આ પૃથ્વીને વિશે પ્રગટ થયા છે. ને મારી માતાના ગુરુ છે. ને તેણે કહ્યાં જે ગુણ ને કીર્તિ એવા પ્રતાપવાન હે મહારાજ ! તે તમે છો ?"

ત્યારે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "તે જ અમે છૈયે." પછી તે બાઈએ હાથ જોડીને શ્રીજીમહારાજના મોટા પ્રતાપને જોઈને ઘણીક પ્રકારની સ્તુતિ કરી અને કહે જે, "હે મહારાજ ! તમે ભૂખ્યા હશો. તે અમારા ઘરનું ભોજન જમશો ?" ત્યારે શ્રીજીમહારાજ તે પ્રત્યે બોલ્યા જે, "અમે તો બ્રાહ્મણ વિના બીજાના ઘરનું જમતા જ નથી. ને અમારી ભેગા મહત્પુરુષ બ્રહ્મચારી છે, તેના હાથે કરેલી રસોઈ જમીએ છૈયે, પણ તેને તમારા દરવાજે તમારા દ્વારપાળે રોક્યા હશે, તેથી તેને શીઘ્ર

તેડાવો. કેમ જે, તે અને અમે પ્રાતઃકાળથી ભૂખ્યા છૈયે." તેમ સાંભળીને રાણીએ માણસ મૂકીને બ્રહ્મચારીને તેડાવ્યા. પછી શ્રીજીમહારાજ કહે જે, "હે બ્રહ્મચારીજી ! સારું થયું તમે આવ્યા. તમે આ મેડી મધ્યે ઉતારો કરો." ત્યારે મુકુંદ બ્રહ્મચારી કહે જે, "હે કૃપાનાથ ! તમે તો સત્યસંકલ્પવાળા છો. તે તમે જેમ ધાર્યું હોય, તેમ જ થાય છે." પછી તેણે જળ ભરાવીને બ્રહ્મચારી પાસે રસોઈ કરાવી. તે દૂધપાક, પૂરી, ઘણાંક શાક, શર્કરા ને તાજાં ઘી આદિક ઘણી જમવાની વસ્તુ આપી.

પછી તે બાઈએ તેના પતિ રાજાને કહ્યું જે, "આપણા ભુવનને વિશે અંતર્જામી સ્વામિનારાયણ આવ્યા છે, તેથી આપણાં મોટાં ભાગ્ય ઉદય થયાં છે. અને તેમનાં દર્શન કર્યાથી જન્મમૃત્યુ તરીએ એવા તે અવતારી પુરુષ છે." તેમ કહ્યાથી તે તત્કાળે શ્રીજીમહારાજ પાસે આવ્યા ને સ્તવન કરીને નમીને કહ્યું જે, "હે મહારાજ ! તમે કૃપા કરીને અમારા દરબાર મધ્યે પધાર્યા, તેથી અમારું કુળ પવિત્ર કર્યું."

પછી શ્રીજીમહારાજે તે પ્રત્યે અર્થ, ધર્મ ને મોક્ષ આદિકની વાર્તા કરી. અને તેનો અધર્મ મુકાવીને ધર્મમાર્ગને વિશે વર્તાવ્યા. પછી પોતે જમવા પધાર્યા. પછી બ્રહ્મચારી થાળ મધ્યે ભોજન પીરસીને લાવ્યા. તે મહારાજ અતિ પ્રીતિથી જમ્યા ને ચળુ કરીને મુખવાસ જમ્યા. પછી બ્રહ્મચારી પોતે જમ્યા ને શ્રીજીમહારાજની સેવામાં રહ્યા.

પછી તે રાજાની કચેરી મધ્યે શ્રીજીમહારાજ પધાર્યા. તે સમે સર્વે કચેરીએ સહિત તે નરેશ ઊભા થયા ને પોતાની ગાદી ઉપરથી ઊતરીને પૃથ્વીને વિશે રહીને હાથ જોડીને બોલ્યા જે, "તમે આ ગાદી ઉપર બિરાજો." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અમે કોઈ રાજાના આસન ઉપર બેસતા નથી." ત્યારે તેણે બીજું શ્રેષ્ઠ આસન આપ્યું. તે ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થયા. અને તે રાજા તથા તેના માણસ મૃગયા(હરણ વગેરેનો શિકાર કરવો) આદિક ઘણીક હિંસા કરતા હતા,

તેની આગે મહારાજે જમત્રાસની વાર્તા કરી. તેથી જમપુરીનાં દુઃખ ને હિંસક જીવને જમદૂત મારે છે, તે સર્વે ઇદં(સાક્ષાત્) જોયું. પછી પોતાનાં યોગૈશ્વર્યાદિકનો મોટો પ્રતાપ દેખાડીને પાપ મુકાવ્યાં અને વર્તમાન ધરાવ્યાં.

અને રાત્રીને વિશે પોઢ્યા થકા શ્રીજીમહારાજે બ્રહ્મચારી પ્રત્યે કહ્યું જે, "અમને થાક લાગ્યો છે, તે હિંડાશે નહીં. તે સારુ ઘોડું ભાડે કરો." ત્યારે તે સમે બ્રહ્મચારીએ નગર મધ્યે જઈને ઘોડું ભાડે કર્યું ને આવીને કહ્યું જે, "હે મહારાજ ! ઘોડું ભાડે કર્યું છે, તે વહેલા ચાલશું." ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "હે બ્રહ્મચારી ! આપણ આ ટાણે આ રાજદરબાર ત્યાગ કરીને ગુપ્ત થકા પુર બહાર નીકળી જઈએ. કેમ જે, તે રાજાને આપણા ઉપર માહાત્મ્યે સહિત સ્નેહ થયો છે, તેથી જાવા નહિ દે, વાસ્તે આ ટાણે પુરી બહાર ચાલો."

તેમ ગુપ્ત ચાલીને પુરી બહાર એક શિવના મંદિરને વિશે વસતા થકા બોલ્યા જે, "હે બ્રહ્મચારી ! તે ઘોડાવાળા પાસે ફેર જઈને કહો, અમે આ મહાદેવની જાયગા મધ્યે છૈયે, ત્યાં ઘોડા લઈને વહેલા આવે."

ત્યારે બ્રહ્મચારીએ જેમ શ્રીજીમહારાજે કહ્યું તેમ કહીને જે ઠેકાણે શ્રીજીમહારાજ બિરાજે છે, ત્યાં આવીને સર્વે સમાચાર કહીને પોઢી ગયા. ને પ્રભાતે ચાલતા હવા. ઇતિ અર્દ્રેશ્વપુરી મધ્યે પધારી તેને વિશે રાજકન્યાના દુરાચાર મુકાવ્યા તથા રાજા ને તેના સર્વે માણસોને હિંસક અધર્મ મુકાવીને ધર્મમાર્ગે ચલાવ્યાં. પછી અન્ય સ્થાનકે પધાર્યા.

ઇતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'અર્દ્રેશ્વપુરીમાં રાજા અને રાજકન્યાદિકને ઐશ્વર્ય બતાવી ધર્મમાર્ગે ચલાવ્યાં' એ નામે ચુમોતેરમું પ્રકરણ ॥૭૪॥

પ્રકરણ - ૭૫

વેદાંતી સામંતજીને ઐશ્વર્ય બતાવી દુરાચાર મુકાવ્યો ને સ્વાશ્રિત કર્યો

એક દિવસને સમે શ્રીજીમહારાજ બ્રહ્મચારી મુકુંદે સહિત ચાલતા હવા. તે એક નરેશ **સામંતજી** નામે નાસ્તિક વેદાંતીમાત્રનો ગુરુ ને ભગવાન તથા ભગવાનના અવતારાદિકના ખંડનનો કરનારો ને સગુણ માર્ગનો દ્વેષી ને નિરાકારનું પ્રતિપાદનનો કરનારો, સાકાર મૂર્તિનો નિંદક અને શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ, શ્રુતિ-સ્મૃતિ ને સન્માર્ગનો નિંદક હતો; ને સર્વે જે વેદાંતના ગ્રંથ તે મુખપાઠે કહી દેખાડે ને તેના માને કરીને અતિ મદાંધ હતો; ને કોઈ બ્રાહ્મણ, સાધુ તથા હરેક ભેખધારીમાત્રની આસ્થા તોડાવીને વેદાંતના ગ્રંથ સંભળાવીને વેદાંતી કરે જ રહે, તેવો હતો; ને ચક્ષુએ રહિત હતો; તેના માનનું મર્દન(નાશ) કરનાર ને ગર્વનું ગંજન કરનારા એવા જે શ્રીજીમહારાજ તે બ્રહ્મચારી પ્રત્યે બોલ્યા જે,

“હે બ્રહ્મચારીજી ! આપણે તો આંહીં થકી સામંતજીના પુર(કચ્છનું સાપર ગામ) પ્રત્યે જાવું છે. કેમ જે, તે મહા વેદાંતશાસ્ત્રનો કંઠી છે. કંઠી તે શું ? તો સર્વે વેદાંતનાં શાસ્ત્ર મુખપાઠે કહી દેખાડે છે. તેની બીકે વિપ્ર તથા હરેક ભણેલા સાધુ ને હરેક ભણેલામાત્રને જીતી લે તેવો અતિ બળવાન છે. તે સર્વે વેદાંતીનો ગુરુ છે, ને તેનો શિષ્ય જે ખૈયો તેને પણ અમે મળ્યા હતા. તે કહેતો જે, ‘અહં બ્રહ્માસ્મિ’(હું બ્રહ્મ છું.) ને વળી એમ કહેતો જે, ‘શ્રીકૃષ્ણ તો મારી લહેરી છે.’ તેમ તે મૂરખ બોલતો. તેના અજ્ઞાનરૂપી માનને હરવા સારુ એક દિવસને સમે અમે તેના **માંડવી** નામે પુરીને વિશે ગયા. ને અમે તેને વેદાંતના, પુરાણના, શાસ્ત્રના, શ્રુતિ-સ્મૃતિ ને ઈતિહાસાદિકના તથા મંત્રશાસ્ત્રાદિકના તથા પિંડ-બ્રહ્માંડાદિકના તથા ષટ્ચક્રાદિકના ઘણાક અલૌકિક પ્રશ્ન અમારી બુદ્ધિ પ્રમાણે પૂછીને તેને હાર પમાડીને અમારો આશ્રિત કર્યો.

પછી તે એમ બોલવા લાગ્યો જે, 'દાસોસ્મિ'(હું ભગવાનનો દાસ છું.)ને શ્રીકૃષ્ણની ભક્તિ કરીને અમારે વિશે પરમાત્માભાવને માનવા લાગ્યો. તેની રીસેથી તે સામંતજી કહે છે, 'જો તે સ્વામિનારાયણ મળે તો હું તેને બંધીવાન કરું.' તે સારું હે બ્રહ્મચારી ! આપણે તે સામંતજીની પુરી પ્રત્યે નિશ્ચે જ જાવું છે. ને તેની પુરી મધ્યે અમે અમારા યોગૈશ્વર્યાદિકનો પ્રતાપ તેને દેખાડીને તેના નાસ્તિકપણાનો ત્યાગ કરાવશું. તે શું ? તો જે શ્રીકૃષ્ણને પોતાની લહેરી કહે છે, તેને મોંઢેથી એમ કહેશે જે 'હું તમારો દાસ છું ને શ્રીકૃષ્ણનો દાસ છું.' તેમ કહેવરાવે રહેશું.

અને વળી તે મિથ્યા વેદાંતી છે ને શુષ્ક વેદાંતી છે. અને હે બ્રહ્મચારી ! શાસ્ત્રને નિંદે તે અમારો શત્રુ છે. અને વળી સગુણ માર્ગના ઉપાસક જે સત્ય સાધુ તેને નિંદે તે પણ અમારો દ્રોહી જ છે. ને અધમોદ્ધાર ને ગરીબનવાજ એવા જે શ્રીકૃષ્ણ સ્વામી તેનો જે દ્રોહ કરે છે, તે પણ અમારો શત્રુ છે. તે સારુ તેને મળીને અમારે વિશે તથા શ્રીકૃષ્ણને વિશે હેત કરાવીને અમારો હરિજન કરશું ને અમારાં દર્શન ને સ્પર્શે કરીને તેના પાપને હરશું." એ આદિક વાત પંથે ચાલતા થકા કરી.

અને વળી શ્રીજીમહારાજે બ્રહ્મચારી પ્રત્યે કહ્યું જે, "હે બ્રહ્મચારી ! તમે અમારી વાંસે ધીરે ધીરે ચાલ્યા આવજો. અમે તો શીઘ્ર ગતિથી ચાલીને તેના પુર મધ્યે જઈને તેને મળશું. ને તે તો સર્વે જન પ્રત્યે એમ કહે છે જે, 'હું પ્રભુ છું, અહં બ્રહ્માસ્મિ.' તેમ તે બોલે છે. તે સારુ અમે તેને મળીને તેની પ્રભુતાઈ ચૂંથી નાંખશું. અને હે વર્ણિરાજ ! જેમ કોઈ મોટો ચક્રવર્તી રાજા હોય તેની સામો કોઈ દંભિક જીવ કહેશે જે 'હું ચક્રવર્તી છું' ને તેની સામા પુરુષને રાખીને તેના દેશના મનુષ્યાદિકને હેરાન કરે, ત્યારે તે ચક્રવર્તીને અતિ રીસ આવે.

અને તે રાજા તેની સર્વે સામર્થી લઈને તે શત્રુને હાર પમાડે. તેમ તે ‘બ્રહ્માસ્મિ’ થઈને સર્વે જીવોને ભરમાવીને ભગવાનના માર્ગથી પાડી નાંખે છે. માટે તેને અમે મળી અમારું યોગૈશ્વર્યાદિક દેખાડીને તેના અજ્ઞાનરૂપી અંધકારને હરશું.”

તેમ કહીને પોતે કહ્યું જે, “હે બ્રહ્મચારીજી ! અમે શીઘ્ર ગતિથી ચાલીને, તેની નગરી મધ્યે જઈને, તેને મળીને, અલૌકિક પ્રશ્ન પૂછીને, તેને ચકિતચિત્ત(આશ્ચર્યચકિત ચિત્તવાળો) કરશું ને તમે ધીરે ધીરે આવજો.” તેમ કહીને શ્રીજીમહારાજ ચાલતા હવા. ને તે સામંતની પુરી મધ્યે તેની રાજધાનીના(રાજદરબારના) દુર્ગને(ઊંચી દિવાલવાળા ફરતા કોટના) દરવાજે જઈને તેના દ્વારપાળ પ્રત્યે કહ્યું જે, “હે દ્વારપાળ ! તારા રાજા પ્રત્યે કહે જે, ‘સ્વામિનારાયણને તમારી પાસે આવવું છે.’ તેવી તેની રજા લઈને શીઘ્ર આવજે.” તેમ તેણે જઈને રાજાને કહ્યું, ત્યારે તે નરેશે કહ્યું જે, “હે દ્વારપાળ ! તેના ભેગા કેટલાંક મનુષ્ય છે ?” ત્યારે તેણે એમ કહ્યું જે, “સ્વામિનારાયણ એકલા છે.”

ત્યારે તેણે એમ કહ્યું જે, “ઘણાક મનુષ્યના ધણી તે એકલા આવ્યા તે શું ? ને તે સ્વામિનારાયણે તો મારો શિષ્ય ખિયો વેદાંતી તે પોતે ગુરુ છે, તેને પોતાનો શિષ્ય કર્યો છે, તેથી સ્વામિનારાયણને કબજ કરીશ.” તેમ કહેતો હતો. ને નથી જાણતો મહારાજનો પ્રતાપ તેવો નરેશ મુખેથી જેમ આવે તેમ શ્રીજીમહારાજને કહેતો હવો.

હવે મહારાજના તે સમાના વેશને કહીએ છૈયે. ધોળું ધોતિયું પહેર્યું હતું. ને ધોળી ચાદર ઓઢી હતી. ને મસ્તકે કચ્છી ટોપી ધારી હતી. ને તે ઉપર ધોળો રૂમાલ મલમલનો ફેંટેથી શિરપેચ બાંધ્યો હતો. ને ચરણને વિશે પાદુકા પહેરી હતી. ને પોતા પાસે એક જળપાત્ર રંગેલી તૂંબડી ને એક રંગેલી છડી કરને વિશે પકડી હતી. અને એક શ્વેત રૂમાલ પોતાના જમણી ભૂજા મધ્યે ધાર્યો’તો. ને મંદમંદ હસતા

થકા શ્રીજીમહારાજ તેના દરબાર મધ્યે ઘણાક રાજપુરુષે વીંટાણા તે નરેશની કચેરી મધ્યે પધાર્યા.

ત્યારે સર્વે કચેરીના જન શ્રીજીમહારાજનો તેજ-પ્રતાપ જોઈને ઊભા થયા અને શ્રીજીમહારાજના વપુને વિશે સર્વે જન અનંત તેજને દેખતા હવા. ને તે રાજા ચક્ષુએ રહિત હતો, છતાં તે પોતાના હૃદયને વિશે અનંત તેજને દેખવા લાગ્યો. તેમ દેખતા થકા સર્વે જન તે 'અહો ! અહો !' બોલ્યા.

પછી શ્રીજીમહારાજે તે રાજાનું નામ લઈને ઊંચે સ્વરેથી 'જય સચ્ચિદાનંદ' કહ્યા. ત્યારે તે નરેશે તથા સર્વે જને કહ્યું જે, "હે સહજાનંદસ્વામી ! આવડું તેજ તે કેનું છે ?" ત્યારે તે સર્વે જન પ્રત્યે શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ સર્વે તેજ, તે તો સચ્ચિદાનંદનું છે." ત્યારે તે નરેશે કહ્યું જે, "હે મહારાજ ! તે સચ્ચિદાનંદ તે ક્યાં હશે ?" ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "હે સામંતજી ! તેજોનિધિ એવા જે સચ્ચિદાનંદ તે સદાય અમારે વિશે બિરાજમાન છે, તેનો આ પ્રકાશ છે." ત્યારે તે નરેશે કહ્યું જે, "ત્યારે તો તમે જ સચ્ચિદાનંદ થયા, તેમ કહો છો, ને તમે સચ્ચિદાનંદ છો ?"

ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "યોગૈશ્વર્યાદિક સામર્થી તે તો સચ્ચિદાનંદ પાસે જ હોય. તે ડાહ્યા હોય તે જાણે, પણ મૂર્ખ હોય તેની જાણમાં આવે નહીં." ત્યારે તે નરેશે કહ્યું જે, "હે મહારાજ ! હે સમર્થ ! આ તેજનો ઘણોક પ્રકાશ છે, તેની તમે સમાપ્તિ કરો."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "હે અંધ ! તારાં બહારનાં નેત્ર તો નથી, પણ તારા અંતરને વિશે ઘણા તેજને દેખે છે. ને આ તારા સર્વે જન તે તો તારી રાજધાનીને પ્રકાશમાન દેખે છે. ને હે શઠ ! તું તો તારા મુખેથી જેમ સનેપાતનો રોગવાળો બલે(બકવાટ કરે) તેમ બોલે છે જે 'હું બ્રહ્મ છું ને અહં બ્રહ્માસ્મિ' ને વળી હે મૂર્ખ ! તું તારા

મુખે એમ બકે છે જે 'શ્રીકૃષ્ણ તો મારી લહેરી છે.' ને સમર્થ એવા જે શ્રીકૃષ્ણ સ્વામી તેની તું અવજ્ઞા કરે છે, તો આવડું મોટું તેજ તે મેં તને દેખાડ્યું છે. ને જો તારામાં સામર્થી હોય તો તું આ તેજને સમાવ. અને બ્રહ્મ હોય તે તો પ્રકાશમાન હોય ને તેના પ્રકાશના કરનારા જે પરમાત્મા તે તો મૂર્તિમાન છે; જેમ મૂર્તિમાન સૂર્ય છે તેનો પ્રતાપ તે તેજ છે. અને હે રાજા ! જે પ્રતાપી હોય તે તેનો પ્રતાપ દેખાડે, પણ બીજો તે શું દેખાડે ? અને અમે તુંને તેજનો સમૂહ દેખાડ્યો છે અને જો તારામાં સામર્થી હોય તો આ તેજને સમાવ."

તેમ શ્રીજીમહારાજે તે નરેશ પ્રત્યે કહ્યું, ત્યારે તે નરેશે એમ કહ્યું જે, "હે યોગેશ્વર ! આ તમારું તેજ જોઈને અમે સર્વે મૂંઝાણા છૈયે, તે તમે તેજની સમાપ્તિ કરવા યોગ્ય છો. ને હે સમર્થ ! આ સર્વે જન તે તેજ તેજ જ દેખે છે, પણ બીજું કાંઈ દેખ્યામાં આવતું નથી." ત્યારે શ્રીજીમહારાજે સર્વે જન પ્રત્યે એમ કહ્યું જે, "તમે સર્વે જન નેત્ર વીંચીને એક ઘડી સુધી શ્રીકૃષ્ણનું સ્મરણ કરો, તેથી તેજ સમાઈ જાશે."

ત્યારે તેણે તેમ કર્યાથી શ્રીજીમહારાજે તેજની સમાપ્તિ કરી. આમ પોતાનો મોટો પ્રતાપ તે નરેશને દેખાડીને તેને હાર્ય પમાડીને નાસ્તિકપણાને મુકાવીને આસ્તિકપણાને પમાડ્યો. તેજને જ દેખતા હવા તે સર્વે જન જે બાઈ ને ભાઈ તે શ્રીજીમહારાજનો મોટો પ્રતાપ જોઈ સ્તવન કરતા હવા. ત્યારે તે નરેશે કહ્યું જે, "હે મહારાજ ! તમે ભૂખ્યા હશો, તે તમે અમારા ઘરનું અન્ન જમશો ?" ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, " અમારા ભેગા બ્રહ્મચારી છે, તે હમણાં આવશે, તેના હાથે રસોઈ કરશે ત્યારે અમે જમશું." તેમ કહે છે, એટલામાં બ્રહ્મચારી આવ્યા. ત્યારે તે નરેશે ઘણાંક મિષ્ટ ભોજન કરાવ્યાં ને શ્રીજીમહારાજ ને બ્રહ્મચારી જમ્યા. પછી તે નરેશે મહારાજને અતિ પ્રતાપી જાણ્યા, તેથી તેના સંબંધી ઘણાક વેદાંત શાસ્ત્રના ભણેલા જન, તેને તેડાવીને

સભા કરી. અને તે સભા મધ્યે શ્રીજીમહારાજને તેડવા સારુ તેનો ચોબદાર આવ્યો. ને હાથ જોડીને શ્રીજીમહારાજને એમ કહ્યું જે, “હે મહારાજ ! તમને નૃપ સભા મધ્યે ઘણા વેદાંતી જન બેઠા છે, તેની સાથે પ્રશ્નોત્તર કરવા સારુ તેડાવે છે.” ત્યારે શ્રીજીમહારાજે તેને કહ્યું જે, “કહો આવે છે.” તેમ કહીને સાબદાઈ કરી.

અને તે રાજાએ ને તેના સભાસદે ભય પામીને ચકિતચિત્ત થઈને વેદાંત શાસ્ત્રની શતપ્રશ્ની જે વેદાંતનો ગ્રંથ તેમાં એક સો પ્રશ્ન છે તે કાઢ્યો. તે સમે એક પ્રશ્નના મુખપાઠી તે સભા મધ્યે શત બેઠા હતા, ને તે નરેશ તે સર્વે પ્રત્યે એમ કહેતો હવો જે, “તમે સો જણ છો તે એક એક પ્રશ્ન નોખા નોખા એકકાલાવચ્છિન્ન બોલજો. ને તે તો અવસ્થાએ નાના છે ને વળી ભણેલા તો પોતે એકલા જ છે. માટે તેને આપણે જીતી લેશું. ને ભિન્ન ભિન્ન સોએ જણ એક વારે સામટા બોલજો. તે એક મુખે કેટલાકના ઉત્તર કરશે ?”

તે સમે તેવો મનસુબો બાંધીને સર્વે જન બેઠા છે. તે સભા મધ્યે સિંહઠવની(સિંહની ઢબે) ગતિથી ચાલવું ને વિલોકવું છે જેનું એવા ને બુદ્ધિની સીમા ને બળ ને તેજસ્વીપણાની સીમા ને યોગૈશ્વર્યાદિક દેખાડવું તેની પણ સીમા એવા જે શ્રીજીમહારાજ તે સભા મધ્યે નિઃશંક થકા પધાર્યા અને પોતે એમ કહ્યું જે, “જય સચ્ચિદાનંદ.” તેમ શ્રીજીમહારાજ તે સભા મધ્યે વીરાસને બિરાજમાન થયા.

ત્યારે તે સોએ વેદાંતીએ એકી વારે પ્રશ્ન પૂછતા થકા શ્રીજીમહારાજને બ્રહ્મચારીએ સહિત ઘેરી લીધા. તે કેમ ? તો ઉદય થતા એવા જે દિનેશ તેને જેમ ઘણા દાનવ આવીને ઘેરી લે છે, તેમ ઘેરી લીધા. પછી રવિ પોતાના તેજના પ્રતાપે જેમ નિશાચરને ખસાવીને પોતાનો તેજ-પ્રતાપ જણાવે છે, તેમ તે સમાને વિશે શ્રીજીમહારાજ પોતાનો મોટો પ્રતાપ

દેખાડતા હવા. તે શું ? તો એક સો વેદાંતી હતા, તે સામટા પ્રશ્ન પૂછવા માંડ્યા, ત્યારે શ્રીજીમહારાજે પોતાનું યોગેશ્વરપણું દેખાડ્યું. તે શું ? તો પોતાનું પ્રથમ મહાતેજ દેખાડ્યું હતું, તેમ દેખાડ્યું. ને પોતાની શત મૂર્તિઓ દેખાડતા થકા એક એક વેદાંતી ને એક એક શ્રીજીમહારાજની મૂર્તિ તે પ્રશ્ન ને ઉત્તર કરતા હવા. તેમ તેના જે સો પ્રશ્ન તેના ઉત્તર શ્રીજીમહારાજે અકુંઠિત[૧] વચને કરીને તેને હાર પમાડ્યા. ત્યારે તે રાજાએ તેના શત શિષ્યને ભિન્ન ભિન્ન પૂછ્યું જે, "તારો ઉત્તર કેણે કર્યો ?" ત્યારે સર્વએ કહ્યું જે, "મારો ઉત્તર તો સ્વામિનારાયણે જથારથ કર્યો." તેમ સોએ શિષ્યે કહ્યું.

तारेनरेसेकह्यूजेस्वामिनारायणतोएकलाछेतमेसर्वे
जणनेसीरीत्येएकिहारेउत्तरकर्यातेवाततमेजेमडिठीहोय
तेमजथारथकहोकेमजेतेनरेसअंधहतोतारेतेनाशिसस्वर्वे
येकह्याजेहेराजाअमेतोजणजणप्रत्येएकएकमूर्तिडीठी
अमेपणसोजणेप्रथकप्रथकप्रश्नकरांतेमतेमसोमूर्तिपूं
धारीनेसर्वेजणनाउत्तरनेकरताहवानेहेराजाआतोसर्वोप
रीअवतारीपूरूसजणायतेवातेछे

ત્યારે નરેશે કહ્યું જે, "સ્વામિનારાયણ તો એકલા છે, (તો) સર્વે જણના શી રીતે એકીહારે ઉત્તર કર્યા ? તે વાત તમે જેમ દીઠી હોય તેમ જથારથ કહો." કેમ જે, તે નરેશ અંધ હતો, (તેથી તેણે સો રૂપે મહારાજને ઉત્તર કરતા જોયા નો'તા.) ત્યારે તેના શિષ્ય સર્વેએ કહ્યું જે, **"હે રાજા ! અમે તો જણ જણ પ્રત્યે એક એક મૂર્તિ દીઠી. અમે પણ સો જણે પ્રથક પ્રથક પ્રશ્ન કર્યા, તેમ તેમ સો મૂર્તિઓ ધારીને સર્વે જણના ઉત્તરને કરતા હવા, ને હે રાજા ! આ તો સર્વોપરી અવતારી પુરુષ જણાય તેવા તે છે."**

૧.જેમાં સહેજ પણ ખચકાટ ન હોય તેવી સ્પષ્ટ ને વિસ્તૃત

પછી તે રાજાએ શ્રીજીમહારાજને શ્રેષ્ઠ આસને બેસારીને વિધિવત્ પૂજા કરી. તે કેસરચંદન ને કુંકુમ ને પીતપટાદિક વસ્ત્ર તથા મલ્લિકાદિક ને થલકમલનાં હાર, તોરા, ગજરા, બાજુ, પોંચી ને ગુચ્છાદિક પુષ્પનાં આભરણ પહેરાવીને શ્રીજીમહારાજને રાજી કર્યા.

પછી શ્રીજીમહારાજે તે સર્વે સભા ને તે રાજા ને સર્વે ભણેલા તે પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, "ષટ્ચક્ર તે પિંડમાં કેમ છે ને બ્રહ્માંડમાં કેમ છે ?" અને પ્રથમ ગણપતિના સ્થાનક આદિક સંબંધી સર્વે પ્રશ્ન વેદાંતીને પૂછ્યા. પછી કહ્યું, "આ પિંડ ને બ્રહ્માંડને વિષે સુષુમ્ણા આદિક નાડિયું કેમ રહી છે ? તેના ઉત્તર વિધિવત્ કરી દેખાડો." તેમ શ્રીજીમહારાજે તે સર્વે વેદાંતીઓ પ્રત્યે અલૌકિક અતિ કઠણ પ્રશ્ન કર્યા. તે જોઈને તે પોતાના અંતરને વિશે હાર પામી ગયા ને ગર્વગંજન એવા જે શ્રીજીમહારાજ તેના ઉત્તર ન કરી શક્યા. અને તે પોતાના વેદાંતના શાસ્ત્રના ગ્રંથને ભણીને બ્રાહ્મણ ને સાધુને હાર્ય પમાડતા, તેનું માન શ્રીજીમહારાજે હરી લીધું.

અને તે સર્વે જન પ્રત્યે શ્રીજીમહારાજે પાપ-પુન્યની વાર્તા કરી દેખાડી જે, "**પુન્ય કરે તે દેહ મૂકીને ભગવાનના ધામમાં જાય છે. અને ભગવાન તથા ભગવાનનાં સંત, શાસ્ત્ર, વેદ, પુરાણ ને ઈતિહાસાદિકનાં વચન લોપ કરનારા જે નાસ્તિક પાપી જીવ, તે મરીને મહા ભયાનક જે જમરાજાની પુરી તેમાં જાય છે.** ત્યાં જમદૂત જોરાયે તેના ગળા મધ્યે પાશ નાખીને જમજાતના અતિ કષ્ટકારી દુઃખ ભોગવાવે છે. તેમ મોટા પુરુષ જે વ્યાસમુનિ તેના કરેલા ગ્રંથમાં કહ્યું છે, તે સત્ય જ છે." તેમ શ્રીજીમહારાજે તે સર્વે સભાજન પ્રત્યે કહ્યું.

ત્યારે તે સર્વે વેદાંતી બોલ્યા જે, "હે મહારાજ ! તે પોથાં તે થોથાં(નકામા ગ્રંથો) છે. એ વાત કોણે દીઠી છે ? તે તો મિથ્યા છે." તેમ તે વેદાંતી બોલ્યા. ત્યારે ધર્મધુરંધર ને સત્યપુરુષના સ્વામી એવા

જે શ્રીજીમહારાજ તે સભા પ્રત્યે ખીજીને બોલ્યા જે, "હે મૂરખો ! તમે સર્વે શાસ્ત્રને ખોટા કહો છો, માટે તમે સર્વે જન નેત્ર વીંચીને બેસો. જો શાસ્ત્ર સત્ય હશે, તો તમે જમરાજાની સંયમિની પુરીને દેખશો. ત્યાં જેણે જેવાં પાપ કર્યાં હોય, તેને તેવો દંડ આપે છે. જેણે શાસ્ત્રના વચનનો લોપ કર્યો છે, એવા જીવનાં દુઃખ જોઈને પછી તમે શાસ્ત્રને સત્ય કહેશો. કેમ જે, ભય વિન પ્રીતિ નોય."

પછી તે સર્વે જન નેત્રને મૂદીને(મીંચીને) બેઠા. ત્યારે તે સર્વે મહાભયાનક જમપુરીને વિષે પાપના કરનારા ને શ્રૃતિ-સ્મૃતિના લોપ કરનારા જે પુરુષ, તેને જમના દૂત અતિ દંડ દેતા તેને જોતા હવા. અને અતિ ભયાનક જે યમરાજ તેને જોતા હવા. તે કેવા છે ? તો ચાર છે બાહુ જેને, એવા જે યમરાજા તે સર્વે જન પ્રત્યે કરડી દષ્ટિએ જોઈને કહે છે, "હે યમદૂતો ! શાસ્ત્રને મિથ્યા કહેનારા એવા જે આ સર્વે પાપી જીવ છે, તેના ગળા મધ્યે પાશ નાંખી યમયાતના ભોગવાવો."

તેમ તેને પકડીને તેના સૂક્ષ્મ દેહને મારે છે. ત્યારે તે સર્વે જન તે આમ બોલે છે જે, "હા ઈતિ કષ્ટે !" ને સૂક્ષ્મ દેહને જમદૂત જમપુરી મધ્યે મારે છે ને આંહીં તેના સ્થૂળ દેહ ત્રણ ત્રણ હાથ ઊંચા ઊડીને પૃથ્વી ઉપર પડતા સર્વે સભાના જન દેખતા હવા. ને થોડીક વારમાં ઘણું દુઃખ ભોગવ્યું.

અને હવે તેના દરબારને વિશે જેમ થયું તે કહીએ છૈયે. પછી તેની પુરીના લોક તે ચારે વર્ણનાં જે સ્ત્રી-પુરુષ તે મોટા આશ્ચર્યને જોઈને શ્રીજીમહારાજ સામા હાથ જોડીને બોલ્યાં જે, "હે સ્વામિન્ ! હા ઈતિ કષ્ટે. ને હે સમર્થ ! આ સર્વે જનના દેહ ઊંચા ઊડી ઊડીને પૃથ્વીને વિશે પછડાય છે, તેને બંધ કરવા તે તમો વિના બીજો કોઈ સમર્થ નથી." ત્યારે તે સભા પ્રત્યે શ્રીજીમહારાજે કહ્યું જે, "તેણે જે પાપ કર્યાં હશે, તે જમપુરી મધ્યે ભોગવે છે. ને તેના સૂક્ષ્મ દેહને

યમદૂત મારે છે, તેથી આ સ્થૂળ દેહ ઊડે છે. અને તે સર્વે વાર્તા તમારી આગળ કહેશે, તેથી તમો જાણશો."

અને હવે તે સર્વે જન રાજાએ સહિત જમપુરીને વિશે પાશથી બંધાણા થકા અતિ દુઃખને ભોગવતા થકા અતિ બકોરને પાડે છે. ત્યારે તે નરેશ ને તેના સો શિષ્ય પ્રત્યે યમરાજાએ કહ્યું જે, "હે મતિમંદો ! હે મિથ્યાવાદી ! તમે તમારા માનવશ ને અજ્ઞાનવશ થઈને ભગવાન તથા તેનાં શાસ્ત્ર-પુરાણાદિકની નિંદા કરી, તેના પાપથી તમને ભગવાને જમપુરી મધ્યે મોકલ્યા છે. અને હે મૂર્ખો ! તમારા ઘરને વિશે પધાર્યા એવા જે મહારાજ તે સર્વોપરી છે, ને તે જ અવતારી પુરુષ છે. તેનો આશરો જે જન કરે છે, તેના ઉપર અમારો દંડ નથી. અને અમે પણ સદાય સભીત થકા તેની આજ્ઞામાં રહીએ છૈયે. તે પુરુષ સર્વે ભૂતપ્રાણીમાત્રના સ્વામી છે ને સર્વે જનના સુહૃદ છે ને પરમ દયાળુ છે." તેમ યમરાજાએ તે સર્વેને કહ્યું.

ત્યારે સર્વએ યમરાજને કહ્યું જે, "હે યમરાજા ! અમારો છૂટકો શી રીતે થાય ? તે કહો." ત્યારે જમરાજે કહ્યું જે, "તમે જેમ મહારાજને દીઠા છે, તેની મૂર્તિની સ્મૃતિ કરો, તેથી તમારા અઘ બળીને ભસ્મ થઈ જાય. અને હે મતિમંદો ! હે મિથ્યાવાદીઓ ! હે મિથ્યાજ્ઞાનીઓ ! તમે ને તમારો રાજા તે એમ કહેતા જે 'શ્રીકૃષ્ણ તો અમારી લહેરી છે,' તેમ બોલતા તે તમારું પુરુષાતન ક્યાં ગયું ? ને તે પાપથી પરવશ થકા તમારા ગળાને વિશે પાશરૂપી બંધન છે. અને જોરાણ એવા જે યમદૂત તે ચૌદ કોટિ છે, તેનો માર ખાઓ એવાં તમારાં કર્મ હતાં. વળી તમારા પુરને વિશે મહારાજ આવ્યા ને તમોને પ્રથમ તેજ દેખાડ્યું ને તેમનું યોગૈશ્વર્ય તમે જોયું, તોય તમે કહ્યું જે, 'પોથાં તે થોથાં છે ને યમપુરી છે, તે પણ મિથ્યા છે.' ત્યારે તમને મહારાજે કહ્યું જે, 'તમારાં નેત્ર વીંચી જુઓ ને વિધિનિષેધ સત્ય હશે તો સંયમિની પુરી દેખશો.'

તે માટે આ ભયાનક યમપુર ને તેનાં દુઃખ જુવો.” તે તમારા પાપથી આવ્યા છો ને અમારા પાશને તોડવા તે વિના બીજો કોઈયે સમર્થ નથી. તેના વચન માને તે મહાસુખને પામે છે.” તેમ યમરાજાએ કહ્યું.

અને યમરાજા તે નરેશને કહે છે જે, “તારું રાજ તે તો ત્યાં રહ્યું અને તેં મહત્પુરુષ ને શાસ્ત્રને ખોટાં કહ્યાં, તેથી તું આ ગતિને પામ્યો છો. અને જે કોઈ નાસ્તિક હોય તેને આમ થાય, પણ સર્વેના કારણ ને સર્વોપરી ને સર્વે અવતારના અવતારી પુરુષ એવા તે મહારાજ છે. તેના અમે ચાકર છૈયે અને તેની આજ્ઞા સભીત થકા પાળીએ છૈયે. તે માટે તમે તેની આજ્ઞા સભીત થકા પાળજો. ને જો તેમનાં વચન નહીં માનો તો અંત સમે જમદૂત જોરાયેથી જમપુરી મધ્યે પમાડશે.” તેમ કહ્યાથી સર્વે જને હાથ જોડી કહ્યું જે, “જેમ તે કહેશે તેમ નિશ્ચે જ કરીશું” તેમ કહ્યું.

અને હવે રાજા અને તેના દરબારને વિશે સર્વેના સ્થૂળ દેહ પછડાઈને પડ્યા છે. તેને જોઈને બીજા તેની સભામાં હતા તે બોલ્યા જે, “હે મહત્પુરુષ! હે સમર્થ પુરુષ ! આ સર્વે જનને તમો ઉઠાડો અને તે તો ઘણીવારના પડ્યા દુઃખ ભોગવે છે.” પછી શ્રીજીમહારાજે સર્વે સભા પ્રત્યે કહ્યું જે, “આ રાજા ને રાજાના શિષ્ય જે મિથ્યા જ્ઞાની તેને ઘણાક માનેથી શ્રીકૃષ્ણ ભગવાન તથા તેનાં શાસ્ત્ર, બ્રાહ્મણ, સાધુજન ને હરેક ગરીબજન તેની નિંદા કરી છે, તેથી તે સર્વને જમરાજા પાસે દંડ દેવરાવીએ છૈયે. ને તે ઊઠીને તેના દુઃખની વાત તમને કહી દેખાડશે.”

તેમ કહીને શ્રીજીમહારાજ સર્વે જનને ઊંચે શબ્દેથી હાક મારીને ઉઠાડતા હવા. અને નરેશ સહિત તેના શિષ્યને શ્રીજીમહારાજ પોતાના યોગૈશ્વર્યાદિકના મોટા પ્રતાપને દેખાડતા હવા. ત્યારે તે રાજા તથા તેના શિષ્ય એમ બોલ્યા જે, “હા ઈતિ કષ્ટે. હે મહારાજ ! પાહિ...

પાહિ... રક્ષા કરો..! અને હે મહારાજ ! હવેથી અમે સર્વે જન તે તમારા આશરે છૈયે. હે સમર્થ ! જેમ તમે કહેશો તેમ વર્તશું. ને જે જન તમારી આજ્ઞા પાળે છે, તે મોટા સુખને પામે છે. જે જન તમારી આજ્ઞા નથી માનતા, તે અતિ કષ્ટને ભોગવે છે." તેમ તે સર્વે જન બોલ્યા.

ત્યારે તે સમે શ્રીજીમહારાજ તે નરેશને તથા તેના જે એક શત શિષ્ય તે સર્વે જન પ્રત્યે બોલ્યા, "અરે મિથ્યાવાદીઓ ! તમે કહેતા જે 'વિધિનિષેધ ખોટા છે ને શાસ્ત્રમાં વ્યાસજીએ યમયાતનાના દંડ લખ્યા તે પણ ખોટા છે.' તેથી તમે સમાધિમાં જેમ દીઠું હોય તે સર્વે વાત આ સભા મધ્યે પ્રત્યક્ષ કહો. જો તમે માનથી કપટ રાખી કહેશો તો ફેર જમપુરીમાં જાશો, તેમ નિશ્ચય માનજો." તેમ શ્રીજીમહારાજે તે સર્વે જન પ્રત્યે કહ્યું.

ત્યારે રાજાએ સહિત હાથ જોડીને તે બોલ્યા જે, "હે મહારાજ ! અમે તો મહાભયાનક યમપુરી દીઠી ને મહાજોરાણ ઘણા યમદૂત જોયા. તેણે યમરાજના હુકમથી અમને પાશ મધ્યે બાંધીને ઘણોક દંડ દીધો. તે થોડીક વારમાં ઘણાક કાળનું દુઃખ જણાણું છે ને ઘણાક પાપી જીવોને કષ્ટ દેતા જોયા."

ત્યારે શ્રીજીમહારાજે તેને કહ્યું જે, "તમને યમરાજે કેમ આવવા દીધા ? તે કહો. અને મહા કઠિન જે જમના પાશ તે મધ્યેથી કેમ છૂટ્યા ? તે કહો." ત્યારે તે સર્વેએ એમ કહ્યું જે, "હે સમર્થ ! તમારા શબ્દનો[૧] ઉદ્‌ઘોષ તે અમે સાંભળ્યો. ને તમારો શબ્દ સાંભળ્યાથી યમપાશ તત્કાળ તૂટી ગયા ને સૂક્ષ્મ દેહમાંથી સ્થૂળ દેહમાં આવ્યા." તેમ કહીને રાજા તથા રાજાના શિષ્ય સર્વે ગદ્‌ગદ ગિરાથી હાથ જોડીને બોલ્યા જે, "હે યોગેશ્વર ! તમારો પ્રતાપ અમે અદ્‌ભુત દીઠો છે. તમે સર્વે અવતારના અવતારી પુરુષ છો ને સર્વેના કારણ છો. અને હે મહારાજ ! ત્રાહિ...

૧.મહારાજે જે ઊંચા શબ્દથી હાક મારીને જગાડ્યા તે શબ્દનો

ત્રાહિ...રક્ષા કરો..! હે મહારાજ ! જેમ તમે કહો તેમ અમે વર્તશું." તેમ તે સર્વે જન માન મૂકીને બોલ્યા.

ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "તમે અમે આપીએ એ પાંચ વર્તમાન પાળો ને સ્વામિનારાયણના નામના જપ કરજો. તેથી સંસારસાગરને સુખેથી તરીને દેહ મૂકીને બ્રહ્મપુરને વિશે અનંત સુખને ભોગવશો." તેમ કહીને પોતે સર્વેના હાથ ઝાલીને વર્તમાન ધરાવ્યાં અને તે સર્વેને પાપથી મુકાવ્યા. આમ યોગેશ્વર એવા શ્રીજીમહારાજે શ્રીકૃષ્ણ ને સદ્ગ્રંથની નિંદાના કરતલ તે રાજા અને રાજાના શત શિષ્ય તેને અતિ ત્રાસ દેખાડ્યો ને મિથ્યા વેદાંતીનો મત છોડાવ્યો અને પોતાના સ્વરૂપને વિશે નિષ્ઠા કરાવી.

ઈતિશ્રી સામંતજીને મોટું આશ્ચર્ય દેખાડીને દુરાચાર મુકાવી પોતાનો આશ્રિત કર્યો. તેવી રીતે આ આખ્યાન સમાપ્ત થયું છે.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'વેદાંતી સામંતજીને ઐશ્વર્ય બતાવી દુરાચાર મુકાવ્યો ને સ્વાશ્રિત કર્યો' એ નામે પંચોતેરમું પ્રકરણ ।।૭૫।।



પ્રકરણ - ૭૬

સામંતજીએ આપતા રાજ્યને ઠુકરાવી રાતોરાત આધોઈ પધાર્યા

❁ સામંતજીએ આપેલું ધન દ્વિજો તથા રાજસેવકોને આપી દીધું

હવે તે રાજાએ કહ્યું જે, "હે મહારાજ ! અમારા રાજ્યાદિકની સર્વે સમૃદ્ધિ તે હું તમને આપું છું." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હે નરેશ ! **કોઈના સુખેથી અમે સુખિયા નથી. અમારા સુખેથી સર્વે જન સુખને ભોગવે છે.** બ્રહ્માથી તે થૂંબ(થૂમડું આદિ નાના જીવ) પર્યંત અમારા આપેલા વૈભવ ભોગવે છે. અને હે રાજન્ ! અમે કોઈ વૈભવને વિશે બંધાઈએ એવા નથી. અમે તો સદાયે નિર્બંધ છીએ. તે સારુ મોટા સંત અમને નિર્મોહી કહે છે. માટે તમે રાજગાદી ભોગવતા થકા મારી મૂર્તિની સ્મૃતિ રાખજો ને જન્મમૃત્યુનો વિચાર કરજો, ને દેહને મિથ્યા માનીને ને આત્માને સત્ય જાણીને પ્રત્યક્ષ જે પરમાત્મા તેને વિશે વૃત્તિ જોડજો.

અને અમે કહ્યાં જે પાંચ વર્તમાન તેના ધર્મ પાળ્યાથી તે સર્વે પુરુષાર્થની સિદ્ધિ તેને નિશ્ચે જ પામશો. અને પૂર્વે તમે અમારે અર્થે ઘણું તપ કર્યું હતું, તેના પુણ્યથી તારા પુરને વિશે અમારું ને આ બ્રહ્મચારીનું આવવું છે. અને હે નરેશ ! એક લાખ વરસ પર્યંત જેણે તપ કર્યું હોય તેના ઘરને વિશે અમે એક દિવસ રહીએ, તે તપથી(તપના ફળથી) પણ અધિક છે, તેમ જાણવું.

❁ શ્રીહરિએ કહેલ સામંતજીનું પૂર્વવૃત્તાંત

અને પૂર્વે તમે સત્પુરુષોનો દ્રોહ કર્યો'તો તેના શાપથી હે નરેશ ! તું અને આ તારી સભાના શત શિષ્ય તે સર્વે શાપિત થયા હતા. (તે કેવી રીતે ? તો) તમે તેના(તપના) માનથી નારદજીનું અપમાન કર્યું,

ત્યારે નારદજીએ તમને સર્વેને શાપ આપ્યો હતો જે, પૃથ્વીને વિશે મનુષ્યદેહ ધારીને તમે સર્વે જન મિથ્યાજ્ઞાની થાઓ અને અસત્શાસ્ત્રને ભણીને સત્શાસ્ત્રના દ્રોહી થાશો; ને તમારા પાપરૂપી માનથી ભગવાન, સંત, બ્રાહ્મણ ને ગરીબનો અપરાધ કરશો; ને તનઅભિમાની થકા એમ બોલશો 'અમે ભગવાન છૈયે, ને અહં બ્રહ્માસ્મિ' એમ બોલીને અતિ પાપરત થાશો. અને એવો ઘોર શાપ સાંભળીને તમે દીન થઈને નારદજીની ઘણીક સ્તુતિ ને ઘણાક વિનયને કર્યેથી નારદજી રાજી થયા અને એમ જાણ્યું જે, શાપથી અતિ મોટો અનુગ્રહ કરું ને પોતાનું સાધુપણું જોઈને કહ્યું જે, 'તમે અમારું અપમાન કરીને બીના થકા મારો વિનય(આદર) ને સ્તુતિ કર્યા, તેથી તમ સર્વે ઉપર હું રાજી થઈને તથા સાધુનો માર્ગ જોઈ તથા તમારા તપનું પુણ્ય નો જાય, તે માટે તમ ઉપર મોટો અનુગ્રહ કરું છું જે, **'એક દિવસને સમે પૃથ્વીને વિશે સર્વના કારણ અવતારી પુરુષ તારા પુરને વિશે આવશે અને તુંને મોટા યોગેશ્વરપણાના અલૌકિક વૈભવ દેખાડ્યાથી તને તે મૂર્તિનો અતિ દૃઢ નિશ્ચય થાશે.**" એમ શ્રીજીમહારાજે ભવિષ્યવાર્તા કહી દેખાડી.

પછી શ્રીજીમહારાજે તે સર્વે જનને કહ્યું જે, "તે નારદે કહ્યા જે ભગવાન તે નારાયણના ગુણ આ બ્રહ્મચારીમાં છે. ને વળી તેના ગુરુ તે અમે (તેનાથી) અધિક છૈયે. તે મળ્યે તમે સર્વે પુરુષાર્થની સિદ્ધિને પામ્યા છો. ને દેહ મૂકીને મોટું ધામ જે બ્રહ્મપુર તેને નિશ્ચય પામશો." ત્યારે રાજાએ સહિત સર્વે જને કહ્યું જે, "હે મહારાજ ! તમે મળ્યે અમે સર્વે સુખની પ્રાપ્તિને નિશ્ચે જ પામ્યા છૈયે. અને હે સમર્થ ! તમે અમારા પુરને વિશે સદાય રહો. તમારાં દર્શન ને સ્પર્શથી અમે સર્વે કૃતાર્થ થઈએ."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હે નરેશ ! અમને રાજ્ય દરબાર મધ્યે રહેવું ગમતું નથી ને તેનાં સન્માન ગમતાં નથી. એવો અમારો

સ્વભાવ છે. માટે અમે નહિ રહીએ ને ચાલશું.” ત્યારે તે રાજાએ એમ જાણ્યું જે, ‘મહારાજ કોઈના રોક્યા રહે એવા નથી.’ તે સારુ તેણે મહારાજની પૂજા કરી. તે વસન, હેમનાં અલંકાર ને પુષ્પ જે મલ્લિકાદિક ને થળકમલાદિકના હાર, તોરા ને ગુચ્છાદિક ને કેસરચંદન ને કુંકુમથી પૂજીને ઘણાક રૂપિયાના થાળ ભરીને મૂક્યા.

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “હે નરેશ ! આ તેં ઘણુંક ધન મૂક્યું તેમાંથી અમારે એક કોડી પણ જોતી નથી. અને અમારું મન **ધન-સ્ત્રી** આદિક પદાર્થમાં બંધાય એવા અમે નથી. અને તે કહ્યાં જે બે બંધન મોટાં છે, તે બંધને બંધાણા એવા જે જીવ તે જો અમારો આશરો કરે, તો તેનાં સર્વે બંધનને કાપીને નિર્બંધ કરીએ એવા અમે છૈયે. અને એટલા જ સારુ અમે આ પૃથ્વીને વિશે આવ્યા છૈયે.

અને અમારા આશ્રિતજનનાં કહ્યાં તે સર્વે બંધન કાપીને નિર્વાસનિક કરીને બ્રહ્મપુરને વિશે પમાડીએ તેવા અમે છૈયે. ને તારા પૂર્વનાં પુણ્ય-પ્રતાપથી તારે આ બ્રહ્મચારીનાં દર્શન થયાં, ને તેથી અધિક તે અમારું મળવું છે, એમ જાણવું.” ત્યારે તે રાજા બોલ્યો જે, “હે સમર્થ ! આ સર્વે ધન તમારે આગે મૂક્યું છે, તે ઉપર તુલસીદલ મૂકી તમને ધર્માદા અર્પણ કર્યું છે; તે અમારે ખપે નહીં. અને હે મહારાજ ! તમે અમને પાંચ વર્તમાન ધરાવ્યાં ત્યારે એમ કહ્યું જે, ‘દારૂ, માટી, ચોરી ને અવેરી કરશો નહીં.’ તે વાત તો અમારા શિર જાય તોય પાળશું. અને હે સમર્થ ! તમે અમને વાંસેથી(વર્તમાન ધરાવ્યા પછી) એમ વચન કહ્યું(બોલાવરાવ્યું) જે, ‘તન, મન, ધન ને અનેક જન્મનાં કર્મ તે સ્વામિનારાયણને શરણે છે.’ ત્યારે હે મહારાજ ! અમારું તે આમાં શું છે ? માટે સર્વે પદાર્થ તે તમારા જ છે. માટે હે સમર્થ ! આ ધન મૂક્યું, તે તમારું જ છે, તે કૃપા કરીને ગ્રહણ કરો.”

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હે નૃપ ! તું અમને જોરાયેથી ધન આપે છો, તો અમે અમારી નજરમાં આવે તેને આપી દેશું. તેનો સંશય કરીશ મા. જો સંશય થાય તો વિત્ત ઉપાડી લે." ત્યારે રાજાએ કહ્યું જે, "હે મહારાજ ! તમારા હાથેથી ગોઠે તેને આપો. તેથી હું કૃતાર્થ થાઉં, તેવા તમે છો." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હે નરેશ ! તારો ચોબદાર મેલીને તારા પુરના સર્વે બ્રાહ્મણને તેડાવ." પછી તે રાજાએ તેડાવ્યા.

તે સમાને વિશે શ્રીજીમહારાજે રાજી થઈને પોતાના બે હાથના ખોબા ભરી ભરીને મંદમંદ હસતા થકા સર્વે દ્વિજને રૂપિયા આપ્યા. કેટલાકને ભોમિદાન અપાવ્યાં, કેટલાકને સદન નહોતા તેને સદન અપાવ્યાં. અને રાજાએ કેટલાક દ્વિજનાં વર્ષાસન આદિક વૃત્તિઓ ભંગ કરી'તી, તે સર્વેને શ્રીજીમહારાજે રાજા પાસેથી અપાવી ને ઘણુંક ધન આપ્યેથી તે પુરના વિપ્રોને શ્રીજીમહારાજે અજાચક(કોઈની પાસે માંગવું ન પડે, એવા) કરી દીધા.

અને સર્વે દ્વિજને દેતાં પણ ઘણુંક ધન વધ્યું, ત્યારે શ્રીજીમહારાજે તે રાજાનાં સર્વે માણસ બાયું-ભાયુંને ધોબા ને ખોબા ભરી ભરીને ધન આપ્યું. અને તે ગામના બ્રાહ્મણ આદિક ચારે વર્ણના સર્વે મનુષ્યજનને ધુમાડો બંધ કરાવીને પ્રાણીમાત્રને મિષ્ટ ભોજન જમાડાવ્યા. તે સમે તે પુરને વિશે મહોત્સવ કરતાં થકાં રાજા પ્રત્યે શ્રીજીમહારાજ બોલ્યા જે, "હે નરેશ ! હવે અમે ચાલવાનું કરશું."

ત્યારે તે રાજાને શ્રીજીમહારાજની મૂર્તિ ઉપર અતિ હેત બંધાણું છે. તેથી રજા આપતો નો'તો, ને ગદ્ગદ ગિરાથી રુદન કરતો બોલે છે જે, "હે પ્રાણપતિ ! હે સર્વે સુખના નિધિ ! હું તો તમને જાવા(રજા) નહિ આપું." તે શા માટે ? તો તે રાજાને શ્રીજીમહારાજને વિશે માહાત્મ્યજુક્ત ઘણોક સ્નેહ હતો. તે સારુ તેમ કહીને તેના દ્વારપાળને ગુપ્ત કહેવરાવ્યું

જે, "મહારાજ તથા બ્રહ્મચારીને મારા કહ્યા વિના જવા દેતો નહીં. તે તો મારા ગુરુ ને પરમ હેતુ છે, માટે દરવાજે બંદોબસ્ત(જાપ્તો; સાવધાની પૂર્વક દેખરેખ) રાખજો, રાત્રિને સમે સાચવજો, નહિ તો નિશ્ચય જતા રહેશે."

તે સર્વે વાત બ્રહ્મચારીને માલુમ થઈ. પછી શ્રીજીમહારાજ પ્રત્યે મુકુંદ બ્રહ્મચારી કહે છે જે, "હે મહારાજ ! આપણા માટે રાજાએ બંદોબસ્ત કરાવ્યો છે. હવે આપણ તે વળી શી રીતે ચાલશું ? તે કહો." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હે મહાયોગી ! તેણે આપણને સ્નેહેથી કબજ કરાવ્યા છે, પણ મારાં યોગૈશ્વર્યાદિકે કરીને તેના રોક્યા નહિ રહીએ. અને તમે પાંચ દિવસ રહેજો ને તેને અમારા વિયોગનું દુઃખ થાશે, તેને તમે વાત કરીને શાંતિ પમાડજો ને આધોઈ પુરે અમારા ભેગા થાજો. અને તે રાજા પ્રજાએ રહિત છે. તે સારુ તમે તે ઉપર રાજી થઈને આશિષ વચન દેજો જે, 'તેને પુત્ર થાય.' જેથી તેનું રાજ્ય બીજાને ઘેરે નો જાય(રાજ્યાધિકાર એના જ વંશમાં ચાલુ રહે.) કેમ જે, તે અમારો આશ્રિત થયો છે. તેથી અમારા આશ્રિત જે જન થાય તેની ખબર અમે રાખીએ એવા અમે છૈયે. અને હે બ્રહ્મચારી ! અમે આજ નિશા મધ્યે જાશું." એટલી રહસ્ય વાર્તા બ્રહ્મચારી પ્રત્યે કહી.

પછી શ્રીજીમહારાજ ભોજન કરીને બેઠા છે, એટલાક મધ્યે રાજાના ચોબદારે કહ્યું જે, "હે મહારાજ ! તમારે વાસ્તે ઢોલિયો બિછાવ્યો છે. તે રાજા પાસે પોઢવા તમે બેઉ જણ પધારો." ત્યારે શ્રીજીમહારાજ અને બ્રહ્મચારી ગયા. ત્યારે રાજાએ ઊભા થઈને દીન થઈને કહ્યું જે, "હે મહારાજ ! આ પલંગ ઉપર પોઢો. હું તમને હમણાં જાવા નહીં દઉં." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હે રાજા ! અમે નહીં જઈએ, શોક મા કરો." તેમ મધુર વચને બોલાવીને શાંત કરતાં થકાં રાત્રીને વિશે રાજા પ્રત્યે જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્યાદિકની વાર્તા કરી.

અને તે રાજાએ મહારાજની પાસે પલંગ ઢાળીને પોતાની જમણી ભુજા શ્રીજીમહારાજની મૂર્તિ ઉપર મેલીને સૂતો જે, રખે મહારાજ જતા રહે ! તે સમાને વિશે શ્રીજીમહારાજ પોતાના પ્રતાપથી તે પુરીના ત્રણ દરવાજે બંદોબસ્ત કર્યા'તો, તેને ભેદીને પુર બહાર પધારતા થકા આધોઈ નગર તરફ દેખાતા હવા.

અને તે રાજા જાગ્રત થયો ને શ્રીજીમહારાજને સજ્યા મધ્યે ન દેખ્યા. ત્યારે તે બ્રહ્મચારી પ્રત્યે પૂછવા લાગ્યો, "હે બ્રહ્મચારી ! આ શૈયા મધ્યે મહારાજ નથી, તે ક્યાં ગયા હશે ? તે કહો." ત્યારે બ્રહ્મચારીએ પ્રથમનું વૃત્તાંત મહારાજે કહ્યું હતું, તેને સંભારીને કહ્યું જે, "હે રાજા ! મહારાજ આ પુરથી નિશ્ચય ગયા." ત્યારે તે રાજાએ કહ્યું જે, "ચાર દરવાજે મેં બંધોબસ્ત કરાવ્યો છે !"

પછી સ્નેહેથી આકળો થઈને પોતાના ચાકરોને જગાવી કહે છે, "મશાલું કરીને જુવો જે, રાજદ્વારના બે દરવાજાનાં કમાડ તે તાળાંએ સહિત ભીડેલાં છે ?" પછી ચાકરે જોયું તો કમાડ ભીડેલાં જોયાં. ને માંહીલો કોટ તથા બાહિર કોટના કમાડ તાળે સહિત ભીડેલાં જોયાં. પછી તે દ્વારપાળને કહ્યું જે, "દરવાજે કોઈ પુરુષને જતા દીઠા ?" પછી સર્વે નગરીની માંહીલી કોરે ખબર કઢાવી, પણ શ્રીજીમહારાજને ન દેખ્યા.

પછી સર્વે જને આવીને રાજા પાસે કહ્યું જે, "અમે બધું નગર જોયું, પણ મહારાજ દીઠા નહીં." ત્યારે રાજાએ બ્રહ્મચારીને કહ્યું જે, "આવી બંધી મધ્યેથી મહારાજ ગયા એ તે શું ?" ત્યારે બ્રહ્મચારીએ કહ્યું, "હે રાજન્ ! નિર્બંધ એવા જે મહારાજ તે કેના બાંધ્યા રહે ? ને હે રાજા ! **તેનું ભજન કર્યાથી ભક્તજન ભવરૂપી બંધન કાપે છે. તેવા જે શ્રીજીમહારાજ તેને શું બંધન કરે ?** કોઈ ન કરે. એ તો નિર્બંધ છે. તેમ સદાયે સમજણ રાખજો." તે આદિક બ્રહ્મચારીએ રાજા આગળ શ્રીજીમહારાજના સ્વરૂપજ્ઞાનની વાર્તા બહુ કરી.

અને નિશા ગઈ ને દિનેશ ઊગ્યો ને રાજાને મનશું એમ થાય છે જે, રખે નગર મધ્યે ક્યાંય ગુપ્ત રહ્યા હોય નહીં ! તેમ સંશય કરતો હવો. અને બ્રહ્મચારી સર્વે જન જે બાઈભાઈ તે પ્રત્યે મહારાજના પ્રતાપની વાર્તા કરતા હવા.

❁ આધોઈના માર્ગે ગરીબ દ્વિજને વસ્ત્રાલંકારનું દાન

અને હવે શ્રીજીમહારાજ જે રીતે આધોઈ પધાર્યા, તે વાત કહીએ. તે સમાની મૂર્તિનો વેશ લખીએ જે, પીત પટ ને જરિયાની રેંટો ને હેમનાં અલંકાર જે રાજાએ આપેલાં તે ધાર્યાં હતાં. તેવા થકા તે પુરથી ત્રણ જોજન છેટે એક વૃદ્ધ, અતિ દુર્બળ, શુભ ગુણવાળો, જેના ઘરને વિશે મૂઠી અન્ન નથી ને વળી અજાચક[૧] એવો એક વિપ્ર હતો, તેણે એમ સાંભળ્યું જે, ‘સામંતજીના પુર મધ્યે સ્વામિનારાયણ અવતારી પુરુષ આવ્યા છે. તેણે તે પુરીના દ્વિજોને ઘણુંક ધન આપીને અજાચક[૨] કરી મેલ્યા છે.’ ‘માટે હું અનન્ય ભક્ત છું, ગરીબ છું અને તે ગરીબનવાજ છે. તેમને મળેથી હું અતિ સુખિયો થઈશ.’ તેમ મનન કરતા તેને શ્રીજીમહારાજ વાટ મધ્યે મળ્યા. અને તે કાંઈ મહારાજને ઓળખતો નહોતો અને તેને શ્રીજીમહારાજે પૂછ્યું, “હે વિપ્ર ! તમે ક્યાં જાઓ છો ? ને વળી અતિ કૃશ(દૂબળા) કેમ છો ?”

ત્યારે તે વિપ્ર કહે જે, “હું તો અતિ દુર્બળ ને ધને રહિત છું ને મેં સાંભળ્યું જે, સ્વામિનારાયણ રાજા પાસેથી ઘણુંક ધન લઈ વિપ્રોને આપે છે. તે સારુ હું સામંતજીના પુર પ્રત્યે જાઉં છું. અને હે સમર્થ ! તમે ઘણાંક મૂલવાળાં વસન ને હેમના અલંકારને શોભાડો છો, એવા તમે કોણ છો ? ને ઘણાંક ઘરેણાં ને ભારે વસ્ત્રના ધરતલ ને વળી અરણ્યને વિશે એકલા નિર્ભે ને નિશંક થકા ચાલ્યા આવો છો, એવા તમે કોણ છો ? તે કહો.”

૧.યાચના ન કરવાના વ્રતવાળો; માગ્યા વિના મળેલ ભિક્ષા ઉપર ગુજરાન કરનાર

૨.ગુજરાન કરવા માંગવું ન પડે એવા ધનવાન

ત્યારે મંદમંદ હાસ્યને કરતાં થકાં શ્રીજીમહારાજ બોલ્યા જે, "હે દ્વિજ ! જે સારુ તું જાય છે તે જ અમે સ્વામિનારાયણ છીએ. ને તારા પૂર્વના પુન્યથી તને અમારું મળવું થયું છે." તેમ કહીને શ્રીજીમહારાજે તે દ્વિજને અતિ પ્રસન્ન થકા હેમનાં ભૂષણ, પીત પટ ને જરિયાની વસન તે સર્વે આપ્યાં અને તે દ્વિજનાં જીર્ણ વસન ધારીને તે દ્વિજને કહ્યું જે, "હે દ્વિજ ! તું સાંમતજીની પુરી પ્રત્યે જા અને અમારી સુધિ(અમે અહીંયા છૈયે એવા સમાચાર) તેને દેજે તથા અમારા બ્રહ્મચારી ત્યાં છે તેને કહેજો જે, આધોઈ આવજો." તેમ કહીને શ્રીજીમહારાજ **આધોઈ** પધાર્યા.

અને હવે તે દ્વિજે તે રાજાના પુરે પહોંચીને રાજાને તથા બ્રહ્મચારીને શ્રીજીમહારાજનો સંદેશો સંભળાવીને કહ્યું જે, "હે નરેશ ! આ સર્વે વસન ને ભૂષણ મહારાજે મને વાટમાં આપ્યાં." તે વાત સાંભળીને રાજા અને તે નગરનાં લોક જે સ્ત્રીપુરુષ તે 'અહો..! અહો..!' કહીને શ્રીજીમહારાજના ઉદારપણાને વખાણતા થકા પરસ્પર કહેવા લાગ્યાં જે, "રાજાએ ઘણું ધન આપ્યું, તેમાંથી એક કોડી પણ પોતે રાખી જ નહીં." અને એ તો નિશ્ચે જ ભગવાન હતા. તે આપણા મોક્ષને અર્થે આવ્યા હતા." એમ સર્વે જન પરસ્પર કહેતાં હવાં. અને રાજાએ (મહારાજને રાજ્ય આપવા છતાં ન લીધું, તેથી મહારાજને) નિર્મોહી જોયા; ને જેને મહારાજે ધન આપ્યું, તેણે ઉદાર જોયા; ને જે જન ધીમાન હતા, તેણે શ્રીજીમહારાજને બુદ્ધિની સીમા જોયા.

પછી જે વિપ્ર મહારાજની સુધી લાવ્યો, તેને રાજાએ ઘણુંક ધન આપીને જાચનાએ રહિત કર્યો. પછી બ્રહ્મચારીએ કહ્યું જે, "હે નરેશ ! તારે પ્રજા નથી થાતી તે મારા આશીર્વાદથી એક તેજસ્વી પુત્ર થાશે. અને તમે સદાય ધર્મરત રહીને શ્રીજીમહારાજની મૂર્તિની સ્મૃતિ સદાય

રાખજો. હવે અમે ચાલશું, રજા આપો.” ત્યારે રાજા ઘણીકવાર નમતો હવો ને કહ્યું જે, “હે મહાયોગી ! ફેર પધારજો.” પછી બ્રહ્મચારી **આધોઈ** શ્રીજીમહારાજ પાસે ગયા.

દોહા : કામી ચિંતવે કામની, લોભીએ ચિંતવ્યા ધન;
મેં ચિંતવ્યા ઘનશ્યામને, કરી કરી શુભ મન...૦૧

સંવત્ અઢાર ને સડસઠ્યો, ને ઉત્તમ આસો માસ;
શ્રીહરિ નૃપ પુર જાયકે, રાજા કર્યો સનાથ...૦૨

લખી લીલાચિંતામણિ, દોયલી વેળાના દામ;
જે વાંચે ને સાંભળે, તેને રીજે ઘનશ્યામ...૦૩

હરિજન હરિગુણ સાંભળી, મુદ પામે મન માંઈ;
દુરિજનને દુઃખ ઊપજે, દોષિત બુદ્ધિ મન માંઈ...૦૪

ઈતિ સામંતજીનું આખ્યાન સમાપ્ત થયું.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે ‘સામંતજીએ આપતા રાજ્યને ઠુકરાવી રાતોરાત આધોઈ પધાર્યા’ એ નામે છોતેરમું પ્રકરણ ॥૭૬॥



પ્રકરણ - ૭૭

કંથકોટના દૃઢ ભક્ત એવાં દંપતી અને રાજાની દીકરીનું દુઃખ ટાળ્યું

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ અને બ્રહ્મચારી આધોઈ નગરથી ચાલ્યા, તે **કંથકોટ** ગામે જતા હતા. તે પંથે ચાલતા થકા બ્રહ્મચારી પ્રત્યે તે ગામના રાજાની પુત્રી (રામબા)ની દૃઢતા, નિશ્ચય ને ધર્મ આદિક ગુણને મહારાજ કહેતા હતા. તે બાઈ સમાધિનિષ્ઠ હતી ને તેને ત્રણે અવસ્થાને વિશે શ્રીજીમહારાજની મૂર્તિનાં અખંડ દર્શન થતાં હતાં. અને તે બાઈનો પિતા જે રાજા (સંગ્રામસિંહ) તેને કોઈ મોટા નરેશે દબાવ્યો. તેથી તેના રાજ્યનાં ગામ જાય તેના ભયથી તે બાઈને મુસલમાન રાજાને આપતો હવો.

ત્યારે તે બાઈ તેના બાપને કહે જે, "મારે તો જક્ત મધ્યે પુરુષમાત્ર તો પિતા તુલ્ય છે." તોય તેનો બાપ પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે સિંધના રાજાને જોરાયેથી પરણાવતો હવો. તે બાઈ તો શ્રીજીમહારાજની અનન્ય ભક્ત હતી. ત્યારે તેણે કષ્ટને વિશે શ્રીજીમહારાજને સંભાર્યા, "હે ધર્મધુરંધર ! હે ભક્તવત્સલ ! હે ગરીબનવાજ ! હે રાંકના બેલી ! હે અબળાના ઓધાર(આધાર; ઉદ્ધાર કરનારા) ! હે ચક્રના ધારનાર ! મારો હિંદુ ધર્મ જાશે ! તે સારુ મારો દેહ ત્યાગ કરીશ. હા ઈતિ કષ્ટે !"

તેમ કહીને પોતાના પિતાના સદનને વિશેથી પોતાના પિતાની તીખી ધારવાળી જે તરવાર તેને તાણીને મરવા ઈચ્છતી મધ્ય રાત્રીને વિશે વિલાપ કરતી હતી, તેવી તે બાઈને શ્રીજીમહારાજે તેના અંતર મધ્યેથી પ્રગટ થઈને તેનો ધર્મ પળાવતા થકા તે સમાને વિશે પોતાના ભક્તજનની રક્ષાના કરતલ, ધર્મધુરંધર ને સંકટને વિશે સહાયના કરતલ એવા શ્રીજીમહારાજે પોતાના યોગેશ્વરપણે પ્રત્યક્ષ પ્રમાણ દર્શન દીધાં.

તે કેવા છે ? તો પીતપટ ને કિરીટમુગટને[૧] ધરી રહ્યા છે, ને ઘણાંક હેમનાં ભૂષણ જે ઉરને વિશે ઊતરી, હેમના દોરા, ગળબંધ(ગળાનું એ નામનું એક ઘરેણું) આદિક ને સત્ય મોતીના હાર; ને ભુજાને વિશે વાંકડાં આંટાળાં ને વાઘમોરાં કડાં, બાજુબંધ, ને પોંચી; ને દશે આંગળીએ વેઢ, વીંટીઓ; ને પગને વિશે નેપૂર પહેર્યાં છે. ને મલ્લિકાના ને થળકમલાદિક પુષ્પના ઘણાક હાર, તોરા, બાજુ, પોંચી ને ગુચ્છાદિક ધાર્યાં છે. ને ભાલને વિશે કેશરચંદન, કુંકુમ ને અક્ષત આદિક લખી જે શોભા તે સર્વે શોભાને શોભાડતલ એવા જે શ્રીજીમહારાજ તેને તે બાઈએ જોયા.

અને મહારાજે મંદમંદ હસતા થકા તે પ્રત્યે કહ્યું જે, “હે બાઈ ! તું શોક મા કર અને સર્વે ભય ને શોકનો ત્યાગ કર. જો તારા બાપે તને યવનને આપી છે, પણ તારે હિંમત છે તો હું તારી સર્વ પ્રકારે મદદ કરીશ. અને તું મૂંઝાઈને આત્મઘાત કરવા માંડી તે સારુ તારી રક્ષા કરવાને અર્થે મારા યોગૈશ્વર્યાદિકે કરીને તને અભયદાન દેવા સારુ મારું આવવું છે. માટે જે કાંઈ તારે પૂછવું હોય તે સુખેથી પૂછ.”

ત્યારે તે બાઈએ કહ્યું જે, “હે મહારાજ ! મારા પિતાએ મુને સિંધનો રાજા જે યવન તેને આપી છે. તે મારો સાંખ્યયોગ ને હિંદુધર્મ શી રીતે રહેશે ? ને તે તો માંસાહારી છે. અને હે મહારાજ ! તે દેશના કૂપ તે તો હાડકે કરીને બાંધેલા છે. તે શી રીતે અન્ન-જળ લઉં ? જો લઉં તો ધર્મ જાય ને ધર્મ જાય ત્યારે સર્વસ્વ ગયું કહેવાય. હે મહારાજ ! તે સારુ મૂંઝાઈને મરવું તે શ્રેષ્ઠ માન્યું હતું. અને હવે તો તમે સર્વે સુખની નિધિ ને સર્વ જીવોના કષ્ટના હરતલ આપ પધાર્યા છો, તે તમે જેમ કહો તેમ કરું.”

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “હે બાઈ ! તું તારા જીવાત્માને વિશે આનંદ રાખીને મારું ભજન કર અને હું તને કહું તેમ કરજે. તે શું ?

૧.વિષ્ણુ દેવ કે ચક્રવર્તી રાજાના મસ્તક પર હોય તેવો મુગટ

જે અન્ન-જળનો તું હવેથી ત્યાગ કર. મારા વચનેથી તને ક્ષુધા-પિપાસા નહિ પીડે. એવા મારા વચનને વિશે અતિ સુખ છે. અને હે બાઈ ! તારા પતિને તારું સ્વરૂપ સિંહના જેવું દેખાશે ને અતિ ભયાનક થકો તારો ત્યાગ કરશે. તેમ હું તારો ધર્મ નિભાવીશ. અને જે જીવ હિંમત રાખે છે, તે જીવની મદદ હું નિશ્ચય કરું છું." એટલી વાત કરી તેને અભયદાન દઈને પછી અંતર્ધાન થઈ ગયા.

પછી તે બાઈ તે રાજના પુર મધ્યે જઈને જેમ શ્રીજીમહારાજે વચન કહ્યાં, તેમ રહેતા થકા સર્વે ધર્મ પાળતી હતી. ને તેના પતિએ તે બાઈનું રૂપ મહા ભયાનક દેખ્યું ને તેથી તે બાઈથી દૂર રહેતો હોવાથી બાઈનો ધર્મ સર્વે પ્રકારે રહ્યો ને પોતે પ્રતિષ્ઠા પામી. પછી તેનો પતિ મૃત્યુ પામ્યો. તે પછી તે બાઈ ઘણુંક વિત્ત લઈને પોતાના બાપને સદને આવી. અને અહોનિશ મહારાજને જ સંભારતી હતી.

તેનો પ્રેમ ને સ્નેહ જોઈને શ્રીજીમહારાજ વર્ણિરાજ મુકુંદે સહિત તેના પુર પ્રત્યે પધાર્યા. તે પુર પહાડ ઉપર છે ને ઘણુંક ઊંચું ચડવું પડે એમ છે, તેથી કુસુમથી કોમળ એવા શ્રીજીમહારાજને શ્રમ થયો. તેથી બ્રહ્મચારીને ખંભે હાથ મેલીને ચડ્યા. તેમ કરતાં પુર મધ્યે પધારીને એક **મૂળજી** નામે(કચરાભગત ?) અતિ દુર્બળ હરિજન હતો ને શ્રીજીમહારાજનો એકાંતિક ભક્ત હતો, તેના ઘર પ્રત્યે શ્રીજીમહારાજે ઉતારો કર્યો.

ત્યારે તે મૂળજીએ અતિ રાજી થઈને મહારાજની સેવા કરતાં થકા એમ કહ્યું જે, "અહો અહો ઈતિ આશ્ચર્યે." તેમ કહીને મહારાજનાં ચરણ ધોઈને પોતાના સંબંધીએ સહિત તે ચરણામૃતનું પાન કર્યું. પછી મધુપર્કાદિકથી પૂજા કરી અને પોતાની પર્ણકુટિ મધ્યે પલંગ નાખીને મહારાજને પધરાવ્યા ને ઘણીક સ્તુતિ કરી.

ત્યારે તેને શ્રીજીમહારાજે સમાચાર પૂછ્યા, "હે હરિજન ! તમો શરીરે કૃશ કેમ છો ? ને વળી ફાટેલ વસન કેમ પહેર્યાં છે ? ને તમારી

પર્ણકુટી તૃણથી કેમ છવી છે ? તે કહો. ને તમારો વેવાર શી રીતે ચાલે છે ?” ત્યારે તેણે કહ્યું જે, “હે સર્વજ્ઞ ! તમે સર્વે જાણો તેને શું કહી દેખાડું ? છતા તમે પૂછ્યું તો કહી દેખાડું. હે મહારાજ ! હું મજૂર થઈને મોટલાં(શાકભાજી વગેરેની મોટી ગાંસડીઓ) ઉપાડીને વૈતરું કરું છું. ને આ સ્ત્રી તે કોઈનું દરણું દળે છે. આમ આજીવિકા કરીએ છીએ.”

તેમ કહીને પોતાના ઘરમાં જઈને પોતાની સ્ત્રીને(અમરબાઈ) કહે જે, “સર્વોપરી ને સર્વે અવતારના અવતારી પુરુષ ને સર્વે વૈભવના સ્વામી તે કૃપા કરીને પોતે આપણા ઘરને વિશે મેમાન થઈ પધાર્યા છે, પણ આપણે દુર્બળ ને ધન રહિત છીએ, ને આપણા ઘરને વિશે ખોરી જારનો આટો છે ને કોઠારના ખોરા મગ છે. અને વળી આ ગામમાં એક દોકડાનું ઉધારે કોઈ ન આપે તેવો મારો વેવાર છે. ને ઠીકરાનાં પાત્ર છે, તેમાં ખાઈએ છીએ; નહિ તો ધાતુનાં વાસણ વેચીને શ્રીજીમહારાજની મેમાની કરત.” તેમ પોતાના મનશું રુદન કરતો હવો.

ત્યારે તેની સ્ત્રી પણ શ્રીજીમહારાજના સ્વરૂપના જ્ઞાનવાળી હતી. તેણે કહ્યું જે, “હે સ્વામી ! તમે રુદન શીદ કરો છો ? આ મારો સાડલો વેચીને હાલ સામાન લાવીને શ્રીજીમહારાજને જમાડો. તેથી સર્વે લોકને જમાડ્યું કહેવાશે. અને ધન્ય આપણાં ભાગ્ય જે આપણા ઘેર સર્વે લોકના સ્વામી ને સર્વોપરી તે મનુષ્યાકૃતિ ધારીને પધાર્યા ને આપણને કૃતાર્થ કર્યા ! માટે અતિ આનંદથી શ્રીજીમહારાજની સેવા મધ્યે રહો.” તેમ કહીને નવીન વસ્ત્ર આપીને જીરણ વસ્ત્ર ધારીને પોતાના ઘરની માંહીલી કોરે બેઠી.

અને તેના પતિએ સાડલો વેચીને ગોધુમનો(ઘઉંનો) આટો, ઘી, સાકર, ચોખા ને દાળ આદિક સરંજામ લાવીને બ્રહ્મચારીને આપ્યો. પછી મિસરીના મોદક, પૂરી, ભાત ને દાળ આદિક કરીને શ્રીજીમહારાજને જમાડ્યા. પછી બ્રહ્મચારી જમ્યા. અને મહારાજે જમીને પોતાનો થાળ

તે દંપતીને દીધો. ધન્ય તેનાં ભાગ્ય, જેના ઘેર શ્રીજીમહારાજને વસ્ત્ર વેચીને પ્રીતિપૂર્વક જમાડ્યા !

પછી શ્રીજીમહારાજ પલંગ પર પોઢ્યા છે ને તે દંપતી ચરણ ચાંપવા લાગ્યાં. ત્યારે શ્રીજીમહારાજે તે હરિજન મૂળજી પ્રત્યે કહ્યું જે, “બાઈને(રાજાની દીકરીને) સિંધ મધ્યે પરણાવી હતી, તે બાઈનું સર્વે વૃત્તાંત જેમ થયું હોય, તેમ અમારી આગળ કહી દેખાડો.” ત્યારે હરિજન તે ગામમાં રહેતો હોવાથી તેણે જેમ થયું હતું, તેમ જથારથ કહ્યું જે, “હે મહારાજ ! તે બાઈને તમે નિશાને વિશે દર્શન દઈને જેમ કહ્યું’તું તેમ કરી અન્ન-જળ મૂકીને એક માસ સુધી સાસરે રહી. ને તેના પતિએ તે બાઈના રૂપને સિંહના જેવું દીઠું, તેથી ભય પામીને તે યવન રાજાએ સર્વે પોતાના સંબંધી પ્રત્યે એમ કહ્યું, ‘ઓ તો સ્વામિનારાયણકી બંદગી કરતી હે, તે ક્યું છોડે ? ને એક માસથી અન્ન-જળ છોડ દિયા હે ને વૈસે દૂસરા કૈસે જીવે ! ને અલ્લા-તોભા ! ઓ તો અમારી મા ને ભેણ હે, ઉનકું ચોખામા[૧] કૂવા બનાવી આપો. ને કોઈ બ્રાહ્મણી બાઈકે પાસ ખાના કરાયકે ખિલાઓ. ને ઉનકું કહો જે, સ્વામિનારાયણકી બંદગી સુખેથી કરો, ઓ બી હિંદુકા કનૈયા હે.”

અને વળી શ્રીજીમહારાજે કહ્યું, “પછી કેમ થયું તે કહો.” ત્યારે તે હરિજને કહ્યું જે, “હે મહારાજ ! તે બાઈ રાજા આગળ ધર્મ રાખ્યાથી સર્વે પુરુષાર્થને પામી અને તે રાજા મૃત્યુને પામે છતે ઘણુંક ધન લઈને પોતાના પિતાના ઘરને વિશે આવી છે.” એટલી સર્વે વૃત્તાંત-વાત મૂળજી પાસે સર્વજ્ઞ એવા શ્રીજીમહારાજે મનુષ-ચેષ્ટાથી કહેવરાવતા થકા બ્રહ્મચારી પ્રત્યે કહ્યું જે, “હે મુકુંદ મહાયોગી ! પૂર્વે પંથે ચાલતા થકા આ સર્વે વાત તમ પ્રત્યે કહી હતી, તે સર્વે મળી.” ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, “હે મહારાજ ! તમારાં જે વચન તે તો સત્ય જ છે.”

૧.ત્યાં બધા કૂવા હાડકાથી બાંધેલા હતા, માટે હાડકા વિનાનો પવિત્ર

પછી શ્રીજીમહારાજે તે મૂળજી હરિજન પ્રત્યે કહ્યું, "તે બાઈ પ્રત્યે અમારો સંદેશો સંભળાવો ને એમ કહેજો જે, મહારાજ મારે ઘેર આવ્યા છે. ત્યારે તે કહેશે જે સુખેથી તમે તેડી લાવો. ત્યારે તું એમ કહેજે જે, તારા પિતાની રજા વિના નહિ આવે." તેમ મહારાજનો સંદેશો તે બાઈને કહ્યો.

ત્યારે તે બાઈએ અતિ હરખથી 'અહો !' અહો ઈતિ આશ્ચર્યે. તેમ કહીને કહ્યું જે, "હે મૂળજી ! તમે મહારાજને અમારા દરબાર મધ્યે તેડી લાવો." ત્યારે તેણે એમ કહ્યું જે, "મહારાજે એમ કહ્યું છે જે, તમારા પિતા જે રાજા તેને જાહેર(ખબર-જાણ) કરીને તેની રજાથી આવશું." ત્યારે તે બાઈ રાજાને કહે, "હે પિતા ! નિર્દોષ એવા જે મહારાજ અને મારા ગુરુ તે આપણા નગરને વિશે આ મૂળજીના ઘર પ્રત્યે છે, તેને તમો તેડવા સારુ જાઓ. અને એ તો અવતારી પુરુષ છે ને આપણાં મોટાં ભાગ્ય થયાં જે આપણા પુરને વિશે શ્રીજીમહારાજ પધાર્યા !"

તેમ કહ્યાથી તે રાજા શિબિકા આદિક વાહન લઈને ઘણાક મનુષ્યે વીંટાણા થકા શ્રીજીમહારાજ પાસે ગયા અને નમ્રતા બુદ્ધિથી શ્રીજીમહારાજને શિબિકા મધ્યે બેસારીને નીકળ્યા, ત્યારે ઢોલ, નગારાં, ત્રાંસાં, મૂર્ફા, શરણાઈઓ, ભૂંગળ, ભેરી, રણશિંગીઓ ને ઝાંઝ-મૃદંગ આદિક ઘણાંક વાજાં વાગતાં હવાં ને ઘણાક ભૂસુર(ભૂદેવ-બ્રાહ્મણ) સ્વસ્તિવાચન ભણતા હતા. તેમ તેના દરબાર મધ્યે પધારી અંતઃપુરમાં તે બાઈને પોતાની મૂર્તિનાં દર્શન દીધાં.

ત્યારે તે બાઈએ ઘણી પૂજાની સામગ્રી પ્રથમથી કરાવી મેલી હતી જે 'મહારાજ પધારશે ત્યારે હું ધરાવીશ.' તે વાસ્તે તૈયાર કરાવી મેલી હતી. તેથી રાજાને કહ્યું જે, "તમે શ્રીજીમહારાજની પૂજા કરો." પછી

તેણે પૂજા કરી. તે સમે જે પૂજાવિધિ કરી હતી, તે લખું છું. પ્રથમ વસન જરિયાની રાતી કિનખાપનો સુરવાળ ને તેવી ડગલી પહેરી હતી ને મસ્તકે જરિયાની રેટો મંડીલનો બાંધ્યો હતો ને એક કસુંબી સેલેથી કમર કસી હતી ને એક નીલા સેલેથી પલોઠી વાળી હતી[૧]. ને પાટ ઉપર પધરાવ્યા હતા.

અને હવેથી હેમ ને સત્ય મોતીનાં આભૂષણ લખું છું. કરને વિશે કનકનાં વાઘમોરાં કડાં, બાજુબંધ, પોચિયું, વેઢ, વીંટિયું; ઉરને વિશે ઊતરી, સત્ય મોતીના હાર ને તોરા, હેમ ને મોતીનો જડાઉ શિરપેચ, મોતીનો સેહર(મુગટ) ને નંગે જડાવ કલંગી એ આદિક ઘણાંક ભૂષણ પોતે સિંધ દેશથી લાવી હતી, તે સર્વે શ્રીજીમહારાજને અર્પણ કર્યાં(પહેરાવ્યા) ને પોતાનો મનુષ અવતાર સુફળ કર્યો. અને કેસરચંદન ને કુંકુમનો ચાંદલો તે ભાલ મધ્યે કરીને અક્ષત ચોડ્યા. અને પુષ્પ જે મલ્લિકાદિક ને થળકમલાદિકના હાર ને તોરા આદિક ધરાવ્યા. પછી કનકની થાળી મધ્યે કપૂરની આરતી ઉતારી.

પછી શ્રીજીમહારાજ પાટ ઉપર બિરાજમાન થયા. ત્યારે તે બાઈ શ્રીજીમહારાજનાં દર્શન કરતાં જાય ને અંગોઅંગનું ધ્યાન કરીને પોતાના અંતરમાં ઉતારતાં જાય. અને તેમ વારંવાર દર્શન કરીને વારંવાર મનન કરતાં થકાં શ્રીજીમહારાજ પ્રત્યે કહ્યું જે, “હે મહારાજ! હે ભક્તવત્સલ ! આપ મારી ઉપર અતિ કૃપા કરી મારા પુરને વિશે પધાર્યા ને તમારી મૂર્તિનાં દર્શન આપ્યાં તેથી મને કૃતાર્થ કરી. અને હે મહારાજ ! તમે મારા પુરને વિશે માસ એક રહો.” ત્યારે રાજાએ પણ કહ્યું જે, “હે મહારાજ ! તમે અમારા દરબારને વિશે ઉતારા કરીને સુખેથી રહો.”

૧.કમરથી ઢીંચણ સુધી સુરવાળ ઢંકાય તેમ ભેટ બાંધી હતી.

❁ મહારાજે સ્વમુખે કહેલ પોતાનું ગમતું-અણગમતું

तारेश्रीजीमहाराजतेराजाप्रत्येकेताह्वाजेहे
नरेसन्अमनेराजदरबारतेनगमेतथाराजानासंन्मांनते
नगमेनेमानीजनतेनगमेनेपापीजीवतेनगमेनेब्राह्मण
नेसाधूनेअतीगरीबनेपीडेतेपननगमेअतीसंकीरण
होयनेमोटीमेडीमोलातेमध्येउतरवांनगमेनेजेराजाराज
मदेअंधहोयतेनगमेनेधनमदेकरीनेजेजनआंधलोछे
तेपननगमेनेहेराजाराज्यथीपनधनमदभूंडाछेतोकेम
जेएकसतरुपीयाजारेमीलेतारेतेनेएकसेरदारुनाके
फआवेछेनेजेनेझाझारुपीयामीलेतेनेझाझांदारुनाके
फचडेछेनेपोतानातनमदेकरीनेआंधलातेनगमेनेहे
राजाभगवांननेनीराकारकेछेतेनगमे

ત્યારે શ્રીજીમહારાજ તે રાજા પ્રત્યે કેતા હવા જે, “હે નરેશ ! અમને રાજદરબાર તે ન ગમે તથા રાજાનાં સન્માન તે ન ગમે, માનીજન તે ન ગમે, પાપી જીવ તે ન ગમે અને બ્રાહ્મણ, સાધુ ને અતિ ગરીબને પીડે તે પણ ન ગમે. અતિ સંકીર્ણ હોય ને મોટી મેડી મહોલ તે મધ્યે ઊતરવું ન ગમે. ને જે રાજા રાજમદે અંધ હોય તે ન ગમે ને ધનમદે કરીને જે જન આંધળો છે, તે પણ ન ગમે. અને હે રાજા ! રાજ્યથી પણ ધનમદ ભૂંડો છે. તો કેમ ? જે, એક શત રૂપિયા જ્યારે મળે ત્યારે તેને એક શેર દારૂનો કેફ આવે છે અને જેને ઝાઝા રૂપિયા મળે તેને ઝાઝા દારૂનો કેફ ચડે છે. અને પોતાના તનમદે કરીને આંધળા તે ન ગમે. ને હે રાજા ! ભગવાનને નિરાકાર કહે છે, તે ન ગમે.

હવે જે ગમે તે કહીએ છીએ જે, **ધને રહિત, માને રહિત ને અધિકારે રહિત, નિર્માની, નિર્મત્સર, નિર્લોભાદિક શુભ ગુણે સહિત**

એવા જન અમને અતિ પ્રિય લાગે છે. માટે અમે તો આ મૂળજી હરિભક્તની તૃણકુટીમાં ઉતારો રાખશું. હે નરેશ ! આ તમારા નગરને વિશે અમારું આવવું થયું, તે શા વાસ્તે ? તો અમને ધર્મિષ્ઠ જીવ અતિ પ્રિય છે ને આ તમારી પુત્રી અમારાં ભક્ત અતિ ધર્મવાળાં છે. તેણે સર્વે જક્તનાં વિષય સુખ ખોટાં કરીને, અમારે વિશે દઢતા રાખીને, સત્સંગના નિયમ પાળીને સાંખ્યયોગપણું પાળ્યું અને તમે યવનરાજ પ્રત્યે આપી હતી, તે મધ્યે પણ પોતાનો હિંદુ ધર્મ રાખ્યો ને વળી નિષ્કામી વ્રત દઢ પાળ્યું; એવા જીવ પૃથ્વીને વિશે કોઈક હોય. ને હે રાજા ! તેવા જે શુદ્ધ મુમુક્ષુ જીવ તે સારુ આ પૃથ્વીને વિશે અમારે આવવું ને ફરવું છે. અને હે રાજા ! અમે તો જ્ઞાની મનુષને મનુષ દેખીએ છીએ ને અજ્ઞાની મનુષને તો પશુવત્ જોઈએ છીએ."

તેમ કહીને તે સમે શ્રીજીમહારાજ તે નરેશને તથા તેના સભાસદ માણસોને એક દૃષ્ટાંત દેખાડતા હવા. તેની મેડીની ભીત મધ્યે ઘણીક કીડિયુંની હાર ચાલી જાતી હતી, તે દેખાડીને કહ્યું જે, "હે રાજા ! આ કીડિયું મધ્યે કીડી કઈ છે ને કીડો કયો છે ? અને જુવાન કોણ છે ને વૃદ્ધ કોણ છે ? અને રૂપવાન કોણ છે ને કુરૂપવાન કોણ છે ? અને કેણે વસન-ભૂષણ ધાર્યાં છે ? ને કેણે નથી ધાર્યાં ? અને તે મધ્યે કોણ રાજા છે, કોણ દીવાન છે ને કોણ અમાત્ય છે ? ને વળી કોણ લોક(મુખી; આગેવાન ?) ને કોણ વસ્તી(જન-સમાજ) છે અને કોણ ડાહ્યો ને કોણ મૂર્ખ છે ? અને કોણ ધનાઢ્ય છે ને કોણ દરિદ્રી છે ? એ આદિક અમે તમને વાત પૂછી તેના વિચારીને ઉત્તર કરો."

ત્યારે રાજાએ હાથ જોડીને કહ્યું જે, "હે મહારાજ ! એ વાત તો અમારા દેખ્યામાં વિક્ત્યવિક્તિ કાંઈએ જણાતી નથી." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હે નરેશ ! તમે મહત છો ને કીડિયું સૂક્ષ્મ છે. તે સ્થૂળના દેખ્યામાં સૂક્ષ્મની વિક્ત્યવિક્તિ(સારાસારનો તફાવત) નો ભાસે. તેમ અમારા યોગૈશ્ચર્યાદિકની દૃષ્ટિએ જોઈએ ત્યારે તો જેમ

તમને પિપીલિકાઓ જણાય છે, તેમ જ અમને સ્ત્રી-પુરુષ સમ ભાસે છે. ને તેના ઉપર અતિ દયા કરીને જોઈએ ત્યારે તે જોયામાં આવે છે. ને હે રાજા ! જો અમારી દિવ્ય દૃષ્ટિએ જોઈએ તો કાંઈયે જોયામાં ન આવે. ને જો મનુષ્યાકૃતિની દૃષ્ટિએ જોઈએ ત્યારે તો જોયા મધ્યે આવે છે. ને હે નરેશ ! તે વાત તેમ જ છે."

પછી રાજાએ શ્રીજીમહારાજ પ્રત્યે હાથ જોડીને એમ કહ્યું જે, "હે મહારાજ ! મારાં મોટાં ભાગ્ય ને મારા પુરનાં-લોકનાં મોટાં ભાગ્ય ઉદય થયાં જે તમે આપ પધારીને દર્શન આપ્યાં ! તેથી અમને કૃતાર્થ કર્યા છે." પછી શ્રીજીમહારાજને કાજે બ્રહ્મચારીએ થાળ કર્યો, તે નાહીને તેના દરબારને વિશે જમતા હવા. જમીને પછી તે મૂળજી હરિજનની તૃણકુટિને વિશે આવીને સર્વે વસન-ભૂષણ તે મૂળજી હરિજનને આપીને તેનું દારિદ્ર મટાડીને ધનાઢ્ય કર્યો. ત્યારે તે હરિજને હાથ જોડીને એમ કહ્યું જે, "હે મહારાજ ! તમોને રાજાએ પૂજ્યા છે. તેણે પૂર્વે સત્કર્મ કર્યું હશે તેથી તેને રાજ્ય મળ્યું છે. ને હું તમારાં વસન-ભૂષણ લઉં તો મારો છૂટકો ક્યાં થાય ? તે વાસ્તે હું તો નહિ રાખું."

ત્યારે તેને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "હે મૂળજી ! અમારો સ્વભાવ એવો છે જે, કોઈ ભક્ત અમારે અર્થે થોડું કરે તેને અર્થે અમે ઝાઝું કામ કરી દઈએ, તેવા અમે છીએ. અને તેં અમને તારી સ્ત્રીનાં વસ્ત્ર વેચીને જમાડ્યા છે, તેથી અમે તારા ઉપર રાજી થયા, તેથી તારાં સર્વે અસત્કર્મ બળી ગયાં છે. અને આ બ્રહ્મચારી જેવા મોટા દેવે તારે ઘેર ભોજનપાન કર્યાં ને વળી તેના ગુરુ જે અમે, તે તારા ભુવનને વિશે આવ્યે તારે શી કમી રહી ? જેને ઘેરે આવા મેમાન આવ્યા, ત્યાં નવનિધિ ને અષ્ટસિદ્ધિ તેનાં દ્વાર વાળે છે; તેવા આ બ્રહ્મચારી અને અમે છીએ. અને તારા પૂર્વના ભૂંડા સંસ્કાર તે અમે તું ઉપર રાજી થયા તેથી નાશ પામ્યાં છે. ને હે મૂળજી ! આ દુર્દેશ મૂકીને દુર્ગપુરને

વિશે સર્વે કબીલે(કુટુંબ પરિવારે) સહિત આવીને અમારી સેવા મધ્યે રહો." ત્યારે તેણે કહ્યું, "તથા અસ્તુ"

હવે તે ગામના સર્વે લોકે એમ સાંભળ્યું જે, 'મહારાજે ભારે ઘરેણાં ને વસ્ત્ર મૂળજીને આપી દીધાં.' તેથી સર્વે લોક તે શ્રીજીમહારાજની કીર્તિ ગાવા લાગ્યાં જે, "ધન્ય સ્વામિનારાયણ ! આવાં ભારે ઘરેણાં ને વસ્ત્ર તે ગરીબને આપી દીધાં ! તે તો તે જ આપે પણ બીજાનો શો ભાર છે ! ને બીજાથી કેમ અપાય !" તેમ તે નગરનાં સર્વે લોક સ્ત્રી-પુરુષ તે શ્રીજીમહારાજનું જે ઉદારપણું તે ગુણની સ્મૃતિ કર્યે પોતાના પાપથી મુકાઈ ગયાં.

પછી તે રાત્રીને સમે શ્રીજીમહારાજ પલંગે પોઢ્યા થકા બ્રહ્મચારી પ્રત્યે કહે, **"હે મહાયોગી ! જે જન શ્રદ્ધાથી ને કપટે રહિત અમારી સેવા જે ભોજનપાન, વસ્ત્ર, ભૂષણ ને વાહનાદિક અમને અર્પણ કરે છે, તે જનને અમે હજારગણું આપીને રાજી થઈયે છૈયે, તેવા અમે છૈયે.** તે વાતને તમે જાણો છો, પણ બીજા તે શું જાણે ?"

ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, "હે મહારાજ ! તમે તો નિર્મોહી છો ને ગરીબનવાજ છો. ને જે જન કપટ મેલીને તમારો આશરો કરે છે, તેને આ લોક ને પરલોકને વિશે મોટા સુખની સમૃદ્ધિ પમાડો તેવા તમે ચિંતામણિ છો. ને હે મહારાજ ! આ ગરીબ હરિજન **મૂળજી** ને બાઈ **અમર** તે દંપતીએ આપણને વસ્ત્ર વેચીને જમાડ્યા, તેથી તમે તો તેને હજારો રૂપિયાનાં વસન ને ભૂષણ આપી દીધાં. ને વળી તમે રાજી થઈને તમારી સેવા મધ્યે રાખ્યા." પછી રાત્રીને વિશે શ્રીજીમહારાજ બ્રહ્મચારી પ્રત્યે પોતાના ધામની રહસ્ય વાર્તા કરતાં થકાં પોઢી રહ્યા.

અને પ્રભાતે શ્રીજીમહારાજ વહેલા ઊઠીને દંતધાવન, સ્નાનવિધિ ને પૂજાવિધિ કરીને પોતાના સુખેથી બેઠા છે. ને હવે તે રાજા ને તે બાઈએ એવા સમાચાર સાંભળ્યા જે, 'સર્વે વસન-ભૂષણ તે મહારાજે

મૂળજી ઠક્કરને આપી દીધાં.' તે સાંભળીને તે રાજા શ્રીજીમહારાજના ઉદારપણાનાં ને નિર્લોભીની સીમાનાં વખાણ કરતા હવા.

પછી રાજાએ શ્રીજીમહારાજને પોતાના દરબારમાં ચોબદાર પાસે તેડાવ્યા અને શ્રીજીમહારાજ તે સ્થળને વિશે પધાર્યા. ત્યારે તે નરેશ ને તેની પુત્રીએ અતિ સન્માનથી શ્રેષ્ઠ આસન ઉપર પધરાવ્યા. અને તે બાઈએ શ્રીજીમહારાજ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો, "હે યોગૈશ્વર્યાદિકના સ્વામી ! તમે મને યોગસમાધિ શીખવો, તેથી મન નિયમમાં આવે છે. ને વળી પોતાની ઈચ્છાએ દેહ રાખે ને પોતાની ઈચ્છાથી દેહ ત્યાગ કરે, તેવી અલૌકિક વાર્તા તે તમ વિના બીજો કોઈયે જાણવા સમર્થ નથી. તે સારુ તમને પૂછું છું."

ત્યારે શ્રીજીમહારાજ તે બાઈને ઘણીક વાતે જોગસમાધિ કરવાની રીત કહી દેખાડતા થકા યોગસમાધિ સિદ્ધ કરાવતા હવા. પછી તે નરેશ પાસે તથા તે બાઈ પાસે રજા માગી. ત્યારે તેણે કહ્યું જે, "હે મહારાજ ! તમે સર્વે વસન-ભૂષણ આપી દીધાં છે, તે બે દિવસ રહો તો બીજા પોશાક કરાવી આપીએ." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અમે તો કોઈ પદાર્થની ઈચ્છા રાખતા જ નથી અને અણઈચ્છે આવે છે, તો કોઈ બ્રાહ્મણ તથા હરેક ગરીબને આપીને અતિ રાજી થઈએ છૈયે." ત્યારે તે નરેશે મહારાજની આગળ એક **હજાર રૂપિયા** મૂક્યા. તેને પોતે ગ્રહણ ન કરતાં થકાં બોલ્યા જે, "તે રૂપિયાનું બ્રહ્મભોજન કરાવજો." તેમ કહીને શ્રીજીમહારાજ દુર્ગનગરે પધાર્યા. ઈતિ શ્રીકંથકોટનું આખ્યાન સમાપ્ત થયું.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'કંથકોટના દૃઢ ભક્ત એવાં દંપતી ને રાજાની દીકરીનું દુઃખ ટાળ્યું' એ નામે સિત્યોતેરમું પ્રકરણ ॥૭૭॥

પ્રકરણ - ૭૮

ગઢડામાં સાંખ્યયોગી બાઈના ભૂત થયેલ પતિને મોક્ષગતિ આપી

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ ગામ શ્રીદુર્ગપુરને વિશે સુખ આસને બિરાજમાન હતા ને પોતાના એકાંતિક સાધુજન તથા ગૃહસ્થ જન બાઈભાઈ સાંખ્યયોગી તથા કર્મયોગી પ્રત્યે પોતે વાત કરતા હતા. તે જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્યાદિક અનેક પ્રકારની અગાધ બોધની કથા કહેતા હવા. અને ઘણાક સાધુ તથા બ્રાહ્મણને મિષ્ટ અન્ન જમાડીને તૃપ્ત કરતા હવા. અને મોટા ઉત્સવ જે ઝાંઝ, મૃદંગ, સરોદા, સતાર, દૂકડ ને મંજિરાદિક સહિત ઘણાંક ગાનતાન[૧] થાતાં હવાં. ને અગાધ બોધના કરનારા એવા જે શ્રીજીમહારાજ તેમની વાત સાંભળીને તે સમાને વિશે એક બાઈએ સંસારનો ત્યાગ કરી દીધો ને પોતાના પરણેલા પતિનો ત્યાગ કરી દીધો.

ત્યારે તે હરિજનને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “તમારા પતિનો ત્યાગ ન કરશો. પોતાનો પતિ તે પતિ ને બીજા પુરુષનો ત્યાગ રાખીને પ્રભુને ભજો. કેમ જે, પ્રથમ (વખત) અમારું પ્રગટપણું છે ને તમારે પ્રથમ સત્સંગ છે, માટે અવિદ્યા(બીજા લોકો તરફથી બાહ્ય ઉપાધિ) ઘણીક થાશે તે સારુ તમારા પતિની સેવા કરી ગૃહસ્થ થઈને પ્રભુને ભજો.”

ત્યારે તે બાઈએ કહ્યું જે, “હે મહારાજ ! તમને હું એક પ્રશ્ન પૂછું છું જે, પોતાના ચૂલાનો જે અગ્નિ તે પોતાને બાળે કે નો બાળે? હે સમર્થ ! તેનો ઉત્તર કહો.” ત્યારે શ્રીજીમહારાજે તેને કહ્યું જે, “પોતાના ચૂલાનો અગ્નિ બાળે ને પારકા ચૂલાનો અગ્નિ પણ બાળે ખરો.” ત્યારે બાઈ કહે, “હે મહારાજ ! એક નારાયણ જે ભગવાન છે તે જ પતિ, તે વિના અન્ય પુરુષ હરામ છે.”

૧.વાજિંત્ર સહિત ઉત્સાહ અને તાનથી કરાતું ગાવણું

તેમ કહીને સંસારી સુખ મૂકીને તે બાઈ એક ભગવાનને જ અનુસર્યાં. તે હરિભક્ત બાઈઓમાં શિરોમણિ મહાભક્તરાજ હતાં. તેણે પોતાની સર્વે વાસના બાળીને ભસ્મ કરી નાંખી, પણ તેનો પતિ અતિ અજ્ઞાની હતો. તેની વાસના તે બાઈ મધ્યે કામભાવે રહી. ને તેના પતિના શરીરને મહાજોરાવર એવો જે કાળરૂપ મૃત્યુ તેણે નાશ પમાડ્યું, ત્યારે તે તો મરીને મહાઘોર ભૂતયોનિને પામ્યો. કેમ જે, તે બાઈ નિર્વાસનિક અકામી હતાં, તેને વિશે કામભાવ પરઠ્યો. તેના પાપથી ભૂત થઈને, તે બાઈ દુર્ગપુરને વિશે સર્વ સાંખ્યયોગી બાઈઓ (ભેગા જે સદનમાં) રહે તે સદનને સમીપે આવીને પોકારતો જે, "મારી સ્ત્રી લાવો..." એમ ઘોર અંધિયારી એવી જે નિશા તેમાં ભયાનક શબ્દ કરતો.

ત્યારે તે સર્વે બાઈયું અતિ ત્રાસ પામીને શ્રીજીમહારાજની આગળ પોકાર કરતી હવી. ત્યારે શ્રીજીમહારાજે તે સર્વે બાઈયુંને એમ કહ્યું જે, "હવે પ્રતિદિવસની નિશા આવે ને તે ભૂત જે સમે આવે તે સમે તમે સર્વે બાઈયું અમારે ઉતારે આવીને અમને ખબર કરજો. તે ભૂતને પકડીને આ સ્થળને વિશેથી કાઢી, બીજા લોકને પમાડીને તેનો મોક્ષ કરશું." તેમ શ્રીજીમહારાજ બોલ્યા. ત્યારે તે સમે ભટ્ટ મયારામે કહ્યું જે, "હે મહારાજ ! તે ભૂતયોનિ તો અદૃશ્ય હોય, તે પકડ્યામાં કેમ આવશે ? તે કહો."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "હે ભટ્ટજી ! બીજાના પકડ્યામાં તો તે ન આવે, પણ અમારા પકડ્યામાં આવે. કેમ જે, મહાજોરાવર ને મહાચંચળ એવું જે મન છે, તે પણ ભૂત જેવું જ છે. તેને પણ અમે પકડીને વશ કરીએ છૈયે, તો આનો શો ભાર છે ? **અને હે ભટ્ટ ! ઘણાક અમારા આશ્રિત જન બાઈયો તથા ભાઈયો લક્ષાવધિ જન છે. તેના કામરૂપી ભૂત, લોભરૂપી ભૂત, ક્રોધરૂપી ભૂત, માનરૂપી ભૂત, અહંતારૂપી ભૂત, ઈર્ષ્યા તથા સ્નેહરૂપી ભૂત આદિક ઘણાંક**

ભૂતને અમારા ઐશ્વર્યના પ્રતાપે કરી પકડીને વશ કરીને સર્વે અમારા આશ્રિત જનને સુખ પમાડ્યાં છે; એવા અમે છૈયે. અને હે ભટ્ટજી ! અનંત કાળથી વળગ્યું એવું જે મનરૂપી ભૂત, તે અનંત યોનિયુંને વિશે ભમાવનારું છે ને અતિ ચંચળ તે મન તે કોઈના પકડ્યામાં ન આવે, તે મનને વશ કરીને સર્વે જનને જન્મમૃત્યુથી મુકાવ્યા છે, તો આ ભૂતનો શો ભાર છે ?" તેમ શ્રીજીમહારાજ બોલ્યા.

પછી પ્રતિદિવસની જે ઘોર અંધિયારી મધ્યરાત્રીમાં મહા મેઘની ઝડી મધ્યે તે ભૂત આવીને પોકારવા લાગ્યો. તે જેમ પૂર્વે પોકારતો તેમ શબ્દ કરવા લાગ્યો. ત્યારે સર્વે બાઈયું સભીત થકી શ્રીજીમહારાજને સમીપે આવીને બોલી જે, "હે મહારાજ ! હે ગરીબનવાજ ! હે સમર્થ ! મહાભયાનક ભૂત આવ્યો છે ને મહાભયાનક શબ્દ કરે છે, તેથી અમે સર્વે બીની થકી તમારી પાસે આવી છૈયે."

ત્યારે શ્રીજીમહારાજે તે સર્વે બાઈયુંને એમ કહ્યું, "હે બાઈયું ! તમે બેફીકર રહો. અમે તે સ્થળે જાતામાં જ તેને પકડીને તેને મોક્ષ ગતિને પમાડશું." તેમ કહીને શ્રીજીમહારાજ તે નિશા મધ્યે પોતાના થોડાક એકાંતિક ભક્તજને સહિત તે ભૂતને સમીપે પધાર્યા. તે ભૂતનું સ્વરૂપ કેવું છે ? તો રીંછ તથા ભીંછ(એક હિંસક પ્રાણી) જેવું તથા મનુષ્યના જેવા લાંબા પગ ને દુર્મુખ જે ઘોડાના જેવું મુખ છે અને ઘણુંક કરાળ ને વિકરાળ(અત્યંત બિહામણું) નાક છે ! એવા રૂપને દેખાડતો હવો. તેને જોઈને સર્વે જન અતિ ભય પામ્યા. તે ભૂતના પ્રપંચને જોઈને શ્રીજીમહારાજ મંદમંદ હસ્યા. તે ભૂત ક્યારેક તો દેખ્યામાં આવે ને ક્યારેક તો અદૃશ્ય થઈ જાતો. અને ઘણીક વાર સુધી ભયાનક શબ્દે કરીને સર્વ જનને બિવરાવતો હવો.

ત્યારે તે ભૂત પ્રત્યે શ્રીજીમહારાજ બોલ્યા જે, "તું કોણ છો ? ને શા પાપે કરીને મહાપાપરૂપ ઘોર ભયાનક ભૂતયોનિને પામ્યો છો ?

તે વાત કહે. ને અમારા યોગૈશ્વર્યના પ્રતાપે કરીને તથા યોગમાયા જે અમારી શક્તિ એણે કરીને તને અમે બંધનમાં લાવશું, તેથી તારા ભૂતલોકમાં નહીં જવાય." તેમ કહી ભૂતને શ્રીજીમહારાજે પોતાનો ઘણોક પ્રતાપ દેખાડ્યો, તે શું ? તો તે ભૂતને પ્રતાપ દેખાડ્યો, ત્યારે તે ભૂત એમ શબ્દ કરવા લાગ્યો, "હે મહારાજ ! હું તમારા પ્રતાપરૂપી તેજ તેણે કરીને બળું છું. તમે મને યોગમાયારૂપી પાશથી કબજ કર્યો છે. ને હે મહારાજ ! મુને છોડી મૂકો. હવે આ સ્થળને વિશે કોઈ દી નહિ આવું."

ત્યારે શ્રીજીમહારાજે તેને કહ્યું જે, "શા પાપે કરીને મહાદુઃખરૂપ ભૂતયોનિને પામ્યો ? તે કહે." ત્યારે તે હાથ જોડીને બોલ્યો, "હે મહારાજ ! હું મહાકામી ને ક્રોધી હતો અને તમે નિર્દોષ, અકામી, ક્રોધે રહિત છો, ને તમારા સંત તથા હરિજન તે સર્વે નિર્દોષ છે; તેનો મેં દોષ લીધો. અને હે મહારાજ ! હું રાત-દિવસ સ્ત્રી-ધનનું ચિંતવન કરતો હતો, ને સર્વે અવતારના અવતારી પુરુષ તેનો તથા નિર્દોષ એવા જે તમારા સંતજન ને હરિજન તે સર્વેનો દ્રોહ કરતો હવો. તેમ કરતાં દેહનો અંત સમો આવ્યો. તે સમે મહાજોરાવર સ્ત્રીસંબંધી વાસના હતી. તે પાપથી મહાઘોર એવો જે પ્રેતદેહ તે પ્રાપ્ત થયો છે. હે મહારાજ ! ઘણી ક્ષુધા ને પિપાસારૂપી દુઃખથી પીડા પામું છું."

ત્યારે તે ભૂત પ્રત્યે શ્રીજીમહારાજ બોલ્યા, "હે ભૂત ! તું પાણી તથા અન્ન કેમ નથી લેતો ?" ત્યારે તે પ્રેત કહે, "હે મહાપ્રભો ! જળ પીવા જાઉં છું, તો વરુણની ચોકીના પુરુષ મારે છે ને અન્ન ખાવા જાઉં તો ત્યાં અન્નની ચોકીના પુરુષ મારે છે. ને વળી સોઈના નાકા જેટલું કંઠનું છિદ્ર છે. અને હે મહારાજ ! મારા પાપે કરીને હું ઘણીક પીડા પામું છું. અને હે સમર્થ ! હે અધમઉદ્ધારણ ! હે પતિતજનતારણ ! આપ મારો ઉદ્ધાર કરવા યોગ્ય છો. હે હરે..! મારા પાપને હરો..!"

तेमदीनवचनेथीघणीक
स्तुतीनेकरतोहवोनेपोतानापापरूपीग्रंथीतेनेनीस्क
पटथैनेछोडीनाषीनेबोलतोहवोतारेअतीकृपाळुएवाजे
श्रीजीमहाराजतेबोलताहवाजेहेभूतअमेनेअमाराज
ननोजेद्रोहकरेतेसमानकोइपापनथीनेअमारोनेअमा
राजननोनीसकपटथैनेगूणग्रहणकरेतेवूकोइपुन्यनथी
नेतुअमारेआगेनीस्कपटेथीबोलोतेथीतारेउपरेअमे
राजीथयाएजतारोमोक्षथयोतेमकहीनेसर्वेहरीजनप्रत्ये
श्रीजीमहाराजबोलताहवाजेएकअस्त्रिरुपीपासनेबीजो
धनरूपीपासेजेजनभगवाननेभूलीनेएबेपासेबंधाय
तेनेआनाजेवोभूतकेब्रह्मराक्षसनीगतीनेपांमेछेतेसारु
सर्वेजननीरवासनीकथैनेभक्तिकरजोएआदिकघणीक
वार्ता करी

તેમ દીન વચનથી ઘણીક સ્તુતિને કરતો હવો ને પોતાના પાપરૂપી ગ્રંથી(ગાંઠ) તેને નિષ્કપટ થઈને છોડી નાંખીને બોલતો હવો. ત્યારે અતિ કૃપાળુ એવા જે શ્રીજીમહારાજ તે બોલતા હવા જે, "હે ભૂત ! **અમારો ને અમારા જનનો જે દ્રોહ કરે તે સમાન કોઈ પાપ નથી. અને અમારો ને અમારા જનનો નિષ્કપટ થઈને ગુણ ગ્રહણ કરે તેવું કોઈ પુણ્ય નથી.** અને તું અમારે આગે નિષ્કપટેથી બોલ્યો તેથી તારે ઉપરે અમે રાજી થયા, એ જ તારો મોક્ષ થયો." તેમ કહીને સર્વે હરિજન પ્રત્યે શ્રીજીમહારાજ બોલતા હવા જે, **"એક સ્ત્રીરૂપી પાસ ને બીજો દ્રવ્યરૂપી પાસે, જે જન ભગવાનને ભૂલીને એ બે પાસે બંધાય તે આના જેવો ભૂત કે બ્રહ્મરાક્ષસની ગતિને પામે છે. તે સારુ સર્વે જન નિર્વાસનિક થઈને ભક્તિ કરજો."** એ આદિક ઘણીક વાર્તા કરી.

પછી તે ભૂત પ્રત્યે કહ્યું જે, “હે ભૂત ! તેં મોટાં પાપ કર્યાં, તે પાપથી આવા દેહને પામ્યો છો. અને તારા પાપને ટાળવાને અર્થે તું બદરિકાશ્રમમાં જા. ત્યાં ઉગ્ર તપે કરીને તારાં પાપ બળી જશે. ને સ્ત્રી સંબંધી આદિક તારી સર્વે વાસના બાળીને મનુષ્યજન્મ ધરજે. ને અવિકારી એવા સંતપુરુષનો તારે સમાગમ થાશે, તેથી તારો મોક્ષ થાશે. અને હે ભૂત ! તને મારાં દર્શન થયાં તે મોટો લાભ જાણવો. ને અમારા સ્વભાવને તો મહત્પુરુષ હોય તે જાણે છે. કેમ જે, જે જન જેવાં કર્મ કરે છે, તેને તેવા ફળને પમાડીએ છૈયે. ને તારે તો મહાભયાનક જમજાતના ભોગવવાનું ફળ હતું, પણ હે ભૂત ! તે યાતના મારા દર્શને કરીને મટી ગઈ છે.”

એમ શ્રીજીમહારાજ ભૂતને કહેતા હતા, એટલાકમાં શ્રીજીમહારાજની ઇચ્છાથી ભગવાનના ચાર પાર્ષદ આવ્યા. તે પાર્ષદ હાથ જોડીને શ્રીજીમહારાજ પાસે બોલ્યા, “હે પુરાણ પુરુષ ! હે પ્રભો ! અમને શી આજ્ઞા કરો છો ? તે કહો.” ત્યારે શ્રીજીમહારાજ તે પ્રત્યે બોલ્યા જે, “હે પાર્ષદો ! તમે આ ભૂતને આકાશ માર્ગે લઈને બદરિકાશ્રમ પ્રત્યે પમાડજો. તે આશ્રમ મધ્યે ઘંટાકરણ(એ નામે શિવજીના એક પ્રિય અનુચર) ભૂતનું સ્થાનક છે. તે ઘંટાકરણ ભગવાનનો ભક્ત છે, તે ઠેકાણે પોંચાડજો. તે તેને ઉગ્ર તપ કરાવશે ને ભગવાનના માહાત્મ્યની વાત કરીને તેની પાપરૂપ જે દુર્વાસનાઓ તે બાળી નાખશે. પછી તે મનુષ્યાકૃતિ ધરીને હરિજન થઈને મુને જ પામશે.”

શ્રીજીમહારાજનાં એટલાં વચન સાંભળી તે પાર્ષદોએ શ્રીજીમહારાજને સ્તુતિ કરીને કહ્યું જે, “હે મહારાજ ! અમારે તમારાં જે દર્શન થયાં તે મોટો લાભ થયો છે.” તેમ કહીને આકાશ માર્ગે તેને લઈ ગયા. એવાં શ્રીજીમહારાજનાં દિવ્યચરિત્ર ને આશ્ચર્ય જોઈને તે સમે જે બાયું ને ભાઈ તે સર્વે શ્રીજીમહારાજને વિશે પુરુષોત્તમપણાની અતિ દૃઢતા કરતા હવા. ને તે સમે ‘જય જય’ શબ્દનું ઉચ્ચારણ કરીને

શ્રીજીમહારાજના ચરણમાં પડતા હવા. તેમ તે ભૂતનો ઉદ્ધાર કરીને પોતાના આશ્રિત જે શ્રીદુર્ગપુરનાં સર્વે હરિજન તેને સુખ દેતા હવા. તે પછી તે ભૂત દેખાતો નો'તો. મહાભયાનક ભૂતને શ્રીજીમહારાજે મોક્ષગતિને પમાડ્યો, તે નામે આ આખ્યાન સમાપ્ત થયું.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'ગઢડામાં સાંખ્યયોગી બાઈના ભૂત થયેલ પતિને મોક્ષગતિ આપી' એ નામે ઈઠ્યોતેરમું પ્રકરણ ॥૭૮॥



પ્રકરણ - ૭૯

અમદાવાદમાં દેવોની પ્રતિષ્ઠા કરી ને તેમાં કરજ લક્ષ્મીજીએ ચૂકવ્યું

હવે એક દિવસના સમાને વિશે શ્રીજીમહારાજે **શ્રીઅમદાવાદ** મધ્યે શ્રીનરનારાયણની મૂર્તિઓ પધરાવી. તે સંવત્ ૧૮૭૮ ના ફાગણ સુદી ત્રીજનું મુરત હતું. તે સમે શ્રીજીમહારાજ ભેગાં દેશોદેશનાં અનંત મનુષ્ય બાઈભાઈ ઉત્સવ સમૈયે આવ્યાં. અને શ્રીજીમહારાજનો ઘણોક મોટો સંઘ તેના જન શ્રીનગરને વિશે માયા(સમાયા) નહીં, તે સારુ કાંકરિયા સરોવરને સમીપે પડાવ કર્યો. અને શ્રીજીમહારાજ ભેગી ચતુરંગીની સેના હતી, તેણે વીંટાણા થકા સર્વે જનને શોભાડતા હવા. તે જેમ પૂર્ણમાસીનો સોળે કળાનો કલંકે રહિત ચંદ્ર તારાગણને શોભાડે, તેમ શ્રીજીમહારાજ પોતાના સર્વે હરિજનને શોભાડતા હવા.

અને તે સ્થળને વિશે ઘણાક તંબુ તાણ્યા હતા, ને ઘણાંક વાજાં જે બત્રીસ જોડ તો ત્રાંસાં વાગે છે ને ભૂંગળ, ભેરી, તીખી શરણાઈઓ, રણશિંગી, ઢોલ ને નગારાં આદિક ઘણાંક વાજાં વાગતાં હતાં. ને

શ્રીજીમહારાજ તે મૂર્તિઓને પધરાવવી તેનો ઉદ્યોગ(સેવા-પ્રવૃત્તિ) કરાવતા હતા.

તેમાં બ્રહ્મભોજન તથા હવનાદિક માટે વરણ[1] કર્યાનાં વસન, ગૌમુખીઓ, આસન, હેમની મુદ્રિકાઓ ને હુત જે હોમનો સરંજામ જે સમિધ, ઓષધિયો, ગરથ, ગોળ, ચોખા, દાળ, તેલ, સાકર, ખાંડ, મીઠું, હળદી, જીરા ને મરચાં આદિક અગણિત રૂપિયાનો માલ તે શ્રીજીમહારાજને ખાતે શહેરમાંથી ઘણાંક ગાડાં ભરી ભરીને કાંકરિયા સરને સમીપે મોટો લકડકોટ(લાકડાનો વંડો) કર્યો'તો તેમાં નાંખવા લાગ્યા. અને તે ઉપર શસ્ત્રધારીની ચોકી મુકાવી.

પછી પોતે નરનારાયણના મંદિરની આગળ મોટો હવનનો કુંડ બંધાવીને ઘણાક બ્રાહ્મણોનું વરણ કરાવતા હવા. ને તે સર્વે વિપ્રને ધોતિયાં ને અંગવસ્ત્ર(ખેસ કે ઉપરણી) આદિક આપીને ઘણાંક મિષ્ટ અન્ન જમાડ્યાં. ને તેમ સાત દિવસ સુધી મંત્રજાપ કરીને આઠમે દિવસે શ્રીજીમહારાજે પૂર્ણાહુતિ કરાવી અને પોતે પોતાને હાથે મૂર્તિ પધરાવી.


અમદાવાદમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠાની આરતી ઉતારતા શ્રીહરિ.

૧.યજ્ઞવિધિ માટે બ્રાહ્મણોની વરણી કરવાની વિધિ

પછી પોતે પોતાના ઉતારાના તંબુ મધ્યે ઢોલિયા ઉપર બિરાજમાન થઈને બોલ્યા જે, "આપણે શ્રીનરનારાયણ પધરાવ્યા. ને હવે કાલને દિવસે અમદાવાદના સર્વે વિપ્રોને જમાડવા છે. ને એક દિવસે ચોરાસી કરીને પછી આપણે શ્રીદુર્ગપુર પ્રત્યે જાવું છે." ત્યારે ત્યાંના હરિજને કહ્યું જે, "હે મહારાજ ! અમદાવાદની ચોરાસી તો ઘણાક દિવસે પૂરી થાય છે ને તમે તો કહો છો જે એક દિવસે જ કરશું."

ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "અમારે તો એક દિવસે જ કરવી છે." તેમ કહીને સર્વે ચોરાસી નાતના પટેલિયાને તેડાવીને તેને સામ, દામ ને ભેદ આદિકની ઘણીક વાર્તા કરીને હા પડાવી. અને તે નિશાને વિશે અગણિત ચોકા કરાવીને રસોયું કરાવીને જમાડ્યા. ને અગણિત બ્રહ્મભોજન કરાવીને વિપ્ર તથા સંત-હરિજનને મિષ્ટ અન્ન જમાડીને સર્વે જનને તૃપ્ત કર્યા.

પછી શ્રીજીમહારાજે તે મંદિરના અધિકારી મોટા સંત આનંદાનંદજીને કહ્યું જે, "તમારાં વાસણ તથા સર્વે સરંજામ આદિક જાયગામાં(મંદિરની જગ્યામાં) લઈ જાઓ. કેમ જે, અમારા સંઘમાં ઘણાંક ગાડલાં(ગાડાં) છે અને અમે ચાલ્યા જશું પછી આ સરંજામ તમારે લેતાં કઠિન પડશે. તે સારુ શીઘ્ર લઈ વાળો." પછી સ્વામીએ શ્રીજીમહારાજની આજ્ઞા સિદ્ધ કરી ને સર્વે જણસ મંદિરમાં પહોંચાડી.

અને તે શહેરના સર્વે જન શ્રીજીમહારાજે મોટો વરો કર્યો, તે પ્રતાપને જોઈને 'જય જય' શબ્દ બોલતા હતા. પછી ઘણાક રૂપિયાનો ઘી આદિક માલ લીધો છે, તે સર્વે માલવાળા વણિકે એમ જાણ્યું જે, 'સ્વામિનારાયણ ચાલવાની તૈયારીમાં છે, તે સારુ આપણા માલના લેનારા તેના મુખત્યાર(પ્રતિનિધિ) માણસ પાસે રૂપિયાની ઉઘરાણી કરીએ.' તેમ વિચારીને સર્વે વેપારી લોકે તે મુખત્યાર હરિજનને કહ્યું જે, "અમારાં નામાં સમજીને(નામાનો હિસાબ કરીને) સર્વે રૂપિયા

આપો.” ત્યારે તે સર્વે ભેગા થઈને આનંદસ્વામીને ભેગા લઈને શ્રીજીમહારાજ પાસે ગયા ને હાથ જોડીને કહ્યું જે, “હે મહારાજ ! સર્વે માલવાળા કરજ લેવા આવ્યા છે, તેનું કેમ કરવું ?” તેમ આનંદાનંદજીએ કહ્યું. ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “મંદિરમાંથી આપો.” ત્યારે તેમણે એમ કહ્યું જે, “હે મહારાજ ! મંદિરમાં તો ખરાજાત(ખર્ચ) થઈ છે, તેથી હાલ ન મળે.” ત્યારે શ્રીજીમહારાજે તે સર્વેને એમ કહ્યું, “ત્યારે અમે શું કરીએ ? જે માલ લાવ્યા'તા તે આપો. અમે તો અમારી ગાંઠે કોડી પણ રાખતા નથી.” તેમ શ્રીજીમહારાજ મનુષ્યચેષ્ટાથી સર્વે જનની પ્રીતિની પરીક્ષા લેતા હવા.

ત્યારે તે માલ વહોરવામાં(ખરીદવામાં) જે હતા, તે ઠકર હરજી આદિક સર્વે હરિજને એમ કહ્યું જે, “હે મહારાજ ! જેટલા અમે માલ લેવા ગયા'તા તે સર્વેને સરકાર પરેજ(કેદ) મધ્યે નાંખશે.” ત્યારે મહારાજ હસીને બોલ્યા જે, “તમારે કેટલા રૂપિયાના કરજ થયા છે ? તે કહો.” ત્યારે સર્વેએ હાથ જોડીને કહ્યું, “હે મહારાજ ! મંદિર કરતાં(મંદિરનું બાંધકામ કરતાં) તથા બ્રાહ્મણોને જમાડ્યા, સર્વે સંઘને જમાડ્યા તથા દક્ષિણાઓ આપી, તે આદિકનું ખરાજાત **એક લાખ** રૂપિયા બાકી રહ્યા છે.” ત્યારે શ્રીજીમહારાજે વર્ણિરાજ મુકુંદાનંદજીને કહ્યું જે, “તમે સર્વે સંઘના હરિજન પ્રત્યે કહો, જેને મહારાજને ભેટ-સામગ્રી અર્પણ કરવી હોય તો શીઘ્ર આવો.”

પછી સર્વે બાયું-ભાયુંએ ભેટ મૂકી, તેના રૂપિયા **પનર હજાર** થયા. તે સર્વે શ્રીજીમહારાજે માલ લાવનારા હરિજનને આપીને કહ્યું જે, “આ સર્વે હરિજને તેના કલ્યાણને અર્થે પૂજા ને ભેટ કરી, ત્યારે રૂપિયા પનર હજાર થયા. હવે ટૂટો તો પંચાસી હજારનો આવ્યો છે. તે ટૂટો તો સમર્થ એવા જે ભગવાન છે તે જ પૂરો કરશે, પણ મનુષ્યથી તો નહીં થાય.” ત્યારે શ્રીજીમહારાજ સર્વે માલના લાવનારા મોટા

હરિજન તથા આનંદસ્વામીને કહીને બોલ્યા જે, “તમે બે ફિકર રહો. રાત્રી ત્રણ પહોર ગયે તમે સર્વે આવજો. તમને સર્વે રૂપિયા મળશે.” તેમ કહીને સર્વે જનને કહ્યું જે, “તમે સંઘ મધ્યે પથારી કરજો, શહેર મધ્યે જાશો નહીં.” તેમ કહીને શ્રીજીમહારાજ પોતાના મોટા તંબુ મધ્યે પલંગ બિછાવ્યો હતો, તે ઉપર પોઢ્યા થકા બ્રહ્મચારી પ્રત્યે કહ્યું જે, “હે મહાયોગી ! આ તંબુ મધ્યેથી સર્વે જનને બહાર કાઢીને એક તમે જ અમારી પાસે સેવામાં રહો.”

તેમ કહી શ્રીજીમહારાજ બોલ્યા જે, “હે મહત્પુરુષ ! મધ્ય રાત્રીને સમે સર્વે જન મારી માયા જે ગાઢ સુષુપ્તિ તે મધ્યે લીન થાશે. તે સમે મહાતેજસ્વી એવી અઢાર બાઈઓ આકાશ માર્ગેથી આવશે. તેના તેજ મધ્યે તમે અંજાઈ જાશો ને તમારાં નેત્ર વીંચાઈ જાશે. ને અમારા ભક્તની સેવા ને પૂજાને ગ્રહણ કરવા સારુ મનુષ્યાકૃતિથી જાચના કરીએ છૈયે. ને કોક આવો સમો આવે ત્યારે તો અમારા ભક્તના હિતને અર્થે અમારું યોગેશ્વરપણું જે અમારો પ્રતાપ તે દેખાડીએ છૈયે. ને અમે તો અમારા સુખેથી સર્વ જનને સુખ પમાડીએ તેવા છૈયે.”

ત્યારે બે હાથ જોડી બ્રહ્મચારીએ કહ્યું જે, “હે મહારાજ ! તમે કહ્યું જે અઢાર બાયું આવશે, તે બાયું કોણ આવશે ? તે વાતની વિક્તિ કહો.” ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “હે મહાયોગી ! લ્યો, તમને કહીએ. મુખ્ય તો શોભાયમાન લક્ષ્મીજી આવશે. ને તેમની દાસીઓ જે નવનિધિ[૧] ને અષ્ટ મહાસિદ્ધિ જે અણિમા[૨], મહિમા[૩], લઘિમા[૪], ગરિમા[૫], ઈશતા[૬], વશીકરણ[૭], પ્રાકામ્ય[૮] ને પ્રાપ્તિ[૯] આદિક થઈને સત્તર

૧.કુબેરના નવ પ્રકારના ખજાના – મહાપદ્મ, પદ્મ,મકર,કચ્છપ,મુકુંદ, કુંદ, શંખ,નીલ,ખર્વ
૨.ન દેખાય એવું અણુ જેવું સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરી ગમે તેમાં પ્રવેશ કરવાની શક્તિ
૩.મોટું સ્વરૂપ ધારણ કરવાની શક્તિ ૪.વજનમાં હલકું સ્વરૂપ ધારણ કરવાની શક્તિ
૫.વજનમાં ભારે સ્વરૂપ ધારણ કરવાની શક્તિ ૬.ઈશિત્વ – જડ-ચિદ્ સર્વનું નિયમન કરવાની શક્તિ ૭.વશિત્વ – સર્વને વશ કરવાની શક્તિ ૮.ઇચ્છાને કોઈ અવરોધ ન નડે તેવી શક્તિ ૯.આ ને આ જ દેહે ગમે તે વસ્તુ પ્રાપ્ત કરવાની શક્તિ

ને અઢારમા શોભાયમાન એવાં કમળા આવશે. તે સર્વે ભગવાનની દાસિયું છે. તે તો સદાય ભગવાનની સેવા કરે છે. ને જ્યારે ભગવાન મનુષ્ય જેવા થઈને જીવના કલ્યાણ સારુ પૃથ્વી ઉપર આવે છે, ત્યારે તો પોતાના ભક્તના કલ્યાણને અર્થે પુષ્પ, પત્ર ને હરેક વસ્તુને ગ્રહણ કરે છે, તે તો તેના કલ્યાણને જ અર્થે છે, પણ પોતાને અર્થે નથી કરતા.

અને હે મહાયોગી ! જે જન અમારો જથાર્થ મહિમા જાણે છે, તેને શી વસ્તુ દુર્લભ છે ? કાંઈ દુર્લભ નથી. ને આ તો અમે તે વાતને ઈચ્છતા નથી, પણ તેણે ઘણીક અમારી સ્તુતિ કરીને કહ્યું જે, 'હે મહારાજ ! અમને તમારી કાંઈક સેવા આપો. ને તે સેવાએ કરીને અમારું સારું થાય તેમ કરો !' તેમ અમને ધ્યાનમુદ્રામાં તે સર્વેએ અમારું સ્તવન ઘણીક પ્રકારે કર્યું, ત્યારે અમે હા પાડી છે." એમ શ્રીજીમહારાજે બ્રહ્મચારી પ્રત્યે ઘણીક પ્રકારની વાર્તા કરી.

પછી મધ્ય રાત્રીનો સમય થયો એટલાકમાં શ્રીજીમહારાજે કહ્યું જે, "હે બ્રહ્મચારી ! એક મોટી જાજમ પાથરો." તેમ પાથરતા હવા, એટલાકમાં તેજસ્વી એવી અઢાર મહાદેવીઓ લક્ષ્મીજીએ સહિત આવી અને ઘણાક પ્રકારનું શ્રીજીમહારાજનું સ્તવન કર્યું. તે પછી નમસ્કાર કર્યા. પછી શ્રીજીમહારાજને કહ્યું, "હે સમર્થ ! અમને જેમ તમે આજ્ઞા કરો તેમ સિદ્ધ કરીએ." ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "અમે શ્રીનરનારાયણની મૂર્તિઓ પધરાવી તેમાં ઘણાક દ્વિજ, સંતજન ને હરિજન આદિક તથા ઘણાક અન્નાર્થી મનુષ્યને ઘણીક પ્રકારની દક્ષિણા આપી છે. તેનો ખરચ થયો છે, તે આપો."

ત્યારે તે સર્વેએ એમ કહ્યું જે, "હે મહારાજ ! અમારાં મોટાં ભાગ્ય જે અમારે તમારાં દર્શન થયાં ! ને અહો ઇતિ આશ્ચર્યે જે તમે અમને જે આજ્ઞા કરી તે સિદ્ધ કરશું." તેમ કહીને ઘણુંક જે ધન તેનો પાથરી એવી જે જાજમ તે મધ્યે મોટો ઢગલો કર્યો. પછી તેને મહારાજે

એમ કહ્યું જે, "તમારાં સ્થાનકો પ્રત્યે શીઘ્ર જાઓ. અમે તમને આજ્ઞા કરી તે તો અમારું વિડંબન છે. ને વળી તમારે અમારાં દર્શન થયાં તે મોટો લાભ થયો. ને અમે તો અમારા પ્રતાપથી પરિપૂર્ણ છૈયે. ને આ તો તમારી સેવા અંગીકાર કરી છે, તેથી તમારો જશ ને પ્રતાપ વૃદ્ધિ પામશે. ને હે સખીઓ ! જે જન અમારી સેવા-પૂજા કરે છે, તે જનને મોટા ઐશ્વર્યને પમાડીએ તેવા અમે છૈયે." તેમ કહીને પછી શ્રીજીમહારાજે તે દેવીઓને તેના ધામમાં જવાની આજ્ઞા કરી. ત્યારે ખં-મારગેથી(આકાશમાર્ગેથી) પોતાના ધામમાં ગયાં.

પછી મહારાજ બ્રહ્મચારી પ્રત્યે બોલ્યા, "હે મહાયોગી ! તમે દીપક લઈને ધન સંભાળો." પછી બ્રહ્મચારીએ જોયું ત્યારે તે ઠેકાણે ઘણોક મોટો રૂપમુદ્રિકાનો ઢગલો જોયો. ત્યારે તેણે કહ્યું જે, "હે મહારાજ ! ઘણાક રૂપિયા છે ને વળી આપણી ખરાજાત ધોતાં(ખર્ચ ચૂકવતાં) પણ વધશે." તેમ કહીને શ્રીજીમહારાજના ચરણે પડ્યાં.

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હે બ્રહ્મચારી ! આપણા માલના લાવનારા હરિજન તથા આનંદસ્વામીને બોલાવીને સર્વે રૂપિયા આપી દ્યો." ત્યારે બ્રહ્મચારી તે સર્વેને બોલાવીને શ્રીજીમહારાજ પાસે લાવ્યા. ત્યારે તેને મહારાજે કહ્યું જે, "જેટલા તમારા માલવાળા કરજદાર હોય તે સર્વેને તેડાવીને નામાં જોઈને સર્વે શહેરમાંથી હરેક જણસ લીધી હોય તે પ્રમાણે તેને રૂપિયા આપો ને તેના હાથઅક્ષરના નદાવા(હક્ક-દાવો ન રહે તેવો લેખિત કાગળ) લેજો." તેમ શ્રીજીમહારાજે આજ્ઞા કરી.


ત્યારે સર્વેને તેડાવીને ચૂકતે હિસાબે કરજ આપ્યું અને બાકી વધ્યું જે ધન તે આનંદાનંદસ્વામીના મુખત્યાર જે હરિજન તેને મંદિર ખાતે આપીને શ્રીજીમહારાજ ચાલ્યા. તે સર્વે સંઘ સહિતે **જેતલપુર**ને વિશે નિશા રહીને પ્રભાતે ચાલ્યા, તે **ધોળકે** નિવાસ કર્યો.

પછી ઈન્દ્રે સહિત તેત્રીસ કરોડ દેવતાઓ તથા નારદાદિક સર્વે

મહર્ષિ શ્રીજીમહારાજની સ્તુતિ કરવા લાગ્યા. પછી શ્રીજીમહારાજે અંતર્દષ્ટિ કરીને અતિ ધ્યાનમુદ્રાથી તે સર્વે દેવને દર્શન દેતા થકા ને લોકને પોતાના શરીરે મંદવાડ જેવું દેખાડતા થકા, **ગણેશ ધોળકા**ને સમીપે એક ગણપતિનું જે દેવળ તે મધ્યે પોઢ્યા. અને પ્રભાતે ચાલ્યા, તે સુખપાલમાં બેઠા થકા **શ્રીદુર્ગપુર**ને વિશે આવ્યા.

શ્રીનગર મધ્યે નરનારાયણને પધરાવ્યા તે સમાનું આખ્યાન સમાપ્ત થયું. સંવત ૧૮૭૮ ના ફાગણ સુદી ૩ ને દિવસે શ્રીનરનારાયણની મૂર્તિ શ્રીજીમહારાજે પધરાવી છે ઈતિ યાદી લખી છે.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'અમદાવાદમાં દેવોની પ્રતિષ્ઠા કરી ને તેમાં કરજ લક્ષ્મીજીએ ચૂકવ્યું' એ નામે ઓગણ્યાએંશીમું પ્રકરણ ॥૭૯॥





અમદાવાદ કાંકરિયા સરોવરને કિનારે સભા સંબોધતા શ્રીહરિ.

પ્રકરણ - ૮૦

ગઢપુરથી વડતાલ રામનવમીનો સમૈયો કરવા જતાં શ્રીહરિ ખરડ થઈ પચ્છમ પધાર્યા

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ **શ્રીદુર્ગપુર**થી ચાલ્યા, તે રામનવમીના સમૈયા ઉપર **વડતાલ** પધારતા હતા. ને પોતાની ભેગા મુક્તાનંદજી આદિક ઘણાંક સંતનાં મંડળ હતાં, ને ઉત્તમ રાજા આદિક ઘણાક અસ્વાર હતા, ને ઘણાક શસ્ત્રધારી પાળા હતા, ને ઘણાક હરિજન હતા. તે સર્વથી વીંટાણા થકા ચાલ્યા, તે ગામ કારિયાણીને વિશે વસ્તા ખાચરના દરબારને વિશે પધાર્યા. ત્યારે હરિજને શ્રીજીમહારાજની ષોડશ પ્રકારે પૂજા કરી.

તે સમાની શ્રીજીમહારાજની મૂર્તિની શોભા જે વસ્ત્ર ને અલંકાર પહેર્યાં હતાં, તે લખીએ છીએ. નીલા કિનખાપનો સુરવાળ પહેર્યો હતો; ને ઘણાક મૂલવાળી જગન્નાથીનું(એક જાતના ઝીણા સુતરાઉ કાપડનું) અંગરખું પહેર્યું હતું; ને માથે કસુંબલ રંગેલ જરિયાની રેંટો છોગાં મેલીને બાંધ્યો હતો; ને એક સેલેથી કમર કસી હતી; ને એક અસમાની રંગે સેલું ખંભે ધાર્યું હતું; ને કરને વિશે કનકનાં કડાં, વેઢ, વીંટિયું, બાજુબંધ ને પોંચિયું પહેરી છે, ને તે મધ્યે ઘણાંક નંગ જડ્યા છે, તે શું ? તો હીરા પિરોજા ને ઘણીક ચૂનીએ જડેલા છે. ને ઉરને વિશે ઊતરી ને સત્ય મોતીના હાર ને તોરા ધાર્યાં છે. એ આદિક સર્વે શોભાને શોભાડતા એવા જે શ્રીજીમહારાજ તે ત્યાં નિશા રહ્યા.

❈ ખરડમાં સરોવરની પાળે શ્રીહરિ પાસે નારદજી અને તુંબરુનું ગાન

અને પ્રભાતે ચાલ્યા, તે મધ્યાહ્ને **ખરડ**ને વિશે સરોવરની પાળે પીપળના વૃક્ષની છાયામાં મુક્તાનંદજીની વેલ ઉપર બિછાણાં બિછાવીને બિરાજમાન થઈને બોલ્યા જે, “હે મુક્તાનંદસ્વામી ! તમે સર્વે સંત ગવૈયા તે વાજાં સ્વરે કરીને સારંગ રાગના દ્રુપદ[૧] બોલો. ત્યારે તે સમે

૧.એ નામના તાલ-ઢાળમાં ગવાતાં પદ, જેને ધ્રુપદ પણ કહે છે.

મુનીન્દ્ર એવા જે મુક્તાનંદજી, પ્રેમાનંદજી, દેવાનંદજી, જ્ઞાનાનંદજી, તથા હરિયાનંદજી આદિક સર્વે સંત ગવૈયા તે દ્રુપદ બોલ્યા. તે તો ન ભૂતો ન ભવિષ્યતિ ! તેમ કીર્તન ગાય છે. તે જોઈ સર્વોપરી એવા જે શ્રીજીમહારાજ તે ઘણા રાજી થયા. એટલાક મધ્યે તુંબરુ ને નારદજી તે ગાંધર્વના વેશ લઈને તે સ્થળને વિશે આવ્યા ને શ્રીજીમહારાજને દંડવત્ પ્રણામ કર્યા. અને હાથ જોડી બોલ્યા જે, "હે મહારાજ ! હે સમર્થ ! હે સર્વજ્ઞ ! તમારી આજ્ઞા હોય તો તમારા સંત ભેગા અમે ગાન કરીએ."

ત્યારે શ્રીજીમહારાજે પ્રસન્ન થઈને હસતાં હસતાં એમ કહ્યું જે, "હા, ગાઓ." ત્યારે તે ગાવા લાગ્યા. તે અકુંઠિત વેણે, રૂડા સ્વરે ને ગાન-તાનથી ને માન પાડીને(મૂકીને) ગાવવા લાગ્યા. પછી એમ બોલ્યા જે, "હે હરે ! અમારાં મોટાં ભાગ્ય ઉદય થયાં જે, ઘણાક દિવસ થયે આ એકાંત સ્થળને વિશે તમારો સમાગમ થયો અને તમ આગળ ગાવા મળ્યું !" તેમ કહીને વળી ગાવા લાગ્યા.

ત્યારે શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "તમે ગાતા બંધ રહો ને આ ગાંધર્વોને દેવગાંધાર રાગ ગાવા દ્યો." તેમ તેને શ્રીજીમહારાજે કહ્યું. ત્યારે તે ગાંધર્વો ઊભા થઈને નૃત્ય કરીને અતિ રૂડા સ્વરથી ગાવા લાગ્યા. તે મુખથી સુંદર અલૌકિક ગાન કરતા હતા ને પોતાના પગમાં નેપુર બાંધીને નૃત્ય કરતા હતા. તે જેમ જળને વિશે જળના તુરંગ(જળઘોડો; દરિયાઈ ઘોડો) પોતાના પગ મૂકે છે, તેમ જાણે પૃથ્વીને વિશે નો મૂકતા હોય ! તેમ ઘણીકવાર સુધી કીર્તન ગાયાં.

પછી શ્રીજીમહારાજે કહું જે, "હવે રાખો ને બહુ સારું ગાન કર્યું." પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "હે મુક્તાનંદસ્વામી ! તમે હવે ગાઓ." ત્યારે તે ગાવા લાગ્યા. ત્યારે તુંબરુ ને નારદના ભૃત્ય આવ્યા. તે મોટી માણ લાવીને તેને આપી. ત્યારે વાજાં ભેગી માણ વગાડવા

લાગ્યા. તેને જોઈને અખિલ બ્રહ્માંડના પતિ જે શ્રીજીમહારાજ તે રાજી થઈને મુક્તાનંદજી પ્રત્યે બોલ્યા જે, "હે સ્વામી ! તમે આ લોકને વિશે આવા ગાનારા કોઈ દીઠા હતા ?" ત્યારે તેમણે હાથ જોડીને એમ કહ્યું જે, "આ તો અલૌકિક ગાનારા દીઠા." ત્યારે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "તે તો અલૌકિક જ છે." પછી શ્રીજીમહારાજે તેને કહ્યું જે, "તમારું ગાવણું રાખો ને તમે તમારા સ્થાન પ્રત્યે સિધાવો."

ત્યારે તેણે શ્રીજીમહારાજની આગળ સ્તુતિ કરી દંડવત કર્યા ને મુક્તાનંદજી આદિકને નમસ્કાર કરીને સર્વેને જોતામાં જ અદર્શ થઈ ગયા. અને શ્રીજીમહારાજ સાબદાઈ કરીને ચાલ્યા, તે વાટે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! તે ગાનારા કોણ હતા ? આ લોકના તે મનુષ તો નહીં ને આ લોકનું ગાન પણ નહીં, ને તમે રજા આપી એટલાકમાં તે અદર્શ થયા, તેવા તે કોણ હતા ? તે વાર્તા તમે કહી દેખાડો." ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "હે સ્વામી ! તે તો નારદજી ને તુંબરુ અમારાં દર્શન અર્થે એવા ગૂઢ વેશથી આવ્યા હતા. તે ઘણી વાર આવે છે, પણ બીજાને અમે જણાવીએ ત્યારે જ જણાય."



ઉનાળાના તાપમાં ઉઘાડા પગે ચાલતા સંતો પર શ્રીસ્વામિનારાયણ ભગવાનની અસીમ કરુણા.

❈ પગે બળતા સંતોને કરુણાળુએ પગે બાંધવા નિજવસ્ત્ર આપ્યું

તેમ કહેતાં તે વાટે ચાલ્યા ત્યારે વાટમાં મોટા પૂર્ણાનંદસ્વામીનું મંડળ તે અરણ્યમાં ચાલતા જોયું. તે સમે સાધુને વ્રત હતું, તે લખીએ છીએ જે, પગમાં ઉપાન નહીં ને અઢી હાથના બહિર્વાસ પહેર્યા છે, ને એક જીર્ણ કંથા મસ્તક ઉપર ઓઢી હતી; ને ઘણાક તડકાથી તપ્ત ભૂમિ છે, તેને વિશે મહા તપોધન અર્થાત્ તપરૂપી છે ધન જેને એવા સંતને શ્રીજીમહારાજે જોયા. તે જોઈને પોતાને મુખે કરીને સર્વે સંતપુરુષનાં વખાણ કરવા લાગ્યા, "અહો અહો ! આવા સંતજન તો દેવથી ને સર્વે સિદ્ધ પુરુષથી પણ અધિક છે. ને પોતાના તપથી બહુ શોભાને લે છે. ને પોતાના માયિક સુખને મિથ્યા કરીને અમારાં વચન સત્ય કરીને આવા ઘણાક તાપમાં અણવાણા પગેથી પૃથ્વીને વિશે સર્વે જીવોના કલ્યાણ સારુ છે ફરવું જેનું, એવા અમારા આ સાધુજન છે. તે સારુ અમને ઘણીક દયા આવી છે જે, **પ્રથમ વેવારને વિશે મોટા મનુષ હતા ને ઘણાક ધનાઢ્ય હતા, તે પૂર્ણાનંદ બાર ગામના પટેલિયા હતા**. તેને અમે સાધુ કરી નાખ્યા છે, તે આવા તપ ને વાતને સહન કરે છે. ને સર્વે સુખને મૂક્યાં એવા આ સર્વે સંત છે. તે સારુ અમારું વસ્ત્ર ઘણાંક મૂલવાળું છે, તે હે સખે ! તમે શીઘ્ર અશ્વને દોડાવીને તમારું નામ લઈને કહો જે, આ મારું વસ્ત્ર છે, તે તડકો ઘણો હોવાથી તે ફાડીને તમારા પગે વીંટો." તેમ શ્રીજીમહારાજે તેને કહ્યું.

ત્યારે તેણે સંતની આગળ જઈને કહ્યું જે, "હે સંતો ! આ મારું પટ છે, તે તમે ફાડીને તમારા પગને વિશે બાંધો." ત્યારે તે સંતોએ પાછું વળીને જોયું, ત્યારે ઘણાક અસ્વારની ઘૂમર મધ્યે શ્રીજીમહારાજને જોયા. અને તે વસ્ત્ર લઈને પોતાની છાતી મધ્યે ભીડીને બોલ્યા જે, "આ વસ્ત્ર તમારું નોય ને આ વસ્ત્ર તો મહારાજનું જ છે, તે તો પૂજવા યોગ્ય છે." તેમ કહે છે એટલાક મધ્યે શ્રીજીમહારાજ સંતને સમીપે

આવ્યા ને એમ બોલ્યા જે, "તે વસ્ત્ર પગમાં બાંધો, તે હરિજનનું જ છે." ત્યારે સંતે કહ્યું જે, "હે મહારાજ ! તે હરિજનની સમૃદ્ધિને અમે જાણીએ છીએ જે આવાં ભારે વસ્ત્ર તેના ઘરમાં નોય અને આ વસ્ત્ર તો તમારું જ છે; તે તમે પાછું લો. આ વસ્ત્ર તો પૂજવા યોગ્ય છે. તેને પગે કેમ બંધાય ?"

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "જે વસ્તુ અમે જેને આપી, તે તેની પાસેથી પાછી લેતા નથી. તેથી વસ્ત્ર તમે સેવા મધ્યે રાખો."

❁ પચ્છમ ગામમાં ભક્તોએ સંઘે સહિત શ્રીહરિની સેવા કરી રાજી કર્યા

તેમ કરતાં **ગાંફ** તથા **પચ્છમ**ને સમીપે આવ્યા. ત્યારે ગામ પચ્છમના હરિભક્ત સીમાડે સામા આવીને દંડવત કરીને હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! તમે સર્વે અમારા ગામમાં પધારો !"

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અમે ઘણાંક મનુષ છીએ, તે અર્ધા ગાંફ મધ્યે જાય ને અર્ધા તમારા ગામે આવીએ." ત્યારે તે હરિજને ઘણુંક સ્તવન કર્યું, તેના નામ વિપ્ર જાદવજી, પીતાંબર, ઉદ્ધવજી ને હરિભાઈ આદિક દ્વિજ અને પટેલ જેરાજ ને દેવજી આદિક ઘણાક હરિજને શ્રીજીમહારાજને રાજી કરીને પોતાના ગામમાં પધરાવ્યા. ધન્ય તે ગામ ને ધન્ય તે હરિજન, જે પ્રત્યક્ષ પ્રમાણ પુરુષોત્તમ તેની સેવામાં ને સંતહરિજનની સેવામાં હંમેશાં રહ્યા ! કેમ જે, તે ગામ મારગ મધ્યે છે.

પછી ગાજતે વાજતે શ્રીજીમહારાજ વિપ્ર જાદવજીના ઘર મધ્યે બિરાજમાન થયા. પછી શ્રીજીમહારાજ જમતા હવા. તે રૂડાં ભોજન પ્રથમથી કરી મૂક્યાં હતાં, તે જમીને બહાર ફળિયા મધ્યે પલંગ ઉપર બિરાજે છે ને સર્વે અસ્વાર ઊભા છે. ત્યારે ત્યાંના હરિજને એમ કહ્યું જે, "હે મહારાજ ! બીજું સર્વે તો ઠીક છે, પણ પાણીની કોરનું દુઃખ છે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "પાણી ક્યાંથી લાવો છો ?" ત્યારે

હરિજને કહ્યું જે, “હે પ્રભો ! ઉગમણી કોરે **ભજાસર સરોવર** છે. તે મધ્યે વીરડામાં સુંદર જળ છે ને ત્યાં રૂડા પીપરના વૃક્ષની છાયા અતિ શ્રેષ્ઠ છે.”

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, “તે તો આપણા માર્ગ મધ્યે છે. તમે રસોઈનો સર્વે સરંજામ ગાડાં ભરીને ત્યાં લાવો. અમે પણ સર્વે જને સહિત ત્યાં ઊતરશું.” તેમ કહીને પોતે સર્વે જને સહિત ત્યાં ઊતર્યા. પછી હરિજન ગાડલાં ભરીને આટો, દાળ, ઘી, મિસરી, ચોખા ને ઘણાંક વાસણ આદિક હાલ(તરત) લાવ્યા ને તૈયાર કરીને ઘણાક વિપ્ર નાહીને શીઘ્ર મોદક આદિક ભોજન કરવા લાગ્યા.

અને શ્રીજીમહારાજ એક પલંગ બિછાવ્યો હતો, તે ઉપર બિરાજ્યા. તે સ્થળને વિશે ઘણાક ગોવાળિયા ગાયોને પાતા હતા ને મહારાજના ઘોડા પણ ઘણા તરસ્યા હતા, તેથી તે ગોવાળિયા પ્રત્યે મહારાજે કહ્યું જે, “હે ગોવાળિયા ! અમારા ઘોડા તરસ્યા છે, તેને પાશો ભલા ? અમે મેમાન છીએ.” ત્યારે તેણે એમ કહ્યું જે, “હે મહારાજ ! તમારી ઘોડી અમે રાજી થઈને પાશું, પણ આ કાઠીડા તો અમારી ગાયો લઈ જાતા, માટે તેના ઘોડા તો ન પાઈએ !”

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “અમારી મોબતથી પાશો ?” ત્યારે તેણે એમ કહ્યું જે, “હે મહારાજ ! તમે તો ભગવાન જેવા છો.” તેમ કહીને સર્વે ઘોડાને પાયા. પછી શ્રીજીમહારાજે ગવૈયા સંતોને કહ્યું જે, “વાજાં લઈને રૂડાં વિષ્ણુપદ બોલો.” પછી સંતો બોલ્યા. પછી શ્રીજીમહારાજનો થાળ થયો ત્યારે પોતે જમ્યા. જમીને પછી સર્વે સંતજનને જમાડીને સર્વે સંઘના મનુષને જમાડીને તૃપ્ત કર્યા.

પછી શ્રીજીમહારાજે સર્વે વિપ્રોને આજ્ઞા કરી જે, “મોદક ઘણાક વધ્યા છે, તે ગામનાં સર્વે જન બાઈઓભાઈઓને જમાડી દ્યો.” ત્યારે તે ગામના સર્વે દ્વિજને જમાડીને રાજી કર્યા. પછી ગ્રામજનો તે સ્થળને વિશે ખડ-જોગાણ લાવ્યા ને પથારી કરાવી અને સર્વે સરંજામ લાવીને

સેવા કરી મહારાજને અતિ રાજી કર્યા. પછી આરતી વેળા થઈ તેથી સંધ્યા આરતી કરી અને સર્વે પહેલાં અતિ રૂડી મૂર્તિ એવા શ્રીજીમહારાજ ઊભા થઈને અતિ રૂડા ગહેરા શબ્દથી પ્રથમથી પોતે 'રામ કૃષ્ણ ગોવિંદ...' આદિક સર્વે ધૂન બોલે ને વાંસેથી સર્વે જન બોલે. એમ ધૂન કરીને સર્વે જન શ્રીજીમહારાજને નમ્યા.

પછી મહારાજ પલંગ ઉપર બિરાજેલા હતા એટલાક મધ્યે ધોલેરાનો સંઘ આવ્યો. તે સર્વને જમાડીને પછી તે ભેગો વિપ્ર નારાયણજી એકાંતિક ભક્ત હતો, તેને શ્રીજીમહારાજે કહ્યું જે, "નારાયણજી ! તમે કીર્તન બોલો." ત્યારે આ પદ બોલ્યો હતો, તેનું નામ,

રંગના ભીના રઘુરાયા હારે મારી નજરે નારાયણ આયા..રંગના૦
આઠે તે પહોર જ્યાં અનાહદ[૧] વાગે, પરી તે બ્રહ્મ પુરુષોત્તમ બિરાજે;
હારે મુનિમોતીડે મંડપ છાયા, રંગના ભીના રઘુરાયા

એ કીર્તન પાંચ વાર ગવરાવ્યું. પછી કીર્તન ગાતા રખાવીને શ્રીજીમહારાજે તે દ્વિજનાં વખાણ કર્યાં જે, "એક દિને સમે અમે આ દ્વિજના ઘેર જઈને તેની સર્વે પ્રકારે રક્ષા કરી હતી." તે વાત કહીને પછી પોતે પોઢી રહ્યા. ઇતિ શ્રીગામ પચ્છમનું આખ્યાન સમાપ્ત થયું.

ઇતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'ગઢપુરથી વડતાલ રામનવમીનો સમૈયો કરવા જતાં શ્રીહરિ ખરડ થઈ પચ્છમ પધાર્યા' એ નામે એંશીમું પ્રકરણ ॥૮૦॥



૧.અનાહતનાદ - યોગીઓને સંભળાતો એક પ્રકારનો બ્રહ્મ સંબંધી નાદ

પ્રકરણ - ૮૧

વડતાલ સમૈયામાં શાસ્ત્રીઓનો તથા કૃત્યાનો પરાભવ કર્યો

પછી પ્રભાતે (પચ્છમથી) ઊઠીને ચાલ્યા, તે ગામ **મોરજને** વિશે પધાર્યા. ત્યાં હરિભક્ત **ગોકળદાસ** હતો, તે સાંખ્યયોગી હતો. તેનો દુરાચાર જોઈને ધર્મધુરંધર એવા જે શ્રીજીમહારાજ તે તેની સેવા-પૂજાને ગ્રહણ ન કરીને રાત્રી મધ્યે ચાલી નીકળ્યા, તે ગામ **ઊંટવાડા** મધ્યે હરિભક્ત શિરોમણિ એવા **જોઈતા પગી**ના ઘરને વિશે બિરાજમાન થયા. તેનો સર્વે પરિવાર તે ધર્મપરાયણ વર્તતો હતો.

તે જોઈને શ્રીજીમહારાજ ઘણા રાજી થયા. અને તે પગીએ મોટો પલંગ બિછાવીને તે ઉપર મહારાજને પધરાવ્યા. ને પોતે દુર્બળ હતો તેથી કાઢોચાર કાઢીને(વસ્તુના બદલામાં અથવા ઉછીના લઈને) ઘણાંક ઘી, મિસરી, દાળ ને ચોખા લાવીને હાજર કર્યાં ને અતિ હરખથી સેવા કરીને શ્રીજીમહારાજની આગળ હાથ જોડીને બોલ્યો જે, “મારા અહો ભાગ્ય જે, હું દુર્બળ ઉપર મોટી કૃપા કરી ને મારા ઘરને વિશે તમે પધાર્યા ! તે મારા કોઈ પૂર્વનાં પુણ્ય ઉદય થયાં તેમ છે.”

ત્યારે શ્રીજીમહારાજે તેને કહ્યું જે, “તમે કહો છો તેમ જ આ સમો છે. ને હે ભક્ત ! **અમે તો ગરીબની ઉપર જેવા રાજી છીએ તેવા ધનાઢ્ય ઉપર રાજી નથી.** ને વેવારે દુબળા હોય ને ધર્મ પાળવાને વિશે બળવાન હોય તેની સેવા ને પૂજા ગ્રહણ કરીએ છીએ.” તે આદિક ઘણીક વાર્તા કરીને તેને રાજી કર્યો.

પછી તેણે ઘોડાને સારુ નીલી કડબ સકણસી(અનાજના દાણાવાળા ડૂંડા સહિત) ને સરાઉ[૧] લાવી મહારાજના ભેગા ઘણાક ઘોડા હતા, તેને નીલી ચાર્ય લાવીને નાંખી. ને પછી શ્રીજીમહારાજનો થાળ સંતે કર્યો

૧.જે ઘાસ વખતસર કાપી, સારીને પછી સુકવણી કરી પૂળા વાળી સારી રીતે સંઘરેલું હોય તેને સરાઉ ઘાસ કહે છે.

હતો, તેને પ્રીતિપૂર્વક જમ્યા. ને પોતે જમીને સર્વે સંત ને સંઘના જનને જમાડ્યા. પછી તેના સર્વે જનને જમાડીને હરિએ તે હરિજનને પૂછ્યું જે, "તમે તમારો વેવાર શી રીતે ચલાવો છો ? તે કહો."

ત્યારે તેણે કહ્યું જે, "હે મહારાજ ! અમારું ગામ હતું, તે કોઈ બળિયા રાજાએ દબાવી લીધું છે. તેથી વેવારે અતિ દુર્બળતા આવી છે. તે બંટી-બાવટો(એ નામનું હલકું ધાન) ખાઈને તમારું ભજન કરીએ છીએ."

પછી શ્રીજીમહારાજે શિલોંચ્છ ઋષિની વાર્તા કહી દેખાડી. પછી તેને મહારાજે એમ કહ્યું જે, "એક માસમાં તમને તમારો ગરાસ ગયો છે તે મળશે, માટે બેફીકર રહેજો." તેમ કહીને ત્યાં નિશા નિવાસ કરીને શ્રીજીમહારાજ પ્રભાતે સધાવ્યા, તે **શ્રીવરતાલે** પધાર્યા ને ત્યાં રામનવમીના મોટા સમૈયાનો ઉદ્યોગ(તૈયારી; કામકાજ) કરાવવા લાગ્યા.

પછી તે **જોઈતાભક્તને** શ્રીજીમહારાજની કૃપા થઈ તે લખીએ છીએ. એક દિને સમે તે(જોઈતા પગીનું ગામ દબાવનાર) નવાબના બહારવટિયા તેના બાન ઝાલીને[1] લઈ જાતા હતા. તે સામા જોઈતા પગીએ પોતાના ઘણાક મનુષ્ય લઈને તે સાથે જૂધ કરી મુકાવ્યા. તે જોઈને નવાબે તેનો સર્વે ગરાસ થોડાક દિવસમાં પાછો આપ્યો ને પછી તેને પહેરામણી મળી.

ને હવે વડતાલમાં શ્રીજીમહારાજને દર્શને ઘણાક સંત ને હરિજન બાઈઓ ને ભાઈઓ અગણિત આવ્યાં ને મોટો સમૈયો થયો. ને ઘણાક ભણેલા શાસ્ત્રી, પુરાણી ને ન્યાયશાસ્ત્ર તથા તર્કશાસ્ત્રાદિકના ભણેલા ઘણાક શાસ્ત્રવેત્તા શોભારામ આદિક શ્રીજીમહારાજને જીતવા સારુ

૧.બહારવટિયા કોઈ રાજા કે ધનવાન પાસેથી રૂપિયા પડાવવા તેના કુટુંબીને પકડીને લઈ જાય, તેને રાજા કે ધનવાનના બાન પકડ્યા કહેવાય. રૂપિયા આપે પછી છોડી દે છે.

આવ્યા હતા. તેણે ઘણાક શાસ્ત્રાદિકના ઘણાક કઠણ પ્રશ્ન પૂછ્યા. તેના ઉત્તર સર્વે પ્રકારે શ્રીજીમહારાજે કરી દેખાડ્યા.

પછી તે સર્વે શાસ્ત્રીઓ પ્રત્યે પોતે અલૌકિક પ્રશ્ન પૂછ્યા જે, "સુષુમ્ણા નામે નાડી તથા ઈંગલા ને પિંગલા આદિક નાડિયું તે પિંડને વિશે કેમ રહી છે ? ને આ બ્રહ્માંડને વિશે કેમ રહી છે ? તે કહો. ને વળી ગણપતિને લઈને ષટ્ચક્ર તેની[૧] વાર્તા વિસ્તારીને પૃથક પૃથક કહી દેખાડો." એ આદિક ઘણાક અલૌકિક પ્રશ્ન શ્રીજીમહારાજે સર્વે શાસ્ત્રવેત્તાને પૂછ્યા, પણ તેનું કોઈ રીતે સમાધાન ન થયું ને આઠ દિવસ સુધી વિદ્યા-વિવાદ થયો, પણ મહારાજના પ્રશ્નના ઉત્તર ન થયા. ત્યારે સર્વે શાસ્ત્રી હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! તમારા પ્રશ્નના ઉત્તર તે તો ચતુરાનન પણ કરવા સમર્થ નથી, તો અમોથી તે પ્રશ્નનો ઉત્તર કેમ થાય ?" તેમ હાર પામીને શોભારામ આદિક સર્વે શાસ્ત્રી શ્રીજીમહારાજને ચરણે નમતા થકા મહારાજનો આશરો કરીને પોતાની વિદ્યાના માનને મૂકીને મોટા હરિજન થયા.

પછી શ્રીજીમહારાજની મોટી સભા ભરાઈ ને ઘણાક સંતજન ને ઘણાક હરિજનની સભા બેઠી હતી. ત્યાં એક **કૃત્યારૂપિણી મૂર્તિમાન ડાકણી,** તે સર્વે ભેખધારી ને મતવાદીની પ્રેરી થકી જે સ્થળને વિશે મહારાજ બિરાજે છે, ત્યાં આવી ને ભયાનક શબ્દ કર્યો. પછી પોતાના મેલા મંત્રાદિકના પ્રયોગો કરવા લાગી. ને સિંદૂરે ચોપડેલા ઘણા અડદના દાણા શ્રીજીમહારાજની ઉપર નાંખતી થકી બોલી જે, "હે સ્વામિનારાયણ ! તમે ઘણાક મનુષ્યને પરમોદ દ્યો છો, પણ હવે તમે ખબરદારીથી રહેજો ! હું કૃત્યા છું ને વળી મારા મેલા મંત્રથી મોટા ભૂપને પણ મારું એવી છું. ને ઘણીક સ્ત્રીઓ ને બાળનું ભક્ષણ કરનારી છું." તેમ કહ્યું. તે જોઈને સર્વે ગૃહસ્થ જન સભીત થયા.

૧. જેના દેવતા ગણપતિ છે, એવા મૂલાધાર ચક્રથી આરંભીને મૂર્ધચક્ર સુધી ષટ્ચક્રની

પછી શ્રીજીમહારાજ તે પ્રત્યે બોલ્યા, "હે દુષ્ટ ! હે પાપણી ! હે બાળકની મારનારી ! હે કૃત્યા ! તું અમારા દ્વેષી એવા અસુરાંશી જે ભેખધારીની પ્રેરી થકી આવી છો, તો તારા જે સર્વે મેલા મંત્રના પ્રયોગ તે તું કર." પછી તે પ્રયોગ કરવા લાગી. ત્યારે શ્રીજીમહારાજ સર્વે જન પ્રત્યે બોલ્યા જે, "જેમ ગોકુળને વિશે માસી પૂતના આવી'તી, તેવી આ કૃત્યા આવી છે." પછી તેણે ઘણાક મંત્રના પ્રયોગ શ્રીજીમહારાજ ઉપર કર્યા, પણ તે સર્વે વૃથા થયા. તે જોઈને કૃત્યા ભય પામી, ને શ્રીજીમહારાજનો પ્રતાપ નથી જાણતી એવી તે કૃત્યા પ્રત્યે મહારાજે કહ્યું જે, "તારા પ્રયોગ બાકી હોય તો કર !" તેમ કહીને શ્રીજીમહારાજે પોતાનું યોગેશ્વરપણું દેખાડ્યું. તે શું ? તો રાડ પાડીને પૃથ્વીને વિશે પડી ને તેનું શરીર ઘણું ઊંચું ઊડી ઊડીને પૃથ્વીને વિશે પછડાતું હતું. તેમ સર્વે જન જોઈ અતિ આશ્ચર્ય પામ્યા. ને સર્વે હરિજને શ્રીજીમહારાજને પૂછ્યું જે, "હે મહારાજ ! આનું શરીર ઊડી ઊડી પડે છે, તે શું હશે ?" ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તેણે ઘણાંક માણસ, સ્ત્રીઓ ને બાળકને માર્યાં છે. તે પાપથી તેને જમપુરીને વિશે પ્રવેશ કરાવ્યો છે. ત્યાં તેના સૂક્ષ્મ શરીરને જમદૂત મારે છે, તેથી અહીં તેનું સ્થૂળ શરીર ઊડે છે. તેમ તે ભગવાનનું યોગેશ્વરપણું જાણવું. ને આ તો મૂર્તિમાન મૃઘી છે ને મૃત્યુદેવી છે, તેમ તમે જાણજો."

પછી તેને જમરાજાએ કહ્યું જે, "હે મૃત્યુદેવી ! આ પૃથ્વીને વિશે સર્વોપરિ એવા જે સહજાનંદસ્વામીરૂપી પુરુષોત્તમ અવતારી પુરુષ છે, તેના વચનનો તેં ભંગ કર્યો છે, તેથી તુંને દંડ કરશું." પછી કૃત્યાએ જમરાજાને કહ્યું જે, "જેમ તે મહારાજ રાજી થાશે તેમ કરીશ."

પછી સર્વે જને કહ્યું જે, "હે મહારાજ ! આ પાપણી ડાકણીને ઉઠાડો." ત્યારે તેને શ્રીજીમહારાજે છડી મારીને ઉઠાડી. ને તેને પૂછ્યું જે, "તારો જીવ ક્યાં ગયો'તો ?"

ત્યારે તેણે એમ કહ્યું જે, “હે મહારાજ ! મહાભયાનક જમપુરીમાં ગયો'તો. ને ત્યાં મને ઘણોક ભય પમાડીને યમપુરુષ દંડ કરતા હવા.” ત્યારે તેને મહારાજે કહ્યું જે, “તું તારા દેહ પ્રત્યે શી રીતે આવી ? તે વાર્તા સર્વે જન સાંભળતાં કહી દેખાડ.” ત્યારે હાથ જોડીને સભીત થકી બોલી જે, “હે મહારાજ ! જમરાજાએ તમારા પ્રતાપનો ઘણો જશ ગાયો અને હે મહારાજ ! તમે તો મનુષ્યાકૃતિ ધરીને આ પૃથ્વીને વિશે વિચરતા એવા સર્વે અવતારના અવતારી પુરુષ છો, પણ તેને ન જાણતી થકી મેં તમારો અપરાધ કર્યો, તે અપરાધને ક્ષમા કરો ! ને હું તો સ્ત્રીનું તન ધરીને ફરતી એવી મહાકૃત્યા છું. તે તમે એક જ મને જાણવા સમર્થ છો, પણ બીજા જન કોઈયે ન જાણે. અને હે તરણતારણ[૧] ! હવે શી રીતે મારે વર્તવું ? ને હું તો કૃત્યારૂપી છું ને બાળને મારનારી જ છું.”

ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, “અમને તો અહિંસાધર્મ અતિ પ્રિય છે. તેથી અમે તને હિંસક ધર્મ નહીં બતાવીએ. ને આજની રાત્રી મધ્યે વીર હનુમાનને તું દેખીશ. તે કહે તેમ તારું ગુદરાણ કરજે.” તેમ કહીને શ્રીજીમહારાજ ધૂન-આરતી કરીને પોઢી ગયા.


પ્રભાત સમે શ્રીજીમહારાજે દંતધાવન કરીને સ્નાનવિધિ કરી. પછી પૂજાવિધિ કરીને પુર બહાર એક મોટું આંબલીનું વૃક્ષ હતું, ત્યાં પોતાના હિંડોળા મધ્યે બિરાજમાન થયા. ત્યારે તે કૃત્યા ત્યાં આવીને હાથ જોડીને બોલી જે, “હે મહારાજ ! આજ નિશાને વિશે વીર હનુમાન મને મળ્યા. તેમને મેં મારું સર્વે વૃતાંત્ત કહી દેખાડ્યું. ત્યારે મને તેમણે એમ કહ્યું જે, ‘તું કૃત્યા બાળકને મારનારી છો. ને તને શ્રીજીમહારાજે કહ્યું જે, તું હનુમાન પાસે જા, ને તે કહે તેમ કરજે. ત્યારે હે કૃત્યા ! હરિએ પ્રેરી એવી તું મારી પાસે આવી, તે હવે હું તને આજ્ઞા કરું છું

૧.ભવસાગરમાં તરવા ને બીજાને તારવા સમર્થ

જે, **જે સ્ત્રીઓ વ્યભિચારે કરીને પ્રજા ઉપજાવે તેના બાળનું તું ભક્ષણ કરજે. ને વળી વ્યભિચારિણી સ્ત્રીઓ તેને બાળકનો પ્રસવ સમય કહેતા સૂતકી ગ્રહના સમયે તેનો ભક્ષ કરજે**. ને વળી પરસ્ત્રીના સંગી પુરુષ વ્યભિચારી જે હોય તે સર્વે વ્યભિચારી પુરુષનો તારી સહચરીઓ મૃઘીરૂપિણી મૃત્યુદેવીઓ, નાશ કરજો." તેમ હનુમાને કૃત્યાને જે કહ્યું હતું, તે સર્વે વૃતાંત્ત કૃત્યાએ શ્રીજીમહારાજ આગે કહી દેખાડ્યું.

ત્યારે મહારાજે કહ્યું જે, "જે મનુષ્ય સ્ત્રી-પુરુષ વ્યભિચારી હોય તે અમને ન ગમે, તેમ જ હનુમાનને પણ નથી ગમતાં, માટે હનુમાનજીએ અમારી રુચિ પ્રમાણે આજ્ઞા કરી છે." પછી તે સમે શ્રીજીમહારાજે પોતે ઊભા થઈને તાળી પાડીને સર્વે જન જે બાયું-ભાયું તે પ્રત્યે કહ્યું, **"જે જન અમારાં વચન લોપીને વ્યભિચાર કરશે, તે સર્વેનો કૃત્યા આદિક દેવીઓ પરાભવ કરશે. તે સારુ સર્વે જન અમારાં વચન પ્રમાણે વર્તજો."** તેમ કહીને પોતે જમવા પધાર્યા. પછી પોતે જમીને સર્વે સંત ને હરિજનને જમાડીને પોતાને ઉતારે જઈને પોઢી ગયા.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'વડતાલ સમૈયામાં શાસ્ત્રીઓનો તથા કૃત્યાનો પરાભવ કર્યો' એ નામે એક્યાશીમું પ્રકરણ ॥૮૧॥



પ્રકરણ - ૮૨

શ્રીજીમહારાજે રાજાના દૃષ્ટાંતે સ્વમુખે પોતાનું પુરુષોત્તમપણું કહ્યું

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ ગામ **શ્રીદુર્ગપુર**ને વિશે પોતાના ઉતારાને વિશે બિરાજમાન હતા, ને પોતાની આગળ મુનીન્દ્ર મુક્તાનંદસ્વામી આદિક સંત તથા ઉત્તમ નરેશ આદિક હરિજન બેઠા હતા ને ઘણાંક વાજાં જે સરોદા, છતાર(સિતાર) ને દૂકડ આદિક વગાડીને વિષ્ણુપદ ગાતા હતા.

પછી કીર્તન રખાવીને સર્વે બાઈ ભાઈ જન પ્રત્યે શ્રીજીમહારાજ બોલ્યા જે, "હે મુક્તાનંદસ્વામી ! અમે તમારા સર્વેનું માહાત્મ્ય જાણીએ છીએ, પણ જેવા અમે છીએ તે પ્રમાણે અમારું માહાત્મ્ય તમે નથી જાણતા." ત્યારે સર્વે હરિજન ને સંત એમ બોલ્યા જે, "હે મહારાજ ! અમે તો તમારું માહાત્મ્ય ઘણું જાણીએ છીએ. અમારે તો ભજવા યોગ્ય, પૂજવા યોગ્ય, ધ્યાન કરવા યોગ્ય ને માનવા યોગ્ય એક તમે જ છો, ને તમ વિના બીજું કાંઈ નથી."

ત્યારે શ્રીજીમહારાજ મંદમંદ હસતા થકા બોલ્યા જે, "અતિ પવિત્ર એવો કોઈ બ્રાહ્મણ હોય તેને જેમ ગંધવાડા મધ્યે રહેવું પડે ત્યારે તેને અતિ મૂંઝવણ થાય, તેમ મનુષ્યના માયિક દેહ હાડ, ચામ, વિટ(મળ), મૂત્ર ને નરકના કુંડ જેવા સ્ત્રી-પુરુષના દેહ છે. તે જેમ માંડવી ગામ આદિકની ઝાડે ફર્યાની દુર્ગંધી શેરીઓ એવો જે આ મનુષ્યનો દેહ છે, તે સર્વે પ્રકારે અશુદ્ધ છે, તેના(તેવા દેહને ધારી રહેલા તમારા) ભેગા અમે હળીમળીને રહીએ છીએ. ને ક્યાં અમારું ધામ ને ક્યાં અમારું સુખ ! ને ક્યાં અમારા વૈભવ ને ક્યાં અમારાં ખાન-પાન ! ને ક્યાં અમારાં વાહન ને વસ્ત્રાદિક ! તે સર્વે દિવ્ય,

અક્ષય ને અમાયિક છે. તે સર્વે મેલીને મનુષ્યાકૃતિ ધરીને તમારા જેવી પ્રકૃતિ કરીને તમારે ભેગા રહીએ છીએ. તે શા સારુ ? તો **અમારા ધામના ઘણાં મોટાં સુખ ને મોટા જે વૈભવ તેને તમને પમાડવા છે, તે સારુ તમ ભેગા હળીમળીને રહીએ છીએ.** ને અમે જેને ઘેરે રહેશું ને જે અમારી સેવા-પૂજા કરશે તેનો જશ ને માહાત્મ્ય તેનું ગાન સર્વે લોકપાળાદિકે સહિત સર્વે જન પ્રીતિપૂર્વક કરશે, ત્યારે મનુષ્ય કરે તેમાં તે શું ! એવા અમે છીએ.

અને **દેવતાના સો વરસ સુધી મોટું તપ કર્યું હોય, તેનું જે પુણ્ય થાય છે; તેથી અધિક પુણ્ય જે જનને અમારો એક ઘડી સમાગમ થાય છે, તેને થાય છે;** તેમ જાણો. **અમે તો ચિંતામણિથી પણ અધિક છીએ. અને જે જન અમારી મૂર્તિનું ચિંતવન કરે છે, તે અતિ મોટપ ને ઘણી સામર્થી પામે છે, તેવા અમે છીએ.** ને ઘણું છેટે અમારું ધામ છે, ત્યાંથી આવ્યા છીએ. તે લ્યો કહીએ જે, એક લાખ મણનો લોઢાનો ગોળો હોય તેને ત્યાંથી નાંખીએ, તો વચમાં કાળ ખાઈ જાય, પણ પૃથ્વીના તળે પહોંચે નહીં, એટલે છેટેથી આવ્યા છીએ.

ત્યાં એક દૃષ્ટાંત તમને કહીયે છૈયે. જેમાં **રાજાના દૃષ્ટાંતે** અમને સમજવા તે સિદ્ધાંત છે. તે એક રાજા સર્વે ઘણાંક લશ્કરના અગણિત જન પ્રત્યે બોલ્યા જે, 'હે સર્વે જનો ! એક મારી વાત સાંભળો જે, આ વનમાં મહા મદોન્મત્ત ત્રણ સિંહ રહે છે, તેણે મોટા મનુષ્ય જે ભટ્ટ, પંડિત ને ડાહ્યા મનુષ્ય અગણિતને મારી નાંખ્યા છે, તેને હું હણીશ. તે શું ? તો આ મહાવનને વિશે મારે એકલા જ જાવું, ને આ ગહન વન મધ્યે મહાજોરાવર એવા જે સિંહ ને દીપડા આદિક માંસાહારી પર જીવના મારનારા એવા જે પાપી જીવ તેને હું હણીશ, પણ મારે વાંસે કોઈ જન આવશો નહીં.' તેમ કહીને પોતાના ઘોડાને મહાવનને વિશે પ્રવેશ કરાવતા હતા.

તે સિંહ, દીપડા આદિકને કામ ક્રોધ ને લોભાદિક સમજવા. તે મહાવન તે માયારૂપી ઘોર વન સમઝવું. તેનું અંધકાર (તે અજ્ઞાનને સમજવું. તે) ટાળવાને અર્થે ભગવાન પૃથ્વીને વિશે આવે છે.

ને તેમ કરતાં તે રાજા મહા મદોન્મત સિંહને જોઈને તેને વાંસે પોતાના ઘોડાને કર્યો. ત્યારે તે સિંહ ભાગ્યો. ને ઘણેક છેટે જઈને તે રાજાએ પોતાનું તીખું જે તોમર(લોખંડનું ભાલું લગાડેલ લાકડી - ભાલો) તેથી સિંહને માર્યો. ને પછી દિવસ અસ્ત પામ્યો. ને મહા અંધિયારી નિશા શીતકાળની હતી. તેમાં ઘણીક માવઠાની(કસમયે ભારે વરસાદની) ઝડી થાતી હતી. અને રાજાની અતિ સુંવાળપ ને મોટા મનુષ્ય તેથી તેને ઘણુંક દુઃખ પડતું હતું, ત્યારે તેણે પોતાના મનશું વિચાર્યું જે, આ મહાવનને મૂકીને કોઈ વસ્તી મધ્યે જાવું. તેમ વિચાર કરતાં શ્વાનના શબ્દને સાંભળી તે તરફ મહાઝડી મધ્યે પોતાના અશ્વને આગળ હાંકતે એક ખેડુનું ગામ આવ્યું. ને મહા ઘોર રાત્રીને વિશે ઝાંપે આવીને બોલ્યો, ‘અરે ભંગિયા(ચોકીદાર) તુમ ઝાંપા ખોલો.’ ત્યારે તેણે એમ કહ્યું જે, ‘આ ટાણે મહાઝડી મધ્યે તું કોણ છો’ ? ત્યારે તે પાતસાએ(રાજાએ) મનશું વિચાર્યું જે હું ‘પાતસા’ કહીશ તો કોઈ માનશે નહીં, માટે મારા પ્રતાપને સંતાડીને તેનું મનુષ્ય થાઉં તો ઠીક. પછી બોલ્યો જે ‘હું તો પાતસાની સભાનો માણસ છું.’

ત્યારે ભંગીએ કહ્યું જે, ‘અરે ! ભાઈ તારું માથું ફર્યું છે ? જે મોટી રાજધાની મૂકીને આવી ટાઢ મધ્યે રખડે છો ?’ ત્યારે પાતસાએ કહ્યું જે, ‘વખત એસા હે.’ પછી તેણે ઝાંપો ઉઘાડ્યો, ત્યારે પાતસાએ કહ્યું જે, ‘પટેલકા(ગામધણીનું-મુખીનું) ઘર બતાઓ.’ ત્યારે તેણે કહ્યું જે ‘આ દીવા બળે, તે પટેલનું ઘર છે.’ ત્યારે તે ઠેકાણે જઈને કહ્યું જે, ‘અરે પટેલ ! તુમ દરવાજા ખોલો.’ ત્યારે તેણે એમ કહ્યું, ‘અરે ! આ ટાણે આ ઘોર નિશા મધ્યે ઘણીક મેઘની ઝડી ને શીતના દુઃખને સહન

કરનારો એવો તું કોણ છો ?' ત્યારે તે ચક્રવર્તી રાજાએ પોતાના મનશું વિચાર કર્યો જે, જેવો હું મોટો છું, તેવી મારે મોંઢેથી મહત્તા કહીશ, તો કોઈ નહીં માને, તેમ વિચારીને બોલ્યો જે, 'હું તો પાતસાની સભાનો માણસ છું. ને અમારી તમે રૈયત છો.' ત્યારે પટેલ બોલ્યો, 'અરે ભાઈ, એવી રાજધાનીના સુખનો ત્યાગ કરી એકલો ફરે છે, તે તારું માથું ફર્યું છે કે શું ?' ત્યારે તે રાજા બોલ્યો,'અરે ભાઈ વખત એસા હે.' ત્યારે તેણે કમાડ ઉઘાડ્યું, ને તેના ફળી મધ્યે ઊભા રહીને કહ્યું જે, 'મુને કોરા વસ્ત્ર આપશો ?'

ત્યારે તે લોકે કહ્યું જે, 'તમે અમારા ધણીનાં મનુષ્ય છો', તેમ કહીને પછી ફાટેલ ને મલિન કોરાં વસ્ત્રને આપીને કહ્યું જે, 'અરે ભાઈ, તારે કાંઈ ખાવું છે ?' ત્યારે તે નરેશે કહ્યું જે, 'હા.' ત્યારે તેના ઘર મધ્યે ખાટો ઘેંસનો બોળો[૧] હતો, (તે આપવાના વિચારથી) તેની સ્ત્રી બોલી જે 'હે પટેલ, ખાટું એવું જે અન્ન તે પિત્તળના ઠામ મધ્યે આપ્યે કસાઈ જાશે(કડછું થઈ જશે).' ત્યારે પટેલે કહ્યું જે, 'આપણું રાંધ્યાનું હાંડલું ફોડીને ઠીબ આપો, આપણા ધણીનું મનુષ્ય છે'. પછી ઠીકરા મધ્યે આપ્યું, ને તેણે એમ કહ્યું જે, 'તું અમારા ધણીનું મનુષ્ય છો, તેથી અમારે તારી ખાતર(સંભાળ) રાખી જોઈએ'.

પછી તે નરેશે ખાવા માંડ્યું, પણ ઘણું ખાટું, તે ખવાણું નહીં. ત્યારે તેણે તે અન્નનું ઠીબકું શ્વાનને આગળ મૂક્યું, તેણે પણ ન ખાધું, પછી તે પાતસાએ કહ્યું જે, 'હે પટેલ ! અમારા કપડાં સબ ભીગ ગયા હે, બોહોત ઠંડ વાતા હે વાસ્તે કોરા ગોદડાં આપો.' ત્યારે તે પટેલે એમ કહ્યું જે, 'મારા ધણી જે પાતસા છે, તેને પ્રતાપે આ ગામ મધ્યે મારો હુકમ ચાલે છે, પણ અરે ભાઈ, આ મહાઘોર અંધિયારી નિશા ને મેઘની ઝડી મધ્યે સર્વે જન સૂતા છે. માટે ખાટલા ને ગોદડાં કોણ લાવે? ને

૧. છાશમાં લોટ ને મીઠું નાંખી પલાળી રાખી બનાવેલ ખીરૂં

અરે ભાઈ, તારું માથું ફર્યું જે, તું મારા ધણીના મોટા દરબારની શૈયાનું સુખ મેલીને ને મોટી રાજધાનીના સુખનો ત્યાગ કરીને આવા દુઃખને સહન કરો છો તે શું ?' ત્યારે તે નરેશે કહ્યું, 'જે અમારી મરજીથી અમારું ફરવું છે, એવા અમે છૈયે. ને પારકા દુઃખનો નાશ કરવાને અર્થે અમે ફરીયે છૈયે.' ત્યારે તે પટેલે કહ્યું જે, 'અમારો સાથી સૂતો છે, તેના ભેગા સૂઓ. કેમ જે મારા ધણીના માણસ છો.' પછી તેને ભેગા સૂઈને રાત કાઢી ને નિશા ગઈ ને દિનેશ ઊગ્યો. એટલાક મધ્યે તે રાજાના ઘણાક વૈભવના સુખની ચતુરંગીની સેના આવી.

ત્યારે ઘણાંક વાજાં ને નેજા ને નિશાન આદિક ને ઘણાક ચોબદારને શુભ વેણેથી બોલતા જોઈને તે પટેલે તેને પૂછ્યું જે, "આ કોણ છે?" ત્યારે તે સર્વે જને કહ્યું જે, 'સર્વે પૃથ્વીના પતિ પાતસા છે.' તેમ સાંભળીને પોતાના મનશું ઘણુંક ભયને પામ્યો જે, 'આવડો મોટો રાજા ! તેને મેં ઠીકરા મધ્યે ટાઢી ઘેંસનો બોળો આપ્યો ને મલિન જૂનાં વસ્ત્ર આપ્યાં. ને સાથીને ભેગો ટૂટલમૂટલ ખાટલા ને ફાટલ ગોદડા મધ્યે મેં સુવાડ્યો. અને ક્યાં તે રાજા ને ક્યાં તે હું ! તે મેં તેની સેવા તેના પ્રમાણે નથી કરી. ને જોને આ ખાધાનું ઠીબડકું તે ફળી મધ્યે પડ્યું છે. તેવી મારી સેવા ને ચાકરીને જોઈને મુને જરૂર કાંધ મારશે(મૃત્યુદંડ દેશે).' તેમ તેના મનશું વિચારે છે.

એટલાક મધ્યે તે રાજાના મનુષ્યે તે રાજાને પૂછ્યું જે, 'તમે કેમ દિવસ ને રાત કાઢી ? તે કહો.' ત્યારે તે ચક્રવર્તીએ પોતાના મનુષ્ય પ્રત્યે કહ્યું જે, 'દિવસ મધ્યે જે દુઃખ થયું તે સહન કરીને રાત્રી મધ્યે આ પટેલના ઘરને વિશે નિવાસ કર્યો છે. તે મેરાં કપડાં દેખો, ને આ મારા ગોદડાં ને ખાટલા ને ખાણા કા ઠીબડા બી દેખો.' તેને જોઈને તેના સર્વે જન ને તે પટેલ તે લજ્જાને પામ્યા. ને પટેલ તો મનશું અતિ ભયને પામતો હવો જે, 'આ તો મોટો રાજા હતો, પણ મેં ઓળખ્યો

પણ નહીં ને તેના અધિકાર પ્રમાણે મારાથી તેનું સન્માન નથી થયું. તે રાજા મુને ઘણોક દંડ આપશે.'

એટલાક મધ્યે તે રાજાએ કહ્યું, 'અરે પટેલ ! તેરા નામ કહોને. તેં અમારી ચાકરી કઠણ વખતે કરી છે. ને તારે ઘરે હું એક રાત્રી રહ્યો. ને તેં જાણે વા અજાણે મારી સેવા કરી. ને જે જે મેં તુંને કહ્યું તે પ્રમાણે તેં મારા વચન પાળીને તું બોલતો જે, તું મારા ધણીનું મનુષ્ય છો. તેથી તારા ઉપર હું ઘણુંક રાજી થઈને આ જે ગામનું પરગણું(નક્કી કરેલો વિસ્તાર) તે તુંને માંડી આપું(લેખિત કરી આપું) છું. તે તારા વંશપરંપરા સુખેથી ખાજો.'

ત્યારે નરેશના માણસ દીવાન આદિકે કહ્યું જે, 'હે મોટા રાજા ! આ પરગણાનાં તો ઘણાંક નાણાં ઊપજે છે.' ત્યારે તે નરેશે કહ્યું જે, 'એને ઘેરે હું આવ્યો, તેનો મોટો પ્રતાપ દેખાડવો છે.' તેમ કહીને પોતાની મોરછાપનું લખત કરાવી દીધું." પછી તે સમયે શ્રીજીમહારાજે પોતાના સર્વે જન મુક્તાનંદસ્વામી આદિકને કહ્યું જે, "આ દૃષ્ટાંત, તેનું સિદ્ધાંત તે કહી દેખાડીએ જે, અમારા ધામમાં ઘણુંક સુખ ને વૈભવ તે સર્વોપરી છે. તે સર્વે સુખ ને વૈભવનો ત્યાગ કરીને અમારી સ્વેચ્છાથી અમે તમ જેવી મનુષ્યાકૃતિ ધારીને તમારે ભેગા રહીએ છીએ. તે પણ તમારા કલ્યાણને અર્થે છે વિચરવું જેનું એવા અમે છીએ. ને ક્યાં અમે ને ક્યાં તમે ! તે સમાગમ તે તો અતિ દુર્લભ છે.

અને ઘણાક અવતારાદિક પૃથ્વી ઉપર આવ્યા, પણ તેમના થકી કોઈ જીવ અમારા ધામ મધ્યે પહોંચ્યા નહીં, તે સર્વે ઓરા(અન્ય ધામોમાં) રહ્યા. અને કળિના કામ ને ક્રોધ ને લોભ ને માન ને ઈર્ષ્યા આદિક રૂપી સિંહોની મહાજોરાવર સેનાએ હારને પમાડ્યા એવા જે સર્વે જનના જીવ તેને જોઈને તે સર્વેના શત્રુને હણવા સારુ (જ્યાંથી અમે આ પૃથ્વી ઉપર આવ્યા છીએ. તે) અમારું અક્ષરધામ ઘણુંક ઊંચું

ને ઘણુંક છેટું છે, તેનું પ્રમાણ તે કહીએ. **એક લાખ મણનો લોહનો ગોળો** હોય તેને અક્ષરધામથી પૃથ્વીને વિશે નાંખીએ તો તે ગોળાને વચમાં કાળ ખાઈ જાય, પણ તે પૃથ્વીના તળ મધ્યે પહોંચે નહીં. તેટલા છેટેથી અમે આવીને તમને દિવ્ય ભાવને પમાડવા સારુ તમારા ઘરને વિશે તમ ભેગા રહીએ છીએ. અને જેના ઘરને વિશે અમે થોડાક દિવસ વાસ કરીને રે'શું, તેના જશ ને માહાત્મ્યનું ઘણાંક કાલપર્યંત સુધી સર્વે લોકમાં સંત ને હરિજન ને દેવાદિક જે જીવ ને તેની સ્ત્રિયું ને પુરુષ તેના ગણે સહિત નિત્ય પ્રત્યે ગાન કરીને અતિ હર્ષને પામશે એવા અમે છીએ. ને કોઈ પાસે અન્નજાચના કરીએ તથા વસ્ત્ર આદિક હરેક વસ્તુઓ માંગીએ છીએ, તે પણ તેના જીવનું જેમ સારું થાય તે સારુ છે, પણ આ સર્વે લોકને વિશે સર્વે મોટા વૈભવના સુખ ને મોટપ જણાય છે, તે સર્વે અમારા આપેલાં જ છે.

અને જેના ઘરને વિશે હમણાં અમે વસીએ છીએ, તેના જશ ને મહાત્મ્ય તે સર્વે લોક મધ્યે ગવાશે, એવા અમે છીએ. ને જેમ તે રાજા ચક્રવર્તી તે પટેલને ઘરે એક રાત્રી નિવાસ કરીને તેને ઘણાંક મોટા પરગણાનો પતિ કર્યો અને તેની ચાકરીથી વધુ આપીને ખ્યાતિને પમાડ્યો, તેમ જે જન અમારો સમાગમ ને ચાકરી તથા ભક્તિ જેવી કરે છે, તેથી પણ અધિક મોટપને પામશે; તેવા અમે છીએ. તે વાત મધ્યે સંશય નથી."

પછી શ્રીજીમહારાજ બોલ્યા, "જેમ તે ચક્રવર્તી નરેશે રાત્રી મધ્યે એમ કહ્યું જે, 'હું તો રાજાનો માણસ છું' કેમ જે તે નરેશે મનશું વિચાર કર્યો જે, 'હું મારે મોંઢેથી આને એમ કહીશ જે, હું જ ચક્રવર્તી રાજા છું, તો તે વાત મંજૂર નહીં કરે.' ને તે શું ચક્રવર્તી નહોતો ? પણ પોતાને મોંઢેથી ન કીધું. અને તેની સેના રૂપી વૈભવને જોઈને તે પટેલ અને તે ગામના સર્વે લોક તે અતિ આશ્ચર્યને પામ્યા. તેમ અમને તો

કોઈક પૂછે જે, તમે કોણ છો ? ત્યારે અમે તેને એમ કહીએ છીએ જે, અમે સંત તથા સદ્‌ગુરુ છીએ."

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "આ ચક્રવર્તીના દૃષ્ટાંતેથી અમને સમજવા. અમારા વૈભવનો પ્રતાપ તો જુઓ અમે અમારા જે સાધુ તેને ધન તથા સ્ત્રીરૂપી જે પાશ તે મધ્યે બંધાવા દેતા નથી, તો જણાશે કે અમે સર્વોપરી છીએ. ને વળી જે હરિજન બાયું ને ભાઈ તે પણ અમારા પ્રતાપને જોઈને અતિ ધર્મમર્યાદા મધ્યે વર્તે છે."

અને તેમ કહીને શ્રીજીમહારાજે કહ્યું જે, "હે મુનીન્દ્ર મુક્તાનંદસ્વામી ! અમારી રુચિ તથા શ્રીકૃષ્ણની રુચિ તેને પૃથક પૃથકપણે કરીને કહો." ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! શ્રીકૃષ્ણભગવાનને આગે તો જાદવ વિષમગતિએ(કુમાર્ગે) વર્ત્યા, તે શું ? તો પરસ્ત્રીગમન તથા હિંસા તથા ચોરી તથા દારુમાંસાદિક ઘણાંક ફેલે વર્ત્યા, પણ શ્રીકૃષ્ણ ભગવાનનાં વચનને માન્યાં જ નહીં. ને હે મહારાજ ! તમે તો અતિ સમર્થ છો ને તમે બાંધી જે ધર્મમર્યાદા તેનો કોઈ લોપ કરે, તો મરને ગમે એવડો મોટો હોય, તે પણ તુચ્છપણાને પામી જાય; તેવા તમે છો.

અને તમારા વચનને વિશે ઘણોક પ્રતાપ આવે છે. ને તમે તો સર્વોપરી વર્તો છો અને તમે બળની સીમા છો; ને બુદ્ધિની સીમા છો; ને તપની સીમા છો; ને ત્યાગની સીમા છો; ને નિર્લોભપણે રેવું, તેની સીમા છો; ને નિર્માનીપણે રેવું ને વર્તવું, તેની પણ તમે સીમા છો; ને સર્વે લોકોના જીવોને નીમ મધ્યે રખાવવા તેની પણ સીમા છો. ને હે હરે ! હે સમર્થ ! ને હે પ્રભો ! હે મહારાજ ! તમે તો અવતારી પુરુષ છો. ને તમને કોઈ ભક્તજન ભગવાન કહે છે, તેમાં શો બાધ છે ? ને તેને ઉપરે રીસ કેમ કરો છો ? તે કહો."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "હે સ્વામી ! જે ભગવાન હશે, તે પોતાના અધિકારેથી ઓળખાશે." ત્યાં શ્રીજીમહારાજ સાખી બોલ્યા જે,

મહારાજ બેઠા માળિયે અધિકારે ઓળખાય,
નર જો આંગળી ચીંધે તો અપરાધી થાય.[૧]

અને વળી પોતે બીજી સાખી બોલ્યા જે,

'ગુરુ ગોવિંદ દોનું ખડે, કીનકું લાગુ પાય ?
બલિહારી વો ગુરુકી જિને ગોવિંદ દિયા બતાય'


સાખી બોલીને કહ્યું જે, "તેમ અમારા ગુણ ને કીર્તનના ઘણાક શાસ્ત્રાદિક ગુણ ને કીર્તિરૂપ જે અમારી મોટપ રૂપી અમારા ધામના વૈભવ સાંભળવાથી ને જોવાથી અતિ આશ્ચર્યતાને પામશે.

અને જેમ તે રાત્રીને અંતે પ્રભાતને વિશે ચક્રવર્તી નરેશના ઘણાક વૈભવ જોઈને તે પ્રમાણે તે રાજાની સેવા નોતી કરી તે પટેલ ને તેના જન અતિ લજ્જાને પામીને દુખિયા થયા, તેમ માયિક સુખરૂપી જે રાત્રીનો અતિ અંધકાર તે મધ્યે અમે જેવા છૈયે તેવા અમને અમારો જન નથી જાણતો, પણ તેના દેહના અંત સમારૂપ વિશેષ વિકટ વેળા મધ્યે અમારા જનનાં ઘણાંક દુઃખને ટાળનારા અમારા વૈભવરૂપ જે દિવ્ય પાર્ષદ ને દિવ્ય વિમાને સહિત અમને જોવે કરીને 'અહો..! અહો..!' શબ્દને કરતો અમારે વિશે અતિ લગની પામશે, ને કહેશે જે, 'ક્યાં મહારાજ ને ક્યાં હું જીવ ! ને જેવા મહારાજ હતા, તે પ્રમાણે મેં સેવા નોતી કરી, પણ મહારાજ પોતાના અધિકાર સામું જોઈને મુને મોટા સુખને પમાડતા હતા !' તેવા પશ્ચાતાપને કરતો એવો જે મારો ભક્તજન તેના સર્વે પાપને બાળી તેને અતિ સુખ આપીશ. ને તે મારા ધામના

૧.ભગવાન તો એટલા ઊંચે બેઠેલા છે કે, તે અધિકાર પ્રમાણે ઓળખાઈ જાય છે. અર્થાત્ અધિકારી જીવને આ સર્વાવતારી ભગવાન છે; એમ જણાઈ આવે છે. પરંતુ આંગળીએ કરીને ચીંધતા એટલે કે ખૂલ્લું આંગળી બતાવીને સર્વાવતારી ભગવાન તરીકે કહેવાથી તો કહેનારો અપરાધી બને છે.

વૈભવને નિશ્ચે જ પામશે તેમાં કાંઈ સંશય નથી." તેમ શ્રીજીમહારાજે ઉપર લખ્યા જે ચક્રવર્તી રાજાના દૃષ્ટાંતેથી પોતાની મોટપ ને પોતાના ધામનાં સુખ તે શ્રીમુખેથી કહ્યાં. તે મધ્યેથી કિંચિત્ વાર્તા લખી છે. તે સંવત્ ૧૮૭૨ ના ભાદરવા સુદી ૧૫ ના કરી હતી. તે સંતજન ને હરિજનની કૃપાથી સાંભળેલી ને દીઠેલી શાસ્ત્રી લક્ષ્મીરામે લખી છે.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'શ્રીજીમહારાજે રાજાના દૃષ્ટાંતે સ્વમુખે પોતાનું પુરુષોત્તમપણું કહ્યું' એ નામે બ્યાશીમું પ્રકરણ ॥૮૨॥



પ્રકરણ - ૮૩

ગજકર્ણ નામે આસુરી બ્રાહ્મણ શ્રીહરિને પરાસ્ત કરવા ગઢપુર આવ્યો

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ **શ્રીદુર્ગપુર**ને વિશે ઉત્તમ નરેશના દરબારમાં પોતાના ઉતારાને વિશે સુખાસને બેઠા બિરાજમાન હતા. અને અતિ મહોત્સવ જે ઝાંઝ, મૃદંગ ને સરોદા ને છતાર ને દોકડાદિક વાજિંત્ર વાગતાં હતાં.

તે સમાની શ્રીજીમહારાજની મૂર્તિનો પોશાક જે વસન ને હેમના અલંકારાદિકની શોભા જેમ દીઠી હતી, તેમ શાસ્ત્રી લક્ષ્મીરામે તે લખી છે. તે નીલા કિનખાપનો સુરવાળ પહેર્યો હતો. માથે જરિયાની મંડીલનો કસુંબી રંગનો રેંટો બાંધ્યો હતો. નીલા કિનખાબની ડગલી પહેરી હતી. એક અસ્માની રંગને રેટેથી ચોગઠ પાડીને કમર કસી હતી ને એક પીળા રંગનું જરિયાની શેલું ખંભે ધાર્યું હતું.

અને હવે મહારાજના હેમના અલંકાર આદિક લખીએ છીએ જે, ચરણ મધ્યે તોડા ને નેપુર અને બેઉ કર મધ્યે કનકનાં કડાંની કોર વાઘમોરાં, વેઢ, વીંટિયું, નંગે જડિત બાજુબંધ ને પોંચિયું અને ઉરને વિશે ઊતરીઓ, હેમનાં દોરા, સત્ય મોતીના હાર અને કંઠ મધ્યે ઘણાક મૂલવાળા નંગે જડેલ ગલબંધ પહેર્યા હતા. તે સર્વે શોભાને શોભાડતા એવા જે શ્રીજીમહારાજ બિરાજમાન હતા.

તે સમે શ્રીજીમહારાજે સંત તથા હરિજન પ્રત્યે કહ્યું જે, "આપણે તો શ્રીભારતની કથા કરાવવી છે." ત્યારે ઉત્તમ નરેશાદિક સર્વેજને કહ્યું જે, "હે મહારાજ ! જ્યાં ભારત વાંચે ત્યાં વિક્ષેપ આવે તથા શત્રુ ઊપજે ને તેથી જુદ્ધ પણ થાય, તેમ સર્વેજન કહે છે."

ત્યારે શ્રીજીમહારાજ સર્વેજન પ્રત્યે બોલ્યા જે, "એક ગજકર્ણ નામે બ્રાહ્મણ (તૈલંગ દેશનો) મહાવીરાવળિયો ને કાલી ને ભૈરવ ને માણિભદ્ર(એ પ્રકારનો એક યક્ષ) ને વીરભદ્રાદિક બાવન વીરનો ઉપાસક છે. અને મૂઠ ને આગિયો વેતાલ(જેમાંથી આગ ઝરતી હોય તેવું ભૂત) ચલાવવા તેમાં અતિ હોશિયાર છે.

તે પોતાની જે વશીકરણ વિદ્યાની સામર્થીએ કરીને સર્વે દેશના રાજા ને સર્વે ભેખધારી ને સર્વે બ્રાહ્મણોને તથા ગોસ્વામી આદિક મત ને પંથના સર્વે મનુષ્યને હાર પમાડતો થકો હિંદુસ્થાનને વિશે ફરતો હવો. તથા માળવા દેશ તથા મેવાડ દેશ ને ઢૂટાડ્ય દેશ તથા મરુત દેશ ને મગધ દેશને વિશે રહ્યા જે જૈન મતના અધિકારી તેને પોતાની મેલી વિદ્યાયે કરીને જીતી લીધા. ને તે સર્વે મેલા જતિ તથા ઊજળિયા જતિઓને જીતીને હાર પમાડ્યા. ને સર્વે દેશને વિશે ફરતાં ફરતાં સાબરમતી નદીને ઊતરીને ભાલદેશના મતવાદીને જીતીને સૌભીરદેશ

પ્રત્યે જઈને ત્યાંના સર્વે મતવાદી ને ભેખધારી તથા બ્રાહ્મણ તથા ત્યાંના રાજાયે સહિત સર્વેજનને પોતાની મેલી વિદ્યા જે મારણ ને મોહન[૧] ને ઉચ્ચાટન[૨] ને મૂઠ આદિક તેણેથી હારને પમાડ્યા ને જીતી લીધા.

અને સર્વે દેશ મધ્યે જ્યાં જ્યાં ફરતો હતો, ત્યાં સર્વે જન એમ બોલતા હતા જે, "હે ગજકર્ણ ! સર્વે ભેખધારી ને બ્રાહ્મણ ને રાજાયે સહિત પ્રજાને તમારી મેલી વિદ્યા રૂપી સામર્થીથી જીતીને તેનો તમે દંડ કર્યો ને તે તો ઠીક, પણ હે ગજકર્ણ ! તમારે માથે એક સ્વામિનારાયણ અવતારી પુરુષ મહાસામર્થીવાન આ પૃથ્વીને વિશે પોતાની સામર્થીએ સહિત ફરે છે. ને હે ગજકર્ણ ! તેના સાધુ પાંચસો મહાત્યાગી પુરુષ છે, ને લંગોટબંધ(દૃઢ બ્રહ્મચારી) છે. ને સ્ત્રી ને દ્રવ્યના ત્યાગી ને અતિ ઇંદ્રિયજીત ને અષ્ટ પ્રકારે સ્ત્રીના ત્યાગી છે. ને મેલા મંત્ર તથા મૂઠ તથા આગિયા વેતાલ તથા ભૈરવ ને ભૂતવૈતાલ ને કબંધાદિક બ્રહ્મરાક્ષસ આદિક જે ભૂતગણ તેને તો તે માનતા નથી. ને તમે ત્યાં જાશો ત્યારે તમને ખબર પડશે." તેમ સર્વે જન બોલ્યા.

ત્યારે ગજકર્ણે કહ્યું જે, "તે સ્વામિનારાયણ કયા દેશ પ્રત્યે રહે છે ? ને જે પુર મધ્યે રહે છે, તેનાં નામ કહો." ત્યારે તેણે કહ્યું જે, "કાઠિયાવાડ દેશ પ્રત્યે મહાશોભાયમાન દુર્ગપુર પ્રત્યે રહે છે." તેમ સાંભળીને મહાગર્વનો ભરેલો ને પોતાની વિદ્યાયે કરીને મહામદોન્મત્ત થકો ને નથી જાણતો પ્રતાપ શ્રીજીમહારાજનો એવો થકો ગામ ને પુર ને ખેટ ને ખર્વટના સર્વેજનને દબાવતો થકો શ્રીદુર્ગપુર પ્રત્યે એક દિવસને સમે આવ્યો. ને પોતાને ભેગા ઘણાક મંત્રના ભણેલા ઘણાક વીરાવલિયા એવા બ્રાહ્મણ જે તૈલંગી તથા મહારાષ્ટ્રના કરાડા[૩] તથા

૧.કોઈને મોહિત કે મૂર્છિત કરવાનો તાંત્રિક પ્રયોગ
૨.કોઈની ઉપર દુઃખ નાખવાનો તાંત્રિક પ્રયોગ
૩.મહારાષ્ટ્રમાં સાવંતવાડી અને રત્નાગિરિ વચ્ચેના પ્રદેશના બ્રાહ્મણોને કરાડા કહે છે.

શાકલદ્વીપના તથા કાન્યકુબ્જ(બ્રાહ્મણની એક જાતિ) આદિકે વીંટાણો થકો દુર્ગપુરને વિશે પડાવ કર્યો.

અને દુર્ગપુરીનાં જન જે દૈવી ને આસુરી તેને જોવાને અર્થે જાતા હવા, ત્યારે તે માની ગજકર્ણ સર્વે લોકો પ્રત્યે પૂછતો હવો, "અરે લોકો, આ નગરને વિશે સ્વામિનારાયણ રહે છે" ? ત્યારે આસુરી લોકે તથા દૈવી લોકે કહ્યું જે, "હા આંહીં રહે છે. ને વળી પોતે પ્રભુ થઈને પુજાય છે. ને પોતાની સામર્થી રૂપી બ્રહ્મવિદ્યા રૂપી જે યોગૈશ્વર્ય તેણે કરીને મેલા દેવ જે ભૈરવ ને ભૂત ને કબંધ ને બ્રહ્મરાક્ષસાદિક તથા ડાકણ ને વૈતાલાદિક તુચ્છ દેવોને પોતે તથા પોતાના જે ભક્ત સંત ને હરિજન તે તો માનતા(ગણતા) જ નથી. પોતાના ઈષ્ટદેવ જે સ્વામિનારાયણ તેના પ્રતાપેથી સર્વે દેશોદેશ મધ્યે રહ્યાં જે અગણિત મનુષ્ય જે બાયું ને ભાઈ તે નિરભેથી વર્તે છે."

સર્વે લોકોનાં તેવાં વચન સાંભળીને પોતાની વિદ્યાથી સર્વે દેશોદેશનાં સર્વે મનુષ્યને જીતીને વશ કર્યાં છે, તેના માનથી ને નથી જાણતો પ્રતાપ શ્રીજીમહારાજનો એવો જે મહાઅભિમાની તે ગજકર્ણ તે સમાને વિશે મહાક્રોધાયમાન થઈને એમ બોલ્યો જે, "મારી વિદ્યારૂપી સામર્થીથી સર્વે લોક મધ્યે હું વિખ્યાત છું. ને પ્રભાતને વિશે મારાં પરાક્રમને જોજો જે, આ પુરી મધ્યે હું આગિયો વેતાલ ચલાવીશ તથા કૃત્યાનલ અગ્નિને હું ચલાવીશ. ને જે નગરને વિશે સ્વામિનારાયણ રહ્યા એવી આ પુરી તેને હું બાળીને ભસ્મ કરી નાંખીશ." તેમ તે બોલ્યો.

તેને સાંભળીને સર્વેલોક તે શ્રીજીમહારાજ બિરાજમાન છે, તે સ્થાનકને વિશે આવીને સભીત થકા આમ બોલ્યા જે, "હે મહારાજ ! હા ઈતી કષ્ટે એક ગજકર્ણ મહાવીરાવલિયો તે કાલે આ આપણી નગરી બાળી નાંખશે." એમ સર્વે બોલ્યા ત્યારે શ્રીજીમહારાજે તે સર્વે જન

પ્રત્યે મનુષ્યચેષ્ટાથી એમ કહ્યું જે, “અમારા દરબારને વિશે સર્વોપરી એવા શ્રીવાસુદેવનારાયણની મૂર્તિ પધરાવી છે, તે અતિ ચમત્કારી છે. સર્વે કષ્ટથી રક્ષા કરે તેવા તે દેવ છે. તે જ તમારાં સર્વે દુઃખથી તમને ઉગારે એવા તે દેવ છે. તેથી તમે સર્વે નચિંત રહો, ને પૂર્વે આ મૂર્તિએ પરચો પૂર્યો છે, તે લ્યો કહીએ.

❉ વાસુદેવનારાયણે એભલ બાપુ આદિકને આપેલ પરચો

એક દિવસને સમે રાજબાઈ તથા જીવુબાઈ ને અમરબાઈ વિપ્રની પુત્રી તેમણે સંસારી સુખ હરામ કરીને શ્રીવાસુદેવની આ મૂર્તિની ભક્તિ ને સેવાને કરતાં હવાં. એટલાક મધ્યે તેના દરબાર વિશે ઉતમ નરેશના પિતા જે અભય રાજાએ પૂછ્યું જે, ‘આ દરબાર મધ્યે ઘડિયાળ ને ઘંટા ને ઝાલર તે ક્યાં વાગે છે ?’ ત્યારે તે વાતના જાણતલે કહ્યું જે, ‘હે નરેશ આપણા દરબાર મધ્યે મોટીબા આદિક બાયું માંચા ભક્ત પાસેથી શ્રીવાસુદેવ ભગવાનની મૂર્તિ લાવીને પધરાવીને પૂજા કરે છે.’ તેમ સાંભળીને તે નરેશ મહા ક્રોધાયમાન થઈને તરવાર કાઢીને બોલ્યા, ‘અરે બાયું તમે આ રાજદરબાર મધ્યે ઠાકરદ્વારો(ચોરામાંનું દેવમંદિર) કર્યો ? ને તે તો સાધુને જોઈએ. અને તમે માથાં મુંડાવીને સંસાર મૂકીને ભક્તિ કરો છો, તેથી લોક ઘણીક ઉપાધિ કરે છે. તેથી મૂર્તિ પધરાવીને પૂજતી એવી સર્વે બાયું તેનાં મસ્તક આ મારી તીખી તરવારેથી કાપી નાંખીશ.’

ત્યારે પોતાની દીકરી બાઈ મોટીબા તે પ્રત્યે બોલ્યાં જે, ‘હે બાપુ તમે મારું એકનું જ માથું કાપો, પણ બીજી બાયુંનો વાંક નથી, ને આ મૂર્તિ તે તો મેં પધરાવી છે. ને હે પિતા ! સર્વે જે સંસારિક સુખનો ત્યાગ કરીને નિર્દોષ એવા અમારા ગુરુ જે સ્વામિનારાયણ તેની સાચી ભક્તિ કરીએ છીએ તેમા શો બાધ છે ? ને આ તો સાચા દેવ છે ને

હજૂરા હજૂર ને ચમત્કારી આ મૂર્તિ છે ! પોતાના ભક્તના સર્વે મનોરથ પૂરા કરે, તેવા આ વાસુદેવનારાયણ છે.'

ત્યારે તે અભય નરેશે એમ કહ્યું જે, 'જો તમારા ઠાકોરજી દૂધ પીવે તો તે દેવ ખરા, ને જો દૂધ ન પીવે તો તમે સર્વે બાયુંનાં મસ્તક છેદી નાખું.' ત્યારે મોટાં ભક્ત શિરોમણી એવાં જોગ માયા જેવાં મોટીબા તેણે એમ કહ્યું જે, 'હે રાજા કપિલા ગાયનું પવિત્ર પય દોહરાવીને પવિત્રપણે પયને શીઘ્ર લાવો. ને અમારી સાચી ભક્તિ જોઈને ગરીબનવાજ ને દીનબંધુ તે પયને નિશ્ચે જ પીશે.'

તેમ કહ્યાથી તે નરેશે સાકરે સહિત પયનો કટોરો લાવીને આપ્યો. ને પછી તે નરેશે કહ્યું જે, 'જો તમારા ગુરુ જે સ્વામિનારાયણ તે ભગવાન અવતારી પુરુષ હશે, ને તે જો તમારી મદદ કરશે, તો તમારા ગુરુએ સહિત સર્વે તેના ભક્ત પણ સાચા જ કે'વાય.' તેમ કહી પોતાની અસિને કાઢીને એમ બોલ્યા, 'હા લ્યો દૂધ પાઓ, ને જો તમારા ઠાકોરજી દૂધ નહીં પીવે તો પ્રથમ સેવાને કરતી એવી જે દ્વિજની પુત્રી અમર તેનું મસ્તક છેદીશ, પછી તમને મારીશ ખરો.'

ત્યારે તેની પુત્રી ને ભક્ત શિરોમણિ એવા મોટીબાએ સેવાની કરતલ અમરબાઈને કહ્યું જે, 'તું સર્વે ભયનો ત્યાગ કરી દઈને સ્તુતિ કર જે, હે ભક્તવત્સલ ! ને હે ગરીબનવાજ ! હે શરણાગતવત્સલ ! હે અશરણશરણ ! ને હે તરણતારણ ! ને હે રાકુંના બેલી ! ને હે અબલાના ઓધારા ! ને હે મહારાજ ! અમે સર્વે સાંસારિક સુખનો ત્યાગ કરીને એક તમારું સુખ ને બળ તેને જ અનુસર્યા છીએ. ને અમને આ મારી નાંખે છે, તેથી અમે નથી બીતાં, પણ અમે પ્રથમ પેલો તમારો સત્સંગ કરીને તમારી સાચી ભક્તિ આદરી છે, ને જો તમે અમારી મદદ નહીં કરો, તો બીજો કોણ કરશે ? ને તમારી ભક્તિ કોણ કરશે ? ને તમે તો અસંખ્યાત જીવોનો ઉધ્ધાર કરનારા છો.'

તેમ ઘણીક પ્રકારની સ્તુતિ મોટીબાઈએ કરી ને તે સેવાને કરતી એવી બાઈ અમરના હાથ મધ્યે પયનો કટોરો આપ્યો. તે સમાને વિશે આ વાસુદેવ ભગવાને તે પોતાનો હાથ પસારીને કટોરો જમણા હસ્તકમળમાં લઈને પય પીધું. અને કટોરો તે નરેશને સામો નાંખ્યો. તેવો મોટો પ્રતાપ જોઈને તે નરેશે એમ કહ્યું જે, 'બાયું, તમારા ઠાકોરજી ખરા ! ને તમારી ભક્તિ પણ ખરી ! ને તમારા ગુરુ જે સ્વામિનારાયણ તે પણ ખરા ! હવે જે વસ્તુ તમારા ઠાકોરજીને અર્થે જોઈએ તે સર્વે હું આપીશ ને તમે સુખેથી સેવા ને પૂજા કરજો.' તેમ સર્વે વાર્તા પૂર્વે થઈ."

તેમ શ્રીજીમહારાજ તે આખ્યાન તે દુર્ગપુરીના સર્વે સભીત લોક પ્રત્યે કહીને બોલ્યા જે, "આ દેવ તે સર્વોપરી છે, ને વાસુદેવ નામે તે શ્રીકૃષ્ણને જ કહે છે. તે સદાય અમારા અંતરને વિશે બિરાજમાન છે ને તે શ્રીકૃષ્ણના અંતઃકરણને વિશે અમે સદાય રહીએ છીએ. ને શ્રીકૃષ્ણના કહ્યાં અમે કરીએ છીએ ને અમારા કહ્યાં તે શ્રીકૃષ્ણ કરે છે; તેમ અરસપરસ અમે ને તે એકતાથી રહીએ છીએ. એવા અમે છીએ. ને અમારી જે દુર્ગપુરી તેને વિશે રહ્યા જે લોકે સહિત આપ સર્વેની હું રક્ષા કરીશ. તે ગજકર્ણ નામે આવ્યો જે દ્વિજ ઘણોક બળિયો ને સર્વે આસુરી વિદ્યા ભણેલો છે, તે સર્વે દેશોને જીતીને વશ કરતો ને તેના માનથી અમારી પાસે આવ્યો છે. તો અમે પણ અમારી બ્રહ્મવિદ્યારૂપી યોગેશ્વરપણાથી તેને તતકાળે જીતી લેશું. તમે બાઈયું ને ભાઈ તે સર્વે નચિંત રહો.

અને સર્વે ભેખધારી તથા મતવાદી ને વામ ને દક્ષિણ માર્ગના ઉપાસક જે બ્રાહ્મણો ને નૃપતીએ તેને પડકાર્યો છે જે 'હે ગજકર્ણ, તું સ્વામિનારાયણની પાસે જા તો ખરો, ત્યારે તુને ખરી ખબર પડશે' એટલે તે આવ્યો છે. તેને એમ કહો જે, 'તું તારી સર્વે વિદ્યારૂપી સામર્થી ને તારી ભેગા મેલી વિદ્યા જે મારણ ને મોહન ને ઉચ્ચાટણ આદિકના ભણેલા જે સર્વે બ્રાહ્મણ છે, તેણે સહિત તુંને સ્વામિનારાયણ તેડાવે


છે. તે પાસે તમે સર્વે આવો". તેવી આજ્ઞા કરીને શ્રીજીમહારાજ ભટ્ટ મયારામ તથા દવે પ્રાગજી પુરાણી તથા પ્રભાશંકર ને બેચરભાઈ ને નાનાભાઈ ને પોતાનો ચોબદાર કૂબેરસિંહ આદિકને તેડવા સારુ મોકલ્યા.

અને તે સમાની શ્રીજીમહારાજની મૂર્તિની શોભા જે વસન ને હેમનાં અલંકાર આદિક જેમ દીઠાં હતાં, તેમ લખું છું. તે નીલી કિનખાપનો સુરવાલ હીરની નાડીએ સહિત ધાર્યો હતો. ને માથે ભારે જરિયાની રેંટો મંડીલનો બાંધ્યો હતો. ને કટીને વિશે કસુંબી રેંટેથી ચોગઠ પાડી કમર કસી હતી. ને એક નીલું શેલું ખભે ધાર્યું હતું. ને ઉરને વિશે ઊતરીઓ ને હેમના દોરા ને કંઠ મધ્યે કાઠલો(ગળામાં પહેરવાનું ઘરેણું) ને સત્યમોતીના હાર ને તોરા ધારણ કર્યાં હતાં. ને કર મધ્યે કનકનાં વાઘમોરાં કડાં ને વેઢ ને વીંટીઓ ને પોંચીઓ ને બાજુબંધ ને પુષ્પના હાર ને તોરા ધારણ કર્યાં હતાં. એ આદિક સર્વે શોભાને શોભાડતા એવા જે શ્રીજીમહારાજ શ્રીદાદાખાચર ના દરબારને વિશે વાસુદેવજીના ઓરડાની ઓસરીએ સિંહાસન ઉપર બિરાજે છે. તે સંતજન તથા હરિજન બાયું ને ભાઈયુંની મોટી સભાને શોભાડતા થકા બેઠા છે.

હવે તે ગજકર્ણને તેડવા મેલ્યા છે, તે વાત કહીએ છીએ. તે સર્વેએ (ગજકર્ણ પાસે જઈને) કહ્યું જે, "હે ગજકર્ણ તમને સ્વામિનારાયણ તેડાવે છે. માટે તમારે ભેગા રહેલા સર્વે વિપ્રે સહિત તમારી સામર્થીએ સહિત પધારો." ત્યારે તે ગજકર્ણ બોલ્યો જે, "અમે તો સ્વામિનારાયણની સામર્થી જોવાને સારુ જ આવ્યા છીએ. ને તે તો પ્રભુ થઈને **પુજાય** છે, ને ઘણાક માણસોને **પરમોદે** છે, ને પરસાદી ખવરાવીને ગાંડાતુર કરે છે, ને વળી ઘણાક જાદુ ને ટોણા તેને તે જાણે છે; એવા જે સ્વામીજી તેને હું જેવો કોઈ સમર્થ મળ્યો નથી. પણ હવે મારી વિદ્યાએ કરીને સર્વે દેશને જીતીને જેમ મેં હાર પમાડ્યા છે, તેમ જ તેને પણ જીતી લઈશ." એ આદિક ઘણાક ગર્વનાં વચન બોલતો હતો.

ત્યારે ભટ્ટ મયારામે કહ્યું જે, "હે ગજકર્ણ તેનું પારખું તો કાંઈ છેટે નથી ને હાથને વેંત મધ્યે છે. તે તમે પધારશો ત્યારે જાણશો." તેમ કહ્યું. (પછી ભટ્ટ મયારામ આદિક સર્વે મહારાજ પાસે પરત આવ્યા.)

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'ગજકર્ણ નામે આસુરી બ્રાહ્મણ શ્રીહરિને પરાસ્ત કરવા ગઢપુર આવ્યો' એ નામે ત્ર્યાશીમું પ્રકરણ ॥૮૩॥



પ્રકરણ - ૮૪

ગજકર્ણે અજમાવેલ મેલી વિદ્યાના સર્વ પ્રયોગ શ્રીહરિએ નિષ્ફળ કર્યા

હવે તે ગજકર્ણ પોતાને ભેગા ઘણાક વીરાવળિયા જે વિપ્ર તેણે વીંટાણો થકો ને સર્વે જે તોફાની લોક તેણે વીંટાણો થકો ને નથી જાણતો શ્રીજીમહારાજનો પ્રતાપ તેવો થકો મહારાજને સમીપે આવીને મહારાજને જોતો હવો. તે સમે શ્રીજીમહારાજ તેને આસન અપાવીને મધુર વચનેથી બોલાવીને તેનું અતિ સન્માન કરતા ને કરાવતા થકા બોલ્યા જે, "હે ગજકર્ણ આપ સુખી છો ને ? તમે પધાર્યા તે પણ સારું થયું, ને તમે સર્વે વિપ્ર છો તેને અમે પાકા સીધા અમારા કોઠાર મધ્યેથી અપાવીએ. તેના મોદક કરીને જમીને પછી આપણે વિદ્યાવિવાદ કરશું ને તમારું અમારે અતિથિપણું કર્યું જોઈએ, ને તેમ શાસ્ત્રમાં રીત છે."

ત્યારે તે સમે ગજકર્ણે કહ્યું જે, "હે મહારાજ હમણાં તમારાં સીધાં નહીં લઈએ કેમ જે, જે દેશ પ્રત્યે હું ફર્યો ને જે જે જનને મારી વિદ્યાએથી જીતી લીધા, તેનું જ અન્ન-પાન લઉં છું, પણ અજિત એવા જે પુરુષ તેનું હું અન્ન નથી લેતો." ત્યારે મુનીન્દ્ર એવા જે મુક્તાનંદસ્વામીએ

કહ્યું જે, “હે ગજકર્ણ આ મહારાજ તે તો અજિત પુરુષ જ છે તેમ જાણો.” ત્યારે ગજકર્ણે કહ્યું, “જો તે સ્વામિનારાયણ મુને જીતશે ને કાં હું તેને જીતીશ. તે પછી તેનું અન્ન જમું છું; એવી મારે પ્રતિજ્ઞા છે.”

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “જો તમે અમને જીતવાને અર્થે આવ્યા છો, તો તમારા મંત્રના પ્રયોગ કરો. અને અમે તો એક ભગવાન વિના જે જે બીજા તુચ્છ દેવ ને તે દેવના તુચ્છ મંત્ર તેને તો માનતા જ નથી. ને અમારી જે સિદ્ધાઈ તેને બીજા કોઈ પાસે કહેતાય નથી ને દેખાડતા પણ નથી. ને તમે સર્વે દેશોના ભેખ ને વિપ્રો ને મતવાદી ને રાજાએ સહિત પ્રજાએ પડકાર્યા થકા જો અમારા સામા આવ્યા છો, તો તમારી જે જે મેલી વિદ્યા ને ભૈરવ ને ભૂતગણ તથા કૃત્યાનળ અગ્નિ તથા આગિયા ને મારણ ને મોહન ને ઉચ્ચાટણ ને મૂઠ આદિક તમારી વિદ્યાનો પ્રયોગ તે અમારી ઉપર સુખેથી કરો. ને તમે મારા ઉપર જે જે કઠણ પ્રયોગ કરશો, તે તમારા સર્વે પ્રયોગ હું મારા યોગૈશ્વર્યરૂપી મારી બ્રહ્મવિદ્યાએથી વૃથા કરી નાખીશ. અને હે ગજકર્ણ અમે કેવા છીએ, તો જે જન અમારો આશરો કરીને અમારાં આપેલાં પાંચ વર્તમાન દૃઢ પાળે છે, તેને કોઈ પ્રકારે ભય આવવા દેતા નથી, એવા અમે છીએ.”

તેવાં શ્રીજીમહારાજનાં વચન સાંભળીને ગજકર્ણ તથા તેના વીરાવળિયા બ્રાહ્મણ સર્વે કોપાયમાન હતા, ને વળી વધારે ક્રોધાયમાન થયા. ને જેમ અગ્નિના ભડકા મધ્યે જેમ ઘીની ધારા કરે ને પ્રજ્વલિત થાય, તેમ સર્વે ક્રોધે કરીને પોતાના દશનને કરડતા થકા બોલ્યા જે, “હે મહારાજ ! તમારી અતિ મોટપ ને વળી તમારી સાધુતાને જોઈને અમે દયા કરીએ છીએ, ત્યારે તમે તો સામો ક્રોધ ઉપજાવો છો.” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “હે ગજકર્ણ, શત્રુને ઉપર જે દયા રાખવી, તેને તો સર્વે જન કાયરતા કહે છે. માટે જો તમે અમારા સામા તમારી વિદ્યારૂપી સામર્થીથી જીતવા આવ્યા છો, તો હાલ પ્રયોગ કરો.”

મહારાજનાં તેવાં વચન સાંભળીને તે સમાને વિશે તે ગજકર્ણને જોવાને સારુ ઘણાક માણસ આવ્યા હતા, તેમના શબ્દનો મોટો કુલાહલ થાતો હવો. પછી તેણે ઘણાક અડદના દાણા તે સિંદોરે ચોપડીને નાંખતો થકો મારણ ને મોહન ને ઉચ્ચાટણ ને મૂઠ નાખવી આદિક વિદ્યાના મંત્રના પ્રયોગ કરીને ઘણાક અડદિયા નાખ્યા, પણ તેના સર્વે મંત્રના પ્રયોગ શ્રીજીમહારાજ ખોટા કરી નાખતા હવા. તે જોઈને જોવાને આવ્યા એવા સર્વેજન બાઈયું ને ભાઈ તે શ્રીજીમહારાજનો મોટો પ્રતાપ જોઈને અતિ આશ્ચર્યને માનતા હતા, ને 'જય જય' શબ્દ બોલતા હતા.

અને મંત્રેલા ઘણાક અડદિયા શ્રીજીમહારાજને ઉપર તેણે નાખેલા હતા, તેને **વીણીને લૂઈને સંતજન પ્રસાદી જાણીને ખાઈ જાતા હવા**. તે જોઈને મહાગર્વનો ભરેલો ને નથી જાણતો તે શ્રીજીમહારાજનો પ્રતાપ એવો ગજકર્ણ તેણે મહાક્રોધ કરીને તે સમે કૃત્યાનળ અગ્નિ પ્રગટ કર્યો. અને શ્રીજીમહારાજની ઉપર પ્રેરતો હતો, તે શું તો જે અગ્નિ તેની મોટી જ્વાળાઓ તેને સર્વે લોક તે જોતા હવા.

ને તે કૃત્યાનળ તેને મહારાજની સામો પ્રેર્યો, પણ મહારાજની પાસે આવતો નો'તો. અને શ્રીજીમહારાજ પોતાની યોગ માયાથી તેની મેલી વિદ્યાના જે પ્રયોગ તે સર્વે વૃથાને પમાડતા થકા બોલ્યા જે, "હે ગજકર્ણ તથા હે વીરાવળિયા બ્રાહ્મણો ! તમે તમારા ગુરુ જે ગજકર્ણે સહિત સર્વે દેશોદેશને જીતી લેતા થકા અમારી પાસે આવ્યા છો, તો તમારી સર્વે વિદ્યાના પ્રયોગ અમારે ઉપર કરો વા અમારા આશ્રિતજન ઉપર સુખેથી કરજો, પણ જ્યાં હું રહ્યો એવી જે આ દુર્ગપુરી તેણે સહિત સર્વે લોકની હું મારી બ્રહ્મવિદ્યારૂપી જે મારું યોગૈશ્વર્ય આદિકથી સદાય રક્ષા કરીશ." શ્રીજીમહારાજનાં તેવાં પુરુષવચન સાંભળીને તે સર્વેએ પોતપોતાની મેલી વિદ્યાઓના ઘણાક મંત્ર ને જંત્રાદિકના જે પ્રયોગ કર્યા, તે તે તેના સર્વે પ્રયોગ શ્રીજીમહારાજે પોતાના યોગૈશ્વર્યાદિકથી

નિષ્ફળ કર્યા. અને તે સમાને વિશે દુર્ગપુરના સર્વે પ્રતિપક્ષી લોક ને મતવાદી આવ્યા હતા, તેઓ શ્રીજીમહારાજની સામર્થી જોઈને મોટા પ્રતાપને વખાણતા હવા.

પછી ગજકર્ણે મહારાજની રજા માંગી ને સંધ્યા વખતે સર્વે પોતાને ઉતારે ગયા. ઉતારે જઈને ગજકર્ણે મનસું ઘણોક વિચાર કર્યો જે, 'મારી વિદ્યાનું કાંઈ ઊપજવા દીધું જ નહીં, તેવા તે સ્વામિનારાયણ સમર્થ છે. તેમ વિચાર કરીને રાત્રીને વિશે પોતાના ઈષ્ટદેવને સંભારતો થકો હોમ ને હવનાદિક કરતો થકો પોતાના ઈષ્ટદેવને દેખતો હવો, ત્યારે તેણે ઈષ્ટદેવને કહ્યું જે, "સર્વે સંકટ મધ્યે મારી તમે સહાયતા કરો છો ને આ કઠણ સમા મધ્યે તમે અમારી સહાય કેમ નથી કરતા ?"

तेनासर्वेदेवेकह्याजेहेगजकर्णआस्वामीनारायण तेतोसर्वे
देवूनांदेवछेनेवलीसर्वेअवतारनाअवतारीपूरुसछेसांअ
माऱ्बलतेसूचालेनेबीजासर्वेजीवमात्रनेअमेपीडाउपजावी
नेजीतीदिधांपणआअजीतपूरुसनेअमेजीतवासमर्थ
अमेकोपनथीनेईतोकालनापणकालछेनेसर्वेवीद्यानी
सीमाछेनेबलनेबूधिस्यागनेतपनेजोगमायादीकनास्वामी
छेनेतूंतोपूर्वेमूरुदांनवहतोतेजतूंहीजपणानेपामीनेस
वेसर्वेजननेअमाराबलेथीजीत्यापणआमहाराजतोअ
मारेनमवाजोग्यछेनेभजवायोग्यछेतेउपरेअमारोप्रियोग
करीसमांनेजोकरिसतोसीघ्रनैथाय

(ત્યારે) તેના સર્વે દેવે કહ્યું જે, "**હે ગજકર્ણ આ સ્વામિનારાયણ તે તો સર્વે દેવોના દેવ છે. ને વળી સર્વે અવતારના અવતારી પુરુષ છે. ત્યાં અમારું બળ તે શું ચાલે ! ને બીજા સર્વે જીવમાત્રને અમે પીડા ઉપજાવીને જીતી દીધા, પણ આ અજિત પુરુષને અમે કોઈ જીતવા**

સમર્થ નથી. અને ઈ તો કાળના પણ કાળ છે ને સર્વે વિદ્યાની સીમા છે, ને બળ ને બુદ્ધિ ને ત્યાગ ને તપ ને જોગમાયાદિકના સ્વામી છે. અને તું તો પૂર્વે મુરદાનવ *(વિષ્ણુ ભગવાનના હાથે મરાયેલ એ નામનો અસુર)* હતો, તે જ તું દ્વિજપણાને પામીને સર્વે જનને અમારા બળેથી જીત્યા, પણ આ મહારાજ તો અમારે નમવા જોગ્ય છે ને ભજવા યોગ્ય છે, તે ઉપર અમારો પ્રયોગ કરીશ મા ને જો કરીશ તો સિદ્ધ નહીં થાય."

તેમ તેના ઈષ્ટદેવ તે હાર પામ્યા, તે જોઈને પોતાના સાત પાસરૂપી આવરણને સિદ્ધ કરતો હવો. અને પરને બંધન કરે ને પોતાનું રક્ષણ કરે તેમ તે ગજકર્ણ પોતાની પુરાતન વિદ્યાને પ્રભાતને વિશે શ્રીજીમહારાજ ઉપર નાખવા સારુ સિદ્ધ કરતો હવો.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'ગજકર્ણે અજમાવેલ મેલી વિદ્યાના સર્વ પ્રયોગ શ્રીહરિએ નિષ્ફળ કર્યા' એ નામે ચોરાશીમું પ્રકરણ ॥૮૪॥



પ્રકરણ - ૮૫

ગજકર્ણનો આસુરીભાવ ટાળી આ લોકમાં સુખી કર્યો ને અંતે સ્વધામ આપ્યું

હવે તે પ્રભાતે શ્રીજીમહારાજ વેલા ઊઠીને દંધાવનાદિક સ્નાનવિધિ કરીને નિત્યવિધિ કરી. અને તે સમે જે વસ્ત્ર ને અલંકાર ધાર્યાં હતાં, તેને લખું છું. રાતા કિનખાપનો સુરવાલ પહેર્યો હતો. ને રાતા કિનખાપની ડગલી પહેરી હતી. ને મસ્તક ઉપર જરિયાની કસુંબી રેંટો છોગાં મેલીને બાંધ્યો હતો. ને એક કસુંબી સેલેથી કમર કસી હતી. ને એક પીળે સેલેથી પલોઠી બાંધીને બેઠા હતા. અને ઉર મધ્યે હેમની ઊતરી ને કનકના દોરા ને કર મધ્યે કનકનાં કડાં વાઘમોરાં ને વેઢ ને વીંટીઓ ને પોંચીઓ ને બાજુબંધ તે નંગે જડિત ધાર્યાં હતાં. ને પુષ્પના હાર તથા મલ્લિકાદિક(મોગરો વગેરે) ને થળકમળના પુષ્પના હાર, તોરા, ગુચ્છ ને ગજરાદિક પુષ્પનાં આભરણને શોભાડતલ એવા જે શ્રીજીમહારાજ તે વાસુદેવજીના ઓરડાની ઓસરીએ સિંઘાસન ઉપર બેઠા હતા.

પછી શ્રીજીમહારાજે તે સમાને વિશે સર્વે સભા પ્રત્યે કહ્યું જે, "આ જે ગજકર્ણ વિપ્ર મહાસામર્થીવાન ખરો, ને તેણે જે જે પ્રયોગ અમારી ઉપર કર્યા, તે તે પ્રયોગ અમારી યોગમાયાદિક ઐશ્વર્યાદિકે કરીને ખોટા કર્યા, તેથી ખિજાણો છે. ને તે તો મૂરદાનવનો અવતાર છે, તે પોતાની પૂર્વની વિદ્યા તેના સાત પાસલા જાણે છે. તેણે મધ્યરાત્રીને વિશે અમારા ઉપર ઘણાક પ્રયોગ કર્યા, તેના તે સર્વ પ્રયોગને અમે તેના દેખતા થકા નિષ્ફળતાને પમાડ્યા છે, પણ ફેર કરશે ખરો. તે પોતાની વશીકરણ આદિક વિદ્યાથી સર્વે દેશોદેશના સર્વે જન તેને પોતાના ઈષ્ટદેવના બળેથી જીતતો અમારી પાસે આવ્યો છે, પણ તેના મંત્ર ને તેના ઈષ્ટદેવાદિકનું કાંઈ અમારી પાસે ઊપજ્યું નહિ, તેથી મધ્યરાત્રીને સમે ઘણાક પ્રયોગને ફેર રચતો હવો. તે તો અમારી

દૃષ્ટિમાત્રથી વૃથા કરી નાખ્યા છે.

અને પોતાની પુરાતન મૂરુ પાસલા જે બીજાને બંધન મધ્યે લાવવું, તેવી વિદ્યાના અમારે ઉપર બે વાર તો ગુપ્ત પ્રયોગ કર્યા, પણ ફરીને ત્રીજીવારે અમારે પાસે આવીને જાહેર પ્રયોગને કરશે. અને તેની પાસલારૂપી જે આસુરી વિદ્યા તેને અમારા પ્રતાપેથી નાશ પમાડીને, તેનાં સર્વે પાપને બાળીને ને અમારું તેને મળવું થયું, તે તેણેથી તેનો આ સ્વભાવ ટાળી નાખીને મારી મોટી ભક્તિના ભાવને પમાડીશ."

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "હે મુક્તાનંદસ્વામી જો તે અમારી પાસે આવ્યો છે, ને પૂરવે શ્રીકૃષ્ણનાં દર્શન તેને થયાં છે; તેના લાભનું(શ્રીકૃષ્ણ સાથે તેનો મેળાપ થયો તેનું) ફળ તે અમે આજ પમાડીને તેને મોક્ષ ગતિને પમાડશું. તેને અમારા ધામના મોટા સુખને દેખાડીને તેનો સર્વે આસુરભાવ ટાળીને સદ્ય દૈવીભાવને પમાડશું." તેમ સર્વે સભા પ્રત્યે કહેતા થકા શ્રીજીમહારાજે કહ્યું જે, "તે ગજકર્ણ સાથે સર્વે વિપ્રને બોલાવો ને એમ કહેજો જે તમોને મહારાજ બોલાવે છે." ત્યારે શ્રીજીમહારાજના કહ્યાથી ચોબદાર કુબેરસિંહે તેમની પાસે જઈને કહ્યું જે, "હે ગજકર્ણ તમો સર્વેને મહારાજ બોલાવે છે, તે આવો."

પછી તે સર્વે શ્રીજીમહારાજ સામા આવતા હવા. જેમ સૂર્યને સામી ધૂવર(ધુમાડો; ધૂળ) આવીને તમ(અંધારું) કરે છે, પછી તે દિનેશ પોતાના પ્રકાશથી તેના તમને નાશ કરતાં થકાં સર્વે જનને સુખ પમાડે છે, તેમ (તે ગજકર્ણના આસુરીભાવનો નાશ કરીને તેને ને તેનાથી પીડાતા સર્વ જનને સુખી કરવા ઈચ્છતા) શ્રીજીમહારાજ તેનું સન્માન કરાવતા થકા બોલ્યા જે, "હે ગજકર્ણ આદિક સર્વે બ્રાહ્મણો ! તમારે સર્વે જનને અમારે ઉપર જે કાંઈ પ્રયોગ કરવા હોય તે સર્વે પ્રયોગ સુખેથી કરો." ત્યારે તે સમે ગજકર્ણ ક્રોધાયમાન થકો પોતાની પૂર્વેની

આસુરી વિદ્યા તેનો પ્રયોગ તે શું ? તો પરને બંધન કરે તેવા પાસ તે સમે ઘણાંક માણસને જોતાં શ્રીજીમહારાજને ઉપર નાંખતો હવો. ને તેના ભેગા સર્વે વીરાવળિયા જે વિપ્ર તે પણ શ્રીજીમહારાજ ઉપર એકીવારે મંત્ર ને જંત્રના ઘણાક પ્રયોગોને કરતા હવા. તે સર્વેના મોટા પ્રયોગ તેને તે સમાને વિષે શ્રીજીમહારાજ પોતાના પ્રતાપેથી નિષ્ફળ કરી નાંખીને બોલ્યા જે, "હે ગજકર્ણ ! તેં અમારી ઉપર તે તે સર્વે આવરણના તે કઠણ પ્રયોગ જે પાસરૂપી બંધન કર્યા તે તુંને જ કરતા હવા."

તેમ કહી સર્વે સભાને જોતાં તેને પડકારીને બોલતા થકા શ્રીજીમહારાજે પોતાના યોગૈશ્વર્યાદિકે કરીને તેના નાડી ને પ્રાણને તાણી લીધાં. ને તેને સદ્ય સમાધિ થઈ, ને તે ગજકર્ણનું શરીર પૃથ્વીને વિષે પડી ગયું. જેમ મૂળે રહિત વૃક્ષ પડે તેમ પડતો જોઈને તેના ભેગા તેના સખા જે વીરાવળિયા વિપ્ર હતા, તેણે એમ જાણ્યું જે, જેણે મહા સામર્થીવાન ગજકર્ણને પાડ્યો, તે આપણને પણ નિશ્ચે જ પાડશે. તેમ મનશું વિચારીને સર્વે ભાગી ગયા. ને પડ્યો એવો ગજકર્ણ તેને જોઈને સર્વેલોક શ્રીજીમહારાજના મોટા પ્રતાપને વખાણતાં થકા 'જય જય' શબ્દને બોલતા હવા.

હવે તે સમાને વિષે મંદમંદ હસતા થકા શ્રીજીમહારાજ સર્વે સભાના જન પ્રત્યે બોલ્યા જે, "આ પડ્યો એવો જે ગજકર્ણ તેને મેલીને તેના સર્વે દ્વિજ તે કેમ ભાગી ગયા ?" ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, " હે મહારાજ ! તે સર્વે વિપ્ર તે તો મોદક જમવા સારુ આવ્યા છે, પણ મરવા સારુ કાંઈ આવ્યા નથી, તેથી મૃતતુલ્ય થયો એવો જે ગજકર્ણ તેને મૂકીને ભાગી ગયા."

તેવા યુક્તિનાં વચન સાંભળીને શ્રીજીમહારાજે સહિત સર્વે સભા તે હાસ્યવિનોદ કરવા લાગ્યા. ને શ્રીજીમહારાજે કહ્યું જે, "ફળી મધ્યે પડ્યો જે ગજકર્ણ તેને આ વાસુદેવજીના ઓરડાની ઓસરી ઉપર લઈને

તેના સંગાથી સર્વેને કહો જે, "તમારા ઉતારા ઉપર લઈ જાઓ." તેમ શ્રીજીમહારાજે ભટ્ટ મયારામ તથા પ્રાગજી ને પ્રભાશંકર ને બેચર આદિક પોતાના બ્રાહ્મણોને કહીને મોકલ્યા.

તેણે તેના બ્રાહ્મણ પાસે જઈને એમ કહ્યું જે, "તમારો ગજકર્ણ પડ્યો છે, તેને તમે તમારા ઉતારે લઈ જાઓ." ત્યારે તે સર્વે રુદન કરતાં બોલ્યા જે, " હા ઈતી કષ્ટે ને મહા સામર્થીવાન એવો જે ગજકર્ણ તેને સ્વામિનારાયણે મૃત્યુને પમાડ્યો છે. અને જો અમે આવીએ તો અમને તે મારી નાંખે તેના ભય થકી અમે તેને મેલીને આવ્યા છીએ. ને જેમ પંખીની ખાંખ(પાંખ) પડે ને જેમ દુઃખી થાય, તેમ અમે સર્વે તે વિના દુઃખિયા છીએ."

તેમ સર્વેના સભીત ને દીન વચન સાંભળીને ભટ્ટ મયારામે તે પ્રત્યે કહ્યું, "અરે બ્રાહ્મણો, તે ગજકર્ણ કાંઈ મૂઓ નથી, તેમ જાણો, તેને તો મહારાજે સમાધિ કરાવી છે. તે મહારાજ તો યોગેશ્વરપણે ઘણાંક મનુષ્યનાં નાડી-પ્રાણને તાણતા થકા પોતાના ધામને પમાડીને તેના જીવના મોક્ષ કરે, તેવા તે મહારાજ છે. ને તમે કાંઈ બીશો નહિ, ને તે તો અતિ દયાળુ છે."

તેમ કહીને સર્વેને તેડીને શ્રીજીમહારાજને સમીપે લાવ્યા. ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે સર્વે જન ઘણીક વિદ્યા જાણો છો, તેથી આ ગજકર્ણને ઉઠાડો." ત્યારે તે સર્વે હાથ જોડીને પોતાના નેત્રને વિશેથી જળને મૂકતા થકા દીન વચને બોલ્યા જે, "હે ગૌ-બ્રાહ્મણના બેલી ! ને હે ગરીબના બેલી ! હે ભાંગ્યાના ભેરુ ! આ પડ્યો એવો ગજકર્ણ તેને તમે ઉઠાડો, ને તમ વિના બીજો કોણ ઉઠાડશે. અને અમારી તકસીર તમે માફ કરવા યોગ્ય છો." તેમ તેણે કહ્યું, તેથી અતિ દયાળુ એવા જે શ્રીજીમહારાજે તે ગજકર્ણને ઉઠાડ્યો.

અને તે ઊઠીને હાથ જોડીને બોલ્યો જે, "હે મહારાજ ! ને હે

સર્વોપરિ ! ને હે અવતારી પુરુષ ! મેં જે કાંઈ તમારો અપરાધ કર્યો હોય તેથી મારી રક્ષા કરો. તમે મુને સમાધિને વિશે જે સર્વે ધામ ને તેના ધામી દેખાડ્યાં, તે સર્વેના તમે સ્વામી છો. અને મુને તમારા ધામનાં અનંત સુખ ને અનંત ઐશ્વર્યાદિકને દેખાડીને ને મારા આસુર ભાવને ટાળીને મુને ભક્તિ ભાવને પમાડ્યો; એવા તમે તેને હું હજાર વાર નમસ્કાર કરું છું. અને હે મહારાજ ! મેં સર્વે દેશના જે જનને જીત્યા, તેણે પડકાર્યો થકો મારા માનને વશ થઈને હું તમારે સમીપે આવ્યો. ને હે અજિત પુરુષ ! તેથી તમારાં દર્શન થયાં, તે મોટો લાભ થયો ને મોટું સુખ આવ્યું. ને હે મહારાજ ! મુને તમે વર્તમાન ધરાવો. ને હે મહારાજ ! હવે હું જેમ તમે કહો તેમ વર્તું."

ત્યારે શ્રીજીમહારાજ તે ગજકર્ણાદિકને પોતે વર્તમાન ધરાવીને તે પ્રત્યે કહ્યું જે, "તમારી સર્વે વિદ્યા તેનો ત્યાગ કરીને અમારો એક દૃઢ આશરો રાખો ને સર્વે કપટનો ત્યાગ કરીને સત્સંગ રાખીને આ પૃથ્વીને વિષે ફરજો." વળી તેને કહ્યું જે, "તારે કાંઈ અમને પૂછવું હોય તો સુખેથી પૂછો ને જે જન અમારો આશરો કરે છે, તે જનથી અમે દુરાઓ(છેટાપણું) નથી રાખતા." તેમ શ્રીજીમહારાજે તેને કહ્યું. ત્યારે તે ગજકર્ણે કહ્યું જે, " હે મહારાજ ! મારી વિદ્યાથી સર્વે જનને જીતીને ઘણાંક બ્રાહ્મણોને જમાડું છું, ને તમે તો સર્વે આસુરી વિદ્યા ને મેલા મંત્રાદિકનો ત્યાગ કરાવ્યો, તે સત્ય છે; પણ હે પ્રભો ! મેં તો સવા લક્ષ બ્રાહ્મણોને જમાડવા, તેવું નિયમ લીધું છે. તેનું કેમ કરવું, તે કહો."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હે ગજકર્ણ, આ તારો શુભ વિચાર સાંભળીને અમે બહુ રાજી થયા. હે ગજકર્ણ અમે તો બ્રહ્મણ્ય[1] દેવ છૈયે. ને બ્રાહ્મણ તથા સાધુ ને હરેક ગરીબના અમે પાલક છૈયે. તેથી સુખે વિપ્રને જમાડજો." ત્યારે તેણે કહ્યું જે, "તમે મારા મેલા

૧.બ્રાહ્મણોને આદર-સત્કાર આપનારા અને તેમનું હિત કરનારા

મંત્ર જંત્ર મુકાવ્યા, તે હવેથી મને કોણ માનશે ?" ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હવેથી તારે સંકટ આવે ત્યારે મારી આજ્ઞાથી તું અમારી સ્મૃતિ કરજે, તેથી તુંને વશીકરણાદિક સિદ્ધિઓ દેખાશે, તેથી (તે વાત જાણીને) તને સર્વે લોક માનશે. ને તે તો વૈષ્ણવી દેવીઓ છે, ને લક્ષ્મીજી ને રાધિકાજીની સહચરીઓ છે. ને હે ગજકર્ણ, નવનિધિ ને અષ્ટ સિદ્ધિઓને અમે તથા અમારા ભક્તજન તે તો ઈચ્છતા જ નથી, પણ તું પરમાર્થ કરીશ, ત્યાં સુધી (મારી આજ્ઞાથી તને વશ) રહેશે." એ આદિક શ્રીજીમહારાજે તેને ઘણાંક શિક્ષાવચન કહ્યાં.

ત્યારે તે સમાને વિશે પોતાના શિષ્યે સહિત તે ગજકર્ણ શ્રીજીમહારાજની શોડષ પ્રકારની વિધિવત્ પૂજા કરી જે, ચંદન ચરચ્યું, ને પુષ્પના હાર-તોરા ને ગુચ્છ ને બાજુબંધ ને ગજરાદિક પુષ્પનાં આભરણ; ને ઘણાંક હેમનાં અલંકાર જે કરને વિષે કનકનાં કડાં ને પોંચી નંગજડિત ને બાજુબંધ, ને ઉરને વિશે ઊતરીઓ ને સત્ય મોતીના હાર ને તોરા ને ઘણાક જરિયાની વસન ને મીઠાઈ ને મેવા અર્પણ કર્યાં. ને અબીલ ગુલાલ ને કંચનના થાળ મધ્યે કપૂરની આરતી ઉતારી. ને પોતાના માનને મૂકીને શ્રીજીમહારાજનો આશરો કરીને પોતાનો આસુરભાવને ટાળતો થકો ઘણીક પ્રદક્ષિણાયું ને ઘણાક દંડવત કર્યાં. ને પછી તે ગજકર્ણે કહ્યું જે, "હે મહારાજ ! સર્વે લોક મનુષ્ય મારાથી ડરે છે, પણ તમારા હરિજન નથી ડરતા, તે એવી કૃપા કરો જે, બ્રહ્મભોજ(બ્રાહ્મણોનો જમણવાર) કરતાં આવરણ ન થાય."


તેમ કરીને પછી તે સમાને વિશે શ્રીજીમહારાજે કહ્યું જે, "આજ પ્રથમથી જ અમે આ દુર્ગપુરીના મુખ્ય બ્રાહ્મણે સહિત સર્વે જનનો ધુમાડો બંધ કરીને, ઝાંપે ચોખા મેલીને દુર્ગપુરના સર્વે મનુષ્યને જમાડીને, પ્રથમ અમે જ ગજકર્ણનું આ પ્રકરણ ચાલતું કરશું. તેથી સર્વેથી સર્વે દેશોદેશ મધ્યે ચાલશે ને સર્વે લોક એમ કહેશે જે, 'ગજકર્ણે તો સ્વામિનારાયણ

પાસે સર્વે વિપ્ર આદિકને જમાડ્યા છે, ત્યારે આપણે તે શા લેખામાં !' તેમ જાણીને તુંને સર્વે દેશના મનુષ્ય હરિજને સહિત માનશે." તેમ કહીને શ્રીજીમહારાજે દુર્ગપુરના અધિકારી મનુષ્ય પાસે ચાર દિવસ સુધી દુર્ગપુરના વિપ્રોને જમાડીને મોટો ઉત્સવ કરાવ્યો.

પછી તે ગજકર્ણ શ્રીજીમહારાજની આજ્ઞા માગીને પશ્ચિમ દિશા પ્રત્યે સોરઠ દેશ તથા હાલાર દેશ ને વાગડ દેશ ને કચ્છ દેશ ને અબડાશા ને સિંધ ને સૌભીર દેશ ને મચ્છુકાંઠા આદિક દેશોદેશ મધ્યે શ્રીજીમહારાજના પ્રતાપને વખાણતો થકો ફરતો હતો. અને ફરતાં ફરતાં પોતાના દેહનો અંત સમો આવ્યો, ત્યારે શ્રીજીમહારાજને સંભારતો થકો શ્રીવાંકાનેર મધ્યે સોની શ્રીસવજી ભક્ત શિરોમણિ તેનો સમાગમ કરીને શ્રીજીમહારાજના ધામ મધ્યે ગયો. ને પોતાને ચડ્યાની ઘોડી હતી, તે ગજકર્ણે જીવતાં સંકલ્પ કર્યો હતો જે, 'તે ઘોડી મહારાજને આપજો.' તેમ તે મહારાજને આપી.

ઈતિ એક તૈલંગ દેશનો રહેવાસી મહા જોરાવર હતો ને તેના ભેગા ઘણાક વિરાવળિયા વિપ્રે સહિત મહારાજ પાસે આવ્યો હતો તેને પોતાના પ્રતાપેથી હાર શ્રીજીમહારાજે પમાડ્યો, તે નામે આખ્યાન સમાપ્ત છે.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'ગજકર્ણનો આસુરીભાવ ટાળી આ લોકમાં સુખી કર્યો ને અંતે સ્વધામ આપ્યું' એ નામે પંચાશીમું પ્રકરણ ॥૮૫॥



પ્રકરણ - ૮૬

શ્રીજીમહારાજ અનેક જનોના હિતાર્થે ભીમનાથ મહાદેવ પધાર્યા

હવે એક દિવસને સમે ભાદરવા વદી અમાવાસ્યા ઉપર **શ્રીભીમનાથજીના** મેળામાં ઘણાક માણસ ભરાયા હતા. ત્યારે તે સર્વે જનને પોતાની મૂર્તિનાં દર્શને કરીને તે અનેક સ્ત્રી ને પુરુષના ઉદ્ધારને અર્થે શ્રીજીમહારાજ પોતાની ઈચ્છાથી ઘણાક અસ્વાર તથા પિયાદાએ(પદાતીએ) વીંટાણા થકા ત્યાં પધારતા હતા. ને તે સમે શ્રીજીમહારાજને ભેગાં ઘણાંક વાજાં, ત્રાંસાં ને ઢોલ ને નગારાં ને રણશિંગી ને શરણાઈ ને રવાજ વાગતાં હતાં. ને કાંસિયાંના કડાકા ને બંધૂકુના ભડાકા થાતા હવા. તે સાંભળીને ત્યાંના અધિકારી ગોસાંઈએ એમ જાણ્યું જે, આ કોણ આવે છે ? પછી તેણે ખબર કઢાવી ત્યારે કોઈકે કહ્યું જે, આ તો શ્રીસ્વામિનારાયણ પધારે છે. ત્યારે ત્યાંના અધિકારી મહંત (ગુમાનગિરી) સામા જઈને ગાજતે વાજતે ઘણાક સન્માનેથી પોતાની મેડીને ઉપર ઉતારો કરાવતા હવા. ત્યારે તે સમે તેના માણસે બાવાને કહ્યું જે, "તે મેડી ઉપર તો માર્ગીના મોટા ભક્તનો ઉતારો સદાય થાય છે, ત્યારે બાવે એમ કહ્યું જે, **"આ સમે મહારાજથી મોટેરો આ પૃથ્વી ઉપર કોઈ નથી,** તે સુખે ઊતરો ને બીજા સૂઝે ત્યાં ઊતરશે."

પછી શ્રીજીમહારાજને પલંગ બિછાવી દીધો, તે ઉપર બિરાજમાન થઈને ત્યાંના અધિકારી પ્રત્યે શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમોને શાબાશ છે જે, તમારામાં કોઈ મોટેરો છે, તેણે ધર્મમારગ ચલાવ્યો છે, તે મુજબ શ્રાવણ સુદિ પૂર્ણમાસી જે બળેવે ઘણા બ્રાહ્મણોને જમાડીને ભોજન-દક્ષિણા(ભોજન કરાવ્યા પછી અપાતી દક્ષિણા) આપો છો. એવો સનાતન ધર્મનો માર્ગ જે પાળે છે, તેવા પુરુષ ઉપર અમે ઘણુંક રાજી રહીએ છીએ."

ત્યારે તેણે હાથ જોડીને કહ્યું જે, “હે મહારાજ ! તમ જેવા મહત્પુરુષને પ્રતાપે મહાદેવજી પળાવે છે. ને હે મહારાજ ! તમે તો અવતારી પુરુષ છો. ને આ પૃથ્વીને વિશે ઘણાક યજ્ઞ જે મહારુદ્ર તથા અતિરુદ્ર ને વિષ્ણુ સંબંધી મોટા મોટા યજ્ઞને મધ્યે અગણિત બ્રાહ્મણોને જમાડીને ઘણીક દક્ષણાયું, વસ્ત્ર, પાત્ર ને ઘરેણાં આદિક ઘણાંક અતિ દાનના દેનારા તમ જેવા પુરુષ આ પૃથ્વીને વિશે કોઈએ થયા નથી ને થાશે પણ નહીં; એવા જે તમે તે અમારા સ્થાન પ્રત્યે પધાર્યા છો. ને હે મહારાજ ! તમને તો લક્ષાવધિ માણસ માને છે, તેવા જે તમે તે અમારે ઘેરે પધાર્યા છો, તે મોટો અનુગ્રહ કર્યો.” તેમ ત્યાંના મહંત ને સર્વે અધિકારીએ કહ્યું.

એમ કહીને મહારાજને કહ્યું જે, “હે મહારાજ ! તમે તથા તમારા સર્વે મનુષ્યને જમવાનું કરાવીએ.” ત્યારે તે બાવા પ્રત્યે શ્રીજીમહારાજ બોલ્યા જે, “હે બાવા, અમે તો સર્વ જન કુંડળ મધ્યે જમીને આવ્યા છીએ. ને આ મેળા મધ્યે અમારે રસોઈનું ઠીક પડે નહીં ને ઘોડાને ખડ ને જોગાણ આપો.” પછી ખડ ને જોગાણ આપ્યાં.

પછી તે સમે શ્રીજીમહારાજ શ્રીભીમનાથજીને દર્શને મંદિર મધ્યે પધારતા હવા. તે સમાની શ્રીજીમહારાજની મૂર્તિનું ચિંતવન લખીએ છીએ, જે પીળી છાટમનો સુરવાલ પહેર્યો હતો, ને પીળી છાટમની ડગલી માંહલી કોરે ધોળી જગન્નાથીના અંગરખે સહિત પહેરી હતી. ને મસ્તક ઉપર જરિયાની કસુંબલ રેંટો બાંધ્યો હતો. ને એક જરિયાની ગૂઢા રેંટાથી ચોગઠ પાડીને કમર કસી હતી, બેઉ ખેડા(છેડા) સરખા રાખીને શોભાડતા હવા. ને ખંભાને ઉપર એક નીલું શેલું જરિયાની ધાર્યું હતું. ને ઉરમાં સોનાનાં સાંકળાં તથા ઊતરી તથા સત્ય મોતીના હાર ને તોરા ને મલ્લિકાદિક ને થળકમળના પુષ્પના ઘણાક હાર, ને કરને વિશે કનકનાં કડાં વાઘમોરા ને પોંચિયું ને બાજુબંધ ને વેઢ ને

વીંટિયું પહેર્યાં હતાં. ને લલાટને વિશે કેશર-ચંદનની અર્ચા કાઢી હતી. ને તે મધ્યે કુંકુમનો ચાંદલો કર્યો હતો. તે મધ્યે અક્ષત ચોડ્યા'તા.

એવી શોભાને શોભાડતા એવા જે શ્રીજીમહારાજે તે ઘણાક પોતાના મનુષ્યે વીંટાણા થકા શ્રીભીમનાથજીના મંદિરમાં જઈને મહાદેવજીનાં દર્શન કર્યાં. અને એક હજાર રૂપિયાનો સંકલ્પ કરીને શ્રીજીમહારાજ સર્વે પૂજારી બ્રાહ્મણો પ્રત્યે બોલ્યા જે, "જેટલા વિપ્ર મહાદેવજીના મંદિરમાં હોય, તે સર્વે અમારા વતી ધૂર્જટિને(શિવજીને) આગે વિધિવત્ રુદ્રી કરો." તેમ કહીને સર્વે બ્રાહ્મણોના કાંડા ગોત્રના ઉચ્ચારણ જે જે ગોત્રના વિપ્ર, તે તે ગોત્રનાં નામ લઈને એક સો ને આઠ બ્રાહ્મણોના વરુણ કરાવતા હવા. ને શ્રીજીમહારાજે કહ્યું જે, "એક એક બ્રાહ્મણ પ્રત્યે પાંચ પાંચ રૂપિયા આપશું."(૫૪૦) ત્યારે મહારાજના અધિકારી માણસે શ્રીજીમહારાજ પ્રત્યે કહ્યું જે, "હે મહારાજ ! અમારે ભેગા દશથી વીશ રૂપિયા હશે ને તમ તો ઘણીક ખરાજાત કરવા માંડી છે, તે રૂપિયા ક્યાંથી કાઢીશું ?"

ત્યારે શ્રીજીમહારાજે તે સર્વેને એમ કહ્યું જે, "અમે રૂપિયા મંગાવ્યા છે, તે હાલ હમણાં આવશે, તમે ફીકર કરશો નહીં." તેમ કહીને શ્રીજીમહારાજ મેડી ઉપર પોતાને ઉતારે ઢોલિયા ઉપર બિરાજમાન થયા. એટલાકમાં પોતાનું યોગેશ્વરપણું દેખાડતા હવા, તે શું ? તો એક ભારે શેઠ તે શિબિકા મધ્યે બેઠો છે; ને રથ, ઘોડા ને હથિયારબંધ પાળાથી વીંટાણો છે; ને પછી ઉતારો કરીને જરિયાની વસ્ત્ર પેર્યાં છે; ને પોતાને માથે ચાંચાળી(ચાંચના આકારની) પાઘડી બાંધી છે; ને પોતાને ભેગા ઘણાક વાણોતરે ફાંટો મધ્યે નાણાં ઉપાડ્યાં છે; ને શ્રીજીમહારાજનો ઉતારો પૂછતાં આવે છે જે, સ્વામિનારાયણનો ઉતારો ક્યાં છે ?

ત્યારે લોકે એમ કહ્યું જે, મોટી હવેલી મધ્યે મહારાજ ઊતર્યા છે, ત્યાં જાઓ. ને તેમ ત્યાં પહોંચ્યા. ને તે સર્વે જને શ્રીજીમહારાજને


દંડવત ને નમસ્કાર કર્યા. ને પછી શ્રીજીમહારાજે તેને સ્વાગત પૂછી. ને પછી તે શેઠે કહ્યું જે, "મહારાજ, આ નાણાં છે, તે તમારે જોઈએ તે પ્રમાણે લ્યો." ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "સર્વે રૂપિયા આપો." ત્યારે તેણે સર્વે મનુષ્યને જોતા રૂપિયા આપ્યા.

પછી શ્રીજીમહારાજ મહાદેવજીના મંદિર મધ્યે પધારી એક હજાર રૂપિયા મહાદેવજીને આગે મુકાવ્યા. પછી સર્વે બ્રાહ્મણોને રૂપિયા આપ્યા. તેમાં ઘણાક બ્રાહ્મણ રુદ્રીવાળા હતા, તેને દશ-દશ રૂપિયા આપ્યા તથા બીજા વિપ્ર જે કોઈ હતા, તે સર્વે પ્રત્યે પાંચ-પાંચ રૂપિયા અપાવ્યા. આમ તે સમે સર્વે વિપ્ર પ્રત્યે દક્ષિણા આપી. અને સર્વે દ્વિજે શ્રીજીમહારાજને ચંદન ને પુષ્પ ને કુંકુમ ને અક્ષત ને અબીલ ને ગુલાલથી પૂજીને વેદોક્ત મંત્રના સ્વસ્તિવાચનથી આશીર્વાદ ભણતા હતા ને મહારાજને શિવજીની નમણ(શિવજીને ચડાવેલ બીલીપત્ર, ફૂલ વગેરે) આપતા હતા.

અને સર્વોપરી એવા જે શ્રીજીમહારાજ પોતાની મૂર્તિનાં દર્શનરૂપી દાને કરીને સર્વે જનને પાપે રહિત કરતાં થકાં, ને તીર્થના પાપને હરતા થકા, ઘણાંક વાજાં વાગતાં થકાં પોતાને ઉતારે પધારતા હવા. ને તે વચ્ચે ઘણાક યાચક ને ઘણાંક રાંક ને ગરીબ લોક તે પોકાર કરીને બોલ્યા જે, "હે મહારાજ ! ગરીબનવાજ ! હે સ્વામિનારાયણ ! અમે અન્ન ને વસ્ત્ર વિના પીડા પામીએ છીએ. ગરીબનાં તેવાં વચન સાંભળીને ગરીબનવાજ એવા જે શ્રીજીમહારાજ તે સમે ઘણાંક ગરીબને રૂપિયા આપતા હતા. જેમ અષાડી મેઘ અમૃતની ઝડીથી વરસીને સર્વે જનને સુખ પમાડે છે, તેમ તે સમાને વિશે શ્રીજીમહારાજે સર્વે જનને સુખડાં(મિષ્ટાન્ન) અપાવતા થકા સુખને પમાડતા હતા. તેમ તે સમાને વિશે ઘણા રૂપિયા વહેંચીને, પછી પોતાને ઉતારે આવીને પોતાના અમાત્ય(કારભારી) તથા કોઠારી પ્રત્યે કહ્યું જે, "આ મેળા મધ્યે હાટિની(દુકાનોની) બજાર છે,

તે મધ્યેથી સર્વે સુખડાં લાવીને ઘણાંક ગરીબ માણસ અન્નાર્થી હોય તેને આપો." તેમ તે સમે હાટિ મધ્યેથી ઘણાંક સુખડાં લાવીને તે સર્વેને શ્રીજીમહારાજ વહેંચાવતા હવા. અને પોતાનો ઘણોક મોટો પ્રતાપ જે ઉદારપણું ને સમર્થપણું દેખીને મતપંથના માર્ગીના ગુરુ દબાતા હતા. આમ મેળા મધ્યે ઘણાક જન સ્ત્રીઓ ને પુરુષ, તેને પોતાની મૂર્તિનાં દર્શન આપીને તેના જીવને મોક્ષ પમાડતાં થકા પધાર્યા, તે ગામ **શ્રીકુંડળ** મધ્યે પટગર મામૈયો તથા રામના દરબાર મધ્યે નિવાસ કરીને **શ્રીદુર્ગપુરે** આવતા હવા. ઇતિ શ્રીજીમહારાજ શ્રીભીમનાથે પધાર્યા હતા, તે નામે આખ્યાન સમાપ્ત થયું.

ઇતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'શ્રીજીમહારાજ અનેક જનોના હિતાર્થે ભીમનાથ મહાદેવ પધાર્યા' એ નામે છ્યાસીમું પ્રકરણ ॥૮૬॥





ભીમનાથના મહંત શ્રીહરિનું સ્વાગત કરે છે.

પ્રકરણ - ૮૭

ગઢપુરમાં કથામાં ઊંઘનારને બેરખો મારવાનું પ્રકરણ ચલાવ્યું

હવે એક દિવસના સમાને વિશે શ્રીજીમહારાજ **શ્રીદુર્ગપુર**ને વિશે બિરાજમાન હતા. પોતાના ઉતારાને વિશે શ્રીભારતમાં શાંતિપર્વ મધ્યે મોક્ષધર્મ છે, તેની કથા વંચાવતાં થકા, પોતે પોતાના સંતજન પ્રત્યે તથા હરિજન બાયું ને ભાઈયું પ્રત્યે જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્યાદિક ને પોતાના સ્વરૂપનિષ્ઠાની વાર્તા કરતા હતા. ને તેમાં ઘણાક સંતજન તથા હરિજન બાયું-ભાઈયુંની મોટી સભા ભરાઈને બેઠી હતી. તેને પોતે એવી આજ્ઞા કરી જે, "સર્વે સંતજન તથા હરિજન સર્વે સાંભળજો, અમે એમ કહીએ છીએ જે, **જ્યાં સુધી કથાનું શ્રવણ કરો તે વચ્ચે બીજી જક્ત સંબંધી વાર્તા ન કરવી, તથા અંતરને વિશે માયિક ઘાટ ન કરવા, ને નિદ્રાને જીતવી, ને એક ભગવાનનાં જ દર્શન કરવાં, ને બીજું હરેક પદાર્થ જોવું નહીં,** એ આદિક અમે કહ્યાં જે વચન તે નહીં માને, તેને આ સભામાંથી અમે ઉઠાડી મેલશું." તેમ કહીને શ્રીજીમહારાજ દવે પ્રાગજી પાસે કથા કરાવતા હવા, ને સર્વે જન એકચિત્તથી શ્રીજીમહારાજનાં દર્શન કરીને કથા સાંભળતા હવા.

તે વિચે(વચ્ચે) મહા જોરાવર એવી જે નિદ્રા તે સર્વે જનને પીડા પમાડતી હતી. ત્યારે તે સમાને વિશે શ્રીજીમહારાજે મુનીંદ્ર મુક્તાનંદસ્વામી પ્રત્યે કહ્યું, "હે સ્વામી ! સર્વે જનને નિદ્રારૂપી માયાએ આવૃત્ત કર્યા છે, જગાડીએ છીએ તોય જાગતા નથી." ત્યારે મુક્તાનંદજીએ કહ્યું જે, "મહારાજ ! નિદ્રા તો ભગવાનની યોગમાયા છે. તે તમારાં **ગુણ** ને **દર્શન** અતિ વહાલાં છે. તે બેય વાનાંને નિદ્રા હરિ લઈ આ હરિજનને મોટી હાણ પમાડે છે. માટે કોઈક રીતે તમારા જનની તમે રક્ષા કરવા યોગ્ય છો."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હે સ્વામી ! એક વસ્ત્રનો દડો અતિ કઠીન ગૂંથાવીને અમારા હાથમાં રાખીને જે ઊંઘે તેને મારીએ. ને તે જન પાછો લાવીને અમને આપે તેમ કરીએ."

ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! આ ઉપાય અતિ શ્રેષ્ઠ છે." પછી તે સમાને વિશે જે પુરુષ ઊંઘે તેને શ્રીજીમહારાજ દડો મારે ને તે જન દડો પાછો લાવીને મહારાજના હાથ મધ્યે આપે. તોય પણ મહા જોરાવર નિદ્રા વસ્ત્રના દડાને ન માનતી હવી. પછી શ્રીજીમહારાજે એમ કહ્યું, "જો એક શેર સોપારીનો બેરખો(નાની માળા) અઠાવીશ રૂપિયા ભારનો(આસરે ૨૮ તોલા વજનનો) કરાવો, તે જે ઊંઘે તેને મારશું, તેથી તત્કાળે નિદ્રા જાશે."

પછી શ્રીજીમહારાજ તે સમે સર્વે જન પુરુષની સભા મધ્યે જે જે જન ઊંઘે તે પ્રત્યે સોપારીનો તીખો બેરખો મારતા હવા, તે જાણે વજ્રપાત થયો હોય ને શું ! પછી તે લાવીને મહારાજના હસ્તકમળમાં આપે.

❁ મુકુંદ બ્રહ્મચારી ત્રણે અવસ્થામાં મહારાજની સેવામાં રહેતા

એક સમે રાત્રી મધ્યે મુકુંદ બ્રહ્મચારીને ગાઢ નિદ્રા આવી. ત્યારે તે સમે શ્રીજીમહારાજે તાકીને બેરખો નાખ્યો. તે બ્રહ્મચારીજીના મસ્તકને વિશે લાગ્યો. તેથી તે સમે બ્રહ્મચારી હાક મારીને ઊભા થઈને શ્રીજીમહારાજને ગાદી શીખે ઉપાડી લેતા હવા. ત્યારે મહારાજ બ્રહ્મચારી પ્રત્યે હાક મારીને બોલ્યા જે, "હાં હાં..! બ્રહ્મચારી જાગ્રત થઈને વિચારો, કેમ થયું તે કહો." ત્યારે બ્રહ્મચારી શ્રીજીમહારાજ સામા હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! હું ગાઢ સુષુપ્તિમાં હતો ને તમે મને તાકીને પુંગીફળનો બેરખો માર્યો. તેથી મારા મનને વિશે એવી ભ્રાંતિ થઈ આવી જે, 'કાં તો આ સદન પડ્યું ને કાં તો અગ્નિરૂપી લાય થઈ' તેથી મારા જીવનપ્રાણ, મારા જનમસંગાથી, ને

વળી દોયલીવેળાનું દામ, ને મારા હેતસ્વી(હેતપ્રીતવાળા; હિતેચ્છુ), ને મારા આત્માના આરામ; એવા જે તમે તેને આ સ્થળને વિશેથી લઈને બીજા નિર્વિઘ્ન સ્થાનકે પધરાવું !"

તે સમે જેમ વૃત્તાંત થયું તેમ શ્રીજીમહારાજની આગળ નિષ્કપટેથી બ્રહ્મચારીએ કહ્યું. તે સાંભળીને શ્રીજીમહારાજે અતિ પ્રસન્ન થઈને સર્વે સભા પ્રત્યે કહ્યું જે, "આ બ્રહ્મચારી ત્રણે અવસ્થામાં અમારી સેવામાં ને ભક્તિમાં રહે છે. ને સદા કાળને વિશે અમારે વિશે અસાધારણ હેતમાં રહે છે; એવા આ તો અતિ સમર્થ છે."

❁ વચન લોપનારી અહંકારી બાઈને મહારાજે દંડ અપાવ્યો

હવે તે સમે બાયુંની સભા મધ્યે પણ સોપારીનો બેરખો તેવો ને તેવો કરાવીને શ્રીજીમહારાજે મોટેરી બાયુંના હાથ મધ્યે આપીને કહ્યું હતું, "જે બાઈયું ઊંઘે તેને મારજ્યો." એમ આજ્ઞા કરી હતી. તે પ્રમાણે કરતાં સર્વે બાયુંને બેરખો મારે. અને (જેને મારે) તે જ બાઈ મોટી બાઈના હાથમાં આપતી. તે સમે તે બાયુંની મોટી સભા હતી, તે મધ્યે એક બાઈ અતિ કજાડી(અકોણી; કજિયાખોર), અતિ માની ને મૂર્ખીબાયુંની સરદાર હતી, તે સભા મધ્યે આવીને સર્વે બાયુંની આગળ બેસીને નિધડક થઈને ઊંઘતી હવી. ત્યારે તે બાઈને સર્વે બાયુંમાંથી કોણ બેરખો મારે ? તેવે સમે શ્રીજીમહારાજનું એવું વર્તન હતું જે કોઈથી કથા સાંભળતાં ઊંઘાય નહીં. ને તે તો અગ્ર ભાગે બેસીને ઊંઘતી હવી. ત્યારે તેને સર્વે બાયુંએ કહ્યું જે, "તું આગળ બેશીને ઊંઘીશ મા. જો તું ઊંઘીશ તો શ્રીજીમહારાજે અમને સોપારીનો બેરખો આપ્યો છે, તે જે ઊંઘે છે તેને મારીએ છીએ; તેવી મહારાજની આજ્ઞા છે."

ત્યારે વૃથા માની ને અતિ ક્રોધી એવી તે બાઈ બોલી, "એવી કોણ મોટેરી બાઈ છે જે મને મારે ? ને જાઓ, હું તો મહારાજની

આજ્ઞા નહિ માનું. તમે મને શું કરશો ?" તેમ બોલીને નિધડક થકી ઊંઘતી હવી. તે સર્વે વૃત્તાંત શ્રીજીમહારાજ સાંભળતા હવા.

પછી તે ઊંઘતી બાઈને જોઈને મહારાજે મોટેરી બાઈ પ્રત્યે સંકેત કરાવીને તેના કપાળ વચ્ચે ફડાક બેરખો મરાવ્યો. ત્યારે તે અતિ ક્રોધ કરીને દોડી અને તે મોટી બાઈ તપસ્વી હતાં ને મિત ભોજન કરતાં હતાં, તેને તે બાઈ જોરેથી ઢીકા ને પાટું મારવા લાગી. તે સમાને વિશે શ્રીજીમહારાજ જોઈને 'હાં હાં...' શબ્દથી નિવારણ કરાવતા હવા, પણ તે બાઈ તો મહારાજનું વચન ન માની.

તે સમાને વિશે શ્રીજીમહારાજે ચારે સદ્‌ગુરુને કહ્યું જે, "આ બાઈનું કર્મ તો એવું છે જે, જમદૂત મારે, પણ આ સભામાં જમદૂતથી અવાય નહીં. ને આ તો અમારા વચનનો લોપ કરે છે, તેનું જેમ તમે કહો તેમ કરીએ." ત્યારે તે સમાને વિશે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! બાઈ માણસની સારી કે નરસી વાત સાધુ કરે જ નહીં, જો કરે તો તેમાં મોટી હાણ થાય છે. જેમ ગાલવના શિષ્ય જે વિપુલને બાઈની રક્ષા કરતાં અતિ કષ્ટ આવ્યું, તેનું આખ્યાન ભારત મધ્યે લખ્યું છે."

ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "આ બાઈનાં કર્મ તો જમદૂતના હાથનો માર માગે છે, પણ જ્યાં અમારું નામ ઉચ્ચારણ થાય, ને વળી અમારી સભામાં હોય ત્યાં યમદૂતથી તો અવાય નહીં. ત્યારે હવે આનું તે કેમ કરવું ?" તે સમે એમ વિચાર કરતા હવા. અને બુદ્ધિ ને બળની તથા હરેક વાત સિદ્ધ કરવી ને કરાવવી તેની સીમા એવા જે શ્રીજીમહારાજ, બાયુંની સભા બેઠી હતી તે મધ્યેથી મહા જોરાણ ચાર બાયુંને ગુપ્ત વાર્તા એમ કહેતા હવા જે,

"આ બાઈ અતિ માની છે, ને અતિ ક્રોધી ને બીકે રહિત છે; ને અમારા વચનને લોપીને હરિભક્ત શિરોમણિ એવી જે મોટેરી બાયુંને મારે છે; તેના પાપથી તેને યમયાતના નો જોઈયે, તે તો આ સભાના

બેસનારને નોય, પણ અમારી આજ્ઞાથી દંડ કરો. સૂઝે તો મુષ્ટિપ્રહાર તથા ચરણપ્રહાર તથા જીર્ણઉપાન પ્રહાર(જૂના જોડાનો પ્રહાર) આદિકે તેની સેવા કરો. અને અમે તમને લડીને મૂકાવીએ તોય મૂકશો મા. તે કેમ જે, જે જન અમારી આજ્ઞાથી વિરુદ્ધ વર્તે તે જન અતિ દુઃખ ભોગવે છે. માટે હે બાયું, તમારે વિશે યમદૂતના ગુણનો પ્રવેશ થાશે, તે દયા લેશમાત્ર નહીં આવે. અને તમારો કર્યો એવો પ્રહાર તે યમના દૂતવત્ થાશે. ને થોડો જ કાળ તમે તેને મારશો, પણ અમારી યોગમાયારૂપી ઐશ્વર્યાદિક પ્રતાપથી તેને ઘણોક માર ને ઘણાક કાળ સુધી મારે છે, તેમ તેને જણાવીએ એવા અમે છીએ, તેમ તમે સર્વે જન સાંભળજો." તેમ તે સમે તે બાયુંને આજ્ઞા આપી ને શ્રીજીમહારાજ મુન્ય થઈને કથા મધ્યે બિરાજમાન થાતા હવા.

પછી તે ચારે બાઈયું ક્રોધાયમાન થકી ઊઠી ને, 'દે.. દ્યો..' શબ્દ કરીને વચનવિરુદ્ધી જે બાઈ તેને મારતી હવી. તે શું ? તો ઢીકા ને પાટુ ને જીર્ણ સૂકા ઉપાનનો પ્રહાર કરવા માંડ્યો. તેના મારના ફડાકા બોલ્યા ને તેને માથે ઘણોક માર પડતો હવો ને એમ કહેતી હવી જે, 'હા' ઈતિ કષ્ટે 'હા' ઈતિ કષ્ટે, તેમ તે પોકાર શબ્દ બાઈયુંની સભા મધ્યે મોટો કુલાહલ થાતો હવો. તે સાંભળીને શ્રીજીમહારાજ પોતાના આસનેથી ઊઠીને બાયુંની સભા સન્મુખે ઊભા રહીને જાણીએ જે, ન જાણતા હોય ને શું ! તેમ પૂછ્યું જે, "આ શો કુલાહલ થાય છે ?"

વળી, એમ કહ્યું જે, "અરે ઓ બાયું આને શા અપરાધેથી મારો છો ? ને મૂકી દ્યો." ત્યારે તે ચારે બાયું મહારાજ પ્રત્યે પ્રિય વચન બોલી જે, "અમને તો ભગવાન છે, તેણે દંડ દેવા સારુ જમદૂત સર્જી છે, તે હમણાં આ વચન તમારું નહીં માનીએ, ને પ્રભુનું વચન સિદ્ધ કરીશું." તે સમે શ્રીજીમહારાજ દંડ કરતી તેને જુએ છે, તે શું ? તો તેના ગળા મધ્યે તેનો સાડલો નાખીને બે બાયું ઢસરડે છે; ને બે બાયું છે

તે ઘણોક પ્રહાર કરતી હતી. તે સમે શ્રીજીમહારાજ મંદમંદ હસતા થકા જોતા હતા. તે અજ્ઞાની એવી બાઈને થોડાક કાળમાં ઘણાંક કાળ સુધીનું દુઃખ પોતાના યોગૈશ્વર્યાદિક માયાથી ભોગવાવતા હતા. પછી તે બાઈ મહારાજની સામે હાથ જોડીને બોલી, “હે મહારાજ ! હે ગર્વગંજન ! ત્રાહી...ત્રાહી..રક્ષા કરો.., ને હવેથી જેમ તમે ને તમારા જન તે કેશે તેમ હું વર્તીશ, ને હે મહારાજ ! તમે આવા નિર્દય કા થાઓ ?”

ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજ બોલ્યા જે, “જે જન મારા ભક્તનો દ્રોહ કરે છે, તે જનને આવી ગતિને અમે જ પમાડીએ છીએ, પણ કાળ કે કર્મનું બળ નથી. તેમ તે સમે શ્રીજીમહારાજ સર્વે જન પ્રત્યે ઘણાંક શિક્ષાવચન કહેતાં થકા ભારતાદિકની કથા ઘણાક દિવસે સમાપ્ત કરાવતા હવા. સંવત્ ૧૮૭૩ ના સંવત્સરની આ વાત છે.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે ‘ગઢપુરમાં કથામાં ઊંઘનારને બેરખો મારવાનું પ્રકરણ ચલાવ્યું’ એ નામે સિત્યાશીમું પ્રકરણ ॥૮૭॥



પ્રકરણ - ૮૮

ગઢપુરમાં સર્વને ઘેર થાળ જમ્યા ને ઉન્મત્તગંગાના પૂરથી સર્વની રક્ષા કરી

હવે એક દિવસને સમે શ્રીજીમહારાજ **શ્રીદુર્ગપુર**ને વિશે વિરાજમાન હતા. તે સમે શ્રીદુર્ગપુર ગામના સર્વે સત્સંગી ઉપર દયા કરતા હવા જે, 'હું તો સદાયે ઉત્તમને ઘેર રહું છું, તેણે સર્વે પ્રકારે મારું મહાત્મ્ય જાણીને મારી સેવા જે, ભોજન, પાન ને વસ્ત્ર આદિકની ઘણીક સેવા કરી, પણ આ ગામના સર્વે હરિજનને શો લાભ આવ્યો ? કાંઈ આવ્યો નહીં. કેમ જે, તેને મારો સહવાસ છે, પણ ક્યાં હું ને ક્યાં તે ! જેવો હું છું, તેવો તે મુને જાણતા નથી. માટે પછી તેને ઘણોક પશ્ચાતાપ થાશે. ને દુર્ગપુરના હરિજન મુને પ્રિય છે ને તેને હું પ્રિય છું, માટે તે હરિજનને હું મોટો લાભ પમાડું. તે શું ? તો સર્વે હરિજનને ઘેર હું એક એક દિવસે જમીશ. તેણે તેમને સર્વે લોક જમાડે તેટલું પુન્ય થાશે. તે સારુ કાંઈક નિમિત્તે ઉત્તમરાજાની સાથે રિસાઈને દુર્ગપુરના હરિજનને ઘેર એક એક દિવસે ભોજન કરીશ.'

તેમ કરતાં કોઈ નિમિત્ત લઈને પોતે રિસાઈને સર્વે દુર્ગપુરના હરિજન પ્રત્યે શ્રીજીમહારાજ બોલ્યા જે, "હે હરિજનો ! હું તમારા સર્વેનો ગુરુ છું, ને તમે સર્વે તે મારા શિષ્ય છો; માટે તમે સર્વે અમારો થાળ એક એક દીવસ દ્વિજ પાસે કરાવો. કેમ જે, અમે ઘણાક દિવસ આને ઘેર જમ્યા ને હવે અમે તમારા ઘરનો પ્રસાદ લઈશું. કેમ જે, અમારે તો સર્વે હરિજનને સરખા રાખવા છે. માટે થાળની રીત જે બાજરાના રોટલા ને અડદની દાળ ને એક પળી(આશરે ૩૦ ગ્રામ) ઘી, એવી રીતે સર્વે અમારો થાળ કરીને અમને જમાડજો. તેથી તમારા ઉપર હું રાજી થાઈશ એટલે સર્વે દેવ પણ રાજી થાશે. તેથી તમે આ લોકે ને પરલોકે અતિ સુખને પામશો; એવા અમે છીએ. અને જેને ઘેરે

અમે જમીએ ને રમીએ ને બેસીએ, તેના ગુણ સર્વેલોક મધ્યે ગવાશે તેમ તમે જાણો."

ત્યારે તે હરિજન અતિ રાજી થઈને એમ બોલ્યા જે, "હે મહારાજ ! બાજરાનો રોટલો ને અડદની દાળ જમો તેમાં તે શું થાળ કહેવાય ? કાંઈ શેરાપૂરી વા લાડુ આદિક ભોજન જમો તો ઠીક." ત્યારે શ્રીજીમહારાજે સર્વે પ્રત્યે એમ કહ્યું જે, "સર્વે ભોજનની અરુચિ થાય, પણ બાજરાના રોટલા ને અડદ વગેરે હરેક દાળની અરુચિ નો થાય. અને તેની અરુચિ થાય, ત્યારે તેનું મૃત્યુ આવ્યું; તેમ સર્વે કહે છે, માટે આ નિત્યે કરજો." પછી સર્વે હરિજન તેમ થાળ કરી કરીને મહારાજને જમાડતા હવા. પછી સર્વે હરિજન માંહોમાંહી લડે છે જે, એક કે' છે, 'પ્રથમ મારો થાળ છે' બીજો કે' છે, 'મારો થાળ છે.' તે જોઈને મહારાજે ચિઠ્ઠીઓ નંખાવી. ને જેમ ચિઠ્ઠી આવે તેમ તે કરી કરીને શ્રીજીમહારાજને જમાડીને મોટા લાભને લેતા હવા.

તેમ ઘણાક દિવસ સુધી ઉત્સવને કરતે સર્વે હરિજનને ઘેર એક એક દિવસ જમી રહેતાં ચાતુર્માસ આવ્યો. તે સમે ઘણોક મેઘ મુશળધારાએ વરસતો હવો. તેણેથી ઉન્મત્તગંગામાં મોટું પૂર જોરાણ આવતું હવું. ને તેમ તે સમે દુર્ગપુરીમાં પ્રવેશ કરતું હવું. ને ત્યાંના રાજા તે સમે નાળિયેર ને ચૂંદડી ને મોડિયા આદિક ઘણીક પૂજાથી વધાવતા હવા, તોપણ ઘણાક જળેથી દુર્ગપુરીના લોક ને તે રાજાને પરાભવને પમાડ્યા. ત્યારે તેમણે એમ જાણ્યું જે, 'આ તો મોટો કોપ છે, તેથી આપણી કારી કાંઈયે ફાવતી નથી. તે હવે આપણે સર્વે જન મહારાજ પાસે જઈને પ્રાર્થના કરીએ, તેથી સુખને પામીએ.'

તેમ વિચાર કરતાં જ્યાં શ્રીજીમહારાજ બિરાજે છે, તે ઠેકાણે સર્વે જન આવીને હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! આ તો મોટો કોઈ કોપ થયો, તેનાથી તમે અમારી રક્ષા કરો, તમ વિના બીજો કોણ કરશે ?"

ત્યારે તે સર્વે લોક પ્રત્યે મહારાજ મર્મવચન બોલ્યા જે, “તમે ને તમારા નરેશે સહિત શસ્ત્ર બાંધીને આ જળને પાછું વાળો.” ત્યારે તે સર્વે બોલ્યા જે, “નદી તે શું હથિયારને માને ?” ત્યારે મહારાજે કહ્યું જે, “તે અમને તે કેમ માને ?” ત્યારે સર્વે એમ બોલ્યા જે, “તમે તો ઈશ્વર છો, તે ચાહે તે કરો.” ત્યારે મહારાજે કહ્યું જે, “તમે અમને સમર્થ જાણો છો, ત્યારે અમારા તથા અમારા સંતનાં વચન કેમ પાળતા નથી ? ને તેથી દુઃખી થાઓ છો. અને જે જન અમારાં વચન પાળે, તે આ લોક ને પરલોકે મોટા સુખને પામે છે; તેવા અમારા સંત ને અમે છીએ.”

ત્યારે સર્વે લોકે એમ કહ્યું જે, “હે મહારાજ ! હા ઈતિ કષ્ટે, સર્વે તકસીર માફ કરો.” તેમ તેણે ઘણીક પ્રાર્થના કરી, ત્યારે શ્રીજીમહારાજને દયા આવી. તે સર્વે સંતજન ને ભણેલા વિપ્ર પ્રત્યે મહારાજે એમ કહ્યું જે, “વરુણની કાંડિયો(વરુણદેવના મંત્રો) બોલો, જે વરુણ તે જળના દેવ છે, તે રક્ષા કરશે.” તેમ મનુષચેષ્ટાથી કહીને શ્રીજીમહારાજ સર્વ સંતો-ભક્તો સહિત ઉન્મત્તગંગાને કાંઠે પધાર્યા.

ત્યાં જળમય પૃથ્વીને જોતા હવા. પછી ત્યાં ઊંચો ગઢ છે, તેની બારીમાં પોતે બેઠા. અને સર્વે વર્ણી મધ્યે મોટા મુકુંદ બ્રહ્મચારીને કહ્યું જે, “તમે સર્વે ભણેલા વિપ્રને તેડીને ઉન્મત્તગંગાનું પૂજન કરો, તેથી શાંત થાશે.” પણ તેમ કરતે તો ઘણાંક જળના લોઢે પૂર વધારે થયું. તે સમે મહા જોરાણ જળના લોઢમાં ઘણાક પદાર્થ તણાણા જાય છે, તે સર્વે જોઈને તે સમે મહારાજે સર્વે જન પ્રત્યે કહ્યું જે, “જેમ આ નદીનું પૂર છે, તેમાં ઘણાક પદાર્થ વહ્યા જાય છે; તે દૃષ્ટાંત છે. તેમ અંતરમાં મનના ઘાટરૂપી પૂર છે, તે મધ્યે ઘણા જીવ તણાઈ જાય છે, પણ જે જીવ જોઈને(સમજી-વિચારીને) નથી તણાતો, તેને જ્ઞાની કહેવાય.” તે આદિક ઘણીક વાર્તા કરી હતી, પણ આ દિશમાત્ર લખી છે.

ત્યારે મુકુંદ બ્રહ્મચારીએ કહ્યું જે, "હે મહારાજ ! આ તો વધારે જળ થાય છે." ત્યાર પછી શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "ઉન્મત્તગંગાનું જેમ મહાત્મ્ય છે, તેમ આ લોકો કોઈ નથી જાણતા; તેથી તેણે કોપ કર્યો છે. તે હવે લ્યો અમે તે મધ્યે જઈને તેને શાંત કરીશું."

તેમ કહીને પોતાને માથે છત્ર હતું, તે મૂકીને એક વસ્ત્ર પહેરીને તે નદી મધ્યે પોતે ઊભા રહીને એમ કહેતા હવા જે, "હે ઉન્મત્ત નદે ! તારા ક્રોધને સમાવો ને શાંત થાવો. અને અમે ને આ અમારા સંત હરિજને સહિત ઉચ્છવ કરતાં ઝાંઝ, મૃદંગ આદિક ઘણાંક વાજાં વગાડતાં ને બે માસ સુધી તમારો ઉત્સવ કરીને ઘણાક સંત ને વિપ્ર જમાડશું. ને તમે શાંત થાઓ ને અમે રહ્યા તેવી જે દુર્ગપુરી તેની રક્ષા કરો." તેમ તે સમે મહારાજે કહ્યું, તેથી મેઘ પણ બંધ રહ્યો, ને કાંઠા બહાર વહેતાં જે જળ સમપણે(એક સરખા શાંત પ્રવાહવાળા) થાતાં હવાં, ને ઉન્મત્તગંગા પોતાના કાંઠાની માહિલીકોરે સર્વે જળને સમાવતા હવા. તેમ પોતાનો મોટો પ્રતાપ જણાવીને દુર્ગપુરના સર્વ લોકોની રક્ષા કરી ને ઉત્સવ કરતાં થકાં પોતાને ઉતારે પધારીને જમ્યા.

પછી ઘણાક બ્રાહ્મણ ને સંત જમાડીને પોતે મોટા ઉત્સવ કરીને સર્વે જનને સુખી કરતા હવા. અને જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્યાદિકની ઘણીક વાર્તા કરતાં થકા શ્રીદુર્ગપુરને વિશે ઉત્તમ નરેશના દરબારમાં વસતા હવા. પછી હાથ જોડીને ઘણોક વિનય કરીને ઉત્તમ નરેશ બોલ્યા જે, "હે મહારાજ ! તમે સર્વે હરિજનના ઘર પ્રત્યે ભોજન કરી કરીને સર્વે જનને કૃતાર્થ કર્યા, ને હવે હે ગરીબનવાજ ! આ રિસાવું તે તો તમારું વિડંબન છે, પણ હવેથી મુજ રંક ઉપર મહેર કરો. અને કીડી ઉપરે શી કટકાઈ(રોબ). હું બાલ ઉપરે સીરી(રીષ ?) નો કરી જોઈએ. ને તમે સદાય અમારે ઘેરે જમો ને રમો તે હું કૃતારથ થાઉં." પછી તે સમે મહારાજ રાજી થઈને ઉત્તમ નરેશને પુષ્પના હાર આપીને પોતાના જુગલ ચરણારવિંદ છાતી મધ્યે આપી ઉત્તમ રાજાને આનંદ ઉપજાવતા હવા.

❁ શ્રીજીમહારાજે અતિવૃષ્ટિમાં દુર્ગપુરની રક્ષા કરી

વળી એક દિવસને સમે શ્રીદુર્ગપુરને વિશે સંવત્ ૧૮૭૧ની સાલમાં ઘણોક પ્રજન્ય વરસતો હતો. તે કેવો ? તો મુશળધારાએ વૃષ્ટિ થતી હતી. તે સમે ઉન્મત્તગંગાજીમાં ઘણાંક જળ વહેતાં હતાં. તેથી ક્ષુદ્ર વોકળિયું ને ઠોંટાવીને(દબાવીને) રોકતા હવા. તેણેથી તેનાં જળ તથા પોતાનાં(નદીના) જળ તે મરજાદાને મેલીને શ્રીદુર્ગપુરી મધ્યે પેસારો કરતાં હવાં. ત્યારે તેનાથી શ્રીજીમહારાજે દુર્ગપુરના સર્વે જનની રક્ષાને કરાવી. પછી સર્વરતુ તે સમે સર્વે ત્યાંના હરિજન તથા સંતજને સહિત ગાજતે ને વાજતે પોતે બે માસ સુધી ઉત્સવને કરાવતાં થકાં એક એક દિવસ હરિજનના ઘર પ્રત્યે પોતે સહિત ને સંતમંડળ સહિત બે માસ સુધી આનંદ ઉત્સવ કરાવતા હવા.

❁ લેખકે ગ્રંથ વાંચવા-સાંભળવાનો મહિમા કહ્યો

દોહા : કામી ચિંતવે કામની, લોભી ચિંતવે ધન;
મેં ચિંતવ્યા મહારાજને, કરી કરી શુભ મન...૧
લખી લીલાચિંતામણિ, એ દોયલી વેળાના દામ;
જે વાંચે ને સાંભળે, તે પામે હરિધામ...૨
જેમ દીઠા ગુણ સાંભળ્યા, તેમ લીલા લખી ઉદાર;
જે જન વાંચી સંભળાવશે, તે થાશે ભવપાર...૩
સુખનિધિ શ્રીજીમહારાજની, લીલા લખી ગુણધામ;
અનેક પ્રકારના હરિગુણ લખ્યા, તાતે ચિંતામણિ શુભ નામ...૪
હરિજનકું હરિગુણ સુખદ, ચિંતવન કરે મુદ હોય;
કામાદિક શત્રુ હઠે, પ્રભુ સુખધામકું જોય...૫

સંવત્ ૧૮૮૨ ના પોષ સુદી ૨ થી લખતાં આગળેથી સર્વે શ્રીજીમહારાજના ગુણ તે મારી નજરે જોયેલા લખ્યા છે અને કેટલાક

ગુણ તે મોટા મોટા સંતો ને મોટા હરિજન જે શ્રીજીમહારાજની સભામાં બેસનારા એકાંતિક જન તેને પૂછી મનશું મનન કરીને લખ્યા છે. તેથી હરિના સર્વે જન મારી ઉપર સદાયે પ્રસન્ન થાજો. ને હું તો તમારો દાસ છું ને દાસ ઉપર સદાયે રાજી રહેજો.

અને દુર્ગનગરને વિશે રહીને જેમ શ્રીજીમહારાજે જે કાંઈ ચરિત્ર ને ચેષ્ટાઓ કર્યાં તથા જે જે દેશ, પુર, ગામ, ખેટ, ખર્વટ ને નગર પ્રત્યે નરેશને મળ્યા ને તે રાજવીઓને પોતાની યોગમાયાના ઘણાક ચમત્કાર દેખાડ્યા તથા જે જે દેશ પ્રત્યે, ગામ પ્રત્યે ને પુર પ્રત્યે જે જે સમૈયા-ઉત્સવ ને હાસ્ય-વિનોદ કર્યાં; એ આદિક સર્વે જે શ્રીજીમહારાજના ગુણો-લીલાઓ તે જોઈને-સાંભળીને **શાસ્ત્રી લક્ષ્મીરામ શંભુરામ** જ્ઞાતિ ઔદીચ્ય ને ગઢપુર મધ્યે રહેનારો, તેણે આ લીલાચિંતામણિ ગ્રંથ લખ્યો છે.

तेनेमध्येअनेकप्रकारनांप्रकर्णचोराशी
लषेलाछेतेचोराशीप्रकरणमध्येश्रीजिमहाराजनीलीलाने
चरीत्रनेगूंणनेकीरतीनेपोतानीमूर्तिनिसोभानेचातूर्य
पणांआदीकघणांकश्रीजीमहाराजनांगूणनेनेकीरतिने
जेवांचसेनेहेतेकरिनेजेजनबायूंनेभारजेकोपेसांभलीने
श्रीजीमहाराजनांवचनपरमांणेवरतीनेद्रढश्रीजीमहा
राजनीमूर्तिनेवीत्रोद्रढतारापीनेकपटेरहीतसततसंगक
रेसेतेनेचोरासीलाषनाअवतारनोफेराटालीनेदेहमूकी
नेश्रीब्रह्ममोलनेविसेवसतायकाअतीसूंषनेपांमसे

તેને મધ્યે અનેક પ્રકારનાં પ્રકરણ ચોરાશી(અઠ્યાશી) લખેલાં છે. તે ચોરાશી પ્રકરણ મધ્યે શ્રીજીમહારાજની લીલા ને ચરિત્ર ને ગુણ ને કીર્તિ ને પોતાની મૂર્તિની શોભા ને ચાતુર્યપણું આદિક ઘણાક શ્રીજીમહારાજના ગુણને કીર્તિને જે વાંચશે ને હેતે કરીને જે જન

બાઈ-ભાઈ કોઈ સાંભળીને શ્રીજીમહારાજનાં વચન પ્રમાણે દૃઢ વર્તીને, શ્રીજીમહારાજની મૂર્તિને વિશે દૃઢતા રાખીને, કપટે રહિત સત્સંગ કરશે, તે ચોરાશી લાખના અવતારના ફેરા ટાળીને દેહ મૂકીને શ્રીબ્રહ્મમહોલને વિશે વસતા થકા અતિ સુખને પામશે.

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી ઉપાસક શિષ્ય શાસ્ત્રી લક્ષ્મીરામે સંતહરિજનની કૃપાથી રચેલ લીલાચિંતામણિ મધ્યે 'ગઢપુરમાં સર્વે ઘરે થાળ જમ્યા ને ઉન્મત્તગંગાના પૂરથી સર્વની રક્ષા કરી તથા ગ્રંથ સાંભળવાનો મહિમા કહ્યો' એ નામે અઠ્યાશીમું પ્રકરણ ॥૮૮॥

॥इतीश्रीलीलाचिंतामणिसंतजननेहरिजननी
कृपायेथीशास्त्रीलछ्मिरामेलषीछे॥

॥ ઈતિ સર્વે આખ્યાન થઈને ચોરાશી[1] લખ્યાં છે. ॥

॥ શ્રીસહજાનંદસ્વામીને નમો નમઃ ॥



૧. આ ગ્રંથમાં લેખકે ૩૨ નંબરનાં બે પ્રકરણ, ૪૯ નંબરનાં બે પ્રકરણ, ૬૦ નંબરનાં ત્રણ પ્રકરણ, ૬૧ નંબરનાં બે પ્રકરણ, ૬૨ નંબરનાં બે પ્રકરણ, અને ૬૩ નંબરનાં બે પ્રકરણ લખ્યાં છે. જેથી અનુક્રમ પ્રમાણે સાત પ્રકરણ વધે, પરંતુ અમોએ ૪૯ નંબરનાં પ્રકરણ નાનાં હોવાથી ભેગાં કરેલ છે. વળી ૮૨ નંબરના પ્રકરણની સમાપ્તિમાં લેખકે ભૂલથી ૮૩ નંબર આપેલ છે અને ૮૪ નંબરનું પ્રકરણ એક જ પેરેગ્રાફનું હોવાથી આગળના પ્રકરણમાં ભેળું કરેલ છે. આમ કરવાથી ત્રણ નંબર અનુક્રમમાં ઓછાં થયેલ છે, જેથી સરવાળે ચાર પ્રકરણનો અનુક્રમમાં વધારો થયેલ છે, જેથી આ ગ્રંથમાં કુલ ૮૮ પ્રકરણ થયેલ છે.

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ની પ્રેરણાથી કરવામાં આવેલ પ્રકાશન

MP5

INDEX

DVD

૧. સ્નેહગીતા
૨. પંચરત્ન
૩. અક્ષરબાવની
૪. ભક્તિસિદ્ધિ
૫. બુદ્ધિપ્રદીપ
૬. વિવેકસાર
૭. સર્ગ નિસરણી
૮. મુક્તવંદના
૯. હિંડોળા ઉત્સવ
૧૦. યમદંડ
૧૧. શિક્ષાપત્રી ભાષ્ય
૧૨. યુવાશિબિર
૧૩. ભાલદેશની લીલા
૧૪. વિવેકશતક કથા
૧૫. મૂર્ખશતક કથા
૧૬. કુંડળધામ દર્શન
૧૭. કરુણા તેરી *(કીર્તન દર્શન-૧)*
૧૮. અક્ષરધામની ગાડી *(કીર્તન દર્શન-૨)*
૧૯. સુખની ખાણી *(કીર્તન દર્શન-૪)*
૨૦. દિવ્ય દિવ્ય મહારાજ *(કીર્તન દર્શન-૫)*
૨૧. માધુરી મૂર્તિ-૧ *(કીર્તન દર્શન-૬)*
૨૨. ગઢપુર મહિમા *(કીર્તન દર્શન-૭)*
૨૩. શ્રીજીચાલીસા *(કીર્તન દર્શન-૯)*
૨૪. યુવાની એક શક્તિ *(કીર્તન દર્શન-૧૦)*
૨૫. જોઈએ તારો પ્યાર *(કીર્તન દર્શન-૧૧)*
૨૬. ઘનશ્યામ ચાલ *(કીર્તન દર્શન-૧૨)*
૨૭. માધુરી મૂર્તિ-૨
૨૮. મે તેરે બલ જાઉં *(કીર્તન દર્શન-૧૪)*
૨૯. ઘેર બેઠા તીરથ ભાગ-૨
૩૦. શ્રીહ.ચ.સાગર પુરશ્ચરણ મહોત્સવ
૩૧. શ્રીસ્વા.સત્સંગ શિબિર-૨૨, ૨૩
૩૨. સાગર કથા પૂર-૧ થી ૧૯

MP3

૧. કીર્તન કુંભ ભાગ : ૧ થી ૬
૨. દાદા ખાચરના વિવાહ
૩. બુદ્ધિપ્રદીપ
૪. પંચરત્ન
૫. હરિસ્મરણ
૬. શ્રીમદ્‌ભાગવત

VCD

૧. મોક્ષનાં સાધનો
૨. ધીરજાખ્યાન
૩. યમદંડ (સુરત)
૪. સહજાનંદ
૫. સાધુ ભજનપ્રકાશદાસજી
૬. ઉત્તર ભારતની યાત્રા
૭. સાંસ્કૃતિક કાર્યક્રમ શિ.-૧૭,૧૮
૮. નાટક : સહજાનંદી સિંહ રૂપાભાઈ
૯. નાટક : શૂન્ય
૧૦. ટેલીફિલ્મ : ઓવર અપેક્ષા
૧૧. ટેલીફિલ્મ : ખોરાસાના રાજાભાઈ

हिन्दी प्रकाशन

१. टेलीफिल्म : केसर मियाँ VCD
२. टेलीफिल्म : शेख मियाँ DVD
३. टेलीफिल्म : डोसा ताई DVD
४. लाडला युवान (कीर्तन दर्शन-३)
५. हे नाथ ! (कीर्तन दर्शन-८)
६. घेर बेठा तीरथ भाग-३
७. आपको पाना है (कीर्तन दर्शन-१३)

3D Animation

૧. લીલાછમ વનમાં... DVD

USB AUDIO

પેનડ્રાઈવ મેમરી કાર્ડ

કથા તથા કીર્તનો ભાગ : ૧ થી ૧૩

ગુજરાતી પુસ્તક....

हिन्दी किताबें

संस्कृत प्रकाशन

શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી

વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વા. મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને શ્રીસ્વામિનારાયણ

ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું જ મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

આધ્યાત્મિક આયોજનો...

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુઃખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

સત્સંગ શિબિરો : છેલ્લા ચોવીસેક વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે.

કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા : ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્‌ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, જળઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોના આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં શ્રીમદ્ સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદ કાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત, શ્રીહરિચરિત્રામૃતસાગર જેવા સંપ્રદાયના પ્રાયઃ મુખ્ય ગ્રંથોની સંગીત સાથે અદ્‌ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ સવાર-સાંજ થતી કથા-વાર્તાનું લાઈવ પ્રસારણ www.swaminarayanbhagwan.com દ્વારા કરવામાં આવે છે. તેમજ ઘેર બેઠા જ પોતાના પ્રદેશમાં આવતી ચેનલોના માધ્યમે પણ અનેક મુમુક્ષુ જીવોને સત્સંગનું પોષણ મળી રહ્યું છે.

સત્સંગ વિચરણ : સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે સમર્પિત થયા છે. આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દૃઢ કરાવે છે.

વિવિધ પ્રકાશનો : પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની CD, VCD, DVD, MP3, MP5 શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મો અને 3D એનિમેશનનું પણ પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઈચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્‌ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી અન્ય સદ્‌ગ્રંથો તથા “સત્સંગ સેવક” નામનું મેગેઝીન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક બાલુડા શ્રીઘનશ્યામ મહારાજ, વર્ણીજી અને રાજાધિરાજની મૂર્તિ પણ બહાર પાડવામાં આવી છે. જેને ઘરમાં

વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય ઉપરોક્ત બન્ને મંદિરો દ્વારા અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.

બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૫૦ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યા છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, તેમના માટે દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરોનાં આયોજનો કરવામાં આવે છે.

સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...

પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૪ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદુપરાંત રક્તદાન કેમ્પ, જળસંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે.







શ્રીહરિએ સ્વહસ્તે બંધાવેલ છ મંદિરો.







પ્રકાશક :

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ
તથા કારેલીબાગ-વડોદરા

www.swaminarayanbhagwan.com
Email : karelibaug@gmail.com


ISBN 978-93-83456-62-8